


સં. ૨૦૧૫
કાર્તક

સાલ મુબારક

આદ્યતંત્રી
સ્વ૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક

સંચાલક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

卐 સાલ મુબારક 卐




પુષ્પ જેવા તાજા
પુષ્પ જેવા
મોહક બનો
HAMAM
તાતાનો
હમામ
ન્હાવાનો સાબુ વાપરો.

卐 નૂતન વર્ષાભિનંદન 卐

ટેલીગ્રામ: ચાર્જર ટેલીફોન · ૫૨૨૮૬

ધી ન્યુ નેશનલ મિલ્સ લિમિટેડ

રખીઆલ રોડ, અમદાવાદ—૧૦

સુંદર, સસ્તું અને ટકાઉ

કા પ ડ

માટે પ્રખ્યાત.

: અમારી વિશિષ્ટતાઓ :

ન્યુના ફેબ્રિકસ

- સાડી
- પોપલીન
- ધોતી
- શર્ટિંગ
- મલમલ
- પ્રિન્ટેડ છીંટ

વગેરે વગેરે.

મેનેજીંગ એજન્ટસ

મેસર્સ ત્રિકમલાલ ભોગીલાલ સન્સ એન્ડ કંપની

卐 પ્રસ્થાન 卐

॥ दृष्टिपूतं न्यसेत पादम् ॥

પુસ્તક ૬૭ કારતક : ૨૦૧૫ અંક ૧

ચઢ વિમાન

પૂજાલાલ

ચઢ વિમાન, ભારતના મહિમા! ચઢ વિમાન મુજ સાથે;
જીતી લેવા જગને જઈએ, નિર્મ્યું છે એ નાથે.
યાદ તને છે કે નહિ, વ્હાલા! કયાં કયાં મ્હાલ્યો'તો તું?
સ્વર્ગ સલામી ભરવા તારી વાટ વિનયથી જોતું.
પાતાળો પગચંપી કરવા પ્રણત પ્રાર્થના કરતાં;
દશ દિશનાં અંતર અંકાવા પગલાં તારાં સ્મરતાં.
ગગન સાથ ગોઠડીઓ કરતા ગિરિવર ઊંચી ડોકે,
વિલોકવા વાંછે છે તારો વેગ વિલસતા લોકે.
સરિત, સરોવર, સાતે સાગર ત્વરિત સરંતી તારી
છાયા ઝીલી હર્ષતરંગિત થવા ચહે, નભચારી!
ગહન ગગનમાં પડછંતાતું, પૃથ્વી પર પથરાતું,
સૂરીલુ સંગીત સુહાગી તારું અમરતા મ્હાતું.
દેશદેશને દર્શન દે જઈ રોમાંચિત કરનારાં,
નવ ખંડે ફરકાવ નિશાનો નિષ્ઠાવંતાં ન્યારાં,
પીયૂષાત્મક પ્રેર પ્રેમ સહુ વિષો શમાવી દેતો,
એકાત્મતાના આલિંગનમાં બ્રહ્માંડોને લેતો.
વિભૂતિઓ ભારતમાતાની આલમનૂર અનેરી,
વેર વિશ્વમાં વેર સજાઓ ટળે કળાઓ કેરી.
દિવ્ય જીવનની દીક્ષા દેતી સંનિધિ તવ સુખકારી,
બ્રહ્મસૂત્રથી સૃષ્ટિ સકલને દો સુન્દર સંસ્કારી.
પરમહંસ શો ઊડ, પ્રભાવી પાંખે પુલકિત કરતો,
ચિદાનંદની ચંદ્રકલાનાં વર વરદાન વિતરતો.
ઊડ અનંતે મહિમા માના ચતુર્દિગે ન સમાતા,
પધરાવી દે પૂજાપાટે ભવની ભારતમાતા.

★

આશ્રમમાં

સુન્દરમ્

ત્યાંની બધી ધૂળ ખંખેરી આંહીં
આવ્યા પદે આ તવ, ત્યાં જ તેં તો
દીધા અહીં ધૂળ વિષે ડબૂરી.

કો ઓસતું સ્વર્ગ અહીં સજાવવા
તેં આદર્યાં કામ — અને ઘણા જનો
ગણુંત કે લ્હેર જ માત્ર ત્યાં રહી,
સફેદ વસ્ત્ર, બસ પુષ્પ હાથમાં.

રે કિંતુ ટોપી તણી ધૂળ જાતે
ઉડાડતા જે નહિ કો દી તેને
તેં ફેંદતા કીધ કશા ઉકરડા,
મજૂરથી યે અધિકા કર્યો મજૂર.

ત્યાં એકલી ભીંસતી 'તી અવિદ્યા,
એમાં ઉમેરાઈ અહીં જ વિદ્યા, —
ને બે પડો એ બિચ શી દળાઈ
રહી અહા દાળ ચણાની, દેખો !

ત્યાં રાત્રિએ પોઢી જતા અમે સૌ,
રે નીંદમાં યે પણ ત્યાં અનિદ્રતા
દીધા કરી તેં, અહીં જાગતાં તેં
નિદ્રાતણી બક્ષિસ શી જ દીધ.

મથાવટી માણસની હતી જે
મિટાવવા તે શિર આ સમળું
ઉતારી લીધું. અહ, દેવતાઈ
થૈ કેટલી પાસ ન જાણું — જાણું
તેં રાક્ષસો સંગ દીધા બઝાડી;
મંદારમાળા મળી કે મળી ના,
આ કિંતુ અંગાંગ વિષે પરોવી
તેં તો દીધા રક્તભરેલ હારડા.

આવે ભલે તેજ નર્યાં નર્યાં મહા,
કિંતુ અહા શાં તિમિરો અતાગ
દર્શાવિયાં, માનવનું સમસ્ત
માલિન્ય સોંપ્યું અજવાળવાને.

ભલે ભલે, શેઠ મટાડી સાવ
મૂકયા કરી કિંકર, તો ય તારા
થવું સદા કિંકરે — ભાગ્ય એ મહા,
રે ક્યાં પ્રભુના પગ લૂછવા મળે ?

હરી લીધું સર્વ અમારું તો ભલે,
તો ત્યાં હવે તારું જ. દ્રવ્ય તારે
દેવું રહે ના અવકાશ ક્યાં યે
ટકે પ્રકૃતિમહીં તો, પ્રભુપદે
ક્યાંથી ટકે ? આ નકરી જ રિક્તતા
તેં અર્પી જો, તો પ્રભુએ સ્વયં ત્યાં
સુપૂર્ણતા પૂર્ણની યોજવી રહે.

એકેક જે છે કણ ધૂળના આ,
સુવર્ણના તે કણ સર્જવા રહે.

★

પ્રાસંગિક નોંધ

'પ્રસ્થાન-તંત્ર'

પાકિસ્તાનમાં રાજ્ય-પરિવર્તન

ઑક્ટોબર ૮મીએ એકાએક પાકિસ્તાનના પ્રેસિડેન્ટ મિર્ઝાએ બંધારણ રદ કર્યું, રાજકીય પક્ષો નાબૂદ કર્યા, સર્વ સત્તા પોતાના હાથમાં લીધી. માર્શલ લૉ જાહેર કરીને પ્રેસિ. મિર્ઝાએ સરસેનાધિપતિ જનરલ મહમ્મદ અયુબખાનને માર્શલ લૉના મુખ્ય અધિકારી બનાવ્યા. ખૂબ જ સિફતથી પાકિસ્તાનમાં રાજ્ય પરિવર્તન–coup-de-etat–થયું. બગાવતનો કોઈ પ્રશ્ન ઊભો થયો નહીં કારણ કે દેશના સર્વોચ્ચ હાકેમે જ, જો કે કાયદાથી ઉપરવટ જઈને, બંધારણ સુદ્ધાં નાબૂદ કર્યું—પ્રેસિ. મિર્ઝાએ જ પોતે જ ક્રાંતિનો ઝંડો ખોડ્યો. પરંતુ, આ છદ્મવેશી પરિવર્તન પાછળના મુખ્ય માણસો હવે બહાર આવી ગયા છે. લશ્કરી અમલદારોના દોરીસંચારથી પ્રેસિ. મિર્ઝાએ શાંતિથી અને હાહાકાર વિના લશ્કર માટે રાજકીય સત્તાનાં દ્વાર ખુલ્લાં કરી આપ્યાં. પ્રેસિ. મિર્ઝાએ માર્શલ લૉના જાહેરનામામાં સ્પષ્ટ રીતે જાહેર કર્યું કે પાકિસ્તાનની કટોકટીભરી પરિસ્થિતિ એ તકસાધુ રાજકરણી પુરુષોની સ્વાર્થી રમતનું પરિણામ છે. રાજકરણીઓ (politicians)ના ભેરુ મિર્ઝાએ યોગ્ય રીતે જ પરિસ્થિતિનું પૃથક્કરણ કર્યું હતું. અંગત રાગદ્વેષ અને હિતની ચિંતામાં રાજકીય નેતાઓ સમગ્ર દેશની પ્રગતિ ભૂલી ગયા હતા. પરંતુ પ્રેસિ. મિર્ઝા પોતે એ દોષમાંથી કઈ રીતે બચી શકે? પાછળથી તરત જ અયુબખાને એમને પણ એ જ કારણસર લંડનનો માર્ગ દેખાડ્યો. અયુબખાને વહીવટ હાથમાં લઈને તરત જ લાંચ, રુશ્વત અને કાળાં બજારની બદી નાબૂદ કરવા પાછળ પોતાની બધી શક્તિ કેન્દ્રિત કરી છે. ભાવો નીચા આવતા જાય છે. સરકારી તંત્રની વિલંબનીતિ થોડી હળવી થતી જાય છે. જરૂરિયાતની ચીજવસ્તુઓ અને નફાના દર ઉપર અયુબખાને નિયંત્રણ મૂક્યાં છે. લશ્કરી અમલની પહેલી અસર ઘણી લાભદાયી નીવડી છે.

પાકિસ્તાનમાં સ્થપાએલી લશ્કરી કુલમુખત્યારીએ વિવિધ પ્રત્યાઘાતો—સાનુકૂળ અને વિરોધી—જન્માવ્યાં છે. પાકિસ્તાનની પ્રજાએ કોઈ પ્રબળ વિરોધ વિના એ ફેરફારને સ્વીકારી લીધો છે. લશ્કરી તકેદારી પ્રમાણમાં કડક હતી પરંતુ એને વ્યાજબી ઠેરવે એવું તોફાન ઊઠ્યું નહીં. પ્રજાએ હર્ષપૂર્વક નહીં પરંતુ લાપરવા ઔદાસીન્યથી એ પલટાને જોયો છે. સામંતશાહીમાં બને છે એ રીતે પ્રજા ધંધો-રોજગાર કરતી રહે છે અને હાકેમ પછી હાકેમ બદલાતા જાય છે. પાકિસ્તાનમાં થયેલા રાજપરિવર્તન સાથે પ્રજાનો ઘનિષ્ઠ સંબંધ હોય એમ લાગતું નથી.

ભારતની પ્રજાએ આ પરિવર્તનને થોડી મજાકમાં, થોડા કૌતુકથી અને થોડી આશાથી અપનાવ્યું છે. આ બનાવને લીધે પંડિત નેહરુ જેવા મોવડીને પણ એક જાતનો પ્રામાણિક સંતોષ થયો છે કે લીગની સરખામણીમાં કૉંગ્રેસની નીતિ આઝાદીની લડત દરમ્યાન વિધાયક હતી. ભારત એની વિધાયક નીતિને લીધે લશ્કરી અમલમાંથી બચી ગયું છે. ભારતભરમાં આવી આત્મસંતોષની વ્યાપક અને પ્રબળ લાગણી ફેલાયેલી છે. ભારતના અમુક વર્ગને એમ

પણ લાગે છે કે સ્વાર્થી રાજકરણીઓ જતાં ભારત-પાક સંબંધ વધારે શાંતિભર્યો અને નરવો બનશે. પ્રજામે આંતરિક પ્રશ્નોથી વિમુખ રાખનારી જેહાદની વાતો કરનારાઓ દૂર થતાં મૈત્રીભર્યું વાતાવરણ સર્જાશે, અને યુદ્ધને નિકટતાથી પિછાનનારાઓ સત્તાધીશ ત્યારે યુદ્ધ અંગેની વાતો વધારે જવાબદારીપૂર્વક થતી હોય છે. ઐયુબખાન ભારત જોડે યુદ્ધની વાતો કરતાં પહેલાં રાજકરણીઓ કરતાં વધારે વાર વિચાર કરશે. પાકિસ્તાનના પ્રશ્નો પણ એટલા ઉગ્ર છે કે એના ઉકેલ વિના લશ્કરી હાકેમો ભારત-પાક સંબંધ બાબત મૌન સેવશે. પરંતુ ભારતીય પ્રજાની આ ગણત્રી ઐયુબખાનની, મિર્ઝાના 'ગાદીત્યાગ' પછીની રૂટરની મુલાકાત વાંચતાં ખોટી ઠરે છે. લશ્કર પાસે શિસ્ત હોય છે. કર્તવ્યનિષ્ઠા અને કાર્યદક્ષતા હોય છે. ધ્યેયને ઝડપી રીતે પહોંચવા માટેની શક્તિ કદાચ હશે. પરંતુ, પાકિસ્તાનને જેની અત્યંત જરૂરિયાત છે એ રાજદ્વારી પુરુષોના ગુણો છે. રાજદ્વારી પુરુષોની દૂરંદેશી દૃષ્ટિ, મુત્સદ્દીગીરી અને સ્વભાવ લશ્કરી પુરુષોમાં વિરલ હોય છે. લશ્કરની મદદથી પાકિસ્તાન કદાચ આજની કટોકટીમાંથી પાર ઉતરશે તો યે એ રાજ્ય હેઠળ એનો કાયમી ઉદ્ધાર શકય નથી. પ્રેસિ. મિર્ઝાએ સૈન્યની મદદ ન લીધી હોત અને પોતે વધારે કડકાઈથી શાસન કર્યું હોત તો લશ્કરી સત્તાનું સ્થાન ગૌણ રહેત. કોઈ પણ સ્વસ્થ અને ટકાઉ રાજતંત્ર માટે એ આવશ્યક છે કે લશ્કરી વહીવટ સિવિલ સત્તાને પડખે હોવો જોઈએ-એને સ્થાને નહીં; લશ્કરી અમલને લીધે તાત્કાલિક ફેરફારો લાભ સૂચવનારા છે. પરંતુ લાંબે ગાળે પરિસ્થિતિમાં ઝાઝો ફેર પડશે એમ લાગતું નથી. લશ્કરી પુરુષો અને રાજકરણી પુરુષો વચ્ચે ઘણો મોટો ભેદ છે એમ માનવુ થોડી બાલિશતા છે. લશ્કરી અમલના સૌપ્રથમ આઘાતથી નફાખોરી, સંગ્રહખોરી અને લાંચરુશ્વત ઓછા થયાં છે. પરંતુ, આ બધી સમાજવિરોધી પ્રવૃત્તિ ત્યારે જાગે છે જ્યારે પુરવઠાની સર્વત્ર તંગી હોય છે. આ બધી ગેરરીતિ અને દૂષણો કંગાલિયતનાં ફરજંદ છે. પાકિસ્તાનને આબાદ બનાવે એવું રાજપરિવર્તન કાયમી બની શકે. અને આવું રાજતંત્ર લશ્કરી શાસન છૂટયે સંભવતું નથી. પ્રજાની સર્ગશક્તિ ઉછેળીને કામે લાગે ત્યારે જ આર્થિક આબાદી શકય બને છે. આવી પેલેસક્રાંતિ માત્ર લાગણીને બહેલાવનારો પ્રપંચ છે. જો કે ઐયુબખાને, નાસરને પગલે ચાલી, ભૂમિહક્ક અંગે સુધારાઓ સૂચવવા સમિતિ-Land Reforms Committee ની સ્થાપના કરી છે.

લશ્કરી અમલના આયુષ્ય વિશે સ્વાભાવિક કુતૂહલ રહે છે. કોઈ પણ સ્વમાની નાગરિક એમ ઈચ્છે કે આવો પ્રબંધ માત્ર કામચલાઉ જ હોય. જેમ બને તેમ વહેલી તકે એ પ્રબંધની જગ્યાએ પ્રજામતથી ચૂંટાયેલી લોકસત્તા સ્થાપિત થાય. ઐયુબખાને પાકજનતાને ખાત્રી આપી છે કે જોઈએ એના કરતાં એક મિનિટ પણ વધારે (કે ઓછી) લશ્કરી સત્તા પાકિસ્તાનમાં ચાલુ રાખવામાં આવશે નહીં. પરંતુ એ વિચક્ષણ સૈનિકે કોઈ ચોક્કસ સમય-મર્યાદા આંકી નથી. મર્યાદા આંકવાનું કામ એના ગજા ઉપરાંતનું પણ હોઈ શકે છે. અગર તો પરિસ્થિતિ ઉપરના એના કાબૂ બાબત સેનાધિપતિ ઐયુબખાન થોડા અશ્રદ્ધાળુ પણ હોય. ઐયુબખાન ગમે એટલા પ્રભાવશાળી હોય તો યે લાંબા ગાળે એનો પ્રભાવ અમુક પોષણ અને સાથ માંગે છે. જે લશ્કરના ઐયુબખાન સર્વોચ્ચ મોવડી છે એ લશ્કરની એકતા જોખમાવી સહેલી છે. એ લશ્કરમાં ૭૦ % પંજાબી, ૨૦ % પઠાણ, ૧૦ % સિંધી અને પૂર્વી બંગાળીઓ છે. ઐયુબખાન પોતે ૨૦ % પઠાણોમાંના એક છે. પંજાબના કિસાનોથી ભરપૂર

પાકિસ્તાનના સૈન્યનો સિંધ અને પૂર્વ બંગાળ જોડેનો સંબંધ કડવાશથી ભરેલો છે. લશ્કરી અમલનું આયુષ્ય આ વિવિધ વર્ગોના પરસ્પર એખલાસ ઉપર મંડાયેલું છે. છેલ્લે છેલ્લે ઐયુબખાને પાકિસ્તાનને 'પ્રેસિડેન્શીઅલ ડીમોક્રસી' આપવાનો પ્રયત્ન કર્યો છે. પ્રેસિ.ની કૅબિનેટ છે અને એનો જવાબદાર વહીવટ છે. એ વહીવટ કોને જવાબદાર હશે?

*

વિશ્વબૅન્ક અને નાણાં ભંડોળ

આ બંને મહત્ત્વની આંતરરાષ્ટ્રીય સંસ્થાની વાર્ષિક પરિષદ ઑક્ટોબર મહિનામાં દિલ્હી ખાતે ભરાઈ. ભારત માટે એ બનાવનું વિશિષ્ટ મહત્ત્વ છે. બંને સંસ્થાઓનો બનતો લાભ ભારતે ઉઠાવ્યો છે. આંતરરાષ્ટ્રીય નાણાં–ભંડોળની ફરજ સભ્ય–દેશોને કામચલાઉ પરદેશી ચલણની સગવડ (accommodation) આપવાની છે. યુદ્ધ બાદ લગભગ દરેક રાષ્ટ્રને માટે આંતરરાષ્ટ્રીય સરવૈયાંનો પ્રશ્ન વિકટ બન્યો હતો. યુરોપ અને એશિયાઈ દેશોને પુનરુત્થાન માટે મોટા પ્રમાણમાં આયાત કરવી પડી અને એમની પાસે નિકાસશક્તિ એટલી નહોતી એટલે દર વરસે સરવૈયું પ્રતિકૂળ બનતું ગયું. આવે વખતે ચલણનું હૂંડિયામણ–મૂલ્ય ઘટાડવું જરૂરી બને છે, પરંતુ હૂંડિયામણ–મૂલ્ય ઘટતાં પ્રત્યાઘાત રૂપે મૂલ્ય–ઘટાડાની હરીફાઈ દેશો વચ્ચે શરૂ થાય છે. દરેક દેશ, અને અંતે વિશ્વ આખું, વેપાર અને ઉદ્યોગ ગુમાવી બેસે છે. આવી આત્મઘાતી નીતિમાંથી રાષ્ટ્રોને ઉગારવા માટે નાણાંભંડોળ અલ્પસાધન દેશોને થોડાં વર્ષ માટે જરૂરી હૂંડિયામણ આપે છે. ત્યારે આજ સુધીમાં નહીં નહીં તોયે રૂ. ૨૦૦ કરોડ જેટલી સગવડ મેળવી છે. નાણાં ભંડોળની સાર્થકતા યોગ્ય પુરવાર થઈ છે. પરંતુ, સગવડ પહોંચાડવાનું એનું સામર્થ્ય જરૂરિયાતને અનુરૂપ નથી. આફ્રિકા અને એશિયાના દેશો એટલા ઝડપે વિકસી રહ્યા છે કે એમને માટે પ્રતિકૂળ સરવૈયાંનો પ્રશ્ન કાયમી બની ગયો છે. માત્ર સરવૈયું પ્રતિકૂળ જવાથી વિકાસનો રથ અટકશે એમ માનવું યોગ્ય નથી. વિકાસકામી રાષ્ટ્રો એમાંથી માર્ગ કાઢશે. અને કદાચ એ વિકાસકામી રાષ્ટ્રો એવો માર્ગ કાઢે કે જે એમને લાભ પહોંચાડી શકે પરંતુ, વિશ્વના હિતને માટે ભયાવહ હોય તો આંતરરાષ્ટ્રીય એખલાસ અને આબાદી મળે એ કોઈ પણ રીતે ઇચ્છવાયોગ્ય બને નહીં. સારામાં સારો રસ્તો એ છે કે નાણાં–ભંડોળનાં ધિરાણયોગ્ય સાધનો વધારવાં. વિશ્વના સમગ્ર વિકાસને અનુરૂપ ચલણની સગવડ મળી રહે એટલું પ્રાબલ્ય નાણાં–ભંડોળને મળવું જોઈએ. દિલ્હી ખાતે ભરાયેલી પરિષદમાં આ મતલબનો ઠરાવ અપનાવવામાં આવ્યો છે.

નાણાંભંડોળ એક જાગૃત શાહુકાર છે. એની પાસે બાહોશ નાણાનિષ્ણાતો છે. દરેક સભ્ય–દેશ પાસે એ ઇષ્ટ નાણાંકીય (moketsy) નીતિનો આગ્રહ રાખે છે, પેર જેકબસને હિંદમાં વારંવાર ઉચ્ચાર્યું છે કે ભારતનો આર્થિક વિકાસ સ્વસ્થતાને ભોગે થવો જોઇએ નહીં. ફુગાવા પરિણામી સાધનો વડે વિકાસ કરવાથી લાંબે ગાળે વિકાસનું ધ્યેય જોખમમાં મૂકાય છે. એમણે ભારત સરકારને સલાહ આપી છે કે ભારતે આંતરિક સાધનોની મર્યાદામાં રહીને જ વિકાસ કરવો જોઈએ. ભારતને પરદેશ ઉપર અને આંતરરાષ્ટ્રીય સંસ્થા ઉપર જે આધાર રાખવો પડે છે એ મુખ્યત્વે કરીને આ ફુગાવા પરિણામી વિકાસ–રીતિને લીધે છે. વિશ્વબૅન્ક બાબતમાં પણ એને વધારે સાધનોથી સજ્જ બનાવવાનો પ્રયત્ન થાય છે. અલ્પવિકસિત રાષ્ટ્રોને વધારે મદદ પહોંચાડી શકાય એ હેતુથી આ નિર્ણય લેવાયો છે.

દિલ્હી ખાતે પરિષદ ભરવાથી અલ્પવિકસિત પરંતુ વિકાસ-ભૂખ્યા દેશોનો પ્રશ્ન સારી રીતે સમજી શકાય એવી ગણત્રી રાખવામાં આવી હતી. પંડિત નેહરુએ પોતાના ઉદ્‌ઘાટન પ્રવચનમાં એશિયા અને આફ્રિકાના દેશોની વિકાસ કામનાનો લાગણીભર્યો ખ્યાલ આપ્યો છે. સંસ્થાના જે અમલદારો છે એમને એનો હૂબહૂ ખ્યાલ એ ભાષણથી આવ્યો હશે. એમના ભાષણમાં નિષ્ણાત સુલભ જ્ઞાન નથી પરંતુ, જે દિલથી અને દમામથી એશિયાઈ પ્રજા આ ભાવના પોષે છે એનો ખ્યાલ સ્પષ્ટ રીતે આવે છે. પરંતુ, આંતરરાષ્ટ્રીય સંસ્થાના મોવડીઓ એક બાબતમાં મક્કમ લાગે છે. એમના મત મુજબ વિકાસકામી રાષ્ટ્રોએ વિકાસનો ભાર મુખ્યત્વે પોતાની આર્થિક અને રાજકીય ગુંજાશ ઉપર મૂકવો જોઇએ. એ દેશોએ હક્કની રૂએ પોતાના વિકાસનો ભાર બીજા રાષ્ટ્રો ઉપર હડસેલી દે એ કોઈ પણ રીતે ઈચ્છવાયોગ્ય નથી. ભારતની સરકાર અને પ્રજાએ આ સલાહ ઉપર પૂરતું ધ્યાન આપવું જોઈએ. થોડી કમનસીબી છે કે એ બંને પક્ષ એ તરફ પૂરતું ધ્યાન આપી શક્યા નથી.

*

બોરિસ પેસ્ટરનેક

દર વર્ષે નોબેલ-ઈનામો જાહેર કરવામાં આવે છે. દિલ અને દિમાગના માનવી પ્રયત્નોનાં શ્રેષ્ઠત્વની કદર કરવાનો દર વર્ષે સ્વીડીશ કાઉન્સિલદ્વારા પ્રયત્ન કરવામાં આવે છે. સ્વીડીશ કાઉન્સિલમાં પ્રામાણિક રસજ્ઞો, વિદ્વાનો અને વિવેચકો બેસે છે. આ કાઉન્સિલ દ્વારા શ્રેષ્ઠ લેખાતા સાહિત્યકારો અને એમની કૃતિ વિશ્વ સમગ્રના આદરને પાત્ર થાય છે. સ્વીડીશ કાઉન્સિલ દ્વારા હમેશાં સર્વશ્રેષ્ઠને જ માન મળે છે એમ કદાચ ન કહી શકાય. પરંતુ એમની કસોટી એટલી ઉચ્ચ કોટિની હોય છે કે શ્રેષ્ઠત્વ જ એમને માત્ર મળી રહે છે. નોબેલ ઈનામને પાત્ર ઠરેલી કૃતિ શ્રેષ્ઠ હોય છે જ : જો કે કાઉન્સિલના સભ્યોનું મૂલ્યાંકન માનવસુલભ મર્યાદાથી અંકિત હોય છે. પરંતુ, ઈનામને પાત્ર ન ઠરેલી કૃતિ શ્રેષ્ઠ નથી એમ ન કહી શકાય. નોબેલ-ઈનામ વિશ્વના શ્રેષ્ઠત્વ ઉપર આખરી શબ્દ નથી. ઈનામ વડે નહીં નવાજાએલી અનેક કૃતિઓ અને પુરુષવર્ય શ્રેષ્ઠ હોય છે. નોબેલ-ઈનામની નવાજેશને યોગ્ય દૃષ્ટિથી તપાસવાનો પ્રયત્ન એટલા માટે કરવામાં આવ્યો છે કે આ વર્ષે વૃદ્ધ રશિયન કવિ બોરિસ પેસ્ટરનેકને નોબેલ-ઈનામને લાયક ઠરાવવાથી પરસ્પર વિરોધી ઉગ્ર પ્રત્યાઘાતો પડ્યા છે.

આ વર્ષે સ્વીડીશ કાઉન્સિલે બોરિસ પેસ્ટરનેકને એનાં કાવ્યો તેમ જ 'ડૉ. ઝિવેગો' નામની નવલકથાને ઈનામયોગ્ય ઠરાવ્યાં છે. પરંતુ, રશિયન સરકારે એ કૃત્યનો પ્રબળ વિરોધ કર્યો છે. એના મત મુજબ સ્વીડીશ કાઉન્સિલે રાજકીય હેતુથી આ ઈનામ આપ્યું છે. 'ડૉ. ઝિવેગો'ની નવલમાં સામ્યવાદીનું જે ચિત્ર દોરાયું છે તે રશિયન સરકારને માન્ય નથી. આ પુસ્તકને શ્રેષ્ઠ જાહેર કરવાથી સામ્રાજ્યવાદી હાથોમાં એક રશિયાવિરોધી શસ્ત્ર આપવામાં આવ્યું છે. રશિયાનો ભય સર્વથા અઘટિત નથી. પરંતુ, રશિયા જેવા પ્રબળ અને સત્તાશીલ રાષ્ટ્રે એનો મર્દાનગીથી પ્રતિકાર કરવો જોઈએ. ૫૦ વર્ષમાં એ રાષ્ટ્રનું કાઠું એટલું મજબૂત હોવું જોઈએ કે કોઈ પણ પ્રકારનો વિરોધ સહન કરવાની એનામાં તાકાત હોય. ઉપરાંત, સ્વીડીશ કાઉન્સિલદ્વારા પદાર્થવિજ્ઞાનીઓને અપાયેલું ઈનામ રશિયાએ પરમાનંદથી સ્વીકાર્યું છે. સ્વીડીશ કાઉન્સિલ, રશિયાની દુશ્મન અને મિત્ર બંને છે. એવું વલણ રશિયા જેવું મટિરિયલ-ડાયાલક્ટીક્સમાં માનનારું રાષ્ટ્ર જ લઈ શકે.

'ડૉ. ઝિવેગો'ની કલાત્મક ગુણવત્તા વિશે અનેક મત હોઈ શકે છે. સ્વીડીશ કાઉન્સિલને એમાં શ્રેષ્ઠતા લાગી છે. અને એ આદરણીય સંસ્થાની કદરને પરિણામે "ડૉ. ઝિવેગો" દુનિયાના પ્રશિષ્ટોમાં પ્રવેશે એમાં કોઈ ગંદો રાજકરણી હેતુ છુપાયેલો છે એમ માનવું એ ઠીક નથી. "ડૉ. ઝિવેગો" એ એક શ્રેષ્ઠ કવિને હાથે લખાયેલી નવલ છે. એમાં દોષ હશે પરંતુ એક તીવ્ર સંવેદનશીલ આત્માના પ્રત્યાઘાતો છે. ક્રાંતિ અંગેનો ઉલ્લાસ અને ઉદ્યમ છે. નિરાશા પણ છે. એમાં જે પ્રશ્નો અને પરિબળો છતાં કર્યાં છે એ માત્ર સોવિયેટ સમાજનાં જ નથી: સોવિયેટ સમાજ તો એક પ્રયોગ માત્ર છે. વિરાટ માનવસમાજના વિકાસમાં આવતાં પ્રગતિકારક અને પ્રગતિરોધક તત્ત્વો કોઈ પણ સમાજમાં પેદા થાય છે. સોવિયેટ સમાજમાં ગત્યાત્મક તત્ત્વો—(dynamics)ને પિછાનવામાં આ એક મહાન કલાત્મક પ્રયોગ કહી શકાય. પરંતુ, સોવિયેટ સરકાર આ નવલને ચલાવી દેવા માગતી નથી કારણકે એ કદાચ સામ્યવાદી વિકાસને રુંધશે. રશિયન સરકારનો આ પુસ્તકખૂનનો પ્રયત્ન માનવસમાજની ચાર સદીના વિગ્રહની સિદ્ધિનો ઈન્કાર કરે છે. ડૉ. ઝિવેગોના જ શબ્દોમાં કહીએ તો, "But as to its (Russia's) interpretation of life and the philosophy of happiness it preaches its simply impossible to believe that it is meant to be seriously taken, it's such a comical remnant of the past. If all this rhetoric about leaders and peoples had the power to reverse history it would set us back thousands of years to the Biblical times of Shepherd tribes and patriarchs. But fortunately it cannot do this." સોવિયેટ લેખકસંઘના સર્વોચ્ચ મોવડીએ આ સાહિત્યકારને 'કુક્કુરથી યે બદતર' કહ્યો છે.

ટૂંકમાં રશિયા, જેવા પ્રૌઢ રાજ્યને ન છાજે એવું વલણ આ બાબત પરત્વે રશિયાએ બતાવ્યું છે. કળાકાર સમાજની અત્યંત સંવેદનશીલ અને સર્જક વ્યક્તિ છે. સમાજની અભિલાષા, પુરુષાર્થ અને ઉલ્લાસ અને ગમગીની એ વ્યક્તિદ્વારા ઉદ્‌ગાર પામે છે. એવી વ્યક્તિને ગૂંગળાવવાનું રશિયાએ ઇષ્ટ ધાર્યું છે. સમસ્ત વિશ્વના સાહિત્યસેવી રસિકોને રશિયાએ પ્રચંડ આઘાત પહોંચાડ્યો છે. એ આઘાત એવા દેશ તરફથી મળ્યો છે કે જેના સંસર્ગે વિશ્વસાહિત્યના વૃક્ષ ઉપર અનેક નવી કૂંપળો ફૂટી હતી.

સ્વામી આનંદ

૮

યાત્રા-પથ

રીશીકેશ — ટિહરી — ઉત્તરકાશી

માઈલ મોટરમાર્ગે રીશીકેશથી				માઈલ પગસડકે ધરાસૂથી	
નરેન્દ્રનગર	૧૦	ચંબા	૩૮	ડુંડા	૯
આગ્રાખાલ	૧૭	ટિહરી	૫૦	ઉત્તરકાશી	૧૮
નાગણી	૩૦	ધરાસૂ	૭૮	ભટવાડી	૩૬

રીશીકેશ હરદ્વારથી પંદર માઈલ ઉત્તરે જ્યાં ગંગા પહાડોમાંથી બહાર આવીને પહેલવહેલી સપાટભૂમિમાં વહેવા માંડે છે ત્યાં આવેલું છે. હરદ્વારથી દેહરાદૂન જતી રેલ્વેના રાયવાળા જંક્શનથી ૭ માઈલનો એક ફાંટો રીશીકેશ સુધી જાત્રાળુઓની સગવડ માટે રેલ્વેએ કાઢ્યો છે. તે ઉપરાંત હરદ્વાર અને રીશીકેશ વચ્ચે મોટરબસો સવારથી મોડી સાંજ સુધી દર કલાકે આવજા કરે છે.

ઉત્તરાખંડના પહાડોનાં ચાર ધામ જમ્નોત્રી, ગંગોત્રી, કેદારનાથ, બદરીનાથ જનારી મોટર સર્વિસો બધી રીશીકેશથી જ શરૂ થાય છે. પશ્ચિમે દેહરાદૂન જનારી બસો પણ દર કલાકે અહીંથી ઉપડે છે. રીશીકેશથી ગંગોત્રી ૧૫૨ માઈલ છે તેમાંનો અરધો રસ્તો (૭૮ માઈલ) ધરાસૂ સુધી હવે મોટરબસો દોડે છે, જ્યાં એક દિવસમાં પહોંચાય છે. બાકીની અરધી વાટ પગપાળા જવું પડે છે; અથવા કંડી, ઝંપાન કે ડોળીમાં જવાય છે. આ ૭૪ માઈલ ચાલીને જતાં જાત્રાળુને દસેક દિવસ લાગે છે. જમ્નોત્રી થઈને ગંગોત્રી પહોંચતાં પાંચેક દિવસ વધુ લાગે. જમ્નોત્રી ધરાસૂથી ૪૪ માઈલ છે જેમાંનો અરધો રસ્તો બડકોટ સુધી હવે મોટરબસો જાય છે. ને બાકીના ૨૨ માઈલ જેટલી પગવાટ છે.

રીશીકેશથી ૫૦ માઈલ પર ટિહરી નામે આ જિલ્લાનું મથક અને એ જ નામના જૂના દેશી રાજ્યની રાજધાનીનું શહેર આવે છે. ટિહરી રાજ્યના શાહ રાજાઓને પોતપોતાને નામે નવી રાજધાનીઓ વસાવીને અમર થવાનો અભરખો હતો. તેના છેલ્લા ચાર રાજાઓએ આ ટચુકડા પહાડી દેશીરાજની ચાર રાજધાનીઓ વસાવી. મૂળ જૂની રાજધાની ટિહરી, બીજી કીર્તિનગર, ત્રીજી પ્રતાપનગર અને છેલ્લું નરેન્દ્ર શાહે રીશીકેશને માથે જ આવેલા પહાડ પર વસાવેલું નરેન્દ્રનગર.

રીશીકેશની ઉપર જ ઓતરાતે પહેલી પર્વતમાળ તોળાઈ રહેલી છે તે પર નરેન્દ્રનગર આશરે ૪,૦૦૦ ફીટ ઉંચાઈ પર આવેલું છે. રીશીકેશથી મોટરરસ્તે ૧૦ માઈલ અને પગરસ્તે ૬ માઈલ છે. બધું ચડાણ છે. એ જ ચડાણ ૫–૬ માઈલ વધુ આગ્રાખાલ સુધી ચડ્યા પછી પાછું જાજલ–નાગણીની ખીણમાં ઉતરી ૧૭ માઈલ કાપ્યા પછી ચંબાની બીજી તેવી જ ૬ હજાર ઊંચાઈની ડુંગરમાળને મોટરો ચડે છે. માથે પહોંચતાં જ ઉત્તરમાં લાંબી બરફમાળા નજરે પડે છે. પછી ગંગાની વિશાળ ખીણમાં ઉતરીને ટિહરી પહોંચાય છે. રીશીકેશથી ૫૦ માઈલ પર આવેલું ટિહરી ગંગાજી અને ભિલાંગણાના સંગમ ઉપર વસ્યું છે. વસ્તી આશરે ૪ હજાર અને ઊંચાઈ દેહરાદૂનથી પણ ઓછી માત્ર ૨ હજાર

જેટલી છે. ખાસું એવું બજાર, શીખ ગુરુદ્વારો, રાજાના મહેલો, ઘંટાઘર વગેરે અહીં છે. હવે ઠક્કરબાપાને નામે કાઢેલું હરિજન છાત્રાવાસ પણ ચાલે છે. રીશીકેશથી બદરીકેદાર જતી સીધી સડકે ગંગા–અલકનંદાના સંગમ ઉપર આવેલા દેવપ્રયાગથી આવતી એક પગસડક અહીં આવી મળે છે.

અહીંથી અગાડી ૨૮ માઇલ પર ધરાસૂ છે. ટીહરીથી આખો રસ્તો ગંગાની વિશાળ ખીણમાં કાંઠેકાંઠે અસંખ્ય રળિયામણાં પહાડી ગામડાંઓ વચ્ચે થઈને જાય છે. બેઉ બાજુએ ને આગળ-પાછળ ઉભેલા ઊંચા પહાડોના ઢોળાવો પર અસંખ્ય ગામડાં, નદીઘાટનાં પગથિયાં જેવાં સાંકડાં સુધી ચડઉતર પથરાએલાં લીલાંછમ ખેતરો, બધું રસ્તે જનારની આંખને જાદુ કરે છે, અને પગે ચાલનાર જ્યારે રસ્તે જતી અથવા સામી મળતી પહાડી ટટ્ટુ કે લદ્દુ ખચ્ચરોની લંગારોને હાંકતા પહાડીઓને ગઢવાલી જોડ (લોકગીતો)* લલકારતા સાંભળે છે, ત્યારે તે એને ગજબનાં ઘેન ચડાવે છે.

ધરાસૂ સુધીની જૂની પગસડકને જ પહોળી કરીને તે ઉપર હવે મોટરબસો દોડવા લાગી છે. ધરાસૂથી એક સડક જમ્નોત્રી જવાની ડાબે ફંટાય છે, અને સીધા ગંગોત્રી જવાવાળા જાત્રાળુઓ ગંગા કાંઠેકાંઠે જ અગાડી જાય છે. તેઓ ૧૮ માઇલ વધુ ચાલીને ઉત્તરકાશી પહોંચે છે. અરધે રસ્તે એટલે ધરાસૂથી ૯ માઇલ પર ડુંડા ગામે ટીબેટ સરહદો પર વસતી જાડ અગર હુણિયા (ટીબેટી) કોમના લોકોની વસાહત આવે છે. આ લોકો શિયાળે પોતાનાં ઘેટાંબકરાં અને વેપારી માલ સહિત અહીં ગંગાની 'ગરમ' ખીણમાં આવીને ચાર મહિના વસે છે.

આ ડુંડા ગામની આથમણે રાઢી પર્વત આવેલો છે. ગંગા જમના બેઉ બહેનો અહીં આગળ જ એકબીજીને મળવાની હતી. પણ આ અસુર આડો પડ્યો ને જમનાને ફંટાવી મેલી તે છેક અલાહાબાદ જઇને મોટી બહેનને મળી! ડુંડાથી ૩ માઇલ વધુ કાપ્યા પછી નાકોરી ગામે જમ્નોત્રીથી પાછા વળીને ઉત્તરકાશી ગંગોત્રી જનારાં જાત્રાળુઓની પગસડક આવી મળે છે. આ પછી ગંગાની પહોળી ખીણમાં ૭ માઇલ વધુ ચાલીને ઉત્તરકાશી પહોંચાય છે.

ઉત્તરકાશીથી ગંગોત્રી ૫૬ માઇલ દૂર છે. અહીંથી આગળ ગઢવાલનો ભરચક ખેતી–વસ્તીવાળો પ્રદેશ પૂરો થવા માંડે છે; જો કે ૧૮ માઇલ વધુ ભટવાડી સુધી ગામો અને ખેતી ઠીકઠીક પ્રમાણમાં છે જ. ઉત્તરકાશીથી ઉજેલીના સાધુનિવાસ અને જંગલાતનો કોટબંગલો વટાવ્યા પછી બે માઇલ પર ગંગોરી આવે છે. અહીંથી ગંગા દક્ષિણને બદલે પશ્ચિમવાહિની બને છે. અહીં એક ખાસી મોટી નદી ઉત્તરેથી આવીને ગંગાને મળે છે જે ઉપર લકડી પુલ છે. આ નદીને કાંઠેકાંઠે જંગલી પગવાટે દોઢ બે દિવસ (આશરે ૧૪ જેટલા વસમા માઇલ) ચાલીને લગભગ ૧૩,૦૦૦ ફીટ ઊંચાઇએ આવેલા ડોડીતાલ સરોવરે પહોંચાય છે. દોઢેક ફર્લાંગ ઘેરાવાનું આ સરોવર વરસમાં ૭ કે વધુ મહિના બરફથી ઢંકાયેલું રહે છે. અહીં અસંખ્ય મોનાલ પક્ષીઓ જોવા મળે છે. મોનાલ ઢેલ જેવું પણ નાનું એવું બહુ સુંદર પક્ષી છે. ઊંચા પહાડોવાળા શીતપ્રદેશનું મરઘું. ડોડીતાલથી એક પગવાટ સીધી જમ્નોત્રી અને જમ્નોત્રી નજીક આવેલા પંડાઓના ગામ

* જોડગીત=યુગલગીત. સાંકડી નદીખીણથી કપાઇને જુદા થએલા બે પહાડો પર સામસામે આવેલાં બે પહાડી ગામડાંનાં પ્રેમી જોડાં પોતપોતાની બાજુના પહાડી ઢોળાવ ઉપર બરાબર સામસામાં ઉભાં રહીને પોતાની જુદાઈના વિરહદુઃખનાં ગીત એકબીજાને ઉદ્દેશીને ગાય તે. સામસામાં ઉભાં હોય, એકબીજાને જોઈ રહ્યાં હોય, એકબીજાની વાત પણ સાંભળી શકતાં હોય. પણ વચ્ચે ગંગા પડી હોય તેથી મિલન અશક્ય હોય. એવાં વિરહી જોડાંનાં દર્દનાક લોકગીતો તે જોડગીત.

ખરસાલી સુધી જાય છે. હું એ રસ્તે કદી ગયો નથી. પાકા ભોમિયા વગર આ રસ્તે જવાય પણ નહીં. આ આખો પ્રદેશ સાવ નિર્જન અને બરફાની છે. જવાય અવાય તેના ચાર ૭ મહિના દરમ્યાન પણ ઠેરઠેર બરફ ખૂંદવા પડે. ટાઢનું તો પૂછવું જ કેવું ?

૪॥ માઈલ ઉપર ગવાણા ચટ્ટી અને ગામ આવે છે. અહીં એક વસમું નાળું ઉતરવું પડે છે. તેની ઉપર લાકડાનો પુલ ઘણીવાર નથી હોતો.

૧૦મા માઈલ ઉપર મનેરી ચટ્ટી આવે છે. અહીં એકાદ બે દુકાનો, કાલીકમલીવાળાની ધર્મશાળા વગેરે છે. પાછળ ઊંચાણે ડાકબંગલો અને ગામ છે. ત્યાંથી બરફમાળ જરા જેટલી દેખાય છે. આજુબાજુ લીલાંછમ જંગલોથી ભરેલા આભઊંચા પર્વતો ઊભા છે. તે નીચે ગંગા વહે છે. ચટ્ટીની પાછળ જ એક મોટો જળબંધ છે.

મનેરીથી ૫–૬ માઈલ વધુ કાપ્યા પછી જ્યાંથી ભટવાડી ૨ માઈલ બાકી રહે છે ત્યાં મલ્લા ગામ આવે છે. અહીંથી એક પગવાટ ઉગમણે ફંટાય છે. જે ગંગા ઓળગીને બેલક-ધાર, બૂઢા કેદાર અને પંવાલીનો પહાડ ઓળંગી ત્રિજુગી નારાયણ થઈ કેદારનાથ જાય છે. ૫૦–૬૦ માઈલની આ પગવાટ ઉત્તરાખંડની આખી યાત્રામાં સૌથી કઠણ, મસ્ત જંગલોથી ભરપૂર અને ૯–૧૦–૧૨ હજાર ઉંચાઈના પહાડોનાં સીધાં ચઢાણોવાળી છે. ગંગોત્રીથી પાછા ફરીને કેદાર–બદરી જનારાં જાત્રાળુઓને આ પગવાટ પકડીને જ કેદારનાથ જવું પડે છે.

જ્યાંથી ભટવાડી પહોંચવાનું માત્ર અરધો માઈલ બાકી રહે છે, ત્યાં આગળ ગંગા મોટા પહાડને તોડી ભયાનક ચટ્ટાનો વચ્ચે કૂદતી ઉછળતી વહે છે. અહીં પ્રવાહનું જોસ એટલું હોય છે કે મોટા હાથીને તેમાં પડતો મૂકો તો યે તે સૂકા પાનની જેમ ઊડી પડે ! અહીંના પ્રવાહમાં ૨–૫ મણ વજનના પથરા કાંકરીની જેમ ઊડતા કે ઘસડાતા હોય છે. અવાજ તો એટલો જાત્રાળુઓએ વાત કરવાની તો હોય જ કેવી ?

ભટવાડી ઉત્તરકાશીથી ૧૮ માઈલ છે. ગંગોત્રીની વાટે જ્યાં સભ્ય દુનિયાના અવશેષ તમને જોવા મળે છે એવું આ છેલ્લું ગામ છે. તાર ઑફીસ ટિહરીથી આગળ અને ટપાલ ઉત્તરકાશીથી આગળ ક્યાંયે નથી જાત્રાની મોસમમાં (એટલે જૂનથી સપ્ટેમ્બર) ઉત્તરકાશીથી ગંગોત્રી સુધી એક ટપાલી મહિનામાં એક ખેપ કરે છે જે ગામડાંની ટપાલ લાવે અને લઈ જાય છે. શિયાળે તો કશું જ નહીં. હવે ટિબેટ સરહદના પોલીસ કે લશ્કરી મથક અંગે હરસીલના થાણા સુધી ટપાલ લાવવા લઈ જવાની થોડીક ખાસ સગવડ છેલ્લાં થોડાં વર્ષોથી થઈ છે. આ જ હલકારો હવે ઉનાળાની જાત્રા મોસમ દરમ્યાન આસપાસનાં ગામો ધરાલી, મુખબા અને ઠેઠ ગંગોત્રી સુધી દર અઠવાડિયે જાય છે.

ભટવાડીમાં એક પુરાણું સૂર્યમંદિર, નાનકડું બજાર, બાબા કાલીકમલીવાળાની ધર્મશાળાઓ, સરકારી દવાખાનું, શાળા અને જંગલાત ખાતાનાં મકાનો છે. જંગલાત ખાતાનો બંગલો અને ડાકબંગલો આ તરફ ઘણીવાર એક જ હોય છે. મનેરી ચટ્ટી નજીક છે તેવો જ એક જળબંધ અહીંથી ઉગમણે ગંગાપાર આવેલા ઊંચા ડુંગર પરથી જોવા મળે છે.

૨. પગવાટ ચાલુ

ગંગનાણી ૪૫, સુકી ૫૫, હરસીલ ૬૦

ભટવાડીથી અગાડી પગથડ ગંગાકાંઠે કાંઠે ચડઉતર વગર ચીડવૃક્ષોનાં સુંદર જંગલોમાં થઈને ચાલી જાય છે, અને એમ ચાર પાંચ માઈલ ગયા પછી કાંઠા નીચે ઉતરીને સુખ્ખીનો ઝૂલતો પુલ વટાવી ગંગાને સામે પાર જવું પડે છે. આ ઝૂલના પુલો એટલા જાસલ હોય છે કે તે ઉપર ૨–૩ જાત્રાળુઓ એકીવારે ભાગ્યે ચાલી શકે. અકેક જણે જ ઓળંગવો પડે. એવું એક્કલદોક્કલ જાત્રાળ

થાય ને નીચે જુએ તો ઉછળતી ધૂધવતી ગંગાનાં પાણી પૂરપાટ ધસમસતાં હોય. જાત્રાળુ બાપડું ડરી જાય, તમ્મર આવે, બેસી જાય, બૂમો પાડે ને પોક મૂકે. બેઉ કાંઠે ઉભેલાં બીજાં જાત્રાળુઓ હિમ્મત આપે, ને પેલું માંડમાંડ પુલને છેડે પહોંચે.

આ ભુખ્ખીનો પુલ વટાવ્યા પછી ઠેઠ ગંગોત્રી સુધી ૩૪ માઇલની પગવાટ આખા યાત્રાપથનો સૌથી કઠણ હિસ્સો છે. અહીંથી હવે હાંફે ધસમસતે આવતી ગાંડીતૂર ગંગાના પ્રવાહને અડીને ઉભેલા પહાડની ભયાનક પથરીલી પગવાટની ધારે તંગ પગકેડી પર ચાલવાનું આવે છે. ઠેરઠેર માથે તોળાઈ રહેલાં ચટ્ટાનોની બખોલોમાં થઇને ચાલવું પડે. અડાબીડ જંગલ વચ્ચે, ભીની પગવાટે, નાના મોટા પથ્થર વચ્ચે, સર્પાકારે ચડઉતર કરતાં ચાલવાનું. ઠેરઠેર ધોધ ને નાળાં ગંગામાં પડવા ધસમસતાં હોય, કાં પહાડનાં પડખાં ફસડાઇને ૧૦–૨૦ કે ૧૦૦–૫૦ કદમ જેટલી પગવાટ તૂટીને નીચે ગંગામાં ચાલી ગઇ હોય. તેનાં ખતરનાક માટીપથરા વચ્ચે થઇને મહા-પરાણે સામો છેડો ગાંઠવાનો. આવી લૅન્ડસ્લીપો અને તૂટેલી કરાડો ઘણીવાર એટલી સીધી (vertical) તૂટી હોય, ને નીચે તો ધસીને જ ગંગા પૂરપાટ દોડતી હોય, કે જાત્રાળુએ પહાડનું તેટલું તૂટેલું ડગળું નીચે રહી જાય તેટલે ઊંચાણે દરવાજાની કમાન કરી અર્ધ-ચંદ્રે ચડીને ઓળંગવું પડે, અને પગવાટનો તૂટીને તોળાઇ રહેલો સામો છેડો ગાંઠવો પડે. ક્યારેક વળી તૂટીને ઢગલા થએલાં માટીપથરા વચ્ચે થઇને જ જાત્રાળુઓએ ખતરનાક કેડી પાડી હોય તે પર થઇને મૂઠીમાં જીવ લઈ ઓળંગવું પડે. ઓળંગતી વેળા પગ ઠેરવી ઠેરવીને અકેક ડગલું ચાલવા જઇએ તેટલામાં જો એક કાંકરી પણ પગ તળે કે ઉપરનીચે ક્યાંએ ખસે, તો લાગલાં જ બધાં માટીકાંકરા ને પથરા ખસવા માંડે, ને ભેળો જાત્રાળુનો પગ પણ નીચે ગંગાજીની ભેટ કરવા ઉતાવળો થઇ જાય! આવી ખતરનાક જગાઓ દિવસ આખાની મજલમાં ક્યારેક ૫–૧૦ વખત પણ ઓળંગવી પડે!

પણ કેમ જાણે આ બધાનું વળતર મળી જવું હોય તેમ સેંકડો હજારો ફુટ ઊભા પર્વતોને કાપી ધસીને ઘોર કોલાહલ વચ્ચે ધોધમાર વહેતી અને ક્યારેક માઇલ જેટલામાં હજાર હજાર ફુટ નીચાણે આવી જતી ગાંડીતૂર ગંગાની, પર્વત પરની વનરાઈની, અને ઠેરઠેર છલાંગો મારીને ગંગામાં આવી પડતાં નદીનાળાં કે ભુસકે પડતા જળધોધોની, અવર્ણનીય શોભા જાત્રાળુને અહીં જ જોવા મળે છે.

કુદરતી સૌંદર્યના રસિયાને એક સાવચેતી અહીં જીવને જોખમે રાખવી પડે છે. તે એ કે જોવું ને ચાલવું બેઉ એકસાથે અહીં કદી ન કરાય. આસપાસનો દેખાવ, સામેના પહાડ, ગંગાપ્રવાહની વચ્ચોવચ ગેંડા કાચબાની પેઠે પડેલા હજારો ટન વજનના અને દિનરાત ગંગાની થપાટો ખાઇ ખાઇને લીસા ગોળમટોળ બનેલા ખડકો કે ચટ્ટાનો,—જે કંઇ જોવું હોય તે બધું ડેડસ્ટૉપ થોભીને જ જોવું; જોવું ને ચાલવું એ લાલચમાં જીવનું જોખમ બેઠેલું છે એ ઘડી ન ભૂલવું. સાવ ઉભા રહી જાઓ, ઉપર નીચે સામે ને આસપાસનું બધું પેટ ભરીને જોઈ લ્યો, ને પછી પાછું પગતળેની વાટ સામું જોઇને ચાલવા માંડો. બેઉ કામો એકીસાથે ન જ થાય. એક પણ ડગલું બેધ્યાન થઇને કે બીજે ધ્યાન રાખીને ભર્યું કે પગ ખોટા પથ્થર પર પડ્યો જ સમજો. પરિણામ: ઠેસ, ઠોકર, ટીચાવું, લપસવું, ગબડવું,—આમાંની ગમે તે એક કે વધુ દુર્ઘટનાનું પૂરું જોખમ. આંખ, અક્કલ ને પગ ત્રણેએ સો ટકા મેળ સાધીને ને એકાગ્ર બનીને ચાલવાનું હોય છે. દરેક પગલું ફ્લાણા પથરા પર જ મૂકવાનું છે ને શરીરનો તોલ સંભાળવાનો છે એ બધી વાતનું ધ્યાન આખો જીવ આંખમાં

આણી મેલીને રાખવાનું, ને આંખના રિપોર્ટ પર બુદ્ધિ હુકમ આપે તે મુજબ પગે ડગલું મેલવાનું ! આ બધી ક્રિયા પ્રત્યેક ડગલે પૂરી તકેદારીપૂર્વક થાય ત્યારે જ સલામત ડગનું દેવાય. આ બધી પ્રક્રિયાઓ મન બુદ્ધિ ને અવયવો વચ્ચે કેટલી ઝડપથી ચાલતી હશે ને માનવીનો પ્રાણ એ બધાંનો ઓશિયાળો થઇને કેવી દયામણી ક્ષણો, મિનિટો ને કલાકો કાપતો હશે, એની તો માત્ર કલ્પના જ કરી શકાય. કાશ્મીરના અમરનાથની જાત્રા દરમ્યાન આવી જોખમી જગાઓએ ચાલતી વેળાએ જ જાત્રાળુઓ જોડે જોડે ચાલતા ભીખારીઓ 'કદમ–બ–કદમ ખૈર' (ડગલેડગલે ખમ્મા) એવાં કુશળવચનોથી જાત્રાળુઓની ખેર મનાવીને પાઇપૈસાની કમાણી કરતા હોય છે.

ઊંચા પહાડો ચીરીને વહેતી ગંગાની અડાબીડ જંગલ ઝાડી અને કાંટાથી ભરેલી આ તંગ ખીણમાં ચાર માઇલની વસમી પગવાટ ચાલ્યા પછી ગંગાનણી આગળ ભુખ્ખી જેવા જ ઝૂલતા પુલથી ફરીવાર ગંગા ઓળંગવી પડે છે. આ પુલ સુધી પગવાટ નીચાણે ઉતરવા માંડે છે તે અગાઉ જાત્રાળુઓને ગંધકઝરાના ગરમ પાણીની બેચાર નીકો ઓળંગવી પડે છે. અહીં પગવાટથી જમણે ૧૦૦–૧૫૦ ફીટ ઊંચાઇએ ગરમ પાણીના ઝરા આવેલા છે. આ 'તપ્ત કુંડ'નાં તાતાં પાણીના નદાતાં સહેવાય એવા ઓછાવત્તા ગરમ પાણીના બે ત્રણ કુંડ બાંધેલા છે, જેમાં જાત્રાળુઓ નહાય છે. નહાવા અગાઉ ને પછી જાતજાતના સંકલ્પ, પૂજા, આદિ કરાવીને બ્રાહ્મણ પંડાગોરો જાત્રાળુઓ પાસેથી ઓછીવત્તી દક્ષણાઓ પડાવે છે. કુંડથી એક ફર્લાંગ જેટલે દૂર ઉંચાણે જંગલાતનો અથવા તો ડાક બંગલો છે. ઊંચાઈ ૭ હજાર ફુટથી વધુ છે. નીચાણે પુલપાર ચટ્ટી છે. ચાની અને સીધાસામાનની દુકાનો, ચટ્ટીઓ, બાબા કાળીકમલીવાળાની ધર્મશાળા, વગેરે અહીં છે. ભટેરી જેવો જ એક જળધોધ અહીં પણ ચટ્ટીની બાજુમાં છે.

અહીંથી આગળ ગંગાખીણ લગાર પહોળી થાય છે. પર્વતો અને ચટ્ટાનોનું અઘોર સૌંદર્ય તો તેવું જ. વસ્તીખેતી અને ગામડાં હવે બહુ જૂજ, લગભગ નજેવાં, આવે છે. ૯–૧૦ કે વધુ હજાર ફીટ ઊંચાઇના, ઓછાં જંગલોવાળા ને વધુ ભાગે કોરા, પર્વતો જ હવે આસમાન જોડે વાતો કરતા ચોમેર ભળાય છે. માથા પર અને ગંગાખીણ ઉપર લાંબે સુધી છત્રી કે હથેળી જેટલું આકાશ દેખાય છે. ઘણીવાર ઊંચા ઊંચા પર્વતો ઉપલી ઊંચાઇઓ પર તૂટતા હોય તેના પથ્થર રોડાં ને માટી પણ તૂટતાં ફસડાતાં ને ગબડતાં જાત્રાળુઓને દેખાય છે જે ઘણીવાર છેક તેમની પગવાટને પણ દાબીને ટેકરા કરી મૂકે છે.

આ આખો પ્રદેશ હવે મુખ્યત્વે શિલાપ્રદેશ એટલે પથ્થર ચટ્ટાનોનો છે. ભયાનક કદના સળંગ કે વળાપાંસળાંવાળા નકરા પથ્થરની ભીતો જેવા ઊભા કોરા પહાડો જ ભળાય છે. તેરી એ ભીતોને ચીરીને વહેતી ગંગાના ધોધમાર ઘૂઘવતા જળરાશિ તળિયાની ભીતો જોડે રાતદિવસ પછડાયાં કરે છે. આવી જળથપાટો જુગજુગથી ખાઇખાઇને પહાડોનાં આ પથરીલાં પડખાં અને બાજુઓ એવી લીસી થઈ ગઈ હોય છે, અને તેમાં એવી તો ભાતીગળ ખાંચો, આકાર અને કંડારણાં ગઈ ગએલાં ભળાય છે, કે જાણે ત્યાં જ પહોરવાર બેસી રહીએ અને જોયા જ કરીએ.

ગંગનાણીથી સકી સુધીની લગભગ દસ માઇલની આ ભયાનક પથરીલી પગવાટ અતિ વસમી છે. નરા સળંગ પથ્થરના આભઊંચા પહાડોને માથે હવે બરફ છવાએલા નજરે પડવા માંડે છે. લોહારીનાગ નામની જગાએ ખાસું ફર્લાંગ લાંબું પહોળું મેદાન આવે છે. પણ આ જગા એવી નિર્જન, વંકી ને બિહામણી લાગે છે કે ઘડી ઠેરવાનું મન ન થાય. થોડે આગળ જતાં ગંગા આપણી ડાબીમેરના ઊંચા ખડા સળંગ ચટ્ટાનના પહાડને ઘસીને વહેતી દેખાય

છે. અહીં પુલ મૂકીને સામેપાર વાટ કાઢવાની પણ ગુંજાશ નથી. તેથી પહાડના ઉભા સીધા ચટ્ટાનને કોચીકંડારીને જ કટિમેખલા (કંદોરા) જેવી પગવાટ અહીં કાઢી છે. સરગ નિસરણી જેવી આ સીડી ચડતાં એક બાજુ ઉભો કોચેલો પહાડ, ને બીજી બાજુ સીધી ઊંડાણે વહેતી ગંગા. વાડ વંડી તાર આંતરો કઠેડો કશું નહિ! તોલ ગયો કે તમ્મર આવ્યાં તો સીધા નીચે ઘૂઘવતી ગંગામાં! કાચાપોચાને તમ્મર આવે પણ ખરાં. પહાડની બાજુને લગોલગ અડીને અને એ બાજુ જોઈને જ એકેક પગલું ચડવા ઉતરવાનું. અંતર માંડ એકાદ ફર્લાંગ જેટલું છે, પણ આટલી વાટ ઓળંગતાં વતનનાં ઝાડવાં યાદ આવી જાય ખરાં.

આ પછીના બે ત્રણ માઈલ પણ તેવા જ વસમા. અસંખ્ય ગિરિપ્રપાતોના વેરણછેરણ પડેલા નકરા પથરા ને ચટ્ટાનોવાળી પહોળી ખીણ વચ્ચે પગવાટ પકડીને ચાલવાનું. પછી ગંગાનો તૂટેલો કિનારો આવે. તેની ભેખડોમાં થઈને છેક પ્રવાહ સુધી ઉતરવાનું ને ગંગાને મળતાં ૧–૨ મોટા ધોધવાળાં કોતરો ચડી ઉતરીને ગંજાવર અખરોડ વૃક્ષો, પથરા, અને આડેધડ વહેતાં અસંખ્ય ઝરણોનાં પાણીથી ભરપૂર એવી સૂકી ગામની બે માઈલની વસમી ચડાઈ ચડતાં ચડતાં ફેંફેં થઈ જવાય.

સૂકી ૯ હજાર જેટલી ઊંચાઇએ આવેલું ખાસ્સું ૧૦૦–૭૫ ઘરનું ગામ છે. કાલીકમલીવાળાની ધર્મશાળા ને સીધાસામાન વાસણની દુકાન ગામથી જરા નીચાણે પહેલી આવે છે. પછી લગભગ ત્રણેક ફર્લાંગ વધુ ચડયા બાદ ગામ છે. ઠંડો પ્રદેશ, લાકડાનાં ઘર, ડાઘિયા કૂતરા. રાત આખી ગામની ચોકી કરે. હવે નિશાળ પણ થઈ છે. ખેતી થાય, પણ આટલી ઊંચાઇએ ને અહીંની ઠંડીમાં જૂજ જૂજ. થાય તેટલી કરી કરીને લોક અનાજ નીપજાવે. એક જ પાક અકટોબરમાં વાવે તે વળતા ઓગસ્ટે પાકે. બાકી ઘેટાંબકરાં પાળે. ઘેટાંબકરાંનું દૂધ મોટે ભાગે ન ખાય. જેનું માંસ ખાય તેનું દૂધ ન ખવાય એમ માને. દૂધ થાય તે લવારાને ને ચોકિયાત કૂતરાઓને પીવડાવી દે. આ ઠંડા પ્રદેશમાં આવતાવેંત લોકોની રહેણીકરણી, પહેરવેશ, વળોટ ને વ્યવસાયમાં નીચેના પહાડોની વસ્તીને મુકાબલે પડી જતો તફાવત તરત આપણા ધ્યાનમાં આવે છે. જાત્રાળુઓને આ ગામે ભેંશ તેમ જ યાકનાં ઘીદૂધ ઠીક મળી જાય છે.

ગંગોત્રીની આખી વાટ ગંગાખીણમાં નદી કાંઠેકાંઠે જ લગભગ લગોલગ મોટેભાગે ચાલી આવે છે. ક્યારેક થોડો વખત ગંગા ઊંડાણે ને પગસડક ઊંચાણે આવે. તો યે ચડઉતર ઘણી ઓછી. ફક્ત આ એક સૂકી ગામે જ પહોંચતાં ને ગામ વટાવ્યા પછી પણ ઉપરવાડે એકાદ માઈલ વધુ સુધી એમ, પાકા ઘોડાના કાન જેવા ત્રણ વસમા પહાડી માઇલની મોટી ચડાઈ ચડવી પડે છે! ગંગા તો છેક નીચે ન ભળાય એટલે ઊંડાણે પેનો તૂટેલો કાંઠો ને ભેખડો કોતરો ઓળંગવાં પડે છ ત્યાં જ જાત્રાળુને જમણે છૂટી જાય છે.

આ સૂકી ગામને માથે ઉપરવાડે ૧૦–૧૨ હજાર ઊંચી કોરા પથ્થરની પર્વતમાળ તોળાઈ રહી છે. આ આથમણી પર્વતમાળની પાછળ થોડે દૂર બંદરપૂંછ નામનો ૨૧ હજાર ઊંચાઇનો મોટો બરફપહાડ ઉભેલો છે ને તેની પાછળ જ જમ્નોત્રી છે. સૂકી ગામેથી એક પગવાટ પહેલી પર્વતમાળને ઓળંગીને બરફ રસ્તે બંદરપૂંછની બરફાની તળેટી ખૂંદીને જમ્નોત્રી સુધી જાય છે. સૂકી ગામ અને જમ્નોત્રીનું પંડાગામ ખરસાલી એ બે વચ્ચે બેટીવહેવાર છે. તેથી વેવાઇવિજોટમાં સારેમાઠે અવસરે સૂકી ગામના લોકો વીસેક માઇલની આ પગવાટે બરફાની પ્રદેશ ખૂંદીને એક જ દિવસમાં જમ્નોત્રી કે ખરસાલી ગામે પહોચે છે. રસ્તે આડશ આશરો કશો નહિ. અહીં હરહમેશ ચાલતાં વાવાઝોડાં કે બરફનાં તોફાનોમાં સપડાએલો મુસાફર કાં કોઇ ચટ્ટાનની ઓથે આશરો શોધી જાન બચાવે કાં મરી

રહે. ખડતલ તંદુરસ્તીવાળા સાહસી યાત્રી આ રસ્તે જવાની હિમ્મત કરી શકે. પણ પાકા માહિતગાર સ્થાનિક ભોમિયાને સાથે લીધા વગર આ રસ્તે જવાનું સાહસ કરવા જેવું નથી.

દ્વલની ડાંડા

ગામની પાછળ આ ગજબ ઉંચી સૂકી પર્વતમાળ અને સામી બાજુએ માથે શુભ્ર ચળકતી ચાદરો ઢાંકી હોય તેવા બરફથી ઢંકાયેલા પહાડો ને નીચાણે ઉંડી ખીણમાં વહેતી ગંગાને છોડીને આખી ગંગાવાટમાં ક્યાંયે નહીં તેવી ત્રણ માઈલની વસમી ચડાઈ જે આ ગામે જાત્રાળુઓને ચડવી પડે છે, તેનો ભેદ ગામથી પાંચસેં ફીટ ઉંચાણે જઈને ચોમેર નજર નાખનારને તરત સમજાય છે. સૂકી ગામની પછીતે ગામને ઘેરીને ઉભેલી પર્વતમાળનું એક ઢગળું કોઇક કાળે ઉખડીને નીચે ધસી પડ્યું, અને તેના પથરા ને રોડાં ગંગાના સામે કાંઠાના પહાડોની ભીંતને જઈને અફળાયાં. ગંગાને તો તેણે ઈયળ અળસિયાને દાબે તેમ દાબી દીધી ને પ્રવાહ આડે સેંકડો ફૂટ ઉંચાઈનો બાંધ બંધાઇ ગયો! ઊંચાણે ઉભો રહી જોનારને કુદરતની આ આખી ઘટનાનું દૃશ્ય નરી આંખે આજે પણ સ્પષ્ટ દેખાય છે. આ આખો ગિરિ-પ્રપાત જેને આ બાજુના લોકો, "દ્વલની ડાંડા" (ઢળી પડેલો પહાડ) કહે છે તે પથ્થર, માટી ને રોડાંનો ઢગલો ૪-૫ હજાર ફીટ ઉંચાઈમાં અને ૭ એક માઈલ જેટલી જાડાઈમાં છે. ગંગાપાર સામે કાંઠેના પર્વતો જોડે અથડાઈને પડેલો આ ઢગલો અને તેની નીચે ચોક્કસ કાળ સુધી દબાઈ રૂંધાઈ જઈને માઇલો સુધીના વિસ્તારમાં વર્ષો સુધી તળાવ રૂપે બની ગએલી ગંગા, અને અંતે તે પથરા-રોડાં વચ્ચેથી ચીરીને તેણે પાછો કાઢેલો માર્ગ,-એ બધું ઉંચાણેથી આજે પણ ચોખ્ખું ભળાય છે.

આમ જે જગ્યાએ પથરા રોડાં વચ્ચેથી ગંગાએ મોઢું પાડ્યું તે જગ્યાએથી ઉપરવાડે જ્યાં વર્ષો સુધી તળાવ થઈ ગયું હશે ત્યાં, ઉપરવાડેથી ધસડાઈ આવતાં પથ્થર, રેતી, માટીએ આખી ઊંડી ખીણને કે ખીણુને માઈલો સુધી સેંકડો ફીટ ઉંચાણમાં ભરી દીધી. અને એ રીતે ત્યાં ૫-૭-૧૦ માઈલ લાંબું ને માઈલ અરધો માઈલ પહોળું એવું વિશાળ સરોવર બની ગયું! વખત જતે ગંગાએ 'દ્વલની ડાંડા'ના મૂળ આગળ મોઢું પાડીને પાછું વહેવા માંડ્યું.- સરોવરના અગાધ જળરાશિ પાછા ગંગાવાટે ધોધમાર વહી ગયા. પણ પેલી પથરા, માટી, રેતીથી પૂરાઇને ઊંચી આવી ગયેલી વિશાળ ખીણ જેવી ને તેવી રહી અને માઇલ પહોળા વિશાળ પટમાં આજે પણ તે પર અહીં એક, બે કે વધુ નાનકડા પ્રવાહોમાં ગંગા વહેતી ભળાય છે.

સુકી ગામ પછી દ્વલની ડાંડાનાં ચડાણ પૂરાં કરીને પછીનો મસ્ત ઢોળાવ ઉતરતાં એક બે જગ્યાએ ઘણીવાર જૂન જુલાઈ સુધી જામેલા રહેતા બરફનાં કોતરો ઓળંગવાં પડે, જેની તળે મોટું ઝરણ વહેતું હોય અને તે ઉપર જામેલા બરફના પુલ બન્યા હોય! આ પછી જમણે વિશાળ પટમાં વહેતી ગંગાને કાંઠે સુકી ગામના જેવાં જ મોટાં અખરોટ વૃક્ષો-વાળું ૫૦-૭૫ લાકડાનાં ઘરની વસ્તીવાળું ઝાલા ગામ આવે છે. આ ગામ વટાવ્યા બાદ ગંગાના લગભગ અરધો માઈલ વિશાળ પટમાં ઉતરવું પડે છે. અહીં ઉત્તર તરફથી એક ખાસી નદી ગંગાને આવી મળે છે. તે પર કાચો લાકડાનો પુલ છે. આ નદીને શામગંગા અને સંગમસ્થળને શામપ્રયાગ અથવા ગુપ્ત-પ્રયાગ કહે છે. આ પછી બીજા બે માઈલ ગંગાકાંઠે ચડઉતર ખૂંદીને ને ક્યારેકક્યારેકગાદલાં ઓળંગીને જાત્રાળુઓ હરસીલ પહોંચે છે. *

★

હિંદુઓ અને અસ્વચ્છતા

ડૉ. સુમન્ત મહેતા

પવિત્ર જીવન ગાળતા એક ગુજરાતી વિદ્વાન મિત્ર જેમનું નામ દરેક શિક્ષિત ગુજરાતી જાણે છે તેમણે મને કહ્યું કે ઘણાં વર્ષો પહેલાં એ પાટણમાં રહેતા હતા. મેં તરત જ તેમને પૂછ્યું કે પાટણમાં તો તમારે સાર્વજનિક વાડાઓમાં જાજરૂ જવા માટે બેસવું પડ્યું હશે. એમણે કહ્યું કે વાડાની વાત સાંભળીને એમણે સરસ્વતી નદીની પાસેના એક મંદિરમાં સૂવાનું રાખ્યું હતું અને સવારના નિત્યકર્મથી પરવારીને આખો દિવસ પાટણમાં ગાળતા હતા.

બનવાજોગ છે કે આજનો જુવાનવર્ગ જાણતો નહીં હોય કે આ વાડા શું છે. દરેક મોટી પોળમાં બે વાડાઓ રાખવામાં આવતા. ચાર દિવાલની વચ્ચે આવેલી ખુલ્લી જમીન એટલે વાડો. આ વાડાની અંદર મોટાં બાળકથી માંડીને વૃદ્ધો સુદ્ધાંત બધા જાજરૂ જાય. નાનાં બાળકો તો ઘરની પાસે જ ગંદકી કરે. ગંદકીનો પાર નહીં કારણ કે આ વાડો વર્ષો સુધી વપરાય. ઈંચે ઈંચની જગ્યા મળમૂત્રથી બગડેલી હોય. તાજી બગડેલી જગ્યા ન હોય તે ગઈ કાલે બગડેલી હોય—ગંધનું તો પૂછવું જ શું? અને લાજમર્યાદા પણ કી રીતે જળવાય? કોઈ જુવાનિયો અંદર બેસવા જાય તો તેના બાપ કે કાકા કે સસગાને અર્ધનગ્ન તો જરૂર જોય. એકી વખતે અનેક માણસો બેઠેલા હોય. આ ભયંકરમાં ભયંકર સ્થિતિ દરરોજ સહન કરવી પડતી—મર્યાદા માત્ર એટલી જ કે સ્ત્રીઓને માટે જુદો વાડો હોય,- પણ ગંદકી તો સરખી જ અસહ્ય. આવા વાડા અમદાવાદમાં પણ હતા અને આ વાડાની દુષ્ટ પદ્ધતિ કાઢી નાંખ્યાને કંઈ ઘણાં વર્ષો થયાં નથી. આ ગંદકીની વાતના સંધાનમાં એક મિત્રે કહ્યું કે એમને એક મોટા સ્ટેશન પર ૧/૨ કલાક સુધી ઊભા રહેવું પડ્યું કારણ કે ટ્રેન મોડી હતી, બધા બાંકડા ગંદા હતા અને રોકાઈ ગયેલા હતા. એ કહે કે એમની બાજુમાં ઊભા રહેલાં કે બેઠેલાં સ્ત્રીપુરુષો આખો વખત થૂંકતાં હતાં, ખાંસી ખાઈને ગળફા ફેંકતાં હતાં કે નાક નસિંગીને પોતાની પાસે જ મેલ કાઢતાં હતાં. નસિંગનાર માણસના ગજવામાં રૂમાલ હોય તો પણ સ્ત્રીઓના દેખતાં ધોતિયું ઊંચું કરીને નાક સાફ કરતા. જો પોતાનો હાથ ખરડાયો હોય તો તે છાપરાંને ટેકવતા થાંભલાની સાથે ઘસી કાઢતા. આ થાંભલા હદપારના ગંદા હતા તેથી ઊભા રહેનાર વ્યક્તિને અટેલીને ઊભા રહેવાની પણ સગવડ નહોતી. તેટલા પરથી વાત નીકળી આપણાં મંદિરોના ગંદવાડની. બૌદ્ધ, ખ્રીસ્તી, યહુદી, મુસ્લિમ પ્રાર્થનાસ્થાનો કેટલાં સ્વચ્છ હોય છે જ્યાં હિંદુ મંદિરો શા માટે ગંદાં હોય? એક બહેને કહ્યું કે આપણાં વાસણો સામાન્ય રીતે એવી માટીથી સાફ કરવામાં આવે છે કે જેમાં મળમૂત્ર પણ હોય, અને તે ન હોય તો પણ તે ચોખ્ખી તો ન જ હોય. એઠું નાંખવાની રીત કેટલી ગંદી છે! બાગબગીચાવાળા મુંબઈનાં મકાનોમાં રહેતા હિંદુઓ સવારમાં ઊઠે ત્યારથી "ખાખ—થુ" કરતા થૂંકે છે, બાગના ઘાસ પર (લૉન પર) દાતણની ચીરીઓ ફેંકે છે, નાક ખંખેરે છે, અને સાંજરે એ લોન પર મિત્રો બેસે છે!

આ બધું સાંભળીને અમારા શાંત ગંભીર વિદ્વાને કહ્યું કે હિંદુ શાસ્ત્રો શૌચને માટે આગ્રહ કરે છે ને જ્યાં હિંદુધર્મીઓને જ સ્વચ્છતા માટે આગ્રહ નથી, અને હિંદુ સમાજમાં ડિસિપ્લીન જેવું રહ્યું નથી.

એ દિવસોમાં જ હું "સિલોનમાં બે વર્ષ" નામનું પુસ્તક વાંચતો હતો. મારી નજર નીચેના વાક્ય પર પડી :

"એ વાત બેશક સાચી છે કે પાશ્ચાત્યોના સંસર્ગથી સિંહલ લોકોમાં અનેક સારી વસ્તુઓ પણ આવી છે, જે ભારતમાં નથી. સ્વચ્છતા, રહેણીકરણીની પ્રૌઢતા, પરસ્પર વ્યવહારમાં મધુર સહિષ્ણુતા–વસ્તુઓ જે સભ્યતાનાં મૂળ અંગો જેવી છે તે સિલોનમાં વધારે જોવામાં આવે છે." રસ્તા સારા હોય છે, ફળિયાં સ્વચ્છ હોય છે, નાનાં છોકરાં રસ્તા પર જાજરૂ બેસતાં નથી. હવે, આની જોડે આપણાં ગામડાંના કૂવા, ઉકરડા, સ્ત્રીપુરુષોને ખુલ્લામાં જાજરૂ જવાની રીત, વાસણ માંજવાની, ગંદવાડ–કચરો ફેંકવાની અને થૂંકવાની આદત. જે રસ્તા કહેવાય છે તેના પર બીડીનાં પાતરાં, મગફળીનાં છોતરાં, કપાસનાં કાલાં વગેરે ખુંદીને જ લોકોને ચાલવું પડે છે. હિંદુઓના ખોરાકમાં એવું કયું તત્ત્વ છે કે જેને લીધે એને વારંવાર થૂંકવું પડે છે? હું પણ હિંદુ જ જન્મ્યો છું અને હિંદુનો જ ખોરાક ખાઉં છું પણ માંદો ન હોઉં તો મારે તો વરસમાં શું, દશ વરસમાં એક વાર પણ થૂંકવું પડતું નથી! પાનબીડી ખાનારની વાત જુદી છે અને તે માણસોના ગંદવાડની તો વાત જ શી કરવી?

વર્ષો પહેલાં વડોદરાના મહારાજા સયાજીરાવ લંડન ગયા ત્યારે એમની સાથેના અણુધ મરાઠાઓએ હોટેલની દિવાલો પર પાનની પીચકારીઓ મારી. હોટેલે કોરટમાં કેસ માંડ્યો, અને મહારાજા પાસેથી પાંચ હજાર પાઉન્ડ એટલે રૂ. ૭૫૦૦૦ ડેમેજ મેળવ્યું.

આ બધી હકીકત હિંદુઓ માટે શરમજનક છે, પણ સમાજને જાગૃત શી રીતે કરવો? માત્ર ગરીબ હોવાને લીધે હિંદુઓ ગંદા છે એ વાત સાચી નથી. નાના ગામના ગરીબ મુસ્લિમોની મસીદ શા માટે ચોખ્ખી રહે છે? દક્ષિણના ગરીબ ખ્રીસ્તીઓનાં મંદિરો શી રીતે ચોખ્ખાં હોય છે?

આપણા જાજરૂ કેટલા ભયંકર ગંદા હોય છે? ખાળમાં હમેશાં ગંધ મારતી હોય છે. એક વખત હું એલેકઝાંડ્રિયા જે ઇજિપ્તનાં મોટાં શહેરોમાં બીજે નંબરે આવે છે તેના એક લખપતિ હિંદુ વેપારીનો મહેમાન બનેલો. બેસવાનો ઓરડો યુરોપિયન ઢબનો, અમારા માનમાં ખાવાનું સારું, જો કે બહુ સ્વચ્છ નહીં, પીવાના પાણીના ગ્લાસમાં નોકરોનો અંગૂઠો નહાતો જોયો, પણ જ્યારે એમનો જાજરૂ જોયો ત્યારે અમારાં લોહી ઊડી ગયાં! એ જાજરૂમાં બેસવાનો તો પ્રશ્ન જ નહોતો, તેમાં પેસવાનો માર્ગ અનહદ ગંદો હતો. અમે બહાનું કાઢીને રેલ્વે સ્ટેશન પર જઈને ત્યાંની વેઈટીંગ રૂમમાં છૂટા થઈ આવ્યા. અમે નાના હતા ત્યારે સુરતના સાંકડા રસ્તા પર પતરાવળાં નાખીને જમવા બેસતા. રસ્તાની બન્ને બાજુએ ઘરો હતાં. દરેક ઘરના ઓટલા પર સંત્રીની જેમ જાજરૂ ઊભા હતા. તે જાજરૂનાં પાણી અમારે બેસવાના રસ્તા પર જ નીતરતાં હતાં. એવા રસ્તામાં અમે નાહીને રેશમી અબોટિયું પહેરીને, તથા સ્ત્રીઓ પણ સુંદર વસ્ત્રો તથા જવેરાત પહેરીને પતરાવળાં પર બેસતાં. આજે આ વાત સાંભરે છે ત્યારે કમકમા આવે છે.

જાપાનની રહેણીકરણી અને મકાનોની સ્વચ્છતા આંખે ચોંટે એવી હોય છે. છેલ્લા વિશ્વયુદ્ધ પછીની સ્થિતિ શી છે તેની મને માહિતી નથી. નવા ચીનમાં આ પ્રશ્ન સમાજની

સમજુ સ્ત્રીઓએ ઉપાડી લીધો હતો. જૂનું ચીન તો મેં જોયું હતુંઃ હિંદના જેવો જ ગંદવાડ; પણ નવા ચીનના વખાણ વાંચ્યાં છે. ખરું ખોટું હું ન જાણું.

એક હકીકત સ્પષ્ટ થઈ કે હિંદુધર્મનાં ફરમાનો નિષ્ફળ ગયાં છે. નાગરિકધર્મ અસંત શિથિલ છે ત્યારે શું સત્તાના જોરથી જ પ્રજા સુધરી શકશે? આ માર્ગ મને ગમે નહીં અને ચોખ્ખવટનું ભાન તો પ્રજામાં ખીલવવું જ જોઈએ. ત્યારે આ બાબતમાં કરવું શું? આજના સમાજ સુધારકો આ બાબતની જાહેર ચર્ચા કરે એવું હું ઇચ્છું છું.

આ સ્વચ્છતાના પ્રશ્નની સાથે સીધો સંબંધ નથી એવા બીજા એક પ્રશ્ન વિશે પણ થોડી ચર્ચા કરી લઉં છું. બધા સુધરેલા દેશોમાં એક નિયમનું પાલન થાય છે, સ્વેચ્છાથી તેમજ કાયદાથી કે રાત્રે અમુક વાગ્યા પછી (૧૧ વાગ્યા પછી) કોઈ પણ વ્યક્તિએ કે લોકોના જૂથે ઘોંઘાટ કરવો નહીં. આ નિયમ સૌ કોઈને લાગુ પડે છે. તમે તમારા ઘરમાં પણ ગાઈને તમારા પાડોશીઓની ઊંઘમાં ખલેલ પાડી શકો નહીં. ત્યારે આપણા દેશમાં વસ્તુસ્થિતિ શી છે? ઘરમાં કે ચોકમાં ભજનો ગવાય તે રાતના બે ત્રણ ચાર વાગતા સુધી ચાલે, અને પાડોશીઓનાં બાળકો તેમ જ મોટેરાંઓની ઊંઘ બગાડે તેમાં કોઈને એમ લાગતું નથી કે આ ખોટું કામ કર્યું. તેવી જ રીતે લગ્ન પ્રસંગે માંડવો બાંધે ત્યારે આસપાસનાં ૧૫-૨૦ ઘરનાં માણસોને સુથારની ઠોકઠાક સવારના ૪ વાગતા સુધી સાંભળ્યાં કરવી પડે. લગ્નપ્રસંગે લાઉડસ્પીકરો સાથે ફિલ્મી ગાયનોનાં કર્કશ ગાયનો તથા નટીઓની કાનભેદી ચીસો સાંભળ્યાં કરવી પડે. કોઈ શાળામહાશાળામાં રંજનકાર્ય ચાલતું હોય ત્યારે પણ પડોશનાં માણસોને ઉજાગરા કરવાના. આવી દુષ્ટ અવ્યવસ્થા જગતના કોઈ દેશમાં પ્રવર્તતી નથી.

ગંદકીની સાથે મેં આ અવ્યવસ્થાનો પ્રશ્ન જોડી દીધો છે કારણકે આપણે બીજાઓને ત્રાસરૂપ થઈએ છીએ એવું ભાન હિંદુપ્રજામાં ખીલ્યું નહીં હોય તો જ આવું કરતાં હશે ને!

મને એક પ્રશ્ન મૂંઝવે છે કે હું આ ગંદવાડ તથા ઘોંઘાટના પ્રશ્નોને ખોટું મહત્ત્વ તો નથી આપતો ને! જો આ પ્રશ્નોની ચર્ચા કોઈ જુવાનો ઉપાડી લે તો હું તેમનો આભાર માનું.

●

કર્મ અને પુનર્જન્મ

શાન્તિલાલ ઠાકર એમ. એ.

આ જગતમાં દૃષ્ટિ ફેંકતાં આપણને જોવા મળે છે કે તેમાં ખૂબ અસમાનતા આવી રહી છે. કોઈ માણસ રૂપાળો અને સર્વાંગસુંદર જન્મે છે, તો કોઈ માણસ ખોડખાંપણવાળો અને વ્યંગ જન્મે છે. કોઇ વિદ્વાન છે, તો કોઈ મૂર્ખ છે. અરે એક જ બાપના બે દીકરાઓમાં પણ આ પ્રકારની અસમાનતા જોવામાં આવે છે. કોઈ બળવાન અને નીરોગી છે, તો કોઈ જન્મથી તે મરણ સુધી માંદલો અને રોગિષ્ઠ છે. કોઇ ગર્ભશ્રીમંત છે, તો કોઇને ખાવા અન્ન પણ મળતું નથી અને પહેરવા કપડાં મળતાં નથી. કોઇ મહામહેનત કરી મરી જાય છે, છતાં વેપારમાં બરકત આવતી નથી, જ્યારે કોઇ રમતમાં અમુક દાવ નાંખે છે અને તેના પાસા પોબાર પડે છે.

આવી અસમાનતાનું કારણ શું ?

જો તેવું કોઇ નિયામક બળ ન હોય, તો જગતનો સરજનહાર વિષમ અને ક્રૂર ઠરે, પક્ષપાતી અને અન્યાયી ઠરે. માટે એમ માનવું ઠીક છે કે પરમ નિયંતા ભગવાન તો માત્ર કૂટસ્થ ચૈતન્ય અને સાક્ષી છે, જ્યારે દરેક જીવને તેના પહેલાંના જન્મોમાં કરેલાં કર્મના બદલારૂપે સુખદુઃખ કે શુભાશુભ સંયોગો પ્રાપ્ત થાય છે.

મૃત્યુ પછી શુભાશુભ કર્મોની વાસના અને સૂક્ષ્મ સંસ્કાર જીવના સૂક્ષ્મ દેહની સાથે ગતિ કરે છે, અને દિવસના સંસ્કાર જેમ રાતે ઊંઘમાં સ્વપ્ન પેદા કરે છે તેમ, સ્વર્ગ-નરકાદિક સૂક્ષ્મ લોકોનાં સુખદુઃખ ભોગવાવી, શેષરૂપે ફરીથી આ લોકમાં અમુક માતપિતાને ત્યાં જન્મ લેવરાવે છે, અને અમુક સુખદુઃખ ભોગવવા માટેના આયતન (સ્થાન) રૂપ દેહનું નિર્માણ કરે છે, તેથી તો વેદાન્તમાં સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધ—એમ કર્મના ત્રિવિધ ભેદ પાડ્યા છે. આ દેહથી કરાતું કર્મ તે ક્રિયમાણ. જે કર્મ સુખદુઃખ આપવા ઉન્મુખ બન્યું છે, અને તેને માટે જેણે આ દેહનું નિર્માણ કર્યું છે, તે પ્રારબ્ધ. અને જે કર્મ હજી ફલોન્મુખ બન્યાં નથી, પણ જે હવે પછીના જન્મોમાં સુખદુઃખ આપશે તે એકઠાં થઈ પડી રહેલાં કર્મ તે સંચિત.

વિજ્ઞાન કહે છે કે આ વિશ્વમાં કોઇ પણ વસ્તુનો સદંતર નાશ થતો નથી, પણ કેવળ રૂપાંતર થાય છે, વસ્તુના ઘટક પરમાણુઓ બદલાય છે, વસ્તુ વસ્તુ રૂપે કે શક્તિ રૂપે કાયમ રહે છે. સ્વીચ દબાવી અને ગોળામાં વીજળીના દીવાનો પ્રકાશ થયો. સ્વીચ ઊંચી કરી અને ગોળામાંથી વીજળીની પ્રકાશશક્તિ અદૃશ્ય થઈ ગઈ—મૂળ વીજળીઘરમાં ચાલી ગઈ, ત્યાં ગુપ્તરૂપે લપાઇ ગઇ. આમાં પ્રકાશનું પ્રગટ થવું અને અદૃશ્ય થવું—આ બે ક્રિયાઓમાં વસ્તુને કશી હાનિ પહોંચતી નથી. અદૃશ્ય થાય છે, ત્યારે પ્રકાશશક્તિનો વિનાશ થતો નથી. ફરીથી સ્વીચ દાબીએ છીએ, ત્યારે તે જ પ્રકાશશક્તિ પાછી ગોળામાં દીવા રૂપે પ્રગટ થાય છે. બળી ગયેલી મીણબત્તી રાખોડીના અને કાર્બનના રૂપમાં પરિવર્તન પામે છે, તેમાંનું પદાર્થતત્ત્વ નાશ પામતું નથી.

જો સ્થૂલ પદાર્થ કે બળ નાશ પામતું નથી, માત્ર રૂપાન્તર પામે છે, તો મનુષ્યે કરેલા વિચારો, અનુભવેલી લાગણીઓ, સેવેલી ભાવનાઓ કેમ નાશ પામે? સૂક્ષ્મ કર્મ બહુ બળવાન હોય છે. તે નાશ પામે તેમ માની શકાતું નથી. જેમ કંસારો હથોડી વડે વાસણને ટીપે છે, અને તે પ્રહારોથી વાસણ પર ગોબા પડે છે, તેમ દરેક વિચાર, દરેક લાગણી, દરેક ભાવના, સ્વપ્ન, કામના, ઈચ્છા, મહત્ત્વાકાંક્ષા, લિંગ દેહ પર સંસ્કાર મૂકીને જ જાય છે. તેનાથી મનુષ્યનો સંસ્કારપિંડ બંધાય છે. તે જ તેની જીવનમાં સાચી કમાણી છે, સિદ્ધિ છે, સંપત્તિ છે, ધન છે. તે જ તેને સુખદુઃખ આપે છે. સ્વસ્થ કે અસ્વસ્થ બનાવે છે. શાન્ત કે ક્લેશભાગી બનાવે છે, અને મૃત્યુ પછી સૂક્ષ્મ લોકોમાં ગતિ અને ત્યાં પ્રાપ્ત થતાં સૂક્ષ્મ સુખદુઃખનો ઉપભોગ તથા પુનર્જન્મનાં માતપિતા, પરિસ્થિતિ અને દેહ નક્કી કરે છે. આ રીતે જોતાં, વિચાર, લાગણી, ભાવના, શ્રદ્ધા માણસના સ્વભાવના ઘડતરમાં, સુખદુઃખમાં, ભાવિ નિર્માણમાં બહુ અગત્યનો ભાગ ભજવે છે. મનુષ્ય મુખ્યત્વે ભાવનામય છે.

આમ કર્મ બહુ બળવાન હોવાથી જ જૈન દર્શનમાં ઈશ્વરના સ્વતંત્ર અસ્તિત્વનો ઇન્કાર કરવામાં આવ્યો છે. નામકર્મ, જન્મકર્મ, ગોત્રકર્મ, વ્યંગતાકર્મ (શરીરમાં ખોડખાંપણ ઉત્પન્ન કરી આપનાર કર્મ) —આમ જૈન શાસ્ત્રકારોએ કર્મની બહુ ઝીણવટ ભરેલી મીમાંસા કરી છે. કર્મને જ તેમણે બહુ બળવાન તત્ત્વ માન્યું છે. કર્મથી રચાયેલા સંસારને કર્મો ક્ષીણ કરવામાં સમર્થ એવા કર્મ વડે જ છેદી શકાય છે, કાંટાને જેમ કાંટા વડે કાઢી પછી બંને કાંટાને ફેંકી દઈએ છીએ તેમ. અનુભવાચાર્ય ભર્તૃહરિ મહારાજ કહે છે કે—

> ब्रह्मा येन कुलालवन्नियमितो ब्रह्माण्डभाण्डोदरे
> विष्णुर्येन दशावतारगहने क्षिप्तो महासंकटे ।
> रुद्रो येन कपालपाणिपुटके भिक्षाटनं कारितः
> सूर्यो भ्राम्यति नित्यमम्बरपथं तस्मै नमः कर्मणे ॥

કુંભારને જે ઘડા વગેરે બનાવવાનું કર્મ કરવું પડે છે તેમ બ્રહ્માને જે કર્મના બળને લઈને આ બ્રહ્માંડ રૂપી વાસણનું નિર્માણ કરવાની ખટપટમાં પડવું પડે છે, અસુરોનો સંહાર કરી ધર્મનું પુનઃસ્થાપન કરવા માટે વિષ્ણુને જે કર્મના પરિણામે દશ અવતાર ધારણ કરવા રૂપી ખટપટમાં ઉતરવું પડે છે, જે કર્મના બળને પરિણામે શંકરને પણ ખોપરીના પાત્રને હાથમાં લઈ ઘેર ઘેર ભિક્ષા માગવી પડે છે, અને જે કર્મના પ્રતાપે સૂર્યને એક ક્ષણના પણ આરામ વિના સવારથી ઊગીને તે સાંજ સુધીમાં રોજરોજ આકાશની મુસાફરી કરવી પડે છે, તે કર્મને નમસ્કાર હો !

અર્થાત્ કર્મ આ બધા મહાન દેવો કરતાં પણ વધારે બળવાન છે. દેવોને પણ કર્મને અધીન રહી, તેનાં સુખદુઃખરૂપી પરિણામ ભોગવ્યા વિના છૂટકો નથી.

તેથી તો અમુક સંકલ્પ કરી, અમુક દેવોને—વિશ્વની સૂક્ષ્મ ચૈતન્ય શક્તિઓને ઉદ્દેશીને, તેમને પ્રસન્ન કરી અમુક પરિણામ યજમાનના જીવનમાં નીપજે, તે માટે જે યજ્ઞકર્મ કરવામાં આવતું, તેને ક્રતુ કહેવામાં આવતું હતું. તેને જ ગ્રીક લોકો Kretos (ક્રેટોસ) કહેતા, અને તે એક મહાન શક્તિરૂપે મનાતું.

જો કર્મને મહત્ત્વ ન આપીએ, તેને નિર્ણાયક અને નિયામક બળ ન સ્વીકારીએ, તો શાસ્ત્રોક્ત સત્કર્મ કરવા માટે કોઈ પ્રોત્સાહન રહેતું નથી, કર્મના ફળની વ્યવસ્થા જ રહેતી

નથી, શુભ કર્મનું ફળ દુઃખ મળે અને અશુભ કર્મનું ફળ સુખ મળે—તેવું પણ બની શકે; આ એ કરેલાં શુભાશુભ કર્મનાં ફળ બને મળે, અને બ એ કરેલાં શુભાશુભ કર્મનો બદલો અને મળે. આ તો ભારે અંધાધૂંધી અને ગેરવ્યવસ્થા કહેવાય. પણ આમ બને તે માનવાનું બુદ્ધિ ના પાડે છે. સૂર્ય નિયમિત ઊગે છે અને આથમે છે, શિશર–હેમંત–વસંત વગેરે છ ઋતુઓનું ચક્ર નિયમિત ફરે છે, વડના બીજમાંથી વડનું જ ઝાડ ઊગે છે અને ઘઉંના દાણામાંથી ઘઉં જ થાય છે, બાજરી નહિ. આમ વિશ્વમાં બધે અમુક જાતના નિયમો કામ કરી રહેલા છે, કશું જ અનિયમિત નથી. તો પછી કર્મના ક્ષેત્રમાં કોઈ નિયમ ન હોય, એમ કેમ મનાય?

અને એકવાર કર્મના સિદ્ધાંતનો સ્વીકાર થયો, એટલે તેના આનુષંગિક ફળરૂપે પુનર્જન્મનો સિદ્ધાંત સ્વીકારવો પડવાનો જ. પુનર્જન્મ ન સ્વીકારીએ, તો આ જન્મમાં સાધેલો વિકાસ વ્યર્થ જાય, વ્યક્તિની કે વિશ્વની પ્રગતિમાં રૂકાવટ ઊભી થાય. આજે આપણે એક દાખલો ગણવાની શરૂઆત કરી. રાત પડી ત્યાં સુધી તે ન બેઠો. પછી આપણે ઊંઘી ગયા. બીજે દિવસે આપણે ગણેલો ભાગ ફરી ગણતા નથી, પણ જ્યાંથી બાકી રહેલો હતો ત્યાંથી જ આપણે દાખલો આગળ ગણવાની શરૂઆત કરીએ છીએ. તેવી જ રીતે ગયા જન્મમાં સાધેલો વિકાસ આ જન્મમાં સંસ્કારો અને સ્વભાવ રૂપે—ચૈત્ય પુરુષ રૂપે આપણને પ્રાપ્ત થાય છે, અને ત્યાંથી પરિપૂર્ણ ચૈતન્ય દશાની અનુભૂતિ કરવા આપણે આગળ વિકાસ સાધવાનું શરૂ કરીએ છીએ.

બાળકને કોઈ જન્મતાં વેંત જ સ્તન્યપાન કરતાં શિખવાડતું નથી, શ્વાસોચ્છ્વાસ લેતાં શિખવાડતું નથી, અને છતાં તે જન્મતાં વેંત જ તે બંને ક્રિયાઓ કરવા માંડે છે. આ બતાવી આપે છે કે તેણે પૂર્વજન્મમાં તેનો અભ્યાસ કરેલો હોવો જોઈએ, નહિ તો તેને તે ક્રિયાઓ આવડે પણ નહિ, અને તે કરવાની જરૂરિયાતનું સ્ફુરણ તેનામાં પ્રગટે પણ નહિ. આ હકીકત પુનર્જન્મ માનવાની આપણને ફરજ પાડે છે.

યોગી લોકો તો પોતાની ઋતંભરા પ્રજ્ઞા વડે, યોગજ પ્રત્યક્ષ વડે પોતાના અને બીજાઓના પૂર્વજન્મોની હકીકત જોઈ શકે છે તેવા આપ્ત પુરુષોના અનુભવોને પ્રમાણરૂપ ગણવા જોઈએ.

માણસને જીવનમાં પ્રથમ દૃષ્ટિએ પ્રેમ અથવા પ્રથમ દૃષ્ટિએ અણગમો થાય છે. આ ઘટના પણ પુનર્જન્મ જ સિદ્ધ કરે છે. પહેલાં જો કોઈ વાર મિલન જ ન થયું હોય, તેના તરફ આકર્ષણ કે અણગમો થવાનું કારણ જ નથી. પૂર્વજન્મોમાં જે સંબંધો બંધાયેલા હતા, તેમાં જે સ્થૂલ સૂક્ષ્મ લેવડદેવડ–આપલે થઈ હતી, તેનાં જમેઉધાર પાસાં જે બાકી હતાં, તેને પરિણામે જ આ જન્મમાં પ્રથમદર્શને પ્રેમ કે અણગમો પ્રગટે છે. આ હકીકત પણ આપણને પુનર્જન્મ માનવાની ફરજ પાડે છે.

વળી કેટલાંક દૃષ્ટાન્તો પણ જીવનમાં ઇતિહાસરૂપે બનેલાં છે, જે પુનર્જન્મમાં પ્રમાણભૂત સાક્ષિની તરીકે સ્વીકારવાં પડે તેવાં છે.

કમલેશકુમારી ઊર્ફે ગીતામૂર્તિ ઈ. સ. ૧૯૩૯ના ડિસેમ્બરની ૧૨ મી તારીખે મંગળવારે જન્મી હતી. તે બે વર્ષની હતી, ત્યારે ગીતાના શ્લોકો બોલતી, અને અઢી વર્ષે તો તેણે ગીતા પર પ્રવચન કરવાનું શરૂ કર્યું હતું. તેનું વતન અમૃતસર હતું. તેના પિતાનું નામ દેવીદત્ત શર્મા. તેના પિતા તેને લોહગઢ દરવાજા બહારના બાગમાં સ્વામી કૃષ્ણાનંદ પાસે લઈ ગયા. સ્વામીજીએ અલ્હાબાદની એક આઠ વર્ષની છોકરી ગીતાના શ્લોક બોલતી, તેની વાત કરી. તે ધ્યાનપૂર્વક સાંભળીને કમલેશકુમારીએ પણ આગ્રહપૂર્વક તેમને બધાને ગીતા

પર પ્રવચન સંભળાવ્યું. પાછળથી તેણે હરદ્વાર, રૂષીકેશ, લુધિયાના, જંડીઆલા, ગુરુ હર સહાઇ મંડી, મુકેરીઅન, ધર્મકોટ, ગુજરાનવાલા વગેરે સ્થળોએ પણ વ્યાખ્યાનો આપ્યાં હતાં.

મહીન્દ્રકુમારી ઊર્ફે ચાંદ રાણી નામની એક બીજી છોકરી ટાંગો બર્મામાં ૧૫–૧૦–૩૯ ના રોજ સાડાત્રણ વર્ષની ઉમ્મરે ગુજરી ગઈ. તે અમૃતસરમાં ૧૯૯૦ ના મે માસમાં ફરી જન્મી. સવા ત્રણ વર્ષની ઉમ્મરે તે પોતાની માતાને બળજબરી કરી પોતાને પહેલાને ઘેર લઈ ગઈ. ત્યાં તેણે પોતાની ભાભીને (જહાઇને) ઓળખી, અને તેને તે ભેટી પડી. પછી પોતાના વીસ વર્ષના પુત્ર શિવને પણ તેણે ઓળખ્યો. બીજાં સગાંવહાલાં, સોનાની કંઠી, પોતાનો જ પૂર્વજન્મનો ફોટો—આ બધું તેણે નિશ્ચયપૂર્વક ઓળખાવ્યું હતું.

તા. ૫–૯–૩૭ના 'સ્ટેટ્સમેન' પત્રમાં એક જૈન બાળકનો કિસ્સો પ્રગટ કરવામાં આવ્યો હતો. તે વડોદરામાં જન્મ્યો હતો, પણ તેણે કહ્યું કે—"હું પૂર્વજન્મમાં પૂનામાં રહેતો હતો. મારાં માબાપ પાટણનાં હતાં. મારું તે જન્મનું નામ કેવળચંદ. પૂનામાં મારી કાપડની દુકાન હતી. પાટણના ઘણા વેપારીઓ સાથે મારે વેપારને અંગે સંબંધો હતા. મારે ૭ પુત્રો હતા. તેમાંના એકનું નામ રમણલાલ." જ્યારે તે બાળક અને તેની માતા પાટણ ગયાં, ત્યારે આ બધી બાબતોની તપાસ કરવામાં આવી હતી, અને તે તદ્દન સાચી નીકળી હતી.

લંડનના 'સન્ડે એક્ષપ્રેસ'માં (ઇ. સ. ૧૯૩૫) જ્યોર્જ કેસ્ટરે પોતાના અનુભવો વર્ણવ્યા હતા. નાનપણમાં જ તે ઊંઘમાં શુદ્ધ બર્મીઝ ભાષા બોલતો. ૧૯૦૭ માં તે લશ્કરમાં જોડાયો. ૧૯૦૯ માં તેની બદલી બર્મામાં થઇ, ત્યાં તેને લાગ્યું કે તે દેશ તેનો પૂર્વજન્મમાં જોયેલો છે, તેને બર્મી ભાષા બોલતાં આવડે છે, ઇરાવતી નદીની પેલી પારનો મુલક તેનો પરિચિત છે. પોતાના સાથી લાન્સ કોર્પોરલ કોટીગનને તેણે કહ્યું કે–"ઇરાવતીની પેલી બાજુએ એક મંદિર છે. તેની દિવાલમાં એક મોટી ફાટ છે—ઠેઠ ઉપરથી તે નીચે સુધી. તે દિવાલ પાસે એક મોટો વિશાળ ઘંટ છે. પાછળથી તપાસ કરતાં આ બધું અક્ષરશઃ સાચું નીકળ્યું હતું.

કલકત્તામાં જામાપુકુરમાં એક ૧૮ વર્ષનો છોકરો મરણપથારી પર સૂતો હતો. તેનાં માતપિતા તેને બચાવવા માટે એક સાધુપુરુષને પગે પડી વિનંતિ કરી રહ્યાં હતાં. તેની કાકીને આ વાત પસંદ ન હતી. તેણે દવા કરવાનો આગ્રહ કર્યો ત્યારે તે છોકરો બોલ્યો, "કાકીબા, તે સાધુ મહાત્માનો દોષ ન કાઢશો. દોષ મારાં કર્મનો છે. હું પૂર્વજન્મમાં એક રેલ્વે ઓફીસમાં નોકરી કરતો હતો. ત્યાં મેં એક માણસનું ખૂન કર્યું હતું. ઓ બાપરે! તેને મરતી વખતે કેવી વેદના થઈ હતી! આ વાતને ૫૦ વર્ષ થયાં. પછી સુક ગલીના થાણામાં એક કાણો ફોજદાર હતો, તેણે મને પકડ્યો. મને ફાંસી ન મળી, પણ જન્મટીપની સજા થઇ." પાછળથી તપાસ કરતાં તે થાણામાં ૫૦ વર્ષ પહેલાં એક કાંણો ફોજદાર હતો, તે વાત સાચી નીકળી હતી. પછી તે મરતો છોકરો તેની માને ઉદ્દેશીને બોલ્યો: "હવે હું જાઉં છું, મા. તું કારણ જાણે છે? આ પાસેની રૂમમાં સૂતેલો મારો પિતા પૂર્વજન્મમાં મારો દીકરો હતો. તે મને બહુ દુ:ખ આપતો હતો. આ જન્મમાં વહેલો મરી હું તેને તેના કર્મનું ફળ આપવામાં નિમિત્તમાત્ર બન્યો છું!"

દક્ષિણ અમેરિકાના શોધખોળ કરનાર હિલે પણ 'પિપલ'ના તંત્રીને પોતાના પૂર્વજન્મના અનુભવો વર્ણવ્યા હતા, અને તે સાચા નીકળ્યા હતા.

તા. ૧૫-૭-૩૬ ના 'એડવાન્સ' પત્રમાં બજિતપુર ટપાલ કચેરીના કારકૂનના ૩ વર્ષની ઉમ્મરના છોકરાની હકીકત છપાઈ હતી. પૂર્વજન્મમાં તે ચિતાગાંગમાં ફઝિલપુરનો વતની હતો. તેની માહિતી આપતાં તેણે કહ્યું હતું કે, "લક્ષુમ રેલ્વે સ્ટેશનથી મારા ગામ તરફ એક રસ્તો જાય છે. ત્યાં મારે ત્રણ પુત્રો અને ચાર પુત્રીઓ છે. મારા મકાનની પાસે જ મહેરની કાલીબારી છે. જ્યાં સર્વાનંદને આત્મસાક્ષાત્કાર થયો હતો. ત્યાં કાલીની મૂર્તિ નથી, ત્યાં એક વિશાળ વટવૃક્ષ છે, અને તેના મૂળ પાસે પૂજાવિધિ થાય છે." આ બધી હકીકત સાચી નીકળી હતી.

ઈ. સ. ૧૯૩૩ માં એક પંદર વર્ષની, હંગેરિયન ઇજનેરની દીકરી બુડાપેસ્ટમાં મૃત્યુશય્યા પર પડી હતી. થોડીક વાર મૃત્યુનિદ્રા લઈ તે જાગી. પણ જાગ્રત થયા પછી તે હંગેરિયન ભાષા જાણે કે તદ્દન ભૂલી ગઈ, અને સ્પેનિશ બોલવા લાગી. તે પોતાનાં માબાપને જાણે કે તદ્દન ભૂલી ગઈ. પોતાનાં માબાપને ઉદ્દેશી તે બોલી, 'આ લોકો બહુ ભલાં છે. મારી સાથે તે બહુ માયાળુ વર્તાવ રાખે છે. પણ હું તો સિનોર લ્યુસિઓ આત્તારેઝુડે સાલ્વીઓ છું. માડ્રિડમાં મારો પતિ શ્રમજીવી હતો. મારે ચૌદ છોકરાં હતાં. હું ૪૦ વર્ષે મરી ગઇ. હવે હું ફરી સજીવન થઇ છું." પછી તો તેણે સ્પેનિશ ગીતો ગાવા માંડ્યાં, સ્પેનિશ ખોરાકની વાનગીઓ તૈયાર કરવા માંડી અને જે માડ્રિડમાં તે આ જન્મમાં ગઈ જ ન હતી, ત્યાંનાં આબેહૂબ દૃશ્યોનાં વર્ણન કરવા માંડ્યાં.

દિલ્હીમાં જંગ બહાદુરની દીકરી શાન્તા આઠ વર્ષની ઉમ્મરે આવું બ્યાન આપતીઃ "હું પૂર્વભવમાં મથુરાના અમુક માણસની પત્ની હતી." તેના તે મથુરાના પતિએ પોતાના ભાઈને તેને તેડવા મોકલ્યો. તેને તે છોકરીએ તરત જ ઓળખી કાઢ્યો. તેણે પોતે જ તેનું સાચું સરનામું પણ આપ્યું. પછી તેનો પતિ આવ્યો, તેને પણ તરત જ ઓળખ્યો. જે વાતો માત્ર તે બે જ જાણતાં હતાં, તે સઘળી વાતો તેણે તેને કહી. તેણે પોતે જમીનમાં દાટેલા સો રૂપિયાની પણ વાત કરી, જે સાચી નીકળી હતી.

તા. ૧-૫-૩૮ ના 'અમૃત બઝાર પત્રિકા'માં કાનપુરના દેવીપ્રસાદના પાંચ વર્ષના પુત્રે નીચેની હકીકત આપેલી તે છપાઈ છે. "હું પૂર્વજન્મમાં શિવદયાળ શુક્લા હતો. ૧૯૩૧નાં કાનપુરનાં રમખાણોમાં મારું ખૂન થયું હતું. બે મુસ્લિમ મિત્રો દગો કરી અને લઈ ગયા હતા, અને તેમણે મારું ખૂન કર્યું હતું." તેને ત્યાં લઇ જવામાં આવ્યો. ત્યાં તેણે મૃત્યુ-પથારી પર પોઢેલી પોતાની પત્નીને, છોકરાંને અને બીજી વસ્તુઓને ઓળખી કાઢ્યાં હતાં.

'અમૃત બઝાર પત્રિકા'માં ઝાંસીનો એક ત્રણ વર્ષનો છોકરો ભગવદ્‌ગીતા અને રામાયણ શુદ્ધ ઉચ્ચારમાં બોલી જતો હતો, તે હકીકતનું પ્રયાગરાજનો ખબરપત્રી બ્યાન આપે છે.

તા. ૨૦-૬-૩૭ ના 'પિપલ'માં એક પાંચ વર્ષની બ્લૅકપૂલની છોકરી, શીખ્યા વગર, સુંદર રીતે પિયાનો વગાડી શકતી અને પોતાનાં સ્વરગીતો ગાઈ શકતી, તેનું બ્યાન આવેલું છે.

દિલ્હીનાં શાન્તિદેવીએ પોતાના પૂર્વજન્મના પતિ કાનજીમલને અને બીજાં સગાંવહાલાંને ઓળખી કાઢ્યાં હતાં.

આવા તો અસંખ્ય દાખલાઓ નોંધાયા છે. તે પરથી કર્મનો સિદ્ધાંત અને પુનર્જન્મ સિદ્ધ થાય છે.

આમ અનુમાન, શાસ્ત્ર, યોગીઓનો અનુભવ, અનેક પ્રતિભાશાળી વ્યક્તિઓની સ્મૃતિ અને શક્તિ આપણને કર્મ અને પુનર્જન્મની માન્યતા સ્વીકારવા ફરજ પાડે છે.

રાજુ કળબણનું ગીત

પ્રો. રમણ ક્રો…

કળબણની આ છોરી!
એ રાજુ કળબણ ગોરી!
જરી ચોલ, ભલી થા, છોરી! ૧
અંગ ઝુલાવી ધરા મુંઝાવી
ખેતર શેઢે જાતી,
અલી! ધમંકભરી ચલી જાતી.
કોર કસુંબલ ઓઢણી તારી
પૂંઠે વાયે વાતી,
આ હૈડું હલાવી જાતી.
જરી ચોલ, ભલી થા, છોરી! ૨
ઘેરદાર ઘમ્મર ઘાઘરિયો
ઉપર ફેંટિયું વીંટી,
અલી! લાલ ફેંટિયું વીંટી.
ત્રાંફાળી છાતીના સ્તન પર
તસતી ચોળી લપેટી.
અલી! મસ્તભરી ચલી જાતી.
જરી ચોલ, ભલી થા, ગોરી! ૩
ધાન ભર્યો સુંડલો છે માથે
હલકભર્યું અલી! ગાતી,
અલી! ઝીણું ઝીણું ગાતી.
જોવનાઈ સંગે સરસરતી
સૂતી જવાની જગવતી.
અલી! દૂ...ર દૂ...ર ઊડી જાતી.
જરી ચોલ, ભલી થા, છોરી! ૪
શેરી મનખની સામે ઊભી
તાકી તાકી જોતી,
અલી! જોવાતી ને જોતી!
ફાટ ફૂટ યૌવનનાં અમૃત
ઘરપ ઘરપ તું પાતી,
ભોળ્યા જવાનડાને પાતી.
જરી ચોલ, ભલી થા, ગોરી! ૫
અંગ ઉઘાડે રૂપ ચાંદરણું
ચોગરદમ પાથરતી,
અલી! ઝબૂકિઆ શી ઝમકતી.
અમાસની અંધારી રાતે
વીજલડી વાવરતી,

અલી! પૂનમ તેજે ઝરતી.
જરી બોલ, ભલી થા, છોરી! ૬

ધરપત પામ્યું હૈડું તોયે
પૂઠે પૂઠે ફરતું,
અલી! તારી પૂઠે સરતું.
શેર ગામડું નાતજાતના
ભેદ ભુલાવી ભમતું.
આ તે નરનારીની રમતું,
કે શું મનખ મનખમાં સમતું? ૭

સોના સરખું રૂડું રૂપાળું
નામ અલી! તેં ધાર્યું
અલી! ક્યાંથી ગોતી ધાર્યું?
જાદુગરણી રાજુ! કળખણુ!
શું શું કરવા ધાર્યું?
અલી! અલકે મલકતું માર્યું!
ફૂહેને તુંથી કુણ ના હાર્યું? ૮

હીર મઢ્યું શું મુખડું તારું
તું યે હીરકવરણી.
અલી! તું યે ચાંદાવરણી.
કિયા જવાને પુણ્ય કર્યાં તે
પામે તુંને પદમણી?
ફૂહેને કિયા મનખનાં ભાગ્ય ખુલ્યાં
કે પામે તુંને પદમણી? ૯

શરમ ભર્યાંને બેશરમા અલી!
શીદને તેં કરી દીધા?
પૂઠે ભમતા શીદ કરી દીધા?
ગોરી રાજુ! ગામડિયણ
શીદ મન સૌનાં હરી લીધાં?
સૌને શુધ ભુલાવી દીધાં?
ફૂહેને કામણ શાં કરી દીધાં? ૧૦

ઓ કળખણુ કેરી છોરી!
અલી રાજુ! ગોરી ગોરી!
જરી બોલ, ભલી થા, છોરી! ૧૧

સંન્યાસ

વૈકુંઠ શાહ

મારી બદલી સાનજ કસ્બામાં થઈ તેના એક અઠવાડિયામાં જ અમારા પાડોશી જગમોહનનું મૃત્યુ થયું. આમ તો મારે અને એમને જરાય પરિચય નહિ એટલે એમની સાથે બોલવા–ચાલવાનો વ્યવહાર પણ ન હતો છતાં પાડોશી તરીકે મેં સ્મશાનયાત્રામાં જવાનું જરૂરી માન્યું.

સ્મશાનમાં જવા માટે ઠીકઠીક લોકો જમા થયેલા. મારો સ્વભાવ જરા અતડો અને ગામમાં હું નવોસવો આવેલો એટલે હજીસુધી કોઈ મિત્રો થયાં ન હતાં પણ મારા ઘરની સામે જ રહેતા નવિનભાઈ સાથે થોડું બોલવાનો સંબંધ થયેલો એટલે હું તેમની બાજુમાં જઈ ઊભો રહ્યો.

શહેરના સજ્જનોને તો હું ઓળખતો હતો છતાં બીજાં લોકો તેમની સાથે જે અદબથી વર્તતા હતા તે જોઈ હું સમજી શક્યો કે આ ભાઈઓ પ્રત્યે સારો આદરભાવ હતો. કોમના ભેદ વિના અનેક શહેરીઓ—ગરીબ અને તવંગર—સ્મશાનયાત્રામાં શામેલ થવા આવ્યા હતા. બધાંના મુખ પર ગ્લાનિની સ્પષ્ટ રેખા દેખાતી હતી. સામાન્યતઃ દેખાય છે તેમ વાતાવરણમાં છાલકાઈ ન હતી અને એક પ્રકારની સૌમ્ય ગંભીરતા દેખાતી હતી.

જગમોહનનાં જર્જરિત ઘરમાંથી તેના મૃતદેહને બહાર લાવવામાં આવ્યો. નનામી તૈયાર થઈ સૌના આગ્રહથી જગમોહનનું મોં ખુલ્લું જ રાખવામાં આવ્યું. નાના કસ્બામાં જવલ્લે જ જોવામાં આવે એટલાં ફૂલનો ઢગલો તેના પર ખડકાયો. મૃતદેહ શેરીઓમાંથી પસાર થતો હતો ત્યારે ઘેરઘેર સ્ત્રીપુરુષો સજળ નેત્રે તેમનાં છેલ્લાં દર્શન કરતાં હતાં અને એકાદ ફૂલહાર કે ફૂલ વધાવી સંતોષ માનતાં હતાં. કેટલાંક તો ધ્રુસકેધ્રુસકે રડતાં હતાં.

જે પૂજ્યભાવથી ગામલોક જગમોહનને અંજલિ આપતાં હતા તે જોઈ મને એટલી તો ખાતરી થઈ કે જગમોહને લોકોના દિલ જીતી લીધા હતા અને તેમનો સાચો પ્રેમ અને આદર મેળવ્યા હતા.

સ્મશાનભૂમિ પર પહોંચ્યા પછી ઔપચારિક વિધિમાં મારે ભાગ લેવાનો ન હતો ત્યારે નવિનભાઈને પણ મારી માફક ઉભેલા જોઈ મેં તેમને હાથ પકડી બાજુ પર બોલાવ્યા.

"નવિનભાઈ, તમે જાણો છો કે હું આ ગામમાં નવોસવો આવેલો છું. પણ આજના વાતાવરણમાં મને કંઈ વિલક્ષણતા દેખાઈ. દેશના મોટા મોટા નેતાઓ બાદ કરતાં, આવી સાર્વત્રિક સહૃદયતા અને લાગણીવશતા મેં કોઈના મૃત્યુ વખતે અનુભવી નથી."

"તમારી વાત સાચી છે, બાબુભાઈ" નવિનભાઈએ આંખ લૂછતાં કહ્યું. "જગમોહન સાચે જ એક વિલક્ષણ પુરુષ હતા. સાનજ ગામને એમના જેવા સેવક કદાચ સો વરસે પણ સાંપડશે નહિ."

નવિનભાઈની વાતે મારું કુતૂહલ અનેકગણું વધારી દીધું.

"જો તમને વાંધો ન હોય તો એમના જીવન અને કાર્ય વિષે કંઈક જાણવા માગું છું."

"એ તો આખો ઈતિહાસ છે. ચિતા સળગી જાય પછી બાજુએ બેસી બધી વાત કરીશ."

અધી કલાક પછી જગમોહનના દેહને અગ્નિએ આવરી લીધો ત્યારે નવિનભાઈએ મારો હાથ ખેંચતાં કહ્યું:

"આવો."

* * *

કંકુમા ખૂબ ધર્મિષ્ઠ હતાં. મંદિરે દર્શન કર્યા વિના કદી ભોજન કરતાં નહિ. તુલસી-પૂજા અને પ્રભુસેવા વિના એમનો દિવસ ખાલી દેખાતો. ગામમાં ગમે તેવા સાધુ-સંન્યાસી આવે તેનાં દર્શન કરવા કંકુમા જવાનાં જ. પુરુશોત્તમ માસમાં અને ચાતુર્માસમાં આકરાં વ્રતો કરતાં. પોતે નિરક્ષર હતાં છતાં ગામમાં કોઈ કથાપ્રવચનમાં કંકુમા ગેરહાજર ન હોય.

આવી માની ગોદમાં જગમોહન ઉછર્યો. આર્થિક સ્થિતિ જરાપણ સારી નહિ છતાં પેટે પાટા બાંધીને પણ કંકુમા ધર્મ-દાનમાં યત્કિંચિત વાપરતાં.

નાનકડો જગમોહન કંકુમાની આંગળી પકડી દેવદર્શને જતો અને કથાપ્રવચન સાંભળવા માટે જીદ કરીને આવતો ત્યારે કંકુમા પ્રસન્નતા અનુભવતાં.

જ્યારે જગમોહન તેર વર્ષનો હતો ત્યારે ગામમાં એક મહાત્મા આવ્યા. પુરુશોત્તમ માસ નજીક હતો એટલે ગામલોકના આગ્રહથી મહારાજે રોજ સાંજે બે કલાકના પ્રવચન ગોઠવ્યા. કંકુમા વિના કોઈ પ્રવચન ચાલે ખરાં? સાથે જગમોહન તો ખરો જ.

મહારાજની વાણી હૃદયવેધક હતી:

"દુનિયા અસાર છે. તેમાં જેટલાં લપેટાશો એટલાં સંસારરૂપી વમળમાં ઊંડા ઉતરશો. સાપ જેમ કાંચળી ઉતારે તેમ સંસારની માયાને ત્યજી દો અને ઈશ્વરને શરણ જાવ એ જ તમારા કલ્યાણનો માર્ગ છે."

જગમોહનના અપરિપક્વ મનમાં મહારાજની વાણીએ દાવાનળ જગાવ્યો. આખી રાત જગમોહન મંથન કરતો રહ્યો.

બીજે દિવસે મહારાજે વિષય આગળ ચલાવ્યો:

"સંસારના સંબંધ મિથ્યા છે. મા, બાપ, ભાઈ, બહેન, સ્ત્રી કે પુત્ર બધાં સુખના સાથી છે. દુઃખ વખતે અને મૃત્યુ સમયે ફક્ત ઈશ્વર જ તમારો સહારો છે."

તે જ રાત્રે જગમોહનની બાજુમાં રહેતાં સૂરજકાકીનો એકનો એક દીકરો દેવલોક પામ્યો અને સૂરજકાકીની વીસ વર્ષની સાધના યમરાજના એક જ પ્રહારે વેરવિખેર થઈ ગઈ અને સૂરજકાકી નિઃસહાય થઈ ગયાં.

સ્વામીજીની વાણીએ જગમોહનના દિલમાં દારુણ અગ્નિ પ્રગટાવ્યો હતો. સૂરજકાકીના પ્રસંગથી સ્વામીજીની વાણીને સમર્થન મળ્યું. જગમોહનને પ્રતીતિ થઈ કે સ્વામીજીએ એક પરમ સત્ય ઉચ્ચાર્યું છે જેનું દૃષ્ટાંત સૂરજકાકીની હાલતથી મળી ગયું અને તેને લાગ્યું કે સ્વામીજીનો બોધ તેણે ઝીલવો જ જોઈએ.

બીજે દિવસે જગમોહને ઘર છોડ્યું અને કંકુમાને છતે દીકરે વાંઝિયા કરી મૂક્યાં. કંકુમાએ કપાળે હાથ મૂકી નિઃશ્વાસ નાંખ્યો.

ઘર છોડી જગમોહન હરિદ્વાર પહોંચ્યો. ત્યાં આશ્રમોની અને યોગીઓની કમી ન હતી. બાલસહજ કુતૂહલથી ત્યાગીઓની સૃષ્ટિ નિહાળવા તે થોડા દિવસ રખડ્યો. કોઈકે તેને

ગુરુ કરવા સલાહ આપી અને નિસાનંદ સ્વામીના ૯૨ મા શિષ્ય તરીકે તેને દિક્ષા મળી અને તેણે જપાનંદ નામ ધારણ કર્યું. સંસાર સાથેનું છેલ્લું બંધન તૂટી ગયું.

ધૂણી ધખાવવી, ગુરુજીની ચલમ ભરવી, ભીક્ષા માગી લાવવી, ભજનની ધૂન લગાવવી વગેરે પ્રવૃત્તિઓમાં તેને સમય આપવો જ પડતો પણ તેની કાચી ઉંમર જોઈ ગુરુજી તેના વિદ્યાભ્યાસ પર પણ ધ્યાન આપતા.

"વિદ્યા વિના સમજ કે વિવેકબુદ્ધિ નથી" ગુરુજી કહેતા અને જપાનંદને તે સાચું લાગ્યું.

★

દશેક વર્ષ વીતી ગયાં. જપાનંદે સંસ્કૃત ભાષાનો સારો અભ્યાસ કર્યો. ધર્મગ્રંથોનો અને વેદોનો અભ્યાસ કરી જ્ઞાનની પ્રખરતા પ્રાપ્ત કરી. સાથે અંગ્રેજી ભાષાનો અભ્યાસ પણ શરુ કર્યો.

તેની સરળતા, નિખાલસતા અને નિઃસ્પૃહતાથી તે ગુરુજીનો માનીતો ચેલો બની ગયો; આથી ગુરુજીની સેવા કરવાનો અને તેમની સાથે ધર્મની ચર્ચા કરવાનો લાભ તેને મળતો.

છેલ્લા થોડા સમયથી નિત્યાનંદજીની તબિયત નરમ રહેતી હતી. તેમને ખાત્રી થઈ હતી કે તેમનો અંત નજીક હતો. આશ્રમના ભવિષ્યનો પ્રશ્ન તેમને મૂંઝવતો હતો. તેમના શિષ્યોમાં મતભેદ અને વૈમનસ્ય સારા પ્રમાણમાં પ્રવર્તતાં હતાં. અને આશ્રમનું આધિપત્ય મેળવવા ઝગડા થતા હતા. બીજી બાજુ એ સ્થાન સંભાળી શકે એવું જ્ઞાન કોઈમાં ન હતું અને તેવી લાયકાત પણ ન હતી.

એક દિવસે સ્વામીજીએ જપાનંદને પૂછ્યું:

"બેટા, આજકાલ તું બહુ વિચારમગ્ન દેખાય છે!"

જપાનંદે મૌન સેવ્યું.

"આશ્રમનું શું થશે તેનો મને વિચાર આવે છે."

જપાનંદે ફરી જવાબ ન આપ્યો.

"બેટા, હું જાણું છું કે આ ઝગડા તને પસંદ નથી. તું શાંત છે, સમજુ છે, જ્ઞાની છે. તું મારું સ્થાન સંભાળે ખરો?"

જપાનંદે હાથ જોડી કહ્યું: "ગુરુજી, તમારા પહેલા બે પ્રશ્નોનો જવાબ ન આપ્યો તે સકારણ હતો. છેલ્લા થોડા દિવસથી હું ખૂબ વિચારમાં ડૂબેલો રહુ છું એ વાત પણ સાચી છે. આજ્ઞા હોય તો મારા વિચાર જણાવું."

"ખુશીથી, બેટા."

"ગુરુજી, તમે સદા મને તમારો બેટા ગણ્યો છે એટલે આ વિચાર જણાવવા હિંમત કરું છું. જો અવિનય થાય તો ક્ષમા કરશો ને?"

તું વિના સંકોચે તારો વિચાર કહે."

"આપણે ત્યાં આજે નેવું આશ્રમવાસી છે. ગામમાંથી ભિક્ષા માગી કે યાત્રાળુઓના દાનથી આપણું પેટ ભરાય છે. બીજી રીતે કહીએ તો સમાજ આપણું પોષણ કરે છે. તેના બદલામાં આપણે સમાજને શું આપીએ છીએ!

જપાનંદની વાણી ગુરુજી સાંભળી રહ્યા.

"કંઈ જ નહિ. પૂર્ણ ભક્તિભાવથી ધર્માર્થે આપેલા દાનનો ઉપયોગ આપણે ભાંગ-ગાંજામાં કરીએ છીએ. આશ્રમવાસીઓ ત્યાગીઓ કહેવાય છે છતાં તેમાંનાં ઘણાંખરાંએ દુન્યવી તૃષ્ણાઓનો ત્યાગ કર્યો નથી. કેટલાક તો એવા છે જેમને આશ્રમમાં રાખવા શોભારપદ નથી."

જપાનંદ ધડીભર થંભ્યો.

"ગુરુજી, આપના શિષ્ય હોવા છતાં એમ કહેવું કદાચ અયોગ્ય કહેવાય પણ મને તો એમ લાગવા માંડ્યું છે કે આવા આશ્રમો ચલાવી સમાજની કોઈ સેવા થતી હતી અને તેની ઉદારતાનો ખોટો લાભ લેવાય છે."

પોતાના માનીતા ચેલાની વાત નિત્યાનંદજી ફાટી આંખે સાંભળતા હતા. "આગળ બોલ, બેટા, ગભરાવાની કંઈ જરૂર નથી."

"હું તો એથી પણ એક કદમ આગળ જઈ કહીશ કે સંન્યાસીઓ સૌને છેતરી રહ્યા છે—ઈશ્વરને પણ. મારા ખ્યાલ પ્રમાણે સંન્યાસ એટલે ત્યાગ અને ત્યાગ એટલે સંન્યાસ. સંન્યાસી તો ત્યાગ અને સેવાના પ્રતીકરૂપ હોય. મેં જોયું છે કે ભગવાં વસ્ત્રો ધારણ કરવાથી ત્યાગ નથી આવતો. જેનામાં ત્યાગની અને સેવાની સાચી ભાવના છે તે ભગવાં વસ્ત્ર ધારણ ન કરે તો પણ સંન્યાસી છે."

"તારી વાત સાચી હોય તો નિરાકરણ શું?"

"ગુરુજી, ઉપાય બહુ જલદ છે. તમને તે નહિ રુચશે."

"નિડરતાથી તારો મત સ્પષ્ટ રીતે કહે."

"આશ્રમનું વિસર્જન કરો. સૌને સેવાનો ભેખ ધરવા કહો. ભગવા છોડી સંસારી થાય તો પણ વાંધો નહિ. પણ જેનામાં ત્યાગની જડ ઊંડી બેઠેલી છે તે અંગત લાભ ભૂલી જઈ જનસમાજની સેવા કરી જીવન ધન્ય કરશે. આ પ્રશ્ન એકલા આ આશ્રમનો નથી. સારા દેશના બધા જ આશ્રમોનો છે. સમાજની ઉદારતાનો લાભ લઈ જેઓ બદલામાં કંઈ આપતાં નથી તેઓ સઘળા ચોર છે. તેમને દાન લેવાનો અધિકાર જ નથી."

જપાનંદના અભિપ્રાયે ગુરુજીને વિચારતા કરી મૂક્યા. દશ દિવસનું મૌનવ્રત અને એકાંતવાસ લઈ તેમણે વિચારમંથન કર્યું.

"બેટા, તારી વાત સાચી છે. મારે તારી પાસે માથું નમાવવું રહ્યું. આવા આશ્રમ ચલાવી આપણે કોઈનું કલ્યાણ કરતા નથી. સેવા વિનાનો સંન્યાસ એ તો દંભ છે. મેં આપણા આશ્રમનું વિસર્જન કરવા નિર્ણય કર્યો છે."

બીજે દિવસે નિત્યાનંદજીએ આશ્રમવાસીઓની સભા બોલાવી પ્રવચન કર્યું. સંન્યાસનો દંભ છોડી સેવાનો માર્ગ અપનાવવાનો આગ્રહ કર્યો અને આશ્રમ વિસર્જન કર્યો.

* * *

કંકુમા ઈશ્વરના સાન્નિધ્યમાં માળા ફેરવતાં બેઠાં હતાં ત્યારે જગમોહને બૂમ પાડી:

"મા"

"કોણ બેટા, જગુ?"

"હા, મા, તારો અપરાધી બેટો."

" એવું ન બોલ, ભાઇ. "

" માની સેવા છોડી જાતનું કલ્યાણ કરવા જવું એ કંઇ જેવોતેવો અપરાધ છે ? "

બાર-બાર વર્ષની વિનંતી પ્રભુએ સાંભળી એથી કંકુમાની આંખ હર્ષાશ્રુથી ઉભરાઈ ગઈ. જગમોહન પણ માની સ્થિતિ પામી ગયો અને તે પણ માની પાસે ભગવાનની મૌન સ્તુતિ કરતો બેસી ગયો ત્યારે માનો વાત્સલ્યપૂર્ણ હાથ તેના માથા પર અનાયાસે ફરવા માંડ્યો.

* * *

જગમોહને ભગવાં વસ્ત્રો છોડ્યાં પણ તેનું દિલ તો સંન્યાસીનું જ રહ્યું. ગામની શાળામાં તેણે શિક્ષકની નોકરી લઇ લીધી એટલે નિર્વાહનો પ્રશ્ન હળવો બન્યો. માની સેવા અને લોકસેવાને જ એણે જીવનમંત્ર બનાવી દીધો. અને ગામની કલ્યાણકારક પ્રવૃત્તિઓમાં તેણે ઝંપલાવ્યું.

કંકુમાની ઉમર વધતી જતી હતી. જેની અસર તેમના શરીર પર દેખાતી હતી. તેમને સુખશાંતિ રહે એ માટે જગમોહને સઘળું કર્યું. માની ઇચ્છાને માન આપી તેણે લગ્ન કર્યાં અને તેને આંગણે બે બાળકો રમતાં થયાં પણ જગમોહનનું હૃદય તો ત્યાગીનું જ રહ્યું. **संसारसों सरसों रहे, मन तो मारी पास ।** એ કથનનું જગમોહને સુંદર પાલન કર્યું અને કંકુમાએ મૃત્યુ સમયે જે સંતોષ અનુભવ્યો તે જોઈ જગમોહનને જીવન ધન્ય લાગ્યું.

જગમોહનની પ્રવૃત્તિઓ ઉત્તરોત્તર વિકાસ પામતી ગઇ. રેલસંકટ હોય, રોગચાળો હોય, જગમોહન હંમેશ મોખરે જ હોય. ગામમાં કોઇને મદદની જરૂર હોય તો જગમોહન તેની પડખે જ હોય.

ઘણાં યે લોકો તેને કહેતાં: " શિક્ષકની નોકરીમાં તારો શું ઉદ્ધાર થવાનો છે ? તે કરતાં શહેરમાં જઈ સારી નોકરી શોધ જેથી છોકરાંઓનું પણ ભલું થાય. "

" જે મળે છે તે મારે માટે પૂરતું છે. છોકરાંઓનું ભલું કરનાર પ્રભુ છે. મારું જીવન સાદું રાખી લોકસેવા કરવામાં મને વધારે આનંદ છે. "

જગમોહન સાચેસાચ અજાતશત્રુ હતો. તેણે ક્રોધ જીત્યો હતો. ધન, સત્તા કે હોદ્દાની તૃષ્ણા તેણે સ્વપ્નામાં પણ ન સેવી. રાજકારણથી તે દૂર જ રહ્યો. અભિમાનનું તો તેનામાં નામ પણ ન મળે. સેવાને જ તેણે જીવનમંત્ર બનાવી દીધો.

* * *

" બોલો બાબુભાઇ, સાનજ ગામ આવો નિ:સ્પૃહ કર્મયોગી ગુમાવે ત્યારે આખા ગામની આંખ આંસુથી છલકાય એમાં નવાઈ છે ? "

" સાચેસાચ, એક અદ્ભુત યોગીની જીવનકથા છે. "

જગમોહનના દેહની રાખ બની ગઇ ત્યાં સુધી તેમની ચિતાને હું પૂજ્યભાવથી નિરખી રહ્યો અને જ્યારે માટીની કાયા માટીમાં મળી ગઇ ત્યારે મારી આંખ પણ આંસુથી ભરાઇ ગઇ અને એ પવિત્ર રાખની મેં એક પડીકી બાંધી લીધી.

આજે પણ એ રાખ મને નિર્મોહી સેવામય જીવનની પ્રેરણા આપે છે.

પરમાણુની ભીતરમાં

ડૉ. અશ્વિન મ. ત્રિવેદી

મહેન્દ્ર દેસાઈ

પદાર્થની અંતિમ રચના વિષે વૈજ્ઞાનિકો અને તત્ત્વજ્ઞાનીઓ અનાદિ કાળથી ચિંતન કરતા આવ્યા છે. વિશ્વના બધા પદાર્થો માત્ર ચાર કે પાંચ તત્ત્વોના બનેલા છે, એમ ગ્રીક અને હિંદુ તત્ત્વજ્ઞાનીઓનું માનવું હતું. વળી બધા પદાર્થ ઝીણા કણોના બનેલા હોય છે અને આ કણો વચ્ચે અવકાશ હોય છે એમ પણ માન્યતા પ્રચલિત હતી. કણાદ ઋષિને પ્રાચીન કાળના પરમાણુવાદના પ્રણેતા માનવામાં આવે છે. વિજ્ઞાનના આ જન્મકાળમાં માનવ ઉપયોગી અનેક શોધો થઈ હતી. એ છતાં કુદરતના અભ્યાસમાં પ્રયોગ કરતાં કલ્પનાને વધુ સ્થાન આપવામાં આવતું હતું. જેને આપણે વૈજ્ઞાનિક વિચારસરણી કહીએ છીએ તેનો પાયો ફ્રાન્સીસ બેકને (૧૫૬૧–૧૬૨૬) ઈ. સ. ૧૬૨૦ માં નાખ્યો એમ માનવામાં આવે છે. વૈજ્ઞાનિક કુદરતી બનાવોનું નિરીક્ષણ કરે છે, સરખા પ્રકારના બનાવોને એકબીજા સાથે સરખાવવાનો પ્રયત્ન કરે છે અને આ હકીકતોને સાંકળી લઈ તેની સમજૂતી આપવાનો પ્રયત્ન કરતી કલ્પના રજુ કરે છે. આ ઉપરથી આ કલ્પના સાચી હોય તો તેની ચકાસણી માટે નવા પ્રયોગો યોજે છે. અને આ પ્રયોગોના પરિણામ ઉપરથી કાં તો કલ્પના સિદ્ધાંતમાં પરિણમે છે અથવા નવા પ્રકારની કલ્પનાનો જન્મ થાય છે. આ સિદ્ધાંતને ચકાસવા વળી પાછા નવા પ્રયોગો યોજાય છે અથવા કુદરતનું નિરીક્ષણ કરવામાં આવે છે. જરૂર પડે તો સિદ્ધાંતમાં ફેરફાર કરવામાં આવે છે અથવા નવા જ સિદ્ધાંતોનો જન્મ થાય છે. આવા પ્રકારની પદ્ધતિને વૈજ્ઞાનિક પદ્ધતિ કહેવામા આવે છે. આ પદ્ધતિની વિશિષ્ટતા એ છે કે કોઈ સિદ્ધાંતને શાશ્વત માત્ર સત્યનો આગ્રહ અને પ્રયોગાત્મક પદ્ધતિજ રહેલાં છે. બેકનની આ તેજસ્વી વિચારસરણીને લીધે પશ્ચિમમાં વિજ્ઞાનનો વિકાસ બહુ ઝડપથી થવા માંડયો. જર્મન વૈજ્ઞાનિક સ્ટાહલે (૧૬૬૦–૧૭૩૪) ફ્લોજિસ્ટનનો સિદ્ધાંત શરૂ કર્યો. આ સિદ્ધાંત પ્રમાણે પદાર્થનું દહન તેમાં રહેલા ફ્લોજિસ્ટનને આભારી છે. પરંતુ મહાન ફ્રેંચ વૈજ્ઞાનિક લેવોઝિયરે (૧૭૪૩–૧૭૯૪) ઈ. સ. ૧૭૭૪ માં દહનક્રિયાની સાચી સમજ આપી, દહનક્રિયામાં પદાર્થનું હવામાંના ઓક્સિજન જોડે સંયોજન થાય છે. આ ક્રિયાને પરિણામે પદાર્થનું વજન વધે છે. ફ્લોજિસ્ટન જેવું કંઈ છે જ નહિ આપણે ચોખ્ખો કાર્બન કે ગંધક બાળીએ ત્યારે કશું જ રહેતું નથી એમ લાગે છે. પરંતુ વાસ્તવિક રીતે ઓક્સિજન જોડે આ પદાર્થોના સંયોજનથી ઉદ્ભવતો કાર્બનડાયોક્સાઈડ અને સલ્ફરડાયોક્સાઇડ હવામાં ઊડી જાય છે. જો આ વાયુઓને એકઠા કરવામાં આવે તો જેટલા કાર્બન કે ગંધકમાંથી ઉત્પન્ન થયા હોય તેના કરતાં તેમનું વજન વધારે થવાનું. લેવોઝિયરના આગમન પછી રસાયણના અભ્યાસમાં વધુ સરળતા આવી. ઈ. સ. ૧૮૦૧ માં ઇંગ્લાંડના એક શિક્ષક જહોન ડાલ્ટને (૧૭૬૬–૧૮૪૪) આધુનિક પરમાણુવાદ શરૂ કર્યો. આ પરમાણુવાદ પ્રમાણે પરમાણુઓ નક્કર ઝીણા કણ છે. પરમાણુનું રાસાયણિક ક્રિયાઓમાં વધુ વિભાજન થઈ શકે નહિ. અણુઓ પરમાણુઓના સંયોજનથી ઉત્પન્ન થાય છે. દરેક પરમાણુને પોતાના વિશિષ્ટ

ગુણધર્મો હોય છે. પરમાણુ અવિભાજ્ય હોવાથી એક પરમાણુમાંથી બીજા પ્રકારના પરમાણુ ઉત્પન્ન કરી શકાય નહિ.

વિજ્ઞાનના આ સમયના મૂળભૂત સિદ્ધાંતો નીચે પ્રમાણે ગણી શકાય:

વસ્તુનું રૂપાંતર થઈ શકે; પરતુ તેનો નાશ ન થઈ શકે. વસ્તુઓનું સાદામાં સાદું સ્વરૂપ પરમાણુ છે. દરેક જાતના પરમાણુને પોતાના વિશિષ્ટ ગુણધર્મો હોય છે. પરમાણુનું વિભાજન અથવા એક જાતના પરમાણુમાંથી બીજી જાતના પરમાણુ ઉત્પન્ન કરી શકાય નહિ. શક્તિના અનેક પ્રકારો છે. શક્તિનું રૂપાંતર થઈ શકે. પરંતુ શક્તિનો નાશ કરી શકાય નહિ.

વસ્તુ અને શક્તિના શાશ્વતપણાના નિયમે લગભગ સો વર્ષ સુધી વૈજ્ઞાનિક જગતમાં રાજ્ય કર્યું. આ સમય દરમ્યાન રાસાયણિકોએ અનેક તત્ત્વો શોધી કાઢ્યાં. ઈ. સ. ૧૮૭૦માં મહાન રશિયન વૈજ્ઞાનિક મેન્ડેલીફ઼ (૧૮૩૪–૧૯૦૫) આ તત્ત્વોનું વર્ગીકરણ કરી તેમને આવર્ત કોષ્ટકમાં ગોઠવ્યાં. જો પરમાણુભાર પ્રમાણે તત્ત્વોને ગોઠવવામાં આવે તો આઠમા તત્ત્વોનાં ગુણધર્મો સરખા જ હોય છે. દાખલા તરીકે, લીથિયમ પછી પરમાણુભાર પ્રમાણે તત્ત્વોને ગોઠવીએ તો આઠમું તત્ત્વ સોડિયમ આવે છે. લીથિયમ અને સોડિયમના રાસાયણિક ગુણધર્મો સરખા છે. આવાં સરખા ગુણધર્મવાળાં તત્ત્વોને એક કુટુંબમાં મૂકવામાં આવે છે. આ યોજનાથી એક કુટુંબના સમાન ગુણધર્મવાળાં તત્ત્વો ઊભી લીટીમાં એક બીજા નીચે આવતં કોષ્ટકમાં આવે છે. આડી લીટીમાં તત્ત્વોના ગુણધર્મો ક્રમશઃ બદલાય છે. મેન્ડેલીફ઼ની વર્ગીકરણ પદ્ધતિથી રસાયણના અભ્યાસને વધુ વેગ મળ્યો. અનેક નવાં તત્ત્વો શોધાયાં એમાં રામસેએ ૧૮૯૨–૯૫ સુધીમાં શોધેલાં નિષ્ક્રિય તત્ત્વો—હિલિયમ, નીઓન—ઈત્યાદિ સૌથી વધુ ધ્યાન ખેંચે એવાં છે.

૧૯ મી સદીના અંતમાં, વિજ્ઞાનના ભવિષ્ય માટે પૂછવામાં આવ્યું હોત તો સામાન્ય વિજ્ઞાનશાસ્ત્રી એમ જ જવાબ આપત કે વિજ્ઞાનની ઈમારતનો પાયો હવે એટલો ઊંડો ગયો છે કે હવે આ ઈમારત ડગવાનો કંઈ સંભવ છે જ નહિ. માત્ર ઈંટોની ગોઠવણીમાં ફેરફાર જ ભવિષ્યની પ્રગતિ કરી શકે અને જ્યાં માત્ર થોડાં જ વર્ષોમાં જે અનેક સંશોધનો થયાં તેણે આ ઈમારતને ઉખેડી ફેંકી દીધી છે એટલું જ નહિ, પણ નવી ઈમારત આખરે કેવા પ્રકારની નીવડશે તેને માટે હજુ પણ ચોક્કસપણે કહી શકાય એમ લાગતું નથી. કલ્પનાની હાંસી કરનાર વૈજ્ઞાનિકને પણ કેટલાંક વિધાનો સમજાવવા કલ્પનાનો આશરો લેવો પડે છે.

આપણે આ સંશોધનોનો ઇતિહાસ તપાસીએ. સામાન્ય દબાણે વિજળીનો પ્રવાહ સૂકી હવામાં પસાર થઈ શકતો નથી તેની તો સૌને ખબર છે. ઓગણીસમી સદીની છેલ્લી પચીસીમાં અનેક વૈજ્ઞાનિકોએ બહુ ઓછાં દબાણની હવા ઉપર વિદ્યુત-પ્રવાહની અસરનો અભ્યાસ શરૂ કર્યો. જો કોઈ કાચની નળીમાંના વાયુનું દબાણ એકદમ ઘટાડી નાખવામાં આવે એટલે કે જ્યારે વાયુના અણુઓની સંખ્યા બહુ થોડી હોય અને આ નળીમાં બહુ ઊંચા દબાણે વિદ્યુત-પ્રવાહ પસાર કરવામાં આવે તો બહુ અજાયબ જાતનાં કિરણો ઉદ્ભવે છે. પ્રખ્યાત અંગ્રેજ વૈજ્ઞાનિક ક્રુકસે ૧૮૭૯–૧૮૮૫ માં આ કિરણોના ગુણધર્મોનો અભ્યાસ કર્યો. આ કિરણો કેથોડ (ઋણ ધ્રુવ)માંથી ઉદ્ભવે છે. તેઓ ઋણભારવાળી અત્યંત ગતિથી દોડતાં કિરણો હોય છે અને તેમને કેથોડ કિરણો કહેવામાં આવે છે. પ્રયોગ ઉપરથી એમ સિદ્ધ થયું કે કેથોડ કિરણો ઋણભારવાળાં કણોનાં બનેલાં હોય છે. જ્યારે આ

કિરણો તેના માર્ગમાંની કોઈ વસ્તુ સાથે અથડાય તો તેમાંથી ક્ષ-કિરણો ઉત્પન્ન થાય છે. આ ક્ષ-કિરણોના ગુણધર્મો પણ આશ્ચર્યજનક છે. આ ગુણધર્મો વિષે હવે તો ઘણી માહિતી એકઠી થઇ છે. જ્યારે તેની પહેલવહેલી શોધ થઈ ત્યારે વૈજ્ઞાનિક જગત આશ્ચર્યમાં ડૂબી ગયું.

બધા વૈજ્ઞાનિકો આવી જાતનાં કિરણો—એટલે કે કેથોડ કિરણો બીજી કોઈ રીતે મળી આવે કે નહિ તેને માટે પ્રયોગો કરવા માંડ્યા. ઈ. સ. ૧૮૯૬માં ફ્રેંચ વૈજ્ઞાનિક હેન્રી બેક્વિરલે દેખાડ્યું કે યુરેનિયમ ધાતુમાંથી કિરણો નીકળે છે. આ કિરણો પણ ફોટોગ્રાફિક પ્લેટ ઉપર અસર કરે છે. ક્ષ-કિરણોના જેવા જ ગુણધર્મો આ કિરણોના છે. બેક્વિરલે પોતાના મિત્ર પીયરી ક્યુરીનું ધ્યાન આ કિરણોના વિશિષ્ટ ગુણધર્મો તરફ દોર્યું. પીયરી ક્યુરી અને એમનાં પત્ની મેરી ક્યુરીએ ઈ. સ. ૧૯૦૦માં આ કિરણોનો વિગતવાર અભ્યાસ કર્યો. આ કિરણો યુરેનિયમ કરતાં પણ ઘણા વધારે પ્રમાણમાં રેડિયમ ધાતુમાંથી નીકળે છે એમ ક્યુરી દંપતીએ દેખાડ્યું. આ કિરણોમાં ત્રણ પ્રકારનાં કિરણો હોય છે — આલ્ફા-કિરણો જેનો પરમાણુભાર ચાર અને ધનભાર બે, બીટા-કિરણો, પરમાણુભાર લગભગ શૂન્ય અને ઋણભાર એક અને પરમાણુભાર તેમ જ વિદ્યુતભાર વગરનાં ગામા કિરણો. કિરણો ઉપર લોહચુંબકીય ક્ષેત્ર અસર પડવા દેવાથી આ કિરણોનું જુથ ત્રણ ભાગમાં વહેંચાઈ જાય છે, એ ઉપરથી આ કિરણોમાં ત્રણ પ્રકારનાં કિરણો રહેલાં છે એમ જાણી શકાય.

બેક્વિરલ અને ક્યુરી દંપતીની આ શોધોએ પરમાણુ સિદ્ધાંતના પાયા હચમચાવી નાખ્યા. યુરેનિયમ અને રેડિયમ તત્ત્વોમાંથી સતત શક્તિ ઉત્પન્ન થાય છે. એનો અર્થ વસ્તુ શક્તિમાં પરિણમે છે. ડાલ્ટનના સિદ્ધાંત પ્રમાણે આ વસ્તુ અશક્ય ગણાવી જોઈએ. હવે સંશોધનનું કેન્દ્ર ઈંગ્લાંડમાં ગયું. ન્યુ ઝીલેન્ડના રહેવાસી અને પ્રખ્યાત ભૌતિકશાસ્ત્રી રૂથરફોર્ડની આગેવાની નીચે પરમાણુના અભેદ્ય મનાતા કિલ્લા ઉપર હુમલા થવા માંડ્યા. ઈ. સ. ૧૯૧૩માં રૂથરફોર્ડ અને સોડીએ સિદ્ધ કર્યું કે જ્યારે કોઈ તત્ત્વમાંથી આલ્ફા-કિરણ નીકળે છે ત્યારે નવું જ તત્ત્વ ઉત્પન્ન થાય છે. નવા તત્ત્વનો પરમાણુભાર ચાર અને પરમાણુ સંખ્યા બે ઓછી થાય છે. એ જ પ્રમાણે બીટા તત્ત્વ જવાથી નવા તત્ત્વનો પરમાણુભાર ઓછો થતો નથી પણ પરમાણુ સંખ્યા એક વધે છે એટલે કે મેન્ડેલીફના આવર્ત કોષ્ટકમાં તત્ત્વ ડાબી બાજુએ એક પગલું ભરે છે. હાઈડ્રોજનના પરમાણુ કરતાં તત્ત્વના પરમાણુનું વજન જેટલા ગણુ હોય છે તેને તેનો પરમાણુભાર કહેવામાં આવે છે. હાઈડ્રોજનને એક અનુક્રમ સંખ્યા આપી, તત્ત્વોને વધતા પરમાણુભાર પ્રમાણે ક્રમમાં આવર્ત કોષ્ટકમાં ગોઠવવામાં આવે તો પરમાણુના અનુક્રમને પરમાણુ સંખ્યા કહેવામાં આવે છે. પ્રથમ તત્ત્વો પરમાણુભાર પ્રમાણે ગોઠવવામાં આવ્યાં હતાં. પરંતુ આમ કરવાથી રાસાયણિક ગુણધર્મોના ક્રમશઃ ફેરફારોમાં બેત્રણ ઠેકાણે ગૂંચ ઊભી થઈ હતી. દા. ત. પરમાણુભાર પ્રમાણે પોટેશિયમ આરગોનની પહેલાં, પરંતુ રાસાયણિક ગુણધર્મ પ્રમાણે મેન્ડેલીફને પોટેશિયમને આરગોન પછી મૂકવું પડ્યું હતું. અંગ્રેજ વૈજ્ઞાનિક મોસ્લીએ ઈ. સ. ૧૯૧૨ માં તત્ત્વોમાંથી ઉદ્ભવતાં ક્ષ-કિરણો ઉપરથી તેમને આવર્ત કોષ્ટકમાં ગોઠવવામાં આવતાં આ મુશ્કેલી દૂર થઈ હતી.

જો કોઈ તત્ત્વમાંથી એક આલ્ફા-કિરણ અને બે બીટા-કિરણો નીકળે તો નવા તત્ત્વનો પરમાણુભાર ચાર ઓછો થાય પરંતુ પરમાણુ સંખ્યા (−૨+૧+૧) એટલી જ રહેવાની. દાખલા તરીકે, થોરિયમમાંથી આલ્ફા-કિરણના જવાથી નવું તત્ત્વ ઉત્પન્ન થાય છે. આ

તત્ત્વમાંથી બે બીટાકિરણો જતાં રહે, ઉદ્દરે ઉત્પન્ન થયેલ તત્ત્વ રેડિયો થોરિયમનો પરમાણુભાર ચાર ઓછો હોય છે; પણ પરમાણુ સંખ્યા એટલી જ રહે છે. આવાં તત્ત્વોને સમસ્થાનિક તત્ત્વો (Isotopes) કહે છે. આમ ડાલ્ટનનું મંતવ્ય કે દરેક તત્ત્વને વિશિષ્ટ પરમાણુભાર હોય છે એ સાચું નથી. તત્ત્વની વ્યાખ્યામાં જ ગૂંચવાડો ઊભો થાય છે. તત્ત્વ એટલે શું! પરમાણુભાર ભિન્નભિન્ન હોય પણ રાસાયણિક ગુણધર્મો એકસરખા હોય, એટલે કે પરમાણુસંખ્યા સરખી હોય એવા કણોને તત્ત્વ કહેવાય એમ નવી વ્યાખ્યા થઈ.

હવે રૂથરફોર્ડે ડાલ્ટનના પરમાણુ સિદ્ધાંતના મુખ્ય કિલ્લા ઉપર હુમલો કરવાનું શરૂ કર્યું. પરમાણુ સિદ્ધાંતનો મુખ્ય આધાર પરમાણુની અવિભાજ્યતા ઉપર રહ્યો છે. રૂથરફોર્ડે જુદાજુદા પરમાણુ ઉપર આલ્ફા-કિરણો ફેંકવા માંડ્યા. ઘણાંખરાં કિરણો પરમાણુની આરપાર પસાર થઈ ગયાં. માત્ર કિરણોનો થોડોક જ ભાગ પરમાણુના કેન્દ્રમાં અથડાઈને પાછો ફર્યો. આ ઉપરથી રૂથરફોર્ડે નક્કી કર્યું કે પરમાણુ નક્કર નથી પણ પોલો છે. પરમાણુનું વજન પરમાણુના મધ્યમાં બહુ ઓછી જગ્યામાં કેન્દ્રિત થયું હોય. કેન્દ્રની બહાર માત્ર ઈલેક્ટ્રોન ફરતા હોય છે. આમ ડાલ્ટનના સિદ્ધાંતનો મુખ્ય કિલ્લો તૂટી પડ્યો.

ઈ. સ. ૧૯૧૦–૩૫ સુધીનો સમય ઇંગ્લાંડમાં વિજ્ઞાનના વિકાસ માટે સુવર્ણમય યુગ હતો. રૂથરફોર્ડના નેતૃત્વ નીચે લગભગ રોજબરોજ પરમાણુ ઉપર નવો પ્રકાશ પડવા માંડ્યો. ઈ. સ. ૧૯૧૯ માં રૂથરફોર્ડે સિદ્ધ કર્યું કે નાઈટ્રોજનના કેન્દ્ર ઉપર વેગવાળાં આલ્ફા-કિરણો ફેંકવામાં આવે તો ઓક્સીજનનો પરમાણુ ઉત્પન્ન થાય છે. પ્રથમ નાઈટ્રોજનના કેન્દ્ર અને આલ્ફા-કિરણનું સંકલન થઈ સંયુક્ત કેન્દ્ર (Compound nucleus) બને છે અને આમાંથી પ્રોટોન-કિરણ બહાર ફેંકાઈ જઈ ઓક્સીજન (O^{17})નું તત્ત્વ ઉત્પન્ન થાય છે. આમ રૂથરફોર્ડને આધુનિક કીમિયાગીરીનો પિતા ગણી શકાય. પારામાંથી સોનું ઉત્પન્ન કરવાના કીમિયાગરોનું સ્વપ્ન સિદ્ધ થયું. કોઈપણ પરમાણુના કેન્દ્ર ઉપર જો યોગ્ય ઝડપવાળાં કિરણો ફેંકવામાં આવે તો એક પરમાણુમાંથી બીજી જાતના પરમાણુ ઉપરના ઉદાહરણ પ્રમાણે ઉત્પન્ન કરી શકાય. ઈ. સ. ૧૯૩૨માં નવા કણોની શોધ થઈ. ઈલેક્ટ્રોન જેટલા વજનવાળો પરંતુ ધનભારવાળો કણ એન્ડર્સને શોધ્યો. રૂથરફોર્ડના શિષ્ય ચેડવીકે પ્રોટોન જેટલા ભારવાળો પરંતુ વિદ્યુતભાર વગરના કણ—ન્યુટ્રોનની શોધ કરી. દરેક પરમાણુના કેન્દ્રમાં ન્યુટ્રોન અને પ્રોટોન રહેલા હોય છે. આ બન્નેની સંખ્યાનો સરવાળો પરમાણુભાર જેટલો થાય છે. પરમાણુ જાતે વિદ્યુત-ભાર વગરનો છે એટલા માટે કેન્દ્રમાં જેટલા પ્રોટોન હોય છે તેટલા બહિર્કેન્દ્રભાગમાં ઈલેક્ટ્રોન રહેલા હોય છે. કોઈપણ પરમાણુના કેન્દ્રનું વિભાજન કરી શકાય છે. આને માટે આલ્ફા-કિરણો, પ્રોટોન, ન્યુટ્રોન વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે. આલ્ફા-કિરણો કુદરતમાં મળી આવે છે પરંતુ બીજાં કિરણો પ્રયોગશાળામાં ઉત્પન્ન કરવામાં આવે છે અને તેમનો વેગ વધારવા માટે સાઈક્લોટ્રોન જેવાં યંત્રો વાપરવામાં આવે છે.

ઉત્પન્ન થઈ, પોઝીટ્રોન જુદો પડે છે. આવી જાતના પ્રયોગથી કોઈ પણ તત્ત્વ રેડિયોએક્ટિવ ગુણધર્મવાળું એટલે કે કિરણોત્સર્ગી તત્ત્વના રૂપમાં મેળવી શકાય છે.

ઉપર કહેવામાં આવ્યું છે તે પ્રમાણે જો પૂરતાં વેગવાળાં કિરણો મળી રહે તો કોઈપણ તત્ત્વમાંથી નવું તત્ત્વ ઉત્પન્ન કરી શકાય. આ પ્રમાણે સૌથી વજનદાર તત્ત્વ યુરેનિયમ ઉપર પ્રયોગ કરવામાં આવતાં બે શક્યતાઓ દેખાઈ: એક તો, યુરેનિયમ પછી આવતં કોષ્ટકમાં નવાં તત્ત્વો ઉત્પન્ન થઈ શકે, અને બીજું, યુરેનિયમ ભાગીને બે નાનાં તત્ત્વો જુદાં પડી, થોડીક વસ્તુશકિત પરિણમે. આ શક્યતામાંથી પરમાણુબોમ્બ ઉત્પન્ન થયો, અને બીજી બાજુ યુરેનિયમ પછી તદ્દન નવાં જ અગિયાર તત્ત્વો ઉમેરાયાં.

ડાલ્ટનના પરમાણુ સિદ્ધાંતથી આપણે ખૂબ દૂર નં ખાઈ ગયા છીએ. પરમાણુ વિભાજ્ય છે એટલું જ નહિ પણ પરમાણુના કેન્દ્રમાં ન્યુટ્રોન, પ્રોટોન વચ્ચેના બળો સમજવામાં હજુ તો પ્રથમ પગલાં મંડાય છે. કુદરતના મૂળભૂત કણો પ્રોટોન, ન્યુટ્રોન અને ઇલેક્ટ્રોન છે એ પણ અર્ધસત્ય છે. બીજા કેટલાએ નવા કણોની શોધ થઈ છે. ઈ. સ. ૧૯૩૫ માં જાપાનીઝ વૈજ્ઞાનિક યુકાવાએ એમ ભાખ્યું હતું કે પ્રોટોન અને ઇલેક્ટ્રોન વચ્ચેના વજનવાળા (પ્રોટોનનું વજન ઇલેક્ટ્રોનના વજન કરતા લગભગ બે હજાર ગણું હોય છે) ધન અને ઋણ કણો અસ્તિત્વમા હોવાં જોઈએ કોસ્મિક કિરણોના સંશોધનનો ઇતિહાસ પણ બહુ રસિક છે. છેક ઇ. સ. ૧૯૦૦મા બ્રિટિશ વૈજ્ઞાનિક વિલ્સનને લાગ્યું કે હવામા કોઈ કિરણો રહેલાં છે. આ કિરણો અવકાશમાંથી આવે છે એમ સિદ્ધ થયું છે. ઈ. સ. ૧૯૩૫ થી આજ સુધી થયેલાં અનેક સંશોધનોમાં એમ જડી આવ્યું કે આ કિરણોમા ઇલેક્ટ્રોન અને પ્રોટોન વચ્ચેના ભારવાળો અને ધન અને ઋણ વિદ્યુતભારવાળા અનેક કણો રહેલાં છે, જેને મેસોન કહેવામાં આવે છે. એમ માનવામાં આવે છે કે પરમાણુનાં કેન્દ્રીય બળો સમજવામાં અમુક પ્રકારના મેસોનનો અભ્યાસ બહુ ઉપયોગી થઇ પડશે.

આ અભ્યાસ દરમ્યાન જેટલાં નવાં કણો વિષે આપણે શીખ્યા તેનું પુનરાવર્તન કરીએ:

	પરમાણુભાર	વિદ્યુતભાર
પ્રોટોન	૧	ધનભાર – ૧
ન્યુટ્રોન	૧	— ૦
ઈલેક્ટ્રોન	૧/૧૮૫૦	ઋણભાર – ૧
પોઝીટ્રોન	૧/૧૮૫૦	ધનભાર – ૧
મેસોન	ઇલેક્ટ્રોન કે પોઝીટ્રોન કરતાં વધુ અને પ્રોટોન કે ન્યુટ્રોન કરતાં ઓછો.	ઋણભાર ધનભાર કે વિદ્યુતભાર વગરનાં.

વૈજ્ઞાનિક જગતમાં કોઈ સિદ્ધાંત શાશ્વત ગણાતો નથી. જ્યારે ફ્લોજિસ્ટનવાદ પ્રયોગો જોડે અસંગત માલુમ પડ્યો ત્યારે વસ્તુના અવિનાશીપણાના સિદ્ધાંતનો જન્મ થયો. સાથે જ ડાલ્ટનનો પરમાણુવાદ ઉદ્દભવ્યો. એ ઉપરાંત શક્તિના અવિનાશીપણાનો પણ સ્વીકાર કરવામાં આવ્યો. આપણે જોયું કે છેલ્લાં પચાસ વર્ષના સંશોધનથી ઉપરના સિદ્ધાંતો પદચ્યુત થયા છે. ૨૦ મી સદીની શરૂઆતમાં વિજ્ઞાનના પાયારૂપે ત્રણ નવા સિદ્ધાંતો ઉદ્દભવ્યા છે. પહેલો સિદ્ધાંત મહાન વૈજ્ઞાનિક આલબર્ટ આઈન્સ્ટાઈને શરૂ કર્યો હતો. આ સિદ્ધાંત પ્રમાણે વસ્તુ અને

શક્તિનું અલગ અવિનાશીપણું સ્વીકારી શકાય નહિ. વસ્તુ અને શક્તિનો એકબીજામાં ફેરફાર કરી શકાય પરંતુ વસ્તુ અને શક્તિનો સમૂહ જથ્થો જેટલો હોય તેટલો કાયમ રહે. એટલે કે એ બન્નેને ભેગો અવિનાશીપણાનો ગુણ વરેલો છે. બીજો સિદ્ધાંત મેકસ પ્લેન્કે રજૂ કર્યો. સામાન્ય ભાષામાં આ સિદ્ધાંત સમજવો મુશ્કેલ છે. શક્તિની આવક કે જાવક સળંગ રીતે નહિ પણ અમુક જથ્થામાં થાય છે. વરસાદનાં પાણીનો પ્રવાહ સળંગ લાગે છે પરંતુ વાસ્તવિક રીતે બહુ જ ઝડપથી પડતાં ટપકાંનો બનેલો છે. ત્રીજો સિદ્ધાંત હાઇસિનબર્ગે રજૂ કર્યો. ગતિ અને સ્થળનું એક સાથે મૂલ્યાંકન થઈ શકે નહિ. સામાન્ય ગતિથી ધસતા પદાર્થનું સ્થળ નક્કી થઈ શકે. તેજના કિરણની ગતિ માપી શકાય પરંતુ ધારો કે બહુ ઝડપથી ગતિવાળો ઇલેક્ટ્રોન કે પ્રોટોન લઈએ તો આ પ્રોટોનની ગતિ અને સ્થળ બન્ને પૂરેપૂરી ચોક્કસાઈથી એક જ ક્ષણે માપી શકાય નહિ. જો પ્રોટોનની ગતિ ધીમી હોય તો પ્રોટોનમાં વસ્તુના ગુણધર્મોનું અવલોકન કરી શકાય. જેમ ગતિ વધવા માંડે ત્યારે એવી પરિસ્થિતિ ઉત્પન્ન થાય કે પ્રોટોન વસ્તુને બદલે શક્તિના ગુણધર્મો ધરાવવા માંડે. આવા સંજોગોમાં પ્રોટોન વસ્તુ અને શક્તિ બન્નેના ગુણધર્મો દેખાડે. પરંતુ બન્નેને દર્શાવવામાં પૂરેપૂરી ચોક્કસાઈ રહી શકે નહિ. દરેકને દર્શાવવામાં અમુક અંશે અચોક્કસાઈ રહે — આને હાઇસિનબર્ગનો અચોક્કસાઈવાદ ગણવામાં આવે છે.

૧૯ મી સદીની અંતે વૈજ્ઞાનિકોમાં એક જાતની અહમતા હતી અને એમનું માનવું હતું કે વિજ્ઞાન એ ચોક્કસાઈની પરાકાષ્ઠા છે. આજે વૈજ્ઞાનિક વધુ નમ્ર બન્યો છે અને વૈજ્ઞાનિક સિદ્ધાંતમાં સર્વશ્રેષ્ઠ સિદ્ધાંત હાઇસિનબર્ગનો અનિશ્ચિતવાદ છે.

અસત્યનો મહિમા

નટવરલાલ પ્રભુલાલ બુચ

સત્યનું આચરણ કરનારા થોડા છે, પણ એનો વિચાર કરનારા ઘણા છે; અસત્યનું આચરણ કરનારા ઘણા છે, પણ એનો વિચાર કરનારા થોડા છે. પરિણામે, સત્યનો મહિમા જેટલો સમજાયો છે અને ગવાયો છે તેટલો અસત્યનો મહિમા સમજાયો ને ગવાયો નથી.

આમ તો લોકોના આચરણમાં અસત્યનું બાહુલ્ય છે એ હકીકત જ અસત્યની આવશ્યકતા અને ઉપયોગિતાની સાબિતી છે. પણ એ આચરણની પાછળ વિચાર હોતો નથી. લોકો સત્ય નથી આચરતા માટે અસત્ય આચરે છે. પણ એ તો અસત્યની નકારાત્મક બાજુ થઈ. એવા આચરણની પાછળ અસત્યતા–મહિમાની સમજ નથી. એ હોવી જોઇએ. નહીં તો કોઇ પણ ઘડીએ અસત્ય ટૂટી પડે. ઉપરાંત હવેના યુગમાં આચાર અને વિચાર કરતાં પ્રચારનું જોર વધારે છે. સત્યનો પ્રચાર આજે ખૂબ જોરશોરથી કરવામાં આવે છે. પ્રાથમિક શાળાનાં પાઠ્ય પુસ્તકોથી માંડી તત્ત્વદર્શનના ગ્રંથો સુધી સત્યનો પ્રચાર ખૂબ ખૂબ થાય છે. એ પ્રચાર સત્યસેવીઓ કરે તે તો સમજાય તેવું છે. પણ અસત્ય આચરનારાઓ પણ એનો પ્રચાર સમજ્યે વગર સમજ્યે કરે છે અને પરિણામે પોતે જે ડાળ પર બેઠા છે તે જ ડાળ કાપે છે. સત્યનું આચરણ કરનારા આવી ભૂલ કદી નથી કરતા. કોઈ સત્યભક્તે અસત્યનો પ્રચાર કર્યો જાણ્યો નથી; જ્યારે નરાતાળ જૂઠાબોલાઓ 'સત્ય બોલવું જોઇએ' એમ કહે રાખે છે. આવતા ઘણા લાંબા સમય સુધી અસત્ય દુનિયામાંથી ઓછું થાય અને સદંતર નાશ પામે તેવો કશો સંભવ આજ મને લાગતો તો નથી–પણ કાંઈ કહેવાય નહીં. દુનિયામાં કશું અશક્ય નથી. કોઈ વાર મને ભીતિ લાગી જાય છે કે દુનિયા ખરેખર સત્યમય થઈ તો નહીં જાય! તેથી પાણી પહેલાં પાળ બાંધી સારી. તેથી જ હું આજે અસત્યનો મહિમા સમજાવવા બેઠો છું. ખુલ્લંખુલ્લા અસત્યનો પક્ષ કરવાનાં પરિણામો હું જાણું છું, પણ એ તો જેમ સત્યને ખાતર માણસ સહન કરે છે તેમ હું અસત્યને ખાતર સહન કરી લઇશ. ત્યારે હવે આપણે અસત્યનો મહિમા બરાબર સમજી લઈએ.

'અસત્ય' શબ્દમાં ખરાબ એટલું બધું હું ગણી લઉં છું. આજ હું ખરાબનો મહિમા ગાઉં છું.

આપણી વૃત્તિઓની બાબતમાં માનસશાસ્ત્રીઓનું એવું કહેવું છે કે એ બધી વૃત્તિઓ મોટે ભાગે ખરાબ તરફ આપણને રાચ્યા કરે તેવી હોય છે. સ્વભાવથી આપણે અસત્યપ્રિય હોઈએ છીએ. સ્વાભાવિક હોય તે આચરવું સહેલું હોય છે અને અસત્ય આચરવું આપણે માટે સહેલું છે. સત્ય અસ્વાભાવિક હોય છે અને તેથી તે આચરવું અઘરું હોય છે. જન-સ્વભાવ જલસ્વભાવની માફક નીચાણ તરફ ઢળતો હોય છે. અસત્ય સ્વાભાવિક હોવાથી કુદરતી છે, સત્ય કૃત્રિમ હોય છે. કૃત્રિમતા ને અસ્વાભાવિકતાને બધા નાપસંદ કરે છે. પણ એ જ લોકો સત્યનો પ્રચાર કરવા લાગે છે ત્યારે આ વાત ભૂલી જાય છે. જીવન જેટલું વધારે સત્યમય તેટલું વધારે કૃત્રિમ. અન્ય બાબતોમાં કૃત્રિમતાને નાપસંદ કરનારા આપણે આ બાબતમાં કૃત્રિમતાને કેમ પોષતા હોઇશું! અસત્ય સ્વાભાવિક હોવાથી સહેલું પણ છે.

તેથી જ આપણે સહેલાં, તરત થઈ જાય તેવાં કામોને વિશે કહેતાં કહીએ છીએ કે, ફલાણું કામ તો હું બોટું બોલું તેટલી વારમાં કરી નાખું. સત્યનું આચરણ એટલું સહેલું નથી એ સૌ કોઈ જાણે છે. સત્યના માર્ગને ખાંડાની ધાર સાથે સરખાવવામાં આવ્યો છે. તો પછી અસત્યના સ્વાભાવિક અને સહેલા માર્ગને છોડીને ખાંડાની ધાર જેવા સત્યના માર્ગ પર ચાલવાના સરકસ-પ્રયોગની શી જરૂર? નથી એમાં શક્તિની કરકસર કે નથી એમાં વ્યાવહારિક ડહાપણ.

ઉપયોગબાહુલ્ય જો વસ્તુની મૂલ્યવત્તાનું સૂચક હોય તો અસત્યનું મૂલ્ય ઘણું ગણાય. સવારથી સાંજ સુધીમાં આપણામાંનો દરેક ('આપણામાંનો દરેક' હું એટલા માટે કહું છું કે સત્યવાદી 'સત્ય-વાદીઓ' તો આ લેખ મથાળાથી આગળ વાંચશે જ નહીં, અને અસત્યવાદી 'સત્ય-વાદીઓ' અને અસત્યવાદી 'અસત્ય-વાદીઓ' તે વાંચતા હશે જેમાંનો બીજા પ્રકારનો એટલે કે અસત્યવાદી 'અસત્ય-વાદી' હોવાનો મારો નમ્ર દાવો છે) – આપણામાંનો દરેક કેટલી બધી વાર અસત્ય બોલે છે તે આપણે સૌ જાણીએ છીએ. વિદ્યાર્થી નિશાળે જાય છે. લેસન નથી કર્યું હોતું. માસ્તર પૂછે છે. વિદ્યાર્થી જવાબ આપે છે: 'પેટમાં દુઃખતું હતું' અથવા 'નાના ભાઈને હાથે સ્લેટ ચડી ગઈ તે તેણે લેસન ભૂસી નાખ્યાં' કે એવું કાંઈક બહાનું બનાવી સજામાંથી છૂટે છે. બહાનાં તો એક હજાર ને એક મળે. અસત્યનું એ સુખ છે. સત્ય એક જ હોય છે, પણ અસત્ય અનેક હોય છે. આપણે બધા જ આવાં અસત્યો સાંજ પડ્યે કેટલાંય બોલતા–આચરતા હોઈએ છીએ. હા, જીવનને કેવળ વૈવિધ્યહીન ન બનવા દેવા માટે આપણે ક્યારેક ક્યારેક, મુસીબતમાં નહીં મુકાઈએ તેની ખાતરી હોય ત્યારે, થોડું થોડું સત્ય બોલીએ ખરા — જેમ ચાલુ ભોજનની એકવિધતા ભાંગવા માટે ક્યારેક ક્યારેક મિષ્ટાન્ન ખાઈએ તેમ. આ ઉપમા વાંચી સત્ય-વાદીઓ હરખાશે અને બોલી ઊઠશે "ત્યારે તમે સત્યને ઊંચું તો ગણ્યું ને?" હા, ભાઈ, હા, સત્ય ઊંચું; પણ જેમ રોજ મિષ્ટાન્ન ખાવાથી મોઢું ભાંગી જાય તેમ રોજનું સત્ય પરવડે નહીં.

છે માનવી જીવનની ઘટમાળ એવી,
સત અલ્પ ને બહુ અસત્ય થકી ભરેલી.

ચાલુ ખોરાક એ normal છે, મિષ્ટાન્ન abnormal છે; અસત્ય normal છે, સત્ય નથી.

રોજનાં અસત્યોના અનેક દૃષ્ટાંતો આપી શકાય. સત્યના જે કિસ્સાઓ બને છે, સત્ય-પરાયણ જે માણસો થઈ ગયા તેમના બધાંનાં ચરિત્રોને સંગ્રહીત કરી એકાદ બે પુસ્તકમાં છાપવાં શક્ય છે; કારણ આખરે એવા કિસ્સાઓ અને એવી વ્યક્તિઓ કેટલાં? આંગળીને વેઢે ગણાય એટલાં જ. પણ અસત્યના કિસ્સાઓ અને અસત્યવાદીઓનાં ચરિત્રો એ રીતે સંગ્રહીત કરવાં અશક્ય છે; એમ કરવું એટલે દુનિયાના નવ્વાણું ટકા બનાવો ને નવ્વાણું ટકા માણસોનાં ચરિત્રો છાપવાં, કારણ અસત્યને પાર નથી. નદીઓ પર બંધો બાંધી શકાય, પણ સાગર પર થોડા જ બાંધી શકાશે! સમુદ્રનાં પાણી જેટલી શાહીથી, આકાશ જેવા અનંત કાગળ પર સાક્ષાત સરસ્વતી પોતે લખવા બેસે તો પણ અસત્યનો પાર ન આવે.

અસત્યનો ઉપયોગ માત્ર દુર્જનો સ્વાર્થ માટે જ કરે છે એમ નથી. સંત પુરુષોએ કેટલીક વાર પરમાર્થ માટે પણ અસત્યનો ઉપયોગ કર્યાના દાખલા છે. મહાત્મા મૂળદાસે કૂવે પડતી બાઈને બચાવવા પોતે પોતા પર આક્ષેપ ઓઢી લીધો હતો. વિકટર હ્યુગોના 'લે મિઝરાબ્લ'માં વાર્તાના નાયકને પોલીસના પંજામાંથી બચાવવા માટે એક સાધ્વી અસત્ય બોલે છે અને લેખક તેને "પવિત્ર અસત્ય" કહે છે. પવિત્ર ખરું પણ અસત્ય પણ ખરું ને? સત્યભક્તોએ આ રીતે ક્યારેક ક્યારેક, અંતકાળે દરદીને ઉગારવા વપરાતા કીમતી ઔષધની જેમ, અસત્યનો યોગ્ય માત્રામાં ઉપયોગ કરીને અસત્યનો મહિમા વધાર્યો છે.

પણ અસત્યનો ખરો મર્મ, અસત્યની ખરી ઉપયોગિતા મહાભારતકારથી વધીને કોઈએ બતાવી નથી. યુધિષ્ઠિરનું नरो वा कुंजरो वा (એને 'અર્ધસત્ય' કહેવું એ 'અસત્ય'ને બદલે વપરાએલી 'મૃદૂક્તિ' જ છે) અને શસ્ત્ર ન લેવાની પ્રતિજ્ઞા છતાં કૃષ્ણે રથનું પૈડું લીધું તે બે આના શ્રેષ્ઠ દાખલા છે. આપણે સમજવું જોઈએ કે મહાભારતનું યુદ્ધ પાંડવો જીત્યા તે તેમના રોજના સત્યથી નહીં જ પણ આ બે, યોગ્ય કાળે અને યોગ્ય માત્રામાં બોલાયેલાં–આચરાયેલાં અસત્યોથી જ. હવે કોણ ના કહી શકે કે असत्यमेव जयते।? એમ સ્વીકારવું જ રહ્યું કે स्वल्पमप्यस्य–सत्यस्य त्रायते महतो भयात्. કોઈ કહેશે કે કૌરવો હાર્યા તે અસત્યથી નહીં? ના, અસત્યથી નહીં, પણ દુર્યોધનના સત્યથી–તેણે પોતાનો પાંડવો પ્રત્યેનો ભાવ (ખરી રીતે અભાવ) જેવો તેના મનમાં હતો તેવો બહાર વ્યક્ત કર્યો તેથી જ મહાભારત થયું. એ આજની ભેદભરી appeasementની નીતિ નહીં જ જાણતો હોય; તેથી જ યુદ્ધ ન અટક્યું. એટલે અસત્ય જ જીતે છે, જિતાડે છે, જિવાડે છે.

વેદાન્ત પણ કહે છે કે સત્ એવા બ્રહ્મને અસત્ એવી અવિદ્યા ઢાંકે છે તેથી દૃશ્ય ચરાચર જગતની ઉત્પત્તિ થાય છે. જગતનું, જીવનનું મંડાણ અસત્ય પર જ છે.

અસત્યનો એક બીજો લાભ પણ છે. તે બુદ્ધિને તેજ બનાવે છે. આ રીતે: અસત્ય પોતાની પરંપરા નભાવે છે. આ પરંપરાને સુસંવાદી રીતે ટકાવી રાખવા માટે એકના અનુસંધાનમાં બીજાં અનેક અસત્યો શોધવાં પડે છે. આમાં ઘણી આવડત જોઇએ. અસત્ય સેવનથી ધીરે ધીરે એ શક્તિ આવે છે. અંગ્રેજી ભાષામાં Invention શબ્દનો એક અર્થ 'નવી શોધ' અને બીજો અર્થ 'ગપગોળો' થાય છે. આ સૂચક છે. ગપગોળો એ નવી શોધ જ હોય છે ને? ત્યારે અસત્ય આ રીતે શોધક બુદ્ધિ વધારે છે. અસત્ય બુદ્ધિવર્ધક કોઇ પણ કોર્ટમાં એકાદ કલાક ગાળવાથી રોજના અસત્યસેવનથી પ્રખર બુદ્ધિશાળી બનેલા અને અસત્યને નિભાવી રાખનારા અનેક મહાપુરુષો જોવા મળશે. કહેવાય છે કે અસત્ય અનર્થ લાવે છે. વાત ખોટી છે. જોવા તો એમ મળે છે કે અસત્યના ટેકેદારો (Advocates) –ને ઠેકેદારો પણ–એવા વકીલોને માટે રોજનું આ અસત્ય અર્થ લાવે છે.

એક વાર હું ઘરે મોડો પહોંચ્યો. ગૃહિણીએ થાળીમાં દહીંવડાં પીરસતાં ઉગ્રતાથી પૂછ્યું, "કેમ આજે વળી મોડા થયા? પહેલા શોમાં ગયા હશો!"

"અરે, ના, રે, ના. તારા વિના જાઉં તો ફિલમ ફિક્કી જ લાગે. પણ આ તો અમારા સા––સોલોમન સાહેબ છે ને? બરાબર ૭ વાગ્યે ઘરે આવવા ઓફિસેથી નીકળતો હતો ત્યાં એમણે કામ સોંપ્યું તે ખાસ્સા ત્રણ કલાક થઈ ગયા."

"પણ મે આઠ વાગ્યે ઓફિસમા ફોન કર્યો ત્યારે તો ત્યા તમે નહોતા !"

"હા, પણ હુ ઓફિસમા કયાથી હોઉ ? મારે તો સાહેબનો સદેશો લઈ રૂવાપરી દરવાજે કપૂરચદ હીનાચદને ત્યા જવાનુ હતુ"

"પણ પેલા ચમનલાલ અહીથી સાજે નીકળેલા તેઓ તો કહેતા હતા કે તેમણે તમને પેનેસ ટોકીઝ પાસે જોયેલા !"

"હા, તે બરાબર છે કપૂરચદ હીનાચદને ત્યાથી એક જરૂરી ચિઠ્ઠી લઈ મારે પેનેસની સામે પેલા હસરાજ ટીકા લાલીવાળાને ત્યા જવુ પડેલુ"

"ને પ્રેમશકરનો ફોન હતો તેઓ તો કહેતા હતા કે તેણે તમને નટરાજ સ્કવેરમા દહીવડાવાળાની દુકાન સામે ગતે સાડા આઠે જોયેલા !"

"પણ તુ સાભળ તો ખરી ! તેમની વાત બરાબર છે કારણ કે હસરાજ ટીકાને ત્યા પૂરા બે કલાક તપ કર્યા પછી તેમણે મને જે ચેક આપ્યો તે સોપવા મારે છેક નટરાજ સ્કવેરમા મેડી પર રહેતા એક વેપારીને ત્યા જવુ પડેલુ"

"હીં"

ગૃહિણી શાંત થઈ પછી કહે "કેમ દહીવડા ખાતા નથી ? દહી ખાટુ તો નથી ને ?"

'અરે, ના, ના, દહી ખાટુ નથી પણ મારુ મન ખાટુ થઈ ગયુ છે સા—સાહેબ પણ છેક ઉલ્ટી ઘડીએ કામ કાઢે તે !"

આમ કહી એમણે વડું ખાઈ મેં બનાવ્યુ

વાચક પોતાના સ્વાનુભવથી તરત સમજી ગયા હશે કે મિત્રની સાથે સીધો પેનેસ ટોકીઝમા ફિલ્મ જોવા ગયો અને વળતા નટરાજ સ્કવેરના પ્રખ્યાત દહીવડા ખૂબ ખાધા તે વાત છુપાવવા માટે આ ગપ-પરપરા ગોઠવી. જો સત્ય કહી દીધુ હોત તો રોષ, ડૂસકા, આસુ મેણા રિસામણા ને મનામણાની પરપરામાથી મારે પસાર થવુ પડત આ અસત્યે મારી ગોરક્ષ-બુદ્ધિ વધારી અને શાન્તિ રખાવી

આવું, તમારી બેન ચિડાશે તો કહીશ કે તમે પરાણે ફરવા ખેંચી ગયા હતા! હવે! મારે ફરી દીર્ઘદૃષ્ટિ નાખી હાજરજવાબી બતાવવી જોઈએ. ક્ષણમાં જ હું એ મિત્રને જેની સાથે પૂરો અણબનાવ છે એવા મારા એક બીજા મિત્રને યાદ કરી આ મિત્રને જવાબ આપીશ: "હું પેલા શિરીષ ત્રિવેદીને ત્યાં થતો જવાનો છું અને તેને સાથે લેતો જવાનો છું. ચાલ, તું યે સાથે. મારી ભાભી ભલે મરચાં લેતી." પણ પેલો નહીં આવે. ત્યારે આમ અસત્ય બોલવામાં અને અસત્યો વચ્ચેની સુસંવાદિતા (consistency) ટકાવવામાં આપણી દીર્ઘદૃષ્ટિ અને હાજરજવાબી ખૂબ કેળવાય છે. "સુસંવાદિતા એ મૂર્ખોનો ગુણ છે" એમ કહેવાયું છે તે ખોટું છે. સુસંવાદિતા એ બુદ્ધિમત્તાનું લક્ષણ છે.

અસત્યની આટલી બધી હિમાયત સાંભળી કોઈને થશે કે, અસત્યનું આટલું બધું સમર્થન હું શા લાભાર્થે કરતો હોઈશ. મારો એક જવાબ આ' જેમ કોઈ નિર્ભેળ 'કલાવાદી' કહેશે કે, 'કલા ખાતર કલા' કે 'કલામાંજ કલાની પરિપૂર્ણતા છે' તેમ હું પણ કહું છું કે, "અસત્યનું ખાતર અસત્ય; એના તે વળી લાભ ગેરલાભ જોવાના હોય! પણ આટલા જવાબથી હું અટકતો નથી. મેં બહુ જ તટસ્થ રીતે અસત્યનો મહિમા વિચાર્યો છે. મારું અસત્યને સમર્થન, હું પોતે એક અસત્યવાદી હોવાથી મેં કરેલ બુદ્ધિવાદ (rationalization) છે એવું નથી. તો મારો આગળ ચાલતાં, જવાબ એ છે કે માનવજીવનમાં જે કાંઈ રસ, વૈવિધ્ય, મજા છે તે અસત્યને લીધે 'ખરાબ'ને લીધે છે. વેદાન્તનો આધાર તો મેં આ પહેલાં આપ્યો જ છે કે મિથ્યા કહેવાતું પણ આપણા જેવા normal માણસોને વાસ્તવિક દેખાતું આ જગત અસત્ય એવી અવિદ્યા પર નિર્ભર છે. પૂર્ણ સત્ય એટલે પૂર્ણ વિનાશ! કહે છે કે મહાત્માઓ જ્યારે પૂર્ણ સત્ય દશાને પામે છે ત્યારે તરતમાં જ વિદેહ થાય છે. સમગ્ર જગત જો અને જે દિવસે સત્યમય બન્યું તે દિવસે તેનો વિનાશ, પ્રલય થયો સમજવો. ખરાબ અસત્ય, કૂથલી, નિન્દા, ગપગોળા એ બધાંમાં આપણને કેટલો બધો રસ આવે છે? દુનિયામાં ક્રોયડાઓ બધા અસત્યમાંથી જ જન્મે છે. બધું સત્યમય થઈ જાય અને કોયડાઓ ઊભા જ ન થાય તો આપણે કરીશું શું? મારા એક ન્યાયાધીશ મિત્ર એક વાર સાંજે મળ્યા ત્યારે કાંઈક નિરાશ લાગ્યા. મેં પૂછ્યું, "કેમ, ભાઈ, આજે ઢીલા દેખાઓ છો?" તેમણે કહ્યું, "અરે, આજ તો આખો દિવસ બગડ્યો." "કેમ?" મેં પૂછ્યું, તેમણે કહ્યું, "આજે બધા જ કેસના આરોપીઓએ ગુનાનો એકરાર કરી દીધો. પરિણામે આજ પંદર કેસ પૂરા થઈ ગયા! આમ ને આમ જ એક માસ ચાલે તો અમારે તો ઘરે જ બેસવું પડે; ન્યાયતંત્ર બંધ જ થાય!" તેમની વાત બરાબર હતી. બધું અને બધા સત્યમય થઈ જાય તો નિન્દા, ખેંચતાણ, ઝઘડા, મારામારી, દાવા વગેરેની મજા ચાલી જાય. એવું જગત રહેવા જેવું નહીં હોય. આજના કાયદાની દૃષ્ટિએ તેવા જગતમાં એક જ ગુનો બનતો હશે અને તે આપઘાતની કોશિશનો અને તેના પર કામ નહીં ચાલી શકે. કારણ કે એ કોશિશ સફળ થઈ હશે. આવા જગતની કલ્પના કરું છું ત્યારે હું થથરી ઊઠું છું. આ બાબતમાં હું કાન્તદર્શન કરી શકવાનો નમ્ર દાવો કરું છું અને કહું છું:

"હશે ના હર્ષ જીવનમાં, હશે ના હર્ષ મૃત્યુમાં,
સત્યના રંગથી જે દિ રંગાશે વિશ્વ સર્વ આ."

પણ જ્યારે હું આગળ દર્શન કરું છું ત્યારે નિરાશાના અંધકારમાં એક નાનું આશાનું કિરણ ફૂટતું હું જોઈ શકું છું. માનવસ્વભાવ અસત્યપ્રિય છે અને આખરે અસત્યનો જ જય થતો હું જોઉં છું. ઉપર વર્ણવ્યા પ્રમાણે નિર્ભેળ સત્યથી કંટાળી જગત અસત્યનું પુનરુત્થાન ઈચ્છશે. લોકો ખૂણેખાંચરે પડેલ મૃતપ્રાય અસત્યને—તે જ અસત્ય જેને આજ આપણે વગોવીએ છીએ—ખોળી કાઢશે અને તેની પુનપ્રતિષ્ઠા કરશે. શહેરશહેરમાં ઈનામો જાહેર થઈ અજ્ઞાત પડેલા ગણ્યાગાંઠ્યા શઠોને—તે જ શઠો જેમને આપણે આજ તિરસ્કારીએ છીએ—બહાર લાવવામાં આવશે અને લોકો તેમાંના સર્વશ્રેષ્ઠ શઠને (સિવાય કે તે બિનહરીફ હોય—જે બનવા પૂરો સંભવ છે) આજના 'નગરશેઠ'ની જેમ 'નગર–શઠ'નું માનભર્યું બિરુદ આપશે. આ રીતે જગતમાં ફરીવાર અસત્યનો

'ધ્વજ પ્રકાશશે સરસ શ્યામલો.'

મારું આ 'અસત્યમહિમ્નઃ સ્તોત્ર' હવે પૂરું કરું. આ લખીને મારા વાચકોનો 'રોષ હું નોતરી રહ્યો છું તે હું જાણું છું—સિવાય કે જેઓ પ્રમાણિક હોય પણ મેં આરંભમાં કહ્યું તેમ, અસત્યને ખાતર બધું સહન કરવાની તૈયારીથી જ હું આ લખું છું. છતાં મારા પર રોષે ભરાયેલા 'સત્ય-વાદીઓ'ને હું એમ કહું તો સંતોષ થવો જોઈએ કે અસત્ય પણ અંતે એક સત્ય હકીકત છે અને અસત્ય બાબતમાં વિચારતાં મને જે સત્ય લાગ્યું છે તે જ મેં લખ્યું છે.

★

નટવરલાલ પ્રભુલાલ બુચ

ત્રણ પાદપૂર્તિઓ

૧

તેડી'તી તેરશે કિન્તુ ચૂકી'તી બસ 'ઊજલી';
આજે તે આવતાં મારી કાળી ચૌદશ ઊજળી.

૨


રૂએ દુનિયા પર જો હિન્દુસ્તાં નથી તો કૈં નથી,
ખૂબસૂરત જિસ્મમાં જો જાં નથી તો કૈં નથી,
બંગલામાં બાબલાની બા નથી તો કૈં નથી,
નિત સવારે ને બપોરે ચા નથી તો કૈં નથી.

૩

હેટ ગઈ ને વેઠ ગઈ, વળી ધોળા કેર ગયા કરનાર,
જમીંદાર પણ ગયા, જશે જે શેષ રહ્યા સરમાયાદાર;
ધોળા જઈ કાળા આવ્યા ને વૃદ્ધ મટી તું થયો યુવાન,
એ ઉપકાર ગણી ઇશ્વરનો હરખ હવે તું હિન્દુસ્તાન.

★

પ્રકાશક : રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી, ૧૨/અ ભારતીનિવાસ સોસાયટી, એલિસબ્રીજ, અમદાવાદ.
મુદ્રક : મણિલાલ છગનલાલ શાહ, ધી નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ.
તા. ૧૦-૧૧-૧૯૫૮



વર્ષ ૩૪
અંક ૨

સં. ૨૦૧૫
માગશર

આદ્યતંત્રી
સ્વ૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક 卐 સંપાદક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

પ્રકાશક : રણછોડજી કેશુરભાઈ મિસ્ત્રી, ૧૨/અ ભારતીનિવાસ સોસાયટી, એલિસબ્રીજ, અમદાવાદ.
મુદ્રક : મણિલાલ છગનલાલ શાહ, ધી નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ.
તા. ૧૦-૧૧-૧૯૫૮

卐 પ્રસ્થાન 卐

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૬૭ માગશર : ૨૦૧૫ અંક ૨

ઉપાડ લંગર

પૂજાલાલ

સલામતી બંદર-બારાની સુચિર સમય તેં સેવી,
મહીતણી મેમાની માણી ભાન ભુલાવે એવી;
મહાસાગર અવ બોલાવે,
ઘટે ના લંગર તવ નાવે.

ઉપાડ લંગર, ત્યાગ કિનારો સાગરને સંભારી,
અસીમ વિસ્તારો રસનિધિના વાટ જુએ છે તારી;
પર્વ પર રખે કૃપણતા દાખે,
પ્રાણો પ્રસાર સાગર આખે.

આજ પરીક્ષા તુજ પૌરુષની, રખે પડે તું પાછો,
રખે રહી જાતો અંતરમાં અંદેશો યે આછો;
અમાપને આત્માથી માપ,
સત્ત્વની સરસાઇ નિજ સ્થાપ.

ભરતી ભીષણ રેલમછેલે ઘૂઘવતી પડકારે,
ઝીલ જળોના ઓઘ ઊછળતા હૈયે વણથડકારે,
તરંગ-તુરગે સરસ સવારી,
કરતી નચાવ નૌકા તારી.

મા વાઓ ઝાં ને વંટોળો, વીજ કડાકા વેરી,
ભલે વીફર્યો હોય વિનાશક, વીર્યે નાખ વિખેરી;
ક્ષુલ્લક ત્યજ આ બાંધ્યું બારું,
મોટું પોત પ્રકટ કર તારું.

ઉપાડ તારાં લંગર, ને શઢ હંસધવલ તુજ તાણી,
હર્ષાવેશે ફુલ્લ બનેલી સેરવ સાગરરાણી;
વિદારી દિશાચક્ર જા પારે,
તારી ઝંખાના ઓવારે.

અગમ્ય પંથે આંક અનોખી અમર રાજતી રેખા,
અણદીઠને આંબ, અનેરા દેશો દેશે દેખા.
તારી આણ ત્યહીં વર્તાવી,
બન્યે ભરજે ભાવિ પ્રભાવી.

卐

ઉત્તર યાત્રા

સ્વામી આનંદ

૯

યાત્રાપથ–૨

ટિહરીથી ...

હલની ડાંડાના ગિરિપ્રપાતે લાંબી મુદત સુધી રૂંધી મૂકેલા ગંગાપ્રવાહ જોડે ધસડાઈ આવીને સંચાતાં ગએલાં માટી રોડાં ઝાડ પથ્થરોથી ખાસ્સા ઊંચાણ સુધી પૂરાઈ ગએલી ગંગાખીણના અરધો માઈલ પહોળા પટના વિશાળ ભાઠામાં હરસીલ વસ્યું છે. સો–સવાસો ફીટ ઊંચાં ને ધીંગાં તોતિંગ દેવદાર વૃક્ષો, થોડીક બ્રાહ્મણ ક્ષત્રી ખેડૂત વસ્તીનાં લાકડાનાં ઘર, હુણિયા અથવા જાડને નામે ઓળખાતા બૌદ્ધધર્મી ટીબેટી લોકોની એક ખાસ્સી એવી વસાહત, એક જૂનો ઢંઢાર સરકારી બંગલો, ગંગાકાંઠે સતનારાયણનું મંદિર, મહાચૂ પ્રદેશમાંથી આવતી એક ગંગા (નદી)નો ભાગીરથી ગંગા જોડે સંગમ, સફરજનના બગીચા, એકાદ બે જગાએ પહાડોના ઢોળાવો ઉપરથી ધસી આવીને છેક મેદાન સુધી પહોંચતા બરફનાં બસેં પાંચસેં ફીટ લાંબાંપહોળાં ખેતરો, ચોમેર ઘેરીને ઉભેલા ધોળાશુભ્ર બરફથી ઢંકાએલા પહાડો,— એવાં એવાં વિવિધ દૃશ્યોથી હરસીલ લદાએલું છે. લક્ષ્મણઝૂલાથી ગંગોત્રી સુધીના ૧૭૫ માઈલના માર્ગમાં કદાચ આ હરસીલ જ સૌથી રમણીય સ્થાન છે.

હરસીલની ઊંચાઈ ૮,૬૦૦ ફીટ છે તેથી ભરઉનાળાના ખરે બપોરે પણ ઘરછાપરા નીચે કે છાંયડામાં ટાઢ વાય. ખેતરના રખા કે ટોયા સારૂ બાંધેલા માળા જેવાં ચાર ખાંભા ઉપર ૭ આઠ ફુટ ઊંચાઈએ બાંધેલાં લાકડાનાં ઘર. માટી પથ્થર ટાઢાં બોળ રહે, ત્યારે લાકડું ટાઢું ન પડે. છાપરાં પણ ઘણેભાગે લાકડાનાં. આ આખા શીત પ્રદેશમાં દરેક ઘરની વચ્ચોવચ ગોળ કે ચોરસ યજ્ઞવેદી જેવો ૬ થી ૧૦ ઇંચ ઊંડો ને પથ્થરથી કિનાર બાંધેલો કુંડ હોય છે, જેમાં જાડાં લાકડાનાં ખોડચાં રાતદિવસ બળતાં રહે છે. ઘરનાં લોક રસોઈપાણી ચા વગેરે બધું મોટેભાગે તે પર જ કરી લે છે.

ખેતી જૂજ. લોકવસ્તી જવ, ફાફર કે ઓગલ (સામા રાજગરાને મળતાં અનાજ) ઘઉં, એવાં અનાજ ઊગાડે. આમો મહિને વાવે તે દસ મહિને એટલે વળતે શ્રાવણ મહિને લણે. ડાંગર બહુ જવલ્લે થાય. ટાઢો મુલક તેથી ૪–૬ મહિના બરફ તળે કશું ન ઉગે. વૈશાખથી જ પાક ઉઝરે ને શ્રાવણ ભાદરવે પાકે. એકંદરે લોકોના રોજગારમાં ખેતી કરતાં પશુપાલન જ વધુ. ઘેટાં બકરાં યાક પાળે. તેનાં ઘી દૂધ ખાય. માંસાહાર બ્રાહ્મણ ક્ષત્રી સૌમાં ખરો. આખો દિવસ બેઠાં કે હરતાં ફરતાં, ગામસીમ જતાં, બાંઝુની મોટી જાડી ફેરણીઓ કે તકલીઓ પર ઊન કાંતે. તેનું ધાબળાની જાડાઈનું બે વેંત પનાનું કપડું ઘરમાં જ વણે, ને શીવ્યા વગર શિલ્પકાર (હરિજન કોમો) લોકોએ લોખંડની ઘડેલી ૭ ઇંચ લાંબી સોયા જેવી સળીઓ અગર પીનો બેઉ ખભા ઉપર નીચે બે ત્રણ જગાએ ખોસીને પહેરણની જેમ પહેરે. એ જ કપડું ઓઢવું પાથરવું હોય ત્યારે પીનો કાઢી લઈને ઓઢે પાથરે. કાંતનાં આવડે તેમ જ સાંકડી હાથસાળો ઉપર ૧૪ કે ૧૬ ઇંચ પનાનું જાડું પટ્ટુશાઈ કે ધાબળાશાઈ ઊની કપડું ઘણાંખરાં સ્ત્રીપુરુષને વણી લેતાં આવડે.

તેલનો વાપર નહિ. રાંધવા, ખાવા, ચોળવા, માથે નાંખવા, ઘી માખણથી જ બધો વહેવાર કરે. સાબુનો વાપર નજેવો. નીમક સિવાય ભાગ્યે જ કશી ચીજ આ લોકો ખરીદ કરતા હોય.

હુણિયા વસાહત નોખી તરી આવે. માટી પથરાનાં નાનકડાં કમ્પાઉન્ડ. આંગણામાં ડાધિયા કૂતરાઓ બેઠા હોય. લક્કડ મકાનોમાં, કાં યાકના જાડા કાળા વાળના બનાવેલ એકાદ બે ડોલ-દારી તંબુઓ ઠોકયા હોય તેમાં, જાડ-હુણિયા પુરુષો પરદેશીઓ કે આસામીઓ જોડે માલના હિસાબ કે લેવડદેવડ કરતા હોય. ભીંતોની કોરાણે વણજારના માલની, ઘેટાંબકરાંની પીઠે બે પાખે લદાતી મજબૂત ટચૂકડી ગુણોની થપ્પીઓ સળંગ લાઈનોમાં મારી હોય. બાજુમાં જ સ્ત્રીઓ ટચુકડી હાથપહોળી સાળો ઉપર કાળી કે સફેદ ઘેટાંની બે ઇંચ લાંબા રેસાવાળી ઊનના તુમકર ધાબળા કે કથ્થઈ ઊનનાં પટ્ટુ વણતી હોય. પનો કોઈનો પણ ૧૪ કે ૧૬ ઈંચથી ભાગ્યે વધુ હોય. આવા ટૂંકપનિયા બેત્રણ કે વધુ પટ્ટા ખીલીને તેના તુમકર-થુલમા કે ધાબળા બનાવે. ઉપરાંત ૪ થી ૬ ફુટ લાંબા અને ૨॥-૩ ફુટ પહોળા રંગીન ભાતીગળ જાડા ચુટકા (ગાલીચા) પણ વણે. ૧૯૩૬ ની સાલે આ હરસીલમાંથી જ ૭ વાર લાંબો ને ૫૪ ઇંચ પનાનો એક તુમકર-થુલમો (ભારે વજનનો ટીબેટી ધાબળો) ૯ રૂ. ની કિંમતે મેં લીધેલો જેનું વજન ૨૨ રતલ હતું! ઊંચા, બરફઢાંકયા પહાડોમાં પડાવની જગાએ આ થુલમા બેવડ અરધા પાથરી અને અરધા ઓઢીને બરફ ઉપર ખુલ્લા આકાશ તળે સૂઈ રહેવાય. અત્યારે લીંબો લવારાંની સૌથી ઊંચી કાળી ઊનના ૩ વાર લાંબા ને ૬૦ ઇંચ પહોળા તુમકરના આશરે ૯૦ થી ૧૦૦ રૂપિયા કિંમત પડે છે!

ઓઢવા પાથરવાના તુમકર ચુટકા, ચા વલોવવાની લાકડાની પિત્તળ ચાપડા જડેલી ભૂંગળો ને ઝીણી મોટી ઘરવખરીના નાના મોટા લાદેલ પીઠે લાદીને રોજેરોજ પહાડી પગવાટો ચાલતાં હુણિયા સ્ત્રી પુરુષો અતિ ખડતલ હોય છે. ઘાટી ઊનવાળાં કે ૬ ઇંચ લાંબા વાળવાળાં લથબથ ઘેટાંબકરાં, મસ્ત કાળાભમ્મર વેંત લાંબા વાળવાળાં ને વિકરાળ દેખાતાં યાક ગાય ગોધા, ખચ્ચરોથી કયાંયે વધુ ખડતલ અને સાગુનકદમ ટીબેટી ઘોડાં (કે કયારેક ગધેડાં) ટટ્ટુ અને ગળે કાંટાળાં પતરાંના વેંતપહોળા પટ્ટા પહેરેલા ડાઘિયા કૂતરાવાળી વણજારો હાંકીને ઊંચા ડુંગરા પહાડોની પગવાટો પર ચાલતાં આ લોકો બધે તમારી નજરે પડે. પડાવ ઉપર પહોંચીને બધાં જાનવરોને નદીખીણોનાં ભાઠાંમાં ચરવા છોડી મૂકે. હરસીલના ભાઠાનાં મેદાનોમાં જાત્રાળુને આવાં યાકો, ટટ્ટુઓ અને ઘેટાંબકરાં ઢોરેઢોર ચરતાં જોવા મળે છે.

હરસીલની આ જાડ અથવા હુણિયા વસાહતમાં બે ત્રણ જગાએ માટી પથરાનાં ચોતરા ઉપર શંકુ આકૃતિના ઈંડા કે કળશ સાથે બાંધેલી દેરીઓ પણ જોવા મળે છે. નામાંકિત કે મોટા પુરુષોની આ સમાધિઓ હોય છે. તેને "ડોરતન" કહે છે.

હાલ જંગલાત ખાતાના કબજામાં છે તે સરકારી બંગલો ડાકબંગલા તરીકે વપરાય છે. ઉપરાંત અહીં નજીકની ટીબેટી સરહદ ઉપરના લશ્કરી ચેક-પોસ્ટ (સિપાઈથાણા)ના મથક તરીકે પણ તે વપરાય છે. આ બંગલો એક જૂના જોવાલાયક મકાનનો નમૂનો છે. મૂળે સને ૧૮૬૪માં અહીં આવીને સ્થાયી વસેલા કોઈ ગોરાએ બાંધેલો. ૧૫૦-૨૦૦ ફુટ લંબાઈ પહોળાઈમાં બાંધેલો આ વિશાળ બંગલો ઊંચા ઠંડા આ પહાડી પ્રદેશમાં જૂની બાંધણીના મકાનના મસ્ત નમૂનારૂપ છે. સૈકો લગભગ વીત્યો છતાં તેના ફુટ દોઢફુટ જાડા ચોરસ દેવદાર લાકડાના તોતિંગ મોભ થાંભલા ને પાટિયાં હજુ આજે પણ જેવાં ને તેવાં ધરખમ છે. બરફાની પ્રદેશોની લગોલગ આવેલા આ

ઠંડા મુલકમાં લાકડું સડવા–સળવાનો તો ભય જ નહિ.

હરસીલના મેદાનમાં ને ગંગાકાંઠે આવેલાં થોડાંક બીજાં ગામોમાં સફરજનના બગીચા છે. તેની નીપજ ગંગોત્રી, ટીહરી, પ્રતાપનગર, નરેન્દ્રનગર, રીશીકેશ સુધી જાય છે.

હરસીલ મેદાન વચ્ચે થઈને જે ખાસી મોટી ગંગા (નદી) ઉત્તરે ઉભેલા પહાડો ચીરીને અહીં મોટી ગંગાને આવીને મળે છે, તે નદીનો કાંઠો પકડીને ભોટિયા તેમજ ટિબેટી હુણિયા સતલજ ખીણના રામપુર બશહેર તરફના મહાસૂ તથા કિન્નર પ્રદેશોમાં તેમજ ટિબેટ સરહદ ભણી જતાઆવતા હોય છે. એ બધો ભાગ મહાસૂ પરગણું કહેવાય છે અને તે હવે બનેલા મોટા મહાસૂ જિલ્લાનો ઉત્તર–પૂર્વ ભાગ છે. એ બાજુના પ્રદેશમાંથી ગંગોત્રીની જાત્રા સારૂ આવતા લોકો પણ આ જ રસ્તે ૧૦ હજાર જેટલી ઊંચાઈના પહાડો ચીરી હરસીલ કે ભૈરોંઘાટી આવે છે, ને એ રીતે સીધા ત્રણ ચાર દિવસમાં ગંગોત્રી પહોંચે છે.

ગંગાને મળતી આ નદી હરસીલના ભાઠામાં આવતાં તેના બેત્રણ ફાંટા થઈ જાય છે, ને એમ તેની બેત્રણ ધારાઓ ગંગાને મળે છે. આ પ્રવાહો પર લકડી–પુલો હોય છે. પ્રવાહ પહોળાઈમાં ૭–૮–૧૦ ફીટ જેટલા માંડ હોય, પણ તેનું જોસ એટલુ હોય કે ઘોડાં કે યાક પણ તેમાં ભાગ્યે પગ ઠેરવી શકે. મેદાનની ધારે ગંગાકાંઠે એક બે મંદિરો આવેલાં છે. મુખ્ય મંદિર સતનારાયણનું છે. રાજારામ બ્રહ્મચારીએ તે સ્થાપેલું. સ્વ૰ તપોવનજી ઉત્તરકાશીથી ગંગોત્રી જતાં આવતાં અહીં અચૂક મુકામ કરતા. હરસીલના ભાઠાનું આ આખું મેદાન અતિ રળિયામણું છે.

ઝાલા ગામ મૂકીને ગંગાની વિશાળ ખીણમાં ઉતર્યા પછી હરસીલ અને ઠેઠ ગંગોત્રી સુધી ગંગા પૂર્વ–પશ્ચિમવાહિની છે. તેથી આ છેલ્લા ૧૬ માઈલ જાત્રાળુ આથમણેથી ઉગમણો જ ચાલે છે. હરસીલનું મેદાન વટાવ્યા પછી છેક ધારે ટચુકડી ગામવસ્તી વચ્ચે થઈને જાત્રાળુ પહાડને સાવ ઘસીને વહેતી મુખ્ય ગંગાનો પ્રવાહ ૨૦–૨૫ ફુટ લાંબા પૂલથી ઓળંગે છે, ને પછી ગંગાને ડાબે કાંઠે કાંઠે મસ્ત દેવદારના વિશાળ જંગલની ધારે ધારે ત્રણ માઈલ ચાલીને ધરાલી પહોંચે છે. આખો રસ્તો ચડાણ ઉતરાણ વિનાનો, સપાટ, મસ્ત દેવદાર જંગલોથી અને જમણી બાજુએ ઉભેલા ગગનચુંબી પર્વતોથી, તેનાં બરફઢાંક્યાં શિખરો અને તેની ઊંડી ખોઓમાંથી વહ્યા આવતા ટચુકડા જોશીલા જળપ્રવાહોથી, અજબ રળીઆમણો છે. પહાડોની તળેટીએ તળેટીએ જંગલોની કોરાણે, ગંગાને ડાબી બાજુએ રાખીને પગવાટ ચાલી જાય છે. સૃષ્ટિસૌંદર્યનાં ઘેન કેમ ચડે એનો માણસને અહીં અનુભવ થાય છે.

ધરાલી ખાસું મોટું ગામ છે. ૭૫ જેટલાં ઘર હશે. ખેતી પણ અહીં ઠીક પ્રમાણમાં છે. માથા ઉપર જ બરફથી છવાએલા પહાડો તોળાઈ રહ્યા છે. તેનાં પાણી ખેતીને બારે દહાડા મળ્યાં કરે. થોડા દાયકાઓ ઉપર અહીં એક મોટો ગિરિપ્રપાત થએલો, જેણે ઘણી ખેતી અને વસ્તીનો પણ થોડો ભાગ દાટી દીધેલો. એક મોટા મૌની સાધુ અહીં એક ગુફામાં રહેતા. તે પણ તે જ વેળાએ દટાઈ મૂએલા. અહીં બાબા કાલીકમલીવાળાની ધરમશાળા, થોડીક સીધાસામાનની દુકાનો, જાત્રાળુઓને રાતવાસો રહેવાનાં મકાનો વગેરે છે.

અહીંથી આગળ પણ યાત્રાપથ સપાટ ભૂમિ પર ગંગા કાંઠે કાંઠે જ ચાલ્યો જાય છે. ક્યારેક રસ્તાને સાવ ઘસીને ગંગા વહેતી હોય છે. જંગલ પણ એવાં ને એવાં જ રળિયામણાં. સામે પાર ગંગોત્રીના પંડાગોરાનું ગામ મુખવા જાત્રાળુને દેખાય છે. આ સામે કાંઠેના પહાડો પણ તેવા જ મસ્ત જોગંદરો જેવા નજરે પડે છે.

બરફાની પહાડોની તળેટીના આ પ્રદેશોની

ધસ્તીમાં ગળે મોટી રસોળીઓવાળાં સ્ત્રી પુરુષો જોવામાં આવે છે. જમ્નોત્રી નજીકનાં ગામોમાં તો આવાં બહુ મોટી સંખ્યામાં હોય છે. પાણીમાં આયોડીનના તત્ત્વની ઉણપને કારણે આ તરફના લોકો એ રોગથી પીડાય છે એમ દાક્તર લોકોનું માનવું છે.

આ સુખવા ધરાલી હરસીલ ઝાલા સુકી સુધીના પ્રદેશનાં નાનાં મોટાં ગામોનો એક મોટો મેળો સિલકુ ગામે આસો મહિને ભરાય છે, જેમાં નજદીકના ભવિષ્યમાં ધસ્યે આવતા શિયાળાની વસમી બરફાની ઋતુને સારૂ લોકો નીમક, કાપડ વગેરે જરૂરી ચીજ વસ્તુ ખરીદી લઈને ભરી લે છે. મેળાની મોજ માણી લે છે. ખાયપીએ, રંગરાગ કરે, તહેવાર ઉજવે ને હાથમાં 'દલી' એટલે દેવદારનાં ટરપેન્ટાઈન તેલથી ભરેલાં છોડિયાંના પલીતા રામૈયાની જેમ સળગાવીને નાચે. સંકેત એમ કે હવે શિયાળાની વસમી ટાઢ અને બરફનાં તોફાનો વાવાઝોડાં આવશે, એટલે હરીફરી લ્યો. ખેલીકૂદી લ્યો. નાચી ગાઈ જિંદગી માણી લ્યો. કાલ કોણે દીઠી છે? પછી તો ઘરમાં ભરાઈને મહિનાઓ સુધી આગના તાપણા સામે બેસી રહેવુ પડશે.

ધરાલીથી બીજા બે માઈલ પર જાંગલા નામનું સ્થાન આવે છે. અહીં બે સીધાં ચટ્ટાનોને ચીરીને તંગ ગલીમાં વહેતી ગંગાને લકડી પુલથી ઓળંગીને સામે પાર જવું પડે છે. વસ્તી વગેરે કશું નથી. જાત્રાળુ મોસમમાં સુખવાનો કોઈ પંડાગોર કે કુટુંબી અહીં એકાદ નાનકડી ચા-દુકાન નાંખી ચલાવે છે. સામે કાંઠેના ઊંચાણ પર અગાઉ એક સરકારી જંગલાતી બંગલો હતો. તે ઘણાં વર્ષ ઉપર બળી ગયો. ફરીવાર બંધાયો નથી.

અહીંથી દોઢ માઈલ ભૈરોંઘાટી સુધીનો પ્રદેશ અતિ ઊંચાં અને ભયાનક ચટ્ટાનોથી ભરપૂર અને બિહામણો છે. એકેક વિરાટ ચટ્ટાનની બનેલી ઊંચી સીધી કરાડો વચ્ચે થઈને સાંકડી ગંગા ધોધમાર વહે છે અને જાત્રાળુને પણ તેવાં જ ઊંચાં હજારો લાખો ટન વજનનાં સળંગ ચટ્ટાનોનાં બનેલાં પહાડપડખાં ચડી-ઉતરીને અને વાંકચૂંક વટાવીને અંતે ઉત્તરની ટીબેટ સરહદના નેલાંગ ઘાટ ભણીથી આવતી જાડ ઉર્ફે જાહ્નવી ગંગાની ઊંડી ખોમાં ઉતરવું પડે છે. અહીં લાકડાનો પુલ છે. બસેં ફીટ હેઠવાડે આ જાડ ગંગાનો મોટી ગંગા જોડે સંગમ છે. પુલ ઉપરથી આ જાહ્નવી ગંગા ઉપરવાડે લાંબે સુધી ઉભાં ચટ્ટાનોને ચીરીને ધસમસ્યે આવતી ભળાય છે. એનો પ્રવાહ સીધાં ચટ્ટાનોની તંગ નેળ વચ્ચે એટલો જોશીલો હોય છે કે તેનાં પૂર ચોમાસાની મોસમમાં દર બે પાંચ વરસે ભારે લોખંડી ગર્ડરના પુલોને પણ તોડીફોડીને ફગાવી દે છે. આવા એકાદ બે લોખંડી પુલોના ફસડાઈ ધસડાઈ મચકોડાઈ ગએલા વાંકાચૂંકા ભંગાર આ ગંગા ઓળંગતી વેળાએ જાત્રાળુને અહીં હમેશાં જોવા મળે છે. પાંચેક દાયકા અગાઉ સાતસેં ફીટ કે વધુ ઊંડી આ ખોને માથે ઊંચાઈએ લોખંડી દોરડાંને બાંધેલાં શીંકાંનો ઝૂલતો પુલ હતો તે ઓળંગીને જાત્રાળુઓ જાડગંગાની ખોમાં ઉતર્યા વગર અને પછી પાછી ભૈરોંઘાટીની વસમી ચડાઈ ચડ્યા વગર સીધાં જ ભૈરોંઘાટી પહોંચતાં. પણ આ અતિ ઊંચાણે આવેલો પુલ તૂટી ગયો. ને આ પુલ પરથી ચાલતાં જાત્રાળુઓને તમ્મર આવતાં તેથી એ જોખમી પુલને ફરી ન સમારતાં નીચે ઊંડી ખીણમાં ઉતરીને સામે પાર પાછી ચડાઈ ચડવાની પગવાટ સરકારી ઇજનેરોએ ખોને તળીએ જ પુલ બાંધીને કાઢી. પણ તળિયેના આવા પુલ પણ અત્યાર સુધીમાં ૩-૪-૫ વખત તૂટી ફૂટીને ધસડાઈ પડયા છે. તળિયે આવેલા હાલના પુલ પરથી ઓળંગતા જાત્રાળુને ઊંચે નજર કરતાં અર્ધસેકા અગાઉના જૂના ઝૂલતા પુલનું લોખંડી દોરડું હજુ યે જોવા મળે છે.

જૂનો ઝૂલતો પુલ આ જાડગંગા કાંઠાને મથાળે જ્યાં હતો ત્યાંથી જ જાડગંગાને કાંઠે કાંઠે

બીજી એક પગવાટ નેલાંગ જાય છે. નેલાંગ આ બાજુની ઉત્તર સરહદ પરની બરફમાળાઓની તળેટીએ આવેલું છે. જાડગંગાને કાંઠે કાંઠે બે ત્રણ દિવસ સુધી વસમી પગવાટ ચાલીને ત્યાં પહોંચાય છે. આ નેલાંગ નાનકડી જાડ અથવા હિંદી હુણિયા વસ્તીનું ગામ, અથવા કહો કે નેસ છે. અહીંથી નેલાંગઘાટની બરફમાળા ઓળંગીને જેલુખાગા અને થેલિંગમઠને રસ્તે ટિબેટ જવાય છે. ભોટિયા તેમજ હુણિયા વેપારીઓની વણઝારોની રાહદારી આ રસ્તે હોય છે. કોઈ રડચાખડચા યાત્રાળુઓ પણ આ માર્ગે બરફમાળાઓ ઓળંગીને ટિબેટમાં કૈલાસ માનસરોવરની જાત્રાએ જાય છે. આવા જાત્રાળુઓને હુણિયા ભોટિયા વણઝારોનો સંગાથ શોધીને તેમની જોડે જોડે જ દડમજલ પડાવો કરતાં કરતાં ચાલવું પડે છે. એકલાં કોઈથી ભાગ્યે જ જવાય. આઝાદી પછી સરહદના પ્રદેશોની ચોકીદારી કરતું એક નાનકડું લશ્કરી નાકું અગર ચેક-પોસ્ટ નેલાંગ ગામે નાંખવામાં આવ્યું છે. તેને સ્પેશલ પોલીસ પણ કહે છે. આ નાકામાં થોડાક ચોકિયાત લશ્કરીઓ, પોલીસ તેમજ ખેપિયા રહે છે, અને તેઓ હરસીલના સરકારી બંગલામાં મૂકેલી સ્પેશલ પોલીસ જોડે રોજબરોજનો સંપર્ક રાખી પોતાનું કામ ચલાવે છે.

જાડગંગાની ઊંડી ખોમાં આવેલો લકડીપુલ ઓળંગતાં જ સામે કાંઠે ઉભેલાં વિરાટ ચટ્ટાનો વચ્ચે થઈને પગવાટ ભૈરોંઘાટીની ખડી ચડાઈ ચડવા માંડે છે. મહાભયાનક સેંકડો ફીટ લાંબાં પહોળાં ચટ્ટાનો અહીં ગંગાના કાંઠા પર બેઠેલાં અગર તોળાઈ રહેલાં નજરે પડે છે. ચડાઈ પણ વસમી છે. ચડતાં ૨૦-૨૫ મિનિટ લાગે છે. તેટલું ચડીને જાત્રાળુ ઊંચાં મસ્તમોટાં દેવદારવૃક્ષોથી ભરપૂર ભૈરોંઘાટીના સપાટ મથાળે પહોંચે છે. અહીં બાબા કાલીકમલીવાળાની ધર્મશાળા અને સીધાસામાનની દુકાન છે. જાત્રાળુઓ દિવસના મોટેભાગે દેવદારનાં ઝાડો તળે રાંધી ખાઈ અગાડી ધપે છે અને સાંજે ગંગોત્રી પહોંચી જાય છે. ભૈરોંઘાટીની ઊંચાઈ ૯,૦૦૦ ફુટ જેટલી છે. તેથી દહાડે તડકું હોય તો લોકો તડકે બેસવાનું અને દેવદાર તળે રાંધવા ખાવાનું બહુ પસંદ કરે છે. પાણીઝરણાં આ મેદાનમાં ક્યાંએ નથી. તેથી પાણી ગંગોત્રી પગવાટની દિશાએ અરધો માઈલ છેટે ઊંચાણેથી આણ્યું છે. આ પાણીની નીક દેવદારના લાકડાંની ઊભી ચીરેલી પરનાળો વાટે રાત-દિવસ વહ્યાં કરે છે.

ભૈરોંઘાટીથી ગંગોત્રી ૬॥-૭ માઈલ છે. છેરણવેરણ પડેલાં મોટમોટાં ચટ્ટાનો વચ્ચે થઈને જતી પગવાટ લગભગ સપાટ ને આઠ ફુટ પહોળી છે. ચડઉતર બહુ ઓછી આવે છે. ગંગા જાત્રાળુની જમણી બાજુએ ઊંડાણે વહે છે ને બેઉ બાજુએ ઉભી દીવાલો જેવા ગગનચુંબી પહાડો ૩-૪-૫ હજાર ફીટ જેટલી ઊંચાઈ સુધી જંગલોથી ભરપૂર, કાં સાવ પથરીલા ઉભેલા નજરે પડે છે. આ આખા પ્રદેશનું સૃષ્ટિ-સૌંદર્ય હરસીલથી માંડીને ઠેઠ ગંગોત્રી ગોમુખ સુધી જેવું છે તેવું હિમાલયમાં પણ ઝાઝી જગાએ જોવા મળે એમ નથી. ઠેરઠેર મસમોટા જળધોધ બબ્બે ત્રણ ત્રણ હજાર ફીટની ઊંચાઇઓએથી પહાડોનાં પડખાં કોતરીખોતરીને *ધોધમાર પડતા નજરે પડે છે. આ ધોધ* નવેમ્બર પછી ઠરીને સીધાસોટ બરફના થાંભલા બની જાય છે! શિલાસ્તંભ (નરા પથ્થરના થાંભલા જેવાં) શિખરો અને પહાડ-ચોટીઓ પણ તેવા જ મસ્ત સૌંદર્ય (wild grandeur)થી લદોલદ જોવા મળે છે. જંગલો મોટેભાગે દેવદારનાં કે ૯-૧૦ હજાર ફીટની ઊંચાઇઓ પર ઉગતાં કોઈ ને કોઈ કોનીફર વૃક્ષોનાં હોય છે. મોઢા સામે જાત્રાળુઓને લાંબે સુધી ગંગાખીણ ભળાય છે અને તેને છેડે નરા બરફના શુભ્ર પહાડો અને તેનાં ઉત્તુંગ શિખરો આભ જોડે વાતો કરતાં એક-જથ્થે ચડઉતર ઉભેલાં નજરે પડે છે. કેમેરાના

શોખીન યાત્રીને ડગલે ને પગલે થોભીને સ્નેપ લેવાનું મન થાય અને ક્ષણે ક્ષણે યન્નવતામુપૈતિ વાળે ન્યાયે એકનું એક દૃશ્ય દર વીસ પચીસ કે સો પચાસ ડગલે એટલું તો ચડિયાતું દેખાતું જાય કે એ ના એ દૃશ્યના અરધો ડઝન ફોટા લેવાની લાલચને રોકવી મુશ્કેલ થઈ પડે.

ગંગોત્રી ક્ષેત્ર,—ગામ કે વસાહત જે કહો તે—જંગલ અને પર્વતોની ગોદમાં એવું લપાએલું છે કે ફર્લાંગ અરધો ફર્લાંગ બાકી રહે ત્યાં સુધી જાત્રાળુને ભાગ્યે જ ખબર પડે કે પોતે ગંગોત્રી પહોંચી ગયો. જૂનથી સપ્ટેમ્બર અધવચ સુધી અહીં જમણે વહેતી ગંગા ડહોળા સફેદ કે પીળચટા પાણીપ્રવાહવાળી ભળાય છે. સપ્ટેમ્બર ૧૫ મી પછી બરફ ઓગળતા અટકી જાય. તેથી પ્રવાહ સ્વચ્છ સ્ફટિક જેવો નિર્મળો બની જાય. પણ પાણી તો એવું ઠંડું હોય કે પગ મૂકતાંની સાથે જ જાણે વીંછુ કરડયો. ઘુંટણ સાથળ જે કંઇ જેટલું ડૂબાડો તેટલું બહેર જ મારી જાય !

૫–૭ નાનીમોટી ધર્મશાળાઓ, જાત્રાળુ નિવાસો, અરધો ડઝન દુકાનોનું ટચુકડું બજાર, સીધુંસામાન, ગંગાજળ ભરી લેવાની નાનીમોટી લોટીઓ, દર્ભાસનો, માળાઓ, ગંગા જમના સરસ્વતી અને દેવદેવીઓનાં ચિત્રો, તાનજોડા, લાકડીઓ, ઇત્યાદિ જાત્રાળુખરના માલની દુકાનો, વગેરે અહીં છે. દુકાનો, જાત્રાળુ નિવાસો, ધર્મશાળાઓ, બધું ચલાવનારા મોટે-ભાગે ગંગામાઈના પંડાગોરો. મે મહિનાથી સપ્ટેમ્બર સુધીના પાંચેક મહિના આઠ માઇલ હેઠવાડે આવેલા એમના મુખ્ય ગામ મુખવાથી આવીને અહીં વસે, અગર તો આંટાફેરા કરે, ને દાનદક્ષણા, બ્રહ્મભોજ, દુકાનોના માલ અને સીધાસામાનના ક્રયવિક્રય, સંસ્થાઓ અને દાની યાત્રાળુઓની ફરમાયશોના વહીવટ વ્યવસ્થા વગેરે વિવિધ વ્યવસાયોથી ધૂમ કમાણી કરે.

ગંગાજીનું મુખ્ય મંદિર બજાર ધર્મશાળાઓ વગેરેની લગોલગ ગંગાને આ કાંઠે જ આવેલું છે. જૂનું મંદિર કોઈ અમરસિંઘ થાપાનું બંધાવેલું હતું જે ગંગાએ તોડીફોડી બિસ્માર કરી મેલ્યું હતું, તે પચાસેક વર્ષ અગાઉ જયપુરનાં રાણીએ જીર્ણોદ્ધાર કરાવીને નવું બંધાવ્યું. હાલ સારી સ્થિતિમાં મોજૂદ છે. આ મંદિરના બાંધકામ માટે જોઈતા પથ્થરોનાં ચોસલાંચોસલાં બાર માઇલ નીચાણે ધરાલી ગામ નજીક મળી આવતા ખાસ જાતના પથ્થરનાં ઘડાવીને માણસોની પીઠે ગંગોત્રી સુધી આણવામાં આવ્યાં હતાં. આવાં ચોસલાંના બચીને પડી રહેલા રડયાખડયા અવશેષ હજુ આજે પણ ધરાલીથી જાંગલા જતાં પગવાટની કોરાણે ક્યાંક કયારેક જાત્રાળુની નજરે પડે છે.

ગંગોત્રીના મંદિરના ત્રણ ઘુમ્મટ ને માંય ગંગા જમના સરસ્વતીની મૂર્તિઓ છે. મંદિરમાં મૂર્તિઓ સામે ઉભા રહીએ તો ડાબી બાજુએ જૂના મંદિરના જીર્ણ અવશેષ હજુ યે જોવા મળે છે. સાંજે ગંગાજીની રોનકદાર આરતિ સહસ્ર દીવેટોથી થાય છે. તે વખતે આખા ક્ષેત્રની વસ્તી, જાત્રાળુ સાધુ પંડાપૂજારી ને વહીવટદારો દરશન–આરતિને સારુ ભેગા થાય છે. દિવસ બધો, ખાસ કરીને સવારથી ૧૧–૧૨ વાગ્યા સુધી ગંગા–સ્નાન, સંકલ્પો, બાધા-માનતાઓ, બ્રહ્મભોજની રસોઇઓ, સીધાં-સામાન અને સાધુનિવાસોના ભિક્ષાન્નસદાવ્રતોની ધૂમ ચાલુ રહે છે.

હું છ વખત ગંગોત્રી ગયો, ને ઓછુંવત્તું રહ્યો. પણ એક વખત એક ડોમ (હરિજન)ને દર્શન કરાવવા લઈ જઇને મેં ચાના પ્યાલાનું ટીખળ કરેલું તે સિવાય કદી હું મંદિરનું પગથિયું ચડયો નથી. પોતાની જાતને ડુમડા કે ભંગી (હરિજન) તરીકે ઓળખાવીને ઉમર આખી દેવમંદિરોના દરશન–પૂજનથી બાકાત રહ્યો. તેથી મંદિરો ભીતરનાં દેવદેવીઓ, પૂજા આરતિ કે ભજનપૂજનની વિધિઓ વિષે ઝાઝું ન લખી શકું.

સામે પાર જ્યા ગંગાજી ઉપર વીસેક ફુટ લંબાઈનો ટચુકડો લક્કડ–પુલ છે અનેક સાધુસંતો અહીં વરસમાં ૭ મહિના (એપ્રિલ આખરથી સપ્ટેમ્બર અંત સુધી) વસવાટ કરે છે. ને કેટલાક તો બારે માસ અહીં જ રહે છે. આમાંના કેટલાક દિગંબર પણ હોય છે. લાકડાની નાની મઢૂલીઓમાં વસે છે. બીજા કેટલાક—ખાસ કરીને દિગંબર રહેનાર—ગુફાઓમાં કે શિયાળાના ઢગેઢગ બરફ સામે ખાસ રક્ષણની જોગવાઈઓ વાળી લાકડાની કુટિયાઓમાં વસે છે. તેમના રક્ષણ પોષણ માટે પરાળ જેવાં સૂકાં ઘાસ તેમજ અન્ન સામગ્રી, સીધુંસામાન, બરેરાં, સતુ (પકવ જવ વગેરેનો શેકેલો લોટ જેને નીમક કે ગોળ સાથે પાણીમાં ચોળીને સીધો જ ખાઇ શકાય), વગેરેના જથ્થા ભરી રાખવાની વ્યવસ્થા ધનીદાની તેમજ પંડાગોરો, ક્ષેત્રધર્મશાળાના સંચાલકો વગેરે કરે છે. ઘણા સાધુ સંન્યાસીઓ પણ અન્નછત્રો ચલાવનાર અને આવી જાતની વ્યવસ્થાઓના વહીવટ રૂપી "કર્મયોગ" કરનારા હોય છે. બીજા વિરક્ત વીતરાગ સંતો કે અવધૂતો આકાશવૃત્તિથી રહેનારા હોય છે, જે આવી કશી પંચાતમાં પડતા નથી. भोजनाच्छादने चिन्तां वृथा कुर्वन्ति वैष्णवाः એવી એમની આસ્થા હોય છે. કૃષ્ણાશ્રમ, રામાનંદ, રઘુનાથદાસ, ગંગાદાસ વગેરે દિગંબર અને અવધૂત વૃત્તિના સાધુઓ દાયકાઓથી અહીં વસે છે. એવા ઊંચી ભૂમિકાના અત્રેના કેટલા મારા પરિચિત સાધુઓ છેલ્લા પાંચ દાયકા દરમ્યાન કાલવશ થયા. કેટલાક હજુ હયાત છે. એ બધામાં મેરુમણિસમા સ્વ૦ તપોવનજી હજુ દોઢ બે વર્ષ અગાઉજ દેહ થયા. તેઓ વરસમાં ૭ મહિના ઉત્તરકાશી અને ૭ મહિના ગંગોત્રી રહેતા.

ગંગોત્રીની ઊંચાઈ સમુદ્ર સપાટીથી ૧૦,૩૦૦ ફુટ છે આસપાસ આભઊંચા પહાડો, ભવ્ય જંગલો અને બરફાની પ્રદેશોનાં દૃશ્યો છે. ભર ઉનાળે જૂન મહિને પણ અહીં બરફ પડે છે જરા વાદળું આવ્યું કે વરસાદને બદલે બરફ જ વરસવા માંડે! બેઉ બાજુના પહાડો અને જંગલો વચ્ચે ટચુકડી ગંગા સાંકડી ખીણમાં થઈને વહે છે. ક્ષેત્રની સામે પારની સાધુવસાહતથી હેઠવાડે, એક ફર્લાંગથી ઓછે દૂર, મસમોટાં ચટ્ટાનો ઉપરથી આખો ગંગાપ્રવાહ ૩-૪-૫ ધારાઓમાં તૂટી ભાંગીને ૪૦ ફુટ જેટલે નીચાણે પડે છે. આ જળધોધોએ રાતદિવસ વહીવહીને ચટ્ટાનોનાં ભીંતપડખાં લીસાં કરી મૂક્યાં છે અને તેને ભાતભાતની ખાંચો અને ચિતરામણોથી એવાં તો ભાતીગળ અને કલામય કરી મૂક્યાં છે કે જોનારને પહોરવાર ત્યાં જ બેસી રહીને જોયાં કરવાનું મન થાય આ સ્થાનને બ્રહ્મકુંડ કહે છે. અનેક સાધુઓ અહીંયાં કલાકો સુધી બેસી રહીને ઈશ્વરચિંતન ભજન કે ધ્યાન કરતા હોય છે. *

卐

* 'પ્રસ્થાન' માટે ખાસ. લેખકની લેખી પરવાનગી વગર આ લેખમાળા અગર તેનો કોઈ પણ અંશ કે ભાષાંતર કોઈથી છાપી શકાશે નહિ.

પ્રાસંગિક નોંધો

'પ્રસ્થાન-તંત્ર'

ત્રીજી યોજનાના ભણકારા:

આવતા માર્ચની ૩૧મીએ બીજી યોજનાનું ત્રીજું વર્ષ પૂરું થશે. દર વર્ષે દરેક વર્ષે પ્રાપ્ત થયેલી સિદ્ધિનો અંદાજ કાઢવામાં આવે છે. અને બીજી યોજના વખતે તો અસાધારણ પરિસ્થિતિ ઊભી થવાથી યોજનાને પુનઃ પુનઃ બદલવી પડી છે અને સાધનોની વારંવાર ફેરવિચારણા કરવી પડી છે. યોજના ઘડવાની પ્રક્રિયા ઘણી લાંબી હોય છે. એ સમય અને સાધન માગી લે છે. ત્રીજી યોજનાનો આરંભ સમય ૧લી એપ્રિલ, ૧૯૬૧ હોવા છતાં એની વિભાવના અને આયોજન ૧૯૫૮ના અંત ભાગથી શરુ કરવામાં આવ્યું છે. આવી અગમચેતી આવકારપાત્ર છે. છેલ્લી ક્ષણે યોજનાના ઘડતરમાં ઉતાવળ કરવી પડતી નથી. તેમ જ પ્રજાને એ યોજનાથી પૂરેપૂરી વાકેફ કરી શકાય છે. આ અગમચેતીનું એક ભયસ્થાન પણ છે. જે આર્થિક પરિસ્થિતિની પશ્ચાદ્ભૂમિકામાં યોજનાનો ખ્યાલ બંધાય છે તેની ગાઢ અસર એ યોજનાનાં ધ્યેય, લક્ષ્યાંકો અને સાધનની મોજણી ઉપર પડે છે. જો આર્થિક પરિસ્થિતિ સાનુકૂળ હોય તો યોજનામાં એક જાતનો આશાવાદ જોવા મળે છે. જો પરિસ્થિતિ વિકટ હોય તો બિનજરૂરી ભીતિ અને આશંકા એ યોજનામાં વર્તાય છે. બીજી યોજનાનું ઘડતર ૧૯૫૪ની શરુઆતથી ઉપાડવામાં આવ્યું હતું. એ વખતે ખેતીનો મબલખ પાક ઊતર્યો હતો. ખેતીના ભાવ નીચા ગયા હતા. ઔદ્યોગિક ઉત્પાદનનો આંક વધ્યે જતો હતો. આયોજકોની માન્યતા મુજબ ભારતમાં આર્થિક વિકાસ સ્વસ્થતા (stability)થી થતો હતો. પ્રથમ યોજના ભારતની અર્થરચના માટે એવો સંગીન પાયો નાંખશે કે જેથી હવે પછીની યોજનાઓ એ પાયા ઉપર વૃદ્ધિંગત આબાદી રચી શકશે. આયોજકોએ જે પરિસ્થિતિમાંથી પ્રેરણા લઈને બીજી યોજના ઘડી હતી એ પરિસ્થિતિ બીજી યોજનાના આરંભકાળે ભારતમાં નહોતી! ૧૯૫૫ના મે પછી ભાવ વધતા ગયા. મૂડી અંગેનો માલસામાન અને વપરાશયોગ્ય પુરવઠો આયાત થતો રહેવાથી ભારતની સ્ટર્લિંગ અસક્યામત ઝડપથી ઘટવા લાગી. તદ્દન વિપરીત પરિસ્થિતિ પહેલાં બે વર્ષોમાં ઊભી થઈ. પરિણામે યોજનાના ધ્યેયો બાબત, મૂડીરોકાણના અગત્યાનુક્રમમાં, સાધનોની મોજણી બાબત વારંવાર ફેરવિચારણા કરવી પડી છે. આ નરવી આયોજનનાં લક્ષણો નથી. આયોજન સમિતિમાં વિચારકો અને વહીવટી ધુરંધરો બેઠા હોવાથી આ દૈન્ય અચંબો પમાડે એવું છે. યોજનામાં જડતા ન હોવી જોઈએ. સમયાનુરૂપ એમાં પરિવર્તન થવું જોઈએ. પરંતુ, માત્ર પરિસ્થિતિ ધક્કે ચઢાવે એ પ્રમાણે યોજનામાં ફેરફાર થતા રહે એ યોગ્ય નથી. પરિસ્થિતિ ઉપરનો કાબૂ અને એનું નિયમન આયોજનાનું હાર્દ છે.

આયોજન સમિતિના કામચલાઉ કાર્યક્રમ પ્રમાણે ૧૯૬૦ સુધીમાં ત્રીજી યોજનાનો વિગતવાર મુસદ્દો તૈયાર થશે ૧૯૬૧માં શરુ થતાં પહેલાં યોજનાનું ઘડતર ચાર તબક્કાઓમાંથી પસાર થશે. પહેલા તબક્કા રૂપે આયોજન સમિતિએ સીંચાઈ, વીજળી તેમ જ ખેતી અંગેના પ્રશ્નોના અભ્યાસ માટે જૂથો રચ્યાં છે. આંતરિક અને પરદેશી સાધનોની મોજણી માટે એક જૂથ નજીકના સમયમાં રચવામાં આવશે. આ રીતે સ્વાસ્થ્ય, કેળવણી અને દલિત વર્ગના પ્રશ્નો બાબત નોખાં અભ્યાસ-જૂથો રચવામાં આવશે. હાલમાં આયોજન સમિતિ બીજી પુરોગામી યોજનાઓના સંદર્ભમાં ત્રીજી યોજનાની કાર્યરીતિ અંગે અભ્યાસ કરી રહી છે. ત્રીજી યોજનાનું યોગ્ય ઘડતર ભારત માટે અત્યંત મહત્ત્વની બાબત છે. છેલ્લાં આઠ

વર્ષમાં આયોજન અંગેનો પ્રજાકીય સાથ અને જાગૃતિ ઉત્સાહપ્રેરક નથી રહ્યાં. પરંતુ, પ્રજા એ યોજના શરુઆતથી જ સમજે, એના ઉપર વિચાર કરે, અને જ્યારે એ યોજના ઘડતરની ભૂમિકા ઉપર હોય ત્યારે પોતાના વિચારો અને આશાઓ વ્યક્ત કરે તો એ યોજના ઉપર એનો પ્રભાવ પડી શકે છે. આવી પ્રાણદાયી યોજનાઓના ઘડતર વખતે રાષ્ટ્રવ્યાપી વિચારમંથન પ્રગટવું – પ્રગટાવવું જોઈએ. પ્રસંગોપાત આ નોંધમાં ત્રીજી યોજના પરત્વેના ખ્યાલો રજૂ કરવામાં આવશે.

*

રેપેકીની નવી યોજના :

નવેમ્બરની ચોથીએ પોલેન્ડના પરદેશખાતાના પ્રધાન એડમ રેપેકીએ પૂર્વ અને પશ્ચિમના પત્રકારોને એકાએક વોરસો ખાતે નિમંત્રણ આપી અચંબામાં નાંખી દીધા. પત્રકારોની આ પરિષદમાં રેપેકીએ પોતાની નિઃશસ્ત્રીકરણ અંગેની બીજી સુધારેલી યોજનાની રૂપરેખા મૂકી. આ વર્ષની શરુઆતમાં રેપેકીએ પહેલી યોજના મૂકી હતી. પરંતુ એ યોજના પશ્ચિમી સત્તાને માન્ય નહોતી. એ મૂળ યોજના મુજબમાં અણુશક્તિવાળાં શસ્ત્રોના ઉત્પાદન ઉપર પોલાન્ડ, જર્મની, પૂર્વી અને પશ્ચિમી જર્મનીમાં, અને ઝેકોસ્લોવેકિયામાં સંપૂર્ણ પ્રતિબંધ મૂકવો. આ વિભાગમાં જે સૈન્યો મૂકવામાં આવ્યાં હોય તેમની પાસેથી અણુશક્તિસંપન્ન શસ્ત્રો પાછાં ખેંચી લેવાં. રેપેકી યોજના મુજબ આ દેશોને—મધ્યવર્તી યૂરોપને અણુશક્તિસંપન્ન શસ્ત્રોથી મુક્ત કરવો. ઠંડું કે ગરમ કોઈ પણ યુદ્ધ આ વિભાગમાં ઝડપથી ઊભું થાય છે અને પ્રસરે છે. આવા અત્યંત સ્ફોટક વિભાગને અણુશક્તિવાળાં ભયંકર શસ્ત્રોથી હંમેશા દૂર રાખવાથી આગામી યુદ્ધનો ભય ઘણો હળવો થઈ જશે એવી આ યોજનાની શ્રદ્ધા છે. પરંતુ, પશ્ચિમી સત્તાને એમ લાગ્યું કે આ યોજનાનો સ્વીકાર કરવાથી સત્તાની સમતુલા રશિયા અને એના સાથીદારો માટે ઘણી જ સાનુકૂળ બનશે. અણુશક્તિવાળાં શસ્ત્રો જતાં રહેતાં લશ્કરી બળનો આધાર પરંપરાપ્રાપ્ત (conventional) શસ્ત્ર–સરંજામ ઉપર રહેશે. આ બાબતમાં, પશ્ચિમના મતે, રશિયા વધારે બળવાન છે. પોતાની નવી સંસ્કરણ પામેલી યોજનામાં રેપેકીએ આ બાબતને ધ્યાનમાં લીધી છે. પોલાન્ડ પરંપરાપ્રાપ્ત હથિયારોની બાબતમાં પણ ઘટાડો સ્વીકારવા તૈયાર છે. આ વિભાગમાં અણુશક્તિવાળાં હથિયાર ઉપરાંત પરંપરાપ્રાપ્ત હથિયારોમાં પણ બંને પક્ષે ઘટાડો કરવો. પરંતુ, રેપેકીએ એક ભયસ્થાન પણ બતાવ્યું છે. જો ઘટાડાનાં પ્રમાણ અંગેની વાટાઘાટ અને નિર્ણય પરત્વે લાંબો વિલંબ થવાનો હોય અને એ દરમ્યાન લશ્કરોને વધુ ને વધુ અણુ–શસ્ત્રો અપાવાનાં હોય તો પ્રશ્ન વધારે વિકટ બનતો જશે. કદાચ યોજના અમલમાં યે ન મૂકી શકાય.

રેપેકીની નવી યોજના હેઠળ નિઃશસ્ત્રીકરણ બે તબક્કામાં પૂરું થશે. પહેલે તબક્કે પોલાન્ડ, ઝેકોસ્લોવેકિયા અને બંને જર્મનીમાં અણુ–શસ્ત્રોનું ઉત્પાદન બંધ થશે અને એ વિભાગમાં અણુ–શસ્ત્રોથી સૈન્યોને સજ્જ કરવાની પ્રવૃત્તિ અટકશે. આ પછી મધ્ય યૂરોપનાં આ ચાર રાજ્યો અને ચાર મહાસત્તાઓ વચ્ચે મંત્રણા થયા બાદ ચાલુ પરંપરાપ્રાપ્ત શસ્ત્ર–સામગ્રી બાબત સર્વસંમત ઘટાડો નક્કી કરવામાં આવશે. આંતરરાષ્ટ્રિય નિરીક્ષણ હેઠળ આ બંને યોજનાઓનો અમલ થશે.

આ નવી યોજનાને સહર્ષ વધાવી લેવામાં આવી છે. ઇંગ્લેન્ડમાં જનતા તેમ જ પ્રેસમાં ઘણા અનુકૂળ પ્રત્યાઘાતો પડ્યા છે. એમના મત મુજબ ઓછામાં ઓછું એ યોજના ઉપર યોગ્ય ચર્ચા–વિચારણા થવી જોઈએ, માત્ર એક રશિયા–પ્રભાવિત રાજ્ય તરફથી એ યોજના

આવી છે એટલા માટે એનો ઇન્કાર થવો જોઈએ નહીં. બંને પક્ષોને સંપૂર્ણ સંતોષ થાય અને પરસ્પર સંપૂર્ણ અભય પ્રવર્તે એવી પરિસ્થિતિ કદાચ આ યોજનાથી ન ઊભી થાય તો યે આ યોજનાનો અમલ શરુ થવો જોઈએ. ૧૯૪૬ માં યૂનોએ સ્થાપેલા નિઃશસ્ત્રીકરણના કમિશનથી માંડીને આજ સુધી આવી યોજનાઓનું ભાવિ નક્કી કરવામાં માત્ર ભયે જ નિર્ણાયક ભાગ ભજવ્યો છે. આ નવી યોજના સામે બે ગણનાપાત્ર વિરોધો નોંધાયા છે. આ યોજનામાં જર્મનીને એક કરવાની કોઈ જોગવાઇ નથી. જ્યાં સુધી જર્મની એક ન થાય ત્યાં સુધી બંને જર્મની વચ્ચે, હાકેમો દુશ્મન હોવાથી, ઘર્ષણ રહેવાનું. યુયુત્સાભર્યા જર્મનો માટે આ ઘર્ષણ હંમેશા રણભેરીનો નાદ છે. બીજો વિરોધ એ છે કે આ યોજના હેઠળ અમેરિકાને આ વિભાગમાંથી સૈન્યો હઠાવવાં પડે. રશિયા ભૌગોલિક દૃષ્ટિએ નજદીક છે અને એના પશ્ચિમી વિભાગમાં નખશિખ સજ્જ સૈનિકો પડ્યા-પાથર્યા છે. જો અમેરિકનો ચાલ્યા જાય તો એ વિભાગના અને પડોશી રાજ્યો માટે નાટોનું સંરક્ષણ નબળું પડે, રશિયાનું પ્રભુત્વ વધે. અમેરિકા ખસે પરંતુ અણુશસ્ત્રો ટકે તો જ નાટોના પાયા મજબૂત રહી શકે. નિઃશસ્ત્રીકરણની કોઈ પણ એક યોજના બંને પક્ષોને સંપૂર્ણ સંતોષ આપનારી નીવડે એવું સંભવિત નથી. અને એવી કોઇ યોજનાની પ્રતીક્ષા કરવામાં એ પ્રશ્ન દિવસે દિવસે ગુંચવાતો જાય છે. કોઈ પણ યોગ્ય (reasonable) યોજનાનો તાકીદે અમલ શરુ કરવો અને જેમ પરિસ્થિતિ બદલાય એમ એની યોગ્ય સંભાળ લેવી. આવો વ્યાવહારિક ઉકેલ જ વિશ્વને ખતરનાક શસ્ત્રોથી બચાવી શકશે.

*

અને હવે સુદાન પણ—

સદીઓ સુધી રાજકીય અને આર્થિક ગુલામીમાં રહેલા આફ્રિકા અને એશિયાના દેશો હમણાંના ધીરે ધીરે મુક્ત થતા ગયા છે. એમને રાજકીય આઝાદી મળી છે પરંતુ આર્થિક સ્વાવલંબન એ 'આપવાની' વસ્તુ નથી, એ મેળવવાની-પ્રાપ્ત કરવાની વસ્તુ છે. ઊંચું જીવનધોરણ અને પ્રયત્નો માટેનું મુક્તક્ષેત્ર યોગ્ય રાજકીય વાતાવરણમાં શક્ય બને છે. પરદેશી શાસન જતાં આંતરિક પક્ષો અને નેતાઓ રાજકીય નેતૃત્વ લે છે. આ નેતૃત્વની સફળતાનું માપ કાઢવા માટે દેશના વહીવટી તંત્રની કાર્યક્ષમતા અને આર્થિક પ્રગતિ જોવી પડે છે. દુર્ભાગ્યે પરદેશીઓ ગયા પછી આફ્રિકા અને એશિયાના દેશોમાં રાજકીય નેતૃત્વ કામયાબ નીવડી શક્યું નથી. રાજકરણીઓ આપસમાં લડવા લાગ્યા અને અખિલ રાષ્ટ્રના હિતને ભોગે સ્વાર્થપોષક પ્રવૃત્તિઓ આદરવા લાગ્યા. રાજકીય આઝાદી મળી પરંતુ અમુક કમભાગી રાજ્યોમાં આર્થિક પ્રગતિ થઇ શકી નહીં. વહીવટ એવો ને એવો નાલાયક, રુશ્વતભર્યો અને વિલંબિત રહ્યો. લોકસત્તા સ્થાપી શકાય નહીં. કંગાલિયત અને શોષણ એવાં ને એવાં ખતરનાક રહ્યાં. પ્રજાની આર્થિક પ્રગતિની ભૂખ ન સંતોષાવાથી એમનામાં રાજકરણીઓ પ્રત્યે વિરોધ જાગ્યો છે. એમને ઝડપથી આર્થિક વિકાસ જોઇએ છે, ચોખ્ખું વહીવટીતંત્ર જોઇએ છે, આજીવિકાનું સાધન જોઇએ છે. આવા હતાશાના વાતાવરણમાં રાજકરણીઓને દૂર કરીને લશ્કરી અમલદારો આગળ આવ્યા છે. પ્રજા આવા રાજ્યપરિવર્તનને વિના વિરોધે અપનાવી રહી છે. પોતાના પ્રાણપ્રશ્નોનું ઝડપી નિરાકરણ લશ્કરની મદદથી થતું હોય તો યે એમને પરવા નથી. રાજકરણીઓ એમણે જોઈ લીધા છે. યુદ્ધમાં વિજય અપાવનારા અને રાજ્યના સીમાડાઓના સંત્રીઓમાં પ્રજા હવે વિશ્વાસ મૂકતી જાય છે. લશ્કર એ રાજ્યનું હથિયાર છે. હવે રાજ્યનું સંચાલન એ હથિયાર ચલાવનારાઓના હાથમાં આવે છે. એશિયાના ઇતિહાસમાં લશ્કરી રાજ્યપરિવર્તનની પરંપરા એક અનોખું

પ્રકરણ છે. છેલ્લે ૧૭મી નવેમ્બરે પ્રભાતમાં લશ્કરના વડા જનરલ ઇબ્રાહીમ અબ્બાઉદે સુદાનની સત્તા કબજે કરી. પાર્લામેન્ટ બરખાસ્ત કરી. રાજકીય પક્ષો ગેરકાયદે કર્યા. વર્તમાનપત્રો બંધ કરાવરાવ્યાં. બંધારણ સદંતર નાબૂદ કર્યું. એક સર્વોચ્ચ લશ્કરી સમિતિના હાથમાં સર્વ સત્તા આપી દેવામાં આવી. પાછળથી અબ્બાઉદે એને સંચાલનમાં મદદ કરવા માટે એક 'કેબિનેટ'ની જાહેરાત કરી છે. આ રાજ્યપરિવર્તન પાછળનાં કારણો વિશે. વિવિધ મતો પ્રવર્તે છે. એનાં પરિણામો બાબત પણ તર્ક-વિતર્ક થાય છે. અત્યંત મહત્ત્વની બાબત એ છે કે સુદાન એ નવોદિત લોકશાહી હતું. ૧૯૫૬ માં ચૂંટાયેલી ધારાસભા અને 'કેબિનેટ' રચવામાં આવ્યાં હતાં. ચૂંટણીમાં મદદ કરવા માટે સુદાને ભારત પાસે ચૂંટણી-નિષ્ણાત શ્રી. સુકુમાર સેનની સેવા માંગી હતી. સુદાન ધીમે ધીમે લોકશાહીની પ્રણાલિકા પાડતું હતું. એવી ઉદયોન્મુખ લોકશાહીને વિકાસની તક ન મળી એ એશિયા અને આફ્રિકાનું ગોટું દુર્ભાગ્ય છે. ભારતમાં લોકશાહીપ્રેમીઓને આ 'અકાળ મૃત્યુ'થી ભારે આઘાત થશે.

લશ્કરવાદની મદદથી પ્રશ્નોને ઉકેલવાની ફેશન કદાચ લાંબા ગાળે દેશોને માટે ભયંકર પણ પુરવાર થઈ શકે. સત્તા માત્ર રાજકરણીઓને જ દૂષિત કરે છે એવું નથી. લશ્કરી પુરુષો પણ એના ભોગ બને છે. અને એ લશ્કરી પુરુષોને સત્તાનો નશો વધારે ચડે એ સ્વાભાવિક પણ ગણી શકાય કારણ કે એમની પડખે "તલવાર" લટકતી હોય છે. આ નોંધોમાં આગળ જણાવવામાં આવ્યું છે એ પ્રમાણે, લોકશાહી અને આર્થિક પ્રગતિની સંગીન બુનિયાદ નાંખવી હોય તો લશ્કરી અમલદારો એ યોગ્ય એન્જીનિયરો નથી. એમાં રાજદ્વારી પુરુષોને સુલભ દૂરંદેશી દૃષ્ટિ અને આયોજનની જરૂરિયાત છે. ખૂબ જ ધીરજથી અને ચીવટાઈથી એ ઇમારત ચણવી પડે છે. પ્રજા આવા લશ્કરી રાજ્ય-પરિવર્તન સ્વીકારે છે એ એ પ્રજાની નાગરિક તરીકેની અપરિપક્વતા સૂચવે છે.

*

કૅનેડિયન મહેમાન શ્રી ડીફનબેકર :

કૅનેડાના પ્રધાનમંત્રી જ્હોન જ્યોર્જ ડીફનબેકરનું ઉમળકાભર્યું સ્વાગત થયું છે. ડીફનબેકર દંપતી દુનિયાના ૧૦,૦૦૦ માઇલના પ્રવાસે નીકળ્યાં છે. પાકિસ્તાનમાં થઈ એઓ ૭ દિવસ માટે ભારતમાં આવ્યાં છે. ભારત અને કૅનેડા વચ્ચેનો સંબંધ મૈત્રીભર્યો તો છે જ પરંતુ એ એથી વધારે ગાઢ છે. કૅનેડા કૉમનવેલ્થનું સભ્ય છે અને કૉલોમ્બો યોજના હેઠળ ભારતને ટેકનિકલ મદદ મોટા પ્રમાણમાં પહોંચાડે છે. કૅનેડાએ ભારતને અણુવિજ્ઞાન બાબત પણ અમૂલ્ય સહાય આપી છે. ડીફનબેકરની આ મુલાકાતથી બંને દેશો વચ્ચેનો સંબંધ અને સમજ ઊંડાં બને છે. ડીફનબેકર જ્વલંત વ્યક્તિમત્તા ધરાવે છે. એમની નીતિ સ્વતંત્ર-અમેરિકન નીતિથી અપ્રભાવિત છે. એઓ આખાબોલા તરીકે પંકાયેલા છે ભારતની પાર્લામેન્ટ સમક્ષ કરેલા એમના પ્રવચનમાં એમનો આ ગુણ વર્તાઈ આવે છે. એમના મત મુજબ ભારત અને કૅનેડા વચ્ચે ઘણી બાબતોમાં મતભેદ છે. પરંતુ, શાંતિના ધ્યેયની બાબતમાં બંને રાષ્ટ્રો એક છે. શાંતિ માટેની બંનેની ઝંખના સરખી ઉત્કટ અને પ્રયત્નો સરખા ભગીરથ છે. કાશ્મીરના પ્રશ્નની લવાદ એક વાર કૅનેડિયન મેકનોટનને સોંપવામાં આવી હતી. કાશ્મીરના પ્રશ્નનો ઉકેલ એમની દૃષ્ટિએ કાશ્મીરના પ્રજામત (plebiscite)ની ગણત્રી ઉપર આધાર રાખે છે કૅનેડાની સરકારે પોતાનો અભિપ્રાય હવે બદલ્યો છે અને ડીફનબેકરે કહ્યું એ મુજબ પરસ્પર સલાહ-મશવિરાથી એ પ્રશ્નનો ઉકેલ લાવી શકાય. ડીફનબેકર પોતાનો દરજ્જો અને વગવસીલો (good offices) એને માટે વાપરવાની તૈયારી બતાવો છે—જો એમને એ અંગે નિમંત્રવામાં આવે તો. ડીફનબેકરે વધારેમાં વધારે રસ દિલ્હીની વિકાસ-યોજનામાં

બતાવ્યો છે. કૉમનવેલ્થના એક સભ્યની હૈસિયતે પોતાની શી જવાબદારી છે એના સંપૂર્ણ ભાન સાથે ડીફનબેકરે એ યોજનાઓને સમજવાનો પ્રયત્ન કર્યો છે. ડીફનબેકરે એમના વિદાય-વાયુ-પ્રવચનમાં કહ્યું છે કે એમની ભારતની મુલાકાતથી કેનેડાને તો અવશ્ય ફાયદો થયો જ છે. અને ભારતને પણ એનાથી લાભ છે કારણકે કેનેડા ભારતને વારંવાર આર્થિક અને ટેકનિકલ સહાય આપે છે. ભારતનો "લેણદાર" ભારતની જરૂરિયાતોને વધારે નજીકથી સમજે એમાં ભારતનું શ્રેય રહેલું છે.

*

પંડિત નેહરુની ૬૯મી જન્મજયંતી:

પંડિતજીની જન્મજયંતી દર વર્ષે ઉજવાય છે. પરંતુ, જેમ જેમ એઓ शत शरदम् તરફ આવતા જાય છે એમ એમ હર્ષ વધતો જાય છે. દરેક ભારતીની એ મનોકામના છે કે પંડિતજી સો વર્ષ જીવે. પંડિતજીનો ભૂતકાળ ભવ્ય અને સિદ્ધિભર્યો છે. ભારતીય પ્રજા એમના અપૂર્વ ત્યાગ અને ભવ્ય પુરુષાર્થ પ્રત્યે આભારની લાગણીથી જોશે. પરંતુ ભૂતકાળ જ એમની એકમાત્ર સિદ્ધિ નથી. વર્તમાન અને ભવિષ્યમાં નેહરુ થોડાં વર્ષો માટે "અનિવાર્ય" છે. નેહરુનું લાંબું જીવન એક પ્રબળ રાહત છે. ભારતની આજે નજરે પડતી વિસંવાદિતામાં એઓ એકમાત્ર એકતાનો સૂત્ર છે. નેહરુની આ જન્મજયંતી "बाल-दिन" તરીકે ઉજવવામાં આવી છે. બાળકો પ્રત્યેની નેહરુની પ્રીતિ મશહૂર છે. એક વાર ડૉ. લોહિયાએ એવું કહ્યું હોય એમ સાંભરે છે કે સરમુખત્યારોને બાળકો ઘણાં પ્રિય છે. ડૉ. લોહિયા મુંબઈ ખાતે ખ્રુશ્ચેવને સન્માનવા માટે ભરાયેલી બાળ-પરિષદનો ઉલ્લેખ કરતા હતા. ડૉ. લોહિયાને મન નેહરુ અને ખ્રુશ્ચેવ બંને સરમુખત્યારો છે. સરમુખત્યારોને બાળકો એટલા માટે પસંદ છે કે ઉછરતી પેઢી ઉપર પ્રેમ દ્વારા એ લોકો પોતાનો પ્રભાવ પાડી શકે. 'બાળક માનવીનો પિતા છે.' આવું વલણ થોડું 'સિનિકલ' લાગે છે. નેહરુની બાળ-પ્રીતિ સાચી હોવા વિશે શંકા ન લાવી શકાય. આવતી પેઢી તંદુરસ્ત અને મનની નરવી રહે એ માટે નેહરુ હમેશાં પ્રયત્નશીલ છે. એમનાં પુત્રી ઈંદિરા ગાંધી 'ઈંડિયન કાઉન્સિલ ઑવ ચાઇલ્ડ વેલ્ફેર'ના કાર્યકર્તા છે. પરંતુ જ્યાં સુધી ભારતના વડીલો બાળકોના હિત પરત્વે જાગૃત ન થાય ત્યાં સુધી બાળપ્રેમી નેહરુની વર્ષગાંઠની ઉજવણી સાર્થક બનતી નથી

નેહરુની ૬૯મી વર્ષગાંઠ બીજી દષ્ટિએ પણ યાદગાર રહેશે. એશિયા પબ્લીશિંગ હાઉસ તરફથી નહેરુએ પોતે સંપાદિત કરેલા પોતા ઉપર આવેલા પત્રો, અને થોડા પોતાના પણ, બહાર પડ્યા છે—"A Bunch of Old Letters." નેહરુની વ્યક્તિમત્તા સમજવા માટે આ પત્રો ઘણા જ ઉપયોગી નીવડે એમ છે. આ પત્રોનું માત્ર જીવનકથા પૂરતું જ મહત્ત્વ નથી. એમાં દુનિયાના અનેકવિધ ક્ષેત્રના મહાન માણસોએ લખેલા પત્રો સંગૃહિત થયેલા છે. સરોજિની નાયડુથી માંડીને મોતીલાલ નેહરુ, ગાંધીજી, ટાગોર, રુઝવેલ્ટ, બર્નાર્ડ શૉ, લાસ્કી, રસેલ, હો-ચી-મિન્હ, માઓ-ત્સે-તુંગ વગેરેના પત્રો ૫૩૬ પાનાંમાં સમાવવામાં આવ્યા છે. મોતીલાલ નેહરુ અને ગાંધીજીના પત્રો એલાયદી કોટિમાં મૂકી શકાય. નેહરુના શરૂઆતના જીવનઘડતરમાં એ મહાન વિભૂતિઓની શી અસર હતી એ એ પત્રોને આધારે સમજી શકાય છે. પત્રો ૧૯૧૭થી શરુ થઈને ૧૯૪૭માં ડૉ. સપ્રુના પત્રથી પૂરા થાય છે. એક આખો ગાંધીયુગ એમાં સમાય છે. ગાંધીયુગના રાજકીય પ્રવાહને સમજવા માટે આ પત્રોમાંથી અંગત હકીકતો પ્રાપ્ત થાય છે. આજના રાજકીય ધુરંધરોની વિચારસરણી અને પરસ્પર સંબંધો પણ આ પત્રોને આધારે તારવી શકાય. પત્રોના વાચનથી ત્રીસ વર્ષનો અગત્યનો યુગ વધારે સ્પષ્ટ બને છે.

★

આમ્રપાલીનો બચાવ

—પતીલ

૧ નાગલોકમાં જ્યારે અમારે જવાનું થયું
ત્યારે એક સભા કરી પૂછવા લાગ્યા સહુ
નામ ગ્રન્થાવલોકનનું જીવતું છે રહ્યું
જેમના નામથી એવા પ્રોફેસરો હુબહૂ:
ત્રણે વર્ગમાં જાણીતા અદ્દભુત જ્યોત વડે
વસતા મોજથી અંધકાર તણે ઓરડે.

૨ લાગ્યા પૂછવા પાતાળવાસી સહસ્ર મુખે
કરી કદ્ર અમારી નવી શી પિછાન તણી,
"ગુન્હો દફતરમાં નોંધાવ્યો છે કોઈ મુરખે
આમ્રપાલી તણો અપરાધ અગ્રાહ્ય ગણી:
જાણો છો ખરું કારણ એનું, અમો પૂછિયે,
આપની ખુશી હોય તો ઉત્તર શીઘ્ર દિયે!"

૩ "અમારી જીભથી શું અમે કહીયે?—વારતા
વારતા જેવી જિંદગીને અધૂરે આશ્રયે;"
ફરમાવ્યું અમે નિજ સ્થાન સમારાધતાં,
"કોના દેશ મહીં કોનો ફેંસલો ચૂકવિયે?
હકની દુનિયા મહીંથી છેક બાતલ શા,—
અમારા ફેંસલાના રસજ્ઞો! છે મૂલ્ય કશાં?"

૪ "ખરી વાત પૂછો તો હજી અમે જોઈ નથી
આમ્રપાલી બીચારી, કૃપાથી નસીબ તણી
ચોતાદેવી શી ના ખસતી મનોમંથનથી!
જ્ઞાન આપતી જે વરસાવી મીઠી લાગણી:
લાવ્યા હોય જો બાપડીને તમે કેદ કરી,
કરો હાજર કે શકે સત્વર દાદ વરી!

૫ "નિગાહો-તણાં કામણ શાં કહિયે, સૂરતો?"
ચીજ જોઈ કહ્યું,, અમે, આત્મતણે બદલે
કેવાં બીબાં મહીં ફરી જાગૃત જાન થતો?
સદીઓ સરતી કરે જેહની બૂરી વલે!
ખરું ખોટું છતાં કરી લેખક કૈંક રહ્યો
હકમાં સહુના, રાખી, વાણી પ્રવાહ વહ્યો!

૬ “નથી પૂછવું કાંઈ અમારે તને, રમણી,—
દોડી જા તારા સ્વર્ગમાં સંપૂર્ણ સ્વસ્થ મને;
મુલાકાત મીઠી અજાણ્યા સ્થળમાં આપણી
ઠેરવે છે બધી રીતથી દોષમુક્ત તને,
ચોપડી દળદાર વંચાતી બળાત્કારથી,
વધુ આબાદ થા સહુના હળવા પ્યારથી :

૭, “ચર્ચવા પાત્રતા ચોપડી આમ્રપાલી તણી
મીજમાનો ગુણજ્ઞ, અમારો છે દાવો નહીં;
વણસે વસ્તુઓ લમણાઝીકથી બમણી
શોધે દોષ નકામા જેનો છે પુરાવો નહીં:
આમ્રપાલીને જો ઈન્સાફ કો આપી શકે
આપી દીધો છે ક્યારનો યે તેહના લેખકે!

૮ “કહ્યું શું હતું ખાસ નકામાં પાનાંઓ ભરી
સ્કૉટ મ્હારથીએ, શરૂઆતના સંચયમાં?
લઈ વેવલો નાયક આખી કથા ચિતરી
અને મૂકી દીધી સહુની ખ્યાતીને ભયમાં:
પમાડી ગયો હેરત શી પુરુષાર્થ ફળે,
રહ્યો છે હજી યાદ જે માત્ર વેવર્લી-બળે!

૯ “કવિશ્રી મેઘાણી પણ નોવેલો સજી ગયા,
કેવી સુંદર વાત સાહિત્યના ક્ષેત્ર વિષે?
ગદ્યના મહીંયે પ્રતિભા નિજ મૂકી ગયા,
કોઈને વાસ્તે યા પોતાના કૈં કામ મિષે:
એ જ વાહનમાં વળી છે કવિતા વિહરી
છૂપા, કોમલ, મંજુલ ભાવે કાલેલકરી!

૧૦ “લાંબા આખ્યાનોના ઈલમી જ્યારે ગાતા હતા
પોતાના ઢંગમાં યા બીજાનો પોશાક લઈ
ત્યારે લોકો મહીં આપણા ઓળખાતા હતા;
મશહૂરી જેઓની છે આપણી આજ થઈ—
ગુજરાત તણા નામીચા, રંક ચોગાનમાં
ખપતા નથી બેજાન રાગડાઓ ગાનના.

૧૧ "કરી ઢોંગ અમે પણ નીકળ્યા આ જ છિયે
લઇ ભાથું બીજું. કંઈ અમારું કહેલું ગમે
થયું શું છે અમારું તે હાય! કોને પૂછિયે?
ગિરિ ગોદ તણે બદલે રસાતાલ હમે:
છોડી સાથ જતાં હસતાં સૌમ્ય પાડોશીઓ
વરદાન મહીં મળે આંધળી નામોશીઓ!

૧૨ "શો છે વારતા તંતુ સરસ્વતીચંદ્ર વિષે?
છતાં છે આપણી એક ઉત્તમ ગદ્ય કથા:
કોઇ સંશય છે ન રહ્યો મુનશીજી મિષે,
નથી ઠક્કુર જો, ચુનિલાલ તો છે જીવતા,
સ્વર્ગવાસી દેસાઈએ બાતલ દંભ કર્યો
ખોળે જેમને એક જમાનો નવો પાંગર્યો!

૧૩ ભલે હોય કશું પણ ના આમ્રપાલી મહીં
ખાસ માનવા જેવું, છતાં એક દૌલત છે;
ખોટી મામલતો મહીં કો સપડાયું નહીં,
હાથમાં જેમના સહુ પાત્રની હાલત છે!
અમારા શોખમાં સાચો કૈંક ઉમેરો કરે
નિરખો સહુ તેહને પ્યારભરી નજરે!

૧૪ "ઉમાશંકર જેમ સદા ઉમાશંકર છે,
જાગતા, ઊંઘતા, હરકોઈ લિબાસ મહીં,
મડિયા, મડિયા, પન્નાલાલ પીતાંબર છે.
લખાણોને બળે ઘરમાં ને પ્રવાસ મહીં—
સાડી મોલે છતાં ન પતીલ અજાણ્યો રહે,
ધૂમકેતુ કથારસ તે વિધ માણ્યો રહે!

★

પાશ્ચાત્ય નાટ્યસાહિત્યનો વિકાસ

પ્રોફે. તનસુખ ભટ્ટ એમ. એ., પીએચ. ડી.

લેખાંક પહેલો

પ્રાસ્તાવિક

ગ્રીક ભાષામાં નાટક માટે જે શબ્દ વપરાય છે તેનો અર્થ કાર્ય (A thing done) એવો થાય છે. પ્રેક્ષકગૃહ માટે જે શબ્દ છે તેનો અર્થ જોવાની જગ્યા (A seeing place) એવો છે. પ્રેક્ષકગણ માટે લેટિન ભાષામાં જે શબ્દ છે તેનો અર્થ શ્રોતૃવૃન્દ (Those who listen) એવો થાય છે. આ રીતે જોતાં એમ લાગે છે કે નાટકની શરુઆત દશ્ય અને કાર્યથી થઈ હશે. પહેલાં ક્રિયા આવી પછીથી તેમાં વાણી ભળી. પહેલાં નૃત્ય આવ્યું પછી તેમાં સંવાદ ભળ્યો. પહેલાં શરીરચેષ્ટા આવી, પછી તેમાં માનસિક ચેષ્ટા ભળી. નાટકનો ઇતિહાસ જોતાં એમ લાગે છે કે જુદે જુદે સમયે તેમાં જુદી જુદી બાબતોને અગત્ય મળી હશે. પ્રથમ ઊર્મિઓનું આવિષ્કરણ થતું તો પાછળથી વિચારનો વિસ્તાર તેમાં પ્રમુખ બની ગયો. વીસમી સદીનાં નાટકોમાં, એકમાત્ર હેતુ વિચારમીમાંસાનો હોય છે. વીસમી સદીના પ્રારંભમાં આ ક્રાન્તિ યુરોપીય નાટકોમાં સ્પષ્ટપણે વરતાય છે. બુદ્ધિવાદે નાટ્યલેખન ઉપર ત્યારે એટલી પકડ જમાવી કે અભિનેતાઓ બિચારા મોં છુપાવીને ફરવા લાગ્યા. જે નાટક તેની આદિમ દશામાં નિઃશબ્દ પૂજા-વિધિ રૂપ હતું તે હવે નિષ્કાર્ય નીતિશાસ્ત્ર બની ગયું. જે નાટકની શરૂઆત ભુવાઓનાં ડાકલાં અને હાકોટાથી થઈ હતી તેની વર્તમાન દશા પંડિતસભાના ચમકદાર યુક્તિ પ્રયુક્તિપૂર્ણ સંવાદોમાં આવી રહી.

નાટકની ઉત્પત્તિની ચર્ચાના પ્રારંભે જ બે પ્રશ્નો ખડા થાય છે : (૧) નાટક શા માટે ભજવાય છે? (૨) નાટક કઈ રીતે ભજવાય છે?

નાટક શા માટે ભજવાય છે એ પ્રશ્ન માનસશાસ્ત્રના ક્ષેત્રમાં આવે છે. નાટક કઈ રીતે ભજવાય છે એ પ્રશ્ન ઈતિહાસ સાથે સંબંધ રાખે છે. એરિસ્ટોટલે પોતાના કાવ્યશાસ્ત્ર નામના ગ્રંથમાં આ બંને પ્રશ્નોનો ઉત્તર આપવા યત્ન કર્યો છે. પ્રથમ પ્રશ્નનાં ઉત્તરમાં તે કહે છે કે ધાર્મિક પૂજાવિધિનાં સ્તોત્ર ગાનોમાંથી (Ritual choruses) તેની ઉત્પત્તિ થઈ છે. તે જ રીતે નાટકની ઉત્પત્તિની પાછળ આંતરિક પ્રેરણા કામ કરે છે તેમ કહીને તે માનસશાસ્ત્રીય ક્ષેત્રે ઉત્તર આપે છે.

નાટકની ઉત્પત્તિ વિષે અનેક મતો રજૂ થાય છે. પ્રકૃતિ શિયાળામાં જડતા પ્રસારે છે. વસંત ઋતુ આવતાં તે જડતા, મૃત્યુ જઈને તેની ઉપર ચૈતન્ય અને જીવનનો વિજય થાય છે. આની ઉજવણીમાંથી નાટકની ઉત્પત્તિ થઈ એવો એક મત છે. આને નવપલ્લવનો સિદ્ધાન્ત (Vegetation theory) કહે છે. શીતકાલનો વધ અને વસંતનું પુનર્જીવન

એ આ નાટકનો વિષય છે. અન્ય મતાનુસાર મૃતાત્માઓ પાછળની અન્ત્યેષ્ટિ ક્રિયામાંથી નાટકની ઉત્પત્તિ થઈ છે. મૃતાત્માઓની પૂજામાંથી તેમની પાસેથી પ્રેરણા મેળવવાની આકાંક્ષા જાગે છે. પછી મનુષ્ય માને છે કે તેને પ્રેરણા મળી છે, તે મૃતાત્માનું માધ્યમ બન્યો છે. આથી તે મોરાં પહેરીને મૃતાત્માનો દેખાવ કરે છે અને નાટકનો પ્રારંભ કરે છે. આને ભૂમિદાહનો સિદ્ધાન્ત (Tomb-ritual theory) કહે છે. આમ ધાર્મિક વિધિઓમાંથી નાટ્ય આવ્યું, તેમાંથી નાટ્યકલા આવી, તેમાંથી મનોરંજન આવ્યું. ત્રીજો એક મત એમ કહે છે કે પડોશીની કે કોઈ રાગદ્વેષના પાત્રરૂપ વ્યક્તિની વાંદરનકલમાંથી નાટ્યની ઉત્પત્તિ થઈ છે. માણસને હમેશ અનુકરણ કરવાનું ગમે છે; અને વાંદરવેડા કે વાંદરનકલથી વધારે કઈ વૃત્તિ પ્રબળ હોઈ શકે? આને Imitation theory કહે છે. એરિસ્ટોટલ કહે છે કે મનુષ્ય અતિશય અનુકરણશીલ પ્રાણી છે અને અનુકરણથી શીખે છે. અનુકરણમાંથી આનંદ મેળવવો એ તો સહુને માટે કુદરતી છે. હાંસીઠઠ્ઠા ધીમે ધીમે વ્યવસ્થિત સ્વરૂપ ધારણ કરે છે અને ત્યારે અતંત્ર તોફાનમાંથી તંત્ર સરજાય છે. અભિનય અગત્યનો બને છે. નાટકના પ્રારંભકાળે તે એક રીતરિવાજ અને આવશ્યક કર્તવ્ય હતું; પરંતુ સંસ્કૃતિના વિકાસ સાથે તેમાં મનોરંજન વધતું ગયું.

આમ નાટકનો દ્વિવિધ વિકાસ થયેલો જણાય છે. પહેલી વાત એ કે શારીરિક ચેષ્ટાઓનું સ્થાન માનસિક ઊર્મિઓએ લીધું. અત્યંત તીવ્ર ઊર્મિઓની અભિવ્યક્તિઓનું શરીરચેષ્ટાઓ તો એક સાધન બની ગઈ. બીજી અને વધારે વ્યાવહારિક બાબત એ કે નાટકના વિષયમાં પાર્થિવતા પેઠી. જે નાટક તેના બાલ્યકાળે દેવોનાં પરાક્રમોનું ભયપૂજાજન્ય અનુકરણ હતું તે પાછળથી માનવી પરાક્રમો અને માનવમનોરંજનનું સાધન બન્યું. તેમાંથી અલૌકિકતા ઊડી ગઈ અને લૌકિકતા આવી નાટકનો આરંભ નૃત્યગીતથી થયો. આજે પણ નાટક એટલે નૃત્યગીતનો કોથળો એવી એક માન્યતા કાયમ છે. જૂનાં દેવપૂજાનાં મૂક નાટકો અને વર્તમાન કાળની સંગીતપ્રચુર સુખાન્તિકા એ નાટકના વિકાસના બે છેડા છે. પરંતુ હજી તેમાં ફેરફારોને સ્થાન છે. દેશકાલાનુસાર નાટક સદૈવ પરિવર્તનશીલ રહ્યું છે.

નાટક શા માટે ભજવાય છે? દરેક પ્રજાને પોતાની સંસ્કૃતિ હોય છે. પ્રજાને જેટલી આવશ્યકતા હોય તેટલા પ્રમાણમાં તેની સંસ્કૃતિ નાટકને સરજાવે છે અને જેટલી શક્તિ હોય તેટલા પ્રમાણમાં વિકસાવે છે. નાટક કઈ રીતે ભજવાય છે? નાટક અર્થાત્ તેનો વિષય વિવિધ પ્રકારનો હોય. તે વ્યક્તિવિષયક હોય કે સમષ્ટિવિષયક હોય; તે ગદ્યમય હોય કે પદ્યમય હોય; તે કાષ્ઠપૂતળી દ્વારા ભજવાય કે પહેરેલાં મોરાં દ્વારા ભજવાય. ક્યારેક તે નૃત્યાલયની યાદ આપે તો ક્યારેક પુસ્તકાલયની. જેવી રંગભૂમિ માટે તે લખાયું હોય તેવું તેનું સાહિત્યસ્વરૂપ હોય. જે સામાજિક, ઐતિહાસિક, પૌરાણિક કે કાલ્પનિક વિષયને તે ચર્ચવા ધારે તે તેની કરોડરજ્જુ હોય. નાટકની કોઈ નિયમબદ્ધ તર્કશુદ્ધ વ્યાખ્યા નથી. અનુકરણ કે સંઘર્ષ શબ્દોથી કોઈ વિશિષ્ટ પ્રકારનો અર્થબોધ થતો નથી. નાટક અનુકરણાત્મક હોય, સર્જનાત્મક હોય કે ટીકાત્મક હોય. ગ્રીક અભિનેતાઓ માનવીનું અનુકરણ કરીને સંતોષ માનતા ન હતા. તેઓ પરિદૃશ્યમાન જીવન કરતાં કંઈક વધુ વિશાળ, વિરાટ વસ્તુ આપવાનો યત્ન કરતા. આથી તેઓ મોરાં પહેરીને અતિકાય બનતા. પરિણામે ગ્રીક અભિનય વાસ્તવદર્શી

ન રહેતો હોય તે ભલે; પરંતુ ગ્રીક કરુણાન્તિકાનો ભવ્ય કરુણરસ તો તેના બહારમાં અભિવ્યક્ત અવશ્ય થતો. પૌરાણિક દંતકથાઓને આથી હાનિ નહિ પણ પુષ્ટિ જ પ્રાપ્ત થતી. મધ્યયુગનાં ચમત્કૃતિમય નાટકો (*Mystery play*) માં પણ અભિનેતા ખાસ પોશાક પહેરતો. આમ જૂનાં પ્રતીકોથી તે આજના સ્વાભાવિક અભિનય સુધીનાં બધાં પ્રાકટયસાધનો રંગભૂમિએ અજમાવ્યાં છે. હવે તો ધ્વનિપ્રસારણના યુગમાં અભિનય વિના પણ ચાલી શકે છે. એટલું જ નહિ પણ નાટક દશ્યાત્મક શ્રાવ્યકલા હતી તેમાંથી તેનું કેવલ શ્રાવ્યકલા સુધી રૂપાંતર થયું છે. પરંતુ આને નાટકનો સમગ્ર રૂપપરિવર્ત ગણવાને બદલે જો એક શાખા જ ગણીએ તો, વ્યાખ્યાઓ ગમે તેવી અધૂરી અને અસંતોષકારક હોય છતાંયે, નાટકની આવી કંઈક વ્યાખ્યા અપાય:—

"નાટક એટલે ઊર્મિઓ અભિપ્રાયો અને ઘટનાઓનું, માનવમાધ્યમ દ્વારા ત્રિપરિમાણના ફલક ઉપર થતું અનુકરણ." આમાં કાષ્ઠપૂતળી પાત્ર હોય તો પણ તેનો સૂત્રધાર તો માનવી જ છે, તેના હાથપગ છે. આમાં સંગીતનો સુકાળ હોય કે દુકાળ હોય, દશ્યપરંપરા હોય કે એકાકી દશ્ય હોય; આયોજનનાં સાધનો બારકીટ જેટલાં હોય કે એક પણ ન હોય; અભિનેતા એકલદોકલ હોય કે વૃન્દ હોય; એકાકી કાવ્યગાયક હોય કે સમૂહમાં ઘોંઘાટ હોય; પાત્રો મૂક હોય કે વાચાળ હોય.

નાટયની વ્યાખ્યા કે શાસ્ત્રો રચાયાં છે પણ નાટકે ઘણીવાર તેની અદબ જાળવી નથી. તેણે નવા નવા ફાંટાબાજ તુક્કાઓ શોધીને શાસ્ત્રોને હાસ્યાસ્પદ બનાવ્યાં છે. દરેક સજીવ કલાનો આ જ ઇતિહાસ છે. સંક્ષેપમાં, જેમ જેમ વિવિધ રાષ્ટ્રો અને સંસ્કૃતિનાં નાટકો આપણે જોતા જઈએ છીએ તેમ તેમ અનુભવ થાય છે કે માનવોની વિવિધ જાતિ અને ગુણો પ્રમાણે નાટકની આયોજનકલા વિવિધ પ્રકારની હોય છે. નિયમો અને શાસ્ત્રો તો પુસ્તકાલયોમાં રહી જાય છે અને માનવચૈતન્ય તેના સર્જનાત્મક સ્વરૂપમાં અવનવા પ્રયોગો કરતું જ જાય છે. કેટલાકને તેમાં શાસ્ત્રોની ઉપેક્ષા લાગે છે તો કેટલાકને માનવસિસૃક્ષાનો ઉત્કર્ષ વરતાય છે.

* * *

લેખાંક બીજો

ગ્રીક નાટકો

જગતના ઘણા દેશોમાં બન્યું છે તેમ સુખાન્તિકા અને શોકાન્તિકા (Commedy and tragedy) એ બંને નાટયપ્રકારોનો ઉદ્‌ગમ ધાર્મિક વિધિઓમાંથી થયો લાગે છે. અવશિષ્ટ રચનાઓને અભાવે ગ્રીક સુખાન્તિકાનો આરંભ અને વિકાસ જાણવાનું કામ સરળ નથી; પરંતુ સદ્‌ભાગ્યે, મહાન ગ્રીક નાટયકારોની સર્વશ્રેષ્ઠ શોકાન્તિકાઓ આજે ઉપલબ્ધ છે. તેમાંથી તેમની ઉત્કૃષ્ટ સર્જનશક્તિ તથા તેનો સુસ્પષ્ટ વિકાસ જોઈ શકાય છે. પ્રારંભિક મંત્રવિધિઓમાં વૃંદગાયકો અને તેમના મુખ્ય પુરોહિત વચ્ચેના સાદા સંવાદમાં

શોકાન્તિકાનું મૂળ હોવાનું મનાય છે. આ વૃન્દગાન સાદા છુટાછવાયા દેવપરાક્રમોના ઉલ્લેખો-માંથી વિકસિત થતાં તેમાં કથાતત્ત્વનો અંશ દાખલ થયો અને થોડા સમયમાં તો કોઈ દેવ વિષેની કથા આદિમ કવિતાના દેહે અવતરી. આમ કોઈ વિશાલ સંકુલ ધાર્મિક વિધિના અંગરૂપે નાટક પ્રગટ થયું હશે. શ્રોતૃગણ પ્રસંગોચિત ભયાન્વિત પૂજાભાવથી ધડકાઈ જતો. અમુક પ્રકારનો દૈવીભાવ એ આવાં નાટકોમાં મુખ્ય સૂર બન્યો. પરંતુ દરેક નાટકમાં શ્રોતાઓને દિઙ્મૂઢ કરતો દૈવી પ્રસંગ ઊભો કરવા જતાં તેના સંવિધાનમાં એકવિધતા આવી ગઈ; પરિણામે નાટ્યલેખકો બહુ થોડા વિષયો અજમાવી શકતા. આવાં નાટકો વિશાળ અર્ધ-ચંદ્રાકાર ખુલ્લા રંગભવનમાં ભજવાતાં. આવાં રંગભવનનાં ખંડેરો આજે પણ એથેન્સની આસપાસ જોવા મળે છે. ગ્રીક નાટકો પણ શિલ્પકૃતિ જેવાં સુંદર અને તેવાં જ ગતિહીન જોવા મળે છે. તેમાં કોઈ પ્રક્ષોભને સ્થાન નથી. સંવાદ અભિજાત અને રાજવી ઢબનો હોય છે. તેમાં ચપળતા કે છુટછાટની આશા ન રખાય. આનું કારણ એ છે કે હજારો પ્રેક્ષકોને અવાજ પહોંચાડવા માટે પાત્રો મોંએ ભૂંગળાં (*megaphone*) રાખીને બોલતાં. આથી સંવાદમાં શીઘ્રતાને સ્થાન ન હતું. આમ મોટેથી બોલતાં થાકી જવાય ત્યારે વૃન્દગાયકો કથાતંતુ ઉપાડી લેતા અને નટોને આરામ મળતો હશે. ગ્રીક શોકાન્તિકા ગજગામિની હતી તેનું કારણ અહીં ધ્વનિપ્રસારણજન્ય શ્રમમાં મળે છે. શ્રોતૃવૃન્દ વિવિધ પ્રકારના માનવસમુદાયોનું બનેલું હતું. આથી સર્વેને આકર્ષવા માટે નાટકનું વાતાવરણ નિરામય, ઊર્મિખચિત અને સર્વસ્પર્શી રહેતું.

એરિસ્ટોટલ તેના કાવ્યશાસ્ત્રમાં ચર્ચા કરતાં કાવ્યના ચાર પ્રકાર પાડે છે. તે કહે છે કે કાવ્યનો વિકાસ દ્વિવિધ છે; કાવ્યના મુખ્યત્વે બે પ્રકાર છે: વીરકાવ્ય અને કટાક્ષકાવ્ય (**Heroic poetry and Satire**). વીરકાવ્યમાંથી શોકાન્તિકાનો ઉદ્ભવ થયો અને કટાક્ષકાવ્યમાંથી સુખાન્તિકાનો. તેણે શોકાન્તિકા અને સુખાન્તિકાની ચર્ચા કરી છે. અને તેમાંથી નીપજતા સિદ્ધાન્તો વીરકાવ્ય અને કટાક્ષકાવ્યને લાગુ કરવાનું વિચારેલું; તેની શોકાન્તિકાની ચર્ચા તો તૂટકછૂટક સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે ખરી પણ સુખાન્તિકા વિષેનું લખાણ ઉપલબ્ધ નથી. તો પછી તે જને ઉપરથી તેના મૂળપ્રકૃતિરૂપ કાવ્યોની તો વાત જ શી કરવી?

શોકાન્તિકા વિષેની તેની વ્યાખ્યા આમ છે:—

"કોઈ ગંભીર, સ્વયં સંપૂર્ણ અને અમુક પરિમાણ ધરાવતા પ્રસંગનું, કૃતિના દરેક અંશને ઉચિત આનંદ આપે એવી ભાષામાં વર્ણન નહિ પણ નાટકના રૂપમાં, દયા અને ભીતિ દ્વારા એવી લાગણીઓનું "કૅથાર્સિસ" (ચિત્તશોધન) સાધતું અનુકરણ તે શોકાન્તિકા."

[Tragedy is the imitation of an action that is serious, complete in itself, and possessing a certain magnitude, in language that gives delight appropriate to each portion of the work; in the form of drama, not of narration; through pity and fear accomplishing its Katharsis of such emotions.]

આ શોકાન્તિકાના રચનારે કેટલાક નિયમો પાળવાના હતા એમ કહેવાય છે. આ નિયમો એટલે નાટકની સળંગસૂત્રતા, એકસૂત્રતા કે એકતાના નિયમો. યુરોપમાં પ્રજાજીવનનું અને પરિણામે સાહિત્યનું પુનર્જીવન થયું તે કાળને પુનરુત્થાન કાળ કહે છે. આ પુનરુત્થાન કાળના વિવેચકોએ ગ્રીક નાટ્યાન્તર્ગત સળંગસૂત્રતા વિષે સારી ચર્ચા કરી છે અને તેની ઉપર પુષ્કળ ભાર દીધો છે. આથી યુરોપના અનેક દેશો આગળ ગ્રીક શોકાન્તિકાઓ આદર્શ રૂપે રહેલી. પરંતુ કેટલાક વિવેચકો એમ કહે છે કે જે સળંગસૂત્રતાઓનું આરોપણ ગ્રીક નાટકો વિષે કરવામાં આવ્યું છે તેની કોઈ સળંગસૂત્રતાનો પ્રભાવ તે સાહિત્ય ઉપર દેખાતો નથી, એટલું જ નહિ પણ કોઈ કોઈ તો એમ કહે છે કે ગ્રીક નાટ્યકારો આવા નિયમોથી બદ્ધ નહોતા કારણ કે તેઓ તેમને જાણતા નહોતા. આ નિયમો કે સળંગસૂત્રતા એટલે (૧) સંવિધાનની એકસૂત્રતા; (૨) કાળની એકસૂત્રતા; અને (૩) સ્થળની એકસૂત્રતા.

સમયની એકસૂત્રતાનો ઉલ્લેખ એરિસ્ટોટલે કરેલો છે ખરો પણ તે તો મહાકાવ્યથી કે વીરકાવ્યથી શોકાન્તિકાનો ભેદ દર્શાવવા પૂરતો જ; જેમકે મહાકાવ્ય લાંબા કાળને આવરે જ્યારે શોકાન્તિકા ચોવીસ કલાકમાં જેટલું બને તેટલા વસ્તુને જ ઘણુંખરું વિષયભૂત કરે છે. આ વાત સાવ સાચી છે.—ગ્રીક નાટકોમાં વૃન્દગાયકો તેના આદિથી અંત સુધી હાજર રહેતા અને સાથ પુરાવતા. એટલે તેમને લક્ષમાં રાખીને સમયમર્યાદા કદાચ ટૂંકી આંકવામાં આવી હશે. હવે બીજી આવે છે સંવિધાનની સળંગસૂત્રતા. જો સંવિધાનમાં સળંગસૂત્રતા ન હોય તો તે નાટક જ ન બને. જગતની કોઈ પણ સાહિત્યકૃતિને માટે આ નિયમ આવશ્યક છે. પણ તેનો અક્ષરશઃ અર્થ ઘટાવીએ તો એટલો થાય કે વસ્તુ સીધેસીધું, પૂરના પ્રવાહની જેમ ચાલવું જોઈએ અને તેમાં સંકુલતા ન જોઈએ. જો આવો અર્થ ઘટાવીએ તો કહેવું જોઈએ કે અનેક ગ્રીક નાટકોએ તેનો છડેચોક ભંગ કરેલો છે. શુદ્ધ શોકાન્તિકામાં પણ હાસ્યનાં છાંટણાં મળે છે જે આ નિયમનો સ્પષ્ટ ભંગ છે. વૃદ્ધ ધાત્રીઓ અને દૂતોને અનેકવાર હાસ્યાસ્પદ બનાવતી શોકાન્તિકાઓ રચાઈ છે. ત્રીજી સળંગસૂત્રતા તે સ્થળની; અર્થાત નાટકનું સ્થળ એક જ હોવું જોઈએ અને તેમાં પરિવર્તન શક્ય નથી. આ કહેવાતી સળંગસૂત્રતાનો નિયમ કાવ્યશાસ્ત્રમાં ક્યાં ય લખેલો જોવામાં આવતો નથી. ગ્રીક રંગભવનની પરિસ્થિતિને કારણે આ નિયમ તેનાં નાટકોમાં દેખાતો હશે. પરંતુ ગ્રીક નાટ્યકાર એસ્ચીલીસ અને સોફોક્લીસ, એવી સળંગસૂત્રતાઓનો છડેચોક ભંગ કરે છે તે દર્શાવે છે કે પ્રાકૃતિક પરિસ્થિતિને કારણે ગ્રીક નાટ્યલેખનમાં અમુક મર્યાદાઓ જાણ્યે-અજાણ્યે આવી ગઈ હશે, જેને પાછળના વિવેચકોએ જડબેસલાખ નિયમો તરીકે ઠપકારી બેસાડી. ગ્રીક નાટ્યકારોએ આ નિયમોનો ભંગ કરીને અનેક સ્થળે પ્રેક્ષકવર્ગને મંત્રમુગ્ધ રાખ્યો છે. એમ લાગે છે કે વિકસતા જતા ગ્રીક નાટ્યસાહિત્યને અમુક મર્યાદાઓ જાળવવી કેટલીક વાર આવશ્યક જણાઈ હશે તો કેટલીક વાર તેનો ભંગ પણ અનિવાર્ય બન્યો હશે. પરંતુ આવશ્યકતાઓ દાસી તરીકે નાટ્યકાર આગળ ઊભી રહેતી; નહિ કે રાજદંડ ધારણ કરી શાસન કરનાર સામ્રાજ્ઞી તરીકે.

અહીં જ ગ્રીક નાટકોનું સ્વરૂપ વિચારી લઈએ. પુરાણા સુખાન્તિકાકાર એરિસ્ટોફેનિસને પદ્ધતિસરના અંકો નાટકમાં હોવા જોઈએ એવું જ્ઞાન ન હતું. છતાં તે પ્રતિભાશાળી નાટ્યકારે સાહજિક પ્રેરણાથી નાટકના સાત વિભાગો પાડ્યા છે, જેમકે,

(૧) પ્રારંભ અથવા નાન્દી (prologue). તેમાં નાટ્યના કથાવસ્તુનું સૂચન કે સંક્ષિપ્ત નિર્દેશ કરાતો.

(૨) પ્રવેશ (Entrance). અહીં વૃન્દગાયકો ગીત ગાતા ગાતા પ્રવેશ કરતા. આ બંને વિભાગો કેવળ પ્રાથમિક કે ઔપચારિક ગણાય.

(૩) સિદ્ધાન્તચર્ચા (Agon). આમાં નાટકનાં પ્રમુખ પાત્રો નાટકના વિષયની તાત્ત્વિક ચર્ચા કરતાં. આ વિભાગ એટલે નાટ્ય વસ્તુનો સંવાદાત્મક પરિચય. આ વિભાગો "ટૂંક સાર તથા ગાયનો"ના સ્વરૂપમાં નાટકશાળાની બહાર વેચાતા એવો આપણા જમાનાનો અનુભવ છે.

(૪) વૃન્દગાન કે સંગીતિ (parabasis). વૃન્દગાયકો અહીં તેમનું નાટ્યસંબંધી ગાયન ચલાવતા. કેટલીક વાર તે દીર્ઘ પણ રહેતું.

(૫) મુખ્ય નાટ્યવસ્તુ (Episodia). અહીંથી રંગભૂમિ પર કાર્યપરંપરા અને કાર્યવેગ આરંભાય છે અને જોર પકડે છે. જે સિદ્ધાંતની ચર્ચા (Agon) તેના તાત્ત્વિક સ્વરૂપે અગાઉ થઈ ગયેલી તેને જ અહીં તેના સાંસારિક સ્વરૂપમાં રજૂ કરવામાં આવે છે. આમ મુખ્ય ભાગ પૂરો થાય છે.

(૬) વૃન્દગાન (Stasima or chorika). અહીં મુખ્ય કથાવસ્તુ ઉપરથી બોધ તારવીને તેને ગીતરૂપમાં મૂકવામાં આવે છે. કેટલીક વાર સિદ્ધાન્તચર્ચાનો પૂર્વનો બોધ પણ અહીં મુકાય છે.

(૭) વિદાય ગીત (Exodus or exit-song). અહીં વૃન્દગાયકો તેમનું અંતિમ ગીત ગાય છે. અને નાટ્યવસ્તુના મુખ્ય પ્રસંગોનો અને વિશિષ્ટતાઓનો (Salient features) ઉલ્લેખ કરે છે. આમ એરિસ્ટોફેનિસની સુખાન્તિકાઓ સાત વિભાગોમાં વહેંચાયેલી જણાય છે.

શોકાન્તિકાઓમાં નાટકને પાંચ વિભાગોમાં વહેંચવાનું વલણ દેખાય છે. દરેક બે વિભાગ વચ્ચે વૃન્દગાન આવતું અને આમ ચાર વખતનું વૃંદગાન પાંચ વિભાગોને સ્પષ્ટપણે દર્શાવતું. કાળાંતરે જ્યારે નાટકના એક અવયવ તરીકે વૃન્દગાન કામ કરતું બંધ પડ્યું અને અદૃશ્ય થયું ત્યારે આ પાંચ વિભાગો જ નાટકનું મૂળ અંગ બન્યા. આવી શરૂઆત ગ્રીકોના સમયથી જ થઈ ગયેલી જોવામાં આવે છે. આ પ્રથા ઉપરથી જ ભવિષ્યના વિવેચક હોરેસે ભાવિ શોકાન્તિકાકારને તેની કૃતિને પાંચથી વધારે નહિ અને પાંચથી ઓછા નહિ તેટલા અંકોમાં વિભક્ત કરવાની સલાહ આપી હશે. પુનરુત્થાનકાળના વિવેચકોએ આમ હોરેસવાક્ય પ્રમાણભૂત ગણ્યું જણાય છે.

ચાલુ]

ગ્રામરક્ષક દળ

ડૉ. સુમન્ત મહેતા

"જે ગામડાંઓમાં પહેલાં વહુવારુ તો ઠીક પણ દીકરીઓ યે જાહેરમાં આવતાં અચકાતી હતી ત્યાં આજે મોટી ઉંમરની સ્ત્રીઓ, નાની છોકરીઓ, તથા કુટુંબની વહુદીકરીઓ પણ જાહેરમાં હિંમતપૂર્વક નીકળી શકે છે, અને ખભે બંદૂક મૂકીને રાઈફલની તાલીમ લઈ શકે છે. ખૂબીની વાત તો એ છે કે ખેડા જિલ્લાનાં ગામડાંની કન્યાઓએ તો અખિલ ભારત શૂટિંગ હરીફાઈમાં ઈનામો મેળવ્યાં છે."

ખેડા જિલ્લા ગ્રામરક્ષક દળના સહ–અમલદાર (ડિફેન્સ ઓફિસર) શ્રી. શામળભાઈ બેચરભાઈ પટેલ છે. એમણે એમના દળનો ૧૯૫૧ થી '૫૭ સુધીનો હેવાલ પ્રગટ કર્યો છે.

મુંબઈ પ્રાંતમાં ૧૯૪૭માં હોમ ગાર્ડ્સની પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી હતી. ગ્રામરક્ષક દળની પ્રવૃત્તિ ૧૯૪૮ થી શરૂ થઈ, અને તેમાં સરકારી પોલીસખાતાનો સારો સહકાર મળે છે. જે ગામડાંઓમાં રક્ષણદળો શરૂ થયાં છે ત્યા ચોરી લૂંટફાટ તથા બીજી હેરાનગતિના બનાવો અટકી ગયા છે. ૧૯૫૧થી રાઈફલની તાલીમ શરૂ કરવામાં આવેલી. પાંચ વર્ષની અંદર ખેડા જિલ્લામાં ૫૦૦૦ જુવાનો તથા ૭૦૦ જેટલી યુવતીઓને શૂટિંગની રીતસરની તાલીમ મળી ગઈ છે. ઘણાં ગામોમાં હવે લાયસંસવાળી રાઈફલો ગામડાઓમાં આપી છે.

આ હેવાલની અંદર અનેક ગામડાંઓનાં રક્ષકદળોએ ધાડપાડુઓનો સફળતાથી સામનો કર્યાનાં દૃષ્ટાંતો આપ્યાં છે.

ગુજરાતમાં ખેડા, મહેસાણા તથા બનાસકાંઠા જિલ્લાઓ લૂંટ, ચોરી, (ગામડાં લૂંટવાની તેમજ ઢોરચોરી) તથા બાળવાના ગુનાને માટે પ્રખ્યાત છે. તેવી જ રીતે સૌરાષ્ટ્રમાં પણ ઠેરઠેર "માયાભારે" ગુંડાઓ અને "ચૌદશિયા" પ્રજાને રંજાડે છે. આ દુષ્ટ પ્રવૃત્તિઓને જડમૂળથી નાબૂદ કરવા માટે ગ્રામરક્ષક દળોની ઘણી જ જરૂર છે.

બીજા જિલ્લાઓમાં આવાં દળો કેટલાં સ્થપાયાં છે તેની માહિતી અમને નથી. પણ હવે સમય એવો આવતો જાય છે કે જ્યારે દરેક ગામડે તથા દરેક પોળે પોતાનું આત્મરક્ષણ કરવાનું તથા ઘવાયેલાંની યોગ્ય સારવાર કરવાનું શીખવું પડશે.

શઠમ્ પ્રત્યે શાઠ્યમ્‌માં એક વખત માનનારા શ્રી શામળભાઈ સાબરમતી આશ્રમના પ્રતાપે અહિંસક બની ગયા હતા. એમના દેશપ્રેમ તથા સેવાશક્તિના પ્રતાપે ખેડા જિલ્લાના રક્ષકદળને એમણે તનતોડ મહેનત લઈને ખીલવ્યું છે. એ માટે તેમને ધન્યવાદ ઘટે છે.

થોડા જ સમય પહેલાં (ગયા માર્ચ મહિનામાં) આખા દેશભરની ગ્રામરક્ષક દળની સ્ત્રીઓની શૂટિંગ (બંદૂક તાકવાની) હરીફાઈ બેંગલોરમાં થઈ હતી તેમાં આ ખેડા જિલ્લાની બે બહેનો ખૂબ ઊંચે નંબરે આવી હતી અને તેમને ઇનામ મળ્યાં હતાં. એ બતાવી આપે છે કે જો સ્ત્રીઓને તાલીમ આપવામાં આવે તો નાગરિક ધર્મ પાળવામાં સ્ત્રીઓ પુરુષોની બરાબરી કરી શકે તેમ છે.

અનુસ્વાર અષ્ટક

'સુન્દરમ્'

[હરિગીત છંદ]

હું બિંદુ સુંદર માત શારદને લલાટે ચંદ્ર શું,
મુજને સદા યોજો સમજથી, ચિત્ત બનશે ઇંદ્ર શું;
મુજ સ્થાન ક્યાં, મુજશી ગતિ જાણી લિયો રસ પ્રેમથી,
તો સજ્જ બનશો જ્ઞાનથી, સૌન્દર્યથી ને ક્ષેમથી. ૧

તો પ્રથમ જાણો 'હું' અને 'તું'માં સદા મુજ વાસ છે,
આ જ્ઞાન વિણ 'હુ-હુ' અને 'તુ-તુ' સમો ઉપહાસ છે;
હું 'કરુ'–'વાંચુ'–'લખુ' જોજો એમ લખશો લેશ તો,
મા ભારતીના રમ્ય વદને લાગતી શી મેશ જો. ૨

નરમાં કદી નહિ, નારીમાં ના એકવચને હું રહું,
હું કિંતુ નારી-બહુવચનમાં માનવંતું પદ ગ્રહું;
'બા ગયાં' 'આવ્યાં બેન મોટાં' એમ જો ન તમે લખો,
'બા ગયા', 'આવ્યા બેન મોટા' શો પછી બનશે ડખો. ૩

ને નાન્યતરમાં તો ઘણી સેવક તણી છે હાજરી,
લો, મુજ વિનાના શબ્દની યાદી કરી જોજો જરી;
સૌ મુજ વિશેષણ એક ને બહુવચનમાં રાખો મને,
યાચું કૃપા આ ખાસ, મારો ભરખ ત્યાં ઝાઝો બને. ૪

'શું ફૂલ પેલું શોભતું!' જો આવું પ્રેમે ઉચ્ચરો,
'શાં ફૂલ પેલાં શોભતાં!' બહુવચનમાં વાણી કરો;
'મોજું' નિહાળો એક નીરે, ત્યાં પછી 'મોજાં' બને,
'બમણાં' અને 'તમણાં' પછી 'અણગણ્યાં', કોણ કહો ગણે? ૫

ને બંધુ, પીતાં 'નીર ઠંડું' ના મને પણ પી જતા,
ને 'ઝાડ ઊંચાં' પર ચડો તો ના મને ગબડાવતા;
'બકરા' અને 'બકરાં', 'ગધેડા' ને 'ગધેડાં' એક ના,
'ગાડાં' અને 'ગાંડાં' મહીં જે ભેદ, ભૂલો 'છેક ના. ૬

ને જ્યાં ન મારો ખપ, મને ત્યાં લૈ જતા ન કૃપા કરી,
નર જાતિ સંગે મૂકતાં, પગ મૂકજો નિત્યે ડરી,
કો મલ્લને એવું કહ્યું જો 'ક્યાં ગયાં'તાં આપ જી!'
જોજો મળે ના તરત મુક્કાનો મહા સરપાવ જી. ૭

તો મિત્ર મારી નમ્ર અરજી આટલી મનમાં ધરો,
લખતાં અને વદતાં મને ના સ્વપ્નમાંયે વિસ્મરો;
હું રમ્ય ગુંજન ગુંજતું નિત જ્ઞાનના પુષ્પે ફરું,
અજ્ઞાનમાં પણ ડંખું-કિંતુ એ કદી નહિ હું કરું. ૮

(દોહરા)

અનુસ્વારનું આ લખ્યું સુંદર અષ્ટક આમ,
પ્રેમ ધરી પાકું ભણો, પામો સિદ્ધિ તમામ. ૯

છાપે છાપે છાપજો, પુસ્તક પુસ્તક માંહ્ય,
કંઠે કંઠે કરજો, ધરો શારદ માત સહાય. ૧૦

પાકો આનો પાઠ જો કરવાને મન થાય,
સૂચન એક સમર્પું તો, કમર કસી લો, ભાઈ! ૧૧

નકલ કરો અષ્ટકતણી એકચિત્ત થઈ ખાસ,
અનુસ્વાર એંશી લખ્યાં પૂર્ણ, તો બસ પાસ. ૧૨

ફરી વાર અનુસ્વારોની સંખ્યા : ૮+૫+૧૩+૪+૧૪+૧૨+૯+૧૫=૮૦

નટવરલાલ પ્રભુલાલ બુચ

૧

સાફલ્ય ?

[મિશ્રોપજાતિ]

ગાંધી સરીખો બનવા **મહાત્મા**
ઉરે ધરી આશ ઘણું કર્યું મેં :
ચોરી કરી મેં ય લગીર સ્વર્ણની,
-આસ્વાદ લીધો અજમાંસનો યે,
પીધાં ઘણાં મેં ય સિગારઠૂંઠાં,
મૂડો રખાવ્યો, પરિધાન પોતડી—
તું યે કર્યું મેં કંઇએક વર્ષ,
પત્રો લખ્યા રદ્દ થયેલ રેપરે,
બાફેલ ખાધું, ઉપવાસ કીધા—
બધું કર્યું મેં; ફળ સાંપડ્યું જે,
લોકો કહે છે મુજને '**મહા–તમા.**'

૨

વકીલ અને વાળંદ

[અનુષ્ટુપ]

એકદા ઘરને ઓટે, ડોસા વાળંદ આગળે
કરાવે ક્ષૌર દાઢીનું વર્ધમાન વકીલજી.
વકીલે કરતાં હાસ્ય, કીધું આમ કટાક્ષમાં:
" તને 'લા જબરો જાણું, તારી જોડ ન જોઇ મેં:
રાય ને રંક એવા તેં, મૂંડિયા કેટકેટલા !"
ઓખલું મોં મલકાવી ડોસો વાળંદ બોલિયો,
" કરજો માફ, સાહેબ ! ધંધાભાઈ તમે-અમે:
મૂંડું હું સવળે અસ્ત્રે, અવળે આપ મૂંડતા."

૩

ઉખાણું

" નીલવરણુ, અતિશીઘ્રગમન,
વિદ્યુત્-દીપે કરતી રજની દન,
ગરજન કરતી નિત ધાવન્તી,
કૈં ય પ્રવાસી ઘર લાવન્તી,
યોગ્ય સમય ભાગ્યે એ આવે,
મોડી થઈ મનડાં અકળાવે—
ચતુરસુજાણ કહે સખિ, એ શું ?"

" કહું સખિ — વૃષ્ટિ "
" ના, બસ, એસ્. ટી. " *

---

* એસ્. ટી.=સ્ટેટ ટ્રાન્સપોર્ટ

પ્રાસંગિકાઓ

ચન્દ્રકાન્ત મ. ગજ્જર

૧ જો અને તો

વેદધર્મનો પુનરુદ્ધાર કરવાનું કાર્ય કરનાર અને શ્રીમદ્ શંકરાચાર્ય (આદ્ય)ના ગુરુ કુમારિલ ભટ્ટની આ વાત છે.

ધર્મચર્ચાઓ કરી, વેદધર્મ વિરોધીઓને હરાવતાં જેઓ દિગ્વિજય કરવા દેશના ખૂણે ખૂણે ફર્યે જતા હતા. એ વખતે બૌદ્ધ ધર્મના એક પ્રખર પંડિત જોડે તેઓ વાદ-વિવાદમાં ઊતર્યા. વાક્યુદ્ધમાં જ્યારે બને સમાન ઊતર્યા, ને ચર્ચાનો અંત આવે તેમ ન લાગ્યું ત્યારે બૌદ્ધ પંડિતે કહ્યું: 'તમારો વેદધર્મ જો સાચો હોય તો આ સામે દેખાતી ટેકરી પરથી નીચે કૂદો, તોપણ તમને કંઈ જ ઇજા નહિ થાય, ખરું?'

'હા,' વેદધર્મ વિષે મક્કમ દલીલ કરતાં કુમારિલ ભટ્ટ બોલ્યા. 'જો વેદધર્મ સાચો હશે તો મને એ ટેકરી પરથી કૂદવા છતાંય કશી જ ઇજા નહિ થાય.'

'તો કૂદો.'

ને કુમારિલ ભટ્ટ એ નાની શી ટેકરી પર ચઢી, નીચે કૂદ્યા. હાથપગ છોલાઇ ગયા. બૌદ્ધ પક્ષ એ જોઈ આનંદોદ્ગાર કાઢી રહ્યો. 'જોયું! તમારો વેદધર્મ જરાય સાચો નથી. તમે હાર્યા.'

જમીન પરથી ઊભા થતાં થતાં, મક્કમ અવાજે કુમારિલ ભટ્ટ બોલ્યા: "ના, વેદધર્મ સાચો જ છે. ભૂલ મારી છે. મેં 'જો' અને 'તો' કહી, જે સત્ય છે એવા નર્યા સત્યમાં—વેદધર્મમાં સંશય દાખવ્યો એના કારણે જ મને આ ઇજા થઈ છે. મેં નિઃશંકપણે કાર્ય કર્યું હોત તો મને આમ થાત નહિ.'

૨ વિનાશ કાળે વિપરીત બુદ્ધિ

પુરાણોની આ વાત છે.

ત્યારે ભારત પરથી પાંડવ-કૌરવના મહાવિગ્રહના ઓળા દૂર થયે પૂરો દસકો પણ વીત્યો નહોતો. એ મહાયુદ્ધમાં અનેક રાજ્યો અને રાજ્યવંશીઓ પાયમાલ થઈ ગયાં હતાં. યાદવો જ કંઈક સ્થિર રહી ગયા હતા. પરંતુ એમની એ સ્થિરતાએ એમને તુમાખી અને જુલમી બનાવી દીધા. યાદવ-રાજ્યકર્તાઓ આપખુદ, પ્રજાપીડક, જુલમી, છાકટા અને વિલાસી બની ગયા.

સત્તાના તોરમાં ભાન ભૂલી કેટલાક યદુકુમારોએ એક રૂપાળા યદુકુમારના પેટ પર તાંસળું બાંધી, સ્ત્રીનો વેશ પહેરાવી, એક મહર્ષિ પાસે જઈ ઊભા.

'ભગવન્! એને શું સાંપડશે?'

આર્ષદ્રષ્ટા મહર્ષિ વાત પામી ગયા. યાદવકુળને એમણે વિનિપાતની ગર્તાએ પહોંચેલું નિહાળ્યું. દુઃખી અવાજે પરંતુ ધીરવાણી ભાખતાં એ બોલ્યાઃ 'વિનાશને આરે ઊભેલાં ઓ

ભાનભૂલેલાંઓ! એ બાઈને સાંપડશે સાંગ—જે યાદવકુળનું ધનોતપનોત કાઢી, ઉચ્છેદ કરી નાંખશે.'

પુરાણો કહે છે કે વિનાશકાળે વિપરીત બુદ્ધિ સૂઝતાં એ મહર્ષિની મશ્કરીના પરિપાકરૂપે વહોરી લીધેલો પેલો શાપ જરાય નિષ્ફળ ન ગયો. ને ધરતી પરથી યાદવ કુળનું નામો-નિશાન ઉજડી ગયું.

૩ રામ અને નાવિક

વનવાસ સેવવા નીકળેલાં રામ, લક્ષ્મણ અને સીતા ગંગાના કિનારે આવી ઊભાં. એમને ગંગા પાર કરવી હતી. જોયું તો કિનારે એક નાની શી નાવ અને એનો નાવિક ઊભા હતા. રામે નાવિકને ગંગા પાર કરવાની ઇચ્છા બતાવી.

ભગવાન રામને આમ પોતાની સમક્ષ આવી, પોતાની નાવમાં બેસવાની ઇચ્છા વ્યક્ત કરતા જોઈ, નાવિકના આનંદનો પાર ન રહ્યો. એ પોતાની જાતને ધન્ય થયેલી માની રહ્યો.

પણ એને અંતર એક અદમ્ય ઇચ્છા ઉદ્‌ભવી—ભગવાન રામનો ચરણસ્પર્શ કરી ધન્ય થવાની! ભગવાન એમ કરવા દેશે? પોતે તો શૂદ્ર હતો.

એકાએક એને એક વિચાર સ્ફૂર્યો. આનંદોલ્લસિત થતાં એ બોલ્યો: 'દેવ! મારાં ધન્યભાગ્ય કે આપ જેવા મહામાનવને મારી નાવમાં બેસાડી ગંગા પાર કરાવવાનું અને સદ્‌ભાગ્ય સાંપડી રહ્યું છે.

'પરંતુ દેવ! મેં સાંભળ્યું છે કે આપનો માત્ર ચરણસ્પર્શ થતાં જ શલ્યાની અહલ્યા થઈ જાય છે. હું રહ્યો ગરીબ માનવી! માંડ માંડ હું મારું અને મારી પત્નીનું પોષણ કરી રહ્યો છું. આપનો ચરણસ્પર્શ થતાં ક્યાંક મારી આ જીવનાધાર સમી નાવ નારીમાં પલટાઇ જાય તો હું મારી કમાઈનું સાધન તો ગુમાવું, પરંતુ એ સાથે જ બબ્બે સ્ત્રીઓને પોષી કેવી રીતે શકું?

'એટલે ભગવન્! મારી નાવમાં બેસતાં પહેલાં મને આપના ચરણ પખાળવાં દો, જેથી મારી નાવ, નાવ મટી નારી ન બને!'

રામ સમજી ગયા. નાવિકની ચતુરાઈથી આનંદિત થયા. 'નાવિક, ગભરા નહિ. તારી નાવ, નાવ જ રહેશે. છતાંય તારી ઇચ્છા જે છે તે હું સમજી ગયો છું. ભલે, તું મારો ચરણસ્પર્શ કર.'

૪ પ્રદક્ષિણા

શંકર અને પાર્વતીને બે પુત્રો. કાર્તિકેય મોટા અને ગણપતિ નાના: કાર્તિકેયે દેવ સૈન્યની સેનાપતિગીરી કરી દાનવ સૈન્યને હરાવ્યું હતું.

માબાપની નજરમાં બે કન્યાઓ હતી—રિદ્ધિ અને સિદ્ધિ. પોતાના સંતાનોમાંથી એકને જ એ બે કન્યાઓ પરણાવવાની એમની ઇચ્છા હતી. પણ પરણાવવી કોની સાથે એ મહાવિકટ પ્રશ્ન હતો.

અજાણ્યો ધાડપાડુ

[ટૂંકી રોમાંચ કથા]

'પતીલ'

આજથી કેટલાંક વરસ પહેલાં જ્યારે હું પૂરતી યુવાન હતી અને મારા સ્વામી દિનમણીરાવ ટીંબર મર્ચંટ તરીકે ઘણી લોકપ્રિય સેવા ઉઠાવતા હતા ત્યારે ઘરકામનો બધો બોજો મારે એકલીને માથે પડ્યો હતો. મારું નામ ચારુશોભા. નદીકિનારેથી માત્ર થોડા જ ફાસલા ઉપર અમારું મકાન હતુ અને એની અગાસીમાંથી કિનારે વસેલો લગભગ બધો જ મુલક દેખાતો હતો. અમારું પોતાનું લાકડાનું પીઠું પણ એના ભવ્ય કંપાઉન્ડ સહિત દૃષ્ટિગોચર થતું, એટલું જ નહીં, તેમાં વખતોવખત છૂટતાં ગાડાંઓ પણ સઘળા માલ સહિત દેખાતાં; કારણકે દૃષ્ટિને અવરોધે એવો કોઈ મુકામ વચ્ચે ન હતો.

ઘરમાં સાસુ, નણંદ, જેઠ કે દિયર કોઈ પણ નહીં, એટલે નવરાશનો વખત ગુજારવો બહુ વસમો લાગતો. વળી એ વખતે રેડિયો વગેરે પોતાની મેળે આનંદ પૂરો પાડનારાં સાધનો ન હતાં, અને મારે કમનસીબે વાંચતાં લખતાં યે હુ માત્ર નામનું જ શીખી હતી. તેથી મળે એવું ઊન–રેશમ બગાડી ગૂંથણ–કળામા હાથ બેસાડવાની કોશિશ કરતી. પરંતુ મહામહેનતે તેની નિપજ બહુ દયામણી અને સાવસાધારણ ઢબની ઊતરતી.

આથી વખતોવખત દિનમણી હસતા હસતાં મને ઢબ્બુની બાયડી કહીને સંબોધતાં, અને હું યે એવું કહેવરાવવામાં કશો વાંધો ઉઠાવતી નહીં. એકંદર અમારે બહુ જ સારું બનતું, અને ખાવાપીવાની બધી બાબતોનો ચસકો સરખો હોવાથી કોઈ પણ પળે ઝગડો કરતા જણાયા નથી.

અત્યારે તો એવો પોશાક મરદ લોકોને પસંદ નહીં પડે, પણ તે વખતે પૂર્ણ આકર્ષક લેખાતો. ખાસ શોખીન અને કરતાંકારવતા કુટુંબના પુત્રો કાન કોચાવી અંદર સાદાં અથવા રંગીન મોતીઓવાળી મોહક કડીઓ સામેલ કરાવતા. અને પરણતી વખતે યા પરણતાં પહેલાં દાડમ જેવા લાલ દાંત રંગાવી રાખતા. માથે બંધબેસતી પાઘડી યા કસબી ટોપી પહેરતા, ખમીશ ઉપર જાકીટ આરાધતા અને તેના ખિસ્સામાં અછોડાવાળી ઘડિયાળ રાખતા. અત્યારે તો આપણા પાટલુનો તેમ જ નીકરો માટે જાતજાતના સસ્તા બેલ્ટ નીકળ્યા છે, પણ ત્યારે એવું ન હતુ. બોટી ઢીલી થઈ જવાની બીકે શોખીન યુવાનો કેડે ચાંદીની સાંકળી ધારણ કરતા અને ધોતિયું ચીપવામાં વધારે વખત લેનાર ભાઈબંધ વધારે હુશિયાર લેખાતો. મારી યાદદાસ્ત પ્રમાણે ચાંલ્લો બધા જ કરતા, કોઈ દેખાય એવા કદનો તો કોઈ માત્ર સાધારણ દીવાસળીની ટોચ જેવી ટપકી સરખો. આબરૂદાર યા તવંગર વર્ગ ઘુંટણ સુધીનાં મોજાં લપેટી ઉપર સ્લીપર યા પંપશુઝ પહેરતા, અને દોરીવાળા કે ચાંપવાળા બૂટ કે હોલબૂટ ઉત્તમ કોટીની વરણાગીમાં ખપતા. ગળામાં હીરાકંઠી, આંગળિયે વેઢ અને કાંડા ઉપર પ્હોંચી પુરુષોના બરનાં ઘરેણાં લેખાતાં.


આધેની ઉઘરાણીઓ પતાવવા દિનમણીએ એક અસીલ ઘોડું રાખ્યું હતું તેને વસીલે સવારી ફરમાવતા ત્યારે આબેહૂબ ગજરામારુ જેવા દેખાતા. જાનવરનું નામ બાપદાદાના

"The purpose of torture is not only to make a person talk, but to make him betray others. The victim must turn himself by his screams and by his submission into a lower animal, in the eyes of all and in his own eyes. His betrayal must destroy him and take away his human dignity. He who gives way under questioning is not only constrained from talking again, but it gives a new status, that of a sub man."

× × ×

ફ્રેંચ લશ્કર આખા અલ્જીરિયામાં પથરાયેલું છે. એની પાસે માણસો છે, અદ્યતન યુદ્ધ-સાધનો ને પૈસા છે. અલ્જીરિયન બળવાખોરો પાસે એમાંનું કશું નથી. એમની મૂડી છે આત્મવિશ્વાસ, દેશદાઝ, મરવાની તમન્ના ને બહુમતી પ્રજાની મૂક સંમતિ. લડાઈ ફ્રાંસે અલ્જીરિયા પર લાદી છે, અલ્જીરિયાએ ફ્રાંસ પર નહીં. રોજ એકાદ બે બળવાખોરો પકડાય છે, એમના ઉપર જુલમ કરી એમની પાસેથી વાતો કઢાવવામાં આવે છે ને એ માહિતીને જોરે વધુ હુમલા કરીને વધુ બળવાખોરોને પકડવામાં આવે છે. ફ્રેંચ સરકારે અલ્જીરિયાની સમગ્ર આરબ સંસ્કૃતિનું સત્યાનાશ વાળ્યું છે, એમની ભાષા પણ એમનાથી વાપરી શકાતી નથી. બદલામાં ફ્રાંસે શું આપ્યું છે? ગરીબી, શોષણ ને પરતંત્રતા. ફ્રાંસ અલ્જીરિયાની પ્રજાનું ખોળિયું જીવતું રાખવા માગે છે, આત્માને હણી લઈને. દુનિયાના ઇતિહાસમાં કદી માનવીના આત્માને અનિયતકાલ સુધી પાંજરામાં પૂરી રાખી શકાયો છે ખરો? દીન રાજ્ય ગમે તેટલું વિસ્તરશે તો પણ જુલમનો મૂક પ્રતિકાર કરીને ય શિર ઉન્નત રાખતા હેન્રી એલીગ જેવા ક્રાંતિકારીઓ વસે છે ત્યાં સુધી, અલ્જીરિયાને ઓહિંયા કરી જવાની ફ્રેંચનીતિ સફળ નીવડશે નહીં. એક ફાંસીને માંચડે ચઢશે તો દશ નવા ઊગશે, પણ ક્રાંતિ અમર રહેશે. હેન્રી એલીગે લેશમાત્ર અતિશયોક્તિ વિના માનવીની પ્રચંડ ઇચ્છાશક્તિનું દર્શન કરાવ્યું છે—જુલમ દ્વારા આત્માને કચડી શકાશે નહીં. માટે દુનિયાને જીવવાલાયક બનાવવા નવાં મૂલ્યાંકનો શોધવાની જરૂરતનું ભાન કરાવ્યું છે.

૨૭–૯–૫૮



સં. ૨૦૧૫
પોષ

આદ્યતંત્રી
સ્વ૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક

卐

સંચાલક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

卐 પ્રસ્થાન 卐

॥ દૃષ્ટિપૂતં ન્યસેત્ પાદમ્ ॥

પુસ્તક ૬૭ પોષ : ૨૦૧૫ અંક ૩

તારા ઉપર તારા

પૂજાલાલ

ગગને તારા ઉપર તારા !
અથાગ આ અંધારે મારે પ્રકાશના પલકારા !—ગગને૦
એક નહીં, બે ચાર નહીં, સો બસો નહીં, નં હજાર,
લાખો પર લાખો તારાઓ, ગણતાં ના'વે પાર
જબર જ્યોતો કેરા ઝબકારા !—ગગને૦
નાના મોટા પણ નવરંગી હૃદયોએ રળિયાત,
પૃથિવી પાર જમાવી જંગી જંગમ જ્યોત-જમાતઃ
અજબ અહાલેક જમાવણહારા !—ગગને૦
નિગૂઢ ગહને ભડભડ બળતો હશે હુતાશન ક્યાંક,
તારા આ તણખાઓ તેના, અકળ કળાના આંક;
અલખના લખલખતા અણસારા !—ગગને૦
સચરાચર-વ્યાપી અંધારે દૈવી દીપકમાળ,
ટમકી રહી અનેરા દેતી તેજ-કિરણના તાળ;
પ્રકાશિત કરતી પંથો ન્યારા !—ગગને૦
પ્રકાશ કેરાં યા પંખીડાં વ્યોમવિહાર કરંત,
ચિદાનંદના ચણનો ચારો ચગચગ ચાંચ ચરંત,
મૌનનાં ગીતોનાં ગાનારા ! —ગગને૦
દીન હીન યા દુનિયાકેરા ભવ્ય ભાગ્યભંડાર,
કાળે લીધા હતા હરી, તે પુનઃ પ્રકટતા પાર;
નિમંત્રણ નિત્ય નિત્ય દેનારા !....ગગને૦

★

પ્રાસંગિક નોંધો

'પ્રસ્થાન-તંત્ર'

અનાજનું વેચાણ અને ઉત્પાદન :

અનાજનો પ્રશ્ન આપણે માટે કદી જૂનો બનતો જ નથી. ૧૯૫૩ થી ૧૯૫૫ના મધ્યભાગ સુધી એવી લાગણી ફેલાવા પામી હતી કે ભારતે અનાજની બાબતમાં સ્વાવલંબન મેળવ્યું છે. માપબંધી એ સમય દરમ્યાન સંપૂર્ણતયા નાબૂદ કરવામાં આવી. અનાજની આયાતમાં ઘટાડો થઈ એ માત્ર આઠ લાખ ટન જેટલી થઈ ગઈ; જ્યારે ૧૯૫૧માં અનાજની આયાત લગભગ ૪૭ લાખ ટન હતી. પરંતુ આ ભાગ્ય અલ્પાયુ પુરવાર થયું. ૧૯૫૫ના જુનથી અનાજના ભાવ ઊંચા આવતા ગયા. ફરીથી અનાજનો પ્રશ્ન ઉગ્ર બન્યો. આજ પર્યંત એ પ્રશ્ન વધુ ને વધુ વિકટ બનતો આવ્યો છે. આ પ્રશ્નની સર્વગ્રાહી તપાસ માટે નીમવામાં આવેલી અશોક મહેતા સમિતિએ ૧૯૫૭ના નવેંબરમાં એનો હેવાલ રજૂ કર્યો. પરંતુ, એ હેવાલને અનુલક્ષી ભારત સરકારે હજી એક વર્ષ પછી પણ કોઈ સંગીન નીતિ અખત્યાર કરી નથી. અશોક મહેતા સમિતિની દૃષ્ટિએ અનાજનો પ્રશ્ન એ મૂળભૂત ઉત્પાદનનો પ્રશ્ન છે.. આર્થિક પ્રગતિથી લોકોની આવક વધે છે અને પ્રતિવર્ષ જનસંખ્યામાં દોઢ ટકાનો વધારો થાય છે એને પહોંચી વળવા પૂરતું અનાજ નથી. ભારત સરકારને મોસમ પ્રમાણે આયાતમાં વધારો કે ઘટાડો કરી અનાજની માંગ સંતોષવી પડે છે. ભારત સરકાર માટે એ ગર્વ લેવા જેવી હકીકત છે કે માંગમાં પ્રચંડ વૃદ્ધિ દર વરસે થતી રહે છે તો યે ભારતમાં, આયાત દ્વારા કે ઉત્પાદન દ્વારા, વ્યક્તિગત આહારની ચાલુ સપાટી ટકાવી રાખવામાં આવી છે. પરંતુ, અત્યંત મહત્ત્વનો બીજો પ્રશ્ન અનાજના ભાવોનો છે. એમાં આકસ્મિક ફેરફારો થાય છે. ૧૯૫૩ થી ૧૯૫૫ના મે સુધી અનાજના ભાવોને ટકાવી રાખવાનો પ્રશ્ન હતો, પરંતુ ત્યારબાદ ભાવો કઈ રીતે કાબૂમાં લેવાનાં પગલાં સરકારને ભરવાં પડ્યાં.

અનાજની તંગી હોવાથી ભાવો ઊંચા રહે છે એ હકીકત સાચી છે પરંતુ જોડાજોડ અધૂરી પણ છે. અનાજના ભાવો ઊંચા એટલા માટે પણ રહે છે કે જથ્થાબંધ વેપારીઓ માલનો લાંબો વખત સુધી સંગ્રહ કરી રાખે છે. વેપારી બેંકો આ પ્રવૃત્તિને નાણાં ધીરી પોષણ આપે છે. ઘણી વાર સ્થિતિસંપન્ન ખેડૂતો પાક લણાયા બાદ લાંબા સમય પછી બજારમાં લાવે છે. સરકારની ખેતીવિષયક ધીરાણનીતિ ઉદાર હોવાથી આવા ખેડૂતોને લાંબા સમય સુધી વેચાણ ન કરવાનું પોસાય છે. આ બાબતોની અસર અનાજના ભાવો ઉપર પડે જ. અનાજના ભાવોને યોગ્ય સપાટીએ રાખવાનું કામ રાજ્યે ઉપાડી લેવું જોઈએ. અનાજનો જથ્થાબંધ વેપાર રાજ્યગત બને એવું સૂચન અશોક મહેતા સમિતિએ કર્યું હતું. પરંતુ, તે વખતે સરકારને પરિસ્થિતિ આપોઆપ સુધરશે એવી શ્રદ્ધા હતી. આ એક વર્ષમાં પરિસ્થિતિ એટલી કથળી અને એનો રાજકીય અંજામ ભયભર્યો બનતાં સરકાર અનાજનો વેપાર હાથ કરવા તૈયાર થઈ છે. નવેમ્બરમાં મળેલી રાષ્ટ્રીય વિકાસ સમિતિએ રાજ્યસંચાલિત અનાજના વેપારની નીતિ અંગે મહત્ત્વનો નિર્ણય લીધો છે. એ અંગેની વિગતવાર યોજના હજી સુધી બહાર પડી નથી પરંતુ દરેક રાજ્યને એ અંગે તૈયારી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. પંડિત નેહરુનાં ભાષણો ઉપરથી યોજનાની વિગતોનો અણસારો મળી રહે છે.

અશોક મહેતા સમિતિએ Prices Stabilisation Organisation ની ભલામણ કરી હતી. ભારત જેવા ઉપખંડમાં એ સંચાલન ચલાવવા માટે મહત્ત્વની દરેક મંડીમાં એની શાખાઓ જોઈએ. અનાજના ભાવો ઉપર અસર કરે એવી ધરખમ ખરીદ–વેચાણની પ્રવૃત્તિ એ શાખાઓ દ્વારા થવી જોઈએ. સમિતિએ P. S. O.ના કાર્યક્ષમ સંચાલન માટે રૂ. ૧૦૦ કરોડની મૂડીનો અંદાજ બાંધ્યો હતો, પરંતુ આ રકમ એટલી પ્રચંડ છે કે પોલાદઘેલી ભારત સરકાર એ રકમમાંથી ચાર–પાંચ પોલાદનાં કારખાનાં ઊભાં કરી શકે! સરકારે પોતાની નવી યોજના હેઠળ એવું નક્કી કર્યું લાગે છે કે સરકારના નામે અમુક ચોક્કસ કમિશન ઉપર જથ્થાબંધ વેપારીઓ નિયત ભાવે અનાજ ખેડૂતો પાસે ખરીદ કરે. વેચાણયોગ્ય પુરવઠાના ૨૫ ટકા સરકાર બફર સ્ટોક તરીકે ખરીદ કરે. ભાવોની અણછાજતી વધઘટને નિવારવા માટે આ બફર સ્ટોકનો ઉપયોગ કરી શકાય. પરંતુ, કદાચ જો આ નિયત ભાવે ખેડૂતો સરકારના લાયસન્સદાર વેપારીઓને ન વેચે તો? શું સરકાર આંશિક કે સંપૂર્ણ 'લેવી' નાંખી અનાજ કબજે કરશે? વગેરે વગેરે અનેક વ્યવહારુ પ્રશ્નો સ્વાભાવિક રીતે ઊઠે છે. પરંતુ એકાદ મહિનામાં વિગતવાર યોજના બહાર પડવા સંભવ છે.

'યુરોમાર્કેટ' યોજના અને વિશ્વવ્યાપી નિર્બંધ વેપાર :

૧૯૫૯ની પહેલી જાન્યુઆરીથી પશ્ચિમ યુરોપના ૭ દેશો વચ્ચે સર્વસાધારણ સંયુક્ત બજાર ઊભી થઈ. યુદ્ધોત્તર સમયની વેપારના ક્ષેત્રે આ અત્યંત મહત્ત્વની ઘટના છે. યુદ્ધ પૂરું થયા પછી આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે વેપારને મુક્ત અને આબાદ કરવાના અનેકવિધ પ્રયત્નો થયા. General Agreement on Trade and Tariffs, જે GATT ને નામે વધારે પ્રચલિત છે એની મદદથી વેપાર વધારવાના પ્રયત્નો થયા. પરંતુ, વેપાર વધારવા માટે વ્યક્તિગત દેશના ઉદ્યોગ–ધંધા અને વેપાર વિકસવા જોઇએ. આ ઉપરાંત ચૂકવણી—payments—ના પ્રશ્નો તો ઊભા જ હતા. ડૉલર સિવાયનાં બીજાં ચલણો બિન–વટાવી હતાં: ડૉલર તદ્દન દુર્લભ ચલણ હતું. આ સંજોગોમાં વ્યક્તિગત દેશોએ પરસ્પર સહકાર દ્વારા ઔદ્યોગિક વિકાસ માટે પ્રયત્નો શરૂ કર્યા. કોલોમ્બો પ્લાન અને યુરોપિયન કોલ એન્ડ સ્ટીલ કોમ્યુનિટી એ ધ્યાનપાત્ર સમૂહગત પ્રયત્નો છે. અમુક પ્રદેશના દેશો ભેગા મળીને ઔદ્યોગિક અને વેપારી પ્રગતિ કરવા તત્પર થયા. 'ગેટ (GATT)'ના બંધારણ હેઠળ પ્રાદેશિક સમૂહો માન્ય કરવામાં આવ્યા છે. પરંતુ, પ્રાદેશિક સમૂહો વિશ્વવ્યાપી વેપારના હિતને વિઘ્નકર્તા ન હોવા જોઈએ. યુરોમાર્કેટની યોજના એક નવા પ્રાદેશિક સમૂહની યોજના છે.

૧૯૨૫ના માર્ચની ૨૫ મી તારીખે રોમ ખાતે યુરોપિયન કોલ અને સ્ટીલ કોમ્યુનિટીના ૭ રાષ્ટ્રોના પરદેશખાતાના પ્રધાનો ભેગા થયા. આ ૭ રાષ્ટ્રોમાં પશ્ચિમ જર્મની, ફ્રાંસ, ઇટાલી, બેલ્જિયમ, નેધરલેન્ડ્ઝ અને લકસમ્બર્ગનો સમાવેશ થાય છે. આ ૭ મોવડીઓએ 'યુરોપિયન ઈકોનોમિક કોમ્યુનિટી' સ્થાપવા માટે કરાર કર્યો: રોમના કરાર પ્રમાણે આ પશ્ચિમ યુરોપના વિસ્તારમાં દસથી પંદર વર્ષોમાં એક સર્વસામાન્ય બજાર—Common Market—સ્થાપી શકાશે—અને એ બજારના પાયામાં એ પ્રદેશના આબાદ ઉદ્યોગ અને વેપાર હશે. આ કરારના મુખ્ય ધ્યેયો ટૂંકમાં નીચે પ્રમાણે રજૂ કરી શકાય:

(૧) આ પ્રદેશમાં દસથી પંદર વર્ષમાં વેપાર આડેના બધાંય આંતરિક બંધનો દૂર કરવાં જેવાં કે વેપાર જકાતો, પ્રમાણાત્મક પ્રતિબંધ, ચલણવિષયક અંકુશો, વહીવટી વિઘ્નો,

વાહન વ્યવહારની રુકાવટ વગેરે. આવાં આંતરિક વિઘ્નો દૂર કર્યા પછી સમગ્ર પ્રદેશ માટે એક સર્વમાન્ય પરદેશી વેપારનીતિ નક્કી કરવી.

(૨) પ્રદેશના વિવિધ દેશો વચ્ચે મજૂરોની હેરફેરી વધે અને એકસરખી મજૂરનીતિ અપનાવી શકાય.

(૩) આર્થિક દૃષ્ટિએ પછાત પ્રદેશો પરસ્પર સહકારથી સામાજિક વીમા તેમજ આર્થિક વિકાસનું ખર્ચ ઉપાડી શકે.

(૪) આ ૭ રાજ્યો જોડે સંકળાયેલાં પરદેશી સંસ્થાનોને અમુક ચોક્કસ શરતે કોમ્યુનિટીમાં ભેળવી શકાય અને એમના ઝડપી વિકાસ માટે ફંડ પણ તૈયાર થઈ શકે.

ટૂંકમાં, આ વિસ્તારની ભૌતિક આબાદી ક્રમશઃ વધે એની તૈયારી આ યોજનામાં સૂચવવામાં આવી છે.

આ યોજનાના લાભો તદન સ્વાભાવિક છે. આ પ્રદેશના દેશો ઉદ્યોગવિકાસના લાભો મેળવી શકશે અને ખર્ચનું ધોરણ પણ નીચું આવશે. રેશનાલાઈઝેશનથી ઉત્પાદન પણ વધારી શકાશે. પરંતુ આવા પ્રાદેશિક સમૂહો અનેક દૃષ્ટિએ ભયાવહ પણ હોય છે.

આ કોમ્યુનિટી હેઠળનાં રાજ્યો બહારના દેશો જોડે નિયંત્રિત વેપાર રાખશે. એમના માલ સામે રક્ષણ મેળવશે. ભારત અને બીજા એશિયાઈ દેશો માટે આ પ્રકારની 'બંધ બજાર' હાનિકર્તા છે. ઉપરાંત, જે 'સંસ્થાન' રાજ્યો છે એનું અવલંબન—dependence—વધી જશે. માતૃદેશ ઇચ્છે એ મુજબનો એમનો આર્થિક વિકાસ થશે. આ બાબત ભારત જેવા એશિયાના દેશને રુચે એમ નથી. આજ સુધી ગુલામ રહેલા દેશો ઉપરની શૃંખલા શિથિલ થવાને બદલે વધુ ગાઢ બને છે. 'ગેટ'ની મદદથી છેલ્લાં દસ વર્ષોમાં વિશ્વનો વેપાર મુક્ત અને વૃદ્ધિગત બનાવી શકાયો છે. પરંતુ, આ 'કોમન માર્કેટ' રચાતાં કોઈ વ્યક્તિગત દેશની નહીં પરંતુ દેશોના સમૂહની પસંદગી અને નિયંત્રણની નીતિ શરૂ થશે. આવી પ્રાદેશિક પ્રવૃત્તિ અખિલ વિશ્વના વેપારના વિકાસને રૂંધનારી નીવડશે એવી શંકા અસ્થાને ન ગણાય. આ યોજનાને લીધે ફ્રાંસ અને ઇંગ્લેન્ડ વચ્ચે મનભેદ ઊભો થયો છે. યુરોપના બીજા દેશો પણ થોડા ચિંતાતુર થયા છે. યુ. એસ. એ. આ યોજનામાં ગાઢ રસ લઈ રહ્યું છે. રશિયાને રાજકીય અને લશ્કરી દૃષ્ટિએ મહાત કરવામાં આવો પ્રાદેશિક આર્થિક મોરચો ઓછો ઉપકારક નથી. રશિયાનું ધ્યેય શાંતિમય સરસાઈનું છે. રશિયાની આર્થિક પ્રગતિને એક બળવાન સમૃદ્ધ બજારની રીતે એનાથી દૂર થાય એનાથી થોડો ધોકો જરૂર પહોંચે છે. યુ. એસ. એ. ની રાજકીય ગણત્રી આની પાછળ છુપાયેલી છે એવું ઘણાં રાજ્યો માને છે.

*

ડૉ. ક્વામી ન્ક્રુમાહ અને પ્રબુદ્ધ આફ્રિકા :

ભારત આદિકાળથી અતિથિઓને દેવ માનતું આવ્યું છે. આઝાદ થયા પછી વિશ્વ સમસ્તની અનેક વિભૂતિઓનું ભારતે સ્વાગત કર્યું છે. અનેક આંતરરાષ્ટ્રીય પરિષદો ભારતને આંગણે ભરાય છે. આવતા મહિનાઓમાં હજી બે-ત્રણ વિભૂતિઓ આવવાની વકી છે. ડયૂક ઓફ એડીનબર્ગ સાયન્સ કોંગ્રેસના અધિવેશન પ્રસંગે આવનાર છે. માર્શલ ટીટોના આગમનના ભણકારા સંભળાઈ રહ્યા છે. પોલ રોબ્સન અને એમનાં પત્ની પણ ભારત આવે

આવનાર છે. પરંતુ, આ દરેક વ્યક્તિની આગવી મહત્તા હોવા છતાં યે ઘાણાના પંતપ્રધાન ડૉ. ક્રુમાહનું આગમન વિશિષ્ટ મહત્તા ધરાવે છે. ડૉ. ક્રુમાહ જૂના "ગોલ્ડ કોસ્ટ"ના મુક્તિદાતા અને ઘાણાના ભાગ્યવિધાતા છે. દિલ્હી યુનિવર્સિટીએ કરેલા બહુમાન દરમ્યાન ડૉ. ક્રુમાહને અખિલ આફ્રિકાના ભાગ્યવિધાતા—Man of Destiny તરીકે ઓળખાવવામાં આવ્યા છે. ડૉ. ક્રુમાહની નેમ આફ્રિકાનાં દલિત રાજ્યોને મુક્ત કરી એમનું સમવાય રચવાની—યુનાઇટેડ સ્ટેટ્સ ઑવ્ આફ્રિકા રચવાની છે. ડૉક્ટરે હિંદ આવતાં પહેલાં ઘાણાના પાટનગર આક્રામાં સમગ્ર આફ્રિકાના પ્રતિનિધિઓની એક પરિષદ બોલાવી હતી. એના વ્યાસપીઠ ઉપરથી ડૉ. ક્રુમાહે ઘોષણા કરી હતી કે આફ્રિકાનું એક એક રાજ્ય આપણા જીવતેજીવત આઝાદ થવું જોઈએ. આફ્રિકામાં અત્યારે સામ્રાજ્યવાદ અને રંગભેદ બે મુખ્ય દુશ્મનો છે. ઘાણાએ ૧૯૫૬ની ૧૮ સપ્ટેમ્બરે સામ્રાજ્યવાદને મિટાવી આઝાદી જાહેર કરી. ત્યાર પછી એક વ્યાપક અને બુલંદ આંદોલન એ ખંડ ઉપર ફેલાયું છે. ડૉ. ક્રુમાહ એ પ્રબુદ્ધ આફ્રિકાના પ્રતિનિધિ છે.

ડૉ. ક્રુમાહ ભારતનો સ્વસ્થ આર્થિક વિકાસ નિહાળવા આવ્યા છે. પરંતુ ડૉ. ક્રુમાહ, એમના કહેવા પ્રમાણે, જૂનું ઋણ અદા કરવા આવ્યા છે. ઇન્કિલાબનો સિદ્ધાંત અને વ્યવહાર એમણે ગાંધીજી અને નેહરૂનાં પુસ્તકો ઉપરથી મેળવ્યો હતો. આજે યે એમની નીતિ શાંતિમય અહિંસક ક્રાંતિ સિદ્ધ કરવાની છે. નેહરૂ અને ક્રુમાહ વચ્ચે લગભગ વીસ વર્ષનો તફાવત છે પરંતુ એશિયા અને આફ્રિકાની ક્રાંતિની એ ધરી સમાન છે. વિશ્વમાં પરસ્પર લડતી અને ઘૂરકિયાં કરતી માત્ર બે જ છાવણીઓ નથી પરંતુ એક ત્રીજો સમૂહ પણ છે જે આજ સુધી પદદલિત અને કંગાલ હતો. છેલ્લા બે-ત્રણ સૈકાઓના ઇતિહાસમાં એ દેશોને શેતરંજના ચોગઠાં તરીકે લેખવામાં આવતા હતા. પરંતુ, આજે એશિયા અને આફ્રિકાના એ દેશો કદાચ પોતાની નિરાળી મહેચ્છા અને પ્રયત્નોથી વિશ્વને ત્રીજા જીવલેણ ઘર્ષણમાંથી બચાવી લેશે.

પરંતુ, આવા સમૂહોનું સર્જન તાત્કાલિક ઇચ્છવાજોગ છે પરંતુ કદાચ લાંબા ગાળે વિશ્વની સ્થિરતા માટે હાનિકારક પણ બની શકે. નાસેરની નેતાગીરી હેઠળ મધ્ય એશિયા પ્રભાવશાળી બનતું જાય છે. એ સત્તાધીશોને દૂર રાખવામાં એ બળ કામયાબ નીવડી શકે. પરંતુ, જ્યારે મધ્ય એશિયા, આફ્રિકા અને પૂર્વ એશિયાના જૂથો, આજે હિતૈક્ય અનુભવે છે, પરંતુ કદાચ લાંબે ગાળે વૈમનસ્ય ઊભું થાય ત્યારે ઘર્ષણ ટાળવું લગભગ અશક્ય બને છે. બને ત્યાં સુધી પ્રાદેશિક મહત્તા અને પ્રભાવની મર્યાદાની મર્યાદા અંકાવી જોઈએ. આવા પ્રાદેશિક સમૂહો વૈશ્વિક સંસ્થાના વિકાસ આડે રૂકાવટરૂપ છે. પ્રદેશગત વફાદારીની ભાવના ટૂંકા ગાળા માટે ગમે એટલી મહત્ત્વની હોય તો પણ લાંબે ગાળે એ હાનિકારક છે એમ સ્પષ્ટ ખ્યાલ બંધાવો જોઈએ. વિશ્વ સરકારની રચના તરફની પ્રગતિ અપ્રતિહત થતી રહેવી જોઈએ.

*

ત્રીજી યોજના અંગે તૈયારીઓ :

ત્રીજી યોજનાને વધારે લોકપ્રિય બનાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે. ખાસ કરીને ત્રીજી યોજના કોઈ વ્યક્તિ કે સંસ્થાના 'પ્લાન-ફ્રેમ' ઉપર રચાય એ પ્રજાકીય સરકાર માટે અનુકૂળ નથી. તે વ્યક્તિ કે તે સંસ્થા તરફનો પૂર્વગ્રહ સંપૂર્ણ સાથની આડે આવે છે. ત્રીજી યોજનાનો નકશો બીજી યોજના માફક 'ઇન્ડિયન સ્ટેટીસ્ટીકલ ઇન્સ્ટીટ્યુટ' તરફથી

તો આવશે જ પરંતુ આ વખતે ડૉ. લોકનાથન સંચાલિત 'નેશનલ કાઉન્સિલ ઑવ્ એપ્લાઈડ ઈકોનૉમિક રીસર્ચ' તરફથી પણ એ અંગે વચન જેવું મળી ચૂક્યું છે. સરકારે યોજના ઘડતર માટે રચેલી પેનલમાં રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને નિમંત્રણ આપ્યું છે, પ્રજા-સમાજવાદી પક્ષે અશોક મહેતાને પ્રતિનિધિ તરીકે પસંદ કર્યા છે એ ઘણી જ ખુશનસીબી છે. યોજનાના ઘડતરમાં એમની સ્વસ્થ વિચારણાનો ફાળો કીમતી રહેશે.

ત્રીજી યોજનાના કદ વિશે તર્ક-વિતર્ક શરૂ થયા છે. બીજી યોજનામાં લગભગ ૬૦૦૦ કરોડનું ખર્ચ-ખાનગી અને સરકારી ક્ષેત્રે-થશે એવી ધારણા છે. પરંતુ, જ્યારે ભાવો સતત વધ્યે જતા હોય ત્યારે ખર્ચનું પ્રમાણ યોજનાના કદનો ભ્રામક ખ્યાલ પૂરો પાડે છે. ભૌતિક સિદ્ધિની બાબતમાં માત્ર ખર્ચપ્રધાન આયોજન અગત્યનું નથી. જો ભાવ ઉપરનો કાબૂ પ્રાપ્ત ન કરી શકાતો હોય તો ખર્ચ અંગેના અંદાજો રજૂ કરવાથી યોજનાનો સાચો લાભ આંકી શકાતો નથી. ડૉ. રાવના કહેવા પ્રમાણે ત્રીજી યોજના રૂ. ૯,૯૦૦ કરોડની હોવી જોઈએ. ૧૯૫૨માં આવતા પચીસ વર્ષ સુધીની દૃષ્ટિ (perspective) રાખીને યોજનાઓ ઘડવાનું નક્કી કરવામાં આવ્યું હતું. એ રીતે જોતાં રૂ. ૯,૯૦૦ કરોડની ત્રીજી યોજના આવશ્યક છે.

પરંતુ આવા ખર્ચસ્વરૂપી કદની ચર્ચા આ ટાણે અસંગત લેખાવી જોઈએ. ત્રીજી યોજનાનું સ્વરૂપ અને અગત્યાનુક્રમ મહત્ત્વના છે. સરકારી મોવડીઓ દ્વારા થતાં ભાષણો ઉપરથી એમ તારવી શકાય છે કે ત્રીજી યોજનામાં બીજી યોજના જેવો જ અગત્યાનુક્રમ રહેશે. ખેતી ઉપર પાયાનો ભાર અપાશે. મૂડીસર્જક ઉદ્યોગોને વિકસાવવા પાછળ વધારે ને વધારે સાધનો ફાળવવામાં આવશે. વપરાશના ઉદ્યોગો તરફ બીજી યોજનામાં પ્રમાણમાં ઘણી ઉપેક્ષા સેવવામાં આવી હતી. ત્રીજી યોજનામાં આનો આ અગત્યાનુક્રમ જાળવી રાખવામાં આવે એમાં કેટલું ઔચિત્ય છે એ તપાસવું જોઈએ. બીજી યોજનામાં મૂડીસર્જક ઉદ્યોગોને અત્યંત ઝડપે વિકસાવવા જતા દેશને કારમા ફુગાવામાંથી પસાર થવું પડે છે. ફુગાવાને લીધે મર્યાદિત આવકવાળો વર્ગ પોતાની સાચી આવક ગુમાવે છે. એ વર્ગમાં અસંતોષ ઉદ્ભવે છે અને એ બાબત રાજકીય અંજામની દૃષ્ટિએ ઈચ્છવા યોગ્ય નથી. પરંતુ, ફુગાવાના દબાણથી લોકો ઓછું વાપરે અને ભૌતિક સાધનો બચાવે એ મૂડીસર્જન માટે આવશ્યક છે. આ રીતે ફુગાવો એ આપત્તિરૂપે વરદાન સમાન છે પરંતુ ફુગાવો બીજી રીતે યોજનાને માટે ખતરનાક છે. યોજનાનું ખર્ચ વધતું જાય છે. જરૂરી ચીજવસ્તુઓ અને માલસામાનના ભાવો વધતાં વિવિધ યોજનાઓ—projects-ના ખર્ચ પણ વધતા જાય છે, પરિણામે યોજનાનું ખર્ચ-એનું કદ વધારતા જવું પડે છે. અને જો ખર્ચ ટકાવી રાખવામાં આવે તો ભૌતિક સિદ્ધિ જેટલે અંશે ભાવો વધ્યા હોય એટલે અંશે ઘટે છે. ફુગાવો યોજનાની ગણત્રીને ઊંધી કરી નાખે છે. ટૂંકમાં, યોજનાના ભાવિ માટે અને પ્રજાકીય સાથ માટે બને ત્યાં સુધી ફુગાવો અટકાવવો જોઈએ. પરંતુ, જે આયોજનમાં મૂડીસર્જક ઉદ્યોગો ઉપર અસાધારણ ભાર મૂકવામાં આવ્યો છે અને એ ઉદ્યોગોના વિકાસ માટે ખાધપૂરક નાણુંનો ઉપયોગ કરવામાં આવ્યો છે ત્યાં ફુગાવો અટકાવવો લગભગ અશક્ય છે. આ દૃષ્ટિએ જોતાં બને ત્યાં સુધી ત્રીજી યોજનામાં મૂડીસર્જક ઉદ્યોગો વિકસાવવા જરૂર, પરંતુ અત્યંત ભાર એની ખિલાવટ ઉપર અપાવો જોઈએ નહીં. બે યોજનાઓ દરમ્યાન એ ઉદ્યોગોના વિકાસથી જે ઉત્પાદશક્તિ—capacity-નિર્માણ થઈ છે એનો પૂરેપૂરો ઉપયોગ વપરાશના

ઉદ્યોગોમાં થવો જોઈએ. ફુગાવાને ડામવા માટે એ બાબત મહત્ત્વની છે. પ્રજાકીય સરકાર પણ એના ઉપર નિર્ભર છે. માત્ર યોજનાઓ પાછળનો ખર્ચ જ મહત્ત્વની બાબત નથી. એમાંથી અર્થકારણ આખાને શો લાભ થાય છે એ જોવાવું જોઈએ. દા. ત., નહેરની યોજનાઓથી ઉત્પન્નશક્તિ વધી છે પરંતુ એ સર્વાંશે ઉપયોગમાં લેવાઈ નથી. ખર્ચના પ્રમાણમાં વળતર લઈ શકાયું નથી. ત્રીજી યોજનામાં મૂડીરોકાણના મળતર બાબત ખાસ ધ્યાન અપાવું જોઈએ. દિલ્હી ખાતે ભરાયેલી યુનિવર્સિટીઓના પ્રતિનિધિઓની 'પ્લાનીંગ ફોરમ'માં ડૉ. અંજારિયાએ મહત્ત્વનું મંતવ્ય દર્શાવ્યું છે: "So far planning had been mainly a means or a device for undertaking an expenditure which we considered important...For future plans, costs of projects will have to be phased and we have to make sure that investments bring in adequate returns."

ત્રીજી યોજનામાં રોજગારીનો પ્રશ્ન કોઈ પણ રીતે મહદંશે ઉકેલાવો જોઈએ. ૧૯૫૧માં જેટલા બેકારો હતા એના કરતાં ઘણા વધારે બેકારો ૧૯૬૧માં ભારતમાં હશે. ઝડપી આર્થિક પ્રગતિ દરમ્યાન આયોજિત અર્થરચનામાં બેકારી વધતી જાય એ પરિસ્થિતિ વિષમ છે. પહેલી યોજના દરમ્યાન ૧૦ લાખ નવી રોજગારી આપી શકાય. બીજી યોજના દરમ્યાન શરૂઆતમાં એક કરોડ રોજગારીનો અંદાજ હતો પરંતુ ક્રમશઃ એમા ઘટાડો થતો ગયો. આજે એક ખાત્રીદાયક અંદાજ પ્રમાણે વધારેમાં વધારે ૭૦ લાખ નવાં માણસો કામમાં રોકી શકાશે ૧૯૫૧ના સેન્સસ પ્રમાણે આ દસ વર્ષમાં બે કરોડ નવા મજૂરો રોજી માંગતા બજારમાં આવશે. પરંતુ બંને યોજનાઓ માત્ર ૧ કરોડ ૩૦ લાખ માણસોને રોજીની તકો આપી શકશે. આનો સ્પષ્ટ અર્થ એ થાય કે ૧૯૬૧મા ૭૦ લાખ માણસો નવા બેકારો હશે!! ત્રીજી યોજનામાં બેકારીનો પ્રશ્ન મૂડીસર્જક ઉદ્યોગોના વિકાસ જેટલું મહત્ત્વ મેળવે એવી આશા રાખીએ.

*

સ્વ૦ લેડી વિદ્યાગૌરી નીલકંઠ:

ડીસેમ્બર માસમાં ગુજરાતે, અને ખાસ કરીને અમદાવાદે અત્યંત નિષ્ઠાવાન અને વિદ્વાન સમાજસેવિકા ગુમાવ્યાં. એઓ ગુજરાતનાં પહેલાં સ્ત્રી-ગ્રેજ્યુએટ હતાં. એમના સમયમાં ગુજરાતની યુવતીઓને જે નસીબ હતું એવાં બાળલગ્ન પણ એમને સહન કરવાં પડ્યાં હતાં. પરંતુ, સદ્ભાગ્યે એમને સહાનુભૂતિભર્યા અને કેળવણીપ્રિય સાથીદાર મળવાથી એઓ અનેક વિટંબણા સામે થઈને, બી એ સુધી પહોંચી શક્યાં. એમનાં દીર્ઘ જીવન દરમ્યાન એઓ ગુજરાતની અનેકવિધ પ્રવૃત્તિ જોડે ગાઢ રીતે સંકળાયેલાં હતાં. જો કે રાજકરણની રમતમા એમણે બીજી પ્રવૃત્તિથી ઓછો રસ લીધો હતો. વાઙ્મય અને કેળવણી એમની પ્રધાન પ્રવૃત્તિ રહેવા પામી હતી. એમનાં ૯૦ વર્ષના લાંબા જીવન દરમ્યાન એઓ એટલા કાર્યરત અને પરિણામે એટલાં પ્રભાવશાળી રહ્યા હતા કે ગુજરાતના સાંસ્કારિક જીવનમાં એ મૂર્તિમંતી સંસ્થા હતાં. એ 'અંગભૂત' સંસ્થાનો દેહવિલય થતાં ગુજરાતના એ જીવનમાં શૂન્ય સર્જાયું છે.

ઉત્તર યાત્રા

સ્વામી આનંદ

૧૦

ગોમુખ

ગંગોત્રી જનારાં જાત્રાળુઓની સંખ્યા દર વર્ષે વીસેક હજાર જેટલી હશે. આ બધાંને સારૂ ગંગોત્રીક્ષેત્ર એ જ ટર્મિનસ છે. અને જો કે ભાગીરથી ગંગા જે ૨૦ કે ૨૧ માઈલ લાંબા બરફના ભગીરથ ગ્લેશીઅરમાંથી એક ઓગદાવાટે પ્રત્યક્ષ બહાર આવે છે, ને જે ગોમુખ કહેવાય છે, તે સ્થાન તો ગંગોત્રીક્ષેત્રથી હજુ અગાડી બે દિવસની પગવાટે બરફાની પ્રદેશની વચ્ચોવચ્ચ છે, છતાં ત્યાં સૂધી જવું હજારમાં બેપાંચ માણસો સિવાય ઘણાંખરાં લોકોને સારૂ દોહ્યલું—લગભગ અશક્યવત્—હોવાથી આપણા શાણા પૂર્વજોએ એ ગોમુખથી ચૌદ કે અઢાર માઈલ હેઠવાડે એક લગાર પહોળી એવી સુંદર જગા જોઈને ત્યાં ગંગોત્રીક્ષેત્ર અગર તો ગંગાધામ સ્થાપ્યું. અને એ સ્થળ આજે હજારો વર્ષ થયાં ગંગોત્રીક્ષેત્ર ધામ તરીકે ચાલતું આવ્યું છે. આ ક્ષેત્રનું વર્ણન હું પાછલા લેખમાં આપી ચૂક્યો છું.

અને આમ છતાં પ્રત્યક્ષ ગોમુખ સૂધી પહોંચનારા સાહસિક જાત્રાળુઓની ભલે ૧૦–૨૦ કે ૨૫–૫૦ ની સંખ્યા પણ દર વરસે નીકળે તો ખરી જ. છે તો ૧૪ કે ૧૮ માઈલ પણ તે ૩૦–૪૦ માઈલથી વધુ વસમા. રોજના ૧૦ કલાકને હિસાબે ૨–૩ દિવસ ચાલવું પડે. કહો કે માટી, પથ્થર, ચટ્ટાનો, બરફ અને ટાઢ જોડે જીવસટોસટની કુસ્તી કરવી પડે. જાત્રાળુઓ ગંગોત્રીક્ષેત્રમાંથી ત્રણ ચાર દિવસનો ખાવાપીવા ઓઢવાનો સામાન અને એકાદ પહાડી ભોમિયો સાથે લઈને આગળ જાય છે.

ગંગોત્રીથી આગળ ખાસ બનાવેલી કે પડેલી પગવાટ જેવું કશું નથી. આખી પગવાટ ગંગાપ્રવાહની કોરાણે કોરાણે, પ્રવાહને બેઉ કાંઠે ને વચ્ચે લગભગ ઠેઠ સૂધી ખેરવિખેર પડેલાં મોટમોટાં ચટ્ટાનો વચ્ચે થઈને વાંકાચૂંકા ચડઉતર ને વારાફેરા કરતી કરતી આગળ વધે છે. જ્યાં પ્રવાહ કાંઠાને કાપીને કે કરાડને ઘસીને જતો હોય ત્યાં કોરે ઉભેલા તે પહાડનું તેટલું પડખું ખાસું ચડાણ ચડીને ઓળંગવું પડે. ક્યાંક પ્રવાહી બરફ જેવો પ્રવાહ ઓળંગીને સામે કાંઠે પણ જવું પડે. પુલબુલ કશું ન મળે. ક્યારેક આજુબાજુથી કોઈ એકાદ ઉખડી પડેલું ઝાડ ખેંચી આણીને પ્રવાહની આડે ચટ્ટાનોને ટેકવીને ગોઠવ્યું હોય. પણ આવો પુલ પૂરી એક મોસમ પણ ઘસડાઈ ગયા વગર હેમખેમ રહે એની કશી ગૅરન્ટી નહિ.

રસ્તે ચટ્ટાનોની ઓરડશે કુદરતી ઢબની ગુફા જેવાં એક બે સ્થાનો સિવાય રાતવાસો રહેવાની સગવડ એક બે દાયકાઓ અગાઉ નહોતી. છતાં અરધે રસ્તે ગયા પછી ચીડબાસા અને ત્યાંથી બેત્રણ વધુ માઈલ પછી ભોજબાસા એવાં બે સ્થાન આવે છે. હવે અહીં ધર્મશાળા જેવાં બે આશ્રયસ્થાનો થોડાં વર્ષોથી બંધાયાં છે. પ્રથમ ચીડબાસા ને તેથી ૨–૩ માઈલ વધુ આગળ ગયા પછી ભોજબાસા. આ બે સ્થાનો વચ્ચે એક જગાએ લોહારીનાગમાં છે તેમ ઉભા પર્વતની કરાડમાં બહુ ઊંચાણે પહાડનું પડખું કોચીને કાઢેલી ઊભી સાંકડી પગવાટ ચડવી પડે છે. આ અતિ કપરી જગા છે.

આ વટાવ્યા પછી પાછું નીચાણે ગંગા-પ્રવાહને કાંઠે પહોંચાય છે. થોડુંક ચાલ્યા બાદ એક જગાએ એક જૂના સાધુસ્થાનના અવશેષ જોવા મળે છે. બહુ ઊંચી કોટીના એક વૃદ્ધ સાધુ ઘણાં વર્ષો સુધી અહીં રહ્યા હતા. થોડાં વર્ષ અગાઉ દેવ થયા.

ચીડબાસા તેમજ ભોજબાસામાં ભોજબાસા મોટું છે તેથી, અને વળતે દિવસે ચલાય તેટલું વહેલું ગોમુખ પહોંચીને પાછા ભોજબાસા જ પહોંચીને રાત રહેવું પડે છે એ કારણથી, પહેલે દિવસે જેટલું વધુ ચલાય તેટલું ચાલીને મુકામ કરવાની ગણતરીએ જાત્રાળુઓ મોટેભાગે ભોજબાસા પહોંચીને જ પહેલો પડાવ કરે છે.

ચીડબાસા ભોજબાસા વાળી પડાવની આ જગાઓમાં ટાઢ અને ભેજ એટલાં હોય છે કે બકરાનાં ૪–૬ ઇંચ લાંબા વાળ સહિતનાં ચામડાં, ઊની ચુટકા–ધુસ્સા અને આગ તાપણાને આધારે જ અહીં કલાકે કલાક ગાળવા પડે. તાપણામાં બાળવા સારૂ આસપાસના જંગલનું લાકડું આડેધડ પડ્યું હોય તે લીલું જ લઇને બાળવાનું. ઉપરાંત ઘણાખરા બરફાની પ્રદેશોમાં ગ્લેશીઅરો કે નદીપ્રવાહોને કાંઠે એક ઝાંખરૂં ઊગે છે તેનો રસ તેલ જેવો હોય છે તેથી તે સાવ લીલું ઉખેડીને, સીધું જ બાળી શકાય છે. સળગાવતાં જ મીણબત્તીની જેમ બળે છે. આ તરફ જનાર આવનાર, જાત્રાળુ હોય કે ભોટિયા કે ડુણિયા માલધારી, સૌને આનો જ ઉપયોગ તાપણા કે રસોઇ માટે કરવો પડે છે. આવા તાપણાને આશરે જ બેસી રહેવાનું, રાંધવા ખાવાનું કે ઊંઘવાનું. તાપણાની હૂંફ એ જ તમારો આધાર ને તમારી જીવાદોરી. તેમાંયે તાપણું હોય તેટલી જ તમારી બાજુ જરા હૂંફ; બીજી બાજુનું તમારૂં અંગ તો ટાઢુંબોળ બરફ જેવું જ લાગે. નર્યા સખત થાકને લીધે જ આવનારાં ઝોલાં કે કાગાનીંદર ઉપરાંત સારી ઊંઘ કોઈને ભાગ્યે જ આવી શકે.

ગંગોત્રીથી ગોમુખની વાટે આખે રસ્તે લગભગ ઠેઠ સુધી કોનીફર (દેવદાર) કુળનાં અને ભોજપત્તર (ભૂર્જપત્ર)નાં જંગલો આવેલાં છે. ભોજબાસામાં ભોજપત્તરનાં વન અડાબીડ છે. આ ભોજપત્તરનાં વનને લીધે જ આ જગાનું નામ ભોજબાસા પડ્યું છે. આ ઝાડનાં ડાળાંપાંદડાં ઝાડ જમીનથી થોડું વધે તેવાં જ આડાંઅવળાં ફેલાવા માંડે છે. થડ ડાળાં બધાંનો રંગ ધોળાશ પડતો. એની છાલ લગાર ખોતરી ઉખાડીને ખેંચો એટલે કાગળની જેમ મોટા તાવના તાવ એક નીચે એક પોપડામાં ઉખડી આવે. વળી જ્યાંથી ફાડો ત્યાં થડ કે ડાળું જાણે લોહી નીકળવા કરતું હોય તેમ રતૂમડું થઈ જાય !

આ ભોજપત્તર ઉપર ફાઉન્ટન પેન કાઢીને લખીએ તો શાહી રેલાયા વગર બરાબર લખી શકાય. આપણા બાપદાદા આ ભૂર્જપત્ર ઉપર અને તાડપત્ર ઉપર ગ્રંથો લખતા. તેવી ભૂર્જપત્ર પર લખેલી હસ્તપ્રતો આજે પણ હજુ ક્યાંક ક્યાંક પ્રાચીન ગ્રંથસંગ્રહાલયોમાં જોવા મળે છે. હજુ આજે પણ ગંગોત્રી જમ્નોત્રી લગોલગના પ્રદેશોમાં આ ભોજપત્તરનો ઉપયોગ કાગળ પત્ર લખવામાં લોકો કરે છે. આ ઉપરાંત તે વલ્કલની પેઠે ઓઢવત્તાં પહેરી ઓઢી પણ શકાય છે. પસ્તીના કાગળની જેમ ચીજવસ્તુ કે પડીકાં બાંધવામાં તો વપરાય જ. આપણી તરફ કેળપાન ઉપર આપણે જમીએ છીએ તેમ આ તરફનું લોક આ ભોજપત્તરનો ઉપયોગ પત્રાવળાં તરીકે કરે છે.

ભોજબાસાથી ગોમુખ ૫–૬ માઈલ જેટલું છે. પણ ૭ કલાકે પહોંચે તો જાત્રાળુ નસીબદાર ગણાય. બેઉ કાંઠા ખાસ્સા અંદર લગી બરફથી જામી ગએલા ને વચ્ચે નાનકડો પ્રવાહ વહેતો હોય એવી ટચુકડી ગંગાને કાંઠે કાંઠે જાત્રાળુને પાર વિનાનાં ચઢાણો, બરફ અને ઢગલેઢગલા પથરાઓ વચ્ચે અથડાતાં કૂટાતાં ચાલવું પડે

છે. ગોમુખ છેક નજીક આવી પહોંચીએ ત્યાં સુધી એક બરફ માટી પથરા ભર્યો પહાડની ચાંચ કે ભૂશિરની આડશે લપાએલું રહે છે. તે ચાંચ વટાવી ગયા પછી જાત્રાળુ. ગોમુખ સન્મુખ આવી પહોંચે છે.

ગોમુખ સમુદ્રસપાટીથી ૧૩,૭૭૦ ફીટ ઉંચાઈએ છે. ઊંચાણેથી ચાલ્યા આવતા ૨૦–૨૬ માઈલ લાંબા મહાન ભગીરથ–ગ્લેશીઅરમાં અહીં વગર આકારનું એક કુદરતી ભોગદું છે. આ કુદરતી ભોગદું તે જ ગોમુખ. એ સિવાય અહીં દેરું દેવળ, ધર્મશાળા કે વિશ્રામસ્થાન, કશું જ નથી. ભોગદામાંથી એક નાનકડો પણ ખારસો એવો ડહોળા બરફીલા પાણીનો પ્રવાહ બહાર ધસી આવતો ભળાય છે. પ્રવાહ જોડે મોટમોટાં બરફ–ડગળાં પણ ઘસડાતાં ફૂટાતાં ફૂટતાં બહાર આવતાં હોય છે. આજુબાજુ નાનીમોટી શિલાઓ, પથ્થર અને ચટ્ટાનો વેરણછેરણ પડેલાં છે. તે વચ્ચેથી મારગ કાઢીને પાણી નીચાણે ધસે છે.

ગંગાખીણ તો પહાડની પેલી ચાંચ નજીકથી જ વિશાળ થઈ ગઈ હોય છે અને ચોમેર ઊંચા શુભ્ર બરફના પર્વતોનાં જૂથ ઉભેલાં જોઈને જાત્રાળુ અવાક્ બની જાય છે. શિવલિંગ, મેરૂપર્વત, ભૃગુપંથ, ભગીરથ પર્વત, કાલિંદી, ચતુરંગી, વાસુકિ એવાં એવાં અસંખ્ય નામોવાળા આ બધા પર્વતો છે. આપણી સાથેના ભોમિયા કે વારંવાર ગોમુખ જનારા સાધુઓ પણ તે બધાનાં સાચાં નામો ભાગ્યે જ આપણને કહી શકે છે.

આ બધા ઊંચા અતિ ઠંડા બરફાની પ્રદેશોમાં પણ આ તરફની ભરવાડ રબારી કોમો ઉનાળે એટલે જુલાઈથી સપ્ટેમ્બર સુધી પોતાનાં ઘેટાંબકરાં, યાક વગેરે ચરાવવા સારૂ ગોમુખથી પણ વધુ ઉંચાણે લગભગ બે દિવસની વાટ ચાલીને પહોંચાય એટલા અગાડી સુધી પહોંચી જાય છે. ગ્લેશીઅરોને કાંઠે ને બરફ પહાડો વચ્ચે જે મેદાનો હોય છે તેમાં ઉનાળે ઉગતા ઝીણા ઘાસ ઉપર બે ત્રણ મહિના એ લોકો પોતાના માલ ધરવે છે. અને ખોરાકી સીધુંસામાન લાવવા થોડા થોડા દિવસને અંતરે ૩–૪ દિવસની પગવાટ ચાલીને પોતાને ગામ આવજા કરે છે. ઠંડા બરફાની પ્રદેશોનાં આ ઘાસ બહુ જ કસવાળાં હોય છે અને તેના ચરાણથી ઘેટાંબકરાં બહુ જ ખડતલ, પુષ્ટ અને રાભા જેવાં થાય છે.

ગ્લેશીઅરોને સંસ્કૃતમાં વામક કહે છે. આ ગ્લેશીઅરો કંઈ બરફની વહેતી નદીએ નથી હોતાં. માટીપથરા અને બરફનાં સો પચાસ કે સેંકડો ફીટ જાડા દળ બહુ ધીમે ધીમે ખસતા હોય છે. અને જ્યાં એનો છેડો હોય છે ત્યાંથી મોઢું પડીને નાનકડો બરફીલા પાણીનો પ્રવાહ શરૂ થાય છે તે નીચાણે જતાં આસપાસના પહાડોના બીજા નાનામોટા પ્રવાહો મળવાથી મોટો થતો જાય છે અને એમ નદી બની વહેવા માંડે છે.

ગોમુખ ઉપરનું ભગીરથ ગ્લેશીઅર ૨૦ કે ૨૬ માઈલ લાંબું કહેવાય છે. તેનો ઉગમ બદરીકેદારની મહા ઊંચી બરફમાળામાં જ્યાં ચોખંબાનાં ત્રેવીસ હજાર ઊંચાઈનાં ચાર મહા શિખરો આવેલાં છે તેના આથમણા–ઓતરાતા ઢોળાવોમાંથી છે. આવડાં મોટાં ને લાંબાં ગ્લેશીઅરો હિમાલયમાં પણ બીજાં ભાગ્યે એકાદ બે હશે એમ મનાય છે. આ આખો પ્રદેશ બીજાં અસંખ્ય નાનામોટાં ગ્લેશીઅરોથી ભર્યો છે. ગોમુખથી બદરીકેદાર સુધીના આ ૨૦–૨૫ માઈલના બરફાની પહાડોના પ્રદેશમાં ૧૮ થી ૨૦ હજાર કે વધુ ઊંચાઈનાં ૨૦૦ જેટલાં બરફશિખરો આવેલાં છે. આ ઉપરથી આ પ્રદેશની ભવ્યતાનો ખ્યાલ આવી શકે એમ છે.

આમ ખરૂં જોતાં ગોમુખથી કેદારનાથ કે બદરીનાથનું અંતર જો કે દસ્તીસ માઈલથી વધુ ભાગ્યે જ હશે, જ્યાં એ અતિ ઊંચા

બરફાની પહાડો ઓળંગવાનું સામાન્ય માણસનું કોઈનું ગજું નહિ. તેથી જાત્રાળુઓની દુનિયા તો બધી ગંગોત્રીથી–કે કોઈ રડ્યાખડ્યા ગોમુખ સુધી પહોંચીને–પાછી વળે છે; ને નીચાણે જંગલવાળા પહાડોને રસ્તે ૧૦–૨૦ દિવસની વાટ ચાલીને કેદાર–બદરી પહોંચે છે! કોક અંગ્રેજ, સ્વીસ કે એવા પરદેશી પર્વતારોહીઓ આ ગ્લેશીઅરોના પ્રદેશોમાં વૈજ્ઞાનિક શોધો કરવા અગર તો ઊંચાં શિખરો સર કરવા ઘણાં ઘણાં વૈજ્ઞાનિક સાધનો સાથે લઈને ક્યારેક જતા હોય છે. ગોમુખથી ગ્લેશીઅરોને રસ્તે કેદાર–બદરી પહોંચવાના આવા પ્રયત્નો મારી જાણ મુજબ આવી બેત્રણ પરદેશી ટોળીઓએ કર્યા છે, જેમાંની એકાદથી વધુ ટોળી સફળ થઈ નથી. બર્ની નામનો કોઈ અંગ્રેજ અમલદાર કે પર્વતારોહી અગાઉ આ રસ્તે થઈને કાલિંદીનો ૧૯,૫૧૦ ફીટ ઊંચો બરફઘાટ ઓળંગીને બદરીનાથ પહોંચેલો, તે પછી સને ૧૯૪૫ની આસપાસ ૬ સાધુઓની એક ટોળી પણ એ જ રસ્તે ૫–૬ દિવસમાં બદરીનાથ પહોંચેલી. અને તે પછી બે વરસે સ્વીસ પર્વતારોહીઓની એક ટોળી પણ ગોમુખથી શરૂ કરીને ભગીરથ ગ્લેશીઅર અને કેદાર–બદરીના આ બરફાની પ્રદેશમાં ફરેલી. છેલ્લાં ૫–૭ વર્ષ દરમ્યાન અલાહાબાદના હિંદી જુવાન પર્વતારોહીઓની અને બીજી એક ઉત્તરકાશીના જુવાન સાધુઓની ટોળી પણ એજ કાલિંદીખાલને રસ્તે બદરીનાથ પહોંચી છે.

સને ૧૯૪૫માં જે સાધુઓની ટોળી ગોમુખ–કાલિંદીખાલને રસ્તે બદરીનાથ ગઈ તે પેલા બર્નીસાહેબ પછીની પહેલી જ ટોળી હતી. એમની જોડે જે પહાડી ભોમિયો ગયો તે દિલીપસિંધ પણ ઘણેભાગે અગાઉ જે બર્ની જોડે જઈ આવેલ તે જ માણસ હતો. પછીની ટોળીઓ જોડે પણ તે ગયો. આમ આ દિલીપસિંધ પણ આ માર્ગે જવા માગનારાઓને માટે હવે ટચુકડા તેનસિંઘ જેવો થઈ પડ્યો ગણાય!

સને ૧૯૪૫ સાલવાળી ટોળીના ઘણાખરા સાધુઓના સંપર્કમાં હું સને ૧૯૪૭માં ઉત્તરકાશી ખાતે આવેલો. આ ટોળી એમના બે બહુ ઊંચી યોગ્યતાવાળા સાહસી સાધુઓની આગેવાની હેઠળ ફક્ત ૪૦ રૂ.ને ખર્ચે થોડા રોટલા, થોડા મગજના લાડુ, ઓઢવા પાથરવા બબ્બે ધાબળા અને સાદાં કપડાં–એટલી સામગ્રી સાથે પોતાનો સામાન અને બળતણ પીઠે ઊંચકીને આ યાત્રા કરી આવેલી! આ તેમની યાત્રાનો રોમાંચક અહેવાલ તેમના એક આગેવાન સ્વામી પ્રબોધાનંદજી પાસે બેસી પૂછી પૂછીને Across Gangotri Glaciers એવે નામે મેં અંગ્રેજીમાં લખી કાઢેલો, જે આજલગી મારી પાસે પડ્યો છે.

આ લેખમાળા અહીં પૂરી થાય છે. ઉપર કહી તે સાધુયાત્રાના અહેવાલનો સારાંશ બનશે તો ગુર્જરાતીમાં ૨–૩ લેખરૂપે હવે પછી આપીશ. *

[સમાપ્ત]

* 'પ્રસ્થાન' માટે ખાસ. લેખકની લેખી પરવાનગી વિના આ લેખ અગર તેનો કોઈ પણ અંશ કે ભાષાંતર કોઈથી છાપી શકાશે નહિ.

卐

આચાર્ય જગદીશચંદ્ર બોઝ

ડૉ. યશવંત ગુ. નાયક

એક વખતના ઉત્તર પ્રદેશના ગવર્નરે સાચે જ કહ્યુ હતું કે, "જગતના સાહિત્ય-ક્ષેત્રમાં કવિવર ટાગોરે અને માનવતામાં ગાધીજીએ જે સ્થાન પ્રાપ્ત કર્યું તેવું જ સ્થાન વિજ્ઞાનક્ષેત્રમાં સર જગદીશચંદ્ર બોઝે પ્રાપ્ત કર્યું છે." હિંદના અનેક સપુતોમાં આચાર્ય જગદીશચંદ્ર બોઝે મહાન સ્થાન મેળવ્યું હતું અને જગતભરમાં નામના કાઢી હિંદના વિજ્ઞાનને અપ્રતિમ વેગ આપ્યો હતો. એમનું કાર્ય ખરેખર ઘણું જ પ્રતિભાશાળી અને ક્રાંતિકારક હતું. એમણે ભૌતિકશાસ્ત્રમાં અદ્વિતીય સિદ્ધિ મેળવીને સજીવ અને નિર્જીવ પદાર્થોની સંવેદન-શક્તિના સામ્ય બાબતમાં મૂળભૂત કાર્ય કરીને એક નવીન વિજ્ઞાનનો પાયો નાંખ્યો હતો. એકલે હાથે આ નવીન ક્ષેત્રમાં અનેક ઝંઝાવાતોમાંથી માર્ગ કાઢી જગતને પોતાની શોધની ઝાંખી કરાવ્યા ઉપરાંત, હિંદને વિજ્ઞાનના નકશા ઉપર સ્થાન અપાવવાનું કાર્ય આચાર્ય બોઝે સિદ્ધ કર્યું. ઈ. સ. ૧૯૦૦ માં પેરિસમાં ભરાએલી આંતરરાષ્ટ્રીય ભૌતિક પરિષદમાં જગદીશ-ચંદ્ર બોઝે પોતાના સંશોધન વિષે એક વ્યાખ્યાન આપ્યું હતું તે વેળા સ્વામી વિવેકાનંદે લખેલા એક પત્રમાંથી આચાર્ય બોઝને જે અંજલી આપી હતી તે ઉપરથી એમની મહત્તાનો કંઈક ખ્યાલ આવે છે. વિવેકાનંદના શબ્દો આ રહ્યા: "અહીં પેરિસમાં જગતભરના મહાન પુરુષો ભેગા થયા છે અને તે પોતપોતાના દેશની યશગાથા અને કીર્તિને વ્યક્ત કરવા. મહત્તાને અહીં સત્કારવામાં આવશે; અને તેના પ્રસ્પંદો તેમના દેશોને ઉજાળશે. દુનિયાના અનેક દેશોના અપ્રતિમ અને શક્તિશાળી પુરુષોમાં, ઓ મારી માતૃભૂમિ ! તારો કયો પ્રતિનિધિ છે ? પરંતુ આ વિશાળ સમુદાયમાંથી એક યુવક તારે માટે ઊભો થયો છે. એના શબ્દોથી આખી સભા પ્રભાવિત થઈ છે અને તેના સ્વદેશ બાંધવોને પણ તેથી આનંદ અને ઉત્સાહ થશે. આ શૂરવીર પુત્રને ધન્ય હો; અને એની સાથે રહી નિષ્ઠા અને ભાવથી એની સાથમાં ઊભી રહેનાર વ્યક્તિને પણ ધન્ય હો." સ્વામી વિવેકાનંદ બોઝની વક્તૃત્વશક્તિ, વિદ્વત્તા અને પ્રતિભાથી અત્યંત આકર્ષાયા હતા અને જીવનભર બોઝના પ્રશંસક, પ્રેરણામૂર્તિ અને મદદ-ગાર રહ્યા હતા.

જગદીશચંદ્ર બોઝનો જન્મ નવેમ્બર ૧૮૫૮ ની ૩૦ મી તારીખે રારીખલ નામના ઢાકા નજીકના એક ગામમાં થયો હતો. એના પિતા ભગવાનદાસ મોટા સરકારી અધિકારી હતા છતાં તેનું વિશિષ્ટ વ્યક્તિત્વ તથા હિંદીની સંસ્કારિતા બહુ ચીવટાઈથી જાળવી રાખતા હતા. એને હિંદની ભૂતકાળની સંસ્કૃતિ વિષે ભારે માન હતું એટલુ જ નહિ પરંતુ તેનો વિકાસ સાધવાની ભારે તમન્ના રાખતા હતા. હિંદની કળા અને સંસ્કારના વારસામાં જ સંતુષ્ટ ન થતાં એના મત સાથે એણે નક્કી કર્યું હતું કે પશ્ચિમના દેશોની તુલનામાં આવવા માટે હિંદે યંત્રશાસ્ત્રો અને વિજ્ઞાનની વિદ્યા પણ અપનાવવી પડશે. એને માતૃભાષા પ્રત્યે અપ્રતિમ પ્રેમ હતો અને બધું શિક્ષણ માતૃભાષા દ્વારા અપાય એવો આગ્રહ રાખતા. એ સાથે અંગ્રેજીનું સારું જ્ઞાન મળે એવો આગ્રહ પણ તે રાખતા. આનો ફાયદો જગદીશચંદ્રને મળ્યો. જગદીશ-ચંદ્ર બચપણમાં સામાન્ય ગામઠી નિશાળમાં શીખતાં બંગાળી ભાષા ઉપર પ્રભુત્વ મળ્યું અને સંસ્કારી માતા પાસે રામાયણ, મહાભારત વગેરે મહાન ગ્રંથોની વાતોમાંથી હિંદુધર્મની ભવ્યતાનું જ્ઞાન પ્રાપ્ત થયું. આમ જન્મથી જ જગદીશચંદ્રને અનેક વિચારો અને આદર્શો વારસામાં મળ્યા હતા. ચાર વર્ષની ઉંમરે એને ગામઠી પાઠશાળામાં દાખલ

કરી ભગવાનદાસે જગદીશચંદ્રને સામાન્ય અને ગરીબ લોકોનાં બાળકો સાથે ભણવા દીધો. ધાર્યું હોત તો તેણે તે વખતના બીજા મોટા લોકોની પેઠે એને કોઈ સારી અંગ્રેજી સ્કૂલમાં જ દાખલ કરી શરૂઆતથી જ અંગ્રેજી શિક્ષણ અપાવ્યું હોત. જગદીશચંદ્રના સહાધ્યાયી વિદ્યાર્થીઓ, પછી તે ગમે તે ન્યાતજાત અથવા કક્ષાના હોય છતાં પણ, તેમનો એની માતા બહુ સ્નેહથી આદરસત્કાર કરતી. આમ જગદીશચંદ્રને માનવતાના પ્રથમ પાઠો માતાપિતા તરફથી મળ્યા હતા. આ ગુણનો જાણેઅજાણે વિકાસ થવાથી ભવિષ્યમાં જગદીશચંદ્રનાં સંશોધનો પણ જડ અને ચેતનના ઐક્ય અથવા સામ્ય તરફ વળ્યાં હતાં. જગદીશચંદ્રનું ભવિષ્યનું માનસ આધ્યાત્મિક અને અદ્વૈત તરફ વળ્યું હતું. તેનાં બીજ પણ અહીં જ વવાયાં હતાં. ભગવાનદાસે ઘણી યંત્રશાળાઓ અને ઉદ્યોગશાળાઓ પણ સ્થાપી હતી અને તેમાં જગદીશચંદ્રને વારંવાર લઈ જતા. અહીં બચપણમાં જ જગદીશચંદ્રને યુવાન વિદ્યાર્થીઓને પોતાના હાથની કળાથી અવનવા પ્રયોગો કરતા જોયા. આથી જગદીશચંદ્રને પોતાના હાથથી નવીન સર્જન કરવાની કુતૂહલવૃત્તિ પેદા થઈ. એનો અદ્વિતીય ફાલ જગદીશચંદ્રે પેદા કરેલાં મૌલિક અને અત્યંત સંવેદનશીલ સાધનોમાં પાછળથી જગતને જોવા મળ્યો.

પ્રાથમિક કેળવણી પૂરી કરી જગદીશચંદ્રને કલકત્તાની સેંટ ઝેવિયર્સ હાઇસ્કૂલમાં મૂકવામાં આવ્યા. અહીં એને શિક્ષકોના સહવાસમાં ઘણું શીખવાનું તથા જાણવાનું મળ્યું. વળી જગદીશચંદ્રનો ભૌતિકશાસ્ત્ર પ્રત્યેનો પ્રેમ પણ અહીં જ જાગૃત થયો. રેવરંડ લેફોન્ટ નામના ઘણા જ કુશળ ભૌતિકશાસ્ત્રના શિક્ષકના હાથ નીચે અભ્યાસ કરવાનું સદ્ભાગ્યે પ્રાપ્ત થયું.

જગદીશચંદ્રને લેફોન્ટે તૈયાર કરેલાં ભૌતિકશાસ્ત્રના સંગ્રહસ્થાનમાં બહુ રસ પડ્યો અને તે જીવન પર્યંત કાયમ રહ્યો. મૅટ્રિક પાસ થયા પછી આ જ સ્કૂલના આશ્રયે ચાલતા કૉલેજના વર્ગોમાં દાખલ થઈ અભ્યાસ જારી રાખ્યો.

ગ્રેજ્યુએટ થયા પછી ઘણાએ એના પિતાને સલાહ આપી કે જગદીશચંદ્રને આઈ. સી. એસ.ની પરીક્ષા આપવા ઇંગ્લેન્ડ મોકલવો; પરંતુ એના દેશપ્રેમી અને સેવાપ્રવૃત્ત પિતાએ લોકસેવાના કાર્યમાં કામ આવે તેવી કેળવણી લેવાનું નક્કી કર્યું અને જગદીશચંદ્રને ઇંગ્લેન્ડ મોકલવામાં આવ્યા, અને લંડન યુનિવર્સિટીમાં દાક્તરી અભ્યાસ માટે દાખલ થયા. આમ છતાં એની તબિયત બહુ સારી નહોતી રહેતી એટલે એને દાક્તરી અભ્યાસ પરાણે છોડવો પડ્યો. આથી છેવટે લંડન યુનિવર્સિટી છોડી એમણે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં વિજ્ઞાનના અભ્યાસ માટે પ્રવેશ મેળવ્યો. અહીંના વૈજ્ઞાનિકો અને નિષ્ણાત શિક્ષકોના સમાગમથી એણે વિજ્ઞાનની સેવા કરવાનો નિશ્ચય કર્યો.

કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ થઈ હિંદના વાઇસરૉય ઉપર એના પ્રોફેસરની ચિઠ્ઠી લઈ જગદીશચંદ્ર હિંદમાં આવ્યા. આ પ્રોફેસરની પ્રશંસાને કારણે ૧૮૮૫ માં એને કલકત્તાની પ્રેસિડન્સી કૉલેજમાં ભૌતિકશાસ્ત્રના પ્રોફેસરની જગા મળી. આ સમયે પ્રોફેસરની જગા માત્ર યુરોપિયનોને જ આપવામાં આવતી અને તેથી એના બીજા સાથી પ્રોફેસરોની આંખમાં કણાની માફક તે ખૂંચતા. એના પગારમાં પણ કાપ મૂકયો, પરંતુ ત્રણ વર્ષ સુધી યુરોપિયન પ્રોફેસર કરતાં ઓછો પગાર ન સ્વીકારી અંતે સરખું સ્થાન પ્રાપ્ત કર્યું.

પ્રેસિડન્સી કૉલેજની ભૌતિક પ્રયોગશાળાની દરિદ્ર અવસ્થા જોઈ શરૂઆતનાં કેટલાંક વર્ષો આ પ્રયોગશાળાની યોગ્ય સજાવટ કરવામાં ઘણો સમય નીકળી ગયો. આશરે દશ વર્ષ

પછી એટલે કે ૧૮૯૪ માં એનું ધ્યાન ભૌતિકશાસ્ત્રના સંશોધન તરફ વળ્યું અને ત્યાર પછી એણે નવનવીન ક્ષેત્રોમાં અવનવી શોધખોળો કરી ઉત્તરોત્તર પ્રગતિ કરી.

હવે આચાર્ય જગદીશચંદ્ર બોઝની વૈજ્ઞાનિક શોધખોળો તરફ નજર કરીએ. એમનાં સંશોધનકાર્યના ત્રણ મુખ્ય તબક્કા છે :—

(૧) પહેલો, ૧૮૯૪ થી ૧૮૯૯ સુધીનો. આ દરમિયાન એણે રેડિયોની સૂક્ષ્મ લહરી અથવા સૂક્ષ્મ વીજચુંબકીય તરંગોના પ્રકાશના તરંગો સાથેના સામ્ય દર્શાવતા ગુણધર્મોની શોધનો છે.

(૨) બીજો, ૧૮૯૯ થી ૧૯૦૨ સુધીનો. એમાં કેટલાક સ્ફટિકોના ભૌતિક ગુણધર્મોમાંથી પ્રતીત થતી સંવેદન શક્તિનું જડ અને ચેતન પદાર્થોમાં અન્વેષણનો છે.

(૩) ત્રીજો, ૧૯૦૩ થી ૧૯૩૩ સુધીનો. વનસ્પતિ જે જડ અને પ્રાણીની વચ્ચેની કોટી છે તેની સંવેદનશક્તિનો વિશિષ્ટ અભ્યાસ કરવાનો છે.

આમ, જગદીશચંદ્ર બોઝની વૈજ્ઞાનિક દૃષ્ટિ શરૂઆતમાં માત્ર ભૌતિક વિષયને અનુલક્ષીને વિકાસ પામી, પરંતુ તેમાંથી છેવટે વનસ્પતિસૃષ્ટિના સંવેદનના અને તેમના ભૌતિક ગુણધર્મોના અભ્યાસમાં આની પાછળ હિંદમાં બચપણમાં પડેલા આધ્યાત્મિક દિશાના સંસ્કારના વારસાએ પણ મોટો ભાગ ભજવ્યો છે, એમ કહી શકાય. એના વૈજ્ઞાનિક અન્વેષણમાંથી એને લાગ્યું કે જડ, વનસ્પતિ અને જીવંત પ્રાણીઓની સૃષ્ટિમાં અમુક પ્રકારનું સામ્ય છે અને એ દરેકમાં ઉત્તરોત્તર વિકાસ પામેલી સંવેદનશક્તિ છે. આમ એણે આ વિશ્વના જડ અને ચેતન વચ્ચે એક પ્રકારના અદ્વૈતનો વૈજ્ઞાનિક રીતે સાક્ષાત્કાર કર્યો અને તે દૃષ્ટિને સંશોધન અને પ્રયોગ દ્વારા જગતને આપી.

સર ઓલિવર લોજે વીજતરંગો ઉપર જે પ્રયોગો ૧૮૯૪ માં કર્યાં હતા તેના તરફ બોઝ આકર્ષાયા અને તે જ અરસામાં કલકત્તાની કૉલેજમાં આ નવીન વિજ્ઞાનના પ્રયોગ કરવામાં પડ્યા. એણે આશરે ૫ મીલીમીટરથી ૬૦ મીલીમીટર લંબાઈની સૂક્ષ્મ વીજલહરી ઉપર પ્રયોગો કરી એના પ્રકાશ-વિષયક ગુણધર્મોની ઘણી સુંદર અને મૌલિક શોધ કરી હતી. આ રેડિયો તરંગોનું વિજ્ઞાન તે જ અરસામાં હર્ટ્ઝ, માર્કોની વગેરે મહાન વૈજ્ઞાનિકોએ શરૂ કરેલું હતું. આ સાથે બોઝે વિજ્ઞાનને લોકભોગ્ય કરવાની દિશામાં પણ પહેલ કરી હતી. ૧૮૯૫ માં એણે કલકત્તાના ટાઉન હૉલમાં એક જાહેર ભાષણ આપ્યું. એમાં ગવર્નર પ્રમુખ હતા એટલે શહેરના નામાંકિત માણસો અને સરકારી ઉચ્ચ અમલદારો હાજર હતા. આ ભાષણની સાથે એમણે હિંદમાં પહેલવહેલાં વીજળીક કિરણો વીજલહરીની મદદથી બાજુના ઓરડામાં રહેલાં સાધનોને કામ કરતાં બતાવ્યાં. વીજલહરીની મદદથી બીજા ઓરડામાં એકી બેઠાં કોઈ પણ સંધાણ વિના એક વીજળીક ચાંપ ચાલુ કરી દીવો સળગાવ્યો, એક મોટર ચલાવી અને એક દારૂગોળાનો ધડાકો કરી બતાવ્યો. આમ વીજતરંગો અથવા વીજળીનાં કિરણો દ્વારા દૂરથી ક્રિયાપ્રેરિત થઈ શકે છે તે બાબત પ્રયોગથી દર્શાવી. આ પ્રયોગથી એની પ્રતિભાની સૌને ઝાંખી થઈ અને જગદીશચંદ્રનું નામ દેશભરમાં જાણીતું થયું. આ પછી એના શુદ્ધ વૈજ્ઞાનિક પ્રયોગોની વિશિષ્ટતાથી એનું નામ એક જાણીતા ભૌતિકશાસ્ત્રી તરીકે જગતભરમાં જાણીતું થયું. લંડનની યુનિવર્સિટીએ એને ડી. એસ. સી. ની ડિગ્રી એનાયત કરી. ભૌતિકશાસ્ત્રમાં આ ડિગ્રી મેળવવી એ બહુ જ કઠિન કાર્ય છે. ૧૮૯૬માં બંગાળ સરકારે એને પ્રતિનિધિ તરીકે યુરોપ મોકલ્યા. એ દરમ્યાન દેશદેશમાં એની તેજસ્વી વાણીથી

અને અદ્દ્ભુત પ્રયોગોથી લોકો અને વૈજ્ઞાનિકો આશ્ચર્યચકિત થયા હતા. ૧૯૦૦માં પૅરિસમાં મળેલી આંતરરાષ્ટ્રિય ભૌતિક પરિષદમાં એમણે હાજરી આપી અને એની રેડીઓ-વિજ્ઞાનમાં સ્ફટિકના વિશિષ્ટ ઉપયોગ વિષે પ્રાયોગિક માહિતી આપી આ વખતે એને એક અમેરિકન કંપનીએ પેટન્ટ લઈ એની શોધમાંથી ભારે કમાણી કરવાની યોજના સ્વીકારવા કહ્યું. તે માગણી તેમણે સ્વીકારી નહિ અને આર્થિક લાલચને ઠોકરે મારી. ટૂંકી અથવા સૂક્ષ્મ રેડીઓલહરીનું વિજ્ઞાન તે વખતે બહુ વિકસિત ન થયું. કારણ કે આ લહરી અથવા તરંગો બહુ લાંબે અંતર સુધી મોકલી શકાતા ન હતા. પરંતુ આજે રડાર અને એવાં બીજાં અનેક વૈજ્ઞાનિક ક્ષેત્રોમાં સૂક્ષ્મ રેડીઓલહરી બહુ ઉપયોગી થઈ પડે છે. આ ક્ષેત્રમાં જગદીશચંદ્રે જે પાયાનું સંશોધન કર્યું છે તેટલું જ એનું નામ અમર કરવામાં બસ થયું હોત

હવે પછી જગદીશચંદ્રનું ધ્યાન ચેતન પદાર્થો તરફ વળ્યું. એના વીજતરંગના પ્રયોગોમાંથી એને માલૂમ પડ્યું કે એણે જે સ્ફટિકો અને ધાતુના તાર વગેરેનો પ્રયોગમાં ઉપયોગ કર્યો હતો તેના ઉપર થાકની તથા બીજા ઝેરી રસાયણોની અસરની ચોક્કસ છાપ માલૂમ પડતી આવા પદાર્થોને આરામ આપવાથી અને ઝેરની અસર સામિત કરનારા પદાર્થો વાપરવાથી સ્ફટિકો તેમજ ધાતુના તાર મૂળ સ્થિતિ પ્રાપ્ત કરતા. આ ઉપરથી એને લાગ્યું કે જડ પદાર્થોમાં પણ કાંઈક પ્રકારની સંવેદનશક્તિ છે, એના ઉપર પણ કાર્યથી થાકની અસર થાય છે, એના ઉપર પણ પ્રતિકૂળ પદાર્થોથી ઝેરી અથવા માદક અસર થાય છે. આ એક નવીન પ્રકારની દૃષ્ટિ હતી, એક નવું વિજ્ઞાન હતું. આથી શરૂઆતમાં એને ઘણો વિરોધ પણ સહન કરવો પડ્યો. આ પછીનાં વર્ષોમા એણે જડ અને વનસ્પતિની વચ્ચે સંવેદનશીલતા એટલે કે બહારની અસરથી પેદા થતી આતરિક પ્રક્રિયા અથવા પ્રત્યાઘાતમાં કેટલું સામ્ય છે એ પુરવાર કરી બતાવ્યું. ૧૯૦૧ના મેની ૧૦ મી તારીખે લંડનની રૉયલ સોસાયટી સમક્ષ કરેલા ભાષણમાંથી કેટલાક ફકરા અહીં ટાંકી બતાવું છું તે ઉપરથી બોઝની ગહન ચિંતનશક્તિનો ખ્યાલ આવશે. એણે જડ અને ચેતન પદાર્થો ઉપર આઘાતની અસર, ઉત્તેજિત પદાર્થોની અસર, ઝેરી પદાર્થોની અસર, વારણ કરનારા પદાર્થોની અસર વગેરે પ્રયોગો કરી કહ્યું કે, "આ બધી અસરોને આલેખનાર આ સૌથી નોંધાયેલા આ લેખો જોઈ કોને ખાતરી ન થાય કે જડ અને ચેતનની સંવેદનશીલતામાં સામ્ય છે? આમાં જડ કયું અને ચેતન કયું એની સીમાદોરી દોરવી અશક્ય છે. શું આમાથી જડમાં જે ગુણો છે તેના જ પડછાયા ચેતનમાં પડતા હોય તેમ નથી લાગતું? વિશ્વની વિવિધતામાં અહીં જડ અને ચેતન વચ્ચેનું સામ્ય શું એક નવા અદ્વૈતની ઝાંખી નથી આપતું? ગંગા નદીના તટ ઉપર ત્રીસ સૈકા ઉપર ઋષિમુનિઓએ ગાયેલી વેદ અને ઉપનિષદ્‌ની ગાથા અત્યારે મને યાદ આવે છે—પરમ સત્ય તો તેને સાધ્ય બને છે જે આ વિશ્વની વિવિધતામાં પણ અદ્વૈતનું દર્શન કરે છે.

આ સમય પછી બોઝનું કાર્ય વનસ્પતિના ભૌતિક ગુણધર્મો અને વનસ્પતિની સંવેદનશક્તિના અભ્યાસ તરફ વળ્યું. એણે બતાવ્યું કે લજ્જામણી અને એના જેવા છોડોમાં જે સંવેદનશક્તિ પેદા થાય છે તે અમુક પ્રકારની લાગણીના કેન્દ્રમાંથી ઉદ્‌ભવે છે અને તેને લીધે એ છોડને અડતાં જ એનાં પાંદડાં બીડાઈ જાય છે. સૂર્યમુખી ફૂલ, જંતુભક્ષી છોડનાં પાન અને ફૂલ વગેરે સંવેદનશક્તિના પ્રભાવથી તેમનું કાર્ય કરે છે. વનસ્પતિનું વર્ધન, એમનાં પાંદડાં અને ફૂલની ઉઘાડ-ઢાંક થવાની શક્તિ, વગેરે અનેક ક્રિયાઓ ઉપર પ્રકાશ, ઉષ્ણતા, ઉત્તેજન, મર્દન, શમન વગેરેની અસરથી ભારે ફેરફારો થાય છે. આ ફેરફારોનાં ભૌતિક કારણો પણ બોઝે શોધી કાઢ્યાં અને વનસ્પતિ વિજ્ઞાનમા પાયાની શોધ કરી. આનો ઇતિહાસ એટલો વિપુલ છે અને એટલો વૈવિધ્યવાળો છે કે તેનું વર્ણન ટૂંક ભાષણમાં કરવું અશક્ય છે.

આ સર્વ અભ્યાસને માટે બોઝે જે કેટલાંક અત્યંત તેજીલાં અને સૂક્ષ્મ નોંધ કરનારાં યંત્રો બનાવ્યાં હતાં તે પણ એની કુશળ ભૌતિક અને યાંત્રિક બુદ્ધિનું દર્શન કરાવે છે. આ સાધનો સાદાં અને છતાં અત્યંત સતેજ લાગણીશીલ (sensitive) હતાં. આમ છતાં એની નવીન શોધખોળો સામે ભૌતિકશાસ્ત્રીઓ તથા વનસ્પતિશાસ્ત્રીઓએ મોટો વિરોધ કર્યો. પરિણામે બોઝને પોતાની નવીન શોધની મહત્તા જગતમાં સંસ્થાપિત કરતાં લાંબો વખત ઝઝૂમવું પડ્યું. અંતે ૧૯૨૦માં લંડનની રૉયલ સોસાયટીએ એને ફેલો તરીકે ચૂંટીને એનું સન્માન કર્યું. ભારતમાં આ સોસાયટીનું સભ્યપદ મેળવનાર એ પ્રથમ વૈજ્ઞાનિક હતા. ત્યાર પછી રામન, મેઘનાદ શહા, રામાનુજ, ભાટનાગર, કૃષ્ણન, બિરબલ સહાની, એસ. એન. બોઝ, એસ. કે. મિત્ર, મહાલેનબિસ, ભાભા, વાડિયા વગેરે ગણ્યાગાંઠ્યા વૈજ્ઞાનિકોએ આ પદ પ્રાપ્ત કર્યું છે.

બોઝ ૧૯૨૭માં હિંદની વિજ્ઞાન પરિષદના પ્રમુખ ચૂંટાયા હતા, ૧૯૨૯માં વિયેના એકેડેમીના સભ્ય ચૂંટાયા, ૧૯૨૬–૩૦ સુધી લીગ ઑફ નેશન્સમાં આંતરરાષ્ટ્રીય બૌદ્ધિક સહકાર મંડળના સભ્ય રહ્યા. એના પ્રસંશકો અને સાથીઓમાં આઈન્સ્ટાઈન, લૉર્ડ રેલે, ગિલ્બર્ટ મરે, આચાર્ય રાય વગેરે મહાન વૈજ્ઞાનિકો હતા.

૧૯૧૫માં પ્રેસિડેન્સી કૉલેજમાંથી નિવૃત્ત થયા પછી એણે બોઝ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી. એમાં એના જીવનકાર્યના સંશોધન માટે પોતાની સર્વ કમાણી ભેટ આપી. આ સંસ્થા આજે પણ હિંદમાંથી તેમ જ દેશવિદેશમાંથી અનેક વિદ્યાર્થીઓને આકર્ષે છે. આ સંસ્થાના સ્થાપના–દિનને દિવસે એના સંસ્થાના મકાનના દરવાજા ઉપર કોતરેલાં અશોકનું અર્ધું અમલકી ફળ અને ટિબેટનાં થંડરવોલ્ટ (વીજકડાકા) નામની વનસ્પતિના છોડને અનુલક્ષીને એણે આ શબ્દો ઉચ્ચાર્યા હતા: "મહાન સમ્રાટ અશોક જ્યારે ગાદીનો અને સર્વસ્વનો ત્યાગ કરી શ્રમણ કરતો હતો ત્યારે એકવાર એની પાસે કશું આપવાનું ન હતું. તે વખતે એક ભિક્ષુકને દાન આપવા એના ભોજન માટેનું અર્ધું ફળ અમલકી ફળ એને આપ્યું. આ તેની છેલ્લી મૂડી હતી. મારી પાસે પણ આ છેલ્લી મૂડી છે તે અર્ધું ફળ આ સંસ્થા છે એ સંસ્થાને હું દાનમાં આપું છું. જેમ દધીચિએ પોતાના પ્રાણ આપીને પોતાના હાડમાંથી વીજાસ્ત્ર (થંડરવૉલ્ટ) નામનું શસ્ત્ર તૈયાર કરી આપ્યું હતું કે જેથી આસુરી સંપત્તિનો વિનાશ કરી વિશ્વમાં સચ્ચાઈનું સામ્રાજ્ય સ્થપાય તેવી જ રીતે આ વીજાસ્ત્ર (થંડરવૉલ્ટ) નામના છોડને આ સંસ્થામાં સંસ્થાપિત કરી અજ્ઞાનતાના અસુરને મારીને જ્ઞાન અને વિજ્ઞાનનો ઉદય થાય તેવી શુભેચ્છા પ્રગટ કરું છું."

હિંદનો આ તેજસ્વી પુત્ર ૧૯૩૭ના નવેમ્બરની ૨૩મી તારીખે હૃદય બંધ પડવાથી દક્ષિણ બિહારના ગિરિધ નામના ગામે આ નશ્વર જગત છોડી ગયો. જગદીશચંદ્ર બોઝે જગતને એક નવો માર્ગ બતાવ્યો અને હિંદની યશગાથાનો ધ્વજ ચોમેર ફેલાવ્યો. જડ, ચેતન અને વનસ્પતિ વચ્ચેનાં ઐક્યનો સૃજનજૂનો હિંદનો સંદેશ વૈજ્ઞાનિક રીતે જગતમાં ફેલાવ્યો.

કઠોપનિષદ્ ત્રીજું પ્રકરણ ૧૨મો શ્લોક—

"एष सर्वेषु भूतेषु गूढोऽऽत्मा न प्रकाशते ।
दृश्यते त्वग्र्यया बुद्ध्या सूक्ष्मया सूक्ष्मदर्शिभिः ॥"

ખરેખર જગદીશચંદ્ર બોઝ એક સૂક્ષ્મદર્શી હતા એમ લાગ્યા વિના રહેતું નથી. એણે જ સર્વભૂતમાં એક આત્માનું દર્શન કર્યું હતું.*

* તા. ૩૦-૧૧-૫૮ ને રોજ આકાશવાણી અમદાવાદ સ્ટેશન ઉપરથી આપેલો વાર્તાલાપ—આકાશવાણીના સૌજન્યથી.

અમે પરણ્યાં !

"સફુરીજહાં"

મેટ્રો સીનેમામાં છેલ્લો શો જોઈ, અન્ય પ્રેક્ષકો સાથે હુ ય બહાર નીકળ્યો એ સાથે જ સામેના ટાવરમાં બારના ટકોરા પડ્યા. ટ્રામ કે બસ જે મળે તે પકડવાના ઈરાદે હું સ્ટેન્ડ તરફ આગળ વધ્યો.

'એઈ......સીસ...સીસ્ ......મિસ્ટર......'

કોઈના કોમળ સૂરે અણધારી એક મારી ને પગ થંભી ગયા. સિગારના એક ઘૂંટ સાથે ધૂમાડાનો ગોટો કાઢી મેં અવાજની દિશામાં જોયું. એક નવયૌવના મને બોલાવી રહી હતી. હું થંભી ગયો. એ મારી ભણી ઉતાવળા પગલે ચાલી આવી: 'તમે, તમે માટુંગા...?'

'હા. હા. કેમ ?'

'મારે દાદર જવું છે. એકલી છું. કંપની આપશો ?'

આંખો ટગર ટગર જોઈ રહી. સપ્રમાણ દેહયષ્ટિ વાળી, આધુનિક વસ્ત્રોમાં સજ્જ થયેલી કો શિક્ષિત શહેરી ગૌરાંગના સમી એ ભાસતી હતી મન એને જોતા આકર્ષાઈ રહ્યું, પણ બસ...જવા દો દર્ગો દઈ બેઠી : 'શું જોઈને આમ અડધી રાત સુધી ભટકતી હોઈશ!' ધીમાં અવાજે બબડી જવાયું.

'એઈ મિસ્ટર......જરા સંભાળીને બોલો..'

પણ ઝઘડાને અવકાશ જ ન મળ્યો. પસાર થતી ટેક્ષી છાતી આગળ જ આવી ઊભી રહી: 'આના હૈ?' ને એ સાથે જ દરવાજો ખૂલ્યો. હું અંદર જઈ બેઠો. 'ચાલો.' ને એય કાંઈ પણ બોલ્યાચાલ્યા વગર અંદર બેઠી.

મરીન ડ્રાઈવના વિશાળ રસ્તા પર થઈને ટેક્ષી પૂર ઝડપે જઈ રહી હતી. હું ચૂપચૂપ બેઠોબેઠો દરિયાનાં ઉછળતા તરંગો જોઈ રહ્યો હતો.

'કેવું લાગ્યું ?'

'મને કાંઈ જ લાગ્યું-વાગ્યું નથી.' ને પળભર થંભી એના તરફ તાકતાં કહ્યું.. 'પણ પણ.....'

'શું પણ .....' એ પૂછી રહી.

'જવા દો, એ વાત.' મેં વાત ટાળવાના ઈરાદે પુનઃ દરિયા તરફ દૃષ્ટિ ફેરવી. પણ એમ એ શેની જવા દે? એણે મારો ખભો પકડી, મારું મોં પોતાના તરફ ફેરવ્યું: ' કહો. તમને મારા સોગંદ......'

'અરે, અરે, એમાં સોગંદ ખાવાની કાંઈ જ જરૂર નથી.'

'તો પછી કહો.'

'વાત એમ છે કે રસ્તામાંથી મારી પાછળ એક નહિ ધારેલું ભૂત લાગી ગયું!'

'હેં ?!!' એ ભિડાઈ ઊઠી. 'હેં ભૂત ખરું? તો, તો......તમે કોણ?'

હું હસી પડ્યો. 'ભૂતનો દુશ્મન ભૂવો.'

ને એય હસી પડી. 'કમાલ છો તુમે !'

'હા, એટલે તો અત્યારે મળી ગયો—તમને છેક ઘર સુધી પહોંચાડવા માટે.'

એ છેડાઈ પડી : 'એય શ્રીમાન !......'

મેં હસીને કહ્યું : 'કાણાને કાણો ન કહેવો જોઈએ. પણ શું કરું ? આ જીભ જ જરા...'

'હું તમારી સાથે બોલવા જ નથી માગતી.'

'વાહ.'

ટેક્ષી પૂર ઝડપે દોડયે જતી હતી સ્ટ્રીટ લાઇટના દીવા ઝગઝગતા હતા. મરીન ડ્રાઈવ ક્યારે પૂરો થયો ને ક્યારે ટેક્ષી વિન્સેંટ રોડના રસ્તે આવી ઊભી તે ખબર પડી નહિ. 'કહાં જાના હૈ ?'

'ખુદાદાદ સર્કલ.' એ બોલી. ને ટેક્ષી જરા આગળ વધી ઊભી રહી ગઈ. એણે કાંઈ પણ બોલ્યા વગર ચાલવા માંડયું.

'તીન રૂપિયા બાર આના.' ટેક્ષી ડ્રાઈવરે મીટર ફેરવી કહ્યું. મેં એક નજર ચાલી જતી 'પેલી'ની તરફ ફેંકી, ને ખીસ્સામાં હાથ નાંખી પૈસા કાઢી ટેક્ષીવાળાને આપ્યા. 'નયા નયા પ્યાર હૈં ન ! સંમ્હાલના છોટેસા'બ !' કહેતાં ડ્રાયવર મલકયો. પણ મેં એના તરફ દુર્લક્ષ્ય કર્યું, ને સડેડાટ 'પેલી'ની પાછળ ચાલવા માંડયું. થોડે દૂર જઈને તરત પકડી પાડી.

'એય......'

'મિસ્ટર આમ કોઈની......' એ આંખ ઉલાળીને બોલી. મિજાજ હાથ રહ્યો નહિ બસ કે ? 'ગરજ સરી ને વૈદ્ય વેરી. પાછળ તો આપ પડ્યા ને તેય અડધી રાતે !'

મારો કટાક્ષ ધારી અસર કરી ગયો. 'અચ્છા, તો હવે શી સેવા આપની બજાવી શકું છું ?'

'સેવા ? હં તો, જુઓ એક તો આપને અહીં સુધી મૂકવા આવવા પાછળ મને ત્રણ રૂપિયા બાર આના ટેક્ષી ખર્ચ થયો. વળી એ પાછળ જેટલો સમય ગયો તેટલા વખતમાં મેં ખુશીથી એક સરસ 'રોમેન્ટીક' સ્ટોરી લખી નાંખી હોત ને એ છપાતાં મને રૂપિયા પંદર મળ્યા હોત......'

'એટલે કે તમને રૂપિયા અઢાર અને પંચોતેર પૈસાનો ખર્ચ થયો, ખરું ?'

'હા.'

'ઘેર ચાલો. હું આપી દઉં.'

હું મનોમન-હસી પડયો. ઈરાદો એ જ હતો, ને તે આમ પાર પડી ગયો.

એક બંગલામાં અમે પ્રવેશ્યાં. કૉલબેલ બજાવતાં અંદરથી એક ઘાટી-બાઈએ દ્વાર ખોલ્યું. મને એ દીવાનખંડમાં લઈ ગઈ. હું એક સોફા પર જઈ બેઠો. એ અંદરના ખંડમાં ગઈ.

થોડીવારે તે હાથમાં પૈસા ગણતી બહાર આવી. 'લો,—ને...'

મેં પૈસા લેતાં કહ્યું: 'જુઓ, આપ લાગો છો તો શિક્ષિત...'

'એય શ્રીમાન! જાણો છો? હું બી. એ. છું, બી. એ...'

'બાપ રે! ત્યારે મારે બીવા જેવું ખરું,' હું ખડખડાટ હસી પડ્યો. 'પણ જુઓ તમે તદ્દન 'ઠ' લાગો છો.'

'શું કહ્યું?', એ એકદમ ગુસ્સાથી લાલચોળ થઈ ગઈ.

'બીજું શું? હું તમારે ત્યાં મહેમાન તરીકે આવ્યો છું—નોતરેલો કે વણનોતરેલો. જરા પાણી-આણીનો તો ભાવ પૂછવો જોઈએ ને!'

એ કંઈક ખસિયાણી પડી ગઈ. પણ એમ કાંઈ ગાંજી જાય તેવી નહોતી: 'બોલો, શો ભાવ છે પાણીનો આજકાલ?!'

હતતારીની! આ તો સવાઈ નીકળી!

'ચા પીવી છે.' લપ કરવી છોડી દઈ સીધું જ મેં કહી દીધું.

'અચ્છા, બીજું કાંઈ?'

'થોડો નાસ્તો, એકાદ સિગાર......'

'વારુ, સાહેબ! હમણાં હાજર કરું છું, અતિથિ મહારાજ!' એ લટકાતી ચાલે અંદર ગઈ.

બંદા પગ પર પગ ચડાવી, સોફામા આડા પડ્યા. ટીપોય પર પડેલ એક 'મેગેઝીન' લઈ વાચવા માંડ્યું. પહેલે પાને જ લખેલું નામ આંખે ચડ્યું: 'નિલાંબરી!' મનમાં બે વાર બોલી ગોખી લીધું, ને મેગેઝીન હતું ત્યાં મૂકી દીધું.

થોડી જ વારે એ જાતે જ એક ટ્રે લઈને આવી. ટીપોય પર ચાનો કપ, નાસ્તાની ડિશ, સિગાર ને પેટી વગેરે મૂક્યાં. કેડ પર હાથ ટેકવી એ બોલી 'એય શ્રીમાન! પતાવો આ...' ને પછી ધીરેથી એ બબડી 'જાણે બાપનું ઘર હોય એમ......'

જીભ સળવળી ઊઠી. હુંય ધીરેથી, પણ એ સાંભળે એમ જ બબડ્યો: 'બાપનુ નહિ, તો સસરાનું તો હશે...' એકદમ એ સન્મુખ થઇ ઊભી. 'શું કહ્યુ?!'

'કુચ્છ નહિ, મહેરબાં! ગુસ્સા કમની રખિયે, વર્ના કમજોર–ગુસ્સા બહોતવાળી કહેવત તો યાદ છે ને!' કહેતાં મેં ચા–નાસ્તાને ન્યાય આપ્યો. ચૂપચાપ સિગાર સળગાવી, ને ઊભો થયો. 'અચ્છા, નિલાંબરી! ફિર મિલેંગે...' કહેતાં જવા પગ ઉપાડ્યા.

'એય...'

એ દ્વાર વચ્ચે આવી ઊભી. 'હિસાબ ચૂકતે કરતા જાવ.'

'મતલબ?!'

'જુઓ, અડધી રાતે મેં તમારા માટે 'ખાસ' ચા બનાવી. એ ચાનો ચાર્જ બે રૂપિયા. નાસ્તાના ત્રણ. સિગારના પૈસા ગણતી નથી, પણ સરભરાના પૈસા ગણું છું એટલે મારું બિલ રૂપિયા ઓગણી ...'

ખિસ્સામાં હાથ નાંખી હતા તેટલા પૈસા કાઢી રૂઆબભેર તેના હાથમાં મૂક્યા: 'લો!' ને પગ ઉપાડ્યા.

'આ તો અઢાર રૂપિયા પંચોતેર પૈસા છે. હજી પચીસ પૈસા ખૂટે.'

'કાલે લઈ લેજો'

'ઉધાર–બુધારની વાત નહિ આજ રોકડા—કાલે ઉધાર'

'પૈસા નથી'

'વાહ, આ તે કાંઈ જવાબ છે? જેન્ટલમેન...'

'આ લો, ફાઉન્ટન પેન રાખો, ચાર આના આપી જાઉં ત્યારે આપજો.' ને હું સડેડાટ ચાલ્યો ગયો.

* * *

મુશીબત છે, મારા ભાઇ!

વસંતના વાયરા વાઇ ઊઠયા, ને ઠેરઠેર 'પરણુ' વા' ફુંકાઈ રહ્યો એ 'વા' મારા ઘરને ય સ્પર્શી ગયો કામે વાત આવી ગઈ. માબાપે મારા વિવાહ–લગ્નની તૈયારી કરવા માંડી છે!

હૈયાની ઉમેદ જુદી હતી. તે દિવસે ચાર આના ખાતર ફાઉન્ટન પેન ગીરવી રાખીને આવ્યો હતો, પણ ચાર આના આપી છોડાવા જવાતું નહોતું ત્રીજે જ દિવસે એ મને દાદર સ્ટેશન પર મળી ગઈ ખિસ્સામાંથી ચાર આના કાઢી આપતાં કહ્યું: 'લાવો, ફાઉન્ટન પેન!'

એ ખંધાઈભર્યું હસી: 'તમારી પેન ઘેર છે. ગરજ હોય તો ઘેર આવીને લઈ જાવ.' મારે જવું જ પડયુ.

ને એ પછી અમારી મુલાકાતો વધતી ચાલી એ મુલાકાતોએ હૈયાઓને વાચા આપી દીધી. ને ઉમેદ સેવી. પરણવું તો બસ નિલાબરીને જ.

એટલે જ્યારે ઘેર વિવાહની વાત કાને આવી ત્યારે મે ધડાકો કર્યો: 'મારે વિવાહ નથી કરવા.'

સૌ ચમકી ગયાં 'કેમ?'

બા આગળ આવી: 'જો ભાઈ, ઘર સારુ છે છોકરી રૂપાળી, ભણેલી–ગણેલી–બધ્યું પેલું શું? હા...ગ્રાજ્યેટ...'

મે અધવચ્ચે જ કહ્યું. 'ગમે તે હોય મારે નથી પરણવું, નથી પરણવું તે નથી જ પરણવું.'

'તારે પરણવુ જ પડશે જાણે છે? હું વચન દઈ ચૂકયો છું સમાજમા મારી કિંમત છે. હવે જો ના–હા કરીશ તો મારા જીવનમરણનો સવાલ...'

'પિતાજી!' મે રોષમગ્ન પિતાજી તરફ એક નજર નાંખી કહ્યું. 'મારે ય જીવનનો સવાલ છે. જેની સાથે જીવન જીવવાનું છે એને જોવા–મળ્યા વગર એકદમ આમ.....'

'શું કહ્યું? અમે શું તારું ભૂરું કરવા બેઠાં છીએ, એમ? ને પૂછ આ તારી માને. અમે ક્યાં વિવાહ પહેલા એક બીજાને મળ્યાં હતાં! અરે, તારા ભાઈ–ભાભીનું જ જો.

બસ બોલ્યા કુંવર "મારે જોવી છે!" તમે લોકોએ લાજ–શરમ નેવે મૂકી,—અમે કાંઈ નથી મૂકી.' શ્વાસ લઈ, ફરમાન છોડ્યું: 'હા–ના કાંઈ જ નહિ ચાલે. આ વસંતપંચમીએ વિવાહ ને લગ્ન બંને એક જ દા'ડે નક્કી. હું આજે જ કન્યાના બાપને ખબર કરી દઉં છું.'

ખેલાસ!

બરાબર જાણું છું કે પિતાજીનો કડપ ઘણો છે. બધાં જ ડરે છે—હું ખુદ. પિતાજીનાં સ્ટેન્ડીંગ ઓર્ડર સામે મોતિયા મરી ગયા.

પરણવું જ પડશે?!! કોની સાથે?....

નજર સામે નિલાંબરી આવી ઊભી.

'બસ, પરણીશ તો તને જ—બીજાને નહિ!'

ને હું ઘર બહાર નીકળી પડ્યો—સીધો નિલાંબરીના ઘર તરફ જ. પણ એણે મને એના ઘર સુધી જવાની તકલીફ ન જ આપી. મને એ ખુદાદાદ સર્કલ આગળ જ મળી ગઈ. સહસા મેં કહ્યું: 'નિલુ! ખરે જ ખુદાએ દાદ દીધી કે તું તરત જ મળી ગઈ. હું તને મળવા આવતો હતો...'

'મારે ય તમારું એક અગત્યનું કામ છે—જીવનનો સવાલ છે.'

'શું?'

'ના. આમ રસ્તા વચાળે વાત થશે નહિ. ચાલો, આ પાંચ નંબરની ટ્રામ આવી. આપણે કિંગ સર્કલ જઈએ. ત્યાં ઓરોરા સીનેમામાં વાત કરીશું.'

અમે ટ્રામમાં ચડી બેઠાં. રોજના વાચાળ અમે બંને આજ મૂંગાં થઈ ગયાં હતાં. મનમાં થતું ક્યારે કિંગ સર્કલ આવે...

અંતે કિંગ સર્કલ આવ્યું. અમે ઊતરી પડ્યાં. ઓરોરા સીનેમા પર જઈ બે ટિકિટ લઈ થિયેટરમાં પ્રવેશ્યાં. ન્યૂઝ રીલ ચાલતું હતું. સદ્ભાગ્યે ગીર્દી હતી જ નહિ. ખાલીખમ જેવા થિયેટરમાં અમને ખૂણાની બે સીટો મળી ગઈ.

થોડી વારે પિક્ચર શરૂ થયું. પણ અમારે મન પિક્ચર કરતાં 'અંતર–વાત'નું મહત્ત્વ વધુ હતું.

'હં...શું કહેતી હતી?'

'શ્રીકાંત! વાત હવે તારા હાથમાં છે.'

'શું?'

એણે વાત કહી. એનાં માબાપે એને પૂછ્યાગાછ્યા વગર જ એમના એક સંબંધી મિત્રના છોકરા જોડે એના વિવાહનું નક્કી કરી નાખ્યું હતું. એ સંબંધ મા ને બાપ બંનેને મંજૂર હતો. છોકરો શિક્ષિત હતો. ઘર સબળું હતું. પણ નિલાંબરીને એ મંજૂર નહોતું. પણ માબાપ આગળ એકદમ હા–ના કરવી એને વ્યાજબી લાગી નહિ.

'મને આ સંબંધ મંજૂર નથી, શ્રીકાંત!' એણે આગળ ચલાવ્યું.

'હું તને ચાહું છું. હું તારી બનવા ચાહું છું. આપણાં મા–બાપો આગળ આપણી વાત કરીશું તો તેઓ એ વાત કબૂલ નહિ રાખે.'

'ખરી વાત. મારું પણ એમ જ છે.' કહી મેં મારા વિવાહની વાત કરી.

'તો તું વિવાહ કરી લેવાનો, ખરું?' એણે સાશંક પૂછ્યું.

'ના, મેં વિરોધ ઉઠાવ્યો છે. પણ મારાં મા-બાપે મારા વિરોધને હસી નાંખી વિવાહની હા જ રાખી છે.' ને પળભર થંભી પૂછ્યું: 'વિવાહ થયો કે થવાનો છે, તારો?'

'ના, વસંતપંચમીએ વિવાહ–લગ્ન સાથે જ.'

'અરે, મારા માટે ય એ જ દિને મૃત્યુ નક્કી કર્યું છે!'

બને ક્ષણભર ચૂપ રહ્યાં.

'શ્રી...!'

'નિલ......'

એ પાસે સરકી આવી. 'મેં એક રસ્તો વિચારી લીધો છે. છે તું તૈયાર?'

'શો?'

'જો, લગ્નના દિવસે પરોઢમાં જ નજર ચૂકાવી આપણે ભાગી છૂટવું. આપણે થાણા સ્ટેશને ભેગાં થવું. ત્યાં દિવસ ગાળી સાંજની ટ્રેનમાં આપણે બોરીબંદર આવી, ત્યાંથી કલકત્તા મેલ પકડવો. આપણે મારા કાકાને ત્યાં કલકત્તા જતાં રહીશું. કાકા ઉદાર ને સુધરેલા વિચારના છે.'

'કબૂલ.'

'કબૂલ.'

'હા, કબૂલ.'

* * *

અમે મળતાં રહ્યાં. ને અમારી ગુપ્ત યોજના માટે જરૂરી સાધનો ય એકત્ર કરતાં રહ્યાં.

લગ્નનો દિન પવનવેગે આવી પહોંચ્યો. આડી માત્ર રાત રહી. ઘરમાં ધામધૂમ અને દોડાદોડી મોડી રાત સુધી રહી. અગિયાર વાગે વરઘોડો હતો. ચાર વાગે લગ્ન હતાં.

મેં સારી ય રાત જાગતાં જ વિતાવી—ભાગવાની તક શોધવા માટે. અંતે મને તક મળી ગઈ. સૌને થાકયાપાકયાં ઊંઘેલાં જોતાં, હું આરતેથી છટકી ગયો. થાણા જતી લોકલ પકડી.

ને જે ડબ્બામાં હું ચડયો હતો તે ડબ્બામાં જરા માટે મેં નજર નાંખી. હું પ્રથમ ચમકયો, ને ઓળખ પડતાં હું ય આનંદી ઊઠયો. અમારી નજર એક થઈ. એ નિલાંબરી હતી!

'હાશ.' હું એની પાસે જઈ બેઠો.

એણે આંખના ઈશારે ચૂપ રહેવા કહ્યું. થાણા સુધી અમે બંને ચૂપચાપ એકબીજાને જોતાં બેસી રહ્યાં. થાણા આવ્યું. અમે બંને ઊતર્યાં.

'ઝખ મારે છે હવે વડીલો......'

'તમે મારી સાથે પાટસકરને ત્યાં ચાલો.'

'પાટસકર?'

'મારી બહેનપણી છે.'

અમે બંને પાટસકરને ઘેર ગયાં. અમારી જ રાહ જોતી એ બેઠી હતી. અમને બંનેને

થોડીવાર બેસાડયાં. ચા-નાસ્તો કરાવ્યો. થોડીવારે એ અમને થાણાના આર્યસમાજમાં લઈ ગઈ. આર્યવિધિ પ્રમાણે અમારાં લગ્ન થયાં.

પાછાં પાટસકરને ઘેર આવ્યાં.

જમ્યાં. જરા આડેપડખે થયાં ત્યાં સાંજ પડી.

'જુઓ.:તમારે કલકત્તા જ ભાગવું છે, તો આ વેશે પકડાઈ જશો. એક કામ કરો. નિલા, તું મહારાષ્ટ્રીય પાતળ-લૂગડાં પહેરી લે. ને ભાઈ, તમે ય વેશપલટો કરી લ્યો.'

અમે વેશપલટો કરી લીધો. નાકમાં મોટી નથ, મરાઠી પાતળ સાડી, ને મરાઠી કાપડું, હાથે ચાંદીની બંગડીઓ, કપાળે મોટો ચાંદલો ને અંબોડે વેણી — નિલાંબરી, ખરેખર મહારાષ્ટ્રીયન જેવી થઈ ગઈ હતી! મેં બંગાળી ઢબનું છૂટી પાટલીનું ધોતિયું, ને પહોળી કફની, આંખે કાળાં ગોગલ્સ ને પગમાં ચંપલ ચડાવી લીધા. પાટસકરની ભાવભીની વિદાય લઈ અમે બોરીબંદર ઊપડ્યાં.

બોરીબંદરથી અમે કલકત્તાની બે ટિકિટ લીધી. પ્લેટફોર્મમાં દાખલ થયાં. ચારેકોર નજર નાખીઃ ના, કોઈ જ ઓળખીતું જણાતું નહોતું. 'વેઈટીંગ રૂમમાં રહેવું સારું'. અમે એ ભણી ચાલ્યાં.

'ઘેર હો-હા થઈ હશે!' મેં વાત કરવાના ઈરાદે કહ્યું.

'હા, દોડા-દોડી ને શોધાશોધી.'

'ગામ ખુંદી વળ્યા હશે. ક્યાંક પોલીસને ય......'

'હાસ્તો! પણ હવે તો ઝખ મારે...'

'ચૂપ!'

'કેમ?'

'પેલું કો'ક ઓળખીતું પસાર થયું. મારી સામે તાકી તાકીને મૂઓ જોતો હતો. મને ય થયું કે મેં એને ક્યાંક જોયો છે. અરે, હા! જેને ત્યાં જઈએ છીએ એનો જ છોકરો!'

'હેં, તારા કાકાનો!'

'હા.'

'માર્યા ઠાર!'

'શું કરશું? બહાર...'

'ના. એમાં તો વધુ મુશ્કેલીમાં મૂકાઈશું હવે તો, જેવી પડશે એવી દેવાશે.'

'નિલાં......બેટા!'

અમે ચમકી ગયાં.

'બાપુ!'

'ચાલ, બેટા! તું રાજી એમાં અમે ય રાજી!'

'પણ બાપુ! મેં આની સાથે...આ શ્રીકાંત......'

'શ્રીકાંત?!!'

'હા જી, મારું નામ......'

'બાપનું નામ?'

'શેઠ રાયચંદ.'

'રાયચંદ હીરાચંદ કે?'

'હાજી!'

'અરે, વાહ રે! રંગ છે તમને બંનેને!'

અમે બંને સ્તબ્ધ બની ગયા. નિલાના બાપે આગળ ચલાવ્યું:

'ત્યારે તમેય મારી દીકરીની જેમ જ ભાગ્યા, ખરું ને! ભલા, જરા ખબર તો કરવી હતી!? ને દીકરી'...એમણે નિલાને કહ્યું:

'મને જરા કહેવું તો હતું...'

'બાપુ! મેં કહેવા પ્રયત્ન કરેલો, પણ આપે...'

પણ એમણે તો આગળ જ ચલાવ્યું. 'ચાલો, જે થયું તે સારું થયું. અમારું ધાર્યું થયું...'

'તમારું ધાર્યું?!'

'હા. હું અને રાયચંદ ખાસ મિત્રો છીએ. તમે બંનેએ અમને એકબીજાને જોયેલા નહિ, કે અમે તમને નહિ, તેથી આમ થયું. અમે અમારી મૈત્રી–ગાંઠ મજબૂત બનાવવા આ સંબંધ કર્યો હતો. પણ જેમ મારી પુત્રીને મારો કરેલો સંબંધ નામંજૂર હતો, તેમ એના પુત્રને એનો કરેલો સબંધ નામજૂર થયો ને એય આજ સવારે ભાગી ગયો—મારી છોકરીની જેમ ને મારી જેમ જ એ ય દીકરાની શોધમા અહીં આવ્યો છે.'

ત્યા અવાજ થતા મે ઊંચું જોયું. મારી આંખો ચકળવકળ થઈ ગઈ! પિતાજી આવી ઊભા હતા! 'રાયચંદ!' નિલાના બાપે કહ્યું. 'આવી પહોચ્યો કે! ચાલ, હવે ટેક્ષી મંગાવ! વર-કન્યા અહીં જ છે—બંગાળી–મરાઠીના વેશમા!'

'શું કહે છે તું, અંબુ!'

'હા, ખરું કહું છુ. જો ઓળખ! આ રહ્યો શ્રીકાંત!' કહેતાં એમણે મારા ગોગલ્સ ઉતારી લીધા. પિતાજી મને નખશિખ નિહાળી રહ્યા.

'ને...પેલી મારી નિલુ!'

ટેક્ષી આવી ગયાના સમાચારે અમે સૌ ઊઠયાં. ખંડ બહાર નીકળ્યાં. અમે બંને ચૂપ હતાં. પાછળ, વૃદ્ધો હતા.

'રાયચંદ! છોકરાઓએ તો ભારે કરી!'

'હા, ક્યારે મળ્યાં–ક્યારે પ્રેમ કર્યો...ને આમ...?'

'...લગ્ન કર્યાં!!!'

અમે બંનેએ એકબીજા સામું જોયું. આંખો હસી ઊઠી.

卐

પાશ્ચાત્ય નાટ્યસાહિત્યનો વિકાસ

પ્રોફે. તનસુખ ભટ્ટ M. A., Ph. D.

લેખાંક ત્રીજો

રોમન નાટકો

આવાં ગ્રીક નાટકો પાછળથી આવનાર રોમન નાટકોને માટે આદર્શ રૂપ બન્યાં. બન્ને વચ્ચે પ્રથમ ભેદ તો ભાષાનો હતો. ગ્રીક નાટકો ગ્રીક ભાષામાં અને રોમન નાટકો લૅટિન ભાષામાં લખાયાં છે. ગ્રીક શોકાન્તિકાઓના અનુકરણ રૂપે રોમન શોકાન્તિકાઓ રચાઈ છે. તેનો લેખક સેનેકા હતો. બન્ને નાટકો વચ્ચે બીજો ભેદ એ હતો કે ગ્રીક શોકાન્તિકાઓ અર્ધચન્દ્રાકાર ખુલ્લા વિશાળ રંગભવન (Amphi–theatre)માં ધ્વનિપ્રસારકો (megaphone)ની સહાયતા વડે મોરાં (mask) પહેરેલા નટો દ્વારા ભજવાતી. રોમન શોકાન્તિકાઓ વિશાળ રંગભવનને બદલે નાના ખંડભવનોમા ભજવાતી. ત્રીજો ભેદ તે તેની સાહિત્યિક મૂલ્યવત્તાનો છે. સેનેકાની શોકાન્તિકાઓમા કરુણરસ પાતળો પડતો જાય છે, નાટકિયાવેડા દાખલ થતા જાય છે, ધ્વનિમાંથી ગૌરવ જઈને પ્રાકૃતતા આવે છે અને શારીરિક યંત્રણાઓ સહિતનો ભયાનક રસ ક્રમક્રમાં ઉપજાવે છે. તેમાં મોટાઈ, મર્દાનગી, દિલેરી અને અમીરાત ઓછાં છે. આમ રોમન નાટકયુગ ગ્રીક નાટ્યયુગ આગળ વામણો દેખાય છે. છતાં નવાઈની વાત એ છે કે અંગ્રેજી નાટકો ઉપર જો કોઈની અસર પડી હોય તો તે ગ્રીક નહિ પણ રોમન નાટકોની છે. રોમન નાટકોના નાટકિયાવેડાથી બાલ્યદશાના અંગ્રેજી નાટ્યલેખકો પ્રભાવિત થયા હોય એમ બની શકે. પણ વધારે સાચું કારણ તો એ લાગે છે કે મધ્યયુગમાં લૅટિન ભાષાને બહુમાનપૂર્વક જાળવી રાખવામાં આવેલી. લોકોની પૂજ્ય ભાવનાનો લાભ રોમન નાટકોને મળ્યો અને તેઓ કેવળ બચી જ ન ગયાં પરંતુ અનુકરણપાત્ર પણ બન્યાં.

પરંતુ રોમન નાટકોમાં શોકાન્તિકા કરતા સુખાન્તિકા વધારે પ્રમાણમાં દેખાય છે. આવી સુખાન્તિકાઓ પણ ટેરેન્સ (ઇ. સ. પૂર્વે ૧૯૫ થી ૧૫૯)ના હાથે લખાઈ છે. આ હાસ્યપ્રકારને ફેબ્યુલા પૅલિયાટા (Fabula Palliata) કહે છે. બીજો સુખાન્તિકાકાર પ્લૉટસ (ઇ. સ. પૂર્વે ૨૫૪ થી ૧૮૪)–તેણે નવીન ઢબની ગ્રીક સુખાન્તિકાઓ–વિશેષે મિનેન્ડરની–નમૂના રૂપે સ્વીકારી. તેમની કૃતિઓમાં મૌલિકતા ન હતી. ગ્રીક કૃતિઓમાં તે રૂપાંતરો જ ગણાય. એટલું જ નહિ પણ નાટકનું વાતાવરણ અને રીતભાત પણ ગ્રીક હતાં, નહિ કે રોમન. ઍરિસ્ટોફેનિસના કેટલાંક ચિરંજીવ પાત્રોને આમાં ઉછીનાં લેવામાં આવ્યાં છે. તેમાં સમભાવી, માયાળુ વૃદ્ધજનો આવે છે, બડાઈખોર સિપાઈઓ આવે છે, લુચ્ચા નોકરો દેખાય છે, યુવાન પ્રેમીઓ અને પ્રેમિકાઓ વરતાય છે, વૃદ્ધ પંડિતો અને ઘરડી ડોસીઓ પણ નજરે ચડે છે–આ બધાં જ પાત્રો ગ્રીક નાટકોના છે અને તેમને રોમન નાટકોમાં ઊંચકી લેવામાં આવ્યાં છે.

ટેરેન્સના અવસાનની સાથે જ ઉપર્યુક્ત હાસ્યપ્રકાર પૂરો થયો અને 'ફેબ્યુલા ટોગાટા' (Fabula Togata) નામનો બીજો નાટ્યપ્રકાર શરૂ થયો. તેમાં નવીનતા એ હતી કે વાતાવરણ તથા રીતભાત ગ્રીસદેશનાં ન રહ્યાં પણ ઇટલીનાં આવ્યાં. સ્ત્રી પાત્રોનું પ્રમાણ

વધ્યું. ગુલામોને પહેલાં જેટલા હરામખોર ચીતરવામાં આવતા હતા તેટલા કાફર ગણવામાં ન આવ્યા. પછી વળી એક નાટ્યપ્રકાર નીપજ્યો જેને 'ફેબ્યુલા ટેબરનેરિયા' (Febula Tabernaria) કહેવામાં આવે છે. તેમાં ઇટલીનાં નગરજીવનની રીતભાતો દેખાય છે પણ ગ્રામપ્રદેશનું વાતાવરણ મળતું નથી. આ બંને પ્રકારો ટૂંક સમયમાં અદૃશ્ય થયા.

આ પછી જે પ્રકાર આવ્યો તેને તળપદો રોમન નાટ્યપ્રકાર કહી શકાય. લૅટિન સાહિત્યમાં તેણે સ્થાન જમાવ્યું. સુલા (Sulla)ના જમાનામાં ઉદ્‌ભવેલો આ 'ફેબ્યુલા એટેલૅન્ટા' (Fabula Atellanta) નામનો નાટ્યપ્રકાર કૅમ્પેનિયા (Campania) માંથી પ્રચલિત થયો પણ તેને તેનું નામાભિધાન તો એટેલા (Atella) નામના સ્થાન દ્વારા મળ્યું છે. જોનારા તો આમાં પણ ગ્રીક પ્રેરણા જુએ છે. તેમાં ગ્રીક પ્રેરણા હોય કે ન હોય છતાં બધા જ નાટ્યપ્રકારોમાં તો તે સૌથી વિશેષ સ્વદેશી અને તળપદો હતો. આમાં ચાર પાત્રો પ્રમુખ હોય છે. પહેલું પાત્ર તે ઢળતા ખભા ને ઊંચકિયું નાકવાળા બુધ્ધુનું છે. બીજું પાત્ર ગોળમટોળ ગાલવાળું છે. ત્રીજું પાત્ર તાલકાવાળા ઘરડા માણસનું છે. અને ચોથું પાત્ર ખૂંધા માણસનું છે. ગ્રીસ તથા રોમની પ્રજાકીય અને સાહિત્યકીય રંગભૂમિ ઉપર આ પાત્રો જાણીતાં હતાં એ કારણે આ પ્રકારની પાછળ ગ્રીક પ્રેરણા હતી એમ અનુમાન થાય છે જે સાચું હોઈ શકે. બંને પ્રદેશનાં નાટકોમાં શીર્ષક પણ સમાન છે એ બીજું કારણ હોઈ શકે. જો આ અતિશય તપપદો રોમન નાટ્યપ્રકાર પણ ગ્રીક નાટકોનો આટલો ઋણી હોય તો પછી નિઃશંકપણે કહી શકાય કે રોમન સુખાન્તિકાઓમાં મૌલિકતાનો અંશ વિરલ છે.

ઉપર્યુક્ત પ્રકાર પણ અદૃશ્ય થયો અને પછી આવ્યો માઈમિસ (Mimus). તેમાં ગમાર ધણી, રંગીલી ધણિયાણી અને તેનો છેલબટાઉ પ્રેમી એ વિષય પહેલીવાર દેખાય છે. એક તો વિષય છિનાળાનો અને તેને વળી અશ્લીલ ભાષામાં મૂકવામાં આવેલો એટલે શ્રોતાઓ બહુ આકર્ષાતા. આનાથી પણ વધારે છાકટો વિષય હતો પૅન્ટોમાઈમિસ (Pantomimus). તેમાં નિરંકુશ નૃત્ય અને ચેનચાળા વડે શ્રોતાઓને હસાવવામાં અને રિઝવવામાં આવતા હતા. છેલ્લા બે પ્રકારોને ભવાઇ સાથે મૂકી શકાય. આમ ફારસ, ભવાઈ અને અશ્લીલ નાચની સાથે રોમન નાટ્યપ્રવૃત્તિનો અંત આવે છે. છતાં નોંધપાત્ર બિના એ છે કે હલકામાં હલકા રોમન ફારસ કે ભવાઈમાં પણ કલાતત્ત્વ હતું અને સમાજ ઉપરના ચાબખા પણ હતા. આ જ કારણસર શાણામાં શાણા રોમન રાજપુરુષો અને સેનેટરો આવી ભવાઈઓ અને નાચ જોવા જતા તથા સમાજની નાડ કેવી ધબકે છે તે પારખતા. રોમન સામ્રાજ્યના અંતની સાથે રોમન સંસ્કૃતિનો પણ અંત આવ્યો અને યુરોપ ઉપર અંધકાર ફરી વળ્યો ત્યારે પ્રજાને મનોરંજન આપનાર આ જ નાટ્યપ્રકાર હતો.

*

લેખાંક ચોથો
મધ્યયુગમાં નાટ્યવિકાસ

અર્વાચીન યુરોપની નાટ્યકલા ઉપર વિનાશ પામેલા રોમન સામ્રાજ્યનાં નાટકોની ઊંડી અસર, તેના ભમનારામ કથાકારો દ્વારા, પડી હશે ખરી; પણ રોમન નાટકોને અર્વાચીન યુરોપનાં નાટકોનું પ્રભવસ્થાન ગણવાનું વ્યાજબી નથી. એને માટે આપણે બીજે ક્યાંક નજર નાખવી પડશે. આ માન મળે છે ખ્રિસ્તીઓના કૅથોલિક સંપ્રદાયને. આ સંપ્રદાયની 'માસ'

નામની પૂજાવિધિમાં નાટ્યબીજ રહેલું હતું એમ તેના પાદરીઓને લાગ્યું. પોતાના દેવળના ભક્તવૃન્દ આગળ ઇશુખ્રિસ્તના જીવનના પ્રમુખ પ્રસંગો મૂકવાની અદમ્ય ઉત્કંઠામાંથી અર્વાચીન નાટ્યધારા ધસમસતા પૂરરૂપે વહી રહી છે. આ સંપ્રદાયના બે પ્રમુખ ઉત્સવો તે ઇસ્ટર અને ક્રિસ્ટમસ ગણાય છે. તે વેળાએ નાની નાટિકાઓ કે નાટ્યાત્મક દૃશ્યો દ્વારા ઇશુખ્રિસ્તના જન્મ અને મૃત્યુના પ્રસંગો ભજવી શકાય તેમ પાદરીઓને લાગ્યું. આ બે નાટ્યાત્મક દૃશ્યોની કથા અહીં પ્રસ્તુત નથી. પરંતુ તે દૃશ્યો કેમ ભજવાતાં તે જાણવાનું અવશ્ય મન થાય ખરું. આ દૃશ્યભજવણીને લિટર્જિકલ પ્લેઝ (Litergical plays) કહેવામાં આવે છે. આવા દૃશ્યમાં સૌથી પ્રાચીન સંવાદ મળે છે તે ચાર પંક્તિનો છે. તેમાં બે પાદરીઓ શ્વેત વસ્ત્રોમાં દેવદૂત તરીકે આવે છે. તેમને સ્ત્રીવસ્ત્રધારી બીજા બે પાદરીઓ મળે છે. દેવદૂતો તેમને પૂછે છે: "બાઈઓ, કબરમાં તમે કોને ખોળો છો ?" બાઈઓ જવાબ આપે છે. "હે દેવદૂતો ! જેમને વધસ્તંભ પર વધેરવામાં આવ્યા, એવા નાઝરથના જિસસને અમે શોધીએ છીએ." દેવદૂતો તેમને કહે છે: "એ ત્યાં નથી. એણે પોતે જ ભવિષ્ય ભાખ્યું હતું તેમ એ ઊઠ્યા છે, જાઓ અને જગતને જાણ કરો કે એ તો કબરમાંથી પુનર્જીવન પામ્યા છે."

સ્પષ્ટ છે કે પૂર્ણ ગાંભીર્ય અને ભક્તિભાવથી ભજવાતા આ દૃશ્યમાં નાટ્યતત્ત્વ ભારોભાર છે. આમાં થોડો થોડો ઉમેરો થતો ચાલ્યો. મેરી મેગડેલન ઇશુખ્રિસ્તને મળે છે, પીટર અને જ્હોન આવેશથી કબર તરફ ધસે છે, મેરી સુવાસિત દ્રવ્યો દુકાનમાંથી ખરીદે છે વગેરે દૃશ્યો ભજવણીમાં ઉમેરાતાં ચાલ્યાં. ઇસ્ટરની જેમ ક્રિસ્ટમસ વેળાએ પણ આવો જ વિકાસ થતો ગયો. ઇશુખ્રિસ્તના જન્મનું ભવિષ્ય ભાખતો તારો આકાશમાં ઝબક્યો અને ભરવાડોએ તેને જોયો. તેઓ પોતાની ગામડી ભેટો લાવીને નવજાત ઇશુના પારણા આગળ મૂકે છે. ત્યાર પછી વધારે મૂલ્યવાન ભેટો સાથે ત્રણ રાજાઓની પધરામણી થાય છે, અને છેવટે કંસમામા જેવા હેરોલ્ડને ખબર પડે છે કે જગત ઉપર રાજરાજેશ્વરનો જન્મ થયો છે ત્યારે તે ધુંવાફુંવા થાય છે—આ બધાં જ દૃશ્યો પાદરીઓ વડે ભજવાતાં ગયાં.

આવાં દૃશ્યો પહેલાં તો લેટિન ભાષામાં ભજવાતા. પ્રેક્ષકો તરીકે ત્યારે પાદરીઓ અને પંડિતો જ હશે. પરંતુ ધીમે ધીમે પ્રાદેશિક ભાષાએ લેટિન સંવાદોનું સ્થાન લીધું. મધ્યયુગી અંગ્રેજી, ફ્રેંચ, અને જર્મન ભાષામાં આ સંવાદો ભજવાતા હતા. એક વસ્તુ સ્પષ્ટ કરવી આવશ્યક છે કે આ Litergical plays સમગ્ર યુરોપમાં ભજવાતાં હતાં. એટલે અર્વાચીન યુરોપીય નાટ્યનું પ્રભવસ્થાન રાષ્ટ્રીય નહિ પણ આંતરરાષ્ટ્રીય છે.

પછી એવો કાળ આવ્યો જ્યારે દેવળના પાદરીઓ નાટકમાંથી ખસી ગયા અને નાટક દેવળમાંથી ખસી ગયું. તેનાં ઘણાં કારણો છે. એક તો એ કે આ દૃશ્યપરંપરા એટલી વધવા માંડી કે કેવળ પાદરીઓ જ તેને ભજવી શકે એ અશક્ય બન્યું. બીજું એ કે વિશાળમાં વિશાળ દેવળ નોતરેલા અને વણનોતરેલા પ્રેક્ષકોને સમાવવાને અસમર્થ નીવડ્યું. આથી પાદરીઓએ દેવળના ઓટલા અને પગથિયાં પર તે ભજવવા માંડ્યું. પ્રેક્ષકવર્ગ દેવળના આંગણામાં બેસતો હતો. ત્યારપછી પાદરીઓને લાગ્યું કે આ પોતાનું જ સર્જન પોતાને ભારે પડતું જાય છે. લોકોને તેનું ઘેલું લાગ્યું છે. વિવિધ પ્રકારની ટીકાઓ થવા લાગી. વડા પાદરીઓએ પણ જોઈ લીધું કે સ્વાસ્થ્ય અને સુરક્ષાને ખાતર આ નાટકમાંથી નીપજેલા ચેટકને ફગાવી દેવું જોઈએ. દેવળની ચાર દિવાલોની બહાર ભજવાતા કોઈ પણ નાટકમાં પાદરીઓએ ભાગ ન લેવો તેવી આજ્ઞાઓ વહેતી થઈ. આ મોટું થયેલું બાળક હવે દેવળના આંગણાંની વંડી ઠેકીને બહાર નાસી ગયું હતું. પાદરીઓએ વાલીપણાનો ઇનકાર કર્યો પણ

હવે આ પગભર થયેલું બાળક મરે તેમ ન હતું. ગામનાં મહાજનોએ તેને દત્તક લઈ લીધું. આમ ગામની બજારમાં પહોંચેલા નાટકનો વિષય તો બાઈબલનો જ રહ્યો પરંતુ છુટાંછવાયાં દૃશ્યોને બદલે સમગ્ર બાઈબલ–જૂનું અને નવું કરારનામું—ભજવાવા લાગ્યું: આપણી રામલીલા અને કૃષ્ણલીલાની જેમ. આને મિસ્ટરી પ્લેઝ (Mystery plays) અથવા મિરેકલ પ્લેઝ (Miracle plays) કહેતા.

અમુક ઉત્સવને દિવસે ઈંગ્લંડમાં ગામનાં મહાજનો આ ખ્રિસ્તીકથા ભજવતાં. ફ્રાન્સનાં મહાજનો જાતે નાટકમાં ન ઊતરતાં પરંતુ તેમનું સ્થાન ખાસ નાટક કંપનીઓએ લીધું. તેમાં શોખીન અને ધંધાદારી બન્ને પ્રકારના નટ રહેતા. આમાંનું સુપ્રસિદ્ધ નાટક Confrerie de la Passion સોળમી સદી સુધી ચાલેલું.

આમ કેટલીક સદીઓ વીતી અને આ ચમત્કૃતિપૂર્ણ નાટકો (Mystery plays)નું સ્થાન નીતિપૂર્ણ નાટકો (Moral plays)એ લીધું. તેમાં અશરીરી સદ્ગુણો નાટકના પાત્ર તરીકે આવતા. તેના વિષયમાં જીવાત્માની સામે આવી પડતાં પ્રલોભનો, પતન અને પરિનિર્વાણ હતાં. આનો જમાનો પણ ગયો અને ત્યારપછી ઈંગ્લાંડમાં છુટાછવાયા પ્રવેશો કે વેશો (Interludes) આવ્યા. આ એક પ્રકારનાં અણઘડ એકાંકી નાટકો જ ગણાય. આમાં હાસ્યરસ પ્રધાન હતો અને રોમન ફારસ કે ભવાઈનાં તે નાતીલાં હતાં. ફ્રાન્સમાં વળી આવી ભવાઈ ઈંગ્લાંડની પૂર્વે જ ચાલુ થઈ ગઈ હતી.

કુબ્જા : હરિવંશની અને ઉમાશંકરની

કાંતિ સોમપુરા

રાધાની માફક કુબ્જાનું રસિક જનોમાં મહત્ત્વ છે. કૃષ્ણ મથુરાવાસી થયા ત્યારથી તેની સાથેનો સંબંધ જાણીતો છે. એના વિશે 'હરિવંશ'માં ઉલ્લેખ છે કે :

"वसुदेव सुतौ तौ च राजमार्गं गतावुभौ ।
कुब्जां ददृश तुर्भयस्सांनुलेपन भाजनाम् ॥ २५ ॥
तामाह कृष्णः कुब्जेति कस्येदमनुलेपनम् ।
नयस्यम्बुज पत्राक्षि क्षिप्रमाख्यातुमर्हसि ॥ २६ ॥
सस्मिता संमुखीभूत्वा प्रत्युवाचाम्बुजेक्षणाम् ।
कृष्णं जलदगम्भीरं विद्युत्कुटिलगामिनी ॥ २७ ॥
राजस्नानगृहं यामि तद्गृहीणानुलेपनम् ।
दृष्ट्वैव त्वरविन्दाक्ष विस्मितास्मि वरानन ॥ २८ ॥
यत्त्वमिच्छसि मे वीर त्वं गृहाणानुलेपनम् ।
स्थितास्म्यागच्छ भद्र ते हृदयस्यासि मे प्रियः ॥ २९ ॥
कुतश्चागम्यने सौम्य यन्मां त्व नावबुध्यसे ।
महाजनस्य दयितां नियुक्तामनुलेपने ॥ ३० ॥

[હરિ૦ વિષ્ણુપર્વ, અધ્યાય ૨૭]

'અને એ બન્ને રાજકુમારોએ હાથમાં ચંદનપાત્ર લઈને રાજમાર્ગ પરથી પસાર થતી કુબ્જાને જોઈ. ત્યારે કૃષ્ણે કુબ્જાને કહ્યું, "આ ચંદન કોના માટે લઈ જાય છે? હે કમલ-નયની, તું ક્યાં જાય છે?" મેઘશા ગંભીર કૃષ્ણ પ્રત્યે ત્યારે વીજસમાન કુટિલગામિની (કુબ્જા) બોલી, "હે કૃષ્ણ, હું રાજાના સ્નાનગૃહ તરફ જાઉં છું. પણ (હવે) આ અનુલેપનનો તમે જ સ્વીકાર કરો. હે અરવિન્દાક્ષ, હું તો તમને જોઈને દંગ (લુબ્ધ) થઈ ગઈ છું. મારા સુંદર વીર પુરુષ, જો તમારી ઇચ્છા હોય તો આ અનુલેપન હું જાતે જ તમારા અંગે લગાવી દઉં. તમે ક્યાંથી આવો છો? તમે શું મને નથી જાણતા?! હું મહારાજને અનુલેપન લગાડનારી પ્રિયદાસી છું."

'મહારાજની પ્રિયદાસી'ના આ પ્રસન્ન પ્રસ્તાવે આનંદધારા વહેવા લાગી ને પરસ્પરના સંપર્કનું સુભગ-સુખદ પરિણામ આવ્યું. હરિવંશે તેનું રસિક વર્ણન કર્યું છે :

"तामुवाच हसन्तं तु कृष्ण कुब्जावस्थिताम् ।
आवयोर्गात्रसदृशं दीयतामनुलेपनम् ॥ ३१ ॥
वय हि देशातिथयौ मल्लाः प्राप्ता वरानने ।
द्रष्टुं धनुर्महदिव्य राष्ट्रे चैव महर्धितम् ॥ ३२ ॥
प्रत्युवाचाथ सा कृष्ण प्रियसो ममदर्शने ।
राजार्हमिदमव्यग्रं तद्गृहाणानुलेपनम् ॥ ३३ ॥
तावुभावनुलिप्ताङ्गौ चाङ्गु गात्रौ विरेजतुः ।
तीर्थगौ पंकदिग्धाङ्गौ यमुनायां यथा वृषौ ॥ ३४ ॥

तां च कुब्जा स्वगोंमध्ये द्वयङ्गुलेनाग्रपाणिना ।
शनैरुत्पीडयामास कृष्णो लीलाविधानवित् ॥ ३५ ॥
सा च भग्नस्य मुक्त्वा स्वायताङ्गी शुचिस्मिता ।
जहासोच्चैः स्तनतटा ऋजुयष्टिलता यथा ॥ ३६ ॥
प्रणयाच्चार्य कृष्णं सा बभाषे मत्तकाशिनी ।
क्व यास्यसि ' मया रुद्धः कान्त तिष्ठ गृहाणमाम् ॥ ३७ ॥
तौ जातहासावन्योन्यं सतलाक्षेपमव्ययौ ।
वीक्षमाणौ प्रहसितौ कुब्जायाः श्रुतिविस्तरौ ॥ ३८ ॥
कृष्णस्तु कुब्जां कामार्तां सस्मित विससर्ज ह ।
ततस्तौ कुब्जया मुक्तौ प्रविष्टौ राजसंसदम् ॥ ३९ ॥
तावुभौ मजसदृद्धौ गोपवेषविभूषितौ ।
गूढ चेष्टाननौ भूत्वा प्रविष्टौ नृपवेशम तत् ॥ ४० ॥

[હરિ० વિષ્ણુપર્વ અ० ૨૭]

ત્યારે ત્યાં ઉભેલ કુબ્જા પ્રત્યે કૃષ્ણે કહ્યું કે અમારા શરીરને બરાબર અનુલેપન કર. હે વરાનને, આ દેશમાં અમે અજાણ્યા (અતિથિ) છીએ. અમે મલ્લ છીએ. આ રાજ્યના ઋદ્ધિમાન ધનુષ્યતને મળવાની અમે ઇચ્છા રાખીએ છીએ.

ત્યારે તે કૃષ્ણ પ્રત્યે બોલી કે, "તમે મને પ્રિય છો. તમારા દર્શને હું કૃતાર્થ થઈ છું. રાજાઓને યોગ્ય એવા આ ચંદનનો તમે સ્વીકાર કરો." પછી બન્ને (કૃષ્ણ–બલરામ) ચંદન લગાવી, યમુના કિનારા પરનો કાદવ લગાવી ઉભેલા વૃષ જેવા શોભવા લાગ્યા. શ્રીકૃષ્ણે કુબ્જાની ચીબુકી પકડી બે આંગળી વડે તેને સહજ ઉન્નત કરી અને એક ચમત્કાર થયો. કુબ્જા સમજી કે એની પીઠ તૂટી ગઈ! પરંતુ એનો દેહ પછી તો એવો સુંદર બની ગયો કે એનું કુબ્જાપણું જતું રહ્યું. પછી તે ઊંચા સ્તનવાળી ખડખડાટ હસી પડી. તે મનોહર નાજુક વેલડી નમણી લાગવા માંડી. પોતાના મદને વ્યક્ત કરતી તે કૃષ્ણ પ્રત્યે બોલી, "હે સ્વામીન્! મને છોડીને હવે ક્યાં જાઓ છો? થોભો. મને સ્વીકારો." અને બન્ને પરસ્પર તાલી આપી હસવા માંડ્યાં. કુબ્જાનાં વચનો સાંભરીને કૃષ્ણને ખૂબ હસવું આવ્યું. કામાર્ત કુબ્જાને વિદાય કરી તે પછી રાજસભામાં પ્રવેશ્યા.

કામાર્ત કુબ્જાને કૃષ્ણે અહીં પ્રથમવાર છેડી છે. રામચરિતમાં શૂર્પણખા ને કૃષ્ણચરિતમાં કુબ્જાનું મહત્ત્વ આધ્યાત્મિક દૃષ્ટિએ પણ અનોખું છે. એનો કથાભાગ અલ્પ છે પણ તેનું રહસ્ય ગૂઢ છે. સુરદાસે પણ કુબ્જાના અંતરભાવોનું આલેખન કર્યું છે. ત્યાં પણ કુબ્જાની આવી જ આતુરતા છે. કૃષ્ણ તરફ સહસા તે દોડે છે:

"प्रभु तुमको मैं चंदन ल्याई ।
गहो स्याम कर अपने सौं, लिए सदन को आई ॥
धूपदीप नैवेद साजि कै, मगन करे विचारि ।
चरन पखारि लियो चरनोदक, पनि पनि बदि दैवारि ॥
मेरी जनम कल्पना देखी, चंदन परसो अंग ।
सुरस्याम जन के सुखदायक, बंधे भाव-रजु-रंग ॥

३०५० ॥ ३६६८ (ना० प्र०)

અને પછી તો 'કૂબરી નારિ સુન્દરી કીન્હી'. કુબ્જા અંતઃપૂર્વક કૃષ્ણને પતિ તરીકે ઈચ્છતી હતી-ઝંખતી હતી. એની એ સ્થૂલ કામવાસના હતી. કુબ્જાના સુહાગની પછવાડે આમ ઇતિહાસ પડ્યો છે. વ્રજસાહિત્યમાં કુબ્જાનું સ્વરૂપ શોક્યના રૂપમાં ઘણું કરીને આલેખાયું છે. વ્રજવનિતાઓને એનું સૌભાગ્ય ખૂંચે છે. રાધાના માનસના સંપૂર્ણ અધ્યયનને માટે કુબ્જાના માનસનું અધ્યયન આ દૃષ્ટિએ જરૂરી છે.

આપણા એક પ્રમુખ કવિ શ્રી ઉમાશંકર જોષીએ પદ્યસંવાદ અથવા કાવ્યરૂપકનો એક આકર્ષક ગુચ્છ 'પ્રાચીના' નામે આપ્યો છે. પ્રાચીન પાત્રો દ્વારા એમણે માનવ-હૃદયના સનાતન ઉદાર મધુર ભાવ ને ભવ્ય સ્થિતિનું તેમાં આલેખન કર્યું છે. મંગલ અને સૌન્દર્યપૂર્ણ જીવનદર્શનથી ઓપતા એ કાવ્યગુચ્છમાં કુબ્જાના માનસને આલેખતું 'કુબ્જા' નામનું પદ્યરૂપક છે. એમાં ભાગવતની રાધાવૃત્તિ ને કુબ્જાવૃત્તિનું કવિએ સુભગ વિશ્લેષણ પ્રયોજ્યું છે.

કૃષ્ણ-બલરામનો ઘાટ ઘડવા કંસે તેમને મથુરા બોલાવ્યા. રસ્તે જતાં નગરમાં એમને ત્રિવક્રા કુબ્જા નામની કંસની દાસીનો ભેટો થયો. એ ખૂંધી હતી. એના હાથમાં સુગંધી લેપ-સામગ્રી હતી. કંસ માટે તે લઈ જતી હતી. કૃષ્ણના અનુગ્રહથી એણે એ લેપ કૃષ્ણને કરવા માંડયો. પ્રસન્ન થયેલા કૃષ્ણ એનાં વાંકા અંગોનું દુઃખ સમજી ગયા અને કૃષ્ણે, એના પગના ફણાને પોતાના પગ વડે દબાવી હડપચી નીચે બે આંગળી રાખી એવી તો ઊંચકી કે જેથી એનાં બધાં અંગો સીધાં થઈ ગયાં! કૃષ્ણના સ્પર્શે તે પ્રમત્ત બની અને કામથી વિહ્વળ બનેલી તે કૃષ્ણના ઉત્તરીયનો છેડો ઝાલીને સ્મિત કરતી બોલી : 'હે વીર, ચાલો ઘેર જઈએ. તમે છોડયા જાઓ એમ નથી. તમે મારું ચિત્ત વલોવી નાંખ્યું છે. કૃપા કરો." બલરામ સાથે હતા. આજુબાજુ ગોપલોક હતા. કૃષ્ણે તેઓ તરફ નજર કરી હસતાં હસતાં કહ્યું: 'હે સુન્દર ભ્રમરવાળી! પુરુષની મનોવ્યથાને દૂર કરનાર એવા તારા ઘેર મારું કાર્ય સિદ્ધ થયેથી આવીશ. ઘર વગરના અમો પથિકોનો તું જ આશરો છે.'

કૃષ્ણ લાંબા સમય સુધી કુબ્જાને ત્યાં આવી શકયા નહીં. કુબ્જા વિરહદુઃખ અનુભવવા લાગી. કૃષ્ણનું એને પુનઃ મિલન થયું ત્યાં સુધીના લાંબા સમય દરમ્યાન કુબ્જાની સ્થિતિ અત્યંત કરુણ હતી.

કવિએ કાવ્યનો આરંભ કુબ્જાની સખીઓ સાથેના સંવાદથી શરૂ કર્યો છે. કોણ જાણે કેમ પણ આજ તો કૃષ્ણ જરૂર આવશે એવું કુબ્જાને થયા કરે છે. કુબ્જાની સખીઓ સરલા અને તરલા એના હૃદયની મૂક વેદનાની ચર્ચા કરે છે. આ ત્રણે સખી વચ્ચેના સંવાદમાં કુબ્જાની કૃષ્ણ પ્રત્યેની અપારપ્રીતિનું સ્વરૂપ છતું થાય છે. એના જ શબ્દોમાં એ કેવું ઉત્કટ છે તે જોઈએ.

"શારદી પૂર્ણિમાએ મેં માનેલો મિલનોત્સવ;
વાટ જોનાં વર્ષો દિનો, મામો, વીત્યો અરે ભવ.
છોડાવ્યાં સહુને કારાગારથી, માત્ર એકલા
આ શૃંખલિત આત્માને ભૂલી મ્હાલંત મોકળા."
(પંક્તિ : ૩૫-૩૮)

અને એની વિરહ વ્યથાનું બ્યાનઃ

"ડંખે, સૌન્દર્ય અંગોનું, ડંખતી ન્હોતી વક્રતા,
વક્ર અંગે મોકળા સૌ મથુરા માર્ગ તો હતા."

(પંક્તિ: ૪૧-૪૨)

· કૃષ્ણ મિલન પહેલાં એનાં અંગો વાંકાં હતાં તે તેને ડંખતાં નહોતાં પણ કૃષ્ણ-સ્પર્શે ખીલી ઊઠેલી અનુપમ સૌન્દર્યશ્રીની તાલાવેલીને એ વેઠી શકતી નથી. વક્ર અંગો હતાં ત્યારે તો મથુરાના માર્ગ એના માટે ખુલ્લા હતા. પણ હવે સમાજમાં નષ્ટપ્રિયા તરીકે એ પોતાનું દુ:ખ કેવી રીતે બતાવી શકે? વળી કુબ્જા પોતે કહે છે તેમ, એનો આત્મા શૃંખલિત હતો કવિએ પણ પોતાનું કુબ્જાવૃત્તિને લગતું દૃષ્ટિબિન્દુ સમજાવતાં સ્પષ્ટ કર્યું છે કે, 'અત્યારેની પરિભાષા પ્રમાણે બોલીએ તો, કુબ્જાએ જેનો વિકાસ રુંધાયો છે એવો (infantile), કુંઠિતચિત્ત જીવ છે, 'શૃંખલિત આત્મા' છે. શૌર્ય અને પ્રેમનો અનુભવ થતાં એનું સ્વત્વ ખીલવા પામે છે.' કૃષ્ણના શૌર્યપ્રેરિત પ્રેમસ્પર્શે કુબ્જા-શૃંખલિત આત્માનું સ્વત્વ-સૌન્દર્ય ખીલી ઊઠ્યું છે, અને તે પછીનું એનું વિરહદુઃખ. એની અધીરતા, એની વ્યાકુળતા અને એનો પ્રિયમિલનનો તલસાટ એના પ્રણયની તીવ્રતા દર્શાવે છે. એ એટલો તો તીવ્ર છે કે એને તો એના પ્રિયતમને માત્ર પોતાના એકલાનો જ કરી રાખવો છે. એને એની પ્રિય વસ્તુનો કબ્જો જોઈએ છે. એની આ વૃત્તિને કારણે જ એનું દુઃખ વિશેષતર અસહ્ય બની રહે છે. 'પ્રિયનો પ્રેમ અનુભવવા માટે આ વૃત્તિવાળાં નરનારીઓને પોતાનાં પ્રિય પાત્રોની સદેહ ઉપસ્થિતિ અનિવાર્ય થઈ પડે છે, દેહથી પર રહેલો દિવ્ય પ્રણયાનુભવ- જે મનુષ્યહૃદયને અલૌકિક આનંદ અને શાંતિ સમર્પે છે તે આવી અવિકસિત મનોવૃત્તિઓવાળા માનવીઓને માટે દુર્લભ છે. પણ સદેહે થતી પ્રિયપ્રાપ્તિનો આનંદ ક્ષણિક હોય છે. તેથી જ કવિએ આ ભાવનાની પડછે 'રાધા'ની ભાવના મૂકી છે.' રાધા પછવાડે રહેલી ભાવના, કુબ્જામાં રહેલી ભાવના કરતાં ઘણે અંશે જુદી છે. 'રાધા ભાવના'માં પ્રિયપાત્ર સાથે એકાત્મભાવ, એકત્વ સાધવાની વૃત્તિ રહેલી છે. પ્રિયતમમય થઇ જઈ વિશ્વ જેવડું વિશાળ હૃદય કરી એમાં જ નિજ પ્રિયતમનો વિલાસ અનુભવવાની વૃત્તિ એમાં હોય છે. આમ કવિએ આ કાવ્યમાં 'રાધાવૃત્તિ' ને 'કુબ્જાવૃત્તિ' બન્ને નિરૂપી છે, પણ તે બે વચ્ચે વિરોધ (contrast) તેઓ બતાવવા નથી માગતા. પણ રાધાવૃત્તિ જેટલું જ કુબ્જા-વૃત્તિનું પ્રેમભાવનામાં મહત્ત્વ છે, એમ તેઓ કહેવા માગે છે. શ્રી ડોલરરાય માંકડે કવિની આ કૃતિનું આ દૃષ્ટિએ મૂલ્યાંકન કરતાં યથાર્થ જ કર્યું છે કે, "આ કૃતિમાં રાધાને કુબ્જા જેટલું જ મહત્ત્વ છે, અને તે કુબ્જા અને રાધાનો વિરોધ (contrast) બતાવવાના આશય વગર જ કુબ્જાવૃત્તિ અને રાધાવૃત્તિ એ બન્ને સ્ત્રીહૃદયની-કહો કે મનુષ્યમાત્રના હૃદયની—સ્વાભાવિક વૃત્તિઓ છે. એકને પ્રિય વસ્તુનો કબ્જો જોઇએ; પ્રિયતમને તે મંદિરમાં પૂરવા માગે છે; બીજી પ્રિયતમમય થઈ જાય છે. વિશ્વ જેવડું હૃદય કરી તેમાં જ પ્રિયતમનો વિલાસ નિરંતર અનુભવે છે."

કુબ્જાવૃત્તિ-પ્રિયતમ ઉપર કબજો રાખવાની વૃત્તિ એ-અવિકસિત આત્માની વૃત્તિ છે, જ્યારે રાધાવૃત્તિ-પ્રિયમય થઈ જવાની વૃત્તિ-એ પૂર્ણ વિકસિત આત્માની વૃત્તિ છે. એમાં અન્યોન્ય વચ્ચેનો ભેદ નિર્મૂળ થઈ જાય છે. મનુષ્યમાત્રની આ સ્વાભાવિક વૃત્તિઓ ખરેખર

તો એક જ વૃત્તિની બે ભિન્ન ભિન્ન કક્ષાઓ છે. રાધાવૃત્તિમાં એ પ્રિયતમનો વિલાસ નિરંતર અનુભવવાનો તો છે જ. બીજી રીતે કહીએ તો, કુબ્જાવૃત્તિ સ્થૂળ કામભોગની ઇચ્છા છે. એ ક્ષણિક ને નાશવંત છે. રાધાવૃત્તિ સૂક્ષ્મ ને ચિરંજીવ છે. એમાં આત્માનું ઐક્ય છે. ચિરશાંતિ ને પરમસુખનો તે અનુભવ કરાવે છે. આમ છતાં બંનેનું મહત્ત્વ તો છે જ. એકમાંથી બીજાનું ક્રમિક સંક્રમણ કરવાનું છે. 'રાધાવૃત્તિ' એ જ ભાગવતની 'આત્મવિલોપન'ની વૃત્તિ. ભાગવતની આ દૃષ્ટિને કવિએ પોતાની અભિનવ ને અર્વાચીન દૃષ્ટિએ ઘટાવવાનો સુભગ પ્રયાસ કર્યો છે. પ્રણયની અવિકસિત દશા બતાવીને તેમણે આપણને 'વિશ્વ જેવડું હૃદય' કરી ભવ્યોન્નત પ્રણયધર્મનો માર્ગ ચીંધ્યો છે.

કુબ્જાના હૃદયરહસ્યને અનુલક્ષીને ભાગવતકારે એનું જે આયોજન કર્યું છે, તેનું નિરશન સુરદાસાદિ હિંદી કવિઓએ ખૂબ વિસ્તારપૂર્વક કર્યું છે. પરંતુ કુબ્જાની મૂળવાસના આવી કેમ હતી તેનું સચોટ નિદર્શન તો આપણા કવિ ઉમાશંકરે જ કરાવ્યું છે. આમ ઉમાશંકરની કવિદૃષ્ટિ પ્રેરક ને ઉન્નત છે; સ્થૂલમાંથી સૂક્ષ્મપ્રતિના પ્રયાણને તે આલોકિત કરે છે. ઉમાશંકરની કુબ્જા બીજા બધા કરતાં વધુ પ્રમત્ત, વધુ ઉન્નત ને પ્રેરક છે.

અબોલા

રમણ કોઠારી

વીત્યાં વર્ષો પલ પલ ઝુરી, વીતી ગઈ રંગરાતો,
રંગે ભીંજ્યા વિણ રહી ગઈ મૂક હૈયાંની વાતો,
તારે મારે પ્રિય સખીરી! ના તોય તૂટ્યા અબોલા,
આશાદોરે રહી ઝુલવવી વ્હીલી આ પ્રીતિદોલા!
સંયોગે જે ઘડિ ન વિખુટાં, આજ તે દૂ....ર દૂ...ર,
છાયા જોઈ ભડકી તન ભાગી રહે શું સમીર!
કેવાં પેલાં મિલન મધુરાં! આય શી હેલનાઓ!
બે હૈયાંની અમી ઝરતી આ આંખની ઠેલનાઓ!
પ્રેમાધ્યાયે વિરહ વિણ ના હોય પ્રીતિપુરાવો,
આ હૈયાને સહજ મળિયો એ અનીપ્સિત લ્હાવો!
હું તો હાવાં ગતસ્મૃતિ મહીં વાત આ વિસ્મરું છું,
ભાણું તો યે મુજ ભડકમાં જાત તારી સ્મરું છું.
માટે આવી અયિ પ્રિયતમે! હૈયું હૈયે મિલાવી,
'ના બોલ્યે યે પ્રીતિ નવ ઘટે' દ્યો પ્રતીતિ કરાવી.

★

પછીનાં ૭ વર્ષે ઉત્તર ધ્રુવની શોધ સાથે વિજ્ઞાન ઉછાળે ચડ્યું. કલકત્તામાં રોસે શોધેલો મચ્છર અને મેલેરીઆનો સંબંધ, વિટેમીન, રીલેટીવિટી, એટમના ભાગલા, રોકેટ અને પેનીસીલીન જેવી મહાન શોધો અકલ્પિત ક્ષિતિજે પહોંચી.

ભારતમાં જગદીશચંદ્ર બોઝ, પ્રફુલ્લચંદ્ર રોય, રામાનુજન અને રામન, નૂતન શુદ્ધ વિજ્ઞાન પ્રકાશ ઝીલતા હતા. અંગ્રેજ સારકોને શંકા હતી કે ક્ષીરસાગર જેવી ભૌગોલિક કલ્પના, કલ્પતરૂ અને આબેહયાતની પૌરાણિક કલ્પનાઓને માનનાર ભારતની પ્રજા પશ્ચિમના વિજ્ઞાનને અપનાવી શકે ? મૅકોલેએ આવી કંઇક માન્યતાથી અંગ્રેજી ભાષા દ્વારા શિક્ષણનું મહત્ત્વ સૂચવ્યું હતું. અંગ્રેજી શિક્ષણે વિજ્ઞાનનાં દ્વાર આપણે માટે ખોલ્યાં.

કાંતિલાલના વિદ્યાર્થી કાળમાં વિજ્ઞાન શીખવા માટે પ્રયોગશાળાઓ અને પુસ્તકાલયો નહિ જેવાં હતાં. વિદ્યાલયોમાં વિજ્ઞાનની ડિગ્રી ન હતી. વિજ્ઞાનના પ્રયોગો જાદુ જેવા અગમ્ય ગણાતા. સાધનોના અભાવવાળા સમયમાં કાંતિલાલ પંડ્યા, પોપટલાલ શાહ, કુંવરજી નાયક અને રેંગ્લર શાહ ગુજરાતમાં વિજ્ઞાનક્ષેત્રે પરોઢના પ્રવાસી જેવા હતા. ઈ. સ. ૧૯૧૧માં બેન્ગલોરમાં નવા ઉઘડેલા તાતાના ઇન્સ્ટિટ્યુટ ઑફ સાયન્સમાં દાખલ થનાર પહેલા પચીસ વિદ્યાર્થીઓમાં કાંતિલાલ એક હતા. ત્યાં બે વર્ષ ધંધાર્થી રસાયણનો (Applied Chemistry) અભ્યાસ કરી આગ્રામાં મિશનરી કૉલેજમાં શિક્ષણને ધંધે લાગ્યા. સેન્ટ જ્હોન્સ કૉલેજની "નાનકડી પ્રયોગશાળા, સાધનોની તંગી તથા ખાનગી કૉલેજોમાં પ્રોફેસરોને કરવું પડતું વૈતરું; એ સર્વ જોઇને ઔદ્યોગિક રસાયનના વિચારને તિલાંજલિ જ આપવી પડી." ચોત્રીસ વર્ષની વયે ઈ. સ. ૧૯૨૦ માં તેઓ વધુ અભ્યાસને માટે ઇંગ્લાંડ ગયા. યુરોપમાં પહેલા વિશ્વયુદ્ધના પડઘા સમ્યા ન હતા. હિંદીઓ વહાણવટાના ધંધામાં પ્રવેશ કરવા મથતા હતા. પ્રખ્યાત સીંધીઆ કંપનીએ એક ખખડી ગયેલું જહાજ 'લૉયલટી' ખરીદી વિલાયતની સફર શરૂ કરી હતી. આ જહાજમાં મુસાફરી કરતાં કેટલાક યશસ્વી ગુજરાતીઓ અને નામાંકિત ભારતીય વૈજ્ઞાનિકોનો તેમને સમાગમ થયો.

આ પ્રસ્થાન માટે પૈસા ઉછીના લેવા પડેલા. મુંબઇથી સીધાવતાં નરહરિરામ ત્રિપાઠીએ તેમને "ગીતા" આપેલી. વિલાયતની ઠંડી આબોહવામાં પણ તેઓ નિરામિષ—અન્નાહારી રહ્યા. એવું તેમનું મનોબળ હતું. ચંદ્રશેખર વ્યંકટ રામન આ સમયે લંડન આવ્યા. નિરામિષ આહારની સગવડને લીધે તેઓ પંડ્યાના નિવાસ પટનીમાં રહ્યા. આ સહવાસથી રામન સાથે તેમનો સંબંધ નિકટ થયો. લંડનમાં એક વર્ષ રહ્યા પછી તેઓ કૅનેડા અને અમેરિકા પ્રવાસે ગયા. ન્યૂયોર્કમાં પ્રખ્યાત એડિસનની મુલાકાતનું મોહક સુરેખ વર્ણન તેમણે એક પત્રમાં ('સમાલોચક' ૧૯૨૩, મે) આપ્યું છે. ૧૯૨૩ માં લંડન યુનિવર્સિટીની ડૉક્ટરેટ (પીએચ. ડી.) લઈ કાંતિલાલ હિંદ પાછા આવ્યા. કહેવાયલા કાળાપાણીના પ્રવાસ પછી શુદ્ધ થવા "પ્રાયશ્ચિત" ન લેવા તે અડગ રહ્યા.

ડૉ. પંડ્યાનો પ્રવેશ જીવનના મધ્યાહ્નમાં થયો. તેમને લોલીમૂકી જેવી વિધિએ નિર્માણ કરી હતી. હિંદમાં તે સમયે ગાંધીયુગ બેસી ગયો હતો. ભણતરની કદર રહી ન હતી. ગ્રેજ્યુએટની કીંમત મહિને સાઠ રૂપીઆ અંકાતી. મુંબઈ સરકારમાં કે ગુજરાતમાં નોકરીનાં વલખાં હતાં. આ સ્થિતિમાં કાંતિલાલને આગ્રાની જોહન્સ કૉલેજમાં સ્થાયી થવું પડ્યું. આ

જમાનામાં (ઈ. ૧૯૨૪) મિશનરી કૉલેજમાં તેમને મળેલી ઑફિસરની પદ્વી અને રૂા. ૫૦૦–૫૦–૧,૦૦૦ નો દરમાયો એ ઓછી વાત ન હતી—એક સિદ્ધિ હતી. ભાવનગરમાં સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદના વિજ્ઞાન વિભાગના પ્રમુખની વરણી કરી ગુજરાતે તેમને વધાવ્યા (ઈ. ૧૯૨૪). વિજ્ઞાન વિભાગના અધ્યક્ષનું "ગુજરાતમાં વિજ્ઞાનનું સાહિત્ય" ઉપરનું ભાષણ એક મનોહર વિહંગાવલોકન છે.

સંયુક્ત પ્રાંતમાં આગ્રાવાસી થવાથી કાંતિલાલ અને ગુજરાતનો સંબંધ ઓછો થયો. તેમનું જીવન જ્હોન્સ કૉલેજમાં ઓતપ્રોત થયું. આગ્રામાં તેમનું ઘર ગુજરાતી યાત્રીઓ માટે અતિથિતીર્થ બન્યું. તાજ અને સીક્રી જોનાર પંડ્યાના ભાવનાં દર્શન કરતા. ઈ. સ. ૧૯૨૫ માં ત્રીજી પુત્રી રજનીનો જન્મ થયો તેને બીજે જ વર્ષે વિધિએ ક્રૂર ઝટકાથી ઉમાંગલક્ષ્મીને ઉપાડી લીધાં. છતાં ય પ્રેમજીવનની શૂન્યતા લાગણીવશ થઈ કદીય વ્યક્ત કરી નથી. સંયમ અને શાંતિ ખોયાં નહિ. ત્રણે પુત્રીઓને પાંખમાં લઈ એકલવાયા પિતાએ અર્ધ માતૃત્વની જવાબદારી લીધી. તેમની પ્રથમ પુત્રી કુંજ (જન્મ ઈ. સ. ૧૯૧૪) વીસ વર્ષે ક્ષયરોગ થતાં અકાળે કરમાઈ. સહૃદય પિતાએ રશ્મિ અને રજની–બે બહેનોને–જતન કરી વિજ્ઞાન–દીક્ષા આપી. પહેલી બ્હેનને એમ. એસસી. અને નાનીને કેમેસ્ટ્રીમાં પીએચ. ડી. અપાવી પોતાનો જ્ઞાનવારસો આપ્યો. ગુજરાતના રાજકીય પ્રકરણમાં કુ. મણીબહેને જેવી વલ્લભભાઇની સેવાચાકરી કર્યાં છે તેવાં જ સેવાચાકરી બહેન રજનીએ કાંતિલાલનાં કર્યાં છે.

હવે રહ્યા પ્રોફેસર ડૉક્ટર કાંતિલાલ કૉલેજમાં રચ્યાપચ્યા. વર્ગમાં વિદ્યાર્થીઓને શિક્ષણ આપવું, ભાષણો આપવાં, ચર્ચાઓમાં ભાગ લેવો, સામયિકોમાં લેખો લખવા, પ્રયોગશાળામાં શોધખોળ પાછળ મંડ્યા રહેવું–એ એમનું શારદાપૂજન. બનારસ, અલ્હાબાદ અને લખનૌ યુનિવર્સિટીમાં પરીક્ષક બનવું, આગ્રા યુનિવર્સિટી થતાં વિજ્ઞાનના "ડીન" થવું, સાયન્સ કૉન્ગ્રેસની બેઠકોમાં રસ લેવો એ તેમનો જીવનક્રમ થઈ રહ્યો. સાંજે સાયકલ ઉપર બેસી કૉલેજમાં ટેનીસ રમવા જવું, સંગીતમાં આનંદ માનવો, ઘરમાં પુસ્તકો વસાવે જવાં અને નવી નવી વ્યક્તિઓનો પરિચય કરવો એમના વહેતા જીવનમાં ભળ્યાં.

ડૉ. પંડ્યાનો ખાસ વિષય "ઓરગેનિક કેમિસ્ટ્રી"નો હતો. પોતે અને તેમના વિદ્યાર્થી મંડળે સાથે મળીને ૧૯૩૫ થી ૧૯૪૮ વરસોના ગાળામાં સાઠેક જેટલા લેખો (original papers) પ્રસિદ્ધ કર્યા છે. 1. The Condensation of Aldehydes with Amides ઉપર લગભગ સત્તર ભાગ (parts); 2. The Condensation of Aldehydes with Malonic Acid in Presence of Organic Bases ઉપર લગભગ પચીસ ભાગ; Proceedings of the Indian Academy of Sciences અને Journal of the Indian Chemical Society માં છપાયા છે. આ શોધખોળમાં તે એટલા મશગુલ રહેતા કે તેમને કૉલેજમાં મજાકમાં "પ્રો. પાયરીડીન" કહેતા. અમેરિકામાં પ્રસિદ્ધ થયેલા રોજર એડમ્સના પુસ્તક Organic Reaction ના પહેલા ભાગમાં આની નોંધ લેવાઇ છે.

આપણે શા માટે નમ્રજી અધ્યાપક અને વૈજ્ઞાનિકની ગુણપૂજા કરીએ છીએ? કાંતિલાલ પંડ્યા બહુશ્રુત, સજ્જન અને સદ્‌ગૃહસ્થ હતા, તેમની સાદાઈ, વિવેક અને વિનય વિદ્યાસંપન્નને શોભારૂપ હતાં. ગુણી ચ ગુણરાગી ચ વિરલઃ સરલો જનઃ. નથી કોઈએ

તેમનો વનપ્રવેશ ઉજવ્યો કે દશ પષ્ટિઍ થેલી અર્પી. ગુજરાતી બોલનાર એક કરોડ માનવ-કુટુંબમાં વિજ્ઞાનનો રસ પ્રગટાવનાર આ વ્યક્તિ છે. તેમના મોતી જેવા અને મરોડદાર અક્ષરમાં જીવનની શુદ્ધતા પારખી શકાય છે. તેમના પત્રો વાંચનાર તેમની માનવતા સમઝી શકશે. અંગ્રેજી સલ્તનતના નષ્ટ થવા સાથે (ઇ.સ. ૧૯૪૭) સાઠવર્ષની વયે તેઓ નોકરીમાંથી નિવૃત્ત થયા. ૧૯૫૧ માં તેમનું શરીર કથળ્યું. દાકતરોએ 'કેન્સર'નું નિદાન કર્યું. છતાંય છેલ્લાં વરસો ગોવર્ધનરામને અધૂરાં રહેલ અર્ધ્ય અને અર્ચન આપવામાં ગાળ્યાં. ગોવર્ધનરામના "સ્મૃતિ મંદિર"ની યોજના, તેમની નોંધપોથીનું સંપાદન અને જન્મ શતાબ્દીની ઉજવણીમાં તેમનો સંકલ્પ સાકાર બન્યો. જીવનને અનુરૂપ શાંતિથી તેઓએ ૧૪–૧૦–૧૯૫૮ની રાત્રિએ સંસાર છોડયો.

નિવૃત્ત થયા પછી તેઓએ 'વિજ્ઞાનમંદિર'ના બે ભાગ પ્રસિદ્ધ કરી ગુજરાતના સ્વલ્પ વિજ્ઞાનસાહિત્યમાં વૃદ્ધિ કરી છે. તેમના પૃથક લેખોનો આ સંગ્રહ વિજ્ઞાનને સાદી ભાષા અને જનતાને બુદ્ધિગ્રાહી કેમ બનાવવું તેના આદર્શરૂપ છે. તેની શૈલી શુદ્ધ છે. તેમાં વિજ્ઞાન અને સાહિત્યનો સુમેળ છે. અંગ્રેજી ભાષામાં હક્સ્લી, થોમસન અને વેલ્સ જેવા લેખકો વિજ્ઞાનને લોકભોગ્ય બનાવે છે તેને આપણે હર્ષથી વધાવીએ છીએ. એની જ કક્ષાનાં આ પુસ્તકો છે. વૈજ્ઞાનિકો ઉત્તમ સાહિત્ય સરજી શકે છે એ હવે શંકાનો વિષય નથી જ.

અધ્યાપક ડૉ. કાંતિલાલ પંડ્યાના જીવનની તુલના ભેગી કરાયલી પૂંજી, જનસભાઓમાં કરેલી ગર્જના કે ભોગવેલા રાજકીય મોભાથી થતી નથી કાંતિલાલે નવલકથાના પ્રેમાંકિત યુવક-યુવતીઓ, ઐતિહાસિક રાજારાણીઓના અલૌકિક વિલાસ યા યુદ્ધે રાચતા રણશૂરને શબ્દોમાં ન ચિતર્યાં કે ન વર્ણવ્યા છતાય ગુજરાતી સાહિત્યમાં તેમનું રૂડેસ્થાને સંભારણુ છે અને જગતની વિજ્ઞાનગંગામાં તેઓ એક જળબિંદુસમ રહેશે. શ્રીયુત ગોવર્ધનરામના શબ્દોમાં,

"મોટાં નાનાં વધુ મોટામાં, તો નાનાં પણ મોટાં;
વ્યોમદીપ રવિ નભબિન્દુ, તો ઘરદીવડાં નહીં ખોટાં."


卐

કળિયુગના નવ રસ

વ્રજલાલ દવે

અહીં આવો દ્રષ્ટા ! કવિજન ! અહીં તીવ્ર રસનો
જુઓ ! શા વાણીમાં પ્રબળ પ્રગટે 'વીર' ભડકા !
વખારે પાકેલા ફળ સમ શું 'શૃંગાર' ખપતો !
વહે 'હાસ્યે' હાંસી જરઠ ચરખે શો તરડતો !
સ્વ–અર્થોની હાર્યું 'કરુણ' ટપકે ઉષ્ણ બનીને
વહે 'રૌદ્ર' જ્વાલા જઠર નટના ખેલન મહીં-
સદાયે ઊડે છે 'ભય' ભૂતડીઓ લક્ષ્મી–લટમાં
'બિભત્સે' હાંફે છે પરશ્રમભર્યો પેટ તટમાં !
જળાંમાં ચૂમીને શિર પછી સરે 'અદ્ભુત' છરા,
મળે પીવા ઘૂંટો મરણ – ગળણે 'શાંત' રસના !

★



વર્ષ ૩૪
અંક ૮

સં. ૨૦૧૫
અષાઢ

આદ્યતંત્રી
સ્વ. રામનારાયણ વિશ્વનાથ પાઠક 卐 સંપાદક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

તેમનો વનપ્રવેશ ઉજવ્યો કે દશ પષ્ટિએં થેલી અર્પી. ગુજરાતી બોલનાર એક કરોડ માનવ-કુટુંબમાં વિજ્ઞાનનો રસ પ્રગટાવનાર આ વ્યક્તિ છે. તેમના મોતી જેવા અને મરોડદાર અક્ષરમાં જીવનની શુદ્ધતા પારખી શકાય છે. તેમના પત્રો વાંચનાર તેમની માનવતા સમજી શકશે. અંગ્રેજી સલ્તનતના નષ્ટ થવા સાથે (ઇ. સ. ૧૯૪૭) સાંઠવર્ષની વયે તેઓ નોકરીમાંથી નિવૃત્ત થયા. ૧૯૫૧ માં તેમનું શરીર કથળ્યું. દાકતરોએ 'કેન્સર'નું નિદાન કર્યું. છતાંય છેલ્લાં વરસો ગોવર્ધનરામને અધૂરાં રહેલ અર્ધ્ય અને અર્ચન આપવામાં ગાળ્યાં. ગોવર્ધનરામના "સ્મૃતિ મંદિર"ની યોજના, તેમની નોંધપોથીનું સંપાદન અને જન્મ શતાબ્દીની ઉજવણીમાં તેમનો સંકલ્પ સાકાર બન્યો. જીવનને અનુરૂપ શાંતિથી તેઓએ ૧૪–૧૦–૧૯૫૮ની રાત્રિએ સંસાર છોડયો.

નિવૃત્ત થયા પછી તેઓએ 'વિજ્ઞાનમંદિર'ના બે ભાગ પ્રસિદ્ધ કરી ગુજરાતના સ્વલ્પ વિજ્ઞાનસાહિત્યમાં વૃદ્ધિ કરી છે. તેમના પૃથક લેખોનો આ સંગ્રહ વિજ્ઞાનને સાદી ભાષા અને જનતાને બુદ્ધિગ્રાહી કેમ બનાવવું તેના આદર્શરૂપ છે. તેની શૈલી શુદ્ધ છે. તેમાં વિજ્ઞાન અને સાહિત્યનો સુમેળ છે. અંગ્રેજી ભાષામાં હક્સ્લી, થોમસન અને વેલ્સ જેવા લેખકો વિજ્ઞાનને લોકભોજ્ય બનાવે છે તેને આપણે હર્ષથી વધાવીએ છીએ. એવી જ કક્ષાનાં આ પુસ્તકો છે. વૈજ્ઞાનિકો ઉત્તમ સાહિત્ય સરજી શકે છે એ હવે શંકાનો વિષય નથી જ.

અધ્યાપક ડૉ. કાંતિલાલ પંડ્યાના જીવનની તુલના ભેગી કરાયલી પૂંજી, જનસભાઓમાં કરેલી ગર્જના કે ભોગવેલા રાજકીય મોભાથી થતી નથી. કાંતિલાલે નવલકથાના પ્રેમાંકિત યુવક–યુવતીઓ, ઐતિહાસિક રાજારાણીઓના અલૌકિક વિલાસ યા યુદ્ધે રાચતા રણશૂરાને શબ્દોમાં ન ચિતર્યાં કે ન વર્ણવ્યા છતાંય ગુજરાતી સાહિત્યમાં તેમનું રૂડેસ્થાને સંભારણુ છે અને જગતની વિજ્ઞાનગંગામાં તેઓ એક જળબિંદુસમ રહેશે. શ્રીયુત ગોવર્ધનરામના શબ્દોમાં,

"મોટાં નાનાં વધુ મોટામાં, તો નાનાં પણ મોટાં;
વ્યોમદીપ રવિ નભબિન્દુ, તો ઘરદીવડાં નહીં ખોટાં."


卐

કળિયુગના નવ રસ

ધ્રંજલાલ દવે

અહીં આવો દ્રષ્ટા! કવિજન! અહીં તીવ્ર રસનો
જુઓ! શા વાણીમાં પ્રબળ પ્રગટે 'વીર' ભડકા!
વખારે પાકેલા ફળ સમ શું 'શૃંગાર' ખપતો!
વહે 'હાસ્યે' હાંસી જરઠ ચરખે શો તરડતો!
સ્વ–અર્થીની હાર્યું 'કરુણ' ટપકે ઉષ્ણ બનીને
વહે 'રૌદ્ર' જ્વાલા જઠર નટના ખેલન મહીં.
સદાયે ઊડે છે 'ભય' ભૂતડીઓ લક્ષ્મી–લટમાં
'બિભત્સે' હાંફે છે પરશ્રમભર્યો પેટ તટમાં!
જળાંમાં ચૂમીને શિર પછી સરે 'અદ્ભુત' છરા,
મળે પીવા ઘૂંટો મરણ – ગળણે 'શાંત' રસના!


★



વર્ષ ૩૪
અંક ૬

સં. ૨૦૧૫
મહા

આદ્યતંત્રી
સ્વ૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક 卐 સંપાદક
રણછોડજી કેશુરભાઈ મિસ્ત્રી



હમામ

હવે


વધુ સત્ત્વશીલ સાબુ !

નવું જ આકર્ષણ : એમા ખાસ પ્રકારનુ 'એમોલીઅન્ટ' ઉમેરવામા આવ્યુ છે જેથી હમામના ફીણ જલ્દી બને છે અને તમ ચામડીને આહ્લાદજનક મુલાયમતા અર્પે છે

આકર્ષક રૅપર : લીલા અને પીળા રંગના સુંદર રૅપર સા એક નાનકડું જાડુ પુઠુ હોય છે જે હમામની સ્ફૂર્તિમય ખુશ જાળવી રાખે છે અને તેથી લાંબા સમય સુધી સાબુ ખૂબ તાજો અને સુવાસિત રહે છે

એ જ ઓછી કિંમત : હમામને હવે વધુ સત્ત્વશીલ બનાવવા આવ્યો છે, પરંતુ એની કિંમત વધારવામા આવી નથી

હમામ તેના વર્ગનો એક જ એવો સાબુ છે કે, જે ચામડીને સુવાળી રાખ ખાસ પ્રકારનું તત્વ 'એમોલીઅન્ટ' ધરાવે છે.



હમામ નહાવાનો સાબુ

એ જ ઓછી કિંમતે

ધી તાતા ઓઈલ મિલ્સ કંપની લિમિટેડ



ધી ટાટા ઓઇલ મિલ્સ કું૦ લિ૦
સેલ્સ ઑફિસ, લાલ દરવાજા : અમદાવાદ

॥ પ્રસ્થાન ॥

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૬૭ મહા : ૨૦૧૫ અંક ૪

બંકો વસંત

પૂંજાલાલ

મલયાનિલને ઘોડે બેસી વસંત બંકો આવ્યો;
દક્ષિણના દિક્‌પાલ કનેથી જીવન જીતી લાવ્યો.
આશાકેરો ઉદય ઉજાસ્યો, નિરુત્સાહિતા નાઠી,
વીરભાવની ભરતી લાવી પૌરુષની પરિપાટી.
જયવંતી જાત્રાએ માંડ્યા ચરણ વિઘ્નને માથે,
ધ્યેયે ધાતું ધૈર્ય ધુરંધર સારથ્યોની સાથે.
મનમોહન વર વસંત આવ્યો મનમોજીલો માતો,
ફોડીલો ને કામણગારો પ્રેમપ્રશંસા પાતો.
છે મંડીલ મનોહર માથે, છેલછબીલું છોગું,
ફૂલફુલેવર કાન્તકલેવર, જોબન જોવા જોગું.
થનગન ધનગન ઘોડલિયાની ઘમઘમ ઘૂઘરી વાગે,
શાપનિવારણ થાય શિશિરનું, ઝમકીને જગ જાગે.
જાગે વનવન, જાગે ઉપવન, જાગે બાગબગીચા,
જાગે કુંજ નિકુંજ ખચેલા પ્હાડો ઊંચા નીચા.
વનલક્ષ્મી વિલસંતી કોકિલકંઠે કલરવ ગાતી,
વધાવી લેતી વ્હાલમજીને હૈયે કંઈ હરખાતી.
અભિનવ જીવનના આનંદે પૃથ્વી પુલકિત થાયે
નવપલ્લવમય રોમાંચોથી અંગે અંગ સુહાયે.
પ્રાણપ્રફુલ્લિતતા પમરાતી પ્રસરે પુષ્પિત ભાવે,
રસઝ્યોતો રંગોની સુરુચિર ચિત્ત ચકિત ચસકાવે.
મંજરીઓની મનહરતાએ મંડપ મંડિત કીધા;
વન ઉપવનના વિસ્તારોને દિવ્ય બનાવી દીધા.
સ્વર્ગોનાં સ્મિત સુંદરતર શું સરી અહીંયાં આવ્યાં,
ને ઉત્સુક અવનીએ અંકે આનંદે અપનાવ્યાં.
એવાં કુસુમો કામણગારાં પુંજિત કુંજે કુંજે
નિમંત્રણો આપે કૈં ન્યારાં, મંજુલ મધુકરગુંજે.
મનમોહક પુષ્પોની માળા વનદેવીઓ પ્હેરી
રાસોલ્લાસે રમણ કરે, કંઈ લીલાઓ રહી લ્હેરી.

પ્રત્યંગે અવનવ નૃત્યોની છટા છવાઈ જાતી,
રૂંવે રૂંવે રસરઢિયાળી મસ્તી મચે મદમાતી.
નયનો નંદનના નર્તનનાં આવર્તન આદરતાં,
હૃદયો સ્પંદે મુદે અમંદે અધીરતા કૈં ધરતાં.
શ્રીનાં ધામોની છાયાઓ આલિંગનમાં લેતી,
ચુંબકતાઓ આત્માઓને એક બનાવી દેતી.
જ્યોતિ-સિંધુએ ચઢે જુવાળો, બઢતા દિવસ-તરંગો,
રસની રેલે મુન્મય મેળે રમતા અદ્ભુત રંગો.
રાત્રિતિમિર ઓસારે આવે જબર જ્યોતિને ઠેલે,
ઉષઃકાળનાં મંગળ મ્હોરે સુરખીઓની સ્હેલે.
પ્રસન્ન મર્મરતાં તરુપત્રો પ્રકાશ પીતાં પ્રેમે,
જ્યોતિ-ઝલક ઝીલી કાયાને કૃતાર્થ કરતાં ક્ષેમે.
હજાર હાથે વૃક્ષ વધાવી લેતાં કિરણકલાઓ,
લલિત લતાઓ લળી લળી લે ઓવારણનો લ્હાવો.
જીવન સાથ થયેલો જાગ્રત પ્રેમ પ્રહર્ષણ-પૂરે
પ્લાવિત પૃથ્વીલોક કરીને ગાતો સાગર-સૂરે.
ધ્વની ઊઠે છે આમ્રઘટાઓ, પંચમ પડઘા પાડે,
પોઢેલા પ્રેમાત્માઓને ઢંઢોળી ઉઠાડે.
લઈ દિલરુબા દિલની દૈયડ સ્નેહલ સૂર વહાવે,
બુલબુલ જગમશહૂર ગવૈયો ગાણું કંઈ બહલાવે.
મુક્ત કંઠથી મેના મીઠી લે લાંબા આલાપો,
મધ જાણે કર્ણે રેડાયે, મચે ઉરે રસ-જાપો.
પલાશને પાંખો આવી શું શુક એવા લીલુડા,
સંગીતે સામેલ થઈને રાગો રેલે રૂડા.
મૌનસૂરસંગીતવિશારદ પતંગિયાંયે પેલાં
રંગ-પાંખ પર ધરી સૂરતા રમે સુમન સહ ઘેલાં.
કેલિકૂજનો! પ્રેમપૂજનો! રસગુંજન રઢિયાળાં!
આપોઆપ જ ઊઘડી પડતાં હૃદય હૃદયનાં તાળાં!
જડતાની જકડોથી છૂટી આત્મા પ્રેમાનંદી
મુક્ત મહાલે, સુખનાં સ્વર્ગો માણે મન સ્વચ્છંદી.
જગને જોબનિયે ઝગમગતી બાગોની બલિહારી,
સુંદરતા ઉદ્દામ બને છે આત્માકર્ષણકારી.
પ્રદ્યોતી પાંખડીઓવાળું પ્રેમપદ્મ પ્રભુપાયે
અર્ચનમાં અર્પી આનંદિત ધરા ધન્ય થઈ જાયે.

☆

પ્રાસંગિક નોંધો

'પ્રસ્થાન-તંત્ર'

કોંગ્રેસનું નાગપુર અધિવેશન :

નાગપુર અધિવેશન આ માસનો બનાવ કહી શકાય. કોંગ્રેસના અધિવેશનનો વિચાર કરતી વખતે એની અનેકવિધ મહત્તાનો ખ્યાલ આવ્યા વિના રહેતો નથી. પરંતુ આઝાદી બાદ એ અધિવેશનનો ભભકો અને બાહ્યાડંબર સૌપ્રથમ ધ્યાન ખેંચે છે. કોંગ્રેસ પ્રમુખની સવારી, મંડપની ખર્ચાળ બાંધણી અને કહેવાતા સાંસ્કારિક કાર્યક્રમની ધમાલ વગેરે અધિવેશનને લાક્ષણિક સ્વરૂપ આપે છે. ૧૯૦૫માં લોર્ડ કર્ઝનના દરબાર માટે જે કહેવામાં આવતું હતું તે આ પ્રસંગે કોંગ્રેસના અધિવેશન બાબત પણ એટલા જ ઔચિત્યથી કહી શકાય છે: pompous pageantry to a perishing people.

એક બીજી નોંધપાત્ર બિના એ પંડિત નેહરુનું પ્રભુત્વ છે. કોંગ્રેસની વિષયવિચારિણી સમિતિમાં કે એ. આઈ. સી. સી.ની બેઠકમાં પંડિત નેહરુનો અવાજ બુલંદ જ નહીં પરંતુ, બીજા અવાજોને દબાવી દે એવો ગાજી રહે છે. કોંગ્રેસે દેશ સમક્ષ રજૂ કરેલા આદર્શો અને એને પ્રાપ્ત કરવાની રીતિઓ બાબત ચર્ચાવિચારણા વખતે પંડિત નેહરુની હાજરી મુક્ત અને નિર્બંધ વિચારણા માટે બાધારૂપ હોય એમ લાગ્યા વિના રહેતું નથી, કારણ કે પંડિત નેહરુ ક્રોધાયમાન થઈને ગમે એવી દલીલોને 'અસંગત' કહી બાજુએ હડસેલી દેતા હતા. જે આદર્શો અને કાર્યરીતિઓ આવતાં અનેક વર્ષો સુધી રાષ્ટ્રને ઘડવાનાં છે એના ઉપરની ચર્ચા કોઈ ગમે એવી પ્રચંડ વ્યક્તિની શેહ અને લાગવગથી કુંઠિત ન થવી જોઈએ. પંડિત નેહરુની વર્તણૂક સામે કોંગ્રેસ પ્રમુખ ઢેબરને વિરોધ પણ નોંધાવવો પડ્યો હતો.

નાગપુર અધિવેશનમાં કોંગ્રેસે ખેતીવિષયક સામાજિક સંબંધો પલટાવવા માટે પોતાનો નિર્ધાર વધુ દૃઢ કર્યો છે. અનાજના વેપાર અંગે 'સ્ટેટ ટ્રેડિંગ'ની પદ્ધતિનો અમલ ગમે તે થાય તો યે કરવામાં આવશે જ એવો મક્કમ નિર્ણય પંડિત નેહરુએ રજૂ કર્યો છે. ભૂમિધારા વિષયક સુધારાઓ—land reforms—ની તાત્કાલિક જરૂરિયાતો વિશે ઘણી ખ્યાતનામ વ્યક્તિઓએ સંદેહ ઉઠાવ્યો છે. ઉત્તર પ્રદેશના મહેસૂલ પ્રધાન શ્રી ચરણસિંહનો વિરોધ એ દૃષ્ટિએ નોંધપાત્ર છે.

કોંગ્રેસે સમાજવાદી સમાજ સ્થાપવા બાબત ફરીથી પોતાનો બુલંદ અવાજ ઉઠાવ્યો છે. આ હેતુથી ત્રીજી યોજના ઘણી જ મોટી ઘડવામાં આવશે એવી દૃઢ પ્રતીતિ થયા વિના રહેતી નથી. અધિવેશન પહેલાનાં પંડિત નેહરુનાં ભાષણો અને અધિવેશન દરમ્યાનનાં એમનાં મંતવ્યો વાંચ્યા પછી એમ લાગે છે કે એઓ ઝડપથી ખાનગી વિભાગ તરફનું વલણ બદલી રહ્યા છે. ખાનગી વિભાગ યોજનાબદ્ધ વિકાસને અનુરૂપ કામગીરી બજાવશે એ બાબત એમને હવે શંકા હોય એમ લાગે છે. આઝાદી બાદ ખાનગી વિભાગ પરત્વે એમણે આશા અને શ્રદ્ધાથી જોયું છે. પરંતુ, દસ-અગિયાર વર્ષની એ વિભાગની કાર્યરીતિથી એઓ નિરાશ થયા હોય એવું લાગે છે. ગયા માસની પ્રેસ કોન્ફરન્સના ભાષણમાંથી નીચે અવતરણ ટાંકવામાં આવ્યું છે જે એમના બદલાયેલા વલણનું દ્યોતક છે :

> "ખાનગી અર્થ-ક્ષેત્ર લોકશાહીનું જરૂરી અંગ છે એ હું કદી સ્વીકારી શકું નહીં. હું તો એક પગલું આગળ જઈશ અને કહીશ કે ખાનગી સાહસ લોકશાહી તંત્રની આડે આવે પણ ખરું અને આવે પણ છે જ."

*

પાકિસ્તાનમાં 'ઐયુબશાહી':

માર્શલ લો જાહેર કર્યા પછી પ્રજાને રાહત આપનારાં અનેક કાર્યો પ્રેસિડેન્ટ ઐયુબે પાર પાડ્યાં છે. પરંતુ, જાન્યુઆરીની ૨૪મીની રાત્રિએ જાહેર કરેલા ભૂમિધારાઓ અંગેના સુધારા પાકિસ્તાનની સમાજરચનામાં ક્રાંતિકારી ફેરફારો લાવશે. ભૂમિવિષયક સુધારાઓ અંગે નિમાયેલા કમિશનની ભલામણો બહાર પડ્યા બાદ માત્ર ચાર દિવસોમાં જ એનો અમલ જાહેર કરવામાં આવ્યો છે. સરમુખત્યારી રાજ્યનો આ મોટામાં મોટો લાભ—અને ઘણીવાર મોટામાં મોટો ભય—ગણાવી શકાય. ભારતમાં ૧૯૪૬ માં વચગાળાની સરકાર રચાઈ ત્યારથી ખેતીવિષયક સામાજિક સંબંધો બદલવા માટે ચર્ચા-વિચારણા અને ધારાકીય પ્રયત્નો થાય છે. પરંતુ, આજે બાર વર્ષો પછી પણ એ અંગે બુલંદ અને ભાવાવેશયુક્ત ઉદ્ગારો વ્યાસપીઠ ઉપરથી કરવા પડે છે એનો ખ્યાલ કોંગ્રેસના નાગપુર અધિવેશન ઉપરથી આવે છે. ભારતની લખલૂટ પ્રશંસાને પામેલી લોકશાહી એક દાયકો વીત્યો છતાં યે ગામડાંઓના સામાજિક સંબંધોમાં પરિવર્તન લાવી શકી નથી. ઐયુબખાને કરેલી જાહેરાત પાકિસ્તાનમાં સામંતશાહીની નાબૂદીની શરૂઆત ગણાવી શકાય.

પ્રેસિ. ઐયુબખાને જાહેર કરેલા સુધારાઓનો સાર નીચે મુજબ છે:

૧ પાકિસ્તાનમાં—અને ખાસ કરીને પશ્ચિમ પાકિસ્તાનમાં—કોઈ પણ એક વ્યક્તિ પીતની ૫૦૦ એકર અને સૂકી ૧૦૦૦ એકર જમીનથી વધારે જમીનનો માલિક રહી શકશે નહીં. નિર્વાસિતોને આપવામાં આવેલી જમીનના પ્રમાણમાં થોડી વધારાની જમીન જમીનદારો રાખી શકશે. આ ઉપરાંત ૧૫૦ એકર વધારાની જમીન જમીનદારો બાગો કે વાડીઓ રૂપે રાખી શકશે. જમીનનો થોડો ભાગ વારસદારોને ભેટ રૂપે પણ આપી શકશે.

૨ ટોચમર્યાદાથી—ceiling થી વિશેષ જમીન સરકાર લઈ લેશે અને ગણોતિયાઓ અને અન્ય લાયક વ્યક્તિઓને વહેંચી દેશે. ખાસ કરીને વહેંચણીની બાબતમાં ગણોતિયાને પસંદગી આપવામાં આવશે કારણ કે એમ કરવાથી ઉત્પાદનને હાનિ પહોંચતી નથી. જે ચાલુ ગણોતિયાઓ છે એમને એ જમીન પચીસ વર્ષના હપ્તે ખરીદી લેવાની છૂટ આપવામાં આવશે.

૩ જમીનના બદલામાં જમીનદારોને પચીસ વર્ષમાં પાકે એવી વ્યાજ આપનારી લોનો આપવી.

૪ દરેક પ્રકારના ગણોતિયાઓને સંપૂર્ણ સલામતી અને ભોગવટો આપવામાં આવ્યો.

૫ કોઈ પણ પ્રકારના વળતર વિના જાગીરો લઈ લેવામાં આવશે અને અન્ય મધ્યવર્તી હિતો નિર્મૂળ કરવામાં આવશે.

૬ ખેતરોનું ક્ષેત્રફળ વધુ નાનું ન થઈ જાય એટલા માટે અમુક આર્થિક ધોરણ ન સચવાય એટલાં નાનાં ખેતરો ઊભાં થાય એવી જમીનની વહેંચણી ગેરકાયદે બનાવવામાં આવી.

૭. અસ્તવ્યસ્ત નાનાં ખેતરોના ટુકડાઓને એકીકૃત કરવા માટે પ્રાંતીય ધોરણે તાકીદે પગલાં ભરવામાં આવશે.

આ નીતિને અમલમાં મૂકવા માટે સત્વર માર્શલ લો નિયમનો અને આદેશ જાહેર કરવામાં આવશે. દરેક પ્રાંતમાં ભૂમિકમિશન રચવામાં આવશે અને ગવર્નરને એ કમિશનના હોદ્દાની રૂએ પ્રમુખ બનાવવામાં આવશે.

પ્રેસિ. ઐયુબખાનના આ સુધારાઓ દાખલ કરવા પાછળનો હેતુ ખેતીવિષયક સામાજિક અને ઉત્પાદનના સંબંધોમાં સમૂળી ક્રાંતિ લાવવાનો છે. પ્રેસિડન્ટના મત મુજબ પ્રજાકીય ઉત્સાહ અને સર્જશક્તિ ખીલવવા માટે આવી ક્રાંતિ જરૂરી છે. પરંતુ આ પ્રકારનું સર્વાંગીણ પરિવર્તન અમલી બનાવવામાં પ્રેસિ.ને રાજકીય વિરોધ સહન કરવો પડશે. પાકિસ્તાનનું જૂનું છતાં યે ઊંડાં મૂળવાળું સામંતશાહી માળખું સહેલાઈથી માર્ગ આપશે નહીં. ઐયુબશાહીને માટે આ નીતિ સફળ થાય તો જીવન આપનારી નીવડશે: નહીં તો એને સફળ બનાવવા જતાં એનો પોતાનો નાશ થશે.

*

સુતરાઉ કાપડ-ઉદ્યોગ અને રેશનાલાઈઝેશન :

સુતરાઉ કાપડનો ઉદ્યોગ ઊંચા ભાવો અને માલની ઊંચી થપ્પીઓની ભીંસમાં સપડાયો છે. રાષ્ટ્રિય આવક વધે છે. દર વર્ષે લગભગ ૬૦ લાખ માણસોનો વધારો થાય છે. છતાં યે માંગ ન વધવાને પરિણામે, કહેવાય છે કે, બજારમાં કાપડ ઉપડતું નથી. ક્યાં તો માંગ વધે એના કરતાં વિશેષ ઉત્પાદન વધતું હશે : પરંતુ, જો એવું બને તો ભાવો નીચા આવે છે. પરંતુ, ભાવો યે ઊંચા છે અને માલ વેચાતો નથી. ઉત્પાદકો અને વેપારીઓ નીચા ભાવે વેચવા તૈયાર નથી. નીચા ભાવો એમને ખર્ચની દૃષ્ટિએ પોસાતા નથી. ખર્ચ ઓછો કરીને ભાવો નીચા લાવી શકાય અને માલની થપ્પીઓ નાની થતી જાય. કાપડ ઉદ્યોગને કટોકટીમાંથી ઉગારવાનો આ જ એક માત્ર માર્ગ છે. એનું ઉત્પાદનનું ખર્ચ ઘટાડવું જોઈએ. આ જરૂરિયાત માત્ર આંતરિક બજાર માટે જ છે એવું પણ નથી. ભારતે પરદેશી બજારમાં ટકવું હોય અને આગળ વધવું હોય તો ખર્ચ ઘટાડ્યા વિના છૂટકો નથી. ચીન અને જાપાન એટલી ઝડપથી કબ્જો મેળવતા જાય છે કે એમની સામે હરીફાઈમાં ઉતરવા માટે ખર્ચનું ધોરણ નીચું હોવું જ જોઈએ. આવી અનિવાર્ય જરૂરિયાતની માગણી રેશનાલાઇઝેશનથી પૂરી કરી શકાય એવો મત બંધાયો છે: અને તેમાં યે આજે રેશનાલાઈઝેશન એટલે ઓટોમેટિક લુમ્સનો કાપડ ઉદ્યોગમાં વપરાશ એવો કરવામાં આવે છે. આ ઓટોમેટિક લુમ્સની મદદથી એકમદીઠ ખર્ચ ઘટાડી શકાય છે અને દોષરહિત (flawless) કાપડ વણી શકાય છે.

આ મહિનાની ૧૭ મી તારીખે બે સભ્યોની બનેલી એક સરકાર નિયુક્ત સમિતિની બેઠક મળી હતી. એ સમિતિને કઈ મિલોને ઓટોમેટિક લુમ્સનો કેટલો ક્વોટા આપવો એનો નિર્ણય લેવાનો છે. ભારત સરકારે ત્રણ વર્ષમાં ૭,૫૦૦ આવી શાળો નાખવાનું લક્ષ્યાંક મુકરર કર્યું છે. સમિતિને નિર્ણય લેવામાં મદદગાર થાય એવી ત્રણ પ્રાથમિક ગણત્રીઓ સરકારે રજૂ કરી છે :

(૧) ખાસ કરીને એવી મિલોને પસંદગી આપવી કે જેના વેપારીસંબંધો દુનિયાભરમાં વિસ્તીર્ણ હોય અને જે દર વર્ષે મોટા પ્રમાણમાં કાપડની નિકાસ કરતી હોય. અગર તો મિલને ઓટોમેટિક લુમ્સ નાખવા દેવાથી એ કાપડની નિકાસ કરવા સમર્થ થશે એવું લાગતું હોય તો એવી મિલોને પણ પસંદગી આપવી.

(૨) ઓટોમેટિક લુમ્સથી બેકાર બનેલા મજૂરોને રોજગારી આપી શકે એવી વિશાળ મિલો પસંદ કરવી : અગર તો એવી મિલો પસંદ કરવી કે જેના અંકુશ હેઠળ આ પ્રકારનાં એ પ્રદેશમાં બીજાં એકમો હોય કે જેથી બેકાર મજૂરોને બીજી રોજગારી સહેલાઈથી મળી શકે.

(૩) ૭,૫૦૦ લુમ્સને પ્રદેશવાર સરખા પ્રમાણમાં વહેંચવી. કોઈ પણ એક પસંદગીની મિલ પાસે ઓછામાં ઓછી ૪૮ અને વધારેમાં વધારે ૧૪૪ લુમ્સ આવી શકે એવી ગોઠવણ

કરવી. પરંતુ, અપવાદ રૂપે, ટ્રેડ યુનિયનની સંમતિથી, કોઈ એક એકમને ૩૦૦ જેટલી શાળો પણ આપી શકાય.

સરકારનો રેશનાલાઈઝેશનનો નિર્ણય આજના સંજોગોમાં અત્યંત પ્રશંસનીય છે. ફુગાવાને લીધે ભાવનું માળખું એટલું વિકૃત અને મેળ વિનાનું (irrational) થયું છે કે એને મ્હારવામાં ન આવે તો એની ઉત્પન્નશક્તિ અને બજાર ઉપર ભયંકર અસર પડશે. અને જો કાપડ ઉદ્યોગ એ ભીંસમાંથી ન નીકળી શકયો તો અસંખ્ય બેકારો ધીરે ધીરે શેરીઓમાં ભમતા થશે. પરંતુ, રેશનાલાઇઝેશન દાખલ કરવા સામે પણ બેકારીનો હાઉ રજૂ કરવામાં આવે છે. પરંતુ, એનાથી આવતી બેકારી એ અલ્પકાલીન અને છેવટે વિકાસની પ્રક્રિયામાં દૂર થનારી છે. પરંતુ, ઉદ્યોગો સ્થગિત અને બેહાલ થવાથી આવતી બેકારી કાયમી બોજારૂપ છે. **આજે પ્રશ્ન આ બે બેકારીમાંથી એકની પસંદગી કરવાનો છે.** સરકારે સંપૂર્ણ કાળજીથી વિકાસજન્યબેકારી પસંદ કરી છે એ ભારતનું આર્થિક સૌભાગ્ય ગણાવી શકાય.

*

૨૬મી જાન્યુઆરી: સંકલ્પ અને સિદ્ધિ :

આપણે આઝાદ નહોતા તે પહેલાં લગભગ બે દાયકાઓ આગળથી ૨૬મી જાન્યુઆરીનો દિવસ 'સ્વાતંત્ર્ય દિન' તરીકે ઉજવતા આવ્યા છીએ. ૧૯૨૯માં રાવિ નદીને તટે કરેલા મુકમ્મિલ આઝાદીના સંકલ્પને ત્યારથી દર વર્ષે યાદ કરીએ છીએ અને એ તરફનું પ્રયાણ વધુ દૃઢ અને ઝડપી બનાવવાનો નિર્ધાર કરીએ છીએ. ૧૯૪૭ની ૧૫ મી ઑગસ્ટે એ સંકલ્પ સિદ્ધ થયો. ભારત દેશને રાજકીય આઝાદી પ્રાપ્ત થઈ. પરંતુ, લોકસત્તાક ભારતવર્ષની બંધારણીય અસ્મિતા ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીએ પ્રસ્થાપિત કરવામાં આવી. આ પ્રસ્થાપનાનો દર વર્ષે ખ્યાલ કરીએ છીએ અને આઝાદી તરફ કૂચ સતત ચાલુ રાખવાનો સંકલ્પ કરીએ છીએ. એક વિદ્વાન રાજશાસ્ત્રીએ સાચું જ કહ્યું છે કે આઝાદીને પ્રેમની માફક સતત જીતવી પડે છે: આઝાદીનું રણાંગણ કદી યે શાંત પડતું નથી. ઉપરાંત, આપણે આર્થિક અને સામાજિક ક્ષેત્રે હજી યે અનેકવિધ શૃંખલાઓથી પીડાઈએ છીએ. ગરીબાઈ અને પરસ્પર અપ્રેમ એ બંને જડ બંધનો હજી યે આપણી સામુદાયિક સર્ગશક્તિને કુંઠિત કરે છે. દર ૨૬મી જાન્યુઆરીએ ગરીબાઇ અને અપ્રેમથી આઝાદ બનવાનો દૃઢ સંકલ્પ કરવો જોઈએ.

*

૩૦ મી જાન્યુઆરી: ગાંધીનિર્વાણ દિન:

૨૬મીનો સ્વાતંત્ર્ય દિન શાન અને ગૌરવથી ઉજવીએ છીએ. પરંતુ, ચોથે દિવસે જ રાષ્ટ્રને માટે શોકનો ગમગીન દિવસ આવે છે. આ દિવસે સાંજે ચાલીસ કરોડ જનતાએ પોતાના રાષ્ટ્રપિતા ગુમાવ્યા. એમના સદેહ અસ્તિત્વનો અંત આવ્યો. પરંતુ, એમનો અક્ષરદેહ — એમના વિચાર અને કર્મ — હજી યે આપણી જોડે છે. એમણે જે મુજબનો સમાજ ઇચ્છ્યો, જે મુજબના કાનૂન ઇચ્છ્યા, જે મુજબની સરકાર ઇચ્છી અને જે મુજબની સામાજિક રહેણીકરણી ઇચ્છી એ મુજબની સિદ્ધિ આપણે મેળવી શકયા નહીં. આ નૈષ્ફલ્યની લાગણી આ દિવસે અત્યંત ઉત્કટ બને છે—બનવી જોઇએ. જો એવી લાગણી ઉદ્ભવતી ન હોય તો એ પરમપૂજ્ય રાષ્ટ્રપિતાનો અક્ષરદેહ પણ હવે અસ્તિત્વ ધરાવતો નથી એમ કહેવું જોઇએ.

કૃષ્ણ-કથા*

સ્વામી આનંદ

આ જે જનમ-અષ્ટમી યાને કિશનજીનો જનમ દિન છે. આ મુલકના હિંદુઓ ઉપર રામ અને કિશનજી એ બેયે જે જાતનો કબજો જમાવ્યો છે એને ઈતિહાસમાં જોડ નથી. હજારો વરસ વીત્યાં. પણ આ દેશમાં વસતાં કરોડો હિંદુ મરદ-ઔરત તમામનાં દિલ આ બેને હવાલે રહ્યાં છે.

વર્ષો અગાઉ એકવાર હું હરદ્વારના કુંભ મેળામાં ફરતો હતો. આ મેળામાં લાખો સાધુ ફકીર જાય જ. એ દિવસોમાં પાર્લમેન્ટની પહેલી ચૂંટણી ચાલવાની હતી. ચોમેર રાજદ્વારી પક્ષોવાળાની દોડધામ હતી. ઉત્તર પ્રદેશની વિધાન સભાના કોંગ્રેસી સ્પીકર શ્રી આત્મારામજી ખેર પણ તે દિવસે હરદ્વાર આવેલા. એક કોઈ સાધુ આગળ ટોળું બેઠેલું. તેમાં ચૂંટણી લડનારા ઉમેદવારો ને ખાસા લીડર-લોક પણ હતા. કોઈએ સાધુ મહારાજને ઓળખાણ કરાવી,—આ ફલાણા છે. આ ઢીંકણા છે. આ કાંગરેસી છે. આ સમાજવાદી છે. આ રામરાજ્યવાળા છે,—

જટાવાળા સાધુજીએ ઊંચું જોયું.

"ક્યા કહા?"

આ રામરાજ્યવાળા છે. દેશમાં રામ રાજ્ય લાવશે.

"દેસમેં સે રામ કા રાજ કબ સે ઉઠ ગયા, જો યે લોગ લાનેવાલે હૈં? હમ કો તો કોઈ ખબર નહીં!"

આમ હર દરજ્જાના ને હર ઉમરના હિંદુઓનાં દિલમાંથી હજારો વરસ વીત્યાં પણ રામ અને કિશન કદી આથમ્યા જ નથી. બલ્કે, આ દેશમાં વસતી બીજી કોમો પણ એક કે બીજી રીતે એમની અસરથી બચવા પામી નથી. આ દેશમાં મુસ્લીમોએ સંગીત વિદ્યાને બહુ કેળવી. એમના સંગીતમાં નેવું ટકા જગા 'કિસન-કન્હાઈ'એ રોકી છે એ કોણ નથી જાણતું? નઝીર અકબરાબાદીએ કિશનજીના બાલપણને તેવી જ મસ્તીથી ગાયું. મોગલ બાદશાહોની બેગમો પણ કિશનનાં પદ ગાતી.

અમે હિંદુ લોક રામ અને કિશનને ખુદાના ઔતાર માનીએ. પેગમ્બર ઔલિયા અંબિયા એ બધાને અમે લોક અલ્લાહની રહેમના ખાસ નુમાઈન્દા (પ્રતિનિધિ) ગણીએ. અમારી સમજ છે કે આવા અંબિયા ઔતાર દુનિયાના બધા દેશોમાં અને બધી કોમો (પ્રજાઓ)માં હરએક જમાનામાં પેદા થતા જ હોય છે, જેઓ ઈન્સાનની માફક જ જન્મે છે, ઉછરે છે, દુન્યવી જહેમતો ખેડે છે અને મોટાં મોટાં કામો કરી પોતાની જિંદગીથી દુનિયાને ન ભૂલાય એવા પાઠ ભણાવી જાય છે. અલ્લાહ પોતે જ એની રહમને સબબે દુનિયાંની મદદને વાસ્તે વખતો વખત આ દુનિયાં પર ઉતરી આવે છે. અને સૌની જેમ જ જીવીને જદોજહદ ખેડે છે.

આમ આવા ઔતારોને અમે હિંદુલોક ઈન્સાનની મદદ માટે સીધા ઉતરી આવેલ અલ્લાહ રહમાનના નુમાઈન્દા ગણીને ભજીએ છીએ. રામ અને કિશનનું સમરણ કરીને હજારો લાખો પાપી અને બુરા લોક પોતાની બુરાઈ છોડીને નેક રસ્તે ચાલી જિન્દગીનાં ઊંડાણોને તરી ગયા છે.

* * *

કિશનજીનો જનમ જેલમાં થયો. એમનાં માબાપને મામા કંસે કેદમાં રાખ્યાં હતાં. કંસ મથુરાનો રાજા હતો. જાલીમ હતો. દેવકીને જ્યારે જ્યારે બાળક થતું ત્યારે એ તેને પથરા પર પટકીને મારી નાંખતો.

---

* મેરઠ જિલ્લાની એક મદ્રેસાના મુસ્લીમ વિદ્યાર્થીઓ આગળ કહેલી.

જ્યારે ક્રિશન જન્મ્યા ત્યારે દેવકીજી વસુદેવજીને કરગર્યાં : "ગમે તેમ કરો, પણ આ ઘુમ્રતે મારા આ દુલારાને બચાવો. ક્યાંક લઈ જ જાઓ."

"ક્યાં લઈ જાઉં? આ પાપી કંસના રાજ્યમાં અમારે સારૂ પગ મૂકવા ઠોર ક્યાં છે?"

"ના, ના. એવું ન બોલો. જમનાપાર ગોકુળમાં ગોવાળોના મુખી નંદજી તમારા દોસ્ત છે. એમની ઘરવાળી જશોદા ગોવાળણ બહુ ભલી છે. મારા તરફ બહુ જ હમદર્દી રાખે છે. હું અમસ્થી નથી કહેતી. કંઈક વિચારી રાખ્યું હશે ત્યારે જ કહેતી હઇશ ને? એનેય પૂરા દિવસ જાય છે.

"જાઓ, જાઓ, લઈ જાઓ ઝટ આને અહીંથી. મધરાત છે. બહાર ભાદરવો ગાજે+ છે. વિજળી વરસાદ પૂરજોસ છે. દરવાજે સંતરી ઝોલે ચડ્યા હશે. કોણ જોવાનું છે? જાઓ, જલદી કરો. આહા! કેવો નમણો છે મારો બાળક! ભગવાન એનો રાખણહારો છે."

વસુદેવ બાળકને કપડામાં લપેટી ટોપલીમાં મૂકી નીકળી ગયા.

સંતરીને દયા છૂટી: 'બિચ્ચારા! જવા દો. આજકાલમાં જ એમને ત્યાં બાળક થવાનું છે. સાત ગયાં તેમ આઠમુયે બચારૂં જશે. આ તે રાજા કે કસાઈ? ને પાછી સગી બેનનાં છોકરાં! જવા દો. અધરાતે ઊઠીને બચારા ક્યાંક માનતા બાનતા કરવા જતા હશે.'

પહોંચ્યા જમનાકાંઠે. મેઘલી રાત. પવન સૂસવે છે. વિજળીઓ ચમકે છે. વરસાદ થપાટો મારે છે. જમના ઘૂઘવે છે. પાગલ બનીને ઉછળતી કૂદતી બે કાંઠે ધસમસ્યે જાય છે. કોની મજાલ છે કે સામે પાર જવાનું મનમાંયે આણે? વસુદેવજી પાણી સુધી પહોંચ્યા, ને હટી ગયા.

તે જ ઘડીએ વિજળીનો કડાકો થયો. વસુદેવની આંખો અંજાઇ ગઈ. પણ પલકના અજવાળામાં એમણે જોયું કે એક મોટું ખોડ્યું કાંઠા નજીક જ તણાતું આવે છે. હિમ્મત કરીને પકડી લીધું. ને પલાણ્યું.

જમનાએ કેમ જાણે મારગ દઇ દીધો. બાળકનો એક પગ ટોપલી બહાર લટકતો હતો તેને ઉછળી ઉછળીને ચૂમવા લાગી.

અને કેમ ન ચૂમે? એની ગોદમાં જ આ બાળકને બધું બચપણ ખેલવાનું સરજિત હતું ને!

ફરી વિજળી ચમકી. વસુદેવે જોયું કે સામો કિનારો આવી ગયો છે.

ગોકુળ પહોંચ્યા. વરસાદ ઝરમર ઝરમર પડી રહ્યો છે. ચોમેર સુમસામ છે. ઝટઝટ નંદજીના વાડામાં પેઠા. જુએ છે તો એક ઓરડીમાં દીવો ટમટમે છે. જશોદા ગોવાળણ ઘારણ સૂતી છે, ને પડખામાં તાજી જ જન્મેલી બાળકી દીવા સામી મીંટ માંડીને મરક મરક હસી રહી છે.

વસુદેવજીએ તરત એને ઉઠાવી લીધી, એની જગાએ ટોપલીમાંથી દેવકીએ જણેલા બચ્ચાને મૂકી દીધો ને આવ્યા તેવા જ ચુપચુપ પાછા વળી ગયા.

હવે એમને જમનાનો ડર ન રહ્યો. બાળકી વાળી ટોપલી ઉપરણેથી માથે બાંધી લઈને કૂદી પડ્યા ને મથુરાનો કિનારો આંબી લીધો. પહોંચ્યા મહેલમાં. દરવાજે સંતરી જેમના તેમ ઝૂમતા હતા.

રાત ત્રીજા પહોરને વટાવી રહી હતી. વસુદેવે બાળકીને જેવી દેવકીના પડખામાં સુવાડી તેવું જ એણે 'ઉવાં' 'ઉવાં' કરી રડવા માંડ્યું,—જેમ તરત જન્મેલું બાળક રડે છે.

મહેલમાં ખળભળાટ મચી ગયો. દેવકીને બાળક જન્મ્યું!

કંસ દોડ્યો. બાળકીને ઝૂંટવી એક પગે પકડી જેવો પથરા પર ઝીકવા જાય છે તેવો જ આકાશમાં ગજબનાક વીજકડાકો થયો! બાળકી કંસના હાથમાંથી છૂટી ગઈ. જાણે વિજળીમાં જ સમાઈ ગઈ! કંસનેય જાણે ગેબી અવાજ સંભળાયો : 'ઓ જાલિમ! આને શું મારવા નીકળ્યો છે? તને મારનારો તો પેદા થઇ ચૂક્યો!'

+ ઉત્તર હિંદમાં વદ પહેલાં ને શુદ પછી ગણાય છે. ભાદરવા વદ આઠમ એટલે આપણી શ્રાવણ વદ આઠમ. તે પછી ભાદરવા શુદ આવે, ને પૂનેમે મહિનો પૂરો થાય.

કંસ થથરી ઊઠયો. ભાગ્યો. બાળકીનું શું થયું તે જાણવા-પૂછવાના હોશકોશ એને ન રહ્યા!

*　*　*

આ બાજુ ગોકુળમાં જશોદા જાગીને જુએ છે તો સુંદર સાંવરો તાજોમાજો બાળક પડખામાં પડ્યો પડ્યો હસી રહ્યો છે, ને પોતાના નાના નાના પગની લાતો જશોદાને મારે છે! એ તો ખુશીની મારી પાગલ થઈ ગઈ. એને આજ સુધી બાળક નહોતું. ભગવાનેય કમાલ કરી દીધી!

બાળકે 'દિન દુગના રાત ચૌગુના' વધવા માંડ્યું. નામ રાખ્યું કનૈયો, કાનુડો. નંદ જશોદાના સુખની હદ ન રહી. ગામની ગોપીઓ (ગોવાળણો) કનૈયાને ઘડીએક છોડે નહિ. આખું ગોકુળ ગામ જશોદાના કનૈયા પાછળ ગાંડું છે.

ને કનૈયોય કેવો અજબગજબનો છે? ચાલવા શીખ્યો ત્યારથી જ એનાં તોફાનમસ્તી ગણ્યાં ગણાય એમ ન રહ્યાં. ઘરની એકેએક ચીજ દિવસમાં દસવીસ વાર રમણભમણ કરી મૂકે. પાડોશણોના ઘરમાં ઘૂસી દહીંમાખણનાં દોણાં ચટ કરી જાય; આખે ડીલે લપેડે, ને બાકીનું વાંદરાંઓને ખવાડી દે! ગોપીઓ ધમકાવે તો જરા ન ગાંઠે. પકડવા જાય તો રફુચક્કર! કાં ઉભો ઉભો હસે. ગોપીઓની રીસ બધી ક્યાંય ઊડી જાય. બેઉ હાથે ઊંચકી લઈ ને હૈયે ચાંપે અને ચૂમીઓ વરસાવે.

જરા મોટો થયો ત્યાં તો એના ઉદ્દમાત કર્પાપ વધી પડયા. રોજ જશોદા મૈયા આગળ રાવ ખાવા આવનારી ગોવાળણોની હઠ જામવા લાગી. જશોદાજીની ધમકાવણી સામે પણ તેવો જ હસે જેવો ગોપીઓની સામે.

એકવાર કોણ જાણે કેવાય ઉધમ મચાવ્યા ને જશોદાજીએ એને વાછરડું દોરડું લઈને ઉખાણી જોડે બાંધ્યો! પછી તો ક્યાં જઈશ? એવો એંડકો તાણ્યો કે જશોદાજીને જમીન આસમાન ત્રણે લોક દેખાઈ ગયાં!

જરા મોટો થયો ને નંદજી એને ગાયો ચરાવવા મોકલવા લાગ્યા. કનૈયાને બચપણથી જ ગાયો પર પ્રીત. મા જશોદા ગાયો દોવા બેસે ત્યારે તેમની પાછળ હાથમાં કટોરો લઈને ઉભો રહે, ને તાજું દૂધ ગટગટાવે. રોજની ટેવ.

એટલે હવે એણે રાજી રાજી થઈને 'દહીં તણાં દહીંથરાં ઘી તણાં ઘેબરાં'નું ભાતું બાંધે ભેરવી, ખાંધે કાળી કામળી ને હાથમાં લાકડી લઈ, કમ્મરે વાંસળી ખોસી, ગાયો ચારવા જવા માંડ્યું. એના બેરૂ કુળીબંધ ગોવાળિયા બાળકો હતા. એ બધાને ભેળા કરી વનરાવનનાં જંગલોમાં એણે ગાયો ચરાવતાં ચરાવતાં જાતજાતની રમતો શરૂ કરી. બધાનો સરદાર બની બેઠો.

એકવાર ચોમાસાના દિવસ. ઇંદર રાજાએ બારે મેઘ વનરાવન ઉપર મોકલ્યા. બધે જળબંબાકાર થઈ ગયું. જાણે પ્રલેકાળ આવ્યો. ગોવાળિયાના બાળ બધા ગભરાઈ ઉઠ્યા કે આ શું થવા બેઠું? પણ કાનો હિમ્મત ન હાર્યો. પોતાના સાથીઓ અને ગાયોનાં ધણ બધાંને ગોવરધન ટેકરી પાછળ લઈ ગયો. ને બધાંને એની આડશે ઉભાં રાખી બચાવી લીધાં.

એકવાર એના સાથી ગોવાળિયા એને કહે, 'જમનાકાંઠ બાજુ ગાયોને સારૂ અનગળ ઘાસ છે. પણ નીચે ધરા છે તેમાં કાલીનાગ રહે છે. એના ડરથી ત્યાં કોઈથી જવાતું નથી.

કાનો કહે, 'હં!'

તે સાંજે જ જંગલમાં ગેડી-દડાની રમત માંડી. દડાને ચગાવ્યો ગેડીની રપેટે, ને લઈ ગયો તગડતો તગડતો ઠેઠ જમનાકાંઠ સુધી. બેરૂ બધા પાછળ રહી ગયા. જરા વારે જુએ તો જમનાના કાંઠળમાં દડા સાથે કાનુડો ગેબ! જમનાકાંઠની ઊંચી ભેખડો પર ઉભા જુએ. નીચે ધરા કને જવાની કોઈની હિમ્મત ન ચાલે. કાલીનાગની દેહશત લાગે જો.

સાંજ પડવા લાગી. બધા ગભરાઈ ગયા. જશોદા માને શો જવાબ દેશું? કેટલાક નાનાં છોકરાઓએ મોટેમોટેથી 'કાના', 'કાનુ', 'ઓ કાનાભાઈ', એમ સાદ કરી કરીને રોવા માંડ્યું.

ત્યાં તો ધરાના પાણીને માથે કનૈયાનું ડોકું દેખાયું. કાંઠે પહોંચીને પોતાની પાછળ નાકમાં

નાથ ઘાલેલા મોટા કાળીનાગને જોર કરી કરીને ઢસડતો આવે! સાથી ગોવાળિયા તો ખુશી ખુશી થઈ ગયા. તાળીઓ પાડી પાડીને નાચવા લાગ્યા. પછી કનૈયાને ખાંધે બેસાડી નાચતા કુદતા ને વાંસળીઓ વગાડતા ગામમાં લઈ ગયા. ગામ આખાની ગાયોને નિરાંત થઈ ગઈ. આખા ગોકુળ ગામમાં આનંદ-ઓચ્છવ વર્તી રહ્યો!

હવે કનૈયો દસ વરસનો થયો હતો. બંસી તો અજબગજબની બજાવે. ગોવાળિયા લોકમાં વાંસળી વગાડવાનો રિવાજ બહુ. પણ કાનુડાએ તો હદ કરી. આખા પંથકને માત કરી દીધું. એની બંસી બજતી 'તી ત્યારે ગાયો ઘાસ ચરતી ને વાછરૂ ધાવતાં ધાવતાં થંભી જતાં. મોર કેકા કરી ઉઠતા. જંગલનાં હરણાં દોટ મેલીને એની પાસે આવતાં ને નાગ રાફડામાંથી બહાર નીકળી ડોલવા લાગતા.

એકવાર આસો માસની પુનમ આવી. કનૈયાએ પીળી ધોતી પહેરી. ગળામાં ફુલમાળા, કપાળ ઉપર કાળાભમ્મર વાળનો ઝૂડો ને માંથ મોરપીંછનો મુગટ. કેવો કામણગારો વેશ! ને તેમાં પાછી શરદ પુનમની ચાંદની. પછી તો પૂછવું જ શું? ગામની બહાર જંગલની કોરે જઈ એણે બંસી છેડી. બંસીએ પણ આજ તો કમાલ કરી. એણે આજે ગોકુળગામને ગાંડું કર્યું. ગોપીઓ બધી છોડી રાતનાં ઘરકામ, દાંડોઢૂંબો ને ઊંઘે આવેલાં બાળકોને પણ એમનાં એમ મેલી જંગલને રસ્તે દોડી!

બ્રખુભાણની બેટી રાધા એ બધી ગોપીઓની સરદાર હતી. બચપણથી જ કનૈયાને કેડે લઈને ગામ બધું ફરતી. કહેતી, આ જ મારો માલિક છે. હું એની દાસી છુ. પોતાના પતિને પણ આમ જ કહેતી. ને હમેશાં ચીડવતી.

આજ બધી ગોપીઓ કનૈયાની બંસી પાછળ પોતાની શુધબુધ ખોઈ બેઠી. બધીએ કાનુડા ફરતું કુંડાળું કરીને એને ઘેરી લીધો, ને એની બંસીના સુર ઉપર રાસ લેવા લાગી. ગોપીઓની પાછળ ગોવાળિયા પણ આબેહુબ કનૈયાના જેવાં જ વેશસજાવટ કરીને આવી પહોંચ્યા, ને રાસમાં ભળ્યા. ધમધમ થમથમ નાચની ધૂમ મચી. અધરાત કેમ વીતી કોઈને ભાન ન રહ્યું.

જેમ ગાયોને કૃષ્ણ કદી ન ભૂલ્યા તેમ ગોકુળની ગોપીઓ પણ કનૈયાની બંસીને અને આ શરદ પુનમની રાસલીલાને કદી ન ભૂલી. ઉમ્મર આખી પોતાના કનૈયા કાનુડાને યાદ કરી કરી, એના વિરહમાં રોતી રહી.

* * *

બાર વરસ ઉમર થઈ ન થઈ ને કૃષ્ણ મથુરા ગયા. મામા કંસને રાજસભા વચ્ચે માર્યો, માતપિતાને કેદમાંથી છોડાવ્યાં ને મોટાભાઈ બલરામજી જોડે સાંદીપન ઋષિના આશ્રમમાં ભણવા ગયા.

ગુરુજીના ઘરનાં પાણી ભરે, વાસણપાણી છાણવાસીદાં કરે, ગોરાણીને સારૂ જંગલમાંથી બળતણના ભારા લઈ આવે. લીંપેગૂંપે માંજે ધૂએ. કુલઝપટ કામ હોંશેહોંશે કરે.

બીજા પણ વિદ્યાર્થી હતા. એ બધામાં સુદામાજી વડા હતા. એમની જોડે કૃષ્ણજીને ભારે ગાંઠ બંધાઈ. ભેળા ખાય, ભેળા ભણે, ભેળા કામ કરે, એક સાથરે સૂએ. કૃષ્ણ રાજવી કુટુંબના ને સુદામાજી મુફલિસ બ્રામણ. પણ કૃષ્ણે એમને મોટાભાઈ કરીને માન્યા. એ દોસ્તીને જિંદગીભર ન ભૂલ્યા. અને મોટપણે સુદામાજીની ગરીબીમાં એમનો ગૃહસ્થાશ્રમ નભાવવા જૂની દોસ્તી યાદ કરીને બહુ જ પ્રેમથી એમણે સુદામાજીને મદદ કરી.

ચોસઠ દિવસમાં ગુરુજી પાસેથી ભણવાનું તેટલું ભણી લઈને પાછા ગયા. ને કાકાના રાજ્યમાં રહેવા લાગ્યા.

પડોશમાં જ જરાસંધ રાજાનું રાજ હતું. આ જરાસંધ મામા કંસની જ જમાતનો એક મોટો જાલિમ હતો. કૃષ્ણનો તો હવે ધંધો જ એ થઈ પડ્યો કે જાલિમ જુલમગારોને જેર કરવા. પણ આ જરાસંધ જબરો જોરાવર હતો. એટલે સુધી કે એની આગળ કૃષ્ણને પણ એક બે વાર દક્ષિણ તરફ અને આથમણે

સોરઠ દ્વારકા સુધી ભાગવું પણ પડ્યું ! આખરે એમના ફોઈઆત ભાઈઓમાં ભીમસેન જે મોટો પહેલવાન હતો; એને હાથે કુસ્તીમાં એમણે જરાસંધનો ખુરદો કરાવ્યો, અને કેટકેટલા રાજાઓ જેમને એણે કેદ કરી રાખ્યા હતા તેમને છોડાવ્યા.

આ ફોઈઆત ભાઈઓ જોડે હવે કૃષ્ણજીની ખાસી ગાંઠ જામી ગઈ. આ દોસ્તી ઉમર બધી કાયમ રહી. આ પાંચ ભાઈઓ પાંડવ કહેવાતા. જેમાં સૌથી મોટા જુધિષ્ઠિર હતા. બડા નેક, પાકદિલ અને ખુદાપરસ્ત આદમી હતા. લોકો એમને ધરમરાજા કહેતા. એમનાથી નાના ભીમસેન મોટા મલ્લ હતા. જરા આકળા સભાવના હતા. પણ પોતાના ભાઈઓ ઉપર બહુ ચાહ રાખતા અને હમેશાં વડીલ ભાઈની અદબ-આમન્યા જાળવતા. ત્રીજા અર્જુન ભારે વીર યોદ્ધા હતા. બાણ ચલાવવામાં કોઈ એમની જોડે ઉભી ન શકતું. બીજા બે ભાઈઓ પણ પોતપોતાના કામમાં પૂરી રીતે પાવરધા હતા. દ્રુપદા એમની રાણી હતી. કોણજાણે ક્યાંના કોઈ ગજબનાક રિવાજને કારણે એ પાંચે ભાઈની રાણી હતી ! આ બહુ બેઢબ મામલો હતો. પણ એ અજબ નિષ્ઠાથી પાંચેની સેવા કરતી, અને પાંચે ભાઈ એનો પૂરો મરતબો જાળવતા. કૃષ્ણજીએ એને બ્હેન કરીને માની.

* * *

આ પાંડવોનો પોતાના પિતરાઈ કૌરવો જોડે ઝગડો હતો: બહુ દિવસ ચાલ્યો. કૌરવો દિલ્હીમાં — જેનું નામ તે કાળે હસ્તિનાપુર હતું — રાજ કરતા હતા. નાનામોટા મળીને સો ભાઈ હતા. એમનો બાપ ધૃતરાષ્ટ્ર આંખે આંધળો હતો. દીકરાઓમાં મોટો દુરજોધન હતો તે બડો બદકાર હતો. નામ તો હતું સુજોધન પણ એનાં બૂરાં કામોથી દુરજોધન કહેવાયો. એના સાથી ગોઠિયા પણ એવા જ રાશી હતા. હમેશાં એને ખોટી સલાહ આપતા. કૌરવોની રાજસભામાં ભીષમ વગેરે મોટા નેક નીતિમાન ધરડેરા હતા ખરા, પણ દુરજોધન કોઈનું ન માનતો.

પાંડવો લાંબા વખત સુધી એની પાસે પિતરાઈને નાતે રાજમાં પોતાનો ભાગ માગતા રહ્યા પણ એ માનતો નહોતો. બલ્કે કોઈ ને કોઈ બહાને પાંડવોને હેરાન કરતો. એકવાર એણે કંઈક બહાનું કાઢી પાંડવોને મળવા બોલાવ્યા અને લાખથી ચણેલા મકાનમાં એમને ઉતારો દઈ રાત્રે ઘર સળગાવી મેલ્યું ! મહામુશ્કેલીએ પાંચે ભાઈ પોતાની બુઢ્ઢી માને લઈને ભાગી છૂટયા, અને ઘણા દિવસ સુધી લાપતા રહ્યા.

લાંબે ગાળે જ્યારે ખબર પડી કે જીવતા છે, ત્યારે આંધળા ધૃતરાષ્ટ્રે એમને બોલાવી રાજનો થોડોક ભાગ અપાવ્યો. એમ પાંચે ભાઇ સુખચેનથી રહેવા લાગ્યા.

આ બનાવોથી દુરજોધન અને તેના દુષ્ટ સાગરીતો હૈયાબળીતરાથી ભભૂકી ઊઠ્યા અને કોઈ ને કોઈ રીતે પાંડવોનું કાસળ કાઢવાની તદબીરો વિચારવા લાગ્યા. છેવટે એમણે મામા શકુનિની શીખવણીથી ધરમરાજા જુધિષ્ઠિરને દ્યૂત રમવા આવવાનું નોતરું મોકલ્યું. શકુનિ આ ચંડાળચોકડીમાં માથાનો મોડ હતો.

એ જમાનામાં એવી રસમ હતી કે લડાઈનું ને દ્યૂતનું કહેણ કોઈ ક્ષત્રિથી ઠેલી ન શકાય. વળી ધરમરાજા જુધિષ્ઠિરમાં જુગારની લત કે નબળાઈ હતી જ. જુધિષ્ઠિર પોતાના ભાઈઓ સાથે હસ્તિનાપુર આવ્યા.

ફરેબ અને દગલબાજી દુરજોધનને રૂંવે રૂંવે વસતી હતી. અને મામો શકુનિ તો પગથી માથા સુધી સેતાન હતો. દુરજોધને મામા શકુનિને પોતાના તરફથી રમવા બેસાડ્યો.

જુધિષ્ઠિર હાર્યો. જેમ હારતા ગયા તેમ તેમ ચંડાળચોકડી એમને ચેલેંજ. આપતી ગઈ. જુગારીઓમાં લત હોય છે કે 'હાર્યો જુગારી બમણું રમે.'

જુધિષ્ઠિરે પોતાની માલમિલ્કત, ઝવેરાત દાગીનો, રાજપાટ અને ખુદ પોતાની જાતને પણ હોડમાં મૂકી. બધું હારી ગયા ! સેતાન શકુનિ મામો બનાવટી પાસાથી રમતો હતો.

હારતાં હારતાં જુધિષ્ઠિર પોતાના હોશહવાસ, સમજઅક્કલ બધું જ ખોઈ બેઠા. પોતાના ભાઈઓ અને ખુદ પોતાની જાતને પણ હોડમાં

મેલીને જ્યારે હારી બેઠા, ત્યારે આખરે રાણી દ્રૌપદીને પણ એમણે હોડમાં મૂકી! બસ એ બાજી પણ હાર્યા!

એક બાજી એ પણ રમાઈ કે હારે તો પાંચે પાંડવ બાર વરસ વનવાસે જાય અને તેરમું વરસ છૂપા રહીને કાઢે. એ તેરમા વરસ દરમ્યાન દુર્યોધન જો એમને શોધી કાઢે તો પાછાં બીજાં બાર વરસ પાંડવો વનવાસમાં જાય. બસ, આ બાજીમાં પણ જુધિષ્ઠિર હાર્યા!

હવે તો ચંડાળચોકડીની ખુશીને અને રંગવિનોદને હદ ન રહી. એણે રાણી દ્રૌપદીનું અપમાન કરવાનું ઠરાવ્યું. 'એ તો હવે આપણી લુંડી થઈ. લઈ આવો એને અહીંયાં રાજસભા વચ્ચે' એવો દુર્યોધને પોતાના નાના ભાઈ દુઃશાસનને હુકમ કર્યો. દુઃશાસન એક વસ્ત્ર પહેરેલ દ્રૌપદીને બુરી હાલતમાં રાજસભામાં ખેંચી લાવ્યો. આંધળો રાજા ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, દ્રોણગુરુ, બધા ઘરડેરા હાજર હતા. પાંચે પાંડવ નિમાણે મોઢે નીચું જોઈ બેઠા હતા.

દ્રૌપદીએ પળમાં હાલત જોઈ લીધી. હિમ્મતપૂર્વક એણે ભરી સભાને પડકાર દીધો: "હે મારા દેવસ્વરૂપ વડીલો! હે ગુરુજનો, બુજરગો! આપ સૌની આગળ મારો સવાલ છે. મને જવાબ આપો: 'રાજા જુધિષ્ઠિરે પહેલાં પોતાની જાતની બાજી લગાવી કે મારી?'"

આખી સભાએ જવાબ આપ્યો: "પોતાની."

દ્રૌપદી: "તો પછી મારી દલીલ એ છે કે જે શખસ પોતાની જાતને હારીને ગુલામ બન્યો તેને કોઈપણ આઝાદ વ્યક્તિને હોડમાં મૂકીને હારવાનો શો હક છે?"

આખી સભામાં ચુપકીદી ફેલાઈ ગઈ. કોઈ રાણી દ્રૌપદીને જવાબ ન આપી શક્યું.

આ બાજુ દુર્યોધનની ઈશારતથી દુઃશાસન ભરસભામાં દ્રૌપદીની છેડ કરવા લાગ્યો. એના છુટા વાળ અને એના વસ્ત્રનો છેડો પકડીને ખેંચવા લાગ્યો. સભા આખી સમસમી ઉઠી. ચારે પાંડવ પોતાના મોટાભાઈ જુધિષ્ઠિરની આમન્યા પાળી નીચાં મ્હોં કરી ચુપ બેઠા છે. રાજા જુધિષ્ઠિર પોતાની લાચાર ગુલામ હાલત ઉપર અફસોસ કરી રહ્યા છે. બધા બીતે લટકાવેલી છબીઓની જેમ ખામોશ બેઠા છે. જાણે હોશ ખોઈ બેઠા હોય!

દુષ્ટ દુઃશાસનને ખાળવા કોઈ ન ઉઠ્યું. એક ફક્ત શ્રી કૃષ્ણે કોણ જાણે ક્યાંથી દોડી આવીને દ્રૌપદીની વહાર કરી ને દુઃશાસનને હંફાવીને તગડી મેલ્યો!

આંધળા ધૃતરાષ્ટ્રને હવે હોશ આવ્યા. કહે, 'બેટી, તારી વાત સાચી છે. હું તારી અક્કલ હોંશિયારી પર આફરીન છું. જા તારે ઘેર જા. કોઈ તારી છેડછાડ ન કરી શકે.'

દ્રૌપદી: 'હું કેમ કરીને જાઉં? ક્યાં જાઉં? મારું ઘર ક્યાં રહ્યું? બધું કુલઝપટ તો આ હારી બેઠા છે. જો સાચે જ આપ મારા પર ખુશ થયા હો તો આ પાંચે પાંડવોને આઝાદ કરો.'

પાંડવ છુટા થયા. પણ બાર વરસ વનવાસ ને તેરમું વરસ છૂપું કાઢવાની વાત તો એમને માથે કાયમ રહી. કિસ્મતના ફેરામાં પડી ગયા. બહુ વિપદો વેઠી વેઠીને વરસ વીતાવ્યાં. છેવટે તેરમું વરસ આવ્યું. પાંચે ભાઈ અને રાણી દ્રુપદા વેશ બદલીને વિરાટ રાજાને ત્યાં છૂપાં રહ્યાં.

હવે દુર્યોધન અને ચંડાળચોકડીવાળો એના સાગરીતો પાંડવોને ખોળી કાઢવા કોશીશોની કમાલ કરવા લાગ્યા. અંતે વરસ પૂરું થવા આવતું હતું તેટલામાં કેટલાક બનાવો અને હકીકતોથી એમને શંકા ગઈ કે પાંડવો વિરાટનગરમાં છે. એમણે તાબડતોબ ત્યાં લશ્કર મોકલ્યું. તેનો સામનો વિરાટરાજાના દીકરાની ઓથે રહીને અર્જુને કર્યો, અને કૌરવોને મારીને તગેડી મેલ્યા. જે સાંજે આ બન્યું તે જ દિવસે પાંડવોના અજ્ઞાતવાસનું વરસ પૂરું થતું હતું.

વળી પાછો એનો એ ઝગડો ચાલુ રહ્યો. દુર્યોધનનો દાવો એવો હતો કે તેરમું વરસ પૂરું થયા પહેલાં પાંડવો જાહેર થઈ ગયા. પાંડવોનું કહેવું એમ હતું કે જે સાંજે અર્જુને કૌરવોને મારી હઠાવ્યા તે વખતે સૂર્ય આથમી ગયો હતો અને તેથી તેરમું વરસ પૂરું થઈ ચૂક્યું હતું.

પણ દુર્યોધન કોઈનું સાંભળવા તૈયાર નહોતો.

હવે લડાઈ સિવાય બીજો કોઈ રસ્તો ન રહ્યો. ત્યારે શ્રીકૃષ્ણે પાંડવોને કહ્યું:

"આ કાપાકાપીના રસ્તામાં હું માનતો નથી. ઉમર આખી અમે એ જ કર્યું. જ્યારે ફરજ જ માણસની સામે આવીને ઉભે છે ત્યારે તેને અદા કર્યા સિવાય માણસની સામે બીજો રસ્તો નથી રહેતો. છતાં મૂળે આ વસ્તુ ખૂરી છે અને એમાંથી કશું હાથમાં નથી આવતું. પ્રેમ અને ભલાઈ જ માણસના જીવતરનો સાચો સરવાળો છે.

"એટલે હું તો હજુયે ફરી એકવાર સમાધાનને સારૂ કોશીશ કરીશ. આંધળા આગળ અને ભીષમજી આગળ વિનયઆજીજી કરીશ. દુષ્ટોને સમજાવવા મથીશ. એક ઈન્સાનથી થઈ શકે તેટલી બધી મથામણ લડાઈની ખૂનખરાબી ટાળવા સારૂ હજુ યે કરીશ. પછી તો માથે ભગવાન છે, અંતે તો એને મંજૂર હશે તે જ થવાનું છે."

શ્રીકૃષ્ણ હસ્તિનાપુર ગયા. કૌરવોની રાજ-સભામાં ભીષમ, દ્રોણગુરુ વગેરે વડીલોની હાજરીમા દુર્જોધનને બહુબહુ સમજાવ્યો. આજીજી કરી. આંધળા રાજા ધૃતરાષ્ટ્રને તથા બધા ઘરડેરાઓને ઘરકુટુંબની આગનાં પરિણામોનો ચિતાર આપ્યો. અંતે કહ્યું: "ખેર. પાંચ ભાઈઓને સારૂ ફક્ત પાંચ જ ગામ આપો. એટલાથી પણ હું એમને મનાવી લઈશ. આટલું મારૂં માનો."

દુર્જોધન: "એક સોયની અણી તળે આવે એટલી જમીન પણ નહિ દઉં."

આખી રાજસભા ખામોશ રહી. દુર્જોધનની ગુંડાગીરીને કોઈએ ન પડકારી. સૌએ ખૂનખાર લડાઈની નોબત વાગતી સાંભળી.

અંતે શ્રીકૃષ્ણે પૂછ્યું: "શું મારી દરખાસ્તોનો આ જ છેવટનો જવાબ છે?"

દુર્જોધન: "હા."

શ્રીકૃષ્ણ ઉભા થયા. ગંભીર અવાજથી બોલ્યા:

"તો પછી આ કૌરવસભામાં હાજર નાના મોટા સૌ મારાં છેલ્લાં વચન સાંભળી લો. હું સુલેહશાંતિને ચાહનારો માણસ છું. એક માણસથી થઈ શકે તેટલું બધું ખૂનખાર લડાઇ ટાળવા સારૂ મેં કર્યું છે. ભાવિમાં હવે જે હોય તે. આ ઘરની આગમાં હું તો કૌરવકુળનો નાશ જ ભાળી રહ્યો છું."

દુર્જોધનને મચક ન દીધી.

આંધળો ધૃતરાષ્ટ્ર રાજા દિલનો કમજોર ને પુત્રપ્રેમથી પછડાએલો હતો. ભીષમજી વસમી મૂંઝવણમાં ઘેરાઇ ગયા હતા.

* * *

વિષ્ટિમાં પોતાને મળેલી નિષ્ફળતાનો અહેવાલ પાંડવો આગળ સંભળાવીને કૃષ્ણ ચુપ રહ્યા. લડાઈ સિવાય હવે બીજો રસ્તો રહ્યો નહોતો. પાંડવો જોડે એમને ઘણીઘણી મહોબ્બત બંધાઈ ગઈ હતી. એમને પણ શ્રી કૃષ્ણનો આધાર જ બધાં વાનાં હતો. બેઉએ એકબીજાની મદદમાં રહીને કેટલાએ જાલિમોને અને દુષ્ટોને દુનિયા-માંથી રૂખસદ આપીને પૃથ્વીનો ભાર હલકો કર્યો હતો. પણ આ ઘરકુટુંબના ઝગડામાં કુળનાશ ઉપરાંત કશું હાંસલ નહોતું.

કૃષ્ણજીએ જાહેર કર્યું: "આ લડાઈમાં હું, હાથે હથિયાર નહિ ઝાલું."

પાંચે પાંડવ થથરી ઉઠ્યા. બધા વચ્ચે ચુપકીદી ફેલાઈ ગઈ. યુધિષ્ઠિરની મદાર બધી અર્જુન અને ભીમ ઉપર હતી, છતાં શ્રીકૃષ્ણ કહો કે સૌની ઉપર હતા. એ જ બધાનો ટેકો ને બધાની હિમ્મત હતા! આખરે અર્જુન બોલ્યા:

"આપે એમ જ વિચાર્યું તો ભલે તેમ. હું દલીલમાં નહિ ઉતરૂં. ગમે તેમ પણ તમે અમ બધાથી છૂટા તો ન જ પડી શકો. તમે તમારૂં સુદર્શનચક્ર ભલે ન ચલાવો. પણ આ લડાઈ દરમ્યાન તમે અમારી સૌની વચ્ચે મોજૂદ રહો ને અમને સલાહ મસલત આપતા-રહો એમ માગું છું. બસ, એટલું યે અમારે ઘણું છે."

જુધિષ્ઠિર: "અર્જુનનું કહેવું બરાબર છે. ખેર. એટલું ય અમારે માટે બસ છે."

કૃષ્ણજીએ કબૂલ્યું. ને લડાઇમાં અર્જુનનો રથ હાંકવાનું, સારથીકામ કરવાનું માથે લીધું, જેથી હરઘડી બેઉનો સાથ રહે. તે કાળે બધા યોદ્ધાઓ

રથમાં ચડીને જ લડતા. અને રથ હાંકનાર સારથીનું કામ પણ સહેલું નહોતું. વળી સારથીનો દરજ્જો જોકે સ્હેજ હલકો લેખાતો, છતાં ખરું જોતાં તે કાળની લડાઈઓમાં સારથીનું કામ રથે ચડીને લડનારા રથી મહારથીના કરતાં પણ કપરું અને વધુ મહત્વનું ગણાતું. શ્રી કૃષ્ણે એ જ કામ પોતાને માટે આંકી લીધું.

કૃષ્ણના નાતીલા જાદવોએ કૌરવોને સાથ આપ્યો. એમના મોટાભાઈ બળરામજી આ ઘરની આગ અને તબાહી નજરે જોવા કરતાં ઘર છોડી જવાનું પસંદ કરીને તીરથજાત્રાએ ચાલ્યા ગયા.

* * *

અઢાર દિવસ ખૂનખાર લડાઈ ચાલી. પહેલે જ દહાડે કિશનજીએ જેવો પોતાના મિત્ર અર્જુનનો રથ બેઉ તરફની ફોજો વચ્ચે લઈ જઈને ઊભો કર્યો તેવો જ અર્જુને પોતાના જ ભાઈ બિરાદર સગાંસાંઈને એક બીજાનાં ગળાં કાપવા તૈયાર ઊભેલા જોયા. એકાએક એને થથરાટી છૂટી ગઈ. એનું ગાંડીવ ધનુષ હાથમાંથી પડી ગયું. તમામ જોસ ને હિમ્મત પીગળીને પાણી થઈ ગઈ! કૃષ્ણને કહેવા લાગ્યો : "અફસોસ! હજાર વાર અફસોસ! આ અમે શું કરવા નીકળ્યા છીએ? આ તો બધા સગાવહાલા કાકા મામા, ભાઈ ભત્રિજા, વડીલો, ગુરુજનો, પિતામહ અને દોસ્ત બિરાદર જ ઊભેલા છે. પરાયો એકેય નથી.

"આ બધાને મારીને અમે શું કમાશું! આમને કતલ કરીને ત્રણ લોકનું રાજ મળવાનું હોય તોયે શું? આમનાં લોહીથી ખરડાઈને પછી અમે શા સુખભોગ કરી શકવાના છીએ? એના કરતાં તો ભીખ માગીને ખાવું હજાર દરજ્જે બહેતર છે. બસ, મારે લડવું નથી."

હાય! ઠેઠ લડાઈના મેદાન ઉપર પહોંચીને એન અણીની વેળાએ આ કેવી મુસીબત ઊભી થઈ! અર્જુન જ પાંડવોની તરફથી સૌથી મોટો લડવૈયો હતો, જેની બરાબરી તે કાળે બીજું કોઈ ન કરી શકતું. એની ઉપર જ પાંડવ પક્ષનો બધો મદાર હતો, અને એ જ અર્જુન આમ-ખરે ટાણે પાણીમાં બેસી ગયો!

પણ કૃષ્ણ હિમ્મત ન હાર્યો. સલાહ મસલતનો બોજો બધો એમને માથે જ હતો ને? એમણે અર્જુનને એની વિચારભૂલ સમજાવી: "માણસ પોતાના કામને ટૂંકી નજરે વિચારીને પોતાની ફરજો અને પોતાને માથે આવેલાં કામોને અણીની વેળાએ છોડી નથી શકતો. એણે તો પોતાની ફરજ હર કામમાં ને હર વખતે અદા કર્યે જ છૂટકો;—અણસમજુની પેઠે નહિ પણ સમજદારીપૂર્વક. અને સમજદારી એ છે કે બધું કરવા કારવવાવાળો ભગવાન છે, માણસ નહિ, એ વાત હરઘડી માણસ પોતાના અંતરની ભીતર અનુભવે. અણસમજુ લોકો હર વાતમાં પરિણામની ગણતરી કરીને, ફળ ઉપર નજર રાખીને જ કામ કરે છે; જ્યારે સમજુ માણસ તમામ ફળ અને પરિણામનો ધણી ઇશ્વર છે એમ સમજીને અને એ બધાં એને હવાલે કરીને ફક્ત પોતાની ફરજ તેટલી બજાવી છૂટે છે. ફરજથી ભાગતો નથી.

"વિચારી જો. જે જન્મ્યો છે તેને નિશ્ચે મરવાનું છે; ને મૂઆને ફરી જનમવાનું છે. ખરું જોતાં કોઈ મરતું નથી ને કોઈ મારી શકતું નથી. માણસ શરીર નથી, આત્મા છે; જે કપાતો નથી, મરતો નથી, કોઈને મારતો નથી. અને જો ઇશ્વરે જ આ બધાને મારવાનું નિરધાર્યું છે, તો તો એ બધા મૂઆ જ પડ્યા છે. આમ જો,—"

આમ કહીને કૃષ્ણજીએ અર્જુનને એક અદ્ભુત દસ્ય દેખાડ્યું, જેમાં અર્જુન જોઈ રહ્યો છે કે મહાકાલના મુખડામાં દુનિયાં બધી ચવાઇ પીસાઈ રહી છે:

"જો, ઇશ્વરની સૃષ્ટિમાં આ જ ગતદિવસ ચાલી રહ્યું છે. માણસ એ નથી ભાળતો અને માને છે કે 'હું જ બધું કરી રહ્યો છું.' પણ આમ જો, તારી શી વિસાત છે?"

અર્જુનની આંખ સામેથી લશ્કરો ખસી ગયાં. એક નિરાળું જ દસ્ય ખડું થયું. જાણે

હજારો આંખ મોં હાથપગ વાળો કાળપુરુષ આસમાનને માથું અડાડીને ઉભો છે. એના શરીરમાં સાતેય આસમાન, દુનિયા, પહાડ-પર્વત, નદીદરિયા ને મહાસાગર ગરજી રહ્યાં છે. એના મોંમાંથી નીકળતી અગ્નિજ્વાળાઓ દશે દિશાઓને ચાટી રહી છે. આખી ખલકત એ હજારો મોઢાંમાં ધસી રહી છે. કૌરવ–પાંડવ, ભીષ્મ, દ્રોણ, કર્ણ, મોટમોટા શૂરવીરો, યોદ્ધાઓ અને ખુદ કૃષ્ણ–અર્જુન પણ એ જ કાળ-પુરુષના જડબામાં ઓરાઈ રહ્યા છે. બધા એની દાઢો વચ્ચે દળાઈ પીસાઈ એના મોંનો કોળિયો બની રહ્યા છે! બસ, આ છે ઈશ્વરની કુદરત. એની આગળ માણસ કોણ માત્ર?

અર્જુનને પરસેવો છૂટી ગયો. એ વિરાટ કાળપુરુષ આગળ વામણા જેવો ઉભો રહી બે હાથ જોડીને કહેવા લાગ્યો: "બસ કરો, બસ કરો. ભલા થઈને મને ઉગારો. તમે કહેશો તેમ કરીશ. હું તે કોણ માત્ર?"

શ્રી કૃષ્ણે વિરાટ દર્શનને સમેટી લીધું. બહુ જ પ્રેમથી અર્જુનને હૈયે ચાંપ્યો, ને દિલાસો દઈ તેને ઈશ્વરપરસ્તીનો અસલી મર્મ સમજાવ્યો.

બસ, આ જ માણસની જિંદગીનું સૌથી મોટું રહસ્ય અથવા તો સમજણ હતી. અર્જુનનો મોહ છૂટી ગયો અને એ લડવા તૈયાર થઈ ગયો.

અઢાર દિવસ સુધી ખૂનખાર લડાઈ ચાલી. પાંચ પાંડવો સિવાય બેઉ તરફથી ભાગ્યે કોઈ બચ્યું. કૃષ્ણજીના સગા જાદવો ગાઓ પણ મૂઆ. થોડા બચ્યા તે ઘેર પહોંચ્યા પછી અંદરો-અંદર લડીને કપાઈ મૂઆ!

લડાઈના મેદાન ઉપર શોકથી ઘેરાઈને લડવાની ના કહેનાર અર્જુનને શ્રીકૃષ્ણે માણસની જિંદગીનો જે મર્મ સમજાવ્યો તે દુનિયાના ઈતિહાસમાં એક અજબગજબની ચીજ હતી દુનિયાંની હસ્તી રહેશે ત્યાં લગી એ કદી ભૂંસાશે નહિ, નહિ કદી ઘરડી થાય.

સંસારના અંત સુધી માણસની જિંદગીમાં કદમકદમ પર રોશની દેનારી અને એને પોતાની જિંદગીના રોજેરોજના કોયડાઓનો ઉકેલ કરવામાં અવનવી તાકાત બક્ષનારી એ શીખામણ છે. ભગવદ્ગીતાને નામે એ સંસારમાં મશહૂર છે. દુનિયાંના બધા દેશોમાં અને પ્રજાઓમાં એનો પ્રચાર થઈ ચૂક્યો છે અને દરેક દેશના તેમજ કોમના સમજુ લોકો એને માને છે. તમામ દુનિયાંના લોકોને સારૂ કિશનજીએ મૂકેલી આ સૌથી કીમતી વસીયત છે. દુનિયાંનાં તમામ શાસ્ત્રો અને પવિત્ર કિતાબોમાં આ નાનકડી કિતાબ બહુ ઊંચી જાતની દેણગી છે.

કૃષ્ણજીએ દુનિયામાં આવીને જાલિમોને જેર કર્યા, દુષ્ટોને દંડ્યા, નેક અને પાકદિલ વાળા ખુદાપરસ્ત ઈશ્વર ભક્તોની અને સજ્જનોની રક્ષા કરી અને ઈન્સાનને ધર્મને રસ્તે ધપાવ્યો. સ્ત્રીઓનુ ગૌરવ વધાર્યું, ગોવાળોને અપનાવ્યાં, ગાયોની સેવા કરી, રાજાઓને તખ્ત પરથી ઉઠાડ્યા પણ પોતે કદી રાજસિંહાસને ન બેઠા. દરેક કાળે ને દરેક દેશમાં જ્યારે જ્યારે બુરાઈનુ ને જાલિમોનું જોર વધી જાય છે અને સજ્જન ધરમી લોકોને મોટી તકલીફ ઉભી થાય છે, ત્યારે હમેશાં આવા મહાન પુરુષો, સંત કે અવતાર ઉતરી આવે છે જે, દુષ્ટોને દુષ્ટતાથી છોડવી સજ્જનોને સલામતી બક્ષે છે અને દુનિયામાં નેકીની બુનિયાદને વારે વારે મજબૂત કરી આપે છે. કિશનજીનો આ કૉલ છે.

અમે હિંદુ લોકો માનીએ છીએ કે વિષ્ણુ ઉપર સંસારના પાલન અને સલામતીનો બોજો છે. તેથી જ રામ તથા કૃષ્ણને અમે લોકોએ ઈશ્વરના ઔતાર માન્યા. કારણ એમણે પોતાની આખી જિંદગી દુનિયાની ભલાઈ પાછળ ખરચી. જાતે ઉમર આખી દુઃખ વેઠ્યાં, મુસીબતો ઉઠાવી અને દુનિયાને બચાવી, સાચી સમજણ આપી અને પ્રજાની જિંદગીને સારૂ સાચા પ્રેમ, સફળતા અને સુખશાંતિનો માર્ગ દેખાડ્યો. *

---

* 'પ્રસ્થાન' માટે ખાસ. લેખકની લેખી પરવાનગી વગર આ લેખ અગર તેનો કોઈ પણ અંશ કે ભાષાંતર કોઈથી છાપી શકાશે નહિ.

卐

પાશ્ચાત્ય નાટ્યસાહિત્યનો વિકાસ

તનસુખ ભટ્ટ M. A., Ph. D.

લેખાંક પાંચમો

ઇંગ્લાંડમાં શોકાન્તિકા, સુખાન્તિકા અને ઐતિહાસિક નાટકો

ઇંગ્લાંડમાં ખ્રિસ્તકથા, અને અશરીરી ગુણોના પાત્રોમાંથી વેશ ભજવવાના શરુ થયા ત્યાં સુધીનો નાટ્યવિકાસ તો સ્પષ્ટપણે દેખાય છે. પણ પછીથી ત્યાં એકાએક નાટ્યલેખનની વર્ષાઋતુ કેમ જામી પડી તેનો તાર્કિક, પ્રતીતિકર ખુલાસો મળતો નથી. અંધકારયુગમાં અર્થાત છઠ્ઠીથી દસમી સદીમાં ત્યાં નાટકનું નામનિશાન જોવા મળતું નથી. ચોસર અને લેન્ગલેન્ડ ભટકતા નટોનો ઉલ્લેખ "Jonglers" તથા Joculators જેવા શબ્દોથી કરે છે. લેન્ગલેન્ડ તો તેમને મલકના ઉતાર (social pest) જેવા શબ્દોથી ઓળખાવે છે. એવો જ એક Mime નામે નાટ્યપ્રકાર ભજવનાર વર્ગ હતો. લેટિન અસરનું તે સાહજિક પરિણામ ગણાય. તેનો ભજવનારો ગોડિયા, નટડા, બજાણિયા, મદારી અને ભવાયા કે ડાગળા જેવો વર્ગ (Tumblers, dancers, jokers) હતો. બધા જ સમાજમાં થોડે વત્તે અંશે બદનામ હતા. બારમીથી ચૌદમી સદીમાં આપણા રાવણહથ્થા વગાડનાર ભરથરી જેવા ગીતકથાકારો (Minstrels) ત્યાંના સમાજમાં આગળ પડતા આવે છે. તેઓ ગીતકથા ઉપરાંત ખેલ ભજવતા કે નહિ તે જાણવાનું કોઈ સાધન નથી. ત્યાંના જનપદમાં લોકનૃત્ય અને લોકનાટક જેવી પ્રવૃત્તિઓ પ્રકટ થતી જતી હતી. પરંતુ તેઓ મોસમી તથા વર્ગબદ્ધ (seasonal and communal) હતી. વસંતઋતુના આગમનને અથવા તો લાણીમાં લણેલા પાકથી મળેલા આનંદને વ્યક્ત કરવાની તે અતિ સ્વાભાવિક વૃત્તિ હતી અને નાટકની ઉત્પત્તિમાં ગણાવેલા નવપલ્લવના સિદ્ધાંતને (Theory of Vegetation) પુષ્ટ કરતી હતી.

આમ ખેતીવાડીની નીપજમાંથી ધનધાન્ય તથા આમોદપ્રમોદ મળતાં લગપદાં નૃત્યો તથા વેશો દ્વારા ઇંગ્લેંડની પ્રજા સ્વકીય નાટ્યકલાનો વિકાસ હજી બીજદશામાં કરી રહી હતી એટલામાં બહારની એવી કેટલીક અસર આવી જેથી એ વિકાસ આશ્ચર્યમગ્ન કરે તેટલો વેગીલો બન્યો. જાદુગર જોતજોતામાં ગોટલામાંથી આંબાનું ઝાડ ખડું કરીને કેરી ઉતારી આપે તેના જેવો જ એ અતિશીઘ્ર અને સદ્યપરિણામી વિકાસ ગણાય. પ્રજાની સ્વાભાવિક મંદગામી સર્જનશક્તિને રાસાયનિક પુટ આપીને જાદુઈ ખેલ કરી બતાવનાર શક્તિ હતી લેટિન નાટકોનો અભ્યાસ અને તેનાં અંગ્રેજી ભાષાંતરો. ભવાઈના વેશ ભજવતી અંગ્રેજ પ્રજાએ ઈ. સ. ૧૫૩૦ થી ૧૫૮૦ના અરધી સદીના ગાળામાં જગતના નાટ્યસાહિત્યમાં સ્થાન લેવા માંડ્યું.

શોકાન્તિકાની કલ્પના આપનાર હોય તો તે રોમન નાટ્યકાર સેનેકા હતો. આમ અંગ્રેજી નાટકોએ રોમન ભવાઈને ઊઘીને રોમન શોકાન્તિકાનું અનુકરણ શરુ કર્યું. સેનેકા દસ શોકાન્તિકાકાર તરીકે ઇંગ્લેંડભરમાં જાણીતો થયો. સેનેકન સંપ્રદાયના નાટ્યકારોએ

ઈ. સ. ૧૫૬૦ પછીથી અંગ્રેજી રંગભૂમિ કબજે કરી. સેનેકાનાં લેટિન નાટકોનાં અંગ્રેજી ભાષાંતર થઈ ગયાં અને ૧૫૬૧–૬૨માં સેનેકાસંપ્રદાયની શોકાન્તિકા વ્હાઈટ હૉલમાં રાણી આગળ ભજવવામાં આવી. ૧૫૮૦ પછીથી આ અસર વધુ વ્યાપક બની. ૧૫૮૧માં તેની દસેદસ શોકાન્તિકાઓનો અંગ્રેજી અનુવાદ થઈ ચૂકયો હતો. તેની અસર અનુગામી મારલો અને શેક્સપિયરમાં પણ કળાય છે. બેન જૉન્સને તેને પુનર્જીવન આપ્યું છે.

રોમન અસરની સાથોસાથ ઐતિહાસિક નાટકોની પ્રવૃત્તિ પણ આરંભાય છે. સેનેકાની શોકાન્તિકાઓ યુરોપીય અસર છે ત્યારે આ ઐતિહાસિક નાટ્ય (chronicle plays) પ્રાદેશિક અર્થાત અંગ્રેજી છે. ઇંગ્લેંડના ઇતિહાસમાંથી વિષય લઇને આવાં નાટકો લખાતાં. શેક્સપિયરે પછીથી ઐતિહાસિક નાટકોને શોકાન્તિકા સાથે એકાકાર કરી નાખ્યાં. આમ 'કિંગ લિયર' અને 'મેકબેથ' એ તેનાં ઐતિહાસિક નાટકો (Chronicle plays) છે. પ્રજાની ઐતિહાસિક વિષયોની ઝંખના તેથી સંતોષાઇ. સ્પેનિશ નૌકાયુદ્ધમાં ઇંગ્લેંડને મળેલા વિજયનાં વર્ષો એ ઐતિહાસિક નાટકોની લોકપ્રિયતાનો ગાળો હતો.

શોકાન્તિકાની આયાત જેમ યુરોપમાંથી ઇંગ્લેંડમાં થઈ તેવું સુખાન્તિકા વિષે નથી. એ તો સ્થાનિક નીપજ હતી. અને પરદેશી અસર ન પડી હોત તો યે વિકસવાની જ હતી. પરંતુ ટેરેન્સ અને પ્લૉટસની સુખાન્તિકાઓનો અભ્યાસ થતાં નાટ્યલેખકોને સુખાન્તિકાનો નમૂનો કે આદર્શ મળ્યો. આનો જશ ઇંગ્લેંડના નમ્ર શાળાશિક્ષકોને ભજે છે. તેમણે પોતાના વિદ્યાર્થીઓ આગળ લેટિન નાટકો વાંચ્યાં અને એમ તેમનો ફેલાવો થયો. શિષ્ટ પ્રકારની પ્રથમ સુખાન્તિકાનો લેખક એક શાળાશિક્ષક (Nicholas Udall) હતો.

ઇંગ્લેંડમાં શોકાન્તિકા, સુખાન્તિકા અને ઐતિહાસિક નાટકોનાં આમ પગરણ થયાં.

*

લેખાંક છઠ્ઠો

એલિઝાબેથયુગની પ્રારંભિક શોકાન્તિકાઓ અને સુખાન્તિકાઓ

શોકાન્તિકાઓનો પ્રવેશ અંગ્રેજી નાટ્યસાહિત્યમાં થઇ ચૂકયો. પણ તેને લોકપ્રિય અને પ્રભાવશાળી બનાવનાર હતો થૉમસ કિડ (Thomas Kyd). તેણે સ્પેનિશ શોકાન્તિકા લખી અને સેનેકાના નાટ્યસંપ્રદાયને ઇંગ્લેંડની રંગભૂમિ ઉપર જીવતોજાગતો ખડો કર્યો. ઇ. સ. ૧૫૮૭ માં લખાયેલ આ નાટ્યકૃતિની અનેક આવૃત્તિઓ થઈ. તેનું કથાવસ્તુ વેરની વસુલાત છે. તેમાં એક ભૂત દેખાય છે તથા નાટકની અંદર નાટક ભજવાય છે. આને લીધે કેટલાક વિવેચકો માને છે કે અનુગામી શેક્સપિયરની 'હૅમ્લેટ' નામની કૃતિ એ થૉમસ કિડના નાટકની મઠારેલી આવૃત્તિ જ છે.

થૉમસ કિડમાં નાટ્યકૌશલ હતું પણ જીવનદર્શન કે કવિતા ન હતાં. એને રંગમંચ ઉપર લાવનાર થયો ક્રિસ્ટોફર મારલો. (Christopher Marlowe—૧૫૬૪–૧૫૯૩).

તો, રૉકેટ વિરુદ્ધ દિશામાં ધસે છે. આવી જાતની પદ્ધતિસરની યોજનાથી રૉકેટને ઘણી ઊંચી ગતિ આપી શકાય છે, એટલું જ નહીં પણ, ગતિનો વેગ ધીમે ધીમે વધારી શકાય છે. બળતણ તરીકે ઘન અથવા પ્રવાહી રસાયણોનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રવાહી હાઇડ્રોજન અને ઑક્સિજન, હાઇડ્રોજન અને ફ્લોરિનનો ઉપયોગ કરી શકાય. આવા બળતણથી એવી પ્રચંડ ગરમી ઉત્પન્ન થાય છે કે ભઠ્ઠીની દિવાલો પીગળી ન જાય, તેને માટે ખાસ પ્રકારની વ્યવસ્થા કરવી પડે છે. એક પદ્ધતિમાં ભઠ્ઠીની દિવાલો છિદ્રાળુ રાખવામાં આવે છે, અને આ છિદ્રોમાંથી ઠંડો પ્રવાહી સતત ભઠ્ઠીની દિવાલો ઉપર પડે છે. આથી દિવાલો ઠંડી રહે છે. રૉકેટ માટે સૈદ્ધાંતિક રીતે સૌથી ઉપયોગી પરમાણુશક્તિ થઈ પડે છે. દાખલા તરીકે માત્ર પાંચ શેર પ્યુટોનિયમ કે યુરેનિયમનો બળતણ તરીકે ઉપયોગ કર્યાથી ૨૦ ટનનું રૉકેટ ચંદ્રમાં જઈ પાછુ આવી શકે છે. ઍરોપ્લેન કે રૉકેટ માટે આવા પ્રકારના બળતણ વાપરવાનું વ્યવહારમાં હજી સિદ્ધ થયું નથી.

એમ કહેવામાં આવે છે કે પરમાણુશક્તિની મદદથી ઍરોપ્લેન ઉપાડવા માટે રશિયા ફત્તેહમંદ નીવડયું છે. આવી જાતના ઍરોપ્લેનમાં બે જોખમો રહેલાં છે. એક તો પરમાણુ પ્રતિક્રિયાથી ઉત્પન્ન થતાં વિનાશકારી કિરણો ઍરોપ્લેનના પાઇલોટ કે મુસાફરોને અસર ન કરે તેટલા માટે ભઠ્ઠીને ખૂબ વજનવાળી જાડી સીસાની પેટીમાં રાખવી પડે છે. આમ કરવાથી ઍરોપ્લેનનું વજન અતિશય વધી પડે છે. બીજી મુશ્કેલી એ છે કે જો કોઇ પણ સંજોગોમાં ઍરોપ્લેન જમીન ઉપર તૂટી પડે તો આવાં વિનાશકારી કિરણોના ફેલાવાથી બહુ ભયંકર હોનારત થાય. પરમાણુશક્તિના શાન્તિમય ઉપયોગમાં પણ આ ધાસ્તી રહેલી છે. લગભગ વર્ષ પહેલાં ઇંગ્લાંડના વિન્ડસ્કેલ નામના પરગણામાં પરમાણુ પ્રતિક્રિયામાં એક નાના અકસ્માતને લીધે કિરણોત્સર્ગીય આયોડીન હવામાં છૂટી જવાથી બહુ જબરજસ્ત ખળભળાટ થયો હતો. પરમાણુશક્તિના ઉપયોગ માટે રહેલા આવા પ્રકારના ભયસ્થાન વિષે આપણે સજાગ રહેવું પડશે. કારણ કે પરમાણુશક્તિનો શાન્તિમય ઉપયોગ અને ખાસ કરીને વિદ્યુત્ ઉત્પાદનમાં વધુ ઝડપથી પ્રગતિ થવા માંડી છે. ઇંગ્લાંડ, અમેરિકા, રશિયા અને ભારતમાં પણ આવતા દશકામાં આવી જાતનાં વિદ્યુત-સ્ટેશનો બંધાશે. ઇંગ્લાંડના કાર્યક્રમ પ્રમાણે તો ૧૯૬૫માં બધી વિદ્યુતશક્તિનો લગભગ ત્રીજો ભાગ પરમાણુશક્તિથી ઉત્પન્ન કરવામાં આવશે.

પરમાણુશક્તિ વાપરવા માટેની આતુરતાનું કારણ એ છે કે શક્તિનાં અત્યારનાં સાધનો કોલસો અને તેનો જથ્થો બહુ ઝડપથી ખૂટવા માંડ્યો છે અને આવતાં સો વર્ષ પછી એ બહુ અગત્યનો નહિ રહે. યુરેનિયમ કે એવા ભારે તત્ત્વોના ટુકડા કરતાં જે શક્તિ ઉત્પન્ન થાય છે તેને પરમાણુશક્તિ કહેવામાં આવે છે. પરંતુ જગતમાં આવાં ભારે તત્ત્વોનો ભંડાર પણ અખૂટ નથી. એટલે વૈજ્ઞાનિકોએ શક્તિનાં બીજાં સાધનો શોધવાં રહ્યાં. આપણે જાણીએ છીએ કે પાણીનો એક ઘટક હાઇડ્રોજન છે. આ હાઇડ્રોજન સાથે તેના જ ગુણધર્મવાળું પણ વધારે પરમાણુ-ભારાંકવાળું એક સમસ્થાનિક (isotope) 'ડ્યુટિરિયમ' 'ભારે હાઈડ્રોજન' નામનું તત્ત્વ રહે છે. બે ડ્યુટિરિયમના સંધાનથી હિલીયમ બને તો પણ પરમાણુ શક્તિનું ઉત્પાદન થઈ શકે છે. જગતમાં પાણીનો ભંડાર અખૂટ છે તેમ જ સર્વ દેશોમાં છે. એટલે પરમાણુશક્તિનું આ સાધન અખૂટ અને સુલભ્ય છે. ૧૯૫૨માં પરમાણુ બોમ્બના

જેવો હાઇડ્રોજન બોમ્બનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. ભારે હાઇડ્રોજનમાં મેળવી શકાતી શક્તિના શાંતિમય ઉપયોગ શકય બનાવવા માટે પણ ઈંગ્લાંડ, રશિયા, અમેરિકામાં પ્રયોગો શરૂ થયા છે. ઈંગ્લાંડમાં આવી જાતના પ્રયોગ માટેના સાધનને 'ઝીટા' કહેવામાં આવે છે. ભારે હાઇડ્રોજનના પરમાણુઓના સમૂહ ઉપર વિદ્યુત પસાર કરવાથી લગભગ દશ લાખ ડિગ્રી જેટલું ઉષ્ણતામાન મેળવી શકાય છે. આ ગરમીવાળો વાયુનો પ્રવાહ દિવાલ પાસે ન આવતાં ભઠ્ઠીની મધ્યમાં રહે એટલા માટે ભઠ્ઠીની આસપાસ પ્રચંડ ચુંબકીય બળો રાખવામાં આવે છે. પરમાણુશક્તિ ઉત્પન્ન કરવા માટે ૫૦ લાખ ડિગ્રી જેટલું ઉષ્ણતામાન ઉત્પન્ન કરી તેને એકાદ સેકંડ જેટલું ટકાવવું જોઈએ. અત્યારના પ્રયોગોમાં તો વીસ લાખ ડિગ્રી ઉષ્ણતામાન માત્ર સેકંડના હજાર ભાગ જેટલું જ ટકાવી શકાયું છે. આ ઉષ્ણતામાન સૂર્ય ઉપરના ઉષ્ણતામાન કરતાં પણ વધુ છે. સૂર્યમાં રહેલી ગરમી સતત ટકી રહે છે. એનું કારણ આવી જાતની કેંદ્રિય ક્રિયાઓ છે કે જેમાં નાનાં તત્ત્વોના મિલનથી પ્રમાણમાં ભારે તત્ત્વો ઉત્પન્ન થાય છે. બીજા શબ્દોમાં સૂર્યની ગરમીનું કારણ પણ હાઇડ્રોજન બોમ્બ છે.

શક્તિનું એક અમુક સાધન સૂર્યમાંથી સતત વરસતી ગરમી છે. સેંકડો વર્ષથી આ ગરમીનો ઔદ્યોગિક ઉપયોગ કરવા માટે પ્રયત્ન થયા છે, પણ હજુ ફત્તેહ મળી શકી નથી. ફ્રાન્સમાં હમણાં આવી એક પ્રચંડ સૂર્યભઠ્ઠી બાંધવામાં આવી છે. ૫૬૦ ચોરસ ફુટવાળી નાના નાના સાફ અરીસાની આ ભઠ્ઠી બનેલી છે. આ અરીસામાં ૩૮૫ ચોરસ ફુટવાળા ૬૦ અરીસામાંથી સૂર્યનાં કિરણો કેન્દ્રિત કરવામાં આવશે.

આપણી દિલ્હીની નેશનલ ફિઝિકલ લેબોરેટરી પણ આવા પ્રયોગો કરે છે. ઇજિપ્ત, અમેરિકા અને ઓસ્ટ્રેલિયાને પણ આ પ્રયોગોમાં રસ છે.

પાણી એ મહામૂલી ચીજ છે. વરસાદની અનિયમિતતાથી આપણે બધા વાકેફ છીએ. કુદરતી વરસાદ ઉપર આધાર ન રાખતાં કૃત્રિમ ઉપાયોથી વરસાદ લાવવાના પ્રયોગો ચાલુ છે. બીજો ઉપાય વરસાદનું પાણી જે નાળાં, સરોવર, તળાવ કે નદીમાં એકઠું થયું હોય તેનું બાષ્પીકરણ અટકાવવાનો કે ઓછું કરવાનો છે. ઉઘાડી તપેલીમાંથી પાણી ઊડી જતું અટકાવવા આપણે તેના ઉપર તાસક ઢાંકીએ છીએ. ઓસ્ટ્રેલિયામાં મોટા જળાશયોમાંથી પાણીની વરાળ થતી અટકાવવા કાર્બનીય દ્રાવણોનું પડ ઉપર ફેલાવવામાં આવે છે. ઓસ્ટ્રેલિયામાં એમ અડસટ્ટો કરવામાં આવ્યો છે કે એક ચોરસ માઈલના પાણીના વિસ્તારમાંથી બાષ્પીકરણથી દર વર્ષે ૬૦ લાખ ટન પાણી ઊડી જાય છે. સીટાઈલ આલ્કોહોલ (Ceytyl alcohol) નામના કાર્બનીય રસાયણનું પડ પાણી ઉપર રાખવામાં આવે તો બાષ્પીકરણ લગભગ ૪૦ % ઓછું થઈ જાય છે, એવો વૈજ્ઞાનિકોનો દાવો છે.

ખેતી જોડે વિજ્ઞાનનો સંબંધ ઘણો જૂનો અને જાણીતો છે. જુદી જુદી જાતના પાકને જુદી જુદી જાતનાં ખાતરો જોઈએ છે. એ ઉપરાંત આ ખાતરોનો કયારે અને કેવી રીતે ઉપયોગ કરવો તેને માટે પણ ખૂબ પ્રયોગો કરવા પડે છે. આવા પ્રયોગોથી પાક પ્રતિ એકરે વધારી શકાય છે. દાખલા તરીકે અમુક પાક માટે મહુવાના કરતાં એરંડાના ખોળથી પાક વધારે સારો ઊતરે છે. સોડીયમ નાઇટ્રેટ અને મહુવાના ખોળના મિશ્રણ કરતાં પણ એમોનિયમ સલ્ફેટ ખાતર તરીકે વધુ અનુકૂળ પડયો. સારા પાક માટે પાકની

જાત, જમીન, તેમજ પાણીના ગુણધર્મો વગેરે ધ્યાનમાં રાખીને ખાતરની પસંદગી કરવી પડે છે. આપણા દેશમાં હજારો વૈજ્ઞાનિકો આ ક્ષેત્રમાં આજે કામ કરે છે.

માનવજીવનના નાનામાં નાના ક્ષેત્રમાં પણ વિજ્ઞાન મદદ કરી શકે છે. આપણે માનીએ છીએ કે આપણી હોટલોના મુકાબલે ઇંગ્લાંડની હોટલની સ્વચ્છતાનું ધોરણ ઘણું ઊંચું હોય છે. છતાં હમણાં જ આહારવિજ્ઞાનની સંસ્થા તરફથી થયેલી તપાસમાં માલુમ પડ્યું કે ત્યાં વાસણો, ટેબલક્લોથ વગેરેમાં પુષ્કળ બેક્ટેરિયા હતા, અને જે સ્વચ્છતાનું ધોરણ નક્કી કરવામાં આવ્યું હતું તેનાથી વધુ બેક્ટેરિયા ઇત્યાદિ ઘણાંખરાં પાત્રોમાં જણાયા હતા. આપણા દેશમાં આવા પ્રકારની તપાસનું પરિણામ શું આવે તે કલ્પવું પણ મુશ્કેલ છે. વિજ્ઞાનના આવા દરેક ક્ષેત્રમાં કામ કરવા માટે આપણને સંખ્યાબંધ વૈજ્ઞાનિકોની જરૂર પડવાની. આવા વૈજ્ઞાનિકોની માંગ સંખ્યા કરતાં એમની નિષ્ઠા અને કાબેલિયત વધુ અગત્યનાં છે. આપણી ભવિષ્યની યોજનાઓ પાર પાડવા માટે સ્કુલો અને કોલેજોમાં વિજ્ઞાનનું ધોરણ ઊંચું લાવવાની આપણી ફરજ છે. એમ કરવાથી જ આપણે કાર્યક્ષમતા વધારી શકીશું અને દેશને આબાદીના પંથે લઇ જઈ શકીશું. *

★

* તા. ૩૦-૧૨-૫૮ ના રોજ અમદાવાદ-વડોદરા રેડિયો સ્ટેશનથી આપેલી ટોક—ઓલ ઇંડિયા રેડિયોના સૌજન્યથી. થોડા ફેરફાર સાથે.

પ્રતીક્ષા

રમણ કોઠારી

પ્રતીક્ષા કાં જોવી અનિમિષ દગે વ્યગ્ર ઉરથી ?
હજારો જન્મોથી અવિરતપણે આ જગતમાં
પ્રતીક્ષા મેં દીઠી અધીર નયને વિશ્વપથપે.
વહ્યાં કૈં કલ્પો ને વહી વળી જશે અન્ય શતધા,
કઇ આવ્યા ના'વ્યા પલ રમી જરી વિશ્વપડદે,
મહાકાલે સૌ એ જનમગતરાં ડૂબી વિરમ્યાં.
અષાઢી મેઘોમાં, શરદપુનમે, મેઘ ધનુષે,
પ્રિયાની આંખોમાં, વળી જનની સ્નેહે, સુહૃદમાં,
કદા વાલ્મિકીની અમર કૃતિએ, બુદ્ધ હૃદયે,
અહિંસાના તેજે જગપ્રસરતા ગાંધી રૂપમાં
તને મેં દીઠો 'તો રજ પણ પ્રભો ! લોચનભરી,
તુંથી હાવાં ઝંખું ભવભવની ફેરીથી શ્રમિત
પ્રવાસો આત્માનો મૃગસલિલ સંસાર છુટકો.

卐

રોજ–મેળ

'ભદ્ર'

સવારનું રસોડું પતે એટલે ચંદનબહેનનું સૌથી પહેલું કામ શેતરંજી પાથરી, એની ઉપર આડા પડી છાપું વાંચવું, અને વાંચતાં વાંચતાં અર્ધો–પોણો કલાક સૂઈ રહેવું.

વહેલી સવારે ઊઠી બાર વાગ્યામાં તો એ બધું પરવારી લેતાં. પતિને અને છોકરાંઓને સાડાદસ વાગ્યે જમાડી વિદાય કરતાં પહેલાં સવારના કચરા કાઢવાનું અને કપડાં ધોવાનું પૂરું થતું. રસોઈમાં થોડુંક પુત્રી કરે અને થોડુંક પોતે કરે. અગિયાર વાગ્યે એ પોતે જમી લે. પછી વાસણ માંજે, ઢાંકોઢૂંબો કરે ત્યાર સુધીમાં બાર થવા આવે. પછી ઓસરીની જાળી બંધ કરી અંદરના ખંડમાં શેતરંજી પાથરી આરામ કરે.

રોજના આ કાર્યક્રમ અનુસાર આજે પણ એ આડા પડયાં અને વાંચતાં વાંચતાં આંખ ઘેરાવા માંડી ત્યાં કોઈએ જાળી ખખડાવી. ઊઠીને જોયું તો ટપાલી ટપાલ નાખી ગયો હતો. રોજ ટપાલ અગિયાર–સાડા અગિયારે આવતી, આજે મોડી આવી. ટપાલી રોજ આવતો પણ કોઈ દિવસ એ જાળી ખખડાવતો નહિ. આજે ટપાલી નવો આવ્યો હતો એટલે એ મોડો આવ્યો અને એણે જાળી ખખડાવી. જતા ટપાલી તરફ કટાણું મોઢું કરી ચંદન-બહેન જોઈ રહ્યાં. ટપાલમાં ખાસ કંઈ નહોતું. એમના પતિના નામનું એક બુક–પોસ્ટ હતું.

ચંદનબહેન ફરીથી આડા પડયાં. થોડીક ઊંઘ લેવા એમણે પડખું ફેરવ્યું. જરા વાર થઇ હશે ત્યાં ફરી જાળી ખખડી. ચંદનબહેનને ફરીથી ઊઠવું પડયું. બહાર, પડોશીનો એક નાનો છોકરો ઊભો હતો. એણે સાયકલનો પંપ માગ્યો. ચંદનબહેને એ આપ્યો અને કહ્યું : "પાછો આપવા હમણાં આવીશ નહિ. પછી મગાવી લઈશ."

છોકરો ગયો એટલે ફરી એ આડા પડયાં. આજે એમના આરામમાં આમ ભંગ પડતો હતો તેથી એમને ચેન પડયું નહિ. માથામાં એક બાજુ જરા જરા દુઃખવા આવ્યું. "અર્ધો કલાક નિરાંતે સુવાય તો સારું" એમ કહી એમણે પડખું ફેરવ્યું.

દસેક મિનિટ થઈ હશે ત્યાં વળી પાછી જાળી ખખડી. ચંદનબહેને ઊઠીને જોયું તો બહાર પ્યાલાબરણીવાળી બાઈ ઊભી હતી. બે દિવસ ઉપર ચંદનબહેને એને કહ્યું હતું કે અમુક જાતની બરણી હોય તો લાવજે. આજે આ જ વખતે એ લઈને આવી ! ચંદનબહેનના નસીબમાં આજે આરામ કરવાનું નહોતું.

પ્યાલાબરણીવાળીને પાછી મોકલવા ઇચ્છા નહોતી; અને એની સાથેનું કામ પાંચ–દસ મિનિટમાં પતે એવું નહોતું એટલે એમણે ઓસરીમાં જઈ જાળી ઉઘાડી. બાઈએ માથેથી ટોપલો ઉતાર્યો. ચંદનબહેને એમાંની ચીજો જોવા માંડી. પેલી બાઈએ કહ્યું: "તમે મગાવી હતી એવી બરણી લાવી છું." પણ ચંદનબહેનને જાણે એની બહુ ઇચ્છા નહોતી એમ બતાવવા એમણે બીજી જ ચીજો જોવા માંડી.

"શું લુગડાં છે ?" બાઈએ પૂછયું.

"આમાંથી કાંઈ લેવા જેવું નથી." ઓસરીમાં બાંધેલા હીંચકા ઉપર બેસી ચંદન-બહેન બોલ્યાં.

"પણ લુગડાં તો બતાવો ? પછી ખબર પડે ને ?"

ચંદનબહેને ઘરમાં જઈ જૂનાં લુગડાંની એક પોટલી કાઢી. એમાંથી બેચાર લુગડાં કાઢી લઈ, બાકીનાં લઈને એ બહાર આવ્યાં. એ વખતે પોટલી બાંધેલી નહોતી ઉપર બાંધેલા લુગડાના ચારે છેડા એમના હાથમાં હતા. બરણીપ્યાલાવાળી બાઈની ધ્યાન બહાર આ ન ગયું. એણે ઊંચાંનીચાં કરી બધાં લુગડાં જોયાં, અને જાણે બધાં જ નકામા જેવાં છે એવો ભાવ મોઢા પર લાવી બોલી. "શું જોઈએ છે?"

"શું આપીશ?" ચંદનબહેને સામો સવાલ કર્યો.

બાઈએ એક કપ-રકાબી અને એક વાટકો બતાવ્યાં. ચંદનબહેનને એ બહુ ઓછું લાગ્યું.

"આ બરણી આપ" કહી એમણે પોતાને જોઈતી બરણી હાથમાં લઈ જોવા માંડી.

"આટલામાં એ ન આવે. બીજાં લુગડાં નાખો."

"આ ઓછાં છે? બીજાં ક્યાંથી લાવે? હતાં એ બતાવ્યાં."

"બધાં ફાટેલાં છે." બાઈએ ત્રીજી વખત કપડાં ઊંચાંનીચાં કરીને કહ્યું.

"આખાં તે ક્યાંથી હોય?"

"ખાદીનાં છે. એ કોઈ લેતું નથી."

"તારા માટે કાંઈ મિલનાં વસાવા જઉં? પહેરતાં હોઈએ એ હોય."

"થોડાંક વધુ નાખો. જુઓ જુઓ. કાંઈ હોય તો લાવો."

ચંદનબહેન ઘરમાં ગયાં અને એક કાઢી નાખેલો સાલ્લો લાવીને નાખ્યો.

આમ અર્ધો–પોણો કલાક રકઝક ચાલી. જ્યારે જ્યારે પ્યાલાબરણીવાળી આવે ત્યારે ત્યારે આમ રકઝક કરવાનો શિરસ્તો હતો, અને રકઝક અન્તે શિરસ્તા મુજબ ચંદનબહેને બીજાં બે કપડાં અંદરથી લાવીને નાખ્યાં, અને બાઈ બરણી આપીને ગઈ.

જાળી વાસી ચંદનબહેન ફરીથી આડાં પડ્યાં. પણ હવે ઊંઘ શાની આવે? ઊંઘવાનો વખત ચાલી ગયો હતો. આરામ ન મળ્યો તેથી અને પ્યાલાબરણીવાળી બાઈ સાથે માથાકૂટ કરી એટલે એમનું માથું સહેજ દુઃખવા લાગ્યું. બરણીમાં શું ભરવું એના વિચારમાં ને વિચારમાં થોડી વાર આંખો મીંચીને એ પડી રહ્યાં. કોઈ દહાડો નહિ ને આજે એમની આંખ મીંચાઈ ગઈ અને કલાક પછી ફરીથી જાળી ખખડી ત્યારે એ જાગ્યાં.

એમણે ઊઠીને જોયું તો બહાર એમના પતિ ઊભા હતા. પત્નીને બહુ નવાઈ લાગી. પતિને ઘેર આવવાનો સમય સાંજના છનો હતો. *'આજે બે વાગ્યે કેમ આવ્યા?'* એમણે જાળી ઉઘાડી. પતિએ અંદર આવી બાજુમાં ચંપલ ઉતાર્યાં અને સીધા ઘરમાં ગયા.

"કેમ? તબિયત નરમ છે? માથું દુઃખે છે?" પત્નીએ પૂછ્યું.

પતિએ હકારમાં ડોકું ધુણાવ્યું. કપડાં બદલી પાથરેલી શેતરંજી પર એમણે લંબાવ્યું.

ચંદનબહેન વિચારમાંથી જાગ્રત થયાં.

"તમે જરા ઊભા રહો. હું પથારી કરી આપું."

એમણે શેતરંજી પર જ ગાદલું નાખી એના ઉપર ચાદર પાથરી. ઊંધું માથું નાખી પતિ પથારીમાં પડ્યા.

"કાંઈ પીવું છે? ચા કરી આપું?" ચંદનબહેને પૂછ્યું.

"હા. જરા કડક કરજે. અને ઘરમાં હોય તો થોડોક મસાલો પણ નાખજે."

"'હોય તો!' એવું ન બોલ્યા હોત તો ચાલત. આ, ઘર છે. હોટલ નથી." કહી ચંદનબહેન ચા કરવા ગયાં.

થોડી વારમાં ચાના બે પ્યાલા લઈને એ આવ્યાં. પતિએ કબાટમાંથી અમુક ગોળીઓની શીશીમાંથી એક ગોળી માગી.

"આજ સવારથી જ થોડું થોડું દુઃખતું હતું" ઊઠતાં ઊઠતાં એ બોલ્યા.

"તો પછી ઑફિસે શું કરવા ગયા?" રકાબીમાં ચા કાઢતાં કાઢતાં પત્ની બોલ્યાં.

"મારા મનમાં કે ઊતરી જશે. પણ એ તો વધતું જ ગયું."

"ગાડી કરીને આવ્યા? મેં તમારા આવવાનો કાંઈ અવાજ સાંભળ્યો નહિ."

"ગાડીમાં જ આવ્યો."

"મહેરબાની......અમારા ઉપર."

"કેમ, એમ બોલે છે?"

"નહિ તો તમે તો ચાલતા જ આવો અને બહુ બહુ તો બસમાં આવો એવા છો."

"તો કદાચ એમ જ આવ્યો હોઈશ. તેં તો ગાડીનો અવાજ નહોતો સાંભળ્યો ને? જાળી તો મેં ખખડાવી ત્યારે જ તેં ઉઘાડી હતી."

"ત્યારે જૂઠું બોલ્યા કે ગાડીમાં આવ્યો છું!" ચંદનબહેન જાણે લડવા તૈયાર થઈ ગયાં.

પતિ હસતા હતા. એમનું માથું કાંઈ હલકું પડ્યું નહોતુ પરન્તુ નજર સમક્ષ, માથું પકવે એવી ઑફિસની ફાઈલો નહોતી—જે હતાં, એ બે પ્યાલા ચા, અને ચંદનબહેન.

"સાચું કહોને? ચાલતા આવ્યા?"

"ના, ના. એક જણની મોટરમાં આવ્યો. ઑફિસ બહાર નીકળી ગાડી કરવા વિચાર કરતો હતો ત્યાં એ મળી ગયા. મને છેક અહીં સુધી મૂકી ગયા."

"ત્યારે એમને ઘરમાં લાવવા હતા ને?"

"એમને ઉતાવળ હતી. આ બાજુ આવતા હતા એટલે જ મેં હા પાડી. નહિ તો ગાડી કરીને જ આવત."

"મને આજે સવારથી જ તમારું મોઢું પડી ગયેલું લાગતું હતુ. હું તમને પૂછવાનો વિચાર જ કરતી હતી પણ પછી માંડી વાળ્યું."

"કેમ?"

"તમે તમારા મનમાં ધાર્યું હોય એ કર્યા વિના તમે રહો નહિ. હું કાંઈ પૂછું અને તમને એ નહિ ગમે એવું મને લાગે તો તમને પૂછતાં મને હજાર વિચાર આવે."

"શું પૂછવું હતું?"

"આજે કપડાં ન ધોયાં હોત તો!"

"એમાં શું મોટું કામ હતું?"

"મોટું હતું એમ હું નથી કહેતી. પણ શરીર સારું ન હોય ત્યારે ન ધોઈએ તો ન ચાલે?"

"બે ત્રણ જ હતાં. અને સવારે મને ઠીક હતું."

"તમે જ હમણાં કહ્યું કે તમને સવારથી જ ઠીક નહોતું. મને પણ તમારું મોઢું જોતાં એવું લાગ્યું હતું. ઊઠ્યા તેય રોજ કરતાં મોડા."

"એવું તો ઘણીય વખત થાય છે. કેટલીય વખત માથું દુઃખે છે, શરીર દુઃખે છે, આંખો બળે છે..."

"અને છતાં કપડાં ધોયા વિના નથી રહેવાતું. એમ ને ?"

પતિએ કાંઈ જવાબ આપ્યો નહિ.

"અને તો ય અમને કાંઈ કહેવું નહિ!"

"ખરી વાત એમ છે કે એવું થતું હોય ત્યારે હું તને જો પહેલેથી કહું તો તું મને મારું કાંઈ જ કામ ન કરવા દે. કપડાં તો ન જ ધોવા દે."

"એટલે મને કહેવું નહિ ?! તમને અમારો કાંઈ વિચાર આવે છે ?"

"આવે છે. ઊલટું, ઘણો આવે છે. અને તેથી જ કહેતો નથી. કહું તો પાછી તું ચિન્તા કરે."

"અને પાછી તમને કાંઈ કરવા ન દઉં....ખરું ને ?.... અને એટલા ખાતર જૂઠું બોલવું." ચંદનબહેનની આંખમાં ઠપકો હતો.

"આમાં જૂઠું બોલવાનું નથી. માથું દુઃખતું હતું અને ન કહ્યું તેથી જૂઠું બોલ્યો એમ કાંઈ ન કહેવાય."

"અત્યારે દુઃખે છે ?"

"ઊતરી ગયું હોય એમ લાગે છે."

"મને પણ એમ જ લાગે છે. એટલે જ આટલી જીભાજોડી થઈ શકે છે."

"તું લડવા બેસીશ તો મારાથી તને પહોંચી નહિ વળાય. સૂઈ જઉં છું. બસ ?" પતિએ પડખું ફેરવ્યું.

"માથું ન દુઃખતું હોય તો, આ ઘરમાં દહાડે સૂવાની કોઈને છૂટ નથી."

"એમાં ય અપવાદ તો હશે ને ?"

"એટલે ?"

"તું કેમ રોજ દહાડે સૂઈ રહે છે ? રોજ તારું માથું દુઃખે છે ?"

"મારો તો એ નિત્યનો કાર્યક્રમ છે."

"આજે સૂવાનું નથી મળ્યું ?" પતિએ પડખું ફેરવ્યું.

"મળ્યું છે. કેમ ?"

"મળ્યું લાગતું નથી. નહિ તો આમ લડે નહિ મારી સાથે."

"નથી જ મળ્યું. પહેલાં ટપાલી આવ્યો. કોઈ નવો આવ્યો લાગે છે. એ મોડો આવ્યો અને વળી જાળી ખખડાવી પછી બાજુમાંથી એક છોકરો સાયકલનો પંપ લેવા આવ્યો. પછી પ્યાલાબરણીવાળી આવી. બધાંને એ જ વખતે આવવાનું મુહૂર્ત આવ્યું."

"અને પછી હું આવ્યો—દુઃખતું માથું લઈને."

"એ તો ઠીક. અત્યારે તો ઊતરી ગયું લાગે છે. પણ આ જૂઠું બોલવાનું ક્યારથી શરૂ કર્યું ?"

"વળી પાછું 'જૂઠું' ? મેં જાહેર ન કર્યું એટલું જ. જાહેર ન કર્યું એટલે જૂઠું બોલ્યો એમ ન કહેવાય."

"સારું. હું તમારા જેવી સાક્ષર નથી."

"હું સાક્ષર છું ?"

"કોણ કહે છે કે તમે સાક્ષર છો ? હું નથી કહેતી કે તમે ખરા સાક્ષર છો. પણ

સાક્ષરપણાનો ડોળ જરૂર કરો છો. વકીલિયા સાક્ષર છો. નહિ તો, વાંકમાંથી છટકવાની આવી બારી શોધી શકો નહિ."

"મેં કાંઈ ગુનો કર્યો નથી કે ...."

"જૂઠું બોલવું એ ...."

"વળી પાછો એ શબ્દ?"

"સાચી વાત જાહેર ન કરવી એ ગુનો નહિ?"

"જાહેર કર્યે શો ફાયદો?"

"હારતો. જાહેર ન કર્યે ફાયદો. આ, ન જોયું? ઑફિસેથી વહેલા અવાયું, મારી ઊંઘ બગાડી, બે કપ ચા મળી અને બાકી હતું તે આ લમણાઝીક કરવાનો મોકો મળ્યો. છેતરપીંડી—"

"જાહેર ન કરવું એટલે છેતરપીંડી?"

"હા. આવી બાબતમાં તો બન્ને એક જ."

"મેં છેતરપીંડી વળી કયારે કરી હતી?"

"ઘણીય વખત."

"દાખલા તરીકે?"

"તે દિવસે મેં કહ્યું હતું કે શાકમાં ભીંડા લાવજો. બજારમાંથી આવીને તમે કહ્યું કે ભીંડા મળતા નથી. અને અહીં ઘેર ભીંડા વેચાવા આવ્યા હતા!"

"બજારમાં મળતા નથી એટલું જ મેં કહ્યું હતું. આખા ગામમાં મળતા નહોતા એમ મેં નહોતું કહ્યું. બજારમાં મળતા તો હતા પણ તે સારા નહોતા એટલે ન લાવ્યો."

"તે દિવસે કહ્યું હતું કે મોદીને ત્યાંથી ઘીનો ભાવ પૂછતા આવજો તો કહે એને ત્યાં ઘી સારું નહોતું એટલે ભાવ પૂછ્યો નહોતો. પણ બજારમાં બીજે કોઈ ઠેકાણે ઘી મળતું જ નહોતું?"

"તેં આપણા મોદીને ત્યાં પૂછવાનું કહ્યું હતું. બીજે પૂછવાનું કહ્યું હોત તો બાર જણના ભાવ લાવત."

"તમે વાંકાબોલા જ છો. કશું માથે ન રાખો."

"તારી ભૂલ છે. ઊલટું, કશું માથે ન રાખવાનો આક્ષેપ તારા ઉપર કરવા જેવો છે."

"મારા ઉપર? એ વળી કેવી રીતે?"

"તે દિવસે પેલા ભાઈને જમવા કહેવા જવાનું હતું ત્યારે મને આગળ ધકેલ્યો. એવી બાબતમાં અમારે કહેવા જવાનું હોય?"

"એ તમારા મિત્ર હતા. કાંઈ મારા નહોતા. તમારા મિત્રને જમવા બોલાવવા હોય તો તમે જાવ કે હું?"

"એમનાં પત્ની તારાં મિત્ર નહોતાં?"

"એ તો પાછીથી ખબર પડી કે અમે બન્ને સાથે ભણતાં હતાં. પણ મિત્ર તો તમારા ને?"

"સારું. બીજો પ્રસંગ કહું. પેલા ભાઈને ત્યાં ચાર દિવસ રહી આવ્યા ત્યારે એમના નોકરને શું આપવું એ તેં મારા ઉપર નાખ્યું! એટલું જ નહિ પણ હું એને આપું એવો આગ્રહ તેં રાખ્યો. એ તે કાંઈ મારું કામ ગણાય?"

"એવી બાબતમાં મને ખબર પડે નહિ."

"એ વાત સાચી નથી. તને બધી ખબર પડે છે. પણ તારે જ્યારે માથે ન રાખવું હોય ત્યારે તું એવી કોઈક છટકબારી શોધી કાઢે છે કે એ બારી બંધ કરતાં મને આવડે જ નહિ."

"હવે એ વાત જવા દો. આજે એક વાતની ચોખવટ કરવી છે. તમે કબૂલ કરો કે તમારી તબિયત સારી ન હોય ત્યારે તમે કાંઈ જ કામ નહિ કરો અને પૂરો આરામ લેશો. તબિયત સારી ન હોય ત્યારે કામ ખેંચવાથી છેવટે નુકસાન જ થાય છે એ કાંઈ મારે તમને કહેવું પડે?"

"એવું હશે ત્યારે હું જરૂર તને કહીશ."

"એમ નહિ. પહેલેથી જ કહેવાનું. તમને માથાના દુઃખાવાનો રોગ છે. જરાક એવું લાગે એટલે બધું કામ બંધ કરવાનું."

"એવો નિયમ આપણે કરીએ તે મને એકલાને જ લાગુ પડશે કે આપણે બધાને? તને પણ લાગુ પડશે-ને?"

"તમે મારી વાત મૂકો."

"કેમ?"

"અમારી વાત જુદી. અમે પથારી કરીશું ત્યારે અહીં ઘરમાં સાતડે સાત થઈ જશે. અને તમે પથારી કરશો તો ઑફિસમાં કાંઈ સાતડે સાત થવાનું નથી. ઑફિસ તો એની મેળે ચાલશે."

"ઘરમાં સાતડે સાત થાય તો ભલે થાય. શૂન્ય તો નહિ થાય ને?"

"અત્યારે તમારી વાત કરો ને? તમારો રોગ ખરાબ છે. નથી યાદ પેલી માંદગી આવી હતી તે? કેમે કર્યો માથાનો દુઃખાવો બંધ ન થાય. બે દહાડા તો ભાન પણ ગયું હતું. એ રોગ ફરીથી ન ઊપડે એટલી કાળજી તમારે ન રાખવી જોઈએ?"

"માટે તો દુઃખવા આવ્યું એટલે તરત ઘેર આવતો રહ્યો."

"સારું કર્યું આવ્યા તે. પણ મને કહો કે હવે માથું દુઃખવા જેવું લાગે ત્યારથી જ બધું કામ કરવાનું બંધ રાખીશ."

"કામ એ મારો ખોરાક છે. એનાથી મને આરામ રહે છે. કપડાં ધોઉં છું અગર ખંડ વાળું છું ત્યારે મને ખૂબ માનસિક શાન્તિ થાય છે. તું એમ માનતી હોય કે એનાથી તબિયત બગડે છે અગર તબિયત ઠીક ન હોય ત્યારે એવું કામ કરવાથી તબિયત વધુ બગડે છે, તો મને લાગે છે તારી ભૂલ થાય છે. તબિયતની સ્વસ્થતા એકલા શરીર ઉપર જ આધાર રાખતી નથી; મન ઉપર પણ આધાર રાખે છે. જે કામ કરવાથી મન પ્રફુલ્લ થાય એ કામ કરવાથી તબિયતને હાનિ થતી જ નથી."

"પાછા સાક્ષર બન્યા."

"તને યાદ છે? આપણાં લગ્ન થયાં પછી મારાં કપડાં ધોતાં તેં મને પહેલી વખત જોયો ત્યારે તેં વિરોધ કર્યો હતો. એ વખતે માથાના દુઃખાવાની વાત નહોતી. પણ તને એમ લાગ્યું હતું કે મારાથી કપડાં ધોવાય જ નહિ અને મારાં કપડાં તારે જ ધોવાં જોઈએ."

"હું આજે પણ એમ માનું છું."

"અને તને એમ લાગતું હતું કે હું મારાં કપડાં મારા હાથે ધોઉં તેથી જાણે તારો કોઈ હક હું છીનવી લઉં છું."

"હા. પણ એનું આજે શું છે?"

"આજ તને એમ લાગે છે કે તારો હક છિનવાયો છે?"

"કોણ જાણે? હવે તમારાથી ટેવાઈ ગઈ છું એટલે શું બોલું? હવે તો ઊલટું તમે ધોવાની ના પાડો ત્યારે મને નવાઈ લાગે!"

"ત્યારે, બધું એમ જ. હું જે દિવસે મારું કામ જાતે ન કરું તે દિવસે મને પણ નવાઈ લાગે. આવી બધી બાબતોમાં ટેવની જ વાત છે. આમાં કાંઈ હક્ક છીનવી લેવાનો નથી; પણ ટેવનો સવાલ છે; તને મદદ કરવાનો સવાલ છે; સ્વાશ્રયનો સવાલ છે."

"મારા ગળે આ બધું કાંઇ ઊતરતું નથી. મારું તો એટલું જ કહેવું છે કે જે દિવસે હું ના કહું તે દિવસે તમારે તમારાં કપડાં ધોવાં નહિ."

"ઓત્તારી, એ કેમ બને! હજી એમ કહેતી હોય કે જે દિવસે મને પોતાને એમ લાગે કે આજે ઠીક નથી તે દિવસે મારે કપડાં ન ધોવાં તો તે સમજી શકું. પણ તું નક્કી કરે એ કેમ બને?"

"તમને કોઈ દિવસ એવું લાગવાનું જ નથી! અને લાગે તો તમે છૂપું રાખો—આજે કર્યું એમ. એટલે હું જ નક્કી કરું એ જરૂરનું છે...વધુ નહિ તો છ મહિના આમ કરી જુઓ. હું જે દિવસે ના પાડું તે દિવસે તમારે કપડાં ન ધોવાં."

"એટલે, રોજ સવારે ઊઠીને મારે તને પૂછવાનું 'આજે કપડાં ધોવાની છૂટ છે?'"

"ના. હું જ ઊઠીને કહીશ કે આજે નથી ધોવાનાં."

"બહુ આકરી શરત છે. પણ જોઈશું."

પતિએ પડખું ફેરવ્યું. થોડી વારમાં એ ઘસઘસાટ ઊંઘી ગયા.

બીજે દિવસે એ ઊઠી શક્યા નહિ. માથાના દુ:ખાવામાં કાંઈ ઘટાડો થયો નહોતો. કપડાં ધોવાં–ન ધોવાં એ પ્રશ્ન જ ન રહ્યો. ચંદનબહેને શાન્તિ અને અશાન્તિ બન્ને અનુભવ્યાં.

આખો દિવસ આમ રહ્યું, પતિ પથારીમાં પડી રહ્યા. સવારે કે સાંજે કાંઈ ખાધું નહિ. બે-ત્રણ વખત ઊલટીઓ થઈ. એ ઢીલા પડી ગયા. ચંદનબહેનને આજે પણ બપોરનું સૂવાનું ન મળ્યું.

બે દિવસ ગયા. કાંઈ ફેર પડ્યો નહિ. ત્રીજા દિવસની રાત્રે પતિ બબડતા હતા:

'એ કેમ બને?'

ચંદનબહેન જાગતાં હતાં. પોતાની પથારીમાંથી ઊઠી એ પતિની પથારી પાસે ગયાં. કાંઈ વધુ બોલે તો એ સાંભળવા એમણે કાન માંડ્યા. પણ પતિ વધુ કાંઈ ન બોલ્યા. ચંદનબહેન એમની પથારીમાં પડ્યાં પણ એમની ઊંઘ ઊડી ગઈ. એ વિચારે ચઢ્યાં:

"'એ કેમ બને?' એટલે? કાંઈ ઑફિસની વાત હશે? કોઈએ કોઈ અણગમતી સૂચના કરી હશે? અગર કોઈએ કાંઈ ખોટું કર્યું હશે એને ઠપકો આપતા હશે?"

'એ કેમ બને? મને એ નહિ ગમે. મને નહિ ફાવે.' ફરીથી પતિ બબડ્યા. એમના અવાજમાં નબળાઈ હતી.

ચંદનબહેન એમની પથારી પાસે જઈને બેઠાં. થોડી વાર પછી પતિએ આગળ ચલાવ્યું:

'મને ધોવા દે ને ભાઈસાહેબ! મારાં કપડાં કોઈ ધોવે એ મને નહિ ગમે.' અવાજમાં આજીજી હતી.

ચંદનબહેન સમજ્યાં. પતિને કપડાં ધોવાની બંધી ફરમાવવામાં પોતે કંઈ ભૂલ તો નહોતી કરી એવા વિચાર એમને આવવા લાગ્યા.

'ખરેખર, મારી તબિયત ખરાબ નથી. ખરાબ છે એવો તને વહેમ જ છે. હું ધોઈશ તો મને ગમશે. નહિ તો હું મુંઝાઈ જઈશ.' લવરી ચાલી.

ચંદનબહેનની આંખમાં આંસુ આવ્યાં. પોતે બંધી ફરમાવી હતી તે, પતિની તબિયત સુધારવા માટે–એમના દિલને દુ:ખ દેવા માટે નહિ. પણ એ બંધીથી એમને દુ:ખ કેવી રીતે થાય તે, એ સમજી શકતા નહોતાં.

લવરી ચાલ્યા કરી અને પતિ પથારીમાં આળોટતા હતા.

ચંદનબહેને એમના છોકરાને ઉઠાડી પડોશમાંથી ડૉક્ટરને બોલાવી લાવવા કહ્યું. ડૉક્ટર, આ કુટુમ્બના મિત્ર હતા. માંદગીના સમાચાર મળ્યા પછી દરદીને તપાસવા એ રોજ આવતા. આજે પણ સવારે આવી ગયા હતા. રાતમાં તબિયત વધુ બગડી છે એ જાણતાં એ તુરત જ આવ્યા.

એમનો પગરવ સાંભળી ચંદનબહેન બહાર ઓસરીમાં આવ્યાં.

"ઊંઘમાં લવરી કરે છે તેથી બોલાવ્યા છે. માંદગીએ કાંઈ ગંભીર સ્વરૂપ તો નહિ પંકડ્યું હોય ને? પહેલાંની માંદગીમાં પણ લવરી તો કરતા હતા—પણ આવી નહિ." ચંદનબહેન બોલ્યાં. એમનું મોઢું પડી ગયું હતું.

ઊંઘતા માણસને તપાસવો કે નહિ એ વિષે ડૉક્ટર વિચાર કરતા હતા ત્યાં દરદીએ ફરી લવરી કરવા માંડી અને એ જ મતલબનું બોલવા લાગ્યા. કેટલાક શબ્દો સ્પષ્ટ સંભળાયા, કેટલાકમાં લોચા વળતા હતા.

"માથે કાંઈક ભાર હોય એમ લાગે છે." ડૉક્ટરે ધીરે રહીને કહ્યું.

બધી વાત ડૉક્ટરને કહેવી કે ન કહેવી એની ગડમથલ ચંદનબહેનના મગજમાં ચાલતી હતી.

"બ્લડ પ્રેશર લેવા જેવું લાગે છે?" ચંદનબહેને, ડૉક્ટરના હાથમાં એવું યંત્ર ન જોતાં સૂચના કરી.

"હા, લઈ જોઈએ. પણ ઉતાવળમાં હું યંત્ર લાવવાનું ભૂલી ગયો છું."

ચંદનબહેને છોકરાને ડૉક્ટરના ઘેર યંત્ર લાવવા મોકલ્યો. એ ગયો પછી લવરી વધી. વધુ વખત રાહ ન જોતાં ચંદનબહેને કહેવા જેટલી વાત કહી. છેવટે ઉમેર્યું:

"મેં તો સહજ ભાવે જ કહ્યું હતું પણ એમણે મન પર બહુ લઈ લીધું લાગે છે."

"મને પણ એમ જ લાગે છે." ડૉક્ટરે કહ્યું.

'મને ધોવા જવા દેને?' લવરી ફરી ચાલી.

"ખુશીથી જજો હોં. હું ના નહિ પાડું." ચંદનબહેને કાળજું કઠણ કરી મક્કમ શબ્દોમાં જવાબ આપ્યો. અને પછી પાલવ વડે આંસુ લૂછ્યાં.

દરદી જાગી ગયા. ડૉક્ટરને જોઈને એમને નવાઈ લાગી.

"અત્યારે અધીં રાતે કેમ આવવું પડ્યું?" એમણે પૂછ્યું.

"ચંદનબહેનની તબિયત ઠીક નહોતી એટલે તપાસવા આવ્યો છું."

"મને તો ખબરે ય નથી." પતિ બેઠા થઈ ગયા.

"હવે તમે સાજા થઈ જાવ તો ચંદનબહેનને નિરાંત થાય. નહિ તો બે ય માંદા પડશો તો શું થશે!"

"મને તો કાંઈ થયું નથી. એ નકામી મુઝાય છે. જરાક માથું દુઃખે છે અને ઊંઘ ઓછી આવે છે. કાલ ઠીક થઈ જશે."

"તો તો સારું."

છોકરો યંત્ર લઈને આવ્યો. દેખાવ ખાતર ડૉક્ટરે, પહેલાં ચંદનબહેનનું બ્લડ પ્રેશર લીધું અને પછી "લાવો ત્યારે તમારું ય લઉં" કહી પતિનું પણ લીધું. કંઈ ચિન્તા કરવા જેવું નથી કહી ડૉક્ટર ગયા.

ચન્દ્રકાન્ત મ. ગજજર

'ન્યાય !'

ઇતિહાસમાં સમ્રાટ જહાંગીર એની ન્યાયપ્રિયતા માટે અતિપ્રસિદ્ધ છે. એના ન્યાયની આ એક વાત છે !

એણે એના રાજમહેલના ઝરૂખામાં એક તોતિંગ ઘંટ લટકાવેલો. એ ઘંટનું દોરડું રસ્તા પેર લટકતું રાખેલું. ન્યાય માટે લોકો એ દોરડું ખેંચી ઘંટ વગાડતાં. સમ્રાટ ઝરૂખે આવતા. વાત સાંભળી ન્યાય કરતા.

એમાં એકવાર વિચિત્ર ઘટના બની ગઈ.

કોઈનો એક ઘોડો—વૃદ્ધ અને રોગિષ્ટ થવાથી હાંકી કઢાયેલો—ચરતો ચરતો મહેલ પાસે આવી ઊભો. મહેલ પાસે ઉગેલું ઘાસ ચરતાં ચરતાં પેલું દોરડું તેના મોંમાં આવી ગયું ને ખેંચાયું—ઘંટ ઘણઘણી ઊઠયો. સમ્રાટ ઝરૂખે આવ્યા.

અનુચર બોલ્યો : 'જહાંપનાહ! આ તો પેલા ઘોડાએ ચરતાં ચરતાં દોરડું ખેંચ્યું હોવું જોઈએ અને તેથી ઘંટ વાગ્યો છે.'

'બરાબર છે!' સમ્રાટે કહ્યું, 'પણ જ્યારે એણે ન્યાયઘંટ વગાડયો છે ત્યારે એને ન્યાય મળવો જ જોઈએ. જાવ, આ ઘોડાના માલિકને શોધી હાજર કરો.'

થોડી જ વારમાં રાજ્યના અમલદારો ઘોડાના માલિકને પકડી લાવ્યા, ને શહેનશાહની હજુરમાં રજૂ કર્યો. એ રાજ્યનો એક માજી અમલદાર હતો.

'આ ઘોડો તમારો છે ?'

'જી, હાં! જહાંપનાહ.'

'એને આમ છૂટો કેમ મૂકી દીધો ?'

'ખુદાવિંદ! એ ઘોડો હવે વૃદ્ધ બની ગયો છે. વળી રોગિષ્ટ પણ છે. હવે તે કશા જ કામનો નથી. તેથી મેં હાંકી કાઢયો છે.'

જહાંગીર વિચારમાં પડી ગયો. એણે થોડી વારે કહ્યું, 'તમે મારા રાજ્યમાં એકવાર ઊંચા હોદ્દા પર અમલદાર હતા, ખરું ?'

'હાજી.'

'હવે શું કરો છો ?'

'હવે હું નિવૃત્ત છું. ખજાનામાંથી મને વર્ષાસન મળે છે.'

'એ વર્ષાસન શા માટે મળે છે ?'

'મેં મારી જુવાનીમાં રાજ્યની કિંમતી સેવા બજાવેલી, તેની કદરરૂપે.'

'તો જુઓ! આ ઘોડાએ પણ એની જુવાનીમાં તમારી કિંમતી સેવા બજાવેલી. તમારી સેવાની કદરરૂપે રાજ્ય જ્યારે તમને ઘડપણમાં પાળે છે, તો તમે આ એક મૂંગા જીવને એના ઘડપણમાં નથી પાળી શકતા ? જાવ, આ ઘોડાને તમારા તબેલામાં બાંધો ને એની સારી સુશ્રૂષા કરી નિભાવો, નહિતર તમને મળતું વર્ષાસન બંધ થઈ જશે.

★

આ સિદ્ધાંત અણુઓની રચનામાં પરિણમ્યો. ઈલિકટ્રોનનું વજન ૧૮૯૭માં જે. જે. થોમ્સને કાઢ્યું હતું. પ્રોટોન અથવા હાઈડ્રોજનના પરમાણુ કરતાં તે માત્ર ૧/૧૮૪૦ જેટલું જ છે. ઈલિકટ્રોનો વીજળીનાં મૂળભૂત રજકણો છે અને ધાતુઓને ગરમ કરતાં અથવા તેમની ઉપર અલ્ટ્રા વાયોલેટ કિરણો ફેંકતાં તેમ જ કેટલીક રાસાયણિક ક્રિયાઓમાં તેઓ છૂટાં પડે છે. એવો પુરાવો છે કે દ્રવ્યના પરમાણુઓમાં ઈલિકટ્રોનો આવેલા છે.

ઈલિકટ્રોન અંગે ખૂબ સંશોધન થયું છે. પરિણામે તેના ઉપયોગો સમજાય છે. તેના વડે અનેક પરિવર્તનો થયાં છે. આજે ઈલિકટ્રોનના ઉપયોગ પર રચાયેલી અનેક કરામતો સામાન્ય વસ્તુઓ જેવી બની ગઈ છે. એની અજાયબીનો ખ્યાલ સુદ્ધાં પચાસ વર્ષ પૂર્વે ન હતો. રેડિયો બ્રોડકાસ્ટીંગનું નામ કોઈએ સાંભળ્યું ન હતું. ટેલિવિઝનનું નામ સ્વપ્નમાં પણ નહોતું. વીજળીનો સામાન્ય ઉપયોગ સાવ ઓછો હતો: માત્ર જુજ ઘરોમાં વીજળીક સાધનો હયાતી ધરાવતાં હતાં. આજે અનેક વીજળીક સાધનો રોજ-બ-રોજનાં થઇ પડ્યાં છે. ઘોડા વિનાની ગાડી ત્યારે નવીનતા હતી : આકાશમાં ઊડવાનો વિચાર ધરાવનારાઓને લોકો હસી કાઢતા. આજે ઈલિકટ્રિક ગાડી, વિમાનો અને તેનો વ્યવહાર સામાન્ય થઇ પડ્યો છે. નવી નવી અદ્‌ભુત વિસ્મયકારક ઈલિકટ્રોનિક શોધો બહાર પડતી જ જાય છે.

આજે સાહસિક પ્રગતિની ભાવના ઈલિકટ્રોનની મદદ વડે નવાં ધ્યેયો સિદ્ધ કરતી જાય છે. ઈલિકટ્રોન સંચાલિત હથિયારોએ વિજ્ઞાનીના મનમાં ઊઠતા તરંગો અને તેના વ્યવહારુ ઉપયોગો વચ્ચેનો ગાળો લગભગ કાપી નાખ્યો છે. આજે ભવિષ્યમાં અદ્‌ભુત ભાસે એવો ઈલિકટ્રોનયુગ બેસી ગયો છે. ઈલિકટ્રોનિક યંત્રવિદ્યા અનેક અજાયબીઓ સરજાવતી જાય છે. અવકાશમાં ચડાવાતા રોકેટો અને સ્પુટનિકોનું સંચાલન જમીન પર રહ્યા રહ્યા ઈલિકટ્રોનિક કરામતો વડે થાય છે.

●

અનુસંધાન પૃ. ૧૭૦]

માળાની પાસેની ડાળી પર જ એક વાંદરો વરસાદથી ભીંજાતો ને ઠંડીથી ઠુંઠવાતો બેઠો હતો. સુઘરી એમ જોતી હતી.

ન રહેવાયાથી એણે કહ્યું: 'વાંદરાભાઈ! આમ વરસાદમાં પલળવા ને ઠંડીથી ઠુંઠવાવાની શી જરૂર?'

'તું તારું કામ કર. તને કોઈ બોલાવતું તો નથી ના?'

વાંદરાભાઈએ ગુસ્સાથી કહ્યું.

થોડીવાર થઈ ને સુઘરી ફરી બોલી : 'એના કરતાં તો મારી જેમ એકાદ ઝાડ પર માળો બાંધીને રહો ને! ભગવાને આવડું મોટું શરીર આપ્યું છે તો તે શું કામનું?'

વાંદરાભાઇ એક તો ટાઢથી ઠુંઠવાતા હતા. વરસાદ પર ખિજાયેલા હતા જ, ને તેમાં આમ સુઘરીએ ટકટકારો શરૂ કર્યો. સુઘરીની વાત કાંઇ ખોટી નહોતી. પણ ઘણીવાર એવું બને છે કે યથાયોગ્ય વ્યક્તિને નહિ દેવાયેલી શિખ શત્રુતા ઊભી કરે છે. અહીં પણ એમ જ બન્યું. સુઘરીનાં છેલ્લાં વચનોએ વાંદરાને ઉશ્કેરી મૂક્યો. દાંત કચકચાવી તેમણે સુઘરી પર હુમલો કર્યો. સુઘરી છટકી ગઈ. એટલે વાંદરાભાઇએ દાઝ સુઘરીના માળા પર કાઢી—આખોય માળો તોડીફોડી નાંખ્યો. 'જો આ કામનું!' કહેતાં વાંદરે કીકિયારી કરી.

ધાર્યું ધરણીધરનું થાય !

'સફરીજહાઁ'

"સાંભળો છો ?"

છાપાંમાંથી મોં ઊંચું કરી જોયું તો શ્રીમતીજી શાક સમારતાં સમારતાં ગંભીર ચહેરે કંઈક કહેવા માગતાં હતાં. મેં એક હાથે છાપું પકડી રાખી પૂછ્યું : 'શું ?'

'એને તો ત્રીજો જાય છે ! બિચારી.....'

'કોને ? કો......'

'બિચારી ! નાની બાળ...હજુ તો પૂરાં અઢારેય......'

છાપું ફેંકી દીધું. ગળગળા થઈ ગયેલાં શ્રીમતીજી તરફ આશ્ચર્યથી જોતાં ને કંઈક સહાનુભૂતિ દર્શાવતાં મેં પૂછ્યું : 'શી વાત છે? કંઈક સમજાય તેવું તો બોલ.'

'આ શોભાની વાત કરું છું.'

'ભગતની વહુ કે ?'

'સમજ્યા ખરા.'

'આજ બહુ રડતી હતી. બિચારી નાની બાળ!' સાલ્લાના છેડાથી શ્રીમતીએ આંખ લૂછી.

વાતનો દોર હાથમાં આવી ગયો.

* * *

મારી જ પડોશમાં ઉત્તમચંદ રહેતો હતો. ધંધો હતો બંગડીઓ અને કટલેરીનો. છેલ્લા એકાદ દાયકાથી એણે શહેરના મધ્ય ભાગમાં એક નાનકડી બંગડી–કટલેરીની દુકાન નાખી હતી. દુકાન સારી એવી જામી ગઈ હતી. ઘરાકી પણ સારી રહેતી. પરિણામે દોરીલોટો લઈને આવેલ નાનકડો ઓતો વીસ વીસ વર્ષની કાળી મહેનત બાદ કંઈક બે પૈસા જોવા પામ્યો હતો. સુખના દિન એને શોધતા આવ્યા હતા.

હું તો છેલ્લાં બે ત્રણ વર્ષથી જ આ લત્તામાં રહેવા આવ્યો હતો. મારા મકાનની અડોઅડ જ ઉત્તમચંદનું ઘર હતું. પાસે પૈસો થયો હતો છતાંય વર્ષોથી રાખેલી એ નાનકડી બે રૂમોમાં રહેતો હતો. 'શું કામ છોડું? આ ઘરમાં તો હું સુખી થયો બે પૈસા દેખવા પામ્યો. ને વળી મારા જેવા બૈરી વગરનાને ઉપર પડતી બૈરી મળી!'—આ એનો બચાવ હતો.

ઉત્તમચંદને આ લત્તામાં સૌ 'ભગત' કહેતા. શા કારણે? આ, એ તો હજુય હું નથી શોધી શક્યો. એકાદ–બેવાર મેં એમે વાતવાતમાં પૂછેલું, પણ એ તો 'હી...હી... મનુભાઈ! લોકને શું કે'વુ !?' કહી રહેતો. પણ અંદરખાનેથી કારણ જાણવા મળી ગયેલું. બંગડીનો વેપાર. જાતજાતના ને ભાતભાતનાં બૈરાંઓની જ એમે ઘરાકી. પણ આબરૂ એવી જમાવેલી કે એ કોઈ બૈરાં જોડે આંખ મેળવી વાત જ ન કરે! કામ પૂરતી વાત. ને નિરસતાપૂર્વકનું વર્તન! ઉત્તમચંદ કાંઈ ઘરડો નહોતો થઈ ગયો. હા, યૌવન જાઉં જાઉં કરતું પ્રૌઢત્વના આરે આવી બેઠું હતું ખરું. ને એ વખત સુધી ઉત્તમચંદ કુંવારો રહ્યો હતો! આડોશીપાડોશી ને મિત્રો એની સમક્ષ ક્યારેક હીન અને જુગુપ્સાપ્રેરક વાતો કરી એને

ભડકાવવા મથતાં પણ ઉત્તમચંદ કાં તો 'એવું ન બોલો' કહી રહેતો, યા તો ઊભો થઈ જતો રહેતો. 'સાવ ભગત!' પાછળ બધાં આંખ મીંચકારી રહેતાં.

ને આમ એ પછી તો 'ભગત'નું વિશેષણ જ એને મળી ગયું હતું—ભગત નહોતો છતાંય!

જતી જુવાનીએ અંતે ઉત્તમચંદનું ઘર શોભાવનારી આવી ખરી. બૈરી મેળવવા ઉત્તમચંદે ઓછા પ્રયત્નો નહોતા કર્યા. એણે પોતાના જ્ઞાતિબંધુઓ આગળ અનેકવાર વાત કરી જોયેલી. એ માટે એણે એ 'બંધુઓ'ની ખુશામતો ય કરેલી. પણ ઉત્તમચંદના કમનસીબે એ જ્ઞાતિબંધુઓએ દાદ જ દીધેલી નહિ, ને ઉપર જતાં એને મૂરખ બનાવી ગયેલા. તો વળી એકવાર તો બૈરી મેળવવા જતાં બસો-પાંચસો રૂપિયા ય ગુમાવેલા ને બૈરી તો મળેલી જ નહિ. ઘણાં એને આશ્રમમાંથી કે પરન્યાતમાંથી લાવવાનું કહેતાં. પણ ઉત્તમચંદ કહી રહેતોઃ 'ના, પરણવું તો જ્ઞાતિમાં જ, નહિ તો કુંવારો મરી જઈશ.'

* * *

અને અંતે ઉત્તમચંદનાં નસીબ ઊઘડ્યાં. એની જ જ્ઞાતિની એક કન્યા એને મળી ગઈ.

આગળ કહ્યું તેમ, ઉત્તમચંદ એકલો જ હોઈ, ને અમે પાડોશી હોઈ, એણે એના લગ્નનો વહીવટ અમને સોંપ્યો. મારાં શ્રીમતીજીનાં હૈયામાં આનંદ ઉભરાયો. એણે રંગેચંગે ઉત્તમચંદને પરણાવવા બધું જ કરી છૂટવાનું નક્કી કર્યું.

ઉત્તમચંદનો અને અમારો જીવ એવો મળી ગયેલો કે એની રજેરજ વાત એ મને કહેતો. એનાં લગ્નની વાત પણ મને કહી. હકીકત એ હતી કે કન્યાની ઉંમર ઉત્તમચંદ કરતાં બહુ નાની હતીઃ લગભગ અડધી. કન્યાનો બાપ બે છોકરીઓ અને પાંચ છોકરાનો બાપ. ટૂંકી આમદાની. એમાં છોકરાં પરણાવવા પાછળ પૈસા બહુ જોઈએ. ટૂંકા પગારમાં એ બને તેવું નહોતું. એટલે એણે પોતાની સત્તર વર્ષની કુમળી છોકરી ઉત્તમચંદ વેરે પરણાવવાની તૈયારી બતાવી—જો ઉત્તમચંદ રૂપિયા પાંચ હજાર આપે તો. બૈરીની ગરજવાળો ઉત્તમચંદ તરત કબૂલ થઈ ગયો.

આ બધી હકીકત જાણ્યા પછી મારું મન કચવાયું. તેમાં ય મેં જ્યારે ઉત્તમચંદની ભાવિ પત્નીને જોઈ ત્યારે તો હું તદ્દન દ્વિધામાં મૂકાઈ ગયો. એક બાજુ આડત્રીસ વર્ષનો મોરો આદમી હતો; તો બીજી બાજુ ફૂલ જેવી સત્તરવર્ષીય બાળા! પરંતુ 'બિચારો! અંતે બૈરી તો પામ્યો!'ના આશ્વાસનથી મન મનાવવું જ પડ્યું.

એનું નામ શોભા.

ઉત્તમચંદ તો આખો દિવસ—સવારના સાડાઆઠથી તે રાતના સાડાનવ સુધી દુકાને જ હોય એટલે શોભા મોટે ભાગે અમારે ઘેર જ રહેતી. અમારાં બાળકોને રમાડતી. પત્નીને ઘરકામમાં મદદ કરતી. પત્નીને એ 'મોટી બહેન' કહેતી. પરિણામે એ જાણે અમારા ઘરનું જ એક માનવી હોય એવી ભળી ગઇ હતી.

ને એ ઉત્તમચંદના લગ્ન થઇ ગયાને આજ દશ દશ માસ પૂરા થઈ ગયા હતા. એ ગાળામાં શોભા-ઉત્તમચંદ વચ્ચે જરાય કલહ કે મનદુ:ખ નહોતાં થયાં, પરંતુ ક્યારેક ક્યારેક હું જોતો કે શોભા બપોરના ગાળે મારી પત્નીના ખોળામાં માથું નાંખી રડતી. મેં

એક બે વાર પત્નીને કારણ પૂછેલું. પણ કારણ જણાવવાને બદલે પત્ની ચાલાકી ઉકેલી: 'હોય શું! અમારાં દુઃખ અમે જ સહન કરીએ. પુરુષો તો સાવ .....' ને બીજા કામે વળી જતી.

આજ પત્નીએ ખબર આપ્યા: ઉત્તમચંદની પત્ની શોભાને ત્રીજો માસ જતો હતો. વાહ રે કુદરત! મળ્યું ત્યારે બધું જ...પૈસા, પત્ની ને પુત્ર......

'પણ, વાત ખુશ થવા જેવી છે. આખરે ઉત્તમચંદને મોટી ઉંમરે પત્ની મળી, ને સંતાને ય...'

'શું ખુશ થાય, કપાળ!' પત્ની છણકો કરી ઊઠી. 'હજુ તો નાદાન છોકરી છે. સંતાન–સુવાવડ...એમાં શું સમજે!' ને વળી આંખનો ખૂણો લૂછતાં બોલી રહી: 'બિચારી! ભવ બળ્યો!'

જે દિવસે ઉત્તમચંદે જાણ્યું કે પોતે હવે પિતા થવાનો છે ત્યારથી તો તે બમણો ઉત્સાહી બની ગયો. વહી ગયેલી જુવાનીનું તેજ ફરી ચમકી ઊઠ્યું. એણે પત્નીની એક નાના બાળકની જેમ સંભાળ લેવા માંડી. આમ તો બપોરે ખાવાય નહિ આવનારો ઉત્તમચંદ, દિવસમાં બબ્બે વાર પત્નીની ખબર લેવા આવવા લાગ્યો.

અંતે જે દિવસની રાહ જોવાતી હતી તે દિવસ આવી પહોંચ્યો. લગ્નની જેમ જ સુવાવડનો ભાર પણ મારાં પત્નીને જ માથે પડ્યો. પોતાની પુત્રીની જ સંભાળ લેતી હોય એમ એણે શોભાની સંભાળ લેવા માંડી.

ત્યાં તો ઉત્તમચંદનો પત્તાંનો મહેલ એક જ ફૂંકે તૂટી પડ્યો—હૉસ્પિટલમાં શોભાનું સુવાવડમાં જ મૃત્યુ થયું. બાળક પણ મરેલું જ અવતર્યું!

પત્ની મરી હતી તો ઉત્તમચંદની! આશાઓના ચૂરા થઈ ગયા હતા તો ઉત્તમચંદના! ઉત્તમચંદનો સંસાર સ્વપ્નશો બની ગયો હતો એ બાઘા જેવો બની ગયો હતો. છતાંય જોયું તો મારી પત્ની ક્રુદ્ધ બની ગઈ હતી એણે ઘેર આવી શોભાના મૃત્યુસમાચાર મને કહેતાં કહ્યું: 'નર્યો રાક્ષસ! અંતે જીવ લીધો જ...કૂતરો...'

હું કાંઈ જ ન સમજ્યો. વધુ પૂછવાનો વખત નહોતો.

જે શોભાને વાજતે ગાજતે લેવા ગયો હતો તે જ શોભાને આમ વિદાય આપવા જવાનો વખત આવેલો જોઈ મારું હૈયું ક્ષુબ્ધ બની ગયું હતું.

* * *

મેં એ દિવસે ઉત્તમચંદને સાંત્વના આપતાં સંસારના સાર–અસાર, સુખ–દુઃખ, સૌભાગ્ય–દુર્ભાગ્યની અનેક વાતો કરી. ચૂપચાપ એ બધું એ સાંભળતો રહ્યો. અંતે હું ઊઠ્યો ત્યારે એ માત્ર એટલું જ બોલ્યો: 'અનુભાઈ! લોક મને કહી રહ્યાં છે, પણ તમે જ કહો. જેની તૂટી એનું સંધાવાનું થોડું જ છે? તમે તો સાક્ષી છો. મેં એને કેવી ફૂલની જેમ રાખેલી! અરે, એથી જ તો એના બાપે એની નાની છોકરીનું ય... બાકી જે ધરણીધરે ધાર્યું એ થયું છે..'

પણ રાત્રે પત્નીએ જે કહ્યું, તે સાંભળીને તો હું ય આભો બની ગયો: 'નર્યો રાક્ષસ! એક દિ' આરામ લેવા નથી દીધો.' પત્ની ગુસ્સાથી, કંઈક ધિક્કારથી, બોલી રહી: 'કૂતરુ


જેવો રતો. મોટી ઉંમરે બાયડી મળી. તે ૭ મહિનામાં તો ગભરૂ ગાય જેવી છોડીને ચૂંથી નાંખી! બળ્યું, કે'તાંયે શરમ આવે છે. છેટ્યે દા'ડેય જપવા દીધી નહિ. શોભાએ કહ્યું સારે જાણ્યું! દાકતર–નર્સેય ચિડાઈ ઉઠેલા ને એટલે તો સુવાવડ વેતરાઈ ગઈ.' ને શ્વાસ ખાઈ આગળ ચલાવ્યુ. 'મૂઆં, માબાપેય પૈસાભૂખ્યાં છે ના! આ એક છોકરી કમોતે મૂઈ અને હજુ એની આગેય ઠરી નથી ત્યાં શોભાથી બે વરસે નાનીનું આ ઉત્તમચંદ જોડે નક્કીય કરી નાંખ્યું......'

'હેં?!!'

'હેં શું, હા. નગદ રૂપિયા ચાર હજાર લઈને. ઉત્તમડો કે'તો. તો હું તો. એવી ગુસ્સે થઈ ગઈ કે હાથમાં ઝાડું હતું તે ઉગામી, એ કે'વા આવેલ ઓતિયાને સંભળાવી જ દીધું કે, મૂઆ રાક્ષસ! એકને ભરખીને ન ધરાયો તે હવે બીજીને ભરખવી છે, કેમ? હાલતો થા, હાલતો, નહી તો...'

ને એણે આગળ ઘણું ઘણું કહ્યું, નારીસહજ અનુકંપા અને બળતરાથી. મારી નજર સમક્ષ ઉત્તમચંદનો ચહેરો તરવરી ઊઠ્યો. એણે કહેલું વાક્ય ફરી ફરી ગુંજી રહ્યું: '...હેં, તમે જ કહો હું શું કરું? ધરણીધરે જે ધાર્યું, હોય તે જ......'


★



વર્ષ ૩૪
અંક ૫

આદ્યતંત્રી
સ્વ૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક

સંચાલક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી



REGISTERED USER OF THE TRADE MARK 'SANFORIZED'

ॐ પ્રસ્થાન ॐ

॥ दृष्टिपूतं न्युसेत् पादम् ॥

પુસ્તક ૬૭ ફાગણ : ૨૦૧૫ અંક ૫

પિતૃઋણ

થોડા અરસા અગાઉ આપણા રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુએ જાહેર કરેલું કે જમીનસુધારાના નહિ નહિ તો ૨૦૦ જેટલા કાયદાઓ પર તેમણે સહીઓ કરી હશે, પણ દેશનો ખેડૂત જ્યાંનો ત્યાં છે. બીજું ચિત્ર જોઈએ. એક બાજુ ત્રણ, પાંચ, સાત રૂપિયા જેટલી રોજમજૂરી ને બીજી નક્કર સવલતો મેળવનારા મિલો, રેલવે, તારટપાલ કે ગોદીના થોડા લાખ કામદારો હડતાળોની પિસ્તોલ તાકીને વેતન-સુધારાના તગાદા કરે છે, ત્યારે બીજી બાજુ કરોડોની સંખ્યામાં આ દેશના ધરતીજાયા ખેતમજૂરોને રોજના દસ આના મજૂરીની ગૅરન્ટી કોઈ આપી શકતું નથી! આવી ગૅરન્ટી જ્યાં સુધી ન આપી શકાય ત્યાં સુધી બીજા કમાઉ વર્ગોને વધારો નહિ અપાય એમ કહેવાની કોઈ રાજદ્વારી કે કર્મચારીની આજે હિમ્મત નથી. આપણા દેશનેતાઓ અને પ્રજાના પ્રતિનિધિઓ કાયદાકાનૂનના કોટ ચણ્યે જાય છે ને બીજી બાજુ એમના જ પિતરાઈઓ પેલા માણેકનાથ બાવાની જેમ દહાડે ગૂંથેલી સાદડી રાત્રે ઉખેળી નાંખીને એ બધા કોટકિલ્લા ભોય કરે છે! દેશના ઘણાખરા બુદ્ધિશાળી ઉજળિયાત અને સ્થાપિતહિતોવાળા વર્ગોને પક્ષે આજે રચાતા કાયદાકાનૂનો તેમજ પ્રતિબંધોમાંથી નાસબારીઓ શોધીને પ્રજાજીવનમાં પડેલા પાયાના પ્રમાદ અને આર્થિક સામાજિક અસમાનતાઓને ટકાવવાની હોડ ચાલી રહી છે.

સીધો સવાલ એ છે કે આ પવિત્ર ભૂમિ પર બેસીને વર્ષો સુધી સત્યઅહિંસા, ત્યાગ-સંયમ, શરીરશ્રમ અને એકતા-સમાનતાના જે મંત્રો બાપુએ આપણને શીખવ્યા તેને વફાદાર રહીને આજના ઝંઝાવાતો સામે આપણે ઝઝૂમવું છે, કે આપણા એ કીમતી વારસાને ફગાવી દઈ બુદ્ધિની કસરતોને બળે આપણા સ્થાપિત હકદાવા ટકાવવા પાછળ રોકાવું છે? બાપુએ ચીંધેલે માર્ગે ચાલીને આપણાં પ્રજાકીય નવનિર્માણ કરવાં છે કે દુનિયાની ને વિજ્ઞાનની ગતિપ્રગતિના હવાલા દઈ એમનાં આપેલાં મૂલ્યાંકનોને ફગાવી દેવાં છે?

આજની દુનિયા વચ્ચે જીવવા સારુ આપણે આપણાં આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક તમામ ક્ષેત્રોમાં ચાલતા આવેલા, ને હઠીલાં દરદોની જેમ નાબૂદ થવાની ના પાડનારા, ભેદભાવ, વાડાબંધીઓ, પક્ષો, શાહીઓ, રંગદ્વેષ, રાષ્ટ્રદ્વેષ તમામ ભાંગીતોડીને 'એકપિતા-પરિવાર' બનવું પડશે. સ્વ. લાલા હરદયાળ જેને પશ્ચિમની પ્રજાઓને હાથે આપણી social conquest (માનસિક પરાભવ) થયાનું કહેતા તે આપણી માનસિક ગુલામી છૂટી નથી. પાશ્ચાત્ય સંસ્થાઓના અને મૂલ્યાંકનોના દોર હેઠળ હજુ આપણે બૂરી રીતે જકડાયેલા છીએ. એ પ્રભાવ હેઠળ ભાતભાતની સોહામણી પણ તકલાદી સ્લોગનો આજે આપણને ભીંસી રહી છે. આધુનિક દુનિયાની, જમાનાની અને આજની વૈજ્ઞાનિક પ્રગતિની માંગને નામે અસલી મૂલ્યાંકનોને અને આપણાં લંગરને ખોઈ બેસવાની અણી ઉપર આપણે છીએ.

સ્વામી આનંદ

[તા. ૩૦-૧-૫૯ની સવારે સાબરમતી આશ્રમમાં ગાંધીનિર્વાણ દિન નિમિત્તે કરેલા પ્રવચનમાંથી]

★

બરફરસ્તે બદરીનાથ

સ્વામી આનંદ

પ્રાસ્તાવિક

સ્વામી પ્રબોધાનંદ તથા દયાળ સ્વામીને હું પહેલ પ્રથમ ૧૯૪૭માં જ મળેલો. એ વર્ષે હું ઉત્તરકાશી પહોંચ્યો ત્યારે આઝાદીનું પર્વ હતું. પૂ. સ્વામી તપોવનજી ગંગોત્રી હતા. થોડા દિવસ ઉત્તરકાશી રહી વરસાદ ઓછા થયા ને સપ્ટેમ્બરમા હું ગંગોત્રી જવા નીકળ્યો. નસીબસંજોગે હરસીલ તપાસ માટે ન થોભતાં હું સૂકીનો નીકળ્યો સીધો જ ધરાલી થઈ આગળ વધ્યો ને ભેરોઘાટીની ચડાઈમાં પ્રબોધાનંદજી ને દયાળસ્વામી જોડે ભેટો થયો. હું ચડું ને એ બેઉ ઊંચા પડછંદ સંન્યાસીઓ ઉતરે. તપોવનજીએ વાત કરી હશે કે હું આવવાનો છું, એટલે મને અટકળે ઓળખ્યો. કહે, 'તપોવનજી તો આજે સવારે જ ઉતર્યા. તમને હરસીલમાં ન મળ્યા? તમે સતનારાયણના મંદિરમાં ખોળ કર્યો વગર કેવા આગળ ધસી આવ્યા?'

મારી ઇન્તેજારીએ મને કેવું આબાદ ગોથું ખવડાવ્યું તે મેં જોયું, ને મારી બાધાઈના પ્રદર્શન ઉપરાંત હું છોભીલો પડ્યો.

'ભલે. પણ હવે તો હું ઉેલે હાથ દીધા વગર પાછો નહિ જ ફરું! ક્ષેત્રના સંતોનાં દર્શન કરીને કાલે જ પાછો વળી જઈશ, ને ભટવાડી મણેરી ક્યાંય પણ તમને સૌને પકડી પાડીશ.'

છત્રીસ કલાક ગંગોત્રી રોકાઈ સાધુસંતોનાં દર્શન કરી હું વળી નીકળ્યો ને ઉત્તરકાશી અગાઉ ગવાણા ચટ્ટીએ તપોવનજીને ને આ મિત્રોને આંબ્યો. નાળા પરનો પુલ તો ક્યારનો ઘસડાઈ ગએલો, ને નાળું મસ્ત પૂરમાં બે કાંઠે. ઉપર જતી વેળા પણ હું તણાઈ જતો માંડ બચેલો. ચટ્ટી પર લોકરોણું બપોરનું અટકીને રોકાએલું. સાંજે પણ ઉતરાય એવી આશા નહોતી. તપોવનજી નજીકમાં જ વૃદ્ધ સંત મુરલીધરજી મહારાજની જગામાં હતા.

ગામલોકે નાળાને ઉપરવાડે દિવસ બધો મથામણ કરીને મોડી સાંજે એક ઝાડનું થડિયું નાળા પરનાં બે ચટ્ટાનો પર ટેકવ્યું ને અમને ટપાવ્યા. ઉત્તરકાશી પહોંચ્યા ત્યારે સોપો પડવા આવ્યો હતો. વળતી સવારે તપોવનજી આવ્યા ત્યારે અમે સામા લેવા ગયા.

હું રામકૃષ્ણ મિશનના રુદ્રાવાસમાં રહેતો. ત્યાંની હારબંધ કુટિયાઓમાં બીજા સાધુ સંન્યાસીઓ રહે. તપોવનજી અને બીજા મોટેરા સંતોના ને વયોવૃદ્ધ સંન્યાસીઓના વાસ પણ આસપાસ સાવ નજીકમાં. પ્રબોધાનંદજી તો રુદ્રાવાસમાં મારી બાજુમાં જ રહે. આખો દિવસ કુળિયામાં, ગંગાપર અને ભિક્ષા વેળાએ જતા આવતા ભળાય. પણ કંઈ પૂછીએ કરીએ ત્યારે હા ના ઉપરાંત ભાગ્યે જ કદી કશું બોલે!

કાનપૂર તરફના બીજા એક સંન્યાસી અમારી પડખેની કુટિયામાં રહે. સાયન્સના ગ્રૅજ્યુએટ ને અગાઉ ઇજનેર કે એવું કશુંક હતા. ૪૦ ઉમ્મરની અંદર જ સંન્યાસ લીધેલો. પૈસાને અડે નહિ. મિલ્કતમાં તુંબીપાત્ર. 'દો રોટી એક લંગોટી'ના ધણી.

એ જ વર્ષે સ્વીસ પર્વતારોહીઓ અને વૈજ્ઞાનિકોની એક ટોળી ગંગોત્રી કેદારનાથ ચોખંબા ભગીરથ પ્રદેશોનાં બરફાનોમાં ગોમુખ થઈને શોધખોળ કરવા ગએલી. શેરપાના પિતરાઈઓ કહીએ એવા કેટલાક પહાડી ભોમિયા ભરવાડો પણ એ લોકોની જોડે બોજા ઊંચકીને ગએલા. તપોવનજી પોતે ગંગોત્રી ગોમુખ અને આસપાસના બરફાની

પ્રદેશો વિષે બહુ જાણે. એ પ્રદેશો જોડે એમને અનહદ અનુરાગ. વહેલી વયે પોતે એ પ્રદેશોમાં વર્ષો સુધી સારીપેઠે ભ્રમણો કરેલાં. કોઈ પૂછા કરે તેવા જ કાગળ પેન્સિલ લઈને પટપટ શિખરો અને ગ્લૅશીઅરોના નકશા દોરી આપે. આ બાજુ આવનારા કે આ પ્રદેશોનાં બરફાનોમાં જવા માગનારા પરદેશી પર્વતારોહીઓ અચૂક એમને મળે ને એઓ એમને ઢગલાબંધ માહિતી આપે.

એક સવારે અમારા રુદ્રાવાસના આંગણામાં અમે ૨–૪ જણા ગંગાસ્નાન કરી આવીને તડકે ઊભા કપડાં સૂકવીએ, ને વાતો કરીએ. પેલી સ્વીસ ટોળીની વાત કરતાં મેં પરદેશી પર્વતારોહીઓ અને નૌજવાનો વિવિધ સાયન્સોના અભ્યાસો વાટે પાવરધા નિષ્ણાતો થઈ આવાં સાહસો ખેડવા ને મોટી મોટી સિદ્ધિઓ મેળવવા કેટલી સહેલાઈથી તૈયાર થતા હોય છે એના દાખલા આપી આપણી પ્રજામાં આવાં સાહસોની ખામી અંગે બળાપો કરવા માંડ્યો.

પેલા કાનપૂરવાળા સ્વામી બહાર આવ્યા. "તમે વાત કરો છો પણ તમારી સ્વીસ ટોળીએ કેટલા પૈસા ખરચ્યા હશે કહો જોઈએ?'

'લાખેક, કે વધુ કદાચ. એમાં કંઈ બધાય સ્થિતિવાળા હશે એમ નહિ. પણ એ પ્રજાઓમાં આવી કોઈ વૈજ્ઞાનિકોની કે સાહસવીરોની ટોળી પોતાનો હિમાલય ચડવાનો કે મધ્ય એશિયા આફ્રિકાનાં રણ કે ઉત્તર–દક્ષિણ ધ્રુવનાં સંશોધન કરવાનો નિરધાર જાહેર કરે, તેવા જ ભૌગોલિક અને બીજાં વિજ્ઞાનોની દેશભરની સંસ્થાઓ ને બીજી સંસ્થાઓ, વેપારી પેઢીઓ અને કારખાનાંવાળા ભાતભાતની સાધન-સામગ્રીઓ (equipment) થી એમને મદદ કરવા આગળ આવે, ને એમના અને એમના પડોશના નાનામોટા મુલકોમાં કેમ જાણે ઉત્સાહનું મોજું ફેલાઈ જાય. આપણે ત્યાં તો ભણેલા કે ઉપલા કહેવાતા સુખી શિક્ષિત વર્ગોમાંથી કેટલા લોકો વકીલ દાક્તર કે દલાલીના ધંધા-રોજગારની ઘરેડ છોડીને લશ્કરો, દરિયાઈ બેડા કે વિમાની કારકિર્દીઓમાં જાય છે? દરિયામાં ખસખસ જેટલાય ન જડે!

કાનપૂરવાળા સ્વામી મારા સામું ઘડીક તાકી રહ્યા :

'તમારા પડોશીને વિષે કશું જાણો છો?'

'કોણ પાડોશી?'

'પ્રબોધાનંદ.'

'ના. એ બહુ ઓછાબોલા છે. દસ દિવસ મને આવ્યાને થયા. જતાં આવતાં 'નમસ્તે' ઉપરાંત ભાગ્યે કદી વાત કરે છે.

'તમે સ્વીસવાળાઓની જે વાત કરો છો, તે જ બરફાની પ્રદેશોમાં થઈને પગમાં પગરખું-ય પહેર્યાં વગર બે કામળાભેર જઈ આવ્યા છે. ૭ દહાડામાં ગોમુખથી બદ્રીનાથ પહોંચેલા!'

હું આભો બન્યો.

લાગલો જ 'ઇજાજત હૈ?' કહીને હું પ્રબોધાનંદજીની કુટિયામાં પેઠો. આ ૫ ફુટ ૯ ઇંચ ઊંચા સીધાસોટ સાધુને વાત કરતા કરવામાં મને ખાસી મહેનત પડી. મોઢેથી બોલ જ ફુટે નહિ! પોતે વર્ષોથી અહીં વસી તપોવનજી હેઠળ શાસ્ત્રોના અભ્યાસ કરતા. મૂળે સિયાલકોટના રહીશ. ત્યાંની મરે કૉલેજમાંથી ૧૯૨૯ માં ફિલસૂફીના સ્નાતક થએલા. પછી વરસ દોઢ વરસ આમતેમ શિક્ષણસંસ્થાઓમાં કામ કર્યું. પણ ન ઠર્યો. હિમાલયનું ને સાધુસંન્યાસી શાસ્ત્રાભ્યાસનું આકર્ષણ અનહદ. સ્વામી જ્ઞાનાનંદને ગુરુ કર્યા, ને સાધુ થઈ તપોવનજી પાસે વડાં શાસ્ત્રોના અભ્યાસ કરવા લાગ્યા. હવે તો વર્ષો વીત્યાં હતાં.

તપોવનજી જોડે જ પોતે ૭ મહિના ઉત્તરકાશી ૭ મહિના ગંગોત્રી રહે. પહાડોના ભ્રમણનો અનહદ શોખ. બે વાર કૈલાસ માનસરોવર ને એવે એવે જઈ આવેલા. ગંગોત્રીના વસવાટ દરમ્યાન એકવાર ગંગાસ્નાન કરતાં ગંગા એમને તાણી ગએલી! સદ્ભાગ્યે સોએક

ગજ હેઠવાડે ધસડી ગયા પછી પ્રવાહે એમને કાંઠે ફેંક્યા, ને એમ બચી ગએલા.

બરફરસ્તે બદ્રીનાથવાળી વાત એમની પાસેથી કઢાવતાં મને તેટલો જ દાખડો પડ્યો. એ દિવસ હું મધમાખી પેઠે ચોંટ્યો રહ્યો ત્યારે ધીમે ધીમે થોડીક વાતો કહેવા માંડી. પછી તો એક મેલુંદાટ ચીંથરે વીંટયું બંડલ પણ કાઢ્યું. એમાં કશાંક હેન્ડબીલોનાં પતાંકડાંની કોરી પીઠો ને મારજીનો ઉપર પેન્સિલે કરેલાં ટાંચણ હતાં! મારી આંખને તો એમાં ક્યાંએ સળ સૂઝે એમ નહોતું. પોતે જ વાંચી વાંચીને યાદ કરતા જાય ને એક એક વાતવિગત ને નકશા નખથી ભોંયે લીટીઓ દોરીને મને સમજાવતા જાય!

ત્રણચાર દિવસ પાસે બેસી પૂછી પૂછીને મેં આખો અહેવાલ કઢાવ્યો. પૂછતો જાઉં, સમજતો જાઉં ને મારી ભાષામાં ટાંચણ કરતો જાઉં. પછી એ ઉપરથી મારી કુટિયામાં બેસી લખું ને વળતે દિવસ એમને વાંચી સંભળાવી હકીકતમાં ફેર પડ્યો હોય કે આઘીપાછી થઈ હોય તે સુધારી લઉં. આમ આખો અહેવાલ મેં લખી કાઢ્યો. કહાણી ને સામગ્રી એમની, કથક હું.

એમનાં ટાંચણોમાં જે તાત્વિક વેદાંતચર્ચાઓ હતી તે એમણે જ મને કહેતી વેળાએ છોડી દીધેલી. બાકીનો અહેવાલ મેં તૈયાર કર્યો તે એમણે સાદ્યંત સાંભળ્યો, પાસ કર્યો ને મને પ્રગટ કરવાની રજા આપી.

એ વાતને આજે બાર વરસ વીત્યાં. મેં એમને આ કથાનક પ્રગટ કરવા વાયદો કરેલો. પણ મારા ભટકુ જીવનમાં ને મારી તરેહવાર ચીકણાશીને કારણે તેમ કરવાનું મુહૂરત કે સરખાઈ મને કદી ન આવ્યાં! ઋણનો ભાર આ બધાં વરસ મેં વેઠ્યો. આજે એ ઉતારી હળવો થાઉં છું.

સ્વામી આનંદ

૧

પહાડોમાં આવી શાસ્ત્રાભ્યાસ આદર્યો ત્યારથી જ મને વેળઅવેળ આસપાસના ઊંચા પહાડો અને ગંગોત્રીનાં બરફાનોમાં આડેધડ આથડવાનાં ખેંચાણ અપરંપાર. પૂ. તપોવનજીના મને એમાં હમેશના આશીર્વાદ. પોતે પણ અગાઉને કાળે વર્ષો લગી એમ જ ફરતા, ને જવા માગનાર દેશીપરદેશી સાધુગૃહસ્થી હરકોઈને જાતજાતની માહિતી ને ઉત્તેજન આપતા. વચ્ચે વચ્ચે કોઈ અંગ્રેજ અમલદાર કે આરોહી પણ આ પ્રદેશોમાં આવે. તપોવનજીને મળે. ત્યારે એમની વાતો અમે ધ્યાન દઈને સાંભળીએ ને પાછળથી વધુ વિગતો પૂછીએ.

આમ હું ગોમુખ ઉપરાંત નેલાંગ જેલુખાગા, લિપુઘાટ રસ્તે એક બે વાર ટિબેટ કૈલાસ માનસરોવર પણ જઈ આવેલો. પહાડીઓને મોઢે મેં સાંભળેલું કે કોઈ બર્ની નામનો સાહેબ ગોમુખ નંદનવન રસ્તે ચતુરંગી ગ્લેશીઅર ઉપર થઈ, ૧૯,૫૧૦ ઊંચાઈનો કાલિંદીઘાટ ઓળંગી સીધો બદરીનાથ પહોંચેલો. ત્યારથી એ રસ્તો માપવાની અનિવાર ઈચ્છાએ મને ઝાલ્યો.

કોઈ એક અંગ્રેજ અમલદાર આ તરફ આવેલો, તેને મળી મેં આ બરફાની પ્રદેશોની ભૂગોળ વિષે વધુ વિગતો મેળવી. આ અંગે સર્વે ખાતાના નકશા મળી શકે એ ખબર ત્યાં સુધી મને નહોતી! અધૂરામાં પૂરું બીજું વિશ્વયુદ્ધ એ જ અરસામાં ફાટી નીકળ્યું ને ટીબેટને અડીને આવેલા હિમાલયના આ બરફાની પ્રદેશો અંગેની તમામ પૂછપરછ માહિતી નકશા અને અવરજવર ઉપર બંધી મૂકવામાં આવી! આમ મારી ઝંખના યુદ્ધનાં વર્ષો દરમ્યાન આથમી ગઈ.

મહાયુદ્ધ પૂરું થયા બાદ ૧૯૪૫માં હું કૈલાસ માનસરોવર જઈ આવ્યો. મારી બરફરસ્તે ગોમુખથી બદ્રીનાથ જવાની યોજનાની પૂર્વતૈયારી તરીકે આ યાત્રા તપોવનજીએ મને સૂચવેલી. કૈલાસથી પાછા ફર્યા બાદ મેં કાલિંદી-ચતુરંગી

વાળા બરફાની માગની માહિતી અને ઝીણી મોટી વિગતો મેળવવા માંડી. તપોવનજીને ય વાત કરી.

દયાળસ્વામીને ય કરી. દયાળસ્વામી ભારે પાવરધા સાધુ. અગમનિગમની ઓળખે, ને પતાળ ફોડીને પાણી કાઢે. ઉનાળે સાધુ-સંતોના વસવાટ ગંગોત્રીક્ષેત્રમાં વધે ત્યારે અન્ન-ક્ષેત્ર ચલાવે, ગાંઠગરથવાળાં જાત્રાળુઓને ધૂણાવે ને ભૂખ્યાંદુખ્યાં અતીતઅભ્યાગત જાત્રાળુને ય સંભાળે.

દયાળસ્વામી તૈયાર થઈ ગયા. મારા કરતાં ય વધુ પોરસ દેખાડયો. મંડ્યા તૈયારીઓ કરવા. હાં હાં કરતાં વાત ગંગોત્રીક્ષેત્ર આખામાં ફેલાઈ ગઇ. સાધુઆલમમાં ટીકાટિપ્પણીઓ ને નુક્તેચીની ચાલીઃ 'ત્યાં બરફાનોમાં શું દાટયું છે ? અહીંયે ક્યાં બરફ નથી પડતા ? ને ઊંચાં શિખરો ય ક્યાં નથી ? ગોમુખ સુધી તો વળોણાવારે સાધુજાત્રાળુ જાય જ છે. પણ આગળ તો છે બરફની ભીંતો ને નરાં વામક (ગ્લેશીઅરો). મામાનું ઘર નથી. શાસ્ત્રઅભ્યાસ ને ક્ષેત્રભિક્ષા મેલીને સાધુને વળી આ શા બધા ઉધામા ?'

મેં તો ડાબું જમણું જોયા વગર ઊંધું ઘાલીને તૈયારીઓ જ કરવા માંડી. દયાળસ્વામી એમની રીતે વ્યસ્ત હતા. એમણે બર્ની સાહેબ કે એવા કોઈ જોડે ગએલો એક પહાડી મજૂર દલીપસિંગ આ બાજુ પંડાને ગામે રહેતો, તેને શોધી કાઢ્યો. ભારે ગુલાબી માણસ. વાત સાંભળીને કહે,

'ઓહો. એમાં શું છે ? હથેળીમાં લઇ જાઉં.'

'એ રસ્તે તમે ઠેઠ લગણ ગયા છો ? કેટલીવાર ?'

'ઠેઠમ ઠેઠ. ગ્યો છું તો એકવાર. પણ અમારું લોક અમારા માલ ચારવી નંદનવન સુધી તો વરમોવરસ જાય ને ? સધુંય અમારું જાણીતું. તમતમારે શિવશંકર બમભોળાનું નામ લઈને કરો કંકુનાં. ભોળોનાથ ઈનાં છોરૂનાં રખેવાળાં કરવાવાળો શિખરે શિખરે જાગતીજ્યોત બેઠો છે. ગોરા લોક જાય ઈને જો કાંયે નૉ નડે, તો આપડે તો કૈલાસપતિનાં છોરૂ કે'વાયેં. હાલો તમતમારે, હું ભેળો.'

'પણ તમે લેશો શું ? અમે સાધુસંન્યાસી. અમ પાહેં ગોરાઓની જેમ નાણાંનોટુંની પોટલિયું કાંય બાંધી ન મળે.'

'અરે ઈ શું બોલ્યા રામ ! આ તપો-વનજી મા'રાજને ડંડોત કરીને હાલી નીકળશું. ખરચી ને ખૂટણુ સધુંય ઈમાં આવી ગ્યું. તમું લોક સાધુમા'ત્માનો સમાગમ ઈ કાંય ઓછું નાણું છે ? ઈના આગળ સોનામહોરું તે શા હશાબમાં ?'

હવે બીજા ઉમેદવારો એક એક કરીને આવવા લાગ્યા. અલબત્ત, બધા સાધુ.

૧ કૈલાસગિરી, ગંગોત્રીના સાધુ.
૨ મહાવીર ઉદાસી.
૩ ફલાહારી બાબા, મૌની.
૪ અવધૂત પરમાનંદ, દિગંબર.
૫–૬ અમે બે, (દયાળસ્વામી ને હું)
૭ દલીપસિંગ, અમારો ભોમિયો. પંડાગામ મુખવાનો.

કૈલાસગિરી તગડા પહાડી જુવાન સાધુ હતા. મહાવીર ઉદાસી પ્રયાગ નજીક જુસીમાં કોટબાબા દયારામ નામના જાણીતા મઠના સંચાલક. ફલાહારી બાબા વર્ષોથી મુનિવ્રત લીધેલા રામાનંદી વૈરાગી. કદી બોલે નહિ. ને સીવેલું કપડું પહેરે નહિ. અવધૂત પરમાનંદ ધરાલી, મુખવા, ગંગોત્રીમાં વર્ષો રહ્યા. હાલ બદ્રીનાથ રહે છે. ૭ ઇંચની લંગોટી સિવાય કદી કશું વસ્ત્ર વાપરતા નથી. સદાય નાગા-ઉઘાડા રહે છે. સંસ્કૃત–અંગ્રેજી કશું ન જાણે. ફક્ત હિંદી બોલે.'

આવી પચરંગી અમારી ટોળી પ્રસ્થાનનો દિવસ આવતાં આવતાં બની ગઇ. એક હરિપ્રકાશ ઉદાસી નામના સાધુ પણ અમારી જોડે નીકળેલા. પણ ગોમુખને ઉપરવાડે તપોવન સુધી આવીને પાછા વળી ગયા.

અમે સાથે લેવાની ચીજો જોગવવા માંડી. ૩-૪ કે ૬ દિવસ સુધી નકરાં બરફાનોમાં ને ગ્લેશીઅરોમાં આડેધડ ચડવા ઉતરવાનું ને સૂવા રહેવાનું હતું. જોડા દૂરબીન તો દૂર રહ્યાં, બરફના પ્રદેશોમાં અનિવાર્ય ઘેરા કાચનાં ડાબલા ચશ્માં (ગોગલ્સ) પણ એ જોડ સિવાય કોઈ પાસે નહોતાં ને ગરમ સ્વેટર પણ એક મારી જ પાસે! ખાવાપીવાનું ને ગોમુખથી આગળ માટે પાવળું ચા કે પાણી ગરમ કરવા બળતણ પણ અમારે પીઠે જ ઊંચકીને ચાલવાનું હતું! તેમાં ઓઢવા પાથરવાનું તો અનિવાર્ય. આમ સાથે લેવાની ચીજવસ્તુઓનું પ્રમાણ અને વજન એ વિચારવા જેવી બાબતોમાં સૌથી મુખ્ય વાત હતી. દિવસો પછી ઘણી ઘણી વાટાઘાટોને અંતે અમે નીચે મુજબ રસદરેશન નક્કી કરીને જોગવ્યાં:

ચીજનું નામ	વજન રતલ	કિંમત
૧ ઘઉંનો આટો	૪૦	૧૦-૦-૦
૨ ચણાનો આટો	૧૦	૨-૦-૦
૩ ઘી	૮	૯-૦-૦
૪ ચાવલ	૮	૨-૦-૦
૫ બટેટાં	૧૦	૧-૦-૦
૬ દાળ	૪	૧-૦-૦
૭ ખાંડ	૮	૩-૦-૦
૮ ગોળ	૨૦	૬-૦-૦
૯ સૂકો મેવો	૨	૪-૦-૦
૧૦ ચા	०॥	૧-૦-૦
	૧૧૦½	૩૯-૦-૦

આ ખાદ્ય ખોરાકની ચીજો ઉપરાંત અમે નીચેનો સરંજામ અમારી યાત્રા માટે જોગવી શક્યા:

૭ જોડી સ્લીપરશાઇ જોડા. ઘેટાંની ઊનના કચરામાંથી ગૂંથીને ગામલોકે બનાવી આપેલા. આ જોડા ત્રણ કલાક સુધી કામ આપી શકે એવા હતા, ને બરાબર કતલ જેવી કટોકટીને ટાંકણે ફક્ત એક જ દિવસ ત્રણ ચાર કલાક અમારે પહેરવાના હતા.

૨ જૂનાં દોરડાં. એક સુતરનું ને બીજું પહાડી બીંડીનું. દરેક આશરે ૩૫ ફૂટ લંબાઈનું.

૧ તોલડી પિત્તળની, પહોળા મોંવાળી, ચા કે બરફપાણીને પીવા સારૂ ગરમ કરવા અને શરૂના કે છેલ્લા એકાદ બે દિવસે રાંધવા સારૂ. બરફાનોમાં તો રાંધવાનો સવાલ જ નહોતો.

૧ કુહાડી નાનકડી. બરફમાં પગ ઠેરવવા પગથિયાં કે ખાડા કરવા સારૂ.

૨ જોડી ડાબલાચશ્માં (ઘેરાં ગોગલ્સ) બરફના અંજવાસથી આંખોને અંજાઈ જતી રોકવા સારૂ.

આટલા સામાન ઉપરાંત અવધૂત દિગંબર સિવાય અમારી ટોળીના દરેક જણ પાસે પોતપોતાનાં પહેરેલ સુતરાઉ કપડાં ઉપરાંત રોજિંદા વપરાશના બબ્બે ઊની ધાબળા, ને મારી એકલાની પાસે એક ઊની સ્વેટર હતું. સિવાય દરેક જણ પાસે એકેક જળપાત્ર.

૧૬ મી જુલાઈએ ભાઈ દલીપસિંગ એને ગામથી આવી પહોંચ્યો, ને અમે ચણાના લોટ ઘી ખાંડમાંથી ૨૪ રતલ મગજના લાડવા બનાવ્યા. ઘઉંના લોટના રોટલા ગોમુખ નજીક બળતણવાળા છેલ્લા પડાવે પહોંચીને બનાવી લેવાના હતા, જે પછી આગળ કશું જ બળતણ મળવાની શકયતા ન હોય.

૧૭ મી જુલાઈ અમારે નીકળવા માટે નક્કી થઈ હતી. અમારા ભોમિયા દિલીપસિંગ તેમજ ક્ષેત્રના મોટેરા સાધુઓ, જેમને બરફાની પ્રદેશોનાં હવામાનનો પૂરો અનુભવ હતો, તેમની જોડે મળીને અમે આ દિવસ નક્કી કર્યો હતો. આગલી સાંજે અમે સાતે જાત્રાળુઓએ મીટીંગ ભરી. દયાળસ્વામીએ સૌને અમારી આ અવનવી સાહસયાત્રાની હાડમારીઓ અને જોખમો ફોડ પાડીપાડીને સમજાવ્યાં. હજુ યે દરેક જણ બધી વાતનો વિચાર કરે. હજુ યે જેનું મન ન વધતું હોય તે આળસી જાય.

કોઈ આળસ્યું નહિ.

પછી સૌને આખી જાત્રા દરમ્યાન કડક શિસ્તપાલનની અગત્ય સમજાવવામાં આવી. બેરુખધીનો જુસ્સો, દિલાવરી, ખેલદિલી, વસમામાં વસમા થાક ઉજાગરા ભૂખમરા ને જીવલેણ અકસ્માતોનાં જોખમો, અને એ બધા વચ્ચે અડગ શ્રદ્ધા અને અદમ્ય વિનોદવૃત્તિ ટકાવી રાખવાની અગત્ય સમજાવ્યાં. સૌએ પોતપોતાનો સામાન પીઠે ઊંચકવાનો, તબીઅત અને મિજાજ સાચવવાનાં, અને દરહાલતમાં, માંદગી કે અકસ્માતમાં પણ, એકબીજાને વળગી રહેવું, બૂરા અકસ્માતમાં પોતાને ખાતર પોતાના સાથી સોબતીઓ અટકી પડીને સર્વનાશ ન નોતરે તે સારુ એઓ આગળ ધપે એવો જ દરેક જણે આગ્રહ રાખવો, ને પોતાને કૈલાસનાથ શિવ મહાદેવને ખોળે ગણીને એની રખેવાળી નીચે જે કંઈ વીતે તેને પ્રભુઇચ્છા સમજી શિરોધાર્ય ગણવી. આ બધું ભાર દઈદઈને સમજાવવામાં આવ્યું.

એકેએક જણે આ ભલામણો ને શિખામણો વધાવી લીધી અને જિગરજાનથી તે બધાના ચુસ્ત પાલનની બાંહેધરી આપી.

મોડી રાત્રે હું મારી ગુફામાં સૂતો. પણ મને ઊંઘ ન આવી. જાણે માથામાં મોટરો ચાલતી હતી. મારું મગજ ભમવા લાગ્યું. આ બધો ખેપ મૂળમાં મેં એકલાએ જ નહોતો ખેડ્યો? આ સાહસ ખેડનારા ભાથી મહારથી અમે બધા કોણ હતા? મુફલિસ, નાગા કે અધનાગા સાધુ. ન મળે કોઈના પગમાં પગરખું કે ન મળે પહેરવા ઓઢવા. ન મળે કોઈ જાતની વૈજ્ઞાનિક સમજ કે સાધન. દૂરબીન, બેરોમીટર, ગતિમાપક યંત્ર, અરે સારો કૅમેરા કે ડાબલા ચશ્માં યે ન મળે! આવો અમારો સંઘ આવડું સાહસ ખેડીને દુનિયાનું શું ઉકાળવાનો હતો? આ બધા અરધો ડઝન ચુનંદા વીરોને હું નાહક ભેખડાવી મારવા નથી નીકળ્યો? આ કુમતિ મને કેમ સૂઝી? અમારો બોમિયો ભડ માણસ છે, પણ એ બાપડો અભણ માણસ. આખરે કેટલુંક સમજે? આ આંધળા સાહસનો અર્થ શો? હું ટીમેટ ખૂંદીને કૈલાસ માનસરોવર સુધી જઈ આવ્યો હતો એ સાચું, પણ ત્યાં તો હું એકલો હતો. મરી પરવારત તો ય કોઈ પાછળ રોનારું નહોતું. અહીં તો હું આટલા ઊંચી કોટિના સાધુ સજ્જનોને જીવલેણ જોખમમાં ઝીંકી રહ્યો હતો!

મારો જીવ ઊંડે ઊંડે ઉતરી ગયો. મારું મગજ ક્યાં ગયું એની મને ભાળ ન રહી. એમ ને એમ ઊંઘ આવી ગઈ કે શું થયું, પણ જાણે મને સપનું દેખાયું. જાણે દેવોના દેવ મહાદેવ કૈલાસના બરફ જેવાં શુભ્ર જટાજૂટવાળા, બેઉ હાથે મને ઉઠાડીને સોડે લે છે.

જાગ્યો ત્યારે મનમગજનાં ધમસાણ તમામ શમી ગયાં હતાં. જાણે શિવજીના આશીર્વાદ લઈને ઉઠ્યો હોઉં. ગદ્ગદ્ થઈને મેં લાંબો વખત પ્રાર્થના કરી. શિવજીને ફૂલ ચડાવ્યાં ને શિવનિર્માલ્ય પીંડી પરથી ઉતારીને મારા સ્વેટર તળે પડખાના ખીસામાં દબાવ્યું. મનને થયું, આખી યાત્રામાં એ અમારું રક્ષા કવચ થશે.

*

૨

૧૭–૬–'૪૫ મંગળવાર

ગંગોત્રી ક્ષેત્રના સાધુ સંત ગુરુજનોને પ્રણામ કરી, તેમના આશીર્વાદ લઈ, અને ઇષ્ટદેવ કૈલાસપતિ શિવજીની સ્તુતિ કરી અમે ગોમુખને પંથે પળ્યા. [નાનકડા ગંગાપ્રવાહને દાબીને છેરણનેરણ પડેલાં અસંખ્ય ચટ્ટાનો વચ્ચે વાંદરવેડા કરીને જતા આ રસ્તાનું વર્ણન, જેને પગવાટ પણ ભાગ્યે કહી શકાય, ઉત્તર-યાત્રાવાળી લેખમાળામાં આ અગાઉ આવી ગયું છે.]

ધઉંનો આટો તથા ચાવલ બેઉ ઘેટાંબકરાંવાળાઓ જોડે અમે એ દિવસના રસ્તા લગણ ગોમુખ નજીકનાં બરફાની મેદાનો સુધી અગાઉથી જ મોકલી દીધાં હતાં. પેલા એક જ દિવસના ખપના ૭ જોડ ઊની જોડા અને

દોરડાં પણ. અમારે દરેકને ૨૫-૩૦ રતલ ને અમારા ભોમિયા દલીપસિંઘને આશરે ૬૦ રતલ બોજો પીઠે ઊંચકવાનો હતો.

દસવાગે અમે નીકળ્યા. ક્ષેત્રના ઘણા સાધુઓ અમને સૌને જાતજાતની સલાહસૂચનાઓ અને શીખામણો આપતા દૂર સુધી વળાવવા આવ્યા અને અમારા ઘણા ઘણા આગ્રહ પછી ભારે હૈયે પાછા વળ્યા.

એક ખુલાસો કરી લઉં. વૈજ્ઞાનિક શોધ-ખોળોના આ જમાનામાં અમારા જેવા ભોટ મુફલિસ સાધુઓ એવા બરફાની પ્રદેશોની મુસાફરીનાં સુખદુઃખ કે હાડમારીઓ વેઠી આવે, તેમાં અમારા જાતસંતોષ ઉપરાંત દુનિયાને સારૂ ઝાઝા જ્ઞાન કે પ્રેરણાની સામગ્રી ન જ હોય. ને તેથી તેની કિંમત પણ અતિ મામુલી ગણાય. અમારી ગાંઠે ચિંતવન, મનન, ધ્યાન, ભજન-ભક્તિ કે તત્ત્વજ્ઞાનની ચર્ચાઓ સિવાય બીજી કશી વૈજ્ઞાનિક મૂડી કે સામગ્રી નહોતી. હિંદનાં તીર્થધામોની જાત્રાઓ અને દેશાટન જ અમારી ભટકુ જિંદગીના જ્ઞાનઅનુભવમાં હતાં. તેથી અમારી આ પ્રવાસકથામાંથી વૈજ્ઞાનિક શોધ-ખોળ કે બુદ્ધિશાળી પર્વતારોહીની જિજ્ઞાસા ન સંતોષાય એ દેખીતું છે. એ ઉણપોને માટે વાચકવર્ગનો હું ક્ષમાપ્રાર્થી છું.

ચટ્ટાનો અને ચીડ દેવદારનાં જંગલો વચ્ચે થઈને ગંગાની ઊંડી ખીણમાં અમે ધીમે ધીમે ચઢ્યે જતા હતા. સાંજે ચીડબાસા (૧૧,૮૩૦) મુકામે રાત રહ્યા. ચોમેર ઘીચ જંગલ છે જેમાં અસંખ્ય ઔષધિ ને જડીબૂટીઓ ઉગે છે. ફૂલોની જાતો અને ભાતો અને બ્રહ્મકમળો પણ જુલાઇ ઑગસ્ટમાં ઠેર ઠેર જોવા મળે છે.

ટાઢ ગંગોત્રીથી ખાસી વધુ. પણ બાળવાનું બળતણ બાળો તેટલું. રાત બધી મસમોટા તાપણા આસપાસ અમે ગાળી. આગળ ઉપર પછી કેટલી વીસે સો થાય એની ખબર પડશે. પણ આજનો લહાવો લઇ છૂટવામાં અમને કશી વાતે કમીના નહોતી.

અમારામાંના એકે આણેલાં ભારા લાકડાંમાં મેં લીલા પ્રકાશવાળા કીડા તરવરતા જોયા. બહાર જંગલ દેખાતું હતું તેમાંયે અસંખ્ય ટચુકડી લીલી બત્તીઓ બળાતી હતી. ટાઢને ન ગણકારતાં બહાર જઈ હું આ શોભા નિહાળવા લાગ્યો. એ બધા આગિયાની જેમ પૂછડીએ લીલા રફરસના પ્રકાશવાળા ગોગળગાય જેવા કીડા હતા. એ પ્રકાશ જંતુઓને આકર્ષે અને કીડાને આયતો ખોરાક મળી રહે. કુદરતે કરી આપેલી જોગવાઈ!

પડાવની પાછળના જંગલમાં કંઇક સંચળ સંભળાયો ને મારા સાથીએ બૂમ પાડી. 'પહોર વારથી બહાર શું કરી રહ્યા છો.' ભાલુ' (રીંછ) આવતું લાગે છે. અંદર ચાલ્યા આવો.', આ બરફાની પ્રદેશનાં ભાલુ ડરકુ ને નિરુપદ્રવી હોય છે. મેં ઘણીવાર જોયાં છે. પણ મારા સાથીના આદેશને માન આપીને તરત હું અંદર આવ્યો.

માણસને આશરો મળે એવા બાંધેલા મકાનનો આ અમારો છેલ્લો મુકામ હતો. હવે પછી કોઈ કુદરતી ગુફા કે ચટ્ટાનોને આશરે અમારે રાત્રિઓ ગાળવાની હતી. અમે સૌ આજુબાજુ પડેલાં જંગલનાં ખોડચાંની જેમ ઊંઘઈ ગયા.

૧૮-૭-'૪૫ બુધવાર

ભોજબાસા

સવારે ચા સાથે રોટલા ખાઈ અમે નીકળ્યા. ગોમુખ પહોંચવા અગાઉ અમારે આજે એક જગાએ ગંગાપ્રવાહને ઓળંગવાનો હતો. પ્રવાહનું તાણ ખતરનાક હતું. અમે દૂર ગ્લેશીઅરના મોઢા સુધી ઉપરવાડે સલામત ઠેકાણે પહોંચીને તે ઓળંગ્યો. ભોજબાસા પહોંચ્યા ત્યારે સૂરજ ઊંચે આવીને ખારસું તડકું ચોમેરના પહાડો અને બરફાની શિખરો પર પથરાઈ ગયું હતું. ભોજબાસાની ઊંચાઈ ૧૨,૪૪૦ ફીટ છે. અને ભોજપત્તરનાં ઝાડોનું મોટું જંગલ અહીં છે તેથી ભોજબાસા નામ આ જગાનું

પડ્યું છે. અમે ગયા ત્યારે હજુ અહીં એક ખાસી મોટી કુદરતી ગુફા ઉપરાંત કશું મકાન આશરો બંધાયાં નહોતાં.

જે રબારી મિત્રો જોડે અમે અમારાં આટો ચાવલ અગાઉ મોકલ્યાં હતાં તેમના નેસ અહીંથી નજીક હતા. એમાંનો એક અમારે માટે લાકડા-ની બરણીમાં દૂધ લાવ્યો. અમારે આજનો આખો દિવસ અહીં રોકાઇને હવે પછીના ઊંચી બરફમાળા અને ખતરનાક ગ્લેશીઅરો જોડે બાખડવાના ૩–૪ વસમા દિવસોની બધી તૈયારી કરી લેવાની હતી. ત્યાં કોઇ જાતનું ઝાડપાન કે બળતણ અમને ભેટવાનું નહોતું.

અમે રાંધવામાં પડ્યા. કેટલાક બળતણ ભેગું કરવામાં. લપસણાં ગ્લેશીઅરો અને ટચુકડા પણ જોશીલા બરફપ્રવાહો ઓળંગવામાં અનિ-વાર્ય એવી મજબુત લાકડીઓ પણ અમે સૌ માટે કાપી. પછી અમે બધા તૈયાર થઇ ગએલી રસોઇ પેટ ભરીભરીને જમ્યા.

પેલો રબારી જુવાન સાંજ પહેલાં ફરી પાછો આવ્યો. જોડે બે મોટા ટીબેટી કુતરા. પોટલી એક કાંદા લાવેલો. કહે લ્યો ને લ્યો. 'મહારાજ, રસ્તે આ ડુંગળી તમને બહુ ખપ લાગશે. ઉપર બરફાનોમાં નિમો ચડે ને ચક્કર આવે ત્યારે સુંઘો એટલે નિસો ઉતરી જાય, ને માથું ભમતું આળસી જાય. સરદી પણ મટે ને છાતીમાં ગરમાવો રે'. દિશાજાડેર પણ નરવાં રે'. તમે જાત્રાએ નીકળ્યા છો તો અમારું આટલું નૈવેદ લ્યો ને લ્યો.' એની પ્રેમભક્તિ આગળ અમે એની ભેટ લેવાની ના ન પાડી શક્યા. એ રાજી રાજી થયો.

'પણ ભાઈ, સાંજ તો પડી. હમણાં અંધારાં વળશે. તું આમ સાંજ વેળાનો આવ્યો જ શું કરવા! હવે ઝટ પાછો જા. રસ્તે ભાલુનો ડર ગણાય.'

'હમ ભાલુઓ નહીં ડરતા. ને હું એકલો થોડો જ છું? (કુતરા તરફ આંગળી ચીંધીને) આ મારા બે વાઘ ચાર ભાલુને ભગાડે એમ છે. ને (હાથમાંની ડાંગ દેખાડીને) આ ડાંગને એકેક સપાટે એક ભાલુને હું ઢાળી દઉં!'

પછી બેઉ હાથ જોડી એના બેઉ ડાધિયા સાથે એ સીસોટી વગાડતો ચાલ્યો ગયો.

અમારી પાસે જૂજ દવાઓસડ હતાં. પણ આ રબારી છોકરાની આપેલી ડુંગળી અમને રસ્તે બહુ ઉપયોગી નીવડી.

વળતે દિવસે બે જ માઇલ ચાલીને ગોમુખને ઉપરવાડે મુકામ કરવાનું અમે ઠરાવ્યું. કારણ કે રોટલા વગેરે રાંધેલું તૈયાર કરીને સાથે લેવાને સારૂ એ જ છેલ્લો દિવસ હતો. ત્યાંથી આગળ નકરાં બરફાનોમાં બળતણ મળવાનો કશો સંભવ ન હતો. આ પ્રોગ્રામ નક્કી કરીને અમે સુઇ ગયા.

૧૯–૬–'૪૫ ગુરુવાર

સવારે રાબી ખાઇને વેળાસર અમે નીકળ્યા. એક માઇલ ગયા પછી ગોમુખના બોગદાને ડાબે છોડી ગોમુખની ઉપરવાડેના મેદાનમાં અમે સુતરાઉ ચારસાની બે પાંખવાળી ને આગળ-પાછળ ઉઘાડી 'છોલદારી' ઠોકી. વરસાદ કે બરફ સામે રક્ષણ મળે એટલી જ ગણત્રી હતી!

ગોમુખ તો અહીંથી માઇલ હેઠવાડે રહી ગયું હતું. (એનું વર્ણન ઉતરખાતાના ગોમુખ-વાળા લેખમાં આવી ગયું છે.) ગોમુખની આસપાસ ઓથઆશરો ક્યાંએ નથી.

અમારે આગળની ફુલઝપટ તૈયારીઓ આજે કરી લેવાની હતી. એટલે પહોંચતાં વેંત સૌ કામે વળગ્યા. થોડા બળતણ વીણવા ગયા. એકે પહોળી સપાટ પથ્થરશાદી શોધી તે ઉપર ઘી, નીમક મસાલો મેળવેલો ૨૪ રતલ આટો ગૂંદ્યો, ને આશરે અરધા રતલ વજનના રોટલા ટીપ્યા. લોઢી કે તવો અમારી પાસે નહોતાં, તેથી બીજી પાતળા પથ્થરની શાદી શોધી તે પર રોટલા શેક્યા. ચા કરાય કે ચાવલ રંધાય એવા એક વાસણ સિવાય બીજું વાસણ, ફાનસ કે ટોર્ચ કશું અમારી પાસે નહોતું! અમે ખવાયા

તેટલા રોટલા ખાંધા, ને વધ્યા તે બધા આવતા દિવસો માટે સૌને વહેંચી દીધા. ૭–૭ દરેકને ભાગે આવ્યા. રસ્તે આ બનાવવા પૂરતી બે બળતણની ભારીઓ પણ પીઠે ઊંચકીને સાથે લઈ જવા સારૂ અમે તૈયાર કરી.

જોતજોતામાં સાંજ પડી ગઈ. આખા દિવસની મહેનતથી થાકયા પાકયા અમે સમી-સાંજના જ અમારી ચારસાની છોલદારીમાં સંકડાઈને સૂઈ ગયા. વરસાદનાં હળવાં સરવડાં આખી રાત પડતાં રહ્યાં.

૨૦–૬–'૪૫ શુક્રવાર

સવારે આકાશ ખુલીને સાવ સ્વચ્છ નિરભ્ર થઈ ગયું હતું. જોતજોતામાં ચોમેર ઉભેલાં ઉત્તુંગ બરફશિખરો બધાં સોને નહાઈ ઉઠયાં. ખુશનુમા વાતાવરણમાં અમારાં હૈયાં હોંશ-ઉમંગથી ખીલી ઉઠ્યાં. બહુ દિન સુધી સેવેલા અમારા સ્વપ્નાની સિદ્ધિ હવે હાથવેંતમાં હતી.

પહાડોમાં ને બરફાનોમાં પેટપૂજા કર્યાં વગર ચાલવાની વાત ખોટી. એટલે અમે જમીને જ નીકળવાના હતા. એટલામાં પેલો રબારી જુવાન જીતસિંધ ફરી ઝળકયો. પીઠે તાજા દોહેલા દૂધની તાંબડી! પ્રેમભર્યો આગ્રહ કરીકરીને અમને સૌને પીવડાવ્યું.

હવે અમે કાળકાળાંતરથી આમ ને આમ ઉભેલા આ બરફધારો ઓળંગવા સારૂ ચાલવાની તૈયારી કરી. દયાળ સ્વામીએ અમારી પાસે બચેલો ૧૫ રત્તલ જેટલો આટો જીતસિંધને આપવા માંડ્યો. કેમે કર્યો એ લે નહિ. 'ભાઈ, અમે રસ્તે કયાંએ રાંધી ખાઈ તો શકવાના નથી. આ નાહકનો ભાર કેમ વેંઢારીએ' એમ કહીને એને માંડ મનાવ્યો.

અમે નીકળ્યા. એક પાછળ એક એમ અમારી સાધુટોળી હારબંધ ચાલવા લાગી. હાથમાં લાકડી, કેડે કમંડળ અને બેઉ બાજુ નાનાં મોટાં પોટલાં, ચાલતાં ઝૂણસઝાડ જેવા લાગીએ! ઉઘાડા પગ, ઉઘાડાં માથાં ને અમારા-માંના બે સાવ નાગાઉઘાડા. આવા અમારા વેશ!

ખુલ્લા પહોળા મેદાનમાં પથરા માટી અને ચટ્ટાનો વચ્ચે દિશા નોંધીને અગે અમારા ભોમિયા દલીપસિંઘની પાછળ ચાલ્યે જતા હતા. માઈલેક ગયા પછી એક નાનકડો બરફાની પ્રવાહ અમારે ઓળંગવો પડ્યો. બરફીલું પાણી અમારા ઉઘાડા પગને વીંછીની જેમ ડંખ્યું ને પગ બહેર મારી ગયા.

અરધો માઈલ વધુ ચાલ્યા પછી અમે તપોવનના વિશાળ મેદાનમાં પહોંચ્યા. અમારી જોડે પેલા હરિપ્રકાશ ઉદાસી ગોમુખ સુધી આવવાનું કહી નીકળેલા તે અમને રામ રામ કરી અને શુભેચ્છાઓ ઇચ્છી અહીંથી પાછા વળ્યા ને ગંગોત્રી ગયા. એમનાથી બીજીવાર પેલો બરફપ્રવાહ ઓળંગાય તેમ નહોતું, તેથી ખૂબ ઉપરવાડે સુધી જઈને ઓળંગવા અમે તેમને ભલામણ કરી.

ચૌદ હજારથી વધુ ઊંચાઈનું તપોવન મેદાન ચોમેરથી ગ્લેશીઅરો વડે ઘેરાએલું છે. ગંગોત્રી પ્રદેશના રબારીઓ પોતાના માલ ચારવા જે મેદાનો સુધી પહોંચે છે તેમાંનું આ છે. અહીં બરફ પીગળ્યા પછી ૨–૩ મહિના ઝીણું ઘાસ ઉગે છે જે અતિ કસ વાળું હોય છે. તેથી રબારીઓ પોતાનાં ઘેટાંબકરાંને વધુમાં વધુ રહેવાય તેટલા દિવસ ચરાવવા સપ્ટેમ્બર આખર લગી કે અકટોબરમાં શિયાળાના બરફ પડવા શરૂ થાય ત્યાં સુધી અહીં રોકાય છે. આ મેદાનને એક છેડે એક જબરદસ્ત ચટ્ટાન છે, તેની આડશે આ લોકો રહે છે. આ મેદાનોમાં ખરા ઉનાળા-ના જુલાઈ–ઓગસ્ટ મહિનાઓમાં અસંખ્ય જાતનાં ઝીણાં ફૂલો ફુટે છે. એની શોભા અને રંગની વિવિધતાઓને ધરતીતલ ઉપર ભાગ્યે જ બીજે કયાંય જોટો મળે! અસંખ્ય ટચુકડા જળપ્રવાહો આ મેદાન પર જ્યાં ત્યાં વહેતા હોય છે. આ મેદાન એરોડ્રોમ થઈ શકે તેવડું મોટું છે.

●

ગ્રંથિમોક્ષ

પંકજ શાસ્ત્રી

રસોડું ધોઈને સરોજ દીવાનખાનામાં આવી. પહેલી જ નજર એની ઘોડિયા પર પડી. ઘોડિયાની નજીક જઈ, જરા ઝૂકીને, ઊંઘી રહેલા બાબા સામું અનિમિષ આંખે એ જોઈ રહી. બાબો પોપચાં ઢાળીને ઘસઘસાટ ઊંઘતો હતો. એની કાળી બાબરી કપાળ પર પથરાઈને પડી હતી. બાબાને છાતી સરસો દબાવવાનો ને સ્તનપાન કરાવવાનો સરોજને ઉમળકો થઈ આવ્યો. પણ નિદ્રાધીન બાબાના વાળને જરા ઠીક કરીને જ એણે સંતોષ માન્યો. સહસા એને યાદ આવ્યું કે કલાક પહેલાં ઉમાનો પત્ર ટપાલી નાખી ગયો છે. રસોડું પતી જશે પછી નિરાંતે વાંચીશ એ ગણતરીથી પોતે રસોડામાં પાંજરા પર તે મૂક્યો છે. રસોડામાં જઈને સરોજ કવર લઈ આવી. દીવાનખાનામાં આવીને પલંગ પર નિરાંતથી સૂતી અને ધીરજપૂર્વક કવર ફોડી તે વાંચવા લાગી.

પ્રિય સરોજ,

એક બાળકની માતા થયેલી સરોજ તરફથી મને મહિને એકાદો પત્ર પણ ન મળે એ તે કેમ ચલાવી લેવાય? બાબાના જન્મદિવસે સુરેશનો તાર આવ્યો હતો. બસ એ પછી તારા અને સુરેશના સમગ્ર જીવનનું કેન્દ્ર જાણે પેલો લુચ્ચો નવજાત બાબો જ થઈ ગયો હોય એમ, અમને તો તમે બંને ભૂલી જ ગયાં છો. મનમાં એવી ઇચ્છા થઈ આવે છે કે ત્યાં આવીને તારા બાબાને બે-ચાર ટપલી લગાવી જઉં. પણ હમણાં તો નહીં આવી શકાય કારણ મારાં સાસુની તબીઅત સારી નથી. બાકી તને આવીને મળવાની—તારી સાથે વાતો કરવાની ખૂબ ખૂબ ઇચ્છા થઈ આવે છે. કૉલેજમાં સાથે ભણતાં હતાં ત્યારથી જ આપણે કેવાં એક બીજાં પ્રત્યે નિખાલસતાથી વર્તતાં. મનની મૂંઝવણો અને માનસિક ગડમથલો—અરે 'લવ-લેટર્સ' સુદ્ધાં સંકોચ વગર એક બીજાંને ધરી દેતાં. આજે આ કાગળ પણ મારા મનનો ભાર ઓછો કરવા ખાતર જ લખું છું. તને થશે કે બે વર્ષ પહેલાં કૉલેજમાં મને એકલી મૂકી બી.એ.નું છેલ્લું વર્ષ પણ પૂરું કર્યા વગર, ભાવિજીવનના કોઈ અનન્ય કેફથી એના મનગમતા વિલોચન સાથે સિવિલ મૅરેજ કરી લેનાર પેલી સ્વપ્નસ્થ ઉમાને જીવનમાં માનસિક ભાર અનુભવવો પડે એવું તે શું બન્યું છે? પણ આમ મારી દૃષ્ટિએ વિચાર કરતાં અમારા બંનેના જીવનમાં એવું કશું બન્યું નથી કે જેથી જીવનમાં કંઈ ખોટ જેવું અનુભવવું પડે. પણ વિલોચનની પેલી ઝંખનાનો વિચાર કરું છું ત્યારે થઈ જાય છે કે અમારા જીવનમાં કોઈ એવી જબરી ખોટ છે કે જે વિલોચનનું કલેજું કોર્યા કરે છે. સરોજ! તને શું કહું! કયા શબ્દોમાં કહું કે અર્થશાસ્ત્રના પ્રોફેસર એવા વિલોચનમાં અને એક સામાન્ય સ્ત્રીમાં જરાએ ફેર નથી. વિલોચનને બાળક જોઈએ છે! બાળકની ઝંખનું એનું હૈયું લગભગ પાગલ જેવું થઈ ગયું છે. અને તું જાણે છે તેમ લગ્ન કર્યાને બે વર્ષ થયાં છતાં હજુ સુધી હું માતા બની નથી. અરે મારા પછી એક વર્ષે લગ્ન કરનાર તું, માતા પણ બની ગઈ! તને બાબો આવ્યાનો તાર જ્યારે વિલોચને વાંચ્યો ત્યારે એની પેલી તૃષિત આંખો જોઈને તો મારી આંખોમાં પણ ઝળઝળિયાં આવી ગયેલાં. પણ હું શું કરું! વિલોચનના ચહેરાને હર્ષપ્રફુલ્લિત કરવાનો કોઈ ઉપાય જ જાણે હાથમાં રહ્યો નથી. અને એટલે તો એ કૉલેજ ગયા હોય ત્યારે ઘણીવાર એકાંતમાં રૂમ વાસીને એકલી એકલી બસ રડ્યા કરું છું.

લગ્નજીવનની શરૂઆતમાં જ કેટલી ધેલછાથી એ અમારા ભાવિ બાળક વિષે વાતો કરતો! આવનાર બાળક કેવું હશે, એનો ચહેરો કોના જેવો હશે, એનું નામ શું પાડશું, એવી એવી અનેક બાબતો વિશે લાંબા સમય સુધી એ રસપૂર્વક વાતો કરતો. પોતે સાયકલ ઉપર આગળ એક સીટ નંખાવશે અને એના ઉપર બાબાને ફરવા લઈ જશે. બાબા માટે નાની ત્રણ પૈડાંવાળી બાઇસીકલ લાવશે. આવું આવું કહેતો હોય ત્યારે એની આંખો ભવિષ્યને જાણે તાદૃશ્ય સ્વરૂપે જોઇ રહી હોય એમ લીન થઈ જતી. ઘણી વાર વિલોચનને લાગતું કે આવે પ્રસંગે એને મારા તરફથી પૂરતો 'રીસપોન્સ' મળતો નથી. અને એ વિષે એ ફરિયાદ પણ કરતો અને હું એની વાતોમાં રસ લેવા પ્રયત્ન કરતી. મને પણ બાળકો નથી ગમતાં એમ તો કેમ કહેવાય? પડોશનાં સરલાબેનના બાબાને હું ઘણીવાર રમવા તેડી લાવતી પણ તેમ છતાં વિલોચન જેટલા ઘેલછા તો મારામાં નથી જ. અને વિલોચનની બાળક માટેની આ ઘેલછાને કારણે જ તો દર પહેલી કે બીજી તારીખે હું અસહ્ય માનસિક સ્થિતિ અનુભવું છું. દર પહેલી કે બીજી તારીખે હું એમ. સી.મા બેસું છું. અટકાવ ન આવે તો સારું એમ હું એ બે તારાખો દરમ્યાન ઇચ્છ્યા કરું. વિલોચન પણ કોલેજથી આવે ને મને રસોડામાં રસોઈ કરતી કે બીજું કંઇ ઘરનુ કામ કરતી જોઈ આનંદિત થઈ જાય; પણ પહેલીએ કે બીજીએ, રાતે કે સવારે, અટકાવ આવે. વિલોચનનો ચહેરો ફિક્કો પડી જાય. એની આખો અને ચહેરા પર નિરાશા છવાઈ જાય. અરે એક વખત તો પહેલી અને બીજી તારીખ સુધી હું દૂર બેઠી નહીં. વિલોચનના આનંદનો તો કોઈ પાર નહીં. પણ ત્રીજી તારીખે બપોરે અટકાવ આવ્યો. કોલેજથી ભાવિ બાળક વિષેનાં કંઈ કંઇ સ્વપ્નાં જોતો ખુશમિજાજમાં વિલોચન ઘેર આવ્યો. ઓશરીમાં એક બાજુ ખૂણામાં મને સ્વેટર ગૂંથતી જોઇને એ નિરાશ થઈ ગયો! એના ચહેરા પરની પેલી ગમગીની જોઈને એકાંતમા હું કેટલું રડેલા!

એ પ્રસંગ પછી અમે બન્નેએ મારી તેમજ વિલોચનની શારીરિક તપાસ કરાવી. પણ ડોક્ટરના કહેવા મુજબ અમારા બન્નેના શરીરમાં એવો કોઇ દોષ નહતો. વિલોચનને એ ડોક્ટર પર શ્રદ્ધા ન બેસવાથી બીજા એક વધુ નિષ્ણાત તબીબી પાસે અમારા બન્નેની ફરી શારીરિક તપાસ કરાવી. તપાસને અંતે એણે પણ ઉપર મુજબ જ કહ્યું. અને આ પછી કેટલાય ડોક્ટરની અને ત્યારપછી વૈદ્યોની દવા 'ગર્ભાધાન ગુટિકા'ને એવી કેટલીયે દવાઓ વિલોચન મારે માટે લઇ આવે. પણ એ તમામ શાસ્ત્રીય ઉપાયો નિષ્ફળ ગયા.

શાસ્ત્રીય ઉપાયોથી હારીને છેવટે એ દોરાધાગા તરફ વળ્યો. દોરાધાગામાં શ્રદ્ધા ધરાવતા વિલોચન જેવા અર્થશાસ્ત્રના પ્રોફેસરની હૃદયવેદનાનો દિવસમાં મને અનેકવાર વિચાર આવતો અને કંઇ સઝ ન પડતાં છેવટે રડી પડતી. વિલોચનને હું ચાહતી હતી. વિલોચનને મેં બાળક દત્તક લેવાનું પણ કહ્યું. પણ એને તો પોતાનું બાળક જોઇતું હતું. પાછું હું દુઃખ અનુભવું નહીં એટલે એ બાળક વિષેની વાતો છુપાવવા પ્રયત્ન કરે. પણ, તેમ છતાં બાળક માટેની એની ઝંખના કોઈ ને કોઈ પ્રસંગે વ્યક્ત થયા વિના રહે નહીં. કોઇ જોષીને એ ઘેર તેડી લાવ્યો હોય ને મારો હાથ પેલા જોષીને બતાવતો હોય. હવે આવા પ્રસંગે તો મારાથી એ શું છુપાવી શકે? વળી પેલા જોષીએ આપેલી સૂચના—અમુક ખાવું ને અમુક ન ખાવું—વગેરેનું પાલન હું કરું છું કે નહીં એની પણ એ ચીવટ રાખ્યા વગર રહી શકે નહીં. આવા અશાસ્ત્રીય ઉપાયો પણ ખૂબ કર્યા. પણ તેમ છતાં 'હું માતા બનું' એવાં કોઈ ચિહ્નો જણાયાં નહીં. થોડા દિવસોથી વળી અહીંથી ત્રીસ માઇલ દૂર આવેલા એક નાનકડા શહેરમાં જવાની વિલોચન જીદ કરી રહ્યો છે. ત્યાં કોઇ બાવો મંત્રેલું પાણી પીવરાવે છે, ને પીનાર

સ્રીને અચૂક ગર્ભ રહે છે એની બાતમી એ ક્યાંકથી લાવ્યો છે. એના આવા બધા અનેક ઉપચારોથી હું તો હવે કંટાળી છું. પણ તેમ છતાં એને રાજી રાખવા એક બે દિવસમાં પેલા શહેરમાં જઈ આવીશ અને પેલા બાવાનું મંત્રેલું પાણી પી આવીશ. પણ એથી કંઈ વળવાનું નથી એની મને ખાત્રી છે. કારણ આવા તો અસંખ્ય ઉપચારો અમે કરી ચૂક્યા છીએ. વળી વધુ દુઃખની વાત તો એ છે કે મારામાં કે એનામાં કોઈ શારીરિક ખોડ નથી. નિષ્ણાત ડૉક્ટરોનો એ અભિપ્રાય છે. તેમ છતાં આજકાલ કરતાં બે વર્ષ થયાં છતાં હું વિલોચનને એક બાળક આપી શકી નથી. પ્રિય સરોજ! દુઃખથી હૈયું એવું તો ભરાઈ આવે છે કે જાણે હૃદય બંધ પડી જશે. જીવનમાંથી બધો જ રસ જાણે કે ઊડી ગયો છે. વિલોચન પણ જાણે અત્યારથી ઢસરડો કરતો હોય એવું લાગે છે. જીવન સાવ 'મોનોટોનસ' થઈ ગયું છે. પ્રિય સરોજ! હું શું કરું? મને કંઈ સૂઝતું નથી. આમ ને આમ ચાલ્યા કરશે તો હું ગાંડી થઈ જઈશ. મારી મનોવેદના મારે કોની પાસે વ્યક્ત કરવી? આજે તને આ પત્ર લખી થોડીક હળવાશ અનુભવું છું. તારી ઉમાને એક નાનકડો પત્ર લખીશ? તારો કાગળ આવશે તો આ 'મોનોટોનસ' લાગતા જીવનમાં બે-ઘડી આનંદ જેવું લાગશે.

સુરેશ મઝામાં હશે. બાબાને મારા વતી રમાડજે. તારા પત્રની આશા સાથે,

તારી ઉમા

પત્ર વાંચી સરોજની આંખો ઉભરાઈ આવી. ઉમાનો દુઃખભર્યો ચહેરો કલ્પતાં એની આંખોમાંથી ટપટપ કરતાં આંસુઓ નીચે ખરવા માંડ્યાં. ઉમાને શું લખવું જેથી એને આશ્વાસન મળે! સહાનુભૂતિથી એનું હૈયું ભરાઈ આવ્યું. સુરેશ પણ બાબાના આગમન પહેલાં ઘેલો થઈને કેવી કેવી કલ્પનાઓ કરતો હતો એ સરોજને યાદ આવ્યું. લાંબા વખત સુધી એ જાણે કે શૂન્યમનસ્ક થઈ બેસી રહી. ત્યારપછી ઘરના રોજિંદા કામમાં જોડાઈ અને ઠેઠ સાંજે સુરેશને એણે ઉમાનો પત્ર વાંચવા આપ્યો ત્યાં સુધી ઉમાની વર્તમાન પરિસ્થિતિ એના મનમાંથી ખસી નહીં. સુરેશ પત્ર વાંચતો હતો એ વખતે, ટગર ટગર એની સામુ જોઈ રહેતી સરોજની આંખો ફરીથી ભરાઈ આવી. ઉમા પર એને મા-જણી બહેન કરતાં પણ વધુ વહાલ હતું. પત્ર વાંચી સુરેશ થોડીવાર તો અપલક આંખે કશુંક વિચારી રહ્યો. પછી સરોજ સામું જોઈને બોલ્યો,

"તે ઉમાને કાગળ લખ્યો?"

"ના" સાંભળીને એણે કહ્યું.

"તો હું કહું એવું થોડું એમાં લખજે."

અને ક્ષણ પછી કહ્યું, "નહીં તો રહેવા દે હું વિલોચનને જ એક અલગ કાગળ લખીશ." પછી એણે સરોજને વિગતથી વાત કરી જેનો સાર નીચે મુજબ હતો.

વિલોચન ને ઉમા જે શહેરમાં રહે છે એ શહેરમાં સુરેશના એક મિત્રના પિતા 'મેન્ટલ હૉસ્પિટલ'માં મુખ્ય ડાક્ટર તરીકે કામ કરે છે અને સારા 'સાયકોએનાલિસ્ટ' (મનોવિશ્લેષક) છે. ઉમાને બાળક ન થવામાં કદાચ કોઈ માનસિક કારણ પણ હોઈ શકે. જેટલી હદે વિલોચન બાળકની ઝંખના કરે છે એટલી હદે તો શું પણ ઉમામાં બાળકની ઝંખના જેવું જ કંઈ લાગતું નથી! બીજી સ્રીઓ કરતાં આ બાબતમાં એ જરા અ-સામાન્ય (Abnormal) કહેવાય. આથી જો ડૉ. ભરૂચાનો (સુરેશના મિત્રના પિતા) સંપર્ક સાધે તો ફાયદો થવાનો સંભવ છે. આ બધું સમજાવીને એણે સરોજને કહ્યું, "તું ઉમાને એક પત્ર લખજે. હું વિલોચનને અલગ પત્ર લખું છું."

સરોજને સુરેશની વાતમાં બહુ શ્રદ્ધા ન બેઠી. અને એવું જ વિલોચન અને ઉમાની બાબતમાં બન્યું. એ બન્નેના પત્ર આવ્યા એમાં પણ, 'બધા જ ઉપચારો કરી છૂટ્યા છીએ તો છેવટે આ ઉપચાર પણ કરી જોઈએ' એવું ઢીલું ઢીલું લખ્યું હતું. એ પછી ઉમાનો પત્ર આવ્યો જેમાં એણે ડૉ. ભરૂચાના ખૂબ વખાણ કર્યાં હતા. પોતે જાણે એમની પુત્રી હોય એટલું હેત રાખે છે. વૃદ્ધ હોવા છતાં ખૂબ હસમુખા અને મળતાવડા છે. એમની સાથે વાતો કરવાની ખૂબ મઝા પડે છે. અને છેલ્લે કંઈ નહીં તો એક મધુર વ્યક્તિત્વવાળા વૃદ્ધ સજ્જનનો પોતાને પરિચય થયો હતો એનો ઉમાએ આનંદ વ્યક્ત કર્યો હતો. ડૉ. ભરૂચાનું શબ્દચિત્ર વાંચી સરોજને પણ ડૉ. ભરૂચાને મળવાની ઈચ્છા થઈ આવી.

આ પછી થોડા દિવસો વીતી ગયા. તે પછી એક દિવસ વિલોચનનો એક પત્ર સુરેશ પર આવ્યો, જેમા ઉમા વિષેની કેટલીક મહત્ત્વની બાબતોનો એણે ઉલ્લેખ કર્યો હતો. થોડા દિવસોથી રાત્રે એ પોતાને પહેલા કરતાં વધુ અને ઉષ્માવંતો 'રીસપોન્સ' આપે છે. બાળક વિષે પણ ખૂબ આનંદપૂર્વક એની મેળાયે વાતો કરે છે. ઉમાના વ્યક્તિત્વમાં આ બધા ફેરફારો જાણે ચમત્કારિક હોય એમ વિલોચનને લાગતું હતું.

પત્ર વાંચીને સુરેશે કહ્યું, "હવે જરૂર થોડા દિવસોમાં એવો પત્ર આવવો જોઇએ કે ઉમા એમ. સીમાં બેઠી નથી."

અને સાચે જ સુરેશના કહેવા મુજબ જ બન્યું. લગભગ પંદરેક દિવસ પછી જ વિલોચનનો અને ઉમાનો એવી મતલબનો જ પત્ર આવ્યો! સરોજને તો આ બધું ચમત્કાર જેવું જ લાગતું હતું. બાળક ન થવામાં કોઈ માનસિક કારણ ભાગ ભજવતું હોય એ વાત જ એના મગજમાં ઠસતી નહોતી. વિલોચનના પત્રમાં ઉમાને બાળક ન થવાનું જે માનસિક કારણ જણાવવામાં આવ્યું હતું એ વાંચીને તો એ લગભગ બાધા જેવી થઈ ગઈ. વિલોચને લખ્યું હતું :

"ડૉ. ભરૂચાએ જ્યારે મને કારણ કહ્યું ત્યારે તો સાચે જ મને ખૂબ આશ્ચર્ય થયું. એમ થવાનું કારણ માનસશાસ્ત્ર જેવા રસમય અને મહાન વિષયના મારા અલ્પજ્ઞાનમાં રહેલું છે. ડૉ. ભરૂચાના કહેવા મુજબ ઉમાએ નાનપણમાં સુવાવડનું—પ્રસવનું આખું દૃશ્ય નજરોનજર જોયેલું. એ વખતની સ્ત્રીની ભયંકર યાતના જોઈને એ અત્યંત ભય પામેલી અને એ ભય આજ સુધી એના અજ્ઞાત–મનમાં (Unconscious Mind) સજીવ સ્વરૂપમાં પડ્યો. પોતાને ગર્ભ રહે અને પ્રસૂતિ થાય તો આવી જ અસહ્ય વેદના વેઠવી પડે એવી બીક એના અજ્ઞાત ચિત્તપ્રદેશમાં પડેલી હતી. અને આમ અસંપ્રજ્ઞાતપણે ઉમા બાળકને નહોતી ઇચ્છતી. અને એની અસર ગર્ભાધાનની શારીરિક પ્રક્રિયા ઉપર થતી. ડૉ. ભરૂચાએ ઉમાના અજ્ઞાત મનમાં પડેલી ઉપર્યુક્ત ભયગ્રંથિને માનસપૃથક્કરણની પદ્ધતિ દ્વારા મુક્ત કરી આપી. અને પરિણામે ઉમાની બાળક માટેની અનિચ્છા દૂર થતાં આજે એ માતા થશે એવાં સ્પષ્ટ ચિહ્નો દેખાવા લાગ્યાં છે. માનસશાસ્ત્ર ઉપર હવે મને ખૂબ શ્રદ્ધા બેઠી છે. ડૉ. ભરૂચાએ સૂચવેલ કેટલાંક પુસ્તકો પણ વાંચવા માંડ્યાં છે. સાચે જ, એ કોઈ અદ્‌ભુત અને મહાન શાસ્ત્ર છે." આ પછી એણે સુરેશનો ખૂબ આભાર માન્યો હતો કારણ એણે જ ડૉ. ભરૂચા પાસે જવાનું સૂચવ્યું હતું. છેલ્લે એણે બાબાને પોતા વતી રમાડવાનું લખ્યું હતું અને થોડા દિવસ એ બાજુ ફરવા આવવાનું આગ્રહભર્યું આમંત્રણ આપ્યું હતું.

સરોજના મનોચક્ષુ સમક્ષ ઉમાનો આનંદભર્યો ચહેરો તાદૃશ્ય થયો અને એની આંખો-માંથી અપૂર્વ આનંદ અશ્રુ સ્વરૂપે ટપકી રહ્યો.

✡

પાશ્ચાત્ય નાટ્યસાહિત્યનો વિકાસ

પ્રોફે. તનસુખ ભટ્ટ M. A., Ph D.

લેખાંક સાતમો

શેકસપિયર

શેકસપિયર માટે લખવાને અધિકાર જોઈએ છે. તેના ખાસ અભ્યાસી સિવાયના ઈતર જનને માટે આ કાર્ય દુઃસાહસ સમાન છે. પરંતુ આ લેખમાળામાં સ્વતંત્ર અભ્યાસનો દાવો નથી. વિવિધ વિવેચકોના અભિપ્રાયોનું સારદોહન ગણી લેવાથી આની કોઈ મુશ્કેલી ઊભી નહિ થાય.

શેકસપિયર (ઈ. સ. ૧૫૬૪ થી ૧૬૧૬) વિશે એક પુસ્તકાલય ભરાય તેટલું આ પૂર્વે લખાઈ ચૂક્યું છે. તેનું સર્વપ્રથમ ઉપલબ્ધ નાટક હેનરી રાજાવિષયક છે. (Henry VI part I, II and III). તેને વિશે એમ મનાય છે કે તેમાંનાં કેટલાંક દશ્યો શેકસપિયરનાં છે તો કેટલાંકમાં વળી અન્ય કોઈ નાટ્યકારની કલમ વરતાય છે. તેણે ઐતિહાસિક નાટકથી લેખનની શરુઆત કરીને અંગ્રેજી નાટ્યલેખનની તળપદી પરંપરા ચાલુ રાખી. તેની કૃતિઓનો સારો એવો ભાગ ઐતિહાસિક નાટકોનો છે. આ પ્રકારના લેખનના સતત અભ્યાસમાંથી તેને શોકાન્તિકાના રહસ્યનું જ્ઞાન થયું. આથી તેના અભિપ્રાયોમાં સર્વત્ર એક પ્રકારનું સાતત્ય અને વિકાસ દેખાય છે. આ જ આરંભદશાનાં વર્ષોમાં તેણે સુખાન્તિકા ઉપર પણ હાથ અજમાવ્યો લાગે છે. તેની શરુઆતની સુખાન્તિકાઓનો ક્રમ આવો હોઇ શકે : (૧) લવ્ઝ લેબર લોસ્ટ (Love's Labour Lost), (૨) ધી ટૂ જેન્ટલમેન ઑફ વીરોના (The Two Gentlemen of Verona), (૩) ધી કૉમેડી ઑફ એરર્સ (The Comedy of Errors અને (૪) ટેમીંગ ઑફ ધ શ્રૂ (Taming of the Shrew). લવ્ઝ લેબર લોસ્ટનું કથાવસ્તુ મૌલિક છે જે વાત શેકસપિયરને માટે નવાઈ કહેવાય. તેમાં દરબારી રીતભાતની હાંસી ઉડાવવામાં આવી છે. તેમાં કથાવસ્તુ અતિ વિરલ છે. ભ્રમણા, ગોટાળા, અણધાર્યું રહસ્યોદ્ઘાટન, પ્રાસંગિક વિનોદ અને ડાગળાવેડાથી તે નાટક ભરેલું છે. બુદ્ધિચાતુર્ય, તરંગલીલા એ તેની વિશેષતા છે. પ્રતિજ્ઞાભંગ એ તેનો વિષય છે. એક વિવેચકે દર્શાવ્યું છે કે આ તેનો પ્રિય વિષય છે. પછી તે જુદેજુદે રૂપે સર્વત્ર વિલસે છે. તેનાં નાટકોમાં ક્યારેક પોતાને જ આપેલા વચનનો ભંગ હોય છે, ક્યારેક બીજાને, ક્યારેક અમુક ભાવનાના સ્વીકારનો ભંગ હોય છે, ક્યારેક તો દેશને આપેલા વચનનો ભંગ પણ દેખાય છે.

'ધી ટૂ જેન્ટલમેન ઑફ વીરોના' એ કાલ્પનિક હાસ્યકથા (Romantic Comedy) છે. આમાં શેકસપિયરે તરંગલીલા, અતિસંસ્કૃતતા અને રજવાડી રીતભાતની ખાનદાની દર્શાવવાની પ્રથા છોડી દીધી છે. જ્યાં પૂર્વોક્ત નાટકમાંની કેટલીક આંતરિક વિશેષતા અહીં રહી છે. પહેલી વાત તો એ કે વાસનાના પ્રાબલ્યને કેવળ બુદ્ધિ વડે જીતવું અશક્ય છે. બીજી વાત એ કે પ્રબળ વાસનાધારી મનુષ્ય પોતાને અને સમાજને છેતરે છે. નાટકમાં

લાગણીઓ તેના કુદરતી રૂપમાં નહિ પણ નાટકીય અને આત્યંતિક સ્વરૂપમાં બહાર પડે છે. તેનાં સાહસો પણ સંસારમાં નહિ કિંતુ રંગમંચ પર જ શક્ય તેવાં હોય છે. આ ખાસિયતો મધ્યકાલીન તરંગકથાઓની અસર સૂચવે છે.

'કોમેડી ઓફ એરર્સ' વળી નવીન પ્રયોગ છે. નાટક નાનું અને પ્લૉટિન સંપ્રદાયનું પદ્ધતિસરનું અનુકરણ છે. શેકસપિયર માટે કહેવાય છે કે તેને માટે ગ્રીક-લૅટિન ભાષા એ ભેંશ આગળ ભાગવત સમાન હતી. (He knew little Latin and less Greek) એટલે સંભવ છે કે તેણે કોઇની સહાયતાથી મૂળ લૅટિન કૃતિ વાંચી હોય. પોતાનાં અગાઉનાં નિર્બંધ નાટકોને સ્થાને અહીં તે ગ્રીક એકતાનું પાલન કરતો જણાય છે; કારણ કે અહીં સ્થળની અને કાળની સળંગસૂત્રતા જોવામાં આવે છે. ગમે તે કારણ હો, જે નાટક ટેરેન્સ કે પ્લૉટસના હાથમાં સુંદર સુખાન્તિકા બની શક્યું હોત તે આ ઊગતા નાટ્યકારનાં હાથમાં ફારસ બની ગયું છે.

'ટેઇમીંગ ઓફ ધ શ્રૂ'માં રૂઢ, ચીલાચાલુ ફારસ મૂકી દઇને તે વધારે શક્તિમાન, પ્રભાવશાળી, સુખાન્તિકા પ્રકાર તરફ વળે છે. મનુષ્યના ગુણાવગુણમાંથી નીપજતો હાસ્યરસ (Comedy dependent on character) તે અહીં પ્રયોજે છે. આ હાસ્ય ઉપજાવવા માટે તે જીવનમાંના અમુક પ્રસંગો અને પાત્રોને અત્યુક્તિપૂર્ણ અને વિકૃત કરી નાખે છે. આટલા પૂરતી ફારસની અસર અહીં રહી ગઈ દેખાય છે.

આ પછી આવે છે 'ગ્રીષ્માન્તની રાતનું સ્વપ્ન' (Mid-summer Night's Dream). આનું કથાવસ્તુ પણ મૌલિક કે ઉત્પાદ્ય છે. પૂર્વોક્ત નાટકોના લેખનમાંથી મળેલા અનુભવોનો નાટ્યકાર અહીં સદુપયોગ કરે છે અને વાતાવરણમાં નવીન જગત ખડું કરે છે. અત્યાર સુધીનાં નાટકોમાં જે ઇટાલી દેશનું વાતાવરણ હતું તે ત્યાગીને કવિ અહીં ચૉસરે વર્ણવેલા મધ્યકાલીન રંગીલા ગ્રીક પાટનગર ઍથેન્સમાં પ્રવેશ કરે છે. પુરોગામી ગ્રીન નામના નાટ્યકારનું અનુકરણ કરીને તે અનેક કથાઓને એક જ સંવિધાનમાં વણી લે છે અને તે પણ ગ્રીન કરતાં વધારે કૌશલથી. આ નાટકમાં શેકસપિયરની પ્રતિભા તેનું વિશિષ્ટ સ્વરૂપ ધારણ કરે છે. અહીં તેણે શિષ્ટસાહિત્ય સાથે તળપદા સાહિત્યનો મેળ સાધ્યો છે; મધ્યયુગ સાથે પુનરુત્થાનયુગને એકરૂપ કરી દીધો છે અને અતિ સાહજિકતાથી આ રાસાયનિક સંયોજન કરીને સુખાન્તિકાનું હાર્દ પ્રકટ કર્યું છે.

આ પછી તેણે સુખાન્તિકાઓ અને ઐતિહાસિક નાટકો બંને સાથેસાથ લખવાનું રાખ્યું. 'રોમિયો અને જુલિયેટ' તથા 'ટાઇટસ ઍન્ડ્રોનિકસ' દ્વારા તેણે શોકાન્તિકા લખવાનો આરંભ પણ કર્યો. આ પાછલું નાટક ભાગીદારીમાં લખેલું લાગે છે. એ તેની સ્વતંત્ર કૃતિ નહિ હોય એવી માન્યતા છે.

'રોમિયો અને જુલિયેટ' (Romeo and Juliet) એ કાવ્પનિક સુખાન્તિકાના ઢાળામાં ઢળેલી શોકાન્તિકા છે. તેમાં સૉનેટ નામનો ચૌદ પંક્તિનો કાવ્યપ્રકાર પણ ઉપયોગમાં લેવાયો છે. શેકસપિયરે પાછળથી લખેલી શોકાન્તિકાઓ કરતાં આ કૃતિ જુદી પડી જાય છે તેની ભાષામાં ઊર્મિલતા છે, અને વિષયમાં પ્રેમનિરૂપણ છે. તેની પરાકાષ્ઠા માનવચારિત્ર્યની નિર્બળતામાંથી નથી ઉદ્ભવતી પણ અકસ્માતમાંથી આવે છે. વળી 'હૅમ્લેટ'માં જેવું

વાસ્તવિક જગત નાટકના વાતાવરણમાં પ્રતીત થાય છે તેવી કોઈ વાસ્તવિકતા પણ અહીં તરતાતી નથી.

અહીંથી સુખાન્તિકાના લેખનની બીજી ભૂમિકા શરુ થાય છે. 'વેનીસનો વેપારી' (Merchant of Venice) એ આ ગાળાની પ્રથમ કૃતિ લાગે છે. એ અતિશય લોકપ્રિય નીવડી છે અને ભારતીય ભાષાઓમાં દસકાઓ અગાઉ તેનાં ભાષાંતરો પણ થઇ ગયાં છે. આ નાટકનો રસાસ્વાદ લેવો હોય તો તેનાં પાત્રોનું બહુ ચીવટાઇથી પૃથક્કરણ કરવાની ચિકિત્સાવૃત્તિ ન રાખવી જોઇએ. તેમાં સર્વત્ર ચારુ પદાવલીનો મઘમઘાટ છે અને એક બાજુથી અર્થનું પ્રાકટ્ય તથા રસની નિષ્પત્તિ કરવાની સાથે સાથે બીજી બાજુથી એવી એક સૌન્દર્ય-સૃષ્ટિ ખડી કરે છે જેમાં બુદ્ધિ, ટીકા, ચિકિત્સા વગેરે શાંત પડી જઇને એક પ્રકારની શાદકતા પ્રવર્તે છે.

'મચ એડો અબાઉટ નથીંગ' (Much Ado About Nothing) આ જ પરંપરાની બીજી સુખાન્તિકા છે. તેનું કાર્ય અસંભવનીય છે અને પાત્રોને જો ઊર્મિની પ્રતિમા અને સૌન્દર્યમયી વાણીમાંથી બહાર ખેંચીને વ્યવહારૂ જગતમાં મૂકવામાં આવે તો તે અવાસ્તવિક જ નીવડવાનાં.

'એઝ યૂ લાઇક ઇટ' (As You Like It) માં તળપદું વાતાવરણ પુરબહારમાં પ્રકટે છે. ઉદાસીનતાની વિવિધ દશાઓ, ચિંતનની ગંભીર પળો, આનંદના ઉછાળાઓ, દૃશ્યોનું વૈવિધ્ય અને સજીવન પાત્રસૃષ્ટિને લીધે શેક્સપિયરનાં અતિશય લોકપ્રિય નાટકોમાંનું તે એક ગણાય છે. અહીં નાટ્યકારે ઝીણી ઝીણી વિગતો પૂરવાની કાળજી નથી લીધી; કેમકે વસ્તુના સંવિધાનનું કૌશલ પ્રેક્ષકને મંત્રમુગ્ધ બનાવે છે એટલો તેને આત્મવિશ્વાસ છે.

'બારમી રાત્રિ' (Twelfth Night) માં તે કાલ્પનિક હાસ્યાન્તિકાને (Romantic Comedy) સ્વકીય એવી વિશિષ્ટ સંપૂર્ણતાની કક્ષાએ લઈ જાય છે તેમાં શૃંગારના વિવિધ ભાવો, તેના સુસૌમ્ય સ્વરૂપમાં આલેખાયા છે તેમજ સૌજન્ય તથા દંભને પણ પ્રકટ કરવાનું નાટ્યકાર વીસરતા નથી. નાટકનાં જાદુ તથા રચના એવાં અખંડ છે કે તેમાં ક્યાંય દોષ-દર્શન થઈ શકતું નથી.

જેમ આ વર્ષોમાં કૌતુકવતી હાસ્યાન્તિકામાં શેક્સપિયરે સંપૂર્ણતા પ્રાપ્ત કરી તેમ તેણે ઐતિહાસિક નાટકો અને શોકાન્તિકાના લેખનમાં પણ પ્રગતિ કરી હતી. ઈ. સ. ૧૫૯૬ માં તેણે રોમિયો અને જ્યુલિએટની શોકાન્તિકા લખી નાખી હતી. તેણે હાસ્યાન્તિકાના કથાવસ્તુને કરુણ વાતાવરણ વચ્ચે લાવી મૂક્યું. વધારામાં તેણે અલંકારશક્તિનો તથા ભાષાસામર્થ્યનો પ્રચુર ઉપયોગ કર્યો. આમ શોકાન્તિકામાં અલંકાર, વાણીવૈભવ આદિ કાવ્યસામગ્રી ભળવાથી કથાવસ્તુ માત્ર સાદી વાર્તા નથી પરંતુ અહીં તો કોઇ જુદી જ સૃષ્ટિનું વાતાવરણ અને આનન્દજનનનું મૂલ્યાંકન આ સૃષ્ટિમાં કાવ્યદેહે અવતર્યો છે એવી અનુભૂતિ તેણે સરજાવી.

ઈ. સ. ૧૫૯૬ ની આસપાસ તેણે 'કિંગ જહોન' (King John) લખ્યું. તેમાં કેટલીક ક્ષતિઓ છે ખરી પરંતુ શેક્સપિયરના વિકાસનું તે સૂચક છે તે ઐતિહાસિક નાટક અને શોકાન્તિકાના અંતરાલ પ્રદેશમાં આવેલું છે. કથાવસ્તુ મૌલિક નથી. તેના સંવિધાનમાં સર્વાંગસુસ્તતા નથી પરંતુ આ ખોટ તેના પાત્રાલેખનના સામર્થ્ય વડે પુરાઈ રહે છે. શેક્સપિયરને

પોતાને પણ જાણેઅજાણે લાગે છે કે પોતે નાટ્યરચનાના અજાણ્યા પ્રદેશમાં પ્રવાસ કરી રહ્યો છે અને નવી અનુભૂતિની બહુ નિકટમાં છે. 'છઠ્ઠો હેનરી—ભાગ ૧ અને ૨ એ બંને નાટકો મળીને એક નાટક થાય છે. એને શોકાન્તિકા ન કહી શકાય પણ ઔદાસીન્ય ઉપજાવતો એવો કોઈ અનુભવ તે અવશ્ય કરાવે છે. એટલું જ નહિ પણ તેમાં ઉપહાસ અને પરિહાસ પણ ઠીક પ્રમાણમાં જોવાય છે. આંતરવિગ્રહ વિશે ચિન્તન અને આંતરવિગ્રહનાં ભયસ્થાનોએ અહીં શેક્સપિયરના ચિત્તને જકડી રાખેલું લાગે છે. આ નાટકમાં આવતું ઉપસંવિધાન (પેટા કથાવસ્તુ) યુદ્ધની પદ્ધતિઓ ઉપર પુષ્કળ કટાક્ષ કરે છે અને મુખ્ય કથાતંતુમાં આબાદ વણાઈ જાય છે. પાત્રો અસાધારણ દક્ષતાથી નિરૂપાયાં છે. હાસ્યની છોળો ઊડે છે. પરંતુ આ તોફાની હાસ્યમાં પણ ઊર્મિલતાથી માંડીને તત્ત્વજ્ઞાન સુધીના વિષયો ડોકિયાં કરે છે.

આવા મહાન નાટક પછી આવ્યું 'પાંચમો હેનરી'. આ નાટક વડે તેણે યુદ્ધને અત્યંત કૌશલથી તથા જ્વલંત રીતે ઉઘાડું પાડ્યું છે. 'પાંચમા હેનરી' નાટકની સાથે નાટ્યકારનાં ઐતિહાસિક નાટકોની પૂર્ણાહુતિ થાય છે.

અંગ્રેજી ઈતિહાસમાંથી, હવે તેણે બીજે નજર દોડાવી. 'જ્યુલિયસ સીઝર' નાટક લખીને તેણે રોમનયુગમાં પ્રવેશ કર્યો આના કથાવસ્તુમાં બહુ પ્રસંગપરંપરા જેવું નથી; પરંતુ શોકાન્તિકાની પોતાની વિશિષ્ટ કલ્પના તરફ તેનું સમગ્ર નાટક વેગથી જતું લાગે છે. આ નાટકનો વિષય છે એક જુલમગાર અને તેનો વિનાશ કરવા ઇચ્છતા કાવતરાંબાજો વચ્ચેની અથડામણ. અહીં તેને એક શાસ્ત્રીય મુશ્કેલી નડી. જુલમગાર તો નાટકની અધવચ્ચે જ ઠાર થઇ ગયો. હવે બાકીના અરધા ભાગમાં કરવું શુ? તેનો તે એવો તોડ કાઢે છે કે સીઝર મર્યો પણ સીઝરવાદ મર્યો નથી અને એક ભૂત આ કલ્પનાને સિદ્ધ કરવામાં મદદ કરે છે. પાત્રોને પોતાનું સુસ્પષ્ટ વ્યક્તિત્વ છે.

'જ્યુલિયસ સીઝર એ ત્યાર પછીથી લખાનારી મહાન શોકાન્તિકાઓના વૈતાલિક જેવું હતું. પરંતુ આ ગાળામાં તેણે એવાં ત્રણ નાટકો લખ્યાં જે ખૂબ ગુંચવનારાં છતાં આકર્ષક નીવડ્યાં. 'ઑલ ઇઝ વેલ ધૅટ ઍન્ડસ વેલ' (All's Well That Ends Well) તથા 'મેઝર ફોર મેઝર' (Measure for Measure) એ બે શોકાન્તિકાના ઢાળાની સુખાન્તિકા છે. કૌતુકવતી વાર્તામાં જાણે કે ચિંતનરત્નનો એવો ભાર પડયો છે કે તે ભૂષણ છે કે ભાર એ સમજાતું નથી. બંને નાટકોમાં કથાવસ્તુનું સાદૃશ્ય છે. બંનેમાં એક પુરુષ બેવફા છે અને સ્ત્રી વફાદાર રહે છે. બંનેમાં સંભોગકાળે ઇષ્ટ સ્ત્રીની બદલી કરી નાખવામાં આવે છે કે તેને છુપાવી દેવામાં આવે છે અને પત્નીને તેને સ્થાને ગોઠવી દેવામાં આવે છે. નાટકમાં સર્વત્ર માનસિક યંત્રણા છે, મુખ્ય કથાવસ્તુનો પડછાયો ભયંકર છે. ગૌણ કથાવસ્તુના હાસ્યરસમાં અસંસ્કારી નફટાઇ અને ગંદકી છે જેનો જોટો આ નાટ્યકારની કોઈ પણ કૃતિમાં મળતો નથી. આ બન્ને સુખાન્તિકાઓને કાળી અને કુતરાવેડાવાળી કહેવામાં આવે છે. છતાં યે તેમાં ઊજળી બાજુ કયાંક કયાંક જોવી હોય તો જોઈ શકાય ખરી. કોઈક ઠેકાણે તેમાં કોમળતા છે, ઉદારતા છે, તથા બેવફાઇ તથા વૈયક્તિક અધમતાની મધ્યમાં પણ માનવજાતિની ઉન્નતિ વિશે આશાના સૂર છે.

'ટ્રૉલિયસ ઍન્ડ ક્રેસીડા' (Trolius and Cressida) નાટકે વિવેચકોને મુંઝાવેલા

અને આજે પણ, તે એક સમસ્યા જ રહ્યું છે. 'કિંગ જ્હોન' નાટકમાં બનેલું તેમ અહીં પણ આ પ્રતિભાશાળી નાટ્યકારને કલાના કોઇ નવીન રહસ્યના આગમનના એંધાણ દેખાય છે અને પોતે પરંપરાથી જુદો પડી જાય છે. નાટકમાં કથાવસ્તુ જેવું કંઈ હાથમાં આવતું જ નથી. તેનું દરેક કાર્ય કે પ્રસંગ સમજાય છે ખરું પણ સમગ્રપણે નાટ્યકારનું ઉદ્દિષ્ટ કળાતું નથી. તેમાં પ્રતિભા ઝગમગે છે, મોહિત કરે છે, પણ બધું અવનવીન લાગે છે; જાણે કે કોઇ જુદા જગતની રચના આંતરિક રીતે સુસંબદ્ધ હોવા છતાં આપણા વિશ્વ સાથે મેળ ધરાવતી નથી.

આ પછીથી મહાન શોકાન્તિકાઓની એક આખી પરંપરા જ શેક્સપિયરના હાથે સરજાય છે. નાટ્યસાહિત્યમાં એ બધી તેની શ્રેષ્ઠ સિદ્ધિઓ છે. એ છે 'હેમલેટ', 'ઓથેલો', 'મેકબેથ,' 'કિંગ લિયર,' 'ઍન્ટની ઍન્ડ ક્લિયોપેટ્રા' અને 'કોરિયો લેનસ'.

આ બધી જ શોકાન્તિકાઓમાં કેટલીક રંગરચના સર્વત્ર સમાન છે એમ જોવામાં આવ્યું છે. આ ઉપરથી સ્વાભાવિક રીતે જ એવું અનુમાન તારવવામાં આવ્યું છે કે ઐતિહાસિક નાટકોના લેખનના તેના લાંબા અભ્યાસને પરિણામે તેના ચિત્તતંત્રમાં શોકાન્તિકાઓનું એક રહસ્ય મળ્યું હશે. તેની પ્રાપ્તિમાં રંગભૂમિની આવશ્યકતાઓએ બિલકુલ ભાગ ભજવ્યો નથી પરંતુ સ્વતંત્ર રીતે જ એ રહસ્ય તેના માનસમાં ધીરે ધીરે પરિસ્ફુટ થતું જતું હશે. એને કંઈક આમ વર્ણવી શકાયઃ શોકાન્તિકાનો નાયક કોઈ રાજા, રાજકુમાર કે નેતા હોય. પોતાનાં કાર્યોને લીધે તેણે આખી પ્રજાને સંકટમાં સંડોવી હોય. આથી કોઈ પણ ક્ષણે તેની અંગત વર્તણૂક પણ આખી પ્રજાની જીભે ચડી જતાં વાર ન લાગે. નાયકમાં ઉદાત્તતા અને ગુણસંપત્તિ હોય. આમ છતાં તેનામાં કોઈક એવી ક્ષતિ કે ભ્રષ્ટાચાર હોય જેને લીધે પોતે ધારણ કરેલી જવાબદારીને માટે અને સ્થાનને માટે તે સુયોગ્ય ન નીવડે. મહાન પાત્રના મહાન અવગુણને કારણે વિનિપાત સરજાય છે એ રહસ્ય તેની શોકાન્તિકાઓમાં બીજરૂપ છે. આપણાં પુરાણો સર્વે દૈત્યો અને રાક્ષસોના વિનિપાતને માટે આ આસુરી સંપત્તિને જ કારણભૂત ગણે છે. શેક્સપિયર ઋષિ ન હોવા છતાં આ જીવનદર્શન તેને લાધ્યું એમાં તેની પ્રતિભાનો જ વિજય છે. તેની સુખાન્તિકાઓમાં પ્રણય અને શૃંગારને જે પ્રામુખ્ય મળતું હતું તે હવે ગૌણ બની ગયું. કેવળ 'ઍન્ટની અને ક્લિયોપેટ્રા'માં જ પ્રણય પ્રમુખ કથાવસ્તુ તરીકે આવે છે એટલે અપવાદ ગણાય. હાસ્યાન્તિકાના અંશો આમ ચાલુ રહેવા છતાં અતિ ગૌણસ્થાન પામે છે, વધારે સૂક્ષ્મ બને છે. 'કિંગ લિયર' તથા 'મેકબેથ'માં તો કરુણરસની તુલનામાં ઊભા રહેતાં તે હાસ્યનિષ્પત્તિ પછી પાછી કરુણની જ નિષ્પત્તિ ધ્વનિરૂપે કરતા જણાય છે.

અલંકારોના પ્રયોગોમાં વાણીનું અસાધારણ સામર્થ્ય પ્રકટ થાય છે. આથી દરેક શોકાન્તિકામાં સ્વકીય ધ્વનિ અને ભાવગ્રન્થિઓની એક સ્વતંત્ર સૃષ્ટિ જોવા મળે છે. આમ કાર્યવેગની સાથોસાથ શેક્સપિયરની બાનીનો પ્રવાહ અસ્ખલિતપણે વહ્યો જાય છે. વળી દરેક શોકાન્તિકામાં કથાવસ્તુ એવી સૃષ્ટિ ખડી કરે છે કે તેમાં પાત્રોનું વર્તન નાટ્યજગતના દરેક અંગઉપાંગ સાથે સુસંબદ્ધ હોવા છતાં માનવજગતથી કંઈક નિરાળું લાગે છે. પરિણામે કથાના પ્રવાહમાંથી ઉપાડી લઈને કોઈ પાત્રને વર્તમાન સંસારના એક માનવી તરીકે જોવામાં અને નાણવામાં અવાસ્તવિકતાનું ભયસ્થાન સરજાય છે. છતાં સ્વસ્થાને એ પાત્ર પૂર્વોક્ત

આચરણ જ કરી શકે એ વિશે સંદેહ રહેતો નથી. આમ કાવ્યજગતનો અનુભવ અને વર્તમાન જગતનો અનુભવ એ બે ભિન્ન વસ્તુ છે એવી પ્રતીતિ થાય છે. દરેક શોકાન્તિકા એક જ ક્ષણે વિવિધ ભૂમિકાનાં માનસને અસર કરે છે. દરેકનું કથાવસ્તુ સુસ્પષ્ટ હોય છે, પાત્રો કંડારેલાં હોય તેવાં વિશિષ્ટ હોય છે, પ્રસંગો વેગવાન અને પ્રબળ હોય છે. ભાષામાં ધ્વનિ-સામર્થ્ય હોય છે, પાત્રોમાં એટલું સૂક્ષ્મ વૈવિધ્ય હોય છે કે તેનો તાગ લેવો મુશ્કેલ લાગે છે. પરિણામ એ આવે છે કે માનવજીવનનો હરકોઈ રસિયો પ્રેક્ષક, શોકાન્તિકા જોયા પછીથી તેના હૃદયમાં પ્રચંડ સંક્ષોભ અનુભવે છે.

'હેમ્લેટ' નાટક વિશે પુષ્કળ વિવેચન થયું છે. તેની અસર અનેકવિધ છે. પુનરુત્થાન કાળની આ સાહિત્યકૃતિમાં કલા, સાહિત્યવિવેચન, ભાષાલાલિત્ય, અને તત્ત્વચિંતન બધું યે એકસાથે જોવા મળે છે. તેમાં કરુણરસનો પ્રબળ વેગ છે. કટાક્ષ, પરિહાસ, ઉપહાસ અને નીતિમીમાંસાની ધારામાં મૃત્યુ, ઉન્માદ, આત્મઘાત અને વૈરનિર્યાતનની ધારા ભળીને બળવાન સંક્ષોભ ઊભો કરે છે.

'ઓથેલો' શોકાન્તિકામાં ભાષા છટામય બનવાનું છોડી દઈને પ્રાસાદિકતા ધારણ કરે છે. ઉપરાંત વિષય અને વાતાવરણ બંને ઈતર શોકાન્તિકાઓના કરતાં વધારે ઘરગતુ છે. તેની વિશેષતા તે તેની કાવ્યસમાધિમાં છે. ગ્રીકઢાળાની સળંગસૂત્રતા શેક્સપિયરે નથી જાળવી પરંતુ તેણે અહીં બે પ્રકારનું કાળપરિમાણ (Double Time) પ્રયોજ્યું છે. એક કાળ-પરિમાણ પ્રસંગો માટે વપરાયું છે અને બીજું કાર્યવેગને માટે. આને પરિણામે નાટકને તીરની જેવું લક્ષ્યવેધિત્વ અને એકાગ્રતા પ્રાપ્ત થયાં છે.

'મૅકબેથ' નાટકમાં તેણે કોઈ પણ સ્થળે મૂક્યું હોય તેના કરતાં અનેકગણું દુષ્ટ પાત્ર રજૂ કર્યું છે. તેમ છતાં, આવા ખલ પાત્રને માટે પણ તેના હૃદયમાં કરુણા દેખાય છે. તર્કદૃષ્ટિએ આ બચાવ વાજબી લાગતો નથી છતાં નાટ્યકાર દુર્જનો પ્રતિ પણ કરુણ બની ગયા લાગે છે. 'મૅકબેથ' એ મહત્ત્વાકાંક્ષાથી સડી ગયેલા એક બહાદુર નરની કરુણકથા છે.

'કિંગ લિયર' પણ શોકાન્તિકા છે પરંતુ તેમા ચિત્તની વિકૃતિ અસાધારણ રાક્ષસી રીતે નહિ પણ કુદરતી માર્ગે થાય છે. અતિ અભિમાની, ઊર્મિશીલ વૃદ્ધજનને, ઘડપણને કારણે, ચિત્ત નબળું બનતાં 'સાઠી બુદ્ધિ નાઠી'ના ભોગ બની કેવી બૂરી દશા ભોગવવી પડે છે તેનો ચિતાર લિયર રાજાના પાત્રમાંથી મળે છે 'ઓથેલો' નાટક ખૂબ સઘન છે ત્યારે આ 'કિંગ લિયર' નાટક મહાકાવ્યની દીર્ઘતા ધારણ કરે છે. બરફના તોફાનના દૃશ્યમાં એ પ્રાકૃતિક દૃશ્ય પોતાની સ્વાભાવિક મર્યાદા છોડીને પ્રતીકરચના બની જાય છે. શેક્સપિયરની કોઈ પણ શોકાન્તિકા કરતાં આ નાટકનું આ દૃશ્ય નિર્માતા અને નટ બંનેની શક્તિની કસોટી કરે છે. તેમાંના પ્રચંડ દારુણ યાતનામય દૃશ્યને લીધે આ જડસુ પીંખી નાખનારું અને અશરણ દુઃખોત્પાદક નાટક ભયંકરતા સુધી પહોંચી ગયું છે.

'એન્ટોની અને ક્લીઓપેટ્રા' ઉપલાં નાટકોથી જુદું પડી જાય છે પ્રમુખ વિષય તરીકે પ્રણય વળી એકવાર આગળ આવે છે. નાયિકાને નાયક જેટલો જ ભાગ ભજવવાની તક મળે છે. તેનાં દૃશ્યો સંખ્યામાં અને વિસ્તારમાં એટલાં વ્યાપી ગયાં છે કે પ્રથમ દર્શને કોઈને એમ જ લાગે કે શેક્સપિયર તેનાં ઐતિહાસિક નાટકો પ્રતિ પાછો ફરે છે.

'કોરિયોલેનસ' પણ રોમન વિષયને રજૂ કરે છે. નાટકમાં બ્યાપેલું કાર્ય વિચિત્ર રીતે વહેંચાઇ ગયું છે. ઐતિહાસિક નાટકોની જેમ તેનો ઉપાડ છે અને ગ્રીક શોકાન્તિકાની જેમ તેનો અંત છે. આ અને ઉપલા નાટકમાં કાર્યશીલ પાત્રો છે છતાં બંને નાટકો એકબીજાથી બહુ જુદાં લાગે છે.

'સિમ્બેલાઇન' નાટકમાં શેક્સપિયર હવે બ્યૂમોન્ટ અને ફ્લેચર નામના નાટ્યલેખકોની શૈલીનું અનુકરણ કરે છે. આ નાટકમાં પ્રસંગપરંપરા અવિરતપણે વહે છે પણ પાત્રાલેખનમાં કોઇ ઊંડાણ નથી. તે સંક્રાન્તિકાળનું નાટક હોય એમ લાગે છે. તેમાં મોહકતા અને રચનાકૌશલ છે પરંતુ જીવનનું કોઈ વિશિષ્ટ દર્શન નથી કે શોકાન્તિકાકારને લેવો પડતો પરિશ્રમ પણ તેમાં દષ્ટિગોચર થતો નથી.

'ધી વિન્ટર્સ ટેલ' નાટક, શોકાન્તિકાની ઢબથી આરંભાય છે અને 'ઑથેલો'માં છે તેવો ઇર્ષાનો વિષય છણે છે. નાટકના અંતમાં આવતા ગ્રામપ્રદેશનાં અને વનપ્રદેશનાં દશ્યો સુંદર રીતે આલેખાયાં છે. વિવેચકોએ તેના સંવિધાનમાં ક્ષતિઓ દર્શાવી છે અને કથાવસ્તુની અશક્યતા પ્રતિ આંગળી ચીંધી છે. શેક્સપિયર પોતે આ વાતથી અજાણ ન હતો એમ તેના કાળ વિશેના વૃન્દગાન ઉપરથી લાગે છે. ગમે તેમ હો, રંગમંચ પર સમગ્ર નાટક સળંગપણે વહ્યું જાય છે, વાસ્તવિક નહિ તો કાવ્યસૃષ્ટિનો અનન્ય પરતંત્ર કાવ્યાનંદ અવશ્ય આપી શકે છે અને કવિની નિયતિકૃત નિયમરહિતા સૃષ્ટિ સરજાવે છે.

'ટેમ્પેસ્ટ' એ તેનું છેલ્લું નાટક લાગે છે, અને અગાઉ લખ્યું હોય તો પણ તેને કોઇ ખાસ પ્રસંગ માટે મઠારી લીધેલું જણાય છે. તે આ પૂર્વેની બધી સુખાન્તિકાઓથી જુદું પડી જાય છે. નાટ્યસ્વરૂપમાં તે નિયમો પાળે છે અને વિષય એકધારો વહે છે. શેક્સપિયરમાં ક્યાંય નથી મળતી તેવી બીજી વાત તે તેનાં પાત્રોની છે. ઘણાંખરાં પાત્રો અશરીરી છે. ઉત્તમ પ્રકારનું રંગભવન કે રાજમહેલ પૂરી પાડી શકે તેવી સાધનસામગ્રીનો તેમાં ખપ પડે છે અને તેનું એક પાત્ર પ્રોસ્પેરો નામે અંતિમ વિદાયગીત ઉચ્ચારે છે. શેક્સપિયર પોતે જાણે રંગભૂમિની વિદાય લેતો હોય એવો ધ્વનિ તેમાંથી સંભળાય છે એવો વિવેચકોનો મત છે.

✻

અમ્લ અને અમ્લપ્રતિયોગી

ખોરાકની શરીર પર અસર

વૈદ્ય પ્રાગજી મોહનજી રાઠોડ

આપણા ખોરાકશાસ્ત્રમાં અમ્લતા પેદા કરે તેવાં તત્ત્વો જેને અંગ્રેજી વિજ્ઞાનમાં Acid-forming કહેવામાં આવે છે, તે અને અમ્લ પ્રતિયોગી તત્ત્વો જેને Alkali-forming કહેવામાં આવે છે તેના શરીર-સ્વાસ્થ્ય માટે ખૂબ જ ઝીણવટભર્યો વિચાર કરવામાં આવ્યો છે અને આ બન્ને તત્ત્વોની આપણાં શરીર ઉપર કેવી અસર થાય છે તેના પ્રમાણભૂત દાખલાઓ નિર્ણયો પર રજૂ કરવામાં આવ્યા છે.

આપણો સમાજ ખોરાકની સમજણ બાબત ખૂબ જ કમનસીબ છે. શું ખાવું, કેટલું ખાવું, ક્યારે ખાવું, કેવી રીતે ખાવું, એની આપણે ભાગ્યે જ વિચારણા કરીએ છીએ. અને આ અજ્ઞાનને કારણે જ્યારે કોઈ ને કોઈ માંદગી આવે છે ત્યારે આપણે શા માટે માંદા પડ્યા એનો વિચાર કરવાને બદલે માંદગીમાંથી ઊભા થવાના ઔષધીય પ્રયત્નો કરીએ છીએ. આ વૃત્તિ રોગમુક્ત કદાચ કરી શકશે, પણ રોગમુક્ત રાખી શકશે નહિ. આથી જ આપણો ધર્મ થઈ પડે છે કે ખોરાકશાસ્ત્રમાં જેને પાયાનું પ્રાધાન્ય આપવામાં આવ્યું છે તે અમ્લ અને પ્રતિઅમ્લ તત્ત્વોની આપણા શરીર ઉપર શી અસર થાય છે તે આપણે સમજી લેવું જોઈએ અને આ તત્ત્વો કયા ખોરાકમાંથી મળે છે તે પણ આપણે જાણી લેવું જોઈએ.

ક્ષારોનું પ્રમાણ

આહારશાસ્ત્રના પંડિતોએ શરીર-સ્વાસ્થ્ય માટે અમ્લ અને પ્રતિઅમ્લ ક્ષારોનું પ્રમાણ પણ નક્કી કરી આપ્યું છે. પંડિતો કહે છે કે અમ્લતા પેદા કરે તેવો ખોરાક એક ભાગ જો લેવાય તો એના પાચન માટે ચાર ભાગનું પ્રમાણ અમ્લપ્રતિયોગી ક્ષારોવાળાં તત્ત્વોનું લેવું જોઈએ. જો આ પ્રમાણનો સમજણ અને ચીવટપૂર્વક અમલ થશે તો ભાગ્યે જ માંદગી આવશે.

પ્રાતઃસ્મરણીય ગાંધીજીએ એમના "ખોરાક અને ખોરાકના સુધારા" નામના લઘુગ્રંથમાં આ અંગે જે વિગતપૂર્ણ માહિતી સંગ્રહી છે અને ખોરાકશાસ્ત્રના નિષ્ણાતોના જે અનુભવપૂર્ણ મંતવ્યો ટાંક્યાં છે તે આ પ્રમાણે છે:

(૧) અમ્લતત્ત્વો લેવાથી કોઈ ને કોઈ જગ્યાએ સ્થાનિક ઝેરોનો સંગ્રહ વધી સોજો, પાક, દુખાવો પેદા થાય છે. ખાસ કરીને દાંત, દાંતનાં પેઢાં, કાકડા, નાકની શરદી વાટે અને શરીરના સાંધાઓ દ્વારા આ દરદ પ્રકટ થાય છે. જ્યારે અમ્લપ્રતિયોગી પદાર્થોથી આવી કોઈ જ અસર પેદા થતી નથી.

(૨) અમ્લ તત્ત્વો લેનારને તમાકુ પીવાની ઇચ્છા જાગે છે જ્યારે અમ્લ પ્રતિયોગી ખોરાકમાં એનાથી મુક્ત રહેવાય છે.

(૩) અમ્લ પદાર્થો લેનારને એના પાચન માટે ઉત્તેજક પીણાંમાં આલ્કોહોલ વગેરે લેવાનું મન થાય છે-લેવા પડે છે; જ્યારે અમ્લ પ્રતિયોગીને એની જરૂર પડતી નથી.

(૪) અમ્લ ક્ષારોના વિશેષ ઉપયોગ પછી ખાટું, ખારું, તીખું-તળેલું, મસાલાવાળું, સૂકું ખાવાની વૃત્તિ થયા કરે છે; જ્યારે અમ્લ પ્રતિયોગી ખોરાકમાં એ વૃત્તિ રહેતી જ નથી.

[અનુસંધાન પૃ. ૨૧૦

છેંતાળીસમી વિજ્ઞાન પરિષદ

ડૉ. અશ્વિન ત્રિવેદી
ડૉ. જયંતિલાલ ત્રિવેદી

આ વર્ષની વિજ્ઞાન પરિષદ જાન્યુઆરીની તા. ૨૧ મીથી તા. ૨૮મી સુધી દિલ્હીમાં યોજવામાં આવી હતી. દિલ્હીમાં વિજ્ઞાન પરિષદનું આ ત્રીજું અધિવેશન હતું. આ પહેલાં વિજ્ઞાન પરિષદનાં બે અધિવેશનો દિલ્હીમાં મળ્યાં હતાં: ઈ. સ. ૧૯૪૪માં અને ૧૯૪૭માં. ભારતની રાજધાની હોવાથી, દિલ્હી, આપણા વૈજ્ઞાનિક, સાંસ્કૃતિક અને રાજકીય ક્ષેત્રમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. વિજ્ઞાનની મધ્યસ્થ સંસ્થા—કાઉન્સિલ ઑફ સાયન્ટીફિક એન્ડ ઈન્ડસ્ટ્રીઅલ રીસર્ચ—નું વડું મથક દિલ્હીમાં છે. એ ઉપરાંત નેશનલ ફિઝિકસ લેબોરેટરી અને ખેતી તેમજ ઔદ્યોગિક સંશોધનની સંસ્થાઓ પણ દિલ્હીમાં છે. બીજી કેટલીક યુનિવર્સિટીઓને મુકાબલે દિલ્હી યુનિવર્સિટી હજુ બાળક છે. ઈ. સ. ૧૯૨૨ માં શરૂ થયેલી આ યુનિવર્સિટીનો વિકાસ ૧૯૩૩ પછી ઝડપથી થવા માંડ્યો. ખાસ કરીને છેલ્લાં થોડાં વર્ષોમાં મધ્યસ્થ સરકારની મદદથી યુનિવર્સિટીએ ખૂબ ઝડપથી વિકાસ સાધ્યો છે. યુનિવર્સિટીમાં અત્યારે આર્ટ્સ, વિજ્ઞાન, કાયદો, મેડિકલ, શિક્ષણ, ખેતી અને જંગલવિદ્યા (Forestry), ટેક્નોલૉજી અને સમાજશાસ્ત્ર-એમ આઠ ફેકલ્ટીઓ છે. યુ. એસ. એ.ના રોકફેલર સંસ્થાની બાદશાહી સખાવતથી આ વર્ષથી 'સંગીત અને ફાઈન આર્ટ્સ'ની ફેકલ્ટી શરૂ થશે. દરેક ફેકલ્ટીમાં સંશોધન માટે સુંદર વ્યવસ્થા છે. વિજ્ઞાનનું શિક્ષણ યુનિવર્સિટીની સીધી દેખરેખ નીચે છે; જ્યારે બીજી બધી ફેકલ્ટીઓમાં અનુસ્નાતક શિક્ષણ યુનિવર્સિટી સંભાળે છે. અને ડીગ્રી સુધીનું શિક્ષણ એફિલીએટેડ કૉલેજોની જવાબદારી છે. દરેક ફેકલ્ટીમાં 'પાસ', 'ઑનર્સ', 'માસ્ટર' અને 'પીએચ. ડી.' સુધી ભણવાની વ્યવસ્થા છે. યુનિવર્સિટીની વિશિષ્ટતા 'નર્સીંગ'ની ડીગ્રી તેમ જ ડીપ્લોમા માટેનો પ્રબંધ છે. એ ઉપરાંત 'લાયબ્રેરી સાયન્સ' માટે, એક વર્ષ પછી અનુસ્નાતક ડીપ્લોમા અને બે વર્ષ પછી 'માસ્ટર ઑફ લાયબ્રેરી સાયન્સ'ની ઉપાધિ આપવામાં આવે છે. યુનિવર્સિટીના ચૌદ હજાર વિદ્યાર્થીઓમાં ચાર હજાર વિદ્યાર્થિનીઓ અને અઢીસો પરદેશી વિદ્યાર્થીઓ છે. જૂના વાઈસરૉયના મહેલ અને તેનાં અંગભૂત વિશાળ મકાનો અને તેની આજુબાજુની ૫૪૯ એકરની ખુલ્લી જમીન ઉપર દિલ્હી યુનિવર્સિટીનાં મકાનો તેમજ તેની સાથે જોડાયેલ કૉલેજોમાંની લગભગ અડધી કૉલેજો આવેલી છે. મધ્યસ્થ સરકાર તેમજ દેશપરદેશની સંસ્થાઓની મદદથી આ મકાનોની સંખ્યામાં અને સુખસગવડમાં ઝડપથી વધારો થતો જાય છે. ખાસ કરીને અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટેની હૉસ્ટેલનાં આલિશાન મકાનો, તેના ભોજનખંડ, 'કૉમનરૂમ' વગેરે વ્યવસ્થા પરદેશના વિદ્યાર્થીઓને પણ અદેખાઈ આવે એવી છે.

નવું દિલ્હી એક રીતે આગંતુકને આશ્ચર્યમાં મૂકી દે તેવી નગરી છે. રોજ ને રોજ નવી અને નવી સંસ્થાઓ, જ્ઞાન-વિજ્ઞાનની અનેક શાખાઓ માટે આલિશાન મકાનોમાં ઊભી થતી આવે છે. એ ઉપરાંત પહોળા રસ્તાઓ, વિશાળ સરકારી મકાનો, પરદેશી એલચીઓની ભવ્ય ઈમારતો, જાણે આપણે ન્યૂયૉર્ક કે લંડનમાં આવી પહોંચ્યા હોઈએ તેવી ભ્રાન્તિ કરાવે છે. થોડે દૂર જૂની દિલ્હી છે. ઘણીખરી સ્કૂલો તંબુઓમાં બેસે છે. રસ્તાઓ સાંકડા અને

ગંદા છે. સાંજના પાંચથી રાતના દસ સુધી જો ભૂલથી પણ અહીં પ્રવેશ કરવો પડે તો ઇતિહાસનાં બસો વર્ષ પહેલાંના કાળમાં આવી પહોંચ્યા હોઈએ એમ લાગે છે. નાગરિકશાસ્ત્રના કે વાહનવ્યવહારના કોઈ પણ નિયમો અહીં અસ્તિત્વમાં હોય એમ લાગતું નથી. બસ માટે પેસેન્જરોની સંખ્યામાં કે થોભવાનાં નિયત સ્થળો માટે કંઈ નિયમો હોય તેમ લાગતું નથી. ગાડીવાળાઓ એકબીજા જોડે તેમજ રાહદારીઓ જોડે લહેરથી ગાળોની આપલે કરતા હોય છે. ગરીબાઈ, ગંદકી અને અશિસ્તનું વાતાવરણ ઘડીભર આપણને ગુંગળાવી નાખે છે. નવી દિલ્હીનો બાદશાહી ઠાઠ અને જૂની દિલ્હીની કંગાલિયત આપણને મૂંઝવણમાં મૂકે છે. આપણે સ્વતંત્ર ભારતનું શું આવું ચિત્ર ખડું કરવા માગીએ છીએ? એમ લાગે છે કે જેટલે અંશે આપણે આર્થિક સાધનો વધારવા અથવા તે વધારાયેલાં છે તેમ દેખાડવાનો દંભ કરીએ છીએ તેટલે અંશે ધર્મ અને નીતિના ધોરણમાં ઉદાસીન બનતા જઈએ છીએ. ભારતની રાજનગરીનું આ ચિત્ર આપણા ભવિષ્યને માટે ચિંતા ઉપજાવે તેવું છે.

સામાન્ય રીતે વિજ્ઞાન પરિષદ જાન્યુઆરીના પ્રથમ અઠવાડિયામાં યોજવામાં આવે છે. પણ આ વર્ષે પરદેશી મહેમાનો જાન્યુઆરીની ૨૬મીના કાર્યક્રમોમાં ભાગ લઈ શકે તે માટે જાન્યુઆરીના ત્રીજા અઠવાડિયામાં રાખવામાં આવી હતી. આને લીધે કૉલેજો અને યુનિવર્સિટીના શિક્ષકોને ખાસ રજાનો પ્રબંધ કરવો પડયો હતો. (પરિષદ સામાન્ય રીતે નાતાલમાં હોય છે અને નાતાલની રજાઓનો લાભ બધાને મળે છે.) એ ઉપરાંત શિક્ષણની વ્યવસ્થામાં પણ કૉલેજોને મુશ્કેલીઓ નડી હશે. જેઓને માટે આ પરિષદ યોજાય છે તેમની સગવડને ગૌણ ગણવામાં આવે એ આપણા અત્યારના વિચિત્ર માનસનો ખ્યાલ આપે છે. પરિષદનું ઉદ્‌ઘાટન સવારે નવ વાગ્યાને બદલે આગલે દિવસે વરસાદ આવવાથી સાંજના ત્રણ વાગે રાખવું પડ્યું હતું. દિલ્હીના રાજકીય મહત્ત્વનો પડછાયો પરિષદના બધા કાર્યક્રમો ઉપર પડ્યો હતો તેમ લાગતું હતું. અને આને લીધે વૈજ્ઞાનિક કાર્યક્રમો દર વર્ષ કરતાં મોળા લાગતા હતા. આના બદલામાં "હિન્દ–૧૯૫૮"નું ભવ્ય પ્રદર્શન તથા તા. ૨૬ મીની રાજ્યસ્વારી જોવાનો લાભ ઘણા પ્રતિનિધિઓને મળ્યો હતો. વિજ્ઞાન પરિષદનું ઉદ્‌ઘાટન દર વર્ષની માફક આ વર્ષે પણ પંડિત નેહરૂએ કર્યું હતું. દર સાલની માફક એમનું ભાષણ ટૂંકું પરંતુ ઘણું સૂચક હતું :

> "વિજ્ઞાનની શક્તિ સંહાર કે સર્જન માટે વપરાય તેને માટે વૈજ્ઞાનિકોએ જાગ્રત રહેવું ઘટે છે. છેલ્લાં બસો વર્ષમાં વિજ્ઞાને માનવજાતિની જરૂરિયાતો પૂરી પાડવામાં આશ્ચર્યકારક પ્રગતિ કરી છે. આવતા દશકામાં હજુ પણ વધુ આશ્ચર્યકારક પ્રગતિ આ દિશામાં થશે તેમાં શંકા નથી વિજ્ઞાન ધારે તો માનવજાતિની મુખ્ય જરૂરિયાતો જેવી કે અન્ન, વસ્ત્ર, ચોખ્ખું પાણી, રહેવાને મકાન ઈત્યાદિ પૂરાં પાડી શકે એમ છે. વિજ્ઞાનની શક્તિ માટે કોઇને શંકા નથી; પરંતુ વિજ્ઞાનના વિકાસની બીજી બાજુ—એની વિનાશક શક્તિ પણ એટલી જ ઉગ્ર છે એમ સિદ્ધ થઈ ચૂક્યું છે. વિજ્ઞાનને પણ જેને આપણે ધર્મ કહીએ છીએ તેના અંકુશની જરૂર છે. આ અંકુશ વગર વિજ્ઞાન કદાચ માનવજાતિનો નાશ કરી નાખશે તેવી બીક ઘણાને રહે છે. વિજ્ઞાનની મદદથી આપણે કદાચ ચંદ્ર કે મંગળ પર પહોંચી શકીશું. પરંતુ હજુ સુધી આ પૃથ્વી ઉપર મનુષ્યની પરસ્પર વેરની લાગણી અને અસમાનતા નાબુદ કરી શક્યા નથી. હિન્દુ ધર્મ આપણને

શીખવે છે કે અસુરોએ પણ ઉગ્ર તપ આદર્યો હતાં. પરંતુ આખરે તેમના હૃદયમાં રહેલી હિંસાત્મક વૃત્તિને લીધે જ આ તપ તેમના વિનાશનું નિમિત્ત બન્યું હતું. આપણે વિજ્ઞાનનો ઉપયોગ માત્ર સમસ્ત જનસમાજના લાભને અર્થે કરવાનો તેમજ વિજ્ઞાનના સેવનમાં સંપૂર્ણ સહકાર અને વિશ્વાસથી કામ કરવાનો દૃઢ સંકલ્પ કરવો જોઈએ. આમ કરશું તો જ વિજ્ઞાન માનવપ્રગતિનું સાધન બની શકશે. ભારતે તો આવો સંકલ્પ કર્યો જ છે. અને એટલા જ માટે દેશ પરદેશના નામાંકિત વૈજ્ઞાનિકોને આવકાર આપતાં મને હર્ષ થાય છે."

ત્યાર પછી પરિષદના સ્વાગત સમિતિના પ્રમુખ—દિલ્હી યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર અને પ્રખ્યાત અર્થશાસ્ત્રી ડૉ. વી. કે. આર. વી. રાવે વૈજ્ઞાનિકોને આવકાર આપતાં જણાવ્યું :

"ભારતની ભવિષ્યની આબાદીનો આધાર જીવનના દરેક ક્ષેત્રમાં વિજ્ઞાનના ઉપયોગમાં રહેલો છે. વિજ્ઞાને ભારતમાં બીજું પણ મહત્ત્વનું કાર્ય કરવાનું છે; આ કાર્ય તે સામાન્ય જનતાને સદીઓજૂના વહેમ, પૂર્વગ્રહ, જુનવાણી વિચારસરણી તથા અજ્ઞાનનામાંથી ઉગારી પ્રગતિને પંથે વાળવાનું. માત્ર ભવ્ય યોજનાઓથી દેશની પ્રગતિ સાધવાનું શક્ય બનશે નહિ. જ્યાં સુધી પ્રજામા વૈજ્ઞાનિક વૃત્તિ કેળવવામા નહિ આવે ત્યાં સુધી સાચી પ્રગતિ અશક્ય છે. આ પ્રગતિ માટે વિજ્ઞાનને કૉલેજો અને યુનિવર્સિટીના વાડામાંથી બહાર લાવી જનસમાજમાં ઉતારવાના યત્ન કરવા પડશે. જ્યાં સુધી વિજ્ઞાન માત્ર પરદેશી ભાષામાં શીખવવામાં આવે છે ત્યાં સુધી આ શક્ય નથી. દેશના ઔદ્યોગિક વિકાસ માટે અને જનસમાજના બૌદ્ધિક વિકાસ માટે, તેમજ શિક્ષિત અને અશિક્ષિત વચ્ચે, શહેરો અને ગામડાંઓ વચ્ચે, સંબંધો જાળવી રાખવા માટે એ અનિવાર્ય છે કે વિજ્ઞાનનો પ્રચાર દેશની એકેએક પ્રાન્તભાષામાં થવો જોઇએ. આમ કરીશું તો જ વિજ્ઞાન જનસમાજમાં ઊંડું ઉતરી શકશે."

ત્યાર પછી પરિષદના વરાયેલા પ્રમુખ ડૉ. લક્ષ્મણસ્વામી મુદલિયારે પ્રવચન કર્યું. પ્રખ્યાત રાજનીતિજ્ઞ રામસ્વામી મુદલિયારના ભાઈ લક્ષ્મણસ્વામી કુશળ દાક્તર અને જાણીતા રાજનીતિજ્ઞ પુરુષ છે. મદ્રાસ યુનિવર્સિટીના લોકપ્રિય વાઈસ ચાન્સેલર તરીકે અનેક વર્ષો ટકી રહીને એમણે એમની કુનેહ તથા કાર્યશક્તિનો સરસ પરિચય આપ્યો છે. એક દાક્તરને વિજ્ઞાન પરિષદના પ્રમુખ થવાનું માન મળે એ એક વ્યક્તિને માન મળે છે એના કરતાં ઔષવિજ્ઞાન (Medical Science) વિજ્ઞાનની એક અગત્યની શાખા છે એવી પ્રતીતિ વૈજ્ઞાનિકોને થઈ છે તેની સાબિતીરૂપ ગણવું જોઈએ. એમણે વ્યાખ્યાન કરતાં જણાવ્યું :

"છેલ્લાં સો વર્ષમાં રસાયણ અને ભૌતિક વિજ્ઞાનની શોધખોળોએ ઔષધવિજ્ઞાનના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. ગયા યુદ્ધ પછી એક એવો પણ સમય હતો કે જ્યારે વિશ્વમાં બેક્ટિરીયા-યુદ્ધ ફાટી નીકળવાની શક્યતાનો ઘણાને ભય હતો. ૧૯૫૩ માં રોમમાં મળેલી આંતરરાષ્ટ્રીય માઇક્રોબાયોલૉજી પરિષદે વિજ્ઞાનના આ જાતના ઉપયોગ માટે સર્વાનુમતે સખ્ત વાંધો ઉઠાવ્યો હતો. પરમાણુ વિજ્ઞાનના કાર્યકર્તાઓ પણ પોતાના ક્ષેત્ર માટે આવી જાતનો નિર્ણય લઈ માનવજાતિ ઉપરથી ભયનાં વાદળ

દૂર કરી શકે એમ છે. યુદ્ધ થવાથી જે નુકસાન થાય છે એના કરતાં પણ વધુ નુકસાન યુદ્ધ પહેલાંનાં ઘણાં વર્ષોથી પ્રવર્તતું શંકા અને ભયનું વાતાવરણ જે વિજ્ઞાનના શાન્તિમય ઉપયોગ માટે અવરોધરૂપ છે તેને ગણી શકાય. આ પછી એમણે ભારતમાં વૈજ્ઞાનિક શિક્ષણના ઝડપી વિકાસની જરૂરિયાત ઉપર ભાર મૂકયો અને આ ક્ષેત્રમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની મદદનો પણ એમણે ખ્યાલ આપ્યો. આપણી વિવિધ યોજનાઓની ફતેહ આપણા સ્નાતકોની પ્રમાણિકતા તથા કાર્યક્ષમતા ઉપર આધાર રાખે છે. માત્ર રાષ્ટ્રીય પ્રયોગશાળાઓ પર ધ્યાન આપવાને બદલે યુનિવર્સિટી અને કોલેજોમાં શિક્ષકોના પગાર તથા શિક્ષણનાં સાધનોમાં વધુ ઉદાર નીતિ દાખવવાની જરૂર છે. જગતભરની ઝડપી વૈજ્ઞાનિક પ્રગતિનો આપણે લાભ લેવો હોય અને દેશની વિકાસની યોજનામાં પ્રગતિ કરવી હોય તો જ્ઞાનવિજ્ઞાનનાં કેન્દ્રો રાજકીય અને પ્રાન્તીય પરિબળોથી દૂષિત ન થાય તેની તકેદારી રાખવી જોઇએ. આપણો વિદ્યાર્થી આન્તરરાષ્ટ્રીય ગુણધર્મવાળા વિજ્ઞાનનો લાભ બરાબર લઇ શકે તેટલા માટે જગતની ભાષાઓમાં અગ્રગણ્ય સ્થાન ધરાવતી અંગ્રેજી ભાષાને તેના અત્યારના સ્થાનમાંથી માત્ર સંકુચિત પ્રાન્તીય કે રાજકીય લાગણીઓથી દોરાઈ જઈ પદચ્યુત ન કરવી જોઇએ. અત્યારના સંજોગોમાં અંગ્રેજીને ઉચ્ચ શિક્ષણના માધ્યમ તરીકે ચાલુ રાખવું તે જ દેશના હિતમાં છે. આમ કરીશું તો જ દેશના દરેકે દરેક ભાગના વૈજ્ઞાનિકો તેમની સર્જનશક્તિનો લાભ સમગ્ર દેશને આપી શકશે અને દેશના વિકાસમાં યોગ્ય ભાગ ભજવી શકશે."

આમ વિજ્ઞાન પરિષદના ઇતિહાસમાં કદાચ પ્રથમ જ વાર ઉચ્ચ શિક્ષણના માધ્યમ વિષે ગંભીર વિચાર કરવામાં આવ્યો હતો.

આ વખતની પરિષદનું એક અગત્યનું અંગ, પરિષદ અંગે ભારતની ભાષાઓમાં લખાયેલ વિજ્ઞાનના પુસ્તકોનું પ્રદર્શન હતું. આ પ્રદર્શનમાં હિન્દી, બંગાળી, મરાઠી, ગુજરાતી, તામિલ, તેલુગુ ઇત્યાદિ ભાષાનાં બધાં મળીને લગભગ ૫૦૦૦ પુસ્તકો રાખવામાં આવ્યાં હતાં. હિન્દી અને બંગાળી પુસ્તકોની સંખ્યા સૌથી વધુ હતી. કલકત્તાની નેશનલ લાયબ્રેરી તેમજ જુદી જુદી યુનિવર્સિટીઓના સહકારથી આ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. પ્રદર્શન જોતાં પ્રથમ ઉપસ્થિત થતી સ્વાભાવિક ગૌરવ તથા આનંદની લાગણીઓ થોડીવારમાં નિરાશામાં ફેરવાઈ જતી હતી. હિન્દી અને બંગાળી સિવાયનાં પુસ્તકો એકઠાં કરવામાં કચાશ રહી ગઈ હતી. દા. ત., કોલેજ માટે પ્રગટ થયેલાં સંખ્યાબંધ ગુજરાતી પુસ્તકોમાંથી બહુ જ થોડાં દૃષ્ટિગોચર થતાં હતાં. એકંદરે કોલેજના વિદ્યાર્થીઓ માટે લખાયેલ પુસ્તકોની સંખ્યા અત્યંત અલ્પ લાગતી હતી. પ્રદર્શનનું ઉદ્‌ઘાટન યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના વડા શ્રી દેશમુખે કર્યું હતું. ભારતની બધી ભાષામાં એક જ પરિભાષા ઉદ્‌ભવશે એવી એમણે આશા વ્યક્ત કરી હતી. સ્કૂલ સુધીના અભ્યાસક્રમમાં માતૃભાષાને નિશ્ચિત સ્થાન મળી ચૂક્યું છે. હવે પીછેહઠ કરવાનું શક્ય નથી. કોલેજોના અભ્યાસક્રમમાં ભારતીય ભાષાને સ્થાન મળે તેને માટે ખૂબ જ ધીરજ, પરિશ્રમ અને સાધનોની જરૂર છે. આ સવાલનો નિવેડો રાજકીય દબાણથી નહિ લાવી શકાય. આમ શ્રી દેશમુખે એકબીજાથી વિરુદ્ધ અભિપ્રાયોની વચ્ચેનો માર્ગ શિક્ષણના માધ્યમ પરત્વે દેખાડયો હતો.

વિજ્ઞાન પરિષદ્‌નું એક અગત્યનું આકર્ષણ પરદેશના સમર્થ વૈજ્ઞાનિકોનાં ભાષણો તેમજ માર્ગદર્શનને ગણી શકાય. આ વખતે પરિષદમાં ભાગ લેવા ઇંગ્લાંડ, કેનેડા, યુ. એસ. એ, યુ. એસ. એસ. આર., જાપાન, જર્મની, વગેરે દેશોમાંથી અનેક વૈજ્ઞાનિકો આવ્યા હતા. અમેરિકાના પ્રતિનિધિ મંડળના આગેવાને અમેરિકામાં યુનિવર્સિટી શિક્ષણની વ્યવસ્થાનો ખ્યાલ આપ્યો હતો. અમેરિકામાં લગભગ ૨૦૦૦ યુનિવર્સિટીઓ છે. આ બધી યુનિવર્સિટીઓ તદ્દન સ્વતંત્ર છે. યુનિવર્સિટીમાં ભણવાનો ખર્ચ આપણે ત્યાંના કરતાં ઘણો વધારે આવે છે. પરંતુ અમેરિકન યુનિવર્સિટી શિક્ષણની વિશિષ્ટતા એ છે કે અનુસ્નાતક વર્ગોમાં લગભગ અડધા ઉપરાંત વિદ્યાર્થીઓને પૂરતી સ્કોલરશિપોની સગવડ હોય છે. તે ઉપરાંત દેશની મોટી મોટી ઔદ્યોગિક સંસ્થાઓ અને સરકારી ખાતાંઓના સહકારથી યુનિવર્સિટીમાં સંશોધનની યોજનાઓ હાથ ધરવામાં આવે છે. આ યોજનાઓમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને બહુ ઊંચું વેતન મળે છે એટલું જ નહિ પણ પોતાનો અભ્યાસ પૂરો કરે તે પહેલાં ઔદ્યોગિક સંસ્થાઓ એમને ઝડપી લેવાને બહુ આતુર હોય છે. કેનેડાના પ્રતિનિધિ મંડળના વડાએ કેનેડાની રાષ્ટ્રીય પ્રયોગશાળાની કાર્યવાહીનો ખ્યાલ આપ્યો. કેનેડાની રાષ્ટ્રીય પ્રયોગશાળાઓમાં પગારદાર કાર્યકર્તાઓ બહુ ઓછાં રાખવામાં આવે છે; જો કે તેમની કક્ષા ઘણી ઊંચી હોય છે. એમના હાથ તળે કામ કરવા માટે પીએચ. ડી. ઉપાધિવાળાં વૈજ્ઞાનિકોને અમુક વર્ષના કરારથી રાખવામાં આવે છે. આ પદ્ધતિની વિશિષ્ટતા એ છે કે વૈજ્ઞાનિક પ્રગતિ માટે વધુ અનુકૂળ એવું નવું લોહી આવી સંસ્થાઓને નિરંતર મળ્યા કરે છે અને ખર્ચ પ્રમાણમાં ઓછું આવે છે. ઘણાને નવાઈ લાગશે કે આવા વિદ્યાર્થીઓમાં ત્રીજા ભાગના વિદ્યાર્થીઓ ભારતમાંથી જ આવેલા હોય છે. પરદેશના વૈજ્ઞાનિકોમાં સૌથી વધુ આકર્ષણ તો સ્વીડનના બાપો કેમીસ્ટ અને નોબેલ ઇનામના વિજેતા ટીસેલિયસનું હતું. એમની જગવિખ્યાત શોધ 'ઇલક્ટ્રોફેરેસિસ'—વિદ્યુત પ્રવાહથી પૃથક્કરણની રીત રોગનિદાન માટે સમસ્ત જગતમાં પ્રખ્યાત થઈ ચૂકી છે. પ્રોફેસર ટીસેલિયસ નોબેલ ઇનામ આપતી સંસ્થાના ઉપપ્રમુખ છે. એમણે એમના સંશોધનક્ષેત્રનો તેમજ નોબેલ ઇનામ માટે યોગ્ય વ્યક્તિઓ શોધવાની પદ્ધતિનો ખ્યાલ આપ્યો.

એ ઉપરાંત ભારતમાં પરમાણુ શક્તિના ઉત્પાદનની શક્યતાઓ વિષે ડૉ. ભાભાએ માહિતીપૂર્ણ ભાષણ આપ્યું હતું. સાંજના મનોરંજન કાર્યક્રમો દેશના બધા પ્રાન્તોના સંસ્કાર અને વિશિષ્ટતાઓના નમૂના હતા. 'હિન્દ–૧૯૫૮' પ્રદર્શનની મુલાકાત ભારતની સર્વદેશીય પ્રગતિ માટે ખૂબ ઉત્સાહ પ્રગટાવે તેવી હતી.

આ પરિષદમાં ભાગ લેવાની તક આપવા માટે ગુજરાત યુનિવર્સિટીનો (અ. મ. ત્રિ.) અને અમદાવાદ એજ્યુકેશન સોસાયટીનો (જ. જ. ત્રિ.) આભાર માનીએ છીએ. આ લેખ લખવામાં મદદ કરવા માટે શ્રી. પુનમચંદ પટણીના પણ આભારી છીએ.

અંતમાં, ગુજરાત યુનિવર્સિટીના સંચાલકો આવતી વિજ્ઞાન પરિષદને અમદાવાદને આંગણે આમંત્રી, સ્થાનિક વૈજ્ઞાનિકોને દેશપરદેશના વૈજ્ઞાનિકોના સંસર્ગનો લાભ અપાવે એમ આપણે ઇચ્છીએ.

★

વિલાયતની વાતો

કાન્તિલાલ મ. ગાંધી

૧

સ્નેહી ભાઈશ્રી,

વિલાયત ફરી આવીને હું પાછો સ્વદેશ આવી ગયો છું તે જાણીને તમે 'પ્રસ્થાન'માં મારા અનુભવો રજૂ કરવાની માગણી અને ઉઘરાણીઓ કરવાના તેની મને ખાત્રી જ હતી. અને જ્યારે હવે તમે જાણો જ છો કે ૭ મહિનામાં મેં ઘેર એકસો ને ત્રેસઠ પત્રો વિલાયતથી લખ્યા હતા ત્યારે, હું "મારે લખવા જેવું કંઈ જ નથી" એવું બહાનું કાઢું તો તે પણ ચાલવાનું નથી. તમારો પ્રેમ અને આગ્રહ એવાં છે, કે મારે વશ થઈ જ જવું પડે છે. બાકી સાચું પૂછાવો તો હવે તો 'સમયની તંગી'ના મુખ્ય કારણ ઉપરાંત જાહેર લેખન નહિ કરવાનાં બીજાં પણ એક બે કારણો વિલાયત જઈ આવ્યા પછી તો ખાસ વધ્યાં છે. વિલાયતના અનુભવોએ રહ્યુંસહ્યું મિથ્યાભિમાન પણ ભૂંસી નાખ્યું છે અને નમ્રતા વધારી દીધી છે. એમ જ કહોને કે નરમઘેંશ જેવો બનાવી દીધો છે! આનો અર્થ પાછો એમ તો ન જ કરશો કે આ અનુભવોએ લઘુભાવના પ્રકટાવી છે. એ દૃષ્ટિએ તો એમ પણ કહી શકું કે વિલાયતે તો મારામાં હતી તે રહીસહી લઘુભાવનાને પણ પૂરેપૂરી ભૂંસી નાખી છે. હવે હું ભલભલા 'સાહેબડાઓ' કે 'ગવન્ડરો'થી પણ અંજાઈ જાઉં તેમ નથી. બહુ જોઈ નાખ્યા એવા તો ત્યાં!

નમ્રતા એ દૃષ્ટિએ વધી છે કે હું તે એવો ખાસ કઈ જાતનો લેખક છું કે જરા જેટલો વિલાયત જઈ આવ્યો એટલે બડીબડી વાતો કરવાનો અધિકારી બની ગયો કહેવાઉં! વિલાયત તો આજ સુધીમાં હજારો ભારતવાસીઓ જઈ આવ્યા છે અને હજારો જયા જ કરવાના. એ કંઈ હવે બહુ નવાઈનું નથી ગણાતું. અને બધાને એનું એ જ કહેવાનું હોય છે. તેથી હું નવું શું કહેવાનો છું! અને કદાચને કંઈક નવું કહીશ તો વિલાયત વિશેના વિશેષ અનુભવવાળાઓ પરખાવી દેશે કે "ઓહો! એમાં નવું શું કહ્યું? ભૂગર્ભ ટ્રેનો કે ટેલીવીઝન એ તો ત્યાં વર્ષોથી ચાલે છે!" અને મારાં કેટલાંક વિધાનો (હા, એવાં કદાચ થઈ જવાનો ભય પણ છે જ. કલમ ક્યાં ઘસડાશે તે અત્યારથી કોણ જાણી બેઠું છે!) બીજા પ્રવાસી નિરીક્ષકોથી સાવ ઊંધાં હોવાનો પણ સંભવ છે. છતાં હવે તમારા પ્રેમને વશ થઈ ને વાતોનું વહેણ આગળ વધારવું જ રહ્યું. ફુલાતા નહિ પણ કહી લેવા દો કે તમારા જેવું વશીકરણ તો વિલાયતની અપ્સરાઓમાં પણ ના જોયું! (એ અપ્સરાઓ વિશે પણ આપણે આગળ ઉપર જોઈશું જ!)

આમ તો વિલાયત વિશે ઘણી ઘણી વાતો કરવાની છે. ત્યાંનો પ્રદેશ, હવામાન, ખાનપાન, ગાનતાન, સભ્યતા, સ્વચ્છતા, શિક્ષણ, સંસ્કાર, વ્યાપાર, હુન્નર, ઉદ્યોગ, બાળકો, સ્ત્રીઓ, સ્ત્રીપુરુષ સંબંધો, કૌટુંબિક જીવન, રાજકારણ, રંગદ્વેષ વગેરે વગેરે વિશે સેંકડો વાતો કહી

શકાય તેમ છે. પરંતુ પાઠ્ય પુસ્તકના જેવી ગંભીર રીતે અક્કર વિધાનો રૂપે એ વાતો કરવાને બદલે મારી પોતાની દષ્ટિએ આ બધી વસ્તુઓ કેવી દેખાઈ એ રીતે જ હું આ વાતો કરીશ. અને 'લેખ' શબ્દથી ભયભીત થઈને વખતોવખત શરૂઆત કરવાનું જ માંડી વળાય છે તેથી 'પત્ર' રૂપે જ આ વાતો કરીશ તો કંઈક આગળ ચાલશે, જામશે એમ લાગે છે. પત્રની વાતમાં તો કદાચ આખા જગતમાં મારો રેકોર્ડ હજી સુધી કોઈએ તોડ્યો નહિ જ હોય એવી નમ્ર આશા છે! વિલાયતથી જ નહિ પરંતુ ભારતના પ્રવાસ દરમ્યાન સુદ્ધાં દરરોજ એક લાંબો પત્ર તો હું ઘસડતો જ હતો—પણ તે બધા પત્રો એક જ દિશામાં હતા! આજે દિશા બદલું છું, નવો ચીલો, નવું પ્રસ્થાન!

પહેલી વાત તો જરાક ઊંધેથી જ શરૂ કરું તો કેમ? અહીંથી ગયો હતો તો વિમાનમાં, પણ પાછો ફર્યો સ્ટીમરમાં. સ્ટીમર મુંબઈના બારામાં દાખલ થઈ ત્યારે કેવું લાગેલું? ૭ મહિનાના વિયોગ બાદ કુટુંબીજનોને પાછા મળવાનો ઉત્સાહ અને ઉમંગ એટલો બધો હતો કે સ્ટીમરમાં છેલ્લી રાત તો લગભગ હું ઊંઘ્યો જ નહોતો. સ્ટીમર તો રાતના ત્રણ વાગ્યાની મુંબઈનાં પાણીમાં પેસી ચૂકી હતી તે અમે એલાર્ડ પીયરની બત્તીઓ જોઈને જાણી ગયા હતા. પરંતુ બંદર ઉપર તો સવારે સાડા પાંચે લાવવામાં આવી. પેલો ઉમંગ તો જેમનો તેમજ હતો. પરંતુ આ બધું શું? ભારતને બદલે કોઈ બીજા દેશમાં તો નથી આવી પડ્યાને! આટલો બધો ઘોંઘાટ શા માટે? પણ ના, કશી જ ભૂલ નહોતી. અમે આપણી પ્યારી ભારતભૂમિ ઉપર જ આવી પહોંચ્યા હતા. બસ, શું ૭ જ મહિનામાં આ બધું ભૂલી ગયો! જિંદગીભર તો આ જ ઘોંઘાટ જોયો છે—શેરીઓમાં, બજારોમાં, સ્ટેશનો ઉપર, સર્વત્ર ભારતદેશમાં. ઘોંઘાટ એ તો આપણી રાષ્ટ્રીય ખાસિયત છે. અને શું ૭ મહિનામાં તે સ્મૃતિપટ પરથી પણ ભૂંસાઈ ગઈ હતી? વિલાયત માનવીની સ્મૃતિનો પણ હ્રાસ કરી નાખે છે કે શું?

કોઈને આમાં અતિશયોક્તિ લાગશે પરંતુ ૭ મહિનાના અનુભવ ઉપરથી હું ચોક્કસપણે કહી શકું તેમ છું કે આપણો ઘોંઘાટ તો ખરેખર અજોડ છે. 'ઓમ્ શાંતિઃ, શાંતિઃ, શાંતિઃ'નો મંત્ર તેથી જ કદાચ આપણને સદીઓથી શીખવાડ્યા કરવો પડે છે! અલબત્ત અત્રે મારે કબૂલ કરવું જ જોઈએ કે વિલાયત જતાં પહેલાં હું પોતે પણ જોરથી જ વાતો કરતો હતો. પરંતુ સાન્તાક્રુઝથી વિમાનમાં બેઠા પછી તુરત જ જે ધીમા અવાજે વાત કરવાની તાલીમ શરૂ થઈ ગઈ તે ૭ મહિનામાં તો ખૂબ પાકી થઈ ગઈ. હવે મને સમજાતું જ નથી કે શા માટે આપણે આટલા બધા જોરથી વાતો કરીએ છીએ! આપણા શ્રોતાઓમાં ભાગ્યે જ કોઈ બહેરું હોય છે છતાં આપણે શા માટે આપણી કંઠશક્તિનો દુર્વ્યય કરીએ છીએ!

આપણી પોતાની શક્તિના દુર્વ્યયની વાત તો બાજુએ રાખીએ પણ આપણે આપણી વાતો જેને નથી સાંભળવી તેને પણ સાંભળવાની ફરજ પાડીએ છીએ—એકબીજાની બજાબરી કરીએ છીએ તે કેમ આપણને સમજાતું નથી? આપણી ટ્રેનોમાં જુઓ. એક ટોળકી વાતે ચડશે તે એવી તો પોતાની ધાંધલમાં મશગૂલ બની જશે કે બાજુમાં બેઠેલો બીજો કોઈ પ્રવાસી વાંચવા માગતો હોય કે ઊંઘવા માગતો હોય તો તેના દૃષ્ટિબિંદુ કે સગવડનો આપણને ખ્યાલ જ નથી આવતો અને આવે છે તોયે કોને પડી છે? આપણને રસ્તાના એક છેડેથી

પણ શક્ય છે ખરું ? અને બધા જ વિલાયત જઈ આવેલાઓ પલટાઇ જાય છે એવું પણ ક્યાં છે ? અને પલટાએલાને પાછા પણ ક્યાં નથી પલટાવું પડતું ! અને એવું પણ કોણે કહ્યું કે આપણે પલટાવાની ખરેખર જરૂર છે જ ! જેવા છીએ તેવા જ આપણે શું ખોટા છીએ ?

બીજી બાજુ મુંબઈથી લંડન જવાનો અનુભવ ઊંધો જ હતો. એરોપ્લેનની અંદરની શાંતિની વાત તો મેં લખી દીધી જ છે. પછી લંડનના એરપોર્ટની વાત પણ જાણવી છે અને ત્યાંથી બકીંગહામ મહેલરોડ ઉપર આવેલી આલીશાન ગ્રોવેનોર હોટલમાં પહોંચ્યો ત્યાં સુધીના બારે માઈલના રસ્તા ઉપરની શાંતિ, સ્વચ્છતા અને શીતળતા ખૂબ જ આંજી નાખે તેવાં જોવાના મળ્યાં. પરંતુ હોટલના રૂમમાં પ્રવેશ કર્યો બાદ પાછું સૂનું સૂનું પણ લાગવા માંડ્યું ! 'ટેક સાઈલિન્સ' પણ પાછી મૂંઝવી નાખે તેવી હોય છે અને પછી આગળ ઉપર 'હોમ સીકનેસ' શરૂ થાય છે ત્યારે તો પાછા ઘેર ચાલ્યા આવવાનું પણ મન કોઈકોઈવાર થઈ જાય છે !—વિલાયતની બધી સગવડો, ભપકો, શાંતિ, સ્વચ્છતા એ બધું છોડીને આપણા પ્યારા ઘોંઘાટ, ધાંધલવાળા જીવનની મઝા ત્યાંનાં સ્વપ્નોમાં પાછી દેખા દે છે. ખાસ કરીને આપણા મસાલેદાર ભોજનની કલ્પના આવતાંમાં તો 'સ્વીટ હોમ'ની યાદ ખૂબ જ તીવ્ર બનવા માંડે છે. આ બધી બાબતો વિશેની વાતો આપણે હવે પછીના પત્રોમાં જોઈશું.

ક્રમશઃ]

તમારો સ્નેહાધીન
કાન્તિ ગાંધીના જય હિંદ

અનુસંધાન પૃ. ૨૦૦]

(૫) અમ્લ ક્ષારોનો ઉપયોગ કરનારા ભાગ્યે જ પાણી પીએ છે—બહુ જ ઓછું પાણી પીએ છે, જ્યારે અમ્લ પ્રતિયોગીને છૂટથી પાણી પીવાનું મન થયા કરે છે.

કબજીઆત

(૬) અમ્લ ખોરાકમાં કબજીઆત થાય છે જ્યારે પ્રતિઅમ્લમાં કબજીઆત રહેતી જ નથી.

(૭) અમ્લ પદાર્થો લેનારાઓ દરદનાં ભોગ બને છે જ્યારે એસ્પીરીન જેવી જ્ઞાનતંતુની ક્રિયાશક્તિને હણી નાખનારી દવાઓ લેવી પડે છે, જ્યારે પ્રતિઅમ્લમાં એનો ભાગ્યે જ ઉપયોગ કરવાનું આવે છે.

(૮) અમ્લ પદાર્થો લેનારનો સ્વભાવ ક્રોધી, ચિંતાવાળો જોવા મળે છે જ્યારે પ્રતિઅમ્લમાં ભાગ્યે જ ક્રોધ કે ચિંતા પેદા થાય છે. એની વૃત્તિ નિર્મળ અને શાંત રહે છે.

(૯) અમ્લ પદાર્થો લેનાર સ્વભાવે આળસુ હોય છે. એમને કસરત કરવાનું કે ફરવા જવાનું મન થતું નથી; જ્યારે અમ્લપ્રતિયોગી ખોરાક લેનાર કાયમી સ્ફૂર્તિમાં રહે છે, કસરત કરે છે, ફરવા જાય છે.

(૧૦) અમ્લ પદાર્થો લેનારની ઊંઘ, અજંપાવાળી તંદ્રામય રહે છે; જ્યારે અમ્લ પ્રતિયોગી ખોરાકવાળો વહેલો ઘસઘસાટ ઊંઘી જાય છે.

ખોરાકભેદની આ વિચિશ્ના છે.

રેજિસ્ટ્રેશન ઑફ ન્યૂઝપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ, ૧૯૫૬, રૂલ ૮
ફૉર્મ IV અનુસાર નિવેદન

૧	પ્રકાશન સ્થળ	પ્રાર્થના સમાજ મંદિર, રાયખડ, અમદાવાદ
૨	ક્યારે ક્યારે પ્રસિદ્ધ થાય છે	માસિક તરીકે—દર મહિનાની તા. ૧લીએ
૩	છાપનારનું નામ	મણિલાલ છગનલાલ શાહ
	નેશનાલિટી	ભારતીય
	સરનામું	નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ ઘીકાંટા રોડ, અમદાવાદ
૪	પ્રકાશકનું નામ	રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી
	નેશનાલિટી	ભારતીય
	સરનામું	૧૨ અ, ભારતીનિવાસ સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ
૫	તંત્રીનું નામ	રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી
	નેશનાલિટી	ભારતીય
	સરનામું	૧૨ અ, ભારતીનિવાસ સોસાયટી એલિસબ્રિજ, અમદાવાદ.
૬	માલિકનું નામ	રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

હું, રણછોડજી કે. મિસ્ત્રી આથી સોગંદપૂર્વક જાહેર કરું છું કે ઉપરની હકીકત હું જાણું છું અને માનું છું ત્યા સુધી ખરી છે.

તા. ૨૬–૨–૫૯ — રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી
પ્રકાશક



વર્ષ ૩૪
અંક ૬

મૂળતંત્રી
સ્વ૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક

સંપાદક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

તમે જાણો છો?

વર્ષ દરમ્યાન

આરોગ્ય અંક

આઝાદી અંક

દીપોત્સવી અંક

[illegible]

લવાજમ રૂ. [illegible]

પ્રસ્થાન-પ્રકાશનો

પ્રેમનો દંભ	[illegible]	[illegible]	૧-૦-૦
સ્ત્રી અને પુરુષ	[illegible]	દષ્ટિપરિવર્તન	૨-૮-૦
કથાવલિ ભા ૧	૩-૦-૦	[illegible]	[illegible]
,, ભા ૨	[illegible]	[illegible]ની આત્મકથા ભા ૧ ૨	૫-૦-૦
[illegible]	૩-૦-૦	[illegible]	[illegible]
ટોલ્સ્ટોયની નવલિકાઓ	૩-૦-૦	[illegible]	[illegible]
દિનચર્યા	૩-૦-૦	[illegible] [illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	૧-૮-૦	[illegible]	[illegible]
[illegible]	૫-૦-૦	[illegible] ભા ૨	[illegible]

પ્રસ્થાન કાર્યાલય : ગાયખડ : અમદાવાદ

જે ગ્રાહકોનું લવાજમ ૨૦૧૫ ના ચૈત્ર અંકથી પૂરું થાય છે તે ગ્રાહકોને

'પ્રસ્થાન'નો આવતો અંક વી. પી. પી. થી મોકલાશે

'પ્રસ્થાન'ના મોટે ભાગના ગ્રાહકો તો કારતક માસથી ગ્રાહક તરીકે નોંધાયેલ હોય છે. પણ જેઓ વર્ષના અધવચથી ગ્રાહક થયા હોય તેમનું લવાજમ ચૈત્ર અંકથી–આ અંકથી–પૂરું થાય છે. તેમને આવતો અંક–વૈશાખ અંક રૂા. ૭=૧૨ નયા પૈસાના વી. પી. થી રવાના થશે તે સ્વીકારી લેવા વિનંતી છે. હવે પછીનો અંક 'ત્રીજી પંચવર્ષી યોજના' અંક હશે તે તરફ તમારું લક્ષ ખેંચું છું.

એટલે, અમારી તો વિનંતી છે કે એ અંક વી. પી. થી મંગાવવા કરતાં આપ આપનું લવાજમ મ. ઓ. થી યા ચેકથી મોકલી આપશોજી. વી. પી કરાવવાથી દશ આનાનો ખર્ચ વધુ આવે છે; વળી વી. પી. વાળો અંક એચાર દિવસ મોડો પણ મળે છે. એટલે આપ આપનું લવાજમ તા. ૨૫–૪–૫૯ સુધીમાં મળે એમ મોકલી આપશોજી. ત્યાં સુધીમાં આપનું લવાજમ નહીં મળી જાય તો તા. ૧–૫–૫૯ ની આસપાસ રૂા. ૭=૧૨ નું વી. પી. કરીશું તે સ્વીકારી લેવા વિનંતી છે.

જેમની ઇચ્છા ગ્રાહક તરીકે ચાલુ રહેવાની ન હોય તેમણે, તે મુજબ લખી જણાવવું. પરદેશના ગ્રાહકોને વી. પી. થતાં નથી માટે તેમણે પોતાનું લવાજમ રૂા. ૯=૦૦ પોસ્ટલ ઓર્ડરથી (ક્રોસ કરવા નહીં) યા ચેકથી યા મ. ઓ. થી મોકલી આપવું.

પ્રસ્થાન કાર્યાલય
પ્રાર્થના સમાજ મંદિર
રાયખડ : અમદાવાદ

વ્યવસ્થાપક

વૈશાખ અંક	'ત્રીજી પંચવર્ષી યોજના' અંક
જેઠ અંક	'આરોગ્ય – અંક' : ૭ મો

'પ્રસ્થાન' દર મહિનાની પહેલી તારીખે પ્રસિદ્ધ થાય છે.

પ્રસ્થાન લવાજમ : હિંદમાં રૂા. ૬=૫૦ પરદેશના રૂા. ૯=૦૦

॥ प्रस्थान ॥

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૬૭ ચૈત્ર : ૨૦૧૫ અંક ૬

જનનમર્યાદા

મહાત્મા ગાંધી

સંતાનવૃદ્ધિને મર્યાદામાં મૂકવાની જરૂર એ બાબતમાં તો બે અભિપ્રાય હોઈ જ ન શકે પણ તેનો એકમાત્ર માર્ગ જમાનાઓ થયાં આપણને વારસામાં અપાયેલો સંયમ—બ્રહ્મચર્ય—છે. એ એક રામબાણ ઉપાય છે, અને તેના પાલન કરનારનું તે કલ્યાણ કરે છે. દાક્તરી વિદ્યાવાળા જનનમર્યાદા માટે કૃત્રિમ સાધનોની શોધો કરવાને બદલે જો બ્રહ્મચર્યના પાલનના ઉપાયો યોજશે તો મનુષ્યજાતિનો સદાને માટે આશીર્વાદ મેળવશે...

કૃત્રિમ સાધનો એ દુરાચારને ઉત્તેજન આપવા જેવું છે. પુરુષને તેમજ સ્ત્રીને તે આંધળાંભીત કરી મૂકે છે. અને આ ઉપાયોને જે પ્રતિષ્ઠા અપાઈ રહી છે તેથી સામાજિક માન્યતાઓનો જે કાંઈ દાબ માણસ ઉપર રહે છે તેને પણ ઊડતાં વાર નથી લાગવાની. કૃત્રિમ સાધનોના પ્રયોગથી નપુંસકતા અને નિર્વીર્યતા જ ઊપજે. રોગ કરતાં ઇલાજ જ વધુ ઘાતક નીવડવાનો. પોતાના કર્મના ફળમાંથી બચી જવાની કોશીશ કરવી એ ખોટું છે, અનીતિમય છે જે અકરાંતિયો થઈ વધુ ખાઈ લે તેને પેટમાં ચૂંક આવે અને પછી ઉપવાસ કરવો પડે એ જ સારું છે સ્વાદેન્દ્રિયને છૂટી મૂકી દઈ ભૂખ ઉપરાંત ઠાંસીને ખાઈ લીધા પછી તેના કુદરતી પરિણામમાંથી બચવા ખાતર પાચક ઓસડો લેવાં એ ખોટું છે. પણ માણસ પોતાની પાશવિક ભોગવૃત્તિને સંતોષીને તેના કુદરતી પરિણામમાંથી બચી જાય એ તેથીયે બૂરું છે. કુદરત કોઈની દયા નથી ખાતી, અને પોતાના નિયમોના ઉલ્લંઘનનું પૂરેપૂરું ભાડું લે છે. સાત્ત્વિક અને શુભ પરિણામ તો વાસનાઓના નિગ્રહથી જ મેળવી શકાય. બીજા બધા ઉપાયોના પરિણામો વિષમ જ આવે. કૃત્રિમ પદ્ધતિઓની હિમાયતની પાછળ રહેલી દલીલ એ છે કે વિષયભોગ એ મનુષ્યજીવનને આવશ્યક છે. આ મોટામાં મોટો ભ્રમ છે. પ્રજોત્પત્તિને જેઓ નિયમબદ્ધ કરવા ઇચ્છતા હોય તેઓ પ્રાચીનોએ યોજેલા શુદ્ધ વિહિત ઉપાયોનો પુનરુદ્ધાર કરવાના રસ્તાઓ શોધે એ જ યોગ્ય છે.

તેને માટે પ્રારંભિક કાર્ય તેમની સામે કેટલુંયે કરવાનું પડ્યું છે. બાલવિવાહ જન સંખ્યામાં વધારો થવાનું મોટું કારણ છે. આધુનિક રહેણીને પણ અમર્યાદિત પ્રજોત્પત્તિ સાથે ઘણો જ સંબંધ છે. આ અને આવાં બીજાં કારણોની જો બરાબર તપાસ થાય અને તેમના યોગ્ય ઇલાજો લેવામાં આવે તો સમાજની નૈતિક ઉન્નતિ જ પરિણમે. પણ જો અધીરા, ઉત્સાહઘેલા લોકો તે તરફ દુર્લક્ષ કરે અને કૃત્રિમ સાધનોનો પ્રયોગ સામાન્ય થઈ પડે તો

[અનુસંધાન પૃષ્ઠ ૨૪૭]

પાકિસ્તાન-અમેરિકાના દ્વિપક્ષી લશ્કરી કરારો

પ્રો. દેવવ્રત નાનુભાઈ પાઠક

પાકિસ્તાન તથા અમેરિકા વચ્ચે માર્ચની ૫મીએ દ્વિપક્ષી લશ્કરી કરારો કરવામાં આવ્યા છે. આવા જ દ્વિપક્ષી કરારો તુર્કી તથા ઈરાન સાથે પણ અમેરિકાએ કર્યા છે (માર્ચ ૫, ૧૯૫૯). આ કરારોએ આપણે ત્યાં ઠીકઠીક ઉહાપોહ જગાવ્યો છે અને તેનાથી હિંદના સંરક્ષણ ઉપર શી શી અસર થઈ છે તેના વિશે તર્કવિતર્ક ચાલી રહ્યા છે.

આ દ્વિપક્ષી કરારોનું મૂલ્યાંકન કરવા માટે છેલ્લાં બેચાર વર્ષનો ઇતિહાસ જોવો આવશ્યક છે. આ કરારો મધ્યપૂર્વના દેશો સાથે કરવામાં આવ્યા છે. અને પાકિસ્તાનને એક દેશ તરીકે ગણવામાં આવ્યો છે. મધ્યપૂર્વની સહીસલામતી અંગે અમેરિકા ચિંતાતુર છે—ખાસ કરીને ૧૯૫૬ ના ઓકટોબરમાં બ્રિટન – ફ્રાન્સ – ઈઝરાયલે ઇજિપ્ત ઉપર સુએઝના પ્રશ્ન અંગે ચડાઈ કરી ત્યારથી. આ લડાઈમાં બ્રિટન તથા ફ્રાન્સને પીછેહઠ કરવી પડેલી. લડાઈ પછી પહેલી જ વાર અમેરિકાએ તેનાં પશ્ચિમનાં આ સાથીરાજ્યોને મદદ કરવાની ના પાડી અને સંયુક્ત રાષ્ટ્રસંઘની ચર્ચામાં તેમની વિરુદ્ધ મત આપ્યો. બ્રિટનનો લોકમત પણ આ બનાવથી પ્રજ્વલિત થયેલો અને છેવટે વડાપ્રધાન એન્થની ઇડનને રાજીનામું આપવું પડેલું. બ્રિટનની સરકાર માટે આ પૂરી માનહાનિ હતી. અધૂરામાં પૂરું, રશિયા તરફથી લશ્કરી હસ્તક્ષેપની ધમકી આપવામાં આવી અને તેની સાથે જ બ્રિટને તેનાં લશ્કરો પાછાં ખેંચી લીધાં. બ્રિટનની પીછેહઠમાં રશિયાની ધમકીએ પણ ઠીકઠીક ભાગ ભજવ્યો. અમેરિકા માટે આ પરિસ્થિતિ ઓછી મૂંઝવણભરી નહોતી. મધ્યપૂર્વનાં દેશોમાં રશિયા આગળ આવી જાય એ તે સહન કરવા તૈયાર નહોતું. તે સાથે બ્રિટનનાં પગલાંને ટેકો આપવો પણ તેના માટે શક્ય નહોતું. બ્રિટનની પીછેહઠનો લાભ લઈને રશિયા મધ્યપૂર્વમાં પગપેસારો કરે તેની પણ તેને બીક હતી. આ પરિસ્થિતિમાંથી અમેરિકાએ જે રસ્તો કાઢયો તે આઇઝનહાવર સિદ્ધાન્ત છે. માર્ચ ૯, ૧૯૫૭ના રોજ અમેરિકાની કોન્ગ્રેસે (ધારાસભાએ) એક ઠરાવ પસાર કરીને મધ્યપૂર્વમાં સામ્યવાદી પગપેસારાનો સામનો કરવા માટે લશ્કરી પગલાં લેવા માટે પ્રમુખને સત્તા આપી. અલબત્ત, જે દેશને આવી મદદ આપવામાં આવે તે દેશની સંમતિ તેમાં લેવામાં આવનાર હતી. જો કે રાજકીય વ્યવહારમાં આ સંમતિ હંમેશાં લેવામાં આવી છે તેમ કહી શકાય તેમ નથી. અમેરિકાના રાજ્યદ્વારી નેતાઓએ મધ્યપૂર્વની મુલાકાત લઈને એ સિદ્ધાન્ત તે દેશોના ગળે ઉતારવાનો પ્રયત્ન કરેલો. ઈજિપ્ત સીરિયા વગેરે દેશોએ તેનો પ્રથમથી જ વિરોધ કરેલો. ૧૯૫૬ માં સુએઝમાં જે કંઈ બન્યું તેમાં સામ્યવાદ – બિનસામ્યવાદનો સવાલ હતો નહિ. એ દૃષ્ટિએ આઈઝનહાવર સિદ્ધાન્તની યોગ્યાયોગ્યતા વિચારવી જોઈએ. આજે આ સિદ્ધાન્તની રૂએ પાકિસ્તાન – અમેરિકા વચ્ચે દ્વિપક્ષી કરારો કરવામાં આવ્યા છે.

આઇઝનહાવર સિદ્ધાન્તની ઉપરની ઐતિહાસિક ભૂમિકા જોયા પછી આપણે બગદાદ કરાર વિશે થોડું વિચારી લઈએ. બગદાદ કરારમાં મુખ્યત્વે બ્રિટન, ઇરાક, ઈરાન, તુર્કી તથા પાકિસ્તાન સભ્યો રહ્યાં છે. અમેરિકાએ આ કરારને ટેકો આપ્યો છે પણ તે તેનું સભ્ય

બન્યું નથી. ગયા જુલાઈમાં (૧૯૫૮) ઇરાકમાં બળવો થયો અને ઈરાક બગદાદ કરારમાંથી છૂટું પડી ગયું. બગદાદ એ ઇરાકની રાજ્યધાની છે અને તે જ તેમાંથી નીકળી જાય એ બગદાદ કરાર માટે એક કમનસીબ ઘટના હતી. બગદાદ કરાર ફેબ્રુઆરી ૨૪, ૧૯૫૫ માં કરવામાં આવેલો. તેની ત્રણેક વર્ષની કારકીર્દિમાં તેને ખાસ સફળતા મળી નથી અને ઈરાકના બળવા પછી તે લગભગ મૃતઃપ્રાય બની ગયો છે. આ પરિસ્થિતિમાં પણ બગદાદ કરારને ટકાવી રાખવાનો પુરુષાર્થ અમેરિકાએ હાથ ધર્યો છે. બગદાદ કરારનાં બાકી રહેલાં ત્રણ રાજ્યો—પાકિસ્તાન, ઈરાન, તુર્કી—ની સાથે આ કારણે દ્વિપક્ષી કરાર કરવામાં આવ્યા છે (માર્ચ ૫, ૧૯૫૯). ટૂંકમાં, આઇઝનહાવર સિદ્ધાન્ત હેઠળ બગદાદ કરારને નવા સ્વરૂપે પુનર્જીવિત કરવામાં આવ્યો છે.

૧૯૫૪ની સાલથી પાકિસ્તાન તથા અમેરિકા વચ્ચે લશ્કરી કરારો કરવામાં આવ્યા છે. આ કરાર ચાલુ છે. છતાં પાકિસ્તાનની સાથે આ પ્રકારનો દ્વિપક્ષી કરાર કરવાની શી જરૂર હતી એ પ્રશ્ન સહેજે ઉપસ્થિત થાય છે. કદાચ એમ ઘટાવી શકાય કે આ દ્વિપક્ષી કરારો પાકિસ્તાનને મધ્યપૂર્વનું રાજ્ય ગણીને અને બગદાદ કરારના સભ્યરાજ્ય તરીકે કરવામાં આવ્યા હોય!

આઇઝનહાવર સિદ્ધાન્ત મધ્યપૂર્વમાં સામ્યવાદી આક્રમણનો સામનો કરવા માટે ઘોષિત કરવામાં આવ્યો છે: તે જ પ્રમાણે બગદાદ કરારનો મુખ્ય ઉદ્દેશ સામ્યવાદનો ફેલાવો અટકાવવાનો છે. બન્નેનો હેતુ મુખ્યત્વે લશ્કરી છે. (આઇઝનહાવર સિદ્ધાન્તમાં આર્થિક મદદનો ઇશારો છે.) પરંતુ અત્યારના દ્વિપક્ષી કરારોમાં જે આક્રમણનો સામનો કરવામાં આ લશ્કરી મદદ આપવામાં આવનાર છે તે "સામ્યવાદી" જ હશે એમ બન્ને પક્ષો એકસરખી રીતે સ્વીકારતા નથી. આઇઝનહાવર સિદ્ધાન્ત માટે અમેરિકાની કોંગ્રેસે જે ઠરાવ કર્યો છે તે માત્ર "સામ્યવાદી આક્રમણ" નો જ નિર્દેશ કરે છે જ્યારે પાકિસ્તાન જેવા દેશો ગમે તે દિશામાંથી થનાર આક્રમણની સામે આ લશ્કરી મદદ મળી છે એમ જણાવે છે. આ અસંગતિ દૂર કરવા અને કરારનો મુખ્ય આશય શો છે તે નક્કી કરવા આપણે અમેરિકા પાસે સ્પષ્ટતા માગી છે. આપણી આ માગણી થઈ તે પહેલાં જ અમેરિકાના હિંદમાંના એલચી એલ્સવર્થ બન્કરે આપણી સરકારને આ અંગે બાંયધરી આપી છે. પણ આ બાંયધરી પાકિસ્તાનને માન્ય નથી. અને પાકિસ્તાન આ કરારોનો જુદો જ અર્થ ઘટાવે છે. વળી અમેરિકાની બાંયધરી છતાં પાકિસ્તાન તેને મળેલાં શસ્ત્રોનો ઉપયોગ હિંદ સામે નહિ જ કરે તેની કોઇ ખાત્રી આપી શકે તેમ નથી. આથી આ કરાર હિંદના માટે ભયરૂપ બને છે. અત્યાર સુધી પાકિસ્તાન અમેરિકા પાસેથી લશ્કરી સહાય મેળવતું આવ્યું છે. પણ આ કરારોમાં આ મદદનો હેતુ સામ્યવાદનો સામનો કરવાનો છે. હવે આ દ્વિપક્ષી કરારોમાં પહેલી જ વાર કોઇ પણ આક્રમણ સામે પાકિસ્તાનને મદદ કરવાની બાંયધરી મળી છે.

અહીં પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે જો હિંદ પાકિસ્તાનની ઉપર ચડાઇ કરવાનું ન હોય અને તે "સામ્યવાદી આક્રમણ" કરી શકે તેમ ન હોય તો પછી તેને શી બીક છે? આ પ્રશ્નનો જવાબ એ છે કે હિંદનો આક્રમણનો વિચાર જ નથી. પરંતુ હિંદે આક્રમણ કર્યું છે એમ કહી પાકિસ્તાન જરૂર હિંદ ઉપર આક્રમણ કરી શકે છે! કાશ્મીરમાંના તેના આક્રમણ અંગે સલામતી સમિતિએ હજી કશો જ નિર્ણય લીધો નથી. આંતરરાષ્ટ્રીય કાયદાની દૃષ્ટિએ

"આક્રમણ" એ એવો તો અવ્યાખ્યેય શબ્દ છે કે ઘણી વાર ગમે તે બહાના તળે અને છેવટે માત્ર સંરક્ષણના બહાના તળે કોઈ પણ દેશ આક્રમણનો આશરો લઇ શકે છે. આક્રમણ કરવાના પણ હજાર રસ્તા છે. પાકિસ્તાનમાં આજે સરમુખત્યારી છે. તેની સરકારને બંધારણનો પ્રશ્ન મૂંઝવતો નથી. તે તાત્કાલિક પગલાં લઇ શકે છે અને નબળા દેશો લશ્કરી તાકાત મળતાં ચડાઈ કરવા આતુર બને છે એ ઇતિહાસે સારી રીતે પુરવાર કરી બતાવ્યું છે. એ સાચું છે કે પાકિસ્તાન અને અમેરિકા સ્વતંત્ર દેશો તરીકે તેમને ફાવે તે પ્રમાણે કરારો કરી શકે છે. પરંતુ આ કરાર લશ્કરી છે અને પાકિસ્તાન સાથેના આપણા સંબંધો મૈત્રીભર્યા નથી, તેથી આપણે તે વિશે બેપરવા રહી શકીએ તેમ નથી. અમેરિકામાંના આપણા એલચી શ્રી ચાગલાએ જણાવ્યું છે તેમ, અમેરિકા એક હાથે હિંદને આર્થિક મદદ આપી રહ્યું છે અને બીજી તરફ પાકિસ્તાનને લશ્કરી મદદ આપે છે. આથી હિંદને લશ્કરી ખર્ચ વધારવો પડે છે. અમેરિકા તરફની આર્થિક સહાય આ દૃષ્ટિએ અર્થહીન બને છે.

અમેરિકાની આપણને આપવામાં આવેલી બાંયધરી ગમે તેટલી સહૃદયી અને પ્રામાણિક હોય તો પણ હિંદ પાકિસ્તાનના સંબંધો ક્યારે કેવો ઝોક લેશે તે અંગે કશી બાંયધરી મળી શકે તેમ નથી. નાના એવા છમકલામાંથી યુદ્ધ ભભૂકી ઊઠે તો નવાઈ નહિ. આ પરિસ્થિતિમાં આપણો એક માત્ર આશરો દુનિયાનાં અન્ય રાષ્ટ્રોની સહાનુભૂતિ જ રહે છે. લડાઈના સંજોગોમાં સલામતી સમિતિ ખાસ ઉપયોગી કામ કરવા સમર્થ નથી. કોરિયા, હિંદી ચીન, સુએઝ, હંગેરી વગેરેના દાખલા આપણી સમક્ષ છે. કદાચ રાષ્ટ્રસંઘની સામાન્ય સભા થોડી મદદરૂપ નીવડે; પરંતુ તે પણ મર્યાદિત સ્વરૂપમાં જ. આપણી સલામતીનો આધાર આપણા વ્યવસ્થિત જીવન અને બાહુબળ ઉપર જ રહે છે. સ્વસ્થ અને શાન્ત ચિત્તે હિંદ તેની આર્થિક પ્રગતિ હાંસલ કરે એ જોવા માટે ઘણા થોડા દેશો ખરેખર આતુર હશે!

આ લશ્કરી કરારો બીજી દૃષ્ટિએ પણ અયોગ્ય ઠરે છે. સામ્યવાદી વિચારસરણીનો સામનો કરવાની સૌથી ઉપયોગી અને સરળ રીત પ્રગતિશીલ આર્થિક અને સામાજિક નીતિ છે, લશ્કરી કરારો નહિ માત્ર લશ્કરી કરારો દેશના જીવનમાં સુધારો લાવી શકતા નથી અને સમગ્ર જીવનને કલુષિત કરે છે તેથી સરકારનું સ્વાતંત્ર્ય નામ માત્રનું રહે છે અને લાંબે ગાળે સર્વનાશ નોતરે છે. આજના વૈજ્ઞાનિક યુગમાં જ્યારે આંતરખંડીય સ્વયંસંચાલિત શસ્ત્રો મનુષ્યના હાથમાં આવી રહ્યાં છે ત્યારે આવા લશ્કરી કરારો કેટલા અસંગત અને અર્થહીન છે એ સમજાયા સિવાય રહેતું નથી. આજનું વિજ્ઞાન અને આજની રાજકીય પરિસ્થિતિ આપણને શાન્તિમય સહઅસ્તિત્વ તરફ દોરી જાય છે. સમગ્ર દુનિયા માટે જે અનિવાર્ય આવશ્યકતા છે તે સ્વીકારવામાં જ સર્વનું કલ્યાણ સમાયેલું છે. અમેરિકા અને રશિયા વચ્ચેની ઉનાળામાં યોજાનારી ઉચ્ચ કક્ષાની મંત્રણાઓ આ પરિસ્થિતિનો તોડ કાઢે તેમ આપણે ઇચ્છીએ.

★

'પ્રસ્થાન'ના ગ્રાહકોને

જે ગ્રાહકોનું ચાલુ સાલનું લવાજમ હજી બાકી હોય તેમને વિનંતી છે કે તેઓ હવે પોતાનું લવાજમ મ. ઓ. થી મોકલી આપે. પરદેશના ગ્રાહકો પણ પોસ્ટલ ઓર્ડર (ક્રોસ કરવા નહિ) દ્વારા યા મ. ઓ. થી મોકલે. 'વ્યવસ્થાપક'

બરફરસ્તે બદરીનાથ

સ્વામી આનંદ

૩

હવે અમારી પગવાટ ભગીરથ અથવા ગંગોત્રી નામે મુખ્ય ગ્લેશીઅરને કાંઠે કાંઠે ચાલી. તે પછી તેવું જ મોટું માઇલો લાંબું ચતુરંગી ગ્લેશીઅર પૂરા બે દિવસ અમારે ખૂંદવાનું હતું. ગંગોત્રી ગ્લેશીઅરને કાંઠે માઇલ સવા માઇલ ચાલીને અમારે તે ઓળંગવું પડ્યું. ને પછી જ અમે ચતુરંગી ગ્લેશીઅરની કોરાણે પહોંચ્યા. ગંગોત્રી ગ્લેશીઅરની પહોળાઇ માઇલથી સ્હેજ ઓછી હશે. આખા ગ્લેશીઅર ઉપર નાનામોટા પથરા ઢગલેઢગલા પડ્યા હોય છે, પણ તે પર ચાલવામાં જોખમ નથી. અહીં સુધી અગાઉ બે વાર હું આવેલો. આ પછી આવેલું મેદાન નંદનવન કહેવાય છે. અહીંનાં ગ્લેશીઅરો, વિશાળ મેદાનો અને તે ઉપરનાં હરિયાળાં ચરિયાણો અવની ઉપર અતુલ ગણાય એવાં છે.

ચતુરંગી ગ્લેશીઅરે પહોંચીને અમે જરા વિસામો લીધો, ને અમારી પાસેના મગજ લાડુ વગેરે ખાઈને અમારો થાક ઉતાર્યો. પણ ઘણુ થોભવું પોસાય તેમ નહોતું. હજુ પૂરા બે કલાકની કુદરતી પથ્થર બરફ અને ગ્લેશીઅર જોડ બાકી હતી. આ બે માઈલ અમે પૂરા કર્યા ન કર્યા ને કાળાં વાદળાં ચોમેર ચડી આવ્યાં ને વાવાઝોડા સાથે વરસાદ તૂટી પડ્યો! અમે 'હાડોહાડ' ભીના થઈ ગયા. શૂળ જેવો પવન અમારા મોઢા પર થપાટો મારવા લાગ્યો. ને 'ટાઢનું' તો પૂછવું કેવું? પેલા અમારા નાગા અધનાગા સાથીઓની દશા દયામણી થઇ પડી. હવે અમારે અહીં જ રાતવાસો પડાવ કરવાની ફરજ પડી. અમે એક ચટ્ટાનની ઓથે આશરો લીધો ને તુરત અમારી 'છોલદારી' ઉભી કરી દીધી. પછી અમારા ઉઘાડા સોબતીઓને તેમની મનાઈનાં ભૂમરાણોને ન ગણકારતાં અમારા ધાબળાઓથી ઢબૂરી દીધા!

સદ્‌ભાગ્યે થોડીવારમાં તોફાન ચાલ્યું ગયું ને સૂરજનું ખામું તડકું નીકળ્યું. પણ અમે મુકામ ઉઠાવીને આગળ જઈ શકીએ એમ નહોતું. વાતવાતમાં સાંજ પડી. દલીપસિંઘે મેદાનમાંથી થોડી ઘેટાંબકરાંની લીંડીઓ ભેગી કરી ચા બનાવી, અને સંધ્યાનાં અજવાળાંમાં અમે મગજ ને રોટલા જમી લીધા. હું અગાઉ કહી ગયો તેમ ફાનસ ટૉર્ચ તો કશું અમારી પાસે હતું નહિ પ્રાર્થના માળા કરીને અમે થાકેલા એકબીજા જોડે ભીંસાઈને 'છોલદારી'માં સૂતા.

પણ મને ઊંઘ ન આવી. એ નીરવ રાત્રે ચોમેરના આખા દૃશ્યની શોભા એવી તો કામણગારી હતી કે આખા દિવસનો અતિ થાક છતાં હું છોલદારીમાંથી બહાર નીકળ્યો ને એક પહોળા પથ્થર પર બેઠો. કુદરતની એ અપૂર્વ શોભા જોતાં આંખ ધરાય તેમ નહોતું. આખું આકાશ સેંકડો હજારો માણેકમોતી ને હીરાની જેમ ચમકતા તારાઓનાં મંડળો અને ગ્રહનક્ષત્રોની આભાથી ઝળહળી ઉઠ્યું હતું. ચોમેર ખીચોખીચ ઉભેલાં બરફશિખરો અને ઢોળાવો ઉપર ચંદ્રની આછી દૂધ જેવી રૂપેરી ચાંદની રેલાઈ રહી હતી! પૃથ્વી જાણે નીરવતાની ગોદમાં સમાઇને ઊંઘી રહી છે. વચ્ચે વચ્ચે ગ્લેશીઅરની સપાટી ઉપર ટચુકડાં પાણીનાં ખાબોચિયાં આછી ચાંદનીમાં ચમકી રહ્યાં છે. તૃપ્તિની અનુભૂતિનાં મને ઘેન ચડ્યાં. આંસુએ મારી દાઢી ભીંજવી દીધી. કેમ, તે હું સમજી ન શક્યો. કદાચ ઊંડેઊંડે મનમાં એ વિચારે આંસુ આવ્યાં હશે કે આટઆટલાં સૌંદર્ય અને સુખ ઈશ્વરે એનાયત કર્યાં; છતાં કાળા માથાના માનવીએ એની કદર બૂઝી નહિ.

મોડી રાત સુધી આવા આવા કેટલાએ વિચારોમાં ડૂબ્યો રહી પેલા પથરા ઉપર હું બેસી રહ્યો. પછી તો ધુમ્મસે દિશાઓ ઘેરી લીધી ને હું છોલદારીમાં પાછો આવી સૂતો. સવાર સુધી ઊંઘ્યો.

૨૧-૭-૪૫ શનિવાર

સવાર પડી. પણ ધુમ્મસ છવાએલું રહ્યું. દાર જીવસેણ હતો, ને અમારા બે સોબતી નાગાઉઘાડા હતા. અમે ઉપડવામાં ઢીલ કરી. સદ્‌ભાગ્યે થોડીવારે ધુમ્મસ વિખરાયું ને ખુશનુમા તડકું અમારા કરીને ઠીકરૂં થઇ ગએલાં અંગોને હૂંફ આપવા લાગ્યું. થોડો નાસ્તો કરીને અમે ઉપડ્યા. અમારી ડાબી બાજુએ મહાન ચતુરંગી વામક (ગ્લેશીઅર) પથરાયું હતું ને અમે તેની કોરાણેકોરાણે ચાલતા હતા. એની વિશાળ છાતી ઉપર પાણીનાં નાનાં નાનાં ખાબોચિયાં ચમકતાં હતાં. અમારી જમણી બાજુએ મહા મોટાં ને ઊચાં બરફશિખરો ઉભાં હતા.

અમારી વાટનો કટોકટીનો ભાગ ઝપાટાભેર આવી રહ્યો હતો. ધીમું ચડાણ ચાલુ હતું. પાતળી હવા અમારા શ્વાસોશ્વાસને અસર થવા લાગી હતી કાચબાની ગતિએ અમારાથી ચલાતું હતું.

ત્રણ નાનાં ગ્લેશીઅરો જે અહીં થોડે થોડે અંતરે આવીને ચતુરંગી ગ્લેશીઅરને મળે છે તે હવે અમારે એક પછી એક ઓળંગવાનાં હતાં. તેમાંનું પહેલું નાનું હતું, છતાં ઓળંગતાં અમારો નાકે દમ આવી ગયો! પહેલાં તો સાવ ઉભી લાકડી જેવો કઠિ ઉતરવો પડ્યો. એમાં દલીપસિંઘે એની લાકડીથી પગ ઠેરવવા નાના નાના ખાડા પાડયા. પછી અમે એક પછી એક ઉતર્યો. પણ ગ્લેશીઅરને વચ્ચે ઊંટના જેવો ઢેકો હતો, જે ચડીને હવે અમારે ઓળંગવાનો આવ્યો! મને જરા ફિકર થવા લાગી. પણ અમારા ટોળીમાંના સૌથી નાના કૈલાસગિરી જેમાં સાહસ અને સમયસૂચકતા ભરપૂર હતાં તે તરત આગળ થયા અને દલીપસિંઘની કુહાડી લઈ ઢેકામાં ખાડા કરીને ઢેકો ચડી ગયા. પછી દોરડાની મદદથી એણે અમને સૌને એક પછી એક ઉપર ખેંચ્યા. ગ્લેશીઅરની સપાટી પર માટી પથરા ને બરફ સેળભેળ હતાં. પણ તળે કળણો હતાં જેમાં ઉતરી જવાનું જોખમ. આથી અમારે જોઈજોઇને એકેક પગલું ચાલવું પડ્યું. હવે પાછો એ જ ઢેકાનો તેવો જ વસમો ને લપસણો ઢાળ ઉતરવાનો આવ્યો. મહામહેનતે અને મૂઠીમાં જીવ લઈને અમે તે ઉતર્યો. થોડો બાકી રહ્યો ત્યારે ફરીને જ પૂરૂં કર્યું. તે પછી પહેલાંના જેવો જ ઉભો કઠિ પાછો ચડવાનો આવ્યો. તે ચડતાં અમે ફેંફેં થઈ ગયા.

હવે પાછા અમે વિશાળ બરફાની ખીણમાં આવ્યા. મોટું ચતુરંગી ગ્લેશીઅર અમારી ડાબે પડયું હતું, ને લાંબી-ઊંચી બરફમાળા અમારે જમણે ઉભી હતી. અમે ગ્લેશીઅરને કઠિ કાઠે ચાલી રહ્યા હતા. સૂરજનું ખારસું તડકું અમને મળવા લાગ્યું હતું પણ પેલા ઊંટ જેવા પહેલા ગ્લેશીઅરને ઓળંગવામાં અમે સૌ થાકીને લોથ થઇ ગયા હતા. એટલે પુઘ્રી સપાટી ઉપર આવીને અમે જરા વાર વિસામો લીધો અને અમારી પાસે થોડોક સૂકો મેવો હતો તેમાંથી બબ્બે ચચ્ચાર દાણા કાઢીને સૌએ ખાધા.

સદ્‌ભાગ્યે પછીનાં બે ગ્લેશીઅર પહેલા જેવાં વસમાં નહોતાં. બીજું જરા મોટું હતું પણ ખતરનાક નહોતું. પણ હું થાકી ગયો હતો, એટલે મારી પીઠેથી લાકડાની ભારી સાથીને ભળાવીને મેં જરા થાક ખાઈ લીધો. પર્વતમાળાને હવે વાદળાંએ ઢાંકી દીધી. અને જે શિખરો નીચેથી અમારૂં ગ્લેશીઅર નીકળતું હતું તે બરફમાળ દેખાતી બંધ થઇ. થોડે ઉપરવાડે પીગળતા બરફનો એક નાનકડો અને સ્ફટિક જેવો સ્વચ્છ પ્રવાહ હતો જેનું સામે કઠિ તળાવ બન્યું હતું. અમને કંઈક ખાવાનું મન હતું. પણ શ્રમ અને ઉંચાઇને કારણે ભૂખ સાવ મરી ગઈ હતી. તેથી ચા સિવાય કશું

લેવાની ઈચ્છા નહોતી. વળી હજુ એક નાની ચડાઈ ચડવી બાકી હતી, જેને મથાળે નાનકડું મેદાન ને હરિયાળી હતાં, પણ એ સૌંદર્ય માણવાના હોશકોશ અમને રહ્યા નહોતા. સૌના પગ પણ બરફ, માટી ને પાણીમાં ચાલી ચાલીને અને પથરાઓ પર કુદી કુદીને તળવાઇ ગયા હતા. લાંબા થઈને સૂઈ જ જવાનું દરેકને મન હતું. તેથી કલાક વાર અમે આરામ કર્યો.

પછી પેલી નાનકડી ચડાઈ ચડીને અમે સૌ મેદાન પર પહોંચ્યા. કાલિંદી ઘાટની વાટે આ છેલ્લું મેદાન હતું. બધે શિયાળાના વખતનું બરફ જેમનું તેમ જામેલું હતું. તે ઉપર ચાલતાં અમારાં ઉઘાડાં ને તળવાઈ ઉઝરડાઇ ગએલાં પગતળિયાંને ઝીણી વેદના થતી હતી.

અહીં અમે બતક જેવાં પક્ષીનું એક મોટું ટોળું જોયું. અમને જોઇને તેતરની જેમ દ્રુત-ગતિએ દૂર નહાસી ગયું. શું અહીં એમને ઊડતાં નહીં આવડતું હોય? પાંખો તો બરાબર હતી. દેશમાં તો આમાંના એકાદ બેને હું સહેજે પકડી લેત. પણ આ અસમ પહાડોમાં એ અશક્ય હતું. અમારા મનમાંયે તેમને પકડવાનો કે એવો કશો દુષ્ટ ઈરાદો નહોતો. પણ તેમને કાળા માથાના માનવીનો વિશ્વાસ કેમ પડે? ચકચક એવો અવાજ કરતાં બધાં દોડી ગયાં! મને થયું શું ખાઈને અહીં જીવતાં હશે? કદાચ શિયાળે દક્ષિણે ગરમ મુલકમાં જતાં રહેતાં હશે. પણ એટલે ઊડતાં તો હશે જ ને? જરા આગળ જતાં એક મોટા ચટ્ટાન નીચે અમે ઢગલાબંધ હગાર જોઈ, તેથી ત્યાં તેમનું રહેઠાણ હશે એવું અમે અનુમાન કર્યું.

વળી પાછો અમે જરા વિસામો લીધો. હવે અમે ચારે ગ્લેશીઅરોનો સંગમ અમારી સામે જોયો. આ ઉપરથી જ 'ચતુરંગી' નામ પડ્યું હશે.

અમે સૌ એટલા બધા થાકી ગયા હતા કે અહીં જ રાતવાસો કરવાનું અમે સૂચવવા માગતા હતા. પણ અમારા ભોમિયા દલીપસિંઘે તેમ કરવા ધસીને ના પાડી!

'મહારાજ! એ વાતમાં શો માલ છે? અહીં રહેવાય જ નહિ.'

ગ્લેશીઅરને માથે એક દૂરના ઊંચાણે આંગળી ચીંધી કહે:

'એ પેલી દેખાય પડાવની જગા. જે સાહેબોની ટોળીઓ જોડે હું બે વાર આ રસ્તે ગયો છું તેમણે ત્યાં જ પડાવ કરેલો.'

પછી એણે ચિંતાતુર ચહેરે ઉમેર્યું:

'વળી જો આપણે આજનો મુકામ અહીં કરીએ, તો કાલે કાલિંદીઘાટ ને તેની પાછળનાં ગ્લેશીઅરો ઓળંગીને આગલા કાંઠે કદાપિ કોઈકાળે પહોંચી ન શકીએ. અને એ ખતર-નાક ફાળોવાળાં ગ્લેશીઅરોમાં રાત તો ક્યાંએ રહેવાય જ નહિ.'

અંતે કહે. 'મારી બે હાથ જોડીને સૌને અરજ છે કે આગળ ધપો.'

હવે છૂટકો જ નહોતો. અમારા ભોમિયા દલીપસિંઘના અભિપ્રાય ઉપર અને ડહાપણ ઉપર અમને સૌને ગળાલગીનો વિશ્વાસ હતો. એટલે અમે કટાણે મોઢે ઉપડ્યા ને ત્રીજું ગ્લેશીઅર ઓળંગ્યું. ખાડુંખૈયું ને એકે પથ્થર કે ફાળા વગરનું હતું. બધાના પગ સાવ બહેરા થઈ ગયા ને ભયાનક રીતે સણકા મારતા હતા. ગ્લેશીઅરને સામે છેડે પાછા પથરા ખૂંદવા પડ્યા. હવે અમે કદી ન પીગળનારાં અનંતકાળનાં બરફાનીવાળા પ્રદેશમાં પ્રવેશી ચૂક્યા હતા. વિશાળ ગ્લેશીઅરના બેઉ કાંઠા ઊંચી બરફમાળાને અડતા હતા.

હવે દલીપસિંઘે ગ્લેશીઅરનો કાંઠો છોડી ચતુરંગી ગ્લેશીઅરના પટ વચ્ચે થઇને ચાલવા માંડ્યું. અમે અક્ષર બોલ્યા વિના ચૂપચાપ એની પાછળ ચાલ્યા. પણ હું મારી જિજ્ઞાસાને રોકી શક્યો નહિ:

'તમે ચીંધી તે પડાવવાળી જગા તો સામે જ કળાય છે. આમ ગ્લેશીઅર વચ્ચે થઇને ફેર

ખાઈ ચાલીએ તે કરતાં કાંઠે કાંઠે ચાલીને સીધા જ પહોંચવું સહેલું નહોતું ?'

'સમાધિ પામવાને જોખમે. તેમ કરવાની ધાઈ થઈ હોય તો જ એ બાજુ ચલાય !'

આ શબ્દો દલીપસિંઘે માંડ પૂરા કર્યાં હશે ને શિખરો તરફ મોટો ગડગડાટ સાંભળ્યો.

'એ શું સંભળાય છે? વરસાદ ગાજે છે? વાદળાં તો નથી ?'

જવાબની જરૂર રહી જ નહિ. પેલાં બરફનાં ઊંચા શિખરોવાળા ઢોળાવો પરથી મસમોટાં બરફાની ડગળાં ને ચટ્ટાનો ધડાધડ નીચે ગબડતાં અમે જોયાં ! અને તેના બરફ રેડાંથી પર્વતમાળનો ઢોળાવ જોતજોતામાં છવાઈ ગયો. જે તળેટીની કોરાણે થોડીક જ મિનિટો પહેલાં અમે ચાલ્યા જતા હતા છેક ત્યાં સુધી એ બધું આવીને ત્રાટક્યું એ અમે સગી આંખે જોયું.

'જોયું ? એનું નામ ગિરિપ્રપાત. એવા પ્રપાતો હમેશાં જ એ જગાએ થતા હોય છે. એ જગા જ પ્રપાતોની ગણાય છે. તેથી ત્યાં થઈને કોઈ ચાલે નહિ. મને ખબર તેથી જ હું તમને આ ચતુરંગીના પટ વચાળે થઈને લાવ્યો.'

અમારા ભોમિયાનું ડહાપણ અમે જોયું અને આભારવૃત્તિથી સૌ ગદ્દગદ્દ થઈ ગયા. એણે ૫–૭ મિનિટની અગમચેતીને પ્રતાપે અમને સૌને બચાવી લીધા હતા. નીકર મિનિટ વારમાં સૌ ત્યાં જ દટાઈ ગયા હોત !

પણ ગ્લેશીઅરની વચ્ચોવચ આ આશ્ચર્યમાંથી અમે જાગીએ ન જાગીએ ત્યાં તો આંખ મીંચી ઉઘાડીએ એટલી વારમાં કાળાં ભમ્મર વાદળાં શિખરો પાછળથી અચાનક અમારા પર ધસી આવ્યાં ! વરસાદ ને બરફના સખત મારાએ સૌને આંધળાભીંત કરી મેલ્યા. અમે પેલી પડાવવાળી બે ખેતરવા જગાએ પહોંચવા સારૂ મરણિયા પ્રયાસો કર્યા, પણ કોઈ વાતે પહોંચવા પામ્યા નહિ ! અમારા મૌની અવધૂત શિંબર અને બીજા પણ બધા સાથીઓ ટાઢીઆ તાવમાં સપડાયા હોય તેમ થથરતા હતા. અમારાં નાક આંખ ભયાનક રીતે ચૂરા લાગ્યાં. દાઢીમૂછો બરફથી ધોળી થઈ ગઈ. મોંમાંથી શ્વાસની વરાળોના સફેદ ગોટ નીકળતા હતા.

એટલે અમે ત્યાં ને ત્યાં ગ્લેશીઅરના પટ ઉપર એક મોટા ચટ્ટાનની ઓથે આશરો લીધો અને અમારી છોલદારી ઉભી કરી લઈને તેમાં અમારા ટાઢે થથરતા સાથીઓને સુવાડી ધાબળાઓથી ઢબૂરી દીધા.

અમને સખત તરશ લાગી હતી. પણ પાણી ક્યાંથી લાવવું ? ચોમેર જ્યાં જુઓ ત્યાં નકરો બરફ જ બરફ પથરાએલો હતો. અને ઝીણા ઝીણા પૉલ હજુયે પડવા ચાલૂ હતા. હું પાણીનું ખાબોચિયું શોધવા નીકળ્યો. એક જડ્યું. પવાલું ભરીને પીવા લાગ્યો. પણ સખત તરશ લાગી હોવા છતાં એક ચાંગળું પાણી પણ પીવાયું નહિ. ટીપું ટીપું કરીને માંડ લગરીક પીધું. પછી બીજીવાર પવાલું ભરી લઈને મુકામે આવ્યો.

ટાઢ તો કરડકણા કૂતરાની જેમ કૂદીકૂદીને બચકાં ભરતી હતી. મારા ઉઘાડા સાથીઓનો ખ્યાલ મને પજવવા લાગ્યો. મારા ઉઘાડા માથા પર તાજા બરફની ગાંધી ટોપી થઈ ગઈ. પણ બદન પર લાબી કફનીથી પ્રમાણમાં હું બચેલો ઢંકાએલો હતો. મેં છોલદારી તળે જેટલાં ભેગાં થઈ શક્યાં તેટલાં તમામ ઓઢવાનાં ને કપડાંલત્તાં ભેળાં કર્યાં ને સાથીઓને ઢબૂર્યાં પછી ચા કરીને સૌએ રહેજ ગરમાવો આણ્યો.

જરાવારમાં સાંજ પડી ગઈ ને રૂંઝયું વળી. બરફ પડતું બંધ થયું. હવે સૂવાનું શું કરવું ? છોલદારીની એક બાજુએ ચટ્ટાનની ઓથ હતી, પણ અમારી છોલદારી તો ગ્લેશીઅરની ખુલ્લી સપાટી ઉપર જ હતી. હાડેહાડ બહેરાં કરી મૂકે એવા ટાઢા સખત ગ્લેશીઅરના કાચ જેવા પારદર્શક હીમ ઉપર મટકુંય ઊંઘ આવે

એ અશક્ય હતું. અહીં જ ગ્લેશીઅરની આ જીવલેણ ટાઢીબોળ છાતી ઉપર રાત કાઢ્યા વિના આરો નહોતો. રાત વીતે તે પહેલાં અમે બધા ઠરીથીજીને ઠીંગરું થઈ જઈએ ને સવારે કોઈ આંખ જ ઉઘાડવા ન પામે એવી શક્યતા પૂરેપૂરી હતી.

અમે એક તદબીર કાઢી. આજુબાજુ પડેલી એબડગોબડ ચપટી પથ્થરલાદીઓ ઢગલોએક ભેળી કરીને પાથરી ને તે ઉપર અમારી ચારસાની છોલદારી ઊભી કરી. સૂસવતા પવનને ખાળવા બીજી લાદીઓની થપ્પીઓ કરીને છોલદારીની ત્રણ બાજુએ આડશ કરી. પછી સાતે જણ અંદર ઢગલો થઈને ખડકાયા.

ભૂખ્યા તો આખા દિવસના હતા જ. પીઠે ઊંચકી આણેલી બળતણ–ભારીઓમાંની એક પૂરી કરીને તે પર અમે ચા કરી. બીજી બચાવી. પછી ચા જોડે અમારા રોટલા ને મગજના લાડુ કાઢીને ખાવા બેઠા. પણ દિવસ બધો શરીરને પડેલા પરિશ્રમનો થાક એટલો કે કોઈથી ભાગ્યે કશું ખવાયું. બસ ખાધું ન ખાધું ને સીધું જ સૌએ લંબાવ્યું. અમારા દિગંબર સાથીની અમને સૌને ભારે ફિકર હતી જ. અમે સૌએ એમને નખશિખ ઢબૂર્યો. છતાં આખી રાત અમને એમની વાતનો ફફડાટ રહ્યો. એને મૂંઝારો કે એવું કશું થઈ ગયું તો ક્યાં જવું? રહી રહીને અમે પૂછ્યાં કરીએઃ

'કેમ છે? કશી હૂંફ રહે છે કે?'

'પૂરેપૂર. જાણે રીશીકેશમાં સૂતો હોઉં!'

અમને કળ વળી.

મેં ઊંઘવા વારંવાર પ્રયત્નો કર્યા, પણ એક મટકું ઊંઘ ન આવી. હવે જ મને ભાન થયું કે પારાવાર થાક હેઠળ મારી શરીરશક્તિ બધી કેટલી હદ સુધી આરિયાં થઈ ગઈ હતી. વચ્ચે વચ્ચે જરા આપસમાં બોલીએ વાત કરીએ તેટલાથી પણ અમને થાક વરતાતો હતો. અને જો કે અમે ચાલતા નહોતા, સૂતેલા હતા, છતાં એ અઢાર હજારની કે વધુ ઊંચાઈએ હવા એટલી પાતળી કે શ્વાસોશ્વાસ માટે અમે હવાંતિયાં મારતા હતા. દરેકને શ્વાસ લેવામાં મુસીબત પડતી હતી અને જો કે નીચે અમે ચપટા પથરાની ફરસ કરીને ગ્લેશીઅર ઉપર સીધા સૂતા નહોતા, અને વળી એક-બીજા જોડે ચંપાઈબીંસાઈને 'રાત્રૌ ચિબુક સમર્પિત જાનુ' થઈને સૂતા હતા, છતાં ચોમેરથી ટાઢનો હુમલો અમારા પર એવો તો વસમો હતો કે અમને સ્હેજસાજ ઝોલાંથી વધુ નીંદર આવવી શક્ય નહોતી. બહાર બરફ પાછું પડવા લાગ્યું હતું. તેથી વેરણ રાત વધુ ને વધુ વસમી થતી ગઈ. અમારામાંના બેને તાવ ચડ્યો હતો.

વધુ હાડમારીઓ અને મુસીબતો જો કે હજીયે અમારે વેઠવાની બાકી હતી, છતાં અમારી આખી યાત્રામાં આજની આ કાળ-રાત્રિ જ કદાચ સૌથી વધુ ભયાનક અને જોખમી હતી.

૪

છેલ્લાં ચડાણ

૨૨–૭–૪૫ રવિવાર

વળી પાછી ખુશનુમા સવાર. થોડું ધુમ્મસ માથે તોળાઇ રહ્યું હતું, પણ તે બહુ આછું હતું. અમારા સાથીઓનો તાવ ઊતરી ગયો હતો અને એમને પૂરી સુવાણ હતી. બચેલાં લાકડાંથી અમે ચા કરી પીધી પણ ખોરાક કોઈથી લેવાયો નહિ. ભૂખ જ મરી ગઈ હતી.

આજનો દિવસ અમારી યાત્રાના સૌથી ઊંચાં અને છેલ્લાં ચડાણનો હતો. આજે અમારે ૧૯,૫૧૦ ફીટ ઊંચાઈનો કાલિંદી ઘાટ ઓળંગીને પેલીમેરની તળેટીએ આરવા નદી કાંઠે ગાંઠવાનો હતો, જ્યાંથી બદ્રીનાથ સહેજે એકાદ દિવસમાં પહોંચાય તેમ હતું.

શિવજી બમભોળા નાથની જે પોકારીને અમે ઊપડયા.

આગલા દિવસના થાકના સણકા હજી અમને અંગેઅંગમાં ડંખ મારી રહ્યા હતા. અને આજે અમારે વધુ ઊંચું ચડાણ ને વધુ ગ્લેશીઅરો સર કરવાનાં હતાં. અમારા ભોમિયા દલીપસિંઘે અમને પાકી ચેતવણી આપી મૂકી હતી કે આજે કાલિંદીઘાટ ચઢી પેલીપારનાં ખતરનાક ગ્લેશીઅરો માપીને સાંજ પહેલાં અમારે આરવા કાઠે પહોચ્યે જ છૂટકો હતો. બીજો રસ્તો જ નહોતો. એટલે અમે ચાહે તે થાય તોપણ પાછું વાળીને ન જ જોવાનો નિરધાર કરીને નીકળ્યા. અને ખોરાકમાં હવે આજ પૂરતું જ રાખવું જરૂરી હતું, તેથી અમે અમારો ભાર હળવો કરવા અમારી પાસે બચેલા તમામ રોટલા ફગાવી દીધા! ટાઢ અસહ્ય હતી ને અમારા ઉઘાડા હાથ પગ મોં પરનું રૂંવેરૂંવું શાહુડીનાં સિસોળિયાની જેમ ખડું થઈ ગયું હતું. એટલે સૂરજદાદો ઊગતાંવેંત અમને સાકર જેવો લાગ્યો. એના કુમળા તડકામાં અમે લગાર વિસામો લીધો.

ત્રણ કલાકે માઈલ

પછી પાછા ઊપડ્યા. અમારા ઉઘાડા પગ બે દિવસની વાટ દરમ્યાન ઘવાઇ ઉઝરડાઈને લોહીલોહાણ થઈ ગયા હતા. તેની પીડામાં ગ્લેશીઅરની હીમસપાટી વધારો કરતી હતી. હોઠ ભીડીને અમે ચાલ્યા. ગ્લેશીઅરની છાતી પર સ્ફટિક જેવા સ્વચ્છ પાણીનાં નાનકડાં તળાવડાં ને ખાબોચિયાં ઠેરઠેર ચમકતાં હતાં. બરફમાળાની ખાંચોમાંથી નાનામોટા શુભ્ર જળપ્રવાહ અમે રાત રહેલા તે જગાની હેઠવાડે ઉતરી ઉતરીને ગ્લેશીઅરમાં સમાઇ જતા હતા. થોડું ચાલ્યા પછી અમને હૂંફ અને તાજગી લાગ્યાં.

હવે ગ્લેશીઅરના ત્રણ ફાંટા પડતા હતા. એક અમારા મોં સામેનો ને એકેક ડાબે જમણે. તેમાંના જમણા અને મોં સામેનાને પણ મેલી એક નાનો જળપ્રવાહ ટપીને ડાબો અમે પકડયો. આ ગ્લેશીઅર ઉપર એકે કળણ અમને નડયું નહિ. ચાલવું સાવ સલામતીભર્યું હતું. છતાં માઇલ જેટલું ચાલીને ગ્લેશીઅર છોડી ઘાટતળેટીએ પહોંચતાં મધ્યાહ્ન થવા આવ્યા. ઊંચાણ એટલું કે દર બબ્બે મિનિટે અમે શ્વાસે ધમોધમ થઇ જતા ને થોભવું પડતું અમારી સામે અને આસપાસ ચોમેર બરફ જ બરફ સિવાય બીજું કશું જ નજરે પડતું નહોતું.

સંરગ નિસરણી

અમે બરાબર ઘાટતળેટીએ પહોંચ્યા અને છેલ્લું ચડાણ શરૂ થયું. એક સાંકડા-બરફકોતરમાં થઇને અમે ચડવા માંડયું. અમારી જમણેના ઢાળ બરફથી છવાએલા ને ડાબા બોડા હતા. ઘાટ માથેથી એક ગ્લેશીઅર ૪૦ જેટલી ડિગ્રીને ખૂણે નીચે ધસી આવ્યું હતુ. જરા વિસામો લઇને અમે તે ચડવા માંડ્યું. બરાબર આ ખરે ટાંકણે દલીપસિંઘે અમને સૌને અહીં સુધી ઉપાડીને આણેલા પેલા કટોકટી સમયના ઉની જોડા કાઢી પહેરી લેવા અને ત્રણ ત્રણ વારને અંતરે પેલાં દોરડાંઓથી એક બીજાને સાંકળી લઇને ચડવા ફરમાવ્યું. મારી પાસે બે જોડી કાળાં ડાબલા-ચશ્માં હતાં તે પણ હવે પહેરવાનાં હતાં. પણ હતાં સાત. કોણે પહેરવાં ને કોણે નહિ? હવે અમારા ભોમિયો દલીપસિંઘ તો અમારી આંખ માથું ને મગજ,—અમારી જીવાદોરી—હતો. એ જ હવેના બરફદરિયામાં અમારો સુકાની હતો. એટલે એના જેટલો હક તો બીજા કોઇનો જ નહિ. બીજી જોડ મેં દયાળસ્વામીને આપી કારણ તેમણે જ અવ્વલથી આખર સુધી આખી યાત્રાનો મુખ્ય ભાર અને જવાબદારી વેઠ્યાં હતાં. બાકીના અમે પાંચ એમને એમ ચાલ્યા.

ડગલે ડગલે વિસામા

ચડયે ગયા. અમે વાંકાચૂંકા ચડતા હતા. અધવચ પહોંચ્યા ને બરફમાં થોડીક ચીરાડો આવી. અમે ડાબે ગયા ને બચ્યા. ધમતી ધમણો જેવા શ્વાસ લેતા અમે ચડતા હતા. દર ત્રીજે ડગલે થોભીને નવ શ્વાસ લેવાના. શરીર, જીવ ને પ્રાણ બધું નીચોવાઈ જતું હતું. એકેક ડગલું જહેમત થઇ પડયું.

ગ્લેશીઅર સલામત હતું. છતાં અમે પાંચ ડાબે ડોરે પડખે થઇને અને ડાબલા ચશ્માંવાળા બે સાથી સીધા ગ્લેશીઅર ઉપર થઇને માથે પહોંચ્યાં. આ ઘાટમાથું અમે જ્યાં જોડા પહેર્યા ત્યાંથી ભાગ્યે એક ફર્લાંગ હશે, પણ એટલું ચડીને મથાળે પહોંચતાં અમને પૂરો એક કલાક લાગ્યો!

હિમાલયની મુખ્ય બરફમાળમાં આવેલા કાલિંદીઘાટનું આ માથું અમારી યાત્રાના કળશરૂપ હતું. દલીપસિંઘના કથન મુજબ આ અગાઉ બે ગોરા સાહેબો આ રસ્તે ગયા હતા. સિવાય એક બર્ની સાહેબે આ પ્રદેશની ભાળ-તપાસ કરેલી, અને તેણે જૂનું પૌરાણિક કાલિંદી નામ બદલીને પોતાનું બર્નીઘાટ નામ એને આપ્યું. જુગજુગથી અવિચળ બેઠેલા આ ટાઢાબોળ મૌની જોગંદર પર્વતે વામણા માનવીના અમર થવાના આ અભખરા ઉપર કેવું સ્મિત વેર્યું હશે? પરદેશીઓના આ બધા ટૂંકા અભખરા એમની વિદાય જોડે જ આથમી જવાના.

પાશ્ચાત્ય પ્રજાઓમાં એવી રસમ છે કે જ્યારે કોઇ જૂથ કે ટોળી નવા અજાણ્યા પ્રદેશ કે પર્વત ઉપર પહોંચે ત્યારે ત્યાં પોતાના દેશનો વાવટો રોપે. અમે તો હિંદુ સાધુઓ હતા. આપણો ત્રિરંગી ધ્વજ અમારી પાસે નહોતો એ વાતની મને ગમગીની થઇ. અંતે મેં તો હિંદી જાત્રાળુઓની રસમને અનુસરીને મારા ભમવા વસ્ત્રની એક ચીંદરડી ફાડી ઘાટમાથા પરના સૌથી ઊંચા પથ્થર ઉપર ચડાવી. પછી અમે ઉપનિષદના શાંતિ પાઠ ઉચ્ચાર્યા અને ધન્યતા અનુભવી.

૫

'હનોઝ દેહલી દૂર અસ્ત'

અમારી યાત્રાનો સૌથી વસમો અંશ પૂરો કર્યાની ઉજવણીમાં થોડીવાર ઘાટમાથે રસળ-વાનો અમારો વિચાર હતો. પણ અમારા ચકોર ભોમિયાએ અમને વાર્યા. 'હનોઝ દેહલી દૂર અસ્ત. રામ જાણે હજુ કેટલોય અગમ અગોચર બરફદરિયો બેઠો, કેટલાંય ખતરનાક કળણો ઓળંગવાં આપણે સારૂ બાકી હશે. હવેનાં બરફાની ઉતરાણો સહેલસુતરાં નથી. કેટલાંયે સીધાં લપસણાં ને દગલબાજ કળણો હજુ આપણી વાટમાં આડાં પડયાં છે.'

એની કીમતી સલાહને માન આપી અમે ચુપચાપ પંથે પડયા.

કળણો

ઉતાર ઉતરવા માંડયો ને વળી પાછા અમે બધા દોરડે સંકળાયા. દલીપસિંઘ મોખરે હતો. એક સીધી બરફાની કરાડે કરાડે અમે ઉતરતા હતા. ખૂબ સાચવી સાચવીને અમે તળિયે પહોંચ્યા. થોડું આગળ વધ્યા ન વધ્યા ને ધડામ દેતાક ને દલીપસિંઘ કમ્મરપૂર કળણમાં ઝીંકાયો! અમે ઝટઝટ એને બહાર ખેંચી કાઢયો. આગળ વધ્યો ને ફરી પાછો બીજામાં પડયો! આખું ગ્લેશીઅર શિયાળાનાં જામેલાં ઘૂંટણપૂર બરફથી ભર્યું હતું, ને તળીએ ઠેર ઠેર દગાબોજ કળણો હતાં. કયાં કળણ હશે ને કઈ જગા સલામત એ કહેવું સાવ અશકય હતું. આ મૂંઝવણનો ઉકેલ સહેલો નહોતો. અમે ભરાઈ પડયા.

કૈલાસગિરીની હિમ્મત અને ચપળતા વળી એકવાર અમને ખપ આવી. 'ઉભા રહો, હું આવ્યો' કહી કમ્મરેથી દોરડું છોડી છેલ્લે હતા

ત્યાંથી અમારી મદદે દોડી આવ્યા. છેલ્લો તે સાચે જ પહેલો!

કળણોને ન ગણકારતાં પોતાનું બધું જોર વાપરીને તેણે આગળ વધવા માંડ્યું. તે ય કળણમાં ઝીંકાયા! તેમને ય અમે બહાર કાઢ્યા!

અમારી અક્કલ હવે ખરેખર બહેર મારી ગઈ! બરફાનોના આ અગમ અગોચર દરિયામાં હોકાયંત્ર વગર અમારે ક્યાં જવું? કઈ બાજુ વળવું? અમે મરણિયા પ્રયાસ આદર્યો. બપોરના સૂર્યના તેજમાં ઝગઝગતા બરફથી અમારી આંખો અંજાઇને બૂરી રીતે ગળવા લાગી. લાંબી વિચારણા પછી અમે જમણે વળ્યા. ને કિસ્મતે યારી આપી. આ બાજુ કળણો નહોતાં. અમે એેખટકે આગળ ધપ્યા. એક સુંદર ઢાળ આવ્યો. કૈલાસગિરી બરફ ખૂંદી રહ્યા હતા, પણ હવે જોખમ નહોતું ને અમે ઝપાઝપ ચાલ્યા.

લપસ્યા

વળી એક સીધી કરાડ આવી. તેને તરીને ચાલવા અમે જમણી તરફ એક સહેલો ઢાળ લપસીને ૫૦ ફીટ નીચે ઉતરી ગયા! આ લપસણ અમારી જિંદગીનો અવનવો અનુભવ હતો. અમે બરફ ઉપર બેસીને અમારા શરીરને છોડી દીધું ને એક ઉઝરડો સરખો થયા વિના લસરક દઈને નીચે પહોંચ્યા!

પછી એક પથરીલું ઉતરાણ ઉતરીને વળી પાછા અમે એક બીજો ઢાળ લપસ્યા. આ વખતે અમારા ડાહ્યા મિત્ર દલીપસિંઘે પહેલાં બિસ્તરો ગબડાવ્યો, જેથી તળિયે કળણ હોય તો ખબર પડે. તે સલામત પહોંચ્યો. પછી તેનાથી પડેલી ધરેડમાં અમે બધા એક પછી એક સરકીને અણિશુદ્ધ નીચે પહોંચ્યા!

પેલી ડુંગળીઓ

વળી પાછા દોરડે સંકળાયા. ધપ્યે ગયા. તરસ લાગી. પણ બરફના એ અફાટ દરિયામાં પાણી ટીપું કેવું મળે? આગળ ને આગળ ગયા. અંતે ગ્લેશીઅર વચ્ચે એક નાનકડી તળાવડી દેખાઈ. અમે બેઠા. બેઠા શું, થાકથી ઢગલો જ થઈને પડ્યા. દલીપસિંઘે સૌને પાણી પાયું. પણ જરાક જ પીધું. અમારો જીવ ચૂંથાતો હતો ને માથું ભમતું હતું. અમને પેલા રબારી જુવાને આપેલી ડુંગળીઓ યાદ આવી. ઝટ કાઢીને વાપરી. અમારો જીવ હેઠો બેઠો ને માથું અટક્યું. નરવા થઇને અમે પેલા રબારી જુવાનનો મનથી ઘણો ઘણો પાડ માન્યો.

૬

ભૂલા પડ્યા

તાજામાજા થઈને અને થોડીવાર બરફ-ગોળાની ત્રમઝટ એકબીજા પર બોલાવીને અમે આગળ ધપ્યા. ડાબલા–ચશ્માં વગર ચમકતાં બરફાનોમાં ત્રણ દિવસ ચાલીચાલીને અમારી આંખો ભયાનક દુખવા ને ચૂવા લાગી હતી. રસ્તો ભળાય એટલી પણ ઉઘડતી નહોતી. અંધૂરામાં પૂરું પાછા ગાઢ ધુમ્મસે અમને વીંટ્યા. અમે એકબીજાને પણ ભાળી શકતા નહોતા. તેમાં વળી વાટ ભૂલ્યા!

વળી બચ્યા!

દલીપસિંઘ મોખરે હતો. એકાએક તેના બોલ અમે સાંભળ્યાઃ 'ખબરદાર! સમાલો. જ્યાં છો ત્યાં જ બેસી જાઓ. દરેક જણ. એકદમ. નીકર બધા મૂઆ.'

તત્કાળ અમે સૌ હતા ત્યાં જ બેસી ગયા. મેં બૂમ પાડીઃ 'ક્યા બાત હૈ!'

સુનકાર. કશો જવાબ નહિ. ટાઢીબોળ ચૂપકીદી!

કશાક ભયાનક પ્રસંગની મને શંકા ઊઠી. ગાઢ ધુમ્મસમાં મેં ફાંફાં મારવા માંડ્યાં ને બહુ જ ચિંતા ને કાળજી સાથે કાન દઈને સાંભળવા માંડ્યું. દલીપસિંઘ હવે ઊંડાણે કશુંક બોલતો હતો. પણ આંગળી ખૂંચે ને બાચકો ભરાય

એવા ગાઢ ધુમ્મસમાં એ ક્યાં છે તે કેમે કર્યાં ભળાય નહિ. એ ભારે મુશ્કેલીમાં ને ઉશ્કેરાટમાં હતો એ તો દેખીતું હતું.

વળી પાછો એનો સાદ સંભળાયો :

'એક ડગલું ય ખસશો માં, છો ત્યાંથી. એકાએક. આપણે બધા ઊભી કરાડની કોરે છીએ! એનું તળિયું જ દેખાતું નથી. ધુમ્મસ છવાયું ત્યારે જ મને આવું કશુંક થશે એવી આગાહી થઈ હતી. એક ડગલું, બસ એક જ ડગલું આગળ ભર્યું હોત તો હું ને કદાચ તમે બધા જ ગરક થઇ ગયા હોત! આપણે બૂરી રીતે ભૂલા પડયા છીએ.'

ઘણી અકળામણ વચ્ચે એણે આગળ ચલાવ્યું :

'હું બહુ જ દિલગીર છું કે આ મહાસંકટમાં હું તમને સૌને દોરી લાવ્યો.'

મેં કહ્યું: 'રાખો, રાખો હવે આપણે બધા એકદોરે પરોવાએલા ને સાથોસાથ એક દોરડે બંધાએલા મેરુબંધ છીએ. ભાઈ દલીપસિંઘ, તમે કાં ભૂલી જાવ કે અમે બધા સાધુફકીર છીએ. અમારી પછવાડે કોઇ રોવાવાળું નથી. અમને તો તમારી જ એકલાની ફિકર છે. માટે ફિકર બધી મેલો, ને ચાલો આપણે બધા આમાંથી વાટ કાઢીએ.' અમારે માટે તો તમે ગાંઠ વાળી મૂકો કે આ ભમરાળું ધુમ્મસ ચાહે તો ભલે ૨૪ કલાક આમ ને આમ તોળાએલું રહે, અમારામાંથી કોઇને હરાવવાની વાતમાં ખાંડ ખાશો. અમે તો બધા અહીં જ અડિંગો જમાવીને બેશી જશું ને રાત બધી બેસ્ર બંમભોળા શિવજીનાં સ્તોત્ર ભજન ગાશું.'

આમ અમે એને હિંમત બંધાવી. કહ્યું: 'વખત એક મિનિટ ગુમાવાય તેમ નથી. આમાંથી વાટ શોધ્યે જ છૂટકો છે. ને લાખ વાતે ય સાંજે આરવા કોઠે પહોંચવું છે.'

એણે બારીકાઇથી ચોમેર ફંફોસવા માંડ્યું. અમે બધા સાચે જ વસમી સંકડામણમાં ઝલાયા હતા. કોઈ ઈયળ એકાદ ઝાડની ટોચી-કે ડાંખળીને છેડે પહોંચી પાછલી પૂંઠેથી ડાળને પકડી રાખી પોતાના શરીરનો આગલો ભાગ લંબાવી ખુલ્લા અંતરીક્ષમાં ઝાંબવા કરે તેના જેવી જ બરાબર અમારી હાલત થઈ હતી!

'ગોરાઓ જોડે તમે ગએલા ત્યારે કેની કોર ઉતરેલા?'

'ડાબીકોર.'

'તો પછી બીજા ત્રીજા વિચાર મેલી ડાબે જ ચાલો.'

અમે ડાબે વળ્યા. વચ્ચે વચ્ચે કળણો આવતાં હતાં પણ અમે હોઠ ભીંસીને ધપ્યે ગયા. ધપ્યે જ ગયા, ને થોડીવારે ભયને વટાવી ગયા. થોડે આગળ ગયા ને સાચી વાટ સાંપડી! દલીપસિંઘે હર્ષનાદ કર્યો:

'બસ. હવે પહોંચ્યા સમજો.'

સૌએ છૂટકારાનો દમ ખેંચ્યો. ભય ને કટોકટી બધું પૂરું થયું હતું.

હવે નાનકડો ઉતાર આવ્યો. દયાળસ્વામી દલીપસિંઘની જગા લઈ મોખરે થયા. હવે ત્રીજો બરફદરિયો પાર કરવાનો હતો. પણ અમે તાજી મળેલી જીતથી રંગમાં આવી ગયા હતા અને ઝપાટાભેર ચાલતા હતા.

વળી પાછાં કળણો આવ્યાં! ડગલે ડગલે આફતનાં પોટલાં. નહિ નહિ તોયે ૧૦-૧૫ ઓળંગવાં પડયાં. પણ અમે ધીરજ ખોયા વગર સાવચેતીથી ઓળંગ્યાં.

દલીપસિંઘે પછવાડેથી બૂમ પાડી:

'હવે જમણે ફંટાઇ જાઓ. દોરડાં છોડી નાંખો ને છુટા ચાલો. સંકળાઇને ચાલવાની હવે જરૂર નથી.'

અમે તેમ કર્યું. દલીપ દોરડાંનું ફીંડલું કરીને મોખરે પાછો થયો. હવે પાછાં રોડાં-પથરાંથી છવાએલાં ગ્લેશીઅરો આવ્યાં.

સાંજ વળવા લાગી ને ધુમ્મસ જે હજુ ઘેરાએલું હતું તે એકાએક કાળાંભમ્મર વાદળાંમાં ફેરવાઈ ગયું. આગલો મેરુ દેખાય નહિ. બરફના મોટમોટા પોલ પડવા લાગ્યા.

ગર્જના ને વીજકડાકા! ગ્લેશીઅરનો છેડો આવી ગયો હતો.

'હવે આપણે કાણુ ભોંય પર પહોંચ્યા. પણ તોયે હજુ વધુ કસોટી બાકી રહી લાગે છે. ઓઘઆરારો ભળાતો નથી. ક્યાં જશું?'

'અરે ભાઈ! કાંઠે આવીને હવે થોડા જ ડૂબવાના છીએ? હવે નાસીપાસ થવાનું કેવું? દેવોના દેવની કૃપાથી આપણે બધા બરફદરિયા ઓળંગ્યા અને જિંદગીની સૌથી મોટી જીત અંકે કરી. એ તો આ બધા કડાકાભડાકા કરીને ને બરફનાં પોલ વરસાવીને શિવ બમભોળા પોતે જ એનાં છોરૂડાંનો વિજયોત્સવ માણી રહ્યો છે!'

બધા ભેરુબધો સામટા ગર્જ્યાઃ

'હુરેં. હિપ હિપ હુરેં. જે ભોલાનાથ કી!'

અમને બધાને હરખની સમાધિ ચડી.

જીતનો ઉત્સવ

વાદળાં વિખેરાઈ ગયાં. બરફનો પણ ઘણુંખરું પૂરાં થવા આવ્યું. દૂર આરવા નદીના ધોધનાં ફીણ દેખાવા લાગ્યાં. અમારી ખુશીની હદ ન રહી. પ્રવાહ પણ અહીં ઉગમ નજીક હજુ નાનકડો જ હતો ને તે ઓળંગવામાં મુશ્કેલી નહોતી.

અમે સૌ ખુશીના માર્યા પાગલ જેવા થઈ ગયા. કુંડાળું કરીને અને એક બીજાને ભેટી ભેટી ઊંચળી ઊંચળીને નાચવા લાગ્યા. અમારા ભોમિયા દલીપસિંઘને ત્રણ વાર અમે ખભે લીધો અને વારેવારે

બમ્ ભોળા કી જે
ભારત માતા કી જે
સબ સંતન કી જે

બોલાવી! અમારા આનંદનો પાર ન રહ્યો. એનું વર્ણન કરવું વ્યર્થ છે.

૭

દહનવિધિ

ગ્લેશીઅર તો ખતમ થયાં, પણ હજુ શિયાળાનાં અણઓગળ્યાં બરફ થોડાંઘણાં ચાલવાનાં બાકી હતાં જ. એટલે અમે અમારી હરખઘેલછા પર લગામ નાંખી ને ઝોહાઝમરા ઝટપટ આરવાકાંઠે પડાવની જગાએ પહોંચવા ધસ્યા. અમારી પેલી ત્રણ કલાક ચાલવાના ખપની ઊનકચરાની ચંપલો હજુ અમારા પગમાં હતી, પણ તે સાવ ચૂંથા થઈ ગઈ હતી. એમણે ત્રણને બદલે અમને ખાસા ૭ કલાક કામ આપ્યું હતું. અમારી યાત્રામાં સૌથી કટોકટીના કલાકોમાં એમણે અમને જબ્બર સાથ આપ્યો હતો અને અમને ચાલતા રાખ્યા હતા. તેથી અમે સૌએ બહુ જ માનપાન અને જેના પોકારો સાથે ઊંડા ઊંડા બરફમાં એમનો દહનવિધિ કર્યો!

બે વધુ માઈલ અમારે હળવા ઉતારમાં ચાલવું પડ્યું. આખો દિવસ ખાધાપીધા વગર અમે બરફ, ગ્લેશીઅરો, કળણો, બરફતોફાન અને વીજકડાકા સાથે બાથોડિયાં ભર્યાં હતાં. સવારને પહોર નીકળની વેળાએ ચા સાથે થોડી રોટી ખાધેલી એ વાતને તો જાણે આખું વીતી ગયું હોય એવું અમને લાગતું હતું. થાક અને ભૂખથી લોથ થઈને હું બેસી ગયો. એક ડગલું વધુ ચાલવાની સોં રહી નહોતી. અંગેઅંગ કળતરથી તૂટીને ટુકડા થતું હતું. અમારામાંના દરેક જણની એ જ હાલત હતી. તેથી પડાવની જગાએ પહોંચવાની વાત પડી મેલીને અમે હતા ત્યાં જ રાતમુકામ કરવાનો ફેંસલો કર્યો.

આરવા કાંઠે

જગા બરફ વિનાની હતી. પથરાઓમાં વેરણછેરણ પડ્યાં હતાં તેને ખસેડી જગા સાફ કરતાં રૂંઝવું વળી ગઈ. બધાએ બેસીને સૌ પહેલું તો ખાધું. ખાવામાં રોટલા જ આરવાના બરફપાણી જોડે ખાવાના હતા. જાળુંઝાંખરું, ઘાસનું તણખલું, કશું બળતણ આસપાસ ક્યાંયે મળે તેમ નહોતું. પણ પાણી તો જોઈએ ને! અંધારે નજીકમાં જ મેં એક નાનકડું પાણીનું ખાબોચિયું જોયું હતું. ત્યાં જઈને હું અંધારે લોટા પાણી લઈ આવ્યો. અમારી મંડળીને આખી રાત માટે તે પૂરતું હતું!

પણ અમારી હાડમારીઓ હજુ ખતમ નહોતી થઈ. દલીપસિંઘનું માથું દુઃખવા આવ્યું. એવું સખત કે જાણે પથ્થર જોડે પટકી નાંખવા કરે. ખાધાપીધા વગર બિચારો આખીરાત માથું પકડીને પડી જ રહ્યો એની પેલીમેર કૈલાસગિરિની એ જ હાલત હતી. એની આંખોમાં શૂળા ભોંકાતા હતા. મારી પાસે એક ટચુકડી શીશીમાં મધ હતું તે એને આંજ્યું. પણ ફેર ન પડ્યો. અમે પાંચે જણ જે ડાબલા-ચશ્માં વગર ચાલ્યા હતા તે બધાની એ જ દશા થઈ. કોઈ પાંચ મિનિટ પણ ઊંઘી શક્યું નહિ.

બરફપ્રકાશની બીમારી

૨૩-૭-૪૫ સોમવાર

વહેલે મળસ્કે દલીપસિંઘે સૌને જગાડ્યા. કહે 'તુરત ચાલવું છે. સૂરજ ઊગે તે અગાઉ જેટલું ચલાય તેટલું ચાલી નાંખો. પછી અંજાએલી આંખો લઈને ડગલું નહિ દેવાય. ને આપણી યાત્રા જ ખોળંબે પડશે. આજે આપણે ઠેઠ બદરીનાથ પહોંચ્યે છૂટકો છે.'

અમે ઝટપટ તૈયાર થયા ને ઊપડ્યા. અમારી આંખો ચૂતી જ હતી. અરધી અરધી મિનિટે લૂછીએ. મેં દયાળસ્વામીનાં ગૉગલ્સ માગ્યાં પણ કશું ન વળ્યું, જો કે મેં એ પહેરેલાં રાખ્યાં.

માઈલ માંડ ગયા હોઈશું ને ઊંચી બરફકરાડે પાછળથી સૂરજે ડોકિયું કર્યું. એનાં કિરણે અમારી ગળતી આંખો પર તત્કાળ એવી તો અસર કરી કે દરેક જણ જ્યાં હતો ત્યાં જ બેઉ હાથે આંખો દાબીને બેસી ગયો! દલીપ અને દયાળસ્વામી સૌની મદદે દોડ્યા. બધાને પીઠે ઊંચકી ઊંચકીને નજીક સરખી જગા હતી ત્યાં આણ્યા ને ધાબળાઓ તાણી ઢબૂરી દીધા.

આ અણધાર્યો સંજોગે અમને તે જગાએ જ આખો દિવસ પડી રહેવાની ફરજ પાડી. બીજો ઉપાય જ નહોતો. બે દિવસથી અમારામાંના કોઈએ પેટ ભરાય તેટલું ખાધું નહોતું. આસપાસ ક્યાંએ બળતણ નહોતું. અમારી હાથચાકડીઓ અમે સળગાવી. પણ તે પૂરતી નહોતી. ઊંચાં બરફાનોમાં એક લીકું ઝાંખરું થાય છે તે મિણબત્તીની પેઠે સળગે છે એમ મેં ટિબેટમાં કૈલાસયાત્રા વખતે જોએલું. હું તે શોધવા નીકળ્યો ને તે જડ્યું! ચા બનાવી. અમે ત્રણ જ તે પી શક્યા. બાકીના કશું ખાધા કે ચા પણ પીધા વગર આંખની પીડાએ આખો દિવસ તરફડતા રહ્યા.

આ વસમા અનુભવ છતાં, અને દયાળસ્વામીની ચેતવણી છતાં, હું થોડીથોડી વારે 'છોલદારી'ની બહાર નીકળીને ચડતા સૂરજને અજવાળે ઝગહળતી બરફમાળાઓની અજબગજબ શોભા નિહાળવાની લાલચને રોકી ન શક્યો. એવું મને એનું ખેંચાણ.

હું વિચારે ચડ્યો. વિદેશીઓ આવીને મારા દેશની આ બધી મહામહિમામય શોભા અને સમૃદ્ધિ—આ બધાં શિખરો, બરફમાળાઓ અને ગ્લેશીઅરો — ચડે છે ને શોધો કરે છે. જાતજાતના મોટા દાવા કરે છે. એ બધાને આપણે શા સારૂ મૂંગે મોઢે સાંભળી – સાંખી – રહીએ છીએ? આજે ૭ મુફલિસ સાધુઓએ એક નવો ચીલો શરૂ કર્યો એમ ન કહેવાય? આઝાદીના આગમન સાથે એ ચીલામાંથી ધોરી પડશે. જરૂર પડશે. મારું દિલ સાક્ષી પૂરતું હતું.

સાંજ પડી પણ અમારા સાથીઓની હાલત એની એ રહી. એકને મેં પૂછ્યું,

'આંખ ઉઘડી જ નથી શકતી?'

'અશક્ય. મારી તો આંખોમાં એકસામટા સો શૂળા ભોંકાતા હોય એટલી પીડા થાય છે.'

કશો ઇલાજ ન રહ્યો. અમારો એક આખો દિવસ નાહક ભાંગ્યો. આમ ને આમ જ છોલદારીમાં આખી રાત વીતી.

ગસ્નોલી અને માણાગામ

૨૪-૭-૪૫ મંગળવાર

સવાર પડતાં જ એક સખત ઝાપટું પડ્યું. પણ વરસાદ છતાં આકાશ ને હવા સાફ રહ્યાં. કાલિંદીઘાટ અને એનાં ગ્લેશીઅરોથી અમે હજારો ફીટ ઉતરીને લગભગ ગંગોત્રી જેટલી ઓછી ઊંચાઈએ હવે આવી ગયા હતા. પાછલી

રાત્રે અમારા સાથીઓનું આંખદરદ પણ હળવું પડ્યું ને થાક ભોંકાવાં મટ્યાં હતાં એટલે અમે વગર ઢીલે ઊપડ્યા.

પણ આંખોની કીકી ઉપર હજુ કશુંક ધૂમાડાના પડ જેવું રહ્યું હતું. કીકીનું ફોકસ બદલાયું હતું. એટલે દરેક વસ્તુ અમને બેવડી ત્રેવડી દેખાવા લાગી. જરાક જેટલે દૂરથી સામે ઊભેલું માણસ છે કે જનાવર એટલુંએ ન ઓળખાય. બરફથી અંજાયા પછી આંખને આવું નુકસાન થાય છે જે ઘણીવાર બબ્બે ત્રણત્રણ અઠવાડિયાં ચાલે છે; જો કે કાયમનું નુકસાન ભાગ્યે થાય છે.

અમે એક પ્રવાહ પકડીને આરવા કાંઠે પહોંચ્યા. પાણી અતિ ઠંડું, તેથી અમે ઓછામાં ઓછું કાપવું પડે એવી જગાએથી ઊતર્યા. આરવા ડાબે વહેતી હતી. હવે વાટ સીધી ને બરફ કે પથ્થર ખાડાટેકરા વગરની હતી, તેથી અમારા પગને અને આંખને ખૂબ આસાયેશ રહી. અમે તડાકાભેર ચાલ્યા. ડાબે જમણે ખાસાં મેદાનોમાં ઠેરઠેર ભોટિયા વણજારાના ઘેટાં બકરાં યાક ઘોડાંની લાદ લીંડીઓથી ભરપૂર પડાવોની જગાઓ આવતી હતી. અમે આરવા અને સરસ્વતીના સંગમ ઉપર પહોંચ્યા. આ સરસ્વતી જ અસલમાં અલકનંદા છે. ઉત્તરે ટિબેટની સરહદ પરના માણાઘાટની તળેટીમાંથી નીકળીને આવે છે. ખાસી મોટી ગંગા છે ને તેમાં આરવા ભળે છે. પછી થોડે હેઠવાડે સતોપંથનાં ગ્લેશીઅરોમાંથી આવતો એક નાનકડો પ્રવાહ આવીને એને મળે છે. આ સતોપંથ ગ્લેશીઅર અને તેમાથી નીકળતા પ્રવાહને બદ્રીનારાયણની જાત્રાએ આવનારાં જાત્રાળુઓમાંથી ખડતલ અને સાહસી હોય તે પૂગી શકે. એટલે બદ્રીનાથના દક્ષણાના લાલચુ ગોરબાપાઓએ આ નાનકડા પ્રવાહને જ અલકનંદા નામ આપ્યું ને ઉપરથી આવતા સરસ્વતી આરવાના પ્રવાહને અવાંતર ગણાવ્યા!

ગસ્તોલી ગામ માણાઘાટને રસ્તે ટીબેટ જતી આવતી ભોટિયા વણજારોના પડાવોનું છે. અમે અહીં નાસ્તા માટે થોડુંક થોભ્યા. સામે કાંઠે લાદેલાં ઘેટાંબકરાં અને ઘોડાં યાકવાળી ટિબેટ જતી એક ખાસ્સીમોટી ભોટિયા વણજાર પડી હતી.

હવે સરસ્વતી કાંઠે હતો. સહેલી સીધી પગવાટે બીજા પાંચ માઈલ ઝપાટાભેર કાપીને અને એક જ લાંબા પથ્થર—ચોસલાના કુદરતી પુલથી નદી ઓળંગીને અમે માણા ગામે પહોંચ્યા. નીચે તો નદી પહોળી છે પણ માથે બેઉ કાંઠાનાં ચટ્ટાનો લગભગ અડોઅડ થઈ ગયાં છે. તેથી એક જ લાદીથી પુલ બનાવ્યો છે. આ જગા ખરું જોવા જેવી છે.

ગામ બધું—નાનાં મોટાં સૌ—ટોળે વળ્યું. મરદ બૈરાં બૂઢાં બાળકોએ અમને ઘેરી લીધા. એમને બધાને એમ કે અમે કૈલાસ માનસરોવરની જાત્રા કરીને માણાઘાટની વાટે પાછા આવેલા જાત્રાળુઓ છીએ. દરેક જણ આતુરતાપૂર્વક અમને પૂછે. 'આનીમા થઈને આવ્યા? ફલાણે થઈને આવ્યા? ઢીંકણો મળ્યો હતો? મારો દીકરો થાય. ફલાણાની વણજાર મળી'તી? એમાં મારો ધણી યાક વાળો છે. ફલાણી વણજાર કઈ મંડીમાં પડી છે?'

અમે કહ્યું, 'અમે કૈલાસ–ટિબેટથી નથી આવ્યા. અમે તો ગોમુખથી કાલિંદીઘાટ ઓળંગીને આવ્યાં ત્યારે નિરાશ થાય. કોઇ વળી માને નહિ! ઘણુંઘણું સમજાવીએ, સાબીતીઓ આપીએ, પણ માને જ નહિ! કહેશે 'કાલિન્દીની વાટે તો કાળ બેઠો છે, ત્યાં કોઈથી જવાય જ નહિ. અમારા ગામના ચાલીસ જણ ગોરા લોક જોડે ગિયા'તા. પણ ગોરા ને કાળા કોઇ ન પોગ્યા!' અંતે જ્યારે એમને ખાતરી જ થઈ કે અમે સાચોસાચ એ રસ્તે આવ્યા, ત્યારે બધાં એટલું જ કહે 'બાબા, તમે લોક સાધુમાત્મા કે'વાઓ. શું ન કરી શકો?'

દસ માઈલ અમે કાપી ચૂક્યા હતા. બદરીપુરી હવે માંડ બે માઈલ બાકી રહી!

પહોંચ્યા

બાકી રહી વારતા સહેલી ને સટ. આમ બેધ્યાનચિંત અમારી સરસ્વતી નદી અલકનંદા બની ગઈ જે ૧૧૪ માઈલ વહ્યા પછી દેવપ્રયાગમાં ભાગીરથી ગંગાને મળે છે. અમે તે ઝૂલતા પુલથી ઓળંગી.

ટચુકડી બદરીપુરી આભળીંચી બરફમાળાઓની તળેટીએ વિશાળ મેદાનમાં વસેલી છે. એને બિચારી શી ખબર કે એને માથે તોળાઈ રહેલાં મહાકાય બરફાનોના ઊંચા બરફઘાટ અને ગ્લેશીઅરોને ઓળંગીને છ મુફલીસ સાધુબાવો ખાસ કશી સાધનસામગ્રી વગર એક માત્ર ગામડિયા ભોમિયાને સહારે એને આંગણે આવી પહોંચ્યા હતા. અમારું સામૈયું કરવા એની ભાગોળે નહોતાં ઢોલશરણાઈ વાગતાં કે નહોતું અમારા સ્વાગતને માટે કોઈ આતુર ટોળું હાથમાં હારતોરા લઈને ઉભેલું! એવા એવા ભોંઠામણથી ગળી ગએલ હૈયાં લઈને અમે તો એની પથ્થર જડેલ ગલીઓમાં થઈ સીધા પંજાબી ક્ષેત્રવાળા વ્યાસદેવ બ્રહ્મચારીના રહેઠાણ ભણી ગયા. ત્યાં તો એ જ સામેથી ક્ષેત્રના વ્યવસ્થાપક જોડે આવતા ભળાયા. અમને જોતાવેંત દોડીને વ્યાસદેવજી મને ભેટી પડયા.

દેવદ્વારે

અસંખ્ય ધર્મશાળાઓ પંડાઘર જાત્રાવાસવાળી બદરીપુરી ગંગોત્રી ભણીનાં ગામોના પ્રમાણમાં મને ખૂબ ચોખ્ખી જણાઈ. રોજેરોજ આવનારાં સેંકડો જાત્રાળુઓ, મજૂરો, ટટ્ટુ, ડોળીઝપાન અને માલ વહેનારા ઘેટાં બકરાંની વણઝારો વગેરેના અવરજવર છતાં અહીં ગંદકી નહોતી. બેખટકે મોટા મંદિર સુધી ઉઘાડે પગે જવાય તેમ હતું. હિમાલયનાં બીજાં ઘણા જાત્રાધામોમા ભાગ્યે તેમ થઇ શકે.

પણ મંદિરનાં પગથિયા અમે ચડયા ને મારો ઉમંગ બધો વિલાઈ ગયો. બદરીપુરીના આ મુખ્ય મંદિરના ચોકમા હિંદના ખૂણેખૂણાનું શ્રદ્ધાળુ આસ્થાળુ લોક ઊભટયું હતું. ધૂમ પડાપડી હતી

પણ હાય રે કમબખ્તી! ફક્ત સવર્ણોને જ પ્રવેશ!* હલકી વરણ લેખાતાં હરિજનો વગેરેને દર્શન વગર પાછાં કાઢવા રાતામાતા પંડાગોરો મંદિરને પગથિયે, ચોકમાં ને દેવદ્વાર આગળ કમ્મર કસીને ઉભા છે! દિવસોના દિવસ ચાલી થાકીહારીને આવેલાં રાંક જાત્રાળુઓને તેઓ 'નીચ જાત' કહી, હડધૂત કરી, ધક્કા મારીમારીને પાછાં કાઢી રહ્યા છે. એમનાં જાતિ અભિમાનને, શેખીને, તુંદમિજાજીને હદ નથી!''

મારા પગ ખોડાઈ ગયા. આંખોમાંથી ડબડબ ખરતાં આંસુએ મારી જાડી દાઢીમૂછોને ભીંજવી મૂકી. હૈયામાં જાણે દસવીસ વીંછી ડંખ દઈ રહ્યા છે. ક્યારે? હે ત્રિલોકના નાથ, ક્યારે આ બધી વેદનાનો અંત આવશે?

પણ મારું વીંધાતું હૈયું વિરમે તે પહેલા મંદિરને નગારે સંધ્યારતિના ઘા દેવાયા. ગર્ભાગારમાંથી ઘંટારવ ઉઠયા. આખી બદરીપુરી ગાજી રહી. ને તેને માથે તોળાઇ રહેલી પર્વતમાળાઓમા એના ઘેરા પડછંદા ફરી વળ્યા. એ બધા ઘંટારવ વચ્ચે અને ધન્યતાથી નાચતા જાત્રાળુઓના કોલાહલ વચ્ચે મારા અંતરમાં કોઇના ગેબી બોલ મને સ્પષ્ટ સંભળાયાઃ

શોચમેલ, સમતા રાખ. ભૂખ્યાં ભરાશે, ખીણો પૂરાશે ને ડુંગર નમીને નીચા થાશે. અધરમીના લેખાં લેવાશે ને અન્યાયના આચરનારા પગની રજથી હેઠા થાશે, સામ્રાજ્યો આથમશે, ઊંચનીચનાં અભિમાન પાણી થાશે, ને દીનદૂબળા ભારેમૂવાં સૌને ટાઢક થાશે. સાંભળ. સાંભળ. આઝાદીના પગરવ સંભળાઇ રહ્યા છે!

અને હજાર દીવેટની આરતિનાં ઝળાંઝળાં અજવાળાંમા ખુશી આનંદે નાચતા જાત્રાળુના માથાને ઉપરવાડેથી દીનદયાળા પ્રભુ બદરીવિશાળની મરકમરક હસતી મૂર્તિને મારી જગાએથી જ હું અતૃપ્ત નયને નીરખી રહ્યો.*

[સમાપ્ત]

* આ વર્ણન ૧૯૪૫નું છે. આઝાદી પછી તમામ હિંદુ મંદિરો કાયદાની રૂએ અઢારે વરણને સારુ ખુલ્યાં છે. પણ અમલમાં હિંદુઓનું આ કલંક હજુ બધે ધોવાયું નથી

પાશ્ચાત્ય નાટ્યસાહિત્યનો વિકાસ

પ્રોફે. તનસુખ ભટ્ટ M. A., Ph. D.

લેખાંક આઠમો

શેક્સપિયરના સમકાલીનો

શેક્સપિયરના અગ્રગણ્ય સમકાલીનોમાં પ્રથમ આવે છે બેન જોન્સન (૧૫૭૨-૧૬૩૭). તેણે બે શોકાન્તિકાઓ—'સેજનસ' અને 'કેટિલાઇન' ('Sejanus' and 'Catiline' તથા ઘણી મૌલિક સુખાન્તિકાઓ લખી છે.

શેક્સપિયર ગ્રીક સળંગસૂત્રતાઓ વિશે જાણતો જ હતો. પરંતુ જ્યારે તેણે નાટકનું કારખાનું ખોલ્યું ત્યારે તેણે ગ્રીક નિયમોને અંદર દાખલ ન કર્યા. બેન જોન્સનની સ્થિતિ જુદી હતી. તેને મન આ નિયમો કેવળ આજ્ઞાઓ જ નહિ પણ દૈવી અનુશાસનો હતાં અને દરેક સદાચારી નાટ્યકારે તે પાળવાનાં જ હતાં. તેનું દરેક નાટક એટલે એક જ સીધું સળંગસૂત્ર કથાવસ્તુ, એક જ દૃશ્ય અને એક જ દિવસનો બનાવ. તેની એક વિશેષતા એ હતી કે જ્યારે શેક્સપિયર પોતાનાં નાટકોનું વાતાવરણ ઇટલીદેશનું રાખતો ત્યારે બેન જોન્સન તેમાં સમકાલીન ઇંગ્લંડનું વાતાવરણ ખડું કરતો. તેને એકાએક નહિ પણ ધીરે ધીરે આમ સૂઝ્યું હશે. કારણ કે 'એવરી મેન ઇન હિઝ હ્યુમર ('Every Man in his Humour') નાં દૃશ્યો ઇટલીનાં છે પરંતુ ઈ. સ. ૧૬૧૬ ની આવૃત્તિમાં તેને બદલાવી નાખે છે. પાત્રોનાં નામ અને સ્થળકાળથી અંગ્રેજી બની જાય છે.

આમ તેણે વર્તમાન ઇંગ્લેંડને નાટકમાં દાખલ કર્યું. આ ઉપરાંત તેણે સમકાલીન વૈદકીય માન્યતાઓનો ઉપયોગ કરીને સુખાન્તિકાઓ વિશે અમુક પરંપરા ઊભી કરી. આ વૈદકીય માન્યતા અમુક અંશે લૅટિન, કેટલેક અંશે મધ્યકાલીન અને કંઈક અંશે ઇલિઝાબેથના કાળની દેણગીરૂપ હતી. લૅટિન સુખાન્તિકાઓની એક વિશેષતા એ હતી કે તેનાં પાત્રો અમુક અમુક સ્વભાવ કે વર્ગનાં બીબાંઢાળ પ્રતિનિધિઓ હતાં. બેન જોન્સને આવાં બીબાંઢાળ પાત્રોની લૅટિન કલ્પના ચાલુ રાખી, પરંતુ તેનું ખોળિયું બદલી નાખ્યું અને પ્રચલિત વૈદકીય માન્યતાનો આશરો લીધો. આર્ય વૈદકશાસ્ત્રમાં જેમ માનવશરીર વાતપિત્તકફના સમધારણપણા ઉપર ચાલે છે અને તેમાંનો એકાદ કુપિત થતાં પ્રકૃતિ બગડે છે તેમ ત્યાં તત્કાલીન માન્યતા એવી હતી કે માનવદેહના બંધારણમાં નીચેનાં ચારમાંથી કોઈપણ એક તત્ત્વ પ્રધાન હોય છે. આ તત્ત્વો છે શીત : ઉષ્ણ : સજલ અને શુષ્ક. ઇલિઝાબેથના સમયમાં આ યુરોપીય વૈદકનાં નિદાનચિકિત્સા પ્રત્યે ગંભીરતાથી કોઈ ભાગ્યે જ જોતું હતું. પરંતુ તેનાં આ તત્ત્વોનો ઉલ્લેખ મનુષ્યની વાતચીતમાં અવશ્ય આવતો— ખાસ કરીને પાંડિત્ય દર્શાવવું હોય ત્યારે. ચતુર જોન્સનના ધ્યાન બહાર આ વિચિત્ર વૈદક અને તેનો પાંડિત્યાર્થે યથો વિનિયોગ ન રહી શકે. તેણે આ શીતઉષ્ણ—સજલનિર્જલ પ્રકૃતિનો સિદ્ધાન્ત પોતાની સુખાન્તિકામાં ઉપયોગમાં લીધો અને દરેક પાત્રને એક એક પ્રકૃતિ પકડાવી દીધી. આથી તેનાં પાત્રો જડ છતાં સામર્થ્યવાન બન્યાં. સમકાલીન જીવન પરના કટાક્ષમાં હાસ્યવિનોદ અને મોટાં પહેરેલાં પાત્રોની વિચિત્રતા ઉમેરાઈ.

• જોન્સન ગ્રીક સળંગસૂત્રતાના સિદ્ધાન્તોને સન્માને છે પણ જ્યારે તેને લાગે કે ઈતિહાસના નિરૂપણ માટે તેમાં બાંધછોડ કરવી પડશે ત્યારે તે અવશ્ય તેમ કરે છે. એક બાજુ

પ્રાચીન સેનેકાનાં શિષ્ટ નાટકો અને બીજી બાજુ વર્તમાન પ્રેક્ષકવૃન્દની રુચિ બંનેને સંતોષવા તે મધ્યમ માર્ગ સ્વીકારે છે.

ઉત્કૃષ્ટ સુખાન્તિકાઓના આલેખન પછી તે સેનેકન શોકાન્તિકા તરફ વળ્યો. અહીં તેણે લોકરુચિનું સમારાધન છોડી દીધું. તેને લાગ્યું કે પ્રેક્ષકવૃન્દને ઉચ્ચ પ્રકારની શોકાન્તિકાનાં કલાકીય ધોરણો સુધી પહોંચાડી નહિ શકાય, તેમને તેમાં રસ નહિ પડે. તેણે લોકોની પરવા ન કરતાં સેનેકાની શોકાન્તિકાનું જ ધોરણ સ્વીકાર્યું. તેમાં એક ભૂત આવે છે અને દરેક બે અંક વચ્ચે ગ્રીકનાટક જેવું વૃન્દગાન ગવાય છે.

શેક્સપિયર અને જોન્સન બંને પરસ્પરની નાટ્યકીય સંસિદ્ધિઓથી પરિચિત હતા એમ 'Every Man in his Humour' તથા 'Henry V'ની પ્રસ્તાવનાઓ પરથી જણાય છે. બંને વચ્ચે નાટ્યલેખનમાં સ્પર્ધા હોય એ કુદરતી છે. બંને શક્તિશાળી હોવાથી પરસ્પરની કલાના પડછાયાથી અભડાઈ ન જવાય તેની પણ કાળજી રાખતા હતા. છતાં યે તેઓ એકબીજાને સન્માનતા હતા. જોન્સને શેક્સપિયરના જ્ઞાનની પ્રાકૃતતા, પાંડિત્યહીનતા અને ઉતાવળિયા પદ્ધતિ ઉપર ટીકા કરી છે ખરી, પરંતુ જ્યારે પોતાના પ્રતિસ્પર્ધીનું અવસાન થયું ત્યારે જોન્સને તેને શોકાંજલિ પણ સમર્પી છે.

જોન્સને જેમ સુખાન્તિકા અને શોકાન્તિકાની કૃતિઓ રચી તેમ હળવા પ્રકારનાં દરબારી મોરાં નાટકો (Maszues) પણ લખ્યાં છે. તેમાં બિનધંધાદારી નાટ્યરસિક અમીર ઉમરાવો પાત્રો તરીકે ઉતરતા, કોઈક વાર રાજકુળ પણ પાત્ર તરીકે ભાગ લેતું સ્ટુઅર્ટ રાજાઓ કલાપ્રિય હોવાથી આવાં મોરાં નાટકોની રજુઆતમાં દ્રવ્યની છાકમછોળ ઉડાડવામાં આવતી. જોન્સનને પણ ભારેખમ, ચિન્તનપૂર્ણ શોકાન્તિકાઓના લેખનમાંથી આવા હળવા નાટ્યપ્રકાર લખવામાં એક પ્રકારની રાહત મળતી હશે. તેના સર્જનાત્મક સાહિત્યના સામર્થ્ય અને વૈવિધ્યને માટે શેક્સપિયર વિના અન્ય જોટો મળવો અશક્ય છે.

તેની કટાક્ષશક્તિનો કંઈક અંશ અન્ય નાટ્યકાર જહોન માર્સ્ટન (John Marston) માં દેખાય છે.

આ જહોન માર્સ્ટન, ચૅપમેન અને બેન જોન્સન એ ત્રણે નાટ્યકારો પરસ્પરથી અતિ વિભિન્ન અને વિરુદ્ધ પ્રકૃતિના હોવા છતાં ત્રણેએ મળીને ઈ. સ. ૧૬૦૫માં 'ઇસ્ટવર્ડ હો' ('Eastward Ho') નામનું નાટક લખ્યું. પરિણામ એ આવ્યું કે ત્રણે નાટ્યકારો જેલભેગા થયા!

અન્ય નાટ્યકાર હતો થોમસ ડેકર (Thomas Dekker). તેના વસ્તુસંવિધાનમાં શિથિલતા છે અને તેણે ભાગીદારીમાં લેખન કર્યું છે. નવીન અને મહત્ત્વાકાંક્ષી નાટ્યસાહિત્યના યુગમાં તે જૂની નાટ્યપદ્ધતિને વળગી રહ્યો હતો.

જોન્સન અને ડેકરે વાસ્તવિક અને સમકાલીન ઇંગ્લૅંડને રંગમંચ પર આણ્યું. શેક્સપિયરે અન્ય પદ્ધતિ સ્વીકારી હતી. તેના નાટ્યમાં પણ સમકાલીન પાત્રો આવે છે પરંતુ તેની સુખાન્તિકાનાં દૃશ્યો અર્થાત વાતાવરણ ઇંગ્લૅંડની બહારના કોઈક દેશનું હોય છે. સત્તરમી સદીમાં આ બંને પદ્ધતિના અનુયાયીઓ પાક્યા. બ્યૂમોન્ટ અને ફ્લેચરે સુખાન્તિકા અને શોકાન્તિકાનું સંયોજન કરીને કરુણ સુખાન્તિકાનો નવો નાટ્યપ્રકાર સરજ્યો હતો. અને તેમાં વાતાવરણ વાસ્તવિક નહિ પણ કાલ્પનિક હતું. બીજી બાજુ અનેક નાટ્યકારોએ બંને નાટ્યપ્રકારોમાં પ્રાદેશિક વાતાવરણ સરજ્યું છે.

થોમસ હેવુડ (Thomas Heywood—૧૫૭૫-૧૬૩૩) ફળદ્રુપ ભેજાનો નાટ્યલેખક હતો. તેણે સ્થાનિક સમસ્યાઓ લઇને પ્રાદેશિક વાતાવરણમાં નાટકો લખ્યાં. તેનાં પાત્રો નૈતિક મનોમંથનોમાં સપડાય છે, મુંઝાય છે અને તેમની માનસિક વેદના તથા પશ્ચાત્તાપમાં હેવુડની નાટ્યકલા સાર્થક્ય અનુભવે છે.

ઇંગ્લેંડમાં પ્યુરિટનોનું રાજ્ય થતાં વચ્ચે વીસેક વર્ષ સુધી નાટ્યગૃહ સહિતની તમામ મનોરંજન પ્રવૃત્તિ બંધ રહી હતી. તે ગાળામાં નાટ્ય ભજવાતાં નહિ પણ લખાતાં તો હતાં જ. આ વેળાએ અન્ય નાટ્યવિષયો નીકળ્યા. પરંતુ નાટ્યગૃહો ઉપરથી પ્રતિબંધ ઊઠી જતાં હેવુડે હાથમાં લીધેલા ગૃહજીવનના વિષયો જ મધ્યમ વર્ગને પસંદ પડયા.

જ્યોર્જ ચેપમેન (George Chapman—૧૫૫૯-૧૬૩૪) સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવતો વિદ્વાન નાટ્યલેખક હતો. તેને શોકાન્તિકાઓ દ્વારા યશ મળ્યો છે પરંતુ તેણે સુખાન્તિકાઓ પણ પુષ્કળ લખી છે અને તે સફળ નીવડી છે. કેટલાક વિવેચકને ચેપમેન એ સોનેટરચનામાં શેકસપિયરનો પ્રતિસ્પર્ધી ભાસે છે. એક વાત તો સાચી છે કે નાટ્યકારો વચ્ચે કલહ જાગ્યો ત્યારે આ બન્ને નાટ્યકારો સામસામે પક્ષે રહ્યા હતા. જોન્સનને ચેપમેન વિષે સમભાવ હતો. તેનાં મોરાંનાટકો (Maszues) જોન્સનને વિશેષ ગમતાં. બંને બધા નાટ્યકારોમાં સૌથી વિશેષ વિદ્વાન હતા. ચેપમેનનાં નાટકોમાં બળ છે. છતાં તેનું ઘણુંખરું સાહિત્ય નાટકમાં નહિ પણ ગ્રીકકૃતિઓના અનુવાદમાં સમાઈ જાય છે. તેના નાટકના વિષયો સમકાલીન ફ્રેન્ચ ઇતિહાસમાંથી લેવાયા છે. તેણે ઐતિહાસિક પાત્રોની સાથે કાલ્પનિક પાત્રો પણ સરજ્યાં છે. અમુક અંશે નાટ્યલેખનમાં તે સેનેકાને અનુસરે છે ખરો; પણ સમગ્રપણે જોતાં તેની શોકાન્તિકા નથી સેનેકા સંપ્રદાયની કે નથી શેકસપિયર સંપ્રદાયની. તેનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે. ચેપમેનનાં નાટકો રંગમંચ યોગ્ય હોય એમ લાગતું નથી. તે હવે કદી ભજવાતાં નથી એટલે તેની ઉપર એકદમ અભિપ્રાય આપવો યોગ્ય નથી. શેકસપિયર રંગમંચનિષ્ઠ નાટકો અને સત્વશાળી કવિતા એ બંને વાનાં પીરસી શકતો. તેની કવિતા પૂર બહારમાં ખીલી હોય ત્યારે પણ રંગમંચની સેવામાં તત્પર હતી. ચેપમેન, ઓગણીસમી સદીના કેટલાક નાટ્યકારોની જેમ, કવિતાલેખન માટે જ જીવતો હતો. તેની ભાષામાં ગૌરવ છે પરંતુ અસ્પષ્ટતા પણ છે. તેની છટામા એકવિધતા છે. અધ્યાત્મવાદી કવિ ઊઠીને રંગભૂમિની સેવાર્થે કવિતા લખતો હોય એવી છાપ તેનાં નાટકો વાંચતાં પડે છે. તેની શોકાન્તિકાઓમાં નાટ્યકારનું ગૌરવશાળી વ્યક્તિત્વ પ્રકટ થાય છે. ચેપમેનમાં માનવકલ્પ વિષે ઉચ્ચ આદર્શ હતો જે તેણે શોકાન્તિકાઓ સરજીને વ્યક્ત કરવાનો યત્ન કર્યો છે. તે પશ્ચિમાર સેનેકા, એપિકટીટસ અને હોરેસને આદર્શ ગણીને વર્તે છે તથા તત્ત્વજ્ઞાનને વધારેપડતું સ્થાન તેનાં નાટકોમા આપી રે છે.

*

લેખાંક નવમો

અન્ય નાટ્યલેખકો

પોતાના સમકાલીનો સહિતના શેકસપિયરની વચ્ચે તથા તેના અનુગામી નાટ્યલેખકોની વચ્ચે કોઈ ભેદરેખા દોરવી અતિ કઠિન છે. શેકસપિયર તથા બેન જોન્સનનાં નાટકોમાં નીતિની સત્તાને ગૃહીત્ કરીને પ્રસ્થાન થયું છે. જીવનના સર્વ ક્ષેત્રોમાં સમધારણતાને સ્વાભાવિક ગણવામાં આવી છે. અનુગામી નાટકોમાં નીતિની સત્તાને અને જીવનની સમધારણતાને

કોઈ અગત્ય મળતી નથી. શેક્સપિયરના પોતાના જ 'સિમ્બેલાઈન' નામના નાટકમાં ઐતિહાસિક નાટકો અને સુખાન્તિકાઓથી કોઈક જુદું જ પ્રસ્થાન નજરે આવે છે. પ્રથમના ચાર દસકામાં નાટ્ય-લેખનમાં સતત વિકાસ થતો દેખાય છે. તેનાં પ્રમુખ લક્ષણો આટલાં ગણાવી શકાય:-સ્વાભાવિકતાને બદલે કૃત્રિમતા, નૈસર્ગિક મનોહારિતાને સ્થાને નાટકીય રીતે લક્ષ્ય ખેંચવાની વૃત્તિ, વિશિષ્ટ પ્રસંગોનો નાટ્યલેખનમાં અને તેટલો લાભ ઉઠાવવાની દાનત, વિશિષ્ટ ઊર્મિના આલેખન દ્વારા પ્રેક્ષકવર્ગને પકડી રાખવાની મહેચ્છા. સમધારણ જીવનમાં કે સમધારણ સાહિત્યકૃતિમાં આવા પ્રયત્નો ઘણુંખરું કૃત્રિમ લાગે છે અને ક્યારેક અનિષ્ટ ભાસે છે.

એક વાત દીવા જેવી સ્પષ્ટ દેખાય છે. શેક્સપિયર અને તેના અનુગામીઓની વચ્ચે કોઇ અમુક વર્ષમાં ભેદકરેખા દોરવી અશક્ય છે ખરી. પરંતુ જે પ્રેક્ષકોએ માત્ર શેક્સપિયરનાં જ નાટકો જોયાં હશે તેમને અનુગામીઓનાં નાટકોમાં અવશ્ય નવીનતા લાગવાની જ. જ્હોન વેબ્સ્ટર, બ્યૂમોન્ટ અને ફ્લેચરનાં નાટકો આમ કોઈક રીતે શેક્સપિયરનાં નાટકોથી જુદાં પડી જાય છે. બીજા શબ્દોમાં કહેવાય કે તેમનાં તથા તેમના અનુગામીઓની નાટ્યરચના વડે નવીન જમાનો શરુ થાય છે.

જ્હોન વેબ્સ્ટર (John Webster) (૧૫૭૫-૧૬૨૫) ચેપમેનથી અનેક રીતે જુદો પડી જાય છે. તેની ભાષા અને વિચારની સંકુલતાને બદલે વેબ્સ્ટરમાં કંઈક એવી નવીનતા દેખાય છે કે તે જોતજોતામાં રંગમંચનો અધિષ્ઠાતા બની જાય છે. આધુનિક યુગમાં પણ જરૂરી ફેરફાર સાથે વેબ્સ્ટરનાં નાટકો ભજવાતાં તે પ્રેક્ષકોને રસમાં મગ્ન રાખી શકે છે. વેબ્સ્ટરનાં નાટકોમાં કાર્યવેગ ધીરેધીરે જોર પકડતો નથી તેમ કોઈ સુગ્રથિત યોજના પણ નથી. સમગ્ર વસ્તુસંવિધાનની ઘડતરક્રિયામાં તેને રસ નથી. એકાદ નાટ્યાત્મક દૃશ્યને તે વસ્તુમાંથી ઊંચકી લે છે અને પછી તેને ખીલવે છે. તે જ રીતે પાત્રાલેખનની ઝીણીઝીણી વીગતોમાં ચીવટાઈથી સર્જનશીલતા બતાવવાને બદલે ચિત્તના મહાન સંક્ષોભની કોઈ એકાદ ઘડીને તે પકડી લે છે અને પછી તેને બહલાવે છે. તેનાં નાટકોમાં કટોકટીની પળોની હારમાળા લાવવાનું સામર્થ્ય છે. આવી પળોને કાર્યતંતુ દ્વારા નિબદ્ધ કરવામાં આવે છે. આમ કાર્યતંતુમાં અસાધારણ ઊર્મિ કે પ્રસંગના મણકા પરોવવામાં ક્યારેક તે બેદરકારી પણ બતાવે છેઃ આમ અવ્યવસ્થિતતા એ તેના કાર્યવેગનું પ્રમુખ લક્ષણ થઈ પડવાથી તેનું નાટક આંચકા આપતું ગતિ કરે છે. આથી કલાદૃષ્ટિએ ગેરલાભ છે પરંતુ તેમાં એક પ્રકારનું અણઘડ જોમ પણ જણાય છે; કેમકે જીવનમાં પણ સુગ્રથિત પ્રસંગપરંપરા સરળપણે આવવાને બદલે અનિયમિત આંચકા આવતા હોય છે. આ રીતિ એવો ખ્યાલ ઉપજાવે છે કે જીવન અકસ્માતોથી ભરેલું છે અને તેના વડે જ નિયંત્રિત થાય છે; નહિ કે બુદ્ધિતત્ત્વથી. તે જ રીતે માનવો ઊર્મિથી પ્રેરાઈને વર્તે છે, નહિ કે જીવનના નિયામક બુદ્ધિતત્ત્વથી એવો આભાસ પણ ઉપજે છે. વળી તેની ક્ષતિઓ આથી વિશેષ પણ છે. કેટલાક પ્રસંગો સાથોસાથ બની જાય છે, કેટલાક અસંભવનીય લાગે છે; કેટલીકવાર પરાણે અમુક અસર ઉત્પન્ન કરવામાં આવે છે. આ બધી તેની અને તેના વસ્તુસંવિધાનની નબળાઇઓ છે તથા તે જાણકારના ધ્યાન બહાર છટકી શકતી નથી.

શેક્સપિયરના નૈતિક જગત કરતાં વેબ્સ્ટરનું નૈતિક જગત પણ જુદું છે. અહીં શોકાન્તિકામાં પ્રેમ જ પ્રધાન વિષય છે. દુષ્ટતાને તેનો બદલો મળે છે ખરો પરંતુ ડગલે ને પગલે દુષ્ટતા જ નાટકમાં ભટકાય છે.

શેક્સપિયરની નાટ્યકાર તરીકેની કારકિર્દીનાં પાછલાં વર્ષમાં બે નાટ્યકારોનો ઉદય થાય છેઃ જ્હોન ફ્લેચર (John Fletcher—1579–1625) અને ફ્રાન્સિસ બ્યૂમોન્ટ

(Francis Beaumont. 1584-1616)-બંને સમર્થ નાટ્યકારો હતા અને સુખેથી વારંવાર ભાગીદારીમાં નાટ્યલેખન કરતા હતા. તેમની કૌશલપૂર્ણ અને જરા નાટકીયતાના પાસવાળી શોકાન્તિકાઓએ તથા કરુણસુખાન્તિકાઓએ પ્રેક્ષકવર્ગને રસમાં તરબોળ રાખ્યો. તેમની લોકપ્રિયતા જોઈને શેક્સપિયરને પણ પોતાના સિમ્બેલાઈન નાટકમાં તેમનું અનુકરણ કરવાનું મન થઈ આવ્યું લાગે છે. બંને લેખકોમાં ફ્લેચર વધારે સર્જનઉત્પાદન કરતો હતો તથા વધારે દીર્ઘજીવી પણ નીવડ્યો. તેમની હાસ્યશક્તિ સહિયારી કરુણ સુખાન્તિકામાં તથા પોતપોતાની સ્વતંત્ર રચનાઓમાં રસપ્રદ તથા કૌશલપૂર્ણ હોવાથી સમકાલીન પ્રેક્ષકોને આકર્ષી ગઈ હતી, પરંતુ અનુગામી કાળમાં કદી તેમને આકર્ષ્યાં નથી કે આકર્ષી શકશે પણ નહિ.

ફિલિપ મેસિન્જર (Philip Massinjer-1583-1639) પોતાના સ્વતંત્ર રાજકીય અભિપ્રાયોને લીધે શાસકતંત્રની આંખે ચડી ગયો હતો અને હેરાન પણ થયો હતો. 'રેનિજેડો' (Renejedo—1624) નામના નાટકમાં તેણે એક કેથોલિકને સમભાવયુક્ત પ્રમુખ પાત્ર બનાવ્યું બરાબર આ વેળાએ કેથોલિકો તરફનો શત્રુભાવ હવામાં ગાજતો હતો. તેણે ઘણા લેખકો સાથે ભાગીદારીમાં નાટકો લખ્યાં છે. ફ્લેચરની સાથે તેણે સુખાન્તિકાઓ લખી છે. તેની પોતાની બે સ્વતંત્ર સમર્થ સુખાન્તિકાઓ પણ છે જેની ઉપર બેન જોનસનની અસર દેખાઇ આવે છે.

થોમસ મિડલટને (Thomas Middleton—1580-1627) દસકાઓ સુધી નાટ્યરચના કરી છે.

વિલિયમ રાઉલી (William Rowley) વિષે ખાસ જાણવા મળતું નથી. તેણે મિડલટન સાથે મળીને લેખન કરેલું.

અન્ય નોંધપાત્ર નાટ્યકાર જ્હોન ફોર્ડ (John Ford—1586-1604) છે.

સ્ટુઅર્ટ વંશનો તથા ઇલિઝાબેથના યુગનો અંતિમ નાટ્યકાર છે જેમ્સ શરલી (James Shirly—1596-1666). તેની નાટ્યપ્રવૃત્તિ ૧૬૨૫ થી ૧૬૪૨ સુધી ચાલે છે. ઈ. સ. ૧૬૪૨ માં પ્યુરિટનોએ નાટકશાળાઓ બંધ કરાવી. શરલીનાં નાટકો તેમ છતાં ઉપલબ્ધ છે તેનું કારણ એ કે જ્યારે ભજવણી અશક્ય લાગી ત્યારે નાટકોનું મુદ્રણ તેણે શરૂ કર્યું.

ઈ. સ. ૧૬૪૨માં એક વટહુકમ દ્વારા બધી જ નાટકશાળાઓ બંધ કરવામાં આવી. તેના શબ્દો આવા હતાઃ—"Public sports do not well agree with public calamities nor public stage plays with the seasons of humiliation."

અર્થાત્ લોકોના દુઃખપાતનાના દિવસોમાં આવાં નાચકણાં કુદકણાંને સ્થાન ન હોઈ શકે, તેમ છતાં ક્યાંક ક્યાંક ખાનગીમાં નાટક ભજવાતાં હતાં અને છપાતાં હતાં. આંતરયુદ્ધની પૂર્વેના અને પછીના ગાળાને જોડનાર કોઇ નાટ્યકાર હોય તો તે સર વિલિયમ ડેવનન્ટ (Sir William Devenant—1606-1668) હતો. કોઇ તેને શેક્સપિયરનો પૌત્ર માને છે. ઈ. સ. ૧૬૫૬ થી, નાટકબંધીના તે જમાનામાં, આ નાટ્યકાર ખાનગી સ્થળોએ નાટ્યપ્રયોગો ગોઠવતો હતો. આ કાર્યમાં તેને કેટલાક માયાળુ ઉચ્ચ પ્યુરિટન અધિકારીઓનો સાથ મળ્યો હતો. ઈ. સ. ૧૬૫૬માં તેણે 'રૂહોડ્સનો ઘેરો' (Siege of Rhodos) ભજવ્યું. તેમાં પદ્યકથા સાથે સંગીત આવતું હતું. આમ સંગીતનાટિકાના સ્વરૂપે નાટક પાછું પોતાનું સ્થાન લેવા મથતું હતું. ઈ. સ. ૧૬૫૮ માં તેણે આવી બે અન્ય કૃતિઓ ભજવાવી. આ કૃતિઓમાં કંઈ વિત્ત નથી પણ કઠિન કાળમાં યે નાટ્યને સજીવન રાખવાનો તેનો દૃઢ નિશ્ચય આ બંને કૃતિઓ દ્વારા જાહેર થાય છે.

અબ્રાહમ લિંકન—તેનું જીવનકાર્ય

પ્રોફે. દેવવ્રત પાઠક

આજે ૧૨ મી ફેબ્રુઆરીના દિવસે આપણે અબ્રાહમ લિંકનની ૧૫૦ મી જન્મજયન્તી ઉજવીએ એ જેટલું ઉચિત છે તેટલું જ ગૌરવભર્યું છે. લિંકન અમેરિકાનો સોળમો પ્રમુખ હતો. પણ તે અમેરિકન હતો કે પ્રમુખ હતો તે વાત આજે અગત્યની નથી. લિંકનનું વ્યક્તિત્વ, તેના આદર્શો અને તેનું જીવનકાર્ય આજે સમગ્ર દુનિયાનો વારસો થઇ ગયું છે. જેમ ગાંધીજીનો જીવનસંદેશ માત્ર હિન્દ પૂરતો મર્યાદિત ન રહેતાં, દુનિયાના ખૂણેખાંચરે પહોંચ્યો છે, તેવું લિંકન વિશે પણ બન્યું છે. લિંકન આપણો સૌનો છે.

લિંકનનો જન્મ ૧૮૦૯ ના ફેબ્રુઆરીની ૧૨ મી તારીખે અમેરિકાના કેન્ટુકી નામના રાજ્યમાંના એક નાનકડાં ગામડામાં થયો. લિંકનનાં ગરીબ માબાપ લાકડાંની બનાવેલી નાની ઝૂંપડીમાં રહેતાં. પિતા સુથારનું કામ કરતા પણ નિયમિત નહિ. તેમને શિકારનો શોખ હતો અને તેમની તથા તેમના પૂર્વજોની સાહસકથાઓ તે અવારનવાર લિંકનને કહેતા. લિંકનને શિકારમાં રસ લાગ્યો નહિ. નાનપણમાં એકાદ પક્ષીને તેણે માર્યું હશે, ત્યાર પછી કદી તેણે શિકાર કર્યો નથી. લિંકનની ઉંમર સાતેક વર્ષની થઈ ત્યારે તેનું કુટુંબ પાસેના ઇન્ડિયાના રાજ્યમાં જઇને વસ્યું અને ત્યારબાદ તેઓએ ઇલીનોઈ રાજ્યમાં વસવાટ કર્યો. ઇન્ડિયાનામાં ગયા પછી બીજે જ વર્ષે—એટલે કે લિંકનની આઠ વર્ષની ઉંમરે—લિંકને તેની માતા ગુમાવી. મોટા થયા પછી લિંકને એક વાર કહેલું: "હું જે કાંઇ છું તે મારી માતાને આભારી છે."

વર્ષોને જતાં વાર લાગી નહિ અને લિંકન સોળ વર્ષની ઉંમરે તો ખાસ્સો ૬ ફુટ–૪ ઇંચ ઊંચો કદાવર જુવાન થઇ ગયો. ઊંચાઈના પ્રમાણમાં તેણે કદી વજન મેળવ્યું નહિ. તેની ગરીબ પરિસ્થિતિ અને માતાના શરીરનો નબળો વારસો કદાચ તેનું કારણ હોય! આ વર્ષો દરમ્યાન લિંકન નિયમિત અભ્યાસ કરી શક્યો નહોતો. તેના સોળ વર્ષના જીવનમાં ભાગ્યે જ એકાદ વર્ષ તે ભણી શક્યો હશે. લખતાં વાંચતાં અને થોડું ગણિત ગણતાં તે શીખી શક્યો.

જુવાન લિંકન હવે મીસીસીપી નદીમાં બોટ લઈને ઇલીનોઇથી દક્ષિણ ન્યુ ઑરલિન્સ સુધી જવા લાગ્યો. ન્યુ ઑરલિન્સના બજારમાં લિંકને એકવાર હબસી ગુલામોના લીલામનું હૃદયદ્રાવક દૃશ્ય જોયું. આ દૃશ્યે તેની ઉપર ઊંડી અસર કરી. કહે છે કે લિંકને તે વખતે કહેલું: "ભવિષ્યમાં કો'ક દિવસ પણ મને આ વસ્તુ સામે પ્રહાર કરવાની તક મળશે તો હું સખત પ્રહાર કરીશ." ગુલામીની પ્રથાને નાબૂદ કરવાના તેના નિર્ણયનું બીજ આ રીતે નંખાયું.

આ પછીનાં વર્ષોમાં લિંકન ઇલીનોઇમાં ન્યુ સાલેમમાં રહેવા ગયો; જ્યાં તેણે રાજ્યની ધારાસભાની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી પરંતુ તેમાં તેની હાર થઈ. ૧૮૩૧ થી ૧૮૩૪ સુધી તેણે પોસ્ટ માસ્તર તરીકે કામ કર્યું. ૧૮૩૪ ની ચૂંટણીમાં તે ચૂંટાઈ આવ્યો. તેના રાજકીય જીવનની સાથેસાથે તેણે કાયદાનો અભ્યાસ શરૂ કર્યો. અને થોડાં વર્ષો

સફળતાથી પ્રૅક્ટિસ કરી. ૧૮૪૨ માં મેરી ટૉડ નામની એક મનસ્વી પણ બાજરમાન સ્ત્રી સાથે તેણે સ્પ્રિન્ગફીલ્ડમાં લગ્ન કર્યાં. લિંકનનું પરિણીત જીવન બહુ સુખી નહોતું પણ તે એક આદર્શ પતિ અને પિતા હતો તેમાં શંકા નથી.

૧૮૪૫ માં લિંકન અમેરિકાની મધ્યસ્થ ધારાસભા-કોંગ્રેસ-ની ચૂંટણીમાં ઊભો રહ્યો. તેનો પ્રતિસ્પર્ધી કાર્ટરાઈટ દેવળનો પાદરી હતો. એકવાર તે દેવળમાં લોકોને સંબોધી રહ્યો હતો ત્યાં લિંકન જઇ ચડ્યો. કાર્ટરાઈટે લોકોને બે સવાલ પૂછ્યા: "તમારામાંથી જેમને સ્વર્ગમાં જવું હોય તે ઊભા થાઓ." બીજીવાર તેણે પૂછ્યું: "તમારામાંથી કોને નરકમાં જવું નથી?" બંને વખત ઘણા લોકો ઊભા થયા પણ લિંકન બેઠો રહ્યો. કાર્ટરાઈટે જરા કરડાકીથી લિંકનને ઉદ્દેશીને કહ્યું: "લિંકન, તમારે ક્યાં જવું છે?" લિંકને ઠંડા પેટે જવાબ આપ્યો: "મારે કોંગ્રેસમાં જવું છે." આ ચૂંટણીમાં લિંકન જીત્યો. આ સમયે મેક્સિકો સાથે લડાઈ ચાલતી હતી. લિંકનની ન્યાયપ્રિય દૃષ્ટિને આ લડાઇ વ્યાજબી લાગી નહિ. તેણે તે સમયના પ્રમુખ પોકને સીધો સવાલ પૂછ્યો, "જે ભૂમિ પર આપણા સૈનિકોનું લોહી રેડાઈ રહ્યું છે તે ભૂમિ આપણી છે તેની મને પૂરેપૂરી ખાત્રી કરાવી આપો." લડાઇ સામેનો લિંકનનો આ વિરોધ લોકોને બહુ ગમ્યો નહિ. પણ લિંકને તેનો વિરોધ ચાલુ રાખ્યો. બીજી ચૂંટણીમાં તે ઊભો રહી શક્યો નહિ. ૧૮૪૯ થી ૧૮૫૪ નાં વર્ષો દરમ્યાન લિંકન રાજકારણથી દૂર રહ્યો પણ તે સમય દરમ્યાન તેણે દેશના રાજકારણનો સારો અભ્યાસ કર્યો. ૧૮૫૪ પછી તેને જોઈતી તક મળી ગઈ.

સ્ટીફન ડગલાસ નામના સેનેટના સભ્યે દક્ષિણનાં રાજ્યોનો ટેકો મેળવવા ખાતર ગુલામી અંગે દરેક રાજ્ય સ્વતંત્ર છે એવો સિદ્ધાંત આગળ કર્યો. લિંકને આનો સખત વિરોધ કર્યો. હવે તે રીપબ્લિકન પક્ષમાં જોડાયો અને ડગલાસ સામે ચર્ચામાં ઊતર્યો. ઠેરઠેર લિંકન અને ડગલાસનાં ભાષણો ગોઠવાયાં. ૧૮૫૮ માં તેણે સેનેટની ચૂંટણીમાં ઝંપલાવ્યું. લિંકન કહેતો, "ઘર ફૂટે ઘર જાય. હું માનું છું કે આ સરકાર અડધી ગુલામ અને અડધી સ્વતંત્ર એ રીતે નહિ ટકી શકે." આ ચૂંટણીમાં લિંકન જીતી શક્યો નહિ. પોતાની હાર વિશે બોલતાં તેણે કહ્યું: "મેં માત્ર ઠોકર ખાધી છે; હું પડ્યો નથી." ડગલાસ સાથેની આ ચર્ચાએ સ્પ્રિન્ગફીલ્ડના આ વકીલની કીર્તિ ઘણી વધારી. ૧૮૬૦ માં લિંકને ન્યુયોર્ક શહેરમાં ગુલામીના અનિષ્ટ ઉપર સુંદર પ્રવચન આપ્યું. એક દૈનિક પત્રે લખ્યું, "સેન્ટ પૉલ પછીનો આ કદાચ સૌથી મહાન પુરુષ છે."

લિંકન ઉત્તરનાં કેટલાંક રાજ્યોમાં ફર્યો અને લોકમનને જાગ્રત કરવામાં ઠીકઠીક સફળ થયો. તે જ વર્ષે રીપબ્લિકન પક્ષના અધિવેશનમાં લિંકનની પ્રમુખપદના ઉમેદવાર તરીકે વરણી કરવામાં આવી; અને લિંકન બહુ મોટી બહુમતિએ પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યો. ચૂંટણી દરમિયાન અગિયાર વર્ષની એક છોકરીએ લિંકનને, "તમે દાઢી ઉગાડો તો કેવું?" એમ સૂચન લખી મોકલ્યું. લિંકને જવાબ મોકલ્યો કે તેની આટલી ઉંમરે તેમ કરવું જરા કઢંગું કે ઢોંગભર્યું કહેવાય. આમ જવાબ આપ્યા પછી પણ, લિંકને તે પછી બીજે જ મહિને, દાઢી ઉગાડવી શરૂ કરી! લિંકન અમેરિકાનો સૌથી પહેલો દાઢીવાળો પ્રમુખ બન્યો! लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुमर्हति। મહાન લોકોનાં મન કોણ કળી શકે?

લિંકન નવેમ્બરમાં ચૂંટાયો પણ પ્રમુખનો હોદ્દો તો તે માર્ચ મહિનામાં જ લઈ શકે. આ ચાર મહિના તેના વિમાસણમાં ગયા કારણકે તે ચૂંટાયો કે તરત દક્ષિણનાં રાજ્યોમાંથી લડાઈની વાતો સંભળાવા લાગી. નિવૃત્ત થતા પ્રમુખ બુકાનને પણ નરો વા કુંજરો વા ની નીતિ અપનાવી અને જાહેર કર્યું, "કોઈ રાજ્યને સંઘમાંથી નીકળવાનો હક્ક નથી પણ તે સાથે સંઘ સરકારને પણ તેવા રાજ્યને બળજબરીથી રોકવાનો અધિકાર નથી." દક્ષિણનાં રાજ્યોને આથી જોઈતું પ્રોત્સાહન મળી રહ્યું.

માર્ચમાં પ્રમુખનો હોદ્દો સંભાળતાં લિંકને તેના મંગળ પ્રવચનમાં દક્ષિણને ઉદ્દેશીને કહ્યું, "આપણે દુશ્મનો નથી પણ મિત્રો છીએ. આપણે દુશ્મનો ન થઈએ." પણ આ લિંકનના હાથની વાત રહી નહોતી. દક્ષિણમાં આવેલા ફોર્ટ સમટર તરફથી પૂરવઠાની માગણી કરવામાં આવી. આમ કરવા માટે સૈન્ય મોકલવું જરૂરી હતું પણ દક્ષિણનાં રાજ્યોએ વિરોધ કર્યો: ૧૮૬૧ના એપ્રિલની ૧૨મીએ ચાર્લ્સ્ટનના સૈનિકોએ ફોર્ટ સમટરના સમવાયી કિલ્લા પર હલ્લો કર્યો, અને અમેરિકામાં આંતરવિગ્રહની જ્વાળા ભભૂકી ઊઠી. આ આંતરવિગ્રહમાં બે બળો એકીસાથે એક બીજા સામે કામ કરી રહ્યાં હતાં. દક્ષિણનાં પછાત અને ખેતીપ્રધાન રાજ્યોને ગુલામી દૂર કરવી નહોતી; જ્યારે ઉત્તરનાં રાજ્યો આ વિશે પ્રગતિશીલ વિચારસરણી ધરાવતાં હતાં. પરિણામે ઉત્તર અને દક્ષિણ વચ્ચે ગજગ્રાહ ચાલ્યો અને દક્ષિણનાં રાજ્યોએ સંઘમાંથી ખસી જવાની તથા સ્વતંત્ર અને અલાયદું રાજ્ય સ્થાપવાની હીલચાલ કરી. આ રીતે ગુલામી અને સંઘ રાજ્યનું ઐકય એ બંને પ્રશ્નો એકબીજા સાથે ગૂંચવાયેલા હતા. લિંકનની વિચક્ષણ દૃષ્ટિએ જોઈ લીધું હતું કે મુખ્ય પ્રશ્ન સંઘના ઐકયનો હતો. ગુલામીનો પ્રશ્ન ગૌણ હતો. આથી લિંકને જાહેર કર્યું, "લડાઈમાં મારો મુખ્ય હેતુ સંઘને બચાવવાનો છે; ગુલામી બચાવવાનો કે તોડવાનો નથી. ગુલામી રાખીને જો હું સંઘને બચાવી શકીશ તો હું તેમ કરીશ. ગુલામી દૂર કરવાથી એમ કરવું સરળ બનશે તો હું તેમ કરીશ.... અમારે સંઘને તોડવો નથી. અને કોઈ તોડે તે હું સાંખી શકું તેમ નથી."

આ આંતરવિગ્રહ એ લિંકન માટે કસોટીરૂપે નીવડ્યો. શરૂઆતમાં સંઘનાં લશ્કરોને ઠેરઠેર હાર મળી. સામસામેના આક્ષેપો, અપમાનો, અરસપરસની ઈર્ષ્યા, લશ્કરી બિનતૈયારી અને અણઆવડત, વહીવટીતંત્રની શિથિલતાઓ, અનાજ અને લશ્કરી સરંજામની અછત, લાંચરૂશ્વત, રોગચાળો વગેરે કેટલાંય અનિષ્ટોનો લિંકનને સામનો કરવો પડ્યો. યાતનાના આ દિવસોમાં લિંકને તેની અપાર ધીરજ અને માનવતાની દૃષ્ટિથી કામ કર્યું અને સમગ્ર યુદ્ધનું સંચાલન કર્યું. ગુલામીનો પ્રશ્ન તેના મનમાં હંમેશા ઘોળાયા કરતો હતો, પણ જ્યાં સુધી યુદ્ધમાં તે ફાવે નહિ ત્યાં સુધી તે વિશે કશું કરવું હિતાવહ ન હતું. ગુલામોને સ્વાતંત્ર્ય બક્ષવા માટેનું જાહેરનામું તેણે ખાનગીમાં ઘડી કાઢ્યું અને જ્યારે જીતની શરૂઆત થઈ ત્યારે — એટલે કે ૧૮૬૨ના સપ્ટેમ્બરની ૨૨મી તારીખે — તે જાહેર કર્યું.

આ જાહેરાત પ્રમાણે ૧૮૬૩ની જાન્યુઆરીની પહેલી તારીખથી તમામ ગુલામોને છૂટા કરવામાં આવ્યા. લિંકનની આ ઘોષણાથી અમેરિકાની લોકશાહીનું નવું પ્રકરણ શરૂ થયું.

૧૮૬૩ના નવેમ્બરની ૧૯મીએ ગેટિસ્બર્ગ ખાતે લિંકને લડાઈમાં માર્યા ગયેલા સૈનિકોના કબ્રસ્તાનનો સમર્પણવિધિ કર્યો. તેનું ગેટિસ્બર્ગનું ટૂંકું ભાષણ આજે જગપ્રસિદ્ધ બન્યું છે પણ તે વખતે કોઈના ઉપર તેની ખાસ અસર થઈ નહિ! લિંકન માંડ ત્રણ મિનિટ બોલ્યો

સ્રી. ફોટો પાડનાર ફોટોગ્રાફર તેનો કેમેરા પણ સરખો કરી શક્યો નહિ ત્યાં તો લિંકન બેસી ગયો! "લોકોની, લોકો વડે ચાલતી અને લોકો માટેની સરકાર" એ લિંકનની ઉક્તિ આ ભાષણમાં જોવા મળે છે. ગેટિસ્બર્ગના આ ભાષણે લિંકનને અમર બનાવ્યો છે.

૧૮૬૪માં ફરી ચૂંટણી થઈ અને લિંકન બીજી વાર ચૂંટાઈ આવ્યો. લડાઈનાં પૂર હવે સાનુકૂળ બનતાં જતાં હતાં. ફરીને પ્રમુખપદ સ્વીકારતાં લિંકને કહ્યું, "કોઈની પણ તરફ વેરભાવ રાખ્યા સિવાય અને સૌની તરફ અનુકંપા રાખી ઈશ્વરે આપણને જે સાચો રાહ બનાવ્યો છે તે રાહે આપણે દૃઢતાથી આગળ વધીએ."

થોડા જ દિવસોમાં દક્ષિણનું મુખ્ય મથક ગણાતું રીચમન્ડ સંઘ સરકારના હાથમાં આવ્યું. લિંકન તુરત જ રીચમન્ડ જઈ પહોંચ્યો. ત્યાંના હબસીઓએ તેને ઉમળકાથી વધાવી લીધો. રીચમન્ડના હબસીઓએ લિંકનને એક ફિરસ્તો કહ્યો. એપ્રિલની ૧૪મીએ ફોર્ટ સમટર સંઘ સરકારનાં સૈન્યોના હાથમાં આવ્યું અને આંતરવિગ્રહની પૂર્ણાહુતિ થઈ. તે જ દિવસે સાંજે લિંકન તથા તેની પત્ની મેરી નાટક જોવા ગયાં. ચાલુ નાટકે બુથનામાના એક યુવાને લિંકન ઉપર પિસ્તોલ ચલાવી અને લિંકન ઢળી પડ્યો. ઘવાયેલી સ્થિતિમાં તેને બાજુના એક ઘરમાં લઈ જવામાં આવ્યો. ત્યાં બીજે દિવસે સવારના લિંકન મૃત્યુ પામ્યો. કોઈએ કહ્યું, "હવે એ અનંત કાળમાં વિલીન થયો છે."

જેમ જીવનમાં તેમ મૃત્યુમાં લિંકન એક વિરલ પુરુષ હતો. જીવનની છેલ્લી પળ સુધી જે ઝંઝાવાતો સામે તે લડ્યો તે દૂર તો થયાં પણ તે પછીના દિવસો જોવાનું સદ્ભાગ્ય તેને સાંપડ્યું નહિ. અમેરિકાના બધા પ્રમુખોમાં લિંકન સર્વોચ્ચ આસને બિરાજે છે. પણ પ્રમુખના કરતાં પણ વિશેષ તો તે એક અદ્ભુત મનુષ્ય હતો. તેનું સ્વાભાવિક સૌજન્ય, તેનું અપાર ચારિત્ર્યબળ, તેની ધર્મ માટેની ઊંડી લાગણી અને સૌથી વધારે તો તેની પ્રત્યેક મનુષ્ય માટેની અંતઃકરણની અનુકંપાએ તેને અમરત્વ બક્ષ્યું છે. લડાઈ દરમિયાન તેણે કેટલાય સૈનિકોને માફી આપેલી, કેટલીય વિધવાઓને આશ્વાસન આપ્યાં અને કેટલીય માતાઓને દિલાસો આપ્યો હતો. લિંકન કરુણાની મૂર્તિ હતો. ચંદનને જેમ ઘસો તેમ સુવાસ આવ્યા કરે છે તેમ મુશ્કેલીઓ આવતી ગઈ તેમ તેમ લિંકનની જીવનની સૌરભ પણ પ્રસરતી રહી. લોકોમાં તેને અપાર શ્રદ્ધા હતી. તે કહેતો, "લોકોના સહકારથી તમે ગમે તે કરી શકો છો; તેમના ટેકા સિવાય કશું નહિ." રાજકીય ખટપટો કે સરકારી તંત્ર વિશેની ચર્ચામાં તેને રસ નહોતો. સરકારી નીતિરીતિઓનાં બંધનો પણ તેને સ્વીકાર્ય નથી. તેની લોકશાહી મનુષ્ય મનુષ્ય વચ્ચેના ભાઈચારાના સંબંધમાં રહેલી હતી. "જેમ હું ગુલામ થવું પસંદ નહિ કરું તેમ હું શેઠ થવું પણ પસંદ ન કરું. આ મારો લોકશાહીનો આદર્શ વ્યક્ત કરે છે. જે કોઈ તેનાથી જુદું છે તેટલે અંશે તે લોકશાહી નથી."

ગાંધીજીની માફક લિંકને પણ મનુષ્યની સેવામાં તેનું જીવન વીતાવ્યું. એક વીરનું જીવન જીવી તેઓ બન્ને વીરને છાજે તેવું મૃત્યુ પામ્યા. પૃથ્વી પર મનુષ્ય જ્યાં સુધી છે ત્યાં સુધી ગાંધીજીની માફક લિંકનનો જીવન-સંદેશ પણ હંમેશાં ગુંજતો રહેશે.*

---

* અબ્રાહમ લિંકનની ૧૫૦ મી જન્મજયંતી પ્રસંગે તા. ૧૨-૨-૫૯ના રોજ આપેલો વાર્તાલાપ—આકાશવાણીના સૌજન્યથી.

સંસાર !

રમણ કોઠારી

[સોરઠો]

ભર્યો ભર્યો સંસાર! પુત્ર કલત્રે ભર્યો ભર્યો,
નિજનું ભુલવે ભાન, સાર નિશદિ સારવતાં.
ઘડિ – બે – ઘડિ – વિજોગ, જોગ જીવ શિવનો ચહે,
નિંદર પડી ખલેલ, આકુળ વ્યાકુળ જીવ આ.
ક્યાં શૈશવ સુકુમાર? જીવિતનો પૂર્વાર્ધ ક્યાં?
ભર્યાં ભવે હ્યાં નીરખું ઉત્તરાર્ધ આવંત આ.
નથી નથી કો સ્નેહી જન, બાલાપણુ, યૌવન નથી,
વાર્ધક્યે વિગલિત થતું અંગ ઝલાયે મથી મથી.
શૂન્ય શૂન્ય સંસાર! સૂનમૂન સૌ ભૂત શાં,
વિલપે અનરાધાર જીવડો શિવને ઝંખતો.
વિરમ્યો ઘડિ – વિજોગ, સાંપ્રતમાં પાછો ફરી.
(પણ) ના વિસરાયે ઝાંખ આ સંસાર અસારની,
સાર રૂપે જે ઉરે સરી!

★

લાઇફ ઇન્સ્યુરન્સ કોરપોરેશન વિશે

કેટલીક જાણવાજેવી વીગતો

૧ ઈ. સ. ૧૯૫૮ ના વર્ષ દરમ્યાન થયેલું કામકાજ રૂ. ૩૪૪ કરોડ ઉપરાંત.
૨ ઈ. સ. ૧૯૫૭ ના વર્ષ દરમ્યાનના કામકાજ કરતાં રૂ. ૬૨ કરોડનો વધારો.
૩ ઈ. સ. ૧૯૫૮ ના વર્ષ દરમ્યાન નવી દશ લાખ પોલિસીનું વેચાણ થયું.
૪ ઈ. સ. ૧૯૫૮ ના વર્ષ દરમ્યાન લગભગ ૫½ કરોડનું કામકાજ પરદેશમાંનું છે.

*

૧૯૫૮ના વર્ષ દરમ્યાન આ બધું કામકાજ મેળવવા માટે શાખાઓ ૨૨૧, ઉપશાખાઓ ૯૯, વિભાગીય કચેરીઓ ૩૩ અને પ્રાદેશિક કાર્યાલયો ૫ કોરપોરેશન તરફથી ચલાવવામાં આવે છે.

*

જીવન વીમાના પાંચે ઝોનમાં વિકાસ યોજનાના કાર્યકરોને તાલીમ આપવા તેમજ વીમા-વેચાણ અને કાર્યની બજાવણીને લગતું શિક્ષણ આપવા માટે સ્થાપી તાલીમ-કેન્દ્રો ખોલવામાં આવ્યા છે.

★

વિલાયતની વાતો

કાન્તિલાલ મ. ગાંધી

૨

સ્નેહી ભાઈશ્રી,

સ્વપ્ન અને તેની સિદ્ધિ વચ્ચે અંતર કેટલું ? મારા કિસ્સામાં તો પૂરા એકવીસ વર્ષનું અંતર લાગ્યું. એકવીસ વર્ષની વયે ટેકનોલોજીની ડીગ્રીની સાધના કરતો હતો ત્યારે સ્વપ્નું સેવેલું કે ડીગ્રીની સાથેસાથે વિદેશ જવાની એકાદ સ્કોલરશીપ પણ મળી જશે. પણ આ હરીફાઈમાં હું એકલો જ નહોતો. મારાથી વધારે બુદ્ધિવાળા સહાધ્યાયીઓ હતા જ અને બધા જ પ્રસંગે મારી જિંદગીમાં બનતું આવ્યું છે તેમ, આ પ્રસંગે પણ મારું નસીબ બે ડગલાં પાછળ જ રહી ગયું. વિદેશ જવાની સ્કોલરશીપને બદલે ભારતમાં જ વિદેશી કંપનીઓમાં નોકરી કરવાનું સર્જાયું—શરૂઆતમાં જર્મન કંપનીમાં અને ત્રણ વર્ષ બાદ અંગ્રેજી કંપનીમાં. એકવીસમે વર્ષે સેવેલું સ્વપ્ન બેતાલીસમા વર્ષમાં સિદ્ધ થવાનો પ્રસંગ આખરે આવ્યો તો ખરો જ. ઇમ્પીરિયલ કેમિકલ ઇન્ડસ્ટ્રીઝની ટેકનિકલ સર્વિસ લેબોરેટરીઝમાં સત્તર વર્ષ નોકરી કર્યા બાદ કંપનીએ મને વિલાયતની તેમની લેબોરેટરીઓમાં અનુભવ મેળવવા મોકલવાનું નક્કી કર્યું. વિદ્યાર્થીદશામાં જે સદ્ભાગ્ય ન સાંપડ્યું તે એક ટેકનિકલ ઓફિસર બન્યા પછી જ સાંપડ્યું. છતાં "બેટર લેટ ધેન નેવર !" અને બેતાલીસ વર્ષની વયે જે જે નિરીક્ષણો કરી શક્યો છું તેવાં તો એકવીસ વર્ષની વયે હરગીઝ ન જ કરી શક્યો હોત. વહેલી ખાધી હોત તો દ્રાક્ષ કદાચ ખાટી પણ નીકળી હોત !

૧૯૫૭ નું આખું વર્ષ તો કંપની તરફથી યોજાયેલા ભારતના વિશાળ પ્રવાસમાં જ વીતી ગયું. ૧૯૫૮ ના જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં પણ હું બંગાળ, બિહાર, ઓરિસ્સાનો પ્રવાસ કરી રહ્યો હતો—યાદ હશે જ કે રમણભાઈના લગ્નપ્રસંગે પણ મારે કલકત્તાથી તાર દ્વારા જ અભિનંદન મોકલવા પડ્યાં હતાં. હોળીને દિવસે કલકત્તા શહેરના એક પણ રસ્તા ઉપર કપડાં રંગાયા વગર નીકળી શકાય તેમ નહોતું. ત્યાર બાદ એક બે દિવસ પછી હું મુંબઈ પાછો આવ્યો ત્યારે મને આ શુભ સમાચાર આપવામાં આવ્યા કે એકાદ માસમાં જ મારે વિલાયત જવાનું થશે ! પાસપોર્ટ, કપડાં, સામાનની તૈયારીઓ ચાલી. બાકી રહેલા એક મહિનામાં એક પણ દિવસ રાત્રે ઘેર જમવું પડ્યું નથી—વિદાયગીરીની પાર્ટીઓ શરૂ થઈ ગઈ. એક બાજુ એમ કહેવાય છે કે વિલાયત જવામાં તે શું મોટો મોર માર્યો; અને બીજી બાજુ મારા સૌ કોઈ સ્નેહીઓ મારા વિદેશગમન બદલ ધન્યતા અનુભવવા લાગ્યા. લાગલગાટ એક મહિનો જુદે જુદે ઘેર મિષ્ટાન્નો, ફરસાણો જમવાનો અનુભવ આ પહેલી જ વાર થયો. પાડ ખુદાનો કે પેટમાં કશો બગાડો ન થયો. જવાના ઉત્સાહને લીધે તો ઉજાગરાની પણ કશી માઠી અસર ન થઈ. ૭ મહિના સુધી આમાંનું કશું ખાવા મળવાનું નથી માટે ખાઈ લો એવી ભલામણ બધા મશ્કરીમાં કરતા હતા. પરંતુ સાચેસાચ વિલાયતમાં ૭ મહિના આવાં ભોજનો વગર કાઢવા પડ્યા તે તો મન જાણે છે !

આખરે સત્તરમી એપ્રિલ ૧૯૫૮ નો મારા જીવનનો એ ઐતિહાસિક દિન આવી પહોંચ્યો. દીવેલના કોડિયાં વચ્ચે ઉછરેલો, બચપણમાં જ માતાવિહોણો બનેલો, સંખેડા ગામના એક સામાન્ય કુટુંબનો બાળક બેતાલીસ વર્ષ બાદ પહેલી વાર વિમાનમાં ઊડે છે અને તે પણ સીધો મુંબઈથી લંડન સુધી! વિમાનમાં વખતોવખત ઊડી ચૂકેલાને આમાં કશું નવાઈ જેવું નથી. પરંતુ ભારતના છત્રીસ કરોડ માનવોમાંથી ભાગ્યે જ એક લાખ જણા વિમાનમાં બેઠા હશે તેથી હજી આ પ્રસંગ નવાઈનો તો કહેવાય જ. હું માનું છું કે તમે પણ હજી વિમાનમાં નથી બેઠા. ખરું ને? રાત્રે અગિયાર વાગે મુંબઈના નવા એરપોર્ટ ઉપર સગાંસંબંધીઓ, સ્નેહીઓ, મિત્રો, ઓફિસના સાથીઓની ઠઠ જામી હતી. કોઈ હારતોરા તો કોઈ શ્રીફળ, કોઈ કંકુ તો કોઈ સાકર એવું એવું બધું મારે માટે લાવ્યા હતા. અમારા ટેકિનકલ મેનેજર મિ. મિલ્બર્ન અને તેમનાં પત્ની પણ મને વિદાય આપવા એરપોર્ટ ઉપર આવ્યાં હતાં. યથાયોગ્ય વંદન, નમસ્કાર, શેકહેન્ડ, આલિંગન કરીને આખરે હું વિમાનમાં પ્રવેશ્યો. એર હોસ્ટેસે મારી બેઠક બતાવી અને હું આ વાદળી જેવી પોચી બેઠકમાં ગોઠવાઈ ગયો. દસેક મિનિટ બાદ તો ધમધોકાર અવાજ સાથે વિમાન જમીનથી વિમુખ થઈ ગયું અને મેં વિમાનની બારીમાંથી ટોળાં સામે નજર નાખી. રૂમાલો ઊડતા દેખાયા અને બીજી જ ક્ષણે બધું જ દેખાતું બંધ થઈ ગયું. ઘનઘોર અંધકારની વચમાં અમારો આ હવાઈ કિલ્લો સુપરકોન્સ્ટેલેશન "झांसी की राणी" સાઠ માનવોને લઈને ઊડવા માંડ્યો.

ગઈ કાલે માંડ બે કલાક ઊંઘ્યો હતો અને આજે પણ ઊંઘ આવશે ખરી કે! આ કિલ્લાનો ચોવીસ કલાકનો અનુભવ તો ખૂબ યાદ રહી જશે. એના વર્ણનમાં બહુ પડાય તેમ નથી કારણ કે હજી તો ખરી વિલાયતની વાતો જ ખૂબ ખૂબ કરવાની છે. છતાં વિમાનના જીવન વિશે પણ થોડુંક તો લખવું જ જોઈએ. માનશો? આ ચોવીસ કલાકમાં મેં ૭ પત્રો વિમાનમાંથી જ લખી નાખ્યા હતા! અને તે બધા એર હોસ્ટેસને સોંપી દીધા હતા કે જેથી વગર ટિકિટે તે વળતાં વિમાનથી ઘેર પહોંચે. વિમાનમાં એર ઇન્ડિયા ઇન્ટરનેશનલવાળાઓ જ આપણને નોટપેપર અને પાકીટો જોઈએ તેટલાં આપે છે પછી બીજું આપણે શું જોઈએ? ફાઉન્ટનપેન, ખરું ને? પણ ના, ફાઉન્ટનપેનમાંથી તો બધાને શાહી ખાલી કરી નાખવાની સલાહ આપવામાં આવે છે કારણ કે ઉપર હવાનું દબાણ ઓછું હોવાથી પેનમાંની શાહી બહાર ધસી આવવાનો ભય રહે છે! તેથી કપડાં ન બગડે તેટલા ખાતર બોલપેન પણ રાખી હતી. પેલા છએ પત્રો બોલપેનથી લખેલા અને તેથી તેના અક્ષર કાગળની બીજી બાજુએ ફૂટી નીકળ્યા છે તે હવે જોવા મળે છે.

૭ પત્રો ભરવા જેટલું વિમાનમાં શું જોયું? એ પત્રોમાંથી થોડાક ફકરા ટાંકું છું તે ઉપરથી શું જોયું તેનો ખ્યાલ આવી જશે.

'મુંબઈ નગરીની લાઈટો દેખાતી બંધ થઈ ગઈ અને અમે દસ હજાર ફૂટ ઊંચે જોતજોતામાં ચઢી ગયા. દરેક જણને ઠંડા પાણીમાં ભીંજવેલો નેપકીન આપવામાં આવ્યો. તેનાથી પરસેવો લૂંછવાની ખૂબ મજા આવી. પછી તરત કાગળના કપમાં નારંગીનો રસ આવ્યો. પછી સીગરેટ, ચોકલેટ, કોફી,—હા, પ્લેનમાં સીગરેટ ખુશીથી પીવા દેવામાં આવે છે! પછી આવ્યું ખારા કાજુનું પડીકું......પ્લેનમાં લાઉડ સ્પીકર ઉપર રનીંગ કોમેન્ટરી ચાલુ જ હતી.....પછી એર હોસ્ટેસ દરેકને એકએક મજેનો નાનકડો તકિયો અને બ્લેન્કેટ આપી

વિલાયતની વાતો

કાન્તિલાલ મ. ગાંધી

૨

સ્નેહી ભાઈશ્રી,

સ્વપ્ન અને તેની સિદ્ધિ વચ્ચે અંતર કેટલું ? મારા કિસ્સામાં તો પૂરા એકવીસ વર્ષનું અંતર લાગ્યું. એકવીસ વર્ષની વયે ટેકનોલોજીની ડીગ્રીની સાધના કરતો હતો ત્યારે સ્વપ્નું સેવેલું કે ડીગ્રીની સાથેસાથે વિદેશ જવાની એકાદ સ્કોલરશીપ પણ મળી જશે. પણ આ હરીફાઈમાં હું એકલો જ નહોતો. મારાથી વધારે બુદ્ધિવાળા સહાધ્યાયીઓ હતા જ અને બધા જ પ્રસંગે મારી જિંદગીમાં બનતું આવ્યું છે તેમ, આ પ્રસંગે પણ મારું નસીબ બે ડગલાં પાછળ જ રહી ગયું. વિદેશ જવાની સ્કોલરશીપને બદલે ભારતમાં જ વિદેશી કંપનીઓમાં નોકરી કરવાનું સર્જાયું—શરૂઆતમાં જર્મન કંપનીમાં અને ત્રણ વર્ષ બાદ અંગ્રેજી કંપનીમાં. એકવીસમે વર્ષે સેવેલું સ્વપ્ન બેતાલીસમા વર્ષમાં સિદ્ધ થવાનો પ્રસંગ આખરે આવ્યો તો ખરો જ. ઇમ્પીરિયલ કેમિકલ ઇન્ડસ્ટ્રીઝની ટેકનિકલ સર્વિસ લેબોરેટરીઝમાં સત્તર વર્ષ નોકરી કર્યા બાદ કંપનીએ મને વિલાયતની તેમની લેબોરેટરીઓમાં અનુભવ મેળવવા મોકલવાનું નક્કી કર્યું. વિદ્યાર્થીદશામાં જે સદ્ભાગ્ય ન સાંપડ્યું તે એક ટેકનિકલ ઓફિસર બન્યા પછી જ સાંપડ્યું. છતાં "બેટર લેટ ધેન નેવર!" અને બેતાલીસ વર્ષની વયે જે જે નિરીક્ષણો કરી શકયો છું તેવાં તો એકવીસ વર્ષની વયે હરગીઝ ન જ કરી શકયો હોત. વહેલી ખાધી હોત તો દ્રાક્ષ કદાચ ખાટી પણ નીકળી હોત!

૧૯૫૭નું આખું વર્ષ તો કંપની તરફથી યોજાયેલા ભારતના વિશાળ પ્રવાસમાં જ વીતી ગયું. ૧૯૫૮ના જાન્યુઆરી–ફેબ્રુઆરીમાં પણ હું બંગાળ, બિહાર, ઓરિસ્સાનો પ્રવાસ કરી રહ્યો હતો—યાદ હશે જ કે રમણભાઈના લગ્નપ્રસંગે પણ મારે કલકત્તાથી તાર દ્વારા જ અભિનંદન મોકલવા પડ્યાં હતાં. હોળીને દિવસે કલકત્તા શહેરના એક પણ રસ્તા ઉપર કપડાં રંગાયા વગર નીકળી શકાય તેમ નહોતું. ત્યાર બાદ એક બે દિવસ પછી હું મુંબઈ પાછો આવ્યો ત્યારે મને આ શુભ સમાચાર આપવામાં આવ્યા કે એકાદ માસમાં જ મારે વિલાયત જવાનું થશે! પાસપોર્ટ, કપડાં, સામાનની તૈયારીઓ ચાલી. બાકી રહેલા એક મહિનામાં એક પણ દિવસ રાત્રે ઘેર જમવું પડ્યું નથી—વિદાયગીરીની પાર્ટીઓ શરૂ થઈ ગઈ. એક બાજુ એમ કહેવાય છે કે વિલાયત જવામાં તે શું મોટો મોર માર્યો; અને બીજી બાજુ મારા સૌ કોઈ સ્નેહીઓ મારા વિદેશગમન બદલ ધન્યતા 'અનુભવવા લાગ્યા. લાગલગાટ એક મહિનો જુદે જુદે ઘેર મિષ્ટાન્નો, ફરસાણો જમવાનો અનુભવ આ પહેલી જ વાર થયો. પાડ ખુદાનો કે પેટમાં કશો બગાડો' ન થયો. જવાના ઉત્સાહને લીધે તો ઉજાગરાની પણ કશી માઠી અસર ન થઈ. ૭ મહિના સુધી આમાંનું કશું ખાવા મળવાનું નથી માટે ખાઈ લો એવી ભલામણ બધા મશ્કરીમાં કરતા હતા. પરંતુ સાચેસાચ વિલાયતમાં ૭ મહિના આવાં ભોજનો વગર કાઢવા પડ્યા તે તો મન જાણે છે!

આખરે સત્તરમી એપ્રિલ ૧૯૫૮ નો મારા જીવનનો એ ઐતિહાસિક દિન આવી પહોંચ્યો. દીવેલના કોડિયાં વચ્ચે ઉછરેલો, બચપણમાં જ માતાવિહોણો બનેલો, સંખેડા ગામના એક સામાન્ય કુટુંબનો બાળક બેતાલીસ વર્ષ બાદ પહેલી વાર વિમાનમાં ઊડે છે અને તે પણ સીધો મુંબઈથી લંડન સુધી! વિમાનમાં વખતોવખત ઉડી ચૂકેલાને આમાં કશું નવાઈ જેવું નથી. પરંતુ ભારતના છત્રીસ કરોડ માનવોમાંથી ભાગ્યે જ એક લાખ જણા વિમાનમાં બેઠા હશે તેથી હજી આ પ્રસંગ નવાઈનો તો કહેવાય જ. હું માનું છું કે તમે પણ હજી વિમાનમાં નથી બેઠા. ખરું ને? રાત્રે અગિયાર વાગે મુંબઈના નવા એરપોર્ટ ઉપર સગાંસંબંધીઓ, સ્નેહીઓ, મિત્રો, ઓફિસના સાથીઓની ઠઠ જામી હતી. કોઇ હારતોરા તો કોઇ શ્રીફળ, કોઈ કંકુ તો કોઈ સાકર એવું એવું બધું મારે માટે લાવ્યા હતા. અમારા ટેક્નિકલ મેનેજર મિ. મિલ્બર્ન અને તેમનાં પત્ની પણ મને વિદાય આપવા એરપોર્ટ ઉપર આવ્યાં હતાં. યથાયોગ્ય વંદન, નમસ્કાર, શેકહેન્ડ, આલિંગન કરીને આખરે હું વિમાનમાં પ્રવેશ્યો. એર હોસ્ટેસે મારી બેઠક બતાવી અને હું આ વાદળી જેવી પોચી બેઠકમાં ગોઠવાઈ ગયો. દસેક મિનિટ બાદ તો ધમધોકાર અવાજ સાથે વિમાન જમીનથી વિમુખ થઇ ગયું અને મેં વિમાનની બારીમાંથી ટોળાં સામે નજર નાખી. રૂમાલો ઊડતા દેખાયા અને બીજી જ ક્ષણે બધું જ દેખાતું બંધ થઈ ગયું. ઘનઘોર અંધકારની વચમાં અમારો આ હવાઈ કિલ્લો સુપરકોન્સ્ટેલેશન "झांसी की राणी" સાઠ માનવોને લઈને ઊડવા માંડ્યો.

ગઈ કાલે માંડ બે કલાક ઊંઘ્યો હતો અને આજે પણ ઊંઘ આવશે ખરી કે! આ કિલ્લાનો ચોવીસ કલાકનો અનુભવ તો ખૂબ યાદ રહી જશે. એના વર્ણનમાં બહુ પડાય તેમ નથી કારણ કે હજી તો ખરી વિલાયતની વાતો જ ખૂબ ખૂબ કરવાની છે. છતાં વિમાનના જીવન વિશે પણ થોડુંક તો લખવું જ જોઇએ. માનશો? આ ચોવીસ કલાકમાં મેં ૭ પત્રો વિમાનમાંથી જ લખી નાખ્યા હતા! અને તે બધા એર હોસ્ટેસને સોંપી દીધા હતા કે જેથી વગર ટિકિટે તે વળતાં વિમાનથી ઘેર પહોંચે. વિમાનમાં એર ઇન્ડિયા ઇન્ટરનેશનલવાળાઓ જ આપણને નોટપેપર અને પાકીટો જોઇએ તેટલાં આપે છે પછી બીજું આપણે શું જોઇએ? ફાઉન્ટનપેન, ખરું ને? પણ ના, ફાઉન્ટનપેનમાંથી તો બધાને શાહી ખાલી કરી નાખવાની સલાહ આપવામાં આવે છે કારણ કે ઉપર હવાનું દબાણ ઓછું હોવાથી પેનમાંની શાહી બહાર ધસી આવવાનો ભય રહે છે! તેથી કપડાં ન બગડે તેટલા ખાતર બૉલપેન પણ રાખી હતી. પેલા છએ પત્રો બોલપેનથી લખેલા અને તેથી તેના અક્ષર કાગળની બીજી બાજુએ ફૂટી નીકળ્યા છે તે હવે જોવા મળે છે.

૭ પત્રો ભરવા જેટલું વિમાનમાં શું જોયું? એ પત્રોમાંથી થોડાક ફકરા ટાંકું છું તે ઉપરથી શું જોયું તેનો ખ્યાલ આવી જશે.

'મુંબઇ નગરીની લાઇટો દેખાતી બંધ થઇ ગઈ અને અમે દસ હજાર ફૂટ ઊંચે જોતજોતામાં ચઢી ગયા. દરેક જણને ઠંડા પાણીમાં ભીંજવેલો નેપકીન આપવામાં આવ્યો. તેનાથી પરસેવો લૂંછવાની ખૂબ મજા આવી. પછી તરત કાગળના કપમાં નારંગીનો રસ આવ્યો. પછી સીગરેટ, ચોકલેટ, કોફી,—હા, પ્લેનમાં સીગરેટ ખુશીથી પીવા દેવામાં આવે છે! પછી આવ્યું ખારા કાજુનું પડીકું......પ્લેનમાં લાઉડ સ્પીકર ઉપર રનીંગ કોમેન્ટરી ચાલુ જ હતી.....પછી એર હોસ્ટેસ દરેકને એકએક મજેનો નાનકડો તકિયો અને બ્લેન્કેટ આપી

નાખ્યું ?-પેરીસનું વિશ્વવિખ્યાત એફીલ ટાવર હમણાં પ્રત્યક્ષ હવામાંથી જોયું. પછી પાછું નિરાંતે જોવાનું જ છે. હવે તો એક કલાક બાદ લંડનમાં જઈ પહોંચીશું ! પેરીસ એરપોર્ટ ઉપર પાછી એક આલિશાન હોટલમાં અમને કોફી પીવડાવવામાં આવી. પાંચ વાગે પ્લેન પેરીસથી ઊપડયું. નીચે વિશાળ પેરીસ નગરીનાં ૫૦ માળનાં મકાનો પણ રમકડાં જેવાં દેખાય છે...પેલી મારી બાજુની એકડકવાળી યુવતી પેરીસ ઊતરી પડી છે. ત્યાં જ સાથી શોધી લેશે !...વાદળાં રૂના ઢગલા જેવા દેખાય છે. પેરીસની વિખ્યાત વાઈનયાર્ડસ-દ્રાક્ષનાં વનો- દેખાય છે. ઘડિયાળમાં ૧૦ વાગ્યા છે. તમે તો હવે સૂવાની તૈયારી કરતાં હશો, હું લંડન પહોંચી ગયો હઈશ એવી વાતો પણ કરતાં હશો. હવે ઇગ્લીશ ચેનલ આવી છે. ચોકલેટ પીપરમેન્ટ વહેંચવાનું ચાલુ જ છે અને હજી લંડનમાં તો ડીનર બાકી જ છે !'


'લો, આ લંડન પણ આવી પહોંચ્યું લાગે છે. ખૂબ ધુમ્મસ છે. વાદળાંઓમાંથી ક્ષિતિજ ઉપર ત્રાંસા નીકળતાં સૂર્યકિરણો એક અવનવું દૃશ્ય રજૂ કરે છે. પ્લેન લગભગ ૪૫° ના ખૂણે વાંકું-થઈ ગએલું છે તેથી લંડનનગરી પંચગીનીના પ્લેટો જેવી દેખાય છે..૧૦-૪૫ વાગે અમે લંડનના એરપોર્ટ ઉપર ઉતરી ગયા છીએ...પણ અહીં તો તમારી રાત નથી. હજી લંડનમાં તો સાંજના ૫-૧૫ જ વાગ્યા છે ! એટલે હવે તો એવેનોર હોટલમાં જઈને પછી બીજા પાંચ-છ કલાક લંડનમાં પણ લટાર મારી આવીશ. અને ત્યારે તમે તો બધાં ભરઊંઘમાં હશો. લંડનના ૧૦ વાગશે ત્યારે તમારે ત્યાં તો રાતના ૩ાા વાગ્યા હશે !'

'આજે જીવનનો એક નવો જ તબક્કો શરૂ થાય છે. તમારી બધાંની શુભેચ્છાઓનું ભાથું વિલાયતનો વસવાટ સફળતાપૂર્વક પૂરો કરાવશે જ એવી શ્રદ્ધા છે. અને છ મહિનામાં તો હું પત્રો ફોટા દ્વારા તમને સુદ્ધાં અડધો પ્રવાસ તો કરાવી દઈશ. આજે તમને અડધા વિમાનમાં ઉડાડયા હોય તેમ નથી લાગતું ? લ્યો ત્યારે, હું હવે વિલાયતની ભૂમિ ઉપરથી તમને રામ રામ કરું છું.'

આ પ્રમાણે વિમાનના પ્રવાસનું વર્ણન પહેલા છ પત્રોમાં રનીંગ કોમેન્ટરીની માફક મેં ઘેર લખી મોકલ્યું હતું અને પછી તો એ ટેવ ચાલુ જ રાખી જેને પરિણામે આજે મારી સમક્ષ છ મહિનાનો ચિતાર આપતી એક જાડી ફાઇલ પડી છે. એ બધું છાપવા જાવ તો તો 'પ્રસ્થાન'ના ૪૦-૫૦ અંકો ભરાઈ જાય. એટલે મારો વિચાર બને તેટલું ટૂંકમાં જ બધું સમાવવાનો છે. વિલાયતની વાતો એવી છે કે એમાંની કઈ કહેવી અને કઇ ના કહેવી તે જ સમજાતું નથી. અલબત્ત સંતાડવા જેવી કોઈ વાત નથી હોં ! ડાન્સબાન્સ કરતાં આપણને આવડતું જ નહોતું તેથી તે ક્ષેત્રમાં કશું સાહસ કરવાનો પ્રસંગ પડયો જ નથી. અને પેલા વિવિધ મદ્યાર્કોમાં જે દ્રાક્ષાસવ જેવા હતા તેમાં ચંચુપાત કરવાના પ્રસંગ પડેલા ખરા..પણ તે બધામાંથી પાર ઉતરીને સહીસલામત ઘેર પાછો આવી ગયો છું. વિલાયત જવાનું સ્વપ્ન તો જાણે સિદ્ધ થયું ખરું. પણ હવેનું સ્વપ્ન છે ધાર્યો મુજબનું લેખન વાચન કરવાની ફુરસદ અને શક્તિ મેળવવાનું. બીજાં એકવીસ વર્ષ તો આ સ્વપ્ન ફળતાં નહિ લાગે ને ! અને લાગશે તો એટલી તો ગેરંટી છે જ ને કે ૬૩ વર્ષનું આયુષ્ય તો કમસેકમ ભોગવવા મળશે જ !

તમારો સ્નેહાધીન

- કાન્તિ ગાંધીના જયહિંદ



૩૫ વર્ષ
અંક ૭

સં. ૨૦૧૫
વૈશાખ


ત્રીજી પંચવર્ષીય યોજના અંક

ડૉ. ડી. ટી. લાકડાવાળા
પ્રો. એમ. એલ. દાંતવાળા
શ્રી. એચ. ટી. પારેખ
મિ. એમ. વિ. દેસાઈ
પ્રો. [illegible] પાઠક
શ્રી. કપિલરાય મહેતા
શ્રી ભાઈલાલભાઈ પટેલ
શેઠ રતિલાલ નાથાલાલ

આદ્યતંત્રી
સ્વ૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક ૐ

સંચાલક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી


નવા મુંબઈ રાજ્યની
બીજી પંચવર્ષીય યોજના



વિકાસનાં જુદાં જુદાં ખાતાં હેઠળ કુલ ખર્ચની વહેંચણી લગભગ નીચે મુજબ છે —

		રૂ. લાખ			રૂ. લાખ
૧	ખેતીવાડી અને સામૂહિક વિકાસ	[illegible]	૬	આરોગ્ય	[illegible]
૨	વિદ્યુત અને સિંચાઈ	[illegible]	૭	મકાનો	[illegible]
૩	ઉદ્યોગ અને ખનિજ	[illegible]	૮	અન્ય સામાજિક સેવાઓ	[illegible]
૪	વાહન અને વાહનવ્યવહાર	[illegible]	૯	વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન વગેરે	[illegible]
૫	શિક્ષણ	[illegible]			

[illegible]



Arvind
QUALITY FABRICS
'SANFORIZED'
REGISTERED TRADE MARK
of CLUETT PEABODY & CO INC U.S.A
શર્ટીંગ્સ
પોપ્લીન્સ
કોટીંગ્સ અને
વિવિધરંગી
છીંટો
અરવિંદ મીલ્સ લી.
અમદાવાદ-૨
REGISTERED USER OF THE TRADE MARK 'SANFORIZED'

॥ प्रस्थान ॥

॥ दृष्टिपूतं न्युसेत् पादम् ॥

ત્રીજી પંચવર્ષીય યોજના અંક

પુસ્તક ૬૮ વૈશાખ : ૨૦૧૫ અંક ૧

તૃતીય પંચવર્ષીય યોજના

પ્રોફે. ધનસુખલાલ તુ. લાકડાવાલા M.A., Ph.D.

ડીપાર્ટમેન્ટ ઑફ ઇકોનોમિક્સ, મુંબઇ યુનિવર્સિટી

બીજી પંચવર્ષીય યોજનાને શરૂ થયે ત્રણ વર્ષ પૂરાં થયાં છે; બીજાં બે વર્ષ પછી ત્રીજી યોજનાનો આરંભ થશે. આખા દેશ માટે પાંચ વર્ષનો આર્થિક કાર્યક્રમ ઘડતાં ઘણો વખત લાગે. ગઈ બે યોજનાનો અનુભવ સાક્ષી પૂરે છે કે એમાં ઉતાવળ થાય તો ગંભીર ભૂલો રહી જવાનો ઘણો સંભવ છે. એટલે આ તબક્કે ત્રીજી યોજનાની ચર્ચા શરૂ થાય એ યોગ્ય જ છે. બીજી યોજનાના અમલમાં મોટી મુશ્કેલીઓ નડી અને હજુ નડે છે એ જોતાં આ ચર્ચા ઉગ્ર થાય અને એમાં અત્યારસુધી સામાન્ય રીતે સ્વીકારાયેલા ધ્યેય અને સિદ્ધાન્તોનો પણ સમાવેશ થાય એ સ્વાભાવિક છે. પરંતુ, સ્થળ અને સમયની યોગ્ય મર્યાદાઓ સ્વીકારાય, તો જ આ છણાવણી લાભદાયી નીવડે. હિંદનું આર્થિક અને સામાજિક વાતાવરણ, આજની જરૂરિયાતો, તેમજ ભૂતકાળનાં અનિવાર્ય બંધનો ધ્યાનમાં ન રખાય તો આ ચર્ચાનો હેતુ ન સરે. આ લેખનો મુખ્ય ઉદ્દેશ આવી ચર્ચાનું ક્ષેત્ર મર્યાદિત થાય એ હેતુથી યોજનાના કદ, રોકાણ-પદ્ધતિ અને સાધનો એ ત્રણ મુદ્દાઓ તપાસવાનો છે. યોજનાના ઘડતરમાં આ ઉપરાંત બીજા ઘણા મુદ્દાઓ અગત્યનો ભાગ ભજવે છે, પરંતુ અહીં એમ બધાની ચર્ચા શક્ય નથી.

યોજનાનું કદ

બીજી યોજનાના ગાળામાં યોજનાના કદે વધુમાં વધુ ઉહાપોહ મચાવ્યો છે. બહુરૂપીની જેમ દ્વિતીય યોજનાનું કદ વધઘટ થયા કર્યું છે. પૂરતા આન્તરિક અને બાહ્ય સાધનોના અભાવે ભાવવધારો અને સખત આયાતઅંકુશો યોજનાના અંગ જેવા થઈ પડ્યા છે. આથી આ ચર્ચાને વેગ મળ્યો છે. કેટલાકનું એવું મન્તવ્ય છે કે ત્રીજી યોજનાનું કદ. પ્રમાણમાં નાનું રાખવું, જેથી આ મુશ્કેલીઓનું પુનરાવર્તન ન થાય, અને રાષ્ટ્રને વિસામાનો થોડો સમય મળે. યોજના પ્રમાણમાં નાની હોય, તો એના અમલમાં ઓછાં વિઘ્નો આવે એ ચોક્કસ છે, પરંતુ એ સાથે યોજનાના મુખ્ય ઉદ્દેશો—રાષ્ટ્રીય આવકમાં વધારો અને આમ-જનતાના જીવનધોરણમાં સુધારો—પણ કદ ઘટાડે ઓછા પ્રમાણમાં સરે. કદ નક્કી કરવામાં ઝડપી આર્થિક પ્રગતિની જરૂર તેમજ એ પ્રગતિની આડે આવતાં વિઘ્નોનો સામનો કરવાની આપણી શક્તિ એ બન્નેનો વિચાર કરવો જોઈએ. બીજી પંચવર્ષીય યોજનામાં ૧૯૫૬–૬૧ના

ગાળામાં કુલ વાર્ષિક આવકમાં સરેરાશ પાંચ ટકાના વધારાનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું. કુલ રોકાણમાં થએલા ઘટાડાને લીધે તેમજ ભાવવધારાને લીધે આ ધ્યેય પૂરું પડશે નહિ. બીજી બાજુ વસ્તીવધારાનો દર ધાર્યો કરતાં ઘણો વધુ નીવડશે. બીજી યોજના ઘડાઈ, ત્યારે દસકામાં ૧૨–૧૩ ટકાનો વસ્તીવધારો ધારવામાં આવ્યો હતો; હવે, એમ ગણત્રી કરવામાં આવે છે કે આ વધારો ૧૭–૨૦ ટકાનો હશે. આ રીતે, આવકમાં ૨ ટકાનો વાર્ષિક વધારો તો લગભગ વસ્તીવધારામાં જ ખવાઈ જશે, એથી માથાદીઠ આવકમાં કંઈપણ સુધારો નહિ થાય. આપણી યોજનાનો મુખ્ય ઉદ્દેશ આર્થિક વિકાસ. યોજનાકાળના દશ વર્ષને અંતે પણ એ વિકાસ લાભદાયી નીવડે, નોંધપાત્ર ન થાય, અને દેશના બધા ભાગો, વર્ગો કે હિતોને એની અસર ન પહોંચે, તો લોકોનો આયોજનમાંથી વિશ્વાસ ઊઠી જાય. લોકવિશ્વાસ અને લોકશ્રદ્ધા આયોજનની સફળતાની પ્રાથમિક જરૂરિયાત છે. એમને અભાવે નાની યોજનાનો અમલ પણ મુશ્કેલ પડે. આ પરિસ્થિતિ ધ્યાનમાં રાખતાં વાર્ષિક ૬–૭ ટકાના આવકવધારાનું ધ્યેય તૃતીય યોજના માટે અનિવાર્ય છે. ગમે એવી ભીરૂ યોજનાએ પણ આટલા વધારાનું લક્ષ્ય રાખવું જ પડશે. દ્વિતીય યોજનાનું આખરી કદ રૂા. ૪૫૦૦ કરોડનું છે એ જોતાં ત્રીજી યોજના માટે રૂા. ૭,૦૦૦ કરોડનો રાજ્યખર્ચ જરૂરી થઈ પડશે. રૂા. ૨૪૦૦ કરોડનું ખાનગી રોકાણ પણ પ્રમાણમાં વધારવું પડશે.

રોકાણ પદ્ધતિ

ઝડપી આર્થિક પ્રગતિ માત્ર રોકાણના કદ પર નહિ, પરંતુ એની ક્ષેત્રવાર વહેંચણી પર પણ રાખે છે. દ્વિતીય પંચવર્ષીય યોજનાની રોકાણપદ્ધતિ કેટલેક અંશે ખામીભરી હતી, અને એમાં પોલાદ તેમજ બીજા ઉત્પાદન ઉદ્યોગો પર વધુ પડતો ભાર મૂક્યો હતો એમ ઘણાનું માનવું છે. બીજી યોજનાની ખામીમાં અહીં ઉતરવાની જરૂર નથી, પરંતુ એવી જ ત્રુટીઓ ત્રીજી યોજનામાં ન રહી જાય એ માટે એની રોકાણપદ્ધતિની વિગતો બહુ સંભાળથી ઘડવી પડશે. પૂરતી માહિતીના અભાવે એની વિગતવાર સૂચના મુશ્કેલ છે, પરંતુ એ પદ્ધતિમાં ત્રણ બાબતોને યોગ્ય સ્થાન આપવું પડશે એ ચોક્કસ છે. બીજી યોજનાના પહેલાં ત્રણ વર્ષમાં અનાજનું ઉત્પાદન માંગવધારાના પ્રમાણમાં ઘણું ઓછું વધ્યું છે, અને એનાં બે માઠાં પરિણામો—ખાદ્ય વસ્તુઓમાં ભાવઉછાળો અને અનાજની મોટી આયાત પર કિંમતી હૂંડિયામણનો વ્યય—આવ્યાં છે. ગયા વર્ષની કપરી અનાજ પરિસ્થિતિનું કારણ પ્રતિકૂળ મોસમ ગણી શકાય. પરંતુ, દ્વિતીય યોજના પાછળની વિચારસરણી એ બનાવ માટે વધારે મૂળભૂત રીતે જવાબદાર છે. એ યોજના પ્રથમ ઘડાઈ, ત્યારે અન્ન ઉત્પાદન વધારાનું લક્ષ્ય વીસ ટકાથી પણ ઓછું રાખવામાં આવ્યું હતું. યોગ્ય ઉહાપોહ પછી એ ધ્યેય વધારી ૨૫ ટકા કરવામાં આવ્યું હતું, પરંતુ એ ક્ષેત્રના રોકાણમાં કશો વધારો થયો નહતો. જ્યારે યોજનાના ખર્ચમાં ઘટાડો અનિવાર્ય થઈ પડ્યો, અને યોજનાના "હાર્દ" પર જ ખર્ચ કરવો એવું નક્કી કરવામાં આવ્યું ત્યારે એમાં ખાતરનાં કારખાનાનો સમાવેશ કરવામાં આવ્યો નહતો. આ ખામી પણ હવે દૂર કરવામાં આવી છે. પરંતુ આ નવા દૃષ્ટિબિંદુને સર્વમાન્ય થતાં તેમજ એનાં પરિણામો આવતાં વખત લાગશે. માથાદીઠ આવક વધારાને લીધે તેમજ વસ્તીવધારાને લીધે ખોરાકની વધતી માંગ જોતાં અને વપરાશમાં એની આજની અછત જોતાં આ ઇતિહાસની પુનરાવૃત્તિ ન થાય અને અન્ન-

ઉત્પાદનને પ્રથમથી જ ત્રીજી યોજનામાં અગત્યનું સ્થાન મળે એ જોવું જોઈએ. એને માટે જોઈતાં નાણાંની અને બીજાં સાધનોની પ્રથમ જોગવાઈ થવી જોઈએ. બીજો મોટો પ્રશ્ન આયાતઘટાડા કે નિકાસવધારાનો છે. બીજી યોજનામાં આપણે પરદેશી મૂડી કે બીજી સહાય પર મોટો આધાર રાખ્યો છે. આ સહાય જોઈતા પ્રમાણમાં મળી ન હોત, તો આપણા વિકાસદર પર શું પરિણામ આવે તે કહેવું અઘરું છે. લાંબો વખત આ જાતની સહાય ચાલુ રહે એવી ઝાઝી શકયતા નથી, તેમ જ રાષ્ટ્રાભિમાનની દૃષ્ટિએ ઇચ્છનીય નથી. આ સ્થિતિ ટાળવા માટે એવી રોકાણપદ્ધતિ ઘડવી પડશે જેમાં પરદેશી આયાતોની ઓછી જરૂર પડે અને ટૂંક સમયમાં દેશ સ્વાયત્ત બની શકે. એ ઉપરાંત વધુ નિકાસ થઈ શકે એવી ચીજોનું ઉત્પાદન વધારવા જોઈતા ખર્ચની જોગવાઈ કરવી પડશે. ત્રીજી અગત્યની વાત પૂરતા રોજીવધારાની છે. એમ ગણત્રી કરવામાં આવે છે કે દ્વિતીય પંચવર્ષીય યોજનાને લીધે હિંદમાં રોજી વધશે, પરંતુ આ વધારો કામ શોધતા માણસની સંખ્યાના વધારા કરતાં ઓછી હોવાથી બેકારી ઘટશે નહિ પણ વધશે. આવી સ્થિતિ લાંબો વખત ન ચલાવી લેવાય. એક બાજુથી આપણે જોઈતું ઉત્પાદન કરી શકતા નથી કે જોઈતી મૂડી બચાવી શકતા નથી એવી ફરિયાદ કરીએ, અને બીજી બાજુથી ઉત્પાદનના એક મુખ્ય અંગ મજદૂરીને વેડફાવા દઈએ, એ આપણી વ્યવસ્થા શક્તિની ખામી સૂચવે છે. આપણા જેવા ગરીબ દેશમાં બેકારો માટે ભથ્થાનો યોગ્ય પ્રબંધ થઈ ન શકે એ સમજાય તેવી વાત છે. પણ એમને માટે કામની વ્યવસ્થા ન થઈ શકે, એમને રાષ્ટ્રોપયોગી કામોમાં રોકી દેશનું ઉત્પાદન વધારી ન શકાય, એ રાષ્ટ્રને લાંછન છે. વધુ માણસોને રોજી મળે એ માટે ત્રીજી યોજનામાં જુદાજુદા પ્રકારોથી નાના ઉદ્યોગોનો; નાની યોજનાઓ તેમ જ મૂડીના પ્રમાણમાં વધુ મજદૂરો રોકી શકે એવા બધા રોકાણોને મહત્ત્વનું સ્થાન આપવું પડશે. લોકોપયોગી કામોમાં રોકાતા માણસોને આજે લઘુતમ મનાતું વેતન આપી શકાશે કે નહિ એ બીજો અને પ્રમાણમાં ગૌણ પ્રશ્ન છે. પરંતુ, માત્ર ખાવા પૂરતો પણ પગાર આપીને આ માણસોને રોકી રાષ્ટ્રમૂડી વધારાય એ અગત્યનું છે. આ રીતે રોજીહક ન સ્વીકારાયાથી જે નિરુત્સાહ અને નિરાશા ઘણાં વર્તુળોમાં પ્રસરે છે તે દૂર થશે, અને આશા અને ઉત્સાહનું નવું વાતાવરણ પેદા થશે. ચીન જેવા દેશમાં આયોજનની ઘણી ખામીઓ છતાં માનવશક્તિના ઉપયોગ પર અપાતા ભારને લીધે બેકારીનો પ્રશ્ન ઉકેલવામાં આવ્યો છે, અને ત્યાં મજદૂરોની અછતનો પ્રશ્ન ઊભો થયો છે. જો હિંદમાં આવી પરિસ્થિતિ પેદા થાય તો આપણી મોટી મુશ્કેલી દૂર થાય.

આન્તરિક સાધનો

યોજનાનું કદ વધારવું જોઈએ એમ કહેવું સહેલ છે, પણ એમ કહેનારે એ માટે જોઈતાં વધુ નાણાં કઈ રીતે ઊભાં થઈ શકે એ બતાવવું જોઈએ. દ્વિતીય પંચવર્ષીય યોજનાના આ બાબતના અનુભવો બહુ ઉત્સાહજનક નથી. બીજી યોજનામાં કરવેરા દ્વારા રૂ ૯૦૦ કરોડ ઊભા કરવામાં આવશે. યોજના ઘડાઈ ત્યારે નવા વેરા દ્વારા રૂ. ૪૫૦ કરોડ મેળવવાની આશા રાખવામાં આવી હતી, એટલે એક રીતે ધાર્યા કરતાં નવા કરવેરામાંથી વધુ પૈસા મેળવી શકાય છે. દુર્ભાગ્યે, ગણત્રીની ભૂલે તેમ જ બચાવખર્ચ અને બીજા યોજના બહારના ખર્ચવધારાને લીધે યોજનાખર્ચમાં નવા કરવેરાનો ફાળો ટકા જ રહેશે. પરદેશી મદદ તેમ જ સ્ટર્લિંગ અનામતોના ઉપયોગે ૩૨—૨૪.૪૯ ટકા નાણાં ઊભાં

કર્યાં છે, અને નાણાવધારા વાટે ૨૭ ટકા મેળવાયા છે. આ રીતે, બીજી યોજનાની સફળતા ઘણે ભાગે પરદેશી મદદ અને ખાધને આભારી છે.

આ બન્ને બાબતમાં ત્રીજી યોજનાને વધુ મુશ્કેલી પડશે. આપણી સ્ટર્લિંગ અનામતો ઘટીને એટલી નાની થઈ છે કે ખૂબ કટોકટી ભરેલા પ્રસંગ સિવાય એમનો ઉપયોગ કરવો સલાહકારક નથી. પરદેશી મદદ ક્યારે અને કેટલા પ્રમાણમાં મળે એનો આધાર ઘણા અનિશ્ચિત સંજોગો પર છે. આજની સ્થિતિ જોતાં ત્રીજી યોજનામાં પરદેશી મદદનો અડસટ્ટો રૂ. ૧૦૦૦ કરોડથી વધુ ન મૂકી શકાય. બીજી યોજનામાં રૂ. ૧૨૦૦ કરોડથી વધુ ખાધ થશે એ નિશ્ચિત છે. જંગી પરદેશી મદદ અને સ્ટર્લિંગ અનામતોનો મોટા પ્રમાણમાં ઉપયોગ છતાં આ ખાધની ભાવસપાટી પર થયેલી અસર ચિંતાનો વિષય બની છે. આ અનુકૂળ સંજોગોના અભાવે અત્યારસુધી ભીડભંજક જેરૂ નીવડેલા નાણાવધારા પર વધુ આધાર રાખવો પોષાશે નહિ, એટલે જો યોજના પાર પાડવી હોય તો કરવેરા પર જ વધુ ભાર મૂકવો પડશે. સીધા કરવેરાનો બોજ જો કાયદેસર વેઠવામાં આવે તો પૂરતો ભારે છે. એને મોટા પ્રમાણમાં વધારવો શક્ય નથી. વસ્તુઓ પર કરવેરામાં તેમ જ ખેતી પરના કરવેરામાં મોટા વધારાને અવકાશ છે. આજની વિકાસયોજનાના પરિણામે જે આવક વધે છે એને જાહેરક્ષેત્રમાં રોકાણ તરફ વાળવા માટે આ જ ખરો માર્ગ છે. એ વાત ખરી છે કે ખેતી પરના કરવેરા ભરતી કે જરૂરિયાતો વાપરતી આમજનતા ઘણી ગરીબ છે, અને આજે પહેલી જ વાર વધુ પૈસાનું મોં જુએ છે. એને ઘણી જૂની વસ્તુઓ વધુ વાપરવાની કે નવી ચીજો વાપરવાની યોગ્ય હોંસ છે. એ હોંસ તોડવી ઘણું જ અયોગ્ય લાગે છે. પરંતુ, જો નવી વધતી આવકનો મોટો ભાગ આમજનતાને મળે એવી ગોઠવણ થાય અને રાજ્ય એનો સારો સરખો ભાગ કરવેરા કે બીજાં સાધનો દ્વારા મેળવી ન શકે, તો પછી નવી આવકના ૨૦–૩૦ ટકા સહેલાઈથી બચાવી વિકાસમાં રોકી શકાય એવી યોજનાની ગણતરીઓ નિષ્ફળ જ જવાની. સમાજવાદી વિચારસરણીમાં જાહેર ક્ષેત્ર એવી જ રોકાણયોજનાઓ હાથમાં લે કે બીજાને હાથમાં લેવાની પરવાનગી આપે જેનો મોટો ફાયદો જાહેર જનતાને મળે. જો આમ-વર્ગ આ ફાયદાઓનો નોંધપાત્ર ભાગ રાજ્યને વધુ રોકાણ માટે આપવા તત્પર ન થાય તો આયોજનની સફળતા ઘણી જ મુશ્કેલ થશે. રાજકીય નેતાઓ આ વાત ઠસાવવાનું હાથમાં લે તો જોઈતા કરવેરાની જોગવાઈ કરવી મુશ્કેલ ન પડે. આ ઉપરાંત સ્થાનિક જાહેર કામો માટે ગ્રામવિસ્તારમાં ફરજિયાત મજદૂરીનો ઉપયોગ થઈ શકે. એવી જગ્યામાં નાણાંના અભાવે કરવેરા દ્વારા પૈસા ઊભા કરવા મુશ્કેલ પડે; પરંતુ, ત્યાં ખુલ્લી અને છૂપી બેકારી અને અર્ધબેકારી મોટા પ્રમાણમાં હોવાથી ફાજલ સમય લોકોપયોગી કામોમાં ગાળવામાં વિરોધ ન હોઈ શકે.

વહેંચણીનું સમગ્રાવલોકન

સાચી વાત તો એ છે કે આજે યોજનાને સમગ્ર રીતે આપણે વિચારી નથી તેમ જ એનાં બધાં પરિણામો સમજ્યા નથી. યોજનામાં કોને કોને વધુ ફાયદો મળવો જોઈએ એની આપણી પાસે મોટી વિગતવાર યાદી છે. આજસુધી ખેતમજદૂરો સમાજનો નીચલામાં નીચલો વર્ગ રહ્યા છે એટલે એમની સ્થિતિમાં સુધારો થવો જ જોઈએ. જગતનો તાત જમીન

ખેડનારો ખેડૂત સદીઓ થયા પોતાની મહેનતનાં ફળ ભોગવી શક્યો નથી, એને પહેલી તકે એ ફળો મળવાં જોઈએ. એમની સંગઠ્ઠનશક્તિ તેમ જ આર્થિક સ્થાન જોતાં ઔદ્યોગિક મજદૂરોનો અમુક ધોરણ મુજબના લઘુતમ વેતન તેમ જ નફામાં ભાગ પર હક્ક છે. દુકાનમાં કામ કરનારા ગુમાસ્તાઓએ અને મધ્યમવર્ગે ફુગાવામાં ઘણું સહન કર્યું છે અને એમના પગાર પ્રમાણમાં ઘણા ટૂંકા છે એટલે એમાં મોટો વધારો થવો જોઈએ. આદિવાસી પ્રજાઓ અને હરિજનો તો સૈકાથી શોષિત વર્ગો, યોજનાથી એમને મોટો ફાયદો થવો જોઈએ. બેકારોને પ્રથમ રોજી આપવી જોઈએ, અને કામદારોનો પગાર ઓછો હોવાથી એમાં તરતોતરત વધારો કરવો જોઈએ. આ બધી વસ્તુઓ ખરી છે, પરંતુ માથાદીઠ ૪ ટકા આવકવધારામાંથી દોઢેક ટકા મૂડીવધારા માટે બાતલ કરતા આ બધા ઘણા જ વાજબી હકોનો કઈ અને કેવી રીતે સમન્વય થઈ શકે એનો ઝીણવટથી વિચાર થવો જોઈએ. નહીં તો આશાઓ મોટી રહેવાની અને એનો અમલ ઘણો જ કપરો રહેવાનો.

આયાત પરવાનાનો નફો

યોજના માટે પૂરતાં નાણાં મેળવવાં હોય તો રાજ્યે આજના સંજોગોથી અને પોતાની પલટાતી નીતિથી કયા વર્ગને ફાયદો થાય છે અને આ ફાયદાનો યોગ્ય ભાગ રાજ્ય પોતે કઈ રીતે પાછો મેળવી શકે એ પ્રત્યે સજાગ રહેવું પડશે. દા. ત., છેલ્લા વર્ષના સખત આયાતઅંકુશને લીધે ઘણા આયાતકારોને મોટો ફાયદો થયો છે. આનો ઘણો ભાગ પરવાનાના વેચાણ જેવા ગેરકાયદેસર પગલાંને લીધે હોઈ એના પર આવકવેરો પણ ભરાતો નથી. કયાં તો આયાતજકાત વધારી, અથવા તો બીજાં પગલાં લઈ, નહિ તો છેવટે મોટા ભાગની આયાતો રાષ્ટ્રીય હસ્તગત કરી આ નફાનો મોટો ભાગ રાજ્યે મેળવવો જોઈએ. આ જાતના આયાતઅંકુશો હવે સ્થાયી થઈ પડવાની વકી હોવાથી આવાં પગલાંની ખાસ આવશ્યકતા છે.

બિનનાણાંકીય સાધનો

અત્યાર સુધી આપણે નાણાંકીય સાધનોનો જ વિચાર કર્યો છે, પરંતુ આવક વધારવાના ઘણા બિનનાણાંકીય ઉપાયો પણ સંભવે છે. એવા ઉપાયો બમણા આવકારપાત્ર છે. કારણ કે એમના અમલમાં નાણાંકીય મુશ્કેલીઓ નડતી નથી. વધુ સખત કામ, વધારે સારું સંગઠન, કામ પ્રત્યે નવું વલણ ઈત્યાદિ અનેક એવી નાની વસ્તુઓ છે કે જેના ઉપયોગથી મોટા રોકાણવધારા વિના રાષ્ટ્રીય આવકમાં વધારો થાય. આવા ઉપાયોનો બને એટલો ઉપયોગ થવો જોઈએ એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. આ બધી વસ્તુઓમાં વહીવટી અમલ અને લોકસંગઠન એ બે વસ્તુઓ પર ખાસ ભાર મૂકવો જોઈએ. આજે ઘણી સારી યોજનાઓનાં ફળ એ બે વસ્તુઓને અભાવે લોકોને મળતાં નથી. રાજ્યનીતિના સફળ અમલ માટે તેમ જ લોકમાનસમાં યોગ્ય પલટા માટે એમની ખાસ જરૂર છે.

★

ભારતની સંયુક્ત મૂડીવાળી પેઢીઓનું ભાવિ

એચ. ટી. પારેખ

જનરલ મેનેજર, ઇન્ડસ્ટ્રીઅલ ક્રેડીટ એન્ડ
ઇન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ.

અનુવાદક : નવીન શાહ

પ્રાધ્યાપક, દરબાર ગોપાળદાસ-મહાવિદ્યાલય
અલીઆબાડા : સૌરાષ્ટ્ર.

સંયુક્ત મૂડીવાળી પેઢી એટલે મુક્ત સાહસ એવું સામાન્ય રીતે માનવામાં આવે છે અને ભારતમાં તથા ઘણા વિકસિત દેશોમાં એ જ રીતે (એટલે કે મુક્ત સાહસ-દ્વારા) ઉદ્યોગોનો વિકાસ થયો છે. પણ અત્યારે ભારતમાં ઉદ્યોગોની પ્રથા એક નવા જ માર્ગે વિકસી રહી છે કારણ કે રાજ્ય હસ્તકની નવી નવી કેટલીયે ઔદ્યોગિક પેઢીઓ પણ સંયુક્ત મૂડીવાળી પેઢીનું સ્વરૂપ ધારણ કરી રહી છે. માત્ર સગવડ ખાતર જ આવું કરવાની જરૂર પડી હોય એ બનવા જોગ છે. પણ સંયુક્ત મૂડીવાળી પેઢીના સ્વરૂપનો સ્વીકાર થવાનાં કારણો વધારે ઊંડાં છે એમ હું માનું છું. જેમ કે રાજ્યહસ્તક ચાલનારા ઉદ્યોગો માટે પણ આવું સંયુક્ત મૂડીનું સ્વરૂપ યોગ્ય છે એ હકીકતનો મોઘમ સ્વીકાર થતો હોય એ પણ બનવા જોગ છે. સંયુક્ત મૂડીવાળા ઉદ્યોગોના ભાવિ ઉપર આ બધી હકીકતોની સારા પ્રમાણમાં અસર પડ્યા વગર રહે જ નહીં.

કોઈને કદાચ એમ લાગશે કે સંયુક્ત મૂડીવાળો ખાનગી ઉદ્યોગ અને રાજ્ય હસ્તક ચાલનાર ઉદ્યોગ એ બે વચ્ચે માત્ર સ્વરૂપની દૃષ્ટિએ જ સરખાપણું છે પણ તે સિવાય બંને પ્રકારના ઉદ્યોગો વચ્ચે બીજા અનેક તફાવત છે. ખાનગી ઉદ્યોગનું સંચાલન નફો મેળવવા માટે જ હોય છે જ્યારે રાજ્ય હસ્તક ચાલનાર ઉદ્યોગનું સંચાલન પ્રજાના લાભ માટે અથવા જનકલ્યાણ માટે હોય છે. ખાનગી ઉદ્યોગ મૂડીવાદનો પ્રતિનિધિ છે અને રાજ્ય હસ્તક ચાલનાર ઉદ્યોગ સમાજવાદનો પ્રતિનિધિ છે એવું માનવામાં આવે છે. તાજેતરમાં આપણા વડાપ્રધાને પણ એવી મતલબનું કહ્યું છે કે ખાનગી ઉદ્યોગ અને રાજ્ય હસ્તક ચાલતો ઉદ્યોગ એ બે ય એક જ ઝાડની ડાળીઓ નથી. ઉપલક દૃષ્ટિએ જોતાં કદાચ આ વસ્તુ સાચી લાગે પણ અત્યારની પરિસ્થિતિ જોતાં આપણે ખરેખર એમ કહી શકીએ ખરા કે એ બે વચ્ચે માત્ર પ્રમાણનો જ નહીં પણ પ્રકારનો તફાવત છે?

જે લોકો ખાનગી ઉદ્યોગ ચલાવી રહ્યા છે અને જે લોકો તેમાં મૂડીરોકાણ કરી રહ્યા છે તે લોકો નફો મેળવવાના હેતુથી જ તેમ કરી રહ્યા છે એ વાત તો ચોક્કસ છે જ, પણ તેની સાથે સાથે તે લોકો નવી સંપત્તિ પેદા કરી રહ્યા છે તથા રોજગારી અને આવકમાં વધારો કરી રહ્યા છે એ હકીકત પણ તેમના અસ્તિત્વને વાજબી ઠરાવે છે. ખાનગી ઉદ્યોગના નફામાં પણ રાજ્ય મુખ્ય ભાગીદાર હોય છે એટલું જ નહીં પણ પોલાદ, સીમેન્ટ અને ખાંડ જેવા મહત્ત્વના ઉદ્યોગોમાં ભાવ અને નફા અંગેની નીતિ ઉપર સરકારનું નિયમન હોય છે. રાજ્ય હસ્તક ચાલતા ઉદ્યોગોની બાબતમાં પણ આ વસ્તુ હોવી જોઈએ. રાજ્ય

હસ્તક ચાલતા ઉદ્યોગોએ પણ વાજબી નફો તો પેદા કરવો જ જોઇએ. જો આવા ઉદ્યોગો ખોટમાં ચાલે તો એ તો કદાચ બહુ મૂર્ખાઈભરેલી અને કદાચ આત્મઘાતક નીતિ ગણાય. અને ખરેખર જાણીબૂઝીને નુકસાની વેઠવી એમાં કંઈ ડહાપણ નથી. જો ઇન્ડીઅન એરલાઇન્સ કોર્પોરેશન દર વરસે એક કરોડથી યે વધારે રૂપિયાની ખોટ સહન કરતું હોય તો એનો અર્થ એમ તો ખરો જ ને કે કર ભરનારાઓના ભોગે જ હવાઇ મુસાફરી થઇ રહી છે? સીંદરીનું કારખાનું તેમ જ રેલવે પણ નફો કરે છે. અને જેમ ખાનગી પેઢીઓ સરકારને કર ભરે તેવી રીતે આ કંપનીઓ સરકારને પોતાની કમાણી આપે છે.

આ જ વસ્તુની બીજી બાજુ તરફ જોઈએ. જાહેર પેઢીઓમાં મૂડી રોકનાર વર્ગમાં ઘણી વ્યક્તિઓનો સમાવેશ થાય છે—ઘણુંખરું એકલદોકલ અને ઘણીવાર સંસ્થાઓ પણ હોય છે. જ્યારે રાજ્ય હસ્તક ચાલતા ઉદ્યોગોમાં રાજ્ય જ મૂડી રોકનાર તરીકે હોય છે. માત્ર આ ઉપરથી એમ કેવી રીતે કહી શકાય કે રાજ્ય હસ્તક ચાલતા ઉદ્યોગો ખાનગી ઉદ્યોગો કરતાં ચઢિયાતા છે? રાજ્ય હસ્તક ચાલતા ઉદ્યોગો માટેની મૂડી આડકતરી રીતે તો લોકોની બચતમાંથી જ આવે છે. કારણ કે રાજ્ય લોકો પાસેથી તેની મૂડી લોન તરીકે મેળવે છે. જુદા જુદા સ્વરૂપમાં હોવા છતા બચતનું કુલ ભંડોળ તો એક જ હોય છે. મૂડી રોકનાર એક વર્ગને બીજા વર્ગ કરતાં જરા વધારે મળતર મળે છે કે ઓછું એ હકીકત બહુ મહત્ત્વની ન ગણાવી જોઇએ.

નફાનું કાર્ય:

સંયુક્ત મૂડીવાળી પેઢી સામે ખરેખરો વાંધો તો નફા પ્રત્યેના અણગમા અથવા અણવિશ્વાસમાંથી અને નફો એટલે જ શોષણ એવી માન્યતામાંથી જન્મેલો છે. નફો કેવી રીતે પ્રાપ્ત થાય છે તથા ઔદ્યોગિક વિકાસમાં તે શો ભાગ ભજવે છે એ બંને હકીકતો વિષે કમભાગ્યે ખૂબ જ ગેરસમજ છે. જો ઉદ્યોગમાં હરીફાઈનું તત્ત્વ હશે તો પ્રગતિ અને કાર્યક્ષમતાના સૂચન રૂપે નફો રહેશે. પણ ઇજારાશાહીમાં કેટલીક વાર જે ધૂમ નફો જોવા મળે છે તે વાજબી છે એમ કહેવાનો આશય નથી આવી ઇજારાશાહી સમાજવિરોધી તત્ત્વ છે અને તેને ડામવું જોઇએ એ વિષે શંકા નથી. અને એથી વધારે તો, નફો શેમાં વપરાય છે તે જાણવું જરૂરી છે. નફાનો ઘણોખરો ભાગ તો મૂડી રોકનારાઓને ડીવીડન્ડ તરીકે વહેંચવામાં વપરાય છતાં એમાંથી જ ઉદ્યોગનું આધુનીકરણ તથા તેનો વિકાસ સાધવામાં આવે છે. જો ઉદ્યોગ નફો જ ન કરી શકે તો તેનો વિકાસ અટકી જાય. અને આ હકીકત ખાનગી ક્ષેત્રના ઉદ્યોગને જ નહીં પણ જાહેર ક્ષેત્રના ઉદ્યોગને ય લાગુ પડે છે. રાજ્ય હસ્તક ચાલતા હોય તેવા ઉદ્યોગ અથવા પેઢીને પોતાની પુનપ્રતિષ્ઠા અંગે જોઇતી મૂડી માટે પણ જો રાજ્ય ઉપર જ આધાર રાખવાનો હોય તો એ ઉદ્યોગનું ભાવિ બહુ નબળું લેખાય.

હકીકતમાં તો, સંયુક્ત મૂડીવાળી પેઢીનો એ એક સદ્‌ગુણ છે કે તે પોતાના નફામાંથી જ એવાં સાધનો ઊભા કરે છે કે જેના દ્વારા પોતાનો વિકાસ તે સાધી શકે છે દા. ત, વિકસિત દેશોમાં સંયુક્ત મૂડીવાળી પેઢીઓ પોતાની બચતમાંથી દેશના કુલ મૂડીરોકાણમાં લગભગ ૫૦ ટકા જેટલો ફાળો આપે છે. (પેઢીઓના નફા સંબંધી જે પુસ્તકો રીઝર્વ બેન્કે તાજેતરમાં બહાર પાડયાં છે તેના અભ્યાસમાંથી આ હકીકત તરી આવે છે.) સંયુક્ત મૂડીવાળી પેઢીઓના વિજયની આ કૂંચી છે. એનાથી યે વધારે અસરકારક વસ્તુ તો એ છે કે પેઢીના

સફળ સંચાલનને કારણે લોકો પોતાની બચત તેમાં રોકવા માટે વધારે ને વધારે આકર્ષાય છે અને તેને લીધે ઉદ્યોગીકરણની ઝડપ વધવા પામે છે.

જે વિષય ઉપર આપણે વાત કરી રહ્યા છીએ તે વિષયની વધુ નિકટનો ગણાય તેવો એક પ્રશ્ન એ ઊભો થાય છે કે આ દેશમાં સંયુક્ત મૂડીવાળી પેઢીના ભાવિ વિષે આપણે કંઈ અટકળ કરી શકીએ ખરા? એક રીતે તો, આપણે બધા એમ માનીએ જ છીએ કે આપણા દેશમાં ઉદ્યોગોના વિકાસનું ભાવિ સામાન્ય રીતે તો ઊજળું જ છે. કારણ કે આપણી યોજનાઓની નેમ ઔદ્યોગિક વિકાસની જ છે. આપણા અર્થતંત્રનો વિકાસ ઝડપથી થવો જોઈએ જ એમ જો આપણે ન માનતા હોઈએ તો આપણે માટે જિંદગી જીવવા જેવી જ ન રહે. પણ આપણને નિરાશાનો અનુભવ પણ કોઈ વાર થતો હોય છે. અને ખાસ કરીને જ્યારે ધંધારોજગાર મંદ પડતા જતા હોય, 'મહેતો મારે ય નહીં અને ભણાવે ય નહીં' એવી સરકારની નીતિ હોય તથા નવા કરવેરાને લીધે શેરબજારમાં ભાવ ઘટતા જતા હોય ત્યારે આપણે આશા મૂકી દઈએ છીએ અને ભાવિ નબળું છે એમ માનવા લાગીએ છીએ.

આવી મનોદશા અનિવાર્ય હોવા છતાં પરિસ્થિતિનું તટસ્થ અવલોકન કરવું જરૂરી પણ છે અને ઇચ્છનીય પણ છે. વર્તમાન પરિસ્થિતિનું પૃથક્કરણ કરીને તથા એને દૃષ્ટિમાં રાખીને ભાવિ વિષે વિચાર કરવો જોઈએ. નીચે પ્રમાણે વિભાગ પાડીને આ વસ્તુનો વિચાર કરવો સરળ થઈ પડશે:

૧: સરકારી નીતિ. ૨: ભારતમાં વિશાળ બજારની શક્યતા. ૩: મૂડી. ૪: વ્યવસ્થા.

૧: સરકારી નીતિ

જે સિદ્ધિઓ આપણે પ્રાપ્ત કરી છે તે ઉપરથી આપણે એમ કહી શકીએ કે સંયુક્ત મૂડીદ્વારા ઉદ્યોગોનો ઝડપી વિકાસ સાધવામાં સરકારી નીતિ ઘણે અંશે સક્રિય તથા વાસ્તવિક તથા મદદરૂપ નીવડી છે. લાયસન્સ આપવાની તથા આયાત અંગેની એ બંને નીતિ વિકાસને અનુકૂળ છે. વિદેશી હૂંડિયામણની અછતને કારણે પરદેશી મૂડીની શક્યતા ઘટવાથી દેશી ઉદ્યોગો સ્થાપવાનું નફાકારક જણાય છે. એ જ રીતે નવા અને વિકસી રહેલા ઉદ્યોગો વાજબી નફો કરી શકે અને તે નફો પોતાની જ પાસે રાખી શકે એવી અનુકૂળ ટેરીફ નીતિ અને કરનીતિ ઘડવામાં આવે છે. છેલ્લાં બે ત્રણ વર્ષમાં કરબોજ ઘણો વધી ગયો છે અને પરિણામે મૂડીસંવર્ધનમાં કંઈક અવરોધ આવ્યો છે એ હકીકત સાચી છે. પરંતુ આ બધાં પગલાંની જે સમગ્ર અસર થાય છે તે બહુ વજનવાળી ગણાવી જોઈએ નહીં. સરકારે કેટલીક ભૂલો કરી છે અને તે ભૂલોનો સ્વીકાર પણ કરવામાં આવ્યો છે અને અહીંતહીં નાના નાના યોગ્ય ફેરફાર કરીને તે ભૂલો સુધારી લેવામાં આવશે એ વિષે મને શંકા નથી.

લાયસન્સ આપવાની નીતિમાં પણ ગણતરી ખોટી હોવાનો સંભવ અવગણી શકાય એવો નથી. દાખલા તરીકે, આજે સીમેન્ટ ઉદ્યોગમાં જે પરિસ્થિતિ ઊભી થઈ છે તેવું બનવાનો સંભવ છે. જેમ કે, લાયસન્સમાં મંજુર કરવામાં આવેલી ઉત્પાદનની સીમા ચાલુ માગ કરતાં ઘણી વધારે હોય. અને આ કારણે ઉદ્યોગ મુશ્કેલીમાં આવી પડે. તે ઉપરાંત સરકારી નીતિનાં જુદાં જુદાં પાસાં એકબીજાનાં વિરોધી હોય અને એને લીધે ઉદ્યોગને નવી નવી મુશ્કેલીઓ પડતી હોય. દાખલા તરીકે સીમેન્ટ ઉપર દર ટને રૂ. ૨૪ની એક્સાઈઝ ડ્યુટી પડવાથી સીમેન્ટ ઘણો મોંઘો થઈ ગયો છે, અને કદાચ એને જ

લીધે સીમેન્ટની વપરાશ સીમેન્ટના ઉત્પાદન જેટલી ઝડપથી વધતી નથી. ટેક્ષટાઈલ ઉપર ભારે ડ્યુટી પડવાથી ટેક્ષટાઈલ ઉદ્યોગની મુશ્કેલી એ રીતે વધવા પામી છે—એક બાજુ ગ્રાહક મોંઘો માલ લેવાની ના પાડે છે; અને બીજી બાજુ હાથશાળ કાપડ મિલના કાપડની સાથે હરીફાઈ કરી રહ્યું છે તે ઉપરાંત તાજેતરનો એક આવો જ દાખલો સંરક્ષણ ખાતાનો છે. આ ખાતું અત્યારે નબળા પડી રહેલા મોટરકાર બનાવવાના ઉદ્યોગના ભોગે પોતાનો ઉદ્યોગ વિકસાવવાનો પ્રયત્ન કરે છે. આવી કેટલીક વસ્તુને લીધે ઉદ્યોગના રોજબરોજના પ્રશ્નો કેટલીક વાર મુશ્કેલ બને છે. પણ આવી મુશ્કેલીઓ છતાં ઉદ્યોગ આગળ વધી શકે છે અને તેણે આગળ વધવું જોઇએ.

૨ : ભવિષ્યની ઘરાકી

ભાવિ માટેની ખરી આશા તો આંતરિક બજારની વિશાળતા તથા તેના વિકાસની શક્યતામાં રહેલી છે. જેમ જેમ લોકોની ખરીદશક્તિ વધે તેમ તેમ માલની માગ પણ વધે અને એને લીધે ઉદ્યોગમાં નફો દેખાય. ઓટોમોબાઇલ, રેફ્રીજરેટર, રેડીઓ, એરકન્ડીશનીંગ વગેરેની બજાર યુ. એસ. એ. અને યુરોપમાં વિકાસ પામી રહી છે. ભારતમાં પણ એવી બજાર ભવિષ્યમાં વિકાસ પામશે તેની સાબિતીરૂપે આ હકીકતને ગણી શકાય. એક જ વસ્તુ યાદ રાખવાની છે કે જેમ જેમ વસ્તુઓ સોંઘી થતી જાય તેમ તેમ વધારે ને વધારે લોકો તે ખરીદી શકે અને તેને લીધે બજાર વિકાસ પામે. ભાવિ વિકાસને માટે આ એક ખુલાસારૂપ હકીકત છે પણ આપણા ઉદ્યોગો આ વાત હમેશાં સ્વીકારતા નથી. કોઈ પણ ઉદ્યોગ જો ટૂંકી દૃષ્ટિવાળો હોય અને મોટા પ્રમાણમાં જલદીથી નફો મેળવવાનો પ્રયત્ન કરવા જશે તો તે પોતાનું જ ભાવિ રૂંગળાવી નાખશે. પણ જો લાંબી દૃષ્ટિનો વિચાર કરીને વસ્તુના ભાવ સહેજ નીચા રાખવામાં આવે અને નફાનું પ્રમાણ ઓછું કરવામાં આવે તો ઉદ્યોગ વધારે ઝડપથી પ્રગતિ કરી શકશે.

તેમ છતાં ય ભાવિ ઘરાકીની શક્યતા હોવી એ એક વસ્તુ છે અને ખરેખર ઘરાકી ઊભી કરવી એ બીજી વસ્તુ છે. છેવટે તો આખું અર્થતંત્ર જેટલા પ્રમાણમાં વિકાસ પામે, અને હિંદ જેવા ગીચ વસ્તીવાળા દેશમાં વ્યક્તિગત આવકમાં જેટલા પ્રમાણમાં વધારો થાય તેટલા પ્રમાણમાં જ ઘરાકી વિકસે. જો આર્થિક વિકાસ વસતીના વધારા કરતાં વધારે ઝડપથી થતો હોય તો ઝડપી વસતીવધારાને કારણે જ મોટી ઘરાકી મળી રહે.

આમાં દરેક ઉદ્યોગની દરેક પેઢીએ ટૂંકાગાળાના જે અનેક પ્રશ્નોનો સામનો કરવાનો હોય છે તેનો આપણે વિચાર કરવો જોઈએ; જેમ કે, ઔદ્યોગિક પેઢીઓએ બદલાતી પરિસ્થિતિને અનુકૂળ થઈને રહેવું પડે છે. દાખલા તરીકે, કાપડ ઉદ્યોગમાં આજે લોકોની પસંદગી જાડા કાપડ ઉપરથી બારીક કાપડ ઉપર બદલાઈ રહી છે, અને પરિણામે બારીક કાપડના ઉત્પાદકો સારો નફો કરી રહ્યા છે અને જે ઉત્પાદકોએ પોતાના માલની જાતમાં એવો ફેરફાર નથી કર્યો તે લોકો નુકસાની વેઠી રહ્યા છે. આ રીતે માગનો ચોક્કસ પ્રકાર નક્કી કરવાનું કામ દરેક ઉત્પાદકે જાતે જ કરવાનું હોય છે અને જેટલે અંશે આ કામ યોગ્ય રીતે તે કરી શકે તેટલે અંશે તેને સફળતા મળશે. નહીં તો તેને નિષ્ફળતા મળશે. જે પરિસ્થિતિ પોતાની આંખ આગળ ખડી થઈ છે તેનો સચોટ ખ્યાલ પામવામાં જ વ્યવસ્થા-

પકના ચાતુર્યની કસોટી છે. જો કે પોતાની સામે કેવી પરિસ્થિતિ ઊભી થઈ છે એ નક્કી કરવુ એ પણ અંગત દૃષ્ટિબિન્દુ જ ગણાય.

૩ : મૂડી

મૂડીના પ્રશ્ન ઉપર વિચાર કરતા એમ લાગે છે કે ભૂતકાળમાં મૂડી જેટલી તાત્કાલિક મેળવી શકાતી હતી તેના કરતા આજે એક યા બીજી રીતે વધારે સહેલાઈથી તે મેળવી શકાય છે એમ છેલ્લા દસકાના અનુભવ ઉપરથી લાગે છે. મૂડીની અછતના કારણે કોઈ પણ સદ્ધર યોજના પડતી મુકાવી ન જોઈએ એ પણ સાચું જ છે. વ્યક્તિગત બચત વધારે ને વધારે પ્રમાણમા ઉદ્યોગમા મૂડીરોકાણ તરીકે આવે છે, એટલું જ નહી પણ ઇન્ડસ્ટ્રીઅલ ફાઈનાન્સ કોર્પોરેશન, સ્ટેટ ફાઈનાન્સ કોર્પોરેશન્સ જેવી તથા વર્લ્ડ બૅન્ક, ઈન્ટરનેશનલ ફાઈનાન્સ કોર્પોરેશન જેવી આતરરાષ્ટ્રીય સંસ્થાઓ પણ ઉદ્યોગને સારા પ્રમાણમાં મૂડી આપી શકે તેમ છે. આ હકીકતમા ઉજ્જવળ ભાવિનાં એંધાણુ જોઈ શકાય છે. તે ઉપરાંત, કેન્દ્ર સરકારે વ્યક્તિગત ઉદ્યોગને મોટા પ્રમાણમાં મૂડી આપીને મદદ કરી છે. આવી મદદ કેવી રીતે આપી શકાય તેનો ઉત્તમ દાખલો વહાણવટાના ઉદ્યોગનો છે. આ ઉદ્યોગને સરકારે ઓછું વ્યાજ લઈને લગભગ ૨૫ કરોડ રૂપિયાની લોન આપી છે. વર્તમાન આંકડાઓ એમ સૂચવે છે કે તાજેતરના વર્ષોમાં મૂડીનું બજાર ભારતમાં ઝડપથી વિકાસ પામી રહ્યું છે. વસ્તુત: ગયા વર્ષમા મૂડીના બજારમાથી ૧૦૦ કરોડ રૂપિયાની નવી ઔદ્યોગિક મૂડી મેળવવામાં આવી હતી.

આનો અર્થ અલબત્ત એમ નથી કે ગમે તે માણસ ગમે તે પ્રકારના સાહસ માટે મૂડી મેળવી શકે છે. મકાનો, યન્ત્રો તથા બીજી સામગ્રીના ભાવ વધ્યા હોવાને લીધે જરૂર મૂડીનું પ્રમાણ ખૂબ વધી ગયુ છે. ખાંડના અથવા સીમેન્ટના એક નાનામાં નાના કારખાના માટે પણ એક કરોડ રૂપિયાની અને કાગળની મિલ માટે કેટલાય કરોડ રૂપિયાની મૂડીની જરૂર પડે છે. યોજના સદ્ધર હોય છતાં પણ ઉદ્યોગ શરૂ કરનારાઓ પોતાની યોજનાઓ માટે ઓછામાં ઓછી અમુક રકમ પોતાની મેળે એકઠી કરી લે ત્યારે જ ઉપર જણાવેલી સંસ્થાઓ મૂડી આપી શકે છે જ્યારે ઉદ્યોગ શરૂ કરનારાઓ પોતાની મેળે મૂડી ઊભી કરી ન શકે ત્યારે કેટલીક સદ્ધર યોજનાઓ પણ બાકીની મૂડી મેળવવામાં નિષ્ફળ જાય એવું બને. પણ નવા ઉદ્યોગોના વિકાસમાં મદદ રૂપ થવા માટે કેટલીક સંસ્થાઓ સ્થાપવામાં આવી છે. એ હકીકત ઘણી ઉત્સાહજનક છે. અને ઈન્ડસ્ટ્રીઅલ ફાઈનાન્સ કોર્પોરેશનની દસ વર્ષની સંતોષજનક કાર્યવાહી ઉપરથી આ વસ્તુ ચોખ્ખી દેખાઈ આવે છે.

તેમ છતાંય પોતાના વિકાસ માટે જરૂરી હોય તેટલી બચત એકઠી કરવાની શક્તિ સંયુક્ત મૂડીવાળા ઉદ્યોગમાં હોય તો જ તે સફળ થઈ શકે એ હકીકત પાયારૂપ છે. પોતાના ઉદ્યોગની બહારથી જ વ્યક્તિગત અને સંસ્થાગત મૂડી મળે તે ઉપરાંત ઉદ્યોગ પોતે જ પોતાના નફામાંથી રીઝર્વ અને ઘસારા ફંડમાં જે બચત ભેગી કરે છે તેમાથી મોટા ભાગની મૂડી મળી રહે છે. ઇમ્પીરીઅલ કેમિકલ્સ કે જનરલ મોટર્સ જેવી કોઈ અગ્રગણ્ય પરદેશી પેઢીના વિકાસ તરફ નજર નાખીએ તો આપણને જણાશે કે નફામાથી સતત થતું રહેતું મૂડી રોકાણ જ તે પેઢીઓના સતત વિકાસ માટે મુખ્યત્વે જવાબદાર છે. ટેરીફ કમિશનની તાજેતરમાં જાહેર થએલી નીતિનો અભ્યાસ કરવાથી એમ જણાય છે કે આ વસ્તુ વધારે ને વધારે પ્રમાણમાં સમજાતી જાય છે અને પરિણામે આજે પોતાના વિકાસ માટે આંતરિક સાધનો

ઊભાં કરવાની ઉદ્યોગની તાકાત તેની પેદાશના ભાવ નક્કી કરવાની ક્રિયાના સંદર્ભમાં સંતોષકારક ગણાય તેવી છે. દાખલા તરીકે પોલાદનો ઉદ્યોગ જુઓ.

પણ, આંતરિક મૂડી ગણો કે બાહ્ય, આખી વાતનો સાર એ છે કે જે ઉદ્યોગપતિઓ પોતાના કાર્ય અને પ્રામાણિકતાની દૃષ્ટિએ લાયકાત ધરાવે છે તે ઉદ્યોગપતિઓને મૂડી મળી જ રહે છે. અને કોઈ પણ સફળ યોજના જ્યારે મૂડી રોકનારાઓનો વિશ્વાસ સંપાદન કરી લે છે ત્યારે વધારાનાં નાણાં તે કંઈ પણ મુશ્કેલી વગર તરત મેળવી શકે છે.

૪ : વ્યવસ્થા

આ હકીકત આપણને એક બીજી હકીકતની વિચારણા તરફ ખેંચી જાય છે, કે જે મૂડી કરતાં પણ કેટલીક દૃષ્ટિએ વધારે અગત્યની છે—ઉત્પાદનની આધુનિક પદ્ધતિ, વૈજ્ઞાનિક દૃષ્ટિ અને વ્યવસ્થાપકોમાં રહેલી સખત અને સતત પ્રેરણાબુદ્ધિ ઉપર વ્યવસ્થાની સફળતાનો આધાર રહેલો છે. આપણા ઉદ્યોગપતિઓમાં એક એવું વલણ જણાય છે કે પોતાની પેઢીઓની વ્યવસ્થા અંગત ધોરણે કરવી, પણ જાહેર પેઢીઓની વ્યવસ્થામાં આને બદલે કંઈક સંસ્થાગત ધોરણ રાખવું જોઈએ. વ્યવસ્થાપકોની પસંદગીમાં કૌટુંબિક સંબંધ કે નાણાંકીય દરજ્જા કરતાં ગુણવત્તાને સ્થાન અપાવું જોઈએ અને નવા નવા શક્તિશાળી માણસોને શોધી કાઢીને તેમને આગળ ધપાવવા જોઈએ. તે ઉપરાંત, ઉદ્યોગના વ્યવસ્થાતંત્રને સટ્ટાની પ્રવૃત્તિ સાથે ભેળવી દેવું ન જોઈએ સટ્ટો અને ઉદ્યોગ એ બે સાથે ચાલી શકે જ નહીં. સફળતાને વરેલા ઉદ્યોગપતિએ સટ્ટાનું આકર્ષણ ગમે તેવું પ્રબળ હોય તો પણ તેને ખંખેરી નાખવું જોઈએ. એટલે કે ઉદ્યોગનું સંચાલન અંગત લોભ, લાલચ કે સ્વાર્થ માટે ન હોવું જોઈએ. અને સતત પ્રયત્ન તથા ઉદ્યોગ પ્રત્યેના એકાત્મભાવથી જ મૂડી રોકનારાઓનો વિશ્વાસ મેળવી શકાય. આ ક્ષેત્રમાં હજુ ઘણું કરવાનું બાકી છે. અને પોતાના અંગત લાભનો ન્યૂનતમ વિચાર કરીને જો ઉદ્યોગપતિઓ અને તેમના કાર્યવાહકો ઉદ્યોગની તનમનથી સેવા કરે તો જ ભાવિ ઊજળું છે.

મેનેજિંગ એજન્સીની પ્રથા તરફની આપણી દૃષ્ટિ વિષે આજના સમયની જરૂરિયાતને લક્ષમાં રાખીને વિચાર કરવાની જરૂર છે. ઉદ્યોગોના વિકાસમાં મેનેજિંગ એજન્ટસનો નક્કર ફાળો છે છતાં ઔદ્યોગિક વિકાસ માટે મેનેજિંગ એજન્સીની પ્રથા તદ્દન અનિવાર્ય જ છે એમ માનવું એ ભૂલ છે. આધુનિક ઉદ્યોગના તંત્રમાં પોતાનું કાર્ય બરાબર કરી શકે એટલા માટે પણ મેનેજિંગ એજન્સીની પ્રથાને સુધારવાની જરૂર છે. આજે ઉદ્યોગપતિઓને વૈજ્ઞાનિકો તથા કારીગરો ઉપર આધાર રાખવો પડે છે તેથી તેઓને વૈજ્ઞાનિકો અને કારીગરોના કાર્યોને સંકલિત કરવાની તથા ઉદ્યોગની આધુનિક જરૂરિયાતને અનુલક્ષીને પોતાના ગમા-અણગમાને દૂર રાખવાની જરૂર પડે છે. પશ્ચિમના દેશોમાં ઉદ્યોગની વ્યવસ્થામા ક્રાંતિ થઈ રહી છે એવું આપણે અનુભવી રહ્યા છીએ. અને જો આપણે આધુનિક પદ્ધતિના ઉદ્યોગો સ્થાપવા હોય તો આપણા દેશમાં પણ એ જ વસ્તુ કરવી પડશે.

તેથી એમ કહી શકાય કે જો ઉદ્યોગપતિઓ અને વ્યવસ્થાપકો ધીરતાપૂર્વક ભાવિને નિહાળી શકશે અને પોતાને ટકાવી રાખવા માટેના એક જ માર્ગરૂપી ઉત્પાદનની નવી પદ્ધતિઓ પ્રત્યે જો તેઓ સજાગ રહેશે તો જ સંયુક્ત મૂડીવાળી પેઢીઓનું ભાવિ આશાસ્પદ છે, જે લોકો અગમચેતી નથી તેઓનું ભાવિ ઊજળું નથી,

મિશ્ર અર્થતંત્ર—નવું માળખું

સંયુક્ત મૂડીવાળી પેઢીઓના ભાવિ વિષેનો છેલ્લો મુદ્દો આપણા દેશમાં વિકસી રહેલા મિશ્ર અર્થતંત્રને લગતો છે. પોલાદનું ઉત્પાદન, એન્જિનનું ઉત્પાદન તથા યન્ત્રોના ઉત્પાદન જેવા કેટલાક અગત્યના ઉદ્યોગોમાં અત્યારે આવું મિશ્ર અર્થતંત્ર છે. એટલે કે આવા ઉદ્યોગોમાં કેટલીક પેઢીઓની માલિકી તથા વ્યવસ્થા ખાનગી ઉદ્યોગપતિઓના હાથમાં છે જ્યારે કેટલીક પેઢીઓની માલિકી અને વ્યવસ્થા રાજ્યના હાથમાં છે. આ વ્યવસ્થા હવે કાયમી જ છે. અને રાજ્ય હસ્તક જે ઉદ્યોગો છે તેનું પ્રમાણ ધીમે ધીમે વધતું જ જાય છે. જાહેર ક્ષેત્ર દ્વારા થતી હરીફાઈથી ખાનગી ક્ષેત્રની પેઢીઓને ડર લાગવો જોઈએ નહીં. અને આવી હરીફાઈનો સામનો તેમણે વીરતાપૂર્વક કરવો જોઈએ. એન્જિન બનાવવાના ઉદ્યોગમાં રાજ્ય અને ખાનગી સાહસના પરસ્પરના હિસ્સા અંગે જે જાહેર ચર્ચા થઈ હતી તેમાંથી આપણે જોઈ શકીએ છીએ કે એમાં સુમેળ બેસાડવા જતાં ઘણા મુશ્કેલ પ્રશ્નો ઊભા થાય છે. કેટલીક વાર એવું બનવાનો સંભવ છે કે પોતાના હસ્તક ચાલતા ઉદ્યોગોની તરફેણ રાજ્ય તરફથી કરવામાં આવે અને એને કારણે ખાનગી અને રાજ્ય સંચાલિત ઉદ્યોગ વચ્ચે મેળ બેસાડતાં મુશ્કેલી પડે. પણ સમાન ધોરણે હરીફાઈનો સામનો કરવાની તૈયારી હોવી જોઈએ

આ દિશામાં એક એવું સૂચન કરવામાં આવ્યું છે કે રાજ્ય હસ્તક ચાલતા ઉદ્યોગોની માલિકીમાં ઓછામાં ઓછો ૨૫ ટકા ભાગ ખાનગી મૂડીપતિને આપવો. પણ આ સૂચનનો હજુ સ્વીકાર થયો નથી. આ વસ્તુ ખૂબ લાભદાયી અને ઇચ્છનીય છે. એને લીધે રાજ્ય હસ્તક ચાલતા ઉદ્યોગો ઉપર લોકોની ઊંડી દેખરેખ રહેવાને લીધે તે વધારે સદ્ધર પાયા ઉપર ચાલશે રાજ્ય આ વિચારનો વિરોધ શા માટે કરે છે તે સમજાતું નથી. પણ વહેલામોડા રાજ્યે પોતાની નીતિમાં ફેરફાર કરવો પડશે અને જ્યારે એવો ફેરફાર થશે ત્યારે મિશ્ર અર્થતંત્રની દિશામાં આપણે એક ડગલું આગળ વધ્યા હોઈશું. પછી સંયુક્ત મૂડીવાળી પેઢીઓનો વિકાસ એવી દિશામાં થતો હશે કે છેવટે ખાનગી ઔદ્યોગિક પેઢીઓ અને જાહેર ક્ષેત્રની ઔદ્યોગિક પેઢીઓ વચ્ચે નજીવો જ ભેદ રહેશે. અને બંને ક્ષેત્રોમાંની ઔદ્યોગિક પેઢીઓ વધારે સારી રીતે વિકાસ સાધી શકશે. સંયુક્ત મૂડીવાળી પેઢીઓની સમક્ષ ઊજળું ભવિષ્ય પડેલું છે અને જો તે તંદુરસ્ત હરીફાઈની મનોદશા કેળવે તો તે વિકાસ સાધી શકશે. આગળ વધેલા દેશના ઉદ્યોગોએ છેલ્લાં પચાસ વર્ષમાં જે પ્રગતિ સાધી છે તેની સરખામણી કરીએ તો જણાશે કે આજે ગમે તેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય તો પણ ભવિષ્યમાં જે સિદ્ધિ મળવાની છે તેનું આછું દર્શન આજે આપણને થઈ રહ્યું છે. અલબત્ત, મૂડી રોકનારની સલામતી ખાતર તથા તંદુરસ્ત નીતિનિયમો ઘડાય તે ખાતર જુદા જુદા પ્રકારનાં નિયંત્રણો દ્વારા ઔદ્યોગિક વિકાસ ઉપર અંકુશ રાખવામાં આવે છે એ વાત સાચી છે. આ બધી વસ્તુ સો ટકા હિતકારક છે અને સદ્ધર પાયા ઉપર વિકાસ થશે એવી ખાતરી તે આપે છે.

★

નિયોજન — એક દૃષ્ટિપાત

સુરેન્દ્ર વૈકુંઠભાઈ દેસાઈ

પ્રિન્સીપાલ, એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ : અમદાવાદ

કોઈ પણ દેશ વર્ષો સુધી પરતંત્ર હોય તો તેની આર્થિક પ્રગતિ ઘણી ઝડપી ન થાય. વળી આ દેશમાં તો ઘણાં વર્ષોથી બેકારી ને ગરીબાઇનાં જડ બહુ ઊંડાં હતાં તેથી દેશ સ્વતંત્ર થયો એટલે ગરીબાઈ ને બેકારી ઓછી કરવાનો ને આર્થિક વિકાસ ઝડપી કરવાનો પ્રજા નિશ્ચય કરે તો તે તદ્દન સમજી શકાય એવું છે. નિયોજનની પાછળની મનોદશા આ છે. તેથી નિયોજન વગર આર્થિક પ્રગતિ થાય જ નહીં એમ માની બેસવું એ પણ ખોટું છે. નિયોજનથી આર્થિક વિકાસ ઝડપી ને ધારેલી દિશામાં થાય એમ આપણે કહી શકીએ.

આર્થિક વિકાસ એક સાધન છે, એ ધ્યેય નથી. કારણ કે બધા પ્રજાજનોને પૂરતું ખાવાનું, પહેરવાનું ને રહેઠાણ મળે તો જ પ્રજાની સાંસ્કારિક ને માનસિક પ્રગતિ થાય.

આ દેશમાં આર્થિક નિયોજન લોકશાહી ઢબે કરવાનું છે એમ નક્કી થયું છે. જો લોકશાહી બાજુ મૂકીએ તો નિયોજન સાધારણ રીતે ઘણું સુગમ થઈ પડે.

બીજા દેશોની આર્થિક પ્રગતિનો ઈતિહાસ જોઇશું તો બે જાતનાં દૃષ્ટાન્ત આપણી પાસે છે. એક તરફ દુનિયાના લોકશાહી દેશો જ્યાં આર્થિક ને ઔદ્યોગિક ક્રાન્તિ ચાલીશ પચાસ વર્ષ કે તેથી પણ વધુ સમયમાં થઈ. એનાથી ઊલટો દાખલો રશિયાનો છે. ત્યાં સરમુખત્યારશાહીને લીધે આર્થિક પ્રગતિ ઘણી ઝડપી થઈ.

બીજું, કોઈ પણ દેશમાં આર્થિક પ્રગતિ ને આર્થિક સમાનતા સાથે સાથે હાંસલ કરી શકાયાં નથી. પહેલાં આર્થિક પ્રગતિ, ઉત્પાદનનો વધારો વગેરે કરવામાં આવ્યાં ને પછી વહેંચણીની અસમાનતા ઓછી કરવામાં આવી. રશિયામાં પણ શરૂઆતમાં આર્થિક સમાનતા સ્થાપી, પણ જ્યારે જણાયું કે સમાનતાથી આર્થિક પ્રગતિમાં અવરોધ થાય છે ત્યારે આર્થિક સમાનતા દૂર કરી અથવા આર્થિક અસમાનતાને બહાલી આપવામાં આવી.

આ દેશમાં આર્થિક પ્રગતિ, આર્થિક સમાનતા, ને લોકશાહી ત્રણે સાથે સ્થાપવાનો ને વિકસાવવાનો ઇરાદો છે. કોઈ પણ દેશમાં આ ત્રણે ધ્યેયો એક સાથે સ્થપાયા નથી. આવું કહેવાય છે ત્યારે કહેવામાં આવે છે કે આ દેશ ઈશ્વરે બધા દેશોથી કાંઈક જુદી જ રીતે ઘડેલો છે, ને તેથી બીજા દેશોના અનુભવથી આપણે કાંઇ શીખવાપણું રહેતું નથી.

નિયોજન સાથે સમાજવાદનું ધ્યેય પણ સ્વીકારાયું છે, ને તે પણ તાબડતોબ સ્થાપવાની વાતો થાય છે. પણ સમાજવાદની વાતોથી ખાનગી મૂડીનું રોકાણ ઓછું થતું જાય છે. ને મૂડીના રોકાણ વગર ઉત્પાદન વધી ન શકે. આની સામે એમ દલીલ કરવામાં આવે છે કે જો ખાનગી ઉદ્યોગો પ્રગતિ નહીં કરે તો સરકાર ઉદ્યોગો સ્થાપશે ને ચલાવશે. એટલે ધીરે ધીરે વધુ ને વધુ રાષ્ટ્રીયકરણ કરવામાં આવશે. સરકારી ઉદ્યોગોને પણ મૂડી જોઈશે એ વાત ભૂલી ન જવી જોઇએ; ગમે તેટલી પરદેશી મદદ મળે તો પણ ખાનગી

કે સરકારી ઉદ્યોગો સ્થાપવા મૂકી જોઈશે. ને તેથી પ્રજાએ વધુ ને વધુ બચત કરવી પડશે. ને તેથી ગરીબ દેશમાં તાત્કાલિક પેટે પાટા બાંધવા પડશે. આ કાંઈક અંશે ફુગાવાથી ફરજિયાત કરી શકાય. પણ વધારે સારું તો પ્રજાને આ પ્રગતિમાં રસ પડે ને રાજીખુશીથી ત્યાગ કરવા તૈયાર થાય એ છે.

સમાજવાદમાં રાષ્ટ્રીયકરણ જરૂરી છે, પણ તેથી રાષ્ટ્રીયકરણનો વિસ્તાર કરવાથી સમાજવાદ સ્થપાશે એવી ભૂલભરેલી માન્યતા આ દેશમાં પ્રચલિત છે. રાષ્ટ્રીયકરણના પ્રસારથી તો વધુ ને વધુ આર્થિક ને રાજકીય સત્તા થોડા ને થોડા માણસોના હાથમાં જમા થશે, એટલે લોકશાહી ને વ્યક્તિ સ્વાતંત્ર્ય ઘસાઈ જશે એમાંથી સામ્યવાદ કે નાઝીવાદ આવે. આ દેશમાં અત્યારે આ મોટું જોખમ છે. ગાંધીજીએ એમની દીર્ઘદૃષ્ટિથી રાષ્ટ્રીયકરણના—જ્યાં લોકમત કેળવાયેલો ને વિચારવંત ન હોય ત્યાં—જોખમો કલ્પેલાં તેથી તેમણે વિકેન્દ્રીકરણ પર ખૂબ ભાર મૂકેલો.

આ બાબતમાં ઇંગ્લન્ડનો દાખલો આપણને લાગુ પડતો નથી. ઇંગ્લન્ડમાં તો લોકશાહીનાં મૂળ ઊંડાં પેઠાં પછી જ રાષ્ટ્રીયકરણ મોટા પાયા ઉપર કરવામાં આવ્યું. જ્યાં લોકશાહી બાલ્યાવસ્થામાં હોય ત્યાં રાષ્ટ્રીયકરણનો વિસ્તાર લોકશાહીને ખાઈ જ જાય ને પછી સરમુખત્યારશાહી—નાઝીવાદ કે સામ્યવાદ—આવે. આજે આ જોખમ મોટું છે. જો સામ્યવાદ ને એની સાથે જતી સરમુખત્યારશાહી દેશનું ધ્યેય હોય ને સામ્યવાદ આવકારદાયક ગણાતો હોય તો આ દેખાડેલો ભય, ભય નહીં પણ એક આવકારદાયક આગાહી કહેવાય. પણ જે સામ્યવાદને આવકારે છે તે સામ્યવાદનું ખરું સ્વરૂપ સમજતા નથી. અથવા સામ્યવાદ સમાજનાં જે તત્ત્વોને નાબૂદ કરશે તે તત્ત્વોના આ લોકોને કીમત નથી.

આ બધા આર્થિક વિકાસના પ્રયત્નો, જો વધતી જતી વસ્તી ઉપર અંકુશ નહીં મુકાય તો, ઝાંઝવાનાં જળ જેવાં થશે. વસ્તી વધતી અટકાવવા માટે સમસ્ત પ્રજાનો સહકાર બહુ જરૂરી છે. અત્યારે જે રીતે વસ્તી વધે છે ને જે પ્રમાણમાં ઉત્પાદન વધવાની આશા સેવવામાં આવે છે તે બે વચ્ચે બહુ મેળ નથી આ દિશામાં કાંઈક વિચારો થવા માંડ્યા છે ને આછા આછા પ્રયત્નો પણ ચાલુ થયા છે. પણ આ પ્રશ્ન પાયાનો છે ને એના ઉપર વધુ ધ્યાન ને પ્રયાસ કેન્દ્રિત થવાની જરૂર છે.

નિયોજન અથવા ઝડપી આર્થિક પ્રગતિ, સમાજવાદ ને લોકશાહી એ ત્રણે ખૂબ જ ઇચ્છનીય ધ્યેય છે. પણ કેટલે અંશે એ ત્રણે સાથે સ્થપાઈ, સાથે જઈ શકે એ પ્રશ્ન બહુ ગંભીર વિચાર માગે છે. આ વિશે કાંઈ વિચાર જ નથી થતો એ બહુ દુઃખની વાત છે. સમાજવાદી સમાજરચના ને ઝડપી આર્થિક પ્રગતિ એક સાથે ન દોડી શકે. પહેલાં આર્થિક વિકાસ ને પછી સમાજવાદી સમાજરચના એ જ ઇતિહાસનો ક્રમ છે. ને ઇતિહાસનો ક્રમ કે ઇતિહાસના પાઠ અમે ધ્યાનમાં લેવા તૈયાર નથી એમ જે પ્રજા કહે તે પ્રજા ઠોકર ખાવાને તૈયાર છે એમ જરૂર કહી શકાય.

★

ત્રીજી પંચવર્ષીય યોજનાની "વહીવટી" બાજુ

પ્રો. મોહનલાલ એલ. દાંતવાલા એમ. એ.

ડીપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક્સ : મુંબઈ યુનિવર્સિટી

આ લેખનું મુખ્ય વિધાન એ છે કે ત્રીજી યોજનાના ઘડતર વખતે વહીવટી આયોજન પ્રત્યે આજ સુધી અપાયું છે એનાથી વિશેષ ધ્યાન અપાવું જોઈએ. યોજનાઓ અંગેની ચર્ચા-વિચારણા મુખ્યત્વે ઉત્પાદનનાં લક્ષ્યાંકો, નાણાંકીય ખર્ચ અને એને માટે પ્રાપ્ય (નાણાંકીય) બચત વ૦ દૃષ્ટિએ જ થતી રહેતી હોય છે. આપબળે વિકાસ પામતી અર્થરચના સર્જવા માટેની આર્થિક યોજનાઓમાં આ ગણત્રીઓ અત્યંત મહત્ત્વની છે; પરંતુ એ માત્ર 'મૂડીરોકાણ'ની દૃષ્ટિની ગંભીર મર્યાદાઓ રહેલી છે.

જો વિકાસની પ્રક્રિયાને ભૌતિક સંપત્તિના સર્જનરૂપ જ ઓળખવામાં આવે તો, કેળવણી અને સ્વાસ્થ્ય જેવી વિકાસની બીજી બાજુઓ—કે જે પોતે કોઈ પણ આયોજિત વિકાસનું ધ્યેય બની શકે એટલી મહત્ત્વની છે—ની અવગણના થાય છે. દરેક ગામડામાં પીવાના શુદ્ધ પાણીની સગવડ ઊભી કરવાની મૂડીસર્જનના આંકડાઓમાં સંગીન વધારો થતો નથી પરંતુ એ સગવડ વિકાસનુ એક પ્રાણદાયી તત્ત્વ ગણાવી શકાય. આવા અ-ભૌતિક વિકાસનું એક સામાજિક દૃષ્ટિએ ઈચ્છવાયોગ્ય ધ્યેય તરીકે મૂલ્ય ઘટાવી શકાય: પરંતુ એ ઉપરાંત, અમુક ચોક્કસ ભૌતિક મૂડીરોકાણ અન્વયે વધુ સારું ભૌતિક ઉત્પાદન (returns) મેળવવામાં પણ એનો ફાળો નાનોસૂનો નથી. મૂડીના વધુ સમૃદ્ધ પાયાની માફક વધુ કાર્યક્ષમ વહીવટી વ્યવસ્થા વર્તમાન તેમજ વધારાની મૂડીની ઉત્પન્નશક્તિ ઘણી વધારી શકે છે. દા. ત., વધુ બુદ્ધિયુક્ત કૃષિવિષયક સંચાલન મારફતે સીંચાઈમાં થયેલા મૂડીરોકાણમાંથી વધારે લાભો લઈ શકાશે. અર્થકારણના અમુક વિભાગોમાં, ખાસ કરીને ખેતીમાં, (વધારાની) મૂડી કરતાં (વધુ કાર્યક્ષમ) વહીવટ ઉપરનું સીમાવર્તી મળતર વધારે રહેવા સંભવ છે.

ઉપરાંત, મૂડીસર્જન ઉપર ભાર મૂકનારી આયોજનપદ્ધતિ વધારાની અસકયામતો સર્જવા પાછળ ધ્યાન કેન્દ્રિત કરે છે; વર્તમાન અસકયામતોની સારી ત્રેવડ (better utilisation) પ્રત્યે ઉપેક્ષા સેવાઈ છે. દ્વિતીય પંચવર્ષીય યોજનામાં કરવામાં આવેલી આગાહી મુજબ, ત્રીજી યોજનાના સમય દરમ્યાન રૂ. ૯,૯૦૦ કરોડના મૂડીરોકાણને પરિણામે રાષ્ટ્રીય આવકમાં રૂ. ૩૭૮૦ કરોડ વધારો થશે. આ વધારો કુલ રાષ્ટ્રીય આવકના ૨૦ ટકાથી થોડો વધારે જ થવા જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, રાષ્ટ્રીય આવકનો ઘણો મોટો ભાગ ત્રીજી યોજનાની શરૂઆત પહેલાંનાં સાધનો દ્વારા ઊભો કરવામાં આવશે. જ્યારે પહેલી અને બીજી યોજનાઓ દરમ્યાન સર્જવામાં આવેલી સીંચાઈ-શક્તિનો પૂરેપૂરો ઉપયોગ થયો નહીં અને એ બિન-ઉપયોગની માત્રા ચિંતાજનક વધવા પામી ત્યારે વર્તમાન સાધનોનો પૂરેપૂરો અને સમ્યગ્ ઉપયોગનો પ્રશ્ન અદ્દભુત રીતે પ્રકાશમાં આવ્યો. હવે તો એ સામાન્ય બાબત બની છે કે જેમ જેમ નવા કૂવા બંધાતા જાય છે તેમ તેમ જૂના વપરાતા બંધ થાય છે; નવી નવી શાળાઓ બંધાય છે અને જૂની શાળાઓની કેળવણીનું ધોરણ નીચું જતું જાય છે. આવતાં ત્રણ વર્ષમાં પાંચ લાખ સાઠ હજાર 'સર્વિસ કો-ઓપરેટિવ્સ'—એટલે કે દર ચોવીસ કલાકે ૫૫૦ સહકારી મંડળીઓ દેશભરમાં સ્થાપવા માટે આપણને કહેવામાં આવે છે. આ સાહસ વખાણવા યોગ્ય છે પરંતુ એ બાબતની અવગણના થઈ શકે નહીં કે ૧૯૫૬માં ૧૪૮૨૦ સહકારી મંડળીઓ ફડચામાં ગઈ. છેલ્લાં થોડાં વર્ષોમાં દર વર્ષે ૨૦૦૦-૩૦૦૦ વચ્ચે સહકારી

કે સરકારી ઉદ્યોગો સ્થાપવા મૂડી જોઈશે. ને તેથી પ્રજાએ વધુ ને વધુ બચત કરવી પડશે. ને તેથી ગરીબ દેશમાં તાત્કાલિક પેટે પાટા બાંધવા પડશે. આ કાંઈક અંશે ફુગાવાથી ફરજિયાત કરી શકાય. પણ વધારે સારું તો પ્રજાને આ પ્રગતિમાં રસ પડે ને રાજીખુશીથી ત્યાગ કરવા તૈયાર થાય એ છે.

સમાજવાદમાં રાષ્ટ્રીયકરણ જરૂરી છે, પણ તેથી રાષ્ટ્રીયકરણનો વિસ્તાર કરવાથી સમાજવાદ સ્થપાશે એવી ભૂલભરેલી માન્યતા આ દેશમાં પ્રચલિત છે. રાષ્ટ્રીયકરણના પ્રસારથી તો વધુ ને વધુ આર્થિક ને રાજકીય સત્તા થોડા ને થોડા માણસોના હાથમાં જમા થશે, એટલે લોકશાહી ને વ્યક્તિ સ્વાતંત્ર્ય ઘસાઈ જશે એમાંથી સામ્યવાદ કે નાઝીવાદ આવે. આ દેશમાં અત્યારે આ મોટું જોખમ છે. ગાંધીજીએ એમની દીર્ઘદૃષ્ટિથી રાષ્ટ્રીયકરણના—જ્યાં લોકમત કેળવાયેલો ને વિચારવંત ન હોય ત્યાં—જોખમો કલ્પેલાં તેથી તેમણે વિકેન્દ્રીકરણ પર ખૂબ ભાર મૂકેલો.

આ બાબતમાં ઇંગ્લન્ડનો દાખલો આપણને લાગુ પડતો નથી. ઇંગ્લન્ડમાં તો લોકશાહીનાં મૂળ ઊંડાં પેઠાં પછી જ રાષ્ટ્રીયકરણ મોટા પાયા ઉપર કરવામાં આવ્યું. જ્યાં લોકશાહી બાલ્યાવસ્થામાં હોય ત્યાં રાષ્ટ્રીયકરણનો વિસ્તાર લોકશાહીને ખાઈ જ જાય ને પછી સરમુખત્યારશાહી—નાઝીવાદ કે સામ્યવાદ—આવે. આજે આ જોખમ મોટું છે. જો સામ્યવાદ ને એની સાથે જતી સરમુખત્યારશાહી દેશનું ધ્યેય હોય ને સામ્યવાદ આવકારદાયક ગણાતો હોય તો આ દેખાડેલો ભય, ભય નહીં પણ એક આવકારદાયક આગાહી કહેવાય. પણ જે સામ્યવાદને આવકારે છે તે સામ્યવાદનું ખરું સ્વરૂપ સમજતા નથી; અથવા સામ્યવાદ સમાજનાં જે તત્ત્વોને નાબુદ કરશે તે તત્ત્વોના આ લોકોને કીમત નથી.

આ બધા આર્થિક વિકાસના પ્રયત્નો, જો વધતી જતી વસ્તી ઉપર 'અંકુશ' નહીં સૂઝાય તો, ઝાંઝવાનાં જળ જેવાં થશે. વસ્તી વધતી અટકાવવા માટે સમસ્ત પ્રજાનો સહકાર બહુ જરૂરી છે. અત્યારે જે રીતે વસતી વધે છે ને જે પ્રમાણમાં ઉત્પાદન વધવાની આશા સેવવામાં આવે છે તે એ વચ્ચે બહુ મેળ નથી. આ દિશામાં કાંઇક વિચારો થવા માંડ્યા છે ને આછા આછા પ્રયત્નો પણ ચાલુ થયા છે. પણ આ પ્રશ્ન પાયાનો છે ને એના ઉપર વધુ ધ્યાન ને પ્રયાસ કેન્દ્રિત થવાની જરૂર છે.

નિયોજન અથવા ઝડપી આર્થિક પ્રગતિ, સમાજવાદ ને લોકશાહી એ ત્રણે ખૂબ જ ઇચ્છનીય ધ્યેય છે. પણ કેટલે અંશે એ ત્રણે સાથે સ્થપાઈ, સાથે જઈ શકે એ પ્રશ્ન બહુ ગંભીર વિચાર માગે છે. આ વિશે કાંઈ વિચાર જ નથી થતો એ બહુ દુઃખની વાત છે. સમાજવાદી સમાજરચના ને ઝડપી આર્થિક પ્રગતિ એક સાથે ન દોડી શકે. પહેલાં આર્થિક વિકાસ ને પછી સમાજવાદી સમાજરચના એ જ ઇતિહાસનો ક્રમ છે. ને ઇતિહાસનો ક્રમ કે ઇતિહાસના પાઠ અમે ધ્યાનમાં લેવા તૈયાર નથી એમ જે પ્રજા કહે તે પ્રજા ઠોકર ખાવાને તૈયાર છે એમ જરૂર કહી શકાય.

★

ત્રીજી પંચવર્ષીય યોજનાની "વહીવટી" બાજુ

પ્રો. મોહનલાલ એલ. દાંતવાલા એમ. એ.
ડીપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક્સ : મુંબઈ યુનિવર્સિટી

આ લેખનું મુખ્ય વિધાન એ છે કે ત્રીજી યોજનાના ઘડતર વખતે વહીવટી આયોજન પ્રત્યે આજ સુધી અપાયું છે એનાથી વિશેષ ધ્યાન અપાવું જોઈએ. યોજનાઓ અંગેની ચર્ચા-વિચારણા મુખ્યત્વે ઉત્પાદનનાં લક્ષ્યાંકો, નાણાંકીય ખર્ચ અને એને માટે પ્રાપ્ય (નાણાંકીય) બચત વ૦ દૃષ્ટિએ જ થતી રહેતી હોય છે. આપબળે વિકાસ પામતી અર્થરચના સર્જવા માટેની આર્થિક યોજનાઓમાં આ ગણત્રીઓ અત્યંત મહત્ત્વની છે; પરંતુ એ માત્ર 'મૂડીરોકાણ'ની દૃષ્ટિની ગંભીર મર્યાદાઓ રહેલી છે.

જો વિકાસની પ્રક્રિયાને ભૌતિક સંપત્તિના સર્જનરૂપ જ ઓળખવામાં આવે તો, કેળવણી અને સ્વાસ્થ્ય જેવી વિકાસની બીજી બાજુઓ—કે જે પોતે કોઈ પણ આયોજિત વિકાસનું ધ્યેય બની શકે એટલી મહત્ત્વની છે—ની અવગણના થાય છે. દરેક ગામડામાં પીવાનાં શુદ્ધ પાણીની સગવડ ઊભી કરવાની મૂડીસર્જનના આંકડાઓમાં સંગીન વધારો થતો નથી પરંતુ એ સગવડ વિકાસનું એક પ્રાણદાયી તત્ત્વ ગણાવી શકાય. આવા અ-ભૌતિક વિકાસનું એક સામાજિક દૃષ્ટિએ ઇચ્છવાયોગ્ય ધ્યેય તરીકે મૂલ્ય ઘટાવી શકાય; પરંતુ એ ઉપરાંત, અમુક ચોક્કસ ભૌતિક મૂડીરોકાણ અન્વયે વધુ સારું ભૌતિક ઉત્પાદન (returns) મેળવવામાં પણ એનો ફાળો નાનોસૂનો નથી. મૂડીના વધુ સમૃદ્ધ પાયાની માફક વધુ કાર્યક્ષમ વહીવટી વ્યવસ્થા વર્તમાન તેમજ વધારાની મૂડીની ઉત્પન્નશક્તિ ઘણી વધારી શકે છે. દા. ત., વધુ બુદ્ધિયુક્ત કૃષિવિષયક સંચાલન મારફતે સીંચાઈમાં થયેલા મૂડીરોકાણમાંથી વધારે લાભો લઈ શકાશે. અર્થકારણના અમુક વિભાગોમાં, ખાસ કરીને ખેતીમાં, (વધારાની) મૂડી કરતાં (વધુ કાર્યક્ષમ) વહીવટ ઉપરનું સીમાવર્તી વળતર વધારે રહેવા સંભવ છે.

ઉપરાંત, મૂડીસર્જન ઉપર ભાર મૂકનારી આયોજનપદ્ધતિ વધારાની અસક્યામતો સર્જવા પાછળ ધ્યાન કેન્દ્રિત કરે છે; વર્તમાન અસક્યામતોની સારી ત્રેવડ (better utilisation) પ્રત્યે ઉપેક્ષા સેવાઈ છે. દ્વિતીય પંચવર્ષીય યોજનામાં કરવામાં આવેલી આગાહી મુજબ, ત્રીજી યોજનાના સમય દરમ્યાન રૂ. ૯,૯૦૦ કરોડના મૂડીરોકાણને પરિણામે રાષ્ટ્રીય આવકમાં રૂ. ૩૭૮૦ કરોડ વધારો થશે. આ વધારો કુલ રાષ્ટ્રીય આવકના ૨૦ ટકાથી થોડો વધારે જ થવા જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, રાષ્ટ્રીય આવકનો ઘણો મોટો ભાગ ત્રીજી યોજનાની શરૂઆત પહેલાંનાં સાધનો દ્વારા ઊભો કરવામાં આવશે. જ્યારે પહેલી અને બીજી યોજનાઓ દરમ્યાન સર્જવામાં આવેલી સીંચાઇ-શક્તિનો પૂરેપૂરો ઉપયોગ થયો નહીં અને એ બિન-ઉપયોગની માત્રા ચિંતાજનક વધવા પામી ત્યારે વર્તમાન સાધનોનો પૂરેપૂરો અને સમ્યગ્ ઉપયોગનો પ્રશ્ન અદ્ભુત રીતે પ્રકાશમાં આવ્યો. હવે તો એ સામાન્ય બાબત બની છે કે જેમ જેમ નવા કૂવા બંધાતા જાય છે તેમ તેમ જૂના વપરાતા બંધ થાય છે; નવી નવી શાળાઓ બંધાય છે અને જૂની શાળાઓની કેળવણીનું ધોરણ નીચું જતું જાય છે. આવતાં ત્રણ વર્ષમાં પાંચ લાખ સાઠ હજાર 'સર્વિસ કો-ઓપરેટિવ્સ'—એટલે કે દર ચોવીસ કલાકે ૫૫૦ સહકારી મંડળીઓ દેશભરમાં સ્થાપવા માટે આપણને કહેવામાં આવે છે. આ સાહસ વખાણવા યોગ્ય છે પરંતુ એ બાબતની અવગણના થઈ શકે નહીં કે ૧૯૫૬માં ૧૪૮૨૦ સહકારી મંડળીઓ ફડચામાં ગઈ. છેલ્લાં થોડાં વર્ષોમાં દર વર્ષે ૨૦૦૦-૩૦૦૦ વચ્ચે સહકારી

મંડળીઓ ફડચામાં જતી આવી છે, જ્યારે ચાલુ સહકારી મંડળીઓ પરત્વે ૧૯૫૫-૫૬ માં માત્ર એવાં બે જ રાજ્યો હતાં કે જેમાં ઑડિટ વર્ગીકરણ પ્રમાણે 'અ' વર્ગવાળી પ્રાથમિક મંડળીઓની ટકાવારી પંદરથી વધારે હતી (મુંબઈ ૧૫.૧, કુર્ગ ૫૯.૫). બાકીનાં બીજાં રાજ્યોમાં મોટા ભાગની મંડળીઓ ક, ડ કે ઇ વર્ગની હતી સહકારી ક્ષેત્રે પ્રગતિશીલ મદ્રાસમાં પણ કુલ મંડળીઓના ૮૩ ટકા ક કે ઇ વર્ગમાં વર્ગીકૃત થયા છે. –

નાણાંકીય દૃષ્ટિએ આયોજન કરવામાં બીજી પણ એક ગંભીર મર્યાદા રહેલી છે. એ આયોજન-પદ્ધતિમાં રાષ્ટ્રનાં સાધનોની પૂરેપૂરી ગુંજાસનો સંપૂર્ણ ખ્યાલ આવતો નથી. અલ્પવિકસિત દેશોમાં, ઘણા મોટા ભાગના લોકોની આવક ઓછી હોવાથી, બચતનો દર અનિવાર્ય રીતે ઘણો નાનો રહેવા પામે છે. માત્ર પ્રાપ્ય થતી નાણાંકીય બચતને આધારે વિકાસક્ષમતા આકારવામાં આવે તો આયોજન-દૃષ્ટિ અત્યંત મર્યાદિત બની જાય છે. વિકાસ માટે મજૂરોના પરભારા ઉપયોગ (investment) ની શક્યતા નિઃશંક વિચારવામાં આવી છે, પરંતુ અહીં પણ ભાર વધારાના મજૂરો (surplus labour) અને એ મજૂરો કઈ રીતે વધુ સારાં વળતરવાળાં કામો તરફ વળે એના ઉપર આપવામાં આવ્યો છે; જ્યારે હાલના કામધંધાઓમાં રોકાયેલા મજૂરોની ઉત્પન્નશક્તિ સુધારવા-અને ખાસ કરીને વધુ સારા વહીવટ દ્વારા સુધારવા બાબત ભાર મૂકાયો નથી.

આ આયોજન-પદ્ધતિની ત્રણ ઊણપો — (૧) સામાજિક અસક્યામતોના વિકાસની અવગણના; (૨) વર્તમાન અસક્યામતોની ઉપેક્ષા; (૩) સાધનોનો અપૂરતો ક્યાસ-નું એક સર્વસાધારણ લક્ષણ છે: ઘણે અંશે આ ત્રણેય ઊણપો વધુ કાર્યક્ષમ વહીવટદ્વારા દૂર કરી શકાય.

૨

ખેતીના ઉત્પાદનને વધારવાના કાર્યક્રમને અનુલક્ષીને વિકાસ માટે, વહીવટની અગત્ય સમજાવી શકાય. ઉત્પાદનના આ વિભાગમાં પ્રગતિને અવરોધ એવાં કયાં મહત્ત્વનાં બળો છે એ બાબત એકમત ન હોઈ શકે; પરંતુ દરેક એ બાબતમાં સંમત થશે કે નીચે જણાવવામાં આવેલી બાબતો ખેતીવિષયક ઉત્પાદન વધારવામાં સંગીન ફાળો આપી શકે:—

(૧) બધાં ખેતરોને સારી બરતું પિયારણ પહોંચતું કરવું;
(૨) સ્થાનિક ખાતરોની જાળવણી અને એનો પૂરેપૂરો ઉપયોગ;
(૩) અત્યાર સુધી ઊભી કરવામાં આવેલી સીંચાઈ-શક્તિનો પૂરેપૂરો ઉપયોગ;
(૪) પૂરતી અને સમયસરની શાખ માટે પ્રબંધ;
(૫) ખેડૂતોમાં સલામતી (security) ની લાગણી, પેદા થાય એ રીતે ભૂમિવિષયક સુધારાઓ અંગેના કાયદાઓનો અસરકારક અમલ.

હવે આપણે એ સવાલ પૂછવાનો રહે છે કે ઉપર જણાવવામાં આવેલાં પગલાંનો સફળ અમલ કરવામાં કયાં વિઘ્ન નડે છે. શું એ વિઘ્ન યોગ્ય નીતિનો અભાવ છે? કે પૂરતા ભંડોળનો અભાવ છે? કે પછી માત્ર એ કાર્યક્રમને અમલમાં મૂકવા માટે કાર્યક્ષમ વહીવટનો અભાવ માલમ પડે છે? ઉપર જણાવવામાં આવેલાં પગલાંઓને અનુલક્ષીને આ સવાલનો જવાબ આપણે શોધીશું.

બિયારણ અંગેનાં ખેતરોની સ્થાપનાની પ્રગતિ સંતોષકારક નથી એ હકીકત જાણીતી છે. ૧૯૫૬–૫૮ દરમ્યાન ૧,૮૯૫ના લક્ષ્યાંકની સરખામણીમાં ૧,૨૭૦ ખેતરો સ્થપાયાની નોંધ લેવામાં આવી છે. એ બાબતમાં મુખ્ય રુકાવટ ખેતરો માટે જમીન પ્રાપ્ત કરવાની માલમ પડી છે. જમીનને ખરીદવા માટે શરૂઆતમાં જે ટોચમર્યાદા નક્કી કરવામાં આવી હતી તે વાસ્તવિક દૃષ્ટિએ ઘણી નીચી હતી. પાછળથી એ વધારવામાં આવી. પરંતુ એ વધારી શકાય એ પહેલાં ઘણો કીમતી સમય બરબાદ ગયો. મુંબઈ અને મદ્રાસ જેવાં ઉત્તમ વહીવટવાળાં રાજ્યો seed multiplication schemeની પ્રગતિ બાબત દર્શાવે છે:

"...As against the five-year target of 450 seed farms, none was established in 1956–57. 166 farms had been set up during 1957–58 and the remaining 284 are proposed for 1958–59. The full effect of these farms on the supply of good seeds would be felt in the last year..." (Bombay). "...The state had to set up 360 seed farms in the first three years. In 1956–57 and 1957–58, great difficulty was experienced in selecting sites because of non-availability and high price of land. It is expected that during 1957–58, 100 seed farms would start functioning." (Madras).

ભલે બિયારણ વધારવાની યોજના રાજ્યનાં ખેતરોમાં સફળ થાય, પરંતુ લાખો ગામડાંઓમાં એકેએક ખેતરમાં એણે પહોંચાડવાનો પ્રશ્ન ભગીરથ વહીવટી કામ બની રહેશે. મહત્ત્વનો મુદ્દો છે કે સારા બિયારણના પુરવઠાના પ્રશ્નને લાગે વળગે છે ત્યાં સુધી પ્રશ્ન નાણાંનો અભાવનો નથી: પરંતુ પ્રથમ સરકારી ખેતરોમાં એનું ઉત્પાદન અને પાછળથી ખેડુતોમાં વહેંચણી એ બન્ને અંગેના યોગ્ય વહીવટના અભાવનો મુખ્ય પ્રશ્ન છે.

ખેતરોના પુરવઠાં કુલે ઓછાં હોવા છતાંયે એ બાબતમાં પણ મુખ્ય પ્રશ્ન વહીવટનો ઊભો થાય છે. ખેતીવિષયક વહીવટ અંગેની નાલગડ સમિતિ એ બાબતમાં જણાવે છે:

"It has been generally felt in the states that not only sufficient fertilisers are not being allotted by the Government of India but the fertilisers allotted from Sindri and other factories are not received by them regularly and in time for application to the crops."

કોઈ પણ રીતે એ બાબત ઉપર ભાર મૂકાવો જોઈએ કે ખાતરોની બાબતમાં સ્થાનિક ખાતરોની જાળવણી અને ઉપયોગ ઉપર મુખ્ય આધાર રાખવો જોઈએ, નહીં કે મોટા પાયાના મધ્યસ્થ ખાતરોનાં કારખાનાના પુરવઠા ઉપર. હકીકતમાં, મધ્યસ્થ કારખાનાનાં રાસાયણિક ખાતરો એ શરત ઉપર અપાવાં જોઈએ કે ખેડૂતો પ્રાપ્ત એટલાં સ્થાનિક ખાતરોનો પૂરેપૂરો ઉપયોગ કરે.

મોટી જળ-સીંચાઈની યોજનાઓ દ્વારા પ્રાપ્ત થયેલા પાણીનો પૂરો ઉપયોગ ન થયાના હેવાલો પ્રસિદ્ધ થતાં વહીવટી પ્રયત્નની નબળાઈ નાટ્યોચિત રીતે બહાર પડી ગઈ છે. એક ગણત્રી મુજબ, ૧૯૫૮–૫૯ ની શરૂઆતમાં, પહેલી અને બીજી યોજનાઓ હેઠળની મોટા તેમ જ મધ્યમ પાયાની સીંચાઈ-યોજનાના મુખ્ય મથકે (head-works) સીંચાઈ-શક્તિ

એક કરોડ અને બે લાખ એકર હતી. પરંતુ, **outlets** આગળ એ માત્ર ૭૨.૫૦ લાખ એકર હતી, જ્યારે ૧૯૫૭–૫૮ ના અંતે એનો **વ્યવહારમાં** ઉપયોગ ૪૯ લાખ એકર કરતાં વધારે નહોતો. એક કે બે પ્રતિનિધિરૂપ દાખલાઓ નોંધી શકાય. મૈસુર રાજ્યમાં એક કરોડ ૭ લાખ એકર કુલ સીંચાઈ–શક્તિમાંથી માત્ર ૧૨ લાખ એકર જમીન પીતનીજમીન બની શકી. તુંગભદ્રા યોજનાના આંકડાઓ અનુક્રમે ૫,૮૦,૦૦૦ અને ૩૩૦૦૦ એકર છે.

આ બાબતમાં એક રસપ્રદ હકીકત જાણવા જેવી છે. "દરેક દસ લાખ પીતની જમીન માટે સરકારે લગભગ સરેરાશ ૨૫૦૦ માઇલની નહેર પૂરી પાડવી પડે છે: અને દરેક ગામને એનાથી ચાર ગણી એટલે કે ૧૦,૦૦૦ માઇલની ખેતનહેરો ખોદવી પડે છે." આ એક પ્રચંડ કાર્ય છે. એ કામ માટે, ખેડૂતોને ખેતનહેરો ખોદાવવા તેમજ સૂકીને બદલે પીતની ખેડ કરતા કરવા માટે શાખના રૂપમાં નાણાંની જરૂર ગણાવી શકાય: પરંતુ મોટા ભાગનું કામ માત્ર માનવમજૂરી લગાડીને કરી શકાય. ફરીથી, એટલા માટે, સીંચાઈ–શક્તિનો પૂરેપૂરો ઉપયોગ બાબત મુખ્ય પ્રશ્ન વહીવટનો છે. સંસ્થાગત પરિવર્તન નિ:સંશય જરૂરી છે પરંતુ એ બાબતમાં પણ મુખ્ય પ્રશ્ન વહીવટનો જ રહેશે, મૂડીરોકાણનો નહીં.

ચીનમાં સિદ્ધ કરવામાં આવેલા કૃષિવિષયક અદ્‌ભુત ઉત્પાદનનાં કારણો તપાસવાનું ઘણું જ રસપ્રદ રહેશે. ૧૯૫૭–૫૮ ના એક વર્ષ દરમ્યાનમાં ઉત્પાદનમાં સો ટકા વધારો થયો. એટલો જ વધારો આ વર્ષે પણ અંદાજવામાં આવે છે. વિશ્વખેતીના ઇતિહાસમાં અપૂર્વ એવી આ સિદ્ધિ કઈ આયોજન પદ્ધતિ અને રીતિને લીધે શક્ય બની એનો સંપૂર્ણ અને પ્રમાણભૂત હેવાલ જોકે હજી આપણને મળ્યો નથી, પરંતુ એ વિષય ઉપર લખાયેલા વર્તમાન લેખો ઉપરથી થોડી ઝાંખી થવા પામે છે. આ બાબતમાં આપણો મુખ્ય ઉદ્દેશ સફળતા માટે વિવિધ બળો જેવાં કે મૂડીરોકાણ, સંસ્કરણ પામેલી પદ્ધતિ, વહીવટ વ.નો શો ફાળો છે એ નક્કી કરવાનો છે. હમણા એ દેશની મુલાકાતે જઈ આવેલા ડૉ. પંજાબરાવ દેશમુખે 'ઈંડિયન ફાર્મિંગ'ના પોતાના લેખમા ચીને ખેતીવિષયક ઉત્પાદન વધારવામાં કઈ પદ્ધતિઓ અપનાવી એનું થોડું દર્શન કરાવ્યું છે. સઘન સીંચાઈ અને ખાતરો માટે ચીની ખેતી વિશ્વવિખ્યાત છે પરંતુ, એ ઉપરાંત અભૂતપૂર્વ ઉત્પાદન માટે જવાબદાર બળ ઊંડી ખેડ ગણાવવામાં આવી છે. એ પદ્ધતિ આ મુજબ સમજાવવામાં આવી છે :

"This deep ploughing is intended to be the most vital item to ensure that the winter wheat crop will top the all-time record that the Chinese people have reaped last year. It was pointed out that the peasants have already deep-ploughed two million hectares of wheat land to a depth of 1/3 of a metre, i. e. nearly 14 inches, after 20 days and nights of vigovous effort. The Chinese people have very few cattle and thus all the farmers cannot utilise them for ploughing. The work, therefore, has to be carried out *almost only with hands. Mostly this is* done by **digging with spades** but in some places some new contrivances for ploughing have been evolved. Power used however is purely **human labour.** One of the devices which we personally saw was a *wooden plough with an iron share,* being

pulled by an ordinary coir (a sort of rope) from a contrivance fixed on the border of field with four persons turning it round. On this they engaged as many as 10 people. Whether it is ploughed by human power or with the help of buffaloes or cows or bullocks, deep ploughing is done layer after layer. Ploughs as well as carts, etc are sometimes pulled by one animal and sometimes by two. After ploughing once, all the loose soil is removed by men and women with spades and then the plough goes over it a second time and so on, the portion of ploughing and removing the loose earth being carried out as many times as necessary till the required depth of ploughing is reached. **The Chinese people do not seem to possess many tractors** although some were seen here and there. Whatever tractors we saw were, as a rule, old and rather exhausted. For the time being, they were depending more on their own hands and the few draught cattle that they have." (Emphasis supplied).

ઉપર્યુક્ત વર્ણન ઉપરથી એક બાબત સ્પષ્ટ બને છે કે ખેતીવિષયક ઉત્પાદન વધારવા માટે ચાવીરૂપ બળ બહોળા નાણાંનું રોકાણ નથી પરંતુ માત્ર માનવમજૂરીનો ઉપયોગ પૂરતો છે. અને જો એનો ઉપયોગ ભારતમાં ઉત્પાદન માટે ન થતો હોય તો શું પૂરતા જરૂરી વહીવટના અભાવનો દોષ ન કાઢી શકાય?

એવી દલીલ થઈ શકે કે માનવમજૂરીનો વ્યાપક અને વધુ ઉપયોગ ચીન જેવા સરમુખત્યાર દેશોમાં જ થઈ શકે. એ સાચું હોય કે ન પણ હોય, પરંતુ એક વાત નિશ્ચિત છે: જો લોકશાહી પદ્ધતિને વળગી રહીને વિકાસ કરવા ઇચ્છના હોય એવા અલ્પવિકસિત દેશો વિકાસ માટે પ્રાપ્ય મજૂરીનો સમ્યગ્ ઉપયોગ કરવા માટે વહીવટી રસ્તાઓ (ways and means) ન શોધી શકે તો ટૂંકા ગાળામાં રાષ્ટ્રીય ઉત્પાદન અને જીવનધોરણોમાં કોઈ અભૂતપૂર્વ વધારો શક્ય બને નહીં. ચીન—કે જ્યાં બે વર્ષો દરમ્યાન સતત ખેતીના *ઉત્પાદનમાં સો ટકા વધારો થયો છે*—ની સરખામણીમાં આપણાં લક્ષ્યાંકો ઘણાં જ વામણાં છે કારણકે ત્રીજી યોજનાને અંતે આપણે ખેતીના ઉત્પાદનને બમણું બનાવવા ઇચ્છીએ છીએ. કદાચ આ નમ્ર લક્ષ્યાંકોને લીધે માનવમજૂરીનું 'રેજિમેન્ટેશન' અને એની લોકશાહી ઢબે સ્વૈચ્છિક સહકાર વચ્ચે તફાવત પડે.

ટૂંકમાં, વિકાસની કોઈ પણ યોજનાએ જેટલું વધારાની મૂડી બાંધવામાં ધ્યાન આપે છે એટલું જ ધ્યાન વર્તમાન મૂડીના વધુ સારા ઉપયોગ માટે, પણ આપવું જોઈએ પહેલું કામ મૂડીરોકાણ ને બચતને લીધે શક્ય બને છે: જ્યારે બીજું કામ માત્ર 'વહીવટ' ઉપર આધાર રાખે છે. છેવટે તો બચત ચાલુ ઉત્પાદનમાંથી ઉદ્ભવે છે અને ઉત્પાદન એ વર્તમાન સાધનોની ઉત્પન્નશક્તિને આભારી છે. જો કે એ સાચું છે કે વર્તમાન અને વધારાની મૂડીની અસરકારકતા વચ્ચે કોઈ સ્પષ્ટ ભેદ ન પાડી શકાય. એટલા માટે આ મુદ્દો જરૂરિયાતથી વધારે લંબાવવો જોઈએ નહીં: માત્ર આ લેખકનો હેતુ બર આવ્યો તો ગણાશે કે જો વર્તમાન તેમ જ વધારાની મૂડીમાંથી સારા વહીવટને પ્રતાપે વધુ મળતર મેળવી શકાય છે એ પ્રતીતિ થઈ શકે.

અનુસંધાન પૃ. ૪૮]

(૧) ઉકાઈ પાવર પ્રોજેક્ટનું કામ જલદીથી શરૂ કરવું જોઈએ.

(૨) અમદાવાદ આગળ એટમીક પાવર સ્ટેશન સ્થાપવાના પ્રશ્ન પર વધુ ધ્યાન અપાય.

(૩) ખંભાત નજીક ચાલતા ડ્રીલીંગના કામકાજનું સંતોષકારક પરિણામ આવે પછી આ વિભાગમાં યોગ્ય સ્થળે ઓઇલ રીફાઈનરી સ્થાપવી જોઇએ.

(૪) આ વિભાગની સર્વતોમુખી અને મલ્ટી–પરપઝ જીઓલોજિક તપાસ કરવી જોઇએ.

(૫) આ વિભાગમાં વિશાળ બંદરો કિનારો હોવાથી "હાર્બર ડેવલપમેન્ટ બોર્ડ" સ્થાપવું ઇચ્છનીય છે, કારણ કે તેથી બંદરોનો વિકાસ સધાશે અને આનુષંગિક ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે.

(૬) કંડલા બંદર જેવા વિકાસ પામેલા મુખ્ય બંદરના માર્ગ સમક્ષ પડેલા અવરોધો દૂર કરવા જોઈએ.

(૭) કંડલા બંદરને અમદાવાદ સાથે બ્રોડગેજ રેલવેથી જોડવું જોઈએ.

(૮) કંડલા–અમદાવાદ હાઈવેનું બાંધકામ જલદી પૂરું થવું જોઈએ.

(૯) ખાનગી ક્ષેત્રે ઉદ્યોગોને યોગ્ય માર્ગદર્શન દ્વારા મદદ કરવા એક યોગ્ય સંસ્થા સ્થાપવી જોઈએ.

(૧૦) આ વિભાગમાં ભારત સરકારે જાહેરક્ષેત્રે કોઈ સાહસ સ્થાપવું જોઈએ.

(૧૧) ઔદ્યોગિક માળખું વિવિધ અને વિશાળ બનાવવું જોઈએ.

ત્રીજી યોજના અને સાધનસંચય

પ્રો. ઋષીકેશ નાનુભાઈ પાઠક એમ. એ.

સમાજ વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી : અમદાવાદ

(૧) આયોજનની પ્રક્રિયા :

૧. **આયોજનની** પ્રક્રિયા એ આપણા યુગની એક મહત્ત્વની સામાજિક–આર્થિક પ્રક્રિયા છે. જે દૃષ્ટિએ આ પ્રક્રિયાનું આજે મૂલ્યાંકન થાય છે તેને સ્પષ્ટ રીતે સમજી લેવાથી આ લેખમાં આવતા કેટલાક મુદ્દાઓ વધુ સારી રીતે સમજાશે.

૨. પ્રથમ તો આયોજન એ એક આદરીને લીધેલું પગલું છે. આનો અર્થ એ કે આ પગલું કાં તો દેશની સરકારે લીધું હોય અથવા તો સરકાર વતી કોઈ આયોજન સમિતિએ લીધું હોય. સામાન્ય રીતે એમ કહેવામાં આવે છે કે આયોજનના યુગ પહેલાં આર્થિક–સામાજિક ક્ષેત્રે સરકારે લીધેલાં પગલાંઓ ખાસ જોવામાં આવતાં ન હતાં. આ નીતિને ઘણીવાર અનિયંત્રણવાદને નામે ઓળખવામાં આવે છે.

આ મુદ્દો સમજવો જરૂરી છે. જેને અનિયંત્રણવાદનો સમય કહેવામાં આવે છે તે યુગમાં પણ વખતોવખત આર્થિક ક્ષેત્રે સરકારી પગલાંઓ, નીતિરીતિના ઝોકમાં ફેરફાર વગેરે જોવામાં આવતો — જો કે આવા પ્રસંગો ઘણા ઓછા બનતા. પણ આને લીધે એમ કહેવું કે અનિયંત્રણવાદના યુગમાં આર્થિક ક્ષેત્રમાં સાચા અર્થમાં "અનિયંત્રણ" જ હતું તે યોગ્ય નથી. આ આખો પ્રશ્ન સહેજ જુદા દૃષ્ટિબિંદુથી સમજવાની જરૂર છે. અનિયંત્રણવાદના યુગમાં પણ રાજ્ય આર્થિક પ્રવૃત્તિમાં માર્ગદર્શન, નિયંત્રણ કે નિયમનો મૂકતું હતું. એ પ્રસંગો ક્યા હતા અથવા તો કઈ પરિસ્થિતિમાં આવાં પગલાં લેવાતાં તે સમજીએ તો વ્યાપક અર્થમાં આયોજન કેવી રીતે ઊભું થયું તે માટેની ઐતિહાસિક દૃષ્ટિ આપણને મળે. આ વિષયમાં પોતાની દલીલો રજૂ કરતાં પ્રોફેસર ગેબિન્સ એવું દર્શાવે છે કે ખાસ કરીને જ્યારે જ્યારે આર્થિક ક્ષેત્રની પ્રવૃત્તિ અને કાર્યવાહી, સામાન્ય સામાજિક સુખાકારીને હાનિકર્તા જણાય ત્યારે રાજ્ય આ ક્ષેત્રમાં દાખલ થઈને આર્થિક પ્રવૃત્તિ અને સામાજિક સુખાકારીનો મેળ પાડવાનો પ્રયત્ન કરે. આજની આયોજનની દલીલ પણ આ જ પ્રકારની છે. આર્થિક પ્રવૃત્તિનો પ્રકાર, એનો વેગ, એનાં પરિણામો અને સમગ્ર સમાજની દૃષ્ટિએ આ પ્રવૃત્તિની લાંબા ગાળાની અસરો—આ બધાંને સામાજિક સુખાકારીનાં મૂલ્યાંકનથી નાણી જોવાનો વિશાળ પ્રયત્ન આયોજનમાં થાય છે.

૩. દુનિયાના આર્થિક દૃષ્ટિએ ગરીબ દેશો આ રીતે આર્થિક વિકાસ માટે આયોજનનો સ્વીકાર કરે તે સ્વાભાવિક છે. આપણા દેશમાં ઉપર કહેલી સામાજિક સુખાકારીની વ્યાપક ભાવનામાંથી જ આયોજનનો ખ્યાલ જન્મ્યો છે. આપણે છેલ્લાં સાત વર્ષથી એક આયોજિત અર્થકારણના ભાગ તરીકે જીવીએ છીએ. આમાં આપણી પહેલી યોજના ઘણી જ સફળતાપૂર્વક પાર પડી. પરંતુ બીજી યોજનામાં કેટલીક મુશ્કેલીઓ ઊભી થઈ. આ મુશ્કેલીઓ મુખ્યત્વે કરીને અનાજનો ઉતરી ગયેલો પાક અને પરદેશી હૂંડિયામણની તંગી આ બે પ્રશ્નમાં સમાયેલ છે. બીજી યોજના માટે રોકાણનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં જે આંકડાઓ ખર્ચ-

વાના ધાર્યા હતા તે પ્રમાણમાં સરકાર રોકાણનાં સાધનો ઊભાં કરી શકી નહિ. આ સાધનો ક્યાં — અર્થકારણમાં આ સાધનો ક્યાં ક્યાં પડ્યાં છે, આ સાધનોનું પ્રમાણ અને પ્રકાર બદલી શકાય છે કે નહિ, આ સાધનો કઈ રીતે વધારી શકાય અને છેલ્લે આ સાધનો વધારવા માટે આપણા આર્થિક–સામાજિક જીવનમાં કોઈ ફેરફાર કે સુધારો કરવાનું આવશ્યક છે કે નહિ, આ પ્રશ્નો ત્રીજી યોજનામાં અત્યંત મહત્ત્વના બની જવાના છે. આ લેખમાં વ્યાપક અને સંકુચિત અર્થમાં આ સાધનો કઈ રીતે વધારી શકાય તે સંબંધમાં કેટલાક મુખ્ય મુખ્ય પ્રશ્નો ચર્ચવાનો વિચાર છે.

(૨) સાધનો અને સાધનસંચય [Resource Mobilisation]

૪. બીજી પંચવર્ષીય યોજનામાં ઉદ્યોગોના ક્ષેત્રમાં આગળ પગલાં ભરવાના હેતુથી ભારે અને ચાવીરૂપ ઉદ્યોગો માટે રોકાણનો ખર્ચ વધારવાનો નથી થયો; આ ખર્ચમાં ખાસ લોખંડ અને પોલાદનું ઉત્પાદન વધારવા માટે સરકારે સાર્વજનિક ક્ષેત્રમાં (Public sector ને માટે વપરાતો શબ્દ "જાહેર" યોગ્ય નથી : તેને સ્થાને "સાર્વજનિક" શબ્દ વાપરતાં તેની સામેની ઘૃણા, સૂગ વગેરે ઓછાં થઈ જાય છે.) ત્રણ પોલાદનાં મોટાં કારખાનાં શરૂ કર્યાં છે. પોલાદનું ઉત્પાદન વધારવા પાછળ મુખ્ય મુખ્ય વિચારો નીચે પ્રમાણે છે:

પહેલું તો, લોખંડ અને પોલાદ ઉદ્યોગીકરણનો પાયો છે. બાંધકામો, યંત્રો, કારખાનાં વગેરે અનેક ક્ષેત્રોમાં લોખંડ–પોલાદનો ઉપયોગ અનિવાર્ય છે. આ દૃષ્ટિએ આ બે ધાતુનું ઉત્પાદન વધારવાથી ઉદ્યોગીકરણ માટેની એક મૂળભૂત ગણાય તેવી જરૂરિયાત પૂરી પડશે. બીજું, જ્યાં સુધી પોલાદ અને લોખંડનું ઉત્પાદન ન વધે ત્યાં સુધી આ બે ધાતુઓ માટે આપણે બહારના દેશો ઉપર આધાર રાખવો પડે અને આ રીતે આપણે આપણું પરદેશી હૂંડિયામણ લોખંડ પોલાદની આયાત માટે ખર્ચવું પડે. જો આપણે ત્યાં આ બે ધાતુઓનું ઉત્પાદન વધે તો ભવિષ્યમાં તો આપણે આ બે ધાતુઓની આયાત માટે વપરાતા હૂંડિયામણનો બચાવ કરી શકીએ. ત્રીજું, લોખંડ પોલાદનું ઉત્પાદન વધે તે પછીના તબક્કામાં આ ધાતુઓમાંથી બનેલાં નાનાં મોટાં યંત્રોનું ઉત્પાદન પણ વધી શકે અને એ યંત્રોના ઉપયોગથી બીજી વાપરવા યોગ્ય ચીજોનું ઉત્પાદન પણ વધી શકે. જો આ ચીજો પરદેશથી આયાત થતી હોય તો તે આયાત બંધ થાય અને હૂંડિયામણનો બચાવ થાય. જો આ ચીજો નવી જ બનતી હોય તો તેના વપરાશથી જીવનધોરણ ઊંચું આવે. આ બધી દૃષ્ટિએ લોખંડ અને પોલાદ જેવી મૂળભૂત ધાતુઓનું ઉત્પાદન વધારવાનો આગ્રહ કોઈ પણ રીતે અયોગ્ય ન હતો.

૫. લોખંડ અને પોલાદના ઉત્પાદનને લગતી ઉપરની ટૂંકી ચર્ચામાંથી એક મુદ્દો સ્પષ્ટ થશે. આયોજનનો અંતિમ હેતુ વાપરવાયોગ્ય સાધનો વસ્તુઓ વગેરેનું ઉત્પાદન વધારવાનો અને તેના વપરાશથી જીવનધોરણ ઊંચું લાવવાનો છે. વાપરવાયોગ્ય—એટલે લોકોને વાપરવાયોગ્ય ચીજવસ્તુઓનું ઉત્પાદન વધે તે પહેલાં ઉદ્યોગો અને કારખાનાંઓએ વાપરવાયોગ્ય માલસામાનનું ઉત્પાદન વધારવું જોઈએ. આ સરસામાન એ જીવનધોરણ ઊંચું લાવવામાં ચાવીરૂપ સ્થાન ભોગવે છે અને એટલે આવો સરસામાન પેદા કરનારા ઉદ્યોગોને ચાવીરૂપ ઉદ્યોગો ગણવામાં આવે છે. આ દૃષ્ટિએ આવા ઉદ્યોગોને પ્રોત્સાહન મળે અને તેમનું ઉત્પાદન વધ્યા જ કરે તેવા પ્રયત્નો નિરંતર થવા જોઈએ. ટૂંકામાં, જે જે

ઉદ્યોગોનો માલસામાન, ઉપર કહી તે દષ્ટિએ, વાપરવાયોગ્ય ચીજવસ્તુના ભાવિ ઉત્પાદનમાં ઉપયોગી હોય તે બધાંનું ઉત્પાદન વધે તો આયોજનની પ્રક્રિયામાં એક મોટી સરળતા થાય. આ વાત જેટલી લખવા-વાંચવામાં સરળ લાગે છે તેટલી વાસ્તવ તથા અમલમાં સરળ નથી. કારણ ચાવીરૂપ ઉદ્યોગો પણ તેમનું ઉત્પાદન હવામાંથી તો નથી જ વધારવાના. આ ઉત્પાદન વધારવા પહેલાં આ ઉદ્યોગો ઊભા કરવાથી માંડીને તેનાં યંત્રોની મરામત-દુરસ્તી વગેરેનો ખર્ચ કરવા માટે દેશ પાસે બચત હોવી જોઇએ. આ રીતે આપણે ઉત્પાદન વધારવા પાછળના મુખ્ય પરિબળ ઉપર આવી ગયા.

બચત એટલે શું ?

૬. આર્થિક વિકાસની કોઈ પણ પ્રક્રિયામાં બચતનું મહત્ત્વ ઘણું જ છે; પણ આ બચત કોને કહેવી તે સમજવું જોઈએ. પ્રથમ તો આવકમાંથી નિર્વાહ-ખર્ચ બાદ કરતાં જે રકમ વધે તે વ્યક્તિની બચત કહેવાય. રાષ્ટ્રને માટે પણ આ જ વ્યાખ્યા આપી શકાય. પરંતુ રાષ્ટ્રીય ક્ષેત્રે બચત ઊભી કરવાનાં સાધનો વ્યક્તિની સરખામણીમાં વિપુલ ગણાય. દા. ત., રાજ્ય લોકો પાસેથી લોન ઉઘરાવે અને આ રીતે વ્યક્તિની બચતને વધારે અર્થપૂર્ણ રીતે કામયાબ બનાવે; બીજું, રાજ્ય કરવેરા નાખી શકે અને તેના યોગ્ય વધારાઘટાડાથી ખર્ચ ઉપરનો વધારો મેળવી શકે. ત્રીજું, રાજ્યની માલિકીના ઉદ્યોગો અને વાહનવ્યવહાર જેવાં અનિવાર્ય સાધનોના વપરાશના દરોમાં વધઘટ કરીને આવક ઊભી કરી શકે. તાજેતરમાં શ્રી યુજિન બ્લૅકે ભારત સરકારની આ ક્ષેત્રની નીતિની પ્રશંસા કરી હતી અને બીજા કેટલાક ગરીબ દેશોને આ નીતિ અપનાવવાનું સૂચન કર્યું હતું. આ રીતે વ્યક્તિ અને રાષ્ટ્રની બચત ભેગી કરો તેને કુલ રાષ્ટ્રીય બચત કહી શકીએ. અને મૂડીરોકાણના ખર્ચમાં આ બચત ઉપલબ્ધ બને.

૭. બચતને જો મૂડીરોકાણ માટેનું ઉપલબ્ધ નાણાંભંડોળ એવા અર્થમાં ઘટાવીએ તો તેમાં રાષ્ટ્રીય ઉપરાંત આંતરરાષ્ટ્રીય તત્ત્વોની પણ ગણતરી કરવી જોઈએ. વર્તમાનયુગમાં આંતરરાષ્ટ્રીય આર્થિક સહાય, લોન વગેરે ઘણાં જાણીતા છે. બીજી યોજનામાં આપણે જાણીએ છીએ કે પરદેશી સહાય ઉપર આપણે ઘણો આધાર રાખવો પડ્યો છે અને ત્રીજી યોજનામાં જો ૧૦,૦૦૦ કરોડ રૂપિયાનું ખર્ચ કરવાનું નક્કી થાય તો પણ આપણે પરદેશોની સહાય ઉપર ઠીક ઠીક આધાર રાખવો પડે. પરદેશી સહાય સાથે રાજકીય કરતાં એક વધારે અગત્યનો આર્થિક મુદ્દો સંકડાયેલો છે. પરદેશી સહાય કેટલી લેવી તેની સાથે આપણો ભાવિ આર્થિક વિકાસ, આંતરરાષ્ટ્રીય વ્યાપાર, વ્યાપારી નીતિ વગેરે સવાલો વણાયેલા છે. પરંતુ એક વસ્તુ સ્પષ્ટ છે કે લગભગ દરેક દેશ વત્તે ઓછે અંશે પરદેશી સહાય લઈને આર્થિક વિકાસ સાધી શક્યો છે અને અમુક તબક્કામાં આ સહાય લગભગ અનિવાર્ય બને છે. આપણી બીજી યોજના વિષે એમ કહી શકાય કે આ મહત્ત્વના તબક્કાના પહેલા ભાગમાં આપણે છીએ અને એટલે પરદેશી સહાય એ એક અણીના સમયના હથિયાર જેવી બની ગઈ છે. ત્રીજી યોજનામાં પણ આ તબક્કાનો ઉત્તરાર્ધ ચાલુ રહેશે એટલે પરદેશી સહાય ઉપરનો આધાર થોડોઘણો પણ રહેશે ખરો.

૮. હવે આપણે બચતનો ત્રીજો અર્થ જોઈએ. બચત એટલે આ અર્થમાં કોઇ પણ ઉત્પાદનનો ન વપરાયેલો વધારો. આ ઉત્પાદન જો લોખંડ કે પોલાદ જેવી

ધાતુનું હોય તો ઉપર સમજાવેલા અર્થમા તે ભાવિ ઉત્પાદનમાં ઉપયોગી બને. પરંતુ આ પ્રક્રિયાને જરા વિગતવાર સમજવી જરૂરી છે. લોખંડ, પોલાદ જેવી ધાતુનું ઉત્પાદન વધારીએ તેનો હેતુ એ કે ભાવિ ઉત્પાદનમાં તેનો ઉપયોગ થઈ શકે. આ ઉત્પાદન માત્ર વપરાશની ચીજોનું નથી હોતું પણ ઘણી વાર યંત્રોનું પણ હોય છે. આ યંત્રો ઉત્પન્ન કરવા પાછળ રોજગારી, આવક અને તેમાંથી થતું ઉત્પાદન વધારવાનું ધ્યેય હોય છે. આપણા દેશમાં તો આ સ્થળે એક ખાસ દલીલ કાર્યકારણમાં દાખલ થાય છે. આપણે ત્યાં કુલ વસ્તી અને વસ્તીવધારાનો દર વધારે છે. આ પ્રકારનાં નવાં યંત્રો બનાવવામાં કેટલી રોજગારી વધશે તે એક મોટી ગણતરીનો પ્રશ્ન છે. વિકલ્પે એમ કહી શકાય કે લોખંડ-પોલાદ જેવી ધાતુના ઉત્પાદનનો વધારો અને તેમાંથી ફલિત થતો રોજગારી આવકનો વધારો સરખાવતાં રહેવો પડશે. જો એમ નહીં થાય કે અમુક તબક્કે રોજગારી આવકનો વધારો ઊંચો જઈ શકે તેમ નથી તો વિકલ્પે લોખંડ પોલાદની નિકાસ શા માટે હાથ ન ધરવી? આ સ્થળે આ પ્રશ્ન વ્યાપારી અને આયાત-નિકાસની નીતિ સાથે સંબંધમાં આવે છે. લોખંડ પોલાદની નિકાસ થાય તો હૂંડિયામણની આવક વધે તે તો સમજી શકાય તેવું છે.

૯. આ સંદર્ભમાં એક અગત્યના મુદ્દાનો નિર્દેશ કરવો જોઈએ. આપણા આર્થિક વિકાસની યોજના—બીજી તથા ત્રીજી—ખાસ અર્થમા પરદેશી સહાય અને હૂંડિયામણના પ્રશ્ન સાથે સંકળાયેલી છે. પરદેશી હૂંડિયામણની જો છત હોય તો આર્થિક વિકાસનું એક ઉપયોગી સાધન આપણી પાસે રહે. થોડેઘણે અંશે પ્રથમ યોજનામાં આવી સ્થિતિ ઉપલબ્ધ બની હતી. પહેલી યોજના હૂંડિયામણની દૃષ્ટિએ સંચિત સાધનો પર આધાર રાખનારી યોજના હતી. તેની સરખામણીમાં બીજી યોજનામાં સાધનો ઊભાં કરવાનો પ્રશ્ન અભૂતપૂર્વ રીતે ઊભો થયો. પહેલી જ વાર આપણને મોટા પાયા પર નિકાસ વધારવાના કાર્યની અગત્ય સમજાઈ. સમજણનો રાષ્ટ્રીય ક્ષેત્ર પર અમલ કરવાનું કાર્ય ત્રીજી યોજનામાં ચાલુ જ રહેશે. નિકાસના આ મહત્ત્વથી ત્રીજી યોજનાનું એક અંગ જરા વધારે સ્પષ્ટ બને છે. ત્રીજી યોજનામાં જે રોકાણ ખર્ચ કરીએ તેનું નિકાસ-ઉત્તેજક તત્ત્વ આપણે સમજી લેવું જોઈએ. જે નાણાં રોકાણને પરિણામે નિકાસ વધારી શકાય તેવું ઉત્પાદન મેળવી શકાતું હોય તેને કુદરતી રીતે અગત્યાનુક્રમમાં ઊંચું સ્થાન મળવું જોઈએ. આનું મુખ્ય કારણ એ કે નિકાસનો વધારો તે સાધન-સંચયની પ્રક્રિયાનું એક અંગ છે. આની બીજી બાજુએ એમ કહેવું જોઈએ કે નિકાસની સામે આયાત એટલા પ્રમાણમાં ન વધે તો જ 'ચોખ્ખા' (net) અર્થમાં સાધનસંચય થયો કહેવાય.

૧૦. પરદેશી વેપાર સાથે સંકળાયેલા પ્રશ્નની કેટલીક વધારે વિગતો આપણે જોવી જોઈએ. પહેલું તો નિકાસ વેપારમાં માત્ર નવી પેદા થતી ચીજો પર જ ધ્યાન આપવાની જરૂર નથી. તે યોગ્ય પણ નથી. જે ચીજોની નિકાસ આપણે કરતા જ આવ્યા છીએ તેમાં વધારો થાય તેનો પણ ખ્યાલ રાખવો જરૂરી છે. આ ઉપરાંત દુનિયાનાં બજારોમાં આપણી કેટલીક ચીજોનો લગભગ ઈજારો ચાલતો આવ્યો છે.

૧૧. આપણી વ્યાપારીનીતિ ઘડનારાઓ અને અમલ કરનારા અધિકારીઓએ આવી ઈજારાયુક્ત સ્થિતિ ચાલુ રહે તેવા સતત પ્રયત્નો કરતા રહેવા જોઈએ તથા નવી નવી ચીજો બાબતમાં આવી ઈજારાની કે ઈજારા જેવી સ્થિતિ ઊભી થાય તે તપાસતાં રહેવું જોઈએ.

વળી નિકાસની બીજી બાજુ આયાત બાબતમાં પણ આંતરિક ઉત્પાદનના વધારા સાથે અને તેના બદલાતા પ્રકાર સાથે નિયમનો નિયંત્રણોનો ઉપયોગ કરવો જોઈએ. આ નિયમનો વગેરેનો ઉપયોગ કરવા પાછળ આંતરિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા ઉપરાંત મોટો હેતુ તો આયાત નિકાસ વચ્ચેનો તફાવત ઓછામાં ઓછો રહે તે હોય છે. પરંતુ ચીજવસ્તુની આયાત નિકાસની સામે પરદેશથી મળેલી લોન–સહાય વગેરે મૂકીએ તો આપણું આંતરરાષ્ટ્રીય લેણદેણનું તારણ, આવતાં ઘણાં વર્ષો સુધી અનુકૂળ તો નહિ જ રહે. ચૂકવણીનો આ પ્રશ્ન માત્ર ટૂંકા ગાળાનો ન હોતાં લાંબા ગાળાનો હોઈ અત્રે તેની ચર્ચા નહિ કરીએ.

૧૨. ઉપરની આખી ચર્ચામાંથી એક મુદ્દો સ્પષ્ટ થયો હશે. બચત એ માત્ર નાણાંના સ્વરૂપે ઉપલબ્ધ નથી થતી–તે માત્ર નાણાંકીય પ્રક્રિયા જ નથી. જો કે નાણાંકીય સાધનને આપણે બચત તરીકે ઓળખીએ છીએ. **પરંતુ અર્થકારણના અંગોપાંગોમાં સાધનો તો અનેક સ્વરૂપે મળી આવે છે; અને તેનું સાર્વત્રિક સ્વરૂપ ઉત્પાદન છે.** કોઈપણ ઉત્પાદનને સાધનમાં ફેરવી નાખી શકાય અથવા તો કોઈપણ ઉત્પાદન આ રીતે રૂપાંતરક્ષમ ગણી શકાય. માત્ર આ રૂપાંતરક્ષમતા નક્કી કરતા પરિબળો ઉપર સરકાર અથવા તો આયોજનપંચનો કાબુ હોવો જોઈએ. અને સમયાનુસાર આ કાબુ નિયમનો નિયંત્રણોદ્વારા વધારી ઘટાડી શકાય તેવું હોવું જોઈએ. ઉત્પાદનના જે પ્રકારનો આ રીતે ઉપયોગ કરવો હોય, મૂડીનાં સાધનો હોય કે વપરાશની ચીજ–વસ્તુઓ હોય — મુખ્ય પ્રશ્ન રૂપાંતરનો છે. આ માટે આપણા અધિકારીઓ અને આર્થિક નીતિના ઘડવૈયાઓમાં એક અભિનવ દૃષ્ટિ આવે તે આવશ્યક છે. અર્થકારણના વિકાસનું નિરંતર અવલોકન કરવા માત્રમાંથી આ દૃષ્ટિ ઊભી નથી થતી. તેની સાથે સાથે મૌલિકતાની પણ એટલી જ જરૂર છે. આપણે એક એવા તબક્કામાંથી પસાર થઈ રહ્યા છીએ જ્યારે આપણી આ ક્ષેત્રની મૌલિક વિચારણાની કસોટી થવાની છે.

સાધન–સંચય અને વ્યવસ્થા તંત્ર

૧૩. **સાધન–સંચયનો પ્રશ્ન એ મૂળભૂત રીતે ઉત્પાદનનો પ્રશ્ન છે.** બચત, નાણાંકીય રોકાણ, ખર્ચ વગેરે તેના પર્યાયો છે. પણ ઉત્પાદન વધતું રહે તો જ બચત અને રોકાણ–ખર્ચ વધારી શકાય. આ સૂત્ર વર્તુળાકાર દલીલ જેવું લાગે છે પણ એક વિશિષ્ટ અર્થમાં તેમ નથી. ઘણીવાર ઉત્પાદન ન વધવામાં માત્ર ઉત્પાદન-રીતિના (technique of production) ક્ષેત્રમાં ખામી નથી હોતી. ઘણીવાર આ પ્રશ્ન વ્યવસ્થાતંત્રનો જણાયો છે. આ તંત્રના યોગ્ય ફેરફારો ઉત્પાદન તંત્રમાં નવી શક્તિનો સંચાર કરી શકે છે. તાજેતરની સહકારી ખેતીની દલીલ આ દૃષ્ટિએ જ મૂલવવામાં આવતી હોય તો તેમાં ઘણું તથ્ય રહેલું છે. વળી વ્યવસ્થાતંત્રના આ પ્રકારના ફેરફારોને આપણા દેશની વસ્તીવધારાના પ્રશ્ન સાથે પણ સંબંધ છે. વસતીનો વધારો મોટે ભાગે *ગામડાંમાં નિરક્ષર ગરીબ પ્રજામાં* વધુ થતો જાય છે. તે સામે સમાજ પાસે આ વસતીવધારા પાછળ રહેલી સમાજને ઉપયોગી શક્તિને આયોજનની વ્યાપક પ્રક્રિયામાં જોતરી દેવાની યોજના પણ હોવી જોઈએ. સહકારી પ્રવૃત્તિ આ પ્રશ્નનો તોડ પૂરો પાડી શકે તેટલી શક્તિશાળી છે. તેનો યોગ્ય રીતે ઉપયોગ થાય તે આયોજનની સફળતાનો એક અનિવાર્ય ભાગ ગણાય.

૧૪. ઉપર કરેલી ઉત્પાદન અને સાધન–સંચયની દલીલ દેશના વસતીના પ્રશ્નના સંદર્ભમાં ખાસ અર્થમાં ઘટાવવાની છે. જો વધી રહેલી વસતીનો આવી કોઈ રીતે ઉપયોગ

કરવામાં નહિ આવે તો બેકારી, નિરાશા અને નિરર્થકતાની ભાવનાથી આ વસતી દેશને ભારરૂપ બનશે અને દેશના આર્થિક વિકાસમાં હાનિકર્તા થશે. આ સાથે રાજકીય ક્ષેત્રની—પણ આયોજનની સફળતા માટે અત્યંત મહત્ત્વની—એક દલીલ ઉમેરવી જોઈએ. સહકારી વ્યવસ્થાતંત્ર આપણી લોકશાહીના ગ્રામીણ ક્ષેત્રના પાયા મજબુત બનાવશે અને આ દૃષ્ટિએ લોકશાહીના સમગ્ર તંત્રમાં રાજકીય, આર્થિક અને સામાજિક ક્ષેત્રમાં એકવાક્યતા લાવશે.

કરવેરા અને સાધન – સંચય

૧૫. સાધન – સંચયના કાર્યમાં કરવેરાનો ફાળો અનિવાર્ય અને ઘણો જ મહત્ત્વનો ગણાય. બીજી યોજના અમલમાં આવતાંની સાથે જ આપણા દેશના કરવેરાના માળખામાં, ધરમૂળના કહી શકાય તેવા, ફેરફારો કરવાનું જરૂરી બન્યું. એક દૃષ્ટિએ આર્થિક વિકાસની ગતિ, તેનો પ્રકાર, ઝોક વગેરેને સામે પક્ષે આર્થિક નીતિ અને કરવેરાનું તંત્ર મૂકવું જોઈએ. મૂડી – સંચયનો દર વધતાં અને મૂડીનાં સાધનોનું ઉત્પાદન વધારવાની સાથે કરવેરાના તંત્રમાં ફેરફાર થાય તે તાર્કિક રીતે એકમેકના પર્યાય જેવું હતું. પરંતુ બીજી યોજના સાથે કરવેરાના તંત્રમાં કરેલા ફેરફારો પછી હવે કોઈ ખૂણો બાકી રહ્યો છે જેમાં નવા ફેરફારો કરી શકાય? આ પ્રશ્ન આજે આયોજન પંચને પણ મૂંઝવી રહ્યો છે. આ ક્ષેત્રમાં એવું સૂચન કરવામાં આવ્યું છે કે આપણે **કરવેરાનાં પણ નવાં સાર્વત્રિક સ્વરૂપો શોધવાં જોઈએ.** આ કરવેરાનો દર વધારે ઊંચો ન હોય પરંતુ દેશનો લગભગ પ્રત્યેક નાગરિક આ કર ભરતો હોવો જોઈએ. આ સંદર્ભમાં મીઠાવેરો યાદ આવ્યા વગર નથી રહેતો. (સાથે સાથે પૂ. ગાંધીજીની નેતાગીરી પાછળની ઊંડી દૃષ્ટિ માટે ભારોભાર માન પણ થાય છે.) આપણે આ ક્ષેત્રમાં લાગણી અને ઊર્મિઓને, થોડા સમય માટે, વર્ચસ્વ ન આપવું જોઈએ. ભલે ભવિષ્યમાં આપણે લાગણીશીલ બનીને બધા કરવેરા નાબૂદ કરી નાખીએ!

૧૬. કરવેરામાંથી મળતી રકમ સાથે રાજ્યના ખર્ચમાં કાપકૂપ અથવા વાજબી કરકસરથી પણ બચત અને સાધન – સંચયના પ્રયાસમાં ઠીક ઠીક ફાળો આપી શકાય. ત્રીજી યોજના શરૂ થાય તે પહેલાં વહીવટી ખર્ચમાં થયેલા ફુગાવાને દૂર કરવા માટે વ્યવસ્થિત પગલાં લેવાય તે બિલકુલ અયોગ્ય નથી. Adminitrative rationalizationની આજે દેશને ઘણી જ જરૂર છે.

ખેતીનું ઉત્પાદન

૧૭. સાધન – સંચયનાં વિધવિધ પાસાંને સ્પર્શી જતી આ દલીલમાં હવે આપણા અર્થકારણ માટેના અતિ મહત્ત્વના અંગની ચર્ચા કરીએ. આપણા દેશમાં અનાજના ઉત્પાદનની અગત્ય આવતાં ઘણાં વર્ષો સુધી ઘટવાની નથી. ખેતીનું – ખાસ કરીને અનાજનું – ઉત્પાદન બે વિશિષ્ટ અર્થમાં સાધન – સંચયના પ્રશ્ન સાથે સંકળાયેલું છે. પહેલું: અનાજ ઓછું પાકે તો પરદેશથી આયાત કરવું પડે અને વિદેશી હૂંડિયામણ વપરાય. બીજું: અનાજ ઓછું પાકે તો દેશમાં અનાજ અને બીજી ચીજવસ્તુના ભાવ ઊંચા જાય. આવા ઊંચા ભાવ યોજનાના કાર્યક્રમોનો ખર્ચ વધારે તે સમજી શકાય. આપણી યોજનાઓ ભલે ઉદ્યોગીકરણની હોય પણ તેનાં મૂળ અનાજના ઉત્પાદનમાં અને આ દૃષ્ટિએ ખેતીના અર્થકારણમાં રહેલાં છે તે આપણે કદી ન ભૂલવું જોઈએ.

★

વિકાસનો પ્રાણ : લોકશક્તિની જાગૃતિ

કપિલરાય મ. મહેતા
તંત્રી : 'ગુજરાત સમાચાર'

અખબારી કાર્યાલય પ્રવૃત્તિથી ધમધમતું હતું. તંત્રી વિભાગના કર્મચારીઓ પોતપોતાની કામગીરીમાં મશગુલ હતા. રોટરી યંત્ર ઉપર બાળકો માટેનું સાપ્તાહિક છાપવા માટેની છેલ્લી તૈયારીઓ ઝડપથી થઈ રહી હતી અને...પચીક મિનિટમાં તો આધુનિક મુદ્રણ-કલાના એક ઉત્તમ નમૂનારૂપ યંત્રે આશ્ચર્યજનક ઝડપે સાપ્તાહિકનાં સોળ પાનાં ત્રણ રંગમાં છાપીને મિનિટે ચારસો નકલોની થપ્પીઓનો ઢગલો કરવા માંડ્યો.

સાબરકાંઠા જિલ્લાના ખેડૂતો અને આદિવાસીઓની એક મોટી ટુકડી નૂતન ભારતનાં નવાં તીર્થસ્થાનોના પ્રવાસે નીકળી હતી તે પ્રવાસને અંતે અખબારી કાર્યાલયની મુલાકાતે આવી હતી અને એ સ્ત્રીપુરુષો જેમણે છાપખાનું પણ ભાગ્યે જ જોયું હશે તેઓ સ્તબ્ધ બનીને વિસ્ફારિત નયને આ દૃશ્ય નિહાળી રહ્યાં હતાં. અક્કલ કામ ન કરે એટલી ઝડપથી અખબાર છાપતા યંત્ર સામે ટગરટગર જોઈ રહેલાં એ સ્ત્રીપુરુષોને મન આ કોઈ માયાવી યંત્ર ફરી રહ્યું હોય એમ લાગતું હશે. એમાંના મોટા ભાગના પ્રૌઢો લગભગ નિરક્ષર હતા એ પણ એમને મન આ બધું જાદુ હોય એમ લાગવાનું કારણ હતું. કુતૂહલ એમના ચહેરા રંગીને બેઠું હતું.

પણ મારા મનમાં તો જુદું જ કુતૂહલ હતું. જેમણે સાબરકાંઠા પણ પૂરું જોયું નહિ હોય તેઓ ભારતનાં અનેક સ્થળોની યાત્રા કરી આવ્યાં હતાં! એમાંના કેટલાક વૃદ્ધ થવા આવ્યા હતા તેવા તો જિંદગીનાં પચાસ વરસમાં કદી રેલવે ટ્રેનમાં પણ બેઠા નહોતા! અને બેઠા ત્યારે ૭૦૦૦ માઈલનો પ્રવાસ કરી આવ્યા!! આ લોકોનાં મન ઉપર ભારતની નવરચનાની શી છાપ પડી હશે? પ્રચંડ બંધો, કારખાનાં, અને બંદરો જોઈને તેઓ તો દિઙ્મૂઢ બની ગયાં હશે. પણ જ્યાં ગામડાની દુનિયાના મર્યાદિત ક્ષેત્રમાં જ એમનું જીવન વીત્યું હતું અને તેમને આ બધાંની કશી માહિતી જ નહોતી ત્યાં સરખામણી તો તેઓ કરી જ કેવી રીતે શકે? એમના મનમાં તો પોતાનું ગામડું, ખેતર અને બહારની દુનિયા વચ્ચે જ સરખામણી ચાલતી હશે. પણ એમની સ્થિતિ કેટલી સુધરી હશે?

એક આદિવાસી ખેડૂતદંપતીની સાથે વાતે વળગતાં મેં પૂછ્યું: "તમે દેશમાં ફરીને બધું જોઈ તો આવ્યાં, પણ તમારા પોતાના ગામમાં પહેલાં અને અત્યારે તમને કંઈ ફેર લાગે છે ખરો કે નહિ?"

"હાવે, ફેર તો બધો બહુએ." આદિવાસી બહેને ટહુકો કર્યો. પતિએ એ ઝીલી લઈને આગળ ચલાવ્યું: "આપણી સરકારે આ વિકાસવાળાને મોકલ્યા પછી બહુએ ફેર પડી ગયો છે."

એમની સાથેની વાતોમાંથી સમજાયું કે વિકાસ ઘટકો સ્થપાતાં લોકોનો સહકાર જેમ જેમ મળતો ગયો તેમ તેમ ગામડાંમાં ઘણું નવું જોમ આવ્યું છે. ક્યાં સાબરકાંઠા જેવો

પછાત જિલ્લો, ક્યાં ખેડબ્રહ્મા તાલુકા જેવો પછાત પ્રદેશ, ક્યાં આ ગરીબ, અભણ ખેડૂતો અને ક્યાં કરોડોની નહિ પણ અબજો રૂપિયાની વાતો કરતી આપણી યોજના! પણ એ યોજનાના નવઘડતર કાર્યની સરવાણી ત્યાં છેક ઊંડા પ્રદેશમાં પણ પહોંચી અને તેણે હતાશ, ગરીબ લોકોના જીવનમાં નવી આશા, નવી તાકાત, પોતાની શક્તિમાં નવી શ્રદ્ધા પ્રગટાવ્યાં છે. ગામડાંમાં પંચાયતો સ્થપાઈ. સાથે મળી કામ કરતાં લોકો શીખ્યા. ગામના પ્રશ્નો વિચારતા થયા. પંચાયત ઘર, દવાખાનાં, પ્રાથમિક શાળાઓ, કૂવા હવાડા, કાચા રસ્તા, ખેતી-સુધારણા બધું એક પછી એક ગામડાંને અજવાળતું આવ્યું અને લોકોને સ્વરાજની ગંગા પાવન કરી રહી હોય એવો આનંદ થયો. દેશભરમાં ખૂણે ખૂણે આ યોજનાની એ અસર દેખી શકાય તેમ છે.

શહેરી શિક્ષિત સમાજ અખબારોમાં યોજનાના લક્ષ્યાંકો વાંચે છે, અબજોના આંકડા વાંચે છે અને ચર્ચાઓ કરે છે. આટલા બધા રૂપિયા કાઢશું ક્યાંથી? આટલો બધો ખર્ચ કરીને, દેશને દેવાદાર બનાવીને, કરવેરાના બોજા હેઠળ લોકોને કચડી નાખીને, દેશનો ઉદ્ધાર શી રીતે થવાનો છે? જાહેર વિભાગ અને ખાનગી વિભાગની ચર્ચાઓ અને સાઠમારી ચાલે છે. લોકસભા અને ધારાસભાઓમાં એની અનંત લાગતી ચર્ચાઓ ચાલ્યા કરે છે. ખોડ-ખાંપણ શોધી કાઢી તેનો ઉહાપોહ મચાવાય છે. એ બધું ખોટું છે અથવા ન થવું જોઈએ એમ કહેવાનો હેતુ નથી, પણ પંચવર્ષીય યોજના જે પરિણામો લાવી રહી છે તેનું કેવળ ભૌતિક સિદ્ધિઓ દ્વારા જ મૂલ્યાંકન થાય તો તે અધૂરું જ કહેવાય એ સહુએ સમજવાની જરૂર લાગે છે. આપણા દેશની પરિસ્થિતિ અને કરોડો લોકોની દશાનો સમગ્ર ખ્યાલ કરીને જ, આખું ચિત્ર નજર સામે રાખીને જ, યોજના અંગે વિચાર કરવો જોઇએ.

કેટલાય શિક્ષિત માણસો એવી દલીલ કરે છે કે સરકાર કરોડોને હિસાબે ખર્ચ માંડી બેઠી છે તેથી ફુગાવો વધી ગયો છે, મોંઘવારી વધી ગઈ છે; કરોડોને હિસાબે ખર્ચ થતો હોઈ પૈસા વચ્ચેથી ખવાઈ જાય છે, દુરુપયોગ થાય છે, કામો મોંઘાં પડે છે. આ દલીલ સાચી નથી એમ નથી, એ હકીકત સાચી છે, છતાં જો આ દેશમાં વસતા તમામ લોકોની સ્થિતિ થોડી પણ સુધારવી હોય તો નિયોજિત વિકાસ વિના બીજો કોઈ જ ઉપાય નથી. એની ખામીઓ ચલાવી લઈને પણ એ પાર પાડ્યે જ છૂટકો છે. સો ટકા લક્ષ્યાંકો સિદ્ધ ન થાય, સો ટકા પરિણામો ન દેખાય તો પણ આ રસ્તો જ સાચો છે અને આ રસ્તે જ આગળ વધ્યા વિના ચાલે તેમ નથી. આજે પણ આપણા દેશમાં ૨૪ કરોડ માણસોને રોજના એક રૂપિયાથી વધુ કમાણી નથી. એમાંથી ૭–૮ કરોડ માણસોને તો રોજના ફક્ત ૭ આના જ મળે છે એવી ગણત્રી થઈ છે. કારખાનાંમાં કામ કરતાં માણસોને તો રોજના ૨॥ રૂપિયા મોંઘવારી મળે છે. અમદાવાદની મિલોમાં કામ કરતા કામદારોને મહિને રૂ. ૮૨ થી ૮૭ સુધી મોંઘવારી હમણાંના મહિનાઓમાં મળી છે. છતાં તેમને વધુ પગાર મળવા જોઈએ એવી માગણી થાય છે! તો પછી આખા દેશને માટે અનાજ પકવનારા ખેડૂતો, એના આશ્રિતો, ખેતમજૂરો, ખેતીના ઉદ્યોગ પર નભતા કારીગરો, ગામડાના પછાત વર્ગો અને કામ કરવાની ઇચ્છા અને શક્તિ છતાં બેકાર રહેલાં એ બધાંને શું માગવાનો કે મેળવવાનો અધિકાર જ નથી? એમની સ્થિતિ સુધારવા માટે બનતું બધું કરી છૂટવાની લોકશાહી સરકારની ફરજ નથી? થોડાંક કુટુંબોની સંપત્તિમાં વધારો થતો રહે, મોટરોના

ગુણાકાર થતા રહે અને શ્રીમંતોને વધુ શ્રીમંત થવાની સગવડો મળે એ જ શું લોકસરકારની નીતિ હોઈ શકે ? ઉદ્યોગો જે જરૂરી અને બીજા વિકાસના પાયા રૂપ હોય તેનો વિકાસ ગમે તે ખર્ચે, કરવો જ રહ્યો, પણ ઉદ્યોગ વિકાસ તરફ જ જો યોજનાનો ઘણો ઝોક રહે તો તેથી આ ખેતીપ્રધાન દેશનો પ્રશ્ન કદીય ઉકેલી શકાય નહિ એ વિષે કશી જ શંકા નથી.

દેશ ખેતીપ્રધાન છે અને ૯૦ ટકા વસતી ગામડાંમાં વસે છે. એ ૯૦ ટકા વસતીનું જીવનધોરણ ઊંચું લાવવા અને અત્યાર સુધી ઉપેક્ષિત રહેલાં ગામડાંનો વિકાસ કરવામાં આપણી યોજનાઓનો શો ફાળો છે એ, મને લાગે છે કે, તેની મુખ્ય કસોટી હોવી જોઈએ. સ્વરાજની ગંગાનાં ઝરણાં જો ગામડાં સુધી પહોંચી ન શકે તો યોજનાઓનો ખાસ અર્થ નહિ રહે. લોકોના રાજ્યની એ જ ફરજ છે. તેથી પ્રથમ પંચવર્ષીય યોજનાના આરંભે ગામડાંના વિકાસનો વિચાર ગંભીર રીતે થયો હતો અને ૧૯૫૨માં સામૂહિક વિકાસ યોજના —'કોમ્યુનિટી પ્રોજેક્ટસ'—નો આરંભ થયો. તે વખતે જ સરેરાશ ૭૦૦૦૦ની વસતીએ એક, એવાં ૫૦૦૦ ઘટકો સ્થાપવા સુધી પહોંચવાનો સંકલ્પ જાહેર થયો હતો. ૧૯૫૨ની ગાંધીજયંતીથી આરંભાયેલા આ કામમાં વિકાસકાર્યની બે કક્ષાઓ રખાઈ છે. પ્રથમ કક્ષા રાષ્ટ્રીય વિસ્તરણ સેવા (નેશનલ એક્સટેન્શન સર્વિસ)નાં ઘટકોની છે જેમાં ઓછો વિસ્તાર, લગભગ ૫૦ થી ૬૦ હજારની વસતીનું ઘટક અને વાર્ષિક રૂ. ૨ા થી ૩ા લાખ આસપાસનો ખર્ચ. બીજી કક્ષા એ સામૂહિક વિકાસ યોજના (કોમ્યુનિટી પ્રોજેક્ટ)નાં ઘટકોની છે જેમાં લગભગ ત્રણ ૨. વિ. ઘટકો ૧ા લાખ જેટલી વસતી અને આશરે રૂ. ૭ા થી ૧૦ લાખ સુધીનો વાર્ષિક ખર્ચ. આ બન્ને કક્ષાએ દેશભરમાં ઘટકો ચાલે છે. પ્રથમ પંચવર્ષીય યોજનાની શરૂઆતથી જ આ ઘટકો સ્થપાયેલાં નહોતાં છતાં ૧૯૫૬ સુધીનાં ચાર વર્ષમાં સારી પ્રગતિ થઈ શકી હતી. બીજી યોજનામાં તેને પણ વેગ મળ્યો અને ૧૯૫૮ સુધીમાં આ ઘટકોએ લગભગ ૨૦ કરોડ લોકોની વસતીને અને લગભગ ૨,૯૦,૦૦૦ ગામડાંને આવરી લીધાં છે અને અત્યાર સુધીમાં રૂ. ૨૦૦ કરોડનો ખર્ચ એની પાછળ થયો છે.

બીજી પંચવર્ષીય યોજનામાં ખેતીવિકાસ કરતાં ઉદ્યોગવિકાસ તરફ વધારે ઝોક છે એ જાણીતી વાત છે. રૂ. ૬૮૦૦ કરોડની યોજનામાં પહેલી યોજના કરતાં સીંચાઈ, સામૂહિક વિકાસ યોજના અને ખેતીવિકાસ માટે સમગ્ર રીતે રકમ વધારે મુકાઈ છે પણ તેનું પ્રમાણ પહેલી યોજના જેટલું નથી. આવો ઔદ્યોગિક વિકાસનો ઝોક ભારતને બીજી રીતે લાભદાયી બન્યો હશે પણ આપણા રાષ્ટ્રના પાયારૂપ પ્રશ્નોના ઉકેલમાં તેથી ઓછી પ્રગતિ થઈ છે. આ કારણે જ નાગપુરની કોંગ્રેસ વખતે પ્રમુખસ્થાનેથી પ્રવચન કરતાં શ્રી. ઢેબરભાઈએ ખાસ ભારપૂર્વક લક્ષ ખેંચ્યું હતું. તેમણે કહ્યું હતું કેઃ—

"ખેતીપ્રધાન અર્થરચના ખેતીપેદાશ ઉપર જ અવલંબે છે તેથી નિયોજિત અર્થકારણમાં એનું ઘણું જ મહત્ત્વ છે. જો આપણે નિયોજિત વિકાસના વિચારને વળગી રહેવું હોય તો ખેતીપેદાશના લક્ષ્યાંકોને પહોંચવા ઉત્તમ શક્તિ કામે લગાડવી જોઈશે. ખેતી એ આપણી યોજનાઓનો પાયો છે. તે જો નબળો રહેશે તો તેના ઉપર લાંબું ટકે તેવી સમૃદ્ધિની ઈમારત બાંધવાની આશા ક્યાંથી રાખી શકીએ ? * * * પહેલી યોજનામાં સફળતાએ જન્માવેલા આશાવાદે પણ આપણા પ્રયાસ શિથિલ બનાવ્યા. તે એટલી હદે

(૧) ત્રીજી યોજના શરૂ થશે ત્યારે દેશની વસતી ૪૨ કરોડની હશે. (૩૪ કરોડ ગામડાંની અને ૮ કરોડ શહેરી.)

(૨) ગામડાંમાં ૨ ટકા અને શહેરોમાં ૪·૬ ટકા લેખે આ વસતી વધશે. ત્રીજી યોજનાનાં વર્ષોમાં ૩ા કરોડ જેટલી વસતી વધશે.

(૩) બીજી યોજનાને અંતે બેકારો પણ ૫૦ લાખથી ઘણા વધુ હશે. ત્રીજી યોજના ૧ાાા કરોડ લોકો શ્રમલાયક થશે. તેમને માટે કામ શોધવા પ્રયાસ કરવો પડશે.

(૪) દેશમાં ૭૦ ટકા શ્રમજીવીઓ ખેતી અને તેને લગતા કામમાં છે. આમાં ૧૫·૨ ટકા ભૂમિહીન ખેતમજૂરો છે. બીજા ૧૫·૨ ટકા અત્યંત નજીવી જમીન ધરાવતા એટલે જે ખરેખર ખેત-મજૂરો જ કહેવાય તે છે. તેમની માથાદીઠ વાર્ષિક આવક ફક્ત રૂ. ૧૦૬ છે ! ! જ્યારે ઔદ્યોગિક કામદારની આવક રૂ. ૨૬૫ છે. દેશની સરેરાશ રૂ. ૨૮૧ છે. શ્રમજીવીઓ માનવજીવન માટે નીચામાં નીચી દશામાં સબડે છે.

(૫) બેકારી અને અર્ધબેકારી દૂર કરવા ઉપરાંત લોકોને ખોરાક, કેળવણી અને આરોગ્ય, પાણીની મુખ્ય જીવન જરૂરિયાતની વ્યવસ્થા આપણે કરવાની રહે છે. ૪ કરોડ બાળકો ભણે છે, અને બીજાં સાત વર્ષમાં વધુ અઢી કરોડની કેળવણીની વ્યવસ્થા, ૫૦,૦૦૦ ગામમાં કુવા, પીવાના પાણી માટે આરોગ્યની સામાન્ય સગવડ, ગામડાંમાં .. લાખ અને શહેરોમાં ૩૦ લાખ નવાં કુટુંબોને રહેવાની વ્યવસ્થા—આ બધાં ઉપરથી કેટલી અખંડ જવાબદારી આપણી સામે છે તેનો ખ્યાલ આવશે. ”

આ શબ્દો જ ત્રીજી યોજના શા માટે અને કેટલી મોટી જવાબદારીને કેવી રીતે પહોંચી વળતી હોવી જોઈએ તેનો ખ્યાલ આપે છે. ૪૫ કરોડ માણસોને માટે પૂરતું અનાજ ભારતમાં ૧૯૬૬ માં પેદા થતું હોવું જોઈએ અને એ અનાજના વ્યાજબી ભાવ એમને મળતા હોવા જોઈએ એ મુખ્ય છે. આ પાયા પરથી આગળ વધતાં તદ્દન સ્વાભાવિક રીતે નવી સમાજરચના અનિવાર્ય બનશે. એમાં અતિ શ્રીમંતોને સ્થાન નહિ રહે. મહેનત કર્યા વિનાની કમાણી ખાવાનો કોઈને અધિકાર નહિ રહે. ગરીબોનું ધોરણ ઊંચું લાવવા માટે અત્યારે બહુ ઊંચે ઊભેલાએ ખેવડ વળીને એ નીચી ખીણમાં ઊભેલાને હાથ આપવો પડશે. ત્રીજી યોજનાના લક્ષ્યાંકો બીજા ગમે તેટલા હોય પણ એક જ વાત મુદ્દાની છે અને તે એ કે ત્રીજી યોજના ૪૦ કરોડ લોકોમાં સુખની વહેંચણી કરનારી નીવડી જ

★

પંચવર્ષીય યોજના

ભાઈલાલભાઈ પટેલ, વલ્લભ વિદ્યાનગર

પંચવર્ષીય યોજનાનો વિચાર જગત આગળ રશિયાએ મૂક્યો તે વખતે, જર્મનીએ પણ હિટલરની સરદારી નીચે, જર્મનીનો સર્વદેશીય યોજનાબદ્ધ વિકાસ કર્યો હતો. પંચવર્ષીય નામ ન આપવા છતાંય જર્મનોએ રશિયનો કરતાં વધારે કાર્યક્ષમતા બતાવી હતી. બંને દેશોની ફત્તેહના મૂળમાં એક વાત તો એ હતી કે ત્યાં સરમુખત્યારશાહી હતી, એટલે ધાર્યું કામ લેવા માટે ગમે તેવા કડક ઉપાયો લઈ શકાયા હતા. પરંતુ આપણે લોકશાહી રીતે આ કામ કરવાનાં છે.

આપણામાં જર્મનો અને રશિયનો જેટલી કાર્યક્ષમતા, પ્રામાણિકતા, ખંત અને ઉદ્યોગીપણું હજી આવ્યાં નથી, અને આપણી પંચવર્ષીય યોજનાઓમાં આનો પણ વિચાર કરવાનો છે. આપણા દેશમાં જર્મની અને રશિયાની પેઠે જોઈએ તેટલા ટેકનીશિયનો તથા સાયન્ટીસ્ટો તૈયાર નથી અને એમને તૈયાર કરવાનું કામ પણ યોજનાનું સ્વરૂપ જોતાં મંદ ગતિએ ચાલે છે.

આપણી પંચવર્ષીય યોજનાઓના વિચારની ભૂમિકા પાછળ રશિયાની પંચવર્ષીય યોજનાઓનું અનુકરણ છે. રશિયા હજી પણ પોતાનો અનાજનો પ્રશ્ન સામુદાયિક ખેતીથી ઉકેલી શક્યું નથી. પોલાન્ડ અને યુગોસ્લાવિયાએ રશિયાનું અનુકરણ કર્યું હતું, પરંતુ તેમાં તેમને નિષ્ફળતા મળી અને તે દેશો વ્યક્તિગત ખેતી ઉપર આવવા લાગ્યા છે.

હિંદમાં પણ કેટલાંય સહકારી ખેતરોની ખેતી નિષ્ફળ પુરવાર થઈ છે. આવી કેટલીયે મંડળીઓ ફડચામાં ગઇ છે અને છતાં આપણે પહેલી પંચવર્ષીય યોજનાથી સહકારી ખેતી એ આપણું અંતિમ ધ્યેય રાખેલું છે. મુંબાઈ રાજ્યમાં તો એ દૃષ્ટિએ કાયદા પણ થયા છે અને એ કાયદાની એક વિશિષ્ટતા પણ છે, કે જેમાં શ્રીમંતોનો જમીનનો માલિકીહક કાયમ રાખી ગરીબોની જમીન વળતરની જવાબદારી લીધા સિવાય ખુંચાવી લેવામાં આવી છે. આપણી પ્રથમ પંચવર્ષીય યોજનાઓની શરૂઆત અનાજ–ઉત્પાદનને ફટકો મારીને કરવામાં આવી છે।

પંચવર્ષીય યોજનાઓ ઘડવી, એ સંબંધી વાતો કરવી અને પ્રચાર કરવો, એ બહુ સહેલું છે પણ તેને અમલમાં મૂકવા માટે જોઈતા કાર્યક્ષમ અને પ્રામાણિક માણસો તૈયાર કરવા, તેમજ પ્રામાણિક અને કાર્યક્ષમ વહીવટીતંત્ર ગોઠવવા માટે જ્યાં સુધી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી પંચવર્ષીય યોજનાઓને નામે કાઢેલાં નાણાં ખર્ચી નાખવાથી આપણે શું મેળવી શકીશું એનો પણ આપણે વિચાર કરવાનો છે. યોજનાઓનો વધુમાં વધુ લાભ લેવો હોય તો કયું કામ પહેલું કરવાથી દેશને વધારેમાં વધારે ફાયદો થાય, અગર તો કયા કામની દેશને વધારેમાં વધારે જરૂર છે એનો વિચાર કરી યોજનાઓ ગોઠવાય તો જ તેનું વહેલામાં વહેલું ફળ મળે. એમ ન થયું હોય છતાંય યોજનામાં જે કામ ગોઠવાયું હોય તેની પહેલેથી જ બરાબર ગણતરી થવી જોઈએ. કેટલા રૂપિયા ખરચાશે, તે કામ કેટલાં વરસમાં પૂરું થશે, અને તેમાંથી શું વળતર મળશે તેનો આંકડો પહેલેથી જ નક્કી થવો જોઇએ. પછીથી એ ખર્ચની રકમ શી રીતે મેળવવી, મેળવ્યા પછીથી ઉપર ક્યાં પ્રમાણેનું

એ કામ નિશ્ચિત સમય અને રકમમાં પૂરું કરાવવું તે બાબતની તકેદારી રાખીને જો કામ થાય તો જ યોજના સફળ થઈ કહેવાય અને એનો લાભ દેશને મળી શકે.

ત્રીજી પંચવર્ષીય યોજનાઓનો વિચાર કરતાં પહેલાં આપણે હવે તપાસી લઈએ કે, પહેલી અને બીજી પંચવર્ષીય યોજનાઓનાં કામ આ રીતે થયાં છે ?

પ્રથમ પંચવર્ષીય યોજનામાં અનાજના પ્રશ્ન ઉપર ખાસ ધ્યાન અપાયું હતું. વાત પણ સાચી હતી કે આજે હિંદનો મોટામાં મોટો સળગતો પ્રશ્ન હોય તો તે અનાજનો જ પ્રશ્ન છે. અનાજ વધુ પકવવા માટે સૌથી પહેલી જરૂર પાણીની છે. આપણા દેશની ખેતીનો આધાર મુખ્યત્વે વરસાદ ઉપર છે. અહીં વરસાદ હંમેશ અનિયમિત છે. પાંચ વરસો પૈકી એકાદ-બે વરસ સારાં હોય તો એક-બે વરસ નબળાં હોય છે, જ્યારે એકાદ વરસ સમધારણ હોય છે.

વરસાદની અનિયમિતતા સામે ખેતીને રક્ષણ આપવા માટે નાનીમોટી સીંચાઈ યોજનાની જરૂર છે. બીજી જરૂર સારા ખાતરની છે. આ બંને ચીજોનો સમાવેશ પ્રથમ પંચવર્ષીય યોજનામાં થયો હતો. તેમાં એ બાબતોને અગ્રસ્થાન અપાયું હતું એને લીધે આપણા રાજ્યકર્તાઓએ માન્યું હતું અને આખા દેશને મનાવ્યું હતું કે પ્રથમ પંચવર્ષીય યોજના પૂરી થતાં જ આપણો અનાજનો પ્રશ્ન ઉકલી જશે. અને બીજી પંચવર્ષીય યોજના શરૂ થતાં આપણે આપણું વધારાનું અનાજ પરદેશ મોકલી શકશું ! બદલામાં પરદેશી હૂંડિયામણ લાવી શકીશું. આમ છતાં ય આપણે જોયું કે, બીજી પંચવર્ષીય યોજનાના ત્રીજા વરસમાં સોથી દોઢસો કરોડ રૂપિયાનું અનાજ આપણે બહારથી લાવવું પડયું છે. આનાં કારણોની હવે આપણે તપાસ કરીએ.

પ્રથમ પંચવર્ષીય યોજનાઓ શરૂ થતાં પહેલાં આપણા દેશમાં ભાખરાનંગલ, દામોદર વેલી, હીરાકુંડ, તુંગભદ્રા, કાકરાપાડા, મહી, ચંબલ વગેરે વિરાટ યોજનાઓ હાથ પર લેવાઈ ગઈ હતી. આ સિવાય હિંદના દરેક રાજ્યમાં નાની નાની સેંકડો યોજનાઓ, હજારો પાતાળ કૂવાઓ, અને લાખો કાચા અને પાકા કૂવાઓનાં કામ હાથ પર લેવાઈ ગયાં હતાં અને આજ સુધી આ બધાં કામો સતત ચાલુ જ રહ્યાં છે.

સાધારણ નિયમ એવો છે કે મોટાં કે નાનાં કોઈપણ કામ કરવાં હોય તો એના અંદાજો અને નકશા પહેલેથી તૈયાર થઈ જવા જોઈએ. તથા જે અમલદારને જેટલી સત્તા આપેલી હોય તે પ્રમાણે તે એ અંદાજોને મંજુરી આપે. ત્યાર પછીથી જ કામની શરૂઆત થાય. બાંધકામ ખાતાના મુખ્ય ઇજનેરને પણ અમુક લાખ રૂપિયાનાં કામ મંજુર કરવાની સત્તા હોય છે. એથી મોટાં કામ મંજુર કરવાની સત્તા જે તે રાજ્યની સરકારને હોય છે.

બ્રિટિશ રાજ્ય અમલમાં મોટી યોજનાઓ જો કે તે રાજ્યમાં તૈયાર થતી હતી, છતાં તેમને મંજુર કરવાની સત્તા નહોતી. આવી યોજનાઓ હિંદ સરકાર તરફ મોકલાવાતી, જ્યાં એની ચકાસણી થતી, કાંઈ શંકાઓ હોય તો રાજ્ય સરકારને તે બાબત પૂછાણ થતાં. હિંદ સરકારને પણ અમુક હદ સુધીની જ મંજુરી આપવાની સત્તા હતી. એમની સત્તાની બહારની વિશાળ યોજના હોય તો તે સેક્રેટરી ઓફ સ્ટેટ તરફ ઇંગ્લેન્ડમાં મોકલવી પડતી, જ્યાં તેમની પણ પૂરી ચકાસણી થતી અને યોજના જો મોટી હોય તો તે તપાસી લેવા માટે નિષ્ણાત ઇજનેરોની એક કમિટિ નીમાતી. એ કમિટિ ઉપર હિંદમાંથી નિવૃત્ત થયેલા ઇન્જીનિયરોને લેવાતા. આખીય યોજના બરાબર તપાસી લીધા પછીથી જોઈતી મંજૂરી

હકીકત મેળવ્યા બાદ જરૂરજોગી સલાહ સૂચના આપ્યા પછી જ તે યોજના મંજુર થતી. ત્યાર બાદ તે તે યોજનાનાં કામ ચાલુ કરવાને જે તે રાજ્યને સોંપવામાં આવતાં.

યોજના કેટલાં વરસમાં પૂરી થાય, દર વરસે કયાં કયાં કામ થાય, એ માટે કેટલા પૈસા જોઈએ તે અગાઉથી જ નક્કી થતું. રાજ્ય હિંદ સરકારને આગળથી લખી જણાવે કે ચાલુ સાલમાં અમારે અમુક રૂપિયાની જરૂર પડશે. હિંદ સરકારના એમના બજેટમાં એટલી વ્યવસ્થા રાખી લેતી. બધી રકમ જો તે જ વરસમાં પૂરી ન ખર્ચાય તો રાજ્યોને જવાબ આપવા પડતા, એટલું જ નહીં પણ એ રૂપિયા ઉપર વ્યાજ ચડતું જતું. દરેક જિલ્લામાંથી જિલ્લા અધિકારીઓને કામનો પ્રોગ્રામ આ હિસાબે આપવો પડતો અને કામ તે હિસાબે પૂરું કરવાની જવાબદારી લેવી પડતી.

પરિણામે આગળથી યોજના કરી હોય તે પ્રમાણે અને તેટલા જ વખતમાં કામ પૂરું કરવા માટે દરેક અમલદારને જાગ્રત રહેવું પડતું. સક્કર બરાજ જેવી મોટી યોજનાઓ હોય તો ચાલુ કામે કામની ઝડપ, કામની કાર્યક્ષમતા અને અંદાજ પ્રમાણે કામ થાય છે કે નહીં, તે તપાસી લેવા માટે સરકાર કમિટિઓ નીમતી. દોષપાત્ર અમલદારને ઘટતી સજા પણ થતી. સારું કામ કરનારને તેનો સારો બદલો પણ મળતો. આ રીતથી કામ સરતાં અને ઝડપી બનતાં તેમ જ કામમાંથી ધાર્યા પ્રમાણે વળતર મળી આવતું.

સ્વરાજ મળ્યા પછીથી સૌ બોલી રહ્યા છે કે વખત વહી જાય છે, વિચાર કર્યે કે થોભ્યે ચાલે તેમ નથી, આપણે તો તાબડતોબ હિંદને નંદનવનમાં ફેરવી નાખવું છે, જેથી લેવલ, અંદાજ વગેરે મામૂલી ચીજો માટે થોભી શકાય તેમ નથી! બસ, કામ એકદમ શરૂ કરો, નહેરો બનાવી દો, પાકનું ઉત્પાદન બમણું કે ત્રણગણું કરો.

આપણી આ પહેલી પંચવર્ષીય યોજનાનો મહત્ત્વનો ભાગ એ નહેરો ખોદવાનું કામ કરવાનો હતો. એને માટે કેવી જાતની યંત્રસામગ્રી જોઈએ તેની બરાબર તપાસ થયા સિવાય તે ખરીદાયાં છે. આવા કામના દેશમાં જે ગણ્યાગાંઠ્યા અનુભવીઓ હતા, તેમના જ્ઞાનની કે અનુભવની સલાહ લેવાઈ નથી.

આને લીધે અમેરિકાથી લડાઈનો વધેલો માલ હિંદમાં ઠાલવવા માટે બધાં કારખાનાંના દલાલો હિંદની દરેક ઓફિસમાં ફરતા થઈ ગયા. અને વિરાટ નહેરોનું ખોદકામ તાબડતોબ પૂરું કરવા માટે યંત્રો કાર્યક્ષમતાવાળાં છે કે નહીં, જરૂર પડ્યે કામ લાગે તેવા જોઈતા યંત્રોના નાનામોટા છૂટા ભાગો છે કે નહીં, અગર આપવામાં આવેલા છૂટા છૂટા ભાગો ઉપયોગમાં આવે તેમ છે કે નહીં, એ બધું જોયા વિચાર્યા વગર યંત્રોની ધૂમ ખરીદીઓ થઈ.

પંચવર્ષીય યોજનામાં સમાવેશ કરેલી રકમ લગભગ પૂરેપૂરી ખર્ચાઈ ગઈ, પણ નહેરો ખોદવામાં અંદાજેલી રકમ અને ખરચાતી રકમમાં ઘણું અંતર પડતું ગયું. પહેલી પંચવર્ષીય યોજનાને અંતે આદર્યાં અધૂરાં રહ્યાં. ફક્ત એક સિંદરીનું કારખાનું પૂરેપૂરું બંધાયું અને હિંદની ખેતી માટે જોઈતાં ખાતરનાં ત્રીજા ભાગના ખાતરની વ્યવસ્થા થઈ. કોમ્પોસ્ટ ખાતર માટે ગામેગામ પૈસા ખરચી ખાડા ખોદાવ્યા, અને તેમાંના ઘણાખરા પવનથી ઊડતી રેતીથી ભરાઈ ગયા!

બીજી પંચવર્ષીય યોજના કરતી વખતે માની લીધેલું કે નહેરોનાં અધૂરાં રહેલાં ઘણાંખરાં કામ પૂરાં થયાં હશે. અનાજનો પ્રશ્ન સંપૂર્ણ ઉકલી ગયો હશે જેથી લોખંડનાં કારખાનાં ઉપર વિશેષ જોર અપાયું, પાણીથી વિજળી ઉત્પન્ન કરવા ઉપર પણ ઠીક ઠીક લક્ષ અપાયું. પરંતુ પ્રથમ પંચવર્ષીય યોજનામાં હાથ ધરેલાં નહેરો અને રસ્તાઓનાં કામ ઠેરઠેર અધૂરાં રહેલાં તે પૂરાં કરવાનાં બાકી હતાં.* પંચવર્ષીય યોજનામાં જે કામ પૂરાં કરવા ધારેલાં તેમાંથી મળતા ઉત્પન્નમાંથી ગણતરીઓ થયેલી એ બધી બરાબર રીતે સફળ ન થવાથી બીજી પંચવર્ષીય યોજનામાં નાણાંની તંગી જણાવા લાગી છે. બીજી પંચવર્ષીય યોજનામાં તો જગતભરમાંથી માગીતાગીને નાણાંની સગવડ અતિ જરૂરી કામો માટે કરી શકાશે. છતાંય યોજનામાં સમાવેશ કરાએલ બધાં કામો થવાનાં નથી.

પહેલી પંચવર્ષીય યોજનાને અંતે અનાજનો પ્રશ્ન ઉકેલવાનો જે આશય હતો તે બીજી પંચવર્ષીય યોજનાને અંતે પણ ઉકેલાવાનો નથી કારણકે નહેરોનાં કામ અક્ષમ્ય બેદરકારીથી ચાલી રહ્યાં છે. રસ્તાઓનાં કામોનું પણ હજી બરાબર ઠેકાણું નથી. રેલવેનાં કામોમાં પણ કાંઈ ખાસ પ્રગતિ દેખાતી નથી. નહેરોનાં કામ પૂરાં થશે ત્યારે અગર તો લોખંડનાં અને ખાતરનાં કારખાનાં પૂરાં થશે ત્યારે, તે બધાંની હેરફેર માટે પણ ઘણી મુશ્કેલી ઊભી થવાની છે. નહેરનાં પાણી ઉપર કેવી જાતની ખેતી કરવી, તેના અખતરા હજુ પૂરા થયા નથી, તેમજ ઘણી જગ્યાએ કરાયા નથી. જ્યાં હાથ પર લીધેલાં કામ પૈસાને વાંકે મંદ ગતિએ ચાલી રહ્યાં છે ત્યાં આપણે દશ હજાર કરોડ રૂપિયાની ત્રીજી પંચવર્ષીય યોજનાઓની વાતો કરવા માંડી છે.

બીજી પંચવર્ષીય યોજનાની આખરે લોઢાનાં ચારેય કારખાનાં પૂરાં થઈ જશે, દર સાલ સાઠ લાખ ટન પોલાદ નીકળતું જશે, પણ જ્યાં સુધી ગામડાંમાં એટલે કે દેશની ૮૦ ટકા વસ્તીમાં લોકોની વાર્ષિક સરાસરી આવક રૂપિયા દોઢસોની આસપાસ છે, ત્યાં સુધી એ લોખંડની ખરીદી ગામડાં શી રીતે કરી શકવાનાં છે? આજે તો સિમેન્ટના ઢગલા થવા માંડ્યા છે. કાપડના ઢગલા થતાં ઉત્પાદન કમી કરવું પડે છે. ખાંડના પણ ઢગલા થવા માંડ્યા છે. તો પછી લોખંડની પણ એ જ સ્થિતિ થાય એ સમજાય તેવી વાત છે. પછીથી જ્યારે ચીન, જર્મની અને રશિયા એનો સસ્તો માલ બજારમાં મૂકશે ત્યારે નિકાસ બજારમાં ભારત કેટલું ટકશે એ પણ વિચારવા જેવું છે.

આપણી પ્રથમ પંચવર્ષીય યોજના શરૂ કરતાં પહેલાં મુંબઈ રાજ્યે માનેલું કે નવી નહેરો શરૂ થવાથી જમીનની કિંમત ઘણી વધી જશે. આ વધેલી કિંમતનો ફાયદો વગર મહેનતે ખેડૂતને મળવાનો છે માટે એ વધારાની કિંમતના ૫૦ ટકા સરકારે વીશ હપ્તે રૂપિયામાં અગર બની શકે ત્યાં સુધી હિસાબે આવતી જમીનના રૂપમાં ખેડૂત પાસેથી લેવા અને એ ઉપરાંત ખેડૂત પાસેથી નહેર નીચે આવતી જમીનના એકર દીઠ વરસાદી નહેર માટે રૂપિયો દોઢ અને બારમાસી નહેર માટે એકરદીઠ રૂપિયા ત્રણ નહેરધારો નહેરોના નિભાવખર્ચ માટે લેવો.

પેલી જમીન વધારાની કિંમતની અર્ધી રકમનો ઉપયોગ રાજ્યમાં બીજી નહેરો કરવા માટે કરવો. જ્યારે નહેર માટે ખરચેલાં નાણાંનું વળતર લેવા માટે નહેરનાં પાણીનો દર ઠરાવવો અને તે વસુલ કરવો.

યોજનાના ઘડવૈયાઓએ મુંબઈ રાજ્યના આ નહેર કાયદાને આદર્શ કાયદો માન્યો અને હિંદનાં બીજાં રાજ્યોમાં એનું અનુકરણ થાય એવી ભલામણ કરી.

ખેતીના અનુભવ વગરના શહેરી રાજ્યકર્તાઓ પાસેથી બીજી શી આશા રાખી શકાય? હવે આપણે આનાં પરિણામનો વિચાર કરીએ. પહેલું તો એમ માની લીધું કે, નહેર થવાથી જમીનની કિંમત વધશે. કિંમત વધે એ વાત તો સાચી, પણ સાથે સાથે એવી જાતનો ગણોતધારો કર્યો, કે જમીનની બજાર કિંમત રહી નહીં! ખેડૂતની જમીનની કિંમત વધવાને બદલે નહેર કરતાં પહેલાં જે કિંમત હતી તેનાથી પણ દસમા ભાગની થઈ ગઈ. એટલે ખેડૂતને જમીનની કિંમતમાં ફાયદો થયો, એ વાત જ મૂળમાંથી ચાલી ગઈ! બીજી બાજુ નહેર આવ્યા પછી નહેરનું પાણી લેવા માટે ખેડૂતોને ઢાળીઆ બનાવવામાં ઘણું મોટું ખર્ચ કરવું પડે છે. એ સિવાય દરેક ખેતરને લેવલ કરવા માટે પણ મોટી રકમ ખરચવી પડે છે, ખેતરને પાળા પણ બાંધવા પડે છે. તેમજ સારી પેઠે ખાતરના પણ પૈસા ખરચવા પડે છે. ત્યારે જ એમાં વધુ પાક થાય છે અને ખેડૂતની સ્થિતિ સુધરે છે; એટલે વગર મહેનતે કે વગર ખર્ચે ખેડૂતને લાભ મળતો નથી. જ્યારે 'બેટરમેન્ટ ટેક્સ'નો કાયદો કરીને સરકારે વગર હકે અને વગર કારણે ખેડૂતને ભોગે રાજ્યની તીજોરી ભરવાના ઉપાયો શોધ્યા છે.

આ સિવાય શહેરી રાજ્યકર્તાઓ એક વાત ભૂલી જાય છે, કે દેશને સમૃદ્ધ ખેતીની જરૂર છે. ખેતી જો ન સુધરે તો દેશની હાલત ઘણી કફોડી બની જાય. તાતાનાં લોખંડનાં કારખાનાંને વરસોથી જે સબસીડી અપાય છે, તેનો લાભ જો કે તાતાને મળે છે, છતાં ખરી રીતે દેશનો એક અગત્યનો ઉદ્યોગ પગભર કરવા માટે આ સબસીડી અપાય છે. તે જ પ્રમાણે પંચવર્ષીય યોજનાઓને ફત્તેહમંદ બનાવવા માટે ખેતીને આબાદ બનાવવી પડશે. તેમજ એને હરેક રીતે આર્થિક મદદ કરવી પડશે. પછીથી એનો થોડોક લાભ ખેડૂતને ભલે મળે. ખેડૂતોનાં ઘરમાં પૈસો હશે તો એમની ખરીદશક્તિ વધશે અને દેશનાં કારખાનાંઓમાં ઉત્પન્ન થયેલો માલ ખપશે.

આવો સીધો રસ્તો લેવાને બદલે ખેતી સમૃદ્ધ થતાં પહેલાં આપણે જમીન મહેસૂલ વધારવાની વાતો કરીએ છીએ. સાથે સાથે "ઈરીગેશન શેષ" અને "બેટરમેન્ટ ટેક્સ" નામના વધારાના બે કર નહેરોનાં પાણી ઉપર નાંખી દીધા છે. આને પરિણામે દામોદરવેલી ઉપર છતે પાણીએ લોકો પૂરું પાણી લેતાં નથી. અને ભાખરાનંગલ ઉપર ખેડૂતોએ "બેટરમેન્ટ ટેક્સ" સામે ભારે રમખાણ મચાવ્યું છે.

પંચવર્ષીય યોજનાઓ જો ફત્તેહમંદ કરવી હશે તો આનો વિચાર બહુ જ સહાનુભૂતિપૂર્વક કરવો પડશે. આપણા રાજકર્તાઓએ એક વાત ખાસ લક્ષમાં લેવા જેવી છે કે વહીવટની નિષ્કાળજીથી નહેરો ઉપર બે ત્રણ કે તેથી વધારે ગણું ખર્ચ થયું છે આનો ભોગ ખેડૂતોને બનાવી નહીં શકાય.

હવે આપણે ગુજરાત માટે ત્રીજી પંચવર્ષીય યોજનાનો વિચાર કરીએ.

નહેરો એ ગુજરાતનો પ્રાણપ્રશ્ન છે. એ સિવાય અનાજની બાબતમાં ગુજરાત કદી પણ સ્વાવલંબી બની શકશે નહીં. ગુજરાતમાં તાપી અને મહીની નહેરોને બારમાસી નહેરો બનાવવી પડશે. સાથે સાથે નર્મદા અને સાબરમતીનાં પાણીને પણ બારમાસી નહેરોમાં

ફેરવવાં પડશે. આ ઉપરાંત આ ચારેય નદીઓ ઉપર પાણીના જોરે વિજળી ઉત્પન્ન કરવાનાં યંત્રો ગોઠવવાં પડશે. પંચવર્ષીય યોજનામાં આ એક મોટી ખામી છે. બિહાર, બંગાલ અને આન્ધ્ર જ્યાં કોલસો નજીકમાં છે, ત્યાં પાણીની શક્તિથી વિજળી ઉત્પન્ન કરવાનાં કામ ચાલુ થઈ ગયાં છે; જ્યારે ગુજરાત કે જ્યાં કોલસો ઘણે દૂરથી આવે છે ત્યાં કોલસો લાવવા માટે ઘણે મોટે ખર્ચે રેલવે લાઇનો બેવડાવવી પડે છે. જ્યાં ગમે તેટલી વિજળી મળે તો તેનો ઉપયોગ કરનાર સાહસિક શહેરો અને ગામડાં છે, જ્યાં ઉદ્યોગો ખીલ્યા છે, વળી વધારે ખીલવવાની શક્તિ પણ ધરાવે છે, તેમ જ જ્યાં ચાર નદીઓ ઉપર પાણી સંઘરીને તે વડે સસ્તી વિજળી ઉત્પન્ન કરવાનાં કારખાનાં ઊભાં કર્યાં છે, તેમ જ હજી તેમાં વધારો કરતા જઈએ છીએ. જ્યારે પાણીથી વિજળી ઉત્પન્ન કરવાના પ્રશ્નને આપણે ચગડોળે ચડવા દીધો છે. આ સિવાય જળમાર્ગથી બહુ ઓછા ખર્ચે આપણે માલસામાનની હેરફેર કરી શકીએ, તાપી અને મહી નદીની નહેરો ઉપર જો આપણે સહેજ કાળજી રાખી હોત, પૂલો અને રેગ્યુલેટરની ડિઝાઇનમાં જો સહેજ ફરક કર્યો હોત, તો ઘણા ઓછા ખરચે આપણા જળમાર્ગો તૈયાર થયા હોત.

નર્મદાની નહેર યોજના વખતે આપણે આની ખાસ કાળજી રાખવી પડશે. વિજળીક શક્તિ માટે ઇશ્વરે જેવી ગુજરાત ઉપર મહેર કરી છે તેથી વધારે કૃપા ઇશ્વરે ગુજરાતને તેલ આપીને બતાવી છે.

તેલ એ તો આખા હિંદુસ્તાનનો પ્રશ્ન છે. યુદ્ધકાળમાં તેમ જ શાંતિના વખતમાં પણ આપણી સલામતી અને સમૃદ્ધિનો આધાર તેલ ઉપર જ છે. તેલને જમીનમાંથી બહાર કાઢી શુદ્ધ કરવાનાં કામને પ્રથમ પસંદગી હિંદ સરકાર જરૂર આપશે એની તો ખાત્રી છે પણ ગુજરાતે જોવું પડશે કે ગુજરાતના તેલને શુદ્ધ કરવાનાં કારખાનાં ગુજરાતમાં જ નંખાય.

નહેરો, સસ્તી વિજળી અને તેલ આવવાથી ગુજરાતમાં અનેકગણા ઉદ્યોગો વધી પડશે અને ખેતી તથા ઉદ્યોગોના માલની હેરફેર માટે અત્યારની આપણી રેલવેઓ અને રસ્તાઓ પૂરતાં નથી. જળમાર્ગ ઉપરાંત રેલવેનો આપણે નવી દષ્ટિએ વિચાર કરવો પડશે નેરોગેજ રેલવેઓને મીટરગેજ કે બ્રોડગેજમાં ફેરવવી પડશે. હિંદમાં એટલી બધી મીટરગેજ રેલવે છે કે તે બધીને "બ્રોડગેજ"માં ફેરવી શકાય એમ નથી. ઉત્તર અને દક્ષિણ હિંદની મીટરગેજ રેલવેઓ તો હવે મધ્ય પ્રદેશમાં સંધાઈ રહી છે અને ગુજરાત સૌરાષ્ટ્રની મિટરગેજ રેલવેઓને જો મધ્ય પ્રદેશ સુધી લંબાવાય તો જ મિટરગેજ મારફત પણ આખા હિંદુસ્તાનમાં માલની હેરફેર થઈ શકે.

રેલવેઓનો વિચાર કરતી વખતે આ વાત ધ્યાન બહાર જવી ન જોઇએ. સાથે સાથે ગુજરાતની સમૃદ્ધિનું મૂળ તો બંદરોમાં છે. ઐતિહાસિક સંજોગોને લઇને ગુજરાતનાં બંદરો જ્યારે બંધ થયાં ત્યારે ગુજરાતના સાહસિક વ્યાપારીઓને જ્યાં બંદરો હતાં ત્યાં જવું પડ્યું. જેથી ત્રીજી પંચવર્ષીય યોજનામાં આપણે ગુજરાતનાં બંદરો પર વધારે લક્ષ આપવું પડશે.

કંડલા બંદરને ખીલવવા માટે એને અમદાવાદ સાથે બ્રોડગેજથી જોડવું પડશે. ભાવનગરને ખીલવવા માટે તારાપુર-ભાવનગર રેલવેની સર્વે થઈ ગઈ છે. એ કામ બીજી પંચવર્ષીય યોજનામાં ન લેવાય તો ત્રીજી પંચવર્ષીય યોજનામાં તો જરૂર લેવું પડશે. તેલ

નીકળવાને લીધે ખંભાતનું પણ મહત્ત્વ વધ્યું છે. ત્રીજી યોજનાની શરૂઆત પહેલાં તે બંદરનું મહત્ત્વ અધિક વધશે. મહી નદીના કાંપને લીધે અત્યારનું ખંભાતનું બંદર યોગ્ય સ્થાને નથી પણ ત્યાંથી પશ્ચિમ દિશાએ લગભગ પાંચ ૭ માઇલ દૂર બંદર માટેની ઘણી સારી જગ્યા છે. ત્યાંથી રીફાઇનિરીનાં સ્થળ સુધી, તથા અત્યારનાં ખંભાતનાં રેલવે સ્ટેશન સુધી નવી રેલવે લાઇનિ સહેલાઈથી નાંખી શકાય તથા તારાપુરથી મહેમદાવાદની રેલવે લાઇનિની માગણી થાય તો ખંભાતનું બંદર ટૂંકે રસ્તે અમદાવાદ સાથે જોડાય અને તે બંદરનો જલદીથી વિકાસ થાય. સાથે સાથે ખેડા અને માતરનો પ્રશ્ન ઉકલી જાય.

આ સિવાય ગુજરાત-સૌરાષ્ટ્રની મિટરગેજ રેલવેને ઉત્તર અને દક્ષિણ હિંદ સાથે જોડવા માટે ધોળકા વડોદરા લાઇન મિટરગેજથી નાંખી વડોદરાથી છોટાઉદેપૂર થઇ ધાર નજીક નવી થતી મિટરગેઇજ સાથે જોડવાની વ્યવસ્થા ત્રીજી યોજનામાં થવી જોઇએ-તેમ જ સોજિત્રા-નડિયાદ અને નડિયાદ-કપડવણજને મિટરગેઇજમાં ફેરવવી ને રેલવેને મોડાસાથી રાજસ્થાન સાથે જોડી દેવી જોઇએ. વડનગરથી-હિંમતનગર થઈ એક લાઇનિ ઉદેપૂર સુધી લેવી જોઇએ. અંકલેશ્વરથી ભરૂચ થઇને ભરૂચ-જંબુસર વિશ્વામિત્રી રેલવેને મિટરગેઇજમાં બદલી નાંખવી જોઇએ. અંકલેશ્વર રાજપીપળા લાઇનને ખાનદેશમા થઈ ઉત્તર દક્ષિણ હિંદને જોડતી મિટરગેઇજ જોડે મેળવવી જોઇએ.

સૌરાષ્ટ્ર અને ભરૂચ તથા સુરત જિલ્લાનાં શક્ય હોય તેટલાં બધાં બંદરો સુધારવાં જોઇએ. આમી યોજના ત્રીજી પંચવર્ષીય યોજનામાં લેવી જોઇએ. એ કર્યા સિવાય હિંદ અને હિંદની બહાર દુનિયાના દરેક દેશમાં ગુજરાતીઓને રોટલા રળવા જવું પડે છે તેનો અંત આવનાર નથી.

સડકોની બાબતમાં આખા હિંદુસ્તાનમાં ગુજરાતનો નંબર છેટલો છે. નાગપૂર યોજનામાં ગુજરાત માટે જે રસ્તાઓ ગોઠવાયા હતા તેમાંના બહુ મોટા ભાગના રસ્તા હજી હાથ પર લેવાયા નથી, જે લેવાયા છે તે પણ હજી અધૂરા જ છે. એટલે સડકો માટે આપણે સારી પેઠે ઉહાપોહ કરવાનો રહેશે.

ખાણો અને જંગલો એમાં તો હજી આપણે એકડો ઘૂંટવાનો છે. ગુજરાતમાં ચાયના કલે અને મેંગેનીઝ સિવાય બીજી ખનીજ વસ્તુઓ ઉપર હજી ધ્યાન અપાયું નથી. સેવાલિયાની સિમેન્ટ ફેકટરી વધારી શકાય એવા સંજોગો નથી પણ વડોદરા અને ભરૂચ જિલ્લામાં સિમેન્ટ ઉદ્યોગ માટે બહુ મોટું સ્થળ છે. છોટાઉદેપૂર અને અંબાજીના પહાડોમાં આરસપહાણ પડેલા છે જેમાં પદ્ધતિસર કામ કરવાની જરૂર છે.

ગુજરાતમાં કેટલેક સ્થળોએ ઊંચી જાતનો "ગ્રેનાઇટ" પણ છે. છુછાપૂરના ગ્રેનાઇટ મારબલની ખાણુ પણ ખીલવવાની જરૂર છે. સોનગીરીનો રેતીઓ પથ્થર બહુ ઊંચી જાતનો છે એ પથ્થરની ખાણોને પણ વિકસાવવાની જરૂર છે.

સૌરાષ્ટ્રમાં અનેક ઠેકાણે યંત્રો ગોઠવી રસ્તાઓ માટે તથા સિમેન્ટ કોંક્રિટ માટે ખડી, કપચી વગેરે ચીજો સહેલાઈથી બનાવી શકાય તેમ છે. આ સિવાય તાંબુ, સીસુ, ચાંદી, સોનું, યુરેનિયમ વગેરે ધાતુઓની તપાસ ગુજરાતમાં કરાવવાની છે. લોઢું અને વધારાની મેંગેનીઝની પણ શક્યતા છે.

ડીરટેમ્પર બનાવવા માટે ભિન્ન ભિન્ન રંગની માટી ગુજરાતમાં મળે છે. માઇસોર રાજ્યની પેઠે આ બધી ખાણોનાં કામ યોજનાબદ્ધ હાથ લેવાવાં જોઇએ

જંગલોને માટે ગુજરાત અતિશય દરિદ્ર મુલક છે. ગુજરાત સૌરાષ્ટ્રમાં લગભગ પાંચસો જેટલાં નાનાં નાનાં રાજ્યો હતાં જેથી ત્યાંનાં જંગલોની ભારે દુર્દશા થઈ છે તેમ જ મર્જર થયા પછીથી પણ કાંઈ ખાસ પ્રગતિ થઈ નથી.

ઉદ્યોગની જરૂરિયાત ધ્યાનમાં લઇને જંગલમાં ઝાડાં રોપાવવાનું કામ યોજનાબદ્ધ થવું જોઇએ અને આવાં રક્ષિત જંગલો ન થાય ત્યાં સુધી ગુજરાતમાં સારાં જંગલોની આશા નથી. જંગલની ગેરહાજરીમાં બળતણનો પ્રશ્ન ગુજરાતમાં ઉગ્ર બન્યો છે. રૂપિયાનું પોણોમણ લાકડું થઈ ગયું છે! લડાઈ પહેલાં તો રૂપિયાનું એથી વધારે અનાજ મળતું હતું! કોલસાનો કકળાટ દરેક શહેરમાંથી સંભળાઈ રહ્યો છે. ગુજરાતના બોબીન અને દિવાસળીના ઉદ્યોગો ગુજરાતનાં જંગલોના લાકડા ઉપર હતા. યોગ્ય લાકડાના અભાવે ગુજરાતનાં દિવાસળીનાં બધાં કારખાનાં બંધ થયાં છે, અને પૂરતું જોઈતું લાકડું નહીં મળે તો બોબીનનાં કારખાનાં બંધ થવાનો સંભવ છે. સાગની કિંમત એટલી બધી વધી ગઈ છે કે હવે તો બારીબારણાંનાં ચોકઠાં લોખંડનાં કે સિમેન્ટ કોન્ક્રીટનાં કરવાનો વખત આવ્યો છે જેથી ગુજરાતનાં જંગલો પ્રત્યે વહેલામાં વહેલું, ધ્યાન અપાવું જોઇએ. ગુજરાતમાં એક જ સારું જંગલ હતું ને તે ડાંગનું જંગલ. સેંકડો નહીં પણ હજારો વરસથી ડાંગનું લાકડું, વલસાડના બંદરેથી વલસાડી સાગ તરીકે ગુજરાતભરમાં વપરાતું અને એ લાકડાંના બંધાએલાં વહાણો વડે નેલ્સન, ટ્રફાલ્ગરનું યુદ્ધ જીત્યો હતો. એ જંગલ તો આપણે મહારાષ્ટ્રને ચરણે મૂક્યું છે. ગુજરાતમાં જંગલોની જો આવી સ્થિતિ થશે તો વરસાદ ઉપર એની માઠી અસર થવાની છે. ભલે આપણે નહેરો માટે મોટાં મોટાં સરોવરો બાંધીએ; પણ વરસાદ થશે તો જ એ સરોવરો ભરાવાનાં છે.

હું આશા રાખું છું કે ત્રીજી પંચવર્ષીય યોજનાના ઘડવૈયાઓ આ બધી હકીકત ધ્યાનમાં લેશે અને તે ધ્યાનમાં લેવાય એ જોવાનું કામ ગુજરાતની પ્રજાનું છે.

ગુજરાતનો આર્થિક વિકાસ

શેઠશ્રી રતિલાલ નાથાલાલ

પ્રમુખ, ગુજરાત વેપારી મહામંડળ : અમદાવાદ

આઝાદી પ્રાપ્ત થયા બાદ દેશ વિવિધ ક્ષેત્રે એકધારો વિકાસ સાધી રહ્યો છે. દેશના ઈતિહાસમાં ૧૯૫૦ની સાલમાં પહેલી વાર સંયોજિત આયોજન દ્વારા આર્થિક વિકાસ સાધવા માટે સર્વતોમુખી પ્રયાસો કરવામાં આવ્યા હતા. છેલ્લાં આઠ વર્ષ દરમ્યાન સમગ્ર દૃષ્ટિએ જોતાં દેશમાં એકંદરે આયોજન અંગે જાગૃતિ પેદા થઈ છે અને દેશ ઔદ્યોગિક ક્રાંતિમાંથી પસાર થઈ રહ્યો છે.

જાહેર અને ખાનગી ક્ષેત્ર :

અનેકવિધ મુશ્કેલીઓ વચ્ચે ખાનગી ક્ષેત્રે નવા ઉદ્યોગો સ્થપાઈ રહેલા છે અને હાલના ઉદ્યોગોનું વિસ્તરણ થઈ રહ્યું છે. જાહેરક્ષેત્રે મોટા પ્રમાણમા મૂડીરોકાણ થયું છે એવા ગંજાવર ઉદ્યોગોમાંના કેટલાકમા ઉત્પાદન શરૂ થઈ ગયું છે જ્યારે કેટલાકનું બાંધકામ હાલ ચાલુ છે, અને તેથી જ તેમાં નક્કી કરેલ ધ્યેય તરફ નિશ્ચયપૂર્વક આગેકૂચ કરતા દેશનું પ્રતિબિંબ પડે છે.

જ્યારે દેશ ઔદ્યોગિક વિકાસના માર્ગે ફાળ ભરી રહ્યો છે ત્યારે એ યોગ્ય જ છે કે દેશનો દરેક વિભાગ તેમ જ રાજ્ય આયોજનના માળખામાં રહીને દેશના સમૃદ્ધિકરણ અને વિકાસના કામમાં પોતાનો ફાળો આપે.

ઉદ્યોગોનું વૈવિધ્યકરણ :

આ દૃષ્ટિએ જ્યારે આપણે ગુજરાતના આર્થિક વિકાસ તરફ નજર નાખીએ છીએ ત્યારે આપણને માલમ પડે છે કે ઔદ્યોગિક ક્ષેત્રે અગત્યનો વિકાસ સાધવા છતાં પણ ઔદ્યોગિક માળખામાં વિવિધતા લાવી શહેર તેમ જ ગ્રામ વિસ્તારોમાં રહેતા લોકોને રોજગારી આપવાની બાબત સંબંધમાં હજુ ઘણું કરવાનું બાકી છે.

ઔદ્યોગિક નકશામાં અમદાવાદનું સ્થાન :

અમદાવાદ શહેર દેશમાં અગત્યના કાપડ કેન્દ્ર તરીકે નામાંકિત થયેલું છે. એને હિંદના લેંકેશાયર તરીકે પણ ગણવામાં આવે છે. દેશની કુલ્લે ૪૦૫ કાપડની મિલોમાંથી ૭૧ મિલો અમદાવાદમાં છે અને તેમાં ૨૦,૩૯,૧૬૨ ત્રાક (સ્પીંડલ) અને ૪૧,૫૫૦ શાળ (લુમ) છે. અમદાવાદનો કાપડ ઉદ્યોગ ૧,૨૬,૫૦૦ કામદારોને રોજી પૂરી પાડે છે અને દેશના સુતરાઉ કાપડના કુલ્લે રૂા. ૪૦૦ કરોડના ઉત્પાદનની તુલનાએ અમદાવાદમાં દર વરસે રૂા. ૯૦ કરોડનું સુતરાઉ કાપડ ઉત્પાદન થાય છે.

અમદાવાદના કાપડ ઉદ્યોગના ઉત્તરોત્તર થયેલ વિકાસનું રહસ્ય વેપારી કુનેહ, કરકસરભર્યું સંચાલન, અને કાર્યક્ષમ વહીવટી તંત્ર જ નહિ પરંતુ મૂડી અને મજૂરો વચ્ચેના નિખાલસભર્યા સંબંધો અને ઝઘડાના નિકાલ માટે બંને પક્ષોએ સ્વીકારેલ લવાદપદ્ધતિ પણ અગત્યનો ભાગ ભજવ્યો છે.

એન્જીનિયરીંગ ઉદ્યોગ :

અમદાવાદ અને તેની આજુબાજુના કેન્દ્રોમાં સંખ્યાબંધ આનુષંગિક ઉદ્યોગો અસ્તિત્વમાં આવ્યા છે એટલું જ નહીં પણ તેમણે સારો એવો વિકાસ પણ સાધ્યો છે અમદાવાદ શહેરમાં જ બોબીન્સ, શટલ્સ, પીકર્સ વગેરે બનાવવાના અનેક એકમો હોવા ઉપરાંત અહીંઆ વિકેન્દ્રીત ધોરણે એન્જીનિયરીંગ ઉદ્યોગ તેમજ ફાઉન્ડરીઝ અને વર્કશોપ કામ કરી રહ્યા છે. અમદાવાદમાં લગભગ રૂા ૧ કરોડથી પણ વધુ કિંમતના મશીનરીના ભાગો અને અન્ય માલસામાન બનાવવામા આવે છે, અને તેનો મોટો ભાગ દેશના બીજા ઔદ્યોગિક કેન્દ્રો પર મોકલવામાં આવે છે. ડીઝલ એન્જીનો, ગન મેટલ પાર્ટસ, બોલબેરીંગ્સ, સાયકલ અને ઓટોમોબાઈલ્સ પાર્ટસ, હેકસો બ્લેડસ, સેન્ટ્રીફ્યુગલ પમ્પસ, ઇલેક્ટ્રીક પંખાઓ, બીલ્ડર્સ હાર્ડવેર, પાઈપ ફીટીંગ્સ વગેરે અહીં બનાવવામા આવે છે

ગુજરાતના ઔદ્યોગિક નકશામા વડોદરા પણ અગત્યનુ સ્થાન ધરાવે છે. ફાર્માસ્યુટીકલ્સ, ઓપ્ટીકલ્સ તેમ જ ગ્લાસ ઉદ્યોગ માટે વડોદરા અગત્યનું કેન્દ્ર હોવા છતાં તાજેતરમાં ત્યા નાના તેમજ મધ્યમ પાયા પર ચાલતા અનેક ઉદ્યોગો વિકાસ પામી રહ્યા છે.

રંગ – રસાયણો :

વલસાડ નજીક અતુલમાં ડાયસ્ટફ, કેમિકલ અને ફાર્માસ્યુટીકલ ઉદ્યોગ સ્થપાયો છે જે માટે ગુજરાત અભિમાન લઈ શકે એમ છે ડાયસ્ટફ ઉદ્યોગ માટે આવશ્યક ઇન્ટરમીડીએટ ઉત્પાદન કરવા માટેનો એક પ્રોજેક્ટ ભારત સરકારની વિચારણા હેઠળ છે અને શક્ય છે કે મજકુર પ્રોજેક્ટ દક્ષિણ ગુજરાતમાં કોઈ યોગ્ય સ્થળે સ્થાપવામાં આવશે

જરી અને યંત્રશાળ ઉદ્યોગ :

સુરત શહેર જરી તેમ જ પાવરલુમ ઉદ્યોગ માટે અગત્યનું સ્થાન ધરાવે છે. સુરત શહેરનો જરી ઉદ્યોગ માલની ગુણવત્તા તેમ જ ઉચ્ચતમ કારીગરી માટે પ્રખ્યાતિ પામેલો છે જરીની બનાવેલ વિવિધ ચીજોનું વાર્ષિક ઉત્પાદન લગભગ રૂા. ૬ કરોડ જેટલું છે. આ ઉદ્યોગનો ૨-૩ ભાગ અભણ કારીગરોના હાથમાં છે કે જેમની પાસે જરૂરી નાણાં પણ હોતાં નથી. શહેરના અર્થતંત્રમાં જરી ઉદ્યોગની અગત્ય તેમ જ તેના વિકાસની શક્યતાઓને લક્ષમાં લેતાં સરકારે કારીગરોને આધુનિક ઢબે કેળવણી આપવા માટે એક ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી સ્થાપવાની ઘણી જરૂરિયાત છે

સુરત શહેરમાં પાવરલુમ ઉદ્યોગનો વિકાસ એ ખાસ નોંધપાત્ર બિના છે. સૈકાઓથી વિકેન્દ્રી ધોરણે ત્યા હેન્ડલુમ ઉદ્યોગ સ્થાપવામાં આવ્યો છે. વિદ્યુતશક્તિનો પુરવઠો મળ્યા બાદ હેન્ડલુમો પાવરલુમમા ફેરવવામાં આવી હતી. હાલમાં સુરતમાં લગભગ ૧૫,૦૦૦ પાવરલુમો છે જે લગભગ ૨૫,૦૦૦ માણસોને રોજી આપે છે મજકુર ઉદ્યોગ ૨૦૦૦ નાના અને વિકેન્દ્રીત એકમોમાં વહેંચાયેલો છે દર વર્ષે તે આર્ટસિલ્ક યાર્નની આયાત જકાત મારફત ૫ કરોડ રૂા. તેમ જ એક્સાઈઝ ડ્યુટી મારફત ૧ કરોડ રૂા મધ્યસ્થ તિજોરીમાં આપે છે

સૌરાષ્ટ્રનો ઔદ્યોગિક વિકાસ .

જો કે ૧૯૪૮ ની સાલ સુધી સૌરાષ્ટ્રના અર્થતંત્રમાં જાગીરદારશાહીનું પ્રભુત્વ હતું પરંતુ સૌરાષ્ટ્ર સરકાર હેઠળ વહીવટી તંત્રનું સંયોગીકરણ થતાં ઔદ્યોગિક વિકાસને સારું એવુ પ્રોત્સાહન મળ્યુ. પોરબંદર, દ્વારકા અને સિક્કામાં ત્રણ સીમેન્ટ ફેક્ટરીઓ છે તે ઉપરાંત બીજી ત્રણ ફેક્ટરીઓ સ્થાપવાની પણ મંજુરી મળી હતી. ખાનગી ક્ષેત્રે ભાવનગર

તેમજ જામનગર ખાતે વહાણુ બનાવવાના યાર્ડની પણ જોગવાઈ કરવામાં આવી છે. હાલાર જિલ્લો કે જ્યાં બોક્સાઈટની સમૃદ્ધ ખાણો આવેલી છે ત્યાં માઈનીંગ લીઝ પર આપવામાં આવ્યા છે. પોરબંદર ખાતે સોડાએશ અને કોસ્ટીક સોડા ફેક્ટરી સ્થાપવાની પણ મંજુરી આપવામાં આવી છે. તાતા કેમિકલ વર્કસ અને ધ્રાંગધ્રા કેમિકલ વર્કસનાં વિસ્તરણ કામો થઈ રહ્યાં છે. મીઠા ઉદ્યોગે પણ નોંધપાત્ર પ્રગતિ સાધી છે. મુંબઈ રાજ્યમાં બધી જાતના નમકનું ઉત્પાદન ૧૯,૦૭,૩૪૮ ટન છે તેમાંથી સૌરાષ્ટ્રનું ઉત્પાદન ૭,૯૯,૫૫૯ ટન અને કચ્છનું ઉત્પાદન ૨,૨૫,૭૩૦ ટન છે.

વિશાળ સાગરકાંઠો :

ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ મળીને ૮૦૦ માઈલ લાંબો વિશાળ કિનારો છે. સૌરાષ્ટ્રમાં જાહેર કરાયેલાં ૬૦ બંદરોમાં ૨૯ બંદરો જ હાલમાં કામ કરે છે. ભૂતકાળમાં ગુજરાતનો વિદેશવેપાર ભરૂચ, સુરત અને ખંભાત બંદરો મારફત થયો હતો પરંતુ સરકારના નિષ્ક્રિય વલણને લીધે તેમની અગત્ય હાલ ઘણી ઓછી થઈ ગઇ છે. જો કે ઘોઘા, સુરત વગેરે આજે નાના બંદરો તરીકે ગણવામાં આવ્યાં છે છતાં પણ દર વર્ષે સંખ્યાબંધ દેશી વહાણો આ બંદરો પર આવજા કરે છે. ભરૂચ, સુરત અને ખંભાત બંદર પરથી અનુક્રમે ૧૯૩૨–૩૩, ૧૯૩૩–૩૪ અને ૧૯૪૯–૫૦ દરમ્યાન લગભગ રૂા. ૧,૫૧,૫૮,૦૦૦; ૧,૨૧,૭૩,૦૦૦; અને ૭૦,૦૦,૦૦૦ રૂા. ના માલની હેરફેર થઇ હતી.

૧૯૫૬–૫૭ માં સૌરાષ્ટ્રનાં નાનાં અને મધ્યમ બંદરો પર થયેલ કુલ્લે ૧૮,૪૦,૭૮૦ ટન માલની હેરફેરને લગતા આંકડા અગત્યના છે. માલની કુલ હેરફેરમાં ૩૩ ટકા આયાત વેપાર હતો જ્યારે ૬૭ ટકા નિકાશ વેપાર હતો. વિદેશી આયાત અને નિકાશવેપાર ૫,૩૪,૧૧૮ ટન જેટલો હતો અને કુલ વેપારમાં તેનો હિસ્સો ૨૯ ટકા જેટલો હતો. મજકુર બંદરો પર આયાતમાં મુખ્યત્વે કરીને નાળિયેર, બિલ્ડીંગ બનાવવાનો સામાન, કોટન, સીડસ, ખજુર, ખનીજ તેલો, ખાંડ, ચા, વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે નિકાશમાં બોક્સાઈટ, લોખંડ ખનિજ, ખોળ, કાંદા વગેરેનો સમાવેશ થાય છે.

કંડલા બંદરનો વિકાસ :

પશ્ચિમ કિનારા પર કરાંચી બંદરની ખોટ પૂરવા માટે કંડલા બંદરને મોટું બંદર બનાવવાનું વિચારાયું છે. છતાં પણ અમુક કારણોને લીધે તે બંદર અંગે રખાયેલી આશાઓ ફળીભૂત થઈ નથી. જો કંડલા બંદરનો સંપૂર્ણ વિકાસ સાધવો હોય તો તેને નડતા અવરોધો દૂર કરવા જોઈએ.

ખનીજ અને બીજી ધાતુઓ :

જો કે આ વિભાગમાં વ્યાપારી ધોરણે વિકસાવી શકાય એવા ધાતુની ખાણો હોવાના ચોક્કસ પુરાવા નથી છતાં પણ બોક્સાઈટ, ગ્રેનાઈટ, લીગનાઈટ, કેલસાઈટ, જીપ્સમ, ફાયર કલે, ચુનો વગેરે ખનીજ સંપત્તિ બાબતમાં ગુજરાત સમૃદ્ધ છે. કચ્છમાં લીગનાઈટનો મોટો જથ્થો પડેલો છે. જૂના મુંબઈ રાજ્યમાં આવેલ કેલસાઈટના જથ્થાને ઉપયોગમાં લઈને તેનો વિકાસ સાધી શકાય એમ છે. જૂના અમરેલી જિલ્લામાં દામનગર પાસે કેલસાઈટના મોટા જથ્થાઓ આવેલા છે. પોરબંદર, જાફરાબાદ અને વેરાવળ પાસે મોટા પ્રમાણમાં ચુનાના જથ્થા આવેલા છે. હિંદમાં બીજાં અમુક કેન્દ્રો છે કે જ્યાં ઊંચી જાતનો ચુનો મળે છે. જેનો બ્લીચીંગ પાવડરના ઉત્પાદનમાં ક્વીક લાઇમ તરીકે ઉપયોગ થઈ શકે એમ છે. જૂના બરોડા સ્ટેટ,

છોટાઉદેપુર, અને રાજપીપળા વિભાગમાં વિવિધ ખનીજોને વ્યાપારી ધોરણે વિકસાવી શકાય એમ છે એ બાબતને લક્ષમાં લેતાં જીઓલોજિકલ ડીપાર્ટમેન્ટની એક ઓફિસ વડોદરા ખાતે ખોલવામાં આવી છે.

ખંભાત નજીક મળેલ તેલ અને ગેસ :

તાજેતરમાં ખંભાતની બાજુમાં લુનેજ પીન પોઈન્ટ નજીક મળેલ ખનીજ તેલે દેશમાં અનેક આકાંક્ષાઓ જન્માવી છે એટલું જ નહીં પણ આ વિભાગમાં આનંદની લહરી પ્રસરી ગઈ છે.

જો મોટા જથ્થામાં ખનીજ તેલ પ્રાપ્ત થાય અને તેનો વ્યાપારી ધોરણે વિકાસ કરી શકાય તો દેશમાં મોટા ઉદ્યોગો અને આ વિભાગમાં સંખ્યાબંધ આનુષંગિક ઉદ્યોગો સ્થાપવા માટે ગુજરાત કારણભૂત ગણાશે.

ખંભાતના અખાતથી તે કચ્છ સુધી ખનીજ તેલ અને ગેસ મળવાની શકયતાથી ભારત સરકારના તેલ અને વાયુ પંચે ભાવનગર નજીક ઘોઘા આગળ તેલ પ્રાપ્ત કરવા જલદ પ્રયાસો કરવા માંડયા છે.

ઘોઘા પાસે ગેસ દેખાય છે એવી વાત તો આજે ઘણાં વર્ષો થયા પ્રચલિત છે. મુંબઈના સર સુલતાન ચીનોયે ૧૯૩૩ની સાલમાં તેલ શોધવા લાઈસન્સ મેળવ્યું હતું ત્યારબાદ કેનેડાના તેલ અને ગેસના નિષ્ણાતની મદદથી કુદરતી ગેસ ત્યાં આગળ નીકળે છે એ નિર્દેશ કરવામાં ૧૯૩૪–૩૫માં સફળ થયા હતા. ભારત સરકારના જીઓલોજિકલ ખાતાના શ્રી ઘોષે જેઓ ત્યાં હતા તેમણે તે વખતે જણાવ્યું હતું કે ઘોઘા પાસે મળેલ ગેસને વ્યાપારી ધોરણે વિકસાવી શકાય એવી ઘણી શકયતાઓ છે. લુનેજ પીન પોઈન્ટ આગળ આશાજનક ચિન્હો માલમ પડતાં અને ઘોઘા પાસે ૧૯૬૩–૩,માં કરેલ ડ્રીલીંગ ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ માટે નવી તકો મળશે. પૃથ્વીના પેટાળમાંથી નીકળતા ગેસનો વ્યાપારી ધોરણે અને પૂરતા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે તો, ગુજરાત કે જે હજુ સુધી મુખ્ય ઉદ્યોગો ખીલવી શકયું નથી ત્યાં સમૃદ્ધિની સદી આકાર લેશે.

જો કે આ વિભાગમાં ઔદ્યોગિક વિકાસ ઉત્તરોત્તર વધતો જાય છે છતાં પણ વિદ્યુતબળ પૂરતું અને સસ્તું મળતું નથી. યુ. પી., બિહાર, બંગાળ, ઓરિસા, મધ્યપ્રદેશ વગેરે રાજ્યોની તુલનાએ સ્ટીમકોલની બાબતમાં ગુજરાતને ગેરફાયદો છે કારણકે તેને ઘણે અંતરેથી કોલસો હેરફેર કરવો પડે છે.


ઉકાઇ પાવર પ્રોજેક્ટ

ઉકાઈના પાવર પ્રોજેક્ટનો ખર્ચ રૂ. ૬૦ કરોડ જેટલો અંદાજવામાં આવ્યો છે અને તેમાંથી ૧૬૦૦૦૦ કીલોવોટ શક્તિ ઉત્પન્ન થશે. ઉકાઈ યોજનામાંથી વિદ્યુતબળના ઉત્પાદન માટે બીજી પંચવર્ષીય યોજનામાં કોઈપણ નાણાંકીય જોગવાઈ કરવામાં આવી નથી. આ સમય દરમ્યાન-હાઈડ્રેલ પ્રોજેક્ટ સ્થાપવાની ઉણપને તેમજ બંગાલ બિહારમાંથી કોલસો આયાત કરવાની આવશ્યકતાને ધ્યાનમાં લેતાં અમદાવાદ નજીક એટમીક પાવર સ્ટેશન સ્થાપવું ઈચ્છનીય છે.

સર્વાંગી વિકાસ અંગેનાં સૂચનો :

આ વિભાગોના ઝડપી અને સયોજીત વિકાસ સાધવા માટે નીચેનાં સૂચનો ધ્યાનમાં લેવા આવશ્યક છેઃ

[અનુસંધાન પૃ. ૨૪



વર્ષ ૩૪, અંક ૮

સં. ૨૦૧૧ જેઠ

આરોગ્ય અંક—૭

આદ્યતંત્રી
સ્વ૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક

સંચાલક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

પ્રકાશક . [illegible] મિસ્ત્રી, ૧૨/અ [illegible]

મુદ્રક [illegible] પ્રિન્ટિંગ પ્રેસ [illegible]

॥ प्रस्थान ॥

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

આરોગ્ય–અંક ૭

પુસ્તક ૬૮ જેઠ : ૨૦૧૫ અંક ૨

કુટુંબનિયોજન અને કન્યાઓ

બાપાલાલ ગ. વૈદ્ય

કોઈ ને કોઈ આંતરરાષ્ટ્રીય પરિષદ જો ન્યુ દિલ્હીમાં ન હોય તો ભારત એટલું પછાત ગણાય! જવાહરલાલજીએ હમણાં હમણાં આવી આંતરરાષ્ટ્રીય પરિષદો ભારતમાં બહુ ભરવા માંડી છે. ગરીબ ભારત તેનાથી તંગ બની જશે એમ અમને લાગે છે...પરન્તુ જે માણસનું સારુંય માનસ આંતરરાષ્ટ્રીય છે તેના મનનું સમાધાન આ વિના થવું શક્ય જ નથી. જવાહરલાલજીનો પગ ભારત ઉપર છે, એમની દૃષ્ટિ પશ્ચિમના દેશો તરફ છે. ભારતના આત્માની શોધ કરવા એમણે પ્રયત્ન કર્યો છે પરન્તુ એ આત્મા પકડાયો નથી જ અને એટલે ઘણી વખત તે અકળાઈને ભારતની સંસ્કૃતિને યાદ પણ કરે છે પરન્તુ તેથી આગળ વધી શકે તેવી સ્થિતિમાં તે છે જ નહિ.

હમણાં તા. ૧૪–૨–૫૯ ને રોજ ન્યુ દિલ્હીમાં છઠ્ઠી આંતરરાષ્ટ્રીય કુટુંબનિયોજન–પરિષદ મળી હતી. ૨૮ જેટલા દેશોના ૩૦૦ જેટલા પ્રતિનિધિઓ એમાં પધાર્યા હતા. જુલિયન હક્સ્લી અને માર્ગારેટ સેંગર જેવા વિશ્વવિખ્યાત વિદ્વાનો પણ એમાં હાજર હતાં. ભારતના અર્થશાસ્ત્રીઓએ પણ મોટી સંખ્યામાં હાજરી આપી હતી એમ છાપાં દ્વારા જાણવા મળે છે.

ભારતમાં વસ્તી ખૂબ ખૂબ વધતી જાય છે એની અકળામણ જવાહરલાલને ઘણી છે. એમને મન આ પ્રશ્ન વિશ્વશાંતિના પ્રશ્ન સાથે સંકળાયેલો છે અર્થાત્ વિશ્વશાંતિ જેટલો જ આ પ્રશ્ન મહત્ત્વનો તેમને લાગે છે. જો વસ્તી–વધારો અટકાવી શકાશે નહીં તો આપણું બધું જ કર્યું–કારવ્યું ધૂળમાં મળવાનું છે. અનાજવૃદ્ધિ માટે વૈજ્ઞાનિક પદ્ધતિએ પ્રગતિ થાય છે પરન્તુ દર વરસે જે નવાં લાખો માણસો જન્મે છે તે આપણી અનાજ–ખાધને ઊંચી જ નહીં આવવા દે. આપણા આર્થિક માળખાને આ પ્રશ્ન કદાચ ભાંગી નાખશે અને આપણી સામાજિક યોજનાઓને પણ ઊંધી વાળી દેશે. સરકાર આ પ્રશ્નમાં ઘણો રસ લે છે છતાંય કુટુંબનિયોજનનું કામ ખૂબ જ ધીમું ચાલે છે એ પણ એમના જેવા સ્વભાવના માણસને અકળાવે છે. તો પછી આ પ્રશ્નનો ઝડપી અને સ્થાયી ઉપાય શો? એનો ઉત્તર એઓ આપે છે અને તે shocking–ચોંકાવનારો–લાગે તેવો છે. તેઓ આ પ્રશ્નનો ઉકેલ આમ સૂચવે છે·

"કુટુંબનિયોજનનો પ્રચાર કરવાનું સૌથી ઉત્તમ સાધન દર વર્ષે આપણી શાળાઓ અને કોલેજોમાંથી પસાર થતી લાખો કન્યાઓ છે...તેઓ આ સંદેશો તમારા કેટલાક સામાજિક કાર્યકર્તાઓ કરતાં પણ વધુ દૂર સુધી લઈ જવામાં સફળ નીવડે તેમ છે."

કન્યાઓ દ્વારા કુટુંબ–આયોજનના કામને વેગ આપવાનો વિચાર અનેક વિચારો જન્માવે છે. કન્યાઓનાં હૃદયમાં આવા વિચારો નાખવા, જેનામાં કામ, કામેષણા, જનન

અવયવો વગેરેના ખ્યાલો નથી હોતા વા અસ્ફુટ રહ્યા છે તેવી મૃદુ હૃદયની કન્યાઓમાં કુટુંબનિયોજન માટેનાં કૃત્રિમ સાધનો, તે દ્વારા સંતતિનિયમન વગેરે સિંચવાં કે રેડવાં એ અમને ભયંકર લાગે છે. આ કન્યાઓ જ શું આ કૃત્રિમ સાધનોનો ઉપયોગ કરવા નહિ લલચાય? જિજ્ઞાસા પેદા થયા પછી તેને રોકવી એ માનવ–દુર્બલતા માટે અશક્ય છે. લગ્ન પહેલાંના પાવિત્ર્ય ઉપર, કન્યાજીવનની પારદર્શક પવિત્રતા ઉપર આ કુઠારાઘાત નહિ તો શું છે? કુમળાં હૃદયોનો કચ્ચરઘાણુ નથી તો શું છે? કન્યાનાં જીવનો બગડતાં લગ્ન–સંસ્થા ભાંગશે, પાપનો પરિવાર સહસ્રમુખે પાખંડલીલા ચલવશે, ગારી, ઉત્તેજશે અને આગામી પેઢીઓને ભ્રષ્ટ કરશે, નીતિનું કચ્ચરિયું નીકળી જશે, કૌમારનું પાવિત્ર્ય નહિ રહે, આરોગ્યની દૃષ્ટિએ પણ આ પ્રશ્ન અમારે મન અગત્યનો છે. નાજુક ચિત્ત–તંત્રમાં વિષનાં બીજ વાવવાં એટલે વિષવૃક્ષો ઉછેરી એનો વિશાળ ફાલ લેવો જ રહ્યો. કુમળી કન્યાઓના મનનું 'કંડિશનિંગ' કરવાનું કામ મહાપાપી છે. હિટલરે જે કામ યુથ–કેમ્પ્સ દ્વારા તેમના કાનમાં સતત ઝેર રેડી રેડીને કર્યું તે જ જાતનું આ કામ અમને લાગે છે. હિટલરે જે કંઈ કર્યું તે પોતાના દેશના કલ્યાણ ખાતર જ કર્યું, શુદ્ધ બુદ્ધિથી જ કર્યું. જવાહરલાલજી પણ દેશના કલ્યાણ ખાતર જ આ કુટુંબ-નિયોજન પાછળ ઘેલા બન્યા છે ને? સારાંય યુવાન યુવતીઓના મનનું 'કંડિશનિંગ' કરીને હિટલરે આખી પ્રજામાં મદોન્મત્તતા સર્જી અને છેવટે દેશનો વિનાશ નોતર્યો. જવાહરલાલજી પણ રેડિયો, સિનેમા, પ્લેટફોર્મ, સાહિત્ય, પ્રેસ આ બધા દ્વારા કુટુંબનિયોજનના વિચારોનાં બીબાં યુવાન મગજોમાં ઢાળવા માગે છે. અમને આ 'મેન્ટલ કંડિશનિંગ' માં હિટલરનાં જ દર્શન થાય છે અને આનું પરિણામ ગાંધીજીએ જેને 'નીતિનાશને પંથે' કહ્યું છે તે જ આવશે. ભર્યાં તળાવોની પાળો તોડી પાડ્યા પછીથી જલપ્રવાહોને કોઈ રોકી શક્યા છે ખરા? એક વખત કૌમારની પવિત્રતામાં તમો વિષબીજ વાવવા પ્રયત્નો ગતિમાન બનાવો તો એ પવિત્રતાની પાળો તૂટવાની અને કામૈષણાનાં જળ એ પ્રદેશને ડુબાડીને જ રહેવાનાં. દેશો શું એકલા અર્થના–સંપત્તિના અભ્યુદયથી જ મહાન બને છે? રોટીનો મહાપ્રશ્ન ઉકેલવાથી શું બધા જ પ્રશ્નો ઉકેલાઈ જશે? પશ્ચિમના દેશોમાંથી આવેલું આ મહાપૂર ભારતને ડુબાડી ન દે તો ભગવાનનો પાડ માનીશું.

કન્યાઓની કેળવણીનો આવો દુરુપયોગ થશે એ તો કોઈની કલ્પનામાં પણ નહિ હોય. આપણા આચાર્યોએ જે ભવિષ્ય ભાખ્યું છે કે કલિયુગમાં કન્યાઓ પોતાની યોનીઓનો વેપાર કરશે (આ મતલબનું લખાણ છે એવું સ્મરણ છે) એ સાચું પડવાનાં ચિહ્નો જણાય છે. વિષ્ણુપુરાણના લેખકે કહ્યું છે કે 'જ્યારે સમાજમાં સંપત્તિને જ પ્રતિષ્ઠા મળે, ધન એ જ એક ધર્મનું સાધન ગણાય, વિષયવાસના એ જ દંપતી સંબંધનો હેતુ ગણાય, અસત્ય એ જ વિજયનું સાધન ગણાય, સ્ત્રી એ જ માત્ર ઉપભોગનું સાધન ગણાય, ત્યારે માનવું કે હવે કલ્કી અવતાર થવાનો જ.' કલિયુગ તો હજી પારણામાં ઝૂલે છે, તે જ્યારે સોળેય કલાએ પ્રકાશશે ત્યારે ન જોવાનું જોવા મળશે.

પરંતુ અમો આ પરિસ્થિતિમાં પણ ભગવાનનો હાથ જોઈએ છીએ. આ અનુભવનો પણ ભારત જેવા પુરાણા દેશને ઉપયોગ હશે એટલે આ બધું એને બતાવવું જરૂરી હશે. ભલે આવે. ભારતનો આત્મા સાબુત હશે તો આ બધું તે જીરવશે. પરંતુ ચિત્તમાં ખેદ તો થાય છે જ કે જવાહરલાલજી જેવા સજ્જન શું કરી રહ્યા છે તેનું તેમને ભાન નથી.

૧૯૫૯ : મેના 'ભિષગ્ભારતી'માંથી]

આપણું મગજ

ડૉ. કાન્તિલાલ શાહ

આપણામાં એક ઉખાણું છે કે "એએ દીઠું; બે દોડ્યા; એએ લીધું અને એકે ખાધું." ઉખાણાનો જવાબ છે કેરી અગર એવું સામાન્ય ફળ. આમાં એમ કહ્યું છે કે આંખોએ કેરી દીઠી, પગ લેવા દોડ્યા, હાથે લીધી અને મોએ ખાધી. હવે જુઓ કે આંખ જુએ છે પણ દોડી શકતી નથી, પગ દોડે છે પણ લઈ શકતા નથી, હાથ લે છે પણ ખાઇ શકતા નથી, મોં ખાય છે. આ પ્રત્યેક અંગ પોતપોતાનું કાર્ય કરે છે પરંતુ એ દરેકનો સરદાર કોણ? દરેકને કોણે હુકમ આપ્યો અને કોની આગળ જઈને પોતે પોતાનો હેવાલ કહ્યો? આ બધી ઇંદ્રિયોનો સરદાર આપણું મગજ છે. આંખે મગજને કહ્યું કે ઝાડ પર પાકી કેરી લટકે છે; મગજે પગને દોડવાનું કહ્યું, હાથને લેવાનું કહ્યું અને મોંને ખાવાનું કહ્યું. મોંએ—એટલે જીભે મગજને ખબર આપી કે કેરી મીઠી છે.

આપણી જીભ, આપણી આંખ તથા નાક કાન અને ચામડી એ જ્ઞાનેન્દ્રિયો છે; તેવી જ રીતે હાથ પગ વગેરે કર્મેન્દ્રિયો છે. આપણી જ્ઞાનેન્દ્રિયો દ્વારા આપણને જગતનું જે કંઇ જ્ઞાન થાય છે તે બધું આપણા મગજને થાય છે. આપણી કર્મેન્દ્રિયો જે કંઈ પ્રવૃત્તિ કરે છે તે બધીનો સ્વામી આપણું મગજ છે. સામાન્ય વાતચીતમાં આપણે બોલીએ છીએ: "એનું મગજ બહેર મારી ગયું છે;" "મારા ભેજાનું દહીં થઈ ગયું;" "નકામી મગજમારી ન કર;" "એનું મગજ ફરી ગયું છે" એવા એવા શબ્દપ્રયોગો સૂચવે છે કે આપણું જ્ઞાન, આપણી લાગણીઓ, આપણી યાદશક્તિ વગેરે બધું આ મગજ ઉપર આધાર રાખે છે. કુદરતે મનુષ્યને મગજ આપીને તથા એ મગજનો ખૂબ વિકાસ કરીને મનુષ્યને બધાં પ્રાણીઓમાં શ્રેષ્ઠ બનાવ્યો છે.

આવું મગજ આપણા શરીરમાં ક્યાં રહેલું છે? સૌ જાણે છે કે મગજ માથામાં રહેલું છે. શરીરનું છેક ઉપલું અંગ તે આપણું માથું અને એમાં આપણું મગજ રહેલું છે તે યોગ્ય જ છે કારણ મગજ એ આપણું ઉત્તમાંગ છે. ઘણીવાર કોઈની મશ્કરી કરવી હોય ત્યારે આપણે કહીએ છીએ કે "એનો ઉપલો માળ ખાલી છે" અગર "કાતરિયું ગેપ છે" અર્થાત્ એનામાં મગજ એટલે બુદ્ધિ નથી.

આપણી પાસે હીરા મોતીના દાગીના હોય તો તે આપણે કબાટમાં ગમે તેમ મૂકતા નથી પરંતુ અલાયદી પેટીમાં મૂકીએ છીએ. કુદરતે પણ આપણા મગજ રૂપી હીરાને એક મજબૂત પેટીમાં મૂક્યો છે. આ મજબૂત પેટી તે આપણી ખોપરી. જેમ ઝવેરાતની પેટીમાં ગાદી હોય છે તેમ ખોપરી રૂપી પેટીમાં કુદરતે ગાદી પણ મૂકેલી છે. આ ગાદી એટલે મગજને વીંટી રહેલાં ત્રણ પડ. એમ પણ કહી શકાય કે મગજરૂપી રત્નને લૂગડે વીંટી કુદરતે ખોપરીમાં ગોઠવ્યું છે. મગજની આસપાસ આવેલાં આ પડ અગર અસ્તરને બાહ્ય આવરણ, મધ્ય આવરણ અને અંતરાવરણ કહી શકાય. આ આવરણોને અંગ્રેજીમાં meninges કહે છે અને એમાં સોજો આવે તેને meningitis કહે છે. કેટલાકને આ શબ્દ કદાચ પરિચિત લાગશે તેથી અત્રે આટલો ઉલ્લેખ કર્યો છે. આટલી સાચવણી જાણે કે પૂરતી ન હોય તેમ કુદરતે મગજનાં બે પડ વચ્ચે થોડું પ્રવાહી મૂક્યું છે જેથી મગજને સહેજ પણ ધક્કો ન લાગે. આ પ્રવાહી દ્રવ્ય કરોડરજ્જુની આસપાસ પણ આવેલું છે.

મગજ ખરેખરું કેવું હોય છે તે જોવા માટે તો તમારે કોઈ મિત્રની સાથે મેડિકલ કોલેજમાં, વિદ્યાર્થીઓ જ્યાં શરીરનાં જુદાં જુદાં અંગોનો અભ્યાસ કરતા હોય ત્યાં જવું જોઈએ. એવી રીતે રૂબરૂ જોયા વિના મગજના રૂપ રંગનો આબેહુબ ખ્યાલ આવવો મુશ્કેલ છે. થોડોક ખ્યાલ મગજનો નમૂનો (સ મૉડલ) જોવાથી પણ આવી શકે.

આપણા શરીરમાં હૃદય, ફેફસાં અને મગજ એ ત્રણ મુખ્ય અંગો છે. એમ પણ કહી શકાય કે આ ત્રણ અવયવોમાં શરીરના પ્રાણ રહેલા છે. આ ત્રણેમાં મગજ સૌથી ભારે છે. પુખ્ત ઉંમરના પુરુષમગજનું વજન લગભગ ત્રણ રતલ હોય છે. સ્ત્રીના મગજનું કંઇક ઓછું--એટલે આશરે પોણા ત્રણ રતલ હોય છે. આપણો સામાન્ય અનુભવ એવો છે કે જેનું માથું મોટું હોય તેવા માણસની મગજશક્તિ સારી હોય છે. એટલે સામાન્ય નિયમ તરીકે એમ કહી શકાય કે જેનું મગજ ભારે હોય છે તે વધારે બુદ્ધિશાળી હોય છે. પરંતુ આ નિયમને અપવાદ પણ હોય છે. દાખલા તરીકે, જેને વાઇ આવતી હતી અને જેની બુદ્ધિ અવિકસિત હતી એવા એક દરદીના મગજનું વજન લગભગ પોણા પાંચ રતલ હતું. આમ છતાં સામાન્ય અનુભવ એવો છે ખરો કે મહાન પુરુષોનાં મગજ ભારે હોય છે. દા. તરીકે ઑલિવર ક્રોમવેલ (તમે એનું નામ સાંભળ્યું જ હશે) ના મગજનું વજન ૭૮½ ઔંસ એટલે લગભગ પાંચ રતલ હતું; કવિ બાયરનના મગજનું વજન પણ એટલું જ હતું; પ્રસિદ્ધ રશિયન લેખક ટુર્ગેનીવના મગજનું વજન ૭૧ ઔંસ હતું; નેપોલિયનના મગજનું વજન ૫૩ ઔંસ હતું. સામે પક્ષે ફ્રાન્સના મહાન લેખક એનેટોલ ફ્રાંસના મગજનું વજન માત્ર ૩૯ ઔંસ એટલે અઢી રતલથી પણ કંઇક ઓછું હતું! આમ હોઈ, તમારું માથું નાનું હોય તો નિરાશ થવાનું કારણ નથી--મગજ નાનું કે હલકું હોય તો પણ તમે બુદ્ધિશાળી હોઈ શકો છો.

પરંતુ જીવતા માણસના મગજનું વજન આપણે કેમ જાણી શકીએ ? એ જાણવાનીય યુક્તિઓ છે પણ આપણે તેની સાથે નિસ્બત નથી. વ્યવહારમાં એમ કહી શકાય કે માથાના એટલે ખોપરીના ઘેરાવાથી મગજના કદનો અંદાજ આવી શકે. પુખ્ત વયના મનુષ્યના માથાનો સરેરાશ ઘેરાવો બાવીસ ઇંચ હોય છે; આ ધોરણ આપણને ઠીક ઠીક મદદ કરતા થઈ પડશે. સામાન્ય સરેરાશથી એકેક ઇંચ ઓછો માથાનો ઘેરાવો હોય તો ગભરાવાનું કારણ નથી, પરંતુ તેથી પણ ઓછો હોય તો તે બુદ્ધિની કમીના સૂચવે છે. જેના માથાનો ઘેરાવો ૧૭ ઇંચ હોય છે એવાં મનુષ્યો મંદ બુદ્ધિ હોય છે ત્યારે ૧૩ ઇંચના ઘેરાવાવાળા બિલકુલ હીનબુદ્ધિ (ઇડિયટ) હોય છે. વિકસિત મગજ એ મનુષ્ય ઉપર કુદરતની કૃપાનું ફળ છે એમ ઉપર કહી ગયો. અન્ય પ્રાણીઓનાં મગજના વજન સાથે મનુષ્યના મગજના વજનની સરખામણી કરતાં આ વાત સમજાશે. ગિબન નામના વાનરના મગજનું વજન માત્ર ૩½ ઔંસ હોય છે; ચિમ્પાન્ઝીના મગજનું વજન ૧૩½ ઔંસ હોય છે; ઉરાંગ-ઉટાંગના મગજનું વજન ૧૪ ઔંસ હોય છે; ગોરીલાના મગજનું વજન ૧૫ ઔંસ હોય છે. આ જુદા જુદા વા-નર નો સરખામણીમાં નરનું મગજ કેટલું બધું મોટું હોય છે! ઑસ્ટ્રેલિયા દેશના જંગલમાં રહેતા આદિવાસીના મગજનું વજન પણ આથી અઢીગણું--૩૪½--ઔંસ હોય છે. આફ્રિકાના હબસીના મગજનું વજન ૪૪ ઔંસ હોય છે; ભારતવાસીના મગજનું વજન ૪૭½ ઔંસ હોય છે; ચીનાના મગજનું વજન ૪૮ ઔંસ હોય છે; ત્યારે યુરોપિયનના મગજનું વજન ૪૭½ ઔંસ હોય છે. આ બધા સરેરાશ આંકડા છે.

આ બધી હકીકત સાથે એક વાત યાદ રાખવાની છે કે મગજનું વજન શરીરના વજનને હિસાબે હોવું જોઈએ. દાખલા તરીકે વ્હેલ માછલીનું મગજ મનુષ્યમગજ કરતાં સાત ગણું ભારે હોય છે છતાં વ્હેલ માછલીમાં મનુષ્ય જેવી બુદ્ધિ હોતી નથી. આનું કારણ એ છે કે વ્હેલ માછલીના શરીરના વજનને હિસાબે એનું મગજ માત્ર ચૌદ હજારમો—૧/૧૪૦૦૦—ભાગ છે, જ્યારે મનુષ્યનું મગજ તેના શરીરનો ચાળીસમો ૧/૪૦ ભાગ છે.

મગજના મુખ્ય બે ભાગ છે: (૧) મોટું મગજ અને (૨) નાનું મગજ. આપણી ખોપરીનો ઉપલો ભાગ કાઢી લઈએ તો માત્ર મોટું મગજ જ આપણી નજરે પડે છે. આ મગજનાં બે અડધિયાં દેખાય છે: જમણું અને ડાબું. એનો રંગ ભૂખરો હોય છે અને સપાટી પર ખાડા ટેકરા જણાય છે. 'ખાડા ટેકરા' એ જરા ભારે શબ્દ છે, પણ સીતાફળની સપાટી જેવી મગજની સપાટી છે એમ કહી શકાય એમાં કેટલીક ઊંડી ચીરાડો પણ જણાય છે. આવી બે મુખ્ય છે, અને આ બે ચીરાડો અગર તડને લીધે મગજના પ્રત્યેક અડધિયાંના કુદરતી ભાગ પડે છે. પહેલી ચીરાડને મધ્ય ચીરાડ કહે છે તેનાથી જમણા તેમજ ડાબા મગજના આગલો તથા પાછલો એમ બે ભાગ પડે છે. બીજી ચીરાડ એવી રીતે આવેલી છે કે તેનાથી મગજના ઉપલો અને નીચલો એવા બે ભાગ પડે છે. આમ મગજના પ્રત્યેક અડધિયાના ચાર પ્રદેશ અગર ખંડ પડે છે. મધ્ય ચીરાડની આગળના ભાગને આગલો ખંડ કહે છે; ચીરાડની પાછળનાને પાર્શ્વ એટલે બાજુનો ખંડ કહે છે; છેક પાછલા ભાગને પશ્ચ અગર પાછળનો ખંડ કહે છે; ત્યારે આડી ચીરાડની નીચેના ભાગને કર્ણખંડ કહે છે. મગજના આ જુદા જુદા ખંડોનાં ધર્મો અને કાર્યો જુદાં જુદાં હોય છે. પ્રયોગો દ્વારા માલૂમ પડયું છે કે મગજના આગલા ખંડનો છેક આગલો ભાગ આપણી વિચારશક્તિ સાથે સંબંધ ધરાવે છે; તે પછીનો ભાગ આખા શરીરના સ્નાયુઓ ઉપર કાબૂ રાખે છે; મધ્ય ચીરાડની પાછલા ભાગમાં સંવેદન પ્રદેશ આવેલો છે; આખા શરીરમાં થતાં સંવેદનો—ટાઢ, તડકો, સુખ દુઃખ વગેરેનું ભાન આ પ્રદેશમાં જાય છે. છેક પાછલા ભાગમાં દૃષ્ટિ કેંદ્ર આવેલું છે; કર્ણ ખંડમાં શ્રુતિ કેંદ્ર આવેલું છે ત્યારે એની આગલી બાજુ વાણી કેંદ્ર છે. દર્શન, શ્રવણ તથા ઉચ્ચારણના સર્વ વ્યાપારો તે તે કેંદ્રના નિયમનમાં છે.

મગજનું ભૂખરું પડ આશરે પા ઈંચ જાડું છે, તે ઉપલું અને બાહ્ય પડ છે, તેથી તેને cortex અગર કવચ કહે છે: આને અંગ્રેજીમાં 'ગ્રે મેટર' પણ કહે છે; એની નીચે સફેદ ભાગ અથવા વ્હાઈટ મેટર છે. ભૂખરું પડ મુખ્યત્વે કોશોનું બનેલું છે. આ કોશો નરી આંખે જોઈ શકાતા નથી પરંતુ સૂક્ષ્મદર્શકયંત્રથી દેખાય છે. આવા લાખો નહિ પણ કરોડો કોશો આપણા મગજમાં આવેલા છે. એવી ગણતરી કરવામાં આવી છે કે મોટા મગજમાં ચૌદ અબજ કોશો છે. આ કોશોમાં જ મનુષ્ય મગજનું રહસ્ય રહેલું છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ વગેરેનાં જે જે સંવેદન આપણને થાય છે તથા આપણા વિચાર, વાણી અને વર્તન—બધાં આ મગજના કોશો પર આધાર રાખે છે. આ બધા કોશોને શરીરના પ્રત્યેક અંગ સાથે જોડતા તથા મોટા મગજ અને નાના મગજને જોડના તેમજ મગજના જુદા જુદા ખંડોને જોડતા અનેક તંતુઓથી મગજનો બાકીનો ભાગ બનેલો છે. આ તંતુઓ ધોળા હોવાથી મગજના તે ભાગને શ્વેતદ્રવ્ય અથવા વ્હાઈટ મેટર કહે છે. આ શ્વેત દ્રવ્યમાં પણ બેત્રણ કેંદ્રો એવાં છે જે કોશ સમૂહોનાં બનેલાં છે. આ કેંદ્રોને ઊર્મિ મગજ, નાનું ઊર્મિમગજ તથા 'ચિત્રિત પિંડ' (ન Spriped Body) કહે છે. આપણને

જે પ્રતિકૂળ કે અનુકૂળ સંવેદના થાય છે તે પહેલાં ઊર્મિમગજમાં પહોંચે છે અને પછી ત્યાંથી મોટા મગજના કોશોમાં જાય છે; તેવી જ રીતે નાનું ઊર્મિમગજ શરીરની ગરમી ટકાવવાનું કામ કરે છે તથા શરીરમાં રહેલા પાણીનું નિયમન કરે છે. ચિત્રિતપિંડ શરીરના સ્નાયુઓને સજ્જ અથવા 'ખડે પગે' રાખે છે.

મોટા મગજનાં બંને અડધિયાં તંતુઓથી જોડાયેલાં છે; તેવી જ રીતે મોટા મગજને નાના મગજ સાથે પણ તંતુઓ જોડે છે. નાના મગજનું બંધારણ સામાન્ય રીતે મોટા મગજને મળતું છે. એમાં પણ કોશો તથા તંતુઓ આવેલા છે. એનું મુખ્ય કાર્ય મોટા મગજને મદદ કરવાનું છે. શરીરની સમતુલા જાળવવાનું તથા નાના મોટા સ્નાયુઓની એકસૂત્રતા સાચવવાનું કામ નાના મગજનું છે. આપણે સાયકલ શીખીએ છીએ ત્યારે પ્રયત્નપૂર્વક સમતોલન જાળવવું પડે છે. આ વખતે આપણું મોટું મગજ સ્નાયુઓને હુકમ આપતું હોય છે. પરંતુ આપણે જેમ જેમ પાવરધા થઈએ છીએ તેમ તેમ મોટા મગજનું કામ ઓછું થાય છે અને નાનું મગજ તે કામ ઉપાડી લે છે.

બંને મગજને જોડનાર તંતુસમૂહને મજ્જાસેતુ કહે છે. આ મજ્જાસેતુ આગળ જતાં કરોડરજ્જુને મળે છે. કરોડરજ્જુ અને આ મજ્જાસેતુની વચ્ચેના ભાગને લંબમજ્જા કહે છે. એક રીતે એમ પણ કહી શકાય કે લંબમજ્જા એટલે મગજની પુંછડી. આ ભાગ આમ તો ઘણો નાનો લાગે છે પરંતુ એમાં ઘણાં અગત્યનાં કેંદ્રો રહેલાં છે. દાખલા તરીકે, શ્વાસોચ્છ્‌વાસની ક્રિયા તથા રૂધિરાભિસરણની ક્રિયાનું નિયમન અહીંથી થાય છે.

શરીરનાં બીજાં અંગોની માફક મગજને પણ પોષણની જરૂર પડે છે. આ પોષણ એને લોહીમાંથી મળી રહે છે. આપણી ગરદનમાં જમણી અને ડાબી બાજુએ બે મોટી ધમનીઓ આવેલી છે; આ ધમનીઓ મારફતે મગજને લોહી પહોંચે છે. આ બેમાંથી એકાદ નસને માત્ર અડધી મિનિટ જ દબાવવામાં આવે અને મગજમાં લોહી પહોંચતું અટકી જાય તો માણસ બેભાન થઈ જાય છે. આ બતાવે છે કે મગજને પણ લોહીની કેટલી જરૂર છે. મગજના કોશો પોતાનું કાર્ય બરોબર કરી શકે તે માટે પ્રાણવાયુની જરૂર પડે છે અને તે પ્રાણવાયુ લોહીના ફરવાથી મળી રહે છે. જો લાગલાગટ ૭ મિનિટ સુધી રૂધિરાભિસરણ અટકી જાય તો મગજના કોશો સદાને માટે પોતાની કાર્યશક્તિ ગુમાવે છે.

બીજાં અંગોની માફક મગજમાં રોગો પણ થાય છે. કોઈ વાર મગજની અંદર પરુ થાય છે, કોઈ વાર ગાંઠ થાય છે, કોઈ વાર મગજની એકાદ નસ તૂટી જાય છે. જ્યારે મગજની નસ તૂટી જાય છે ત્યારે મગજના જે ભાગમાં (ડાબા કે જમણા) નસ તૂટી હોય તેનાથી સામેના પડખાનો પક્ષાઘાત થાય છે. મગજની અંદર જેટલું નુકસાન થયું હોય તેના પ્રમાણમાં લકવો થાય છે. ઘણી વાર, મગજની માનસિક શક્તિ એવી ને એવી સચેત રહે છે.

આજના વિજ્ઞાને જેમ અનેક દિશામાં પ્રગતિ કરી છે તેમ મગજના રોગોની સારવારમાં પણ પ્રગતિ કરી છે. મગજમાં પરુ થતું હોય કે ગાંઠ થતી હોય તો અદ્યતન પદ્ધતિથી સર્જનો ઓપરેશન કરે છે અને દરદીને સાજો કરે છે. તેવી જ રીતે અમુક જાતના ગાંડપણમાં પણ મગજ પર ઓપરેશન કરી ગાંડાને ડાહ્યો બનાવી શકાય છે.

આ બધું સાંભળી તમારી ખાતરી થશે કે મનુષ્યના મગજને કુદરતની અદ્ભુત કરામત કહેવામાં આવે છે તે યથાર્થ છે.*

---

* ઑલ ઇંડિયા રેડિયો, અમદાવાદ પરથી આપેલી ટૉક—ઑલ ઇન્ડિયા રેડિયોના સૌજન્યથી

જીવનકલા – शतायुर्वै पुरुषः

નાગરદાસ મો. પાઠક

अज्ञानतिमिरान्धानां ज्ञानांजनशलाकया
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥ १ ॥

જીવવું સૌને ગમે છે. મરવું કોઈનેય ગમતું નથી. "આના કરતાં ભગવાન દોરી ખેંચી લે તો સારું" એવું કહેનારા દુઃખીયારા જીવોનાં હૃદયમાં મરવાની ઈચ્છા હોતી નથી પણ દુઃખ દૂર થાય એ જ ઈચ્છા હોય છે. કીટ પતંગ–પશુ પક્ષી પણ જીવનજ્યોત ન હોલવાઈ જાય એને માટે બરાબર સાવધાન રહે છે. માણસમાં મનબુદ્ધિનો સારો વિકાસ છે એટલે મનુષ્યમાત્ર જીવન ટકી રહે તેમાં સવિશેષ હુશિયાર રહે છે. ગરીબ કે તવંગર, વિદ્વાન કે અભણ, નર કે નારી, બાલક કે વૃદ્ધ, ભોગી કે યોગી, કપટી કે ઋજુ, ન્યાયી કે અન્યાયી, રાજા કે રંક બધાને જીવવું છે. કોઈનેય મરવું નથી.

આમ ખરું પૂછો તો આપણે સૌ જીવવા મથીએ છીએ. મૃત્યુને દૂર ધકેલવા મથીએ છીએ પણ अद्य वाब्दशतांते वा मृत्युर्वै प्राणिनां ध्रुवम् ॥ એ નિયમે મૃત્યુ અનિવાર્ય બાબત છે. यज्जातं तद्विनश्यति જે જન્મે છે જેનો ઉદ્ભવ થાય છે તેનો વિનાશ પણ અવશ્ય થાય છે જ. ઈશ્વરના આ અબાધિત નિયમને અધીન આ જગતચક્ર ચાલે છે. તેથી માણસની ઈચ્છા હોય કે ન હોય પણ વખત આવ્યે બધાને કાલભગવાનને અધીન થવું પડે છે. પોતાની ઈચ્છા પ્રમાણે જેણે મૃત્યુ સ્વીકાર્યું તેવો એક દાખલો ભીષ્મપિતામહનો નોંધાયો છે. રઘુરાજાઓએ સમજણપૂર્વક યોગ્ય તૈયારી કરીને મૃત્યુનો સ્વીકાર કર્યો હતો. આપણે તો મૃત્યુને હઠાવવા હવાતીયાં જ મારીએ છીએ. कालः सर्वजनान् प्रसारितकरो दूरादपि कर्षति ॥ કેટલીક વખત મૃત્યુ નિવારવા માટે યોજેલા ઉપચારો વડે મૃત્યુને વહેલા તકે આવવાનો માર્ગ આપણે જ સરલ બનાવીએ છીએ. આપણા પ્રયત્નની પ્રતીપ–ધાર્યા કરતાં ઊલટી–અસર થાય છે એનું ભાન પણ આપણને હોતું નથી.

જેમ બધાની ઈચ્છા છે કે "હું સુખી થાઉં. મને દુઃખ ન હો" છતાં દુઃખ આવે જ છે તેમ જ મરવું ભલે કોઈનેય ન ગમતું હોય પણ મૃત્યુ જરૂર આવે છે. મનુષ્ય સુખની ઈચ્છા કરે અને તેને માટે વિચારપૂર્વકના ઘટતા પ્રયત્નો કરે પરંતુ પરિણામે સુખ ન આવે ત્યારે જણાય છે કે પ્રયત્ન અને પરિણામની વચમાં કોઈ અગમ્ય તત્ત્વ ખડું છે. આ તત્ત્વને પ્રાચીનો 'પ્રારબ્ધ' કહે છે.

મનુષ્યને દીર્ઘજીવનની ઈચ્છા છે–જીવન અને આયુષ્ય પર્યાયશબ્દો છે. શરીર, ઇન્દ્રિયો, મન અને આત્માનો સંયોગ એટલે જીવન. આવો સંયોગ પશુપક્ષીઓમાં પણ હોય છે માટે તે જીવિતસૃષ્ટિ ગણાય છે.

મનુષ્યમાં સવિશેષ બુદ્ધિ છે માટે તે પશુપક્ષીઓ કરતાં જીવનને સરસ રીતે વિકસાવી શકે છે એ રીતે જીવતાં શીખવું તેનું નામ જીવનકલા.

જ્યોતિઃશાસ્ત્રને જાણનારા કહે છે आयु. कर्म च वित्तं च विद्या निधनमेव च ॥ पंचैतानि हि सृज्यंते गर्भस्थस्यैव देहिनः ॥ માનવ ગર્ભમાં હોય ત્યારે જ તેની આયુષ્યમર્યાદા, કેવાં કામો કરશે તેનું ચિત્ર, કેટલું ધન હશે તે, વિદ્યા અને મરણનો પ્રકાર–આ પાંચ ભાવો નક્કી થઈ જાય છે. લોકો પણ કહે છે કે. પાંચમની છઠ–કોઈ મિથ્યા કરનાર નથી. જેટલા પૈસાની ટિકિટ હશે તેટલા માઇલેજની મુસાફરી પૂરી થતાં ટ્રેન છોડી દેવી પડશે. न वैद्याः प्रभुरायुषः વૈદ્ય પણ આયુષ્ય વધારી શકે નહિ.

આ વિચારધારાની સામે એક બ્રાહ્મણગ્રંથનું–વેદનું–વાક્ય મૂકી શકાયઃ शतायुर्वै पुरुषः। પુરુષનું આયુષ્ય શતવર્ષનું છે. અહીં वै અવ્યય મૂક્યો છે. તે નિશ્ચયાર્થ કહેનારો છે. પુરુષ શબ્દ મનુષ્યના અર્થમાં છે. જુદાં જુદાં પ્રમાણોથી પ્રાણિઓની આયુષ્યમર્યાદા નોંધાઇ છે. કેટલાંક પ્રમાણો અહીં આપીએ છીએ.

वाल्यं वृद्धिरछविर्मेधा त्वग् दृष्टिः शुक्रविक्रमौ
बुद्धिः कर्मेन्द्रिय चेतो जीवित दशतो ह्रसेत ॥ શા ૧–૬–૨૦
समाः षष्ठिर्द्विघ्ना मनुजकरिणां पंच च निशाः टीकायां. वराहसंहिता
वर्षशतं हि पुरुषायुः ॥ ભેડ શા. ૪

वर्षशतं खल्वायुषः प्रमाणमस्मिन्काले ॥ ચરક શા. ૬–૨૯
शतायु वै पुरुषः ॥ બ્રાહ્મણ ગ્રંથ

આ પ્રમાણો ઉપરથી એકમત એવો થયો કે મનુષ્યનું આયુષ્ય ૧૦૦ વર્ષનું છે. બીજો મત એવો થયો કે મનુષ્યની આયુષ્યમર્યાદા ૧૨૦ વર્ષની છે. ત્રીજો મત એવો થયો કે મનુષ્યની આયુષ્યમર્યાદા ૧૨૦ વર્ષ અને પાંચ રાત્રિની છે.

'યોગરત્નાકર'માં બીજાં કેટલાંક પ્રાણીઓની આયુષ્યમર્યાદા નોંધાઈ છે. શ્લોકો લખવા છોડીને તેના ભાવની નોંધ લઈશું:

વૃક્ષો	૧૦૦૦	વર્ષ જીવે છે	પક્ષી	૧૦	વર્ષ જીવે છે
ઘોડા	૩૨	,,	ગધેડાં, ઊંટ, ખચ્ચર	૨૪	,,
સિંહ અને હાથી	૧૦૦	,,	કાગડો	૧૦૦૦	,,
વાઘ–ચિત્તા–દીપડા	૬૪	,,	ફણિધર સર્પ	૧૦૦૦	,,
શિયાળ	૧૬	,,	મત્સ્ય	૧૦૦૦૦	,,
કુતરાં	૧૨	,,			
બકરાં	૧૨	,,			
ગાય, ભેંશ, બળદ, પાડા	૨૪	,,			
કુકડા	૯	,,			
મૃગ	૨૦	,,			

षष्ठिवर्षसहस्राणि वने जीवति शाल्मलिः ॥

અમરટીકા–

વનમાં શીમળાનું ઝાડ સાઠ હજાર વર્ષ જીવે છે.

મનુષ્ય પણ દીર્ઘજીવન ઇચ્છે છે પણ દીર્ઘજીવન માટે કોઈ કાગડો મત્સ્ય કે શીમળાનો અવતાર માગતું નથી. મનુષ્ય માનવી રહીને દીર્ઘજીવન માગે છે. मनुष्यः कस्मात् ? मननात् દરેક ભાવો ઉપર મનન કરી શકે છે—હેયોપાદેયતાનો નિર્ણય કરી શકે છે માટે તેનું નામ મનુષ્ય છે એમ નિરુક્તકારે મનુષ્યશબ્દની વ્યાખ્યા આપી છે.

જે કોઈ એમ કહે છે કે મનુષ્ય જન્મે ત્યારે જ તેની આયુષ્યમર્યાદા-મૃત્યુનો સમય ઘડીપળ સાથે નક્કી જ થઈ જાય છે. એ મત સાથે આયુર્વેદ મળતો થતો નથી. આવા એકાંતવાદીઓના મતમાં પુરુષાર્થની કાંઈ કિંમત રહેતી નથી. આયુર્વેદ પુરુષાર્થની કિંમત પીછાને છે અને કહે છે કે મનુષ્ય આયુષ્ય વધારી શકે છે અને ઘટાડી પણ શકે છે. પ્રારબ્ધ અને પુરુષાર્થના બલાબલ ઉપર આ હકીકત નિર્ભર છે.

મનુષ્યની આયુષ્યમર્યાદા જન્મથી જ નિશ્ચિત થયેલી હોય છે એમ માનનારાઓને આપણે નિયતાયુષ્યપક્ષ કહીશું. બીજા વર્ગને અનિયતાયુષ્યપક્ષ કહીશું.

જો સર્વત્ર આયુષ્ય નિયત જ હોય તો કોઈનો ભય શા માટે રાખવો ? પાણીના ચડતા પૂરને જોઈ, ધસી આવતા સિંહને જોઈ, ઉઘાડી તલવારે મારવા માટે ધસી આવતા શત્રુને જોઈ શા માટે ડરવું ? આયુષ્ય નિયત છે. આયુષ્ય હશે તો કોઈથી મૃત્યુ થવાનું નથી. નહિ હોય તો સિંહ હશે કે નહિ હોય પણ ઉગરવાનું નથી.' માટે અગ્નિ કે પાણીના પૂરથી મૃત્યુ થશે એવો ભય સેવવો નિરર્થક છે. વજ્રનું આયુધ લઈને ઇંદ્ર પણ મૃત્યુનો સમય પાક્યા પહેલાં વૃત્રાસુરને મારી શકે નહિ. વિષપાન કરવાથી સમય વિના મૃત્યુ થાય નહિ. તેથી વિષ, અગ્નિ, જલ, વ્યાઘ્ર, સર્પ વગેરેથી દરેકને ભય થાય છે તે થવો ઘટે નહિ. સત્ય બ્રહ્મચર્ય અહિંસા ત્યાગ વૈરાગ્ય વગેરેનો ઉપદેશ આયુષ્ય વધારનાર તરીકે ગણાય છે. તે ઉપદેશ પણ વ્યર્થ ઠરે. બીજા પણ અનેક ઉપદેશો આયુષ્યવૃદ્ધિને માટે શાસ્ત્રોમાં આપેલા છે તે બધા વ્યર્થ ઠરે કારણકે આયુષ્ય નિયત છે તે વધે ઘટે નહિ તેથી વૃદ્ધિ માટેનો ઉપદેશ-પ્રયત્ન પણ વ્યર્થ.

આયુષ્યને નિયત જ માનવામાં પુરુષપ્રયત્ન વ્યર્થ ઠરે. માટે સર્વત્ર આયુષ્ય નિયત જ છે એવો એકાંતગ્રહ રાખવો વાજબી નથી. આયુર્વેદ કહે છે કે આયુષ્ય યુક્તિની અપેક્ષા રાખનારી વસ્તુ છે.

> इहाग्निवेश ! भूतानामायुर्युक्तिमपेक्षते
> दैवे पुरुषकारे च स्थितं ह्यस्य बलाबलम् ॥
> बलाबलविशेषोऽस्ति तयोरपि च कर्मणोः
> दृष्टं हि त्रिविधं कर्म हीनं मध्यममुत्तमम् ॥
> तयोरुदारयोर्युक्ति दीर्घस्य च सुखस्य च
> नियतस्यायुषो हेतु र्विपरीतस्य चेतरा ॥ ચરક વિ. ૩-૩૭

આ શ્લોકમાં ભગવાન આત્રેયે આ જન્મનાં કર્મનું નામ પુરુષકાર આપ્યું છે અને ગતજન્મનાં કર્મનું નામ દૈવ આપ્યું છે. જો બન્ને કર્મો પ્રશસ્ત હોય તો આયુષ્ય નિયત થાય છે. પણ અપ્રશસ્ત હોય તો આયુષ્ય નિયત થઈ શકતું નથી. આઘાતથી, જલથી, અગ્નિથી, વિદ્યુતથી, વિષપાનથી, હાર્ટફેલથી જે મરણો થાય છે તેને લોકો પણ અકાલમૃત્યુ કહે છે.

મનુષ્ય જે પાપકર્મ કરે છે તે પણ હીન મધ્યમ અને ઉત્તમ એવા ત્રણ ભેદનું હોય છે. ગાય બચાવવા ખોટું બોલીએ તે પણ અસત્ય અને કોઈને ઊંધે રવાડે ચડાવી હેરાન કરવાના ઇરાદે ખોટું બોલીએ તે પણ અસત્ય. પરંતુ વિચારતાં જણાય છે કે બન્ને અસત્યો સમાન બલનાં નથી. એ જ રીતે બધાં કર્મોમાં ભેદ પડે છે. વિદ્વાનો પહેલા પ્રકારના પ્રારબ્ધને

શિથિલમૂલ કહે છે, બીજાને દૃઢમૂલ કહે છે. દૃઢમૂલવાળાં કર્મોનો પરિપાક ભોગવવો જ પડે છે; જ્યારે શિથિલ મૂલવાળાં કર્મોનો પરિપાક બલવાન પુરુષકાર વડે હઠી જાય છે.

दैव पुरुषकारेण दुर्बल ह्युपहन्यते
दैवेन चेतरत्कर्म विशिष्टेनोपहन्यते ॥ ચરક વિ. ૩-૩૯

આયુર્વેદ આ દૃષ્ટિબિંદુએ ૧૦૧ પ્રકારનાં મૃત્યુ માને છે અને કહે છે કે ૧ મૃત્યુ નિયતકાલિક છે જ્યારે ૧૦૦ મૃત્યુ આગંતુક છે. અથર્વવેદની શાખાવાળાઓનો આવો મત છે અને તે પોતાને આદ્ય છે એમ સુશ્રુત કહે છે. વાગ્ભટ કહે છે પુરુષપ્રયત્ન બળવાન છે અને દૈવનો પરાજય કરી શકે છે.

बली पुरुषकारो हि दैवमप्यतिवर्तते ॥ વા. શા. ૧-૩૮

અહીં પણ બલવાન પુરુષકાર નિર્બલ દૈવને હઠાવે છે એવી વિવક્ષા છે.

एकोत्तर मृत्युशत ह्यथर्वाण· प्रचक्षते
तत्रैकः कालसंज्ञः स्यात् शेषा आगन्तवः स्मृताः॥ સુશ્રુત સૂ-૩૪-૬

આ રીતે કાલમૃત્યુ ૧ છે જ્યારે અકાલમૃત્યુ ૧૦૦ છે. શ્રી ઝંડુભટ્ટજી કહેતા કે માણસ સો વર્ષ જીવવો જ જોઇએ. વહેલું મૃત્યુ થાય એ મનુષ્યની ભૂલોનું પરિણામ છે. એક સદ્વૈદ્યની શ્રદ્ધાથી આમ બોલવું ભલે યુક્ત ગણાય પણ ખરી રીતે પ્રકૃષ્ટ પ્રારબ્ધને પરિણામે આવતું મૃત્યુ ટાળી શકાતું નથી. એ સત્ય હકીકત છે. પણ સુશ્રુતના આ કથનમાં એ વસ્તુ તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે કે આહારવિહારના નિયમોનું પાલન નહિ કરવાથી માણસ અકાળે પણ મૃત્યુને શરણ થાય છે. ઇન્દ્રિયવિલાસનો અતિયોગ મનુષ્યને મૃત્યુના મુખમાં ધસડી જાય છે.

વગર સમજણે થતી ભૂલોથી રોગ થાય, મૃત્યુ થાય, અપકીર્તિ થાય એવું જીવનનું ચક્કર હોવાથી આપણે જીવતાં શીખવું જોઇએ. જીવતાં શીખવું એ પણ એક કલા છે. જેમ મૂર્તિકાર પોતાની કલામાં પ્રવીણ હોય તો તે સુંદર મનોહર મૂર્તિ બનાવી શકે છે અને પોતાની કલા વડે બીજાઓનાં અભિનંદન પામી શકે છે. જેમ શીવણકળાનાં દરેક પાસામાં સિદ્ધહસ્ત બનેલો દરજી સરસ-બરાબર ફીટ-કપડાં શીવી લોકોની ચાહના મેળવી શકે છે, તેમજ જીવવાની કલાનાં વિવિધ પાસાંનો અભ્યાસી માનવી પોતાના જીવનનું સુંદર ઘડતર કરી મનુષ્યના ધન્યવાદને પાત્ર બની શકે છે. यज्जीव्यते क्षणमपि प्रथित मनुष्यैः સર્વ લોકો જેનો બહુમાનથી સમાદર કરે એવું થોડું જીવન પણ સાચું જીવન છે. માટે આપણે એવું જીવન જીવતાં શીખવું જોઈએ એ સાચી જીવનકલા છે. આપણે દીર્ઘજીવનની ઇચ્છા રાખતા હોઇએ તો આ પ્રકારના ઉત્તમ દીર્ઘજીવનની આશા સેવવી જોઈએ. काकोपि जीवति चिराय बलि च भुंक्ते । કાગડો પણ ખાતો પીતો બધા વિષયોને ભોગવતો ઘણા સમય સુધી -એક હજાર વર્ષ સુધી જીવે છે. કેવલ દીર્ઘજીવન એ મનુષ્યજન્મનું લક્ષ્ય ન હોઈ શકે પણ સંસ્કારયુક્ત અને આત્માને વધારે ઉન્નત સ્વરૂપમાં લાવનાર દીર્ઘજીવન આપણું લક્ષ્ય હોવું ઘટે.

કોઈ બલવદ્પ્રારબ્ધના યોગે નિયતકાલ મૃત્યુ હશે તો તે થવાનું જ છે પણ પ્રારબ્ધની આડો પડદો છે. પ્રારબ્ધની ખબર જાબાલિ જેવા સમર્થ મુનિને પણ પડી નથી તો આપણા જેવા કલિકાલના કાળા કાવાદાવામાં રગડાયેલા માનવીઓને કયાંથી ખબર પડે? માટે આપણો ધર્મ પ્રારબ્ધનો વિચાર કરવાનો નથી પણ પુરુષાર્થ કરવાનો છે. गहना कर्मणो गतिः । ગીતા. જો દૈવ દુર્બલ હશે અને પુરુષાર્થ બલવાન હશે તો પુરુષાર્થનો વિજય થવાનો. આ દૃષ્ટિએ આયુર્વેદ પુરુષાર્થમાં માને છે. ઇન્દ્રિયનિગ્રહ સિદ્ધ કરવો એ અતિ પ્રબલ પુરુષાર્થ છે. ઇન્દ્રિયનિગ્રહ એ કાંઈ નાનુંસૂનું કામ નથી કે ચપટી વગાડીએ ત્યાં થઈ જાય.

> अप्यब्धिपानान्महतः समुद्रोल्लघनादपि
> अपि वह्न्यशनात्साधो । विषमश्चित्तनिग्रहः ॥ યોગવાશિષ્ઠ

આવા ઇન્દ્રિયનિગ્રહપૂર્વક એકતાન મન વડે ઇશ્વરનું ધ્યાન–નામસ્મરણ કરવું એ પ્રબલતમ પુરુષાર્થ છે અને એવા કર્મથી આયુષ્યની વૃદ્ધિ થાય છે. આયુષ્યઘાતક પ્રારબ્ધ હટી જાય છે માટે જ ભગવાન આત્રેય ભણે છે કે इहाग्निवेश ! भूतानामायुर्युक्तिमपेक्षते ॥ આયુર્વેદના મતે આયુષ્ય એ સાપેક્ષ વસ્તુ છે.

આયુર્વેદ કહે છે કે જેમ સારી રીતે બનાવેલો રથ જો કુમાર્ગે ચાલે–ખાડાખડીયામાં ચાલે–તેલ પુર્યા વિના ચલાવાય તો એ રથની બનાવટ જોઈને સો વર્ષ આ રથ ચાલશે એવી આપણે ધારણા રાખેલી હોવા છતાં અધવચ ભાંગી પડે છે તેવું જ આ શરીરનું છે. ઉત્તમ રાજવીર્યથી દેહ બંધાયો હોય તો પણ વિષયોપભોગની વધુ પડતી લાલસા–જીભલડીનો જબરો શોખ–વિષયવાસનાને ઉશ્કેરે એવાં નવલાનવલી પ્રધાન વાંચનો, સિનેમાશોખ, હોટલ ડીશોનો શોખ—આ બધું જ્યારે મર્યાદા મૂકીને આગળ વધે ત્યારે શરીરની આયુષ્ય-મર્યાદા ગમે તેટલી લાંબી હોય તો પણ શરીરરૂપી રથનું પૈડું અધવચ ભાંગી પડે એમાં શંકા કરવા જેવું શું છે? માટે સુખી જીવન જીવતાં શીખવું એ અભ્યાસનો વિષય છે. સુખી જીવન જીવતાં શીખવાડવું જોઇએ એમ હોવાથી તેના ઉપદેશની આવશ્યકતા સિદ્ધ થાય છે.

જીવનકલાના અભ્યાસમાં ચરકોક્ત સુખાયુ અને હિતાયુના વિષયોનો સમાવેશ થાય છે. હિતાયુ એટલે આત્માને ઊંચી ઊંચી ભૂમિકા ઉપર જવામાં ઉપયોગી નીવડે એવું આયુષ્ય. અને સુખાયુ એટલે નિરોગી આયુષ્ય.

આમાં નિરોગી અવસ્થા એ પ્રથમ પગથિયું છે– रोगास्त स्यापहर्तारः આત્માને ઊંચી ભૂમિકા ઉપર જવા માટે જે પ્રયત્નાતિશય કરવો પડે છે તેમાં નિરોગી અવસ્થા ખાસ જરૂરી હેતુ બને છે. રોગી મનુષ્ય કશું કરી શકતો નથી. રોગીનાં મન ઇન્દ્રિયોમાં અનુત્સાહ ભર્યો હોય છે. માટે જ शरीरमाद्यं खलु धर्मसाधनम् ॥

આ શરીરની રચનાને સ્થિર રાખનારા ત્રણ મહાસ્તંભો છે. જીવનકલાના અભ્યાસીએ એ ત્રણેય સ્તંભો વિષે જરૂરી જ્ઞાન મેળવી લેવું જોઈએ. त्रय उपस्तंभा इत्याहारः स्वप्नो ब्रह्मचर्यमिति ॥ एभिस्त्रिभिर्युक्तियुक्तैरुपस्तब्धमुपस्तम्भैः शरीर बलवर्णोपचयोपचितमनुवर्तते ॥ ચરક સૂ-૧૧-૩૫

આહાર, નિદ્રા અને બ્રહ્મચર્ય (સ્ત્રીસેવન) એ શરીરના ત્રણ સ્તંભો છે. યથાવત્ નિયમોનું પાલન કરી એ સ્તંભોનું રક્ષણ કરવામાં આવે તો શરીરનું સ્વાસ્થ્ય ટકી રહે છે. ખાનપાનના નિયમો પ્રમાણે વિચાર કરીને પથ્ય ખાનપાન લેવું. સમયસર નિદ્રા લેવી. નિયમને અનુસરી સ્ત્રીસેવન કરવું અથવા બ્રહ્મચર્ય પાળવું. એમ વર્તવાથી રોગો ઉત્પન્ન થતા નથી. અને શરીરની શકિત સ્ફૂર્તિ બરાબર જળવાઇ રહે છે. અકાલે વૃદ્ધત્વ આવતું નથી. અને શરીર ધાર્યું કામ આપે એવું સુદૃઢ બને છે. આવા સુદૃઢ અને બલવાન પુરુષો-બ્હેનો-સમાજનું-દેશનું-કે પક્ષનું કામ કરી શકે છે. અને લોકોમાં પોતાની કીર્તિ ફેલાવી શકે છે.

સદાચાર

આહાર, નિદ્રા, બ્રહ્મચર્ય માટે 'પ્રસ્થાન'ના આગલા આરોગ્ય અંકોમાં ઘણું લખાઈ ગયું છે એટલે અત્રે વિસ્તાર કર્યો નથી. સદાચાર એ પણ જીવનઘડતર શીખવા માટે અગત્યનો વિષય છે. વિગતવાર તે લખવામાં આવે તો ઘણું લંબાણુ થાય માટે અહીં સદાચાર માટેનું નિષ્કર્ષભૂત સૂત્ર મૂકું છું.

आर्द्र संतानता त्यागः कायवाक्चेतसां दमः
स्वार्थबुद्धिः परार्थेषु पर्याप्तमिति सद्व्रतम् ॥
वा. सू. २-४६

સમસ્ત સદાચારના પ્રકરણને આવરી લે એવી સારભૂત ચાર બાબતો પરમકૃપાળુ વાગ્ભટે અહીં દર્શાવી છેઃ

૧. સમસ્ત પ્રાણિમાત્ર તરફ દયાભાવ રાખવો. કોઈને દુઃખ થાય એવું કશું જ કરવું નહિ.

૨. બની શકે તેટલું સુપાત્રે દાન આપવું.

૩. મન, વાણી અને શરીરનું દમન કરવું.

૪. બીજાનું હિત એ જ પોતાનું હિત-બીજાનું કામ એ જ પોતાનું કામ-બીજાનું ભલું થાય એ જ પોતાનું ભલું એવી વૃત્તિ રાખવી.

આ ચાર બાબતો જેના જીવનમાં ઉતરી તેણે સદાચારનો પૂરો ધર્મ મેળવ્યો એમ ગણાય. पर्याप्तमिति सद्व्रतम् ॥ બીજાનું દુઃખ જોઈ જેનું અંતઃકરણ દ્રવી જાય એ પરમ-સંત છે. દાન દેવાની બાબતમાં ઘણું લખાય તેવું છે પણ આપણે લેખનું કદ વધારવું નથી. જગતમાં સાચો દાતા વૃક્ષ-વનસ્પતિ છે. તેની પાસેથી માનવીએ ઉત્તમદાતૃત્વનો પાઠ શીખવો જોઈએ.

धत्ते भरं कुसुमपत्रफलावलीनां
घर्मव्यथां वहति शीतभवां रुजं च ॥
यो देहमर्पयति चान्यसुखस्य हेतोः
तस्मै वदान्यगुरवे तरवे नमोऽस्तु ॥ १ ॥

ફૂલ ફળ પાનના ભારને ઉપાડે, ટાઢ તડકો સહે અને પોતાનાં અંગેઅંગથી ફળ, મૂળ, પત્ર, ત્વક્, શાખાથી બીજાનું હિત કરવાનાં ઉપયોગમાં આવી જાય એવા સર્વશ્રેષ્ઠ દાતા તરુને મારા નમસ્કાર હો. વૃક્ષ પોતાનો આખો દેહ પરોપકારને માટે અર્પી નાખે છે. છતાં તેને યશની લાલસા નથી. વર્તમાનપત્રોના પાના ઉપર ઝળકવાનું મન કરતું નથી. કરેલા ઉપકારના બદલા માટે કશી જ અપેક્ષા રાખતું નથી. આવો દાતા જગતમાં જડે ખરો ?

મહાત્માઓ લોકસંમાનથી ઉદ્વેજિત થાય છે. ડરે છે. આપણે પણ પરોપકારનાં કાર્યો કરીએ પણ લોકોમાં વાહવાહ બોલાવવાની તૃષ્ણા ન રાખીએ, પ્રત્યુપકારની આશા ન રાખીએ. તો આપણું દાન શોભશે.

મનવાણીનું દમન કરવું. મીઠી વાણી વેરીને પણ વશ કરે છે. અસત્ય માર્ગે જતા મનને રોકીએ. મનને અવળા માર્ગે જતું રોકવા માટે સત્સંગની જરૂર રહે છે.

બીજાનું ભલું તે આપણું ભલું. બીજાનું કામ તે આપણું જ કામ—આવી મનોવૃત્તિ સર્વાત્મભાવ વિના ન થાય. એટલે સર્વત્ર ઈશ્વર વ્યાપ્ત છે એવી સાચી શ્રદ્ધાએ દરેક જીવ તરફ પ્રેમ રાખવો. આદર રાખવો. આવો ભાવ સિદ્ધ થયા વિના બીજાનું ભલું તે આપણું ભલું એ સૂત્ર જીભની શોભારૂપ જ રહેવાનું. ખરો સર્વાત્મભાવ જાગે ત્યારે જ એ સૂત્ર અમલી બને.

સદાચારનાં બીજાં ઘણાં સૂત્રો છે. પરંતુ વાગ્ભટે બતાવેલાં ચાર સૂત્રોમાં બીજાં સૂત્રોનો સમાવેશ થઈ જાય છે. એ ચાર સૂત્રો આપણા જીવનમાં તાણાવાણો થઈને વણાઈ જાય એ રીતે જીવનનું ઘડતર કરવું જોઈએ. એમાં બુદ્ધિની કસોટી છે. નૈતિક ભાવનાની પરીક્ષા છે. આત્માની ઉચ્ચાભિલાષુકતાનો પડઘો છે. એમાં જ સાચી જીવનકલા છે.

વિષયાસક્તિ પણ અનર્થનું મૂળ છે. જીહ્વાલૌલ્ય વ્યાધિઓનું અને આપત્તિઓનું મૂળ છે. એ બન્ને ઉપર સંપૂર્ણ કાબૂ મેળવવો જોઈએ અને સંયમી જીવન બનાવવું જોઈએ. लौल्यं क्लेशकराणाम् ॥ ચ. સૂ. ૨૫–૪૦. લોલુપતા સર્વપ્રકારનાં દુઃખો આપનારા હેતુઓમાં સર્વશ્રેષ્ઠ છે. એટલે લોલુપતાથી આધિવ્યાધિઉપાધિરૂપ બધાં દુઃખો આવી પડે છે. લોલુપતા એટલે તૃષ્ણા:ऽपधा हि परो हेतु र्दुःखदुःखाश्रयप्रदः ॥ ચરક શા. ૧–૯૫

જીવનકલાનાં સર્વપાસાંનું વર્ણન ઘણું લાંબું થઈ જાય. માટે જીવનકલાના અભ્યાસીઓને માર્ગદર્શન કરાવતી કેટલીક ટૂંકી નોંધો અહીં લઈશું. તેમાંની ઘણીખરી બાબતોનું વિસ્તૃત વિવેચન 'પ્રસ્થાન'ના આગલા આરોગ્ય-અંકોમાં આવી ગયું છે.

૧. હિતકર અન્નપાન લેવું. અહિતકર ન લેવું.
૨. દરેક કામ પૂરતો વિચાર કર્યા પછી કરવું—પાછળથી પસ્તાવો થાય નહિ તે પ્રથમથી જ વિચારી લેવું.
૩. વિષયોમાં આસક્તિ રાખવી નહિ પણ સંયમ કેળવવો.
૪. પોતાની શક્તિ અને શ્રદ્ધાને અનુસરી દાન કરવું.
૫. દૈવયોગથી આવી પડતાં સુખદુ:ખોમાં ચિત્તવૃત્તિની સમતુલા જાળવવી. સુખમાં હરખાવું નહિ. દુઃખમાં દિલગીર થવું નહિ.

૬. સત્ય બોલવું–અસત્ય ભાષણ કરવું નહિ.

સત્યની એક અનોખી વ્યાખ્યા નોંધાઈ છે જેમકે

असत्य सर्वथा सत्यमसत्यमपि नानृतम्
हित यत् सर्वलोकस्य तत्सत्यं शेषमन्यथा ॥

સત્ય બોલીએ એનું નામ સત્ય નથી તેમજ જૂઠું બોલીએ તેનું નામ અસત્ય નથી. સર્વલોકનું હિત કરનારું જે કાંઈ વાણી, વર્તન કે વિચાર છે તેને સત્ય કહેવામાં આવે છે. અને સર્વ લોકનું અહિત કરનારું જે કાંઇ વાણી વર્તન વિચાર હોય તેનું નામ અસત્ય છે.

આ વ્યાખ્યાને અનુસરી સત્યમાં આગ્રહ રાખવો, અસત્યનો ત્યાગ કરવો.

૭. વૃદ્ધોનો આદર કરવો.

આ સાત બાબતો અને સદાચારની ચાર બાબતોનો યોગ્ય રીતે અભ્યાસ કરી પોતાના જીવનનું જે પુરુષ ઘડતર કરે છે તે આલોક અને પરલોકનાં અભિનંદનને પાત્ર બને છે. આવું ઘડતર કલાત્મક છે અને સર્વજીવોનો સ્નેહ સંપાદન કરવા યોગ્ય છે. એમાં જ જીવનનું સાફલ્ય છે, એ જ ખરું જીવન છે.

यज्जीवति क्षणमपि प्रथितं मनुष्यैः
विज्ञान विक्रमयशोभिरभज्यमानम् ॥
तन्नाम जीवित महो प्रवदति संतः
काकोऽपि जीवति चिराय बलिं च भुंक्ते ॥ १ ॥
वाणी रसवती यस्य भार्या पुत्रवती सती
लक्ष्मीर्दानवती यस्य सफल तस्य जीवितम् ॥ २ ॥

આપણે મનુષ્ય તરીકે આવા પ્રકારના સુખી–નિરોગી દીર્ઘજીવનની આશા રાખવી જોઈએ. માત્ર શ્વાસોચ્છ્વાસ લેવા માટે નહિ. પણ જીવનનું કાંઈક સાર્થક્ય થાય એ માટે લાંબું જીવન ઇચ્છવું જોઈએ. એ ઇચ્છા જીવનનું કલ્યાણ કરનારી છે. એવી ઇચ્છાવાળો જીવ ઉન્નતપદમાં આરોહણ કરી શકે છે. ચાલો ત્યારે આપણે પણ જીવનનું આ ઉચ્ચ સ્વરૂપ લક્ષમાં રાખીને પરમેશ્વરની પ્રાર્થના કરીએઃ

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे संतु निरामयाः
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखभाग् भवेत् ॥

ॐ शांतिः ॐ शांतिः ॐ शांतिः

૧૭–૩–૫૯

ॐ

માનસિક પરિસ્થિતિ અને આરોગ્ય

વૈદ્ય ફુલાભાઈ મ. પટેલ

વાત, પિત્ત અને કફનું સામ્ય શારીરિક સ્વાસ્થ્ય આપે છે. મનના દોષો—રજોગુણ અને તમોગુણ—નો અભાવ માનસિક સ્વાસ્થ્ય બક્ષે છે. એ જ પ્રમાણે વાત પિત્ત અને કફનું વૈષમ્ય શારીરિક બીમારીનું કારણ છે ત્યારે રજોગુણ અને તમોગુણનું પ્રાધાન્ય માનસિક રોગને માટે જવાબદાર છે. આ રીતે શરીર અને મન બન્ને આરોગ્ય અને અનારોગ્યનાં અધિષ્ઠાન છે. વળી મન અને શરીરનો સંબંધ એટલો બધો નિકટનો છે કે એકની અસર બીજા પર પડ્યા વિના રહેતી નથી. ' તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મન રહે છે ' એ ઉક્તિ પ્રસિદ્ધ છે. તેમજ તંદુરસ્ત મન તંદુરસ્ત શરીરનું કારણ બને છે એ પણ હકીકત છે. એટલે આરોગ્ય અને અનારોગ્યના વિચારમાં શરીર અને મન બન્નેનો વિચાર કરવાનો રહે છે. સામાન્યતઃ શારીરિક સ્વાસ્થ્યનો વિચાર સર્વત્ર થાય છે પણ માનસિક પરિસ્થિતિનો વિચાર પણ એટલો જ મહત્ત્વનો છે. આપણે આ માનસિક બાજુને સ્પર્શતી કેટલીક બાબતોને સંક્ષેપમાં અત્રે જોઈશું.

આયુર્વેદ કહે છે કે કામ, શોક અને ભયથી વાયુ, અને ક્રોધથી પિત્તનો પ્રકોપ થાય છે.[1] એનો અર્થ એ છે કે કામ, શોક, ભય તથા ક્રોધ, શારીરિક દોષોનો પ્રકોપ કરીને રોગનું કારણ બને છે. આધુનિકો પણ તેમાં પોતાનો સૂર પુરાવે છે. તેઓ કહે છે કે ભય, ચિંતા અને ક્રોધ માનવના સૌથી મોટા દુશ્મનો છે. આપણા માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય માટે તે કાટ અને કાર્બનરૂપ છે. આ સન્ધિઓમાં તે અવરોધ ઊભો કરે છે અને તેમને ખાઈ જાય છે.[2] એ પણ સૂચવે છે કે માનસિક કારણોથી માનસિક સ્વાસ્થ્ય કથળે છે તેની સાથે શારીરિક સ્વાસ્થ્ય પણ જોખમાય છે.

વૃષ્યોમાં સંકલ્પ, અવૃષ્યોમાં દૌર્મનસ્ય, રોગવર્ધકોમાં વિષાદ, પ્રસન્નતા આપનારાંમાં હર્ષ, શોષણ કરનારાંમાં શોક, પુષ્ટિકારકોમાં નિવૃત્તિ, કલેશ કરનારાંમાં લોલુપતા અને ક્ષેમ-કુશળતાનાં લક્ષણોમાં ઉત્સાહને અગ્રસ્થાન મળ્યું છે. આ બધાં પ્રમુખ કારણો મનને સ્પર્શે છે. વરાહની માફક પુષ્ટ કરનારાં કારણોમાં કામકાજની ચિંતાના અભાવને પ્રથમ ગણાવવામાં ઘણું તથ્ય છે.[3] કવિએ ચિંતા અને ચિતામાં બિન્દુ માત્રનો જ ફરક બતાવ્યો છે તે

---

१ कामशोकभयाद्वायुः क्रोधात् पित्तम्...(च. चि. अ. ३)

2 Fear, anxiety and anger are the greatest enemies of man. They are the rust and carbon that clog and corrode the joints of our physical and mental economy, and they can best be scoured off by the oil of mirth. —S. A. Shoemaker

३ सकल्पो वृष्याणाम्, दौर्मनस्यमवृष्याणाम, विषादो रोगवर्धनानाम्, हर्षः प्रीणनानाम्, शोकः शोषणानाम् ।। निवृत्तिः पुष्टिकराणाम्, लौल्यंक्लेशकराणाम् (च. सू. अ. २५)

अचिंतनाच्च कार्याणां ध्रुवं सतर्पणेन च ।
स्वप्न प्रसगाच्च नरो वराह इव पुष्यति ।। (च. सू. अ. २१)
बुद्धया विषमविज्ञानं विषमं च प्रवर्तनम् ।
प्रज्ञापराधं तं विद्यात् मनसो गोचर हि तद् ।। (च. शा. अ. १)

ચિંતાના શોષકગુણને આપણી સમક્ષ રજુ કરવા માટે છે. અને શોક અને ભયનાં અનેક સ્થાનો વિદ્યમાન છે તેમાં જે મૂઢતાને વરતા નથી તેઓ જ પંડિતો છે એ કથન પણ એ બન્ને માનસિક કારણોથી બચવાનો બોધ કરે છે.

સર્વ રોગના મૂળરૂપ પ્રજ્ઞાપરાધનો સંબંધ પણ મન સાથે છે. ચરક કહે છે કે બુદ્ધિથી અનુચિત વિજ્ઞાન અને અનુચિત પ્રવૃત્તિને પ્રજ્ઞાપરાધ જાણવો, કેમકે તે વિભ્રમજ્ઞાન અને વિષમ પ્રવૃત્તિ મનના વિષય છે. અહિત અર્થમાંથી મનને રોકી શકાય નહિ ત્યારે તેનું પરિણામ હમેશાં રોગકારક જ બને. એટલે તો જીવનવીરો મનના ગુલામ નહિ પણ સ્વામી બનીને રહે છે. રાષ્ટ્રપિતા ગાંધીજીના શબ્દો છે કે હું માનવીનો ગુલામ બનવાનું પસંદ કરીશ પણ મારા મનનો ગુલામ કદી નહિ બનું. મનના માલિક એ પુરુષપ્રવરે પોતાના જીવનમાં જે ચમત્કારો કરી બતાવ્યા હતા તે તો ગઈ કાલની જ વાત છે.

નિત્યના જીવનમાં મનની પરિસ્થિતિ જુદા જુદા અનેક ભાવ ભજવે છે. એ બધાંનું વર્ણન અહીં જરૂરી નથી. અહીં તો બીમારી સાથે સંબંધ રાખનારા ભાવોનો વિચાર કરીશું. બીમારોની દુનિયામાં નિહાળીશું તો ઘણા દરદીઓને જ્યાંસુધી દરદનું ભાન હોતું નથી ત્યાંસુધી કોઈ ખાસ લક્ષણનો અનુભવ થતો નથી. હરતો ફરતો દરદી ચિકિત્સક દ્વારા જાણવા પામે છે કે એને બ્લડપ્રેશર છે તે ઘડીથી એને એનાં લક્ષણોનો સાક્ષાત્કાર થવા માંડે છે. અત્યાર સુધીની પ્રફુલ્લ સ્થિતિ હવે ચિંતાતુર સ્થિતિમાં ફેરફાર પામે છે અને દુઃખની શરૂઆત થાય છે. યોગ્ય આશ્વાસનથી જ્યાંસુધી એના મનનું સમાધાન ના થાય ત્યાંસુધી એને ચેન પડતું નથી. ઠેઠ દવાખાના સુધી ચાલીને જનારો દરદી પોતાને કોઈ ગંભીર દરદ થયું છે એવું જ્ઞાન પામે છે ત્યારે ઘેર પાછા ફરવા માટે અશક્ત બને છે. તેને ગાડીમાં લઈ જવામાં આવે છે તો પણ બેચેનીનો પાર રહેતો નથી. આ વખતે અજ્ઞાન આશીર્વાદરૂપ છે એ સૂત્ર યાદ આવે છે।

ઘણીવાર આપત્તિનું અજ્ઞાન માનવીને સુખી રાખે છે તેમ જે નથી તેની આશંકા કેટલીકવાર તેને દુઃખી બનાવે છે. શંકા પણ વિષફળ બની જાય છે ત્યારે તે દુઃખકારક બને છે. આયુર્વેદમાં શંકા વિષનું વર્ણન છે. વાસ્તવિક રીતે તેમાં વિષનો અંશ પણ નથી છતાં શંકાને કારણે વિષનો અનુભવ થવા માંડે છે. વાગ્ભટ એનું વર્ણન કરતાં કહે છે કે ગાઢ અંધકારમાં કોઈ જંતુ કરડે ત્યારે સાપ કરડ્યો હશે એવા વહેમથી માણસને ઝેર ચડવાથી જે ઉદ્વેગ થાય છે તેવો ઉદ્વેગ વગર ઝેર ચડ્યે થાય છે. તાવ આવે છે. ઉલટી થાય છે. મૂર્છા થાય છે અથવા દાહ થાય છે અથવા ગ્લાનિ થાય છે અને અતિસાર થાય છે એને શંકાવિષ કહે છે.[૪]

અર્વાચીન સાહિત્યમાં પણ આવા શંકાવિષનાં ઉદાહરણ મળે છે. એક આદમીને સર્પદંશની શંકા ગઈ. બીકને લીધે તે મોતની પથારીએ પડ્યો. ડાક્ટરે આવીને આ સ્થિતિ પરથી પોતે મોડા પડ્યો છે એમ માન્યું. પણ તપાસને અંતે સર્પદંશનો અભાવ જાહેર કરતાં દરદી સ્વસ્થ થયો અને બીકને લીધે પેદા થયેલો મોતનો પણ જલદી ઉતરી ગયો!

આપઘાતની વૃત્તિ તરફ ઢળેલી પત્નીને બચાવવા પતિએ ઘરમાંની વિષની શીશીઓમાંથી વિષને ઢોળી દઈ માત્ર પાણી ભરી રાખ્યું. પત્નીએ વિષ સમજીને તેને પીધું અને દુઃખ સાથે

---

૪ दुर्गन्धकारे विद्धस्य केनचिद्दष्टशंकया ।
विषोद्वेगो ज्वरश्छर्दिर्मूर्च्छा दाहोऽपि वा भवेत् ॥
ग्लानिर्मोहोऽतीसारो वा तच्छंका विषमुच्यते ॥ (अ. हृ. उ. अ. ३६).

મૃત્યુને ભેટી. મૃત્યુ પછીની શબપરીક્ષા અને શીશીના "વિષ"ની તપાસમાં માલમ પડ્યું કે તેણે વિષનું એક બુંદ પણ લીધું નહોતું!

શીતળ પાણીના સ્નાનનો સખત વિરોધ કરતો દરદી ડાક્તરના આગ્રહથી શીતળ પાણીથી સ્નાન કરીને ઠંડીનો ભોગ બને છે. શરીર ભુરું ભુરું થઈ જાય છે. મરણની નજીક પહોંચી જાય છે. પાણીની ગરમીની પરીક્ષા ઉષ્ણતામાપકયંત્ર દ્વારા કરવાનો આગ્રહ રાખીને પાણીના ટબમાં એ યંત્રને રાખવાનો આગ્રહ રાખતા એ દરદીને યુક્તિપૂર્વક શીતળ જળમાં ૧૦° ડીગ્રી વધારે ગરમી દર્શાવતા ઉષ્ણતામાપકયંત્રને રાખીને સ્નાન કરાવતાં કોઈ વિકૃતિ જણાઈ નહિ।[૫]

પીડાશમન માટે દરરોજ પીડાશામક ઔષધ આપવામાં આવે છે અને દરદી રાહત મેળવે છે. એક દિવસ એ ઔષધના અભાવમાં ભળતું જ ઔષધ આપવામાં આવે છે. છતાં દરદી તો ઔષધ પામ્યાની ભ્રમણામાં હોય છે એટલે ઔષધની અસર અનુભવે છે! ચિકિત્સકો ઘણી વાર ઔષધની ગેરહાજરીમાં બીજાં જ ઔષધોથી ચલાવે છે. માત્ર નામે ઔષધ આપે છે છતાં દરદી મૂળ શ્રદ્ધાને વળગી રહેનો હોઈ તેમને સફળતા મળે છે. ઊંઘની ટીકડી ન હોય તો પણ સ્વરૂપે એવી જ કોઈ ટીકડી આપીને દરદીને ઊંઘાડવાના દાખલા મળી આવે છે તેમાં પણ મનની પરિસ્થિતિ કામ કરતી હોય છે.

આ બધાં ન માની શકાય તેવાં ઉદાહરણો છે. પણ તે બિલકુલ સાચાં છે. એ દર્શાવે છે કે માનસિક અસરો ઘણી પ્રબળ હોય છે. એટલે તો કહ્યું છે સુખ અને દુઃખ પરિસ્થિતિમાં નહિ પણ મનમાં છે. તેમ આરોગ્ય અને અનારોગ્ય પણ મોટે ભાગે મનમાં છે. આ જોતાં શ્રી અરવિંદનું કથન યાદ આવે છે. મન એકલું જ વાસ્તવિક છે, બીજું બધું ભ્રમણા છે.[૬]

હાસ્યનો વર્ણ ઉજ્જવળ અને શોકનો વર્ણ કૃષ્ણ છે. ઉજ્જવળતામાં વિકાસ છે પ્રફુલ્લતામાં વિકાસ છે, રોગનો પ્રતિકાર કરવાની શક્તિ છે. તેથી મનને મિથ્યા ભયમાંથી મુક્ત રાખવું જોઈએ. ચિંતાતુર વદને બહાર નીકળવું નહિ કેમકે તે ચેપી છે. બીજાને પણ દુઃખી બનાવે છે એમ એક લેખકે કહ્યું છે તે યોગ્ય જ છે. પ્રસન્ન વદને દુનિયામાં ફરો અને સૌ કોઈને પ્રસન્ન મુદ્રાની આલ્હાદક અસરનો લાભ આપો. આશાવાદ આસ્તિકતા છે. નિરાશાવાદ નાસ્તિકતા છે. વર્ન્ય લોકોમાં નાસ્તિકને પહેલું સ્થાન આપેલું છે. એનું રહસ્ય પણ એ છે કે નિરાશાવાદીની સોબત પોતાની થોડી ઘણી બુરી અસરમાં ખેંચ્યા સિવાય રહે નહિ તેથી એમનાથી તો દૂર જ રહેવું. આશાવાદી તો જે બનવાનું નથી તે કદી બનશે નહિ અને જે બનવાનું છે તે કદી મિથ્યા થશે નહિ[૭] એ વિચારરૂપી ચિંતાવિષઘ્ન અગદ પીવે છે અને પોતાને તેમ જ અવરને હિતકારક બને છે. મનનું મહત્ત્વ જોતાં એ અગદનો મહિમા સમજીને સૌ કોઈએ એનું શરણું શોધવામાં જ પોતાનું હિત જોવું જોઈએ.

★

૫ A Guide to Better Living p. 112

૬ Mind alone is real, everything is illusion—Shri Aurobindo.

૭ यदभावी न तद्भावी भावी चेन्नतदन्यथा।
इति चिन्ता विषघ्नोऽयमगदः किं न पीयते॥ (सुभाषित)

સ્વેદન

વૈદ્ય જાદવજી નરભેરામ શાસ્ત્રી

સ્વેદન શબ્દ સંસ્કૃત છે અને ખાસ કરીને આયુર્વેદનાં પંચકર્મમાં જેનું મહત્ત્વનું સ્થાન છે તેને સ્વેદન કહે છે. સ્વેદન એટલે શરીરમાંથી સ્વેદ–પરશેવો લાવવો, ઉત્પન્ન કરવો એને સ્વેદન કહેવાય.

સ્વેદ સ્વાભાવિક ધર્મ.

શરીરમાં લીધેલા આહારમાંથી બે પ્રકારનાં મુખ્યત્વે પદાર્થો બને છે. (૧) પ્રસાદ અને (૨) કીટ. (૨) કીટનો બીજો અર્થ થાય છે મળ. શરીરમાં ઉત્પન્ન થતા મળોને શરીર પોતે જુદા જુદા માર્ગે શરીર બહાર ફેંકે છે. ઝાડો, પેશાબ, પશીનો, આ શરીરનાં મળ દોષોને બહાર ફેંકવાના અગત્યના માર્ગો છે. શરીરની ચામડી ઉપર હજારો છિદ્રો છે તે છિદ્રોમાંથી પશીનો બહાર પડે છે. કારણ કે આ છિદ્રો સ્વેદવહ સ્રોતોનાં મૂળ છે. અન્ત ત્વચામાં સ્વેદ પેદા કરનારી ગ્રન્થિઓ હોય છે (સ્વેટ ગ્લેન્ડસ). તે ગ્રન્થિઓ શરીરમાં રહેલી હજારો કેશીકાઓમાંથી રક્તનું જળ તથા મળ રૂપ ધન પદાર્થ બહાર કાઢે છે. સ્વેદ યથાર્થ રીતે થવાથી બીજો પણ લાભ થાય છે. "स्वेदः क्लेदत्वक सौ कुमार्यकृत (સુશ્રુત). સ્વેદનું બીજું કાર્ય ચામડીને સ્નિગ્ધ, મૃદુ અને સુકુમાર બનાવી રાખવી તે છે.

શરીર પોતે જ વખતોવખત જરૂરિયાત પ્રમાણે પશીનો બહાર ફેંકે છે. પરંતુ આપણો સભ્ય સમાજ અને સંસ્કારી જીવનમાં આપણાં કપડાંનાં દ્વારા રાત અને દિવસ શરીર ઉપર રહેવાથી તેમજ જોઈએ તેટલો શુદ્ધ વાયુ, સૂર્યનો પ્રકાશ, ખુલ્લું વાતાવરણ શરીર અને શરીરની ચામડીને તદન ઉઘાડી રાખીને આપણે ફરી નથી શકતા જેથી શરીરની ચામડીનાં છિદ્રો જોઈએ તે રીતે પોતાનો સ્વભાવ અને ધર્મ નથી બજાવી શકતાં. આપણાં રાતદિવસ ફરતા ઇલેકટ્રીકના પંખા, અને એર કંડીશન રૂમ અને હવાના કારણે શરીરને જ્યારે જરૂર પડે છે ત્યારે અકુદરતી અવરોધ થવાથી પશીનો બહાર આવી શકતો નથી અને આ રીતે સ્વેદ–પશીનાની યથોચિત પ્રવૃત્તિ ન થવાથી, અર્થાત રાતદિવસ લક્ષ, અલક્ષ-પણે સ્રુત થતો સ્વેદ પશીનો ચરકના મત પ્રમાણે દશ અંજલી, આજના વિજ્ઞાન પ્રમાણે અહોરાત્રમાં બે પાઉન્ડ સ્વેદ થવો જોઇએ (ઋતુભેદથી આ પ્રમાણ ઓછું વધતું હોઈ શકે); પરંતુ આ રીતે સ્વેદ થવાથી અને સ્વેદ મેદો ધાતુનો મળ હોવાથી શરીરની શુદ્ધિ જળવાઈ રહે છે.

પરંતુ સ્વેદ ક્ષય થાય છે ત્યારે સુશ્રુત કહે છે. "स्वेद क्षये स्तब्ध रोमे कूपता त्वक् शोषः स्पर्श वैगुण्य स्वेदनाशश्च :

અર્થ—સ્વેદ (ગ્રન્થિઓ અને મેદો ગ્રન્થિઓનો સ્રાવ) ક્ષીણ થવાથી રોમ કુપનો અવરોધ ચામડીની રૂક્ષતા, ચામડી ફાટી જવી, સ્પર્શ જ્ઞાન શુદ્ધ ન થવો અને રોમ (રૂંવાડાં) ખરી જવાં વગેરે લક્ષણો પેદા થાય.

એનો ઉપાય બતાવતાં સુશ્રુત કહે છે:

અભ્યંગ, વ્યાયામ, મદ્ય, નિદ્રા, સ્વેદન (વિભિન્ન શેક) નિવાત સ્થાન્ (પવન ન લાગે એવા સ્થળમાં રહેવું) અને સ્વેદલ દ્રવ્યોનું સેવન—આટલા ઉપાયોથી ક્ષીણ થયેલ સ્વેદની પ્રવૃત્તિ થઈને સામ્યાવસ્થા પ્રાપ્ત કરે છે.

આયુર્વેદમાં આટલા જ માટે વ્યાધિ દૂર કરવા અથવા કાયાકલ્પ માટે ચિકિત્સા જેને 'કલ્પ ચિકિત્સા' કહેવામાં આવે છે તે કરતાં પહેલાં પંચકર્મની અંદર સ્વેદનને બીજા નંબરે મૂક્યું છે.

પ્રથમ સ્નેહ કરાવ્યા પછી સ્વેદન કરાવવાનું વિધાન છે. આયુર્વેદશાસ્ત્રમાં શરીરશોધન પ્રક્રિયામાં જ્યાં જ્યાં વમન, વિરેચન અને બસ્તિકર્મ કરવાનું હોય છે ત્યાં ત્યાં પ્રથમ સ્નેહ સ્વેદ આપ્યા પછી જ શુદ્ધિ માટેનાં કર્મ કરાવવાની આજ્ઞા છે. વાગ્ભટ સૂત્રસ્થાનમાં આજ્ઞા છે કે,

"स्नेहस्वेदावनभ्यस्य कुर्यात्संशोधन तुयः
दारु शुष्कमिवा नामे शरीरं तस्य दीयते ॥

ભાવાર્થ : સ્નેહ સ્વેદનો અભ્યાસ (વારંવાર) કર્યા વગર જે શોધનકર્મ કરે છે, તે સૂકા લાકડાને વાળવાનો પ્રયત્ન કરવા બરાબર છે. એ લાકડું વળતું નથી પણ તૂટી જાય છે. અર્થાત સ્નેહ સ્વેદ કર્યા વગર કરાવેલા વમન, વિરેચન બસ્તિ આદિક કર્મો લાભને બદલે હાનિ પહોંચાડે છે. માટે સ્નેહ સ્વેદ વ્યાધિના શમન માટે અને કલ્પચિકિત્સા માટે કરાવવું જરૂરી છે.

આપણે સ્વેદનના વિષયને ન્યાય આપવા ખાતર સ્નેહ કોને કહે છે તે જોઈ લેવું પડશે.

સ્નેહન એટલે સ્નિગ્ધ દ્રવ્યનું પાન કરાવવું તેને સ્નેહન અથવા સ્નેહ કહે છે.

આ સ્નિગ્ધ પદાર્થ કેવો હોવો જોઇએ? જે પદાર્થ ગુરુ હોય (ભારે), શીતળ, સારક, સ્નિગ્ધ, મંદ, સૂક્ષ્મ, મૃદુ અને દ્રવરૂપ હોય એવા પદાર્થને સ્વેદન કરાવ્યા પહેલાં પાન કરાવવું.

વાગ્ભટ સ્નેહને માટે કહે છે : तत्राऽपिचोत्तमसर्पि ઘી એ સ્નેહમાં ઉત્તમ છે. કારણ ઘીનો સંયોગ જે પદાર્થો સાથે કરાવવામાં આવે છે તે પદાર્થનો ગુણ ઘીમાં ઉતરી આવે છે. અને એથી ઘી સિદ્ધ કરીને આપવામાં આવે તો શરીરનાં ઊંડામાં ઊંડા સ્રોતો સુધી ઔષધી ગુણોને પહોંચાડી શકે છે. એટલે તો ઘીને સહસ્રવીર્ય કહ્યું છે. વળી ઉપર સ્નિગ્ધ દ્રવ્યના જે ગુણો હોવા જોઇએ તે ગુણો ઘીમાં છે.

સ્નેહ બે પ્રકારે અપાય છે: શોધન માટે અને શમન રૂપ માટે. સંશોધન માટે આપવાનાં સ્નેહનો સમય રાત્રીનું ભોજન પચી ગયા પછી પ્રાતઃકાળમાં આપવાનું છે. અને શમન માટે આપવાનો સમય ત્રીજા પહોર બપોરનો સમય છે.

સ્નેહની માત્રા ઉત્તમ બળ માટે ૧ પલ અર્થાત ૪ તોલા અથવા ૪ થી ૮ તોલા. મધ્ય બળવાળા માટે ૩ તોલાથી ૬ તોલા અને હીન બળવાળાને ૨ તોલાથી ૪ તોલા આપવાનો છે. કેટલા પ્રમાણમાં સ્નેહ આપવું એ દરદીની પ્રકૃતિ અને બળાબળનો વિચાર કરીને આપવાનો છે. આ સ્નેહ સામાન્ય રીતે કલ્પચિકિત્સા માટે અથવા પંચકર્મથી શુદ્ધિ કરાવીને કાયાકલ્પ કરાવવાનો હોય તેને માટે છે. સામાન્ય સ્વેદન કરાવનારને અમે રાત્રે ખીચડી સાથે ત્રણ ચાર તોલા ઘી આપીએ છીએ, બીજો ખોરાક આપતા નથી. એથી સ્નેહ

સારી રીતે પચી જાય છે. શાસ્ત્રમાં ખીચડી સાથે ઘી નહીં પરંતુ એકલું ઘૃત (રોજ ગરમ પાણી સાથે) પાન કરાવવાની આજ્ઞા છે. છતા જેમને વમન થતું હોય અને જેઓ જ્વરના રોગી હોય અથવા જ્વર ઉતારવા માટે સ્વેદ જેને લૌકિક ભાષામાં " નાહ " અથવા " નાસ " કહે છે—અને તાવમાં નાસ આપવાનો જુગજૂનો રિવાજ છે. તેમને સ્નેહપાન કરાવવું ન જોઇએ પરંતુ જીર્ણ વ્યાધિમાં શરીરશુદ્ધિ માટે કેટલાક દિવસ સ્નેહ આપવાથી અંદરનાં સ્રોતો કુણાં થાય છે, અને સ્રોતોમાં ઊંડે ઊંડે ચોટેલો દોષ સ્નિગ્ધતા પ્રાપ્ત થતાં ઉખડી જાય છે. અને સ્વેદન-વમન-વિરેચન દ્વારા શરીર બહાર ફેંકાઇ જાય છે. હવે આપણે મુખ્ય વિષય સ્વેદન ઉપર આવીએ

પ્રથમ પ્રશ્ન એ ઉભો થાય છે સ્વેદન શા માટે? જેનો ઉત્તર વાગ્ભટ્ટ રૂડી રીતે આપે છે :

" स्नेह क्लिन्ना कोष्ठगा धातुगावा
स्रोतो लीना येच शाखाऽस्थि सस्था
दोपा स्वेदैस्ते द्रवीकृत्या कोष्ठ
नीत सम्यक् शुद्धिभिर्निन्ह्रियन्ते ॥

ભાવાર્થ—રોગાક્રમણ ત્રણ પ્રકારે હોય છે અથવા રોગનાં આશ્રયસ્થાન. કોષ્ઠ-ધાતુ સ્રોત-શાખા અને અસ્થિ વગેરે સ્થાનોમાં લીન થઇને બેઠેલા દોષોને સ્નેહ દ્વારા ક્લીન કરીને સ્વેદન દ્વારા તપાવીને પાતળા અથવા દ્રવ રૂપમાં કરી લેવામા આવે છે. એથી એ પ્રકારે દોષ દૂષ્ય સ્થાનોથી અલગ થતાં વમન વિરેચનાદિકથી સુખપૂર્વક બહાર કાઢી શકાય છે આયુર્વેદના પંચકર્મમા રહેલા સ્વેદન કર્મની મહત્તા હમણાં હમણાં પાશ્ચાત્યોને સમજાઇ છે. અને " સ્ટીમબાથ " દ્વારા અનેક રોગો સારા કરવા તરફ કુદરતી ઉપચાર પદ્ધતિનાં દુદુંભિ વગાડી રહ્યા છે. જ્યારે બીજી તરફ એ જ શાસ્ત્રનાં અભ્યાસીઓ પંચકર્મ પેરે અસાધ્ય વ્યાધિને સાધ્ય કરવાની ચિકિત્સા ભૂલી રહ્યા છે એમ નહી, ભૂલી ગયા છે. સ્વેદ આપવાનાં ૧૩ પ્રકાર જોવામાં આવે છે : (૧) શંકર. (૨) પ્રસ્તર. (૩) નાડી. (૪) પરિષેક. (૫) અવગાહન. (૬) જેન્તાક (૭) અશ્મઘન. (૮) કર્ષૂ. (૯) કુટી. (૧૦) ભૂસ્વેદ (૧૧) કુમ્ભી. (૧૨) કુપ (૧૩) હોલાક.

(૧) શંકર સ્વેદ :

ગરમ પદાર્થને કપડાંની પોટલીમાં બાંધી શેક કરવો એ પહેલો પ્રકાર શંકર સ્વેદ

(૨) પ્રસ્તર :

ગમે તે ધાન્યને બાફી ખાટલા ઉપર અથવા શીલા ઉપર પાથરી તેના ઉપર એરન્ડાનાં પાંદડાં મૂકી દરદીને સહન થાય તેટલી ગરમીમાં સુવાડી ઉપર ગરમ ધાબળો ઓઢાડી દેવો. આખા શરીરે પસીનો આવ્યા પછી શરીર સ્વચ્છ કપડાથી લુછી નાંખવું. એને પ્રસ્તર સ્વેદ કહે છે.

નોંધ—સુવાવડી સ્ત્રીને આખું શરીર દુખતું હોય અને ઝલાઇ ગયું હોય ત્યારે, બકરાંની લીડીઓ, વરખડાનાં પાન, થોડાક કપાસીઆ અંદર અજમો આ સઘળું બાફીને

ખાટલા ઉપર પાથરી તેના ઉપર સુવારી નાશ આપવાથી શરીરમાંથી પશીનો છૂટી શરીર હલકુંફુલ બની જાય છે. ઝાલાવાડમાં રબારી–ભરવાડ, ઢાકરડા અને બીજી ગામડાની પ્રજામાં આ જાતનો સ્વેદન પ્રકાર મેં અનેક ઘરમાં અને અનેક વખત જોયો છે.

(૩) નાડી સ્વેદ :

એક વાસણમાં વાતહર ઔષધિઓ (રાસ્ના એરંડાનો મૂળ, થંડ, નગોડ વગેરે) ભરી તેની અંદર ગાયનું મૂત્ર અથવા દૂધ વગેરે ભરી એ વાસણનું મુખ પેચવાળા ઢાંકણાંથી બંધ કરી તેના ઉપર એક નળી લગાડીને એ નળી મારફત અંદર ઉત્પન્ન થયેલી વરાળ શરીરના જે ભાગ ઉપર લેવી હોય તે રીતે લઈ શકાય અને આ રીતે વાતવ્યાધિથી જકડાયેલા, સ્તબ્ધ થયેલાં જૂનાં પડેલાં આમવાતથી સોજો આવેલાં, અને લકવા આદિમાં બહેર મારી ગયેલા અંગ ઉપર ધીમે ધીમે આ વરાળનો શેક લેવો, જેનું નામ નાડી સ્વેદ છે.

(૪) પરિષેક :

વાતહર ઔષધિઓથી જળને ઉકાળીને તે જળની ધારા જ્યાં સ્વેદન કરવું હોય તેના ઉપર કરવી એનું નામ પરિષેક છે.

(૫) અવગાહન સ્વેદ :

વાતહર ઔષધિથી ઉકાળેલું પાણી અથવા ઘી, દૂધ, માંસરસ વગેરે ગરમ પદાર્થોને એક અથવા અનેક મેળવીને ભરી એક મોટા પાત્રમાં જેમાં માણસ ઓછામાં ઓછો કમરપુર બેસી શકે (ટબ બાથ), એમાં ભરીને રોજ આ રીતે બાથ લેવો. પેટનાં દર્દો મૂત્રાઘાતમાં આંતરડાંનાં દર્દોમાં પ્રચલિત થયેલો ટબ બાથનો પ્રકાર અત્યંત ઉપયોગી જણાયો છે. માત્ર પાશ્ચાત્ય પદ્ધતિથી ટબ બાથ આપનાર ચિકિત્સકોને અમે વિનંતી કરીએ છીએ કે આયુર્વેદિક ઔષધિઓથી સંસ્કારિત પાણી અથવા તેની સાથે ગૌમૂત્ર મીલાવીને ટબબાથમાં ભરવામાં આવતા પાણીનો ઉપયોગ કરો. અંદર તેલ, ઘી, ચરબી, દૂધ જુદી જુદી રીતે પાણીમાં ઉમેરો અને ટબબાથ આપો. અનેક દર્દોમાં અનેરો ફાયદો થતો માલમ પડશે.

(૬) જેન્તાક સ્વેદ :

એક ઓરડી એવી બનાવવી કે જેમાં ગરમાઇ આપવાથી જલદી ગરમ થઇ જાય. તેમાં પ્રથમ, અગ્નિ સળગાવી ઓરડીની અંદરનો ભાગ ગરમ થઈ જાય પછી, આગ કાઢી લઇને તેમાં ધુમાડો જરા પણ ન રહે એવી થઇ ગયા પછી રોગીને શરીર ઉપર કપડાં લપેટીને ઓરડીમાં બેસારવો (યાદ રહે ઓરડીમાં થોડીક હવા આવવા જવાની બારી હોવી જોઇએ). આવી ગરમ ઓરડીમાં રાખવાથી શરીરમાંથી ખૂબ પશીનો આવે છે. અને પછી શરીર પોંછી લીધા પછી સુકાયા બાદ દરદીને બહાર કાઢવાનો હોય છે.

(૭) અશ્મઘન સ્વેદ :

દરદીનાં શરીરની લંબાઇ જેટલી પથ્થરની શીલાને વાતહર લાકડાથી ગરમ કરવી. શીલા ઉપરથી બધી આગ હટાવી દઇને પછી પાણીથી ધોઇ તેના ઉપર કામળ પાથરી દરદીને સુવાડી ઉપર બીજો ધાબળો ઓઢાડવો અને પશીનો આવ્યા પછી દરદીને લઈ લેવો.

(૮) કર્ષૂ સ્વેદ :

જમીનમાં ખાડો ખોદી તેમાં બળતા અંગારા ભરી દેવા. તેના ઉપર ખાટલો ઢાળી તેના ઉપર દરદીને સુવરાવવો અને શેક લેવો.

આ જાતનો શેક શિયાળામાં આવેલી સુવાવડમાં સ્ત્રીઓને ખાટલા નીચે આપવામાં આવે છે. આજે પણ ગામડાંની સુવાવડમાં સુવાવડીને આ જાતનો શેક અપાય છે. માત્ર ધ્યાન એ રાખવાનું હોય છે કે ખાટલાને આગ ન લાગી જાય. કમરનો દુખાવો અને કટીગ્રહ આવા સ્વેદનથી મટે છે.

(૯) કુટી સ્વેદ :

મજબુત દિવાલની કોટડીમાં દરદીને સુવારીને ચારે બાજુ દિવાલની પાસે વનસ્પતિ નાંખેલા અને ઉકાળેલા પાણીથી ભરેલી દેગો મૂકવી જેમાંથી ઔષધિયુક્ત બાસ્પ કોટડીમાં ફેલાઇને દરદીને સ્વેદ લાવે છે.

(૧૦) ભૂમિ સ્વેદ :

જમીન ઉપર લાકડાં આદિ બાળીને ગરમ કર્યા પછી તેના ઉપર દરદીને સુવરાવીને પશીનો આવે ત્યાં સુધી રાખવો તેને ભૂમિ સ્વેદ કહે છે.

(૧૧) કુમ્ભી સ્વેદ :

વાતનાશક ઔષધિથી ત્રાંબાના ઘડાને ભરી ગરમ કરી જમીનમાં દાટી દઈ ઉપર ધૂળ વાળીને તેના ઉપર પથારી કરી રોગીને સુવારવો. અંદરની ગરમી શરીરને લાગવાથી પશીનો થવા દેવો.

(૧૨) કુપ સ્વેદ :

જમીનમાં ખાડો ખોદી અંદર ઘોડા, હાથી વગેરે પ્રાણીની લાદ ભરીને સળગાવવું. પછી આગ કાઢી લઈને ખાડા ઉપર ખાટલો રાખીને ગરમી લાગવાથી સ્વેદ આવવા દેવો તે કુપ સ્વેદ.

(૧૩) હોલાક સ્વેદ :

પ્રાણીઓની લાદ-છાણનો ઢગ કરી સળગાવી પછી આગ શાન્ત થાય અને ઢગમાં અગ્નિ હોય તેના ઉપર ખાટલો બીછાવી સ્વેદ આવે ત્યાં સુધી દરદીને સુવરાવવો.

આયુર્વેદમાં કહેલા આ તેર પ્રકારના સ્વેદ કેટલાક નવીન છે, કેટલાક પ્રચલિત છે, અને કેટલાક હજુ પણ ગ્રામ જીવન જીવનાર જેને આપણે અભણ પ્રજા કહીએ છીએ તે પ્રજા સ્વેદનો ઉપયોગ કરીને ઘણા વ્યાધિઓથી મુક્ત થાય છે.

જ્યારથી પાશ્ચાત્ય વૈદકે દેશમાં ડેરા નાખ્યા અને ચિકિત્સકોની દૃષ્ટિ બદલી નાંખી, ત્યાર પછી પ્રજા માત્ર દવા મોઢેથી લેવી અથવા ઈજેક્શનો લેવાં એ જ માત્ર વ્યાધિ મટાડવાનો સાચો ઉપાય સમજી બેઠા છે. આજનો ચિકિત્સક પણ કદાપિ દરદીને સ્વેદ (નાહ) લેવાની સલાહ આપતો નથી.

લેખકે પોતાની જુવાન અવસ્થામાં ગામડામાં ઘણી વખત તાવમાં, અંગ દુખતું હોય ત્યારે, શરદીમાં, માથાના દુખાવામાં, શેક-નાહ-બાસ્પ લીધો છે. જ્યારે જ્યારે તાવ આવે ત્યારે ત્યારે કુઓ (દ્રોણ પુષ્પી) નામની વનસ્પતિ જે ખેતરામાં સહેલાઈથી મળી શકે તેને

પાણીમાં ઉનામણામાં નાંખી ગરમ કરી પછી માંચી ઉપર બેસી નીચે બરાબર વરાળ આવે તેવી રીતે ઉનામણાને ગોઠવી ધાબળો ઓઢી ધીમે ધીમે ઉનામણાં ઉપરનું ઢાંકણુ ખૂલતા જવાથી આખા અંગે એની વરાળ લાગવાથી, એટલો પસીનો થાય કે અણુઉતાર તાવ ઉતરી શરીર હલકુંફુલ બની જાય. આવો બાષ્પ (નાહ) અનેક વખત લીધો છે.

સ્વેદન–અથવા સ્વેદ. વાયુ અને કફનાં રોગમાં આપવો જોઇએ એમ ચરક કહે છે. પિત્તના રોગમાં ન આપવો.

સળેખમ, ખાંસી, હેડકી, શ્વાસ, શરીરનું ભારેપણું, કાનમાં શૂળ, માથાના રોગ, અવાજ બેસી જવો (સ્વરભેદ), ગલગ્રહ, અર્દિતવાત, એકાંગવાત, પક્ષાઘાત, કુબડાપણું, કોષ્ઠ રોગ (પેટનાં દર્દો), મલાવરોધ, શુક્રાઘાત, પાંસળી પીડ પડખામાં વેદના, ગૃધ્રસી, મૂત્રકૃચ્છ્ર, શરીર તૂટવું, પગ–જાંઘ–ઢીંચણ પકડાઈ જવાં, સૂજન, આમવાત, શીત, કમ્પવાતે, –આ સઘળા રોગોમાં સ્વેદન કરાવવું જરૂરી છે.

ખાસ કરીને ૮૦ પ્રકારના વાયુના રોગમાં સ્નેહન કરાવ્યા પછીનું સ્વેદને ઉપયોગી છે. અને વ્યાધિ મટાડવા માટે સરસ કામ કરે છે.

સ્વેદન કરવાનાં પાણીમાં વારંવાર વાતહર ઔષધિ નાખવાની સૂચના છે. ચરક તે માટે નીચેના ઔષધનો નિર્દેશ કરે છે:

શતાવરી, દશમૂળની વનસ્પતિઓ, કળથી, નગોડ, અમરવેલ, પુનર્નવા, લીંબડો, તલ, જવ, એરન્ડો, ચોપચીની, ગોખરુ આદિ આદિ ઔષધિઓને પાણી સાથે ઉકાળી તેનો વિવિધ રીતે સ્વેદને માટે ઉપયોગ કરવાનો છે.

આપણા દેશમાં, ગરીબ દેશની પ્રજામાં આવા સાદા સરલ અને ઘરઆંગણે થતા ઉપાય ઉપચારોનો પ્રચાર કરવાની જરૂર છે. આજે ધીમે ધીમે પ્રજા દવાવાદના રવાડે ચઢીને, વૈદ્ય ડોક્ટરોની દવાઓ તથા ઈન્જેક્શનો કે પેટન્ટો સિવાય રોગ મટાડવાનો કોઈ ઉપાય જ નથી એમ માનતી થતી જાય છે. તે વખતે એમની દૃષ્ટિને પાછી વાળીને–સ્વેદન જેવા સહેલા ઉપાયો તરફ વાળવી જોઇએ. તેમાં પણ આયુર્વેદના ચિકિત્સકોએ પ્રજાને ઘેરે ઉપાય સૂચવવા સ્વેદન કરવાનું સમજાવી અમલ કરાવવો જોઈએ.

★

ગેસનાં દરદો

નવનીતલાલ બી. પંડયા

પેટમાં ગેસ ઉત્પન્ન થવો એ સ્વતંત્ર દરદ નથી પણ અનેક રોગોનું એ કારણ છે. જીવન માટેની ભયંકર રસાકસીવાળા આ જમાનામાં ઘણાંઓને પેટમાં ગેસનાં દરદો થતાં જોવામાં આવે છે. આ દરદ કાંઇ નવું નથી પણ અત્યારે જે વધુ પ્રમાણમાં જોવામાં આવે છે તેનું કારણ એ છે કે અનિયમિત ભોજન, મંદ જઠરાગ્નિ, ખોરાકનું અપચન અને પૌષ્ટિક તત્ત્વો વગરનો ખોરાક એ મુખ્ય છે. શાસ્ત્રમાં મંદાગ્નિ થવા માટેનાં જે જે કારણો લખ્યાં છે તે બધાં જ કારણો આ રોગને માટે પણ લઇ શકાય.

આયુર્વેદની દૃષ્ટિએ વાયુની વ્યાખ્યા બહુ જુદા પ્રકારની છે. પ્રાકૃત વાયુ શરીરને ધારણ કરે છે અને પોષણ કરે છે માટે તેને ધાતુ કહેવામાં આવે છે. જ્યારે પ્રકુપિત વાયુ (દોષયુક્ત) શરીરમાં અનેક જાતના રોગો ઉત્પન્ન કરે છે. અને તેથી તેને દોષ પણ કહેવામાં આવે છે. પિત્ત, કફ, રસ રકતાદિ ધાતુઓ, તેમજ શરીરના બધા મળો (excretions) એ બધાં પંગુ-લુલાં-છે. તેઓ સ્વતંત્ર એક જગ્યાએથી બીજી જગ્યાએ જઇ શકતા નથી. વાયુ એ અચેતન ક્રિયાત્મક છે અને તે પોતાની ગતિના બળથી પિત્ત, કફ, રસરકતાદિ ધાતુઓને એક સ્થાનેથી બીજે સ્થાને લઇ જાય છે.

ભગવાન ચરકમુનિએ તો વાયુને ભગવાનનું સ્વરૂપ માનેલું છે. ચરકનાં વાતકલાકલીય અધ્યાયમાં કુદરતી વાયુનું અને શરીરસ્થ વાયુનું બહુ જ સુંદર વર્ણન કરેલું છે.

આ વાયુ આપણા શરીરમાં પાંચ સ્થાનમાં પાંચ જુદાં જુદાં નામથી અને જુદાં કર્મથી રહે છે. પ્રાણ, ઉદાન, અપાન, વ્યાન, સમાન. એ પાચ વાયુ છે.

સ્થાન :

પ્રાણવાયુ :—હૃદય અને તેની આસપાસના અવયવમાં પ્રાણવાયુ;

ઉદાન :—કંઠ અને કંઠની ઉપરના અવયવમાં ઉદાન વાયુ;

અપાન :—નાભી નીચેના ભાગમાં અપાન વાયુ;

સમાન :—નાભી અને જઠરાગ્નિની આસપાસ રહેનારો પ્રાણવાયુ;

વ્યાન :—સર્વ શરીરમાં સંચાર કરનારો વ્યાન વાયુ છે.

પ્રાકૃત કર્મ :—

પ્રાણવાયુ :—શ્વાસો લેવાની ક્રિયા અને હૃદયની ગતિની ક્રિયા પ્રાણવાયુ કરે છે

ઉદાનવાયુ :—બોલવાની, ઉચ્છ્વાસ (શ્વાસ બહાર કાઢવાની) ક્રિયા ઉદાન વાયુ કરે છે.

અપાનવાયુ :—શુક્ર, મૂત્ર, પુરીષ, આર્તવ, અને ગર્ભને શરીરમાંથી યોગ્ય સમયે બહાર કાઢવાની ક્રિયા કરે છે.

સમાનવાયુ :—નાભીની આસપાસ રહીને ખાધેલા ખોરાકનું વિભાજન કરે છે.

અને આહાર રસનું શોષણ કરે છે. પાશ્ચાત્યો આ જગ્યાને solor plexusથી ઓળખે છે. સમાનવાયુ આહાર—રસ, મૂત્ર અને પુરીષને જુદાં પાડે છે.

વ્યાનવાયુઃ—ચામડીનો સ્પર્શ, શીત, ઉષ્ણની ખબર પડે છે.

પણ આ વાયુઓ જ્યારે પ્રકુપિત થાય છે ત્યારે પોતાનાં સ્વાભાવિક કર્મોને છોડી દઈને શરીરને રોગગ્રસ્ત બનાવે છે.

વાયુની સાધારણ ગતિને અનુલોમન ગતિ કહેવામાં આવે છે. અને વિરુદ્ધ ગતિને પ્રતિલોમ ગતિ કહેવામાં આવે છે. વાયુની અનુલોમ ગતિ હોય ત્યાં સુધી શરીરની ક્રિયાઓ બરાબર ચાલે છે જ્યારે પ્રતિલોમ ગતિ થાય ત્યારે જ રોગ થાય છે. દરેક સ્થાનના વાયુની અનુલોમન અને પ્રતિલોમન ગતિ જુદી જુદી હોય છે. જેમકે અપાનવાયુની અનુલોમન ગતિ નીચેની તરફ એટલે કે ગુદદ્વાર તરફની કહેવાય છે જ્યારે ઉદાનવાયુની અનુલોમન ગતિ ઉપરની તરફની કહેવાય છે. અને તેનાથી વિરુદ્ધ ગતિને પ્રતિલોમ ગતિ કહેવાય છે.

પ્રાકૃત વાયુ આપણી આંખે દેખી શકાતો નથી. એનાં કાર્ય ઉપરથી એનું રૂપ, ગુણ અને અસ્તિત્વ આપણે સમજી શકીએ છીએ. ઉચ્છ્વાસમાં, ગુદદ્વારથી કે ઓડકારથી જે વાયુ આપણે બહાર કાઢીએ છીએ તે વાયુ તો મૂળ વાયુનું વિકારીક સ્વરૂપ છે.

આટલી ચર્ચા પછી ગેસ પેટમાં શાથી ઉત્પન્ન થાય છે તેનાં કારણો જોઈશું.

रूक्षान्न पानैरति सेवितैर्वा, शोकेन मिथ्या प्रतिकर्मणा वा ।
विचेष्टितैर्वा विषमति मात्रैः कोष्ठप्रकोप समुपैति वायुः ॥

રૂક્ષ અન્નપાનનું અતિ સેવન કરવાથી; અતિ શોકથી, મિથ્યા વિરુદ્ધ કર્મ કરવાથી, વિષમાશનથી, અયોગ્ય રીતે રાંધેલા ખોરાકથી, બહુ ઝાડા થઈ જવાથી, બહુ કબજિયાત થઈ જવાથી, વેગોનો અવરોધ કરવાથી, બાહ્ય અભિઘાત થવાથી વગેરે કારણોથી કોઠમાં રહેલો વાયુ પ્રકોપ પામે છે.

અને આવાં કારણોથી પ્રકોપેલો વાયુ પોતાનું સ્વાભાવિક કર્મ (અનુલોમન ગતિ) છોડી દઈને પ્રતિલોમ ગતિવાળો થાય છે. તેનાં લક્ષણોની ચર્ચા પછીથી કરીશું. ઉપર કહેલાં કારણોની હવે વિગતવાર ચર્ચા કરીએ.

(૧) રૂક્ષ–અન્નપાન (un-nourished diet)—પૌષ્ટિક તત્ત્વો વગરનો ખોરાક. જે ખોરાકમાં, અનાજમાં તેમજ પેય પ્રવાહી પીણાં વગેરેમાં સ્નેહન—ચીકાશ (fat)નું કોઈ પણ તત્ત્વ ન હોય તે ખોરાકને રૂક્ષ કહેવામાં આવે છે. વાયુનો સ્વાભાવિક ગુણ પણ રૂક્ષ છે. અને તેથી સમાન ગુણવાળાં દ્રવ્યો મળવાથી વાયુનો પ્રકોપ થાય છે. હાલનું તત્ત્વ વગરનું અનાજ, ચરબી કાઢી નાખેલું દૂધ, ઠંડાં પીણાં, દ્વિદળ વનસ્પતિ, કઠોળ વગેરેનો તથા કૂરાળનાં મોરીયો, રાજગરો વગેરેનો રૂક્ષાન્નપાનમાં સમાવેશ થાય છે.

रूक्षःशीत लघुसूक्ष्मचलोऽथविशदः खरः ।
विपरीतः गुणैर्द्रव्यं मारुतः संप्रशाम्यति ॥

વાયુના સ્વાભાવિક ગુણોને રૂક્ષ, શીત, લઘુ, સૂક્ષ્મ, ચલ, વિશદ અને ખર–એટલા ગુણો વાયુના છે. તેનાથી વિપરીત ગુણધર્મવાળા દ્રવ્યોનો ઉપયોગ થાય તો વાયુનું શમન થાય છે.

(૨) અતિશોકઃ—અતિશય શોક કરવાથી શરીરમાં રસનું રક્તાભિસરણ મંદ થઈ

જાય છે. પરિણામે જઠર રસોની ઉત્પત્તિ બરાબર થતી નથી * મંદજઠરાગ્નિ થવાથી (ગેસનું દરદ) વાયુનો પ્રકોપ થાય છે.

(૩) મિથ્યા વિરુદ્ધકર્મ:—(Improper and Irregular Diet) શરીરની પ્રકૃતિને માફક આવે તેવો ખોરાક ન બનાવેલો હોય તેમજ ખોરાક બનાવવાની પદ્ધતિમાં વિરુદ્ધ ગુણો ઉત્પન્ન થતા હોય તેમ જ જે વખતે જે ઋતુમાં જેવો ખોરાક ખાવો જોઈએ તેવો ખોરાક ખાવામાં ન આવે અને સ્વેચ્છાએ જે ખોરાક લેવામાં આવે તે કર્મને મિથ્યા વિરુદ્ધકર્મ કહે છે, અને તેથી પણ કોષ્ઠમાં વાયુ પ્રકોપ પામે છે.

(૪) વિષમાશનઃ—बहुस्तोक अकाले च भुक्तनद् विषमाशनम्। અનિયમિત રીતે વારંવાર વધતું ઓછું ખાવામાં આવે તેને વિષમાશન કહેવામાં આવે છે. અને તે પ્રમાણે ખોરાક લેવાથી જઠર રસોનું કાર્ય નિયમિત થઈ શકતું નથી. ખોરાકનું પાચન પણ બરાબર થઈ શકતું નથી અને પરિણામે અજીર્ણ થઇને વાયુનો પ્રકોપ થાય છે.

(૫) અયોગ્ય રીતે રાંધેલા ખોરાકથીઃ—શરીરમાં ખોરાક જલદીથી પચી શકે તેટલાં કારણથી જ તેને રાંધવામાં આવે છે. રાંધવાથી ખોરાક હલકો (soft) બને છે અને તે જલદી પચી શકે છે. તળેલાં કરતાં શેકેલો ખોરાક પચવામાં હલકો છે અને શેકેલાં કરતાં બાફેલો ખોરાક પચવામાં વધારે હલકો છે. પરંતુ કેટલાંકને સ્વાદેન્દ્રીયની અતિલોલુપતાનાં કારણે તળેલા ખોરાકો જ વધારે ભાવે છે જેનું પાચન હોજરી બરાબર કરી શકતી નથી અને તેથી મંદજઠરાગ્નિનાં કારણે પણ વાયુનો પ્રકોપ થાય છે.

(૬) બહુ અતિસાર થવાથીઃ—બહુ ઝાડા થઇ જવાથી અપાન વાયુનું કાર્ય બહુ પ્રવૃત્તિશીલ બની ગયું હોય છે, અને તેથી અપાન વાયુનાં જ્ઞાનતંતુઓની વધુ પ્રમાણમાં ઉત્તેજના થવાથી પણ પેટમાં ગેસ થાય છે. પેટમાં ગુડ ગુડ જેવા શબ્દો બોલે છે અને તેમાં પણ ખાવામાં જો ધ્યાન ન રાખે તો તે મંદજઠરાગ્નિવાળાને દુષીત થયેલો અગ્નિ ગ્રહણીને પણ દુષીત કરે છે એટલે કે સંગ્રહણીનો રોગ થાય છે. જુઓ.

अतिसारे निवृत्तोऽपि मंदाग्नेरहिताशना। भूयः संदुषितोवह्निः ग्रहणिं अपि दुष्यते॥—માધવનિદાન.

(૭) અતિશય કબજિયાતથીઃ—આપણા શરીરમાં મળ એક વખત ઉત્પન્ન થયો એટલે તે અવશ્ય બહાર નીકળવો જ જોઈએ. અને તે જો યોગ્ય સમયે બહાર ન નીકળે તો તે આંતરડાંમાં પડ્યો પડ્યો સડે છે અને સડવાથી તેમાં Indol અને scatol નામનાં દુર્ગંધી તત્ત્વો ઉત્પન્ન થાય છે. વળી મળ વધુ પ્રમાણમાં વધુ વખત આંતરડામાં રહે તો પણ એક જાતનું Toxins પેદા થાય છે જે રક્તવાહિનીઓ મારફતે ચુસાઇને આખા શરીરમાં જ્યાં જ્યાં જાય છે ત્યાં રોગ ઉત્પન્ન કરે છે. જ્વર, દાહ, વિસર્પ, ગુમગુમડાં, ખસ, ખરજવા તે બધાં આનું જ કારણ હોય છે.

આ પ્રમાણે અતિશય કબજિયાત થવાથી અપાન વાયુની અનુલોમન ગતિને પણ વાંધો આવે છે પરિણામે તેની પ્રતિલોમન ગતિ થાય છે. જેથી ખાટા ઓડકાર, શ્વાસ, હાસ, હેડકી વગેરે થાય છે. આ બધું થવાનું મૂળ કારણ પણ ગેસ જ છે.

---

* મંદજઠરાગ્નિ થવામાં માનસિક કારણો મુખ્ય છે. ઇર્ષ્યા, ભય, શોક, લોભ વગેરે માનસિક પરિતાપથી અન્નનું પાચન બરાબર થતું નથી.—માધવનિદાન

(૮) વેગાવરોધઃ—શરીરની કુદરતી હાજતો કુલ ચૌદ પ્રકારની ગણાવેલી છે. તેમાં પણ મળ, મૂત્ર અને શુક્રની કુદરતી હાજતો મુખ્ય છે. આ મળમૂત્રનાં કુદરતી વેગોને રોકવાથી પેટમાં શૂળ, આફરો, હૃદયની ગભરામણ, માથાનો દુખાવો વગેરે થાય છે. અને તે બધાંનું કારણ પણ દુષ્ટ વાયુ જ છે. આ પ્રમાણે વેગરોધથી પણ પેટમાં ગેસ થાય છે.

(૯) બાહ્યાભિઘાત (External Trauma or Injury):—બહારથી માર પડવાથી કે વાગવાથી કે શસ્ત્રકર્મથી (પેટ ઉપરનાં) પણ વાયુનો પ્રકોપ થાય છે. આંતરડાની ગતિમાં અવરોધ થાય છે અને તેથી પણ ગેસ થાય છે.

આધુનિક દૃષ્ટિએ બીજાં કારણો પૈકી દાંતનો પાયોરિયા એ પણ પેટમાં ગેસ થવાનું કારણ ગણી શકાય. દાંતની રસી પેટમાં જવાથી મંદજઠરાગ્નિ થાય છે. આમવાત, હૃદ્રોગ અને આધ્માન (ગેસ) થવાનું પણ તે જ કારણ હોય છે.

સામાન્ય લક્ષણોઃ—અરુચિ, ઝાડો તથા પિશાબ થતાં કષ્ટ થાય. આંતરડામાં વાયુ વધવાથી ગુડગુડાટ જેવો અવાજ થાય. કબજિયાત, તે ઉપરાંત ઉદાવર્તનાં બધાં લક્ષણો થાય છે. વારંવાર ઓડકાર આવે, પેટ ફુલેલું રહે એ મુખ્ય લક્ષણ છે.

ઉદાવર્તનાં લક્ષણોઃ—હૃદયમાં અને પેડુમાં શૂળ (દુખાવો) થાય. હૃદય ઉપર ગેસનું દબાણ થવાથી હૃદયમાં બેચેની લાગે, અને શ્વાસ, કાસ, પ્રતિશ્યાય (સળેખમ), શરીરે દાહ, મોહ, તૃષ્ણા, જ્વર, ઉલટી, હેડકી અને શિરોભ્રમ (ચકરી), મગજનાં દરદો (બ્લડપ્રેશર વગેરે વગેરે) રોગો આ પેટમાં ગેસ થવાનાં કારણો થાય છે. આ બધાં વિકારો વાત પ્રકોપજન્ય છે.

ગેસ થવા પૂર્વેનાં પૂર્વ રૂપોઃ—ઓડકાર પુષ્કળ આવે, કબજિયાત, ખાધું ન હોય છતાં ધરાયેલાં જેવું લાગે, આંતરડામાં ગુડગુડાટ, આફરો ચડવો અને તેને લીધે પેટમાં ગેસનું ચારે બાજુ ફરવું. ખોરાક પચવવામાં તદ્દન અશક્તિ વગેરે ચિન્હો થાય છે.

અસાધ્ય લક્ષણો તથા ઉપદ્રવોઃ—તૃષ્ણા, અર્દીત, (આડદીઓ વા), શૂલ (Intestinal coli, Acute Abdomen), ઉલટીમાં ઝાડાની ઉલટી વગેરે લક્ષણોવાળું દરદ અસાધ્ય બને છે.

ચિકિત્સાઃ—બધી જાતના ગેસનાં દરદોમાં વાયુની જ ચિકિત્સા મુખ્ય છે. પ્રતિલોમ થયેલા વાયુનું અનુલોમન કરવું એ જ મુખ્ય ક્રિયા છે. જે કારણથી રોગ ઉત્પન્ન થયો હોય તે કારણ પ્રથમ દૂર કરવું. પ્રથમ સ્નેહપાન કરાવી, સ્વેદન કરાવી, આસ્થાપન બસ્તિ આપવી. મળાવરોધ પુષ્કળ પ્રમાણમાં હોય તો સાથે કબજિયાત દૂર થાય તેવા ઉપાયો પણ અવશ્ય કરવા. લંઘન કરાવવું. જઠરાગ્નિને વધારે (દીપન) તેનાં સ્નિગ્ધ અને ઉષ્ણ દ્રવ્યોથી વાયુનું અનુલોમન કરવું. વાયુ શાંત થશે એટલે તેને લીધે બીજા વધેલા ઉપદ્રવો પણ શાંત થશે.

(૧) હીમજી હરડેને દિવેલમાં તળીને તેનું ચૂર્ણ કરી તેમાં સિંધવ મેળવી સવારમાં તથા સાંજે ગરમ પાણી સાથે તો ન લેવાથી ગેસનું દરદ મટે છે.

(૨) દૂધમાં એરંડતેલ દરરોજ પીવાથી પણ મટે છે.

(૩) કાંદા (ડુંગળી), લસણનાં સેવનથી પણ મટે છે.

લશુનાદિવટીઃ—પાચન, દીપન, વાતહર છે. આ ગોળી પાચનશક્તિને મદદ કરે છે. અપચામાં, અરુચિમાં, પેટના પવનમાં, પેટના શૂળમાં, આફરામાં અને પેટનાં બીજાં દરદોમાં ઉપયોગી છે.

માત્રાઃ—૧ થી ૪ ગોળી પાણી સાથે જરૂર લાગે ત્યારે લેવી.

હિરુત્તર હિંગ્વાદિ ચૂર્ણ:—વાતહર, દીપન અને દોષઘ્ન છે. આ ચૂર્ણ આફરામાં, હિસ્ટીરિયામાં, પેટના પવનમાં અને મંદાગ્નિમાં ઉપયોગી છે.

માત્રાઃ—૧૦ થી ૩૦ રતિ. દિવસમાં બે વખત પાણી સાથે લેવું.

શિવાક્ષાર પાચનચૂર્ણ:—મૃદુ વિરેચન, ગ્રાહી, દોષઘ્ન અને વાતહર છે. અજીર્ણ, અપચો, કાચા ઝાડા, તથા પેટમાં થતો ગેસ, આધ્માનમાં ખાસ ઉપયોગી છે.

માત્રા :–૦। થી ૧ તોલો. દિવસમાં ત્રણ વખત લેવું.

ગુલ્મ કાલાતલ રસ:—બલ્ય, પાચન, વિષમઘ્ન અને દોષઘ્ન છે. પેટનાં દરદો માટે ખાસ ઉપયોગી છે. આંતરડાને બળ આપે છે. પેટમાં પવનવાળા ઝાડાને બંધ કરે છે. તથા પેટમાં વાયુનો ગોળો થઈને ચઢી આવતો હોય તો ખાસ ઉપયોગી છે. માત્રા ૧ થી ૪ ગોળી સવારમાં પાણી સાથે અથવા હરડેનું ચૂર્ણ તો ૦। થી ૦॥ દૂધ સાથે લેવું.

કુમાર્યાસવ:—દીપન, મૃદુ વિરેચક અને દોષઘ્ન છે. ઉધરસમાં, દમમાં, અર્શમાં, પેટના શૂળમાં, ગેસમાં, આફરામાં અને જૂની કબજિયાતમાં આ આસવ ઉપયોગી છે.

માત્રાઃ—૦॥ થી ૨ તોલા જમ્યા પછી દિવસમાં બે વખત લેવો.

ફલવર્તી (Suppository).—(૧) હિંગ, સિંધવ, અને મધની એક સોગટી બનાવી તેને ગુદામાં ચઢાવી દેવી. આથી ઉદાવર્તનાં બધાં રોગો દૂર થાય છે. પેટમાંથી ગેસ ઓછો થઈ જાય છે. (૨) ઘરનો ધુમાડો, પીપર, મીંઢળ, સરસવ ને ગોમૂત્રમાં વાટી ગોળ મેળવી વર્તી બનાવવી અને તે ગુદામાં ચઢાવી દેવી.

પ્રલેપ:—રાફડાની માટી, કરંજનો છાલ, મૂળ, પાંતરાં વગેરેનો રસ કાઢી પેટ પર લગાવવો. ગોમૂત્રનો લેપ કરવો. કાંદાનો રસ કાઢી પેટ પર ચોપડવો, ટર્પીનટાઈન તેલ પેટ પર ચોપડવું વગેરે ક્રિયા કરવાથી પેટમાંથી ગેસ ઓછો થાય છે.

પથ્યાપથ્ય:—કબજિયાત કરે તેવો, ભારે, ખોરાક ખાવો નહીં. કઠોળ ખાવું નહીં. રાત્રે વધારે ખાવું નહીં. કુદરતી હાજતોને રોકવી નહીં. શીંબીધાન્ય (કઠોળ), શુકધાન્ય (કોદરી વગેરે), જવ, માછલાં વગેરે વાયુ ઉત્પન્ન કરે તેવો ખોરાક ખાવો નહીં.

પથ્યઃ—છાશ પીવી. છાશમાં પીપર કે પીપરામૂળનું ચૂર્ણ નાંખીને પીવી. વાયુને અનુલોમન કરે તેવો ખોરાક, લસણ, કાંદા વગેરેનું સેવન કરવું. સરગવા (શેગટા)નું શાક ખાવું. બને તેટલું ઓછું ખાવું. અપવાસ કરવા.

●

ચૂંટેલાં અને વીણેલાં

[આયુર્વેદની કણિકાઓ]

પ્રફુલ્લભાઈ બા. વધ

આયુર્વેદ—હજારો વર્ષજૂનો આયુર્વેદ! પરંતુ આજે હજારો વર્ષ બાદ પણ એમાં શું છે એ જાણવાનું આપણને મન થાય છે. અને ડુબકી મારતાં કંઇક ને કંઈક નવીન મળી રહે છે. કેટલાક કહે છે કે એ સનાતન છે અને વાત ખરી પણ છે કે એની ચિકિત્સા, એની દૃષ્ટિ, એનાં ઔષધો આજે પણ એટલા જ કામિયાબ નીવડે છે. અને એ દૃષ્ટિએ આપણને કદાચ નવીન ન મળે તો પણ આપણે ઘણી વસ્તુ ભૂલી ગયા છીએ, વાપરતા બંધ થયા છીએ, ધ્યાન ઓછું થયું છે; તો એ ભુલાયેલાને કંઈક નવીન દૃષ્ટિથી આજે આપણે જોઇશું. આજે અહીં એવા ત્રણ પ્રયોગો રજુ કર્યા છે.

(૧) ગરમ પાણી : (૨) કંદર્પવર્ધન યોગ : (૩) પરમૌષધ.

૧ ગરમ પાણી:—'નેચરોપથી' આજે ઠીકઠીક જામતી જાય છે. પરંતુ એક દાખલાએ ગરમ પાણી ઉપરની મારી શ્રદ્ધા ખૂબ ખૂબ વધારી મૂકી.

મારી બ્હેનના બાબાને (ઉ. બે માસ) ખૂબ જ સખત કબજિયાત રહેતી હતી. ઘરગથ્થુ ઉપચારો અજમાવ્યા, કેટલીક પેટંટ દવાઓ પણ વાપરી જોઇ, પણ ખાસ પરિણામ કંઇ નહીં. ત્રણ-ત્રણ દિવસે પણ જુલાબ ન થાય, આંગળી ઘાલીને જુલાબ કરાવવો પડે અને દરેક વખતે કઠણ ઝાડાના ઘસારાને લઈને સહેજસાજ લોહી નીકળે. અચાનક એને યાદ આવ્યું કે મેં એને એક વાર વાતમાં ને વાતમાં કહ્યું હતું કે "નાનાં બાળકોના પચોતેર ટકા જેટલા રોગો ફક્ત ગરમ પાણીથી મટી જાય છે અને તેમાંય ખાસ કરીને શરદી, અપચો (તેની થૂંકને કારણે રડવાનું) અને બંધકોષ તો ખાસ. કોઈ દવા કામ ન કરે તે એ ઘણી વાર કરી જાય છે." અને એણે એ પ્રયોગ શરૂ કર્યો. દૂધની બાટલી (ફીડીંગ બોટલ) બરોબર અડધોઅડધ ગરમ પાણીથી ભરીને દિવસમાં એક વાર આપવાનું શરૂ કર્યું. પરિણામ આશ્ચર્યજનક આવ્યું. પહેલે જ દિવસે આજ દિન પર્યંત નહોતો થયો એવો સરસ જુલાબ થયો. અને આ પ્રયોગથી બાબાની હંમેશની તકલીફ દૂર થઈ.

એકાદ વર્ષ બાદ એને પરદેશ (ઇગ્લંડ-અમેરિકા) જવાનું થયું. ત્યાં એણે જોયું કે પરદેશમાં દરેક ધાવણા બાળકને દરરોજ ગરમ પાણી આપવાનો ચાલ જ છે. એક ટંક જેટલું દૂધ પીતું હોય તેટલું ભરીને હંમેશા આપી દેવામાં આવે છે. લગભગ દરેક ઘરમાં આ રિવાજ એના જોવામાં આવ્યો.

'કાશ્યપસંહિતા'માં કહ્યું છે કે "ગરમ પાણી બાળકોના સર્વ દોષ હરનાર છે. અને ખાસ કરીને વાત અને કફના વિકારોમાં બાળકને કે એની માતાને ખાસ પથ્ય છે."

નાનાં મોટાં સૌ કોઈ એનો ઉપયોગ કરી શકે છે પરંતુ નાનાં બાળકો કે જેમને શરદી, ખાંસી, અપચો, બંધકોષ, ચૂંક આઈખાઈને રડવું, અનિદ્રા, વગેરે અવારનવાર રહેતા હોય તેમને માટે આનાથી સારું ઔષધ બીજું એકે નથી. બાળકોના આ દૈનંદિન વિકારો અને

એમાં સામાન્ય દવાઓ જોડે હંમેશાં અનુપાન તરીકે ગરમ પાણી આપીએ છીએ. તથા વારંવાર — વખત કવખતે દૂધ આપવાની જે ટેવ હોય છે તે માટે દવાની ઉપર ગરમ પાણી આપ્યા બાદ બે કલાક સુધી કંઈ પણ ન આપવું એમ દવાની પરેજીમાં આપીએ છીએ.

મોટેરાંઓના બંધકોષ, અપચો, ગેસ, હંમેશની શરદી, વગેરે સામાન્ય ફરિયાદો માટે પણ આ પ્રયોગ શ્રદ્ધાપૂર્વક અજમાવવામાં આવે તો સુંદર ફાયદો દેખાશે.

કંદર્પવર્ધન યોગ:—(નિત્ય રસાયણ પ્રયોગ):—આજે આ જાતની દવાની સમાજમાં ખૂબ ભૂખ છે અને દવાખાનાઓમાં આ માંગ હંમેશા વધતી જ રહી છે. આયુર્વેદમાં શું કે એલોપથીમાં શું આના માટે ઘણી દવાઓ છે. પરંતુ 'વૈદ્યજીવન'માં લોલિંબરાજ કહે છે કે—

> सौभाग्य पुष्टि बल शुक्र विवर्धनानि ।
> किं सन्ति नो भुवि बहूनि रसायनानि ॥
> कन्दर्प वर्धिनी परन्तु सिताज्ययुक्ती ।
> दुग्धा दते न मम कोऽपि मतः प्रयोग ॥

અર્થાત્—સૌભાગ્ય, પુષ્ટિ, બલ અને વીર્યનું વર્ધન કરનાર ઘણા ઔષધો પૃથ્વીમાં છે પરંતુ મારા મત પ્રમાણે કામદેવને વધારનાર ઘી સાકર ને દૂધના પ્રયોગથી બીજું કંઈ જ ઉત્તમ નથી.

એટલે કે દૂધમાં સાકર નાંખીને અંદર યથાશક્તિ ઘી નાંખીને પીવાનો દરરોજ મહાવરો રાખવો. આ પ્રયોગથી તમને આજે ને આજે ફાયદો નહીં દેખાય પણ થોડા વખતે સુંદર અસરો જોઈ શકશો.

આયુર્વેદમાં 'ઘૃતપાન' ઉપર ખૂબ જ ભાર મૂકયો છે. ખાવા ઉપર નહિ પણ પીવા ઉપર. આયુર્વેદમાં રોગોનાં કારણ રૂપ ત્રણ દોષ છે: વાત, પિત્ત અને કફ. અને એ ત્રણના રોગોના ઉપચાર માટે ત્રણ અમોઘ ઔષધો એણે ખૂબ છૂટથી વાપર્યાં છે અને તે છે તેલ, ઘી અને મધ (અનુક્રમે) જુઓ:—

> शरीरजानां दोषाणां क्रमेण परमौषधम् ।
> बस्तिर्विरेको वमनं तथा तैलं घृतं मधु ॥ (અષ્ટાંગ હૃદય)

અર્થાત્ શરીરસ્થ વાત, પિત્ત અને કફ એ ત્રણ દોષોનું શોધન બસ્તિ, વિરેચન અને વમનથી થાય છે તથા એ ત્રણ દોષોનું શમન તેલ, ઘી અને મધથી થાય છે. અને આ ત્રણ ઔષધો માટે એણે શબ્દ વાપર્યો છે: "પરમૌષધ". ઘૃતપાન ઉપર આયુર્વેદે ખૂબ જ ભાર મૂકયો છે અને એના ગુણો પણ એવા જ ઉત્તમ વર્ણવ્યા છે.

> स्नेहानां उत्तमं शीतं वयसः स्थापनं परम् ।
> सहस्रवीर्यं विधिभिर्घृतं कर्म सहस्रकृत् ॥
>
> (અષ્ટાંગ હૃદય)

ઘી સર્વસ્નેહોમાં ઉત્તમ છે અને પરમ વયસ્થાપન. છે (વયઃસ્થાપન એટલે એવું દ્રવ્ય જે વયને—લાંબો વખત ચિરકાળ ટકાવી રાખે. અર્થાત્ યુવાની લાંબો વખત ટકાવી

રાખે અને શરીરની સર્વ ઇન્દ્રિયોની શક્તિ લાંબો વખત અવિકલ રાખે) સહસ્રવીર્ય છે અર્થાત્ ખૂબ જ બળને આપનાર છે અને વિધિપૂર્વકના ઘૃતપાન અસંખ્ય કર્મોના કરનાર છે.

ચરક ઘીને માટે લખે છે :—

वातपित्त प्रकृतयः वातपित्त विकारिणः।
चक्षुःकामाः क्षताः क्षीणाः वृद्धा बालास्तथाऽबलाः॥
आयुः प्रकर्ष कामाश्च बलवर्ण स्वरार्थिनः।
पुष्टिकामाः प्रजाकामाः सौकुमार्यार्थिनश्च ये॥
दीप्त्यौजः स्मृति मेधाग्नि बुद्धीन्द्रिय बलार्थिनः।
पिबेयुः सर्पिरार्ताश्च दाहशस्त्र विषाग्निभिः॥

(ચરક સંહિતા)

અર્થાત્—વાયુ અને પિત્તપ્રકૃતિવાળાઓ માટે, આંખનું આરોગ્ય ઇચ્છનાર માટે, શરીરમાં ક્ષત–ઘા પડેલા માટે, સુકલકડી સ્ત્રી પુરુષો માટે, વૃદ્ધ, બાળક તથા અશક્તો માટે, લાંબા આયુષ્યની ઇચ્છા રાખનારે, બલ, વર્ણ અને સ્વરની ઇચ્છા રાખનારે, પુષ્ટિની ઇચ્છા રાખનારે, પ્રજાની ઇચ્છા રાખનારે, સુકુમારતા, કાંતિ, ઓજ, સ્મૃતિ, મેધા, પ્રબળ જઠરાગ્નિ અને બુદ્ધિ તથા ઇંદ્રિયોના બલની ખેવના જેઓને હોય તેવાઓએ ઘૃતપાન કરવું.

ઘી ખાતા તો ઘણા હશે પરંતુ અહીંયા જે કંઈ ઉપદેશ છે તે ઘૃતપાન માટે છે.

આયુર્વેદમાં જેમણે આંખની હંમેશાં રક્ષા કરવી છે તેવાઓને માટે જે કંઈ નીતિ-નિયમો સૂચવ્યા છે તેમાં ઘૃતપાન પર ખૂબ જ ભાર મૂકયો છે. પગે ઘીનું મર્દન પણ અગત્યનો ભાગ ભજવે છે.

પગને અને આંખને શો સંબંધ છે તે આયુર્વેદે કહ્યો નથી પરંતુ આંખના ઉપચારોમાં પગના તળિયા ઉપર ઘૃતમર્દન તથા પગની પૂજા શબ્દ વાપરીને પોતાની 'આર્યદૃષ્ટિ'નો પરિચય આપ્યો છે.

ઘી, તેલ, મધને 'પરમૌષધ' નામ આપીને એ દૃષ્ટિ સાર્થ છે એમ વધુ પુરાવો આપ્યો છે. ઘી તેલ મધનું મિશ્રણ (મધ–૨, ઘી–૧ ને તેલ–૧) (બરોબર ફીણવાથી આનો આછો ગુલાબી જેવો કલ્પ તૈયાર થશે) કરી દરરોજ સવારે ૦॥ થી ૧ તોલો જેટલું સવારે દૂધમાં પીવું. આ કલ્પ ટૉનિકનું કામ કરશે. હમણાં જ 'સચિત્ર આયુર્વેદ'માં વૈદ્ય મિન્દુ માધવ પંડિતે 'પરમૌષધ' માટે ખૂબ જ મનનીય વિચારો રજુ કર્યા છે. એમાં એમણે કહ્યું છે : "છેલ્લાં બે વર્ષમાં મેં ઘણાં સ્ત્રીપુરુષોને આ પ્રયોગો કરાવ્યા છે. મારા મિત્રોએ પણ આ પ્રયોગના સરસ અનુભવો નોંધેલા છે. સુતિકાઓ માટે, નવજાત બાળકો માટે, પ્રસવ પછી, બાળકોના ટૉનિક તરીકે આ કોઈ પણ ટૉનિક કરતાં અધિક સુંદર કામ કરે છે."

આ 'પરમૌષધ'નો ખૂબ જ પ્રચાર થાવ એ જ ઇચ્છા.

આયુર્વેદમાં આવા—ગરમ પાણી, કંદર્પવર્ધન યોગ (કે નિત્ય રસાયણ પ્રયોગ), પરમૌષધ—ઘણા પ્રયોગો જનતા સમક્ષ ચૂંટીચૂંટીને મૂકી શકાય તેમ છે. આયુર્વેદને જે સાગરની ઉપમા–આયુર્વેદ મહાઔષધિ–આપી છે તે ખરેખર સાર્થ છે.

★




વર્ષ ૩૪
અંક ૯

સં. ૨૦
અષા

આદ્યતંત્રી
સ્વ૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક

સંપાદક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી


Arvind
QUALITY FABRICS
'SANFORIZED'
REGISTERED TRADE MARK
of CLUETT PEABODY & CO INC USA
શર્ટીંગ્સ
પોપ્લીન્સ,
કોટીંગ્સ અને
વિવિધરંગી
છીંટો
અરવિંદ મીલ્સ લી.
અમદાવાદ-૨
REGISTERED USER OF THE TRADE MARK 'SANFORIZED'

ॐ પ્રસ્થાન ॐ

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૬૮ અષાડ : ૨૦૧૫ અંક ૩

ભારતનું મૂર્તિવિધાન, ઉદ્ભવ અને વિકાસ

રસિકલાલ છો. પરીખ

ભાવોને મૂર્ત કરવા એ કલા માત્રનું લક્ષણ છે, અને એ રીતે બધી કલાઓને ભાવોનું મૂર્તિવિધાન કહી શકાય. પણ એમ કહેવાનો પ્રઘાત નથી. ભાવોને મૂર્ત કરવા માણસ જે સાધનો વાપરે છે તે ઉપરથી કલાઓને જુદાં જુદાં નામો આપવાની પ્રથા રૂઢ થઈ છે; જેમકે સ્વરને સાધન બનાવતી કલા તે ગીત–વાદ્ય, રેખા અને રંગ, ચિત્ર, શબ્દ, કાવ્ય, અંગના ગતિ સ્થિતિ–નૃત્ય, તેમ સ્થૂલ દ્રવ્યોને ઘાટ આપી ભાવોને મૂર્ત કરવાની કલા તે મૂર્તિકલા કે મૂર્તિસંવિધાન.

ગ્રીસનો પ્રાચીન ફિલસૂફ ઍરિસ્ટોટલ 'મિમેસિસ' અર્થાત્ 'અનુકરણ'ને કલાલક્ષણ ગણે છે. પણ બધી કલાઓ માટે 'અનુકરણ' બંધ બેસે નહિ; જેમકે 'ઘડો' શબ્દ ઘડાનું અનુકરણ નથી. અને તેથી શબ્દને સાધન તરીકે વાપરતી કાવ્યકલાને અનુકરણ ન કહી શકાય. એટલે ઍરિસ્ટોટલ—પણ ખાસ તો એના વ્યાખ્યાકારો 'અનુકરણ'નો અર્થવિસ્તાર કરી વસ્તુઓને નિર્દિષ્ટ કરતા 'સંકેત'ને પણ અનુકરણમાં સમાવી લે છે. આમ 'અનુકરણ'ને વ્યાપક કલાલક્ષણ તરીકે લેવામાં મુશ્કેલી હોવા છતાં ઍરિસ્ટોટલ માટે એ સમજાય એવું છે. 'સ્કલ્પચર' એ પ્રાચીન ગ્રીસની કલાક્ષેત્રમાં ઉત્તમોત્તમ સિદ્ધિ અને તેથી તેનો ફિલસૂફ કલા માત્રનું લક્ષણ 'મિમેસિસ' ગણે એ એને માટે અનિવાર્ય હતું; કારણ કે સ્કલ્પચર કે મૂર્તિવિધાન એ અનુકરણ દ્વારા જ ભાવોને મૂર્ત કરે છે. અર્થાત્ સ્થૂલ દ્રવ્યોને અનુકરણાત્મક ઘાટ આપતી કલા એ મૂર્તિકલા કે મૂર્તિસંવિધાન.

જગતના સ્થાવર અને જંગમ, અજીવ અને સજીવ પદાર્થો—પર્વત, નદી, વૃક્ષ, વેલી, પશુ, માણસ આદિ પદાર્થો—જેમને લંબાઈ, પહોળાઈ અને પરિમાણ છે એવા પદાર્થોના પરિમાણોનું અનુકરણ માણસ ક્યારથી કરતો આવ્યો એની કાલગણના થઈ શકે એમ નથી. અનુકરણ વૃત્તિ અને શક્તિ એ મનુષ્યપ્રાણિનું ઇલાયદું નહિ તો પણ વિશિષ્ટ લક્ષણ ગણાયું છે. 'અનુકરણ' એની પ્રગતિનું મોટામાં મોટું નિમિત્ત બન્યું છે. એ એના શિક્ષણનું, આનંદનું અને એની સ્મૃતિ સાચવવાનું સાધન છે. સ્મૃતિ સાચવવાની આ વૃત્ત એ મૂર્તિ-સંવિધાનની મોટામાં મોટી પ્રેરણા બની છે, આની સાથે જ એની પૂજા પણ સંકળાયેલી છે, અને એનો આનંદ પણ. એટલે જ્યારે માણસમાં પરંપરાબદ્ધ જીવન શરૂ થયું ત્યારે મૂર્તિ-સંવિધાન પણ શરૂ થયું, એક રીતે સ્મૃતિરૂપ પરંપરાનું એ સંરક્ષક બળ બની પરંપરા શક્ય બનાવી. અર્થાત્ કે જેને વિદ્વાનો પ્રાગૈતિહાસિક કાલ—સહસ્ર દશકાઓ પૂર્વેથી ચાલ્યો આવતો કાલ—કહે છે એ યુગોથી મૂર્તિકલા શરૂ થઈ હશે.

લંબાઈ, પહોળાઈ ઇત્યાદિ પરિમાણોનું અનુકરણ કરવા જેમાં આવાં પરિમાણો મૂકી શકાય એવાં દ્રવ્યો કુદરતે માણસની પાસે જ રાખ્યાં હતાં. માટી, લાકડું, અને પોચો પથ્થર તો તેની પાસે હતાં. ધાતુઓની શોધ થઈ અને એના ઢાળા પાડતાં આવડ્યાં એટલે એ પણ

સાધન વધ્યું; એમ કુદરતે અને વિજ્ઞાને ઘાટ આપી શકાય એવાં દ્રવ્યો સુલભ કર્યાં તે બધાંનો માણસે મૂર્તિસંવિધાન માટે ઉપયોગ કર્યો.

આ બાબતો ધ્યાનમાં રાખી ભારતની મૂર્તિકલાનો ઉદ્ભવ અને વિકાસ વિચારીએ તો સૌ પ્રથમ કહેવું જોઈએ કે ઉદ્ભવ તો ભારતીય માણસની અનુકરણ વૃત્તિ અને શક્તિમાંથી થયો છે; પણ તેનો ઇતિહાસ તો પ્રાગૈતિહાસિક કલાનાં ઓજારો વગેરે જે મળ્યાં છે ત્યારથી, પણ કલા તરીકે તો તેનો ઇતિહાસ આદ્ય ઐતિહાસિક કાલથી શરૂ થાય છે; ઇતિહાસ તો અવશેષોને આધીન છે. લાકડાની મૂર્તિઓ તો આટલા પ્રાચીન કાળની મળવી લગભગ અશક્ય, કારણ કે લાકડું કાલનો આઘાત સહન કરી શકતું નથી, વહેલું નાશ પામી જાય છે. પણ માટી, પથ્થર અને ધાતુમાં ટકવાની શક્તિ વધારે છે, તેથી તેના અવશેષોની આશા રાખી શકાય; અને એવા મૂર્તિકલાના અવશેષો ભારતમાં આદ્ય ઐતિહાસિક કાલનાં—લગભગ પાંચ હજાર વર્ષો પૂર્વેનાં મળ્યાં પણ છે.

હાલના પાકિસ્તાન રાજ્યમાં આવેલા સિંધ અને પશ્ચિમ પંજાબમાં અનુક્રમે મોહેન-જો-દડો અને હડપ્પામાંથી માટીની નાનીમોટી મૂર્તિઓ, ચુનેરી અને રેતાળ પથ્થરની તેમજ ધાતુની પ્રતિમાઓ મળી છે. માટીની મૂર્તિઓ અને મુદ્રાઓમાં વૃક્ષો, વેલીઓ, પશુઓ અને માણસના આકારો અનુકૃત થયેલા છે. તેમાં દેવદેવીઓની પણ મૂર્તિઓ છે. ધોળકા પાસે આવેલા લોથલના ટેકરામાંથી પણ માટીની મુદ્રાઓ, અને મૂર્તિઓ મળ્યાં છે જેમાં પણ પ્રાણીઓ અને મનુષ્યના ઘાટો છે. આમાં એક ગોરિલાની મૂર્તિ અને એક સુમેરવાસીની મૂર્તિ એટલી બધી હૂબહૂ છે કે એ શિલ્પીની કલાકુશલતા પ્રશંસાપાત્ર બને છે. એવી જ પ્રશંસાપાત્ર તાંબાની કૂતરાની મૂર્તિ છે. પણ આ યુગનું ઉત્તમ શિલ્પ તો મોહેન-જો-દડોની દાઢીવાળા પુરુષની પથ્થરની મૂર્તિમાં અને નર્તકીની તાંબાની મૂર્તિમાં છે. આમાં જે કલા દેખાય છે તે લાંબા સમયની હથોટીનો પરિપાક છે. પણ મૂર્તિવિધાનમાં કેટલું વિષય-વૈવિધ્ય આવતું હતું તે અને તે પણ સુરેખ-જોવું હોય—સમજવું હોય તો મોહેન-જો-દડો અને હડપ્પાની તેમજ લોથલની માટીની મૂર્તિઓ અને મુદ્રાઓનો અભ્યાસ કરવો જોઈએ.

આમ ભારતીય મૂર્તિસંવિધાનનો ઇતિહાસ તો ઈ. સ. પૂર્વે ત્રીજા સહસ્રમાં શરૂ થાય છે; પણ પછીના બે હજારથી વધારે સમયમાં આ કલાનો શો ઇતિહાસ હતો તે જાણવાના અવશેષો મળ્યા નથી; જો કે કેટલાક પુરાતન વસ્તુઓના વિદ્વાનોના મત પ્રમાણે માટીની મૂર્તિકલાનો સળંગ ઇતિહાસ સાંધી શકાય છે.

પણ મૂર્તિકલાનો મુખ્ય ઇતિહાસ તો પથ્થરની મૂર્તિઓમાં છે; મોહેન-જો-દડોની ચુનેરી પથ્થરની મૂર્તિ અને હડપ્પાની રાતા રેતીપથ્થરની શિરોરહિત મૂર્તિઓનાં કલાકૌશલ્યનો નિર્દેશ કર્યો. આ પછી મૌર્યકાલના ઈ. પૂ. ચોથાથી તે બીજા સૈકાના અવશેષોમાં દઢતાના પ્રતીક સરખી યક્ષ પ્રતિમાઓ દેખા દે છે. આ પ્રતિમાઓ મથુરા જિલ્લાના પારખમમાંથી અને પટનામાંથી મળેલી છે. બેસનગરમાંથી મળેલી અને કલકત્તાના ઇન્ડીઅન મ્યુઝિયમમાં પ્રદર્શિત થતી યક્ષીની મૂર્તિ પણ ધ્યાન ખેંચે એવી છે. પણ આ યુગના શિલ્પકલાના ઉત્કૃષ્ટ નમૂનાઓ અશોકના એકશિલાના સ્તંભો અને તેના શિરઃસ્થાને બિરાજતા સિંહો અને જાનવરની પ્રતિમાઓમાં છે. આમાં સિંહદ્વંદ્વની પ્રતિમા તો ભારતીય સરકારે એક શાસનમુદ્રા તરીકે સ્વીકારી છે. આ મૂર્તિઓમાં એવી સુઘટિતતા, બલવત્તા અને પૂર્ણતાનો પ્રકાશ છે કે કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનો એમાં સિકંદરની સવારી પછી એશિયામાં રહી ગયેલી ગ્રીક કલાની અસર જુએ છે.

આ પછી શુંગ સમયના-ઇ. સ. પૂ. બીજાથી પહેલા સૈકાના—અવશેષો આવે છે. ભારહુત અને સાંચીના સ્તૂપોનાં દ્વારો અને તોરણોમાં કોરાઈ રહેલી મૂર્તિઓમાં આ કલાનો ઇતિહાસ મળે છે. આ મૂર્તિશ્રેણીઓ ભગવાન તથાગતની જીવનકથા નિરૂપિત કરે છે.

કુશાન વંશના સમ્રાટોના યુગમાં-ઇ. સ. ની પહેલી અને બીજી સદીઓમાં-ગ્રીક શિલ્પની બુદ્ધકથાને સેવા મળે છે. આને ગાંધારની કલા કહેવામાં આવે છે. બુદ્ધ ભગવાનની પ્રતિમા ક્યારે અને કોણે પ્રથમ મૂર્ત કરી અને નિર્ણીત કરી તે ઇતિહાસ સંશોધકોમાં મોટો ચર્ચા-વિષય છે. ફ્રેન્ચ વિદ્વાન ફુશેએ એવો મત રજુ કર્યો કે બુદ્ધમૂર્તિનો ઉદ્ભવ અને વિકાસ બેક્ટ્રિઆના ગ્રીકશિલ્પીઓએ કર્યો; અને એ પછી આખા ભારતવર્ષમાં અને બહાર આ પ્રતિમાની પ્રતિકૃતિઓ વિસ્તરી. આની સામે બીજો મત એવો છે કે મથુરાના પ્રદેશમાં જે બુદ્ધમૂર્તિનો પ્રાદુર્ભાવ થયો તે એતદ્દેશીય છે, અને તે જ ભારત અને ભારત બહાર વિસ્તર્યો. આ ચર્ચા ઉત્પન્ન થવાનું એક કારણ એ છે કે ભારહુત અને સાંચીના પ્રાચીન બૌદ્ધ શિલ્પમાં ભગવાન બુદ્ધની મૂર્તિ નથી. તેમની પાદુકા આદિનાં પ્રતીકો છે.

પણ ભારતની શિલ્પકલાનો ઉત્કર્ષ વિકાસ ગુપ્ત સમયના—ઇ. સ. ચોથા, પાંચમા સૈકાઓનાં—અવશેષોમાં દેખાય છે. મથુરા, સારનાથ, દેવગઢ, ઉદયગિરિ, ભૂમરા, ભીતરગાંવ, અજિંટા ઇત્યાદિ સ્થળો ભારતીય મૂર્તિસંવિધાનનાં સમૃદ્ધ કલાકેન્દ્રો હતાં.

ભારતીય શિલ્પનો ઘણીવાર ધર્મદૃષ્ટિએ વિભાગ પાડવામાં આવે છે. આ રીતે બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈન એમ મૂર્તિકલાના પણ ત્રણ ભાગ પાડી શકાય. પણ આ ઉપરાંત આ ત્રણે સંપ્રદાયોના સ્તૂપો—વિહારો—ચૈત્યો અને મંદિરોમાં ભૂષણાત્મક શિલ્પ છે, જે ઘણીવાર સર્વસામાન્ય હોય છે. પણ જો કલાકારોની દૃષ્ટિએ કલાના વિભાગો સમજવા હોય તો આ ધર્મવિભાગો ગેરરસ્તે દોરનારા છે; કારણ કે શિલ્પીઓ કાંઈ તે તે ધર્મના અનુયાયીઓ ન હતા. તેઓ તો બધા ધર્મોને પોતાની કલાની સેવા આપતા હતા.

પહેલાં કહ્યું તેમ, ભારતીય કલાનો ઉત્કર્ષ ગુપ્ત સમયના અવશેષોમાં છે. કારીગરીની હથોટી ઉત્તમ કોટિની છે; પણ જેને આદરપૂર્વક સૌન્દર્યમુગ્ધ થઈ આપણે જોઈ રહીએ છીએ તે તેમનું ભાવદર્શન.

ભારતીય મૂર્તિવિધાનમાં ઘણું વૈવિધ્ય છે, પણ એના ઉત્કર્ષવિકાસને કાલક્રમમાં મુકવો કઠિન છે. તેમાં પ્રેક્ષકની રુચિ મોટું નિર્ણાયક તત્ત્વ છે. મોહેન-જો-દડો અને હડપ્પાની મૂર્તિઓમાં હૂબહૂપણું દેખાય છે, તો હડપ્પાના શિરોરહિત શરીરમાં કુદરતી ઘાટ આપવાની કુશળતા દેખાય છે. અશોકના સ્તંભો અને તે ઉપરના સિંહો અને વૃષભો કલાનો પ્રભાવ પ્રકટ કરે છે. ભારહુત અને સાંચીની કલામાં યક્ષ, યક્ષીઓ, નાગો અને દેવતાઓ તથા પુષ્પિત વલ્લીઓ અને વૃક્ષો, ગજરાજો, મૃગો અને વાનરોની અલંકારશોભા છે. મથુરાની કલા, એના શિલ્પની મૌલિકતા અને સૌન્દર્યમાં પ્રતીત થાય છે. ગુપ્ત સમયના અવશેષોમાં કારીગરીની નિપુણતા, વેશભૂષાનું હૂબહૂપણું અને ભાવવૈવિધ્યનું સુભગ પ્રકટીકરણ દેખાય છે.

આમ ભારતીય મૂર્તિશિલ્પ હૂબહૂ અનુકરણ કરી શકે છે, ભૂષણરૂપે શોભાકર બને છે, પણ તેની સૌથી મોટી શક્તિ વાસ્તવિકતાના બંધનમાં રહી તેમજ તેમાંથી છૂટી માનવહૃદયના સ્થાયિભાવોને, આત્માએ અનુભવેલા રહસ્યોને, વિશ્વમાં પ્રતીત થતાં સર્જક, સ્થાપક અને સંહારક તત્ત્વોને, પૃથક્ મૂર્ત કરવામાં તેમજ તેમના સમતોલ નિરૂપણમાં રહેલી છે. આના ઉદાહરણરૂપે આપણે નટરાજની મૂર્તિનું ધ્યાન કરીએ. *

★

* તા. ૪-૩-'૫૯ના રોજ થયેલા વાર્તાપ્રસંગ ઉપરથી. ઑલ ઇન્ડિયા રેડિયો, અમદાવાદના સૌજન્યથી.

"ઇન્ડિયા વિન્સ ફ્રીડમ"—સાચી વાત શી છે?

વી. પી. મેનન

[આ લેખના લેખક શ્રી. વી. પી. મેનન સરદાર વલ્લભભાઈ પટેલના રિયાસતી ખાતાના મંત્રી હતા અને દેશી રાજ્યોના વિલીનીકરણમાં તેમણે એ હોદ્દા પરથી સારો ફાળો આપેલો. ઐતિહાસિક દૃષ્ટિએ એમના લેખમાંની વિગતો ઉપકારક હોઈ આ લેખ જળવાઈ રહે એ હેતુથી 'પ્રસ્થાન'માં પ્રસિદ્ધ કરતાં અમને આનંદ થાય છે. —સંચાલક]

મૌલાના અબુલ કલામ આઝાદનું પુસ્તક "ઈન્ડિયા વિન્સ ફ્રીડમ" મેં ધ્યાનથી વાંચ્યું છે અને તેમાંનાં ઘણાં વિધાનોને મેં મારી પાસેના દસ્તાવેજો સાથે ફરીફરીને સરખાવી જોયાં છે. કેટલાંક વિધાનોમાં હકીકતો ખોટી છે અને બીજાં કેટલાંક વિધાનોમાં એવું દેખાય છે કે તેમના પૂર્વગ્રહોએ તેમની વિવેકબુદ્ધિને દબાવી દીધી છે.

મૌલાના આઝાદે આપણી રાષ્ટ્રીય બાબતોમાં ઘણાં વર્ષ આગળ પડતો ભાગ ભજવ્યો છે. તેઓ એક વિલક્ષણ વ્યક્તિ હતા અને મને તથા તેમને ઓળખનારા બીજા બધાને તેમના પ્રત્યે ખૂબ માન હતું. આથી તેમનું પુસ્તક પ્રમાણભૂત ગણાવાનું જ અને એટલા માટે એમાંની ભૂલો સુધાર્યા વિના ન રહી જાય એ જરૂરી છે. એમનાં ગેરમાર્ગે દોરવનારાં ઘણાં વિધાનો એક બીજી મહાન વ્યક્તિ સરદાર પટેલને લગતાં છે. તેઓ જીવતા હોત તો આ ઐતિહાસિક દસ્તાવેજ ઉપર તેમણે અવશ્ય પ્રકાશ ફેંક્યો હોત. પણ આજે તેઓ આપણી વચ્ચે નથી એટલે મને લાગે છે કે એ વિષયની સાચી વાતો જણાવવી એ તેમના પ્રત્યે અને પ્રજા પ્રત્યે મારી ફરજ છે.

મૌલાના આઝાદના પૂર્વગ્રહના દૃષ્ટાન્ત તરીકે હું ૧૯૪૬ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં શ્રી. સી. એચ. ભાભાને લેવા વિષેના તેમના ઉલ્લેખની વાત કરું. તેઓ કહે છે કે તેમણે એક પારસીને લેવા માટે દબાણ કર્યું અને પારસીની પસંદગી સરદાર પટેલ પર છોડવામાં આવી. સરદારે શ્રી. ભાભાનું નામ સૂચવ્યું. પણ તેઓ કહે છે કે પાછળથી કોંગ્રેસના નેતાઓને ખબર પડી કે શ્રી. ભાભા સરદાર પટેલના દીકરાના મિત્ર હતા અને તેમને કંઈ પારસી કોમના નેતા કે સાચા પ્રતિનિધિ ગણી શકાય નહિ. પસંદગી ખોટી નીવડી અને ભાભા પાછળથી સરકારમાંથી નીકળી ગયા.

આ લખાણથી સ્પષ્ટ રીતે એવું જ સૂચવવાનો ઉદ્દેશ છે કે સરદાર પટેલે કરેલી ભાભાની પસંદગીમાં કંઈક અજુગતું હતું.

જ્યારે શ્રી. ભાભાનું નામ વચગાળાની સરકારમાં મૂકવા માટે સુચવાયું ત્યારે લૉર્ડ વેવલે મુંબઈના ગવર્નરને એમના દરજ્જા અને ઈતિહાસ વિષે પૂછી જોયું હતું. મુંબઈના ગવર્નરે જવાબ આપ્યો કે શ્રી. ભાભાની કૌટુંબિક અને વ્યાપારી ભૂમિકા જોતાં એમની પસંદગી સારી ગણાશે. તેઓ એક જૂના અને સન્માનિત પારસી કુટુંબના છે. યુવાન હોવા છતાં તેઓ વેપારમાં ઊંચી પાયરીએ ચડયા હતા. તેમણે નાગરિક સેવા પણ સારી બજાવેલી હતી. સરકારમાં તેમણે સારું કામ કર્યું. વચગાળાની સરકારમાં તેઓ વેપારખાતું સંભાળતા. પાછળથી તેમણે બાંધકામ, ખાણો અને વીજળીનું ખાતું સંભાળ્યું અને સત્તાપલટો થયા પછી ફરી પાછા તેઓ વેપારખાતામાં ગયા. એપ્રિલ ૧૯૪૮માં કૌટુંબિક અને ધંધાનાં કારણોને લીધે તેમણે રાજીનામું આપ્યું.

પુસ્તકમાં સૌથી વધુ વેદનાજનક ભાગ મહાત્મા ગાંધીના ખૂનને લગતો છે. મૌલાના આઝાદ કહે છે કે સરકારની અને ખાસ કરીને ગૃહમંત્રી સરદાર પટેલની બેદરકારીને લીધે ખૂન શક્ય બન્યું. થોડાં જ અઠવાડિયાં પહેલાં ગાંધીજીના ઉપવાસને અંગે સરદારને ગાંધીજી સાથે થયેલા મતભેદની વાત વિસ્તારથી જણાવી મૌલાના આઝાદ કહે છે, "જ્યાં સુધી ગાંધીજી જીવતા હતા ત્યાં સુધી પટેલનો તેમની પ્રત્યેનો ગુસ્સો ચાલુ રહ્યો." આ સમગ્ર બ્યાનમાંથી એવો સ્પષ્ટ ભાવાર્થ નીકળે છે કે સરદાર પટેલે ગાંધીજી પ્રત્યેના ગુસ્સાને લીધે તેમનું રક્ષણ કરવામાં બેદરકારી બતાવી.

આ વિષય ધારાસભામાં (ફેબ્રુઆરી ૬, ૧૯૪૮) ચર્ચાયો હતો અને સરકારે લીધેલી સાવચેતીની સમજણ આપવામાં આવી હતી. ૨૦મી જાન્યુઆરીએ બૉમ્બનો ધડાકો થયો તે પહેલાં બિરલા હાઉસમાં એક હેડ કૉન્સ્ટેબલ અને ચાર કૉન્સ્ટેબલોની ચોકી હતી. બૉમ્બના ધડાકા પછી યુનિફૉર્મવાળા અને સાદા પોશાકવાળા થઈને કુલ ૨૯ પોલીસો બિરલા હાઉસ અને સભાસ્થાનની આસપાસ મૂકવામાં આવ્યા હતા અને તેમને તમામ શંકાજનક વ્યક્તિઓને અટકાવવાની સૂચના આપવામાં આવી હતી ૨૦ થી વધુ સૈનિકો કંપાઉન્ડમાં રોન ફરતા હતા.

આ ઉપરાંત પોલીસે કંપાઉન્ડમાં કે પ્રાર્થનાસભામાં આવતા તમામ અજાણ્યા માણસોની ઝડતી લેવાની પરવાનગી માગી હતી. સરદાર પટેલ અને બીજાઓની ઉપરાઉપરી વિનંતિ છતાં ગાંધીજીએ આ માગણી સ્વીકારવાની મક્કમતાથી ના પાડી દીધી. તેમણે કહ્યું કે પ્રાર્થનાસભામાં ઈશ્વર મારું રક્ષણ કરે છે એટલે સશસ્ત્ર માણસોને હું મારું રક્ષણ કરવા દઈ શકું નહિ. એટલે ઝડતી લેવાનું તો અશક્ય હતું અને ફક્ત ઝડતીથી જ હુમલો અટકાવી શકાયો હોત.

કાવતરાખોરોને પકડી લઈને ગુનો અટકાવવાનો તો સમય જ ક્યાં મળ્યો હતો? બૉમ્બનો ધડાકો એ જ પહેલી ચેતવણી હતી અને તે ખૂન પહેલાં દસ દિવસ ઉપર મળી. શું ચાલી રહ્યું છે એ વિષે કંઈક જાણકાર એક માણસે આ બૉમ્બના ધડાકાથી પ્રેરાઈને મુંબઈમાં માહિતી આપી અને એ માહિતી જાન્યુઆરીની ૨૪મીના અરસામાં દિલ્હી પહોંચાડવામાં આવી. એટલે એક સ્થળેથી બીજે સ્થળે ફર્યા કરતા સાવ અજ્ઞાત અને સાવચેત માણસોની ભાળ કાઢવા માટે અઠવાડિયાથી યે ઓછો સમય રહ્યો. પોલીસે તો તરત તપાસ આરંભી દીધી.

રાંધ્યા પછી તો સૌને ડહાપણ આવે પણ એ વખતે કોઈને ખ્યાલ ન હતો કે આવતા છ દિવસો કટોકટીભર્યા નીવડશે. ખૂન પહેલાં ઘણા માણસોને અટકમાં લીધેલા પણ આટલા ટૂંકા ગાળામાં એક વ્યાપક કાવતરાના એકેએક સભ્યને પકડી પાડવો એ અશક્ય વાત હતી.

આવો જ સ્પષ્ટ પૂર્વગ્રહ ભાગલા પછી દિલ્હીમાં થયેલાં તોફાનોના મૌલાના આઝાદે કરેલા બ્યાનમાં દેખાય છે. તેમણે સરદારનું એવું ચિત્ર દોર્યું છે કે જ્યારે મુસ્લિમોનાં ખૂન થયાના સમાચાર આવતા ત્યારે સરદાર બેદરકારી બતાવતા અને ગાંધીજીને ખાતરી આપતા કે પંડિત નહેરુની ફરિયાદોમાં તો કાગનો વાઘ કરેલો છે અને હું એ ફરિયાદ સમજી શકતો નથી. મૌલાના આઝાદ કહે છે કે દિલ્હીના ઉચ્ચ અધિકારીઓ મુસ્લિમો પ્રત્યે નિર્બળતા અથવા વેરભાવ બતાવતા હતા અને તેમનામાં બે પક્ષો પડી ગયા હતા. એક પક્ષ પટેલ તરફ મીટ માંડતો અને બીજો નહેરુ તરફ. પરિણામે વહીવટ ઢચળી ગયો હતો અને દિલ્હીના મુસ્લિમોનું પૂરતું રક્ષણ થયું ન હતું. તેઓ કહે છે કે દિલ્હીના મુસ્લિમો શહેરનો કબજો

લેવા માટે શસ્ત્રો ભેગાં કરે છે એવી મુલાકાતીઓને ખાતરી કરાવવા માટે પટેલે થોડી કાટ ખાઈ ગયેલી છરીઓ, લોઢાના સળિયા વગેરે રાજભવનમાં મંગાવી રાખ્યાં હતાં.

તોફાનોની શરૂઆતથી તે છેક કાયદો અને વ્યવસ્થા ફરી વાર સ્થાપાઈ ગયાં ત્યાં સુધી હું શાંતિની પુનઃસ્થાપનાના કાર્ય સાથે ગાઢ રીતે સંકળાયેલો હતો. જ્યારે પાટનગરની પરિસ્થિતિ વણસે એવાં ચિન્હો દેખાયાં ત્યારે એ વખતે સિમલામાં રહેલા લૉર્ડ માઉન્ટબેટનને મેં દિલ્હી આવવાની વિનંતિ કરી અને બીજે જ દિવસે તેઓ આવી પહોંચ્યા. વડા પ્રધાન અને સરદાર પટેલની સાથે ચર્ચા કર્યા પછી તેમણે વસતીની હેરફેરની અને દિલ્હીની પરિસ્થિતિની જવાબદારી સંભાળી લીધી. તેમણે પોતાના પ્રમુખપણા નીચે કેબિનેટના પ્રધાનોની અને બીજા સભ્યોની એક મધ્યસ્થ સમિતિ નીમી. દિલ્હીની પરિસ્થિતિ વધુ બગડી ત્યારે તે વખતના કેબિનેટ સેક્રેટરી શ્રી. એચ. એમ. પટેલે અને મેં મધ્યસ્થ સમિતિને દિલ્હી માટે એક ખાસ તાકીદની સમિતિ (ઇમરજન્સી કમિટી) રચવાની વિનંતિ કરી. આમાં સૌ સંમત થયા અને શ્રી. સી. એચ. ભાભાને દિલ્હી સમિતિના ચેરમેન તરીકે પસંદ કરવામાં આવ્યા અને શ્રી. એચ. એમ. પટેલને વાઇસ ચેરમેન નીમવામાં આવ્યા. સમિતિને ઉપયોગી હોય એવા કોઇ પણ માણસને કો–ઓપ્ટ કરવાની સમિતિને સત્તા આપવામાં આવી. ભાભા કે એચ. એમ. પટેલ દરરોજ મધ્યસ્થ સમિતિને દિલ્હીની પરિસ્થિતિનો અહેવાલ આપતા અને મધ્યસ્થ સમિતિના હુકમો મેળવતા. મૌલાના આઝાદ દિલ્હીના ચીફ કમીશ્નર અને ડેપ્યુટી ચીફ કમીશ્નરને માટે આવી ઉતારી પાડે તેવી વાત કરે છે પણ તે બન્ને તો આ સમય દરમિયાન દિલ્હી ઇમરજન્સી કમિટીની સ્પષ્ટ આજ્ઞા પ્રમાણે કામ કરતા હતા.

હું મધ્યસ્થ સમિતિનો સભ્ય હતો અને દિલ્હી ઇમરજન્સી કમિટી સાથે કામ કરતો હતો. જો મુસ્લિમો સાથેના ખરાબ વર્તાવના કોઈ સમાચાર હોત તો મને તે માઉન્ટબેટનની પોતાની પાસેથી અથવા તેમના બ્રિટિશ સ્ટાફના કોઈ સભ્ય તરફથી મળ્યા હોત. આ સભ્યો કોઇનો પક્ષ કરતા હોય તો મુસ્લિમોનો કરતા હતા. સરદાર તો *ઓછામાં ઓછી જાનહાનિથી* કાયદો અને વ્યવસ્થાની પુનઃસ્થાપના કરવા અત્યંત આતુર હતા. અને ખરી વાત કહું તો, મુસ્લિમોનું રક્ષણ કરવામાં અમે ઘણા હિન્દુ અને શીખોની જિન્દગીનો ભોગ આપ્યો હતો.

થોડી કાટ ખાઈ ગયેલી છરીઓ વગેરે ચીજો જાહેર પ્રજાને બતાવવા માટે મૂકવામાં આવી હતી એ ખરી વાત છે પણ એ પ્રદર્શન સરદાર પટેલે ગોઠવ્યું ન હતું. એ તો દિલ્હીમાં સત્તા કબજે કરવાનું મુસ્લિમોએ કાવતરું કર્યું છે એવી વાતની ઠેકડી કરવા માટે ગોઠવવામાં આવ્યું હતું. સરદાર પટેલને એવું પ્રદર્શન કરવું જ હોત તો તેમની પાસે વધુ અસરકારક પુરાવા હતા. પણ કોમી પરિસ્થિતિ વધુ બગડતી અટકાવવાના આશયથી તેમણે તેનો ઉપયોગ કરવાનું બંધ રાખ્યું હતું.

સરદાર ઉપર મુસ્લિમવિરોધી વલણનું આરોપણ કરવું ખોટું છે. તેમની પાસે એકલા મુસ્લિમોનો જ પ્રશ્ન નહોતો. ઉખેડાયેલા નિરાશ્રિતોનો પ્રશ્ન પણ તેમના હાથ ઉપર હતો અને તેમની સંખ્યા દરરોજ વધતી જતી હતી. જો લોકોને તમારે પક્ષે લેવા હોય તો, વોલ્ટેરે કહ્યું છે તેમ, તમે પણ એમના જેવી જ બેડી પહેરી છે એવું તમારે દેખાડવું જોઇએ, આ વલણનો ખોટો અર્થ સમજાવવામાં આવ્યો છે. દિલ્હીમાં શીખોના કિરપાણ રાખવા પર પ્રતિબંધ મૂકવાના સૂચનનો એમણે વિરોધ કર્યો ત્યારે તેમાં સામાન્ય બુદ્ધિનો જ ઉપયોગ

કર્યો હતો. શીખો સાથે એ મોટા ધાર્મિક ઝઘડાનો પ્રશ્ન થઈ પડ્યો હોત. લાખો શીખ લોકો દિલ્હી ઉપર ઉતરી પડયા હોત. સરકાર પાસેના સાવ થોડા લશ્કરથી આવી પરિસ્થિતિને પહોંચી વળવું અશક્ય થઈ પડત. પાકિસ્તાન જતા મુસ્લિમ કાફલાને સરદારની દરમિયાનગીરીથી જ અમૃતસરમાંથી પસાર થવા દેવામાં આવ્યા હતા. મુસ્લિમ ધર્મના મેઓ લોકોને બચાવવા માટે જ તેમણે અલ્વરના મહારાજાને અને તેમના દીવાનને દિલ્હીમાં અટકમાં રાખેલા અને અલ્વર અને ભરતપુરનો વહીવટ લઈ લીધેલો.

આ ભૂમિકાની દૃષ્ટિએ જાન્યુઆરી ૧૯૪૮ માં ગાંધીજીએ કરેલા ઉપવાસનો વૃત્તાંત પણ અન્યાય કરનારો અને અસત્ય છે. મૌલાના આઝાદ કહે છે કે આ ઉપવાસ..." એક અર્થમાં સરદાર પટેલના વલણની સામે જ હતા અને પટેલ એ જાણતા પણ હતા." આ વાત કોઈ પણ દૃષ્ટિએ સાચી નથી. ઉપવાસ લોકોનું અને સરકારનું મુસ્લિમો પ્રત્યેનું વલણ બદલાવવા માટે કર્યા હતા. પણ સરદાર પટેલ એ ઉપવાસ નાપસંદ કરતા હતા એ વાત સાચી. ગાંધીજી પોતાનો કાયમનો આદર્શવાદી મત ધરાવતા હતા કે પાકિસ્તાન અને ભારતીય મુસ્લિમો ગમે તે કરે તો પણ ભારત અને હિન્દુઓએ તો ઠપકાપાત્ર કશું ન કરવું જોઈએ. આ ઉપરાંત સરકારી વર્તુળોના મુસ્લિમ–તરફી વાતાવરણની પણ તેમના ઉપર અસર થતી અને મુસ્લિમ મિત્રો તરફથી લાવવામાં આવતી વ્યક્તિગત ફરિયાદોથી પણ ગાંધીજી અયોગ્ય રીતે ખેંચાઈ જતા. એ મિત્રોને તો આ સંજોગોમાં ફરિયાદ કરવા જેવું સ્વાભાવિક રીતે જ ઘણું હતું. સરદાર માનતા કે આ પરિસ્થિતિમાં ઉપવાસ વિશ્વમતને ગેરરસ્તે દોરવશે અને આખી દુનિયાના લોકોને એવું માનવા પ્રેરશે કે કોમી તોફાનોમાં હિન્દુઓ અને શીખોનો દોષ છે. આજના વધુ શાંત વાતાવરણમાં આપણે જોઈ શકીએ છીએ કે એમની વાત ખરી હતી.

ખૂનને દિવસે સરદાર પટેલે ગાંધીજી સાથે લંબાણથી વાત કરી હતી. પાછળથી એમણે મને કહેલું કે એ વાતચીતમાં એમના બધા મતભેદોનું નિરાકરણ થઈ ગયું હતું.

મૌલાના આઝાદની યાદદાસ્ત કોમી કે અંગત મુદ્દાઓની બાબતમાં જ નહિ પણ નિષ્પક્ષ સ્વરૂપના રાજકીય પ્રશ્નોની બાબતમાં પણ તેમને દગો દે છે. ૧૯૪૨માં કોંગ્રેસના પ્રમુખ તરીકેની તેમની સાથેની વાટાઘાટો દરમિયાન ક્રિપ્સના વલણમાં થયેલા ફેરફાર અંગે તેઓ એક નકામું રહસ્ય ઊભું કરે છે. એ હકીકતો સારી રીતે જાણીતી છે. ક્રિપ્સની વાતને લંડન તરફથી ઉડાવી દેવામાં આવી હતી.

ભાગલાના ઉદ્દ્ભવના વૃત્તાંતમાં હકીકતની ગંભીર ભૂલો અને ખોટાં તારતમ્યો છે. એમાં કહેવામાં આવ્યું છે કે કેબિનેટ મિશનની યોજના પંડિત નહેરુના એક કુનેહહીન નિવેદનને લીધે જ નિષ્ફળ ગઈ. કોંગ્રેસ અને લીગ બન્નેએ પહેલાં એ યોજના સ્વીકારી હતી પણ મહાસમિતિની જે સભામાં એનો સ્વીકાર થયો તે સભા પછી થોડા દિવસ બાદ પંડિત નહેરુએ એક પત્રકાર પરિષદમાં એવું નિવેદન કર્યું કે બંધારણ સભાના કોંગ્રેસી પ્રતિનિધિઓ યોજનામાં ફેરફાર કરવા સ્વતંત્ર હશે. ઝીણાએ તરત જ નિવેદન કર્યું કે આનો અર્થ તો કોંગ્રેસના પ્રમુખ યોજનાનો અસ્વીકાર કરે છે એવો થાય. અને એમ કહીને લીગ તરફથી તેમણે પણ એનો અસ્વીકાર કર્યો.

આ વૃત્તાંતમાં એટલું નોંધવાનું બાકી રાખ્યું છે કે જ્યારે કોંગ્રેસની કારોબારીએ પંડિત નહેરુના નિવેદનનો અસ્વીકાર કર્યો અને યોજનાનો સ્વીકાર ફરીથી જાહેર કર્યો ત્યારે લીગે પોતાનું મૂળ વલણ પાછું ન સ્વીકાર્યું. મૌલાના આઝાદ એ પણ નથી લખતા કે લીગ

કેબિનેટ મિશન યોજના સ્વીકારશે એ શરતે જ લીગના સભ્યોને એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં આવવા દીધા હતા. વેવેલે ઘણી વાર ઝીણાને યોજનાનો સ્વીકાર કરવા દબાણ કર્યું હતું પણ કોઈ ને કોઈ બહાને ઝીણાએ એ વાત ટાળી હતી.

વચગાળાની સરકારના દુઃખદ ઇતિહાસને મૌલાના અણુધટતું મહત્ત્વ આપે છે. વચગાળાની સરકાર પહેલાં તો ફક્ત એકલી કોંગ્રેસે જ રચેલી. બે મહિના પછી લીગ તેમાં દાખલ થઈ. વેવેલે સૂચવ્યું કે લીગના મુખ્ય નેતાને એક અગત્યનું ખાતું આપવું જોઈએ અને ગૃહખાતું અપાય તો વધારે સારું. પણ સરદાર પટેલ ગૃહખાતું સંભાળતા હતા એટલે તેમણે આ સૂચનનો સખત વિરોધ કર્યો. મૌલાના એમ કહે છે કે આ વિરોધને લીધે લિયાકતઅલીખાનને નાણાખાતું સોંપવામાં આવ્યું. લિયાકતઅલીખાને નાણાખાતાની સત્તાનો ઉપયોગ કોંગ્રેસ પ્રધાનોના હાથ નીચેનાં તમામ ખાતાંઓનું કામ ધૂળધાણી કરી નાખવામાં કર્યો અને એને પરિણામે જે ઝઘડો થયો તે જ ભાગલાનું મુખ્ય કારણ હતું.

ગૃહખાતું છોડવાની ના પાડવામાં સરદાર પાસે ઘણું મોટું કારણ હતું. એ વખતે ખાસ કરીને ઉત્તર હિન્દુસ્તાનમાં કાયદો અને વ્યવસ્થા ભાંગી પડવાની અણી પર હતાં. આ સ્થિતિ માટે લીગ જવાબદાર હતી. આવે વખતે આખા હિંદુસ્તાનમાં કાયદો અને વ્યવસ્થા પર અંકુશ રાખનારું ગૃહખાતું એક લીગનેતાને સોંપી દીધું હોત તો તો ચોક્કસ ભારે આફત આવી પડત.

પ્રધાનમંડળમાં કોંગ્રેસ અને લીગના સંબંધો સારા કહેવાય એવા ન હતા. મૌલાનાના કહેવા પ્રમાણે પ્રધાનમંડળમાં પડેલી મડાગાંઠને લીધે સરદાર પટેલ ખૂબ ખિજાઈ ગયા અને તેથી તેમણે માઉન્ટબેટનનું સૂચન સ્વીકારી લીધું કે ભાગલા એ જ આમાંથી નીકળવાનો ઉત્તમ ઉપાય છે. મૌલાના આઝાદ કહે છે, “એ વસ્તુ નોંધાવી ઘટે કે ભારતમાં માઉન્ટબેટનના વિચારને પહેલવહેલો સ્વીકારનાર માણસ સરદાર પટેલ હતા.” પટેલ ગાંધીજીને સમજાવવામાં સાધનભૂત બન્યા અને આ રીતે કોંગ્રેસને સમજાવી લેવામાં આવી.

આ કથામાં અસંખ્ય ભૂલો છે સરદારને કેબિનેટ મિશનની યોજના માટે કદીયે પ્રેમ ઉભરાઈ જતો ન હતો. એમાં રક્ષણ, વિદેશની બાબતો અને સંદેશા વ્યવહાર એ ત્રણ જ વિષયો સંભાળતા, ઓછામાં ઓછી સત્તાવાળા, કેન્દ્રની જોગવાઈ હતી અને બાકીના બધા વિષયો પ્રાન્તોને સોંપવામાં આવ્યા હતા અને શેષ સત્તાઓ પણ પ્રાન્તોને મળતી હતી. આ ઉપરાંત પ્રાન્તો અમુક વૈકલ્પિક વિષયો માટે ભેગા થાય એવી ગાંડી દરખાસ્ત પણ એમાં હતી. હવે જો મુસ્લિમ બહુમતી પ્રાન્તો બીજા પ્રાંતો સાથે અમુક વૈકલ્પિક વિષયો સ્વીકારે તો ભારતમાં ત્રણ થરવાળી સરકાર ઊભી થાય — એક કેન્દ્રની સરકાર, બીજી વૈકલ્પિક વિષયોની સરકાર અને ત્રીજી પ્રાન્તની સરકાર. આવી જાતની યોજનાથી કેટકેટલા ઝઘડા થાત એ સમજવા માટે બહુ કલ્પનાશક્તિની જરૂર નથી. પણ લીગની યોજના જુદી જ હતી. એ લોકો સમાન વૈકલ્પિક વિષયો માટે જોડાવા તૈયાર જ ન થાત. અને ધારો કે માત્ર મુસ્લિમ બહુમતી પ્રાન્તો માટે અમુક સામાન્ય વિષયો રાખવાનો એમનો આગ્રહ હોત તો શી સ્થિતિ થાત? એમાંથી પ્રાન્તવાર પાકિસ્તાનની જ શરૂઆત થાત.

હવે ભાગલા ન પડે અને છતાં લીગને સંતોષી શકાય તેવો કયો માર્ગ મૌલાનાના પોતાના મનમાં હતો તે જોઈએ. તેઓ ત્રણ વિષયોવાળા સમવાયતંત્ર અને સ્વાયત્ત પ્રાન્તોની યોજનાને ટેકો આપતા હતા; તેઓ પ્રાન્તોને છૂટા પડવાની સત્તા આપવા તૈયાર હતા; તેઓ મધ્યસ્થ ધારાસભામાં અને મધ્યસ્થ કારોબારીમાં બન્ને કોમોને સમાન પ્રતિનિધિત્વ આપવાનું

સૂચવતા હતા; વળી એવી રૂઢિ પણ ઊભી કરવાની હતી કે શરૂઆતમાં સમવાયતંત્રના વડા તરીકે વારાફરતી હિન્દુ અને મુસ્લિમ આવે. આની ઉપર કંઈ ટીકા કરવી નકામી છે.

મૌલાના ભૂલી જાય છે કે ગાંધીજીએ ઝીણા સાથેની ૧૯૪૪ની વાટાઘાટોમાં રાજાજીની યોજના આગળ ધરી ત્યારે ભાગલા સ્વીકાર્યા હતા. ખરી રીતે કોંગ્રેસે એવી નીતિ સ્વીકારેલી જ હતી કે જો મુસ્લિમ બહુમતી વિસ્તારો સ્પષ્ટ રીતે જુદા પડવા જ ઇચ્છતા હોય તો કોંગ્રેસ તેમને પરાણે ભારતમાં રહેવાની ફરજ પાડવાનો વિચાર નહિ કરે.

માઉન્ટબેટને ભાગલાનો વિચાર ઉપાડી લીધો અને કોંગ્રેસના નેતાઓને પોતાના વિચાર તરફ વાળવાનો પ્રયત્ન કર્યો એ વાત સાચી નથી. માઉન્ટબેટનની મૂળ યોજના તો એવી હતી કે પ્રાન્તોને સત્તા સોંપી દેવી અને નવી મધ્યસ્થ સરકારની રચના તેમના ઉપર છોડી દેવી. આ યોજનાની વિચારણા દરમિયાન મેં એનો વિરોધ કર્યો અને મેં સરદારને એવી યોજના સૂચવી કે મુસ્લિમ બહુમતી વિસ્તારોને જુદા પાડવા, ભારત અને પાકિસ્તાન એવાં બે રાજ્યોને સત્તા સોંપી દેવી અને ભારતે સાંસ્થાનિક દરજ્જો સ્વીકારવો.

એકધારી વધી રહેલી કોમી તંગદિલી, કેબિનેટ મિશનની યોજનાનું વ્યવહારમાં ન ચાલી શકે તેવું સ્વરૂપ, એક અલગ રાષ્ટ્ર હોવાનો મુસ્લિમોનો સતત દાવો અને પ્રધાનમંડળમાં રોજનું ઘર્ષણ—આ બધાંથી પ્રેરાઇને સરદારે મેં સૂચવેલી યોજના સ્વીકારી. માઉન્ટબેટન સિમલા હતા ત્યાં જ પ્રાન્તોને સત્તા સોંપવાની તેમની યોજનાને લંડનથી પ્રધાનમંડળની સંમતિ મળી. યોજના પંડિત નહેરુને બતાવવામાં આવી અને તેમણે તેનો સખત વિરોધ કર્યો. આથી માઉન્ટબેટને મારી વૈકલ્પિક યોજના હાથમાં લીધી. આ સમય સુધી માઉન્ટ-બેટને ભાગલાના વાસ્તવિક પ્રશ્નોનો વિચાર કર્યો હતો એમ કહેવું ખોટું છે.

આ વૈકલ્પિક યોજના વિચારવા માટે માઉન્ટબેટન સિમલામાં નહેરુને મળ્યા અને નહેરુએ તેમને કહ્યું કે યોજના રીતસર લખેલી હું જોઉં નહિ ત્યાં સુધી હું કોઈપણ અભિપ્રાય આપીને બંધાઉં નહિ. સાંજે મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો અને નહેરુએ પોતાના સાથીઓ સંમત થાય તો સ્વીકારવાની શરત સાથે કામચલાઉ સંમતિ આપી. પાછળથી આ યોજના ૩જી જૂનની યોજના તરીકે ઓળખાઈ અને એ યોજના નીચે બ્રિટિશ સરકારે બે સંસ્થાનોને સત્તા સોંપી દીધી.

ખરી વાત મેં ઉપર જણાવી તે પ્રમાણે છે. મૌલાના જેને ઉત્તમ ઉકેલ માનતા હતા તે કેબિનેટ મિશન યોજના નીચે દેશની સ્થિતિ સારી થાત કે નહિ તે વાચકો પોતાની મેળે નક્કી કરી શકે છે. વચગાળાની સરકારમાં અનુભવેલાં ધૂંધવાટ અને હતાશાથી જ કોંગ્રેસે ભાગલા સ્વીકાર્યા એવું નહોતું; એથી ઘણાં વધારે વજનદાર કારણોસર સ્વીકારવામાં આવ્યા હતા. કેબિનેટ મિશનની યોજના આપણે સ્વીકારી લીધી હોત તો થોડાં વર્ષોમાં કોમી વિખવાદ મટી જાત એવું માનનારાઓમાંનો હું નથી. પણ ધારો કે વિખવાદ શમી ગયો હોત, તો પણ આપણી પાસે છૂટાં અંગોવાળું અને મસ્તક વિનાનું, અત્યંત શિથિલ સમવાયતંત્ર રહેત અને ૧૯૪૭ પછી આપણે જે પ્રગતિ કરી છે તે અશક્ય બનત. ટૂંકમાં, મુસ્લિમો અને હિન્દુઓ વચ્ચે સત્તા માટે સાઠમારી ચાલી રહી હતી અને મુસ્લિમો તેમનું ધ્યેય પ્રાપ્ત કરે કે ચોક્કસપણે નિષ્ફળ નીવડે ત્યાં સુધી એ ચાલ્યા કરત. ભારતમાં વસતા મુસ્લિમો એક રાષ્ટ્ર છે એવા દાવાને ભાગલાથી આપણે કાયમ માટે ખતમ કરી દીધો છે.

વિલાયતની વાતો

કાન્તિલાલ મ. ગાંધી

૩

સ્નેહી ભાઈશ્રી,

મુંબઈથી લંડનના હવાઈ પ્રવાસ દરમ્યાન મેં મારા કાંડાઘડિયાળમાં હિંદી સમય જ રાખ્યો હતો. તે મુજબ તો પ્રવાસને પૂરા ચોવીસ કલાક લાગ્યા હતા. પરંતુ લંડનના હવાઈ મથકે ઉતર્યો ત્યારે તો બધાં ઘડિયાળોમાં સાંજના ૫-૧૫ જ વાગ્યા હતા. એટલે ભ્રમણા એવી થાય છે કે જાણે આપણે ચોવીસને બદલે સત્તર જ કલાકમાં લંડન આવી પહોંચ્યા છીએ. હવે સ્વદેશી સમય સાચવી રાખવાનો કશો જ અર્થ નહોતો. અત્યાર સુધી હિંદી ટાઇમ સાચવી રાખવાથી જાતે ખાત્રી કરી શક્યો કે અક્ષાંશ રેખાંશની શોધ તો છે સાલી કમાલ!

હવે લંડન વિશે. વિમાનમાંથી ઉતર્યો ત્યારે હવા એવી ખુશનુમા હતી કે જાણે કાશ્મીર, દાર્જીલિંગ કે ઉતાકામંડમાં આવી પહોંચ્યા હોઇએ એમ લાગવા માંડ્યું. હજી ચોવીસ કલાક ઉપર તો મુમ્બઈમાં પસીનાથી રેબઝેબ થઈ જવાતું હતું; જ્યારે અહીં તો ઠંડી એવી કકડતી હતી કે વૂલન સૂટની ઉપર પણ પાછો એક વજનદાર ઓવરકોટ તુરત જ પહેરી દેવો પડ્યો. હાથનાં આંગળાં કળવા માંડ્યાં તેથી હાથ ઉપર વૂલન મોજાં પહેરી દેવા પડ્યાં અને માથાના વાળ બરફ જેવા ઠંડા પડી જતા લાગ્યા તેથી માથા ઉપર પણ ફેલ્ટ હેટ ગોઠવી દીધી. પછી ખભા ઉપર એક થેલી લટકાવી અને બે હાથમાં બે બેગો ઉઠાવીને ચાલવા માંડ્યું. આ નવો વેશ જોઇને મનમાં હસવું પણ આવતું હતું કે કોમેડિયન જેવો તો નહિ લાગતો હોઉં ને! પણ ના. બીજા બધાનો વેશ પણ આવો જ હતો.

લંડન પહોચ્યા પછી તુરત જ પહેલો અનુભવ તો શ્રમના મૂલ્યનો થયો. ભારતમાં તો આપણે ગમે તે રેલવે સ્ટેશન ઉપર ઉતરીને "એઈ કુલી, એ મજૂર, ઓ પોર્ટર" એવી બુમરાણો મચાવીએ છીએ અને પછી તેની સાથે ઓછામાં ઓછા વેતનનો સોદો કરીએ છીએ. પછી ઘોડાગાડી કે રીક્ષાવાળા સાથે પણ સોદો કરીએ છીએ. કુલીના માથા ઉપર લોખંડની જંગી ટ્રંક અને તેની ઉપર જંગી બિસ્રો ગોઠવીને તેને રેલવે પુલનો દાદરો ચઢાવીએ છીએ. ઘોડો સત્યાગ્રહ કરીને બેસી જાય ત્યાં સુધી ટાંગામાં ઠાંસીઠાંસીને દાગીના ભરીએ છીએ. આ દશ્ય આપણે માટે તો સ્વાભાવિક છે તેથી જો વિલાયતમાં પણ આવી સાહ્યબી મેળવવાની આશા રાખતા હોઇએ તો એ ભૂમિ ઉપર પગ મૂકતાંની બીજી ક્ષણે જ તેવા ભ્રમનું નિવારણ થઈ જાય છે! અહીં તો ભલભલાને વિમાન, ટ્રેન કે ટેક્સીમાંથી ઉતરીને પોતપોતાની સૂટકેસ અને હેન્ડબેગ બન્ને હાથમાં પકડીને ચાલવા જ માંડવું પડે છે.

અલબત્ત મોટાં સ્ટેશનોએ પગારે રોકેલા અલ્પસંખ્ય પોર્ટરો તો હોય છે જ અને તેઓ સામાન 'મફત' ઉંચકવા બંધાયેલા છે. પરંતુ તમારી કૃતજ્ઞતા દર્શાવવા તમારે તેમને બક્ષીસ રૂપે થોડીક 'ટીપ્સ' આપવાનો મરજિયાત શિરસ્તો તો છે જ. (જે લગભગ ફરજિયાત જેવો જ બની ગયો છે!) અને અંગ્રેજ પોર્ટરને તમે ચાર આઠ આનાની 'ટીપ્સ'

આપો તો તે તેની મશ્કરી કરવા બરાબર લાગે છે. એરપોર્ટથી ગ્રોવેનોર હોટલ પહોંચતાં સુધી બસ અને ટેક્સીમાં તો "જાતમહેનત ઝીંદાબાદ"ની પ્રેરણા સાથે સામાન મેં જાતે જ ચઢાવેલો; પરંતુ મૈસૂરના રાજમહેલ જેવી ભવ્ય હોટલમાં પ્રવેશ્યા બાદ પાછી હિંદી શેઠાઈ આવી ગઈ તે હોટલના દરવાનને સામાન ટેક્સીમાંથી ઉતારીને પહેલે માળે મારા રૂમમાં મૂકવાની "નમ્ર વિનંતિ" કરી (અહીં 'હુકમ' તો કદાપિ થાય જ નહિ હોં કે!). ભપકાદાર ગણવેશ પહેરેલો આ અંગ્રેજ દરવાન મારા રૂમ નંબર ૧૧૦ માં એક મઝેની બાજઠ ઉપર સામાન ગોઠવી ગયો પછી જતાં જતાં મેં તેને 'ટીપ્સ' વિશે પૂછી જોયું ત્યારે તેણે હસીને કહ્યું કે "અરે સીગરેટનું એક પાકીટ આપશો તોયે ચાલશે. અહીં તે ફક્ત બે જ શિલિંગમાં મળે છે!" સમજી જાવ. નીચેથી ઉપર લિફ્ટમાં સામાન ચઢાવવાની 'ટીપ્સ' દોઢ રૂપીઆની! સામાનનું વજન હતું ૪૪ રતલ જ!

અને 'ટીપ્સ' કેવળ એક જ જગ્યાએ આપવાની હોય છે એમ નથી. આવી 'દખણા' તો દિવસમાં દસ વખત આપવી પડે છે. એરપોર્ટ ઉપર કસ્ટમના પોર્ટરને બે શિલિંગ, પછી બ્રિટિશ એરવેઝની બસના કન્ડક્ટરને એક શિલિંગ અને બી. ઓ. એ. સી.ના સ્ટેશનેથી ફક્ત ત્રણ જ મિનિટમાં ટેક્સીમાં ગ્રોવેનોર હોટલ સુધી પહોંચાડનાર ટેક્સીવાળાએ દોઢ શિલિંગના મીટર ઉપર ચાર શિલિંગનો ચાર્જ કર્યો—"સામાન છે ને!" એમ કહીને! આ ચાર્જ ઉપરાંત પાછી ૭ પેન્સની 'ટીપ્સ' ન આપો તો તમે સભ્યતાનું દેવાળું કાઢનારા દેખાવાનો ભય રહે છે. દરેક ટેક્સીવાળાને ભાડા ઉપરાંત પાછી 'ટીપ્સ' આપવાનો રિવાજ અહીં સજ્જડ રીતે ઘુસી ગયેલો છે. હોટલની વેઈટ્રેસોને જો ભૂલમાં તમે ત્રણ પેન્સની ટીપ્સ આપી બેસો તો તેઓ સવિનય જણાવશે કે "સાહેબ, તમારું કંઈક પરચુરણ રહી ગયું લાગે છે!" ૭ પેન્સનો ચાનો કપ પીઓ તોયે ઉપરથી ૭ પેન્સની ટીપ્સ આપો તો જ તમે સજ્જન ઘરાક ગણાઈ શકો. અને મોટા બિલ ઉપર તો મોટી દખણા ધરવી પડે છે. પેરીસમાં તો મેં બિલમાં જ પંદર ટકા ટીપ્સ ઉમેરાતી જોઈ! પેરીસની એક હોટલમાં મેં બ્રેકફાસ્ટ લીધો અને બહાર જતો હતો તે જ વખતે વેઈટ્રેસે મીઠા સ્મિત સાથે આંગળી ધરી કે "સાહેબ, ટીપ્સ નાખવાની પેટી દરવાજા આગળના ટેબલ ઉપર જ મૂકેલી છે!" અને હવે ટીપ્સની વાત નીકળી છે ત્યારે તે પૂરી જ કરી લઉં. પેરીસના એક થિયેટરમાં તો નવાઈની ટીપ્સો જોઇ. શોની ટિકિટ કાઢી આપનારને ૫૦ ફ્રેંક, તમારી સીટ દેખાડનાર મહિલાને ૧૦૦ ફ્રેંક, ઇન્ટરવલમાં ટોઇલેટ કરવા જાઓ તો તેનો દરવાજો ખોલનાર મહિલાને ૧૦૦ ફ્રેંક—એમ ટીપ્સ આપ્યે જ જવી જોઇએ. નહિ તો તમે બુડથલ બુધ્ધુમાં જ ખપી જાવ! પેરીસની ખૂબીઓ આગળ ઉપર જોઈશું. હમણાં તો લંડનની વાત કહી લઉં.

વિલાયતમાં શ્રમનું મૂલ્ય વધી ગયેલું હોવાથી અંગ્રેજ પ્રજા હવે "જાતમહેનત ઝીંદાબાદ"ના મંત્રમાં જ માનતી થઈ ગઈ છે. પોર્ટરની ટીપ્સ બચાવી લેવા સૌ કોઈ પોતાનો સામાન જાતે ઉંચકીને જ ચાલવા માંડે છે. અને સૂટબુટમાં સજ્જ થયેલો પોર્ટર પણ માથા ઉપર તો કશું જ ઉંચકતો નથી. બારસી મઝેની ટ્રોલી લઈ આવે છે. અને ટેક્સી સુધી ટ્રોલીમાં જ તે સામાન લાવે છે. લોખંડી ટ્રંકો અને બિસ્ત્રાનાં દર્શન આ ભૂમિ ઉપર તો અસંભવ જ છે. અહીં તો બધા ૧૮ થી ૨૪ ઈંચની લંબાઇ સુધીની ચામડા, ફાઈબર કે પ્લાસ્ટીકની સૂટકેસો જ વાપરે છે કે જેથી તે જાતે ઉંચકી શકાય. ઓછામાં ઓછા સામાન

સાથે મુસાફરી કરવાનું અને જાતે ઉંચકાય તેટલો જ ભાર વહોરવાનું આ દેશમાં બધા જ શીખી ગયા છે. વધારાનો અનિવાર્ય સામાન અગાઉથી રેલવે પાર્સલ કે ટ્રકમાં મોકલી દેવાની સુંદર વ્યવસ્થા બ્રિટિશ રેલવેએ કરેલી છે. એક દિવસ વહેલી ટિકિટ ખરીદીને રેલવેને સૂચના આપીએ તો તેઓ જ ઘેરથી સામાન લઈ જઈને જે ગામ જવાના હો તે ગામના તમારા મુકામે પહોંચતો કરે છે. દાગીના દીઠ ૭ આના જેટલો ચાર્જ અલબત્ત ભરવો પડે છે પણ પછી નિરાંત કેટલી! અને રેલવેના ડબ્બા પણ એવા બનાવેલા છે કે તેમાં તમારો જંગી સામાન ગોઠવવાની જગ્યા જ નથી હોતી! બિસ્રાની જરૂર પડતી નથી કારણકે સ્લીપિંગ બર્થની ટિકિટ કઢાવી હોય છે તો રેલવેવાળા જ એક તળાઈ, ગરમ બ્લેન્કેટ, તકિયો અને ટુવાલ દરેક પેસેન્જરને આપે છે. સ્લીપિંગ બર્થ નહિ કઢાવનારને આરામથી બેઠા બેઠા જવા જેટલી તો જગ્યા મળે છે જ. રેલવેમાં થર્ડ કલાસ હોતો જ નથી. ફર્સ્ટ અને સેકન્ડ બન્ને કલાસ સરખા જેવા જ હોય છે અને તેની દરેક દરેક બેઠક ગરમ કપડાંથી મઢેલા સોફા જેવી હોય છે. બધી બેઠકોને હાથો હોય છે તેથી એકની જગ્યામાં બે માણસ બેસી શકતા જ નથી. સિનેમાની સીટના જેવું જ કહોને! ઠંડીના દિવસોમાં બધા ડબ્બામાં હીટરો ચલાવીને આખી ટ્રેનનું વાતાવરણ હૂંફાળું બનાવવામાં આવે છે.

શ્રમનું મૂલ્ય કેટલું બધું વધી ગયું છે તેની પ્રતીતિ પછી તો રોજ રોજ થવા લાગી. ઘરમાં "ઘાટી" "રામો" કે નોકર રાખવો હોય તોયે તેને મહિને કમસેકમ ૩૫૦ થી ૪૦૦ રૂપીઆનો પગાર અને રહેવાનો એક સજાવેલો રૂમ પણ આપવો જ પડે. અને આવો પગાર આપવાનું કેટલાને પરવડે! તેથી ભાગ્યે જ હજારમાંથી એક ઘરમાં નોકર હોય છે. નોકરો રાખવાનું તો મોટી હોટલોને જ પરવડે છે. હું અમારી કંપનીના મોટા મોટા ઓફિસરોને ઘેર જમી આવ્યો પરંતુ બધે જ આ દશા જોઈ. સાહેબ અને તેમની પત્ની મળીને રસોઈ કરે, ડાઇનિંગ ટેબલ સજાવે અને જમ્યા બાદ ઢગલાબંધ રકાબીઓ અને કૂંડાકૂંડી, પ્યાલા, કીટલી, છરી, કાંટા, ચમચા વગેરે ધોવા "બેસી" જાય—એટલે કે ઊભા ઊભા સીંકમાં સાબુનું ગરમ પાણી ભરીને તેનાથી આ બધાં વાસણો ધોઈને તેને બરાબર લૂંછીપૂંછીને રેકે ઉપર ગોઠવી દે. ઘરની સાફસફી, બાળકોની સાફસફી, બાગબગીચાની સાફસફી, વસ્ત્રોની ધોલાઇ એ બધું પતિ અને પત્ની મળીને જ પતાવી દે છે. ભલભલાનો આમાંથી છૂટકારો નથી. મહેમાનો પાસે પણ મશ્કરીમાં કંઈક હળવું કામ કરાવી લે. "તમને કાંદા, ટામેટા સમારતાં સરસ આવડે છે, નહિ?", "જમવાનો આનંદ સાથે લીધો અને હવે ડિશવોશિંગનો આનંદ પણ સાથે જ લઇએ તો કેમ!"—મતલબ કે હું ધોતો જાઉં અને તમે લૂંછીને મૂકતા જાવ તો પછી આપણે દીવાનખાનામાં જવા માટે જલદીથી છૂટ્ટા થઈ જઇએ!" આવા આવા નુસખાઓ મહેમાનો ઉપર પણ અજમાવવા પડે છે કારણકે મને કે કમને પણ હવે આ શ્રમમાંથી કોઈ છટકી શકે તેમ નથી. અઠવાડીએ આઠ દસ પૌંડના પગારની ઓછા શ્રમની નોકરી તો સૌ કોઈ શોધી કાઢે છે તો પછી આવા પાંચ ૭ પૌંડના ગદ્ધાવૈતરાના કામની કોને પડી હોય! વજનદાર ખરીદી કરીને દુકાનની બહાર આવીને તમે 'પાટીવાળા'ને બોલાવવા જાવ તો તે વિલાયતમાં મળવો મુશ્કેલ છે. બધી ખરીદીને જાતે ઉંચકીને જ ચાલવું પડે છે. ઓફિસો અને લેબોરેટરીઓમાં પણ 'સિપાઇ', 'પીયુન' જેવો વર્ગ અદશ્ય થઇ ગયો છે તેથી હવે ઘંટડી ઠોકવાની સાહ્યબી પણ છૂ થઈ ગઈ છે!

પરિસ્થિતિ આવી થવાથી હવે દરેક ઘરમાં શ્રમનાં કામો હળવાં બનાવવાનાં અને સમય બચાવવાનાં સાધનો અને કરામતો (લેબર એન્ડ ટાઇમ સેવિંગ ડિવાઇસીસ) વ્યાપક રીતે જોવામાં આવે છે. કપડાં અને વાસણો ધોવાનાં વોશિંગ મશીનો, કચરો સાફ કરવાના ઇલેક્ટ્રીક વેક્યુમ ક્લીનરો, જલદી રસોઈ પકાવવાના પ્રેશર કુકરો, પાઉં શેકવાના ઇલેક્ટ્રીક ટોસ્ટરો, વાટવા વલોવવાના કેનવુડ મિકસરો, શાકભાજી કાપવાના કરવતિયા સ્લાઈસરો અથવા તૈયાર સમારેલાં શાકભાજીના ડબ્બાઓ, બાગના ઘાસ અને વાડની યોગ્ય હજામત કરવાનાં યંત્રો, દાઢી કરવાના ઇલેક્ટ્રીક શેવરો, રૂમ ગરમ રાખવાના ઇલેક્ટ્રીક કે ગેસના હીટરો વગેરે અનેક કરામતો ઘેરઘેર જોવા મળે છે તેથી 'ઘાટી'નો પ્રશ્ન એકદમ વસમો તો નથી જ લાગતો. હવે આવી ગદ્ધાવૈતરા જેવી ગુલામી કરનાર માનવી મળવા મુશ્કેલ થઈ ગયા છે તેથી જો કે બધાને સાલે તો છે જ, પણ જે મુસીબત આવી પડી છે તેને હસતે મોઢે નિભાવી લેવાનું ખમીર પણ આ પ્રજામાં છે જ અફસોસના કે જાત ઉપર દયા ખાવાના ઉદ્દગારો આ લોકો કદાપિ કાઢતા નથી ત્યારે આપણે ત્યાં તો આવી આફતોનાં રોદણાં રોજ રોજ રડાય છે.

ખરેખરું દુઃખ તો આ લોકોને 'બેબીસીટર' મેળવવાનું લાગે છે! આપણી જેમ એ લોકો બાળકોને લઈને ઠેરઠેર જતા નથી. પાર્ટી કે શોમાં જવું હોય તો બાળકોને ઘેર મૂકીને જ જાય છે. પણ ઘેર તેમને સંભાળે કોણ? આપણી જેમ ત્યાં ઓછું જ કોઈએ સંયુક્ત કુટુંબમાં રહે છે કે દાદા-દાદી, ભાઈ-ભાભી કે એવા કોઈને બાળકો સોંપીને નીકળી પડાય! ત્યાં તો બાળકને બે ચાર કલાક રાખવાના પૈસા આપીને ભાડેથી 'બેબીસીટર' નામની મહિલાઓ લાવવી પડે છે અને તે પણ જ્યારે જોઈએ ત્યારે ઝટ મળી જતી નથી. મેં એક સાહેબને તેમનાં પત્ની સાથે જમવાનું આમંત્રણ આપ્યું ત્યારે તેમણે કહ્યું કે જે દિવસે 'બેબીસીટર' બુક કરી શકીશ તે દિવસે અમે જમવા આવીશું! અને તે મહિલાને રાત્રે ૧૦॥ સુધીનો ટાઇમ આપ્યો હોય તો તે ટાઈમે છૂટી કરવી જ રહી!

ઘણી કૉલેજ કન્યાઓ આવી રીતે પાર્ટ ટાઇમ કામ મેળવીને આવક ઊભી કરે છે. માન્ચેસ્ટરમાં હું મિસિસ રૂથ જ્હોનસનના એલસ્લી ગેસ્ટ હાઉસમાં રહેતો હતો ત્યાં પણ મિસિસ જ્હોનસનને પીરસવામાં મદદ કરવા મારે નવી નવી કૉલેજ કન્યાઓ સાંજે ફક્ત એક કલાક પૂરતી આવ્યા કરતી હતી. હવે આપણે ત્યાં પણ કેટલીક મહિલાઓ ફક્ત રોટલી બનાવી જવા પૂરતી આવીને આવક ઊભી કરતી થઈ તો છે જ. પરંતુ હજી આવી પાર્ટ ટાઇમ કામગીરીઓનો વિકાસ આપણા દેશમાં જોઇએ તેવો થયો નથી. પાકી નોકરી મળી ન જાય ત્યાં સુધી દીવામાં તેલ પૂરે રાખવા આવું કંઇક કરવું તો જોઇએ જ. તાજું છાપું, દૂધ, દાતણ, શાકભાજી પહોંચતા કરવાં, રસોઇ કરી જવી, બાળકો સંભાળવાં વગેરે વગેરે નાનાં નાનાં એકમો પસંદ કરીને થોડાંક ઘર પકડવાથી થોડીક આવક તો ઊભી કરી શકાય તેમ છે. અલબત્ત આપણા દેશમાં વિલાયતના જેવું બાદશાહી વેતન મળતું નથી તેથી જ હજી આ પદ્ધતિનો સંતોષકારક વિકાસ થયો નથી. પણ મોડાવહેલો થયા વગર રહેવાનો તો નથી જ.

શ્રમ બચાવવાના કેટલાક કીમિયાઓ હું પણ ખરીદી લાવ્યો છું. "પોર્ટેબલ પોર્ટર" નામનો એક ગરગડીયુક્ત પટો લાવ્યો છું તે સૂટકેસને બાંધી દઇને સૂટકેસ ઊભી કરવાથી

આખી ટ્રંકને સરળતાથી બાબાગાડીની જેમ ચલાવી શકાય છે. બે ત્રણ પેટીઓ ઘસડવા માટે કેટલાક લોકો એક મજેની નાનકડી "ટ્રોલેટ્રી" પણ વસાવી લે છે એટલે પછી સામાન ઉંચકવા માટે કોઈના બાપની પરવા રાખવાની જ નહિ! બજારમાં પણ વજનદાર ખરીદી-વાળી થેલી ઉંચકતાં આંગળાં દુખી આવે છે તેથી આવી થેલીને ગરગડીવાળી એક હાથ-લાકડી ઉપર બાંધી દેવાની કરામત શોધાઇ છે તે પણ હું લાવ્યો છું. આ લાકડી કેમેરાના સ્ટેન્ડની જેમ પાછી સમેટી પણ લઈ શકાય છે. આ ઉપરાંત, હું કપડાં નીચોવવાનું 'રીંગર', ચાવીની કડાકૂટ વગરનું ઇલેકટ્રીક ભીંતઘડિયાળ, સાબુ, બ્રશ કે બ્લેડની પંચાત વગરનું ઇલેકટ્રીક શેવિંગ મશીન પણ લાવ્યો છું તેથી ઘણી રાહત રહે છે.

ફક્ત ગદ્ધાવૈતરાંનાં કામ માટે જ યંત્રો શોધાયાં છે એમ પણ નથી. દિવસે દિવસે હું એવાં નવાં નવાં સ્વયંસંચાલિત યંત્રો જોતો ગયો કે તાજુબીનો પાર જ ન રહ્યો. ભારતમાં આપણને પ્લેટફોર્મ ટિકિટનું યંત્ર કે વજન કરવાનું યંત્ર જોવા મળે છે. તેમાં આનો કે બે આનાનો સિક્કો નાખવાથી ટિકિટ ટપકી પડે છે. તે ઉપરાંત ઇરાની હોટલોમાં "જ્યુક-બોક્સ"માં પાવલી નાખીને મનપસંદ રેકોર્ડ વગાડી શકાય છે તે પણ ઘણાએ જોયું જ હશે. વિલાયતમાં તો આ પ્રકારનાં યંત્રો વિવિધ વસ્તુઓ વેચવા માટે વપરાય છે. રસ્તાના ખૂણે-ખાંચરે આવાં યંત્રો મૂકેલાં હોય છે. કોઈમાં ૭ પેન્સનો સિક્કો નાખવાથી ચોકલેટ ટપકી પડે છે તો કોઈમાં બે શિલિંગ નાખવાથી સીગરેટનું પાકીટ ટપકી પડે છે. તમારી મનપસંદ બ્રાંડની ચોકલેટ કે સીગરેટ પણ કાઢી શકાય છે. લંડનના ઝૂલોજિકલ ગાર્ડનમાં ગયો ત્યાં તો વળી નારંગીના સરબતની કાગળની બાટલી આવા યંત્રમાંથી ૭ પેન્સ નાખવાથી ટપકી પડી અને તેથી આગળ વધીને વધારે તાજુબ થવાય તેવું સ્વનિયંત્રિત યંત્ર તો ગરમાગરમ ચાના પ્યાલાનું જોયું. યંત્રમાં ૭ પેન્સનો સિક્કો નાખીને પછી કેટલી ચમચી દૂધ અને કેટલી ચમચી ખાંડ જોઇએ છીએ તેનો કાંટો મનપસંદ રીતે ગોઠવી દો. પછી યંત્ર ચાલુ કરો એટલે એક બાજુએથી કાગળનો ખાલી કપ ટપકી પડે છે. તેને બીજા ખાના નીચે ગોઠવો એટલે તેમાં ચાનું ગરમ 'ડીકોકશન' રેડાય છે. આગળ ખસેડો એટલે દૂધ ઉમેરાય છે અને હજી આગળ ખસેડો એટલે ખાંડ ઉમેરાય છે. પછી લાકડાની એક ચમચી ટપકી પડે છે તેનાથી બધું હલાવીને નિરાંતે ચા પીઓ—પણ પીધા બાદ કપને ગમે ત્યાં ફેંકશો નહિજી! આ બાજુમાં પીપ શેને માટે મૂકેલું છે? તેમાં કપ નાંખી દેવાની તસ્દી લેશોજી! પોસ્ટ ઓફિસ ભલેને બંધ હોય. આવા યંત્રમાંથી જોઇએ તેટલા સ્ટેમ્પ્સ ટપકાવતાં તમને કોણ રોકે છે? અરે અડધી રાતે તમારે દીવાસળીની પેટી, સીગરેટ કે ચોકલેટ ખરીદવી છે તો આ યંત્રો પાસે જાવ ને! દુકાન બંધ છે તેની પરવા શા માટે કરો છો?

આખરે આવા 'સ્લોટ મશીન'ની પરાકાષ્ઠા રૂપ એક આખો સ્ટોર મને સ્વીટ્ઝર-લેન્ડમાં જોવા મળ્યો. બેસલ સ્ટેશનની સામેની હોટલ ચૂરામાં હું ઉતર્યો હતો તેની નજીકમાં જ આ સ્ટોર છે. આ સ્ટોરમાં કોઇ વેચનાર વ્યક્તિ જ નથી છતાં ચોવીસે કલાક તમે અહીંથી મનપસંદ ચીજો ખરીદ કરી શકો છો. રીંગણા, દૂધ, કોબીચ, દ્રાક્ષ, કાજુ, બદામ, ચા, કોફી વગેરેના ચોક્કસ વજનનાં પડીકાંઓથી માંડીને રમકડાં, ખમીસ, કેમેરા કે પુસ્તકો જેવી પચરંગી વસ્તુઓ પણ યોગ્ય ખાનામાં લખેલી કિંમત જેટલા પૈસા નાખવાથી મેળવી

શકાય છે. આ બધી વસ્તુઓ કાચનાં ખાનાંઓમાં ગોઠવેલી જોઈ શકાય છે અને તે ખાનાના સ્લોટમાં કિંમત જેટલા પૈસા નાખવાથી ખાનું ખુલી જાય છે અને વસ્તુ તમારા હાથમાં આવી જાય છે! દુકાન ચલાવનારો તો દિવસમાં એક વખત આવીને બધા પૈસા ભેગા કરીને લઈ જાય છે અને ખાલી થઈ ગયેલાં ખાનાંઓમાં પાછી નવી વસ્તુઓની ભરણી કરી જાય છે. બાકીનો બધો વ્યાપાર સ્વયં ચાલ્યા કરે છે! કેટલાંક યંત્રોમાં તો બાકીનું પરચુરણ પાછું આપવાની પણ ગોઠવણ હોય છે. લંડનની ભૂગર્ભ ટ્રેનની ટિકિટો ખરીદવાના યંત્રમાંથી ટિકિટ ઉપરાંત વધારાના પૈસા પણ પાછા નીકળે છે! છેને બુદ્ધિ કોઈના બાપની!

ભારતમાં આવાં યંત્રો આવે તો પહેલો ભય તો એ જ કે આખાં ને આખાં યંત્રો જ ચોરાઇ જાય અથવા તો તેના કાચ ફોડી નાખીને મવાલીઓ અંદરની વસ્તુઓ અને પૈસા બન્ને તફડાવી જાય! વિલાયતમાં ઠેરઠેર કાચનાં મોટાં બારીબારણાંવાળી દુકાનો અને ઘરો હોય છે છતાં તે તોડીને ચોરી કરવાની ઘટના ભાગ્યે જ બને છે!

લંડનની ભૂગર્ભ ટ્રેન એ જ એક મોટામાં મોટી અજાયબીની ચીજ છે તેથી પહેલે દિવસે જ તે જોઇ નાખવાનો મેં નિશ્ચય કર્યો હતો. આમ જો કે ચોવીસ કલાકના હિસાબે મારો ઊંઘવાનો ટાઇમ થઈ ગયો હતો પરંતુ લંડનમાં તો હજી સાંજ હતી તેથી ઊંઘવાનો તો ખ્યાલ સુદ્ધાં ન આવ્યો. ગ્રોવેનોર હોટલમાં પહોંચીને ત્યાં સંતોષપૂર્વક શૌચ, સ્નાન કરીને હું તો લંડન શહેરમાં ઘૂમવા નીકળી પડ્યો તે છેક ત્યાંની મધરાતે એટલે કે હિંદના તો મળસ્કે હું હોટલમાં ઊંઘવા માટે પાછો ફર્યો.

ગ્રોવેનોર હોટલ રાજમહેલ જેવી આલીશાન હોટલ છે અને તેનો પ્રત્યેક રૂમ, લોબી, દાદર, લિફ્ટ વગેરેની તસુએ તસુ જમીન ઉપર ગરમ વેલ્વેટની કાર્પેટ બિછાવેલી છે કે જેથી આપણા પગ બરફ જેવી ઠંડી લાદીને અડકી શકે જ નહિ. માનશો? આ કાર્પેટ-લીલા છેક સંડાસમાં સુદ્ધાં પ્રસરી ગયેલી છે કે જેથી પાણીનું ટીપું પણ ત્યાં નાખવાની કોઈ હિંમત કરી શકે નહિ! "ઘરની પરીક્ષા દીવાનખાનાનો રૂમ જોઈને નહિ પરંતુ ઘરનું સંડાસ જોઈને કરવી જોઈએ" એવું એક સૂત્ર મેં ક્યાંક વાંચ્યું હતું તેની યથાર્થતા વિલાયતમાં સચોટ રીતે સમજાઇ. સંડાસમાં પાણી વાપરવું કે કાગળ એ ખરેખર વિવાદાસ્પદ પ્રશ્ન છે અને વિલાયત જતાં પહેલાં મને પણ ધાસ્તી લાગ્યા કરતી હતી કે ત્યાં ફાવશે કે નહિ! પરંતુ આપણે ગંદાપાણીનાં ડબલાંઓ અને આ લોકોના સદા-તાજા કાગળના રોલ વચ્ચે કશી જ સરખામણી શક્ય નથી. ખુરશી જેવા કમોડ ઉપર બેસવાની પદ્ધતિ પણ બે દિવસમાં જ ફાવી જાય છે અને આ પદ્ધતિથી સંડાસ કાયમ કોરાંકટ અને સ્વચ્છ રહે છે. જ્યારે આપણાં સંડાસોથી તો ભાઈ તોબા! હવે તો તેમાં પગ મૂકવો પણ ગમતો નથી. ગ્રોવેનોર હોટલનાં સંડાસમાં તો બત્તીની પણ એવી વ્યવસ્થા છે કે અંદર જાવ કે તરત બત્તી આપોઆપ સળગે અને બહાર નીકળો કે બત્તી આપોઆપ બુઝાઇ જાય. બારણાની કળ સાથે જ સ્વીચનું સંધાણ છે. સ્વીચ બંધ કરવાનું ભુલી જનારાઓ માટે આ શ્રેષ્ઠ નુસ્ખો છે. સ્નાન માટેનો બાથરૂમ પણ ઘણો જ વિશાળ હતો. તેમાં ગોઠવેલા સ્ફટિકના હોજમાં ગરમ અને ઠંડા પાણીના નળોનો સંગમ હતો અને તેને જોડેલો ટેલીફોન રીસીવર જેવો એક ફુવારો હતો કે જેને હાથમાં પકડીને જેમ નહાવું હોય તેમ નાહી શકાતું હતું. જોઈએ તો હોજમાં ડૂ

ગેલન ગરમ પાણી ભરીને તેમાં પંદર મિનિટ પડી પણ રહી શકાય છે કે જેથી આખા શરીરે શેક થઈ જાય.

નાહીને હું મારા રૂમમાં આવ્યો ત્યારે મારા રૂમની ચેમ્બરમેઈડ મિસ કેલી ચાનું ટ્રે લઈ આવી હતી અને તેણે પૂછ્યું કે "મે આઇ ડુ યોર બેડ, સર!" વિલાયતમાં ઠેરઠેર આ "ડુઈંગ ધી બેડ" (શય્યા–સજાવટ)નો વિધિ આપણા કરતાં વધારે લાંબોચોડો છે. નીચા પલંગ ઉપર એકદમ પોચી પોચી ચાર તળાઈઓ નાખીને તેની ઉપર એક સફેદ ગરમ બ્લેન્કેટ નાખ્યા બાદ ઉપર સફેદ ચાદર પાથરીને ચારે બાજુથી ખોસવાની અને પછી ત્રણ તકિયા ગોઠવીને તે બધા ઉપર પાછી એક સફેદ ચાદર, તેની ઉપર પાછું એક ગરમ બ્લેન્કેટ, તેની ઉપર રજાઈ અને છેલ્લે બધાંની ઉપર એક રેશમી ચાદર ત્રણ બાજુથી ખોસવાની પણ તકિયા બાજુનો એક ખૂણો આપણા પ્રવેશ માટે વાળેલો રાખવાનો. આપણું સ્થાન પેલી બે સફેદ ચાદરની વચમાં હોય છે અને તેમાં ભરાઈ ગયા પછી એક પણ બ્લેન્કેટ કે રજાઈ ખસી જઈ શકતાં નથી તેથી બહાર ગમે તેવી ઠંડી હોય છતાં અંદરની હૂંફ સ્ખલિત થતી નથી. અલબત્ત આ હૂંફમાં વૃદ્ધિ કરવા પગ આગળ ગરમ પાણીની થેલી, ગળામાં ગળપટો, હાથે પગે ગરમ મોજાં અને માથા ઉપર કાનટોપી એ બધુંએ 'કડક ઠંડીના દિવસોમાં વાપરવું પડે છે. ઉપરાંતમાં રૂમને ગરમ રાખવા બધાં બારીબારણાં પાકાં બંધ કરીને ગેસ કે ઇલેક્ટ્રીકનો હીટર પણ ચાલુ કરી દેવો પડે છે.

મિસ કેલી આ પ્રમાણે શય્યા સજાવી ગઈ પછી ચા પીને મેં સૂટ, ઓવરકોટ, હેટ, મફલરથી સજ્જ થઈને કકડતી ઠંડીનો સામનો કરવાની તૈયારી કરી દીધી. હોટલની બાજુના જ વિક્ટોરિયા અન્ડર ગ્રાઉન્ડ સ્ટેશને ગયો અને ત્યાંથી ચાર પેન્સની પીકેડેલી સ્ટેશનની ટિકિટ ખરીદી. આ મારો પહેલો જ ભૂગર્ભ ટ્રેનનો પ્રવાસ હતો છતાં કશી રીતે હું ગૂંચવાયો નહિ. ભૂગર્ભ ટ્રેનની સાત તો લાઇનો છે અને બધું મળીને લગભગ ૩૪૦ સ્ટેશનો લંડન શહેરની નીચેના ૫૦ થી ૨૦૦ ફુટ જેટલાં ઊંડાં જુદી જુદી સપાટીએ આવેલાં ભોંયરાંઓમાં છે. છતાંએ આ બધી લાઈનો અને સ્ટેશનો દર્શાવતો એક અત્યંત સુરેખ નકશો ટિકિટની સાથે મફત આપવામાં આવે છે તે જોઇને આપણે કોઈને કશું જ પૂછવાપણું રહેતું નથી. નકશો જોઈને લાઈન નક્કી કરો અને તે લાઈનની ટ્રેન દર્શાવતાં પાટિયાં વાંચતા રહો તો ભૂલ થાય જ નહિ. "ફોલો ધી લાઇટસ એન્ડ યુ કાન્ટ મિસ ઇટ" એવી ખાત્રી આપતાં પાટિયાં ઠેરઠેર મૂકેલાં છે. દરેક વળાંકે કે જ્યાં રસ્તા ફંટાતા હોય ત્યાં પૂરેપૂરું માર્ગદર્શન કરાવેલું હોય છે જ તેથી ભૂલ થવાનો સંભવ રહેતો જ નથી. વિક્ટોરિયા સ્ટેશનેથી હું ડિસ્ટ્રીક્ટ લાઇનની ટ્રેનમાં બેઠો અને જેમ્સ પાર્ક અને વેસ્ટમિન્સ્ટર સ્ટેશનો વટાવીને ચારીંગ ક્રોસ સ્ટેશને ઉતરી પડ્યો. અહીંથી બેકર્લુ લાઈનની બીજી અંડર ગ્રાઉન્ડ ટ્રેનમાં બેઠો તે ટ્રફાલ્ગર સ્કેવેર સ્ટેશન વટાવીને પીકેડેલી સર્કસ સ્ટેશને ઉતરી પડ્યો. ચારીંગ ક્રોસ સ્ટેશને એક લાઈનમાંથી બીજી લાઇનમાં જવા માટે ૪૦ પગથિયાંનો એક દાદર ચઢવાનું આવ્યું. આ દાદર વિસ્મયકારક છે. આપણે તો ખાલી તેના નીચલા પગથિયા ઉપર ઊભા જ રહેવાનું અને જોતજોતામાં તો તે પગથિયું જ ઉપર ચઢી જાય છે! આપણે પગ ઉપાડવાના જ નહિ. ચઢવાના અને ઉતરવાના આવા દાદરા કૂવામાંથી પાણી કાઢવાના રહેંટની જેમ ચાલુ ફરતા જ રહે છે અને એકીસાથે એક દાદર

ઉપર ૨૦૦ માણુસો ઊભેલાં હોય છે. પછી તો આવા "એસ્કેલેટરો" ઠેરઠેર વિલાયતમાં જોવા મળ્યા. મોટા મોટા સ્ટોરોમાં પણ આવા એસ્કેલેટરો હોય છે તેથી દાદર ચડવાની કડાકૂટ રહેતી નથી. 'લિફ્ટ' કરતાં આ વસ્તુ તદ્દન જુદી જ છે. લંડનની અંડરગ્રાઉન્ડ ટ્રેનો અને આ એસ્કેલેટરો તો એન્જીનિયરીંગની મહાન સિદ્ધિઓ છે.

પીકેડેલી એટલે લંડનનો શ્રેષ્ઠ રોશનીમય લત્તો—કલકત્તાની ચૌરંઘી જેવો. મોટા મોટા સ્ટોરો છે અને મોડી રાત સુધી લોકોની ગીરદી અહીં જોવા મળે છે. નીયોન લાઇટો, થિયેટરો, નાઇટ ક્લબો, જુગારખાનાં એ બધી માયા અહીં કેન્દ્રિત થયેલી છે. એક જુગારખાનાનો તમાશો જોવા હું પાંચ મિનિટ ઊભો. અહીં સંખ્યાબંધ 'સ્લોટ મશીનો' છે તેમાં શિલિંગ બે શિલિંગ નાખીને લોકો નિશાનબાજી, તીરંદાજી, નગ્નપ્રણયની ફીલ્મો, વગેરે 'સ્પોર્ટ'-નો સ્વાદ લે છે! આ રસ્તા ઉપર એક કલાક જેટલા ટૂંકા સમયમાં તો મને ત્રણ વખત જુદી જુદી વ્યક્તિઓએ પૂછ્યુ કે "મજા કરવા ચાલશો? (લાઇક ટુ હેવ સમ ફન, સર?)! સામે જ એક થિયેટર હતું તેમાં પેરીસની રમણીઓનો નગ્ન નાચ 'ફોલી બર્જેઇસ'નો શો ચાલતો હતો. તેની બેસવાની ટિકિટ ૨૦ થી ૭૦ા શિલિંગ જેટલી હતી અને ઊભા રહેવાના કલાસની ટિકિટ પાંચ શિલિંગની હતી! હવે તો રાતના ૧૦ા વાગ્યા હતા અને ભૂખ પણ લાગી હતી તેથી રેસ્ટોરાં અને કેફે તરફ નજર દોડાવવા માંડી. જમણના ૧૦ થી ૧૨ શિલિંગ, નાસ્તાના ૫ થી ૭ શિલિંગ. પૈસા ન હોય તો છોડો લંડન અને પૈસા હોય તો જ ચલો લંડન! સીગરેટના એક પાકીટના પણ અહીં તો બે શિલિંગ પડે છે! અને ઉપરની પેલી 'ટીપ્સ' તો પાછી જુદી જ!

આખરે હું એક કેફેમાં ઘુસ્યો અને "બીન્સ ઓન ટોસ્ટ" (પાઉં પર વાલીયા!) ખાઇને ઉપરથી શરપબરીનો એક મિલ્ક શેક પીધો. બહાર ફુટપાથ ઉપર એક ઠેલાગાડીમાં "હોટ ડોગ્સ" (ગરમ કુત્તા!) નામની એક ચીજ વેચાતી હતી તે વેચવા માટે તો આપણા ફેરિયાઓની જેમ એક અંગ્રેજ ફેરિયો જાહેરાતની બાંગો પણ પૂકારતો હતો અને ચોપાટીના ભેળપુરીની જેમ લંડનના સહેલાણીઓ આ ઠંડી રાતે ગરમકુત્તા ખાઈ રહ્યા હતા! (જો કે આ ચીજને કુત્તા સાથે કંઇ જ લેવાદેવા નથી હોતીઃ ફક્ત નામ જ આવું છે.) પીકેડેલીથી હું મેફેર, પોલમોલ, બોન્ડ સ્ટ્રીટ, રીજન્ટ સ્ટ્રીટ, પાર્ક રોડ જેવા વિખ્યાત લત્તાઓની ઝડપી ચાલે મુલાકાત લઇ આવ્યો. અને આ બધું મુંબઇ છોડયા પછી ૩૦ કલાકની અંદર જ પતી ગયું! કેવા આ ૩૦ કલાક કહી શકાય—સિમ્પ્લી થ્રીલિંગ!

આખરે ૩૮ નંબરની બસમાં બેસીને રાત્રે ૧૧ા વાગે હું વિક્ટોરિયા સ્ટેશને આવ્યો અને ૧૨ વાગે પેલી સુંદર શય્યામાં પડયો તે બીજે દિવસે સવારે ૭ા વાગે ઊઠયો. જીવનમાં પહેલી જ વાર આવી શુદ્ધ અંગ્રેજી શય્યામાં સુવા મળ્યું હતું તેથી ઊંઘ તો અલ્લાખુશ આવી ગઇ હતી. ઊઠીને તરત જ દાતણપાણી કરી લીધાં. મારા રૂમમાં જ ગરમ અને ઠંડા પાણીના નળવાળું વોશબેસીન હતું અને ટેલીફોન પણ હતો. ફોન કરીને ચા મંગાવી. ફરી પાછો નાહીધોઈને તૈયાર થઈ ગયો અને લંડનનાં બીજાં દર્શનીય સ્થળો જોવા માટે નીકળી પડયો કારણકે બીજે દિવસે એટલે કે રવિવાર તા. ૨૦ મી એપ્રિલે બપોરની ગાડીમાં તો મારે માન્ચેસ્ટર તરફ ચાલ્યા જવાનું હતું. ફરીથી બે વખત લંડન આવવાનું તો હતું જ પરંતુ જેટલું જોવાય તેટલું આ દોઢ દિવસમાં જોઈ લેવાનો લોભ તો હતો જ.

શનિવારનો આખો દિવસ લંડનમાં ખૂબ ખૂબ રખડયો. પહેલો તો ઇન્ડિયા હાઉસ ગયો તો તે બંધ નીકળ્યું! ઇંગ્લેન્ડમાં તો બધી ઓફિસો શનિ અને રવિ બન્ને દિવસ બંધ રહે છે.

ફક્ત શનિવારે મોટા સ્ટોરો જ ખુલ્લા રહે છે તેથી શનિવારનો દિવસ શોપિંગ ડે-ખરીદી દિન-ગણાય છે. બધા જ સ્ટોરોમાં ખૂબ ગીરદી રહે છે. 'ડીઝાઈન સેન્ટર' નામના એક સ્ટોરમાં દૈનિક જીવનની જરૂરિયાતની દરેક સર્વોત્તમ વસ્તુનો એક એક નમૂનો જ મૂકેલો હોય છે. તે ત્યાંથી વેચાતી મળી શકતી નથી પરંતુ તેની કિંમત કેટલી છે અને તે કયાં મળે છે તે દરેક વસ્તુ ઉપરના લેબલમાં લખેલું હતું.

બપોરે ટ્રફાલ્ગર સ્કવેરમાં આવેલી એક કન્ડક્ટેડ ટુરની ઓફિસમાં જઈને ૧૧॥ શિલિંગની એક ટિકિટ ખરીદી અને ૨॥ થી ૫ વાગ્યા સુધી એક આલિશાન બસમાં બેસીને લંડનનાં ઘણાં દર્શનીય સ્થળો જોઈ આવ્યો. થેમ્સ નદીના કિનારે કિનારે ચાલતી બસની કન્ડક્ટ્રેસે માઈક્રોફોન પરથી પસાર થતાં સ્થળો વિશેની સમજ આપવા માંડી. વચમાં વચમાં ઉતારીને તે સ્થળોની અંદર પણ અમને લઈ જવામાં આવ્યા. રોમના સેંટ પીટર દેવળથી જગતમાં બીજા નંબરનું મોટું "ગણાતું" સેન્ટ પૉલ્સ દેવળ પણ જોયું ("ગણાતું" કારણકે આ લોકોને મદુરા, તાન્જોર, કુંભકોણમ કે કાંચીપુરમનાં ખૂબ જ મોટાં મંદિરો વિશે કશો જ ખ્યાલ લાગતો નથી!) અંદરનું ડેકોરેશન પેઈન્ટને બદલે રંગીન કાચની કપચીઓ-મોઝેઈક-થી કરેલું છે તે ખરેખર અદ્ભુત છે. સેન્ટ પૉલ્સ દેવળથી આગળ વધીને ફ્લીટ સ્ટ્રીટમાં આવ્યા. અહીં લંડનનાં વિખ્યાત અખબારોની ઓફિસો છે તેમાં 'ડેઈલી એક્સપ્રેસ'ની ઓફિસ ખૂબ જ ધ્યાન ખેંચે તેવી છે. ચળકતા કાળા આરસનું આ મકાન આસપાસના ધુમાડિયા રંગનાં મકાનોમાં જુદું જ તરી આવે છે. માન્ચેસ્ટરમાં પણ "એક્સપ્રેસ"નું મકાન ઘણું સરસ છે. કાળા આરસ અને કાચ સિવાય ત્રીજી કોઈ ચીજ દેખાતી જ નથી. અને બહારથી અંદરની બધી મશીનરી ચારે માળની જોઈ શકાય છે! આખું મકાન લગભગ કાચનું જ છે છતાં સલામત રહે છે! અહીંથી લંડન ટાવર પહોંચ્યા અને અંદર વિશ્વવિખ્યાત કોહીનૂર હીરો જોયો. પછી ચાર્લ્સ ડીકન્સની જરીપુરાણી દુકાન (ઓલ્ડ ક્યુરીઓસિટી શોપ) જોઈ.

કન્ડેક્ટર ટુર ખતમ થયા પછી પણ મેં પગપાળા ઘણાં સ્થળો જોયાં—પાર્લામેન્ટનાં મકાનો, વેસ્ટમિન્સ્ટર એબે, હાઈડ પાર્ક વગેરે. લખવાનું એટલું બધું છે કે એકનું પણ સંતોષકારક વર્ણન કરવા જતાં બીજું રહી જવાનો ભય રહે છે તેથી હું આ પ્રમાણે ઝડપથી કલમ ચલાવું છું. હાઈડ પાર્કની વિશિષ્ટતા એ છે કે એક તો તેમાં પ્રેમી યુગલો બાંકડા ઉપર બેઠાબેઠા પ્રેમમસ્ત રહે છે અને બીજું એ કે અહીં કોઈ પણ 'આલી મવાલી' સોપબોક્સ ઓરેટર ભાષણ શરૂ કરીને થોડુંક ટોળું તો આકર્ષી શકે છે જ.

લંડનમાં આવીને ચોવીસ કલાકમાં અનેક વખત એક નવું દૃશ્ય જોવા મળ્યું તેનાથી હું વિચાર કરતો થઈ ગયો કે "આ શું? ભારતમાં હજી આવું તો કયારે જોયું નથી?" ફક્ત હાઈડ પાર્કમાં જ નહિ પરંતુ પીકેડેલી, મેફેર કે એવા મોટા રાજમાર્ગો ઉપર સુદ્ધાં છડેચોક નરનારીઓ એકબીજાને ભેટી કે ચૂમી રહ્યાં હતાં. ફુટપાથ ઉપર પણ યુવકયુવતીઓને એકબીજાના ખભા ઉપર ખભો ટેકવીને, બગલમાંથી પકડીને, ચૂમતા ચૂમતા ચાલતા જોવાનું દૃશ્ય તો અહીં બહુ જ સામાન્ય છે. આપણા અનેક હિંદી વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને પણ તેમના ગોરા સાથીઓ સાથે આ જ પ્રમાણે ફરતા જોવા મળ્યાં! અને પછી તો આખા વિલાયતમાં જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં આ દૃશ્ય તો બિલકુલ સામાન્ય લાગવા માંડયું. આ વિશે મેં ઘણાં અંગ્રેજ નરનારીઓ સાથે ચર્ચા કરી હતી તે પણ આપણે આગળ ઉપર જોઈશું.

તમારો સ્નેહાધીન

★ કાન્તિ ગાંધીના જયહિંદ

..... ને સંધ્યા ખીલી ઊઠી !

'સફરીજહાઁ'

બપોરનો ધોમ તપતો રવિરાજ અસ્તાચળ નજીક જઈ ઊભો હતો. દિનભરની સતત કામગીરીનું ઊડતું અવલોકન કરી લેવાની ખેવના હોય એમ એ છેલ્લાં કિરણો ફેંકયે જતો હતો.

ને ત્યારે હું ઘરની ગેલેરીમાં બેઠોબેઠો સામે આવેલાં દૂર દૂર સુધી પથરાયેલાં લીલાંછમ ખેતરો ભણી તાકતો હતો. મારી નજર એ નીલરંગી ધરતી ને ધીમી પવનલહરે ડોલતાં વૃક્ષો અભાગ બની જોયે જતી હતી. જીવનની આ ઉંમરે હવે આ બધું જ જોવાનું હતું— ને એ બધું જોતાં જોતાં વહી ગયેલી યાદો અને સોણલાંઓમાં રાચવાનું હતું.

રાચવાનું સ્તો ! !

ત્યારે ય આવી જ સંધ્યા ખીલી ઉઠેલી, ખરુંને કાંત !

મારી વિચારતંદ્રા તૂટી. જોયું તો પાસે બેઠેલી સંધ્યા, મારી જેમ જ સંધ્યાના અલબેલા રંગો નિહાળતી, પ્રસન્ન વદને બોલી રહી હતી:

'હંઅઅ.'

ને ફરી મેં ચિત્તને અને નજરને પ્રકૃતિ-લીલા જોવા સ્થિર કર્યાં.

પણ હાય રે ન તો ચિત્ત શાંત બન્યું કે ન તો સ્થિર. ને જાણે મનોભાવનું કુદરત પર આરોપણ થતું હોય તેમ પ્રકૃતિની શાંતિ અને સ્થિરતા ય ચાલ્યાં ગયાં. કોણ જાણે કયાંથી ય ઝંઝા ઊઠી. વાદળો વેરવિખેર થઈ ગયાં. સંધ્યાના રંગો વિલાઈ ગયા. વૃક્ષરાજિઓ અને પંખીઓ કલરવ કરી ઊઠયાં.

તે દિવસે ય આવી જ ઝંઝા ઊઠી'તી સ્તો......

હંઅઅ......

પાણીની જેમ જ્યારે વિચારોનો હિલોળો ચડે છે ત્યારે એ ચડતો જ જાય છે, રોકાતો નથી. સાગરનાં ભરતી-ઓટની જેમ માનવીના વિચારોમાં ય ભરતીઓટ આવે છે.

'યાદ આવે છે કાંત, તે દિવસે... ...' સંધ્યા બોલી. એના હૈયામાં રહેલી પ્રસન્નતા એના મુખ પર આવી બેઠી હતી.

તે દિવસ ... ...

ત્યારે માથે મેઘ ગાજતો હતો. હું અને અનિકેત-બંને જીગરી દોસ્તો-એવા ભરવરસાદમાં આથમેલા દિવસે, રેઈનકોટ પહેરી વરસાદમાં ફરવા નીકળી પડ્યા હતા. રોજ રાતે ફરવા જવું જ એવો મારો નિયમ હતો. અનિકેત મારો સાથી હતો.

ફર ફર પડયે જતા વરસાદના અવાજે અનિકેતના હૈયાને ઢંઢોળ્યું. એના હૈયાની વાત હોઠે આવી બેઠી. એ વાત ગીત બની ધીમા—વરસાદના અવાજ સાથે તાલ મેળવતી વહી આવી. હું મૂંગો મૂંગો એનું ને વરસાદનું ગીત સાંભળ્યે જતો હતો. એક જણ જો બોલતું-ગાતું હોય અને બીજું ચૂપચાપ એ સાંભળતું હોય તો જ બોલ અને મૌનનું મહત્ત્વ જળવાઈ રહે છે.

અચાનક ગીત બંધ પડી ગયું. અનિકેતે મારો ખભો પકડી લીધો : 'કાંત...' ધીમા

પણ ધ્રૂજારીપૂર્ણ સ્વરે એ બોલ્યો. મેં પ્રશ્નસૂચક દૃષ્ટિએ એના ભણી જોયું. 'આમ......' ને એણે ચિંધેલી દિશામાં નજર નાંખી.

ત્યારે ધરતી પર અંધકારના ઓળા ઉતરી આવ્યા હતા. ઝરમર ઝરમર વરસી રહેલા વરસાદે પણ કાંઈક એ અંધકારને ગાઢ બનાવ્યો હતો. રસ્તા પર અવરજવર હતી નહિ. ઘરોમાં અને શેરીઓમાં શાંતિ હતી.

'જોયું?'

'શું?'

'કોઈ બાઈ ...'

મેં નજર વધારે ઝીણી કરી. અનિકેતની વાત સાચી હતી. અમે ઊભા હતા ત્યાંથી પચાસેક ફૂટ છેટે એક કચરાપેટી હતી. કોઈ બાઈ–કાળાં કપડાં પહેરેલી એક બાઇ એ કચરાપેટી આગળ ભરવરસાદમાં વાંકી વળી ઉતાવળી ઉતાવળી કાંઇક કરી રહી હતી. પાંચ–સાત મિનિટમાં જ એ ટટ્ટાર થઈ ગઈ. એણે આજુબાજુ એક નજર કરી, અને ઝડપભેર અમે ઊભા હતા એ શેરીમાં ધૂસી ગઈ.

'મા'કોર...'

અનિકેત બબડયો.

'ઓળખે છે તું?'

'હા, અમારી જ જ્ઞાતિની છે.'

'હશે.'

ને મેં આગળ ચાલવા પગ ઉપાડયા.

'કાંત......'

'શું છે?'

'ચાલ તો...'

'ક્યાં?'

પણ જવાબ આપવાના બદલે એણે મને પાછો ફેરવ્યો. હું એની ઇચ્છાને તાબે થયો. મને એ પેલી કચરાપેટી પાસે લઈ આવ્યો. પેલી મા'કોરની જેમ જ એય વાંકો વળ્યો, ને ચિત્કારી ઊઠ્યો : 'બાળક......'

'હેં?!!'

પણ અનિકેતની વાતની સાક્ષી પૂરતું હોય એમ, કાં તો અનિકેતના ચિત્કારથી હો કે ભૂખથી બાળક રડી ઊઠ્યું. અનિકેતે એને ઊંચકી લીધું. વરસાદની ઠંડીથી બાળક થરથરતું હતું. અનિકેતે એને પોતાના રેઈનકોટમાં ઢાંકી દીધું, ઝડપભેર અમે પાછા ફર્યા.

'ક્યાં જશું, અનિકેત?'

'હું ય એ જ પૂછું છું, કાંત?'

ને બંને ચૂપ થઈ ગયા. જ્યારે એકી વખતે અરસપરસ સામસામા પ્રશ્નો પૂછાય ત્યારે એ બંને સામસામા પ્રશ્નોના જવાબ મૌન જ છે.

'કાંત?'

'હંઅઅ.'

'એમ કરીએ તો?'

'કહે.'

'રહો તો હું આ બનાવી લાવું.' ને એ અંદરના ખંડમાં ચાલી ગઈ. પંચેક મિનિટમાં જ અંદરથી સ્ટવનો અવાજ આવ્યો. પ્યાલા રકાબી ય ખખડ્યાં. અનિકેત ઊભો થઈ અંદર ગયો. હું ય પાછળ પાછળ ગયો.

'અરે, અરે, પણ......'

પણ અનિકેતે બહાર જવાને બદલે રુક્ષ અને સત્તાવાહી સ્વરે પૂછ્યું: "માકોર માશી! કાલે કચરાપેટી આગળ સાંજે શું કરતાં હતાં?'

'કોણ હું? હું......અરે, હું તો...હું...તો...'

'સાચું બોલો. જવાબ દો.'

'ક–કચરો નાંખવા...'

'કચરો કે છોકરો?'

'છોકરો? શું કહે છે તું? આબરૂ પર હાથ નાંખે છે?'

'માકોર માશી! બનાવટ રહેવા દો. જીવવું હોય તો સાચું કહી દો. મેં કહ્યું ના કે આ ફોઝદાર......' ને એણે મારી તરફ આંખ મીંચકારી. હું જાણે ચાવી દીધેલું પૂતળું હોઉં તેમ તરત બોલી ઊઠ્યો: 'હા, હા, માજી! ગભરાશો નહિ. છુપાવશો તો બેવડા ગુનેગાર થશો. સાચું કહેશો તો છૂટીય જશો.'

'પણ છોકરો અમારો......'

'છોકરો તમારો જ છે.'

'મારો છોકરો?!! ક્યાં છે એ? લાવો, લાવો, મારા લાલને!'

અમે ચમકી ગયાં. જોયું તો અંદરના ખંડમાંથી વેરવિખેર કપડાં–વાળવાળી, માંદા જેવી એક યુવતી બહાર ધસી આવી. હું જોઈ રહ્યો. માકોરનો ચહેરો તંગ બની ગયો. યુવતીનો હાથ ખેંચી અંદર ઢસડી જવા માંડી. 'ગાંડી છે! બોલવાનું ભાન નથી.'

'ગાંડી તું છે. મારા છોકરાને મારી અભાનદશામાં તું ઉઠાવી ગઈ છું.' ને અમારી તરફ ફરી બોલી. 'ખરું કહું છું. મારા લાલને તમે જોયો છે?' ને આંચકો મારી એ અમારી તરફ ધસી આવી કરગરી પડી. 'જોઈએ તો મને મારી નાંખો, પણ મને મારો લાલ આપો. બસ, એકવાર મને એનું મોં જોવા દો.' ને એ આક્રંદ કરી ઊઠી.

માકોર ખિજાઈ ઊઠી: 'રાં...વાલામૂઈ! મારા ધોળામાં ધૂળ નાંખી! મારી કુખ લજવી. એક તો ધંધો રહિ એવો...'

મેં અધવચ્ચે જ કહ્યું: 'જુઓ, હવે આ બધું બોલવું નકામું છે. જે થયું તે થયું. આમ ગાળાગાળી કે રાડારાડીથી કંઈ વળવાનું નથી. છોકરો સલામત છે.'

'હેં, મારો લાલ જીવે છે? ક્યાં છે એ? મને કહો, કહો ...'

'મારે ત્યાં જ છે, બહેન! નક્કી થયે અને એને જીવાડવાની ખાત્રી મળે તો હું આપવાય તૈયાર છું.' અનિકેતે જણાવ્યું.

માકોર રડી પડી. 'હાય રે! રાંડે મારું મોત બગાડ્યું. મૂઓ પરભવનો વેરી પાક્યો! આ તો ઘરનો જ ચોર નીકળ્યો!' દીકરીએ સૂર પુરાવ્યો.

અમે ચૂપ ઊભા રહ્યા. મા–દીકરી અંતે ચૂપ થયાં.

કલાક વહી ગયો.

પછી અનિકેતે માકોર પાસેથી વાત કઢાવી:

ધણીના મરણ પછી માકોરે દીકરીના આધારે જીવન નિભાવ્યું. જુવાનીનું સૌંદર્ય અને માર્દવ એણે દીકરીમાં સીંચ્યું. પણ એનેય કોઈનો સથવારો જરૂરી જણાયો. એણે એવો એક સમવયસ્ક પતિનો મિત્ર અને પોતાનો હિતૈષી શોધી કાઢ્યો.

પેલો માનવી આબરૂદાર હતો. બુદ્ધિશાળી ને શિક્ષિત હતો. એણે માકોરની એકેએક ગૂંચ-પ્રસંગો ઉકેલી-જાળવી આપ્યા. અરે, માકોરની દીકરી શારદાને ધામધૂમથી પરણાવી ય આપી-ખાનદાન અને સમૃદ્ધિશાળી નબીરા જોડે.

વિધિની ક્રૂરતા તો જુઓ.

સૌંદર્યવતી, સૌષ્ઠવવતી અને મુગ્ધ યૌવના શારદા બે જ વર્ષમાં વિધવા બની. જ્યાં તે આજ સુધી લક્ષ્મીસ્વરૂપ મનાતી હતી ત્યાં એ કાલિકાસ્વરૂપ મનાતી થઈ ગઈ. સાસરીઆંઓએ એને હડધૂત કરી. પરિણીત સ્ત્રીનાં માનપાન અને આબરૂ પતિના લીધે હોય છે. પતિવિહોણી સ્ત્રીની દશા આધાર હોવા છતાં નિરાધાર જેવી થઈ રહે છે. ત્રાસેલી શારદા માના આશ્રયે આવી રહી. માકોર દીકરીની અવદશા પર પોશ પોશ આંસુડાં સારી ચૂપ થઈ ગઈ.

ઝંઝાએ ચડેલી નાવ પુનઃ શાંત સાગરમાં વહેતી થઈ...

ના, ના...

એ શાંતિ ક્ષણિક હતી. એ ઝંઝા ભાવિમાં આવનાર મહાવંટોળનો અંશ માત્ર હતી. તે દિવસે પેલો માનવી માકોરનો બોલાવ્યો આવ્યો હતો. મોડું થઈ જતાં એ માકોરના આગ્રહને વશ થઈ રાત રોકાઈ ગયો. આવી રીતે તો આ અગાઉ એ ઘણીયે વાર રોકાયેલો, એટલે વાત સામાન્ય જ હતી. માકોર અને પેલો માનવી બહારના ખંડમાં સૂતાં. શારદા અંદરના ખંડમાં વચ્ચેનું બારણું ખાલી વાસીને.

અધરાત્રિએ પેલો માનવી પાણી પીવા ઊઠ્યો. એણે અંદરના ખંડમાં પ્રવેશ કર્યો. એની નજર ભરઊંઘમાં પડેલી શારદા પર પડી. એકાંત હતું. નિરવતા હતી. નજર સામે એક યૌવન હીંલોળા લેતું પડ્યું હતું. માનવી ભાન ભૂલ્યો. સંબંધો વીસરાઈ ગયા.

શારદા ચમકી ઊઠી. એ હેબતાઈ ગઈ.

માનવીના મન પરથી જ્યારે નશો ઉતર્યો ત્યારે પરિસ્થિતિનું ભાન થયું. એની શરમનો પાર ન રહ્યો. પૂરું પરોઢે ન જોયું ને એ ચાલ્યો ગયો—દૂર દૂર...એ ફરી દેખાયો ય નહિ કે ન તો એના સમાચાર મળ્યા.

વખત વહેતો રહ્યો.

માકોર-શારદાનાં જીવનમાં ઝંઝા વંટોળ બની ગઈ. માકોરને દીકરીમાં દોષ દેખાયો.

'રાં...આવું કરતાં પહેલાં મરી કાં ન ગઈ? તારું તો નસીબ તેં ફોડ્યું, પણ મારો ય આધાર ગુમાવરાવ્યો!'

માકોરે ઊગતી આફતને ઊગતી અટકાવવા ઘરખૂણે ઘણા ઘણા પ્રયત્નો કર્યા, પણ સફળ ન જ થઈ. ને એક દિન એ આફત-બાળક જન્મ્યું. માકોર-શારદા વચ્ચે ઝઘડા વધી પડ્યા. આબરૂ અને માતૃત્વ વચ્ચે ઘમસાણ મચ્યું. બંને સ્ત્રીઓ હતી. બંને વિધવા હતી. પરંતુ એક આબરૂના ભયે નારી મટી કાળ બની. એણે શારદાના બાળકને મારી નાંખવા કોશિશો કરવા માંડી. બીજી બાજુ શારદા વધુ સચેત બની. એણે બાળકના રક્ષણ માટે માની સામે યુદ્ધ ખેલવા માંડયું.

અંતે માકોરને તક મળી. શારદા ત્યારે ઊંઘતી હતી. માકોરે આસ્તેથી બાળકને ઉઠાવી

લીધું, ને ભરવરસાદમાં પાછલે બારણેથી એ શેરીના નાકે આવેલી કચરાપેટી પાસે જઈ પહોંચી, ને બાળકને ત્યાં મૂકી, પાછી વળી.

શારદા જ્યારે જાગી ત્યારે એણે બાળક ન જોયું. એ વાત પામી ગઈ. શારદાએ કાગારોળ કરી મૂકી. પણ માકોર જરાય ચલિત ન થઈ. બાળક ભલે ગયું, આબરૂ તો રહી—માકોરનો એ આત્મસંતોષ હતો.

અનિકેત ને હું બહારના ખંડમાં આવ્યા.

ચૂપકીદી તોડતાં મેં હૈયામાં અણધાર્યો ઊઠેલ તરંગ વ્યક્ત કર્યો: 'અનિ! ખરાબ લગાડીશ નહિ.'

'શું?'

'માકોર અને તમને સૌને વાંધો ન હોય તો હું શારદાનો હાથ......'

'શું કહે છે તું?' મારા બંને હાથ પકડી લેતાં અનિકેત સાશ્ચર્ય બોલી ઊઠયો.

'અરે, તું તૈયાર હો તો હમણાં જ,' ને એણે ચપટી વગાડી. સીધો જ અંદરના ખંડમાં દોડી ગયો.

થોડીવારે અનિકેત ને માકોર બંને બહાર આવ્યાં. 'મને વાંધો નથી. હું તો શારદાના સુખે સુખી...પણ છોકરાનું......'

'એને હું પાળીશ, માશી!' અનિકેત બોલ્યો.

'નહિ, અનિકેત! એ બાળક અને એની મા—બંનેને હું સ્વીકારીશ. બાળક મારું જ બની રહેશે.'

'પણ...પણ...દુનિયા શું કહેશે?'

'દુનિયા? દુનિયા કહેશે કે મેં એક પાપી સ્ત્રી જોડે લગ્ન કર્યાં! દુનિયા કહેશે કે હું કુંવારો બાપ બન્યો! અનિકેત, દુનિયા ઘણું ઘણું કહેશે—જો આપણે સાંભળવા માગતા હશું તો.'

'દેવ!......'

જોયું તો શારદા મારા પગમાં આળોટી પડી. એની આંખોમાં વહી રહેલાં અશ્રુઓથી મારા પગ ભીંજાઈ રહ્યા.

મારી નજર ત્યારે બારી બહાર—દૂર દૂર પેલા આસ્માનને ય વીંધી પેલી પાર જવા મથી રહી. સાંજ ઢળી હતી. ધરતી લીલો પટકૂળ પહેરી મસ્ત બની લહેરિયાં લેતી પડી હતી. ને આસ્માનમાં રંગબેરંગી ભાતીગર રંગોની તેજકિરણાવલિઓ રેલાવતી સંધ્યા ખીલી ઊઠી હતી.....

સંધ્યા......

મેં નજર પાછી વાળી. શારદાને મેં ઊભી કરી. ખંડમાં હું ને શારદા જ હતાં. માકોર અને અનિકેત અંદરના ખંડમાં આચમસના ખખડાટમાં વાતો કરતાં હતાં.

'કાંત...'

શારદાના મુખ પર રેખાઓ ઝડપથી દોડી રહી હતી. એના ચહેરા પર વીખરાઈ પડેલી લટો અને પ્રફુલ્લતાની દોડી રહેલી રેખાઓ એના ચહેરાને પેલી આસ્માનમાં ખીલી ઊઠેલી સંધ્યા જેવો જ માદક બનાવી રહ્યા હતા.

'સંધ્યા......'

પાશ્ચાત્ય નાટ્યસાહિત્યનો વિકાસ

પ્રોફે. તનસુખ ભટ્ટ M. A., Ph. D.

લેખાંક દશમો

રાજસત્તાની પુનઃસ્થાપનાનો કાળ [Restoration Period]

ઈ. સ. ૧૬૬૦થી ૧૭૦૦ સુધીના ચાર દાયકાનો ગાળો સત્તરમી સદીનાં આરંભનાં વર્ષો કરતાં અને એલિઝાબેથના સમય કરતાં બહુ જુદો પડી જાય છે. સત્તરમી સદીના આરંભ કાળ સુધી નાટ્યકારો પોતાને સમાજમાંના એક ગણતા અને સામાજિક જીવનથી તેમનું વૈયક્તિક જીવન જરાય જુદું ન હતું. આથી તેમનો એક પગ રાજદરબારોમાં રહેતો અને બીજો પગ લોકસમુદાયમાં રહેતો. તેઓ જનતાના બધા વર્ગોની નાડ પારખી શકતા અને જનતા સાથે જ આ લેખકોનો સમભાવ રહેતો. પરંતુ રાજસત્તાનું પુનઃપ્રસ્થાપન થયું તે પછીના કાળમાં શેક્સપિયરની કૃતિ જેવું કોઇ 'મિડસમર નાઇટ્સ ડ્રીમ' લખાયું નહિ. ઈંગ્લેંડમાં થયેલા પ્રજાકીય સંક્ષોભ અને તેમાંથી નીપજેલી રાજાપ્રજાની યાદવાસ્થળીને પરિણામે ઈંગ્લેંડમાંથી કૈંક અદશ્ય થઇ ગયું. આ અદશ્ય ખોટ બહારથી જોનારાને કદી કળાતી નહિ પણ સમકાલીન નાટકોમાં તેનું પ્રતિબિંબ જોવા મળે છે. રંગભૂમિ રાજદરબારનું જ ક્ષેત્ર બની ગઈ. પ્રેક્ષક વર્ગમાં દરબારીઓ અને તેમના હજુરિયાઓ જ દેખાતા. જનતાનો પ્રાણ, આ ચાર દાયકાઓમાં, કદી ય નાટકોમાં ઉછળતો દેખાતો નથી. રોયલ સોસાયટી, 'બનિયન' અને 'લોક'ની સાહિત્યકૃતિઓ આ નાટકોથી સાવ જુદી પડી જાય છે. તેમાં ગાંભીર્ય અને પુરુષાર્થની ઉપાસના છે જેની આ કાળનાં નાટકોમાં ગંધ સરખી આવતી નથી. આ સમય દરમ્યાન એક ચીવટવાળા પ્રેક્ષકે પોતાની રોજનીશી રાખી છે. દરેક નાટકની પ્રથમ રાત્રિએ એ ખેલ જોવા જતો અને પોતાના મન ઉપર પડેલી છાપ નોંધી લેતો. આ રસિક જનતું નામ સેમ્યુઅલ પેપિસ (Samuel Pepys) હતું. તેની રોજનીશી ઉપરથી માલમ પડે છે કે પ્રજાની રસવૃત્તિ નવી ઢબનાં ફેશનેબલ નાટકોથી સંતોષાતી નહતી અને તેથી શેક્સપિયર, બેન જોનસન અને અન્ય જૂના નાટ્યકારોની કૃતિઓ પણ ભજવવામાં આવતી હતી.

આ નવીન યુગના નાટ્યકારોની પ્રતિભા મર્યાદિત હતી. તેમ છતાં તેમનાં નાટકો રોચક અને વૈશિષ્ટ્યપૂર્ણ હતાં. બધા નાટ્યકારોના કેન્દ્રસ્થાને જ્હોન ડ્રાયડન (John Dryden—૧૬૩૧-૧૭૦૦) હતો. તેણે સુખાન્તિકા, શોકાન્તિકા અને ઐતિહાસિક નાટકોમાં સારી એવી કીર્તિ મેળવી હતી. આ યુગનાં વિવિધ પ્રકારનાં નાટકોમાંથી બે જાત આગળ પડતી લાગે છે. પહેલો પ્રકાર હતો વીરોચિત શોકાન્તિકાનો. પોતે જેને આચરી શકતી ન હતી એવા આદર્શવાદને પ્રજા નાટક દ્વારા સાકાર કરવા મથતી હતી. પ્રણય અને વટ એ બે ગુણો પ્રજાજીવનમાંથી તેના સાચા સ્વરૂપે અદશ્ય થયા હતા. આથી પ્રજા અને તેના નાટ્યકારો બંને ભેગા મળીને તેમને સંસારમાં નહિ તો સાહિત્યમાં દેવભાવે પૂજવા ફાંફાં મારતાં હતાં. આમ એક બાજુથી પ્રજા આદર્શવાદની આવડી તેવી ઉપાસના કરતી હતી તો બીજી બાજુથી સુખાન્તિકા દ્વારા વાસ્તવવાદની ઉપાસના કરવા લાગી. આ સુખાન્તિકાઓ સુસંસ્કૃત, વિનોદ-

ત્મક અને ઉપહાસાત્મક સ્વરૂપની રહેતી અને રીતિપ્રધાન સુખાન્તિકાઓ (Comedy of Manners) તરીકે ઓળખાતી. હાસ્યરસની નિષ્પત્તિ કરવામાં તે ઘણુંખરું નીતિનિરપેક્ષ બની જતી. વીરોચિત શોકાન્તિકા અને આ નીતિશૈથિલ્યજન્ય સુખાન્તિકા વચ્ચેનો પ્રમુખ ભેદ એ દેખાયો છે કે પ્રથમ પ્રકાર પોતાના જમાનાને રિઝવીને અદૃશ્ય થયો ત્યારે બીજા પ્રકારે અંગ્રેજી નાટ્યસાહિત્યમાં ચિરંજીવી સ્થાન પ્રાપ્ત કર્યું છે. જ્યાં જ્યાં રસની શિષ્ટતા વિષે અત્યાગ્રહ નથી રાખવામાં આવ્યો ત્યાં ત્યાં આ બીજો પ્રકાર સર્વકાળે મનોરંજક સિદ્ધ થયો છે.

રીતિપ્રધાન હાસ્યાન્તિકાનો પહેલવહેલો લેખક હતો સર જ્યોર્જ ઇથરેજ (Sir George Etherege—૧૬૩૫-૧૬૯૧). તેની ત્રણ હાસ્યાન્તિકાઓ જાણીતી છે. આ નાટ્યલેખકે જોયું કે પ્રસિદ્ધ ફ્રેન્ચ સુખાન્તિકાકાર મોલિયરની શૈલી અંગ્રેજી નાટકોમાં અપનાવી શકાય તેમ છે. તેણે એ ઢબે લખવાનો પ્રયત્ન કર્યો. મોલિયરના પેગડામાં પગ નાખવાની એની તાકાત ન હતી. મોલિયરનું નાટ્યકૌશલ તેનામાં થોડું હતું અને સૂક્ષ્મ સંવેદનશક્તિનો તો છાંટો પણ ન હતો. છતાં યે તેની કૃતિઓ અત્યંત લોકાદર પામી. રામનામે પથ્થર તરે છે એ લોકોક્તિ ઇથિરેજને વિષે સત્ય સિદ્ધ થાય છે, કારણ કે તેની બીજી હાસ્યાન્તિકાની પ્રથમ ભજવણી વખતે નાટકશાળામાં એટલી તો ભીડ થઈ હતી કે રોજનીશી લેખક સેમ્યુઅલ પેપિસને નીચલા વર્ગમાં ટિકિટ ન મળવાથી તેને ઉપલા વર્ગ (Box) ની ટિકિટ ખરીદવી પડી. પોતાની હાસ્યાન્તિકાના પ્રણયવિકાસની ખટપટોમાં તે ફ્રેન્ચ ફેશનના એક નકલી પ્રતિનિધિનું પાત્ર ઊભું કરે છે અને તેના ગમારવેડામાંથી હાસ્યનિષ્પત્તિ કરે છે.

ઇથિરેજને મળેલી આ સફળતાથી ઘણા નાટ્યકારો તેનું અનુકરણ કરવા લાગ્યા. તેમાં ગણાવવા યોગ્ય નામ છે સર ચાર્લ્સ સેડલીનું (Sir Charles Sedley). તેણે 'મલબેરી ગાર્ડન' (Mulburry Garden) નામે હાસ્યાન્તિકા લખી. વિલિયમ વાયચરલી (William Wycherly—૧૬૪૦-૧૭૧૬)નાં નાટકોમાં વધારે બળવાન કલમ પ્રતીત થાય છે. રાજસ્થાપનાના યુગના કટાક્ષકારોનું સ્મરણ કરાવે તેવી તેની સુખાન્તિકાઓ ગણાય—જો કે તેમની તુલનામાં આ જરા નબળો ઊતરે. કટાક્ષકારનો પ્રથમ સિદ્ધાન્ત એ હોવો જોઈએ કે સમાજનાં ચાલુ ધારાધોરણોનો તે અસ્વીકાર કરે છે; તો જ તે ઉપહાસ કરવામાં સફળ નીવડે. વાયચરલી આવો બળવાખોર નથી બનતો. સમાજના પ્રત્યે તે તિરસ્કાર દર્શાવે છે ખરો પણ તેની નીતિમત્તાનાં ધોરણોની તે ઠેકડી નથી ઉડાવતો. પ્રેક્ષકોને ઘણીવાર એમ થાય છે કે અહીં સમાજસુધારકના ચાબખા નથી પણ સમાજથી હતાશ થયેલા માણસનો હડકવા નાટક દ્વારા વ્યક્ત થાય છે. સમાજની બધી જ ગંદકી તેણે જોઈ છે અને એક જ વેળાએ તે ગંદકીનું નાવણુ અને ધોવણુ બંને કરે છે.

વિલિયમ કૉન્ગ્રીવ (William Congreve—૧૬૭૦-૧૭૨૯) રાજસત્તાના સ્થાપના યુગનો અંતિમ અને શ્રેષ્ઠ હાસ્યાન્તિકાકાર થયો. પચીસ વર્ષની ઉંમરે એકાએક તેને પ્રતિષ્ઠા સાંપડી અને ત્રીસ વર્ષની ઉંમરે તેની નાટ્યલેખનની પ્રવૃત્તિનો અંત આવ્યો. અંગ્રેજી ભાષામાં સાચી શુદ્ધ અને નગદ સુખાન્તિકાઓ બહુ જ થોડી છે, અને જેટલી છે તેમાં કૉન્ગ્રીવ સર્વશ્રેષ્ઠ લેખક ગણાય છે. સુખાન્તિકા એ ભવાઈ કે ફારસ કરતાં ઉત્કૃષ્ટ રચના છે. તેમાં વિચિત્ર અશક્ય કે અવળા પ્રસંગો આવીને પાત્રોને હાસ્યાસ્પદ બનાવે છે. તે આનંદપર્યવસાયી ષડ્યંત્રોની રચના કરતાં પણ ઉન્નત છે. ખરું જોતાં તો ષડ્યંત્રરચના એ સુખાન્તિકા છે જ

નહિ પણ વિવેક વાસ્તે તેને સુખાન્તિકા ગણવામાં આવી છે. એ જ રીતે તે વેશ કે ભવાઈ નથી કારણકે તેમાં ક્ષણજીવી આનંદને બદલે ચિરંજીવ જીવનદર્શન હોય છે. સુખાન્તિકા વિષે મેરિડિથ કહે છે કે તેના લેખકને સમાજરચના વિષે સ્વતંત્ર કલ્પના હોવી જોઈએ. આ આદર્શભૂત કલ્પનાને બળે હાસ્યાન્તિકાકાર પોતાના યુગ આગળ એક એવું દર્પણ ધરે છે જેમાં સમાજની વિચિત્રતાઓ અને સુસ્થાપિત સમાજધોરણોના કરવામાં આવતા ભંગોનું સુસ્વચ્છ પ્રતિબિંબ ઊઠે છે. વળી સુખાન્તિકામાં સમાજ અને પ્રેક્ષકવર્ગ બંનેને સુસભ્યતા શી વસ્તુ છે તેનું જ્ઞાન હોવું જોઈએ. જો સમાજ નીતિપૂર્ણ હોય તો તેની હાસ્યાન્તિકામાં નીતિભંગનો વિષય હોય. પરંતુ રાજસત્તાસ્થાપનાના યુગની સુખાન્તિકાઓનો વિષય નીતિભંગનો નથી. તેની નાટ્યરચનાઓમાં અક્કલ અને રીતભાતનું દેવાળું જ પ્રધાન વિષય હોય છે. આવી સુખાન્તિકાઓ માટે કોન્ગ્રીવે બેન જોન્સન અને મોલિયેર પાસેથી પ્રેરણા લીધી. બેન જોન્સનને સુખાન્તિકાનાં કાર્ય અને કલ્પનાનું જ્ઞાન હતું; પરંતુ તેને સમકાલીન સુસભ્ય સમાજ કદરદાની માટે મળ્યો નહિ. છતાંયે તે પોતાનો સુખાન્તિકાનો આદર્શ 'કીમિયાગર' (*Alchemist*) અને 'શાંત સન્નારી' (Silent Woman)માં પ્રકટ કરે છે. મોલિયેરનું વાતાવરણ જુદું હતું. તેની આસપાસ ભદ્રસમાજ અને તેની શિષ્ટ રીતભાતનું જાળું વિંટળાયેલું હતું. આ ભદ્રસમાજ અને તેના શિષ્ટાચારોની પકડમાં નીતિમાન મનુષ્ય આવે ત્યારે તેની નીતિમત્તા માટે બધાને છૂપો આદરભાવ હોવા છતાં, ઔપચારિકતા, શિષ્ટાચાર અને દાંભિક વાતાવરણને સંતોષી ન શકવાને કારણે આવો મનુષ્ય સમાજમાં નિષ્ફળ નીવડે. જો તેણે સમાજમાં સફળ થવું હોય તો સમાજમાં સ્થાપિત અને સ્વીકૃત પદ્ધતિઓને તેણે અપનાવવી જ જોઈએ. સમાજ અને સુખાન્તિકા વચ્ચે આવો અવિચ્છેદ્ય સંબંધ છે. આપણાં નરસિંહ, મીરાં, તુલસી વગેરે સંતોમાં સમાજ અને વ્યક્તિનાં ધોરણોનું ઘર્ષણ સ્પષ્ટ દેખાય છે. તેઓ પૂજનીય છતાં સમાજદૃષ્ટિએ નિષ્ફળ હતાં. સામાજિક ધોરણ અને વૈયક્તિક ધોરણની અથડામણ એ સુખાન્તિકાનું રહસ્ય છે, હાસ્યની નિષ્પત્તિનો ઉદ્દીપનવિભાવ છે. પ્રસ્તુત રાજસ્થાપનાના યુગની સુખાન્તિકાઓમાં નિરૂપણ પામતા વિષયોની અમર્યાદાનું (મર્યાદાભંગનું) કારણ ઉપર્યુક્ત ચર્ચામાંથી પ્રાપ્ત થશે.

વર્તમાન સમાજનાં સર્વસ્વીકૃત ધોરણોનો ભંગ એ આ યુગની સુખાન્તિકાનો વિષય હોવો જોઈએ. અને આ યુગનાં સર્વસ્વીકૃત નીતિમત્તાનાં ધોરણો શાં હતાં? નીતિશૈથિલ્ય. નીતિશૈથિલ્યવાળા સમાજને જે આંચકો આપે તેવી સુખાન્તિકા રચવી હોય તો નાટ્યરચના કેવી હોવી જોઈએ? અનીતિમાં આળોટનારી. સમકાલીન નાટકશાળાના પ્રેક્ષકવર્ગમાં હતા રાજદરબારીઓ, સુખી શ્રીમંત રંગીલા લાલાઓ, તેના હજુરિયાઓ, ખવાસવર્ગ, હાજિયાઓ અને એ બધાની સાથે બેસવાને લાયક એવો અમુક સ્ત્રીવર્ગ. આવી સ્ત્રીઓ લોકલજ્જાને કારણે મોરાં કે બુરખા (અવગુંઠન) જેવું કંઈક પહેરીને આવતી જેથી તેમની જાત છતી ન થાય. આવા સાજનમાજનને ખબર હતી કે નાટક કેવું નીવડશે. આ યુગની નાટ્યરચનાને ચાર્લ્સ લૅમ્બ, કૃત્રિમ, તરંગી અને તેથી ક્ષમાપાત્ર તથા નિરુપદ્રવી કહીને તેનો બચાવ કરવા ફાંફાં મારે છે. મૅકોલે, આના ઉત્તરમાં લખતાં, આ નાટકોની પૂરી ઝાટકણી કાઢે છે. પરંતુ મૅકોલે એક વિધાન ગંભીરતાથી કરે છે કે સમકાલીન વાસ્તવિક સમાજની કલ્પનાને આધારભૂત ગણીને આ સુખાન્તિકાઓ રચાઈ છે. એમ લાગે છે કે તેમાં હલકા નાટ્યપ્રકારોનું અણુપડપણું નથી પણ કૌશલ છે. તેમ ઉત્તમ નાટકોનાં આદર્શવાદ સંસ્કારિતા અને આભિજાત્ય નથી પણ કથાવસ્તુની પ્રાકૃતતા કે અધમતા છે. હૃદયની અધમતા અને બુદ્ધિની

કુશળતાનું સંયોજન હોવાને કારણે તે નીતિમાન મરજાદી વર્ગને ન ગમે પણ "કલા ખાતર કલા"ના ભક્તો તેની ઉપર વારી જાય.

કૉન્ગ્રીવ શેક્સપિયર કરતાં જુદા ઢાળાનો માણસ હતો. તેનાં નાટકોમાં એક જ જગત છે અને એક જ પ્રકારનું જીવનધોરણ તેની સર્વે સુખાન્તિકામાં પ્રકટ થાય છે. આથી તેની એક સુખાન્તિકાનું એક પાત્ર અન્ય સુખાન્તિકામાં કશા સંકોચ વિના જઈ શકે. આ પાત્રજગત પાછળ પદ્ધતિસરની કલ્પના રહેલી છે. કૉન્ગ્રીવ જાણે છે કે જો હાસ્યાન્તિકાને સફળ બનાવવી હોય તો તેમાં શોકાન્તિકા કે કરુણરસનાં તત્ત્વો પેસવા દેવાં ન જોઈએ. તે જ રીતે ઊર્મિશીલતા પણ અપથ્ય ગણાય. ટાપટીપ, સભ્યતા, સંસ્કારિતા અને હાસ્યવિનોદ આવશ્યક તત્ત્વો છે. નીતિમત્તા એ આઘાશીશી છે. સૌથી વધારે નોંધપાત્ર વાત એ સ્મરણમાં રાખવાની છે કે કોઇ પાત્રે પોતાના અંતરતમ ભાવોને નિખાલસપણે પ્રકટ કરવા ન જોઇએ. કૉન્ગ્રીવ વિષે જે કંઇ લખાયું છે તે બધું જ તેને ન્યાય આપનારું નથી. થૅકરે જેવો લેખક તેની નાટ્યકલાની પ્રશંસા કરી શકયો હોત તે ગાલિપ્રદાનથી જ અટકી જાય છે, પરંતુ એક સ્વિનબર્ન તેનો કદરદાન નીવડ્યો છે. એ તેના ગુણદર્શન પછી કહે છે કે પોતાના અનુગામીઓ કરતાં કૉન્ગ્રીવ ઉત્તમ છે અને પુરોગામીઓની પંક્તિમાં સમાન ભાવે બેસી શકે છે.

આવી રીતિપ્રધાન સુખાન્તિકાઓ (Comedy of Manners) નો જમાનો ઈ. સ. ૧૬૯૮માં એક નવીન નાટ્યકાર નામે જેરેમી કૉલિયર (Jeremy Collier) આવતાં ઓસરવા લાગ્યો. આવા નાટ્ય-પ્રકાર વિષે ચોપાનિયામાં ચર્ચાયુદ્ધો થયાં. નવીન સૈકો આવતાં તેમાં પરિવર્તન કરીને એ નાટ્યકારો જ્યોર્જ ફાર્કર (George Farquhr—૧૬૭૮–૧૭૦૭) અને સર જ્હોન વાનબ્રો (Sir John Vanbrugh—૧૬૬૪–૧૭૨૬) આગળ આવ્યા. આ બીજા નાટ્યકારે ઘણી સુખાન્તિકાઓ લખી છે.

આ રાજસ્થાપના યુગમાં સુખાન્તિકાઓનો ફાલ ખૂબ ઊતર્યો છતાં વધારે ગંભીર ઢબનાં નાટકો પણ લોકો ઉપર વર્ચસ ચલાવતાં હતાં. બ્યૂમોન્ટ અને ફ્લેચરની કરુણ સુખાન્તિકાઓ તરફ લોકોનો આદર ઘટ્યો નહોતો. શેક્સપિયર અને તેના સમકાલીનોની કૃતિઓ રૂપાંતર કે સુધારા કરીને ભજવાતી હતી.

આ પછી એક નવીન કૌતુકપૂર્ણ અને વિશિષ્ટ એવો નાટ્યપ્રકાર આવ્યો જેને "વીરોચિત શોકાન્તિકા" કહી શકાય. આનો ઉલ્લેખ પૂર્વે થઈ ગયો છે. આ પ્રકાર અવાસ્તવિક વાતાવરણમાં પ્રણય અને વટને બહલાવતા, આરાધ્ય આદર્શોને પ્રતિષ્ઠા આપતા અને તેમ કરીને પ્રેક્ષકવર્ગની ઝંખનાને સંતોષતા. આને બહુ મહત્ત્વ મળ્યું ન હોત; પરંતુ ડ્રાયડન નામે સમર્થ નાટ્યકારે તેવી રચના અને તેનાં વિવેચનો પાછળ સારો-એવો શ્રમ લીધો અને પ્રજાનું ધ્યાન ખેંચ્યું. તેના વિવેચનનો રસપ્રદ ભાગ વીરોચિત કરુણાન્તિકા સંબંધી છે. ડ્રાયડનની તેના વિષેની કલ્પના કૈંક આવી છે : વીરોચિત નાટક એટલે જ શોકાન્તિકા. તેનું કથાવસ્તુ ગૌરવપૂર્ણ હોવું જોઇએ, તેની બાની પણ ગૌરવાન્વિત હોવી જોઇએ (અર્થાત્ પ્રાસબદ્ધ પદ્ય heroic couplet તેના દેહ તરીકે રહેવું જોઈએ). તેનો વિષય એક તથા અસંકુલ હોવો જોઇએ; બની શકે તો ઍક સળંગસૂત્રતાના ત્રણે નિયમો તેમાં જળવાવા જોઈએ. સંક્ષેપમાં, ડ્રાયડનના પોતાના જ શબ્દોમાં કહીએ તો, વીરોચિત શોકાન્તિકા એટલે લઘુમહાકાવ્ય (વીરકાવ્ય) નું અનુકરણ.

ડ્રાયડને સર રૉબર્ટ હાવર્ડ (Sir Robert Howard) સાથે મળીને 'હિંદની રાણી' (The Indian Queen) ભજવાવ્યું. આ નાટક સફળ થયું તેથી તેની પછી

'હિંદી સમ્રાટ' (The Indian Emperor) લખાયું. ત્યારપછી ઈ. સ. ૧૬૭૦માં વીરોચિત શોકાન્તિકામાં અતિકાય અને કાલ્પનિક ગણાય તેવું દર્શાવતું નાટક 'સ્પેનિયાર્ડનો ગ્રેનેડાવિજય' (The Conquest of Granada by the Spaniards) લખાયું. આ નાટકથી ડ્રાયડનને લાગ્યું કે સર્વે સુસંસ્કૃત યુગોના સર્વે પ્રકારોમાં જો કોઇ અગત્યનો નાટ્યપ્રકાર હોય તો તે વીરોચિત શોકાન્તિકા જ છે. ઇ. સ. ૧૬૭૫માં ડ્રાયડને 'ઔરંગઝેબ' (Aureng-Zeb) નામે નાટક લખ્યું. આ નાટક અત્યંત ગાંભીર્યપૂર્ણ હોઇને પોતાના પ્રિય નાટ્યપ્રકારની અંતિમ રચના હતી. નાટકનું વાતાવરણ વીરયુગના ભારતનું છે. પોતાના પિતા, ભાઇઓ અને આજુબાજુના બધા સંબંધીઓની અધાર્મિકતા સામે ઝઝૂમતા ઔરંગઝેબની ખાનદાનીને તેમાં અંજલિ આપવામાં આવી છે. આ નાટ્યકૃતિની પ્રસ્તાવનાના પદ્યમાંથી જણાય છે કે આ અતિકાય વીરોચિત શોકાન્તિકાની પદ્યબદ્ધ રચના કરીને ડ્રાયડન હવે કંટાળ્યો હતો. વળી આ સદીના સાતમા દાયકામાં પ્રેક્ષકવર્ગની રુચિમાં પણ પલટો આવવા લાગ્યો હતો. શેક્સપિયર અને અન્ય સ્ટુઅર્ટ યુગના નાટ્યકારોની વાસ્તવિક અને વૈવિધ્યપૂર્ણ રચના તરફ પ્રજા વળી હતી. ઈ. સ. ૧૬૭૭માં પ્રાસબદ્ધ પદ્ય મૂકીને નિષ્પ્રાસ પદ્ય (Blank Verse) તરફ તે વળ્યો. 'ઓલ ફોર લવ' (All For Love) નામના નાટકમાં તેણે એન્ટની અને ક્લિયોપાત્રાનું કથાવસ્તુ વર્ણવ્યું. શેક્સપિયર તરફ તેને સન્માનવૃત્તિ હોવા છતાં તેણે ક્યાંય તેનું અંધ અનુકરણ કર્યું નથી. શેક્સપિયરના આ જ વિષયના નાટકમાં દૃશ્યો જે વિશાળ પથારામાં ફેલાયેલાં છે તેને ડ્રાયડને વધારે નિકટ લાવીને સંઘટ્ટ બનાવ્યાં અને કાર્યવેગની સળંગસૂત્રતા સિદ્ધ કરી.

શેક્સપિયર પાસેથી માર્ગદર્શન મેળવનાર ડ્રાયડન એકલો જ ન હતો. કારણ કે થોમસ ઓટ્વે (Thomas Ot'way) અને નેથેનિયલ લી (Nathaniel Lee) પણ એ જ ક્ષેત્રમાં પ્રવેશ્યા અને તેમની પાછળ અઢારમી સદીમાં આવ્યો નિકોલાસ રો (Necholas Rowe).

શ્રીમતી આફ્રા બેન (Mrs. Aphra Behn (૧૬૪૦-૧૬૮૯) નું નામ એટલા પૂરતું નોંધપાત્ર ગણાય કે તે પ્રથમ ધંધાદારી નાટ્યલેખિકા સન્નારી હતી. દેવાં માટે જેલ-ભેગા થવાનો તેને વખત આવ્યો હતો પણ કલમને ખોળે માથું મૂકીને તે બચી ગઇ. તેનાં નાટકોમાં સજીવતા છે પણ બહુ આનંદ કે આસ્વાદ્યતા માલમ પડતાં નથી.

રાજસંસ્થાપનાના યુગમાં રંગભૂમિનો દેહ પણ ઠીકઠીક બદલાઈ ચૂકયો હતો. રાજાએ એક હુકમ બહાર પાડીને ફરમાવ્યું હતું કે લંડન શહેરમાં પરવાનો ધરાવતી નાટકશાળાની સંખ્યા બે થી વધારે ન હોઇ શકે. ઈ. સ. ૧૬૮૨માં આ બે નાટકશાળાઓ જોડાઈ ગઈ અને ૧૬૯૫ સુધી એકહથ્થુ વહીવટથી ચાલી. પરિણામે બધા નાટ્યલેખકો તથા બધી નાટ્યપ્રવૃત્તિઓનું એકીકરણ થવાથી રંગભૂમિ રાજદરબારની તાબેદાર બની ગઈ. આ યુગનાં નાટકોમાં જે વિશિષ્ટ લક્ષણોની અગાઉ ચર્ચા કરી તેના મૂળમાં રંગભૂમિ, તેના અભિનેતા અને લેખકવર્ગની આ પરાધીનતા અને તજ્જન્ય રાજદરબાર પ્રતિની સેવનવૃત્તિ હતી. બીજી વાત એ કે આ યુગની રંગભૂમિમાં પાર્શ્વભૂમિની સુધારણા (scenery) પાછળ પુષ્કળ મહેનત લેવામાં આવી. એલિઝાબેથના રંગમંચની સાદાઈ (Apron-stage) જઈને તેને સ્થાને આધુનિક પ્રકારની પાર્શ્વભૂમિ (picture-frame setting) આવી. અભિનયનું ધોરણ ઊંચું ગયું. સ્ત્રીપાત્રોનો ભાગ પહેલાં છોકરાઓ ભજવતા હતા તેને સ્થાને અભિનેત્રીઓ દાખલ થઈ. આ સુધારો રાજાએ કર્યો અને પ્રેક્ષકવર્ગે તેને મંજુર રાખ્યો. આ પ્રમાણે સ્ટુઅર્ટ વંશના રાજાઓ જતાં સમકાલીન રાજદરબારી ઢબનાં નાટકોનો પણ અંત આવ્યો.

ચાલુ]

હિત આયુષ્ય

વૈદ્ય ઓચ્છવલાલ કૃ. ભટ્ટ

જીવતર તો બધા જીવો જીવે છે પણ બધાંના જીવન સુખી હોતાં નથી અને કદાચ સુખી હોય તો હિતકારી હોતાં નથી. ઓક-પાઈન ઈત્યાદિ ઘણી ય વનસ્પતિઓ લાંબુ આયુષ્ય ભોગવે છે કાચમા અને મગરમચ્છો પણ લાંબુ જીવે છે. પક્ષીઓમાં કાગડો પણ લાંબું જીવે છે અને મનુષ્યો પણ સો વર્ષથી ઉપરની હદ વટાવી જવાના દાખલા વસ્તી-ગણત્રીના પાને નોંધાયા છે પણ કેવળ લાંબુ જીવન એ હમેશ સુખી યા પરોપકારી જીવન હોવા સભવ નથી અને આ જગતમા કોઈ બળવાન તો કોઈ નિર્બળ, કોઈ ધનવાન તો કોઈ સાધન વગરનો, એમ જોવા મળે છે સર્વ વાતે સુખી અને હિતકારી જીવન હજારોમા એક બે વ્યક્તિનુ જ જોવા મળશે

ઘણી ય વ્યક્તિઓ એવી જોવા મળશે કે જે બીજાની ખુશામત કે ચાકરી કરી યેનકેન પ્રકારે રોટલો રળી ખાઈ જીવનની કૃતાર્થતા અનુભવે છે જ્યારે ઘણીય એવી છે જે પોતાને મળેલા બુદ્ધિ અને સામાજિક હોદ્દાની સરસાઈ, શરીરબળ કે ધનબળ અને લાગવગનો ઉપયોગ કરી બીજાને પોતાની કુણી નીચે રાખવા રાતદિવસ જાળો બિછાવતા જ હોય છે. ધન, આબરૂ અને માનમરતબા માટે કાંઈક ઊંધાંચત્તાં કરે છે.

ગીતાએ એમને આસુરી સપત્વાળા કહ્યા છે. તેમની ચિંતાનો પાર પ્રલયકાળ સુધી પણ આવતો નથી આથી વળી એક ત્રીજા પ્રકારની વ્યક્તિઓ જોવા મળે છે, જે ઉદાસી વૃત્તિ યા તો મધ્યમ વૃત્તિવાળી હોય છે

આ ત્રણેમાંથી હિતકારી જીવન કોનું કહેવાય એ પ્રશ્ન થશે
આથી આ બાબતમા થોડોક વિચાર કરીએ

(૧) પ્રથમ પ્રકારની વ્યક્તિઓ, જે બીજાની ખુશામત પોતાના નિભાવ કે સ્વાર્થ માટે જીવનભર કરતી રહે છે, તેમને માટે સુલતાન ટીપુના શબ્દો જાણવા જેવા છે. અગ્રેજોએ જ્યારે સુલતાન ટીપુને સહાયકારી યોજના માટે કહેવડાવ્યું હતું ત્યારે સુલતાન ટીપુએ જવાબ વાળેલો કે..." Better to be a lion of two days, than to be a dog of two hundred years " અર્થાત્ બસો વર્ષો સુધી એટલે કે લાંબા વખત સુધી કુતરાની જેમ પરાધીન જીવન જીવવુ અને શેઠની મહેરબાની સાચવવા પુંછડી પટપટાવી રોટલાના ટુકડા માટે ભટકાં મારવાં તે કરતાં બે દિવસના સિંહ બની જીવવાનું વધારે સારુ છે " જેમ તેમ કરી લાંબુ પણ ઓશિયાળું જીવન જીવવા ઈચ્છતી વ્યક્તિઓ માટે ટીપુની ખુમારીવાળી આ વાણી બસ થશે માનવના સ્વત્વને હણી નાંખતુ લાંબુ, પરાધીન અને સાધન વગરનું જીવન સ્વ કે પર બન્નેને હિતકર નથી

ભલે દુ ખોથી ભરેલું હોય પણ જેમાં સ્વત્વ સચવાતું હોય તો તેવુ જીવન ઊજળું યા હિતકારી છે રાણા પ્રતાપ, છત્રપતિ શિવાજી, વીર દુર્ગાદાસ, ઇ૦નાં જીવન સૌને જાણીતાં છે જ. વેદ કહે છે अदीना स्याम शरद शतम् ॥ यजुर्वेद ३६/२४ અર્થાત્—ગરીબડા ન બનો. અસ્મિતા જાળવો

(૨) હવે બીજા પ્રકારની વ્યક્તિઓ જેઓ શરીરસપત્તિ, ધન કે સામાજિક ઉચ્ચ દરજ્જાને લઈને બીજાનો દ્વેષ કરી તેમને પીડા આપી પોતાનો સ્વાર્થ સાધવામાં જ રાચે છે,

તેમનું જીવન તેમને જ હિતકારી નથી તો જેઓ તેમનાથી દબાયેલા, કચરાયેલા છે તેમને તો હિતકારી કયાંથી જ ગણાય ? આસુરી માર્ગ ગ્રહણ કરવાનો નતીજો ખરાબ આવે છે, એમ સર્વ શાસ્ત્રો અને વિદ્વાનો પોકારી પોકારીને કહી ગયાં છે અને પ્રત્યક્ષ પણ જોવામાં આવ્યું છે.

વેદ-શ્રુતિ કહે છે.—कुर्वन्नेवेहकर्माणि जिजीविषेत्शतसमाः ॥—યજુર્વેદ અર્થાત્ ધર્મશાસ્ત્ર અને નીતિશાસ્ત્રમાં કહેલાં કર્મ-આચરણ અર્થાત્ પરોપકારી, મંગલ કાર્યો કરતાં કરતાં મનુષ્યે સો વર્ષ જીવવાની ઇચ્છા રાખવી. પર પીડાકારી જીવન લાંબું હોય કે તે વ્યક્તિને માટે સુખકારી હોય પણ તે અહિત જીવન કહેવાય. तन्मेमनः शिवसंकल्पमस्तु, અર્થાત્ મારું મન શિવસંકલ્પવાળું બને. નીતિશાસ્ત્ર પણ કહે છે यस्मिन् जीवतिजीवन्ति बहवः सोऽत्र जीवतु ॥ અર્થાત્ જેના જીવતા છતાં ઘણા બીજા માણસો જેના આશ્રયે જીવે છે તે માણસ ભલે લાંબું જીવો ! જેનું જીવન બીજાને હિતકારી ન હોય તેનું જીવન પશુ-પંખી કરતાં પણ બદતર છે. વનસ્પતિઓ અને પશુપંખીઓ પણ પરહિતકારી જીવન જીવે છે તો માણસ જેને ઇશ્વરે વધુ સાધન, સંપત્તિ, કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો આપી છે તેણે પશુ-પંખી કરતાં કાંઇક ઉચ્ચ ધ્યેય માટે જીવવું જોઇએ જુઓઃ—परोपकाराय फलन्ति वृक्षाः । परोपकारायः वहन्ति नद्यः परोपकाराय वर्षन्ति मेघाः परोपकाराय दुहन्ति गावः ॥ વૃક્ષો, નદીઓ, વાદળો તથા ગાય ઇત્યાદિ પ્રાણીઓ પરને માટે જીવે છે.

જે મનુષ્યનું જીવન પરોપકારી નથી તેનું જીવન વૃથા છે. કહ્યું છે કે, કાગડો પણ લોકોના આપેલ બલી ખાઇને લાંબું જીવે છે પણ તેનામાં દૂષણો અનેક હોય છે. તેમ છતાં પણ કુદરતમાંથી ગંદકી સાફ કરવાનું એક સારું કાર્ય તો તે કરે જ છે. નીતિશાસ્ત્ર પોકાર કરીને કહે છે કેઃ—

येषां न विद्या न तपो न दानं ज्ञानं न शीलं न गुणो न धर्मः ।
ते मृत्युलोके भुवि भार भूता मनुष्यरूपेण मृगाश्चरन्ति ॥

અર્થાત્—જેઓમાં વિદ્યા, તપ, દાન, જ્ઞાન, સારું આચરણ (શીલ), ગુણ, અને (ધર્મ) પોતાની ફરજોનું ભાન અથવા નિષ્ઠા નથી તેવા મનુષ્યો આ જગતમાં ભારરૂપ છે, અરે મનુષ્ય આકૃતિમાં ફરતાં જાનવર છે. જાનવર કરતાં મનુષ્યમાં ઉપરની બાબતો કે જેથી મનુષ્યત્વ પરખાય છે તે વિશેષ હોય છે.

આજે મનુષ્યત્વની આ વ્યાખ્યા-આ પરીક્ષામાંથી પસાર થાય એવા સેંકડે કેટલા મળે ? બહુ બહુ તો ૧૦ ટકા જ મનુષ્યજાતિમાં ખરેખર સંપૂર્ણ મનુષ્ય કહેવાશે. જેઓ શરીર-સંપતિથી મસ્ત બની બીજાને પીડાકારી જીવન જીવતા હોય તેમણે જાણવું જોઈએ કે :—
It is excellent to have a giant's strength but it is not good to use it like a giant. અર્થાત્—રાક્ષસી બળ હોવું એ ઉત્તમ છે પણ તે બળનો ઉપયોગ રાક્ષસની જેમ બીજાને ડારવા, બીજાના હકનું આંચકી લેવા કે નિર્બળ પર જુલમ કે અત્યાચાર કરવા માટે વાપરવું તે હરગીજ સારું કે ન્યાયી નથી. शक्तिः परेषां न तु पिडनाय શક્તિ પારકાને બચાવવા હોવી જોઈએ. અને લક્ષ્મી દાન કે ત્યાગને માટે હોવી જોઈએ. दानाय लक्ष्मीः ॥ તો જ શક્તિ અને લક્ષ્મી હિતકર છે.

જેઓ લક્ષ્મીવાન કે સંપત્તિવાન છે અથવા થવા માગે છે તેમણે પ્રામાણિકપણે જ અર્થોપાર્જન કરવું જોઇએ અને હંમેશ સન્માર્ગ કે કાર્યમાં દાન કરતા રહેવું જોઇએ. તીર્થો, તળાવો, બધો, નિશાળો, કોલજો, ઈસ્પિતાલો, કૂવા, વાવ, ધર્મશાળા, રસ્તા, ઝાડઉછેર,

(૭) જે પૂજ્યોની પૂજા, વંદના કરતો હોય અને તેમની સલાહ માન્ય કરતો હોય તેનું જીવન હિતકારી છે. જ્ઞાનવૃદ્ધ, વયોવૃદ્ધ, દેવ, બ્રાહ્મણ, ગાય, અગ્નિ, સતી સ્ત્રી, સાધુ, સંત, મહાત્મા વગેરે પૂજ્ય ગણાય છે.

(૮) જે જ્ઞાન, વિજ્ઞાન અને ઉપશમઃ મનઃશાન્તિના સ્વભાવવાળો હોય તેનું જીવન ઉન્નત અને હિતકારી છે. આવા મનુષ્યો—સાત્ત્વિક જ્ઞાન વિજ્ઞાનની પ્રગતિમાં પોતાનો ફાળો આપી અનેકનાં જીવન ઉન્નત અને સુખી બનાવે છે. જગતને આવા માણસોએ જ સુખી બનાવ્યું છે.

(૯) જે વૃદ્ધોપસેવી છે તેનું જીવન હિતકર છે. વૃદ્ધોની પાસે જગતનો બહોળો અનુભવ હોય છે. "Experience beats learning." આપણે ઇતિહાસમાં જોઈએ છીએ કે વૃદ્ધ નેતાઓ પાસેથી જ નેતાઓની નવી પેઢી જ્ઞાનનો વારસો પ્રાપ્ત કરતી આવી છે.

(૧૦) જેનાં પ્રીતિ, રોષ, ઈર્ષ્યા, મદ અને માનના વેગ–હંમેશાં નિયત છે, એટલે કે દેશ–કાલનો વિચાર કરી ઉચિત પ્રમાણમાં તેનું આચરણ કરે છે, તેનું જીવન હિતકર છે. સામાન્ય રીતે આ વેગોને તો રોકવાની જ આચાર્યે સલાહ આપી છે. પરંતુ કેવળ ઉદાસીન વૃત્તિ ન પેદા થાય તે પૂરતું અહીં તેનું યોગ્ય પ્રમાણમાં યોગ્ય કાલે અને સ્થળે આચરણ કરવાનું બતાવવા પૂરતો ઉલ્લેખ છે.

(૧૧) જે હંમેશ વિવિધ પ્રકારનું દાન કરે છે તેનું જીવન હિતકર છે. દાનનો મહિમા આપણા દેશમાં ઘણો છે. દાન કરવાની વૃત્તિ પેદા કરવા માટે વિવિધ પ્રકારનાં લલચાવનારાં ફલ અને પર્વો તથા સ્થળોનો ઉલ્લેખ જોવા મળે છે. સંપત્તિના વિકેન્દ્રીકરણનો આમાં સિદ્ધાન્ત છે.

(૧૨) તપ, જ્ઞાન, અને પ્રશમમાં જેની વૃત્તિ લગાતાર જોડાઈ રહે છે તેનું જીવન પણ હિતકર છે. કારણ મનનું કશામાં રોકાણ ન હોય તો હલકી વૃત્તિ તરફ ઢળે છે. "Satan finds some mischief still, for idle hands to do."

(૧૩) જે આધ્યાત્મનો જ્ઞાતા છે અને તેની પ્રાપ્તિ માટે મંડ્યો રહે છે તેનું જીવન હિતકર છે. આવા મનુષ્યો તદ્દન નિરુપદ્રવી હોય છે.

(૧૪) જે આ અને પરલોકને દૃષ્ટિમાં રાખી વર્તે છે તેનું જીવન હિતકર છે. ખરાબ કાર્ય કરવાથી આ લોકમાં પોતાને અને બીજાને નુકસાન થાય છે. અને ખરાબ કાર્યનું ફળ આલોકમાં ન મળ્યું હોય તો બીજા લોકમાં એટલે હવે પછીના જન્મમાં પણ ભોગવવાનું જ છે. આમ સમજે છે તે બહુ સાવચેતીથી જીવે છે.

(૧૫) नायुक्तं क्षीयते कर्म कल्पकोटी शतैरपि ॥ કરેલાં કર્મનાં ફળ ભોગવ્યા વગર કલ્પાંતે પણ છૂટકો નથી.

જે સ્મૃતિ અને બુદ્ધિયુક્ત છે તેનું આયુષ્ય હિતકર છે. સ્મૃતિ અને બુદ્ધિની દરેક કાર્યમાં આવશ્યકતા છે.

ઉપર પ્રમાણે કહેલા પંદર મુદ્દાથી વિપરીત રીતનું જીવન અહિત કહેવાય છે.—"ચરક"

આટલું જાણ્યા પછી દરેક માનવી હિત આયુષ્ય માટે પ્રયત્ન કરે તો જીવન સફળ છે. નહિ તો પુનરપિજનનં પુનરપિમરણંનું ચક્ર તો યાવત્ચંદ્રદિવાકરૌ ચાલ્યા કરવાનું જ છે. માનવતાના હિતમાં કંઈક આપણે પણ ફાળો નોંધાવીએ. એનું નામ જ હિત આયુષ્ય.

★

આદિવાસી અર્થતંત્ર

[એક વિહંગમ દૃષ્ટિ]

ડૉ. ઠાકોરલાલ ભાણાભાઈ નાયક M.A., Ph. D.

આપણા ગુજરાતના આદિવાસીઓ આજીવિકા શામાંથી મેળવે છે એ વિષે આ લેખમાં આપણે જોઈશું. આદિવાસીઓમાં મુખ્ય ભીલો છે. ત્યારપછી આવે કુંકણાં, દુબળા, નાયકા, ચોધરા અને ગામતડા. આ બધાંની અર્થપ્રવૃત્તિ ટૂંકામાં ચીતરાશે. સાથે એમનાં કુટુંબનું અર્થશાસ્ત્ર જોવામાંય આપણને રસ પડશે.

ભીલોનો મુખ્ય આધાર છે ખેતી. દરેક ભીલ પાસે ખેતર તો ખરું જ : એક ટુકડો અહીં, એક ત્યાં. ડુંગરની તળેટીમાં તેનાં ખેતરોમાં કદીક મૂઠીભર નાગલી પાકે; સાગબારા જેવી રસાળ ભૂમિ હોય તો સુંવાળી પીંછીવાળા સોનારંગી ઘઉં પણ પાકે. અડદ થાય, ડાંગર થાય અને તુવર પણ થાય. પણ કેટલું જે? ખાવા પૂરતું; કોઈ વખત તો એટલું પણ નહિ. કોઈ વખત વધુ પાકે તો છેતરાઈને સસ્તે ભાવે વેચી દે. મથવારી ભીલોને અક્કલકુવાની બજારમાં મગ અડદ વેચતા જોઈએ ત્યારે એમની હિસાબ અશક્તિનો આપણને ખ્યાલ આવે. ગામીતો કે કુંકણાઓ પણ આવો જ પાક પકવે.

એમનાં ખેતીનાં સાધનો તો ઘણાં જ પછાત છે. વણીકર કહે છે તેમ, "તદ્દન અશિક્ષિત હોવાથી ખેતી કેમ કરવી, હથીઆર ઓજાર કેવી રીતે વાપરવાં, ખાતર કયું સારું અને કેટલું નાંખવું, જમીનને કેમ ખેડવી, ઈત્યાદિ બાબતોની બિલકુલ માહિતી હોતી નથી; એટલું જ નહીં પણ જૂના જમાનાનાં ખેતીમાં વપરાતાં આવેલાં હળ વગેરે ઓજારોમાં સહેજ પણ ફેરફાર થયો નથી."

ખેતી કરનારા એટલે ગાય બળદ અને ગાડાં એમને ઘણાં ઉપયોગી. બળદનું અર્થશાસ્ત્ર જેટલું હિંદના બીજા ભાગોને જરૂરનું છે તેટલું જ આદિવાસીઓને છે. બળદ એટલે તો એમને મન જીવનધન. બળદને ખૂબ વહાલથી પાળે છે. એની બધી ખોડખાંપણ જોઈને ખરીદે છે. બળદને માટે તો ઉખાણા પણ ઘણા કહે છે. એક જણે મને પૂછ્યું: "બે ઊભા, બે હાલતા એક નીચે ચાર ચાલતા: એ શું ?" મને સૂઝ્યું નહીં ત્યારે કહે: "બળદ. એનાં બે શીંગડાં ઊભાં, બે કાન હાલતા, પૂંછડું હોય નીચે અને ચાર પગે ચાલે." વળી પૂછડાંને માટે ઉખાણો છે: "દંડો ઉપર ને ડુંડું નીચે!" શા માટે, સમજ્યા ? ગાડાં માટે સમસ્યા છે: "લોઢું, લાકડું ને વાંસ એ બધાંનું એક જ નામ." આમ બળદ, ગાય, ગાડાં એ આદિવાસી જીવનમાં ઘણી અગત્ય ધરાવે છે.

ગાડાં અને બળદને લઈને એઓ જંગલમાંથી લાકડાં સ્ટેશને લઇ જવાનું કામ પણ કરી શકે છે. જંગલવાસીઓને આવકનું આ સારું સાધન થઈ પડ્યું છે. ડાંગના ઘણા કુંકણાઓને મેં ચાર છ મહિનામાં બસો ત્રણસો રૂપીઆનો હિસાબ લેતા જોયા છે. ગાડામાં લાકડાં ભરે, ઘરનો છોકરો હોય તેમ હાંકનો બેસે, પાથેયવન્ત (કાલીદાસ) ચાલી નીકળે, પાંચ છ દિવસે ઘરે આવે. રાજપીપળાના દેડિયાપાડા ગામે ઉભો કે વઘાઈ સ્ટેશને જઈ જુઓ: એક જ જાતની અર્થપ્રવૃત્તિ માલુમ પડશે. આમાં જો બળદની ચાકરી સારી રીતે કરવામાં આવે તો, ખાસ કરીને ખોરાક અચ્છો અપાય તો, બળદને બહુ નુકસાન થતું નથી.

ગાય બળદના ઉછેરની સાથે એમને અન્ય રીતે જીવનનિર્વાહમાં મદદ કરે એવી બે વસ્તુઓ એઓ ઉછેરે છેઃ મરઘાં અને બકરાં. મરઘીને કદીક વેચે છે. પરોણા આવે છે ત્યારે ખવાડે છે. ઘણે ભાગે મરઘીનાં ઇંડાંનાં એઓ શાકભાજી બનાવી ખાય છે. બચ્ચાંને જીવન પેઠે જાળવે છે. અને એને પોતાના ધનવૈભવમાંની એક ચીજ લેખે છે. બકરાં આદિ દૂધ આપે ઉપરાંત પર્વતહેવાર હોય ત્યારે મહેફીલી ભોજન તરીકે પણ અપાય. એમના અર્થશાસ્ત્રની વાત કરતાં આ બન્નેને કદી ન ભૂલવાં જોઇએ.

આ આદિવાસીઓ પોતાની આજુબાજુની વનસ્પતિનો આર્થિક ઉપયોગ કરી જાણે છે. વાંસને એ લોકો ઝુંપડે વાપરે, છાપરે છાય, ગાડે વાપરે અને ચૂલે બાળે. વાંસનાં દોરડાં પણ બનાવે અને વાંસની વાંસળી પણ વગાડે. વાંસ ઉપર જ જીવનનિર્વાહ કરતી કોઈ આદિવાસી પ્રજા હોય તો તે વિટોલીઆઓ છે. એ લોકોને ભીલો અસ્પૃશ્ય ગણે છે. વિટોલીઆઓ કોટવારીઆને નામે પણ ઓળખાય છે. જંગલમાંથી માણેક જેવા લીલા વાંસો કાપી લાવે અને એનાં ટોપલા ટોપલી, સાદડી તથા મોર ચકલી બનાવીને ગામને પૂરાં પાડે છે. એનાં બદલામાં ગામભીલો એમને ઠરાવેલા દરે અનાજ આપે છે. રૂપદેવડીના કોટવારોને વાંસનો સરસ ટીફીનબોકસ બનાવતા પણ મેં જોયા છે. વાંસ સાથે એમને તો અતૂટ સંબંધ છે.

અન્નોત્પાદન કરવા ઉપરાંત આદિવાસીઓ ફળચયનની પ્રવૃત્તિ પણ કરે છે. એ એમની અગત્યની ગણાય એવી આજીવિકાપ્રવૃત્તિ છે. કરમદાંની મોસમમાં સોનગઢ બાજુનાં ગામીત-બાળકોને કરમદાંની ટોપલી માથે ચઢાવી ઢોરોની પાછળ જતાં મેં કલાકો સુધી જોયા કર્યાં છે. તોરણમાલનાં ભીલો કરમદાં, કેરી, ધામણાં વગેરે ખેડૂત પાકને એકઠો કરે એ અદાથી ભેગાં કરે છે. એઓમાંના ઘણા ભોંયમાંના જાતજાતનાં કંદ ખોદી કાઢવામાં પણ પ્રવૃત્ત રહે છે. રાજપીપળાના ભીલો વાજ કંદ આનંદથી ખાય છે. ડાંગના કુંકણાઓ કેળનો કંદ ખોદી લાવી આનંદથી બાફીને ખાય છે. સુરત જિલ્લાના દુબળાઓ ગુલેર આદિ કંદો ખૂબ જ મઝાથી માણે છે.

આદિવાસી અર્થશાસ્ત્રમાં માત્સ્યીનું સ્થાન ઘણું ઊંચું છે. કોદરા દાળ સાથે માછલી પણ એમના ખોરાકમાં ઠીક ઠીક ભાગ ભજવે છે. માછલાં મારવાની બે ત્રણ રીતો હોય છે. વ્યક્તિગત રીતે જાળ ફેલાવીને કલાકો સુધી બેસી રહી જે મળે તે લઈ જાય; અથવા લાકડીએ દોરી બાંધીને તેને છેડે ગલ લગાવી શાંતિથી એઓ માછલી સવારથી સાંજ સુધી પકડે; કેટલાકો માછલાં હોય તે પાણીમાં ઝેરી પાંદડાનો રસ નાખે છે. આથી માછલાં ગુંગળાઈ જાય છે, ને હવા લેવા ઉપર આવે તે વખતે ખૂબ ખૂબ પકડે છે. મે-જૂનને બળતે મહિને ભીલો ટોળાંબંધ માછલાં મારવા જાય છે. આગલે દિવસે નક્કી કરેલું હોય તે દરામાં સવારના નવેક વાગે પહોંચી જાય છે. સ્ત્રીઓ પાસે હાથજાળ હોય છે. શરીરે ઓઢવાનાં ફાળિયાથી માથા ઉપર નાનકડી ટોપલી બાંધી રાખે છે. ખાડીના દરામાં બધાં ડગલું ડગલું ચાલતાં જાય, જાળ નાંખે અને ત્રણચાર મિનિટ પછી જાળ ફંફોસી જુએ, માછલી હોય તો હાથમાં પકડીને પેલી ટોપલીમાં નાખે. પાછું એક ડગલું ભરે ને એમ છેક ત્રણ ચાર વાગ્યા સુધી ચાલે. મરદો મોટી મોટી જાળ લઈ આગળ ચાલે. એઓને ખેતીનું કામ હોય એટલે ઘણી વાર એમાં જઈ ચકતા નથી. સ્ત્રીઓ ઉનાળામાં એ જ કામ કરે. એ વખતનું દશ્ય ખૂબ મનોહર

લાગે છે. તરુણ, સાગ ખીલતા હોય, ખાડી–નદીમાં ખૂબ ઓછું પાણી હોય, તે વખતે હાથ ભૂરાં વસ્ત્રોવાળું આ આદિવાસી જંગલી ભૂમિમાં ખૂબ જ રસમય જણાય. સાંજે ગામમાં ભેળા હો તો વારાફરતી ગામની સ્ત્રીઓ હસતી હસતી આવતી જણાય.

કોઈ જુવાનીઆઓ મશ્કરી પણ કરે કે "આટલી બધી વાર લગાડી અને આટલાં જ માછલાં ! !" બીજી લોકકથાઓમાં પણ માછલાંની ઘણી વાત આવે છે. એમની મુખ્ય દેવી પાંડર માતાનું રૂપ એવું સરસ કે એ માછલાં મારવા જાય ત્યારે બધાં માછલાં એનું રૂપ જોવા આવે ને માતાનો શિકાર સહેલો બને. પાંડર માતાએ એક વખત એટલાં માછલાં માર્યાં હતાં કે જે ગાડાંમાં એ ભર્યાં હતાં તેનો આંક જ ભાંગી ગયો ! ગીબ્દેવને એની સાસુએ બાર ગાડાંમાં માય એવડું એક જ માછલું લાવવા કહ્યું હતું ! વળી એક બીજી સ્ત્રી રોજ નદીએ કોદરા ધોવા જાય. તે વખતે ધોતાં કોદરાના થોડા દાણા પડતા તે ત્યાં રહેતાં માછલાં ખાતાં. તેમણે ઉપકારવશ થઈને પ્રલય થવાનો હતો તે વાત એ બાઈને કરી હતી.

આદિવાસી અર્થપ્રવૃત્તિનો ઈતિહાસ ઘણો કરુણ રસિક છે. એમની ખેતી પહેલાં સ્થિતલૌકિક ન હતી. પહાડોના ઢોળાવ ઉપરનાં જંગલો કાપીને એને બાળી નાંખી, રાખ જમીન ઉપર બરાબર પાથરી દઈ જેઠની પ્રથમ વૃષ્ટિ પછી અંદર કોદરા, તુવર કે બીજાં અનાજ વાવી દેતા. જે જે ઊગી નીકળતાં એમની રખેવાળી કરી તૈયાર થતાં તેને કાપી લેતા. ઘરધણી પોતાથી ભરાય એટલો ભાર ઉપાડતો, ને એટલું જંગલ કાપતો. એથી દરેકને ખાવા જેટલું તો થઈ જ જતું. એમાં કોઈને ભૂખે મરવાનો વારો ન હતો. જ્યારથી જમીનની વહેંચણી થઈ તથા જંગલવાળાએ ઝાડો કાપી બાળવા માટે દંડવા માંડયા ત્યારથી તેની તે થોડી જમીન દર વર્ષે ખેડાતાં એમાં હીર ન રહ્યું. અને પાક ઓછો ને ઓછો થતાં ભૂખનું દુઃખ વધવા લાગ્યું.

આથી અને લગ્નપ્રસંગાદિ બીજાં કારણોને લઈને પૈસા ઉછીના લેવા પડે અને તે વખતસર અપાય નહિ એટલે શાહુકારના હાથમાં જમીન જવા માંડી. આજે સ્થિતિ ઘણી બગડી છે. પણ જીવનની ઘણી વસ્તુઓ વિષે બને છે તેમ, એ જરૂર સુધારી શકાય. એ પ્રદેશમાંની જે જમીન બિનખેડૂતોના હાથમાં છે તે લઈ લેવી જોઈએ; જેમની જમીન વેચાઈ ગઈ છે તે જમીન લેણદારોને અમુક રકમ બદલો આપીને એમને પાછી સોંપી દેવી પડે. ભૂતકાળને ઠીકઠીક કર્યા પછી એ સ્થિતિ પાછી ઊભી ન થાય તે માટે એ અર્થતંત્રને દૃઢતું બનાવવું જોઈએ. જમીનની આવક ઉપરાંત બીજા કેટલાક ધંધાઓ એમને શીખવી શકાય. આવા ધંધાઓમાં થોડા નીચેના ગણાવી શકાય.

ખાખરાનાં પાનનાં બાજઠડીઆ બનાવવા; કોદરાનાં ઘાસની ગાંસડીઓ બનાવવી; વાંસના ટોપલા ટોપલી આદિ ચીજો તૈયાર કરવી; તથા મધ, મીણ, અને ગુંદર ભેગાં કરવાં. વળી

ગ્રાહકોને

☞ હવે પછીનો 'પ્રસ્થાન'નો અંક તા. ૧ લી ઓગસ્ટને બદલે તા. ૧૪ મી ઓગસ્ટે આઝાદી અંક તરીકે પ્રસિદ્ધ થશે.

વ્યવસ્થાપક


રેંટીઓ ક્યાંયે એકાર નથી જતો તો એને દાખલ કરવો. આ બધું અને બીજી જરૂરીઆતો વેચવા ખરીદવા માટે એમનામાં સહકારી પ્રવૃત્તિઓ જો શરૂ થાય તો ખૂબ જ ફાયદો એઓ ઉઠાવી શકે. આદિવાસીઓને ખૂબ પૈસાદાર બનાવવાની ઈચ્છાનો હાલ અર્થ નથી; પણ એમને પૂરેપૂરું અને થોડું વધારેનું મળે એવું અર્થતંત્ર રચવામાં અને એ પ્રમાણે કાર્ય કરવામાં ખાસ વખત લાગે એવું નથી. મુંબઈની સરકાર આ બાબતમાં જરૂર કંઈ કરશે એ ઈચ્છા અસ્થાને ન ગણાય.

ઉપરની આર્થિક ચર્ચા ગુજરાતના બધા જ આદિવાસીઓને લાગુ પડે છે. દુબળાઓની સ્થિતિ જુદી છે. એઓ સુરત જિલ્લાના અનાવિલ કે કણબી ખેડૂતોને ત્યાં કામ કરવા માટે રહે છે. એમની સ્થિતિ અમુક દૃષ્ટિએ જોતાં ગુલામો જેવી લાગે. પરણવા માટે પૈસા કાઢવા પડે તેના બદલામાં એઓ ઘણા ઓછા દરે ધણિયામાને ત્યાં કામ કરે છે. આથી એ દેવાંમાંથી છૂટી જ શકતા નથી. હાળીની બાઈને પણ ધણિયામાને ત્યાં વાસીદું–પાણી વગેરે કરવું પડે છે. આના બદલામાં એ માત્ર રોટલો માગે છે. આ સ્થિતિ એમને છેક અસહ્ય લાગતી નથી; કારણ કે હાળી ધણિયામા અને હાળણ ધણિયામીનો સંબંધ આટલા વર્ષના સંસર્ગ પછી ખૂબ મીઠો બની ગયો હોય છે ભાભી, કાકી, બેન વગેરેનો સંબંધ એમની વચ્ચે હોય છે. ધણિયામા ઘરની છોકરી પરણે ત્યારે જુવાન હાળીણને નણંદ પરણતી હોય તેટલો ઉચાટ હોય છે. દુબળાઓની આર્થિક સ્થિતિ સુધારવી જ જોઈશે. પણ તે પહેલાં આ સંબંધનો તાણો–વાણો સમજી લેવો પડશે. તથા અનાવિલ–કણબી ખેડૂતોની જ સ્થિતિ સારી ન હોય તો એઓ એકલા એકલા કેવી રીતે આર્થિક દૃષ્ટિએ સુધરી શકે? બધી બાજુથી આ પ્રશ્નને ઉકેલવો પડશે.

આદિવાસી ખર્ચની બાજુ પણ જોઈ લઈએ. એમનું બજેટ ખૂબ જ ઓછા ખાનાંમાં વિભાગી શકાય. આવકનો મોટો ભાગ ખાવામાં વપરાય જાય; કપડાં વરસમાં માથાદીઠ એકાદ જોડ કે તેથી ય ઓછાં ખરીદાય; કોઈ ઉત્સાહી અથવા વહુઘેલો ઘરેણાં પણ ખરીદે; લગ્નખર્ચમાં પૈસા ઘણીવાર ગજા ઉપરાંત ખર્ચાય જાય છે ને એને લઈને દેવું પણ કરવું પડે. દારૂ પીવાની ટેવ ઘણાને હોય છે અને તેનાથી ઘણા પાયમાલ પણ થઈ જાય છે. મસાલા મરચાં કે જાત્રા ઉત્સવ માટે એમની પાસે ખાસ બચતું નથી. એમને એટલી ટૂંકી આવકમાં ચલાવવું પડે છે. આપણને ખ્યાલ પણ ન આવે કે એટલાં થોડાં સાધનોથી ચાલી શકતું હશે. એમનું આખું અર્થતંત્ર અતિ સાંકડું અને જીવતર પૂરતું જ છે.

આદિવાસી અર્થતંત્ર આપણા કૃષિ અર્થતંત્ર જેવું ગણી શકાય; પણ આપણી વધતી જતી જરૂરિયાતોને લઈને દુનિયાની નાણાંકીય સંસ્થાઓ, તેજીમંદી અને ભાવતાલની આર્થિક બાજુથી એટલા લગોલગ છીએ કે સૌ સાથે આપણે પણ તરીએ કે ડૂબીએ. આદિવાસી જગતને બજારનાં અર્થતંત્ર સાથે નિસ્બત ન હોવાથી એઓને એની અસર ઓછી થાય છે. છતાંય શ્રમ, મૂડી અને સાહસ એ મૂડીવાદી અર્થતંત્રનાં સાધનો એમનામાં પણ હાજર છે. ફેર એટલો કે એ અર્થતંત્ર ખૂબ વિષમ, જટિલ નથી; એટલે એનામાં એવી અર્થસ્થિતિને લીધે આવતા વિપાકો નથી. ખૂબ સાદું અર્થતંત્ર છે એથી આર્થિક મુશ્કેલીઓ ઊભી થાય તો યે ગૂંચવાડા વગરની રહે છે.

*



આઝાદી - અંક

૧૫ મા ઓગસ્ટ ૧૯૫૮



[illegible]

સ્વ૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક

[illegible]

રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી



निर्मितीची तळमळ
रु.३५० २८ (कोटी)
मुंबई राज्याची आगेकूच

卐 પ્રસ્થાન 卐

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૬૮ આઝાદી-અંક : શ્રાવણ : ૨૦૧૫ અંક ૪

ધન્ય તિથિ આજ!

જયાનન્દ દવે એમ. એ.

[મુક્તધારા]

(૧)

ભારતની ભૂમિના જીવન-ઇતિહાસ મહીં
રાજ્યો કૈં ઊગ્યાં ને આથમ્યાં અનેક;
રાજા ને રૈયતની કંઈ કંઈ પરંપરા
પ્રગટી, પમરી ને પછી ઊડી ગઈ છેક;
કંઈ કંઈ કુરુક્ષેત્ર અને લંકાના યુદ્ધ-લ્હાવ
કેરા અજોડ થયા હૈયે અભિષેક;
માનવ-ઉર જન્મીને ક્રાંતિનાં સ્વપ્ન કૈંક
કૉળ્યાં ને કરમાયાં : ક્રૂર કાળ-ટેક!

(૨)

કૉળ્યાં કરમાય અને ઊગેલાં આથમે,
વિકસ્યાં વિલાય : એ તો સૃષ્ટિક્રમ-સાર!
કરમાયાં કિંતુ એ ઑર ફરી કૉળી ઊઠે,
આથમેલાં ઉદયાચલ પ્હોંચે ફરી વાર;
વિલાયાં-અંતર વિકાસ-રઢ લાગી રહે :
સૃષ્ટિના ક્રમ કેરા સારનો વિસ્તાર!
વર્ષો ને શતકો ને યુગો અનેક થકી
અણ-અટકી ચાલે છે આવી ઘટમાળ!

(૩)

આવી ઘટમાળ તણે અંતર અટવાઈને
ભારતનો પ્રાણ હતો પડિયો નિષ્પ્રાણ;
જગની ભૂગોલ એના બોલ કાંઈ સુણે નહીં,
કરતો ઇતિહાસ એનાં પળ પળ અપમાન;

નયનોમાં નૂર ન'તાં, નિંદર-ઘેલૂર હતાં,
શબ્દોમાં ન્હોતાં શહૂર વા સ્વમાન;
મનડાં મુડદાલ હતાં, તનડાં બેહાલ હતાં,
જીવન-ઉપહાસ કેરે મૃત્યુનાં ગાન!

(૪)

આવું એ ચિત્ર અહો! ભારે વિચિત્ર હતું,
ક્યાંયે કો' મિત્ર ન'તાં, પાસે કે દૂર:
કિંતુ નિષ્પ્રાણ પ્રાણ જાગ્યા ઘમસાણ કો'ક,
ઊઠ્યો એ જડતાને ફગવી સુદૂર;
'મારી આ ભોમ તણો હું જ અનું સૂત્રધાર,
મારાં સહુ ભાંડુનો ભ્રાતા' જરૂર!'
—કીધો પોકાર, એના પડઘા ભેંકાર પડ્યા,
જાગ્યાં આબાલવૃદ્ધ, ચેતનનાં પૂર!

(૫)

ચેતનનાં પૂર અહો! ખાળ્યાં ખળાય નહીં,
એવાં એ ધસમસતાં ધાય ગાંડાતૂર!
જાણે પ્રલયાબ્ધિ ઘોર મૃત્યુ-રવે ઘૂઘવે,
ગળવા બ્રહ્માંડ વધે ક્ષણ ક્ષણ ચકચૂર!
અંતે એ પૂર શમ્યાં, તાંડવ સહુ આથમ્યાં,
અહા અનિષ્ટના પ્રણાશી નિષ્ઠુર!
દાસ્યનાં વિસર્જન ને મુક્તિનાં સર્જનના,
નારા નવ-સર્જનના ગૂંજવે સહુ શૂર!

(૬)

ભારતની ભોમની, જનગણની જિંદગીની
મંગલ ને મોંઘેરી, ધન્ય તિથિ આજ!
ચરણો સહુ નાચી રહો, અંતર સહુ રાચી રહો,
વાંચી રહો વિશ્વ-ચોક ભારતનાં કાજ!
આવો સહુ મુક્તિ-ગાન, લાવો સહુ દિવ્ય તાન,
ઉર ઉરની ઊર્મિ તણાં જગવો સહુ સાજ!
લક્ષ-કોટિ વર્ષ પછી સત ને સૌભાગ્ય-બળે
લાધે કો' પર્વ આવું: જનતાનું રાજ!

આંધી – કુસુમ

'સુન્દરમ્'

[સૉનેટ યુગ્મ]

(૧)

નહીં દ્દેશો આડા કર, ઝરણુ જ્યારે નિરઝરે,
નહીં લેશો લૂંટી સ્વર, પ્રથમ જ્યાં ગાન નિતરે,
નહી દ્દેશો ભીસી પ્રણુય તણી જે પ્હેલી પગલી,
નહીં કૂહેશો–ના ના, પ્રથમ ખગ જ્યાં પ્રસરે.
અરે, આ તે શી છે ધ્રખન–બસ સૌ પૂર્ણ જ ખપે!—
અધૂરા આરંભો પર અસિ લઈ તૂટી પડવું,
બુઢાપાની આંખે શિશુમુખ તણા દાંત ગણુવા,
બને ત્યાં ત્યાં નિત્યે સરપટ જ નન્ના જ ભણુવા.
જુઓ, ધીરે ધીરે કુસુમ અહ શું સજ્જ બનતું,
ત્યહીં કાળા મેલા ધરતી પડમાં બીજ પડતું,
ઉગે ફૂટે, ડાળાં, પરણુ, શત કૈં કંટક વિષે
સુનેરી કો ટાણુ પછી હસતું એનું વદન હા.
છતાં જો આવી કો ગતિ ન ગમતી તો, કમર હા
કસી લો, આંધીની સહેન કરવાને સફર હા.

(૨)

અહો, આંધી કેરી સફર – મન મુસ્તાન ચગતું :
મહા ઝંઝા વેગે શત શત ધસી જોજન જવું,
જુગોનાં જામેલાં જડ સજડ તોડી ઉછળવું,
ઉખેડી ફેંકી દૈ અગતિ, ગતિ–સામ્રાજ્ય રચવું.
ગમે આ ના કોને ? પણુ ઘરખુણે બિસ્તર વિષે
ઢળેલી કાયાઓ થર થર કશી કંપિત બને :
ઉતારેલા વીમા વિપળ મહીં શું વ્યર્થ બનશે ?
સુયોજ્યુ આખું યે વિખરી પડશે જીવન–ઘર ?
ખરે, આ સ્રષ્ટાને ઉભય કર છે શસ્ત્ર ઉભય,
હણી નાખે અધીં પળ, યુગ લગી ધીરજ ધરે,
ચણે ભાંગે, સર્જે મૃદુલ કર, ઉદ્દ્ધ્વસ્ત જ કરે,
ધરે એ તો હૈયે પથર–કુસુમો એઉ ય ખરે
ગમે તે લો, લો વા ઉભય, પણુ જે કાંઈ જ ગ્રહો,
વિધાતાએ એમાં નિજ સુભગ શું સ્વસ્તિક ધર્યો ?

卐

રાજનીતિ અને લોકનીતિ

સ્વામી આનંદ

[દોઢ બે વર્ષની વાત ઉપર શ્રી જયપ્રકાશ નારાયણે પોતે રાજદ્વારી ક્ષેત્ર છોડી સર્વોદય તરફ શા સારુ વળ્યા એ સમજાવતું એક વિગતવાર નિવેદન કર્યું હતું. 'રાજનીતિથી લોકનીતિ ભણી' એવે નામે તે છાપાંઓમાં પ્રગટ થએલું. એ જ અરસામાં માઈસોરના યેલવાલ ગામે મળેલા સંમેલનમાં આગેવાન દેશનેતાઓએ હાજરી ભરીને સર્વોદય તેમજ રાજદ્વારી રચનાત્મક કાર્યક્રમો વચ્ચે ખાસ્સો મેળ તેમજ સહકાર સાધવાની જાહેરાત કરી હતી.

આ પછી વિનોબાજી તથા તેમના સર્વોદયી અને રચનાત્મક વિચારધારાવાળા કાર્યકર્તાઓ વચ્ચે તેમજ દેશના રાજદ્વારી કાર્યકર્તાઓ વચ્ચે લોકનીતિ તથા રાજનીતિ એ બે વિચારધારાઓ અંગે ઠીક ઠીક ઉહાપોહ થતો આવ્યો છે. ગુજરાતમાં પણ છેલ્લી વિનોબાજીની ગુજરાતની પદયાત્રા દરમ્યાન અને તે પછી આમ થયું છે. આ અનુસંધાનમાં ભૂદાન–સર્વોદય આંદોલનના હિંદી મુખપત્ર તરીકે બનારસથી અખિલ ભારત સર્વસેવા સંઘ તરફથી પ્રગટ થતા સાપ્તાહિક 'भूदान यज्ञ'માં થોડા મહિનાની વાત પર 'રાજનીતિ તથા લોકનીતિ' એવા મથાળા હેઠળ શ્રી રામાધારજીએ બે નિખાલસ લેખ લખ્યા હતા. તેનો મુક્ત અનુવાદ આ ચર્ચા અંગે પ્રસ્તુત ગણીને અહીં આપું છું.

—સ્વામી આનંદ]

૧

ધંધાદારી રાજદ્વારીઓની વિચારણામાં કોઈ ને કોઈ સંસ્થા કે તંત્રના દોર હેઠળ વફાદારીપૂર્વક ચિટકી રહીને કામ કરવાનું અનિવાર્ય મનાય છે. રાજનીતિમાં રાજતંત્રના સંચાલન માટે અનેક પદ્ધતિઓ હોય છે જેમાં બે મુખ્ય છે. આ બે પદ્ધતિઓનું અસલી સ્વરૂપ શું એ મુદ્દા ઉપર શ્રી જયપ્રકાશજીએ વિનોબાજી જેની હિમાયત કરે છે તે લોકનીતિ વિષે વધુ સમજણ આપી છે.

એમની રજૂઆત ઉપરથી એવો ભાસ થાય છે કે કેમ જાણે વિનોબાજીની લોકનીતિ અંતઆખરે કોઈ ને કોઈ તંત્ર રૂપે જ આપણે ત્યાં ખીલશે. સંભવ છે કે એવું બને. પણ તે દિવસે મારી અદના સમજ મુજબ તે લોકનીતિ નહીં રહે.

મૂળે જોઈએ તો સામ્યવાદ અથવા સમાજવાદ પણ નવી વિચારધારાઓ તરીકે જ આવ્યાં હતાં. એનો ઉગમ માનવ–કલ્યાણની ઊંચી ભાવનામાંથી જ થયો. એનાં તંત્ર તો પાછળથી બન્યાં. અસલમાં એકપક્ષી રાજતંત્ર સામ્યવાદની મૂળ કલ્પનાનું અંગ ન ગણાય. એ તો સામ્યવાદમાં વણાઈ ગએલો એક વહેમ (dogma) છે. માર્કસનો class–war સિદ્ધાંત પણ તેવો જ છે. અલબત્ત એવા વિગ્રહની વાત સાવ વજૂદ વગરની છે એવું નથી. સમાજમાં શોષણ અને વિગ્રહ પડેલાં છે અને આજે પણ છે. પણ એને કંઈ સિદ્ધાંત રૂપે ન લેવાય. બધાનું મૂળ તો માણસ માત્રમાં પડેલી સ્વાર્થવૃત્તિ છે. જે શ્રમજીવી છે તે દુનિયામાં મોટે ભાગે શોષિત છે. પણ મોકો મળ્યે એ શોષિત પણ બીજાને રોળવી ખાતાં પાછો નહિ પડે.

મતલબ કે સ્વાર્થવૃત્તિ ગરીબ–તવંગર સૌમાં

સરખી છે. છતાં માનવસમાજમાં વર્ગ-વાડા છે, દરેક વાડાના આગવા સ્વાર્થ છે, અને વાડાવાડા વચ્ચે ઘર્ષણ પણ છે. આમ છતાં એવા ઘર્ષણની બીનાને સિદ્ધાંત બનાવી દેવાથી અનર્થ ઊભા થાય છે, ને થયા પણ છે. સાથે એ પણ ન ભૂલવું જોઈએ કે સામ્ય એટલે સમાનતાની આજની ભાવના અસલમાં એક ઊંચો નૈતિક વિચાર છે. એ વિચાર દુનિયાને સામ્યવાદની બક્ષીસ છે. ખરું જોતાં જ્યારથી ધર્મોની મૂળ પ્રેરણા માણસમાં ઉગી ત્યારથી તેની જોડેજોડે બીજા પણ કેટલાયે અંધવિશ્વાસ અને માન્યતાઓ સંકળાએલી રહીને ચાલતી આવી છે, જેણે માનવ-સમાજનું પારાવાર નુકસાન કર્યું છે.

આમ છતાં ધર્મભાવનાનું જે મહત્ત્વ માણસના જીવન અને વહેવારમાં છે તે ઇન્કારી ન જ શકાય. એ જ ન્યાય સામ્યવાદ વગેરે વિચારણાઓને પણ લાગુ છે. સાથે સાથે એ પણ તેટલું જ સાચું છે કે ચાહે તેવો ઉચ્ચ વિચાર કે ભાવના પણ જ્યારે ઘરેડમાં કે તંત્રમાં પડીને જડલાકડું બની જાય છે ત્યારે તે તેની શક્તિ ખોઈ બેસે છે ને તેનું બધું સામર્થ્ય હરાઇ જાય છે. સામ્યવાદનું આવું જ થયું.

લોકનીતિની ખાસિયત એ છે કે એ તંત્ર નથી, તેથી જ તે માણસનું હિત સાધવામાં વિશેષ કારગત નીવડી શકે. માણસનું પોતાનું મહત્ત્વ એ વાતમાં રહેલું છે કે એનામાં સ્થિતિ-સ્થાપકતા છે. ઘરેડમાં પડીને જડ બનવું એ એને સારૂ શાપરૂપ છે. તેથી કોઈ જડતંત્રમાં ગોઠવતાં જ એનામાં કોહવાટ પેદા થાય છે ને એ ગંધાવા લાગે છે.'

તંત્ર હમેશાં માણસથી નીચી પાયરીએ છે. માણસને માટે એ નરવી ચીજ નથી. માણસના હાથનું હથિયાર બનીને રહે તો તંત્ર બળરૂપ છે; માણસની પૂંજી બનીને ખપ લાગી શકે છે. પણ જો એ માણસનો ધણિયામો થઈને માથે ચડી બેસે તો માણસ એના જેવો જ જડ-તંત્રનો સ્ક્રુ કે વાઇસર-બની જશે અને પછી એ તંત્ર જ માણસની છાતી ઉપરનો આથાર થઈ પડશે.

આજે આપણા દેશમાં જે પાર્લમેન્ટરી લોકતંત્ર ચાલી રહ્યું છે તે કમભાગ્યે નકરું તંત્ર છે. એમાં માણસ કયાંય ભળાતો નથી. તેથી જ તે જડ અને નિષ્પ્રાણ બની ગયું છે. લોકતંત્રની પાછળ જે પ્રાણ દિવસરાત ધબકવો જોઇએ તે હોત તો આટલા એક દાયકામાં પણ દેશ ન્યાલ થઇ ગયો હોત. પણ અમારા નેતાવર્ગને આ વાતની કશી પડી નથી. એ રાજતંત્ર ચલાવી રહ્યા છે. અથવા કહો કે રાજતંત્ર પોતાની જૂની ગતિના વેગનું માર્યું ચાલી રહ્યું છે, અને આ ખુરશીએ બેઠેલાઓ તો માત્ર એટલી જ વાત સમજ્યા છે કે એમની ખુરશીઓ કઈ રીતે સાબુત રહે. તેઓ ધારત તો લોકતંત્રની તંગ મર્યાદામાં રહીને પણ પ્રજાને માટે ઘણું ઘણું કરી શકયા હોત. પણ તે ન થયું.

પાર્લમેન્ટરી લોકતંત્રમાં કયાંએ એવો શાસ્ત્રવિધિ નથી લખ્યો કે લોકરાજ્યની શાન-શોભા જાળવવા સારુ તેના પ્રધાનો, એલચીઓ અને અમલદારોએ અમુક આડંબરથી રહેવું જોઇએ, કે આડંબર કરવા જોઇએ, પછી સામાન્ય જનતાની હાલત ચાહે તેટલી દયાજનક ભલે હોય. દિલ્હીનું રાજભવન અંગ્રેજી સલ્તનતે આ દેશની જનતાને આંજીને તેના પર પોતાના રૂવાબ કાયમ રાખવાની ગણતરીએ બાંધ્યું હતું. 'પ્રજાના લોહીથી એ ચણાયું છે' એમ ગાંધીજી માનતા. આઝાદ ભારતમાં એ બધાં ઇસ્પિતાલો બનશે એવી એમની ધારણા ને ઝંખના હતી. લોકતંત્રના કારભાર હેઠળ આમ ન થઇ શકે એવું કંઈ શાસ્ત્ર નથી. પણ થયું શું?

પ્રતીક રૂપે આવી વાતોનું મહત્ત્વ હોય છે. ગાંધીજીની ઇચ્છા મુજબ થયું હોત તો જનતામાં વિજળી જેવો પ્રાણસંચાર થયો હોત,

પ્રજાનો ઉમંગ હૈયામાં ને સમાત. પાર્લમેન્ટરી લોકતંત્ર હેઠળ આ સહેજે થઈ શક્યું હોત એ તો દેખીતું છે. પણ તેવું કશું થયું નહિ!

તેવું જ કેળવણી ક્ષેત્રનું. શિક્ષણ અંગે પાયાના ખ્યાલો અને મૂલ્યાંકનો સહેજે બદલી શકાયાં હોત. અને એને પરિણામે આપણું લોકતંત્ર સારીપેઠે સાફ અને સાર્થક થઈ શકત. પણ તેય ન થયું!

દેશના નવનિર્માણને સારુ વિરાટ આયોજનો ચાલી રહ્યાં છે. નિતનવાં બાંધણું મૂકાય છે. અબજોનાં કરજ લેવાય છે. એ બધાંમાં સુદ્ધાં પહેલું શું, પછી શું, એવો તારતમ્ય વિવેક રાખવાની કોઈને પડી નથી. જેને જે સૂઝ્યું તે લઈને હાલી નીકળ્યું છે. ખાટલો જોઈને પાથરણું પાથર્યું હોત તો તેના લાભ પ્રજાને તત્કાળ દેખાત ને જનતાનો ઉલટભર્યો સાથ પણ મળત. આજે આમપ્રજાના હૈયામાં ઉમંગ નથી. પ્રજા ઉદાસીન છે એમ સરકાર પોતે કહે છે.

તે જ પ્રમાણે સરકારી હોદ્દા વ્યક્તિગત સુખ ચેન અને 'કરીઅર'નાં સાધન નહિ પણ આમપ્રજાની સેવાનાં સાધન છે એ અપેક્ષા પાર્લમેન્ટરી લોકતંત્રને માટે નવી કે અજાણી નથી. આપણા નેતાવર્ગે છેલ્લાં દસ વરસમાં સેવામંત્રના જપ તો રોજ બધે કર્યા, પણ તેના અમલમાં હમેશાં ભમરડો જ રહ્યો. એમના દાખલાથી આજે હોદ્દા અને અધિકારને સારુ એવી તો પડાપડી ને વસીલાખાજી દેશ આખામાં મચી રહી છે કે માણસ શરમનો માર્યો ઊંચું ન જોઇ શકે. પણ આપણે તો એ વાતનું ગૌરવ ગણીએ છીએ!

અસલમાં સવાલ તંત્રનો નથી, માણસનો છે. તંત્ર ચાહે તે હોય, ચલાવનારા પક્ષપદ્ધતિવાળા હોય કે બીજા કોઈ હોય, જો તેમનામાં સાચી સૂઝ હોય તો હરકોઇ તંત્ર ખાસ્સું કામ આપી શકે. તંત્ર ખામીવાળું હોય તોપણ માણસ જો સરખો હોય, તો એ એને એવી સ્થિતિસ્થાપકતાથી ચલાવશે કે તેનાથી તે આગળ જ વધશે. હું નથી કહેતો કે તંત્ર હરહાલતમાં બિનજરૂરી છે. સારા તંત્રની મદદથી માણસ પોતામાં ઉત્તમ ગુણો ખીલવી શકે છે. એકબીજાનો ટેકો તો રહે જ. પણ આખર સરવાળે મહત્ત્વ માણસનું છે, તંત્રનું નથી, એ ન ભૂલીએ.

જયપ્રકાશજીએ કહ્યું કે આઝાદી આવ્યા પછી આપણા નેતાઓને રાજનીતિની જગાએ લોકનીતિ પસંદ કરવાનું શક્ય નહોતું; કાં કે તે વખતે લોકનીતિનું સ્વરૂપ હજુ સ્પષ્ટ થયું નહોતું. રાજનીતિ સ્વીકાર્યા પછી જે તેઓ રફતે રફતે લોકનીતિ તરફ ઝૂકી શકે એમ હતું. આમ તેમણે ન કર્યું એ એમની ભૂલ થઈ.

હું તો કહું છું આપણા નેતાવર્ગે કશી પસંદગી જ નથી કરી. એમણે તો પોતાની જ પસંદગી ફક્ત કરાવી લીધી! અને એ જ સિલસિલો આજદિન લગી ચાલુ છે. એમનાં ભાષણો, મેળાવડા, આડંબર, ચૂંટણીઓ બધાં પાછળ એમની એક જ નેમ રહી કે 'અમને ચૂંટો.' ભર્તૃહરિએ કહ્યું: 'भोगा न भुक्ता, वयमेव भुक्ता', અમે ભોગોને ન ભોગવ્યા, ભોગોએ જ અમને ભોગવ્યા, તેમ આપણા નેતાવર્ગે કશી રાજનીતિ પસંદ નથી કરી. જૂના અંગ્રેજી અમલ વખતની નોકરશાહીની નીતિએ જ એમને વરમાળ આરોપીને પસંદ કર્યા. ને આપણે જોયું તેમ નોકરશાહીનાં હાથમાં તેઓ બહુ જ કારગત હથિયાર નીવડ્યા છે.

પ્રખ્યાત અંગ્રેજ લેખક અને ગ્રંથકાર આલ્ડયુસ હક્સલેએ કાનપુરમાં સ્વ૦ સરોજિની નાઇડુને પ્રમુખપદે મળેલું ૧૯૨૫નું કૉંગ્રેસ અધિવેશન પહેલવહેલું જોયું. તે વખતે હક્સલેએ બીજી વાતો સાથે સાથે આપણા નેતાઓ વિષે લખેલું:

"Almost without exception Indian politicians profess demo cratic principles. They envisage a popularly governed British

Dominion, ultimately a republic government by the people, for the people, and so on. But the majority of the influential ones are the members of the highest castes, hereditary wise men and warriors. Their principles may be democratic, but their instincts remain profoundly aristocratic."

કોઈ ચિંતનશીલ વિચારક ભાવિના પડદાને ચીરીને કેટલે સુધી જોઈ શકે છે એનો આ નમૂનો છે. એ જ હક્સલેએ આ દેશ છોડતી વખતે નીચેના ઉદ્‌ગાર કાઢેલાઃ

"The educated and politically conscious profess democratic principles, but their instincts are profoundly aristocratic. They desire, theoratically, to see the country 'progressing' in the western sense of the term, but the practical ambition of most of them is to secure a quiet job without responsibilities and risks."

આ ચિતાર ૩૩ વર્ષ જૂનો છે. આપણી આઝાદી આવ્યાનેય ૧૧ વર્ષ વીત્યાં, પણ તે કાળની ને આજની સ્થિતિ વચ્ચે ઝાઝો ફેર નથી પડ્યો. આજે પરદેશીઓ વખાણવારે આવીને આપણને સર્ટિફિકેટોની ચિઠ્ઠીચપતરીઓ આપી જાય છે એ સાચું, પણ એની કિંમત પ્રચારથી વધુ નથી. અમારી પાયાની મૂંઝવણો,—અન્ન, બેકારી, આજની કેળવણી (બલ્કે ગેરકેળવણી), કંગાલિયત અને અમારા ભેદ—નાતજાત ઊંચનીચની અસમાનતાઓ—એ બધાને હજુ સ્પર્શ સરખો ભાગ્યે થયો છે. પ્રચારની ગણતરીએ દોરેલી યોજનાઓમાં જાન નથી. જે વસ્તુઓ તાત્કાલિક થવી જોઈએ એનું એમાં નામનિશાન નથી, ને જે ચીજો વર્ગભેદ અને વિષમતાને વધારનારી છે તેની ગિરદી છે. નકામી વાતોનાં ગીતો ગવાય છે, જે સાવ જૂઠાં હોય છે. સરકારી હેવાલોમાં પ્રગતિના થર ઉપર થર ચણાયે જાય છે. એ બધા ભેળા કરીને વસ્તુસ્થિતિ જોડે સરખાવી જુઓ તો ઝાંઝ ચડ્યા વિના ન રહે.

૨

આપણા અગીઆર વર્ષ જૂના પાર્લમેન્ટરી પ્રજાતંત્રે નોકરશાહીની પકડને ધરખમ કરી. હરક્ષેત્રમાં કેન્દ્રીકરણ વધ્યું ને વધ્યે જાય છે. ગાંધીજી જેફરસનના પેલા વચનના હિમાયતી હતા કે 'જે સરકાર કમમાં કમ શાસન કરે તે સૌથી સારી' વિનોબા તો શાસનમુક્ત સમાજરચનાની જ વાત કરે છે. આ બધા મહાપુરુષોથી બહુ વહેલે બીજાઓએ પણ શાસનતંત્રને વખોડ્યું છેઃ

"Somewhere (says Zarthustra) there are still peoples..., but with us there are states; the state is called the coldest of all cold monsters. And coldly it lieth; and this lie creepeth out of its mouth; 'I, the State, am the People.' It is a lie. Creators they were who created the peoples and hung one's belief and love over them; thus they served life. Destroyers they were who lay traps for many, calling them the State .... But the State is a liar in all tongues of good and evil, whatever it sayeth it lieth; whatever it has it hath stolen."

આવી નીત્શેની 'સ્ટેટ' વિષેની વ્યાખ્યા છે. પણ આપણે તો એની સામુંય જોવું નથી. ઊલટું આપણી પાર્લમેન્ટ કેમ જાણે કાયદા

ઘડનારી ટંકશાળ જ બની ગઈ છે. નિતનવા કાયદા બને છે ને દરેક ક્ષેત્રમાં સામાન્ય માણસની આઝાદી ઉપર કાપ મૂકાતા જાય છે. તેના ઉપર રાજતંત્રનો ભરડો વધુ ને વધુ બીંસાતો જાય છે. એવા કાનૂન પણ બન્યા છે જે દેખાવમાં તો અમીરો તથા મૂડીવાળાઓની વિરુદ્ધના છે, પણ જેને રાજ્યશાસનના વિવિધ અંગોનો અનુભવ છે તેઓ સમજે છે કે જેમની પાસે પૈસો છે તેને કાયદો કશું નથી કરી શકતો. રૂસોએ કહ્યું:

"Laws are always useful to those who own, and injurious to those who do not. .. Laws give the weak new burdens, and the strong new powers."

આવા કાયદા બનાવનારી આપણી ટંકશાળ ઉર્ફે પાર્લમેન્ટનો ખરચ દેશની પ્રજા ઉપર દર કલાક દીઠ રૂ. ૨૦,૦૦૦નો છે! આમ જ્યાં જ્યાં આપણા નેતાઓની દાનત અને દૃષ્ટિ સાફ હોત તો આ કારોબારમાંથીયે કંઈક નીપજી શકત. પણ આજનાં આયોજન તો બધાં આમજનતાને માથે શાપસમાં જ સાબિત થઈ રહ્યાં છે. બેશુમાર કેન્દ્રીકરણ આપણને અંતે ડિક્ટેટરશિપ ઉપર જ પહોંચાડશે.

પણ જયપ્રકાશજી આપણા નેતાવર્ગને સસ્તી લોકચિઠ્ઠી આપી દે છે. નેતાઓ લોકનીતિ તરફ જઈ શકતા હતા પણ ન ગયા એ એમની ફરિયાદ છે. આ એમની ગંભીર ભૂલ થઈ એમ પણ કદાચ એમને લાગતું હશે, જો કે એમના કથનમાંથી એવો અર્થ નથી નીકળતો. (એમની અહિંસાવૃત્તિનો આ પરિપાક હશે.) પણ આઝાદી પછી આપણા નેતાવર્ગે નકરી ભૂલો જ નથી કરી, બલ્કે એક સમૂળી વ્યાપક ક્રાંતિને છિન્નભિન્ન કરી મેલીને નષ્ટ કરી દીધી. આ પ્રજાઘાતને હળવી ભૂલ તરીકે ઓળખાવીને કોરે મેલવી એ હાથી જેવડી ભૂલ છે.

હાલ ભૂદાન-ગ્રામદાનની યાને સર્વોદયના કાર્યક્રમની એક મૌલિક ક્રાંતિની ચળવળ ચાલુ છે. એની પાછળ ગાંધીજીનું તપ છે. દેશનાં સદ્‌ભાગ્ય એટલે જ આ ચળવળ ઊઠી. બાકી આપણા નેતાવર્ગે તો આરંભે એને ઉતારી પાડવાના પ્રયત્નો કરવામાં કસર નહોતી રાખી. વખત જતે જેમણે એને ટેકો આપવા માંડ્યો અગર કહો કે તેમ કરવાની આ નેતાઓને ફરજ પડી તેમણે પણ સર્વોદયની દૃષ્ટિ સ્વીકારી છે એમ માનવું બડી ભૂલ છે. એમણે તો આ ચળવળ આગળ ચાલી તેમ તેમ લોક તો એની પાછળ ચાલ્યું ને 'આપણે તેમાં નહિ ભળીએ તો કોરે રહી જશું, ને કોઈ ભાવ નહિ પૂછે' એવી લાચારીથી એને કુર્નેસ કરી છે. કાંકે કંઈ નહિ તો ચૂંટણીઓની ગણતરીએ પણ લોકો જોડે સારાસારી રાખવી જ રહી. એટલે આમજનતાને જે વાત રૂચી, તેની હામાં હા ભણ્યે જ છૂટકો.

બસ, આથી વધુ આ રાજદ્વારીઓના ભૂદાન-ટેકાની કિંમત આંકી શકાય નહિ.

યેલવાલ (માઈસોર રાજ્ય) સંમેલનમાં જે ઠરાવ થયો તે ઉપર વિનોબાજી પાણી પાણી થઈ ગએલા. પાછળ દિવસો સુધી એમણે એનાં વખાણ વાંચ્યાં! ભલે. પણ જ્યારે એમણે એ ઠરાવને ૧૯૫૭ની ક્રાંતિ તરીકે ઓળખાવ્યો ત્યારે તો હદ થઈ. એમણે કહ્યું એ ઠરાવથી વિચારક્રાંતિ થઈ અને રાતની પાછળ જેમ દિવસ તેમ વિચારક્રાંતિની પાછળ અમલી ક્રાંતિ થવાની જ! વિનોબાજીનું આ કથન ભોળુંભટ ગણાય. રાજદ્વારીઓ પોતાના ધંધાની રૂએ હાલનાં ચાલતાં જૂઠું બોલતાં અચકાતા નથી હોતા એ તો જગજાણીતી વાત છે એટલે યેલવાલ ખાતે એમણે ભૂદાન, ગ્રામદાનની ચળવળને આપેલા ટેકાને મામુલી કરતાં વધુ કિંમત આપવામાં સર્વોદયને નુકસાન થવા સંભવ છે. મારે માટે આ નાને મોઢે મોટી વાત જેવું છે. જ્યાં મનની વાત સાફ સાફ કહેવાની ધૃષ્ટતા મેં કરી છે.

મારા તો મગજમાં જ એ નથી ઉતરતું કે થોડાક રાજદ્વારી નેતાઓએ ગ્રામદાનને પોતાનો ટેકો જાહેર કર્યો એટલાથી દેશવ્યાપી ક્રાંતિ થઈ ગઈ એવો નતીજો વિનોબાજીએ કઈ રીતે કાઢ્યો હશે? અરે, એમણે તો એટલે સુધી કહ્યું કે જે આંધળો છે તેને જ સર્વોદય થયા છતાં સૂરજ નથી ભળાતો. કેવડો આ અભિનિવેશ! 'અમ્મા! અમ્મા! બનિયા ઐસા ભોલા ઉસ ને લવંગ મેં પૈસા તોલા' વાળો ઘાટ! પણ અમ્મા તો કહે: 'બેટી, બનિયા નહિ હૈ ભોલા, ઉસમેં ભેદ સમાયા સોલા!'

આપણા રાજદ્વારી નેતાઓ બાપડા કેટલા ભોળાભટ છે! ચાહો તે વાત પર એમનો ટેકો માગો. સહી કરી આપતાં વાર જ ન લગાડે! ખાદી ગ્રામોદ્યોગની હિમાયતમાં? તો કે' હા. સાથે સાથે નવી કાપડ મિલો ખોલવા કે સ્પીન્ડલ વધારવા? તો કે' હા. હાલની બૂરી કેળવણી બદલીને બુનિયાદી કેળવણી ફેલાવવા? તો કે' હા. આજની અંગ્રેજીપ્રધાન કેળવણીને અનિવાર્ય ગણીને તે આપનારી નિશાળોને દેશભર ઝપાટાભેર વધારવાની વાતમાં? તો તેમાંયે હા! ગોપાલન સંવર્ધનમાં? તો કે' અલબત્ત એથી રુડું શું? બીજી બાજુએ વનસ્પતિની મિલો ખોલવામાં? તો કે' તેમાંયે હા! એટલે સુધી કે ધર્મ, નીતિ, સદાચારના પ્રચાર માટે ય હા, ને ફિલ્મ ઉદ્યોગ ખીલવવાની કે પ્રજાવૃદ્ધિ રોકવાનાં કૃત્રિમસાધનોના વાપરનો બહોળો પ્રચાર કરવાની વાતમાંયે હા! 'રામાય સ્વસ્તિ, રાવણાય સ્વસ્તિ'! મતલબ કે 'ચૂંટણીમાં વોટ અમને આપો. બસ. પછી આવીને જે જે કંઇ ચાહો તે તમામ ઉપર અમારો ટેકો લઇ જાઓ. અમને વાંધો નથી.' આવા લોકોના ટેકાને 'સર્વોદય' જોડે સરખાવવો એ મગજમાં ન ઉતરે એવી વાત છે.

પણ સંભવ છે, હું બીંત ભૂલતો હોઉં.

ગ્રામરાજ્ય સંમેલનો વગેરે ખુલ્લાં મૂકવા કોંગ્રેસપ્રમુખ અથવા રાષ્ટ્રપતિ વગેરેને જ્યારે નોતરવામાં આવે છે ત્યારે હું હેરત પામું છું. આવા પગલાના ટેકામાં દલીલ એ કરવામાં આવે છે કે જુદા વિચારવાળાઓને આવે અવસરે નોતરવામાં અહિંસાની વૃત્તિ પોષાય છે. હું કહું છું કે તો પછી ટાટા બિરલા પાસે પણ આવાં સંમેલનોનાં ઉદ્ઘાટન કાં ન કરાવવાં? એથી અહિંસાવૃત્તિને ખીલવવામાં ઓર મદદ થશે! સર્વોદયનાં કામોમાં જો બધા પક્ષોનો સહકાર લેવો છે તો શ્રી. અજય ઘોષ, ડૉ. લોહિયા વગેરેનો કાં નહિ? બોલાવો તો ખરા, પછી ભલે આવે કે ન આવે.

કોંગ્રેસમાં હજુયે એવા લોકો છે જે ગાંધીજીના નિકટના સહકારી હતા. કોંગ્રેસીઓ આજે પણ એમનું માન સાચવે છે, પ્રસંગોપાત્ત એમનું નામ પણ લે છે, પણ જે હોદ્દા પર તેઓ બેઠા છે ત્યાં બેઠાં તો તે સર્વોદય-વિરોધી મૂલ્યો પ્રચારવામાંજ મોટેભાગે રોકાએલા રહે છે. આવા લોકોને જ્યારે માનઆદરપૂર્વક સર્વોદયના કાર્યક્રમોમાં બોલાવવામાં આવે ત્યારે લોકોમાં ભારે ભ્રમ ફેલાય એ ખુલ્લું છે. જનતાને એમ લાગે છે કે આ લોકો કયારેક આવી કયારેક તેવી વાત કરે છે, પણ એ બધા એક છે.

સર્વોદયની સક્રિય બાજુને ખીલવવાનું જેટલું જરૂરી છે તેટલી જ તકેદારી એ વાતની પણ રાખવી જરૂરી છે કે જનતા ભૂલાવામાં પડીને ચાલુ રાજકારણ અને રાજસત્તાના કાર્યક્રમોને સર્વોદયના કાર્યક્રમો ન સમજે. એકવાર એક નેતા જે હાલ હિંદી સરકારમાં પ્રધાનપદે છે તેમણે કહેલું કે, 'વિનોબા કોણ છે? આખર સરવાળે એ પણ છે તો કોંગ્રેસનો જ માણસ ને? કોંગ્રેસની ઉપરવટ થઇને એ શું કરી શકે એમ છે?' આવી ભ્રમણા અનેક લોકોના મનમાં પડેલી છે જે સર્વોદયને નુકસાન કરનારી છે.

મતલબ કે લોકનીતિની દિશામાં આગળ વધવું હોય તો એ જરૂરી છે કે સર્વોદયની નજરે કોણ આપણા મિત્ર છે ને કોણ વિરોધી તે ઓળખવું. આપણી નિસ્બત, વ્યક્તિ જોડે નથી

એમની કારવાઈઓ જોઉ છે. જે લોકો ચૂંટણીઓ ઉપર જ નજર નોંધીને ચાલનારા છે તે વોટને ખાતર ચાહે તે વાઘા પહેરીને ચાલવા તૈયાર છે. આજે પોતાને સમાજવાદી કહેવડાવશે, કાલે સર્વોદયના સરઘસમાં જોડાશે, પરમ દાઉ ત્રીજા કોઈની વેલમાં બેસી વેવના વરરાજાનાં ગીત ગાશે! આવા માણસો લોકનીતિને માટે બહુ ખતરનાક છે. તેથી લોકનીતિના પાયા ખૂબ મજબૂત ન થાય ત્યાં સુધી આ અંગે આકરી તકેદારી રાખવી જરૂરી છે.

એક વાત હમેશાં ધ્યાનમાં રાખવી જોઈએ કે લોકનીતિ કોઈ પક્ષ નથી. જો તે પક્ષ થાય તો તેનું સ્વરૂપ જ બદલાઈ જાય, ને એ તંત્ર બની જાય. ન કરે નારાયણ ને આપણા સર્વોદયનું જો આવું થશે તો સામ્યવાદ જેવી ઊંચી વિચારધારાનો તેનું તંત્ર બની જતાં જેવો ફેસ્તો થયો, તેવો જ ફેસ્તો વિનોબાજી પ્રચારિત લોકનીતિનો પણ થઈ બેસશે.

卐

આઇએ

પૂજાલાલ

આઈએ આઝાદ હિંદુસ્તાનનાં સંતાન;
ગાઈએ 'જય હિંદ, જય જય હિંદ, હિંદુસ્તાન!'
બેડીઓ તૂટી પડી છે,
મુક્તિ મોંઘી સાંપડી છે,
લોહપિંજરથી છૂટ્યા છે પાંખવંતા પ્રાણ. —આઈએ૦
અંતરાયો ઊથલ્યા છે,
મોકળા માર્ગો મળ્યા છે,
દશદિશાદિક્પાળ આજે આપણા દરવાન. —આઈએ૦
દૈન્ય સહુ લયલીન આજે,
ગૌરવે ઘરબાર ગાજે,
મુક્ત મહિમાનાં ગગન પડછંદ પાડે ગાન. —આઈએ૦
કાળરાત્રી ઓસરી છે,
તેજની ભરતી ચઢી છે,
સ્વર્ણસૂર્યોનાં મળ્યા છે વૈભવી વરદાન. —આઈએ૦
ઐશ્વર્ય આજે આંગણે,
પ્રભુતા પલકતી પાંપણે,
સેવાર્થ સ્પર્ધા આદરે છે સ્વર્ગ શોભાવાન. —આઈએ૦
કલ્યાણ સૌનું સાધતા,
લખલૂટ લાલ લુંટાવતા;
પ્રભુ પ્રેમમયની અમૃતમય વર્તાવીએ અહીં આણ. —આઈએ૦
ઉત્તુંગ શિર આગે બઢો,
સત્પંથની જ લઈ રઢો,
સૌ પ્રાર્થનાઓ પૂરશે ભવભવતણા ભગવાન. —આઈએ૦

卐

ભારતનું ભાવિ

શાન્તિલાલ ઠાકર એમ. એ.

આપણને આઝાદી મળ્યે બાર વર્ષ વીતી ગયાં. આપણે તેટલા સમયમાં શું શું મેળવ્યું, શું હજી મેળવવાનું બાકી રહ્યું, હવે આપણે કયા આદર્શો આપણી સમક્ષ રાખી તેમને સિદ્ધ કરવા મથવું જોઈએ, આપણી વિશિષ્ટતાઓ કયી કયી છે, આપણી વ્યક્તિગત અને રાષ્ટ્રીય ખામીઓ કયી કયી છે—આ બધાંનો આપણે શાન્ત ચિત્તે વિચાર કરવો જોઈએ.

આઝાદી પ્રાપ્ત કરવા વ્યક્તિ પ્રાણ આપે છે, યુદ્ધનાં સંકટો ખેડે છે, રાષ્ટ્ર પણ મહાપ્રયત્ન કરી સ્વાતંત્ર્ય મેળવે છે અને તે ટકાવી રાખવા લાખો બલિદાન આપે છે. આમાં મહોનગીનો મહાગુણ ખીલે છે. આઝાદી વ્યક્તિનું અને રાષ્ટ્રનું વ્યક્તિત્વ સંપૂર્ણપણે ખીલવવાની તક આપે છે. આઝાદીથી પરદેશનું શોષણ મટી જાય છે, અને તેથી આઝાદી પછીનું બીજું પગલું આબાદી છે. આઝાદીનો રંગ જ જુદો હોય છે. તેની ખુમારીનો લાલ લાલ રંગ તે દેશનાં નરનારીઓના ગાલ પર પ્રકાશતો હોય છે તેમની આંખમાં એક અજબ પ્રકારની આત્મવિશ્વસ્ત ઝલક હોય છે. તેઓ પોતાના દેશની આબોહવાને અનુકૂળ, આદર્શોને સિદ્ધ કરવા મથતી, રાષ્ટ્રીય આવશ્યકતાઓને આવરી લેતી કેળવણી પોતાનાં બાળકોને—આવતી કાલની પેઢીને આપવા સ્વતંત્ર હોય છે. કેળવણી એ આઝાદી ટકાવી રાખવાનો અને આબાદી, સુખ, શરીરસંપત્તિ, વ્યક્તિગત અને રાષ્ટ્રીય વ્યક્તિત્વ ખીલવવાનો પાયો છે. આઝાદીથી શૌર્ય, પરાક્રમ, ધૈર્ય, કુનેહ, પ્રામાણિકતા, સાહસિકતા, સત્ય, પરમતસહિષ્ણુતા, દીર્ઘદૃષ્ટિ—આ બધા ગુણો ખીલવવા માટે કોઇ રોકટોક હોતી નથી. આત્મવિકાસ, દેશોન્નતિ, રાષ્ટ્રીય પ્રગતિ—આર્થિક, સાંસ્કૃતિક, ધાર્મિક, કેળવણી વિષયક, આરોગ્ય વિષયક, રાજકીય, સામાજિક—આ બધાં ક્ષેત્રોમાં સાધવા માટે આઝાદી આપણને પૂર્ણ તક અને અવકાશ આપે છે.

આપણે આ બધું સિદ્ધ કરી શક્યા છીએ? બાર બાર વર્ષનાં વહાણાં વાયાં. લોકોના મુખ પર સ્મિત છે? લોકોના હૃદયમાં સંતોષ છે? લોકોના દિલમાં આવતી કાલ માટેની નિશ્ચિતતા છે? મોંઘવારીની સતત ચાલુ પરંપરાની ભીંસમાં લોકો ભીંસાઇ તો નથી ગયા ને? તેમને સવારથી સાંજ સુધી કુટુંબના ભરણપોષણ માટે શ્રમની ચક્કીમાં જ પીસાવું પડતું હોય, તો પછી તેઓ સાહિત્ય, ધર્મ, કલા, કવિતા, વિશ્વનું રાજકારણ, જગતનું અર્થકારણ, વિવિધ દેશોનો ઇતિહાસ, કે તેમની વિશિષ્ટતાઓ, આપણા દેશના વિકાસક્રમ સાથે તેમની સરખામણી, વિશ્વબંધુત્વ, વિશ્વરાષ્ટ્રસંઘ અને માનવજાતિની એકતા—આ બધા અગત્યના પ્રાણભૂત પ્રશ્નો સમજવા માટે કયાંથી સમય અને શક્તિ ફાજલ પાડી શકવાના હતા? બાળકો અને યુવાનો ગયા દશકા કરતાં વધારે પૌષ્ટિક ખોરાક મેળવી શકે છે? તેમને સારાં, શુદ્ધ, પોષક દૂધ ઘી અને છાશ-માખણ મળે છે ખરાં કે પછી ગામડાંનું દૂધ પાસેનાં અને દૂરનાં શહેરોની હોટેલો માટે ડેરી દ્વારા અને બીજી રીતે ઘસડાઈ જાય છે? કૃષ્ણે ગોકુળ-વૃન્દાવનનું દૂધ કંસની રાજધાની મથુરામાં ન જાય, તેટલા માટે તો ગોવર્ધન પર્વતની પૂજાપ્રતિષ્ઠા કરી હતી. શ્રીમદ્ ભાગવતના આ પ્રસંગનો મર્મ આપણે એક પ્રજા તરીકે સમજ્યા છીએ ખરા?

આપણાં બાળકો અને યુવાનો પહેલાં કરતાં વધારે તંદુરસ્ત બન્યાં છે ખરાં? દેશના રક્ષણ માટે તેમનામાં વધારે સામર્થ્ય, શક્તિ અને ભાવના આવ્યાં છે! આપણી એ. સી. સી. અને એન. સી. સી. ની પ્રવૃત્તિઓ, નેશનલ ડિસિપ્લીન સ્કીમ (રાષ્ટ્રીય શિસ્ત યોજના), રેકાઉટિંગ, શારીરિક તાલીમ—આ બધાંને પરિણામે આપણે વધારે શિસ્તબદ્ધ, સુસંગઠિત, રાષ્ટ્રપ્રેમી, દેશભક્ત, સત્યનિષ્ઠ, આશાવાદી, ચપળ, સ્ફૂર્તિશાળી બન્યા છીએ ખરા? કે પછી સરકાર શુભ નેમથી લાખો રૂપીઆ ખરચે છે તે એળે જાય છે? એળે જતા હોય તો કેમ—શાથી, એનો આપણે વિચાર કર્યો છે ખરો?

રાજકારણી દૃષ્ટિએ આપણે અત્યારે વિશ્વની મહાન કટોકટીની ક્ષણોમાં જીવી રહ્યા છીએ. અમેરિકન જૂથ અને રશિયન જૂથ—આ બે સત્તાઓ, વિચારસરણીઓ, પરિબળો બીજાં રાષ્ટ્રોને પોતાની અસર તળે લાવવા માટે જબરદસ્ત પ્રયત્ન કરી રહ્યાં છે. તેમાં આપણે એક સત્તાના વધારે ને વધારે દેવાદાર બન્યા જઈએ, તે ઈષ્ટ છે ખરું? આપણી વિદેશી તટસ્થ નીતિ તેથી આખરે જોખમાશે તો નહિ ને? આપણી ભીતર સામ્યવાદે ક્યાં, કેટલો અને કયી રીતનો પ્રવેશ કર્યો છે? તે જોખમકારક છે કે નહિ? આપણે તેમાંથી કયાં કયાં તત્ત્વો અપનાવવાં જોઈએ અને કયાં તત્ત્વો ફગેટી દેવાં જોઈએ? આપણે તેને ભારતીય સંસ્કૃતિને રંગે રંગી શકીએ તેમ છીએ કે નહિ? હા, તો કેવી રીતે? કયાં કયાં કયા કયા ફેરફાર કરીને? આનો આપણે વિચાર કર્યો છે ખરો? પાકિસ્તાન સાથેના આપણા સંબંધો સુધરતા ચાલે છે કે બગડતા? તે નજીકના ભાવિમાં આપણે માટે ભયાવહ તો નહિ બને? ત્યાંની શાસન પદ્ધતિનાં પ્રતિકાર્યો આપણાં પર કેવાં અને કેટલાં થયાં? કટોકટી ઊભી થાય તો આપણે તેને ક્ષણવારમાં સજ્જ થઈ પહોંચી વળી શકીશું ખરાં ને? વારંવાર તેનાં આક્રમણથી સરહદ પરના આપણા દેશબાંધવોનું નૈતિક બળ તૂટી પડે અથવા શિથિલ બની જાય, તે આપણી જાણ બહાર તો નથી ને! આપણા સૈન્યનું નૈતિક બળ તો અક્ષત અને બરાબર—મજબૂત છે ને? આપણી શસ્ત્રસામગ્રી અદ્યતન છે ને? અણુયુગમાં તે પાછી પડી ગયેલી ગણાય તેવું તો નથી ને?

આપણે ધર્મકારણને જે પ્રકારે નવીન સંસ્કરણ આપવા માગીએ છીએ, તેમાં તે વિષયના નિષ્ણાતોનો અભિપ્રાય લીધો છે ખરો ને? ધાર્મિક શ્રદ્ધા મનુષ્યને જીવનમાં અપૂર્વ બળ, નીતિમયતા અને પરોપકારબુદ્ધિ અર્પે છે. તે શ્રદ્ધાને અને શ્રદ્ધાનાં કેન્દ્રોને—વ્યક્તિઓને તેમ જ સંસ્થાઓને છિન્નભિન્ન કરીએ ત્યાર પહેલાં આપણે તેનું સ્થાન લે તેવું કોઈ શ્રદ્ધાબિન્દુ ઊભું કર્યું છે! વિલાસી, પતિત ધર્માચાર્યોને અલબત્ત દૂર કરવા જોઈએ. અનીતિના અખાડા બની ગયેલાં મંદિરો કે ધર્મસ્થાનોની અલબત્ત સફાઈ કરવી જોઈએ પ્રજાનો પૈસો પ્રજાના હિતમાં જ વપરાવો જોઈએ, તેમાં બેમત છે જ નહિ. પણ આપણે ધર્મના પ્રવચનકારોને, સાધુસમાજના સભ્યોને આપણી વિચારસરણીના ભાડૂતી પ્રચારકો જ માત્ર નથી બનાવવા માગતા ને? તેમની સ્વતંત્રતા કંઈક તો રાખવી છે ને? પ્રાચીન શાસ્ત્રો, વેદ, ઉપનિષદ, ભાગવત, ગીતા વગેરે મહામૂલ્ય સંસ્કૃતિગ્રંથો પર પ્રવચન કરી પ્રજામાં ધાર્મિક, તાત્ત્વિક, સાંસ્કારિક વિચારસરણી રજૂ કરી, જે પ્રૌઢ-શિક્ષણ આપવામાં આવતું, તેણે ભૂતકાળમાં ઘણી સેવાઓ આપી છે, ઘણું કામ આપ્યું છે. તેને આપણે ભૂંસી નાંખવા તો નથી માગતા ને? વૃદ્ધો, વિધવાઓ, સવાર સાંજ મંદિરમાં, કથામાં બેસી ઘડપણમાં નિરાંત,

આરામ, કંઈક મનના સ્વાસ્થ્યને સાચવે તેવો વ્યાપાર મેળવતાં, તે અલભ્ય બનાવીને, જો આપણે વૃદ્ધાશ્રમો રાજ્ય તરફથી નહિ કાઢીએ, તો જુવાનોના ગૃહસ્થાશ્રમમાં ટકટક અને દખલગીરી વધશે, વડીલો તરફ અમાન્યા ઘટશે, અને વૃદ્ધોનાં દુઃખ અને નીસાસા અનંતગણા વધી જશે. આ સંભાવના આપણી નજર બહાર તો નથી રહીને?

આપણી શાળાઓ, કોલેજો, વિશ્વવિદ્યાલયો બરાબર ચાલે છે? તેમાંથી નીકળતા ડાક્તરો, ઇજનેરો, વૈજ્ઞાનિકો, ભાષાવિદો, વેપારના સ્નાતકો, ઇતર સ્નાતકો—આ બધાની જ્ઞાનની કક્ષા સંતોષકારક છે? નથી, તો કેમ નથી? કોલેજોમાં આટલી બધી હડતાલો કેમ, ગેરશિસ્ત કેમ? ગુરુ શિષ્ય વચ્ચે આ દશકામાં પ્રેમસંબંધ વધ્યો છે કે ઘટ્યો છે: ઘટ્યો છે તો કેમ ઘટ્યો છે? આપણે જીવનનાં મૂલ્યોને માત્ર અર્થપ્રધાન દૃષ્ટિથી જોતા થયા છીએ, તેથી તો આમ નથી બન્યું ને? આપણા જીવનમાં ધર્મપ્રધાન, સંસ્કારપ્રધાન દૃષ્ટિની જરૂર ખરી કે નહિ? તેવી દૃષ્ટિ સ્ત્રી પુરુષના—પતિ પત્નીના સંબંધમાં, શાસકો અને શાસ્ય વચ્ચેના સંબંધમાં, નાગરિક—નાગરિક વચ્ચેના સંબંધમાં, નોકર શેઠ વચ્ચેના સંબંધમાં જરૂરી ખરી કે નહિ? સંસ્કારપ્રધાન અને ધર્મપ્રધાન દૃષ્ટિ ન્યૂન થવાથી તો આપણે વધારે દુઃખી, જડ, અસભ્ય, અસંસ્કારી અને અરસિક તો નથી બન્યા ને? આપણે હડે પેટે આ બધાંનો વિચાર ન કરવો જોઈએ? આપણાં ચલચિત્રો કેવા પ્રકારનાં નીકળે છે? આપણાં પાઠ્યપુસ્તકોમાં હજી સુધારણાને અવકાશ છે? આપણે ઉત્તેજનાર્થે ઇનામો આપીએ છીએ, તેમાં વધારે ચકાસણી, નિષ્પક્ષતા અને સર્વાંગીણ દૃષ્ટિની જરૂર છે ખરી! આત્મનિરીક્ષણ વિના આત્મસુધારણા સંભવતી નથી, માટે તો અમે આટલા બધા પ્રશ્નોની હારમાળા વાચકો સમક્ષ મૂકી છે.

અંગ્રેજી ભાષા સમૃદ્ધ છે, શક્તિશાળી છે, સ્ફૂર્તિમય છે, જ્ઞાનના વૈવિધ્યવાળી છે—આ બધું ખરું. પણ એટલા માટે સામાન્ય નાગરિકો થવા સરજાયેલા બધા જ વિદ્યાર્થીઓ પર તે લાદવાની શી જરૂર છે? તેમાં રહેલું ડાક્તરી, ઇજનેરી, વૈજ્ઞાનિક, વ્યાપારી જ્ઞાન આપણે માતૃભાષા દ્વારા ન પીરસી શકીએ? આપણે આપણી ભાષાને તેટલી વિચારક્ષમ ન બનાવી શકીએ, તેટલી ન ખેડી શકીએ? અને વિકસાવી શકીએ, કૉલેજના અધ્યાપકોના મોહને લઈને અથવા માતૃભાષા પરના ઓછા પ્રભુત્વને લઇને વિદ્યાર્થીઓને દંડવા, તે કયાંનો ન્યાય? અંગ્રેજીને ચીટકી રહેવા કરતાં અધ્યાપકોની એક નવીન, માતૃભાષાપ્રવીણ પેઢી તૈયાર કરવાનો અને નવીન સર્વદેશીય સર્વશાસ્ત્રોના આકરમાંથી માતૃભાષામાં રચાય, તેની તજવીજ કરો ને! ઊલટી નીતિ અખત્યાર કરી ઘોડા આગળ ગાડી શા માટે જોડો છો? જો મહત્ત્વ જ આપવું હોય, તો સંસ્કૃત ભાષાને આપો ને! તે આપણી સંસ્કૃતિની ભાષા છે, અનેક જ્ઞાનશાખાઓના ખેડાણથી સમૃદ્ધ બનેલી ભાષા છે. તેમાં અનેક ગ્રંથરત્નો છે. ભારતીય સંસ્કૃતિનો આત્મા તે ભાષાના જ્ઞાન સિવાય પૂરેપૂરો નહિ સમજાય, તો તેનો વધારે પ્રચાર કરોને, તેના વિદ્વાનોને પ્રોત્સાહન આપોને, તેમાંના ગ્રન્થરત્નોને—વિચારકણિકાઓને પ્રાન્તભાષાઓમાં ઉતારોને. ઊલટી ગંગા શા માટે વહેવરાવો છો?

પ્રાથમિક શાળાઓમાં—બાળમંદિરોમાં જીવનનો પાયો નંખાય છે. તે બરાબર ચાલે છે? તેમાં બાળકોને બરાબર ભણાવવામાં આવે છે ને? ત્યાં આળસ, સમયશક્તિનો બગાડ,

ખોટી ખટપટો અને ઢાંકપિછોડો તો નથી ઘૂસી ગયાં ને? બાળમંદિરોમાં માત્ર બાહ્ય સાધનોનો ઢેરો જ પ્રદર્શન માટે રાખવામાં આવે છે કે બાળકોની બાહ્ય તથા આંતર ઇન્દ્રિયોનો વિકાસ થાય તેનો આગ્રહ રાખવામાં આવે છે? ખાનગી બાલમંદિરો આ રાચરચીલાં, સાધનસામગ્રી અને નાસ્તા–પર્યટન પર જ વધારે ઝોક મૂકી બાળકોને આકર્ષે છે કે સાચી બાળકેળવણીનું વિતરણ કરે છે? તો પછી આ બાળકો ઓછી બુદ્ધિવાળા, ઓછા શિસ્તવાળા, ગુનાહિત વૃત્તિઓના વધતા જતા પ્રમાણવાળા, અલ્પ વિકસિત, અટકી ગયેલા વિકાસવાળા કેમ વધતી સંખ્યામાં જોવામાં આવે છે? આપણા શિક્ષકો, નાગરિકો, વેપારીઓ, અમલદારો, દેશસેવકો સાચા દિલથી પોતાની ફરજ બજાવે છે ખરા? જીવનમાં તે પોતાના કામને પવિત્ર ફરજ સમજી કરે છે કે માત્ર ઢસરડા રૂપે? આપણામાં આ મોંઘવારીને કારણે, કુટુંબનું પોષણ સરળતાથી નહિ ચાલતું હોવાને કારણે, જરૂરિયાતો અને વ્યસનો વધી જવાને કારણે, સમાજની ખર્ચાળ રૂઢિઓનું દાસત્વ કાયમ રહેવાને કે વધારે માત્રામાં વધી જવાને કારણે, આપણામાં લાંચ, રૂશ્વત, અપ્રામાણિક ઉપાર્જન કરવાની વૃત્તિ છે. છેતરપિંડી કરી પૈસા પેદા કરવાની ભાવના વધતાં જતાં તો નથી ને? આ મોંઘવારી કેમ દબાતી નથી? ખેડૂતો મન મૂકીને કેમ વધારે અનાજ ઉત્પન્ન કરતા નથી? બધા નોકરો અને અમલદારો કેમ શિથિલ બન્યા છે? કેમ કામનો નિકાલ જલદી આવતો નથી? આપણામાં રાષ્ટ્રપ્રેમ જરા જેટલો પણ રહ્યો છે કે સદંતર મરી પરવાર્યો છે? મોટી મોટી વાતોથી કંઈ નથી વળવાનું, નાનામાં નાનો નાગરિક પોતાની ફરજ બરાબર ન્યાયપૂર્વક, પ્રામાણિકતાથી બજાવે, તે પંતપ્રધાન કરતાં વધારે અથવા તેના જેટલી જ દેશસેવા કરે છે, આ સત્ય આપણે ક્યારે સમજીશું?

Honour and shame
From no condition rise,
Act well your part,
And there all the honour lies.

સાચી આબરૂ પદમાં નથી, પણ જે પદ પર હોઇએ ત્યાં સાચી, પ્રામાણિક, સંપૂર્ણ દિલથી અને શક્તિથી કાર્ય બજાવવામાં રહેલી છે.

આ પ્રશ્નો આઝાદીનાં આ બાર વર્ષ પછી આપણે સૌ—સરકાર અને પ્રજાજન, ખૂબ ચીવટથી, ઝીણવટથી વિચારે અને ભારતને ભાવિમાં જગદ્ગુરુ બનવા માટે, વિશ્વશાન્તિની સ્થાપના માટે આગેવાનીભર્યો ભાગ લેવા માટે સમર્થ બનાવવા પોતાનાથી બનતું બધું કરી છૂટવા દરેક જણ પ્રતિજ્ઞા લે, પોતાના ઇષ્ટદેવ આગળ પ્રતિજ્ઞા લે, અને તે પ્રમાણે વર્તે તેવી શુભેચ્છાપૂર્વક મારું આ હૃદય–રુદન સમાપ્ત કરું છું.

卐

ગાંધીજી આને માટે લડયા હતા ?

ચૂનીલાલ પુ. બારોટ

સ્વરાજ્યને બાર વર્ષ પૂરાં થયાં. સ્વરાજ્યનો સ્વાદ કેવો લાગે છે એ વિચારી જોવા જેવું છે. સ્વરાજ્યનું આપણું સ્વપ્નું આવું હતું ? ગાંધીજી આવા સ્વરાજ્ય માટે લડયા હતા ? આપણે કયાં જઈ રહ્યા છીએ ? એવા પ્રશ્ન ઘણાને થતા હશે.

ગાંધીજી આવા સ્વરાજ્ય માટે લડયા નહોતા એ તો ઉઘાડું છે. પુત્રનાં લક્ષણ પારણામાંથી અને વહુનાં બારણાંમાંથી એ કહેવત પ્રમાણે સ્વરાજ્ય મળતાં જે કોમી હુલ્લડો થયાં એથી ગાંધીજી ચોંકી ગયા હતા. એમણે રાજ્યનો કોઈ હોદ્દો સ્વીકારવાની ના પાડી હતી, અને કોમી એકતા સ્થાપવા કોમવાદીઓ સામે અહિંસક જંગમાં ઊતરી શહીદની મરણશૈયા પસંદ કરી લીધી હતી. એમણે પોતે જ કહેલું કે આવા સ્વરાજ્ય માટે હું લડયો નથી. ગાંધીજીની શહીદી પછી અત્યારે શું કોમી એકતા સ્થપાઈ છે ?

આ પહેલો પ્રશ્ન વિચારતાં એમ કહી શકાય કે ભારતમાં કોમી શાંતિ છે, કોમી રમખાણો બંધ થયાં છે. પણ કોમી એકતાનું શું ? સાચી હૃદયની એકતા સ્થપાઈ છે ? દરેક કોમને શું એમ લાગે છે ખરું કે અમે પ્રથમ ભારતીય છીએ ? દરેક કોમને એમ લાગે છે ખરું કે ભારતમાં અમારે વિષે કોમી દૃષ્ટિએ કોઇ ભેદભાવ નથી ? બંધારણમાં લઘુમતીઓની સમાનતા, સ્વતંત્રતા અને બંધુતા વિષે જે ખાતરીઓ અપાઇ છે એ પરિપૂર્ણ છે, વા પરિપૂર્ણપણે પળાય છે એવું લઘુમતીઓને લાગે છે ?

આ બાબતમાં એમ જરૂર કહી શકાય કે કોન્ગ્રેસ સરકારને મન કોઇ કોમી ભેદભાવ નથી. પરંતુ એના દરેક અંગના મનમાં, દરેક અમલદારના મનમાં, ભારતના દરેક પક્ષના મનમાં, ભારતની દરેક વ્યક્તિના મનમાં એવું છે એમ કહી શકાય એવી પરિસ્થિતિ હજી સર્જવાની છે. મુસ્લિમ લીગ, હિંદુ મહાસભા, અકાલી દલ, જનસંઘ, અનુસૂચિત વર્ગોનું મહામંડળ એવા એવા પક્ષો હજી રાજકારણમાં ખડે પગે ઊભા જ છે, અને કોમી દૃષ્ટિની ખેંચાખેંચી કર્યા જ કરે છે. એમાના કેટલાક રાજકીય કારણોસર જુદા જુદા સમયે જુદા જુદા સ્વાંગ સજે છે અને જુદી જુદી રૂપાળી રૂપાળી વાતો પણ કરતા દેખાય છે અને કેટલીક વાર બીજા બિનકોમી પ્રતિષ્ઠાવાળા જૂથોમાં પણ પેસી જાય છે. એકંદરે કોમી એકતા હજી થાળે પડી વા કોઠે પડી ગણાય એમ નથી. પરિસ્થિતિ હજી સ્ફોટક જ છે. તક મળ્યે કોમવાદીઓ પોતાનું સાચું સ્વરૂપ દેખાડવા ટાંપી જ રહ્યા છે. કોન્ગ્રેસ સરકારને કડક નજર રાખવી જ પડે એમ છે.

હિંદુઓ ગોવધનો પ્રતિબંધ માગે છે, અકાલીઓ પંજાબી સૂબો માગે છે, ઝીણા સાહેબે અમને પંજાબી સૂબો અને શીખ સ્વરાજ્ય આપવાની દરખાસ્ત કરેલી પણ અમે અવિશ્વાસને કારણે વા ભારતપ્રેમને કારણે એનો અસ્વીકાર કરેલો એ ઉપકારવૃત્તિ એમના મનમાં તો છે જ. પંજાબમાં તો અમારું રાજ્ય હોવું જોઇએ એ માસ્તર તારસિંહ ભૂલ્યા નથી. મુસ્લિમ લીગ દક્ષિણમાં પોતાનું વડું કેન્દ્ર રાખી ધારાસભામાં પ્રવેશ પામી શકે છે, અને વિસ્તાર શોધે છે. હિંદુ મહાસભા વગેરે કોમી પક્ષોના ઉમેદવારો તો ચૂંટાય છે એ સૌ જાણે છે. આ બધું હૃદયની કોમી એકતા સ્થપાઇ નથી એ જ બતાવે છે. ભારતમાં ધર્મ, ન્યાત, જાત

વગેરેના એટલા બધા ફિરકાઓ છે કે स्वे स्वे कर्माणि निरत: ની મર્યાદા કોઠે પડી ન જાય, રાજકારણમાં કોમની કોઈ વાત નહિ એવું જીવનસૂત્ર ન બની જાય ત્યાં સુધી ભારતીય રાષ્ટ્રવાદ જીવી શકે એમ નથી.

હિંદુઓ ગૌમાતાનું દૂધ, દહીં, માખણ વગેરે હજી નથી ખાતા થયા. ગોપૂજા, અને ગોભક્તિની જપમાળા છે ખરી, પણ જીવનમાં ભક્તિ તો ભેંસના દૂધદહીંની જ છે. શહેરોમાં ભેંસનાં દૂધનાં નહિ, પણ ગાયના દૂધનાં જ પાટિયાં ઠેર ઠેર ટંગાયેલાં જોવાય છે. પણ વેચાય છે ત્યાં ભેંસનાં જ દૂધ દહીં! ફરક એટલો જ છે કે પહેલાં કરતાં સપરેટની અને દવા વગેરે બનાવટોની ભેળસેળ વધી છે અને ભેળસેળિયાઓ સ્થાનિક સરકારોને ચેલેન્જ આપે છે કે તમારી દેન નથી કે અમને પકડી શકો! ઉઘાડું છુ કે આવા સ્વરાજ્ય માટે ગાંધીજી નહોતા લડયા.

ભેળસેળની વાત પરથી આપણે સ્વરાજ્યની આર્થિક બાજુ પર આવીએ. મોંઘવારી વધતી જાય છે એ કહેવાની જરૂર પડે એમ નથી. એ દીવા જેવી સ્પષ્ટ વાત છે. મોટી મોટી યોજનાઓ થઈ છે, થાય છે અને હજી થવાની પણ છે. એને માટે ચારે બાજુથી કરવેરા વધેલા છે, વધે છે અને હજી વધ્યે જવાના છે એવું જ દેખાય છે. રાષ્ટ્રીય દેવું પણ વધ્યું છે ને વધ્યે જ જવાનું છે. જૂનું અર્થતંત્ર ખોરવાઈ ગયું છે, નવું અર્થતંત્ર અમલમાં આવતું જાય છે. પણ અત્યારે તો વ્યક્તિને ભોગે સમાજની અર્થાત્ સમાજને નામે સરકારની સત્તા જ વધતી જાય છે અને હજી વધ્યે જવાની છે. ગાંધીજી આને માટે લડયા હતા એમ માનવું મુશ્કેલ છે.

રાજા, મહારાજા, દરબારો, ગરાસદારો, ઈનામદારો લગભગ નામશેષ થયા છે. હવે ધાડ આવતી જાય છે પૂંજી પર અને પૂંજીપતિઓ પર! 'સમાજવાદી ઢબ'ની રચના થશે કે 'સામ્યવાદી ઢબ'ની એ જ પ્રશ્ન છે. લોકોના મોટા ભાગને પોતાની વાત હોય છે ત્યારે વ્યક્તિ-સ્વાતંત્ર્ય ગમે છે પણ પારકે ભાણે મોટો લાડુ દેખાય છે અને પારકું પડાવી લેવાથી અને કાયદાથી પણ વહેંચી ખાવાનું મળવાથી વધારે મળવાનો સંભવ છે એમ દેખાય છે. સમાજવાદીઓ માને છે કે અમે ફાવતા જઈએ છીએ, સામ્યવાદીઓ માને છે કે અમે ફાવતા જઈએ છીએ! પણ એટલી વાત ચોક્કસ છે કે સમાજવાદીઓને પણ સામ્યવાદના સતત ભયને આગળ કરીને પોતાની વાત ગળે ઉતારવાનું મન થાય છે! વસ્તુત. એ જ કેમ જાણે પોતાના વાદની યોગ્યતા પુરવાર કરનારી મોટામાં મોટી દલીલ દેખાય છે! આ રોગ એટલી હદે વ્યાપતો જાય છે કે કેટલીક વાર સર્વોદયવાદીઓ પણ એ દલીલ આગળ કરતા દેખાય છે!

સો વાતની એક વાત કરીએ તો આપણું જીવન કોઈ ને કોઈ આર્થિક–સામાજિક વાદને ચાળે ચડ્યું છે; 'સુતર આવે એમ તું રહે, ને જેમ તેમ કરીને હરિને લહે' એ વાત ભુલાઇ ગઇ છે. અથવા તો એવી વાત કરનારને મત મળતા નથી. મત આપવાની સત્તા હવે પ્રૌઢ માત્રને મળી છે અને એમાંનો મોટો ભાગ જ્ઞાનહીન અને ધનહીન છે એટલે ધર્મ, ન્યાય ઈત્યાદિના ખ્યાલો હવે પુરાણા ગણાય છે અને લાભ કયા અર્થવાદથી વિશેષ છે એ જ આગળ કરવાથી જે ઉશ્કેરણી ઊભી થાય એનો જ લાભ લેવો એ રાજકીય પક્ષોનો જીવનક્રમ છે.

સમાજવાદી ઢબની વાતો કરનારા રાજ્ય કરે છે, ને વ્યક્તિસ્વાતંત્ર્યની વાતો કરનારા રડે છે એ સાચું છે. પણ સામ્યવાદીઓનું વર્ચસ ભારતના એક રાજ્યમાં તો સ્થપાઇ પણ ચૂક્યું છે. ને ભાષાવાર રાજ્યોને નામે ભાષાવાદી અભિમાન વગેરેને બહેકાવીને મુંબઈ પંજાબ

વગેરે રાજ્યના ભાગલા પાડી પડાવીને સામ્યવાદી રાજ્ય બીજે કર્યાં ય પણ જમાવી દેવાના પેંતરા પણ મંડાયેલા છે. જેમનું અસ્તિત્વ જ એક વખતે ગેરકાયદે હતું એઓ છડેચોક હવે ભારતના રાજ્યકર્તાઓને ધમકી આપી શકે છે, ભારતના રાજ્યકારણમાં ભારત સરકાર સામે ચીન જેવી પરદેશી સરકારનો પક્ષ કરી શકે છે અને જેને તેને ધમકાવે છે ને કહે છે કે 'જીવો ને જીવવા દો, સહઅસ્તિત્વનો સ્વીકાર કરીને અમને આગળ વધવા દો. નહિ તો અમે બીજા પ્રાંતોમાં ને કેન્દ્રોમાં જ્યાં તમે શાંતિથી રાજ્ય કરો છો ત્યાં પણ તમારી રેવડી બોલાવીશું !' પવન કઈ દિશામાં વાય છે અને 'બ્લિટ્ઝ'—વંટોળિયાનું જોર કઈ બાજુ ધસી રહ્યું છે એનો આ પુરાવો છે.

જરા પાછા જઈએ. આપણું રાજકીય સ્વરાજ્ય અને એને માટેનું જોમ સ્થગિત થતું જણાય છે. પાંડીચેરી, ચંદ્રનગર વગેરે ફ્રેન્ચ સંસ્થાનો હકીકતમાં—'ડિ ફૅક્ટો' રીતે—આપણને અપાયાં છે ખરાં; પણ એના પર કાયદાની—'ડિ જ્યૂરે'ની—મહોર મારવાની ફાંસની વાત વાયદે ચડી છે વા ઇરાદાપૂર્વક ટાળવામાં આવે છે ! દીવ, દમણ અને ગોવાનાં ભારતની ભૂમિ પરનાં પોર્ટુગીઝ કાળાં ધાબાં સાફ કરવાની વાત પણ હવે ટાઢી પડી ગઈ છે. સત્યાગ્રહનું એક માત્ર ગાંધીશસ્ત્ર પણ આપણે હવે અંદરઅંદર જ, એક બીજા પક્ષ કે વહીવટ સામે જ વાપરવા માંડયું છે ! ચીન માટે ફૉર્મોસા જેટલું દૂર છે એટલું જ આપણે માટે ગોવા દૂર થઈ ગયું છે. એટલું જ નહિ ઊલટો ચોર કોટવાળને દંડે એમ પોર્ટુગાલ એનો જે રાજ્યપ્રદેશ આપણા પ્રદેશની અંદર ઘેરાયેલો છે અને જેમાં એમનું ભરી પરવારેલું રાજ્ય એમને લશ્કરી બળથી ફરી સ્થાપવું છે, ત્યાં એને પ્રવેશ મળે એ માટે એ આપણી સામે આંતરરાષ્ટ્રીય કોર્ટમાં ગયું છે !

ગામડાં હજી ભાગતાં જ જાય છે, અને નવાં શહેરો સ્થપાતાં જાય છે અને જૂનાં શહેરોના વિસ્તારો વધતા જ જાય છે ! આપણા દેશમાં સત્તાનું કેન્દ્રીકરણ છે અને સંસ્કૃતિનું પણ શહેરોમાં જ કેન્દ્રીકરણ છે. નાગર (શહેરી) એટલે કેળવાયેલો ને સંસ્કારી અને ગામડિયો એટલે રાંચો એ જૂની પરિસ્થિતિમાં ફરક પડયો હોય તો તે એટલો જ કે નાગર—શહેરી જ ખરા નાગર અર્થાત્ સંસ્કારી છે એવી ભાવના વધી છે. ગામડાં ને ગ્રામલોકો બીચારાં શહેરોની નકલ કરવા જ સવિશેષ પ્રયત્ન કરતાં જણાય છે. ગટર વિનાના નળ જ્યાં નહોતા ત્યાં થયા છે ને થાય છે અને બારે માસ જ્યાં મેલેરિયા નહોતો ત્યાં મેલેરિયા થતો રોકવા 'ડી. ડી. ટી. કૅમ્પેઇન'ની પ્રાર્થના કરાય છે ! ગાંધીજી આવા સ્વરાજ્ય માટે નહોતા લડયા એ ઉઘાડું છે.

સ્વાવલંબન જતું રહ્યું છે, અંગ્રેજોની સરકાર 'માબાપ' હતી એના કરતાં અનેક ઘણા અર્થોમાં આપણી સરકાર 'માબાપ' થતી જાય છે. કુટુંબોમાં કુટુંબભાવના મરતી જાય છે, સગાં માબાપ એ 'માબાપ' મટતાં જાય છે ને સરકાર એ જ ખરી 'માબાપ' ! 'હે સરકાર ! તું આમ કર ને આમ કર, તું જ અમારું ભલું કરી શકીશ, અમારાથી અમારું કશું નહિ થાય, તું જ પૃથ્વી પરનો ઈશ્વરનો અવતાર છે' એવી ભાવના વધતી જાય છે. ગાંધીજી આવા સ્વરાજ્ય માટે નહોતા લડયા એમાં કંઈ શંકા છે ?

કેળવણી પણ શહેરની જ, કેળવણીનું વાહન પણ અંગ્રેજી જ, કેળવાયેલાઓના પોષાક પણ અંગ્રેજ અમલદારોના જેવા જ. કેળવાયેલા સેવક થવા નહિ પણ અમલદાર થવા, ખુરસીમાં

બેસવા, કપડાંની ઇસ્ત્રીની ગેડ ન ભાંગે એ સંભાળીને હુકમો કરવા જ કેળવાય છે! વધ્યું હોય તો આ દિશામાં હવે એટલું જ કે કૉલેજની કન્યાઓમાં અંગ્રેજી પોષાક વધુ ને વધુ પ્રચલિત થતો જાય છે. ને ભાયડાઓમાં બેકારી વધતી જાય છે! ગાંધીજી આને માટે નહોતા લડ્યા એમાં કોઈને શંકા છે?

સરકાર સમાજવાદી ઢબની પ્રતિજ્ઞા કરીને બેઠેલી છે પણ એની રેલવે 'સર્વિસ'માં બાર વર્ષ થયાં હજી સામાજિક ન્યાય નથી ઊતર્યો! હજી એમાં લૂંટ જ ચાલે છે, ગાંધીજીના પ્રિય એવા ત્રીજા વર્ગના મુસાફરોની હાડમારી વધી ગયેલી તે હજી વધેલી જ છે. ત્રીજા વર્ગમાં પેટા વર્ગો વધ્યા છે—જેવા કે ભોંય પર બેસનારા, ભોંય પરના ઊભનારા, પાટિયે લટકનારા, અભરાઇ પર મુસાફરી કરનારા ને ક્યારેક છાપરા પર પણ બેસનારા! સરકારી ન્યાય એવો છે કે આ બધા વર્ગોની ટિકિટનો ચાર્જ એકસરખા થર્ડ ક્લાસનો! રેલવે જો કોઇ ખાનગી પેઢીની હોત તો તરત એના પર નફાખોરીની ગાળોનો પથ્થરમારો થાત અને રાષ્ટ્રીયકરણ કરવાની ધમકી અપાત. પણ રાષ્ટ્રીયકરણ જેનું થઈ ચૂકેલું ત્યાં આવી નિષ્ઠુર નફાખોરી ને ચૂસણનીતિ ચાલે છે એ કોઈ જોતું નથી. સ્પષ્ટ છે કે હજી આપણા લોકો કલાપીની 'વહાલી બાબાં' જેવા 'સહન કરવું એ જ છે એક લહાણું' માનનારા છે.

આવું આવું કહી લેખનું લંબાણ જેટલું વધારવું હોય એટલું વધારી શકાય છે. પણ આઝાદીના અંકમાં એ માનસિક રીતે જ વધારી લેવાની વાચકોને આઝાદી હોવી જોઇએ.

●

સુવ્યવસ્થાનો પાયો

મુકુલભાઇ કલાર્થી

ચીન દેશના મહાન ફિલસૂફ મૅન્શિયસ પાસે એક વાર લીએન્ગ પ્રદેશનો રાજા શીએન્ગ આવીને નમન કરીને પૂછવા લાગ્યો : "ગુરુવર્ય, મારું રાજ્ય સુવ્યવસ્થિત શી રીતે થઇ શકે? એ વિષે કૃપા કરી આપ યોગ્ય દોરવણી આપો."

મૅન્શિયસ બોલ્યા : "પ્રજા તેમ જ રાજ્યવ્યવસ્થાપકો વચ્ચે એકતા સ્થપાય, તો બધે સુવ્યવસ્થા જાળવી શકાય."

"પરંતુ આવી એકતા કોણ સ્થાપી શકે?"

"જેઓ માનવીનો સંહાર ન થાય એમ ઇચ્છતા હોય તેઓ જ એકતા સ્થાપી શકે."

"પરંતુ ગુરુવર્ય, આવું સુવ્યવસ્થિત રાજ્યતંત્ર મારા હાથમાં કોઇ સોંપી શકે ખરું?"

મૅન્શિયસ બોલ્યા : "કાં નહિ? જો તમે પ્રજા સાથે સહકારથી કામ લો તો પ્રજા જ તમને આવા તંત્રની વ્યવસ્થા સોંપવા તૈયાર થઇ જાય. પછી બીજા વિરોધી વિચારવાળાઓનું કશું ચાલે જ નહિ.

"તમને ધાન્ય કેમ ઊગે છે એની જાણ તો હશે જ. જ્યારે ઉનાળાનો સખત તાપ પડતો હોય છે, ત્યારે ખેતરો રણ જેવાં ઉજ્જડ બની જાય છે. પરંતુ વર્ષાના આગમનથી બધે ધાન્ય ઊગી નીકળે છે. પછી તેનો વિકાસ રોકવા કોઇ સમર્થ બની શકે છે ખરું?

"ધારો કે, તમારા રાજ્યના અમુક થરના બધા જ માણસો માનવીઓને મારવામાં આનંદ લેતા હોય; પરંતુ તેઓમાંનો એક માણસ આવી બાબતમાં રસ ન લેતો હોય, તો રાજ્યના બીજા બધા માણસો તેને માન આપશે અને તેની પડખે ઊભા રહેશે.

"આમ, જો કોઇ રાજ્યાધિકારી માણસોના જીવને બચાવવા તનતોડ પ્રયત્ન કરતો હોય, તો જેમ પાણી ઢળાણવાળી જમીન તરફ ધસે છે તેમ, લોકો પણ એવા પરગજુ અને પ્રેમાળ રાજ્યાધિકારી તરફ ખેંચાયા વિના રહેતા નથી. અને આ ખેંચાણને રોકવા બીજું કોઇ સમર્થ થઇ શકતું નથી."

શીએન્ગ એ સાંભળી બોલ્યો : "ગુરુવર્ય, પરંતુ એવી એકતાપૂર્ણ વ્યવસ્થા સ્થાપવા ખાતર કયા કયા સદ્ગુણોની જરૂર રહે છે?"

મૅન્શિયસ બોલ્યા : 'પ્રેમ અને લોકોનું સંરક્ષણ કરવાની વૃત્તિ. આ બે શક્તિ રાજ્યાધિકારીમાં હોય, તો આવી સુવ્યવસ્થા સ્થાપવામાં કશી બાધા આવે એમ નથી."

★

પાડોશી સાથે વાતચીત—ચર્ચા

પ્રશ્ન : ગાંધીજી અને સરદારના ગયા પછી ગુજરાતની પરિસ્થિતિ કેમ કથળી ગઈ છે? ગાંધીજી અને સરદારે ૩૦-૪૦ વર્ષના ગાળા દરમ્યાન જે પાઠો શીખવ્યા તે પૂરતા નથી?

ઉત્તર : ગાંધીજી અને સરદારના વર્ચસ્ દરમ્યાન ગુજરાતને અને દેશને અનેક લાભો થયા છે; છતાં ગુજરાતને એક મોટો ગેરલાભ પણ થયો છે. અને તે એ કે પોતપોતાની રીતે વિચાર કરી તેનો સ્વતંત્ર રીતે પ્રચાર કરી તેમાંથી સમાન વિચારવાળાં નાનાં મોટાં જૂથો—હું 'પક્ષો' શબ્દ નહિ વાપરું—ઊભાં થઈ શક્યાં નહિ, અને જે કોઈ આ દિશામાં વિચાર કે પ્રયત્ન કરતા તેમને તેમની નબળાઈને કારણે કે અવ્યક્ત દબાણોને કારણે પ્રોત્સાહન મળવાનું કે ટકી રહેવાનું શક્ય બનતું ન હતું. અને તેથી હિંદુસ્તાનના બીજા પ્રાંતોમાં જે અનેક પ્રકારના રાજકીય જૂથો, જેમકે આપણા પાડોશના મહારાષ્ટ્રમાં, હયાતિમાં આવી શક્યા તેમ, ગુજરાતમાં ન બન્યું. ગુજરાતમાં તો કોઈ પણ રાજકીય, સામાજિક કે સંસ્કાર વિષયક પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે, છેવટે તો એમ જ પૂછાય કે આમાં બાપુજી શું કહે છે, અથવા તો સરદાર શું કહે છે? આવા એક પચીસીના ('૨૧ થી '૪૬ સુધીના) વિચારને નિર્બળ બનાવતા સબળ વાતાવરણમાં જીવ્યા પછી, ગુજરાતમાં સ્વતંત્ર વિચાર કરવાની અને તે પ્રમાણે જૂથો રચવાની જાણે કે ટેવ જ જતી રહી છે! ગાંધીજી અને સરદાર જેવા સમર્થ પુરુષો લોકોની નાડ પારખી, લોકોનું હિત ઘડી આપવામાં સમર્થ હતા, એટલે આ પ્રશ્ન ગુજરાતને બહુ કડતો નહતો; જો કે અનેક વિચારકોને આ પરિસ્થિતિ ગુજરાતના જીવનપ્રાણ માટે બહુ વિઘાતક લાગતી આવી છે. પણ અત્યારે જ્યારે એ ચારિત્ર્યવાળા અને બુદ્ધિસામર્થ્યવાળા નાયકોનો લગભગ અભાવ જ થઈ ગયો છે ત્યારે આ સ્વતંત્ર વિચાર ન કરવાની આદત બહુ સાલે એવી થઈ પડી છે. ફલાણા શું કહે છે એ પૂછવાની ટેવ આ (અમદાવાદ) નગરતંત્રના વહીવટથી માંડીને બધી નાની મોટી બાબતો સુધી વિસ્તરી ગઇ છે. અને તેથી કોઈ એક દેવ પૂજવા જોઈએ, પછી એ સોનાના હોય કે ગારાના હોય, અથવા તો સોનાના દેવ ગારાના થઇ ગયા હોય તો પણ, કોક પૂજાસ્થાને જોઈએ એવી મૂર્તિપૂજકોની સંસ્કૃતિ હિંદના બીજા પ્રાંતો કરતાં ગુજરાતમાં સૌથી વિશેષ છે. એથી જ ગુજરાત અન્ય પ્રાંતો કરતાં કંઈક વધારે વેવલું ગણાય છે. ગુજરાતના સમાજમાં પેસી ગયેલી આ જડતાએ અને વિચારમંદતાએ ગાંધીજીના અને સરદારના સમર્થ વારસા પ્રમાણે જીવન-વ્યવહાર કરવામાં પણ ગુજરાતને અસમર્થ બનાવી દીધું છે.

પ્રશ્ન : આજે ઘણાઓ કહે છે કે પં. નેહરૂ ગાંધીજીને પગલે ચાલતા નથી.

ઉત્તર : એમ તો કેમ કહેવાય? જેમકે પં. નેહરૂની પરદેશનીતિ. એ ગાંધીજીના અહિંસા અને સત્યના સિદ્ધાંતોને લક્ષ્યમાં રાખીને જ ઘડાયેલી છે. પણ આપણે જે ધ્યાનમાં રાખતા નથી તે એ છે કે નેહરૂ પ્રથમથી જ સ્વતંત્ર મિજાજના માણસ છે. ગાંધીજીના જીવન દરમ્યાન અને તેમની 'ઉપાસના' તેઓ કરતા હતા તે દરમ્યાન પણ, પં. નેહરૂ ઘણી બાબતોમાં ગાંધીજીથી જુદા મત ધરાવતા હતા. પં. નેહરૂનો ગાંધીજી અને કોન્ગ્રેસ સાથેના સંબંધનો ઇતિહાસ જરા યાદ કરો. પં. નેહરૂ અમુક વખત કોન્ગ્રેસથી કંટાળીને પરદેશ—

યુરોપ ચાલ્યા ગયેલા. દેશની આર્થિક અને રાજકીય બાબતોમાં પં. નેહરુ પહેલેથી જ 'સોસ્યલિસ્ટ — સમાજવાદી' વિચારસરણીવાળા છે, અને ધર્મ કરતાં વિજ્ઞાનમાં શ્રદ્ધાવાળા છે. પોતે કાંતતા હતા અને હજી પણ કાંતતા હશે, છતાં હસ્તઉદ્યોગોની સંસ્કૃતિમાં માનનાર ન હતા. પ્રથમથી જ મોટા યાંત્રિક ઉદ્યોગોના એ હિમાયતી હતા. તેથી જ્યારે તેઓ સત્તા ઉપર આવે ત્યારે એ પોતાની સોસ્યલિસ્ટ દૃષ્ટિ પ્રમાણે અને મોટાં યાંત્રિક ઉદ્યોગોમાં શ્રદ્ધાવાન જેવી રાજ્યનીતિ ઘડે તો બીજાઓએ તેની ફરિયાદ કરવી ન જોઈએ.

ગાંધીજીએ સ્વરાજ્ય મળ્યા પછી કૉન્ગ્રેસને રાજકીય પક્ષ તરીકે વિખેરી નાખવાની જે સલાહ આપી હતી તે સલાહ જો સ્વીકારાઈ હોત અને કૉન્ગ્રેસના સ્વરાજની લડતના નાયકોએ પોતાની વિચારદૃષ્ટિ પ્રમાણે પક્ષો ઊભા કર્યા હોત તો, સંભવ છે કે પં. નેહરુ એ સમાજવાદી પક્ષના જ નેતા હોત, અને સામ્યવાદીઓ જો સત્ય અને અહિંસાનો સિદ્ધાંત સ્વીકારત તો કદાચ તેઓ સામ્યવાદી પક્ષના નેતા હોત. એટલે, પ્રશ્ન એ નથી કે પં. નેહરુ આજે જે આર્થિક નીતિ અખત્યાર કરે છે તે ગાંધીજી પ્રમાણે છે કે નહિ? પણ પ્રશ્ન એ છે કે કૉન્ગ્રેસના બીજા નેતાઓ અને અન્ય અનુયાયીઓ જેમની પં. નેહરુ જેવી આર્થિક નીતિ હોવાનું જાણવામાં નથી તે તેમની આજુબાજુ કેમ વીંટળાઈ રહ્યા છે? એનો કંઈ ખુલાસો થતો નથી, સિવાય કે છાપાઓમાં જેમ વારંવાર કહેવાય છે તેમ, રાજસત્તાના વર્તુલમાં રહેવાની લાલસા. અને તેનું કારણ પણ એમ લાગે છે કે પં. નેહરુ તેમની ખાનદાની, તેમની ઉદાત્તતા, અને તેમની રાષ્ટ્રસેવાના કારણે હજી સુધીયે સૌથી વધારે લોકપ્રિય નાયક રહ્યા છે; અને તેથી મતો તો તેમને અને તેમના પક્ષને જ વધારે મળે એ ગેડ મનમાં ગોઠવી અત્યારના ઘણા મોટા ભાગના કૉંગ્રેસીઓ તેમની આજુબાજુ ગોઠવાઈ રહ્યા છે! 'જો તડમેં લડ્ડુ વો તડમેં હમ' એવું પણ, ઘણા માટે તો, ખરું!

પ્રશ્ન : *રાજાજીએ હમણાં આ નવો સ્વતંત્ર પક્ષ કેમ ઊભો કર્યો હશે?*

ઉત્તર : કૉંગ્રેસીઓ જેમ જવાબ આપે છે એમ જવાબ આપું તો એમ કહું કે એમની કોઈ લાલસાઓ તૃપ્ત નહિ થઈ હોય, કંઈ ધારી જગ્યા નહિ મળી હોય એટલે ઘરડે ઘડપણે આ તૂત ઊભું કર્યું છે! પણ હું, જો કે કૉંગ્રેસી પરંપરાનો હોવા છતાં એ નાતનો નથી એટલે, એવો જવાબ નહિ આપું. રાજાજીના જુદી જુદી વખતે થયેલાં નિવેદનો વાંચ્યાં, તેમજ અમદાવાદમાં તેમનું ભાષણ પણ સાંભળ્યું. આ સાંભળતાં મને એમ થયું કે જુદે જુદે વખતે જે કાંઈ વિચારો મને આવ્યા કે અભિપ્રાયો દર્શાવ્યા તેનો જ જાણે અહીં આ અનુપમ ગાંભીર્યથી અને તર્કબદ્ધતાથી નિર્દેશ થાય છે. એટલે, જે કહેવાની બીજા કૉંગ્રેસીઓ હિંમત નથી કરી શકતા તે આ પીઢમાં પીઢ કૉંગ્રેસી હિંમત કરે છે એમ મને લાગ્યું. પહેલાં કિશોરલાલભાઈ આવું કરતા.

પ્રશ્ન : *એ પક્ષની સફળતા વિશે શું માનો છો?*

ઉત્તર : એમનો પક્ષ કેટલો સફળ કે સમર્થ થશે એ આ ક્ષણે તો કહી શકાય નહિ; પણ પ્રજાના ઘણા ય વર્ગોની 'હાય' એમાં સંગઠિત રીતે વ્યક્ત થાય છે એટલા પૂરતું તો લોકવિચારમાં એનું સમર્થન થાય. બાકી તો, અતિ બળવાન અને જીવનનાં બધાં ક્ષેત્રોમાં લાગવગ ધરાવતો સત્તાધારી પક્ષ એને ગુંગળાવવા જે પ્રયત્નો કરશે તેની સામે ટકી રહે એવા,—જેમને રાજાજીએ good men and women કહ્યાં એવા—કેટલા માણસો મળી

રહેશે તેના ઉપર, અને પક્ષને સંગઠિત કરવા કેટલા દૃઢ ચારિત્રવાળા સહાયકો મળશે તેના ઉપર એનો આધાર છે.

પ્રશ્ન : તમે એ પક્ષમાં જોડાશો કે નહિ?

ઉત્તર : કોઈ પણ રાજકીય પક્ષમાં સતત જોડાઈ રહેવા જેટલી મારામાં 'શિસ્ત' હોય એમ મને લાગતું નથી. આ પક્ષીય રાજકારણ આપણા દેશમાં જે રીતે પ્રગટ થાય છે તેમાં મને કોઈ કોઈ વાર શેતાનનો હાથ લાગે છે, કારણ કે આપણા દેશમાં નાતજાતના કે ધર્મોના વાડાને લીધે જે મૂઢતા આવી ગઈ હતી તેના કરતાં અધિક દ્વેષમૂઢતા—વિચારની અને ચારિત્રની—રાજકીય પક્ષોની વાડાબંધીમાં આવી ગઈ છે! એટલે જ્યાં અને જેટલી વિચારોની અને ભાવનાઓની સમાનતા હોય ત્યાં તેટલા પૂરતો જ સંબંધ રહે એ મારા સ્વભાવને વધુ અનુકૂળ હશે. ધાર્મિક સંપ્રદાયની બાબતમા, પણ મારું આવું વલણ રહ્યું છે. મારી પોતાની ભાવના તો એવી છે કે કૉન્ગ્રેસ પક્ષ જ પોતે અંદરથી સુધરે અને શાબ્દિક નહિ પણ સાચી લોકશાહીને માનતો થાય, એટલે કે લોકોની જરૂરિયાતો, લાગણીઓ, આદતો સમજે અને એ મર્યાદા સમજી લોકહિત કરવા પ્રયત્ન કરે—એમાં જ દેશને મોટો લાભ છે. કારણકે ગાંધીજી જેવાના તપોબળથી આખા દેશમાં સંગઠિત અને સુવ્યવસ્થિત થયેલી આવી બીજી કોઈ સંસ્થા નથી. એટલે કદાચ, મારામાં રૂઢ થયેલી કૉંગ્રેસની પરંપરા મને બીજા કોઈ પક્ષમાં જતાં અંદરથી રોકે પણ ખરો. વળી કોઈ ન્યાતમાં તો પડવાનું કદી રુચ્યું નથી અને રુચે પણ નહિ. આવા વિચાર અને ભાવનાવાળો માણસ કોઈ પણ પક્ષ માટે નિરુપયોગી છે, એવી સમજ હોવાથી કોઈ પણ પક્ષમાં પડ્યા વિના સમાજગત વિચાર અને ભાવનાઓના મૈત્રીમૂલક જૂથોમાં કે મંડળોમાં રહેવાનું મને ગમે છે, અને બધાએ પક્ષોમાં મારે અંગત મિત્રો છે. કૉન્ગ્રેસ પક્ષના તો હોય જ, પણ સમાજવાદી અને સામ્યવાદી પક્ષના પણ મારે મિત્રો છે.

પ્રશ્ન : રાજાજીના વ્યકિતત્વ વિશે આપનો શો ખ્યાલ છે?

ઉત્તર : રાજાજીને હું અંગત રીતે તો કોઈ વાર મળ્યો નથી. ગૂજરાત વિદ્યાપીઠની જ્યારે સ્થાપના થઇ અને જ્યારે ગૂજરાત મહાવિદ્યાલય ભુલાભાઈ કૉલોનીના બંગલામાં બેસતું હતું ત્યારે રાજાજી ત્યાં આવેલા ત્યારે તેમને જોયેલા અને સાંભળેલા. એ વખતે તેઓ જે બોલેલા તે ઉપરથી મને લાગેલું કે આ તો શિક્ષણમાં અસહકારના ગાંધીજીના સિદ્ધાંતથી વિરુદ્ધ છે! પણ પછી બીજાઓ સાથે વાત કરતાં એમ સાંભળેલું કે લોકોને વિચાર કરતા કરી મૂકવાની આ જાતની રાજાજીની ટેવ છે. કોઈ પણ વસ્તુ આપણે કેટલી સમજીને કરી છે તેનો ક્યાસ તે પ્રતિવાદ કરીને મેળવી લેતા અને આપણને આપતા. એ પછી દાયકાઓ દરમિયાન એમનાં નિવેદનો, ભાષણો અને વાર્તાલાપો ઉપરથી તેમજ તેમની જુદે જુદે વખતે અખત્યાર થયેલી રાજનીતિ અને જુદાં જુદાં કાર્યક્ષેત્રોમાં અને સ્વરાજ્ય મળ્યા પછી જુદા જુદા અધિકારોમાં તેમણે મેળવેલી સફળતા—આ બધા ઉપરથી તેમની વિચારમૂર્તિ મારામાં ઘડાયેલી છે. એમનાં કથનોમાં આવતા નવા નવા વિચારબિંદુઓથી હું બહુવાર આકર્ષાયો છું. આપણી પ્રાચીન સંસ્કૃતિને બરાબર સમજીને અને પચાવીને એમાંથી પ્રાચીનતા કાઢી નાખી વર્તમાનતા દાખલ કરવાની એમની શકિત મને અદ્ભુત લાગી છે. એ કોઈ પણ અર્થમાં 'રીએક્શનરી' કે 'રીવાય-

વસિષ્ઠ' નથી. છતાં તેમના વિચારોમાં ઉપનિષદોના ઋષિઓની જાણે પ્રેરણા હોય તેવું લાગ્યા કરે છે. આ સાથે તેમનામાં એટલી બધી કુશળતા અને ચતુરાઈ દેખાય છે કે તેમને કોઈ ભાગ્યે જ 'ભલા ભોળા' માણસ કહે! બ્રહ્મજ્ઞાની વસિષ્ઠ અને અર્થશાસ્ત્રી ચાણક્યનો મેળ એમનામાં કરી હું ઘણીવાર વસિષ્ઠ–ચાણક્યનો અવતાર એમને કહું છું. આવા પ્રૌઢ પુરુષો કોઈ પણ દેશમાં વિરલ જ હોય છે. ગાંધીજીની પ્રેરણા પામી દેશસેવક થયેલાઓમાં એમનું અનોખું સ્થાન છે.

પ્રશ્ન : અત્યાર સુધી જનતાને હસ્તક રહેલી બાબતો જેમકે વેપાર ઉદ્યોગ ખેતી વગેરે સરકારને હસ્તક રહે એ વિશે તમે શું ધારો છો?

ઉત્તર : આનો કોઈ એકાંતિક જવાબ આપી શકાય તેમ નથી. લક્ષ્ય વિશે સંમત થઈ શકાય. અને તે એ કે લોકોની જરૂરિયાતની ચીજો દેશમાં પૂરતા પ્રમાણમાં ઉત્પન્ન થાય અને ન્યાયપુરઃસર પૂરતા પ્રમાણમાં લોકોમાં તેની વહેંચણી થાય. આ લક્ષ્ય સ્વીકારીએ, અને બધાયે સ્વીકારે છે તો, પછી પ્રશ્ન એ થાય કે સમયમાં સમર્થ રીતે આ કોણ કરી શકે? સરકાર કે પરંપરાગત વ્યવસાયીઓ? આમાં વિચારવાનું એ છે કે કોની કેટલી તૈયારી અને આવડત છે. આપણા દેશમાં સ્વરાજ્યની સરકાર આ બધાં કાર્યો માટે તાલીમ પામેલી છે? અને જો તાલીમ ન પામી હોય તો, તાલીમ પામવાના એને અખતરા કરવા દેવાય? એ અખતરા કરવા જતાં દેશની આર્થિક સ્થિતિનું દેવાળું નીકળી જાય એવો ભય ખરો? સરકાર લોકો પાસેથી, હિંદુસ્તાનની કોઈ પણ સરકારે અત્યાર સુધી નહિ લીધેલા એવા, કરવેરા લઈને બદલામાં કેટલું આપે છે? કાલિદાસે 'રઘુવંશ'માં એમ કહ્યું છે કે સૂર્ય જેમ થોડુંક પાણી શોષી લઈ હજારગણું વરસાદ દ્વારા પાછું આપે છે,* તેમ રાજાએ પણ જે કર લે તેનો હજારગણો બદલો પ્રજાને આપવો જોઈએ. તે પ્રમાણે અત્યારે પ્રજાને બદલો મળે છે? જેમ ધનિકો વેપાર ઉદ્યોગ પોતાના નફાના સ્વાર્થની ખાતર જ કરે છે અને લોકોમાંથી લીધેલું લોકોને ભાગ્યે જ પાછું આપે છે, એવું આ સરકારી તંત્રમાં વધારે ખરાબ રીતે બની નથી રહ્યું? લાખો અને કરોડોની યોજનાઓમાં લાખો અને કરોડો યોજના કરનારાઓમાં જ વપરાઈ જતા નથી? અને તેથી લોકોનાં ભાગમાં અને ભાગ્યમાં તો મોંઘવારી અને કંગાલિયત જ રહે છે? અર્થાત્ કે આમાં લોકોને આ કાર્ય કરવા દેવું કે સરકારે કરવું એવો કોઈ સિદ્ધાંતનો પ્રશ્ન નથી, પણ જેને કરવા દેવાથી ઉત્પન્ન વધારેમાં વધારે થાય અને જેને વહેંચવાનું કામ સોંપવાથી લોકોમાં ન્યાયપુરઃસર વહેંચાય એને જ આ સોંપવું જોઈએ. સ્વરાજ્ય મળ્યું ત્યાર પછી થોડાક સમયે સરદાર વલ્લભભાઈએ ગૂજરાત વિદ્યાપીઠમાં એક ભાષણ કરેલું, તેમાંથી કાંઈક યાદ આવે છે. એમણે એવું કહેલું કે 'જેને જે કરતાં આવડતું હોય તે કરવા દેવું; પહેલાં ઉત્પન્ન થવા દો અને પછી લોકોમાં વહેંચણી કરનાર ક્યાં આપણે નથી! પણ અત્યારે તો સરકાર પાસે વ્યવસ્થિત રાજ્ય ચલાવવા માટે પણ જો પૂરતા માણસો નથી તો આ વેપાર ઉદ્યોગ આદિમાં સરકાર ક્યાં પડે! ઉત્પન્ન કરવામાં કુશળ એવા લોકોને ઉત્પન્ન કરવા દો—અને સરકાર એ જોશે કે એનો લાભ બધાને મળે છે.

* प्रजानामेव भूत्यर्थं स ताभ्यो बलिमग्रहीत् ।
सहस्रगुणमुत्स्रष्टुमादत्ते हि रसं रविः ॥ १८ ॥
'रघुवंशम्'–प्रथम सर्गः

પ્રજાની આબાદી માટે તે તેમની પાસેથી બલિ કહેતાં કર ગ્રહણ કરતો હતો. જેમ જે સૂર્ય હજાર ગણું વરસાવવાને માટે પાણીનું ગ્રહણ કરે છે.

પણ સરકાર વેપાર કરવા જાય એ બને એવું નથી.'—આવા ભાવાર્થનું મને સ્મરણ છે. તો અત્યારે મને એમ પ્રશ્ન થાય છે કે હવે સરકાર પાસે શું વેપાર-ઉદ્યોગમાં કુશળ એવા કર્મચારીઓની સારી એવી સંખ્યા થઈ ગઈ છે? સરકારના અત્યાર સુધીના રૂઢિગત કામો પણ યોગ્ય રીતે થાય છે? કે જેથી એ બીજાં વધારાનાં કામો પોતાના માથા ઉપર લે? સિદ્ધાંત તરીકે સ્ટેટ સોશ્યલિઝમનો મારે કોઈ વિરોધ નથી, વચલા ગાળાના માર્ગ તરીકે તેમાં માનનારો છું. પણ આપણું સ્ટેટ એ કરવા અત્યારે સમર્થ છે? અને જો ન હોય તો, એને અનેક નિષ્ફળતાઓથી એ ભવિષ્યના સ્ટેટ સોશ્યલિઝમને પણ રોકી નહિ રાખે? એટલે, આ બાબતમાં સમય, શક્તિ અને સગવડ પ્રમાણે રાજનીતિ ઘડાય તો જ ઉત્તરોત્તર આબાદી થાય. અત્યારના તબક્કે એટલું તો લાગે છે કે આપણું ભારતીય સરકારી તંત્ર સરકારનાં રૂઢ કામો પણ બરાબર કરી શકતું નથી. આજે તેમાં પણ ઘણી અવ્યવસ્થા અને અનવસ્થા છે. તો આ બધી વધારાની જવાબદારીઓ અત્યારને તબક્કે શા માટે લે? નાની મોટી સંસ્થાઓ સાથે સંબંધ ધરાવનારાઓને પૂછશો તો ઘણાખરા એમ કહેશે કે અત્યારે સંસ્થાઓનો વહીવટી લખાપડીમાં અને ફારમો ભરવામાં એટલો બધો વખત અને કારકૂની ખરચ થાય છે કે સંસ્થાનું કાર્ય સિદ્ધ કરવા માટે બહુ થોડી શક્તિ અને સમય રહે છે! આવી પરિસ્થિતિમાં સરકાર નજર રાખવાનું અધ્યક્ષતાનું કામ, અને પ્રજાનું અહિત કરનારનું નિયંત્રણ કરવાની અને ન્યાયપુરઃસર લાભની વહેંચણી કરવાની સત્તા પોતાને હસ્તક રાખી સૌને પોતપોતાનું કાર્ય કરવા દે તો એકંદરે વધારે કામ થાય અને ફાયદો થાય એમ લાગે છે.

રાષ્ટ્રમાં રાજકીય પક્ષોની કાર્યવાહી અને ભારતરાષ્ટ્ર

કેશવલાલ હિં. કામદાર એમ. એ.

ઓગણીસમી સદીના રાજ્યશાસ્ત્રીઓ કહેતા કે દરેક રાષ્ટ્રમાં બે માન્યતાઓ ધરાવતા માનવસમૂહો હોય છે. એક માનવસમૂહ સમાજનો વિકાસ સાધવા માટે બહુ-અતિ ત્વરિત ગતિથી આગળ ધપવા ઇચ્છતો હોય છે, જ્યારે બીજો માનવસમૂહ સામાજિક પ્રગતિ માટે આસ્તે આસ્તે હળવાં કદમ માંડવા ઇચ્છતો હોય છે. પ્રથમ માનવસમૂહના આગેવાનો ઉતાવળીઆ, પરિણામો તરફ બે-પરવા, અને આવેશયુક્ત ક્રાંતિવાચક નાદો કરવામાં અતિ શૂર હોય છે; જ્યારે બીજો માનવસમૂહ ક્રાંતિના નાદો કરવામાં માનતો નથી, તે પરિણામો તરફ હમેશાં નજર રાખતો હોય છે, તેની દૃષ્ટિ ભૂતકાળની પરંપરાઓને લક્ષમાં રાખીને ભવિષ્યની સમસ્યાઓને ઉકેલવાની હોય છે, પ્રગતિ અને ક્રાંતિ એનો ભેદ એ સમજતો હોય છે, અને સમાજના અભણ નિર્ધન સમૂહોને ખોટી ખોટી લાલચો આપી ઊંધે માર્ગે લઇ જવાનો વિરોધ કરતો હોય છે.

ઇંગ્લૅંડના રાષ્ટ્રમાં આવા માનવસમૂહો જોવામાં આવે છે. ઓગણીસમી સદીમાં એ બે પક્ષો લિબરલ અને કૉન્ઝરવેટિવ–Liberal અને Conservative–પક્ષો કહેવાતા હતા. એ સમયનો પ્રસિદ્ધ લેખક મેકોલે આ પક્ષોના અસ્તિત્વને હરણના બે આગલા પગોની અને બે પાછલા પગોની સાથે સરખાવતો ગયો છે. યુરોપના બીજા દેશોમાં આવા રાજકીય પક્ષો નહોતા એમ નહોતું. ઈ. સ. ૧૭૮૯ના ફ્રાંસના મોટા રાજ્યવિપ્લવ પછી તે ખંડમાં બધાં રાષ્ટ્રોમાં (રશિયાના અપવાદ સિવાય) અનેક પક્ષાંતરો ઉપસ્થિત થયાં હતાં, ફ્રાંસમાં તો કૉમ્યુનિસ્ટ, સોસ્યલિસ્ટ, કો-ઓપરેટિવ, વગેરે અભિધાનો ધરાવતા પક્ષો ઈ. સ. ૧૭૮૯ પછી તુરત જ ઉપસ્થિત થએલા માલમ પડે છે. ફ્રાંસની પાર્લમેંટમાં તે પક્ષો સારી લાગવગ ધરાવતા હતા, અને તે રાષ્ટ્રનો વહીવટ નેપોલિયન સત્તારૂઢ થયો ત્યાં સુધી આ પક્ષો કરતા હતા. ઈ. સ. ૧૮૪૮ની સાલના યુરોપના રાજકારણમાં Socialist–સોસ્યાલિસ્ટ પક્ષે સારો ભાગ ભજવેલો હતો. એ સાલની રાજ્યક્રાંતિ આખા યુરોપ માટે વ્યાપક ક્રાંતિ હતી. કાર્લ માર્ક્સનો Communism–કોમ્યુનિઝમનો પરિપાક લંડનના ગ્રન્થ-આલયોમાં થયો હતો. અત્યારે તો દરેક રાષ્ટ્રમાં અનેક રાજકીય પક્ષો અસ્તિત્વ ધરાવે છે. તેમાં ઈંગ્લંડના કૉન્ઝરવેટિવ, અને સોસ્યાલિસ્ટ, અને અમેરિકાના Republican–રીપબ્લિકન, અને Democratic–ડેમોક્રેટિક—એ બે વિશ્વવિખ્યાત રાજકીય પક્ષો છે ત્યાં તેમ બીજે સ્થળોએ બીજા રાજકીય પક્ષો છે, પણ તે નાના પ્રજાસમૂહોનું પ્રતિનિધિત્વ ધરાવતા હોય છે અને રાષ્ટ્રના રાજકારણમાં તેમનું મહત્ત્વ ઘણું ઓછું હોય છે. આ બે રાષ્ટ્રોમાં કોઈ પણ રાજકીય પક્ષને ગેરકાયદેસર કરવામાં આવ્યો નથી. પ્રજાની બહુમતિ મેળવે તે ગમે તે રાજકીય પક્ષ સર્વસત્તારૂઢ ત્યાં થઈ શકે છે.

રાજકીય પક્ષોનું અસ્તિત્વ જનતાના રાજકીય વિચારબળને સિદ્ધ કરે છે. સારી બહુમતિ ધરાવતા રાજકીય પક્ષનાં માણસોને સંસદમાં અગ્ર સ્થાન આપવામાં આવે છે. ઈંગ્લેંડના રાષ્ટ્રમાં તો વિરોધપક્ષને કાયદેસર નહિ, પણ પરંપરાએ, માન્યતા આપવામાં આવે

છે; વિરોધ પક્ષ Her Majesty's opposition કહેવાય છે, તેના આગેવાનને, મુખ્ય પ્રધાનને દરમાયો આપવામાં આવે છે તેમ રાષ્ટ્રની તિજોરીમાંથી દરમાયો આપવામાં આવે છે, અને જેમ આંતર કારભારમાં અને આંતરરાષ્ટ્રીય વ્યવહાર માટે રાજ્યકર્તા પક્ષના મંત્રીમંડળને Her Majesty's Government—મહારાણીનું મંત્રીમંડળ કહેવામાં આવે છે તેમ વિરોધપક્ષને Her Majesty's Opposition—મહારાણીનો વિરોધપક્ષ કહેવામાં આવે છે. આ વિરોધપક્ષના આગેવાનોને વિરોધપક્ષ તરફથી નાણાખાતું, આંતરરાષ્ટ્રીય સાંધિવૈગ્રહિક વ્યવહાર, વગેરે ખાતાંના કારભારની તપાસ રાખવાનું કહેવામાં આવે છે, એવા આશયથી કે જ્યારે એ વિરોધપક્ષ પ્રજા દ્વારા બહુમતિમાં ચુંટાઈ આવી પાર્લમેંટમાં બેસે ત્યારે તેને રાજીનામું આપતો પક્ષ રાષ્ટ્રનો કારભાર સોંપતો જાય ત્યારે આ આગેવાનો કારભારી જગ્યાઓ ઉપર અનુભવસહ આવી શકે અને રાષ્ટ્રના વહીવટમાં કોઈ વિક્ષેપ આવે નહિ. વધુ સ્પષ્ટતા કરીએ તો આપણે કહી શકીએ કે જેમ મહારાણી દ્વિતીયા ઇલિઝબેથનો રાષ્ટ્રના અધિષ્ઠાતા તરીકે ઇંગ્રેજી પ્રજા ઉપર સાર્વભૌમ સત્તાનો અધિકાર છે તેમ તેમને **પોતાની જ જાત સામે, પોતાના જ સાર્વભૌમ સર્વ-અધિકાર સામે** વિરુદ્ધ પક્ષમાં ઊભાં રહેવાનો સમાન અધિકાર છે. પ્રથમ અધિકાર કાયદેસર છે, જ્યારે બીજો અધિકાર પરંપરાગત છે. આ વિરોધપક્ષનું મોવડી મંડળ Shadow Cabinet—છાયા મંત્રીમંડળ કહેવાય છે.

જ્યાં સ્વતંત્રતા હોય છે, જ્યાં વર્તમાનપત્રો ઉપરનો અંકુશ હળવો હોય છે, જ્યાં સભાબંધીનો કાયદો નહિવત્ હોય છે, જ્યાં ક્રાંતિવાચક નારા, ઉપવાસ, સત્યાગ્રહ, ના-કર લડત, વગેરેનો આશ્રય છાશવારે થતો નથી, જ્યાં બે પક્ષો સમતોલ હોય છે, જ્યાં પ્રજાસમૂહો શિસ્તબદ્ધ હોય છે, ત્યાં આવું રાજકારણ સંભવે છે.

આવા રાજકારણ માટે અમુક સિદ્ધિઓની જરૂર રહે છે. આવા રાજકીય પક્ષો પ્રજાવ્યાપક હોવા જોઈએ. અને તેમનો ઉદ્‌ભવ પ્રજાસમૂહોમાંથી થએલો હોવો જોઈએ તે પક્ષોનું સંગ્રથન રાષ્ટ્રવ્યાપી હોવું જોઇએ. તેમનું ભંડોળ સારું હોવું જોઈએ. તેમનું યોગ્ય બંધારણ હોવું જોઈએ. તેમના માટે યોગ્ય લક્ષ્યાંકો હોવાં જોઈએ. તે લક્ષ્યાંકોની પ્રજા તરફથી સંમતિ મળેલી હોવી જોઈએ. એમણે પોતાના ધ્યેયને બહુમતિ મેળવી પાર્લમેંટમાં જઈ સત્તારૂઢ થઈ રાષ્ટ્રના વહીવટને હસ્તગત કરી સિદ્ધ કરી બતાવવો જોઈએ. આ રાજકીય પક્ષો લશ્કરી વ્યવસ્થાથી અને વહીવટથી વ્યતિરિક્ત રહેવા જોઈએ. અને લશ્કરો તથા અધિકારી વર્ગ સત્તારૂઢ થએલા રાજકીય પક્ષના લક્ષ્યાંકને અનુકૂળ થવા તત્પર હોવાં જોઈએ.

આપણે ત્યાં જ્યારે બ્રિટિશ સરકાર હતી ત્યારે આવા રાજકીય પક્ષનું—વિરોધ પક્ષનું કામ કોંગ્રેસની સંસ્થા કરતી હતી. જ્યારે કોંગ્રેસની સ્થાપનાનો વિચાર ચાલતો હતો ત્યારે લોર્ડ રિપન ગવર્નર-જનરલ અને વાઈસરોય હતા, અને જ્યારે કોંગ્રેસનું પ્રથમ અધિવેશન મુંબઈમાં મળ્યું ત્યારે લોર્ડ ડફરિન તે પદ ઉપર હતા. આ વાઈસરોયે તો એટલે સુધી જાહેરાત કરેલી કે પ્રજાના મનને વ્યવસ્થિત રીતે સરકાર સમક્ષ રજુ કરવા માટે કોંગ્રેસ જો તૈયાર હશે તો સરકાર તેને આવકારશે. વાઈસરોયે પ્રથમ તો ઉચ્ચ અધિકારીઓને કોંગ્રેસના અધિવેશનમાં હાજરી આપવાની પરવાનગી પણ આપી હતી.

બ્રિટિશ સમય દરમિયાન આપણે ત્યાં માત્ર કોંગ્રેસનો એક જ રાજકીય પક્ષ નહોતો. બીજા રાજકીય પક્ષો પણ હતા, જે પૈકી National Liberals-નેશનલ લિબરલ પક્ષમાં ધુરંધર હિન્દી મુસદ્દીઓ હતા, જેમનું વજન સારી રીતે પડતું હતું, અને જેમના વિચારો

પ્રત્યે પ્રજા અને સરકાર માનદષ્ટિથી જોતી હતી.— ખુદ કોંગ્રેસથી જ વિખૂટો પડેલો બીજો પક્ષ સ્વરાજ પક્ષ હતો, જેની આગેવાની ચિત્તરંજન દાસ, પં. મોતીલાલ નેહરુ, વિઠ્ઠલભાઈ પટેલ, વગેરેએ લીધી હતી. અને જેઓ બંગાળની અને મધ્યપ્રાંતની લોકસભાઓમાં સારી સંખ્યામાં ચુંટાઈ આવેલા હતા.

આવા જ સબળ વિરોધ પક્ષની અત્યારે ખાસ જરૂર છે, અત્યારે કોંગ્રેસનું રાજકારણ Socialistic—અતિ સોસ્યલિસ્ટિક, વગર સમજનું, થઈ ગયું છે. તેનો ઝોક કોઈ કોઈ વાર Communism—કોમ્યુનિઝમ તરફ વળતો માલમ પડે છે—થોડાક અપવાદો સિવાય આ ઝોક આગેસે ચલી આઈ હૈ—એના જેવો માલમ પડે છે—એક જણ બોલે, અને બીજા તેને ઝીલી લે,—His Master's Voiceની જેમ, એવી પરિસ્થિતિનું સર્જન થતું જાય છે. કોંગ્રેસના રાજકારણમાં સરમુખત્યારી આવી ગઈ છે. તેનાં લક્ષ્યાંક પ્રજામતની ઉપરવટ થઈને નક્કી કરાતાં જાય છે, અનેક પરિપાટીઓ, અનેક પરંપરાઓ પ્રજામતની વિરુદ્ધ નક્કી કરાતાં જાય છે—પ્રજામતને જાણ્યા વગર નક્કી થતાં જાય છે; પ્રજાને અજ્ઞાનમાં રાખીને કરવામાં આવે છે; રાજ્યોના અનુસચી સેક્રેટરીઓ નિવેદનો કરે છે કે ઉચ્ચ અધિકારીઓ લાલચુ અને રૂશ્વતખોર બની ગયા છે તે તરફ કોંગ્રેસી આગેવાની બેદરકારી સેવતી રહે છે. અનેકવાર અજ્ઞાની, લગભગ નિરક્ષર માણસોને પાર્લમેન્ટના સભ્યપદ માટે પસંદ કરવામાં આવે છે. અને કોઈ કોઈ વાર એવા સભ્યોને પ્રધાનપદે સ્થાપવામાં આવે છે. ચૂંટણીના ઉમેદવારોની પસંદગી નાતવાર, જાતવાર, કરવામાં આવે છે, જ્યારે ભારતની રાજ્ય વ્યવસ્થામાં ભારતને જ્ઞાતિહીન, વર્ગહીન ગણરાજ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું છે!! કોંગ્રેસી મંત્રી-મંડળે પરદેશોનું કરેલું દેવું કરી ત્રણ ચાર પેઢી પછી ચનારી—આમાંની પેઢીનાં માણસોને કલ્યાણમાર્ગે સ્થાપવાની પહેલ કરી છે! અને તે માટે વર્તમાન નિર્ધન પ્રજાસમૂહો ઉપર સીધા અને આડાઅવળા અનેક કરવેરાનાં ભારણો લાદ્યાં છે. એ પ્રધાનોએ અનેકવિધ, છાશ-વારે, ક્ષુદ્ર ઉદ્‌ઘાટન ક્રિયાઓ માટે પ્રવાસો કરી બ્રિટિશ સમયની વહીવટી કાર્યક્ષમતાને ઢીલી કરી નાંખી છે. જે પ્રજાસમૂહોએ સ્વરાજ્ય માટે ભગીરથ પ્રયત્ન કરેલો હતો અને બલિદાનો આપેલાં હતાં તે જ પ્રજાસમૂહોનો સમૂળગો ઉચ્છેદ કરવાની ધૃષ્ટતા તેમણે કરી છે! તેમની આગેવાની બહુ ઊતરતી કક્ષાના લોકોના હાથમાં આવી ગઈ છે. કલ્યાણમાર્ગ માટે પ્રજાના માનસને યોગ્ય રીતે ઘડવાને બદલે આ પક્ષનાં માણસો પક્ષનાં મતમતાંતર-તડને સાંધવામાં અલ્પ સમય આપે છે. ગ્રામસમૂહો ઉન્નત થવા જોઈએ તે ગ્રામસમૂહો ભ્રષ્ટ થતા જાય છે. શહેરો ભાંગતાં જાય છે. મધ્યમ વર્ગનો લોપ થઈ ગયો છે, જે મધ્યમ વર્ગની કાર્યક્ષમતા ઉપર તો લોકશાહીની સફળતાનો મુખ્ય આધાર હોય છે. રાષ્ટ્રની દંડશક્તિનો ઉપયોગ કરવામાં ઢીલ થાય છે, એટલે ગુંડાતત્ત્વો વધતાં જાય છે. ઉપરથી અહિંસક, વસ્તુતઃ હિંસામાં પરિણમતા વિરોધને ખુદ કોંગ્રેસ ઉત્તેજન આપે છે. ગાંધીવાદના સત્યાગ્રહની ઇરાદાપૂર્વક ઉપેક્ષા કરી ખોટા સત્યાગ્રહને તેમના તરફથી પુષ્ટિ મળતી રહે છે, વ્યક્તિગત સ્વાર્થ માટે, સનાતન સૂત્રોની ઉપેક્ષા કરી જિલ્લા—તાલુકા—પ્રાંતોની સરહદો નક્કી કરવામાં આવે છે શિક્ષણ સંસ્થાઓમાં રાજકારણ ઘુસાડી દેવામાં આવ્યું છે, આગેવાનોની કારકિર્દીમાં નાતજાતવાદ, મામામાશીવાદ વધતો જાય છે, અ-કિંચનત્વની અને દેશસેવાની પ્રતિજ્ઞાઓ લેતા લોકો ભૂદાન, હરિજનકાર્ય, ગ્રામઉદ્ધાર, ગ્રામ ઉદ્યમ, વગેરેને નામે સ્વાર્થસાધકો થઈ રહ્યા છે. હરવખત છાશવારે મુખ્ય પ્રધાનની દરમ્યાનગીરીનો આશ્રય લેવામાં આવે છે. કાયદાઓ એવા થાય

છે, જેથી સારા લોકો પણ ખરાબ થઈ જાય છે. પ્રજામાં initiative—આગેવાની રહી નથી. સરકાર ઉપર જ નભવાની વૃત્તિ વધી રહી છે, ગરીબીને દૂર કરવાને નિમિત્તે ઉત્પાદન ઉપર દૃષ્ટિ રાખવાને બદલે માત્ર સંવિભાગ—distribution—ઉપર જ દૃષ્ટિ ચોંટાડવામાં આવે છે, કાયદાઓ, નિયમો વારંવાર બદલાય છે, હરેક બાબતમાં રાજકારણને મુખ્ય કરવામાં આવે છે, પદયાત્રા વગેરેના કાર્યક્રમનો દંભ સેવવામાં આવે છે, સમાજ સુધારણાને નામે વર્ણોજૂની સામાજિક વ્યવસ્થાને ભુંસી નાંખવામાં આવે છે, પ્રજાની માગણી સિવાય, આવા પ્રયત્નો થતા રહે છે!

આ કારણોથી એક નવા પક્ષની જરૂર હતી, જે પક્ષ હવે ઊભો થતો જાય છે. આ પક્ષ કાંઈ ઓગણીસમી સદીનાં મંતવ્યોને રજૂ કરતો પક્ષ નહિ રહે. અલબત્ત, એ પક્ષ એકવીસમી કે બાવીસમી સદીનાં મનોરાજ્યોની કલ્પનાઓ પ્રજા સમક્ષ કદિ નહિ મૂકે. એ પક્ષે દંડનીય લોકોને રાષ્ટ્રની દંડશક્તિનો પરચો બતાવવો પડશે, વર્તમાન સમાજ ઉપર આગામી પેઢીઓના કલ્યાણને નામે લાદવામાં આવેલા અસહ્ય કરવેરાના બોજાથી ઉગારવો પડશે, વહીવટી સંસ્થાને પક્ષીય રાજકારણથી દૂર રાખવી પડશે, અસહ્ય મોંઘવારીને ઘટાડવી પડશે, લોકોને ઘર આપવાને નિમિત્તે લાયક ઘરધણીઓને લૂંટવા જોઈએ નહિ એ એણે જોવું પડશે.. સબભૂમિ ગોપાલકી એ આદર્શ-નાદને વશ થઈને, દંભ કરી, જાતમહેનતથી જમીનને જેમણે સુધારી છે એવી જનતાને ધરતીહીનત્વથી છોડાવવી પડશે, ખેતી નહિ સમજતા લોકને, માત્ર મત મેળવવા માટે, ખાનગી માલિકીની જમીનને દાનમાં આપી દેવાની વૃત્તિથી દૂર રહેવું પડશે, વ્યક્તિસ્વાતંત્ર્યને સન્માનવું પડશે, દૂધ ઘી અનાજ ખાંડ વસ્ત્રનાં ઉત્પાદનને રાજ્યની મદદ આપશે પણ તે મદદના ઉપયોગની બરોબર તપાસ રાખશે, પરવાના વગેરે દૂષણોને રદ કરશે, વગવસીલાથી વધી ગએલી નોકરીઆતોને ઓછી કરશે, મંત્રીમંડળના પ્રવાસોને રદ કરશે, મંત્રીઓની સંખ્યામાં ઘટાડો કરશે, એમના ખરચ ઉપર નિયમ રાખશે, ઓડિટ નોંધ પ્રમાણે ખર્ચ કરશે ને કરાવશે, મંત્રીઓની નિમણૂક માટે યોગ્યતાનું ધોરણ સાચવશે, પોતાના સભ્યોને ઉપવાસ, સત્યાગ્રહ વગેરે દંભનો રસ્તો લેતાં અટકાવશે, સમાજ-સુધારણાને નામે જનતાએ નહિ માંગેલા કાયદા કાનુનો નહિ કરે, અને કાયદાઓ, ધોરણો વગેરે નક્કી કરશે ત્યારે પ્રજાસમૂહોનાં મંતવ્યોને ધ્યાનમાં લેશે.

—આવા પક્ષની પ્રજાને અત્યારે ઘણી જરૂર છે. પ્રજાનો વિરોધ કંઠે આવી ગયો છે. તેને યોગ્ય માર્ગે વાળવા નવા પક્ષની જરૂર છે. એ પક્ષ પ્રજાને સજાગ રાખશે. અનાજ, કોલસો, ગ્યાસતેલ, ખાંડ, વસ્ત્ર, દૂધ, વગેરે માટે ગરીબ જનતાનો આક્રન્દ અત્યારે કોઇ સાંભળતું નથી. ભાષણોમાં તો તેનો ઉલ્લેખ પણ થતો નથી! બધે કલ્યાણ રાજ્યની વાતો થઈ રહી છે!!

બ્રિટિશો હતા ત્યારે રામરાજ્યની વાતો થતી. તેઓ ગયા ત્યારે સ્વરાજ્યની અને-સુ-રાજ્યની વાતો થવા માંડી. અનુભવ કહે છે કે આ પ્રવાદો હતા. પ્રજાસમક્ષ મૂકવામાં આવેલા લક્ષ્યાંકોની સિદ્ધિ થઈ શકી નથી. કોંગ્રેસ ઉપરનો રાજ્યકારભારનો બોજો બેહદ વધી ગયો છે, ઊતરતી કોટિના આગેવાનોએ તેને બેહદ કિલષ્ટ, એક-માર્ગી, સમજ વગરનો બનાવી દીધો છે. તે ભાર હળવો થવો જ જોઈએ. એ જવાબદારી નવા પક્ષે ઉપાડી લેવી જોઈએ. આ આપણા રાજકીય પક્ષોનું મૂલ્યાંકન છે.

૨૪-૭-૫૯

★

વિલાયતની વાતો

કાન્તિલાલ મ. ગાંધી

૪

સ્નેહી ભાઈશ્રી,

વિલાયત જવાનો અભરખો આજકાલ ઘણા લોકોને કેમ થાય છે? વિલાયતમાં એવું તે શું છે કે જેથી કેટલાક તેને સ્વર્ગ સાથે સરખાવવા પણ લલચાય છે? સ્વર્ગે તો મૃત્યુ પછી જ જવાય છે અને તેની પણ ગેરંટી કે પુરાવો કયા છે! તેથી જીવતેજીવતર સ્વર્ગ જેવું હોય તો વિલાયત જઈ આવવું જોઈએ એમ 'સ્વર્ગવાસ' કરી આવેલા ઘણા લોકો કહે છે. આમ તો ભારતમાયે સ્વર્ગીય સ્થળો ક્યાં ઓછાં છે? તો પછી વિલાયતના સ્વર્ગની વિશિષ્ટતા શી છે? એ તો પ્રત્યક્ષ દર્શન અને સ્વાનુભવે જ સમજાય.

પ્રત્યક્ષ દર્શન અને સ્વાનુભવનું સ્થાન લઈ શકે તેવી શોધ હજી થઈ નથી. બીજાઓ ગમે તેટલું તાદૃશ વર્ણન કરે, ફોટાઓ અને ફિલ્મો બતાવે, માપતોલના આંકડાઓ આપે છતાં એ જ વસ્તુને જાતે જોવાથી જે સંતોષ મળે છે તે સંતોષ તો નથી જ મળી શકતો. "આપ મૂવા વગર સ્વર્ગે નથી જવાતું" અને "પ્રુફ ઓફ ધી પૂડીંગ લાઇઝ ઈન ઈટિંગ" જેવી કહેવતો પણ આમ જ સૂચવે છે. છતાં વિલાયત હજારો રૂપિયાના ખર્ચે જવાતું હોવાથી તેના વિશેનો ખ્યાલ કરોડો લોકોને બીજાઓના ગુલાબી ગુબ્બારાઓમાંથી જ મેળવી લેવો પડે છે એ ખરેખર કમનસીબ હકીકત છે.

મેં વિલાયતમાં જે કંઈ યત્કિંચિત્ જોયું છે તે ઉપરથી મારી કંખનાની પાંખ વળી ઓર ફફડવા માંડી છે. ભારતવાસીઓ સમાજવાદી સમાજરચનાનો આસ્વાદ ક્યારે યે મ્હાણી શકશે તે તો રામ જાણે; પરંતુ મને તો જાણે એમ થાય છે કે આ બધા સ્પુટનિકોની શોધ કરનારાઓ એક સીધી સાદી શોધ કેમ નથી કરી નાખતા કે જેથી દરેક માનવી પંખીની જેમ મુક્તપણે જ્યાં ઊડવું હોય ત્યાં ઊડી શકે! એક સાદી પાંખ, બસ ફફડાવો અને જ્યાં ફાવે ત્યાં ઊડો—ન જોઈએ ટિકિટ, પાસપોર્ટ કે વીસા! મુક્તિ અને સમાજવાદનો મારો તો આ આદર્શ છે! હવા અને પાણીને મૂલે પ્રવાસ કરી શકાય ત્યારે જ આ જગત ખરેખરું 'વન વર્લ્ડ' બની શકે. લેશે આની નોંધ જગતનો એકાદ પણ ઉડ્ડયન-વૈજ્ઞાનિક! લેશે આની નોંધ આપણા ભાઈ દારા કે. પૂનાવાલા કે જેમણે વડોદરાના સુરસાગર તળાવમાં પાણીની સપાટી ઉપર પોતે શોધેલી 'વોટર સાઇકલ' ચલાવી બતાવી!

વિલાયતની અમુક અમુક વાતો તો જાતે જોઈએ ત્યારે જ પૂરી સમજાય છે તેથી મેં પ્રત્યક્ષ દર્શનનાં ગુણગાન ગાયાં છે. આપણે આપણા જીવનથી એટલા બધા રીઢા—કન્ડીશન્ડ—થઈ ગયા હોઈએ છીએ કે બીજી પ્રજાઓનું જીવન આપણા કરતાં સદંતર જુદું હોય છે તેની આપણને કલ્પના સુદ્ધાં આવતી નથી અને તેથી જ તેમના વિશેના આપણા અભિપ્રાયો આંધળા હોય છે. વિલાયતના લોકો અતડા છે, ઘમંડી છે, ત્યાં તો લોખંડ અને કોલસા સિવાય બીજું છે જ શું, નાચરંગ, માંસાહાર અને શરાબોમાં ખૂંપેલી જડવાદી પશ્ચિમની પ્રજાને આધ્યાત્મિક મૂલ્યોનો ખ્યાલ જ ક્યાંથી હોય વગેરે વગેરે વાતો કહીને આપણને એક બાજુ પશ્ચિમ પ્રત્યે તિરસ્કાર કેળવવાનું કેટલાક સૂચવે છે, ત્યારે બીજી બાજુ વિલાયતની

સંસ્કૃતિ પ્રગતિની પરાકાષ્ટા સમી છે, વાણીસ્વાતંત્ર્ય અને લોકશાહીની દ્યોતક છે વગેરે વગેરે વાતોથી પૂર્વની સંસ્કૃતિને હલકી માનવાનું પણ કેટલાક સૂચવે છે. કોઇ પણ પ્રજા વિશેનો સમતોલ ખ્યાલ મેળવવા માટે તો તે પ્રજાની વચમાં જઇને જ રહેવું જોઇએ, તેમના જીવનનું રહસ્ય સમજવા થોડો સમય તેમના જેવું જીવન જીવી જોવું જોઇએ. લોખંડ, વાંસ કે ખાદીના પડદા પાછળ સાચું જીવન કેવું છે તેનો સમતોલ ખ્યાલ બીજાનાં વર્ણનો ઉપરથી ભાગ્યે જ આવી શકે.

આપણાં અને વિલાયતનાં દૈનિક જીવનનો તફાવત મને પહેલા દિવસથી જ સમજાવા માંડયો. આપણા જીવનનાં કેટલાંક વ્યાપક દશ્યો વિલાયતની ભૂમિ ઉપર શોધ્યાં જડે તેમ નથી. દાખલા તરીકે, માનશો? વિલાયતમાં કોઈને પલાંઠી મારીને બેસતાં જ નથી આવડતું! પરિણામે ગરીબમાં ગરીબ ઘરમાં સુદ્ધાં ભાંગ્યાતૂટ્યાં પણ બાજઠ, સ્ટુલ, પીપ કે ખુરશી–ટેબલ તો હોય છે જ. જમીન ઠંડીગાર રહેતી હોવાથી ત્યાં જમીન ઉપર બેસવા ઊઠવાનું કે તળાઇ પાથરીને સૂવાનું દશ્ય વિલાયતમાં ભાગ્યે જ જોવા મળે છે. ઘરમાં દરેક વ્યક્તિને બેસવા માટે ખુરશી જેવું કંઇક અને સૂવા માટે પલંગ જેવું કંઇક ઉચ્ચાસન હોય છે જ. તેથી આપણે ત્યાં જેમ સહેલાઈથી મહેમાનોની લંઘરને જમીન ઉપર પથારીઓ પાથરીને સુવાડી શકીએ છીએ તેમ એ લોકો સમાવી શકતા નથી. રાતના બે વાગ્યા સુધી ગપ્પાં, પાનાં કે પીણાંથી આવકારેલા મહેમાનને પણ છેલ્લે રાત રહી પડવાનો આગ્રહ કરવાનું ત્યાં આ કારણે મુશ્કેલ બની જાય છે. મધરાતે પણ મહેમાનને તેના ઘર સુધી વિદાય કરવા આવવા ત્યાંના લોકો ખુશી હોય છે પણ ઘરમાં રોકી પાડવા તો નહિ જ! ખાસ આમંત્રણથી બોલાવેલા મહેમાન માટે પણ ઘરમાં વધારાનો પલંગ કે પથારી ભાગ્યે જ કોઈને ઘેર હોય છે તેથી આવા પ્રસંગે ટેલિફોન કરીને એક મેટ્રેસ અને બેડસ્ટેડ ભાડેથી મંગાવી લેવામાં આવે છે! આપણે ત્યાં તો સગાના સગા અને મિત્રના મિત્રને ત્યાં પણ પૂર્વખબર મોકલાવ્યા વગર સીધા સ્ટેશનેથી સામાન સાથે ધામો નાખી શકાય છે; ત્યારે વિલાયતમાં પૂર્વયોજના વગર અતિથિસમાવેશ અને અતિથિસત્કારનો રિવાજ જ નથી. અતિથિને આપણી જેમ અતિશય આગ્રહ કરીને ઠાંસી ઠાંસીને ખવડાવવાનો પણ ત્યાં રિવાજ નથી. શુભનિષ્ઠાથી ભોજનની સામગ્રી અતિથિ સમક્ષ ધરવામાં આવે છે અને અતિથિ જરાક શરમાઈને "નો થેંક્યુ" કહે તો "આર યુ શ્યોર?" કે "રીયલી?" જેવો પ્રશ્ન એકવાર પૂછીને વધારે આગ્રહ જતો કરવામાં આવે છે. તેથી વિલાયતમાં અતિથિ બનવું પડે ત્યારે શરમાશો તો કરમાશો! જે સાચી ઇચ્છા હોય તે મક્કમપણે વ્યક્ત કરવામાં જ ત્યાં તો મઝા છે!

વિલાયતના જીવનમાં પાટલા ઉપર પલાંઠી મારીને બેસવાનું તેમજ ગાદી તકિયા ઉપર નવાબશાહી ઢબે હૂક્કો લઇને બેસવાનું દશ્ય પણ નથી. હીંચકો, ઝૂલો, પારણું કે ઘોડિયા જેવી પણ કોઇ વસ્તુ ત્યાં નથી હોતી. નાનાં બાળકોનો પલંગ તે તેમની બાબાગાડી જ! રાત્રે પણ બાળકોને આ પેરામ્બ્યુલેટરમાં હૂંફાળી શય્યા સજાવીને સુવાડી રાખવામાં આવે છે અને પછી બાળકો જરાક મોટાં થાય છે ત્યારે તો ટ્રેનના ડબ્બામાં જેમ લોઅર અને અપર બર્થ હોય છે તેવા જ પલંગો એકની ઉપર બીજો એમ ઘરમાં સુદ્ધાં ભીંતને અડતા જડાવી દેવામાં આવે છે. મોટો બાબો ઉપલા માળના પલંગ ઉપર સૂઇ જાય છે અને નાની બેબી નીચેના પલંગ ઉપર સૂઈ જાય છે. ગબડી ના પડે તે ખાતર પલંગની એક બાજુ ઊભી કિનારીવાળી હોય છે.

ઘરમાં સાંજે મહેમાનો આવે તેમની સાથે બાળકોનું ઓળખાણ પહેલું કરાવી દેવામાં આવે છે કારણ કે તેમને મહેમાનો સાથે અડધા કલાકથી વધારે વાતોમાં બેસાડવામાં આવતાં નથી. મહેમાન બાળકોને ચોકલેટ કે રમકડું ભેટ આપે તે બદલનો આભારવિધિ પૂરો થયા બાદ બાળકોને આદેશ કરવામાં આવે છે કે "ચાલો તો હવે કાકાને 'ગુડ નાઈટ' કરી દો તો, ચાલો હવે સૂવા ચાલ્યા જાવ તો." બાળકને સાધારણ રીતે ચોંટાઈ રહેવાનુ મન તો હોય છે જ પરંતુ તે હઠ પૂરી કરવા દેવામાં આવતી જ નથી. 'બી એ ગુડ બોય! યુ આર એ ગુડ ગર્લ!" જેવી મીઠી ખુશામત કરીને પણ બાળકોને તેમના રૂમમાં સૂવા માટે વિદાય કરી દેવામાં આવે છે જ. સાંજે આટલા બધા વહેલા બાળકોને સુવાડી દેવાનો રિવાજ મેં વ્યાપક રીતે વિલાયતમાં જોયો. આના ખુલાસામા માબાપોએ મને જણાવ્યું કે "અમે અમારાં બાળકોને બચપણથી જ આ પ્રમાણે 'ઓર્ગેનાઈઝ' કરીએ છીએ કે જેથી તેઓ શિસ્તહીન થઈને મોટાઓની વાતોમાં બેસીને સમય ન ગુમાવે અને ખોટા ઉજાગરા ન કરે. વહેલી સાંજે તેમના પોતાના રૂમમાં જઈને થોડુંક વાંચી કરીને વહેલા સૂઈ જવાનું બધાં જ બાળકોને શીખવવામાં આવે છે." આ જોઇને મને આપણા બાળકો આપણી સાથે વ્યર્થ ઉજાગરા કરે છે તેનો ઉદ્વેગ થતો હતો. બાળકોને વહેલા જમાડીને પછી મોટાઓ મહેમાનો સાથે જમે, વાતો કરે, પીણાં પીએ તો એ બધા પ્રોગ્રામમાં કશો વિક્ષેપ પડી શકતો નથી એ પણ ખ્યાલ હોય છે.

હવે આપણે સવારથી રાત સુધીના નિત્યક્રમનું વિહંગાવલોકન કરીએ. સૂવાના રૂમમાંથી બહાર નીકળતાં પહેલાં સૌ કોઈ ડ્રેસીંગ ગાઉન પહેરી દે છે કે જેથી રાતના સુંચાયેલા વેશમાં કોઈની સમક્ષ હાજર ન થવું પડે. ઊઠયા પછી જે કોઇ સામું મળે તે બધાને 'ગુડ મોર્નિંગ' કરવાનું શરૂ થાય તે છેક બપોરના ખાણા સુધી ચાલે. ટૂંકમાં, 'મૌની' જેટલો પણ હરકૂ સ્મિત સાથે સૌ કોઇ કાઢયા જ કરે છે! દાતણ જેવી ચીજ વિલાયતમાં નથી હોતી. સૌ કોઈ વોશબેસીન આગળ જઈને બ્રશથી દાંત ઘસે છે. કેટલાક લોકો દંતધાવન બાદ ચા પીએ છે તો કેટલાક પથારીમાંથી ઊઠતાં વેંત જ 'બેડ ટી' ગટગટાવી જાય છે! શૌચ માટે જંગલે જવાનો રિવાજ તો ત્યાં કોઇએ સાંભળ્યો પણ નથી પાણીના કળશિયા કે ડબલા જેવી ગંદી ચીજની તો તેમને કલ્પના પણ આવી શકતી નથી. તેમના સંડાસ ફ્રોરાકટ અને સ્વચ્છ હોય છે અને ગામડાઓમાં સુદ્ધા આ પ્રમાણે જ હોય છે. આપણા જેવું સંડાસ ત્યાં શોધ્યું પણ ન મળે અને હોય તો તેમા કેવી રીતે બેસવું તે પણ એ લોકોને ન સમજાય. ટોઈલેટ પેપરનો વિશાળ ધંધો આખા વિલાયતમાં વર્ષોથી ઘર કરી ચૂકેલો છે અને આ ખર્ચ અનિવાર્ય જ ગણાય છે.

આપણને તો એક દિવસ પણ સ્નાન કર્યા વગર ચેન ન પડે પરંતુ વિલાયતમાં ભાગ્યે જ કોઈ દરરોજ સ્નાન કરે છે. ત્રણ ચાર દિવસ બાદ કે કોઇ કોઈ વાર તો પંદર દિવસ બાદ પણ ઘણા લોકો સ્નાન કરે છે. આપણા જેવું બાલદી-લોટા સ્નાન પણ ત્યાં અજાણ્યું છે. વિલાયતમાં તો લોકો ખાસ્સી રીતે ત્રીસ ચાલીસ ગેલન ગરમ પાણી ભરેલા ટબમાં અડધો કલાક પડયા પડયા સ્નાન કરે છે અને સવારે આમ કરવાની ફુરસદ નથી મળતી તેથી સ્નાન રાત્રે સૂતાં પહેલાં કરે છે! ઘણા લોકોના ઘરમાં તો સ્નાનની સગવડ પણ નથી હોતી. તેવા લોકો જાહેર સ્નાનગૃહોમાં શિલિંગ બે શિલિંગ ખરચીને સ્નાન કરી આવે છે. આવાં સ્નાનગૃહોમાં એક ટબ ગરમ પાણી ઉપરાંત સ્વચ્છ ટુવાલ અને સાબુ પણ

આપવામાં આવે છે. સદ્ભાગ્યે મારા નિવાસસ્થાનમાં તો સ્નાનની ઘણી જ સુંદર વ્યવસ્થા હતી. હાથમાં ગરમ પાણીનો છંટકાવ કરતો ટેલીફોનના રીસીવર જેવો ફુવારો પકડીને પેટ ભરીને નહાવાની સગવડ હતી તેનો મેં પૂરેપૂરો લાભ ઉઠાવ્યો હતો. ૭ મહિનાંમાં ભાગ્યે જ હું ૭ દિવસ નાહ્યા વગર રહ્યો હોઇશ. સ્નાન વગર ચેન જ ન પડે તેટલું હિંદુત્વ તો હજીયે મારામાં પ્રબળ રીતે ટકી રહ્યુ છે!

સવારમાં બધા જ ઉતાવળમાં હોય છે તેથી સ્નાનની પરવા કર્યા વગર સૂટબૂટ ચઢાવીને નાસ્તા માટે ધસે છે. પૂરો વેશ કર્યા વગર નાસ્તાના ટેબલ ઉપર આવનાર પ્રત્યે કુતૂહલથી જોવામાં આવે છે. ખાલી ખમીસ અને પાયજામો પહેરીને જનારને નાસ્તો પીરસવામાં પણ આવે કે નહિ તે શંકા ભરેલું છે. રજાને દિવસે ઘરમાં જ રહેવાનું હોય છતાંયે સવારે નાસ્તા વખતે તો સૂટ ટાઇ પહેરીને જ જવું જોઇએ—પછી ભલે પાછા રૂમમાં આવીને તે બધું કાઢી નાખો! ટૂંકમાં, મતલબ એ કે, તમારી શીકલ એવી તો કદાપિ ન જ રાખવી જોઈએ કે જેને જોઈને બીજાને સૂગ ચઢે. કેવળ શીકલ જ નહિ પણ વર્તણૂક સુદ્ધાં એવી જ હોવી જોઈએ. જમતી વખતે 'ટેબલ મેનર્સ' પણ પાળવા જ જોઈએ. આપણી જેમ દાળ શીરાવવાના સબડકાનો અવાજ કે ખુલ્લા મોઢે ચાવીને કાદવ ગૂંદ્યા જેવો બચક્ બચક્ અવાજ કરનાર પ્રત્યે ત્યાં ઘણી જ સૂગથી જોવામાં આવે છે. જમતી વખતે બરાડા પાડીને વાતો કરનાર પણ નાલાયકમાં ખપે છે. ખાલી જમતી જ વખતે નહિ પરંતુ કોઈ પણ સ્થળે વાત તો હલકા અવાજે જ કરવી જોઈએ કે જેથી બાજુની કોઇ પણ ત્રીજી વ્યકિતને ખલેલ ન પહોંચે.

બસ દરેક બાબતમાં આ જ ખ્યાલ રાખીને વર્તન કરનાર સભ્ય સજ્જન ગણાય છે. પોતાના વર્તનથી કોઈને પણ ખલેલ પહોચે તો સાથેસાથ દિલગીર થવાની તાલીમ વિલાયતની પ્રજામાં ગળથૂથીથી પચી ચૂકેલી હોય છે. અરે કોઈની હાજરીમાં ઓડકાર, ખોખારો, વાયુસાર. છીંક કે બગાસું પણ ખવાઈ જાય તો **દિલગીરીમંત્ર** "**સૉરી**" તો તત્કાળ જ ઉચ્ચારી દેવો જોઇએ. અને કોઇ તમને મીઠાની બાટલી ખસેડવા જેટલી નાની પણ મદદ કરે તો **આભારમંત્ર** "**થેંક્યુ**" પણ તત્કાળ જ ઉચ્ચારી દેવો જોઇએ દિવસમાં સો વખત ગુડ મોર્નિંગ, થેંક્યુ અને સૉરી કહેવાની ટેવ ત્યાં આપોઆપ જ પડી જાય છે. એક વાર મેં એક મિત્રને આ વિશે પૂછી જોયું ત્યારે તેમણે ખુલાસો પણ સચોટ કર્યો કે "જુઓ, જેની સાથે તમે હજી હમણાં જ સૉરી અને થેંક્યુ જેવો વ્યવહાર રાખ્યો છે તેવી વ્યકિત સાથે તમે કદાપિ તકરાર કરી શકશો ખરા કે? આ બધા સભ્યતાના શબ્દોનો ઉચ્ચાર વારંવાર કરવાથી એક નવો જ સંસ્કારી મિજાજ ઘડાય છે કે જે તમને ગુસ્સે થતાં રોકે છે, કોઇની પણ સાથે તકરાર કરતાં રોકે છે!"

કેવળ આ ત્રણ જ મંત્રો નથી. બીજા પણ છે. કામમાં કે વાતમાં મશગૂલ વ્યકિત સાથે વાત કરતાં પહેલાં "એકસ્ક્યુઝ મી" કહીને વાત શરૂ કરવી સારી. બારણામાં કે રસ્તામાં આડી ઊભી રહેલી નડતી વ્યકિતને પણ "એકસક્યુઝ મી" કહીને રસ્તો કરી આપવાની વિનંતિ કરવી સારી. કોઈ કશું શોધવા ફાંફાં મારતો હોય તો "કેન આઇ હેલ્પ યુ?" કહીને મદદ કરવાની તૈયારી બતાવવાની સભ્યતા પણ વિલાયતના લોકોમાં ખૂબ જ છે. આવા જ બીજા વ્યાપક મંત્ર છે "ઈફ યુ ડોન્ટ માઇન્ડ", "નોટ એટઓલ, નોટ એટ-

બોલ", "આઇ બેગ યોર પાર્ડન", "હાઉ નાઇસ ઑફ યુ", 'થેંક્યુ વેરી મચ ઇન્ડીડ", "વ્હોટ કેન આઇ ડુ ફોર યુ, સર?" વગેરે વગેરે. અલબત્ત આપણા સમાજમાં પણ આવી ભાવનાઓ વ્યક્ત કરવાના મંત્રો હોય છે તો ખરા જ પરંતુ આપણે તેનો ઉપયોગ વિલાયતની પ્રજાની જેમ સાહજિક રીતે કરતા નથી. સંસ્કારી મિજાજના ઘડતર માટે ખરેખર આવી ટેવો પાડવા જેવી તો છે જ તેની ખાત્રી મને વિલાયતમાં થઈ. અધીરાઈ, ગુસ્સો, આખાબોલાપણું, આક્રમણવૃત્તિ, ગાળાગાળી, પોતાની ભૂલ કબૂલ ન કરવી, એવા બધા દુર્ગુણોને દૂર રાખવા આવા મંત્રોને આપણી વાણીમાં સ્વાભાવિક રીતે જ વણી લેવા જરૂરી છે—પછી ભલે આપણને ચાંપલામાં પણ ખપાવવામાં આવે!

સવારનો નાસ્તો — બ્રેકફાસ્ટ — એ વિલાયતના જીવનનું એક વિશિષ્ટ અંગ છે. આપણે ત્યાં પણ આસ્તે આસ્તે આનો પવન ફેલાતો જાય છે પરંતુ વિલાયતના જેવો વિધિસરનો તો નહિ જ. ત્યાં તો દરેક વ્યક્તિ રીતસર પેટ ભરાય તેટલો બધો નાસ્તો કરે છે. તેમાં પણ પાછા 'કોર્સ' હોય છે! પહેલા 'કોર્સ'માં કાં તો ટામેટાનો રસ, લીલો મેવો કે તેનો રસ, અથવા તો ઘઉંના પૌંઆ (કોર્ન ફ્લેક્સ) અને દૂધ અથવા પોરીજ, બીજા 'કોર્સ'માં બાફેલા, તળેલા કે શેકેલા ઈંડાં (બોઈલ્ડ, ફ્રાઇડ કે પોચ્ડ એગ્સ) અથવા ઇંડાનો પૂડો (ઑમ્લેટ) અને પાઉં, માખણ અને મુરબ્બો (બ્રેડ બટર ઍન્ડ જામ) અથવા શેકેલા પાંઉ (ટોસ્ટ) અને ત્રીજા 'કોર્સ'માં બે ત્રણ કપ ભરીને ચા અથવા કૉફી. આવો નાસ્તો સવારમાં આઠેક વાગે કરીને સૌ કોઈ પોતપોતાના કામે જવા નીકળે છે. લગભગ નાસ્તાના સમયે જ છાપું તથા ટપાલ પણ આવે છે તેથી આ ખાસ સમયે તો બધા જ ખૂબ ધાંધલમાં હોય છે.

બસ કે ટ્રેન પકડવા આપણાં શહેરોની જેમ જ સ્ટેશનો ઉપર ગીરદી જામે છે. તફાવત એટલો જ કે ગીરદી છતાં ત્યાં ધાંધાટ નથી હોતો. ટ્રેન કે બસમાં સૌ કોઈ પ્રમાણિક રીતે લાઇનમાં પોતાનો વારો આવે ત્યારે જ ચઢે છે અને ઉતરે છે. કોઈ ત્યાં ધક્કામૂક્કી કે ગાળાગાળી નથી કરતું. ઊલટું પોતે થોડોક ત્રાસ વેઠીને પણ સામાને બનતી સગવડ કરી આપે છે. સ્ત્રીઓ અને બાળકો પ્રત્યે તો ઘણો જ ઉદારતાભર્યો વર્તાવ રાખવામાં આવે છે. વૃદ્ધ સ્ત્રી પુરુષોને ચઢતા ઉતરવામાં સહાય આપવા નજીકની કોઈપણ વ્યક્તિ તેમને હાથનો ટેકો આપે છે. સ્ત્રીઓના હાથમાં કંઈપણ વજનદાર પાર્સલ કે પેટી જેવું હોય છે તો "કેન આઈ હેલ્પ યુ?" કહીને તે ઊંચકી લેવાની સભ્યતા દરેક પુરુષ દર્શાવે છે. સ્ત્રીઓ પણ "થેંક્યુ વેરી મચ" કહીને સસ્મિત આભાર માનવાનું કદાપિ ચૂકતી નથી. બસના કન્ડક્ટરો પણ ઘણા જ વિવેકી હોય છે. ટિકિટ કઢાવવા બદલ તે દરેક પેસેન્જરને વ્યક્તિગત રીતે 'થેંક્યુ' કહ્યે જ રાખે છે અને દરેક પેસેન્જર પાછો કન્ડક્ટરને ટિકિટ કાઢી આપવા બદલ સામું "થેંક્યુ" કરે છે! આખા દિવસમાં બસનો કન્ડક્ટર આ પ્રમાણે હજારો વખત "થેંક્યુ"નો મંત્ર ભણ્યે જ રાખે છે. મારા ધારવા પ્રમાણે બસ કન્ડક્ટરના જેટલી બધી વાર 'થેંક્યુ'નો ઉચ્ચાર બીજો કોઈપણ વર્ગ નહિ જ કરતો હોય! વિલાયતની બસમાં પુરુષો ઉપરાંત ઘણી સ્ત્રીઓ પણ કન્ડક્ટર તરીકે કામ કરતી જોવામાં આવે છે. તેઓ પણ પુરુષો જેવા જ કોટપાટલૂન પહેરે છે. બસ કન્ડક્ટર તરીકે ઘણા હિંદી, પાકિસ્તાની અને આફ્રિકન ભાઈબહેનો પણ કોઈ કોઈ વખત જોવાનાં મળે છે.

લંડનની ભૂગર્ભ ટ્રેનો વિશે અગાઉ પણ હું લખી ગયો છું. આ ટ્રેનો ખૂબ જ વ્યવસ્થિત રીતે દોડે છે અને ખૂબ જ વિપુલ સંખ્યામાં હોય છે — તે એટલે સુધી કે બે ત્રણ મિનિટના આંતરે દરેક લાઈન પર ટ્રેનો ચાલુ આવ્યા જ કરતી હોવાથી આ ટ્રેનો માટે ટાઈમટેબલ જેવી પણ કોઈ ચીજ હોતી નથી! અને ધાંધલ કે ગીરદી કરવાની પણ કશી જરૂર રહેતી નથી. ટ્રેન જરાક ભરેલી દેખાય તો પછીની ટ્રેનની રાહ જોવાનું પણ ખાસ આકરૂં લાગતું નથી. આપણે ત્યાં ચીકાર ટ્રેનમાં પણ ગમે તેમ કરીને ચઢી જ જવું પડે છે કારણ કે તે ટ્રેન ગુમાવવી પરવડે તેમ નથી હોતી — બીજી ટ્રેનમાં જવા જેટલું મુલતવી રાખવા જતાં ખૂબ જ મોડું થઈ જાય છે. એક કરોડની વસ્તીવાળા લંડન શહેરમાં પણ મુસાફરીનો ત્રાસ મુંબઈ, કલકત્તા, અમદાવાદ, દિલ્હી કે મદ્રાસ જેવો લાગતો નથી. અલબત્ત બસની બાબતમાં તો ત્યાં પણ ધીરજ રાખવી જ પડે છે. તે છતાં એકંદરે વિલાયતમાં જાહેર વાહન વ્યવહારનું સુખ સારું છે. બીજી બાજુ વિલાયતમાં ટેક્સીની સાહ્યબી આપણા દેશ કરતાં ઘણી જ મોંઘી છે. પેલી 'ટીપ્સ' વાળી વાત યાદ છે ને!

દુકાનો, ઓફિસો, સ્કુલો એ બધું સવારના નવ વાગ્યાથી ચાલુ થઈ જાય છે તેથી આઠથી નવ વાગ્યાના સમયમાં સૌ કોઈ પોતપોતાના સ્થળે પહોંચવાની જબરી ઉતાવળમાં હોય છે. આ ઉતાવળમાં જ આધુનિક જીવનના ખરેખરા કરુણ 'રેજીમેન્ટેશન'નું પ્રતિબિંબ રહેલું મને પહેલેથી જ લાગતું આવ્યું છે અને વિલાયતના "મુક્ત જગત"માં પણ મેં કોઈને આમાંથી મુક્ત થયેલું ન જોયું. દરેક મિત્રને મેં ફરિયાદ કરતો સાંભળ્યો છે કે સવારની આ હાલત બહુ અપ્રિય છે. મીઠી ગુલાબી નીંદર, દિલખુશ સ્નાન કે પૂજાપાઠ(!)ની મઝા તો રજાના દિવસે જ ભોગવી શકાય છે. રજાને દિવસે તો મેં ત્યાં ઘણાખરા લોકોને સાડા આઠ કે નવ વાગે જ ઊઠતા જોયા છે! ત્યાં ઠંડી એવી મીઠી ગુલાબી હોય છે કે પથારીમાંથી ઊઠવાનું જ ન ગમે પરંતુ આધુનિક જીવને આ આનંદ સદાને માટે ખૂંચવી લીધો છે. 'વહેલા ઊઠવાની ટેવ પાડો' વગેરે સુક્રિયાણી સલાહ આપવી સહેલી છે; પરંતુ મારો આત્મા તો સદા પોકાર્યા જ કરે છે કે આવા કુદરતી આનંદની સાથે આધુનિક જીવન કેમ સુસંગત નથી બની શકતું!

નવથી સાડાબાર કે એક વાગ્યા સુધી કામ કરીને લોકોનાં ટોળેટોળાં 'લંચ' લેવા ધસે છે. ખૂબીની વાત એ છે કે વિલાયતમાં સ્ત્રીઓ અને પુરુષો બધાં જ કામે જતાં હોવાથી લગભગ બધાંના ઘરનું રસોડું સવારે બંધ રહે છે અને બધાં જ બપોરનું ખાણું હોટલો, રેસ્ટોરાંઓ, કેફે, કેન્ટીન કે એવા જાહેર સ્થળે જ લઈ લે છે. ઘરમાં તો ફક્ત રજાના દિવસે જ આની ખટપટ કરવી પડે છે. બાકીના બધા દિવસ સ્ત્રી, પુરુષ, બાળકો પોતપોતાની ફેક્ટરી, ઓફિસ, સ્કુલ કે કોલેજના કેન્ટીનોમાં કે નજીકની હોટલમાં જ લંચ લઈ લે છે. ઘેરથી ડબ્બો કે ટીફીન આવવાનું મુંબઈનું પ્રખ્યાત દૃશ્ય વિલાયતમાં ક્યાંયે જોવા મળ્યું નહિ. હા, મેં કેટલાક લોકોને ઘેરથી સવારે સાથે જ એકાદ પડીકું લઈને આવતા જોયા છે. તે લોકો હોટલનો ખર્ચ કરવાને બદલે સાથે લાવેલા સેન્ડવીચ (પાંઉના બે ટુકડા વચ્ચે ટામેટાં, કાકડી, લેટ્યુસની ભાજી, ચટણી કે હેમ તથા માખણ) સાથે ચાનો એક કપ અને એકાદ સફરજંદ ખાઈને પણ ચલાવી લે છે. પણ મોટા ભાગના લોકો તો હોટલોમાં જ જમવા જાય છે.

બપોરના ખાણા માટે મને તો આઈ. સી. આઇ. કંપનીના કેન્ટીનનો સુંદર લાભ મળતો હતો. કેન્ટીનના બે વિભાગ હતા. એક તો 'સેલ્ફ હેલ્પ' સર્વિસ કે જેમાં લાઈનબંધ

કતારમાં ઊભા રહીને વારો આવે ત્યારે મનપસંદ ચીજ જાતે ઊંચકી લઈને તેટલા પૂરતા જ પૈસા આપવાના—આપણી 'અન્નપૂર્ણા' જેવું. બીજો વિભાગ રીતસર હોટલ જેવો હતો. એકી સાથે ચારસો માણસો જમી શકે તેવાં સો ટેબલો એક જ વિશાળ અને સ્વચ્છ ખંડમાં ગોઠવેલાં છે. દર પાંચ ટેબલ દીઠ એક એક મીઠાબોલી વેઈટ્રેસ હોય છે. તે દરેક જણને 'ગુડ મોર્નિંગ, મિસ્ટર, મિસ કે મીસીસ, વ્હોટ વુડ યુ લાઈક ટુ હેવ ફોર યોર લંચ પ્લીઝ?' એમ હસીને પૂછી જાય તમે મેનુમાં વાંચીને ઓર્ડર આપો તે તે નોંધી લે અને પછી તમે તમારા ટેબલના સાથીઓ સાથે 'ગુડ મોર્નિંગ' કરીને વાતે ચઢો. કશી વાત ન સૂઝે તો હવામાનની વાત તો કરવી અને કરવી જ! વિલાયતની બાપડી પ્રજાને આપણા જેવાં સૂર્યદર્શન બહુ જ જૂજ દિવસોમાં થાય છે અને ત્યાં તો "ઘડી ઘડી તડકો ને છાંયડો ફેરવાયે, સકળ જન કહે વૃષ્ટિના થાય ચાળા" જેવી પરિસ્થિતિ બારે માસ રહે છે તેથી જરા જેટલો ઉઘાડ દેખાય એટલે બધા ખુશ! "ફાઈન ધીસ મોર્નિંગ! ઈઝ ઈટ્ નોટ્?" અને વરસાદ પડ્યા કરતો હોય ત્યારે "ઓફુલ ડુ ડે, ઈઝ ઈટ્ નોટ્?" અથવા "વેરી નાસ્ટી વેધર, ઈટ્ ઈઝ પોરિંગ હોલ ડે એન્ડ નાઈટ્!" એમ લાખો સ્ત્રીપુરુષો રોજ ને રોજ જિંદગીભર ત્યાં બોલ્યાં જ કરે છે. અજાણ્યા સાથે દોસ્તીની શરૂઆત પણ હવામાન વિશે સહમત થઈને કરી શકાય છે!

બપોરના ખાણામાં આપણા જીવનની એક પણ ચીજ જોવા ન મળે! ન મળે થાળી, વાડકો કે પાણીનો લોટો, ન મળે દાળભાત કે રોટલી, પુરી અને ભાખરી, ન મળે ખીચડી, દાળઢોકળી કે ખમણ, પાતરા, ઢોકળાં અને ભજિયાં, ન મળે ચટણી, અથાણું, પાપડ કે રાયતું, ન મળે છાશ, દહીં કે શ્રીખંડ બાસુદી અને દૂધપાક. એ બધું ભૂલી જાવ અને આ નવી દુનિયામાં જે મળે તે ખાવા તૈયાર થઈ જાવ, નહિ તો ભૂખે મરી જાવ!

પણ છેક જ નિરાશ થવાની જરૂર નથી. આ જુઓ, પહેલા કોર્સમાં શું લેશો? ટોમેટો, મશરૂમ કે લેન્ટીલનો સુપ? ખરેખર તમને ભાવશે જ. ક્રીમવાળો ટોમેટો સુપ ખૂબ જ સ્વાદિષ્ટ છે અને મશરૂમનો સુપ તો ખરેખર ઉમદા સ્વાદવાળો છે. લેન્ટીલનો સુપ એટલે તમારી દાળ જ સમજી લોને, કેમ ભાવશે ને? અને તમને ખપે તેમ હોય તો આ બીજા સુપ પણ છે જ—મટન સુપ, ચીકન સુપ, ઑક્સટેઈલ સુપ, થીક સુપ, કલીયર સુપ.

સુપનો કોર્સ પૂરો કરો એટલે તેની ઊંડી રકાબી વેઈટ્રેસ ઉપાડી લે અને તેની જગ્યાએ બીજી એક છીછરી રકાબી ગોઠવી દે તેની ડાબી બાજુ સાઈડ પ્લેટ નામની એક નાની રકાબી પહેલેથી છેલ્લે સુધીના કોર્સ સુધી મૂકેલી જ રહે છે. તેમાં પાંઉ કે બ્રેડનો રોલ અને માખણ લેવાના. પછી પેલી વચલી રકાબીમાં બીજો કોર્સ પીરસાય. શું લેશો? શાકાહારી છો? તો લોને જાતજાતના બટાકા છે—બોઈલ્ડ પોટેટો, રોસ્ટ પોટેટો, ફ્રાઈડ પોટેટો, મેશ્ડ પોટેટો, ચીપ્સ પોટેટો, ક્રીસ્પ પોટેટો, ઘેટ પોટેટો! અને બટાકા ન ભાવતા હોય તો લો આ બાફેલા ગાજર છે, બાફેલું કોલી ફ્લાવર છે, બાફેલા વટાણા છે. બધું ફિક્કું ફિક્કું લાગે છે! તો લોને આ રહી મરી અને મીઠાની બટલીઓ! ભૂકીઓ ભભરાવો અને તે છતાં ફિક્કું લાગે તો લ્યો આ લસોટેલી રાઈનો મલમ (મસ્ટર્ડ) જરાક ચોપડો. હજી નથી ભાવતું! તો લ્યો આ કાચા લેટ્યુસના પાંદડા, ટોમેટાના ટુકડા, લીલા કાંદા અને ચણીબોર જેવા આ લાલ મૂળાનો સેલેડ. કેમ છે ને તે તો ઘર જેવો? અને જો ખપતું હોય તો આ

બધું પણ છે—મટન પાઈ, મટન સ્ટીક, લીવર, કટલેટ ફ્રાઈડ ફીશ, રોસ્ટ ચીકન ચોપ્સ, મોમેલેડ્સ, હેમ્મગૅસ, વગેરે વગેરે ભાજી કે શાકભાજીમાં તો ઉપર કહ્યાં તેથી વિશેષ કંઈ નથી પણ આ બીજા પ્રકારની ચીજોમાં વૈવિધ્ય છે એનો ખ્યાલ આવશે?!

આ બીજો કોર્સ કે જે મુખ્ય કોર્સ છે તેમાં જ ખરા વાંધા મારવા પડે છે! રોજ રોજ એના એ જ બટાકા, કોબીજ, ગાજર અને રીંગણાં ખાઈખાઈને રગામી ફેંકી દેવાનું મન થાય છે અહીં નથી ભીંડા, ટીંડોરા, સૂરણ, ગીંગણા, પરવળ કે ફણસી અને જે કંઈ છે તે પણ ફિક્કુ ફસ આપણા એકાદશીના ફરાળ પણ આનાથી તો વધારે સ્વાદિષ્ટ હોય છે અને સામીષ વાનગીઓ પણ ફિક્કીફસ જ હોય છે એના કરતાં કે બીફ પોમ્ફ્રેટ કે ગ્રીન પેગીસ કે સમોસા, બીરયાની કે પુલાવની ઝમક નથી હોતી પણ મદ્રાસમાં અહીં ઝમક આદુ–મરચાંથી નથી લાવવામાં આવતી તે તો ખબર છે ને? ઝમકની ચીજ અહીં જુદી જ છે, મસાલો છે! એનો તે ખપશે?!

બીજા કોર્સથી સંતોષ નથી થતો તો લો હવે ત્રીજા કોર્સથી મોઢું મીઠું કરો. અમે તમારી જેમ મીઠાઈ પહેલેથી નથી પીરસી દેતા. એકી સાથે બધી ચીજો પીરસવાનો શો અર્થ! પહેલાં દાળ પી જાવ, પછી રોટલી ખાઈ જાવ, પછી શાક ખાઈ જાવ, પછી શ્રીખંડ ખાવ અને છેલ્લે કોફી પીઓ! કેમ લાગે છે આવો ક્રમ? અમારે વિલાયતમાં તો મોટી થાળી જ નહિ ને તેથી આ પ્રમાણે વારાફરતી ખાવાની જ ખરી મઝા છે. તમારે મીઠાઈ પહેલી ખાવી હોય અને સુપ છેલ્લે પીવો હોય તો તે બની શકે જ કેવી રીતે? જાણો છો ને આ દેશ સૌથી વધારે પ્રણાલિકાનુસરત છે, રૂઢિચુસ્ત છે? ક્રમ બદલાય જ કેમ! પણ અમારા સુપની જેમ અમારી મીઠાઈઓ તો જરૂર તમને ભાવશે જ. ભલે મગજ અને મોહનથાળ, બરફી, પેંડા અને કોપરાપાક, ખીર જ અને પુરણપોળી વિલાયતમાં જોવાના ન મળે પણ આ યે શું ખોટાં છે—બાફેલું સફરજન, બાફેલી દ્રાક્ષનો ટાર્ટ, ગુસબેરી ટાર્ટ, પુડીંગ જેલી આઈસક્રીમ અને ફ્રૂટ સેલેડ! તે ઉપરાંત લ્યો આ મીઠા મેવા—પીયર્સ, એપલ, ઓલીવ, જાફા ઓરેન્જ, પીચ અને દ્રાક્ષ એ બધું ખાધા પછી છેલ્લો કોર્સ કોફીનો છે તે ભૂલશો મા અને પછી તમને પાનબીડાં કે વરિયાળી સોપારીની તલપ લાગતી તો હશે પણ એ ચીજો તો અહીં ક્યાંથી મળે? સીગારેટ પીઓને! અને નહિ તો ટોફી કે ચોકલેટ ખાવ.

લંચની વાત લાંબી ચાલી છતાં એક વાત વધારે કહેવાની છે. મને આઈ સી આઈના કેન્ટીનમાં ૭ મહિના સુધી લંચ વખતે બે વ્યક્તિઓનો ઘણો નિકટ પરિચય થયો. તે બન્ને મારા ટેબલ ઉપર જ બેસવાનું પસંદ કરતા હતા. એક તો હતા ૬૫ વર્ષના વયોવૃદ્ધ મિ. એન્થની જેમ્સ હેઇવલુડ કે જેમનો ચહેરો ગાંધીજી તથા રાજાજીને મળતો હતો. તેઓ કેમીકલ રીસર્ચ લેબોરેટરીના મુખ્ય અધિકારી હતા અને એક વૈજ્ઞાનિક હોવા ઉપરાંત ખૂબ જ ધાર્મિક વૃત્તિવાળા કેથોલિક ક્રિશ્ચિયન હતા. રાજકારણમાં તેઓ રૂઢિચુસ્ત પક્ષના ખાસ હિમાયતી હતા છતાં તેમનાથી જુદો અભિપ્રાય ધરાવનાર સૌ કોઈ પ્રત્યે સહિષ્ણુ હતા. તેમણે મારી સાથે ગાંધીજી, વિનોબાજી, ગીતાજીના તત્ત્વજ્ઞાનની ઘણી ચર્ચાઓ કરી હતી. છેલ્લે એક દિવસ તો આખી રજા મેં તેમને ઘેર ચર્ચામાં જ ગાળી હતી. બીજા હતા એક મિ. ડેલ. તેઓ બ્રિટિશ લેબર પાર્ટી તરફથી પાર્લમેન્ટની ચૂંટણીમાં ઊભા રહ્યા હતા પરંતુ હારી ગયા હતા. છતાં માન્ચેસ્ટરની કોર્પોરેશનમાં તો તેઓ ચૂંટાયા હતા. મિ. હેઇવલુડ અને મિ. ડેલ ચર્ચામાં એકબીજાના

કટ્ટર વિરોધી હતા છતાં ઘણા નિકટના મિત્ર હતા. તે બન્નેનો લાભ મને મળ્યો તે ફિક્કા લંચના વળતર કરતાં પણ વિશેષ હતો. હું ભારતમાં કવચિત્ જ સીગરેટ પીતો હતો છતાં મિ. હેઈલવુડનો એટલો બધો આગ્રહ હતો કે દરરોજ તેઓ મને તેમની બે સીગરેટ પીવડાવ્યા વગર છોડતા જ નહોતા ! તેમને ઘેર તો મેં મારી જિંદગીનો રેકર્ડ કર્યો હશે ! લગભગ પંદર પીધી હશે. તેટલા સમયમાં તેમણે તો પચાસેક પી નાખી હશે. અને પીણાંઓ પણ તેમને ત્યાં વિવિધ પ્રકારનાં હતાં ! જીન, વ્હીસ્કી, વારમોથ, બ્રાન્ડી, શેમ્પેઈન વગેરે વગેરે ! એમના ધાર્મિક જીવન સાથે આ બધી વસ્તુઓ કઇ રીતે સુસંગત ગણાય એવા મારા નિર્દોષ પ્રશ્ન ઉપર પણ શ્રી. હેઈલવુડે સુંદર ચર્ચા કરી હતી. શરાબ પ્રત્યે આપણામાં એટલો બધો તિરસ્કાર પહેલેથી કેળવવામાં આવ્યો છે કે આપણે પ્રત્યેક શરાબ પીનારના નામને બટ્ટો (સ્ટીગ્મા) લગાડવા લલચાઇએ છીએ. પરંતુ વિલાયતમાં તો મેં જોયું કે ત્યાંની મોટા ભાગની પ્રજા અને ઘણી જ સમજદાર વ્યક્તિઓ પણ, સંયમયુક્ત મદિરાપાન કરે છે અને ત્યાંની ઠંડી હવા સાથે તે સુસંગત પણ છે તેથી તે બધાને ખરાબ કઈ રીતે કહી શકાય એ રીતે જોવાનું પણ હું ત્યાં જ શીખ્યો. આવા દાખલાઓને લીધે જ હું બીજી પ્રજાઓ વિશે અભિપ્રાય દર્શાવવા માટે પ્રત્યક્ષ દર્શન અને સ્વાનુભવને વધારે મહત્ત્વ આપવાનો આગ્રહ રાખું છું. શ્રી હેઇલવુડ સાથેની બીજી ચર્ચાઓ વિશે આગળ ઉપર લખીશ.

લંચ લીધા બાદ સૌ કોઈ પાછા પોતાના કામે વળગી જાય છે. વળી પાછો નવી મળનાર વ્યક્તિઓ સાથે 'ગુડ આફ્ટર નુન'નો શિષ્ટાચાર શરૂ થાય છે તે સાંજ સુધી ચાલે છે. સાંજે મંત્ર બદલાઈ જાય છે અને 'ગુડ ઈવીનિંગ' રૂપે વ્યક્ત થાય છે. સાંજે પાંચ કે સાડા-પાંચ વાગે કામેથી છૂટયા બાદ પાછી ઘેર જવાની બસ કે ટ્રેન પકડવાની ઉતાવળમાં સૌ કોઈ ગૂંથાઈ જાય છે.

ઘેર પહોંચ્યા પછી પતિપત્ની સાથે મળીને રસોઈ પકાવવા બેસી જાય છે. અલબત્ત વિલાયતમાં રસોઈ પકાવવાનું કામ આપણા જેવું લાંબુંચોડું હોતું નથી. પાંઉ તો બજાર-માંથી તૈયાર જ લાવવાના હોય છે તેથી પુરી, રોટલી, ભાખરી વણવાની કડાકૂટ વિલાયતના જીવનમાં હોતી જ નથી. શાકભાજી પણ ખાલી બાફીને સીધાં જ પીરસી દેવાનાં હોય છે એટલે આપણા પાકશાસ્ત્ર સાથે આ બાબતમાં પણ તેમને કશો સંબંધ હોતો નથી. શાક, મટન કે માછલી બાફવાનાં પણ એટલા જ માટે કે નહિ તો તે પેટમાં દુઃખે ! બાકી તો જેટલું કાચું ખવાય તેટલું વધારે સારું કે જેથી વિટામીનો અને પ્રોટીનોનું ખૂન ન થઈ જાય—પછી ભલે સ્વાદનું ખૂન થઈ જાય તો થવા દો ! સ્વાદ તો કેળવવાની ચીજ છે, માનવા માંડો તો બાફેલું ગાજર કે કોળું પણ સંભારિયા ભીંડા કે પાતરાં કરતાં યે વધારે સ્વાદિષ્ટ લાગે. સમજ્યા મારા મહેરબાન ! સ્વાદ સ્વાદ શું કરો છો ? ખરી વસ્તુ તો પોષક તત્ત્વો છે અને સ્વાદ જોઈતો હોય તો આ મરી અને મીઠાની બાટલીઓ સદાયે તમારી સમક્ષ હાજર જ છે ! ભભરાવાય તેટલા ભભરાવોને !

સાંજે બાળકોને વહેલા જમાડીને ઊંઘભેગા કરી દેવામાં આવે છે. વાસણો જાતે જ માંજવાના હોવાથી બધાનું ધ્યેય સાડાસાત કે આઠ વાગ્યા સુધીમાં બધું પતાવી દેવાનું હોય છે. તેથી જમવા તો સાડા ૭ કે સાત વાગ્યામાં બેસી જાય છે. હોટલોમાં તો આ બાબતનું 'રેકમેન્ડેશન' આપણને ખૂબ જ આકરું લાગે તેવું હોય છે. વેઈટ્રેસોને વેળાસર છૂટી કરવી જ રહી, આપણી જેમ મધરાત સુધી ઘાટીની ઢુસ કાઢવાનું વિલાયતમાંથી હવે તો સદંતર

અદશ્ય થઈ ગયું છે. તેથી સાંજે વહેલા જમી લેવાની બધાને જ ફરજ પડે છે. જમ્યા પછી છેલ્લે પાછી કોફી તો ખરી જ!

જમી પરવારીને કુટુંબીઓ ઘરના દીવાનખાના (લાઉન્જ રૂમ)માં ભેગાં થાય છે. ફાયર પ્લેસમાં કોલસા, ગેસ કે વીજળીથી ગરમી પ્રગટાવીને તેની આસપાસ બધાં ગોઠવાઈ જાય છે. કોઈ સંગીત રસિયા હોય છે તો તે પિયાનો કે વાયોલીન વગાડવા બેસી જાય છે અથવા તો રેડિયો કે ટેલીવીઝન ચાલુ કરીને ગામગપાટા હાંકવા બેસી જાય છે. અભ્યાસીઓ છાપા, માસિકો કે પુસ્તકો વાચવામાં પરોવાય છે અને રમતપ્રેમીઓ ચેસ જેવી રમતમાં ગૂંથાય છે. રાત્રે દસેક વાગે પાછું કોફી અને બીસ્કીટનું વાળુ (સપર) થાય છે અને તે પણ 'હેલ્પ યોરસેલ્ફ'ની પદ્ધતિથી જ કે જેથી એક જ વ્યક્તિને બધાની સેવા કરવી ન પડે. વિલાયતમાં પરસેવો ભાગ્યે જ થતો હોવાથી દરરોજ ન નહાઈએ તોયે ખાસ વાધા જેવું ન હોવાથી ઘણાખરા લોકો અઠવાડિયામાં એકાદ વાર અને તે પણ રાત્રે સૂતા પહેલા સ્નાન કરે છે અને સાડાદસ કે અગિયાર વાગે ઊંઘી જાય છે. આવો છે વિલાયતના જીવનનો નિત્યક્રમ.

વિલાયતના જીવનનું મોટા ભાગનું નિર્માણ તો ત્યાની ઠંડી હવા અને આપણા કરતાં વધારે સંતોષકારક આર્થિક પરિસ્થિતિની આસપાસ જ થયેલું છે. આપણે ત્યાં કોઇપણ ઘર માટલા વગરનું નથી હોતું ત્યારે વિલાયતમા માટલાને કોઈ ઓળખતુ જ નથી કારણ કે તેમને ત્યા નળનું પાણી જ પૂરતું ઠંડું અને સ્વચ્છ હોય છે તેથી નળ નીચે જ સીધો ગ્લાસ ધરીને પાણી પીવામાં આવે છે. કોઈ કોઈ વાર તો ગરમ પાણી ઉમેર્યા વગર પાણી પી પણ શકાતું નથી એટલું બધું ઠંડું હોય છે. પીત્તળ કે સ્ટેઇનલેસ સ્ટીલના ગ્લાસ પણ ત્યાં કદાપિ જોવા મળતા નથી કારણ કે ધાતુનાં વાસણો એવા તો ઠંડાગાર થઇ જાય કે હાથમાં પકડી પણ ન શકાય. આ જ કારણે થાળી વાડકાને સ્થળે પણ ચીનાઇ માટીની જ રકાબીઓ અને કૂપીઓ વપરાય છે. પીત્તળ કે સ્ટીલની તપેલીઓ પણ આખા વિલાયતમાં જોવા મળતી નથી. એલ્યુમિનિયમ કે એનેમલના વાસણોમા જ રસોઇ થાય છે. ત્યાં સગડી કે પ્રાઇમસ પણ જોવા મળતાં નથી. ઠેર ઠેર ગેસ અને ઇલેક્ટ્રીકથી જ રસોઈ થાય છે

આપણા જીવનની સર્વસામાન્ય ચીજો ત્યાં બિલકુલ દેખાતી નથી. દાખલા તરીકે– દાતણ, લોટા, સગડી, સડાસનો કળશિયો, કંકુ, ચાલ્લો, તિલક, પાટલો, હિંચકો, ધોળિયું, ધોતિયું, સાડી, વેણી, ફૂલમાળા, માટલુ, બળદગાડી, છાણાં, લીંપણ, ધૂળના ગોટા, પાનપટ્ટી, લાજનો ઘૂમટો, સેવ ચેવડાની દુકાનો, ફેંટો, પાઘડી, ચપલ, ભેંસ, પડિયા, પતરાળા, વરઘોડો, ફરાળ, છાશ, ખાવાની સેંકડો વસ્તુઓ, કેરી, આમલી, ભેંસ, સ્ટીલની ટ્રંકો, બીસ્ત્રો, રીક્ષા, રક્ષા, જનોઈ, શ્રાદ્ધ, સપ્તાહ, કથા, પ્રસાદ, માથે સામાન ઉંચકનારો, પનિહારી, કુવો, પંખો (ઇલેક્ટ્રીકનો પણ નહિ! શી જરૂર?), સાવરણી, સુપડું, ઘંટી, ફાનસ વગેરે વગેરે. વિલાયતના લોકોને આપણે કહીએ કે ભારતમા લગ્નપ્રસંગે બસો પાંચસો કે હજાર માણસો જમે તેવા મોટા જમણવારો થાય છે અને રસ્તા ઉપર ધૂળમા જ જમણની પંગતો પડે છે તો તે વાત તેમની કલ્પનામાં પણ ઉતરી શકતી નથી કારણ કે તેમને ત્યાં તો લગ્નમાં પચીસ કે પચાસથી વધારે મહેમાનોને ભાગ્યે જ કોઇ જમાડે છે. કોઈ અમીર ઉમરાવ કે રાજવંશી વ્યક્તિ જ બસો પાચસો માણસને જમાડે છે અને તે પણ

કોઈ મોટી હોટલના બેન્કવેટ હોલમાં અને નહિ કે ધૂળવાળા રસ્તા ઉપર કે ચીકણી વાડીઓમાં. પાન ખાઈને રસ્તા ઉપર કે ભીંતો ઉપર પીચકારીઓ છાંટવાની વાત પણ વિલાયતમાં કોઈને ગળે ઊતરતી નથી. અલબત્ત આવી વાતો આપણા દેશને હલકો પાડવાની દૃષ્ટિએ મેં કદાપિ કરી નથી પરંતુ આપણું અને તેમનું જીવન કેટલું બધું ભિન્ન છે તે દર્શાવવા પૂરતી જ કરી છે.

પણ હવે આપણા જીવનમાં પણ ઘણો પલટો થતો જાય છે તે પણ નોંધવું જોઈએ. ઉપર લખેલી ઘણી ચીજો હવે આપણા જીવનમાંથી પણ વિદાય લઈ રહી છે. આર્થિક સ્થિતિ સુધરતાં આપણે પણ વિલાયતની જેમ ગેસ અને ઇલેક્ટ્રીક, પ્રેસર કુકર અને કેનવુડ મીક્સર ડાઈનીંગ ટેબલ અને રેફ્રીજરેટર, વોશીંગ મશીન અને વેક્યુમ ક્લીનર્સ વગેરે વસાવ્યા વગર ચૂકવાના નથી જ. એ બધું ભલે પલટાય પરંતુ એક વાત તો ચોક્કસ જ છે કે આપણી સંસ્કૃતિની અમુક અમુક વસ્તુઓ તો પશ્ચિમના પવનની સામે પણ કાયમ ટકી રહેશે જ—દાખલા તરીકે, આપણું દૈનિક સ્નાન અને આપણું સર્વોત્કૃષ્ટ સ્વાદિષ્ટ વાનગીઓવાળું ભોજન!

તમારો સ્નેહાધીન.
કાન્તિ ગાંધીના જયહિંદ

ક્રમશઃ]

★



વર્ષ ૩૮
અંક ૧૧

સં. ૨૦૧૫
ભાદ્ર

આદ્યતંત્રી
સ્વ૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક

સંચાલક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

જે ગ્રાહકોનું લવાજમ આસો અંકથી પૂરું થાય છે તે

'પ્રસ્થાન'ના ગ્રાહકોને

'પ્રસ્થાન'નો હવે પછીનો અંક આવતી તા. ૧ લી ઓકટોબરના રોજ બહાર પડશે. તે આસો અંક હશે.

એ અંક—આવતો અંક વી. પી. થી

નવું વર્ષ કારતકથી શરૂ થાય છે, પણ નવા વર્ષનો પ્રથમ અંક, નૂતન વર્ષદિને જ ગ્રાહકોને મળે એમ અમે રવાના કરતા હોવાથી, વર્ષનો છેલ્લો અંક વી પી. થી, ગ્રાહકોને મોકલાય છે અમે ગ્રાહકોને વિનંતી કરીએ છીએ કે તેઓ લવાજમ મ ઓ. થી જ મોકલવાનુ રાખે. કારણકે વી. પી થી મોકલતાં ૦–૯–૦ આનાનો વી. પી રજીસ્ટ્રેશન ખર્ચ ચડી જાય છે 'છેલ્લા થોડા વખતથી સરકારે એના દરમા ફરી વધારો કર્યો છે એટલે, તેમજ અંક વખતસર, બહાર પડે કે તરત જ મળી જાય એ માટે પણ, લવાજમ મ. ઓ. થી મોકલવું સલાહભર્યુ છે. તેમ છતાં જેઓને એ પદ્ધતિ ફાવતી નથી તેમનુ લવાજમ વસુલ કરવા અમે **આવતો અંક—આસો અંક**—તા. ૧–૧૦–૫૯ ની આસપાસ વી પી. થી મોકલીશું તે સ્વીકારી લેવા વિનંતી છે, વી. પી. રૂા. ૭–૨–૦ નુ કરવામાં આવશે. ટપાલખાતાની સગવડ મુજબની તારીખે એ અંક રવાના થઈ શકશે.

ગ્રાહકોએ એ જોયું હશે કે અમે 'પ્રસ્થાન'ને ઉત્તરોત્તર વૈવિધ્યવાળું તેમજ જીવનને ઉપયોગી થઇ પડે એવા વિષયો ઉપરના લેખો તેમજ ખાસ અંકો આપતું બનાવવા પ્રયત્નશીલ છીએ. આવતા વર્ષ દરમ્યાન સારી લેખમાળાઓ આપવાની યોજનાઓ વિચારીએ છીએ અમારા એ યત્નમાં અમે આપનો સહકાર ઈચ્છીએ છીએ. જો અમારો આ યત્ન સાચી દિશામા હોય તો આપના મિત્રમંડળને તેમજ આસપાસના સાર્વજનિક પુસ્તકાલયોને 'પ્રસ્થાન'ના ગ્રાહક બનવા ભલામણ કરશો.

આપ તો ગ્રાહક તરીકે ચાલુ રહેશો જ એવી શ્રદ્ધા અમે રાખીએ છીએ.

પ્રસ્થાન કાર્યાલય
રાયખડ : અમદાવાદ
૩૦–૮–૫૯

વ્યવસ્થાપક

લવાજમ : હિંદમાં રૂા. ૬–૮–૦ પરદેશના રૂા. ૯–૦–૦
'પ્રસ્થાન' દર મહિનાની પહેલી તારીખે બહાર પડે છે.

卐 પ્રસ્થાન 卐
॥ हरिपूतं न्यसेत् पादम् ॥
પુસ્તક ૬૮ ભાદ્ર.: ૨૦૧૫ અંક ૫

ગરવી ગૂર્જરાતણુ

પૂજાલાલ

મોરી મોંઘેરી મીઠડી માત, ગરવી ગૂર્જરી હો!
તારા મહિમાની કરવી શી વાત? ગરવી ગૂર્જરી હો!
તેં તો ધાવણ ઊજળાં ધવાડ્યાં,
નર્યાં નેહને નીરે નવાડ્યાં;
તારે રાગે કર્યાં રળિયાત, ગરવી ગૂર્જરી હો!
જઉં ઓવારી આપણીયે જાત, ગરવી ગૂર્જરી હો!
તું તો શોભતી સોનાને શીલે,
તારો આત્મા અનંતદલ ખીલે,
તારી જ્યોતિર્ધરોની જાત, ગરવી ગૂર્જરી હો!
તારી ગાથા ગવાય સ્વર્ગ સાત, ગરવી ગૂર્જરી હો!
તેં તો ધ્યેયો ધુરંધર આરાધ્યાં,
સ્વપ્ન સતના જીવનમાં સાધ્યાં,
પાડી ભારતે અનોખી ભાત, ગરવી ગૂર્જરી હો!
જગે ઝળહળતી તારી જમાત, ગરવી ગૂર્જરી હો!
તેં તો કીધી શ્રીકૃષ્ણની સેવા,
પામી વૈભવ વૈકુંઠના જેવા,
પ્રભુ પ્રેમના પધરાવ્યા પાટ, ગરવી ગૂર્જરી હો!
આવે હરિ અર્થ સહુ તારે હાટ, ગરવી ગૂર્જરી હો!
બ્રહ્મતેજે બઢ્યું બળ તારું,
સ્વર્ણ શિખરોએ સંચરનારું,
છે તું શક્તિસ્વરૂપ સાક્ષાત, ગરવી ગૂર્જરી હો!
તારે ચરણે કોટિ પ્રણિપાત, ગરવી ગૂર્જરી હો!

૪-૫-૪૭
૪-૭-૫૯ (સંસ્કાર્યું)

卐

સ્વતંત્ર પક્ષ શા માટે?

ચક્રવર્તી રાજગોપાલાચારી

સર્વસત્તાધીશ રાજાના રાજ્યમાં ચર્ચાને કોઈ અવકાશ નથી. જ્યારે કોઈ એક વર્ગના હાથમાં સર્વ સત્તા આવે—અને પછી એ કુલીનશાહી હોય કે મજૂરશાહી, ત્યારે એ વર્ગના સભ્યો વચ્ચે ચર્ચા થતી રહેતી હોય છે, પરંતુ, એ વર્ગની બહાર ચર્ચાને સ્થાન નથી. લોકશાહીમાં લોક (Demos)ના હાથમાં કુલ અધિકાર અને સત્તા હોય છે એટલે ચર્ચા જરૂરી છે. કારણ કે લોક એક વ્યક્તિ નથી પરંતુ વિચારશીલ વ્યક્તિઓનો સમૂહ છે પરંતુ, એમાંની કોઈ પણ એક વ્યક્તિ સત્તા કે અધિકાર ચલાવતી નથી. સમૂહ પોતે પણ વિચાર કરતું પણ નથી. દરેક વ્યક્તિ વિચારે છે અને એની સમગ્રતાને ધ્યાનમાં લઈને એનામાં સત્તા આરોપિત કરવામાં આવે છે. લોક એક સમૂહ તરીકે વિચારી શકતો નથી. એની પાસેથી કોઈ એક સ્વતંત્ર મંતવ્ય કે અભિપ્રાય આપણે મેળવી શકતા નથી. લોકમતને શોધી કાઢનાર અને એના નિર્ણયોને અમલમાં મૂકનાર એક યંત્ર આપણી પાસે હોવું જ જોઈએ.

આ યંત્રને ચલાવવા માટે એની સમક્ષ પ્રશ્નની બંને બાજુ રજૂ કરવી જોઈએ અને "હા" કે "ના"માં સીધાસાદા જવાબ મેળવવા જોઈએ. યંત્ર સમક્ષ આપણે વિધાન (thesis) અને પ્રતિવિધાન (anti-thesis) રજૂ કરવાં જોઈએ અને એની પાસેથી એક કે બીજા વિધાનની તરફેણના સ્પષ્ટ પસંદગી માગવી જોઈએ. વિધાન અને પ્રતિવિધાન રજૂ કરવા માટેની સંતોષકારક વ્યવસ્થા ન હોય તો આપણે લોકમત મેળવી શકતા નથી પરંતુ મતદારને દોરવાઈ જવાની શક્યતા ઊભી થાય છે. આ પરિસ્થિતિ લોકશાહીની કટોકટી કે "નિષ્ફળતા" સર્જે છે.

લોકની આ પાયાની મર્યાદા અને મૂળગત લાક્ષણિકતા હોવાથી લોકશાહીમાં વિરોધ પક્ષની જરૂર ઊભી થાય છે. આમ એક પક્ષ લોકશાહી બની શકતો નથી. એ આપોઆપ "જુલમશાહી" બને છે. કોઈ એક શિસ્તબદ્ધ પક્ષ પાસેથી આપણે વિધાન અને પ્રતિવિધાનની સ્પષ્ટ પસંદગી મેળવી શકતા નથી. એ કંઈક કઢંગી રીતે ગોઠવાયેલી, પરંતુ કામચલાઉ પરસ્પર વિરોધી વજન ધરાવતો, કાવડના બે પલ્લાંઓ જેવું છે. એની સમતુલા ટકી ટકાવી શકાતી નથી.

માટે દરેક જણ સ્વીકારે છે કે આપણી સરકાર જોઈએ એટલી સારી રીતે કામ કરતી નથી કારણ કે કોઈ સાચો વિરોધ પક્ષ નથી. એ સ્વીકારવામાં આવે છે કે કોંગ્રેસ સામે બેસનારા આજના વિરોધ પક્ષો એની પડખે જ આગળ ધપતા સમૂહો છે અને વિરોધ પક્ષ તરીકે વર્તતા નથી. એમને જ પ્રધાનમંત્રીએ સ્વતંત્ર પક્ષની સ્થાપનાને આવકાર આપ્યો છે. સત્તાધારી પક્ષ કંઈ ભૂલ ન કરી બેસે એવો હંમેશા ભય રહ્યા કરે છે અને એટલા માટે એ પક્ષ વિરોધ પક્ષના સતત તાપ (fire)માં રહેવો જોઈએ કે જેથી એની ભૂલો ઓછામાં ઓછી થવા પામે. આ કારણને લઈ પ્રધાનમંત્રી, જેમ મોટર લાયસન્સના શાણો નિયામક, બ્રેક કામમાં લેવાની હોય કે ન હોય તો પણ, દરેક મોટર માટે સંગીન બ્રેકનો આગ્રહ રાખે છે તેમ એક પ્રબળ વિરોધ પક્ષને આવકારે છે.

સ્વતંત્ર પક્ષના મત મુજબ રાજ્ય અને સરકારની દખલગીરી ઓછામાં ઓછી હોવી જોઈએ. વહીવટી ખર્ચ અને કરવેરા ઓછામાં ઓછા હોય. નાગરિકોની ખાનગી અને ધંધાદારી બાબતોમાં ઓછામાં ઓછો હસ્તક્ષેપ થવો જોઈએ તેમ જ વ્યાપાર અને ઉદ્યોગો

ઉપર નિયમન ઓછામાં ઓછું રહેવું જોઈએ. આ મતની વિરુદ્ધમાં, જેમાં સર્વ બાબતો રાજ્ય-નિયંત્રિત હોય એવા 'સમાજવાદ' તરફી કોંગ્રેસ પક્ષની વલણો, આકાંક્ષાઓ અને જાહેર કરાયેલી નીતિઓ છે. કોંગ્રેસ પક્ષનું એ વિધાન છે કે કલ્યાણ અને સામાજિક ન્યાય માત્ર રાજ્યનો અંકુશ વિસ્તારવાથી જ સિદ્ધ કરી શકાશે. એ વિધાનના ઉત્તરપક્ષે એવું સ્વીકારવામાં આવે છે કે રાજ્યની દખલગીરી ઓછામાં ઓછી કરી નાખીને અને વ્યક્તિગત સ્ફુરણા (incentive) અને ન્યાયી સ્પર્ધાને વિકસાવીને આબાદી, કલ્યાણ અને ન્યાય વધારે અસરકારક રીતે સિદ્ધ કરી શકાય. સ્વતંત્ર પક્ષ પ્રતિવિધાનમાં અને વર્તમાન સંજોગોમાં થતા એના કોઈ પણ અર્થને માન્ય રાખે છે.

સ્વતંત્ર પક્ષ નિયમનની આવશ્યકતાનો ઇન્કાર કરતો નથી, પરંતુ માને છે કે નિયમન જરૂર પૂરતું હોવું જોઈએ નિયમનને એટલું વિસ્તારવું જોઈએ નહીં કે જેથી વ્યક્તિગત સ્ફુરણા જ કુંઠિત થઈ જાય. વ્યક્તિગત સ્ફુરણા અને ઉત્પાદન ઉપર કુલ સંપત્તિ અને ઉત્પાદનનો આધાર છે. રાજ્યના સંચાલનમાં અને રાજ્યના મૂડીરોકાણમાં વધુમાં વધુ ખર્ચ અને બગાડ થાય છે : જ્યારે વ્યક્તિગત સાહસ અને વિકેન્દ્રિત પ્રયત્નો જોડે ત્રેવડ સંકળાયેલી છે. જો વ્યક્તિ અદૃશ્ય થાય અને સંચાલન બહુસંખ્ય માલિકીત અને એના પ્રતિનિધિઓના હાથમાં આવે તો ઉત્તરદાયિત્વ ઘટે છે

આજ સુધી કોંગ્રેસ પક્ષ સાચા વિરોધ પક્ષ વિના ચાલ્યો છે. બ્રેક વાપર્યા વિના 'એક્સેલેટર' દબાવી એણે દોડવે રાખ્યું છે. એણે એવી નીતિઓ અને યોજનાઓ અમલમાં મૂકી છે કે પરિણામે વહીવટી ખર્ચ વધ્યો છે અને ફુગાવો ફાટી નીકળ્યો છે. ભાવોમાં સાર્વત્રિક વધારો થયો છે અને કેડ ભાંગી નાખે એટલા કરવેરા વધ્યા છે. જ્યારે જ્યારે બારી ખોલવાનો પ્રસંગ પડે છે ત્યારે ત્યારે રાજ્યના સંચાલનમાં થતો વેડફાટ ઉઘાડો પડે છે. આ બાબતો માટે ઊભો થયેલો વ્યાપક અસંતોષ કોઈ પણ રીતે ઇન્કારી શકાય એમ નથી. એટલે એની વિગતો આપવી જરૂરી નથી.

– અનાજનું પૂરતું ઉત્પાદન આબાદી માટે મુખ્ય જરૂરિયાત છે. બધાં જ કબૂલ કરે છે કે જ્યાં સુધી અનાજના ઉત્પાદનની ખાધ ન પુરાય અને ઉત્પાદનમાં સાર્વત્રિક વધારાની ખાત્રી ન થાય ત્યાં સુધી સંપત્તિની સમાન વહેંચણી માટેના પ્રયત્નો ધરાર મૂર્ખામી છે. દારિદ્ર અને દુ:ખની સમાન વહેંચણી કોઈ ઇચ્છતું નથી.

કમભાગ્યે કોંગ્રેસ પક્ષે, ભૂલ અહીં જ છે એવી ધારણા બાંધીને, અન્નઉત્પાદનની દેશની મૂલગત વ્યવસ્થાને છંછેડવા (tinker) નો નિશ્ચય કર્યો છે. એક બાજુએ જમીનના ટુકડાઓ કરવાનો, અને બીજી બાજુએ વ્યક્તિગત સ્ફુરણાનો નાશ કરવાનો તેમ જ વ્યક્તિગત સ્ફુરણા વિનાની બહુસંખ્ય માલિકીના હાથમાં ખેતરનું ઉત્પાદન સોંપવાનો નિશ્ચય કર્યો છે. જમીનની વ્યક્તિગત માલિકી ઉપરની ટોચમર્યાદા નક્કી કરવાના, તેમ જ વધારાની પડાવી લીધેલી (expropriated) જમીનને સહકારી સંચાલન (જેનો વાસ્તવમાં અર્થ પગારદાર (paid) અમલદારોના હાથમાં પ્રતિનિધિ સત્તા દ્વારા સંચાલન) તળે મૂકવાના ઠરાવોનો સાચો અર્થ અને સાચી અસર આ જ ગણાવી શકાય. તલસ્પર્શી જ્ઞાન અને અનુભવ જ મૂલગત વ્યવસ્થાને બદલવાના પ્રયત્નોને સાર્થક પુરવાર કરી શકે. પરંતુ ભારતીય જીવનની બુનિયાદી અર્થરચના—જેવી કે જમીનની વૈયક્તિક માલિકી અને એના ઉપર ઉત્પાદન કરવા માટે વ્યક્તિગત સ્ફુરણા—ને હચમચાવવા નીકળેલાઓમાં એનો ભારોભાર અભાવ છે.

મૂલગત વ્યવસ્થાને છંછેડવાનાં પરિણામો પૂરેપૂરા ખ્યાલમાં આવ્યાં નથી. જેઓ ખેતીમાં રોકાયેલા છે એમને એ સંભાવ્ય પરિણામોનો ખ્યાલ છે માટે તેઓ એ નીતિનો વિરોધ કરે છે. એકલપેટી પ્રવૃત્તિ કરતાં સહકાર વધારે સારો એવી અસ્પષ્ટ ભાષામાં, સરકાર-પ્રેરિત અને સહકારી ખર્ચે થતો પ્રચાર પ્રજાકીય વિરોધને ઢાંકી દેવા ભ્રમજાળ ઊભી કરે છે. જ્યારે સરકારનું ધ્યેય કોઇ એક માળખું રચવાનો હોય ત્યારે આપણે ધારી શકીએ કે એ દબાણો અને ભેદભાવભરી નીતિઓ અખત્યાર કરશે. પરંતુ એ સીધાં દબાણ જેટલાં જ ખરાબ છે.

એક બાજુ વાસ્તવિકતા અને બીજી બાજુ અનુભવ વિનાની આકાંક્ષાઓ એ બંનેના સંઘર્ષને પરિણામે સ્વતંત્ર પક્ષનો જન્મ થયો છે. સ્વતંત્ર પક્ષ જમીનની માલિકી પરત્વે હસ્તક્ષેપ ન કરવામાં માને છે: અને એનો વિરોધ એવી દરેક નીતિ સામે છે કે જે એ ક્ષેત્રમાં સ્ફુરણાને બુઝાવી દેવા માગતી હોય અને માલિકના સંચાલનને બદલે અમલદારોનું સંચાલન લાવવા માગતી હોય.

સામાન્ય રીતે આ પ્રકારનાં વલણને સરકારની ખેતીવાડીની આબાદી જન્માવવા માટે જે તત્ત્વોનો સહકાર અને સંવાદ જોઈએ એ માટે બધુંય કરવાની ફરજ સાથે ભેળવી દેવામાં આવે છે. પરંતુ અહીં એ ભેળવી દેવાની જરૂરિયાત નથી. જમીનદારી પ્રથાની નાબૂદી સાથે આ વલણને કશી નિસ્બત નથી. જમીનદાર જૂની સરકારોએ નીમેલો માત્ર કર–ઉઘરાવનાર હતો: અને સરકારો તરફથી એને ઘણા લાભો પહોંચાડવામાં આવ્યા હતા કારણ કે એ સરકારો જેને "મહેસૂલ" કહેવામાં આવતું હતું પરંતુ ખરેખર જે "કર" હતો એને ઉઘરાવવાના મુશ્કેલ અને નીરસ કામમાંથી મુક્ત થઈ શકી હતી. એ વધારે જુલમ કરીને કરવેરા ઉઘરાવી શકે એટલા માટે એના ઉપર માલિકિયતનો જૂઠો અંચળો ઓઢાડવામાં આવ્યો હતો. સાચા કાયદેસરના માલિકો જમીન ઉપરે હતા.

સરકારના વર્તમાન પ્રસ્તાવો જમીનદારો કે એમના હક્કો વિશે નથી: પરંતુ સાચા માલિકોના હક્કો વિશે છે. એ માલિકો જેમ એક સજ્જન પોતાની કાર કે બેન્ક બેલેન્સનો માલિક છે તેમ એ જમીનના સાચા માલિકો છે. જમીન વિનાના રાજકરણીઓ આ તફાવત સહેલાઈથી સમજી શકતા નથી. અને અમુક પ્રદેશોના મતદારો પણ એ સહેલાઈથી સમજી શકતા નથી કારણ કે એ પ્રદેશોમાં જમીનદારી પ્રથા એટલી બધી ફેલાયેલી હતી કે એમને રૈયતવારી પ્રથાનો કશો જ ખ્યાલ નથી. ખેડૂત (=રૈયત) એ ખરો માલિક હતો અને છે, અને બંધારણે માલિકીના હક્કોનો અબાધિત ભોગવટો આપ્યો છે. પરંતુ અત્યારે એ હક્કો બાબત દખલગીરી કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે.

સ્વતંત્ર પક્ષની નેમ શક્ય એટલા પ્રમાણમાં કોંગ્રેસ સરકારની જૂની ભૂલો સુધારવાની અને એ દિશામાં વધુ ભૂલો થતી અટકાવવાની છે. જે કાર પાસે ઘણા વખત સુધી સારી બ્રેક નહોતી અને ઘણા માણસોનો એણે ભોગ લીધો છે, એને સારી બ્રેક પક્ષ પૂરી પાડવા માગે છે. જે નુકસાન થઇ ચૂક્યું છે એનું વળતર નવી બ્રેક દ્વારા શક્ય નથી પરંતુ વધુ નુકસાન થતું અટકાવવા ઘણું થઇ શકે. બ્રેક જોડની વિરોધ પક્ષની બ્રેક જોડની સરખામણીથી વિરોધ પક્ષની પૂરેપૂરી ગુંજાશ વ્યક્ત થતી નથી કારણ કે જરૂર પડ્યે વિરોધ પક્ષ સરકાર ચલાવવા પણ તૈયાર હોય છે અને આજનો સત્તારૂઢ પક્ષ ત્યારે વિરોધ પક્ષ બને છે.

આ ઉપરાંત ભારતીય રાષ્ટ્રીય કોન્ગ્રેસ (જે આજે એક રાજકીય પક્ષ બન્યો છે)ની કામગીરી જોતાં એમ લાગે છે કે એ પક્ષનાં તત્ત્વોનું નૈતિક ગુણવત્તાની અત્યંત મદદની

બાબતોમાં ઘણું જ અધઃપતન થયું છે. ચારિત્ર્યને બદલે 'કેરિયેરીઝમ' અને રાષ્ટ્રભક્તિને બદલે ભૌતિક લાલસાઓ નજરે ચડે છે. પરદેશી શાસન સામે ઝઝૂમતી વખતે જે કોંગ્રેસી લોકપ્રિયતા અને ઉદાત્ત માનસનું ગૌરવ ધગવતા હતા એ આજે દેખાતા નથી. એક વેળા સાર્વત્રિક આદર અને પ્રેમ કોંગ્રેસીઓના હક્કો હતા પરંતુ એને બદલે આજે ઉપેક્ષા અને અણગમાની સર્વસામાન્ય લાગણી પ્રવર્તે છે. આ ઉપરાંત કોંગ્રેસ જે વિસ્તૃત ક્ષેત્ર ઉપર પોતાનો અધિકાર જમાવે છે એની બાબતો પરત્વે અનિશ્ચિતતાનો ભાવ ફેલાયેલો છે. પરિણામે જાહેર જીવનમાં વિશ્વાસ અને રસ ફરીથી પેદા કરવા માટે નવા પક્ષની સ્થાપના જરૂરી બની છે.

કોંગ્રેસને અંદર રહીને સુધારવાનું શક્ય નથી. ઘણા લોકોએ પ્રયત્ન કર્યો છે. પરંતુ સ્થાપિત હિતો એને નિષ્ફળ બનાવે છે. આ બાબતમાં સ્થાપિત હિતોનો વધારેમાં વધારે નુકસાનકારક અર્થ ઘટાવી શકાય કોંગ્રેસના સ્વરૂપ અને સંચાલન અંગેના નિર્ણયો કરનાર બધા ય લોકો આ અધઃપતિત પરિસ્થિતિ અંગેના ફેરફારનો સામનો કરે છે કારણ કે કોંગ્રેસ પોતાના અંગત લાભોના હથિયાર તરીકે ચાલુ રહે એમાં એમનું હિત છે. કદાચ બહારથી થતો હુમલો પરિસ્થિતિને બદલી શકશે. સંરક્ષણ કરવા માટે સુધારો થાય યે ખરો.

સ્વતંત્ર પક્ષ માને છે કે કહેવાતા સમાજવાદની પદ્ધતિઓ કરતાં વધારે યોગ્ય રીતે અને નિશ્ચિતતાથી સામાજિક ન્યાય અને કલ્યાણ બીજી રીતો દ્વારા સિદ્ધ કરી શકાય. સમાજવાદમાં અન્યાય છે, એમાં મિલકત પડાવી લેવામાં આવે છે અને એમાં ઘણી જવાબદારીઓનું પાલન થતું નથી.

આપણી સંસ્કૃતિમાં જે કંઇ સારું છે એને સંભાળવા માટે પ્રયત્નો થવા જોઈએ એમ આ પક્ષ માને છે. માત્ર જીવનધોરણ જ ઉન્નત કરવા માટેના પ્રયત્નોને લીધે જે ભૌતિકવાદી જીવનફિલસૂફી ઊભી થઇ છે એને બદલે આધ્યાત્મિક મૂલ્યો સ્થાપિત કરવાનો પક્ષ પ્રયત્ન કરશે. પોતાના અંગત હેતુ અને હિતો ધરાવનાર રાજકીય પક્ષની ચૂડમાં રાજ્ય હંમેશાં હોય જ છે અને એવા રાજ્યના હાથમાં દેશની બધી ય કલ્યાણકારી પ્રવૃત્તિ ઇજારા રૂપે સોંપી દેવામાં ભલાઇ રહેલી નથી. અને એ રાજ્ય પણ એવું કે એ ઇજારાબદ્ધ સખાવતનો ખોટો ખર્ચ (wasteful expenditure) ઉઠાવવા માટે પ્રજા ઉપર કરવેરા નાંખે છે.

પક્ષ માને છે કે સરકારની સીધી કે આડકતરી બધી કેળવણીવિષયક પ્રવૃત્તિએ, સંપત્તિવાનો એમની સંપત્તિને સમાજના 'ટ્રસ્ટ' તરીકે ધારણ કરે એવી નૈતિક જવાબદારી અને એ નૈતિક જવાબદારી ઉપર રચાયેલા જીવનસિદ્ધાંત ઉપર ભાર મૂકવો જોઈએ, નહીં કે ધારાકીય મંજૂરી ઉપર રચાયેલા સમાજવાદી માળખા ઉપર કે જેમાં વ્યક્તિની કામ કરવાની સ્ફુરણા હરી લેવામાં આવે છે અને જીવનના દરેક ક્ષેત્રમાં સરકાર અને સરકારના અમલદારો ઉપરનો આધાર વધતો જાય છે. એટલે પક્ષ સરકારની ભાવિ પ્રવૃત્તિની નીતિ અને આગાહીનો વિરોધ કરે છે કારણ-કે એ નીતિએ અનિશ્ચિતતાનો સર્વવ્યાપી અને ઊંડો ભાવ સર્જ્યો છે, જેનાથી જમીન અને કારખાનાંઓ સુદ્ધાંતમાં રસ ઊડી ગયો છે.

અન્નનું ઉત્પાદન વધારવાની સર્વોપરી જરૂરિયાત પક્ષ સમજે છે અને માને છે કે એ વધારવાનો સારામાં સારો માર્ગ જમીનમાંથી વધુમાં વધુ મળતર (yields) મેળવવામાં રસ લેનાર, મુક્ત અને કાર્યારંભી માલિક-ખેડૂતને ચાલુ રાખવાનો છે. ગ્રામજીવનનાં તત્ત્વો વચ્ચેના સુમેળને જોખમમાં મૂક્યા વિના ખેતીનું ઉત્પાદ વધારવાના સંગીન કાર્યક્રમમાં પક્ષને શ્રદ્ધા છે: અને એની શ્રદ્ધા આધુનિક ઢબનુ ઉત્પાદન જરૂરી માનસિક અને ભૌતિક પ્રેરણા વિકસાવીને કરવું જોઇએ. વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે ભેદભાવ રાખ્યા વિના અને ખેડૂતોના જમીન અંગેના ખેડાણ, સંચાલન અને માલિકીના હક્કોમાં હસ્તક્ષેપ કર્યા વિના ખેતીવિષયક ધીરાણ,

માલસામાન તેમજ સાધનોના પુરવઠા અંગેનો કાર્યક્રમ પક્ષ અત્યારના કરતાં વધુ સંગીન બનાવવા માગે છે. બહુસંખ્ય માલિકીના શિથિલ સ્વરૂપ સમી વ્યવસ્થા દ્વારા ખેતી થાય એ સામે પક્ષને વિરોધ છે. એ પ્રકારની ખેતી ખચિત ખેડૂતની સ્ફુરણાને ચૂસી લે છે, ખેતરનું ઉત્પાદન ઘટાડે છે, એવી ખેતી અંતે સામુદાયિક અર્થરચના અને નોકરશાહીના સંચાલનમાં પરિણમે છે.

ઉત્પાદનના યોગ્ય અને માફકસરના ભાવ ટકાવી રાખવાનાં પગલાં ભરીને ખેડૂતના જીવનધોરણને ઊંચું લાવવા પક્ષની નેમ છે. ઉદ્યોગોના ક્ષેત્રે પક્ષ વધુ ઉત્પાદન અને નિકાસ સ્પર્ધાથી લાવી શકાય એટલા માટે વધુ સ્ફુરણાને વિકસાવશે; પરંતુ જ્યાં સ્પર્ધાની નિષ્ફળતાને લીધે વધુ પડતા અને અયોગ્ય ભાવો, નફા અને ડિવિડન્ડ ઊંચાં થશે ત્યાં જરૂરી રક્ષણો આપવામાં આવશે પણ રાજ્યનું સાહસ ખાનગી સાહસના પૂરક તરીકે ભારે ઉદ્યોગો તેમજ રેલવે અને બીજા અગ્રગામી ઉદ્યોગોના ક્ષેત્ર પૂરતું મર્યાદિત રાખશે. ગામડાંની અને શહેરોની પ્રજાના યોગ્ય જીવનધોરણ સાથે બંધબેસતા આવે એટલા કરવેરા પક્ષ નાખશે અને એ કરવેરા વહીવટ તેમજ સામાજિક સેવા માટે જરૂરી અને પૂરતાં રહેશે તેમ છતાં એ એટલા ઊંચા અને આકરા કે વ્યાપક નહીં રહે કે જેથી ખાનગી વ્યક્તિઓનું મૂડીરોકાણ કે મૂડીસર્જન અટકી જાય. ભારે કરવેરા, ખાધપૂરક નાણાં અને ભરપાઈ કરવાની આપણી શક્તિ કરતાં વધુ પડતી પરદેશી લોનો ઉપર રચાયેલા એકાંગી અને ઉતાવળિયા વિકાસ સામે પક્ષનો વિરોધ છે. આ વિકાસ તીવ્ર ફુગાવો સર્જે છે.

મૂળ બંધારણમાં મિલકત, વેપાર, રોજગારી અને જાહેરહિતાર્થે લેવામાં આવેલી મિલકત માટે યોગ્ય વળતર વગેરે અંગે અપાયેલી ખાતરીઓ ફરીથી બંધારણમાં સ્થાપિત થવી જોઈએ. જે કામ ખાનગી હાથોમાં સ્વતંત્ર રીતે થઈ શકે એને માટે કેન્દ્રિત નોકરશાહી બેફામ વધારવામાં પક્ષ માનતો નથી. પક્ષની એવી માન્યતા છે કે ઉદ્યોગોની વહેંચણી યોગ્ય રીતે વિકેન્દ્રિત કરવાની સગવડો પહોંચાડીને તેમજ જરૂર પડયે સમાજવિરોધી પ્રવૃત્તિને અટકાવવા કે દંડ દેવા પૂરતી પોતાની નિયામક સત્તા વધારવામાં આવે તો રાજ્ય નાગરિકોની સારામાં સારી સેવા બજાવી શકે.

સ્વતંત્ર પક્ષની ફિલસૂફીનું દૃઢ સ્વરૂપ આ પ્રકારનું રજૂ કરવામાં આવે છે. વ્યક્તિ પોતાની અસ્મિતા ટકાવી શકે, પ્રામાણિક પ્રયત્નોના હેતુઓ ટકાવી રાખી શકે, અને સમાજની સેવા એ ખરા હૃદયથી કરે, રાજ્યના દબાણથી નહીં, એમાં આ પક્ષ માને છે. આઝાદી, સામાજિક ન્યાય, કલ્યાણ અને સુખ એ સિદ્ધ કરવાના માનવ પ્રયત્નોનો પાયો રાજ્યનું સંચાલન નહીં પરંતુ આપણી ભૂમિનો ધર્મ હોવો જોઈએ. જે લોકો ભૌતિક રીતે સમૃદ્ધ છે તેઓ ઓછા નસીબદારોને મદદ કરવા બંધાયેલા છે. લોકોએ એકબીજાને ઉપયોગી થવાનું શીખીને એમની પાસે જે આવે એને મદદ કરવી જોઈએ. જો આપણને લોકમાં શ્રદ્ધા ન હોય, જો આપણે એકબીજાનો વિશ્વાસ ન કરતાં હોઈએ તો લોકશાહી માત્ર મુલક "ભ્રમણા" છે અને શાસન અંધાધૂંધીનો ભોગ બની દંડશક્તિના શાસનમાં પરિણમશે. સામાજિક સહકાર હમેશાં આપણો ધર્મ રહ્યો છે. રાજ્યની મહત્તા પ્રમાણમાં ઘટવી જોઈએ અને ધર્મને એનું મૂળ સ્થાન પાછું મળવું જોઈએ કે જે સ્થાને ધર્મની સ્ત્રી, પુરુષ અને સરકાર ઉપર આણ વર્તતી હોય."*

★

* 'ધી ઇલસ્ટ્રેટેડ વીકલી ઑફ ઇન્ડિયા'ના આઝાદી અંક (તા. ૧૬–૮–૫૯)માં આવેલા શ્રી રાજાજીના લેખ: " The Case for the Swatantra Party "–નો અનુવાદ

પાડોશી સાથે વાતચીત—ચર્ચા

પ્રશ્ન : હમણાં મુંબઈ સરકારે ફરીથી અંગ્રેજી પાંચમા ધોરણથી દાખલ કરવાનો નિર્ણય કર્યો છે. કેળવણીની દૃષ્ટિએ એ પગલું પ્રગતિશીલ કહેવાય ? આ આખા પ્રશ્ન વિશે આપ શું માનો છો ?

ઉત્તર : મારે મન અંગ્રેજી પાંચમા ધોરણથી શીખવાય કે આઠમા ધોરણથી એનું મહત્ત્વ નથી. અંગ્રેજી શીખવવું હોય તો સારી રીતે શીખવવું જોઈએ, જેમ કોઈ પણ વિષય શીખવવો હોય તો સારી રીતે શીખવવો જોઈએ, એનું મહત્ત્વ છે. પણ આમ કહેવાથી આપણા દેશમાં અંગ્રેજી વિશે જે કોયડો ઊભો થયો છે તેનો નિકાલ થતો નથી. મારે મન મહત્ત્વનો પ્રશ્ન એ છે કે અંગ્રેજી શીખવું જોઈએ કે નહિ? અને શીખવું હોય તો કોણે, ક્યારે અને કેટલા પ્રમાણમાં શીખવું જોઈએ.

અંગ્રેજી શીખવું જોઈએ એના પહેલા અને છેલ્લા પ્રશ્નોના જવાબ તો સહેલા છે: જેને જેટલું શીખવું હોય તેટલું શીખવા દેવું જોઈએ તેમાં કોઈએ કશો અંતરાય ઊભો કરવો જોઈએ નહિ. પણ કોણે શીખવવું જોઈએ એ મહત્ત્વનો પ્રશ્ન છે. અંગ્રેજી શીખવાની ઇચ્છાવાળાઓ પોતે ખર્ચ કરી યોગ્ય શિક્ષકો મેળવી તેમની પાસેથી જેટલું શિક્ષણ મેળવવું હોય તેટલું મેળવે, તેની સામે કોઈને વાંધો હોઇ શકે નહિ. તેમજ લોકોની માગ જોઈ ખાનગી સંસ્થાઓ એ માગ પૂરી કરવા હયાતિમાં આવે તેની સામે પણ વાંધો હોય નહિ. યુરપમાં મધ્યયુગમાં યુનિવર્સિટીઓ પહેલી રીતે હયાતિમાં આવી હતી, એટલે કે મોટી ઉંમરના ભણનારાઓ પોતાને શીખવાના વિષયના અધ્યાપકો શોધી કાઢે. આવા વિદ્યાર્થી-શિક્ષકોનું મંડળ તેનું નામ જ ‘યુનિવર્સિટી’ હતું. બીજી રીત ખાનગી સંસ્થાઓ ઊભી કરવાની. ખાનગી સંસ્થાઓ ઊભી કરવાની પ્રથા ઘણા દેશોમાં પ્રચારમાં છે. ઉ. ત., પેરીસમાં અંગ્રેજી શીખવવાનાં અલગ ઈન્સ્ટિટયૂટો છે, જેમ પરદેશીઓને ફ્રેન્ચ શીખવવાના પણ હોય છે.

પણ મહત્ત્વનો પ્રશ્ન એ છે કે લોકોના કરવેરાથી સરકારી હકૂમત નીચે ચાલતી શાળાઓમાં અંગ્રેજી કોને, ક્યારે અને કેટલું શીખવવું જોઇએ. આનો ઉત્તર બે દૃષ્ટિએ આપી શકાય : લોકોને શું જોઈએ છે એ દૃષ્ટિએ; અને લોકના હિતમાં શું છે એ દૃષ્ટિએ. પહેલા પ્રશ્નનો જવાબ આપવો લગભગ અસંભવિત છે. આપણા દેશના ચાલીસ કે સુડતાલીસ કરોડ લોકોમાંથી કેટલા લોકોને અંગ્રેજી જોઈએ છે એનો ક્યાસ કોઇએ કાઢ્યો નથી! વળી કોઇ એમ પણ પૂછે કે કરોડોમાંથી કેટલા માણસો આવા સાર્વજનિક પ્રશ્નો વિશે વિચાર કરતા હશે, અને પોતાના વિચારો વ્યક્ત કરતા હશે ? તેમાં યે એ થોડા વિચાર કરનારાઓમાં કેટલા આર્થિક, ધાર્મિક બાબતો ઉપરાંત આ અંગ્રેજીને વિશે વિચાર કરતા હશે!...

‘વાચાલ’ વર્ગમાંથી ક્યાસ કરવો હોય તો એમ લાગે છે કે સ્વરાજ્ય મળ્યા પછી અંગ્રેજી તરફનો ઝોક ઉત્તરોત્તર વધતો જાય છે! સામાન્ય વ્યવહારની ભાષામાં અંગ્રેજી શબ્દોનો સાચોખોટો ઉપયોગ અભણ સ્ત્રીઓમાં પણ વધી પડ્યો છે! માબાપો પોતાના છોકરાનું

અંગ્રેજી નબળું પડ્યું છે એની ફરિયાદો કર્યા કરે છે! જેમની પાસે વધારે ફી આપવાનું સાધન હોય છે તેઓ મિશનરી શાળાઓ કે જેમાં અંગ્રેજીનું વહેલેથી સારું શિક્ષણ આપવાનો પ્રબંધ હોય છે તેમાં પોતાના છોકરાને મોકલે છે! સરકારે શાળાઓમાંથી અંગ્રેજી શા માટે ઓછું કર્યું એની ફરિયાદો પણ કરે છે! વેપારીઓ કહે છે અમારે પરદેશો સાથે હવે વ્યવહાર વધી પડ્યો છે એટલે અમારે અંગ્રેજી સારું જાણનારા ગુમાસ્તા અને કારકુનો જોઈએ! સરકારી તંત્ર તો અંગ્રેજી ઉપર જ નિર્ભર છે! પબ્લિક સર્વિસ કમિશનવાળા અંગ્રેજી કેટલું નબળું છે એની ફરિયાદ સૌપહેલી કરે છે! વડોદરાના જૂના ગાયકવાડી વડોદરા રાજ્યમાં દેશી ભાષા દ્વારા રાજવહીવટ મોટે ભાગે ચાલતો હતો, તેમાં પણ મુંબઈ રાજ્યમાં સમાયા પછી એકસરખું ધોરણ લાવવા અંગ્રેજી દાખલ કરાયું છે! અદાલતોમાં ખરું ખોટું અંગ્રેજી છટાબંધ બોલવાની આકાંક્ષા વકીલોમાં વધતી જાય છે! ન્યાયાધીશો એમના મહત્ત્વના ચુકાદા અંગ્રેજીમાં આપે છે! કોલેજોમાં અને યુનિવર્સિટીઓમાં મોટા ભાગના પ્રોફેસરો અંગ્રેજી સિવાય ચાલે જ નહિ એવી માન્યતામાં ઉત્તરોત્તર વધારો કરતા જાય છે! —ઉત્તરોત્તર એટલા માટે કહું છું કે અંગ્રેજી અમલનાં છેવટનાં વર્ષો દરમ્યાન સાયન્સના કેટલાયે અધ્યાપકોની સાથેની વાતચીતોમાં તેઓએ એમ જણાવેલું કે ગુજરાતીમાં શીખવવાથી સાયન્સ સારું સમજાવી શકાય છે. આવી પરિસ્થિતિમાં 'વાચાલ' વર્ગનું દબાણ જોઈને મુંબઈની દ્વિભાષી સરકાર દ્વિભાષાની મુશ્કેલી જોઈને અંગ્રેજીને જ મહત્ત્વનું સ્થાન આપે તો તેમાં આટલો બધો ઊહાપોહ શો? મુંબઈની વિધાનસભામાં હજી કોન્ગ્રેસની બહુમતી જ છે. એનું પ્રધાનમંડળ પણ કોન્ગ્રેસી જ છે....—એટલે ખરો પ્રશ્ન તો એ છે કે બાર વર્ષના કોન્ગ્રેસના વર્ચસમાં અંગ્રેજી ઉત્તરોત્તર શાથી વધારે મહિમા પામતું ગયું?

આ પ્રશ્નના જવાબમાં ન્યાય ખાતર એમ કહેવું જોઈએ કે કોન્ગ્રેસે સ્વરાજ્ય મેળવ્યા પહેલાં જે માન્યતાઓનો પ્રચાર કર્યો હતો તેમાંની મોટા ભાગની માન્યતાઓમાં તેને હવે શ્રદ્ધા રહી નથી! આમાં જ ભાષા અંગેની માન્યતાનો પણ સમાવેશ થઈ જાય છે. એટલે જે કોન્ગ્રેસી શિક્ષણશાસ્ત્રીઓ આ ઊહાપોહ મચાવી રહ્યા છે તેમણે પોતાના પક્ષનું અંતઃકરણ તપાસવું ન જોઈએ? કદાચ એ તપાસમાંથી જ એમને આ આપત્તિનું કારણ તેમ જ તેના ઉપાયો પણ જડે!

ગાંધીજીનું નામ હજી મત મેળવવા માટે ઉપયોગી છે એટલે એમનો ઉપયોગ ખાસ કરીને કોન્ગ્રેસપક્ષ અને બીજા પક્ષો પણ વારંવાર કરે એ રાજકીય નીતિને બંધબેસતું છે. પણ અંદરથી તો એમ મનાય છે કે જો ગાંધીજીના બીજા સિદ્ધાંતો નેવે મૂકી શકાય તો આ પણ કેમ ન મૂકી શકાય? જેમકે, ગાંધીજી હસ્તઉદ્યોગોને જ મુખ્ય સ્થાન આપવા માગતા હતા, લોકવ્યવહારમાં સરકારની ઓછામાં ઓછી દખલ ઇચ્છતા હતા—ખાસ કરીને, શિક્ષણના ક્ષેત્રમાં, લોકો ઉપર ગોળીઓ ચલાવીને પોતાનું ધાર્યું કરનાર સરકારી તંત્રને નાપસંદ કરતા હતા, લોકનેતાઓમાં ચિત્તશુદ્ધિની અપેક્ષા રાખતા હતા, લોકોને રાજવહીવટ એમની પોતાની ભાષામાં મળવો જોઈએ એ માટે ભાષાકીય પ્રાન્તો માગતા હતા—પરસ્પર દ્વેષ કરવા નહિ કે દેશની એકતાને ભૂલી જવા નહિ; ધર્મને કેન્દ્રસ્થાને રાખતા હતા, તેમ અંગ્રેજીને તિરસ્કાર્યા વિના સ્વભાષાને માતાનું સ્થાન આપતા હતા ઇત્યાદિ. આમાંની જો,

ઘણી માન્યતાઓને બાજુ પર મૂકી શકાય તો આ સ્વભાષા અને અંગ્રેજીની બાબતને પણ કેમ ન મૂકી શકાય?

મુંબઈ રાજ્યની કોન્ગ્રેસસરકારે વાચાલ બહુમતીને માન આપ્યું છે એમ તો સ્પષ્ટ દેખાય છે! પણ વાચાલ બહુમતી આવી કેમ થઈ ગઈ એ જ સત્તાધારી કોન્ગ્રેસપક્ષે પોતાની જાતને પૂછવાનું છે. એનો જવાબ જે મેં ઉપર કહ્યો તે જ હોય, એટલે કે કોન્ગ્રેસપક્ષને હવે એવી ગાંધીજીની જૂનીપુરાણી બાબતોમાં શ્રદ્ધા રહી નથી તો તો બધું બરાબર છે!

લોકહિતની દૃષ્ટિએ આ પ્રશ્નોનો વિચાર કરવો હોય તો, ભારતના લોકવ્યવહારમાં અંગ્રેજીને કેટલું સ્થાન આપવું ઇષ્ટ છે એ પ્રશ્નના જવાબમાં છે. થોડાક ઍંગ્લો-ઈંડિયનો બાદ કરીએ તો અંગ્રેજી આ દેશમાં કોઈની પણ માતૃભાષા નથી. એટલે કે, એ ભાષા એક પરદેશી ભાષા છે અને એ દૃષ્ટિએ તેની આપણા દેશને કેટલી જરૂર છે એ દૃષ્ટિએ જ વિચાર કરવો જોઈએ. સરકારી તંત્ર પોતાના વહીવટની ભાષા જો અંગ્રેજી જ રાખે તો તો અંગ્રેજીને ગૌણ નહિ કરી શકાય, કારણ કે પહેલાં કોઈ પણ સમયે નહતું એટલું બધું સરકારી તંત્ર લોકોના જીવનને હાલમાં સ્પર્શી રહ્યું છે! અને તેથી નાની મોટી બધી બાબતોમાં સરકારી તંત્ર સાથે વ્યવહારમાં આવવું પડે છે એટલે લોકોને અંગ્રેજી જાણનારાઓની જરૂર આ કારણે તો પડે જ છે. બીજી બાજુએ વિદ્યાપ્રાપ્તિની દૃષ્ટિએ ભારતની કોઈ પણ ભાષા અંગ્રેજી જેટલી વિદ્યાસમૃદ્ધ નથી, અને તેથી આ દેશમાં વિદ્યાસમૃદ્ધિ ચાલુ રાખવાની હોય તો અંગ્રેજીની જરૂર રહે. બીજી પશ્ચિમની ભાષાઓમાં એવી વિદ્યાસમૃદ્ધિ છે, પણ અંગ્રેજી ભારતમાં સો વર્ષથી ચાલી આવી છે એટલે વિદ્યાસમૃદ્ધિ માટે એને સ્થાને બીજી કોઈ ભાષાને મૂકવામાં ઔચિત્ય નથી. આમ સરકાર-વ્યવહાર માટે તેમજ વિદ્યાસમૃદ્ધિ માટે અંગ્રેજી ભાષાની જરૂર આપણા દેશને છે.

પણ સરકારી તંત્ર પરદેશી ભાષામાં ચાલે એ સ્વરાજ્ય અને પ્રજારાજ્યની દૃષ્ટિએ સર્વથા અજુગતું છે. એટલે લોકના હિતમાં સૌ પ્રથમ સરકારે થોડી અડચણો અને મુશ્કેલી પડે તો તેનો સામનો કરીને, વહેલામાં વહેલી તકે, અંગ્રેજીને સ્થાને લોકભાષા અગર ભાષાઓને સ્થાન આપી દેવું જોઈએ. આમ થતાં જ અંગ્રેજીનો મહિમા અને પ્રતિષ્ઠા આપોઆપ ઓછાં થઈ જશે.

વિદ્યાસમૃદ્ધિની દૃષ્ટિએ અંગ્રેજીનું જ્ઞાન શિક્ષણના અમુક તબક્કે આવશ્યક રહેશે. પણ શિક્ષણનો એ મૂળભૂત સિદ્ધાંત છે કે સ્વભાષા દ્વારા અપાયેલું શિક્ષણ જ માણસને શિક્ષણમાંથી જે લાભો અપેક્ષિત છે તે લાભો આપી શકે છે. જે જે વિષયોનો અભ્યાસ વિદ્યાર્થી કરતો હોય, તે તે વિષયને નિરૂપણ કરતા ગ્રન્થો અને અધ્યાપકો સ્વભાષાનાં હોવા જોઈએ. પણ જ્ઞાનની જે કક્ષાને લગતાં પુસ્તકો સ્વભાષામાં ન હોય તેને માટે જે ભાષામાં એ કક્ષાના જ્ઞાનનાં પુસ્તકો હોય તેનો આશ્રય લેવો જોઈએ અને તે માટે તે ભાષાનું જ્ઞાન આવશ્યક થઈ પડે. અહીંઆ અંગ્રેજીનું સ્થાન આવે છે. હું એ કહેવા માગું છું કે પોતપોતાના વિષયને લગતા આગળની કક્ષાના ગ્રન્થો સમજવા જેટલું અંગ્રેજીનું જ્ઞાન તે તે કક્ષાના વિદ્યાર્થીઓને હોવું જોઈએ. પણ ખાસ તો તે કક્ષાના અધ્યાપકોને હોવું જોઈએ. આથી વધારે મોટું સ્થાન કોઈ પણ પરદેશી ભાષાને હોય નહિ, હોવું ન જ જોઈએ. અહીંઆ બીજી પણ એક બાબતનો ઉલ્લેખ

કરવો જોઇએ. વિદ્યાસંવર્ધન એ આજે દેશદેશોના સહકારથી થતું કામ હોય છે, અત્યારે પરદેશી ભાષાઓમાં અંગ્રેજી ભાષાનો પ્રચાર વધારે છે એ દૃષ્ટિએ વિદ્યાસંવર્ધનનું કાર્ય કરનારાઓને અંગ્રેજીમાં બોલતાં અને લખતાં આવડતું હોય એ જરૂરનું છે; જો કે આપણે યુરપમાં એવા કેટલાયે મહાન સંશોધકો અને વૈજ્ઞાનિકો જાણીએ છીએ કે જેઓ અંગ્રેજીમાં બોલ્યા કે લખ્યા વિના પોતાના જ્ઞાનનો ફાળો વિદ્યાસંવર્ધનમાં અંગ્રેજી અનુવાદો દ્વારા આપી શકે છે !

એટલે જો, સરકારી તંત્ર અંગ્રેજીને કાઢી નાખવાનો પુરુષાર્થ કરે તો આ અંગ્રેજીનો પ્રશ્ન યથાસ્થાને આવી જાય અને તેનો નિકાલ પણ થઈ શકે। ઉચ્ચ શિક્ષણની સાથીદાર ભાષા તરીકે અંગ્રેજીનું સ્થાન બહુ વિવાદાસ્પદ નથી

પણ અત્યારના રાજકીય વા-વંટોળમાં આ શક્ય દેખાય છે ? અરે જ્યાં ગુજરાતી બોધભાષા તરીકે સ્વીકારાઈ છે ત્યાં પણ એનો અમલ એટલો બધો યોજના વગરનો, ચીવટ વગરનો, અને દરકાર વિનાનો છે કે ત્યાં પણ ગુજરાતી ભાષાને બોધભાષા તરીકે સ્વીકારવાનો આગ્રહ રાખનારા મારા જેવાને પણ, વિદ્યાની પ્રતિષ્ઠા ખાતર એમ કહેવાનું મન થઈ જાય કે અરે ! આ તો બાવાના બેઉ બગડ્યાં : ન સમૃદ્ધ થઈ ગુજરાતી ભાષા, કે ન મળી વિદ્યા !

卐

અનુસંધાન પૃ. ૧૯૨]

કોઈ પણ પ્રજાની સર્વાંગી ઉન્નતિમાં આખરે તો તેને મળતી પ્રાણદાયક કેળવણી જ તરણોપાય નીવડે છે. સ્વતંત્રતા મેળવ્યા પછી પણ ભારતનું કરુણ કમનસીબ છે કે બાર વર્ષ વહી ગયા છતાં આપણી સંસ્કૃતિને પાયમાલ કરનાર મેકોલે પ્રેરિત નિર્જીવ કેળવણીનું સિંહાસન હજી લગભગ એટલું જ અટલ રહ્યું છે. હિંદનું રાજ્યતંત્ર સ્વતંત્ર થયું છતાં તેની પ્રજાની આર્થિક અને સાંસ્કૃતિક પાયમાલી હજી અટકતી નથી, એટલું જ નહિ પણ તે કંઈક અંશે વધતી જાય છે.

આવા સંજોગોમાં ગામડાંમાં જઈ બેઠેલા સર્વોદય સેવકોની શ્રદ્ધાની ભારે કસોટી થઈ રહી છે. પ્રતિકૂળ સંજોગો અને પ્રત્યાઘાતી આક્રમણ સામે ટક્કર ઝીલવાનું તેજ એમને કેળવવું જ પડશે. સર્વોદયમાં જ પ્રજાકલ્યાણની બધી શક્તિ સમાયેલી છે એવી અટલ, અવિચલિત શ્રદ્ધાની જ્યોત જ્વલંત રાખવા માટે આજે સર્વોદય લોકસેવકોએ "એકલો જાને"ના મંત્રની પ્રેરણા જીવનમાં અને જીવનકાર્યમાં પ્રગટાવી, વ્યાપક નઈ તાલીમને માર્ગે ધીમી છતાં સંગીન પ્રગતિ કરતા રહેવાનું છે. સર્વોદયનું કાર્ય એ તો જીવનની સાધના છે. એ સાધના ઈશ્વરમાં રહેલી શ્રદ્ધાના બળ પર જ નિર્ભર રહે છે. બીજાએ આપણે માર્ગે જશે એવી ફલાસક્તિથી એ શ્રદ્ધા પર હોય છે. સર્વોદયમાં રહેલી શ્રદ્ધા એ જો અંતરના ઊંડાણમાંથી પ્રગટી હશે તો ઘનઘોર અંધકારમાં કદી નિરાશ ન થતા, કદી હિંમત ન હારતા. એ જ માર્ગે આપણે પ્રગતિ કરતા જ રહીશું.

પ્રજાદ્રોહી કેળવણીનો ઘોર અપરાધ

દિલખુશ બ. દીવાનજી

સ્વરાજ્ય આવ્યા પછી આપણી લોકશાહી કહેવાતી સરકારોએ કેળવણી પાછળ અઢળક ખર્ચ કરવા માંડ્યો છે. ગામેગામ શાળાઓ કાઢી આમપ્રજાના બાળકોને કેળવણી આપવી એને સરકાર મહત્ત્વ આપે છે. બંધારણમાં પ્રાથમિક શિક્ષણને ફરજિયાત કરવાનો આગ્રહ રખાયો છે રાજ્ય સરકારો આથી અઢળક ખર્ચ કરે છે. પ્રત્યેક રાજ્ય સરકાર પ્રજાની કેળવણી પાછળ પુષ્કળ ખર્ચ કરી તેને વ્યાપક કરવાની કાળજી રાખે એ વધાવી લેવા જેવી વાત છે. રાજ્ય સરકારો કેળવણીનું પ્રમાણ વધારવામાં ખૂબ પ્રગતિશીલ રહે છે એ તેમનો દાવો યોગ્ય છે.

૧૯૪૬–૫૮ સુધીનાં વર્ષોમાં સુરત જિલ્લાએ કેળવણીને વ્યાપક કરવામાં કેટલી પ્રગતિ કરી તેના આંકડા પરથી ખ્યાલ આવશે કે મુંબઇ સરકાર સંખ્યાની દૃષ્ટિએ તેમજ ખર્ચની દૃષ્ટિએ પ્રાથમિક કેળવણીમા કેટલી પ્રગતિ કરે છે.

વિગત	વર્ષ ૧૯૪૬–૪૭	વર્ષ ૧૯૫૭–૫૮
૧. શાળાઓ	૬૬૫	૧૭૨૯
૨. શિક્ષકો	૧૭૬૮	૫૫૭૪
૩. વિદ્યાર્થી	૬૬૦૧૬	૨૨૪૩૫૧
૪. ખર્ચ	૧૮,૦૫,૩૫૪	૭૨,૨૬,૧૪૫

લગભગ દશ વર્ષમાં જ ખર્ચમાં લગભગ સાત ગણો વધારો થયો અને વિદ્યાર્થીની સંખ્યામાં લગભગ ચાર ગણો વધારો થયો

પરંતુ સંખ્યા તેમજ ખર્ચમાં થયેલી પ્રગતિના આંકડા વાંચીને કેળવણીમાં દેખાતી પ્રગતિ વિષે ઉત્સાહ, આનંદ કે સંતોષ થતો નથી સંખ્યા વધી, ખર્ચ વધ્યો, શાળાઓ વધી, શિક્ષકો વધ્યા, પરંતુ કઈ જાતની કેળવણી માટે આ બધી ધમાલ થતી રહે છે? આપણી પ્રજા મુખ્યત્વ ગામડાંમાં વસે છે. પ્રજાનો મુખ્ય વ્યવસાય ખેતી છે, જેની હાલત બગડતી રહી છે. ખેતીને પૂરક ગોપાલન અને જીવનની જરૂરિયાતને માટે અત્યંત આવશ્યક એવા આમઉદ્યોગો ભાંગના જ જાય છે અંગ્રેજ સરકારે તો એ બધા પર ભયાનક ગજારી અને વ્યાપારી નોબત પ્રહારો કરેલા જ—તે આપણી સ્વરાજ્ય સરકારે બાર વર્ષની કારકિર્દીમાં એ પ્રાણસમા ઉદ્યોગોને સજીવન કરવા માટે કાયમી પગલા ભાગ્યે જ લીધાં છે નબળી પડતી ખેતી અને તૂટી પડેલા આમઉદ્યોગોને વધુ પાયમાલ કરવા આપણી સરકારે યંત્રઉદ્યોગો અને પાકા રસ્તાઓનો ભવ્ય (કે ભયાનક?) કાર્યક્રમ પૂરા ઉત્સાહથી ઉપાડી લીધો છે! પરિસ્થિતિ એ જાતની થતી જ ગઈ છે કે ગામડાની બેકારી વધતી જાય છે, મોંઘવારી, ભૂખમરો અને રોગચાળાના પ્રમાણમાં ખાસ ઘટાડો થતો નથી. ૧૯૨૨માં બાપુએ અમદાવાદની અદાલતમાં અંગ્રેજ સરકાર પર જે નીચે જણાવેલું તહોમતનામું પોકારેલું તેમાં જરાય ફેર ખાસ ફરક પડેલો જણાતો નથી:

"હિંદુસ્તાન આજે એટલું નાદાર બની ગયું છે કે તેનામાં દુકાળો સામે ટકવાની ઝાઝી શક્તિ રહી નથી. અંગ્રેજોના અહીં પગલાં થયાં તે પહેલાં હિંદ પોતાનાં લાખો ગામડાંમાં રેંટિયા અને સાળો ચલાવતું અને એમ કરી પોતાની ખેતીની ટૂંકી આવકમાં જરૂરી ઉમેરો કરી લેતું. પ્રજાની જીવાદોરી સમો હિંદનો આ ગૃહઉદ્યોગ માન્યામાં ન આવે એવા નિષ્ઠુર અને અમાનુષી અત્યાચારોથી તોડી પાડવામાં આવ્યો, એના બયાનો અંગ્રેજ સાક્ષીઓએ આપેલાં છે. હિંદની અર્ધભૂખે રહેનારી આમજનતા કેવી રીતે ધીમે ધીમે મરણને કાંઠે ધકેલાઈ રહી છે તેની અમારા શહેરવાસીઓને ભાગ્યે જ કશી ભાળ છે. તેઓને ભાગ્યે જ ખબર હશે કે તેમને જે કંગાળ સુખસગવડો ભોગવવા મળે છે તે હિંદને ચૂસનારા પરદેશી મૂડીદારોના ઘર ભરવા તેઓ જે મહેનત કરે છે તેની દલાલી સિવાય બીજું કંઈ નથી. પરદેશી માલેતુજારોનો તમામ નફો અને આપણા શહેરવાસીઓની દલાલી એ બંને હિંદની ગરીબ પ્રજાને નિચોવીને મેળવેલી હોય છે. આપણા શહેરવાસીઓને કયાં કશી ગમ છે કે બ્રિટિશ હિંદુસ્તાનમાં કાયદાથી સ્થપાયેલી સરકાર એ આમપ્રજાને ચૂસવાની ખાતર જ ચાલી રહી છે? હિંદનાં ગામડાં પોતાનાં ચાલતાં બોલતાં હાડપિંજરોથી આજે જે પુરાવો આપણી નરી આંખ સામે ધરી રહ્યાં છે તેનો ઢાંકપિછોડો ચાહે તેવા વિતંડાવાદથી કે આંકડાની ચાહે તેવી ઇંદ્રજાળથી થઈ શકે તેમ નથી. મારા દિલમાં તો છાંટાભાર શંકા નથી કે ઈશ્વર જેવો કોઈ માલિક આ દુનિયાને માથે જો હશે તો તેના દરબારમાં ઇંગ્લંડને હિંદના સૌ શહેરવાસીઓને માનવતા સામેના ઇતિહાસમાં અજોડ એવા આ અપરાધનો જવાબ દેવો પડશે."

આજે પ્રાથમિક શિક્ષણથી માંડી ઠેઠ ઉચ્ચ શિક્ષણ સુધીની બધી જ શિક્ષણ સંસ્થાઓમાં જે કેળવણી અપાતી રહી છે તેમાં અંગ્રેજ સરકારે સ્થાપેલી નાપાક કેળવણીનો જ નિર્જીવ થતો વારસો સચવાતો રહ્યો છે. એમાં અંગ્રેજ સરકાર વખતની કેળવણીનું અંધ અનુકરણ જ થતું રહ્યું છે. ગાંધીજી લખી ગયા છે તેમ,

'સરકારી ગાળાનું અનુકરણ કરવા બેસવું તે મૂર્ખાઈ છે. સુયોજિત મકાનોથી કેળવણી ન આપી શકાય. ગામડામાં જઈને સાદાઈથી રહીને રેંટિયા વગેરેનું કામ કરવાના હોઈએ તો જ મધ દારમ પહોંચશો."

આપણે અંગ્રેજ સરકારે સ્થાપેલી પુસ્તકિયા જીવન-ઘાતક કેળવણીના ભ્રમમાં એટલા બધા મોહિત થતા રહ્યા છીએ કે દીવા જેવી સ્પષ્ટ વાત આપણે સમજી જ શકતા નથી કે એ કેળવણીએ આપણી પ્રજાનો, આપણી સંસ્કૃતિનો અને એ રીતે આખી માનવજાતિનો દ્રોહ કરવાનાં જ પાપો કર્યાં છે, અને ચાલુ રાખ્યાં છે. ગરીબાઈ અને બેકારીમાં સબડતી પ્રજાને સ્વાવલંબી, ગ્રામઉદ્યોગોની પ્રાણવાન કેળવણી આપવાને બદલે સ્વરાજ્યમાં પણ આપણે કેવળ પુસ્તકિયા કેળવણીના કૂચા જ ગામડે ગામડે પેદા થયેલી જનતાના સંખ્યાબંધ વિદ્યાર્થીઓમાં ઠેકી રહ્યા છીએ. એ કૂચા જ એમના મગજને અને એમના શરીરને ગૂંગળાવી રહ્યા છે.

આ ભયાનક કેળવણીનો એક પાપ તો એ છે કે તે કેળવણી ભણતા અને ભણી રહેલાં બાળકોમાં પરિશ્રમભર્યા ઉત્પાદક ઉદ્યોગ ધંધા પ્રતિ નફરત પેદા કરે છે અને એ રીતે પ્રજાની ઉત્પાદક સ્વાવલંબન શક્તિ કુંઠિત કરીને તોડી નાખે છે. બીજો એવો જ વિનાશક

પ્રેરક શ્રાપ એ છે કે ભણતાં અને ભણી રહેલાં બાળકોનાં જીવનને નાનપણથી ખર્ચાળ, વિલાસપ્રિય અને માયકાંગલા બનાવી દે છે. જ્યાં ખીલતી પ્રજામાં ઉત્પાદન શક્તિ ક્ષીણ થતી જાય, સ્વાવલંબનનો પુરુષાર્થ પરવારી બેસે છે અને જીવન ખર્ચાળ તથા વિલાસપ્રિય થતું જાય છે ત્યાં ગમે તેટલા જ્ઞાનના માહિતીના ભંડારો રચવાથી પ્રજાને મુક્તિને માર્ગે લઇ જવામાં કશા જ કામમાં તે નથી આવવાના.

આવા બેવડા શ્રાપમાં પીડાતી આપણી આ જૂની પુસ્તકિયા કેળવણી જેમ જેમ વ્યાપક થતી જાય છે તેમ તેમ ગામડાંઓ વધારે પાયમાલ થતાં જાય છે અને ગ્રામપ્રજાના આર્થિક શોષણમાં તેના સાંસ્કૃતિક શોષણનો ભયંકર ઉમેરો થતો રહ્યો છે. આપણી પ્રાથમિક કેળવણીની આખીયે રચનામાં ગ્રામપ્રજા અને ગ્રામસંસ્કૃતિની ભયાનક અવગણના કરવામાં આવી છે. નિર્માલ્ય અને નાપાક નીવડતી યુનિવર્સિટીની કેળવણીના બીબામાં ગોઠવી દેવાની એક માત્ર દૃષ્ટિથી જ આપણી બધી કેળવણી અથથી ઇતિ સુધી રચાઈ છે. એ યુનિવર્સિટીની કેળવણી કેવી નાપાક છે? એ કેળવણીની તપાસ માટે નિમાયેલા યુનિવર્સિટી પંચના એક વિદ્વાન અમેરિકન સભ્ય આર્થર મોર્ગને એની નોંધમાં ઉચ્ચ કેળવણીની ભારે ટીકા કરી છે. એઓ લખે છે:

"ઘણા કેળવણીકારો તેમજ બીજાઓને અમે એ સવાલ પૂછ્યો છે કે હિંદુસ્તાનની યુનિવર્સિટીઓ હિંદુસ્તાનનાં ગામડાંને શો લાભ આપે છે? જૂજ અપવાદ સિવાય અમને આવા જવાબો મળ્યા છે: "લગભગ નહીં જેવો અથવા બિલકુલ નહીં." આખી યુનિવર્સિટી–પદ્ધતિ જ એવી છે કે એ વિદ્યાર્થીને ગ્રામજીવન માટે નાલાયક બનાવી મૂકે છે." એમ કહીને મિ. મોર્ગન ઉમેરે છે: "દેશના શિક્ષિત માણસો દેશની પોણા ભાગ કરતાં વધારે વસ્તીથી વિમુખ થાય એ રાષ્ટ્ર ઉપર ભારે મોટી આફત છે."

પછી તેઓ કહે છે:

"દુનિયાભરનો ઈતિહાસ તપાસશો તો માલૂમ પડશે કે કોઈ પણ પ્રજા તેનું ગ્રામજીવન છિન્નભિન્ન થઇ ગયા પછી પોતાનું ગૌરવ સાચવી શકી નથી. છેક પ્રાચીનકાળથી માણસ સ્વભાવે જ ગ્રામવાસી રહ્યો છે. બીજા કોઈ વાતાવરણમાં તે લાંબો કાળ ટકી શકતો નથી યુરોપ અને અમેરિકામાં આ વિષય ઉપર કરવામાં આવેલી લગભગ દરેક તપાસે બતાવી આપ્યું છે કે સામાન્ય નિયમ એવો છે કે શહેરી કુટુંબો બહુ થોડી પેઢીઓમાં (મોર્ગન કહે છે કે ચાર અથવા તેથી પણ ઓછી પેઢીઓમાં) ખલાસ થઈ જાય છે. શહેરો વધતાં જતા અને આબાદ થતાં દેખાય છે તેનું કારણ એટલું જ છે કે તેની વસ્તીમાં ગામડાંમાંથી સતત ભરતી થતી રહે છે. જ્યાં સુધી પ્રજાનું ગ્રામજીવન જોમદાર હોય છે ત્યાં સુધી માનવશક્તિનો પુરવઠો એની પાસેથી તેને મળે છે. પરંતુ જ્યારે લાંબા વખત સુધી ગામડાંમાંથી માણસો અને સંસ્કારોનું નવનીત શહેરો ખેંચ્યા કરીશું, ત્યારે ગામડાંના સંસ્કાર અને શક્તિનાં તમામ સાધનો ખૂટી જાય છે અને પ્રજા સત્વહીન થઈ જાય છે."

હકીકત જો આવી છે, અને જો આપણી પ્રાથમિક કેળવણીને એ જ જૂના નિર્જીવ ચીલામાં રાખી તેના વ્યાપક પ્રચાર પાછળ અઢળક સરકારી નાણાંનો વ્યય થતો જ રહે છે,

તો ગ્રામપ્રજામાં જઈને વર્ષોથી વસનાર લોકસેવકની આગળ પ્રશ્ન એ આવીને ઊભો રહે છે કે આ કેળવણીનો પ્રચાર થવાથી ગ્રામપ્રજાની પાયમાલીનો જ શું પ્રચાર નથી થતો? એની પાછળ ખર્ચાતી અઢળક સંપત્તિ ગામડાને ભાંગેલાં રાખવા માટે શું નથી વપરાતી? મોટા રસ્તાઓ, ગામડાંમાં બંધાતાં પ્રાથમિક શાળાઓનાં આલેશાન મકાનો, પુસ્તકોના ઢગલા અને હવે એમાં ઘૂસી રહેલા મનોરંજન નૃત્ય અને કહેવાતા સંસ્કાર કાર્યક્રમોની ભભકભભક ઊભી કરવાથી કંઈ પ્રજાની થઈ રહેલી રોજરોજની પાયમાલીને આપણે વધુ વખત ઢાંકી શકવાના નથી. ખાદી ગ્રામઉદ્યોગ, નઈ તાલીમ, દારૂનિષેધ કે અસ્પૃશ્યતા નિવારણ, તેમજ ભૂદાન કે ગ્રામદાનના અત્યંત પાવનકારી કાર્યક્રમોમાં પોતાનું જીવન સમર્પણ કરનાર અને ગામડાંમાં જ દટાઈ જનારા આપણા લોકસેવકોને કડવો દુઃખદ અનુભવ થતો જ જાય છે કે યંત્રસંસ્કૃતિ અને પુસ્તકિયા તેમજ નિર્માલ્ય કેળવણીના વધતા જતા ભયાનક આક્રમણ સામે એ પ્રાણદાયક પ્રવૃત્તિઓ ક્ષણિક ઉત્સાહ પછી વેરવિખેર થતી જાય છે. જો એના કંઈક અવશેષ જળવાઈ રહે છે તો તે માત્ર રાહતકાર્યમાં જ પર્યાપ્ત થાય છે. ગ્રામપ્રજાને બેઠી કરી તેમનામાં પ્રાણદાયક સ્વાવલંબન અને સ્વયં રક્ષણનો ભગીરથ પુરુષાર્થ પ્રગટાવવાને નઈ તાલીમ જ સર્વોત્તમ ઉપાય છે. સાચી નઈ તાલીમ જ્યાં પ્રગટે છે ત્યાં રેંટિયો ઈત્યાદિ ગ્રામ ઉદ્યોગો નવપલ્લવિત થાય છે. પ્રજાનું આરોગ્ય સુધરતું જાય છે. પ્રજાની બેકારી અને ભૂખમરો ઓછાં થતાં જાય છે. સ્વાવલંબનની દીક્ષા મળતાં પ્રજા બેઠી થવા માંડે છે. પરંતુ આજે તો ગામડાંમાં હજી પુસ્તકિયા કેળવણી અપાય છે. હાઈસ્કૂલો વધતી જાય છે. પાકા રસ્તા પર સરળતાથી દોડતી બસો અને ટ્રકો દેશી તેમજ પરદેશી કારખાનાંની સેંકડો વસ્તુઓ ગામડાંમાં ઘુસાડી દે છે એટલે ગ્રામપ્રજા શહેરની સંસ્કૃતિમાં અંજાની જઈ નોકરીલક્ષી કેળવણીની પાછળ ઝંખતી ભટકયા કરે છે. પ્રાથમિક શિક્ષણ લેતા હજારો અને લાખો બાળકોમાંથી જે કોઈ હાઈસ્કૂલ દ્વારા યુનિવર્સિટીની કેળવણી લેવા કમનસીબ નીવડે છે તે કેવા હોય છે તેનો ચિતાર બાપુ આપી ગયા છે:

"આપણી યુનિવર્સિટીઓમાં ભણેલો આજનો જુવાન કાં તો સરકારી નોકરીઓ માટે ફાંફાં મારતો ફરે છે, કાં તો અવળે રસ્તે ચડી જાય છે અને પોતાને સાંપડેલી નિષ્ફળતાનો બદલો શોધતો અસંતોષ ફેલાવવાનું કામ કરે છે. બીજા પાસે ભીખ માગતાં અથવા બીજાને ચૂસી ખાતાં એને શરમ આવતી નથી. આવી એની દીન દશા છે. યુનિવર્સિટી કેળવણીનો ઉદ્દેશ તો દેશના સ્વાતંત્ર્યને માટે જીવે અને મરે એવા સાચા લોકસેવકો પેદા કરવાનો હોવો જોઈએ."

ઉચ્ચ શિક્ષણ મેળવતા આવા ગ્રામ યુવાનો કે નગરના યુવાનો શા માટે કમનસીબ છે? કમનસીબ એટલા માટે છે કે સુખસગવડના અને હોદ્દાઓના ભ્રમજાળમાં ફસાઈ તેઓ પોતાના ગ્રામ-બંધુ-ભગિનીઓનું શોષણ ચાલુ રાખી તેને વધારવામાં મદદરૂપ થઈ પડે છે. એમને ખાદી ગ્રામઉદ્યોગ કે દારૂનિષેધ નઈ તાલીમ હરિજનસેવા કે ભૂદાન ગ્રામદાન કશા જ ગમતા નથી ઊલટું એ પ્રવૃત્તિ એમનાં સ્વાર્થિત હિતોને આડે આવે છે. એ જ કમનસીબ ભણેલાઓ આજે તો તંત્રમાં નિરાંતે ગોઠવાતા રહે છે. સ્વરાજ્ય સરકારનું તંત્ર એ જ શોષણ અને પ્રજાપાયમાલીના ચોકઠામાં વધુ ને વધુ દૃઢ થતું જાય છે.

[અનુસંધાન પૃ. ૧૯૮

વિલાયતની વાતો

કાન્તિલાલ મ. ગાંધી

૫

સ્નેહી ભાઇશ્રી,

લંડનમાં આવીને પહેલા ચોવીસ કલાકમાં જ કેટલું બધું જોઇ નાખ્યું તેનું વર્ણન મેં પત્ર નં. ૩માં કરેલું છે. ત્યારબાદ બીજે દિવસે એટલે કે ૨૦મી એપ્રિલ ૧૯૫૮ના દિને બપોરની ૨–૪૦ની ટ્રેનમાં લંડનના યુસ્ટન સ્ટેશનથી અમારે માન્ચેસ્ટર જવા ઊપડવાનું હતું. તેથી લંડનનાં બાકીનાં દર્શનીય સ્થળો આગળ ઉપર જોવાનું રાખીને હું તથા મારા સાથી શ્રી. કૃષ્ણાય્યર પદ્મનાભન તેમના એક મિત્ર શ્રી. વેંકટરામનને ત્યાં ગયા. શ્રી. વેંકટરામન લંડનના ગ્રીનીચ નામના ઉપનગરમાં રહે છે અને ત્યાં જવા અમે ગેઇઝ હીલ નામના સ્ટેશને ઊતરી પડ્યા. શ્રી વેંકટરામને અમને ગ્રીનીચ પાર્કમાં ફેરવ્યા અને ગ્રીનીચ મીન ટાઇમનું નિર્માણ કરતી વિખ્યાત "શૂન્ય અક્ષાંશ"ની લાઇન ઉપર અમારા ફોટા લીધા. પછી અમે શ્રી. વેંકટરામનને ઘેર સાંબાર, ભાત, છાશ, કોબીનું શાક અને લીંબુના અથાણાનું શુદ્ધ મદ્રાસી ભોજન લીધું. શ્રી. વેંકટરામને માહિતી આપી કે સાંબારમાં નાખેલા કુમળા ભીંડા વિલાયતી નહિ પણ સ્વદેશી જ હતા. ભીંડા કારેલા ટીંડોરા એ બધાં શાક સીલબંધ ડબ્બાઓમાં કલકત્તાથી અહીં આવે છે અને રતલના બેથી ત્રણ શિલિંગના ભાવે જોઈએ તેટલા મળે છે. શ્રી. વેંકટરામન ઘણાં વર્ષોથી સકુટુંબ લંડનમાં જ રહે છે અને પહેલી નજરે તો તેઓ અંગ્રેજ જેવા જ ગોરા દેખાય છે. તેઓ આપણાં હાઇ કમીશનર શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતની ઓફિસમાં કામ કરે છે.

શ્રી. વેંકટરામનને ઘેરથી અમે બપોરે પોણા બે વાગ્યે ગ્રોવેનોર હોટલમાં પાછા ફર્યા અને તરત જ સામાન પેક કરીને ટેક્સીમાં યુસ્ટન સ્ટેશને પહોંચ્યા. ભારતની જેમ વિલાયતની સ્ટીમ ટ્રેનો ઊપડતી વખતે પીસવો કદાપિ વગાડતી નથી તેથી તેની રાહ જોઈને જો કોઈ પ્લેટફોર્મ ઉપર ઊભો રહે તો તે રહી પણ જવાનો સંભવ ખરો જ. ઊપડવાના ઠરેલ સમયે ટ્રેન ચુપચુપ ઊપડવાની જ! એમાં જરાયે ફરક નહિ જ પડવાનો એટલે પીસવાની રાહ વિલાયતમાં તો જોવાય જ નહિ! આનો અર્થ પાછો એમ ન કરતા કે વિલાયતની ટ્રેનો ભારતની ટ્રેનો કરતાં વધારે નિયમિત દોડે છે! મૂળ સ્ટેશનેથી નિયમિત ઊપડ્યા બાદ વિલાયતની ટ્રેનો પણ ઘણીવાર ભારતની ટ્રેનોની જેમ જ લથડી પડે છે! યુસ્ટનથી ઊપડેલી અમારી ટ્રેન પણ માન્ચેસ્ટર ખાસ્સી એક કલાક મોડી પહોંચી! સાંજે ૬–૩૦ ને બદલે ૭–૩૦ વાગ્યે અમે માન્ચેસ્ટરના લંડનરોડ સ્ટેશને ઊતર્યા.

લંડન રોડ સ્ટેશને ટ્રેનમાંથી સામાન જાતે ઊંચકીને સ્ટેશનની બહાર આવ્યા અને ઝડપથી ટેક્સીની 'ક્યુ'માં ઊભા રહ્યા. પચીસેક ટેક્સી ઊપડ્યા બાદ અમારો વારો આવ્યો. ટેક્સીની પણ 'ક્યુ' લાગે છે તેનું જ્ઞાન અહીં જ સાંપડ્યું! ટેક્સીમાં બેસીને દસ માઇલ

દૂર આવેલા ડીડસબરી મુકામે અમે પહોંચ્યા. એલસ્લી ગેરટલાકિસના દરવાજા ઉપરનું બટન દબાવ્યું એટલે મીસીસ રથ જ્હોનસને દરવાજો ખોલતાં વેંત "ગુડ ઈવીનીંગ મિ. ગાંધી એન્ડ મિ. પદ્મનાભન" એમ સસ્મિત કહીને અમારું સ્વાગત કર્યું અને અમારી બેગ ઊંચકી લેવાનો પણ શિષ્ટાચાર કર્યો. ખૂબીની વાત તો એ હતી કે મીસીસ જ્હોનસન પણ લંડનથી અમારી જ ટ્રેનમાં માન્ચેસ્ટર આવેલી હતી છતાં અમારા કરતાં એક કલાક વહેલી ઘેર પહોંચી ગઇ હતી. એટલું જ નહિ, તેણે અમારે માટે ગરમ દાળ ભાત અને કાળી દ્રાક્ષની કચોરીનું જમણ પણ તૈયાર કરી દીધું હતું! આ કોયડાનો ઉકેલ તેણે જ અમને આપ્યો ત્યારે સમજાયું કે તે માંચેસ્ટરની પહેલાના સ્ટોકપોર્ટ સ્ટેશને ઊતરી પડી હતી અને ત્યાંથી ડીડસબરી નજીકમાં જ છે! અમારી ટ્રેને સ્ટોકપોર્ટ અને લંડનરોડની વચ્ચમાં જ વિલંબનો દાટ વાળ્યો હતો. મીસીસ જ્હોનસન તો છેક સ્પેનથી રજા ગાળીને આજે પાછી ફરેલી હતી છતાં તરત જ કામે લાગી ગઇ હતી!

અમારા ગેસ્ટ હાઉસમાં બે ઑસ્ટ્રેલિયન, એક ફ્રેંચ, એક સ્વીસ અને એક સ્પેનિશ બંધુઓ હતા અને આ બધા જ અમારી જેમ આઈ. સી. આઇ.માં કામ કરવા આવેલા હતા. સામાન રૂમમાં મૂકીને હાથ મોં ધોઈને તરત જ અમે જમવા ગયા. જમ્યા બાદ લાઉન્જ રૂમમાં ઢોકી આવી ત્યારે મીસીસ જ્હોનસને અમો બધાનો અરસપરસ પરિચય કરાવ્યો. અને પછી અમે બધાએ ટેલિવીઝનનું નિરીક્ષણ કર્યું. મેં મારી જિંદગીમાં ટેલિવીઝન આજે જ પહેલીવાર જોયું. સામે ફાયરપ્લેસમાં ઇલેક્ટ્રિક હીટર ચાલુ હતું તેથી હૂંફ લાગતી હતી. પછી મેં મારા રૂમમાં જઇને એક શિલિંગનો સિક્કો ગેસ બોક્સમાં નાખીને મારા રૂમનો ગેસ સળગાવ્યો કારણ કે આખો રૂમ બરફ જેવો ઠંડોગાર થઇ ગયેલો હતો. એક શિલિંગનો ગેસ ૭ કલાક બળે છે અને ત્યારે જ રાત્રે હૂંફ રહે છે. ઉપરાંત ગરમ પાણી ભરેલી રબરની થેલી પગ આગળ રાખવી પણ આવશ્યક છે. ગળપટો, હાથમોજાં એ બધું પહેરી કરીને ઓઢી પોઢીને સૂઈ જઈએ તો જ ધ્રુજારી દૂર રહે છે! બારી બારી તો ખુલ્લી રખાય જ નહિ! ખુલ્લી બારીમાંથી ચોર કરતાં ઠંડી પૂરી જવાનો જ ભય વધારે હોય છે. વિલાયતની ઠંડીનો ખ્યાલ અનુભવે જ આવી શકે તેવો હોય છે. અને આવી ઠંડીમાં ઊંઘ આવી ગયા પછી સવારે નવ વાગ્યે પણ ઊઠવાનું કાળ જેવું લાગે છે! છતાં લેબોરેટરીમાં જ નવ વાગ્યે પહોંચવાનું હોવાથી મોડામાં મોડા સાત વાગ્યે તો ઊઠી જવું જ જોઇએ!

સાડાચાર વાગ્યે જમવા માટે મહેમાનો માટેના એક ખાસ "લોંગ રૂમ"માં મિ. રકાસ્ત્મ અમને લઈને આવ્યા અને સામેના બાર ઉપર મૂકેલાં પીણાંઓ તરફ જોઈને અમને પૂછ્યું: "બોલો શું લેશો? પાઇનેપલ, જ્યુસ, જીન, શેરી, શેમ્પેન!" વટલવાનો આ પહેલો જ પ્રસંગ હતો પરંતુ જે ચીજ કરોડો લોકો લે છે તે છેક વિષ તો નહિ જ હોય એવી દલીલ મનમાં કરીને મેં જીન એન્ડ લાઇમ માગ્યા. અને આ એકદમ નાનકડી પ્યાલી પીવામાં જ ૨૫ મિનિટ બધાએ લગાડી! "બોલો, બીજી એક લેશો?" જમતાં પહેલાં ભૂખ વધારવાનો આ એક નુસખો મનાય છે! સાથે સાથે સીગરેટના પણ થોડાક ફૂંફાડા મારતા જાવ, ગપ્પાં હાંકતા જાવ, મીઠી મશ્કરીઓ કરતા જાવ અને એમ કરતાં કરતાં ભોજનના આનંદનું વાતાવરણ જમાવતા જાવ. આ છે વિલાયતના જીવનનો મીઠો શિરસ્તો. ભોજન પણ ઘણું સ્વાદિષ્ટ હતું. ઇટાલિયન સ્પઘેટી (ચોખાની નરમ સેવ). લેટ્યુસની ભાજી ઉપર રાઇની ચટણી, ફ્રૂટ સેલેડ, કોફી વગેરેનું ભોજન કર્યા બાદ ચીરૂટ જોઈએ તો લો, નહિ તો સીગરેટ લો અને આ પ્રમાણે ભોજનવિધિ પતાવો!

બપોરે પાણી પીવાનું મન થાય તો સીધું નળમાંથી લઇ લો પણ હા, તેમાં જરાક ગરમ પાણી ઉમેરશો તો જ તે પી શકાશે, નહિ તો દાંત કળી જશે! આવી ઠંડીમાં તો સીધું ગરમ પાણી પીવાની પણ મઝા આવે છે!

મેં ટેકરૂટાઇલ પ્રિન્ટીંગની લેબોરેટરીમાં કામ શરૂ કર્યું. આ લેબોરેટરીમાં પુરુષો દસ છે અને સ્ત્રીઓ પંદર છે! ઠેર ઠેર આ પ્રમાણે સ્ત્રીઓની સંખ્યા બધાં જ ખાતાંઓમાં વધારે છે. શ્રી અબ્દુલ બારી નામના એક અફઘાન ભાઇ પણ પ્રિન્ટીંગ લેબોરેટરીમાં દસ વર્ષથી નોકરી કરે છે. તેઓ અંગ્રેજ જેવા જ દેખાય છે પરંતુ ગઝલ અને જયજયવંતીના સ્વરો ગણગણતા હતા તેથી મારે પૂછવું પડ્યું કે આમ કેમ? તો કહે કે આવ્યો હતો અભ્યાસાર્થે પણ પછી લીન સાથે પ્રેમમાં પડીને લગ્ન કર્યાં એટલે અહીં જ રહી પડ્યો! છતાં જયજયવંતી હજી ભૂલી શક્યો નથી! પછી તો અબ્દુલ અને લીનની મહેમાનગીરી પણ ચાખી. અફઘાની સુરાઈમાંથી સોમરસનું પાન પણ કર્યું અને છેલ્લે તબલા, ખંજરી અને પીયાનો ઉપર પૂર્વ અને પશ્ચિમનું સંગીત પણ સાંભળ્યું. ફ્રાંસથી આવેલા મોન્સ્યોર સુપ્લીસોન પણ આ મહેફીલમાં હાજર હતા.

લેબોરેટરીનું જીવન સ્મૃતિપટ ઉપરથી કદાપિ નહિ ભૂંસાય. મિ. હેંક મીડ એક અચ્છા આદમી છે અને તેમની સાથે કામ કરવું એ પણ જિંદગીનો એક લ્હાવો છે. મુંબઇમાં તો આપણે સીપાઈઓ ઉપર સલામો કરવાની ટેવ પડી ગયેલી પણ વિલાયતમાં સીપાઈ ક્યાંથી લાવવો? મિ. મીડે મને પૂછ્યું કે "વુડ યુ લાઈક ટુ વોશ ધી રીન્સ, મિ. ગાંધી?" અને મેં તો નિર્દોષ રીતે જવાબ પણ આપ્યો કે "ના રે ભાઈ! એમાં શું શીખવાનું છે!" પણ પછી જ્યારે મિ. મીડે જાતે જ મારી રકાબીઓ ધોવા માંડી ત્યારે પહેલી વાર "વુડ યુ લાઈક" નો ખરો અર્થ સમજાયો! 'લાઈક'નો અર્થ ગમવા નહિ ગમવા સાથે કશો જ સંબંધ નથી ધરાવતો! વિલાયતમાં કોઈ તમને "વુડ યુ લાઈક ટુ...." કહીને કંઇક કહે તો તેનો સ્પષ્ટ અર્થ એટલો જ સમજવો કે "મહેરબાની કરીને

બ્રિટિશ પ્રજાની પ્રામાણિકતાનો પરચો પણ મને અહીં મળ્યો. હિંદમાં હેટ પહેરવાની મને ટેવ નહિ પરંતુ અહીં તો વુલન ફેલ્ટ હેટ (ટ્રેમ્મી) ન પહેરીએ તો વાળ ઠરીને ઠરાગાર થઈ જતા હતા તેથી પહેરવી તો પડે જ. પણ ટેવ નહિ એટલે ગુરુવાર તા. ૨૪મી એપ્રિલે જ હું મારી પચીસ રૂપિયાની હેટ બસમાં ભૂલી ગયો. બીજે દિવસે મેં લેબોરેટરીમાં મીસીસ છૂન કેનને વાત કરી કે તરત જ છૂને ટ્રાન્સપોર્ટ હાઉસની લોસ્ટ પ્રોપર્ટી ઓફિસમાં ટેલિફોન કરીને ખબર પૂછી કે એ રંગની કોઈ ટ્રેમ્મી મળી છે કે? જવાબ 'હા'માં આવ્યો અને હું ત્યાં ઊપડ્યો. લોસ્ટ પ્રોપર્ટી ઓફિસની એક સન્નારીએ મારી હેટની ખાત્રી માગી. મેં કહ્યું કે અંદરની ચામડાની પટ્ટી ઉપર હેટ બનાવનાર "ડેવીડ મોઝેસ, મુંબઈ"નું નામ છે બસ મળી ગઈ! મેં એ લોકોની જરાક પ્રશંસા કરી કે 'તમારી એફીશિયન્સી ખરેખર ઉમદા છે" ત્યારે પેલી ભલી બાઈએ હમીને કહ્યું કે "એનો અર્થ તો એ થયો કે અમારા લોકો બહુ ભૂલકણા સ્વભાવના છે. દરરોજ અહીં એક હજાર તો હાથમોજાં, હજાર છત્રીઓ, ઓવર કોટ અને હેટો આવે છે અને નિશાનીની ખાત્રી કરાવી આઠ આનાનો દંડ ભરીને પોતાની વસ્તુઓ પાછી લઈ જાય છે. અમે તો ખાલી અમારી ફરજ બજાવવાથી વિશેષ કંઈ જ કરતા નથી!" અરે ભલા, ભારતમાં આવી ફરજ બજાવાતી હોત તો હું ભૂતકાળના કેટકેટલી ચીજો પાછી મળી હોત!

આ પ્રમાણે મેં ત્રણ વખત હેટ ખોઈ નાખેલી અને ત્રણે વખત તે પાછી મળેલી! આનો અર્થ પાછો એમ નથી કે બ્રિટનમાં ચોરી કદાપિ નથી થતી. શ્રી પદ્મનાભનનો એક હજાર રૂપિયાની કિંમતનો 'રોલીફ્લેકસ' કેમેરા વચમાં ગુમ થઈ ગયો હતો અને તેની દુઃખદ ખોટ અમે વિસારે પણ પાડી હતી. તેવામાં બે મહિના બાદ એકાએક પોલીસ સ્ટેશનેથી શ્રી પદ્મનાભનને તેડું આવ્યું! આ શી મુસીબત! પણ ના, એ મુસીબત નહોતી. પોલીસે તો તેમને તેમનો કેમેરા પાછો સુપરત કરવા બોલાવ્યા હતા. કેમેરા ઉપર નામ કે નિશાન નહોતું અને શ્રી પદ્મનાભને પોલીસમાં નોંધાવ્યું પણ નહોતું છતાં પોલીસ સામી તેના માલિકને શોધતી આવી—એ કિસ્સાએ તો અમને બ્રિટિશ છૂપી પોલીસ પ્રત્યે ઘણો જ આદર પ્રકટાવ્યો. પોલીસે આખો ઇતિહાસ જણાવ્યો. કેમેરા ક્યાંથી ક્યારે ચોરાયો, ચોરે તે ક્યાં ગીરવે મૂકી દીધો અને ગીરવે લેનાર પોનબ્રોકરે પોલીસને ચોર વિશે કેવી માહિતી આપી એ બધું સાંભળીને આપણે દિગ જ થઈ જઈએ. આ ઘટનાએ કેવળ બ્રિટિશ પોલીસની ચતુરાઈ જ નથી પુરવાર કરી, શ્રી પદ્મનાભન દરેક બાબતમાં કેટલા 'લકી' છે તે પણ બતાવી આપ્યું છે! શ્રી પદ્મનાભને પોલીસને બક્ષીસ આપવા માંડી તો તે પણ તેમણે ન લીધી તે ન જ લીધી! ક્યારે બનશે આવું ધર્મપ્રિય ભારતમાં?

હિંદમાં સાંભળેલું કે વિલાયતમાં છાપાની થપ્પી આગળ પૈસા નાખવાનો ડબ્બો મૂકીને છાપાવાળો ચાલ્યો જાય છે તો યે કોઈ મફત છાપું નથી ઉપાડી જતો કે નથી પૈસાનો ડબ્બો લઈ જતો. આ વાત મેં ઠેર ઠેર નજરે જોઈ ત્યારે બ્રિટિશ પ્રજાની પ્રામાણિકતા માટે કશી જ શંકા ન રહી. કોઈ કોઈની વસ્તુને ત્યાં અડકતું નથી કે કોઈ કોઈનો ખાનગી પત્ર કે કાગળિયું વાંચી લેવાની ઇન્તેજારી ત્યાં નથી બતાવતું. વગર ટિકિટે કોઈ મુસાફરી પણ નથી કરતું. બસનો કન્ડક્ટર અંદર ઊંડો ગયો હોય અને ઊતરવાનો થાંભો આવે છતાં ટિકિટ ન કઢાવી હોય તો પેસેન્જર ઊતરતાં પહેલાં કોઈ બીજા પેસેન્જરને ટિકિટના પૈસા આપતો જાય અથવા તો

બસના દાદર નીચેના પાટિયા ઉપર પૈસા મૂકીને ચાલતો થશે પણ ખુદાબક્ષ બનીને તો નહિ જ ઊતરી જાય!

પ્રામાણિકતાના ખરા પ્રતીકના દર્શન તો દરેકે દરેક સ્ટોર કે દુકાનની એક એક વસ્તુ ઉપર તેની કિંમતના લેબલમાં થાય છે માનશો? દરેકે દરેક નારંગી, મોસંબી, સફરજંદ, કેળું કે એવી નાનામાં નાની વસ્તુ ઉપર પણ તેની કિંમતનું લેબલ ચોંટાડવામાં આવે છે અથવા રબર સ્ટેમ્પ મરાવામાં આવે છે નાનું બાળક પણ ખરીદી કરવા જાય તોયે છેતરાવાનો સંભવ નથી રહેતો એક સરખી જાતની તે જ વસ્તુનો ભાવ કોઈ પણ દુકાનમાં જાય તો એકસરખો જ હશે માપતોલમાં પણ કશો દગોફટકો કરવામાં નથી આવતો. શાકભાજીના પણ પા રતલી, અડધા રતલી, એક રતલી એવા પડીકાં જ તૈયાર રાખેલાં હોય છે તેથી કશું જોખાવવાનો સવાલ જ નથી ઊભો થતો ભાવ બધો વીણેલો જ હોય છે અને તોલમાં કશી કસર રહેતી નથી સડેલાં શાકભાજી કે ફળ, કેળાં વગેરે કદાપિ વેચવામાં આવતાં જ નથી તેથી ઘરાકો વિશ્વાસ સાથે ઝડપથી ખરીદી કરી શકે છે. સારો માલ સીધે રીતે જ મોંઘો વેચવામાં આવે છે મોંઘો કરી ભાવ ઓછો કરાવવા જનાર પ્રત્યે પશુસંગ્રહાલયના પશુની જેમ કુતૂહલથી જોવામાં આવે છે! "હા, આ જ વસ્તુની સસ્તી જાત છે તે જોઈએ તો મળશે પણ મોંઘી જાતને સોંઘી કરી આપવાનું તો અશક્ય છે! એક્સ્ટ્રીમ્લી સોરી, સર!"

બ્રિટિશ પ્રજા જાહેર માલિકીની વસ્તુઓ બગાડી નથી મૂકતી. ટ્રેનો અને બસોના ફીટીંગો નથી ચોરી જતી કે સુધરાઈની પેટીઓને પણ તફડાવી નથી જતી રસ્તો સાફ રાખવો એ તો સૌ કોઈ પોતાની ફરજ છે એમ સમજે છે અને નહિ કે સુધરાઈ ખાતાની! રસ્તે ચાલતાં સીગરેટ પૂરી થઈ જાય તો તેનું ઠૂંઠું રસ્તામાં ફગાવી દેવાને બદલે બૂટ ઊંચો કરી તેના તળિયામાં ઘસીને બુઝાવી નાખીને તે ઠૂંઠું પોતાના ખીસામાં મૂકી દેનારાને પણ મેં જોયા છે અને પછી નજીકની કચરાપેટીમાં આવાં ઠૂંઠાં, બસની ટિકિટો, ચોકલેટના પેપરો વગેરે કચરો નાખવે છે. રસ્તા ઉપર થૂંકવાની તો વાત જ ત્યાં કોઈની કલ્પનામાં નથી આવતી શરદી આવે તો તે સુદ્ધાં પોતાના રૂમાલમાં સંતાડીને ખીસાભેગો કરે છે પણ જાહેર રસ્તા ઉપર તો આવી ગંદકી કોઈ જ કરતું નથી. પરિણામે સુધરાઈવાળાને તો ખાસ કશું સાફ કરવાનું પણ રહેતું નથી! રે ભારતપુત્રો! ક્યારે આપણામાં આવી શિસ્ત આવશે!

ક્રમશઃ]

તમારો સ્નેહાધીન
કાન્તિ ગાંધીના
જયહિંદ

卐

વનસ્પતિ ઘીનું પાપ

નિવેદક : રાવજીભાઈ મણિભાઈ પટેલ

મને યાદ છે કે વનસ્પતિ ઘીના એક ઉત્પાદકે તો પોતાની દીકરીના લગ્નપ્રસંગે સ્પષ્ટ જાહેરાત કરી જમણ તથા મીઠાઈમાં વનસ્પતિ ઘી વાપરીને તે સ્વચ્છ ઘી જેવું જ ગુણકારી છે અને સસ્તું તો છે જ એવી છાપ જનતા પર પાડી. જેમ વિજ્ઞાનને નામે વૈજ્ઞાનિક વહેમોથી પ્રજા છેતરાતી આવી છે તેમ આમાં પણ પ્રજા છેતરાઈ ને તેનો વપરાશ વ્યાપક બન્યો.

વનસ્પતિ-ઘી મનુષ્યના શરીરસ્વાસ્થ્ય પર માઠી અસર કરે છે એવો કેટલાક પ્રામાણિક દાક્તરોનો અભિપ્રાય નભ્યો નહિ. સોનાના સિક્કાએ એવું જોર કર્યું કે તેમનાં મોં પણ બંધ થઈ ગયાં. એવું સીસું વાગ્યું કે તેમનો સાચો અવાજ મોટા પડઘમના અવાજ આગળ તતૂડીના સાદ જેવો નિરર્થક બની ગયો.

સ્વાસ્થ્યના ભોગે તૂત

આ રીતે જનતાના શરીરના સ્વાસ્થ્યને ભોગે આ તૂત ચાલ્યું. તેનાથી પણ વધારે દુઃખદ તો એ બન્યું કે ગામડાંના નિર્દોષમાં નિર્દોષ ખેડૂતનાં ઘરની પાપભીરુ સ્ત્રી જે ધર્મભાવથી પોતાની ગાયભેંસને પાળતી, ઘી કરી પોતાના કુટુમ્બનું ગુજરાન ચલાવતી. તેનામાં પણ પાપના સંસ્કાર આ વનસ્પતિ ઘીએ નાંખ્યા અને જેમ વનસ્પતિ-ઘીએ દેશની જનતાના સ્વાસ્થ્યમાં ઝેરી કીડો દાખલ કર્યો તેમ તેણે જનતાની નીતિમાં પણ ઝેરી કીડો દાખલ કર્યો. સ્વપ્ને પણ કદી જીવ ન બગાડે તેવી ગામડાંના ખેડૂતની પાપભીરુ સ્ત્રીઓ સુધી આ અનૈતિક વાતાવરણ જામ્યું. વનસ્પતિ ઘી તેના વલોણા સુધી પહોંચી ગયું અને સ્વચ્છ ઘી બનાવનાં વનસ્પતિ ઘીની ભેળસેળ કરી તે ઘી વેચાવા માંડ્યું. દેશના કોઈપણ ભાગમાં જાવ તો તમને ચોખ્ખા ઘીના નામે આ વનસ્પતિથી મિશ્ર કરેલું ઘી જ મળે ! વનસ્પતિ ઘી શારીરિક સ્વાસ્થ્ય માટે ભારે નુકસાનકર્તા છે એ સંબંધે તો લાગતા વળગતા વૈજ્ઞાનિકોએ અને દાક્તરોએ જનતાનું મોં પોતાના શીલથી બંધ કર્યું હતું પણ આ અપ્રમાણિકતાનો ઠગાઈનો ધંધો દેશમાં વ્યાપક બન્યો તેનું શું ? આમપ્રજાને પણ નીતિનાશને માર્ગે દોરી તેનું શું ? તે માટે કોંગ્રેસના કેટલાક કાર્યકર્તાઓએ ફરિયાદ કરેલી. અને મને સારી રીતે યાદ છે કે અમદાવાદમાં છેલ્લી મહાસમિતિની બેઠક ભરાઈ ત્યારે શેઠ ગોવિંદદાસ તરફથી એવો ઠરાવ લાવવામાં આવેલો કે વનસ્પતિ-ઘી, સ્વચ્છ ઘીમાં ભેળસેળ થઈ દગો અને છેતરામણ વધી પડ્યાં છે. અને તેથી પ્રજામાં અનૈતિક અસર થઈ છે. માટે વનસ્પતિ ઘીને કોઈપણ જાતનો નિર્દોષ રંગ આપીને સ્વચ્છ ઘીમાં ભેળસેળ થતું અટકાવવું. આ ઠરાવ આપણા વડાપ્રધાન શ્રી. નેહરુજીને ગમ્યો નહોતો અને તેમના વતી સ્વ. મૌલાના અબ્દુલ કલામ આઝાદે લૂલો બચાવ પણ કરેલો, છતાં પણ એ ઠરાવ ભારે બહુમતીથી પસાર થયેલો. પણ એ ઠરાવનો અમલ થયો જ નહિ એ દુઃખની વાત હતી. આપણા વડાપ્રધાન શ્રી. નેહરુજી તો પ્રખર લોકશાહી વલણના છે, છતાંય આ કહેવાતા વિજ્ઞાનથી તેઓ પણ કેટલીક વખત એવા તો ભરમાઈ જાય છે, કે તે વૈજ્ઞાનિક ધૂનમાં વસ્તુ વસ્તુને જોઈ શકતા નથી અને પોતાની વૈજ્ઞાનિક ધૂનમાં આગળ ધપ્યા જ કરે છે. આમ કહેવું મારા માટે દુઃખદ છે છતાં તે સાવ સત્ય છે.

પણ સાચા પુરાવા છુપાઇ રહેતા નથી તેમજ સાચી વાત છુપાવી શકાતી નથી. તાજેતરમાં કેન્દ્ર સરકારના આરોગ્યખાતાના પ્રધાન શ્રી. ડી. પી કરમારકરે, વનસ્પતિ ઘી અંગે જે દિમનભંગી જાહેરાત કરી, તે કોઇ વડાપ્રધાન શ્રી. નેહરૂજીની સૂચના અને સંમતિ સિવાય થયજ નહી. વળી વડાપ્રધાન નેહરૂજીના પોતાના ઘરમાં આજ સુધી જે વસ્તુ નિર્દોષ, વૈજ્ઞાનિક દૃષ્ટિએ ઉત્તમ, અને જનતાના હિતની દૃષ્ટિએ ગણાઇ છે તેનો હવે વડાપ્રધાનના ઘરમાંથી બહિષ્કાર થયો છે તેની સત્તાવાર જાહેરાત આરોગ્યપ્રધાન તરફથી થઈ છે આ હકીકત સૂચવે છે કે આપણા વડાપ્રધાન નેહરૂજીનું હૃદય કેટલું પારદર્શક અને સ્વચ્છ છે. હુ માનું છુ કે આજ સુધીના પોતાના વૈજ્ઞાનિક મંતવ્યોની ધૂનમાં તે આગળ ધપ્યા કર્યા અને તેથી પ્રજાના શારીરિક અને નૈતિક સ્વાસ્થ્યને ભયંકર નુકસાન પહોંચ્યું હશે તેનું દુ:ખ તેમને પોતાને કેટલું ભારે થયું હશે તેનો ખ્યાલ સહુ કોઇ કરી શકશે. પણ હવે તો જનતાની આંખો ખુલવી જોઇએ તેણે જાગૃત થવું જોઇએ આપણું કલ્યાણ કરનારા ધર્માર્થીઓ, ધનલક્ષી વૈજ્ઞાનિક ઠગો અને પોતાની મૂડીના સહારાથી પ્રજાની નૈતિક અને શારીરિક સ્વાસ્થ્યના ભોગે પણ ધનપ્રાપ્તિ માટે કેવાં કેવાં કૃત્યો કરે છે અને દેશમાં વર્ચસ્વ ભોગવે છે તે આપણે જાણી લેવુ જોઇએ આવા ઠગારા લોકોએ વિજ્ઞાનને નામે જનતાને લૂંટવાને આવી આવી અનેક ઇન્દ્રજાળો દેશમા રચી છે તેમાંથી, અને દેવ હોવાનો દેખાવ કરનારા સ્વાર્થી ધનલોલુપ વૈજ્ઞાનિકોના ઝેરી પંજામાંથી દેશની આમજનતાએ બચવું જોઇએ.

રોગ વધ્યા છે

કેન્દ્ર સરકારની જાહેરાતથી હવે ચોક્કસ થયું છે કે છેલ્લા પંદર વીસ વરસમાં દેશ ભરમાં હૃદરોગ, કેન્સર, હાઈપર એસિડિટી (આમ્લપિત્ત), ગેસનું દર્દ તેમજ આંતરડાંના રોગો વધી પડ્યા છે તે વનસ્પતિ ઘીના વપરાશના કારણે જ વધી પડ્યા છે, એવા નિવેદનને કોઈ અતિશયોક્તિભર્યું માને તો આરોગ્યપ્રધાનની જાહેરાત પ્રમાણે તે રોગોમા મોટો હિસ્સો વનસ્પતિ ઘીનો છે એ તો ચોક્કસ વાત છે

આ સ્થિતિમા સમગ્ર પ્રજા માટે, ગરીબ કે તવંગર માટે, હિતની વાત એ છે કે ઘી ન મળે તો મગફળી, સરસવ, કરડી કે તલનું શુદ્ધ તેલ ખાવ પણ શરીર અને નીતિનો નાશ કરનાર આ વનસ્પતિ ઘીનો સદંતર બહિષ્કાર કરો કંઈ નહિ તો ગુજરાતમાં એવું વાતાવરણ ઊભુ કરો કે વનસ્પતિ ઘીના કારખાનાના કોટકા આપોઆપ બોયબેગાં થાય

મૂડીનો હકારો

હું સારી રીતે જાણુ છુ કે તેમા કરોડો રૂપિયાની મૂડી રોકવામા આવી છે તે મૂડી ખાનગી હોય કે સરકારની ગમે તેની હોય તે મૂડી ભલે ખુંસાઈ જાય અમારે આ દેશમાં ભારતવાસીઓના જાન, નીતિ અને ધર્મના ભોગે એવા ભૂંડી મૂડીનો હકારો નથી જોઈતો. એવી મૂડીના પિરામિડો ભારતની રાંક પ્રજાના મુડદા ઉપર અમારે બાંધવા નથી જોતા. કેન્દ્ર સરકાર તરફથી આવી જાહેરાત થયા પછી જે કોઇ આ વનસ્પતિ ઘીને ઉત્તેજન આપશે તે માનવતાનો દ્રોહી ગણાશે આ તો વનસ્પતિ ઘીનુ પોકળ ઊઘડ્યુ છે પણ આવાં આવાં વૈજ્ઞાનિક દૃષ્ટિને નામે પ્રજાના શરીર સ્વાસ્થ્યનો નાશ કરનાર તેમજ સારા ધંધાને અપ્રામાણિક અને અપવિત્ર બનાવનાર અનેક ઢંગોનો વ્યાપક ઉપયોગ થાય છે, તે રીતે પ્રજાએ અને પ્રજાપ્રિય સરકારે જાગૃત રહેવાની જરૂર છે.

પાશ્ચાત્ય નાટ્યસાહિત્યનો વિકાસ

પ્રો. તનસુખ ભટ્ટ M A, Ph D

લેખાંક અગિયારમો

અઢારમી સદી

નાટ્યરચનાની દૃષ્ટિએ જોતા અઢારમી સદી આખી અને ઓગણીસમી સદી અરધી એટલો દોઢ સદીનો ગાળો એ દુકાળનો સમય ગણાય ગણ્યાગાંઠ્યા પાંચ સાત નાટ્યકારોને બાદ કરતાં અન્ય કોઇ પ્રતિભાશાળી લેખક તેમા પાક્યો નહિ રંગભૂમિની પ્રાકૃતિક પરિસ્થિતિ જ પ્રતિકૂળ હતી. આ રાજસસ્થાપનાના ગાળામા લડન શહેર (અર્થાત તેના રાજદરબારીઓ) માત્ર બે નાટકશાળાથી સતુષ્ટ હતા અઢારમી સદીમાં નાની નાની ઘણી નાટકશાળાઓ ઊભી થઈ અને તેમાંની કેટલીકમાં ઉત્તમ પ્રયોગો ભજવાયા પછી આવ્યો ઇ. સ ૧૭૩૭નો પરવાનાનો કાયદો. તેણે તો નાટ્યપ્રવૃત્તિના હૃદયમાં મર્માઘાત કર્યો બધી જ નાટ્યપ્રવૃત્તિઓ ડ્રૂરી લેન (Drury Lane) અને કોવેન્ટ ગાર્ડન (Covent Garden)મા મર્યાદિત થઇ ગઇ ઇ. સ. ૧૮૪૩મા નવા કાયદાથી નવી નાટકશાળાઓ ઉઘાડવાનુ શક્ય બન્યું ત્યાં સુધી આમ ચાલ્યું. અઢારમી સદીના પ્રારભમાં નાગ્યરસિક પ્રેક્ષકવર્ગ વધતાં મધ્યમ વર્ગના આ નાગરિકવર્ગે રાજસ્થાપના કાળનાં નાટકોનું નીતિશૈથિલ્ય બરદાસ્ત ન કર્યું. પરંતુ આ જૂના પ્રેક્ષકવર્ગને ન્યાય આપવા માટે કહેવુ જોઇએ કે તેમાં રસિકતા, સ્વાભાવિક રીતે ઊગેલી વિવેચનવૃત્તિ અને શુષ્કતાનો અણગમો હતાં આ બધી યોગ્યતાઓ હવે આવનારા નવા પ્રેક્ષકવર્ગમા દેખાતી ન હતી

બીજો ફેરફાર એ થયો કે રાજસ્થાપનાની સુખાન્તિકાઓના આખાબોલાપણાથી, કડવા કટાક્ષોથી અને બુદ્ધિતત્ત્વની પ્રધાનતાથી પ્રેક્ષકવર્ગ કંટાળી ગયો હતો તેની રુચિ સૂક્ષ્મ સવેદનશીલતા, ઊર્મિશીલતા તથા કરુણરસ તરફ વળવા લાગી ધીરે ધીરે સંસ્કારી ઊર્મિનો અતિરેક નાટકોમા વધવા લાગ્યો.

સર રિચાર્ડ સ્ટીલ (Sir Richard Steel—૧૬૭૨-૧૭૨૯) આવા ઘણા ઊર્મિશીલ નાટકોનો લેખક થયો.

આવાં ઊર્મિલ નાટકોની સાથે ગૃહજીવનની શોકાન્તિકાઓ આવી અને અઢારમી સદીના આખા પૂર્વાર્ધ સુધી ચાલી આમ તો આ વિષય લખવાની શરુઆત એલિઝાબેથના યુગથી જ થઇ ગઈ હતી પરંતુ તેના નિરૂપણમાં ખરેખરી વાસ્તવિકતા આવી આ કાળમાં. આ નાટ્યકારોએ વધતા જતા મધ્યમવર્ગના પ્રેક્ષકોના ગૃહજીવનની કેટલીક બાજુઓને રજૂ કરવાનો પ્રામાણિક યત્ન કર્યો. તેમાં નાટ્યદોષો આવતા હતા છતાં પ્રેક્ષકવર્ગ તેનાથી આકર્ષાયો કેમકે આ નવીન ભરતી થયેલા પ્રેક્ષકોને વારસામાં વિવેચનશક્તિ કે પકાવેલી રસિકતા મળ્યાં ન હતાં. તેથી અણઘડ છતા સાચા પ્રયત્નને તેમણે આદરથી વધાવી લીધો.

જ્યોર્જ લિલો (George Lillo—૧૬૯૩-૧૭૩૯) પોતાનાં આવાં નાટકોથી ઇંગ્લેંડના પ્રેક્ષકોમાં સન્માન પામ્યો અને તેની પ્રતિષ્ઠા બહાર યુરોપમા પહોંચી તેનામાં

ગમે તેટલી મર્યાદા અને અણઘડપણું હોય છતાં ય તેણે નાટ્યલેખનમાં એક નવી જ દિશામાં પ્રસ્થાન કર્યું હતું. તેણે સ્વદેશબંધુઓના હૃદયની ઝંખનાને સંતોષી અને ફ્રાન્સ તથા જર્મની સુધી તેનો યશ ફેલાયો.

આમ અઢારમી સદીના પૂર્વાર્ધમાં ઊર્મિપૂર્ણ નાટકો તથા ગૃહજીવનની શોકાન્તિકાઓ એ બે મુખ્ય નાટ્યપ્રકારો હતા. આની સાથે બીજા વધારે ગંભીર પ્રકારો પણ સ્થાન પામતા હતા. નિકોલાસ રો (Nicholas Rowe)ની સફળતાનો આની પૂર્વે ઉલ્લેખ થઈ ગયો છે. તેણે ગૃહજીવનના કિંવા ખાનગી જીવનની કથાવસ્તુને ઐતિહાસિક વાતાવરણમાં મૂકી. હજી તેની રચનામાં કેન્દ્રસ્થાને સ્ત્રી તથા તેની ગૃહજીવનની કરુણતા જ દેખાય છે તેનામાં નાટ્યકારના ગુણો છે તથા કવિની પ્રતિભા છે. પરંતુ પુરાણી ઢબનાં નાટ્યસ્વરૂપો સ્વીકારવાં કે નવીન વલણ અખત્યાર કરવું એવી અનિશ્ચિતતા તેની નાટ્યકૃતિઓમાં વરતાઈ આવે છે.

નિકોલાસ રો બંને શૈલી વચ્ચે મેળ કરવા મથતો હતો ત્યારે અન્ય નાટ્યકારો શોકાન્તિકાલેખનમાં પુરાણી શૈલીને દૃઢતાથી વળગી રહ્યા. ઇ. સ. ૧૭૧૩માં એડિસને 'કેટો' (Cato) નાટક લખ્યું. એડિસનના આ નાટકને મળેલી લોકપ્રિયતાનું કારણ કળવું મુશ્કેલ છે. તેનું પદ્ય ક્લિષ્ટ છે, કથાવસ્તુ નિષ્પ્રાણ છે, પાત્રાલેખન નીરસ છે. તેમ છતાં આ ભારેખમ શિષ્ટશૈલીની શોકાન્તિકા જોવાનો ઉત્સાહ સમાતો ન હતો. તેટલું જ નહિ પણ ફ્રેંચ, જર્મન અને ઇટાલિયન ભાષામાં તેનું ભાષાંતર પણ યુરોપમાં લોકાદર પામ્યું. તળ ઇંગ્લંડમાં તેને મળેલી સફળતાનું કારણ રાજકીય હોઈ શકે. અને પરદેશમાં તેના ગૌરવનું કારણ કદાચ સમગ્ર યુરોપની કુતૂહલવૃત્તિ હોઈ શકે. અંગ્રેજી નાટ્યે ગ્રીક સળંગસૂત્રતાના નિયમોને શેક્સપિયરના જમાનાથી ફેંકી દીધેલા ત્યારે સમગ્ર યુરોપમાં તેનું વર્ચસ હતું અને તે જ ઢબે ત્યાં નાટકો લખાતાં હતાં આમ પ્રણાલિકાભંગનું પૂજક ઇંગ્લૅંડ રૂઢિપૂજક બન્યું એ હકીકત કૌતુકનો વિષય બની ગઇ હોય છતાં એકંદરે જોતાં એમ જણાય છે કે શેક્સપિયર તથા તેના સમકાલીન પુરાણા નાટ્યકારો લોકપ્રિય રહ્યા અને તેમના નવીન અનુકરણકારો નિષ્ફળ નીવડયા. વળી અઢારમા સદીના પૂર્વાર્ધમાં ભજવાવા છતાંયે શિષ્ટ શોકાન્તિકા માટેની અભિરુચિ પણ ધીરે ધીરે ઘસાતી જતી હતી. જો કોઇ પ્રતિભાશાળી નાટ્યકાર પાકયો હોત તો આ પ્રકારનું પુનરુજ્જીવન થઈ શકત ખરું. કારણ કે શેક્સપિયરની શોકાન્તિકાઓ કોઈ પણ સમયે પ્રેક્ષકોને આકર્ષતી હતી. એટલે પાત્રાલેખન, સજીવતા અને રંગમંચની કલાથી પરિચિત એવી કોઈ પણ સમર્થ નવી શોકાન્તિકા અવશ્ય પ્રેક્ષકોને પસંદ પડત જ. પરંતુ, પ્રારંભમાં કહ્યું તેમ, આ દોઢ સૈકાનો ગાળો દુકાળિયો હતો.

દરમ્યાન શિષ્ટ અને વીરોચિત શોકાન્તિકાની બાની (પદાવલી)માં અતિરેક થવાનું વલણ દેખાતું આવે છે તે જ રીતે પ્રસંગોની અસંભવનીયતા પ્રતિ લોકવૃત્તિ ઢળતી જાય છે. આ વલણને પ્રતિબિંબિત કરતી ઉપહાસાત્મક નાટિકાઓ અને પ્રતિકાવ્યોની રચના (Parodies અને burlesques) આગળ આવે છે. આવી રચનાઓમાં અતિ અસરકારક ઉપહાસાત્મક શોકાન્તિકા (Burlesque Tragedy) છે ઇ. સ. ૧૭૩૦માં રચાયેલ ટૉમ થમ્બ (Tom Thumb). આના લેખક હેનરી ફિલ્ડિંગ (Henry Fielding),

બીજું આવું જ નાટક લખેલું છે 'ટૉમ જોન્સ' (Tom Jones) આ ટૉમ કરુણ નાટક રચેલ હતું અને પાછળથી તેમાં ફેરફાર કરીને 'ધી ટ્રેજેડી ઑફ ટ્રેજેડીઝ' અથવા 'ધી હિસ્ટરી ઑફ ટૉમ થમ્બ ધ ગ્રેટ' (The Tragedy of Tragedies or The History of Tom Thumb the Great) આ નાટકમાં ગોકાનિકા લખનારા કેટલા આરતા નાટ્યકારોની બધી સાહિત્યિક નબળાઈઓ પ્રતિ કટાક્ષ કરવામાં આવ્યો હતો આની પૂર્વે જ્હોન ગેએ (John Gay) સંગીત કથા (Ballad Opera) નામે 'ધી બેગર્સ ઓપેરા' (The Beggars' Opera ૧૭૨૮) લખી હતી અઢારમી સદીના પ્રારંભમાં આ સંગીતનાટિકા એક સુંદર સિદ્ધિ ગણાય તેનો હેતુ વૉલપોલ નામના ગંજ પુરુષનો ઉપહાસ કરવાનો હતો એમ બની શકે કે જ્હોન ગેને આમ લખવાની પ્રેરણા સ્વિફ્ટના સાહિત્યમાંથી મળી હોય પરંતુ અજાણતાં ગે એક નવા જ નાટ્યસ્વરૂપના પ્રદેશમાં દાખલ થયો હતો આ સ્વરૂપ અતિશય મોહક હતું તેનો હેતુ ઉપહાસનો હતો અને અજાણતાં જ તે અરધુંપરધું ક્રાન્તિકારી હતું તે સંપૂર્ણ મૌલિક હતું અને અંગ્રેજી રંગમંચ પર તેને કોઈ પણ કાળમાં આવકાર મળે તેવું ચિરંજીવી બની ગયું છે

જો અઢારમી સદીના પૂર્વાર્ધમાં નાટ્યલેખનમાં સુમ્વણું હતું તો અભિનયના ક્ષેત્રમાં તેણે નોંધપાત્ર સિદ્ધિ મેળવી હતી આ વખતે કેટલાક પ્રખ્યાત નટનટીઓ આગળ આવ્યાં અઢારમી સદીના આરંભમાં અભિનયનો અતિરેક, કૃત્રિમ છળવાણું વક્તૃત્વ અને ગમે તે રીતે પ્રેક્ષકને હસાવવાની દાનત નટવર્ગમાં પ્રચલિત હતાં ઉત્તમ પ્રતિભા ધરાવતા કેટલાક માણસોએ આમાં સુધારણા કરી તેમાં સૌથી પ્રથમ આવે છે ચાર્લ્સ મેક્લિન (Charles Macklin) રંગમંચ ઉપર તેણે સાઠથી વધારે વર્ષો સુધી સક્રિય ભૂમિકા લીધી હતી શેક્સપિયરનાં પાત્રો ભજવતી વેળાએ તેણે તેમાં સ્વાભાવિકતા દાખલ કરી પરંતુ આખી અઢારમી સદીમાં શ્રેષ્ઠ નટ હતો ડેવિડ ગરિક (David Garric) આ નટ પ્રખ્યાત લેખક સેમ્યુઅલ જ્હૉન્સન (Samuel Jhonson)નો શિષ્ય હતો અને તેની સાથે જ ઇંગ્લૅન્ડમાંથી આવીને લંડનમાં સ્થાયી થયો હતો ખાલી હાથેપગે લંડનમાં આવેલા આ નટવર્યે નાટ્યપ્રતિભાને બળે રાષ્ટ્રવ્યાપી કીર્તિ, ધનસંપત્તિ અને મરણોત્તર ક્રિયામાં રાજરાણીઓ માટે વપરાતા વેસ્ટ મિનિસ્ટર એબે (Westminister Abbey)માં કબર માટે સ્થાન મેળવ્યું પ્રેક્ષકવર્ગ ઉપર તેણે જમાવેલા જાદુ વિષે અને તેની અનેકક્ષેત્રસંચારિણી પ્રતિભા વિષે કોઈને શંકા નથી જ્યારે તે રંગમંચ ઉપર આવીને ખડો થતો ત્યારે નાટ્યલેખક, નાટ્યવસ્તુ અને નાટ્યપ્રકાર બધું યે તેની પ્રતિભા આગળ ગૌણ કે નજીવાં બની જતાં તેણે શેક્સપિયરનાં પાત્રો વિષે અનેકવિધ અર્થઘટના કરી છે પરંતુ શેક્સપિયરની પોતાની પ્રતિભાને આ નટવરે પૂરેપૂરી સમજી શક્યો હશે કે કેમ એ શંકાસ્પદ છે એ એવા યુગમાં જન્મ્યો હતો જ્યારે નટ એ રંગમંચનો રાજા હતો અને બીજી બધી બાબતો હજુરિયામાં ગણાતી આ પરિસ્થિતિ આવકારપાત્ર ન ગણાય કારણ કે જ્યારે નાટકના અંગભૂત બધા જ ભાગીદારો એકાગ્રતાથી સમાનભાવે કામ કરે ત્યારે જ નાટ્યપ્રવૃત્તિ સમૃદ્ધ બને

પ્રેક્ષકવર્ગ અને તેમની અભિરુચિ તો જેવાં અઢારમી સદીના પૂર્વાર્ધમાં હતાં તેવાં જ ઉત્તરાર્ધમાં રહ્યાં. તેમની માગણી હતી ઊર્મિપ્રચુર નાટકોની અને કરુણરસની નાટ્યલેખકોએ પણ

તેમને કંટાળો આવે એટલી હદ સુધી તેમને ધરવી દીધા હતા. આવાં નાટકો રાષ્ટ્રની ચિરંજીવી નાટ્યસમૃદ્ધિમાં કોઈ જ ફાળો આપી ન શકે. આવાં 'ઊર્મિઉદ્રેકભર્યાં' નાટકો લખનારામાં બે નામ નોંધપાત્ર ગણાય: હ્યુજ કેલી (Hugh Kelly—૧૭૩૯ થી ૧૭૭૭) અને રિચાર્ડ કમ્બરલેન્ડ (Richard Cumberland—૧૭૩૨ થી ૧૮૧૧).

આ પછી નાટ્યકારોમાં એક પ્રતિભાશાળી લેખક આવે છે: તે છે ઓલિવર ગોલ્ડસ્મિથ (Oliver Goldsmith—૧૭૨૮ થી ૧૭૭૪). સેમ્યુએલ જ્હોનસને તેને માટે લખ્યું છે કે: "તેણે ખેડ્યો ન હોય તેવો એકે સાહિત્યપ્રકાર ન હતો; અને જે પ્રકારને તેણે ખેડ્યો તેને સમલંકૃત કર્યો." (There was no type of writing that he did not attempt; and each type he attempted, he adorned.) કુદરત કેટલાંક મનુષ્યોને ઉત્તમ કોટિની પ્રતિભાશક્તિ તો આપે છે; પરંતુ તેને ખીલવવા માટેની ચીવટ (અભ્યાસ) અને શ્રમસહિષ્ણુતા અતિશય વિરલ છે. ગોલ્ડસ્મિથે નિબંધ, નવલકથા, કવિતા અને નાટક લખ્યાં છે અને તેની સર્વે કૃતિ નગદ નાણું છે. જેવી બેપરવાઈથી તેણે અન્ય ક્ષેત્રોમાં પ્રવેશ કરેલો તેવી જ બેપરવાઈથી તેણે નાટકમાં પદાર્પણ કર્યું. તેનું હૃદય શુદ્ધ ઊર્મિઓથી ભારોભાર ભરેલું હતું. આથી તેને બનાવટી ઊર્મિવાળાં નાટકો પ્રતિ બેહદ અણગમો હતો. ઈ. સ. ૧૭૬૮માં જ્યારે તે 'ગુડ નેચર્ડ મેન' (Good Natured Man) લઈને રંગમંચ પર આવ્યો ત્યારે ઊર્મિહાસ્યભર્યાં નાટકો લખનાર કેલી અને કમ્બરલેન્ડની કલાને ઉઘાડી પાડવાનો તેનો ઇરાદો હતો. આ નાટકમાં કેટલાંયે રચાનો એવાં છે જે દર્શાવે છે કે લેખક રંગમંચ માટે નવીન છે. તેમ છતાં અઢારમી સદીનો પ્રેક્ષકવર્ગ તેનો હેતુ બરાબર સમજી ગયો અને પછીથી લોકસમુદાયની ઊર્મિની સાથે ચેષ્ટા કરવાનું બધા ભૂલી ગયા.

પછીથી આવ્યું તેનું અન્ય નાટક 'શી સ્ટૂપ્સ ટુ કોન્કર' (She Stoops to Conquer—૧૭૭૩). જ્યારે જ્યારે આ નાટક ભજવાયું છે ત્યારે ત્યારે તેણે આનંદ જ આપ્યો છે. અણઘડ શિખાઉ નટોના ભજવવા છતાં યે તે સજીવન રહ્યું છે અને રસસિદ્ધ નટવર્યો દ્વારા ભજવાતાં તેણે અપૂર્વ ચૈતન્ય રેડ્યું છે. આમ છતાં વિવેચકોને તેમાં દોષો દેખાયા છે ખરા. નાટ્યકૃતિને લોકાદર અપાવવામાં તેનું કયું પ્રાણપ્રદ તત્ત્વ કારણભૂત છે તે શોધી કાઢીને તેને સાહિત્યકારો આગળ મૂકવું એ તેના વિવેચકનું કર્તવ્ય છે. ઉપર્યુક્ત નાટકમાં આવું તત્ત્વ શોધવા જઈએ તો પ્રથમ મળે છે તેનું કથાવસ્તુ. તે અસંભવનીય હોવા છતાં નાટ્યતત્ત્વથી ભારોભાર ભરેલું છે, પ્રેક્ષકવર્ગ વડે સુગ્રાહ્ય છે, અને નાટકનું દરેક અંગ તેની ગતિને વેગ આપીને એક લક્ષ્ય તરફ દોરી જાય છે. ક્યાંય કૃત્રિમતા નથી કે ક્યાંય અતિરેક નથી. તેમાં સંસ્કારી રસિકતા છે અને આંતરિક ગુણવત્તાથી જ તે ચિરંજીવી બને છે. આવાં સાચાં, પેઢીઓ ટકનાર નાટકો વિરલ હોય છે.

આવા અન્ય લેખકોમાં નામાંકિત છે રિચાર્ડ બ્રિન્સ્લે શેરિડન (Richard Brinsley Sheriden—૧૭૫૧ થી ૧૮૧૬). તેની કારકિર્દી અતિશય વિચિત્ર અને સંક્ષિપ્ત છે. તે કોઈ નટનો પુત્ર હતો અને નાનપણમાં તેને પ્રખ્યાત હેરોની શાળામાં ભણવા મૂક્યો હતો. ત્યાં માસ્તરો તેનો તિરસ્કાર કરતા અને છોકરાઓ તેની ઠેકડી ઉડાવતા: કારણ એ કે તે

ગરીબ નટનો દીકરો હતો. આથી તેને નાટકશાળા તરફ નાનપણથી જ અણગમો ઊપજ્યો. યુવાન થતાં તેની આગળ એક ધર્મસંકટ આવી પડ્યું. એલિઝાબેથ લિનલે નામની એક સૌન્દર્યવતી રમણીને અણગમતાં લગ્નમાંથી બચાવવા માટે એની સાથે તેને નઠ્ઠટકે નાસી જવું પડ્યું અને પાછળથી લગ્નગ્રંથિથી જોડાવું પડ્યું. એ યુગની પ્રથા પ્રમાણે તેને આ પરાક્રમ માટે બે દ્વન્દ્વયુદ્ધોનાં આહ્વાન મળ્યાં અને આ મરદનો બચ્ચો બંને યુદ્ધો ખેલીને તેમાંથી જીવતો બહાર આવ્યો. ઈ. સ. ૧૭૭૨માં આ કુટુંબ લંડનમાં આવ્યું. આ પછીની તેની કારકિર્દી વિશેષ સ્મરણીય નથી. તેણે રંગભૂમિને મૂકીને રાજકારણમાં ઝુકાવ્યું. તે પરદેશખાતાની કચેરીમાં ઉપમંત્રી બન્યો, તિજોરીખાતામાં મંત્રી બન્યો અને નૌકાસૈન્યમાં ખજાનચી પણ બન્યો.

તેની નાટ્યકાર તરીકેની લોકપ્રિયતાનું કારણ કંઈક આમ લાગે છે: રાજસ્થાપનાં યુગની રીતિપ્રધાન હાસ્યાન્તિકામાંથી તેણે અસભ્યતા કાઢી નાખીને તેનાં વિનોદ અને સુરુચિ રાખ્યાં અને તેમાં અઢારમી સદીનાં પોમલાં નાટકોના દશ્યો ઉમેર્યાં. આ દશ્યોને નિખાલસભાવે કે કટાક્ષભાવે ભજવવાની તેણે છૂટ રાખી તેમ છતાં તેણે પ્રેક્ષકવર્ગને મંત્રમુગ્ધ કેમ કરીને રાખ્યો તેનું ખરું કારણ કળવું કઠિન જણાય છે. એમ લાગે છે કે શેરિડનને ગળથૂથીમાં જ રંગમચના સંસ્કાર મળેલા અને રંગમંચની આંટીઘૂંટીના તેના સાહજિક જ્ઞાનને લીધે જ તેને સફળતા સાંપડેલી. તેના સંવાદો મૌલિક છે બર્નાર્ડ શૉ વિષે એમ કહેવાય છે કે તે પોતાનાં પાત્રોને બનતાં સુધી વિનોદી અને કાંઇ નહિ તો રંજનશીલ રાખે છે, પરંતુ આ જ વિધાન કોન્ગ્રીવ શેરિડન અને વાઇલ્ડ વિષે પણ કરી શકાય તેમ છે. શેરિડને ગંદ્યમાં લખ્યું છે છતાં શેક્સપિયર પાસેથી તે રમણીય પદાવલિનો જાદુ શીખ્યો છે. જો તેણે રંગભૂમિને જ જીવનભર સેવા આપી હોત તો અંગ્રેજી નાટ્યસાહિત્ય અતિશય સમૃદ્ધ બન્યું હોત.

નાટ્યલેખનમાં નિર્મળ હોવા છતાં અઢારમી સદીનો ઉત્તરાર્ધ અને ઓગણીસમી સદીનો પૂર્વાર્ધ તેનાં નટનટીઓ માટે યશ લઈ શકે છે. અઢારમી સદી પૂરી થઈ તેની પહેલાં જ એડમંડ કીન (Edmund Kean) બાળનટ તરીકે રંગમંચ પર આવી ચૂકયો હતો. ઓગણીસમી સદીમાં તેણે શેક્સપિયરનાં નાટકો ભજવવામાં પ્રસિદ્ધિ મેળવેલી.

રોજર કેમ્બલ (Roger Kemble) અન્ય પ્રસિદ્ધ નટ હતો. તેણે પોતાની નાટકમંડળી કાઢેલી અને ઈ. સ. ૧૭૫૩માં એ તેનો મેનેજર હતો. તેનાં લગ્ન સારા વોર્ડ (sarah Ward) સાથે થવાથી તેનું સમસ્ત કુટુંબ રંગભૂમિને સેવા આપતું થયું.

તેનો જ પુત્ર જહોન ફિલિપ કેમ્બલ (John Philip Kemble) સિંહનાદી સંપ્રદાયનો નટ હતો. અને શેક્સપિયરનાં નાટકોનાં પ્રમુખ પાત્રોની ભૂમિકા તેણે ભજવેલી. પરંતુ તેની જ સગી બહેન શ્રીમતી સારા સિડન્સ (Mrs. Sarah Siddons) આગળ તે ઝાંખો પડી ગયો. આ સન્નારી અંગ્રેજી રંગભૂમિ ઉપર એક સુપ્રસિદ્ધ વ્યક્તિ હતી. ઈ. સ. ૧૮૧૨માં તેણે લેડી મેકબેથના નાટકમાં અંતિમ વાર ભૂમિકા ભજવી. તેની નાટ્યપ્રતિભા અપ્રતિમ હતી. સમકાલીન બધા જ સાહિત્યકારો સાથે તેને મૈત્રી હતી. અને રાજકુળની તેના પ્રતિ માનવૃત્તિ હોવાથી તેનું સામાજિક સ્થાન પણ સારું હતું.

ચાલુ]

પ્રાસંગિકાઓ

ચંદ્રકાન્ત મ. ગજ્જર બી. એ.

'હું પણ મારા દીકરાને મારું છું!'

યુનાઈટેડ સ્ટેટ્સના એકવારના પ્રમુખ ગ્રાંટની આ વાત છે.

રવિવારનો દિવસ ખ્રિસ્તીઓ રવિવારે દેવળે જાય, ઈશ્વરસ્તવન કરે અને બાઈબલ-પાઠ કરે.

પ્રમુખ ગ્રાંટ પણ સહકુટુંબ દેવળે ગયેલા. સૌની સાથે એય સહકુટુંબ પ્રાર્થના અને ઈશ્વરસ્તવન કરવામાં પરોવાયા.

પરંતુ ગ્રાંટનો નાનકડો છોકરો પ્રાર્થના-ઈશ્વરસ્તવનમાં જોડાવાને બદલે દેવળમાં દોડાદોડી કરવામાં ને રમવામાં ચડી ગયો. પ્રમુખને લાગ્યું કે પોતે દેશનો સર્વોચ્ચ પદાધિકારી માનવી. એનો છોકરો શિસ્ત પાળવાને બદલે આમ શિસ્ત-ભંગ કરે એ સારું ન જ કહેવાય. એટલે ક્રોધાવેશમાં જ એણે પુત્રને જોરથી તમાચો ખેંચી કાઢ્યો!

બાપના અણચિંતવ્યા તમાચાથી દિગ્મૂઢ બની ગયેલ છોકરો ન રડી શક્યો કે ન કશું બોલી શક્યો—હબકી જ ગયો.

આવી રીતે પુત્રને શાંત કર્યાનો સંતોષ લેતા પ્રમુખશ્રી પાછા ફરી રહ્યા હતા ત્યાં જ એના ગાલ પર જોરથી તમાચો પડ્યો! ગ્રાંટ ચમકી ગયા! જોયું તો સામે જ ઘરડી મા ઊભી હતી.

'તેં જેમ તારા છોકરાને તમાચો માર્યો, તેમ મેં ય મારા છોકરાને માર્યો છે!'

'પણ મા,' ગ્રાંટ બોલ્યા. 'એ છોકરો ઈશ્વરસ્તવન કરવાને બદલે આ દેવળની પવિત્રતા અને શાંતિમાં દખલગીરી કરી રહ્યો હતો. તેથી જ મેં તેને માર્યો.'

'મેંય મારા છોકરાને આ દેવળની પવિત્રતા અને શાંતિના સિદ્ધાંતને લક્ષમાં લઈને જ માર્યો છે.' ડોશીમા બોલ્યાં: 'તારો છોકરો તો અણસમજુ છે ને ક્ષમાયોગ્ય છે. પરંતુ મારો છોકરો વિદ્વાન અને દેશનો સર્વોચ્ચ પદાધિકારી હોવા છતાંય એટલું કાં નહિ જાણતો હોય કે દેવળ જેવા પવિત્ર સ્થાનમાં કોઈનાય પર ક્રોધ કરાય નહિ ને કોઈને ય મરાય નહિ!'

*

હજરત ઉમર

ઇસ્લામી રાજકર્તાઓ અને ખલીફાઓમાં હજરત ઉમરનું નામ વધુ જગપ્રસિદ્ધ છે. ખલીફા હોવા ઉપરાંત એ વૃહદ્સામ્રાજ્યના સ્થાપક અને કુશળ સેનાપતિ હતા.

રોમરોમ સાદગી અને સંપત્તિ હોવા છતાં એ પોતે પોતાને રાજ્યનો 'નોકર' સમજતા. પોતાના અને કુટુંબના નિભાવ માટે એ માસિક માત્ર રૂપિયા વીસનો પગાર જ લેતા. એ વીસ રૂપિયામાં તેઓ સાદાઈપૂર્વક જીવન ગુજારતા.

એમાં એક દિન હજરત ઉમરના મોટા દીકરાનું અંગરખું જૂનું થવાને કારણે ફાટી ગયું. દીકરાએ નવા અંગરખાની માગણી કરી. પરંતુ પૈસાનો જોગ ખાતો નહોતો. હજરત હંમેશ નવા અંગરખાની ફિકર કરતા. એ માટે થાય ત્યાં ખર્ચ-કાપ કરી પૈસા બચાવવાની કોશિશ કરી, પરંતુ બન્યું એવું કે અણધાર્યા પ્રસંગો ઊભા થતા જ રહ્યા ને બચત થઈ જ નહિ.

અંતે દીકરાની હઠથી અને નાછૂટકાથી એમણે ખાનગી પર રુક્કો પાઠવી પોતાના આવતા માસના પગારમાંથી બે રૂપિયાની ખર્ચી માગી.

આપણે ત્યાં કહેવત છે કે જેવા રાજા તેવા અમલદારો. હજરત ઉમરનો ખજાનચી પણ શાણો પુરુષ હતો. આમ પગાર પેટે અગાઉથી પૈસા આપવાનું એને વાજબી તો નહોતું જ

પરંતુ આમ ઉબળેક આપવાથી ભવિષ્યમાં એની શી અસર થાય તે એ જાણતો હતો. એણે હજરતનો રુક્કો વાંચી તરત જવાબ લખી નાંખ્યો :

'આલીજહાં ! માણસની જિંદગીનો ભરોસો શો ? મોત ક્યારે આવશે તે કોણ કહી શકે ? તેમાં ય આપ તો શાહ ! આપને વારંવાર યુધ્ધે ચડવું પડે. જીવ હાથમાં લઈને જ ફરવું પડે ! અને એમાં કોઈ એક યુદ્ધમાં આપ હારી જાવ—યા જીવનનો અંત આવી જાય તો આ બે રૂપિયાની ખર્ચી મારે વસુલવી કેવી રીતે ? વળી, આજે તો આપ માત્ર બે જ રૂપિયા માગો છો. કાલે આખો પગાર માગશો. આપનું જોઈ અન્ય અમલદારો પણ એવું જ કરશે તો પછી ખજાનાનો અને રાજ્યની ધનદોલતનો હિસાબ કેવી રીતે રહે ? અયોગ્ય લાગે તો માફ કરશો, પણ હું જ્યાં સુધી ખજાનચી છું ત્યાંસુધી આવું નહિ થઈ શકે.'

કવિ અને કલેક્ટર

ગુજરાતી સાહિત્યમાં જેમ શ્રી ટેલર અગત્યનુ સ્થાન ધરાવે છે, તેમ શ્રી ફાર્બસ પણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. શ્રી ટેલરે વ્યાકરણનું સંશોધન કર્યું, ફાર્બસે ભૂલાતા ઇતિહાસ અને લોકસાહિત્યને સંગ્રહિત કર્યું

એ ફાર્બસ હતા તો અંગ્રેજ, અને તેમાંય અમદાવાદ જિલ્લાના કલેક્ટર, પણ ગુજરાત, ગુજરાતી પ્રજા, ગુજરાતનો ઇતિહાસ અને ગુજરાતી સાહિત્ય પ્રત્યે એમને રુચિ જાગી. પોતાના ગુજરાતી ભાષાના જ્ઞાનને વિકસાવી, પોતાની રુચિ પોષે એવા મદદનીશની એમને જરૂર જણાઈ. આથી એમણે પોતાના એક ગુજરાતી મિત્રને એવો માણસ શોધી આપવાની વિનંતિ કરી.

પેલા મિત્રે થોડા જ વખતમાં વઢવાણમાંથી એક ઉછરતા યુવાનને શોધી કાઢયો અને કલેક્ટર સમક્ષ રજૂ કર્યો.

કલેક્ટર ફાર્બસે એ યુવાનને નાણી જોયો. એમને જેવો માનવી જોઈતો હતો તેવો જ મળેલો જોઈ સંતોષ વ્યક્ત કર્યો ને પોતાની પાસે રાખી લેવાના ઈરાદે પગારની વાત પૂછી.

ને પેલા યુવાન કવિએ બેધડક જવાબ દઈ દીધો 'વધારે નહિ, દોઢસો જેટલા આપશો તો ઠીક રહેશે'

કંઈક ચિંતિત બનતાં અને યુવાન સામે તાકી રહેતાં ફાર્બસે કહ્યુ : 'ઠીક જોઈશ.' એ હતાશ બની ગયા એ જમાનામાં એમના જેવા ગોરાને ચાર ચાર હજાર માઈલ છેટે આટલે આવીને વસવા છતાંય માંડમાંડ મહિને બસો રૂપિયા પગાર મળતો એમાં એમ દોઢસો રૂપિયા પગાર આપી દે તો એને કેમ પરવડે ?

એણે ફરી પેલા મિત્રનો સંપર્ક સાધી આ કવિને સમજાવી વ્યાજબી માગણી કરવા જણાવ્યું.

પેલા મિત્રે કવિનો ફરી સંપર્ક સાધ્યો 'કવિ, તમારા જેવા સમજુને ઝાઝું શું કહું ? બાકી આવી નોકરી નહિ મળે.'

'ભાઇ,' કવિ બોલ્યા : 'તમારા એ કલેક્ટર સાહેબથી મને નોકરીએ નહિ રખાય! વર્ષે દહાડે દોઢસો રૂપિયાય શું મારે ન જોઈએ ? એથી ઓછું તો ન જ પરવડે'

'હેં? વર્ષે દોઢસો કે ?'


'હા, ભાઈ વર્ષે દોઢસોનો પગાર લઈશ એક પાઈ પણ ઓછો નહિ.'

પેલા મિત્રે કલેક્ટરને ખરી વાત કહી. પોતાની ગેરસમજ જોતાં જ કલેક્ટર બોલ્યા : 'અરે, એ તો મને ખ્યાલમાં આવ્યુ જ નહિ. જાઓ, જાઓ, વર્ષે એકસો એંશી રૂપિયાનો પગાર હું આપીશ.'

એ કવિ તે ક. દ. ડા—કવિ દલપતરામ ડાહ્યાભાઇ

★

નના
અર્થી



વર્ષ ૩૮
અંક ૧૧

સ. સ
આસો

આદ્યતંત્રી
સ્વ૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક

સંચાલક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

ક પ્રસ્થાન ક

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૬૮ આસો : ૨૦૧૫ અંક ૬

પાડોશી સાથે વાતચીત—ચર્ચા

દ્વિભાષી કે એકભાષી?

પ્રશ્ન : મહારાષ્ટ્ર અને ગુજરાતના દ્વિભાષી રાજ્ય વિશે તમારા શા વિચારો છે?

ઉત્તર : આ પ્રશ્ન તમે સલામતસમયે પૂછ્યો છે.

પ્રશ્ન : સલામતસમય કેમ?

ઉત્તર : સલામત એટલા માટે કે હવે એ પ્રશ્નની ચર્ચા કરવામાં જોખમ નથી: સલામતી છે. '૫૬ના ઓગસ્ટની તા. ૬ ઠ્ઠી પછી છબાર મહિનામાં જો આ પ્રશ્ન પૂછ્યો હોત તો એનો ઉત્તર આપવામાં મારી કે તમારી સલામતી ન હતી. કેમકે જો દ્વિભાષીની તરફેણમાં વિચારો રજૂ કર્યા હોત અને જો કોઈના જાણવામાં આવ્યું હોત તો મારી અને તમારી બન્નેની ટોપીઓ સલામત ન રહેત, મારા અને તમારા ઘરની આગળ આપણા ઘરના નાના બરાથી માંડીને તે આજુબાજુના છોકરાઓએ હુરિયો બોલાવ્યો હોત અને ધમાચકડી કરી હોત! દ્વિભાષીની વિરુદ્ધમાં અને મહાગુજરાતની તરફેણમાં કાંઈ કહ્યું હોત તો કોંગ્રેસીની કફામરજી ઊતરત. અને આ કફામરજી શિસ્તબંદીઓની હોત એટલે તોફાની ટોળાંઓના કરતાં એ વધારે હાનિકર્તા થઈ પડત. તમે અને હું ન જાણીએ એ રીતે આપણે મુશ્કેલીમાં મૂકાઈ જાત. કાં તો આપણું કામકાજ છીનવી લેવાના પેંતરા રચાત, કાં તો આપણી નાની મોટી ભૂલો કે જેના તરફ પહેલાં કોઈ ધ્યાન ન આપત તેનો કાગનો વાઘ થઈ જાત. આમ બન્ને બાજુથી કિન્નાખોરીના આપણે ભોગ બનત કે જેમાં કદાચ આ શિસ્તવાળી કિન્નાખોરી ગૂંગળાવી નાખે એવી થાત.

પ્રશ્ન : આવું શા માટે ધારી લો છો?

ઉત્તર : આમાં ધારવાનું કાંઈ છે જ નહિ. મહાગુજરાતીઓની ધાંધલને પુરાવાની તો જરૂર છે જ નહિ, કારણ કે સરકારે, કોંગ્રેસે અને ગુજરાતનાં છાપાંઓએ એમને ફજેત કરવામાં કાંઈ બાકી રાખી નથી. અને કોંગ્રેસીનીતિની કિન્નાખોરીના દાખલા છાપામાં નથી આવી શકતા પણ ચોરે અને ચોરે, ગામડાંમાં અને શહેરોમાં લોકજીભે ચડેલા છે! પણ હવે સલામતી છે. કારણ કે આપણે મહાગુજરાત તરફી વિચારો રજૂ કરીએ તો તે પક્ષના લોકો આપણને ધન્યવાદ આપે. અને આંજને ટાણે કોંગ્રેસીઓ ધન્યવાદ ન આપે તોપણ રોષ

તો ન જ કરે. દ્વિભાષીની તરફેણમાં કાંઈ કહીએ તો બન્ને પક્ષો એની ઉપેક્ષા જ કરે. કદાચ મહાગુજરાતીઓ એને હસી કાઢે! એટલે કહું છું કે આ પ્રશ્ન તમે કુનેહ વાપરી બહુ સલામતસમયે મને પૂછ્યો છે!

પ્રશ્ન : એ તો ઠીક. પણ એકંદરે આ બાબતમાં તમારું શું માનવું છે, એ જણાવો.

ઉત્તર : મારા જેવાને આવી વહેવારુ બાબતોમાં એકતરફી મત આપવો સહેલો પડતો નથી. કોઈ પણ બાબતને ઠીક સમજવા એની પૂર્વભૂમિકાને અથવા ઇતિહાસને યાદ કરવો જોઈએ. અંગ્રેજોના અમલ દરમ્યાન હિંદુસ્તાનના રાજ્યબંધારણ વિશે ચર્ચા થઈ હતી. એ બંધારણ Federal—ફેડરલ—પ્રકારનું દેશને લાભદાયક કે Unitary—યુનિટરી? 'પ્રસ્થાન'ના '૩૨ – '૩૩ ના અંકોમાં આ ચર્ચા આપણે કરી હતી. કાંઈક એમ પણ યાદ છે કે Federalનો ગુજરાતીમાં પર્યાય સૂચવવાની પણ રામનારાયણભાઈએ તથા મેં જાહેર ચર્ચા આમંત્રી હતી. અને અમે 'સમવાયતંત્ર' એવો શબ્દ લોકો સમક્ષ મૂકયો હતો. આ તો સંસ્મરણ થયું.

હિંદુસ્તાનનો ઈતિહાસ જોતાં એને માટે એકાયત્તતંત્ર-યુનિટરી બંધારણ સારું એવા અભિપ્રાયો એ જમાનામાં ચર્ચાયા હતા. પણ ગાંધીજીએ અને કોંગ્રેસે ફેડરલ ટાઈપના સમવાયી બંધારણની તરફેણમાં પોતાના મતનું વજન મૂકયું હતું. તેનું એક કારણ એમ પણ હતું કે પ્રાંતીય સરકારોને વધારેમાં વધારે શાસનની સત્તાઓ હોય એ મુસ્લિમ ભાઈઓને વધારે પસંદ હતું. શાથી? તો જે જે પ્રાંતમાં એમની બહુમતિ હોય ત્યાં એમના વર્ચસ્વવાળું શાસન રહે એ એમને ઇષ્ટ હતું. એકતંત્ર બંધારણમાં તો મુસ્લિમો આખા હિંદની દૃષ્ટિએ લઘુમતિમાં જ હોય. અને તેથી તેમના હિતો બરાબર સચવાય નહિ. પાકિસ્તાન થવાનાં અનેક કારણોમાં આ બીકે મોટો ભાગ ભજવ્યો છે. એ ગમે તેમ હોય, પણ ગાંધીજીની દૃષ્ટિ અને તેથી નીતિ મુસ્લિમોનું હિત મુસ્લિમો સ્વીકારે એ રીતે કરવાની હતી. આ દૃષ્ટિ અને આ નીતિ Provincial autonomy—પ્રાંતીય સ્વાયત્તતા—માં પરિણામ પામી. પણ મને યાદ છે તે પ્રમાણે આ જાતનું બંધારણ પસંદ કરવામાં કેવળ આ વ્યવહારુ દૃષ્ટિ જ ગાંધીજીના મનમાં ન હતી. હકીકતમાં તેઓ વાસ્તવિક Democracyમાં માનનારા હતા, અને ડેમોક્રસીની વાસ્તવિકતા નાના નાના વર્તુલોમાં સિદ્ધ થાય છે એમ એઓ માનતા. હકીકતમાં, રાજકારણના અભ્યાસીઓ અને વિવેચકો ઘણાખરા આમ જ માનતા આવ્યા છે.

ગાંધીજીએ સ્વરાજ્યની ચળવળ દરમિયાન જ સ્વરાજ્યમાં જે કાંઈ કરવાયોગ્ય છે તેનાં બીજ નાંખવા પ્રયત્ન કર્યો છે. આ દૃષ્ટિએ એમણે કોંગ્રેસની બંધારણીય રચના અને તંત્ર ઊભાં કર્યાં હતાં. એમાં એમણે જે પ્રાંતિક સમિતિઓ ઊભી કરી હતી તેમાં આ વાસ્તવિક ડેમોક્રસીની દૃષ્ટિ હતી. ભારતનાં ભાવી રાજ્યોની કે પ્રદેશએકમોની એમાં એમની પૂર્વભૂમિકાઓ હતી; ભવિષ્યના ભારતના રાજ્યબંધારણનો એમાં એમણે પાયો નાખ્યો હતો. આ યોજના રાજકારણની પરિભાષામાં Federal—સમવાયપદ્ધતિની કહેવાય.

અને તમે જાણો છો કે આપણું ભારતનું બંધારણ એ જ તત્ત્વ ઉપર ઘડાયું છે. પણ જ્યારે એ બંધારણ ઘડાયું ત્યારે અંગ્રેજોએ જે વહીવટી પ્રાન્તો રચ્યા હતા તે પ્રાન્તોને તત્કાલપૂરતા રાજ્યો માની લેવામાં આવ્યાં. કોંગ્રેસે તેની ૩૦-૩૫ વર્ષની સ્વરાજ્યની ચળવળમાં

પ્રજાને ગળે જે અનેક મુદ્દાઓ ઉતારવા પ્રયત્ન કર્યો હતો તેમાં એક આ ભાષામૂલક પ્રદેશ-રાજ્યોનો પણ હતો. એટલે લોકોના મનમાં સ્વરાજ્યમાં ભાષાકીય રાજ્યો સ્વયંસિદ્ધ જેવાં હતાં. એટલે સ્વરાજ્ય મળ્યા પછી આ ચળવળ મોખરે આવી. ગાંધીજી પોતે એમ માનતા હતા કે જુદી જુદી ભાષાવાળા લોકનાયકો આપસઆપસમાં સમજૂતી કરી લઈ સહેલાઈથી જે સ્વાભાવિક છે તેની રચનાઓ કરી લેશે. પણ આ વાત એટલી સહેલી કે સહુકાઈભરી નથી એવો ખ્યાલ તેમની આગળ રજૂ થયાનું પણ મેં સાંભળ્યું હતું. ગાંધીજીની જો હત્યા ન થઈ હોત તો કદાચ એમની દરમ્યાનગીરીથી આ પ્રશ્નનો તોડ ખાસ સંઘર્ષ વિના થઈ જાત. પણ એમના વારસદારો એ કરવાને સર્વથા અસમર્થ નીવડ્યા. કેટલાક એવો પણ સૂર કાઢવા માંડ્યો કે આ ભાષાકીય રાજ્યોનું પરદેશી અમલમાં મહત્ત્વ હતું, હવે એવું કાંઈ નથી. આમ કહ્યા છતાં પણ ભારતના નવા બંધારણમાં મોટેભાગે ભાષામૂલક રાજ્યોની રચના જ સ્વીકારાઈ. આમ ભાષામૂલક પ્રદેશરાજ્ય એ લોકોની ગળથૂથીમાં ઊતરી ગયા જેવી બાબત થઈ ગઈ હતી. આ પરિસ્થિતિમાં મરાઠીભાષી મહારાષ્ટ્રીઓ પોતાનું રાજ્ય આવશે એમ માની લે અને ગુજરાતીઓ પોતાનું રાજ્ય આવશે એમ માની લે એ સ્વાભાવિક હતું. પણ આમ કરવામાં કોંગ્રેસના નેતાઓને ઘણી મુશ્કેલીઓ દેખાઈ હશે એમ લાગે છે. છેવટે State Reorganization Committeeએ (સ્ટેટ રીઓરગેનાઈઝેશન કમિટિએ) જૂના મુંબઈ પ્રાન્તમાંથી કર્ણાટકનો ભાગ કાઢી નાંખી મહારાષ્ટ્ર અને ગુજરાતનું બનેલું મુંબઈ રાજ્ય રાખવાની ભલામણ કરી હતી. સૌરાષ્ટ્ર અને કચ્છમાંથી રાજાઓની હકૂમત ગયા પછી મુંબઈ ઇલાકાનો ગુજરાતી ભાગ અને સૌરાષ્ટ્ર એ એક થઈ જાય એ સ્વાભાવિક હતું. તે જ પ્રમાણે મહારાષ્ટ્રમાં પણ રાજાઓની હકૂમત ગયા પછી તે તે પ્રદેશો મુંબઈ રાજ્યમાં ભળી જાય તે સ્વાભાવિક હતું. આટલી યોજના જો સ્વીકારાઈ હોત તો કદાચ મુંબઈનું દ્વિભાષી સ્વીકારાઈ જાત. જો કે એમાં પણ ગુજરાતનો પક્ષ લઘુ હતો. પણ મહારાષ્ટ્રના રાજકારણી પુરુષોએ મરાઠવાડ અને વિદર્ભના મરાઠીભાષી વિભાગોને મહારાષ્ટ્રમાં સમાવી દેવાનો આગ્રહ કર્યો. આમાં એમનો દોષ કદાચ એમ નહતો કારણકે ભાષામૂલક રાજ્યનું તત્ત્વ ગૃહીત થઈ ગયેલું હતું. આ બૃહદ્ આયોજનમાં ગુજરાતનો પક્ષ ઘણો નાનો થઈ જતો હતો એ ગુજરાતના રાજકારણી પુરુષો જાણતા હતા. એટલે ગુજરાત અને મહારાષ્ટ્ર એમ બે રાજ્યો કરવાની ભૂમિકા લગભગ માન્ય થઈ ગઈ હતી. પણ ખરી ગૂંચ મુંબઈએ ઊભી કરી. મુંબઈનો ટાપુ ચાર્લ્સ બીજાની પત્નીને દાયજામાં મળ્યો તે વખતે જેવો હતો એવો જ જો એ રહ્યો હોત તો એ તકરારનું કારણ ન બનત; પણ મુંબઈ વિકાસ પામતું પામતું ભારતનું પ્રથમ પંક્તિમાં પણ પ્રથમ કહેવાય એવું શહેર અને બંદર થઈ ગયું! એ ટાપુને આવું શહેર બનાવવામાં કચ્છીઓનો અને દક્ષિણ ગુજરાતના પારસીઓનો મોટો હિસ્સો હતો. એ ટાપુને આજનું મુંબઈ શહેર અને બંદર બનાવવામાં ગુજરાતીઓનો પુરુષાર્થ કારણભૂત છે એ ઐતિહાસિક હકીકત છે. એટલે ગુજરાતીઓને એ નગર તરફ મમત્વ હોય એ સ્વાભાવિક છે. પણ બીજી બાજુએ ભૌગોલિક રીતે એ કોંકણના સીમાડામાં આવી જતું સ્થાન છે અને સાન્નિધ્યના કારણે મરાઠીભાષી બોલનારાઓની વસ્તી ગુજરાતી બોલનારી વસ્તી કરતાં મોટી છે. આ હકીકત મહારાષ્ટ્રી રાજકારણી પુરુષો એમના લાક્ષણિક સંકલ્પબળથી આગળ કરવામાં ચૂકે એમ

નહતું. અને તેથી તેમનું સૂત્ર "સંયુક્ત મહારાષ્ટ્ર–મુંબઈસહિત" એવું થયું. આમાંથી ઘણો મોટો સંઘર્ષ ઉત્પન્ન થયો. વિગતો તપાસશો તો માલમ પડશે કે આ સંઘર્ષમાં મોટેભાગે બન્ને પક્ષોના રાજકારણી પુરુષો જ હતા. અને તેથી એમાંથી જે કાંઈ માઠાં પરિણામો ઉત્પન્ન થયાં તેની જવાબદારી બન્ને પ્રદેશોના રાજકારણી પુરુષોની છે. આ કહેવું એટલા માટે પડે છે કે આ રાજકારણી પુરુષો એમનો વાંક તે તે પ્રજા ઉપર ઢોળી પાડે છે અને લોકોને વગોવે છે. આ બાબતમાં ગુજરાતની પ્રજાને અને ખાસ કરીને તેના વિદ્યાર્થી-વર્ગને વગોવવામાં ગુજરાતના રાજકારણીઓએ—ખાસ કરીને કૉંગ્રેસીઓએ—બાકી રાખી નથી. પણ આ તો આડ વાત થઈ. મુંબઈના પ્રશ્ને મહારાષ્ટ્રને બહુ ઉગ્ર બનાવ્યું. કૉંગ્રેસે જુદા જુદા તબક્કે ઘણી લાંબી ચર્ચા કર્યા પછી છેવટે ત્રણ રાજ્યો કરવાનો નિર્ણય કર્યો અને પાર્લમેન્ટમાં એ પ્રમાણે બિલ પણ રજૂ થયું. અને તે પહેલી વાચનામાંથી ઉત્તીર્ણ પણ થયું. પછી એકાએક કંઈક ચમત્કારી ઘટના બની—શું બની એ વિશે અનેક અફવાઓ છે પણ સત્યનું મોં સુવર્ણથી બંધ થયાની પ્રાચીન ઉપનિષદની ઉક્તિ જેવું પરિણામ આવ્યું. ગમે તેમ હોય પણ સત્ય હકીકત ક્યારે પણ જણાશે નહિ. તમે કદાચ એમ કહેશો કે પાર્લમેન્ટના સભ્યોનું ચિત્તપરિવર્તન થઈ ગયું અને દ્વિભાષીનો સંપ કરી લીધો! એવું થયું હોત તો તો સારું! ગમે તે હોય પણ પ્રજા ઉપર, ખાસ કરીને ગુજરાત ઉપર, એકાએક આઘાત થયો. આ આઘાતમાંથી કૉંગ્રેસીઓનો મોટો ભાગ પણ મુક્ત નહતો. પણ એની પરાકાષ્ઠા તો કૉંગ્રેસ હાઉસ આગળ ઠંડે કલેજે થયેલા ગોળીબારમાં દેખાઈ. ઘણાને જલિયાનવાલા બાગનું સ્મરણ થયું. અને ગુજરાત, ખાસ કરીને અમદાવાદ, જે ઊંઘમાંથી ઊઠીને પણ કૉંગ્રેસને જ મત આપતું તેણે ભારે પરિવર્તન અનુભવ્યું! આંકડાની બહુમતિ ગમે તે કહેતી હોય પણ મને લાગે છે કે નવી બૃહદ્ દ્વિભાષીની યોજના ગુજરાત ઉપર ઠોકી જ બેસાડવામાં આવી!

અને એ એક જાતનો પ્રજા ઉપર અત્યાચાર જ કહેવાય! પરિણામે ગુજરાતની કૉંગ્રેસને જ સહન કરવું પડ્યું છે. મતો મળી રહે છે પણ પહેલાં જે લોકોનો તેના તરફ સદ્ભાવ હતો તે હવે રહ્યો નથી! અત્યારે કૉંગ્રેસનું જે કાંઈ બળ છે એ એના પોતાના ચારિત્ર્યનું નથી પણ બીજા પક્ષોની અસંગઠિતતાને લીધે છે. પણ આ પણ બીજી જ વાત થઈ.

બૃહદ્ દ્વિભાષી રાજ્ય મહારાષ્ટ્રના કૉંગ્રેસપક્ષે સ્વીકાર્યું ત્યારે બે વાતો કહેવાની: એક તો એ કે મહારાષ્ટ્રને એની મોટી બહુમતિને કારણે ગુજરાત ઉપર રાજ્ય ચલાવવાનું મળ્યું છે, તો શું કરવા એ ન સ્વીકારવું એમ મહારાષ્ટ્રી કૉંગ્રેસીઓ સમજાવતા. પણ મહારાષ્ટ્રના બીજા પક્ષોને મુંબઈનો લાભ મહારાષ્ટ્રને જ મળે એ વધારે ઈષ્ટ હતું. એટલે બધા પક્ષોએ ભેગા થઈને સંયુક્ત મહારાષ્ટ્ર સમિતિની રચના કરી અને તેણે મહારાષ્ટ્રમાં વિજય પણ મેળવ્યો.

પણ આ તો દેખાવ જ હતો. હકીકતમાં મહારાષ્ટ્રના કૉંગ્રેસીઓ પણ મુંબઈ સાથેનું સંયુક્ત મહારાષ્ટ્ર રાજ્ય થાય એ મત જ ધરાવતા હતા. અને એમાં કોઈ પણ અપવાદ જાણવામાં નથી! જ્યારે ગુજરાતમાં કૉંગ્રેસીઓએ જોરશોરથી પોતાના બધા બળપૂર્વક દ્વિભાષીનું સમર્થન કર્યું છે! આ ભૂમિકા આપણે જો ધ્યાનમાં રાખીએ તો મહારાષ્ટ્રી

કોંગ્રેસીઓએ ગુજરાતીઓને પૂછ્યા વિના જ દ્વિભાષીના વિભાજનની વાત કેમ કરી તે સમજવું જરા પણ મુશ્કેલ પડે તેમ નથી! પેલી ડૉન ક્વીક્ઝોટની વાતમાં આવે છે તે પ્રમાણે સેંકો પાંઝા ટટ્ટુ ઉપર બેસી ઝાડની ડાળી પકડી ઊંઘતો હતો. તે વખતે તેનું ટટ્ટુ ચોરો ખેંચી ગયા અને પોતે ઝાડની ડાળી પકડી લટકતો રહ્યો એવી કંઈક દશા આપણા કોંગ્રેસી 'મોવડીઓ'ની થઈ છે અને તે માટે આપણે તેમના તરફ હમદર્દી રાખવી જોઈએ.

ભાષામૂલક રાજ્યતત્ત્વના ગુણદોષો ગમે તે હોય પણ ૧૯૫૬થી તે આજસુધી ગુજરાતને માથે જે જે કાંઈ વીતી છે તેનું કારણ મને કોંગ્રેસીઓની બેવકૂફીમાં જ દેખાય છે કેટલાકો એમાં 'મોવડીઓ'ની હરામખોરી જુએ છે પણ હું એ માનવા તૈયાર નથી. મને એ બેવકૂફાઈ દ્વિ-અંકી લાગી છે. પહેલો અંક પડયો,—ત્રણ રાજ્યોને બદલે બૃહદ્ દ્વિભાષીમાં પહેલી વાચના પછી ગુજરાતી કોંગ્રેસીઓએ આપેલી સંમતિમાં, અને એ બેવકૂફીનો બીજો અંક જે જોરશોરથી દ્વિભાષીનું તેના નાનામોટા નાયકોએ સમર્થન કર્યું તેમાં પૂરો થયો. હવે ત્રીજો અંક રડારોળનો શરૂ થયો છે. એનું પરિણામ સુખાંત છે કે દુઃખાંત છે તે અત્યારે કહેવું મુશ્કેલ છે. અત્યારે તો ડહાપણ કદાચ પોતે બગાડેલી બાજી સુધારી લેવામાં છે અને લોકો સમક્ષ પોતે કરેલી ભયંકર ભૂલનો એકરાર કરવામાં જ છે. લોકો તો સહેલાઈથી બધું ભૂલી જાય છે અને તેથી કોંગ્રેસપક્ષ તેમના 'મોવડીઓ'ને થોડોક વખત નિવૃત્તિ આપી બીજા વધારે નિખાલસ, અને રાજતંત્રને તથા અર્થતંત્રને સમજે એવા નાયકોને આગળ કરી ગુજરાતની આબાદી થાય એમ વર્તે તો હજી પણ કોંગ્રેસપક્ષને લોકોનો સદ્ભાવ મળે. અત્યારે તો મને કોંગ્રેસીઓની સ્થિતિ કોઈ મોટી શ્રીમંત પેઢીના વિલાસી વારસદારો જેવી લાગે છે. ગાંધીજીના પુણ્યપ્રતાપે અને સરદારના કૌશલ અને જહેમતને કારણે જે સમૃદ્ધિ ગુજરાતને પ્રાપ્ત થઇ હતી તે પછીના વારસદારોને હાથે વેડફાઈ ગઈ છે. આ મારી લાગણી છે અને કોંગ્રેસીપરંપરામાં હોવાનો દાવો કરનાર માણસની લાગણી છે, તેથી દુ:ખની લાગણી છે. દુઃખ એટલા માટે છે કે ગાંધીજીના પુણ્યપ્રભાવથી અને સરદારની નેતાગીરીથી ગુજરાતી પ્રજાએ ખેડા, બોરસદ, બારડોલી, ધરાસણા, દાંડી ઇત્યાદિ સ્થાનિક અને રાષ્ટ્રીય આંદોલનોમાં જે ગૌરવભર્યો ભાગ ભજવી ભારતમાં માનવંું સ્થાન પ્રાપ્ત કર્યું હતું તે જ પ્રજા ચાલુ નેતાગીરીને લીધે ફજેતી પામી છે અને પોતે નિસ્તેજ અને લાચાર બની ગઈ હોય એવી લાગણી અનુભવે છે.

પ્રશ્ન : આ બધામાં તમે તમારો ભાષામૂલક રાજ્યબંધારણ વિશે કાંઈ અભિપ્રાય તો વ્યક્ત કર્યો નહિ ?

ઉત્તર : એ તો મેં શરૂઆતમાં કહ્યું. આ વિષયમાં એક અથવા બીજું લાભદાયક જ છે, સારું જ છે, એમ મને સમજાયું નથી એટલે એમાં હું ચોખ્ખો જવાબ આપી શકતો નથી. આ ચર્ચામાં મારી દૃષ્ટિ સાપેક્ષ રહી છે. આપણા દેશનો ઇતિહાસ જોતાં આપણે માટે કદાચ એકાયત્તતંત્ર—યુનિટરી જાતનું બંધારણ—દેશની એકતા સાચવવા વધારે કાર્યક્ષમ નીવડે. જુદાં જુદાં રાજ્યો, તેમની જુદી જુદી વિધાનસભાઓ, તેમના જુદા જુદા રાજપાલકો, જુદી જુદી હાઇકોર્ટો—આ બધી આપણને ન પાલવે એવી Luxury ગણાય. રાજ્યોને બદલે લોકહિતસાધક વહીવટની દૃષ્ટિએ દેશને પરગણામાં વહેંચી નાંખી અને મોટાં શહેરોને સ્વતંત્ર પરગણાં બનાવી સ્થાનિક સ્વરાજ્યના ધોરણે દેશને ગોઠવવામાં આવે, અને દેશસમસ્તના પ્રશ્ન માટે

એક જ રાજ્યસભા હોય એ કદાચ વધારે ઉપયોગી નીવડે. પણ એમાં એકહથ્થુ સત્તા, અમુક જ પ્રદેશ કે અમુક જ પક્ષનું વર્ચસ વધી જવાનો, અને દેશ સમસ્ત ઉપર અનેક પ્રકારના અન્યાયો અને જુલમો થવાનો ભય પણ ઇતિહાસસિદ્ધ છે. નાનાં વર્તુલોમાં સિદ્ધ થતી ડેમોક્રસી પણ એમાં ન જ આવે. આવું રાજ્ય કદાચ ડિક્ટેટરશિપ નીચે પણ આવી જાય. એટલે દેશની વિશાળતા અને જીવનરીતિની વિવિધતા જોતાં વૈવિધ્યમાંથી સમન્વય સાધવાની દષ્ટિ જ આપણા દેશને વધારે રુચિકર અને તેથી વધારે કાર્યક્ષમ લાગે. અને એ દૃષ્ટિએ સમવાયીતંત્ર વધારે અનુકૂળ ગણાય. આ ગમે તે હોય, પણ એક બાબત મને સ્પષ્ટ સમજાય છે અને તે એ કે જો ભારતનું બંધારણ જુદાં જુદાં રાજ્યોના સમવાયનું છે, તો એ સમવાયમાં ગુજરાત પણ એક પ્રદેશરાજ્ય હોય તે આવશ્યક છે. જો સમવાયતંત્ર બદલવાનું હોય તો બીજી જાતની વ્યવસ્થાઓ વિચારવી જોઈએ. આમ ભાષામૂલક પ્રદેશરાજ્ય હું નિરપેક્ષરૂપે નથી ઇચ્છતો, પણ એને સમવાયસાપેક્ષ ગણું છું.

ભાષામૂલક રાજ્ય હોવાથી સંકુચિતતા વધે છે, દેશની એકતામાં ભંગ પડે છે ઇત્યાદિ જે સૂત્રો આપણી આગળ રજૂ થાય છે એ બધાં તો મને હાસ્યાસ્પદ લાગે છે. એકભાષા બોલનારા જુદા જુદા ભાગના વતનીઓ પણ પરસ્પર વેરઝેર કરે છે, લડે છે; અને જુદી જુદી ભાષા બોલનારા પાડોશીઓ સંપથી રહી શકે છે. મને પોતાને આ વેરઝેરનું મૂળ ભાષાના કારણમાં દેખાતું નથી, પણ આર્થિક સ્વાર્થોથી અને પક્ષોના રાજકીય સત્તાલોભથી મૂઢ થયેલા રાજકારણી પુરુષો જ આ વેરઝેર અને તેથી ઊભા થતા ક્લેશ માટે જવાબદાર લાગે છે. તમે મહારાષ્ટ્ર વિશે મારી લાગણી પૂછો તો હું કહું કે મને એના દેશભક્તો ઉપર અને એના અધ્યાપકો અને વિદ્વાનો ઉપર બહુ પ્રેમ અને આદર છે. મારું પોતાનું ઉચ્ચ શિક્ષણ પણ મહારાષ્ટ્રમાં જ થયેલું છે. મને પોતાને મહારાષ્ટ્ર વિશે દ્વેષની લાગણી અનુભવવી ગમતી નથી. એટલું જ નહિ પણ મેં આદરની અને સદ્ભાવની લાગણી સેવી છે. પણ એનો અર્થ એવો નથી કે કેટલાક કોંગ્રેસી મહારાષ્ટ્રીઓએ ૧૯૫૬માં ગુજરાતની સંસ્કૃતિની જે મશ્કરી અને અવહેલના કરી છે તે હું સાંખી લઉં છું. આ ઘડીએ મને પાર્લમેન્ટમાં કેટલાક મહારાષ્ટ્રી કોંગ્રેસીઓએ જે ભાષણો કર્યાં હતાં અને જેમાં પોતાને કાલિદાસ અને ભવભૂતિના ઉપાસકો જણાવી ગુજરાતને—એકલું વાણિયાશાહી વગેરે બિરુદો આપ્યાં હતાં તે હજી પણ મને યાદ આવે છે અને ડંખે છે. અર્થાત્ કે મારા જેવા સાધારણ માણસને બીજી ભાષા બોલનારા પ્રાન્તો વિશે અણરાગ હોય છે એવું કાંઈ નથી. ફક્ત સામો કોઈ જોહુકમી કરતો આવે તો એનો સામનો કરવાનું મન થાય. જેમ અત્યારે કેટલેક અંશે હિંદી જોહુકમી સામે થાય છે. એટલે, હું તો એમ માનું છું કે જુદાં જુદાં ભાષામૂલક પ્રદેશરાજ્યો એકબીજાં સાથે સુલેહથી અને સહકારથી વર્તી સમગ્ર ભારતની આબાદી સિદ્ધ કરી શકે—જો રાજકારણી નેતાઓ તેમને આડે રસ્તે ન દોરે તો.

૨૪-૯-૫૯

સંયુક્ત રાષ્ટ્રસંઘ

[વિકાસ અને પ્રવાહો]

દેવવ્રત નાનુભાઈ પાઠક એમ. એ.

આજની દુનિયા દિવસે દિવસે વધારે ને વધારે આંતરરાષ્ટ્રીય બનતી જાય છે. આમ થવાનાં ઘણાં કારણો છે. પ્રથમ તો એ કે છેલ્લાં પચાસ વર્ષમાં જે બે મહાન યુદ્ધો થયાં તેનાથી સમગ્ર દુનિયામાં શાન્તિ માટેનો આગ્રહ ઘણો પ્રબળ બન્યો છે. બીજું કારણ તે આપણાં ભયાનક શસ્ત્રો છે. અણુ અને હાઈડ્રોજન બોમ્બથી મનુષ્યજાતિનો સર્વનાશ કરવો એ તદ્દન સહેલી વાત થઈ પડી છે. શસ્ત્રોની આ ભયાનકતા તેમનો વપરાશ કરતાં આપણને રોકે છે અને શાન્તિના પાયા મજબૂત કરવા આપણને પ્રેરે છે. છેલ્લે, દુનિયાના મોટા ભાગનાં રાષ્ટ્રોમાં એવો જાહેર મત ઊભો થયો છે કે જે માત્ર રાષ્ટ્રની સંકુચિત સરહદો ન જોતાં આસપાસની દુનિયા ઉપર પણ નજર નાખે છે. દુનિયાનો કોઈ પણ એક ભાગ પરતંત્ર રહે, પછાત રહે કે ભૂખ્યો રહે એ લાંબે ગાળે સમગ્ર દુનિયા માટે ભયરૂપ છે એ વિચાર આજે ઠીક ઠીક પ્રબળ બન્યો છે. આપણે સૌ એક જ પ્રક્રિયા નીચે આપણું જીવન વીતાવી રહ્યાં છીએ, આપણે સૌ સાથે છીએ, જીવીશું તો સાથે અને મરીશું તે પણ સાથે, એવી કંઈક ભાવના આજે મનુષ્યહૃદયમાં જન્મી છે.

૨. આ ભાવનાઓનું સૌથી અગત્યનું વાહન અને મૂર્ત સ્વરૂપ તે સંયુક્ત રાષ્ટ્રસંઘ છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના ખતપત્રમાં ઘણી ત્રૂટિઓ હશે, તેના વિકાસમાં ઘણી ઘણી આડખીલીઓ આવી છે અને આવશે. તેનો વ્યવહાર જોઈએ તેટલો શુદ્ધ કે પક્ષપાતવિહીન નથી એમ પણ કેટલેક અંશે કહી શકાય તેમ છે. છતાં, આજની દુનિયામાં શાન્તિનું તે એક પ્રબળ સાધન છે. પંડિત જવાહરલાલ નેહરુએ એક વાર કહેલું તે પ્રમાણે, યુદ્ધના વિકલ્પે આપણી પાસે સંયુક્ત રાષ્ટ્રસંઘ છે. તેને ગમે તે ભોગે ટકાવી રાખવો એ સર્વનો ધર્મ થઈ પડ્યો છે. બે વર્ષ પહેલાં પૂનામાં રાજ્યશાસ્ત્ર પરિષદનું ઉદ્દ્ઘાટન પ્રવચન કરતાં શ્રી. કૃષ્ણ મેનને કહેલું કે સંયુક્ત રાષ્ટ્રસંઘનો સૌથી મોટો વિજય તે એ આજ દિન સુધી ટકી શક્યો તે છે.

૩. ઓકટોબરની ૨૪મી તારીખ સંયુક્ત રાષ્ટ્રસંઘનો જન્મદિન છે. એ પ્રસંગે તેના વિકાસ વિશે અને તેની પ્રવૃત્તિમાં જણાતા પ્રવાહો વિશે વિચાર કરવો જરૂરી બને છે. આવતી ૨૪ મીએ રાષ્ટ્રસંઘ ચૌદ વર્ષ પૂરાં કરીને પંદરમા વર્ષમાં પ્રવેશે છે.

૪. સંયુક્ત રાષ્ટ્રસંઘ એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે અને તેની સિદ્ધિઓ અને નિષ્ફળતાઓનો વિચાર કરવાનો હોય તો તેની સરખામણી તેના જેવી સંસ્થા સાથે કરવી જોઈએ. આવી એક માત્ર સંસ્થા તે ૧૯૧૯માં સ્થપાયેલી લીગ ઓફ નેશન્સ છે. લીગ ઓફ નેશન્સનો ઇતિહાસ એક કરુણ કથની છે. શરૂઆતથી તેમાં રશિયા અને અમેરિકા દાખલ થયેલાં નહિ. જર્મનીને પ્રથમથી જ તેની તરફ રીસ હતી અને પાછળથી સભ્ય થવા છતાં તે લીગને બહુ મદદરૂપ થઈ શક્યું નહિ. ફ્રાન્સ અને બ્રિટન તેમાં મુખ્ય રાજ્યો હતાં અને તે બન્નેએ તકવાદી નીતિ અપનાવી. લીગને ટેકો આપનારાં નાનાં રાજ્યો લીગને મુશ્કેલીને વખતે બહુ મદદરૂપ થઈ શક્યાં નહિ અને પરિણામે તે ઉત્તરોત્તર નિર્બળ બનતી

ગઈ. ૧૯૩૧માં જાપાને ચીન ઉપર આક્રમણ કર્યું ત્યારથી તેની પડતીના શ્રી ગણેશ મંડાયા. આ પછી હિટલરે વર્સેલ્સની સંધિને ફગાવી દીધી અને લશ્કરી તાકાત વધારીને આક્રમક નીતિ અખત્યાર કરી. ૧૯૩૬માં ઇટાલીએ એબિસીનિયા ઉપર આક્રમણ કર્યું, ત્યારે લીગ કશું કરવા સમર્થ નીવડી નહિ. દરમિયાન લીગનું સભ્યપદ ઘટતું ચાલ્યું. જાપાન, જર્મની, ઇટાલી વગેરે રાજ્યો તેમાંથી નીકળી ગયાં. લીગનું સભ્યપદ વધારેમાં વધારે ૫૯ સુધી પહોંચેલું. પણ થોડો વખત જ ટક્યું. ૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ શરૂ થતાં લીગનું અસ્તિત્વ ભૂંસાઈ ગયું.

૫. સંયુક્ત રાષ્ટ્રસંઘ સરખામણીમાં ઘણું નસીબદાર છે. શરૂઆતથી જ તેમાં ૫૦ સભ્યો હતા અને છેલ્લાં ચૌદ વર્ષના ગાળામાં તેનું સભ્યપદ વધીને ૮૨ સુધી પહોંચ્યું છે. સામ્યવાદી ચીનના સભ્યપદની વાત બાજુએ રાખીએ તો માત્ર થોડાં રાજ્યો જ હવે તેનાં સભ્ય થવાં બાકી છે—જેવાં કે બહિર્ મોંગોલિયા, ઉત્તર તથા દક્ષિણ કોરિયા, ઉત્તર તથા દક્ષિણ વિયેટનામ. સંયુક્ત રાષ્ટ્રસંઘ તેના પૂરા અર્થમાં આજે એક આંતરરાષ્ટ્રીય સંસ્થા બની છે. પરિણામે સમગ્ર દુનિયાનો જાહેર મત તેની દ્વારા જાણવા મળે છે. આ મતની અવગણના કરતાં પહેલાં મહાન રાજ્યોને પણ વિચાર કરવો પડે છે. યુદ્ધોત્તર વર્ષોના રાજકારણની આ એક ક્રાન્તિકારક ઘટના છે.

૬. છેલ્લાં ચૌદ વર્ષના ગાળામાં જે ૩૨ રાજ્યો તેમાં ઉમેરાયાં છે તેમાંનાં ઘણાંખરાં નાનાં રાજ્યો છે અને તેઓમાંનાં ઘણાં એશિયા અને આફ્રિકાનાં રાજ્યો છે. આ રાજ્યો હવે અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ, કૅનેડા વગેરે મહાન રાજ્યોની સાથે હરોળમાં બેસીને સમાન કક્ષા ભોગવે છે અને તેમનો મત પ્રદર્શિત કરે છે. એશિયા અને આફ્રિકાના દેશોની બાન્ડુંગ ખાતે જે પરિષદ ૧૯૫૫ના એપ્રિલમાં મળી હતી તેમાંનાં લગભગ બધાં જ રાજ્યો (કુલ સંખ્યા ૨૮ હતી) આજે સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભામાં એશિયાઈ–આફ્રિકન જૂથ રચીને બેઠાં છે. ૨૮ રાજ્યોનો આ સમૂહ ઘણીવાર પૂર્વ અને પશ્ચિમની વચ્ચે પુલની ગરજ સારે છે અગર તો તે બન્નેના દૃષ્ટિબિન્દુઓને અવગણીને વચ્ચેનો માર્ગ શોધવામાં મદદરૂપ નીવડે છે. પૂર્વ અને પશ્ચિમ બન્નેને તેમની ગરજ છે અને તેથી તેમના મતની કિંમત અનેક ગણી વધી જાય છે. અમેરિકા અને બ્રિટનના નેતૃત્વ નીચે આજે ૪૦ રાજ્યોનું જૂથ છે, જેમાં ઑસ્ટ્રેલિયા, ન્યુ ઝીલૅન્ડ વગેરેનો પણ સમાવેશ થાય છે. પણ સામાન્ય સભામાં દ્વૈ બહુમતી માટે તેમને લગભગ ૫૫ મતની જરૂર પડે છે. આ મત રશિયા તરફી રાજ્યો (જેમની સંખ્યા લગભગ ૧૦ જેટલી છે) તરફથી મળી શકતો નથી. આથી તેમને એશિયાઈ–આફ્રિકન રાજ્યો તરફ મીટ માંડવી પડે છે. સંયુક્ત રાષ્ટ્રસંઘની આંતરરાષ્ટ્રીયતા આ રીતે નાનાં રાજ્યોને ઉપકારક નીવડી છે.

૭. સંયુક્ત રાષ્ટ્રસંઘની સૌથી મોટી ખુશનસીબી એ છે કે તેમાંથી આજ દિન સુધી કોઈ સભ્ય–રાજ્ય બહાર નીકળી ગયું નથી. લીગમાં શરૂઆતથી જ અમુક રાજ્યો સભ્ય થયેલાં નહિ અને તેથી તે નિર્બળ રહેલી. સમય જતાં બીજાં સભ્ય–રાષ્ટ્રો તેમાંથી નીકળી ગયાં અને તેની રહીસહી આબરૂને મોટા ધોકા પહોંચ્યો. સંયુક્ત રાષ્ટ્રસંઘમાં હજી સુધી કોઈ રાજ્યે બહાર નીકળવાની વાત કરી નથી. કેટલીક વાર રશિયા કે દક્ષિણ આફ્રિકાએ અમુક

સમય સુધી સભાનો બહિષ્કાર કર્યો છે પણ તેથી વિશેષ નહિ. ઊલટું, નવું સ્વાતંત્ર્ય પામતાં બધાં જ રાજ્યો આજે સંયુક્ત રાષ્ટ્રસંઘના સભ્ય થવા ઇચ્છે છે અને કોઈ કારણસર ન થઈ શકે તો તેનું મનદુઃખ તેમને રહે છે. સંયુક્ત રાષ્ટ્રસંઘમાં સભ્ય થવા માટેની આ આતુરતા તથા તે દ્વારા દેશને મળતું ગૌરવ આ બન્ને સંયુક્ત રાષ્ટ્રસંઘની શક્તિની સાબિતી છે.

૮. સંયુક્ત રાષ્ટ્રસંઘના વિકાસમાં એક બીજો પ્રવાહ નોંધપાત્ર છે. તેના બંધારણ પ્રમાણે શાન્તિ જાળવવાનું કામ મુખ્યત્વે સલામતી સમિતિના શિરે નાખવામાં આવ્યું છે. આ સમિતિમાં કુલ ૧૧ રાજ્યો છે જેમાંનાં પાંચ મહાન રાજ્યો તેનાં કાયમી સભ્યો છે. સલામતી સમિતિમાં મત લેતી વખતે સાત મતની બહુમતી આવશ્યક છે અને આ સાત મતમાં પાંચ મહાન રાજ્યો (અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ તથા ચીન)ના મતની જરૂરિયાત ગણવામાં આવી છે. બીજા શબ્દોમાં કહીએ તો, આ પાંચ મહારાજ્યોની સંમતિ સિવાય સલામતી સમિતિ તેનો કોઈ નિર્ણય લઈ શકે તેમ નથી. આનો અર્થ જ પાંચ મહાન રાજ્યોનો 'વીટો'. 'વીટો' એ શબ્દ રાષ્ટ્રસંઘના ખતપત્રમાં આવતો નથી પણ તે તેના પાયામાં રહેલો અગત્યનો સિદ્ધાન્ત છે. હવે આ વીટોની સત્તાનો રશિયાએ એટલી બધી વાર ઉપયોગ કરેલો છે કે તેનાથી સલામતી સમિતિનું કાર્ય ઘણીવાર અટકી પડ્યું છે. સલામતી સમિતિ તેની જવાબદારી અદા કરવામાં આ કારણથી નિષ્ફળ નીવડી છે. શાન્તિ જાળવવાના તેના મુખ્ય કામમાં સંયુક્ત રાષ્ટ્રસંઘને આથી ઘણી મુશ્કેલી ઊભી થઈ છે અને તેની નિષ્ક્રિયતાએ સૌને મૂંઝવણમાં નાખ્યા છે. સંયુક્ત રાષ્ટ્રસંઘની રાજકીય જવાબદારી વિશે જે નિરાશા આજે જોવા મળે છે તેનું મુખ્ય કારણ અહીં રહેલું છે.

૯. પરંતુ આ નિરાશાના કારણે સંપૂર્ણ હતાશ થવાની જરૂર નથી. ત્રણ કારણોને લઈને આમ થતું અટક્યું છે:

(અ) રાષ્ટ્રસંઘમાં નવાં નવાં રાજ્યો દાખલ થતાં તેમનું વર્ચસ સામાન્ય સભામાં વધ્યું છે;

(બ) આ નવાં રાજ્યો હૃદયથી શાન્તિ ઝંખે છે અને તેમની દ્વારા દુનિયાનો લોકમત સામાન્ય સભામાં જોવા મળે છે;

(ક) પરિણામે સલામતી સમિતિનું સ્થાન સામાન્ય સભાએ લેવા માંડ્યું છે.

સુએઝ અંગે જ્યારે ઇજિપ્ત ઉપર બ્રિટન, ફ્રાન્સ તથા ઇઝરાયલે આક્રમણ કર્યું ત્યારે બ્રિટન તથા ફ્રાન્સે સલામતી સમિતિમાં 'વીટો' વાપર્યો. પણ તે પછી તુરત જ આખો સવાલ સામાન્ય સભાએ હાથમાં લીધો અને જંગી બહુમતીએ આ આક્રમણને વખોડી કાઢવામાં આવ્યું. આ આક્રમણ અટક્યું તેમાં આ મતની પણ અસર પડેલી તેમાં શંકા નથી. અલબત્ત, સામાન્ય સભાને હંગેરીના પ્રશ્નમાં આટલી સફળતા મળી નથી. છતાં, સામાન્ય સભા આખી દુનિયાની વાત બોલી શકે એ સ્થિતિમાં આજે છે અને સુએઝ જેવું આક્રમણ આજનો લોકમત સહેલાઈથી બરદાસ કરી શકે તેમ નથી. જેટલે અંશે સંયુક્ત રાષ્ટ્રસંઘ લોકોના અવાજને સાચી રીતે રજૂ કરવામાં સફળ થશે તેટલે અંશે તે તેના કાર્યમાં કામયાબ નીવડશે.

૧૦. સંયુક્ત રાષ્ટ્રસંઘ સબળ છે કે નિર્બળ એ તેના પોતાના ઉપર આધાર રાખતું નથી. તેનો આધાર તો રહે છે તેના સભ્યો ઉપર. આ સભ્યો દુનિયાની સરકારો છે અને આ સરકારોની પાછળ લોકો રહેલા છે. લોકો શાન્તિ અને પ્રગતિ માટે જેટલી પ્રબળ ઇચ્છા રાખશે તેટલી, લાંબે ગાળે, તેમની સરકારો તથા છેવટે સંયુક્ત રાષ્ટ્રસંઘ પણ રાખશે. સંયુક્ત રાષ્ટ્રસંઘની અગત્ય આપણે પિછાનીએ, તેની ત્રુટિઓ વિશે આપણે જાગ્રત બનીએ અને તેની પ્રગતિમાં આપણે સાધનરૂપ થઈએ. તેમાં જ આપણું સૌનું કલ્યાણ સમાયેલું છે.

★

મહેમાન—ગતિ

નટવરલાલ પ્રભુલાલ બુચ

આફતોની પેઠે અકાળે અને કેટલીક વાર એકસામટા આવીને અતિથિઓ જેમ યજમાનને મુશ્કેલીમાં મૂકી દે છે, તેમ કેટલાક યજમાનો પણ અતિથિને લાંબા વખત સુધી યાદ રહે તેવું આતિથ્ય કરતા હોય છે.

'અતિથિ' શબ્દની એક જાણીતી વ્યુત્પત્તિ "અ તિથિ—જેના આવવાનો કોઈ કાળ નક્કી નથી તે" એવી છે, બીજી વ્યુત્પત્તિ એમ પણ કરી શકાય કે अति तिष्ठति इति अतिथिः અથવા अतिक्रम्य स्थितिः यस्य सः, એટલે કે જે રહેવું જોઈએ તે કરતાં વધારે રોકાય તે અતિથિ. આવા અતિથિઓ પણ સમાજમાં ઠીક ઠીક પ્રમાણમાં જોવામાં આવે છે. ત્યારે અકાળે આવે અને અસ્થાને રહે તેવા અતિથિઓ યજમાનને અણગમતા થાય તેમાં શી નવાઈ?

યજમાનોના પણ પ્રકાર હોય છે. अतिथिदेवो भव ની ભાવનાવાળા કેટલાક ગૃહસ્થો—જેઓ ઘણા વિરલ હોય છે—નિમંત્રિત મહેમાન કે અનિમંત્રિત અતિથિ એ બન્નેનું સ્વાગત સરખા જ પ્રેમથી કરતા હોય છે. કેટલાક યજમાનો નિમંત્રિતોની સરભરા, તેઓ વધુ પડતું રોકાઈને 'અતિથિ' ન બને ત્યાં સુધી સારી રીતે કરે છે. પણ કેટલાક યજમાનો એવા હોય છે કે જેમને નિમંત્રિત (પોતે નિમંત્રણ આપ્યું હોય તો પણ) કે અનિમંત્રિત બધા જ મહેમાનો સરખા જ અકારા લાગે છે.

ખરી વાત એ છે કે મૃત્યુ અને મહેમાનને જ્યારે જ્યારે નિમંત્રણ આપવામાં આવે છે ત્યારે ત્યારે તેઓ નિમંત્રણનો અ-સ્વીકાર જ કરશે એવી અપેક્ષાથી જ એ નિમંત્રણ અપાતું હોય છે. એને બદલે જ્યારે નિમંત્રણનો સ્વીકાર કરવામાં આવે છે ત્યારે મુશ્કેલી ઊભી થાય છે.

મૃત્યુ બાબતમાં તો દાખલો પ્રખ્યાત છે. ડોશીમાના જુવાન દીકરાને ક્ષય થયેલો. જે કોઈ ખબર પૂછવા આવે તેને મોઢે ડોશી કકળાટ કરે: "મારું તો મોત બગડવા બેઠું છે. આને બદલે જમરાજા મારી જ છબારડી ખેંચી લે તો સારું!" ડોશીમા રોજ આંગણામાં સુએ. દરદીનો ખાટલો ઓરડામાં રહેતો. એક દિવસ રાતમાં, ડોશીમા ઘસઘસાટ ઊંઘતાં હતાં ત્યાં પાડી છૂટી ગઈ. તે આવી ડોશીમાના ખાટલાની પાંગથે માથું ભરાવવા લાગી. ડોશીમા સફાળાં જાગી ઊઠયાં ને જુએ તો અંધારામાં પાંગથ પાસે પાડા જેવું કાંઈક ઊભેલું. ડોશીમાના તો હોશકોશ ઊડી ગયા! તેમને લાગ્યું કે, આ તો મારી અરજીનો સ્વીકાર કરી જમરાજા સાચે જ પોતાના વાહન પર બેસી મને લેવા આવ્યા! ડોશીથી બોલાઈ ગયું: "બાપા, અહીં નહીં, તમે જગ્યા ભૂલ્યા. દરદીનો ખાટલો તો જુઓ પણે ઓરડામાં છે. હું તો હજી રાતી રાયણ જેવી છું!"

મહેમાનનું પણ આવું જ હોય છે. એટલે સમજી રાખવા જેવું છે કે યજમાનની શોભા જેમ નિમંત્રણ આપવામાં છે તેમ અતિથિની શોભા નિમંત્રણનો સ્વીકાર મોડેથી કરવામાં, પણ વ્યવહારમાં ન કરવામાં છે. આમ બન્ને પક્ષે શોભા સચવાય ત્યાં સુધી બધું સારું છે. ટૂંકમાં, કેટલાક આતિથ્ય-કાયરો—અને તેઓ ઓછા નથી હોતા—નોતર્યો કે વણનોતર્યો અતિથિઓનું એકસરખું યાદગાર આતિથ્ય કરતા હોય છે.

એક ગૃહસ્થને ત્યાં વારંવાર એક જોષી ભૂદેવ મહેમાન થયા કરતા. જ્યારે જ્યારે આવે ત્યારે "ખાવામાં કાંઈક ગળ્યું રાખવાની" આડકતરી સૂચના કરતા. શરૂશરૂમાં તો એ કુટુંબે લાડુ–દૂધપાકથી તેમનું સ્વાગત કર્યું. પણ તેને પરિણામે તો જોષી મહારાજ હળવા લાગ્યા અને તેમના આવવાનો ગાળો ઓછો થવા લાગ્યો. પછી એકવાર જોષીજી આવ્યા ત્યારે તે ગૃહસ્થે "ખીચડી, કઢી ને ગોળ"નું ભોજન કરાવ્યું–જે સંયોગ પાકશાસ્ત્રમાં ક્યાયે જોવામાં નથી આવ્યો. પછી ખાવા બેઠા ત્યારે યજમાને સ્મિત કરતાં કહ્યું, "લ્યો, આજે તો જોષીજીના માનમાં ગળ્યું પીરસ્યું છે! વાહ! અને તેમાં યે ગોળ! ગોળથી ગળ્યું શું હોય? સ્વાગત તો કરવું જ જોઇએ ને?" તે પછી જોષીજીએ બે ત્રણ વાર આવી જોયું, પણ સ્વાગતમાં આ અવનવી વાની જ ચાલુ રહી એટલે તેઓ ઘર છાંડી ગયા.

કેટલાક યજમાનોની, આતિથ્ય અતિથિને માટે અવિસ્મરણીય બનાવવાની જુદી જ જાતની તરકીબ હોય છે. તેઓ અતિથિઓના ઉતારાપાણી માટે પોતાને ત્યાં ખાસ સાધનો રાખતા હોય છે. એકવાર હું એક કુટુંબનો મહેમાન થયો. 'મહેમાનો માટેના ખાસ ઓરડા'માં મારે માટે ખાટલો બિછાવવામાં આવ્યો. હું આ કે તે બાજુ પડી ન જાઉં તે માટે ખાટલો ખાસ ઝોળી જેવો રાખેલો. ગાદલામાંનું રૂ છૂટું પડી તેના નાના નાના ગઠ્ઠા બાઝી ગયેલા હતા તેથી ગાદલામાં રૂને બદલે બટાટાં ભર્યાં હોય તેમ આખું ગાદલું શરીરને ઠેર ઠેર ખૂંચે. ઓશીકું ભાંગીને બે સરખા ભાગમાં વહેંચાઇ ગયેલું તેથી તેમાં જાણે કે બે સસલાની ગઠિ ભરી હોય તેમ લાગે અને તે બન્ને ભાગોની વચ્ચે રાત આખી માથું ભીંસાતું રહે. મને ભીષ્મની બાણશય્યા યાદ આવી અને મહિનાઓ સુધી તેવી શય્યામાં સૂઈ શકવા માટે તેમને મેં મનથી ધન્યવાદ આપ્યા. પણ મારી તે રાતની તપશ્ચર્યા કદાચ ભીષ્મથી યે વધી જાય; કારણ ભીષ્મને તો જડ બાણો જ ખૂંચ્યાં હશે પણ મને તો આ ગાદલા–ઓશીકાંના જડ ગઠ્ઠા ઉપરાંત ખાટલા અને ગાદલામાં વસતી ચેતનસૃષ્ટિ પણ ચટકા ભરવા લાગી. ઉપરાંત ઓરડામાં આંટા મારતા આવતા મૂષકો પણ વારંવાર મારી ભાળ કાઢવા આવતા અને "ચૂમું ચૂમું" બોલી મને ચૂમવાની ઇચ્છા વ્યક્ત કરી જતાં, અને એમનો એક અતિપ્રેમાળ મૂષક તો મારો ચરણ ખરેખર ચૂમી જ ગયો! મત્કુણ–મૂષક સાથે સંયોગમાં વીતેલી "અશાન્તિ પર્વ" સમી એ રાત વિયોગની કોઈ પણ રાત કરતાં વધારે વસમી અને લાંબી થઇ પડેલી. ચાર યુગ જેવા ચાર પ્રહરવાળી એ રાત વીતી અને સવારે મેં જોયું તો ઉજાગરાથી મારી આંખો લાલચૂમ, માંકડના કરડથી આખું શરીર દેકાંથી અને ખણવાના ઉજરડાથી લાલ, અને પગ ઉંદરના બચકાથી લાલ––બસ આખો લાલમલાલ!

અતિથિઓ બીજી વાર આવવાનું યોગ્ય ન ધારે તે માટે કેટલાક લોકો ભોજન વખતે તેમને જુદી જુદી રીતે પરેશાન કરે છે.

એક કુટુંબને એવી ટેવ કે થાળી પીરસાય ને મહેમાન ખાવાનું શરૂ કરે એટલે કુટુંબમાંથી એક કે બીજું કહેઃ "શું,––ભાઇ, આપણા લોકો પણ ખાઉધરા થઈ ગયા છે! જાણે કેમ ખાવા માટે જ જીવતા હોય! અમારે તો એવું ને કે દિ' જિમ્યા વિના રહે તો મહેમાન આવ્યા વિના રહે. એટલે અમને આવા અનુભવ બહુ થાય. પેલા વલ્લભીપુરવાળા વલ્લભરામ હમણાં આવેલા. શો એમનો આહાર! પાંચ પાંચ તો રોટલી ઉડાવી જાય ને

બળ્યો ચમચા શાક! ઘરે ખાવા ન મળતું હોય." પાટલે બેઠેલો મહેમાન આવી ટીકા સાંભળ્યા પછી ત્રણ રોટલી ને ચમચા શાકથી ન પતાવે તો શું કરે?

બીજા એક ગૃહસ્થની વળી મહેમાનને ઘર બુલાવવાની રીત એવી કે તેઓ અત્યંત દુરાગ્રહ કરી તેને વધુ પીરસાવે અને તેમાંયે મહેમાન જો યુવાન હોય તો તેના મોંમાં મિષ્ટાન્નના કટકા ઠોંસી દે. મારા પર એક વાર ભારે વીતેલી. થાળીમાં પીરસેલું પડ્યું ન જ રાખવું તેવો મારો આગ્રહ. એક વાર આવા એક દુરાગ્રહી યજમાનને ત્યાં હું મહેમાન બન્યો. તેમણે આગ્રહ કરી કરીને મને એટલું બધુ પીરસાવ્યું કે બધું ખુટાડતાં મને ભારે પડી ગયું. બધું ખાઈ તો ગયો, પણ તે પછી ત્રણ દિવસ સુધી પેટના દુઃખાવા ને ગેસ ટ્રબલથી હું પીડાયો.

કેટલાંક ઘરોમાં અતિથિને ભાણાન્તર કરી પીરસવામાં આવે છે. વાસી રોટલી, દાઝેલા ભાતનો દાઝેલો ભાગ વગેરે સિફતથી અતિથિને માટે અનામત રાખી પીરસવામાં આવે છે! મારા એક દિલોજાન દોસ્ત છે. તેની પત્નીને કોણ જાણે શા યે કારણથી—નહીં તો-હું તો તેના પતિનો પુરુષમિત્ર છું—મારા પ્રત્યે સખત અણગમો હતો. મિત્રો રહ્યા એટલે અનેક વાર એક બીજાને ત્યાં જવાનું તો થાય જ. મારા મિત્રને મારા માટે અસાધારણ ભાવ, એટલે જ્યારે જ્યારે હું જાઉં ત્યારે ત્યારે તે તેની પત્નીને કંઈક સારી વાની બનાવવાનું કહે. તેની પત્નીને આ જરાયે ન ગમે. મારી રુચિ-અરુચિઓ તે જાણતી તેથી મને ન ફાવે, ન ભાવે તેવી વસ્તુઓ તે મારા માટે કરતી—દાખલા તરીકે મરચાં ખૂબ નાખે અથવા તો અડદની દાળ બનાવે વગેરે. અને તેમ કરવાનાં બહાનાં પણ શોધી રાખે જેથી મારો મિત્ર કોઈ વાર પૂછે તો તે આગળ ધરી શકે. પણ એક વાર આ ભાણાન્તરની યુક્તિ તેને જ માથે પડી. એક વાર હું તેને ત્યાં મહેમાન થયો. મિત્રની સૂચનાથી તેની પત્નીએ તે દિવસ પૂરણપોળી બનાવી. તેમને ત્યાં ઘી વાટકીમાં બાજુ પર પીરસવાનો રિવાજ હતો. અમે ખાવા બેઠા. ઘી તેમની ઘરની ગાયનું પીળા પારદર્શક રંગનું ખૂબ સુગંધીદાર હતું. હું તો પહેલે કોળિયે જ ખુશ ખુશ થઈ ગયો. પણ મારા મિત્રે પહેલો જ કોળિયો વાટકીમાં બોળી મોંમાં મૂક્યો ત્યાં તો તેનું મોં બગડી ગયું અને તે કોળિયો બહાર કાઢી નાખી બોલી ઊઠ્યો, "આ શું તેં ઘીને બદલે શિંગનું તેલ આપ્યું છે! બરણી તો નહોતી ભૂલી ને?" તુરત જ મેં કહ્યું, "બરણી બદલાઈ નથી, પણ તારું મોં બદસ્વાદ થઈ ગયું લાગે છે. આવું સરસ તાજું ગાયનું ઘી છે તેને તું તેલ કહે છે! કાંઈ બનાવટ તો નથી આદરી ને?" પણ તે જ વખતે મારી નજર મારા મિત્રની પત્નીના મોં પર પડી. તેના મુખ પર ગભરાટ અને આંખમાં આજીજી હતાં. ક્ષણવારમાં હું બધી વાત સમજી ગયો. તેણે મારે માટે ખાસ રાખેલ તેલની વાટકી ભૂલથી તેનાથી તેના પતિને અપાઈ ગઈ હતી! બાજી સુધારી લેતાં મેં કહ્યું, "જ્યોત્સ્નાબેન, મને લાગે છે, તમે વઘાર દેવા માટે તેલ લાવેલાં તે વાટકી ઘીની ધારીને ભૂલથી મૂકી દીધી છે. જુઓ, ઘીની વાટકી તમારી પાછળ પડી." તુરત જ તેણે મારી સૂચના પકડી લીધી અને કહ્યું, "હા, હા, તેમ જ થઈ ગયું છે. હવે તમે તે વાટકી આ બાજુ મૂકી દો. આ બીજી લો." મેં મારા મિત્રને કહ્યું, "જોયું દોસ્ત! જાણતાપણે તો હોય જ, પણ અજાણતાપણે પણ મારી બેન તને સ્નેહ જ પીરસી દે છે!" તેની પત્નીએ તે દિવસે પહેલી જ વાર મારી સામે કૃતજ્ઞતાભરી નજરે જોયું. અલબત્ત, તે પ્રસંગ પછીથી મારા પૂરતું તો તેમનું આતિથ્ય મીઠું બની ગયું છે.

*

નીલાંબરી

'સફરીજહાં'

વસંતરાજ પ્રેમાધિપતિ કંદર્પદેવ તે દિવસે પોતાના પુષ્પાચ્છાદિત ધનુષ્યબાણુથી ભારે એકાગ્રતાપૂર્વક રમી રહ્યા હતા. ને ત્યારે ગગનમંડળમાં પોતાની પ્રચંડ તેજરાશિએ રેલાવતા સૂર્યદેવ ઘડીભર પોતાનો રથ થોભાવી કંદર્પરાજની એ રમત જોતા થંભી ગયા. કંદર્પરાજનો નાનકડો ને નાજુક દેહ અને ભારે બાણુ જોઈ સૂર્યદેવ હસી ઊઠયા. હાસ્યનો રણકાર સુણતાં રમત થંભાવી કંદર્પે ઊંચું જોયું. 'સૂર્યદેવ!' નવાઈ પામી એણે પૂછ્યું; 'કેમ હસવું આવ્યું?'

હોઠમાં હસતાં સૂર્યદેવ બોલ્યાઃ 'છોકરા! હથિયારો કાંઈ જેના તેના હાથમાં નથી શોભતા. એ કાંઈ રમવાનાં રમકડાં થોડાં જ છે તે તું આમ છોકરીની જેમ રમવા બેઠો છે?' ને પુનઃ એ ખડખડાટ હસી પડયા.

બાળસમો લાગતો, નાજુક દેહધારી કંદર્પ, પોતાના વીરત્વની થતી આ હાંસી જોઈ, અને પોતાને મળેલી 'છોકરી'ની ઉપમાથી સળગી ઊઠયો.

'રે મદાંધ! તને તારી તાકાત અને શૌર્યનો ગર્વ થયો છે ને! હું ભલે છોકરી અને કાયર જેવો રહ્યો, પરંતુ તને હજુ મારી શક્તિનો પરચો થયો લાગતો નથી. જે દિવસે થશે ત્યારે તારી થયેલી દશા પર, તારી તાકાત અને શૌર્ય પર, હું એકલો જ નહિ, પરંતુ સારુંય ત્રિલોક હસે છે કે નહિ, તે જોજે.'

વધારે જોરથી હસી પડતાં સૂર્યદેવ બોલ્યા: 'જા, જા, છોકરી! તું તો ફૂલ, પ્રેમ અને પ્રેમીઓના ગાંડાવેડાં સાથે રમત કરી શકે. બીજું શું કરવાનો હતો?'

'જોજે ત્યારે, ખબર પાડું છું કે નહિ?' ગુસ્સાથી ધુંવાકુંવા થતો કંદર્પ સૂર્ય સામે ક્રોધભરી નજર નાખતો ચાલતો થયો.

૨

એનું નામ નીલાંબરી.

ગગનમંડળમાં વસનારા નર્તકો અને ગાયકો, કિન્નરો અને અપ્સરાઓના જેવી જ તે એક નર્તક, ગાયક અને અપ્સરા હતી. એ ગાતી ને ઘડીભર કોયલ, બુલબુલ, ને બપૈયા પોતાનાં ગીત ગાતાં ભૂલી જતાં.

એનું નૃત્ય નીરખી પ્રેયસીને રીઝવવા થતું મયૂરનૃત્ય થંભી જતું. પેલો વણથંભ્યો સુસવાટા અને ફૂંફાડા મારતો પવન એનાં નૃત્યગીત સાંભળી ગરીબગાડો થઈ જતો અને નાજુક હવાસમી નીલરંગી ચુંદડી સાથે ગેલ કરતો એને આકાશ સાથે વાતો કરવા ખેંચી જતો. ને દેવો? ન પૂછશો એમની વાત! સ્વર્ગના એ સુસંસ્કારી અમર આત્માઓ નીલાંબરીના એ નૃત્યગીત પર મુગ્ધ થઈ ઘડીભર પોતાની સુસંસ્કારિતા અને દેવત્વને ય બાજુએ મૂકી દેતા.

આવી હતી એ નીલાંબરી!

એવાં હતાં એનાં નર્તન-ગાયન ને કામણ!!

રૂપરાશિની નીલાંબરીને નીલઘેરા આકાશપટમાં એવાં જ આકાશરંગ્યાં નીલવસ્ત્રો પહેરી મસ્ત બની વિહર્યા કરવામાં ભારે મઝા આવતી. ક્યારેક એકલી, તો ક્યારેક સખીમંડળ

સાથે, એ નીલરંગી આસમાનમાં મુક્તવિહાર કરતી : નીલુ આકાશ, નીલાં વસ્ત્રો—નીલાંબરી ભાગ્યે જ આકાશપટમાં ઓળખાઈ શકતી. પરંતુ ચિર પરિચિત જનો, હંસ જેમ દૂધ-પાણી જુદાં કરી નાખે તેમ, નીલાંબરીને તારવી કાઢતાં.

એ દિવસે નિત્યક્રમાનુસાર નીલાંબરી સખીમંડળ સાથે આકાશવિહાર કરી રહી હતી. મુક્ત હાસ્ય, તોફાન અને નર્તનગાયનના ફૂવારાઓ ઊડયે જતા હતા.

ક્રોધભર્યો ચાલ્યા જતા કંદર્પરાજે જ્યારે 'હા...હા...હી...હી...'ના સૂરો સાંભળ્યા ત્યારે એનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. 'સૂર્યરાજ ! હું તમને બતાવી દઈશ !' પરંતુ સ્વરની કોમળતા ધ્યાનમાં આવતાં અને સૂર્યરાજને બદલે નીલાંબરી અને અન્ય અપ્સરાઓને જોતાં એ કંઈક છોભીલો પડી ગયો. ભર્યું ભર્યું યૌવન, ભર્યું ભર્યું સૌંદર્ય, અને ભરીભરી નાજે અદાઓએ કંદર્પરાજના ક્રોધને ઓગાળી દીધો. અપ્સરાવૃંદ અને નીલાંબરીને તે એક દૃષ્ટિએ જોઈ રહ્યો.

'છોકરી ! હાહાહા......હાહા......હા......' પાછળ પાછળ જ આવી રહેલા સૂર્યરાજ કંદર્પને નીલાંબરી તરફ આમ જોતો જોઈ કંઈક ઉપહાસપૂર્વક જોરજોરથી હસી ઊઠ્યા.

ચમકીને જોયું તો સૂર્યરાજ ! કંદર્પનો શાંત ક્રોધ પુનઃ ભભૂકી ઊઠ્યો. માત્ર સૂર્યરાજ જ નહીં, પેલો લંગડો સારથિ અરુણ પણ હસી રહ્યો હતો !

'બહુ ગર્વાન્ધ થઈ ગયો છે, આ સૂર્ય ! કંદર્પરાજના બળનો પરચો થશે ત્યારે. . . . ત્યારે . . .' ને એ વિચારમાં ડૂબકાં ખાવા લાગ્યો.

ઊંચે આસમાનમાં અપ્સરાઓની જેમ જ ફરવા નીકળેલી પેલી વિદ્યુલ્લતાએ પોતાના આગમનની જાહેરાત કરતાં ઝબૂકિયાંઓ કરવા માંડ્યાં. એ ઝબૂકિયાંઓએ આકાશપટમાં રૂપેરી તેજપથો પાડવા માંડયા; ને સાથેસાથે વિચારતલ્લીન કંદર્પના મગજમાં ય નવવિચાર સર્જાવતો તેજલિસોટો પાડ્યો. 'ઓહ ! આજ મારું ભાન ક્યાં ગયું છે? રસ્તો તો મારા હાથમાં જ છે ને.' ને એ આનંદઘેલો થઈ રહ્યો.

ત્વરિત બની એણે ધનુષ્ય ઉપાડ્યું અને ભાથામાંથી એક સુંદર સુવર્ણબાણ કાઢ્યું. તાણીને બાણ ધનુષ્ય પર ચઢાવી કમાન ખેંચી ઊભો રહ્યો. એક ઝીણી નજર રંગમસ્તીમાં તલ્લીન અપ્સરાવૃંદ પર નાખી અને તરત જ એ જ દૃષ્ટિએ આકાશપથમાં ચાલ્યા જતા સૂર્યરાજ પર નાખી : 'સૂર્યરાજ ! હસો. હસો. હસાય એટલું હસો.' ને એ પોતે જ નિશાન સાધી બાણ છોડી હસી પડ્યો. બાણ બરાબર સૂર્યરાજને નિશાન બનાવી ગયું !

વળી ધનુષ્ય ઠીક કરતાં પુનઃ એ જ રીતે નજર નાખી. ભાથામાંથી એક કાળું સીસાનું બાણ કાઢ્યું. અપ્સરાવૃંદમાં બેઠેલી નીલાંબરીને નિશાન બનાવી એના પર છોડ્યું.

અસ્તાચળે જઈ રહેલા સૂર્યરાજ કંઈક મીઠી મીઠી મૂંઝવણ અનુભવી રહ્યા. કોઈ દિવસ નહિ અને આજે જ એમને કોઈક સૌંદર્યયુક્ત વસ્તુ જોતાં હૃદયમાં કોઈ અનેરી અણકલ્પી વ્યથા ઊપડતી અનુભવી. એમણે મન એકાગ્ર કરી, હકીકત શોધવા મથામણ કરી, પણ નિષ્ફળતા જ મળી.

એટલે તો આજ વર્ષોથી એમને અસ્તાચળે દોરી જતી પેલી સંધ્યા પર આજ તેઓ મોહિત થઈ ઊઠ્યા. એ તો ઠીક થયું કે અરુણ ઘેર જવાની ઉતાવળમાં કોઈ એમની માગણી નકારી બેઠો, ને રથ પૂરપાટ હાંકી મૂક્યો.

વહેલી પરોઢે એમના આગમનની છડી પોકારનારી પેલી ઉષા પ્રતિ નજર પડતાં જ એ વ્યાકુળ થઈ ઊઠ્યા. પરંતુ સૂર્યદેવમાં થયેલું પરિવર્તન કળી ગયેલી એ ચપળા ચેની જઈને છૂમંતર જ થઈ ગઈ.

એ આખો ય દિવસ સૂર્યદેવ વ્યાકુળતા જ અનુભવી રહ્યા. હૈયું કોઈના સુંવાળા પ્રેમ માટે ઝંખી રહ્યું હતું, પરંતુ જ્યાં જ્યાં નજર ફેરવી, ત્યાં ત્યાં નિરાશા જ નજરે પડી.

સમય થતાં એ ભગ્નહૈયે અસ્તાચળે જવા વળ્યા, ત્યારે આસમાનમાં રૂપરાશિની અપ્સરાઓના વૃંદમાં ઘેરાયેલી મસ્ત વિહારમાં મશગુલ, નૃત્ય કરતી નીલાંબરી પર એમની નજર પડી અને એમની વ્યાકૂળતાની સીમા ન રહી. આ સમયે તો એ રહી જ ન શક્યા. પૂરપાટ દોડયે જતા રથમાંથી એ કૂદી પડ્યા. દોડતાં નીલાંબરી પાસે જઈ પહોંચ્યા.

'નીલ, પ્રિયે! હું તને ચાહું છું—તારો પ્રેમ ઇચ્છું છું!' શ્વાસભર્યા સૂરે, ચકળવકળ થતી આંખે એ બોલી ઊઠ્યા.

નિજ રંગમસ્તીમાં તલ્લીન અપ્સરાઓ સૂર્યદેવના અણધાર્યા આગમનથી ગભરાઈ ઊઠી. ત્વરિત ગતિએ એ સૌ ચાલી ગઇ. પરંતુ નીલાંબરીનો સૂર્યદેવે માર્ગ રોકી લીધો: "નીલાંબરી! મારા પ્રેમનો સ્વીકાર કર. તને આકાશવિહારનો શોખ છે ને? ચાલ, મારા દિવ્ય રથમાં બેસી જા! માર્ગે અરુણ અને સપ્તરંગી અશ્વો તું કહીશ ત્યાં લઇ જશે. રૂપરાશિની ઉષા અને સંધ્યા તારું દાસત્વ સ્વીકારશે. હું તને મારી પટરાણી બનાવીશ. પ્રિયે! એકવાર તો કહે કે હું તને ચાહું છું!' કહેતાં તેમણે નીલાંબરીના બેઉ હાથ જોરથી પકડી લીધા.

જો બીજે કોઇ વખત હોત તો નીલાંબરી સૂર્યરાજને આટલા બધા કાલાવાલા કરવા ન જ દેત. પરંતુ કંદર્પરાજના સીસાના બાણે નીલાંબરીના હૈયાની કોમળતાઓને જડ બનાવી દીધી હતી. પ્રેમની વાતોએ એને પ્રેમઘેલી બનાવવાને બદલે પ્રેમથી ભડકનારી બનાવી દીધી! સૂર્યના પ્રેમપ્રલાપો અને પ્રખર પ્રતાપે એ અકળાઇ ઊઠી: 'સૂર્યરાજ! મારે પ્રેમ નથી જોઇતો. હું પ્રેમ કરવા માગતી પણ નથી. પ્રેમની મને બીક લાગે છે.' કહેતાં પોતાના હાથ છોડાવી તે ભાગી. 'નીલાંબરી, નીલાંબરી, નીલ, નીલ, ની......' પ્રેમાંધ સૂર્યરાજ ભાન ભૂલી, ગાંડાની માફક દોડતી નીલાંબરીની પાછળ દોડયા.

પળભરમાં જ સારાય ત્રિલોકમાં વાત ફેલાઇ ગઇ: 'સૂર્ય નીલાંબરીની પાછળ દોડે છે!' આશ્ચર્ય, કુતૂહલ અને તુચ્છકાર અને કંઇક તમાશાવૃત્તિથી સૌ આકાશ પ્રતિ દોડી આવ્યા ને સૂર્ય-નીલાંબરીની દોડાદોડી જોઈ રહ્યા. એમણે સૂર્યને સમજાવવાનો પ્રયત્ન ન કર્યો બલ્કે આ દોડાદોડીનું મૂળ કારણ કંદર્પ તરફથી જાણવા મળતાં ને નારદ તરફથી પ્રસરાવાઈ જતાં સારુંય વિશ્વ હસી ઊઠ્યું. પોતાના હાથમાંનું ધનુષ્ય એક હાથે પકડી રાખી, બીજે હાથે પોતાની નાજુક મૂછો આમળતાં ને પૂરા જોશથી ખડખડાટ હસી પડી, કંદર્પ ભભડ્યો: 'કેમ, મહારથીશ્રેષ્ઠ સૂર્ય! રમકડાંના અને છોકરીના બાણનો પરચો જોયો કે? મને જોઇને તો તે દિવસે તું એટલો હસેલો. આજે જો, તને જોઇને સારુંય વિશ્વ હસે છે.'

વૈરતૃપ્તિના આનંદમાં કંદર્પરાજ ભલે રાચી ઊઠ્યો, પરંતુ અહીં નીલાંબરી, થાક, તૃષા અને તાપથી આક્રંદ કરતી થઈ હતી. એ દેવલોકમાં એકેએક મહાલયે ફરી વળી. પોતાને આશ્રય આપવા વિનવી ચૂકી. ન તો એના નિત્યસાથીઓ એની મદદે ગયા, કે ન તો એના નર્તન-ગાયનના શોખીન ઇન્દ્રાદિકોએ એને આશ્રય આપ્યો. પાતાળમાંય એને કોઇએ ન સંઘરી. જ્યાં જ્યાં એ જતી, જેની જેની પાસે એ આશ્રય માગતી, તે તે સૂર્યને જોતાં જ ભયાન્વિત બની મુખ ફેરવી લેતા.

નીલાંબરી દોડાદોડી કરીને થાકી ગઈ હતી. જેમ જેમ સમય વીતતો જતો હતો તેમ તેમ એની શક્તિ ઓછી થતી જતી હતી. એની નાજુક કાયા બેફામ હાંફી રહી હતી.

શ્વાસ ખાવા થોભવાનો ય એને સમય નહોતો. સૂર્યદેવ ગાંડાતૂર બનીને એને પકડવા આવી રહ્યા હતા.

આખર જ્યારે નીલાંબરીએ જોયું કે પોતે હવે એક ડગલું ય આગળ દોડી શકે તેમ નથી અને સ્વર્ગ–પાતાળમાં ક્યાંય છૂપાઈ શકે તેમ નથી, તેમ જ સૂર્યરાજ અને તેની વચ્ચેનું અંતર ઘટી રહ્યું છે, ત્યારે એણે ફાટચા સાદે પૃથ્વીને વિનંતી કરી: 'ઓ પૃથ્વી! હું તારે શરણે આવું છું. હું સ્વર્ગની રહેનારી, છતાંય મને સ્વર્ગમાં આશ્રય નથી મળ્યો. મા! મને તારી બાળકી બનાવી તારી ગોદમાં સમાવી લે. નહિ તો આ સૂર્યદેવ મને પકડીને પરાણે એમની પ્રેયસી બનાવી મારું સ્વાતંત્ર્ય હરી લેશે.'

નીલાંબરીની આ હૈયાફાટ કરુણ વિનંતિથી પૃથ્વીનું હૈયું ભરાઈ ગયું. એના હૈયે માતૃપ્રેમનો ધોધ ફૂટચો. પુત્રીને ઉરે સમાવવા એણે હૈયું ચીયું. નીલાંબરી સડેડાટ દોડી આવી, પૃથ્વીના ઉરમાં સમાઈ ગઇ!

પૃથ્વીની નજદીક આવી પહોંચેલા સૂર્યરાજે જ્યારે નીલાંબરીને ન જોઇ ત્યારે એ ચમકી ગયા. ચારેકોર નજર ફેરવી. 'પૃથ્વી! મારી નીલ જોઈ? ક્યાં ગઈ એ?'

'નીલ…નીલાંબરી!! પેલાં ભૂરાં ભૂરાં વસ્ત્રો સજી ભૂરા આસમાનમાં વિહરનારીને?…'

'હા, હા! એ જ. ક્યાં છે એ?'

'એ તો આ મારી ગોદમાં છે—મારી પુત્રી બનીને આવી છે.'

'તેં, તેં, એને સંતાડી છે?' ગુસ્સે થતાં, સૂર્યદેવ બરાડી ઊઠયા. 'ચાલ, કાઢ બહાર. સોંપી દે મને.'

'મહારાજ! અમારા પૃથ્વીલોકના નિયમો તમે નહિ જાણતા હો. શરણ શોધતાં આવેલા શત્રુને ય અમે શરણ આપીએ છીએ. તો આ તો પુત્રી બનીને શરણે આવી છે. શરણાર્થીને સોંપી દઇએ તો અમારો શરણાર્થી ધર્મ લાજે. નીલાંબરી તમને નહીં મળે. જોઇએ તો બીજું કાંઇ માગો.' પૃથ્વીએ નજર ફેરવી લેતાં સાફ સાફ સુણાવી દીધું.

પૃથ્વીની આવી સાફ સાફ વાતોએ સૂર્યદેવને ક્રોધાંધ બનાવી દીધા. એમણે બેફામ બકવાટ અને ધમકીઓ ઉચ્ચારવા માંડી, પણ સાંભળે જ કોણ?

'હજુ ય તક છે. મને છંછેડવામાં સાર નહિ કાઢો!' સૂર્યદેવે છેલ્લી ધમકી ઉચ્ચારી.

'ચાલ રે. ફરી વેળા.' અક્કડ સ્વરે પૃથ્વીએ ઉચ્ચાર્યું.

ને પૃથ્વીને રિબાવવા, એની પાસેથી પોતાની નીલાંબરી મેળવવા કામાંધ, પ્રેમાંધ અને ક્રોધાંધ સૂર્યદેવે લાલચોળ બની પ્રકાશવા માંડ્યું. પૃથ્વીના પડેપડને પોતાની ગરમીથી બાળવા માંડ્યું. પૃથ્વી પર આવતા પવનને ય ગરમ બનાવવા માંડ્યો. નીલાંબરી મેળવવાના સૂર્યદેવના ધમપછાડા આજે ય ચાલુ જ છે! ને નીલાંબરીને નહિ સોંપવાના નિર્ણયમાં પૃથ્વી આજે ય એટલી જ મક્કમ છે.

જ્યારે પેલો કંદર્પરાજ . . .

આજે ય હસતો હસતો સૂર્યદેવને ખીજવી રહ્યો છે: 'કેમ વીરશિરોમણી!'

ને એના એ ઉપહાસથી વધુ ક્રોધાંધ બની સૂર્યદેવ વધુ ઉગ્ર રીતે લાલ-ચોળ બની તપી રહે છે.

સ્મૃતિકાળમાં કન્યા, પત્ની અને વિધવા

વત્સલા મહેતા એમ. એ.

બૌદ્ધ ધર્મની અવનતિ સાથે બ્રાહ્મણ ધર્મનું પુનરુત્થાન થયું. આ પુનરુત્થાન સ્ત્રી અને વિધવાની સામાજિક સ્થિતિને હાનિકારક નીવડ્યું. બૌદ્ધ સમય દરમિયાન શિથિલ બનેલાં જ્ઞાતિનાં બંધનો ફરી કડક બન્યાં અને તેને લઇને સ્ત્રીની સામાજિક અવનતિમાં વધારો થયો કેમકે જ્ઞાતિબહાર લગ્ન કરવા પર કડક પ્રતિબંધ મુકાયો. આને લઇને લગ્નનું ક્ષેત્ર અતિશય સંકુચિત બની ગયું. સ્ત્રી માટે પતિની પસંદગીનો અવકાશ ઓછો થઈ ગયો અને વૈધવ્યનો સંભવ વધી ગયો. બૌદ્ધ ધર્મની અસર નિર્મૂળ કરવા અને બ્રાહ્મણ ધર્મનો પાયો મજબૂત બનાવવા ધર્મશાસ્ત્રો અને ધર્મસૂત્રો લખાયાં.

ધર્મશાસ્ત્રો અને ધર્મસૂત્રો, જે 'સ્મૃતિઓ'ને નામે પણ ઓળખાય છે તે બ્રાહ્મણોએ સ્વેચ્છાભાર્થે રચેલાં હોવાથી ભારતના તે સમયના સમાજનું સાચું ચિત્ર રજૂ કરતાં નથી. આશરે ઇ. સ. પૂર્વે ૬ ઠ્ઠી સદીથી ઈ. સ. ૮ મી સદી સુધી ફેલાયેલો સ્મૃતિકાળનો સમાજ સર્વાંગે પિતૃપ્રધાન હતો. મનુરચિત માનવધર્મશાસ્ત્રમાં આપણે જોઇએ છીએ કે આર્યપિતા અને અનાર્યમાતાનો પુત્ર આર્ય ગણાતો.

બૌદ્ધ ધર્મે ભારતમાં સામાજિક ક્રાન્તિ આણી. બ્રાહ્મણ ધર્મમાં સ્ત્રીને ઊતરતી ગણવામાં આવી હતી. બૌદ્ધ ધર્મે સ્ત્રીને પુરુષ સમાન ગણીને તેને સમાન હક્કો આપ્યા. બુદ્ધે પ્રાણીહિંસા બંધ કરી અને જ્ઞાતિનાં કડક બંધનો ઢીલાં કર્યાં. પરન્તુ બૌદ્ધ ધર્મે સ્ત્રીને સામાજિક ઉચ્ચ કક્ષાએ મૂકી, તેના પ્રત્યાઘાત રૂપે બ્રાહ્મણોએ ફરી સ્ત્રીને સમાજમાં ઊતરતું સ્થાન આપ્યું. બ્રાહ્મણોના અને ખાસ કરીને શંકરાચાર્યના પ્રચારને લઇને બૌદ્ધ ધર્મની અવનતિ શરૂ થઈ અને ઈ. સ. પાંચમી કે છઠ્ઠી સદીમાં બૌદ્ધ ધર્મે ભારતમાંથી વિદાય લીધી.

બૌદ્ધિક મઠોમાં ફેલાયેલું શિથિલ નૈતિક વાતાવરણ બૌદ્ધ ધર્મની પડતીનાં અનેક કારણોમાંનું એક બન્યું. આ નૈતિક શિથિલતાનું કારણ બ્રાહ્મણોએ સ્ત્રી સાધ્વીઓને ગણી અને જનતાને એમ સમજાવ્યું કે સ્ત્રી સંન્યાસ ગ્રહણ કરે એટલે એ ધર્મની પડતી અનિવાર્ય હતી અને તેથી હિન્દુ ધર્મમાં સ્ત્રીને સાધ્વી થવા પર પ્રતિબંધ મુકાયો. સ્ત્રીને કહેવામાં આવ્યું કે સ્ત્રીનું સ્થાન ઘરમાં હતું—મઠમાં નહિ. સ્ત્રી એ જ પુરુષના નૈતિક અધઃપતનના કારણરૂપ હતી એમ બ્રાહ્મણોએ ભારપૂર્વક સમજાવ્યું.

સ્મૃતિકાળમાં અનેક બાહ્ય તેમ જ આંતરિક સંયોગોને લઇને અમુક સામાજિક પ્રથાઓ અનેક સામાજિક બળોનાં સંઘર્ષણોમાંથી ઊભી થઇ. આ પ્રથાઓ કઈ કઈ છે તે આપણે જોઇશું:

(૧) બાળલગ્નો;

(૨) પુત્રજન્મને અપાતા મોટેરું વધુ પડતું મહત્ત્વ;

(૩) જ્ઞાતિપ્રથાનાં કડક બનતાં જતાં બંધનો; અને

(૪) નિયોગની પ્રથાને અપાતું ઉત્તેજન.

૧ બાળલગ્નો

બૌદ્ધિક કાળ સુધી પ્રાચીન ભારતની કન્યાઓ સોળ કે સત્તર વર્ષની યુવાન વયે લગ્ન કરતી. પરન્તુ બૌદ્ધ ધર્મના પ્રત્યાઘાત રૂપે લખાયેલી સ્મૃતિઓમાં બ્રાહ્મણોએ કન્યાની લગ્નવય બાર વર્ષ પહેલાં ઠરાવી. સંભવિત છે કે કોઈ અપરિણીત યુવતીઓએ અનીતિ આચરી હોય

તેને લઇને સમાજનું નૈતિક ધોરણ શિથિલ બન્યું હોય. આથી સ્મૃતિઓએ સમાજને સમજાવ્યું કે કન્યાને અપરિણીત રહેવું કે પુખ્ત વયે લગ્ન કરવું એવી પસંદગી ન આપતાં બાળવયે પરણાવી દેવી. આથી કન્યાને પિતાને ઘેર યુવાન વય સુધી અપરિણીત રહીને અનીતિ આચરવાની અથવા સાધ્વી થઇને મઠમાં દાખલ થવાની છૂટ રહી જ નહિ એટલે એને માટે અનીતિનો એક પણ માર્ગ ખુલ્લો રહ્યો નહિ. આ સબળ કારણ કદાચ બાળલગ્ન પાછળનો હેતુ હોય.

ઘણા વિદ્વાનોના મંતવ્ય પ્રમાણે આર્યોએ બાળલગ્નની પ્રથા અનાર્યો પાસેથી અપનાવી. કોઈ વિદ્વાનોની એવી માન્યતા છે કે પોતાની પુત્રીઓને અનાર્ય યુવાનો સાથે લગ્ન કરતી અટકાવવા આર્યોએ બાળલગ્નની પ્રથા શરૂ કરી. ત્રીજો વિદ્વાન મત એવો છે કે જે કન્યાનું કૌમાર્ય અખંડ હોય તેવી જ કન્યા પોતાના પુત્રને મળે એ હેતુએ આર્ય પિતાઓએ બાળલગ્નની પ્રથા શરૂ કરી તે ઉપરાન્ત ભારતની વાયવ્ય દિશામાંથી શક, હૂણ, મોંગોલ વગેરે બળવાન જાતિઓનાં ટોળેટોળાં જ્યારે ભારતમાં લૂંટફાટ કરવા વારંવાર ધસી આવવા લાગ્યાં ત્યારે પોતાની પુત્રીઓને આ બળવાન ને ઝનૂની જાતિઓના હાથમાં જતી અટકાવવા આર્યોએ બાળલગ્નની પ્રથા શરૂ કરી હશે એમ માનવાને ઘણાં કારણો છે. પુત્રીના કોઈ પણ અનાર્ય જાતિને હાથે થતા અપહરણને અટકાવવાનો હેતુ આ બાળલગ્નોમાં સમાયો છે; કેમકે ગૌરાંગી, સુકોમળ, આર્ય કન્યાને દરેક અનાર્ય યુવાન પત્ની તરીકે વાંછતો.

આશરે ઇ. સ. પૂર્વે છઠ્ઠી સદીથી બાળલગ્નોની પ્રથા થોડી થોડી પ્રચલિત થઈ જ હતી. છઠ્ઠી સદીમાં ગૌતમે રચેલા ગૌતમ ધર્મસૂત્રમાં કહેલું છે કે "કન્યાને તે ઋતુમતી થાય તે પહેલાં પરણાવી દેવી." ઇસુ ખ્રિસ્ત પછીની ચોથી સદીથી બાળલગ્નો સારાયે ભારતમાં પ્રચલિત થઈ ગયાં.

વૈદિક કાળમાં પુત્ર અને પુત્રી બન્નેને સમાન ગણી ઉપનયન સંસ્કાર દેવામાં આવતો. સૂત્રસમયમાં બધા સંસ્કારો પુત્ર અને પુત્રી બન્નેને દેવામાં આવતા પરન્તુ લગ્ન સિવાયના બધા સંસ્કારો પુત્રને વૈદિક મન્ત્રોચ્ચાર સાથે દેવામાં આવતા—પુત્રીને મન્ત્રોચ્ચાર વિના. સ્મૃતિકાળમાં સ્ત્રીની સૂત્રકાળ કરતાં પણ વધુ સામાજિક અધોગતિ થઈ. આખા સમાજમાં તે સમયે સંસારત્યાગની ભાવનાનું એક મોજું ફરી વળ્યું હતું. આ ભાવનાને ઉત્તેજન મળે એ હેતુથી સ્ત્રીને અધોગતિને માર્ગે દોરી જનારી આલેખવામાં આવી. આને પરિણામે ઈ. સ. ત્રીજી સદીમાં કન્યાને ઉપનયન સંસ્કાર દેવાનો બંધ કરવામાં આવ્યો. પુરોહિતો કહેવા લાગ્યા, "પુત્રી માટે લગ્ન–સંસ્કાર તેમ જ પુત્રનો ઉપનયન સંસ્કાર બરોબર છે." આને લઇને કન્યાની લગ્નવય ઓછી થતી ગઈ કેમકે જ્યારે સાત કે નવ વર્ષના પુત્રને ઉપનયન સંસ્કાર દેવામાં આવતો ત્યારે તેની તે જ વયની કે એકબે વર્ષે નાની કે એકબે વર્ષે મોટી બહેનને લગ્નસંસ્કાર દેવામાં આવતો.

વસિષ્ઠ અને બૌધાયન કહે છે, "કન્યાને 'નગ્નિકા' હોય ત્યારે પરણાવવી જોઇએ." સ્મૃતિકાળમાં 'નગ્નિકા'નો અર્થ 'વસ્ત્ર પહેરવાને બહુ નાની કન્યા' થયો. પોતાની પુત્રીને દસ વર્ષની થાય તે પહેલાં પરણાવી દેનાર પિતાને સ્વર્ગમાં બહુ માન મળે એમ મનાતું. બૌધાયન કહે છે, "સદ્‌ગુણી પુરુષને કન્યા આપવી. તે ન મળતાં ગમે તેવા દુર્ગુણી પુરુષને પણ આપવી; પરન્તુ ઋતુમતી થતાં પહેલાં પુત્રીને કોઇ પણ સંજોગોમાં પરણાવી દેવી."

મનુ સિવાયના બધા સ્મૃતિકારોની દૃઢ માન્યતા હતી કે જો પિતા પુત્રીને ઋતુમતી થાય તે પછી અપરિણીત રાખે તો પિતાને ઘેર જેટલી વખત તેને રજોદર્શન થાય એટલા

ગર્ભની હત્યાનું પાપ પિતાને લાગે. માત્ર મનુ કહે છે, "દુર્ગુણી પુરુષને કન્યા પરણાવવા કરતાં સદ્‌ગુણી વર મળે ત્યાં સુધી પિતાએ પુત્રીને પોતાની પાસે જ રાખવી."

ગર્ભહત્યાના આ પાપના ભયથી પિતાઓ પુત્રીઓને રજસ્વલા થાય તે પહેલાં જ પરણાવી દેતા. લગ્નની વય ઓછી થતાં વૈધવ્યનો સંભવ વધ્યો પરન્તુ વૈધવ્ય તો વિધિએ નિર્માણ કરેલું એક દુર્ભાગ્ય લેખાતું અને તે સ્થિતિમાંથી કન્યાને કાઢવાના પ્રયત્નો થતા જ નહિ.

ઈ. સ. ચોથી સદીથી બાળલગ્નો આર્યાવર્તમાં સામાન્ય બની ગયાં સ્મૃતિકાળનાં બાળલગ્નોની વિશિષ્ટતા એ હતી કે એમા ફક્ત કન્યા જ બાળવયની હતી. મનુ કહે છે, "ત્રીસ વર્ષના પુરુષે બાર વર્ષની અને ચોવીસ વર્ષના પુરુષે આઠ વર્ષની કન્યા સાથે લગ્ન કરવાં." પુરુષને વેદનું શિક્ષણ અપાતું આથી પુરુષ વેદનું શિક્ષણ પૂરું કરીને લગ્ન કરતો. આનું એક અનિષ્ટ પરિણામ એ આવ્યું કે મોટી વયે લગ્ન કરતો પુરુષ બ્રહ્મચર્ય ન પાળી શકતો અને પરિણામે અનૌરસ સંતતિનો પ્રશ્ન સમાજ સામે આવીને ઊભો. વર અને કન્યા વચ્ચેના આ વયના અંતરને લઈને અનેક અનિષ્ટ પરિણામો સમાજને ભોગવવાં પડ્યા. આથી સમાજે પુત્રને પણ નાની વયે પરણાવી દેવાનું શરૂ કર્યું. આ રીતે પુરુષ અનીતિને માર્ગે જતો અટક્યો પરન્તુ બાળવિધવાની સંખ્યા વધી. બાળકોના અનેક રોગો જેવા કે શીતળા, જ્વર વગેરેનો બાળકો ભોગ થઈ પડતા. કન્યા મૃત્યુ પામતી તો બાળક પતિને તરત ફરી પરણાવવામાં આવતો. પરન્તુ પતિ મૃત્યુ પામતો તો બાળવિધવાને જીવનભર વૈધવ્ય પાળવું પડતું. આમ લગ્નની વય ઓછી થતાં વૈધવ્યનો સંભવ વધ્યો; જેમ લગ્નની વય ઓછી તેમ ઉચ્ચ શિક્ષણની તક ઓછી અને લઈને બાળવયે વૈધવ્ય પામેલી કન્યા જીવનભર પરાવલંબી થઈને સગાંને આશરે લાચાર જીવન વીતાવતી.

ક્ષત્રિયોમાં બીજી વર્ણો કરતાં કાંઈક મોટી વયે કન્યાનું લગ્ન કરવામાં આવતું. અનેક યુદ્ધ પછી મૃત્યુ પામેલા સૈનિકો પાછળ અનેક વિધવાઓ આંસુ સારતી એને લઈને છેક બાળવયે કન્યાનાં લગ્ન ન કરતાં ક્ષત્રિય પિતાઓ સહેજ મોટી વયે લગ્ન કરતા. લગ્ન પહેલાં કન્યા કાંઈક લશ્કરી તાલીમ પણ લેતી.

આઠમી કે નવમી સદી સુધીમાં કન્યાની લગ્નવય સાત કે આઠ વર્ષ જેટલી થઈ ગઈ. જો કોઈ પચાસ વર્ષના વૃદ્ધને લગ્ન કરવાની ઇચ્છા થતી તો આઠ વર્ષથી મોટી કન્યા તેને મળતી નહિ. આ વયની અસમાનતાને લઈને વિધવાઓની સંખ્યા પાછી વધતી ગઈ.

અગિયારમી સદીથી કુંવારી વિધવાને પણ લગ્ન કરવા પર સમાજે પ્રતિબંધ મૂક્યો. બાળલગ્નો અને ફરજિયાત વૈધવ્યનાં ત્રણ અનિષ્ટ પરિણામો આવ્યાં: (૧) અનૌરસ સંતતિનો જન્મ; (૨) ગર્ભહત્યા; અને (૩) બાળહત્યા

બ્રહ્મપુરાણ કન્યાની લગ્નવય ચાર વર્ષની કહે છે.

આખા મધ્ય યુગમાં, મુસ્લિમ યુગ દરમિયાન અને પોણા બ્રિટિશ યુગ દરમિયાન ભારતમાં બાળલગ્નો પ્રચલિત અને સામાન્ય હતાં.

સાતમી સદીમાં માનુચી નામનો એક વિખ્યાત મુસાફર યુરોપથી હિન્દ આવ્યો હતો. તે પોતાની નોંધપોથીમાં લખે છે: "ભારતમાં ક્વચિત કન્યાને બોલતાં શીખે તે પહેલાં પરણાવી દેવામાં આવે છે, અને દસ વર્ષની ઉપરની કન્યા અહીં અપરિણીત જોવામાં આવતી નથી."

સોમદેવ ભટ્ટ રચિત 'કથાસરિત્સાગર' અગિયારમી સદીના ભારતનું ચિત્ર આપણી સમક્ષ રજૂ કરે છે. તેમાં જણાય છે કે બાળલગ્નો સારાયે ભારતમાં પ્રચલિત હતાં. ચતુર્થી

કાલંબકમાં રાજકન્યા પિતાને કહે છે, "પિતાજી, મારે લગ્ન નથી કરવું." રાજા ઉત્તર આપે છે, "જો કન્યા પિતાને ઘેર ઋતુમતી થાય તો કન્યાના ગંધર્વો (પિતૃઓ) નર્કમાં પડે અને કન્યા ઉચ્ચ વર્ણની મટીને શુદ્ર સ્ત્રી—વૃશાલિ—નામે ઓળખાય, અને તેનો પતિ—વૃશાલિપતિ—ના તિરસ્કૃત નામથી ઓળખાય."

વિશ્વવિખ્યાત મુસલમાન મુસાફર અલબેરૂની હિન્દમાં અગિયારમા સૈકામાં આવ્યો. તેણે સાત અને આઠ વર્ષની વધૂઓ જોઈ. તે લખે છે, "હિન્દુઓ પોતાનાં સંતાનોને ઘણી નાની વયે પરણાવી દે છે, અને કોઈ પણ કન્યા બાળવયે પણ જો વૈધવ્ય પામે તો તેને ફરી પરણાવવામાં આવતી નથી."

સોળમી સદીમાં સમ્રાટ અકબરે એવો કાયદો પસાર કર્યો કે સોળ વર્ષની વયથી નાની કોઈ પણ કન્યા લગ્ન કરી શકે નહિ.

ઈ. સ. ૧૮૫૬માં વિખ્યાત સમાજ સુધારક ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે અંગ્રેજ સરકારને સમજાવીને ૧૮૫૬ નો વિધવાવિવાહનો કાયદો પસાર કરાવ્યો. આ પહેલાં મધ્ય યુગમાં કોઈ પણ ઉચ્ચ વર્ણની હિન્દુ વિધવા કાયદેસર પુનર્લગ્ન કરી શકતી નહોતી. લગભગ ત્રણસો ચારસો વર્ષથી આ સ્થિતિ પ્રવર્તતી હોવાથી બાળવિધવાઓમાં ગર્ભપાત અને બાળહત્યાનું પ્રમાણ ઘણું વધી ગયું હતું. આને લઈને સમાજનું નૈતિક ધોરણ નીચું ઊતરી ગયું હતું. ફરજિયાત વૈધવ્યથી બાળવિધવાને અનેક દુઃખો વેઠવાં પડતાં હતાં જે ત્રાસ જોઈને અંગ્રેજ સરકારે આ કાયદો પસાર કર્યો.

ગુજરાતમાં કડવા કણબીઓમાં ૧૯૨૯ સુધી એક વિચિત્ર રિવાજ હતો. કડવા કણબીઓમાં દર બાર વર્ષે એક જ વાર લગ્નની મોસમ આવતી. દર બાર વર્ષે 'દેવવાણી' થતી અને તે જ સમયે લગ્નો કરી શકાતાં. ત્રણ દિવસમાં બધાં જ લગ્નો પતાવી દેવાની કુળદેવી ઉમિયા માતાની 'આજ્ઞા' થતી. કવચિત એ ગર્ભવતી માતાઓ લગ્નની વેદીની આસપાસ ફેરા ફરતી અને એમ કહેતી કે જો એકને પુત્ર અને બીજીને પુત્રી જન્મે તો લગ્ન થયેલું ગણાશે; પરન્તુ જો બન્નેને એક જાતિનાં બાળકો જન્મે તો લગ્ન ફોક ગણાશે કોઈ નાની કન્યાને જો પતિ ન મળતો તો તેને ફૂલના દડાની સાથે પરણાવવામાં આવતી. આ દડો તે પછી કૂવામાં ફેંકી દેવામાં આવતો અને તે કન્યા તે પછી વિધવા ગણાતી. કડવા કણબીઓમાં વિધવા પુનર્લગ્ન થતાં અને તે માટે અમુક મોસમની જરૂર ન રહેતી, આથી તે કન્યાને પછી કોઈ યોગ્ય પતિ મળતાં તેની સાથે પરણાવવામાં આવતી. કડવા કણબીઓની આ વિચિત્ર પ્રથાને ૧૯૨૯ માં કાયદાથી બંધ કરવામાં આવી.

આ સદીઓમાં ઉપર દર્શાવેલાં અનેક કારણોને લઈને હિન્દુ સમાજમાં વિધવાઓનું પ્રમાણ ઘણું વધી ગયું. કન્યાનું વૈધવ્ય વિધિએ નિર્માણ કરેલું ગણાતું અને એમ પણ મનાતું કે એ બાલિકાનાં પૂર્વજન્મનાં પાપને લઈને તે વૈધવ્યનાં દુઃખો ભોગવતી. પરન્તુ આવું કોઈ પણ જાતનું વલણ વિધુર પ્રત્યે ન લેવાતું.

અંગ્રેજ લેખક જી. ડબલ્યુ. જોનસન કહે છે તેમ, "સૈકાઓથી મૂકભાવે દુઃખો સહન કરતી આવતી અને ફરજિયાત વૈધવ્ય પાળતી, કવચિત નિરાધાર, કવચિત નિરાશ્રિત, લાખો હિન્દુ બાળવિધવાઓનાં દુઃખોનું કોણ માપ કાઢશે?"

વિખ્યાત લેખક ઈ. વેસ્ટરમાર્ક કહે છે, "કોઈ પણ દેશની સંસ્કૃતિનું માપ તે દેશની કન્યાની લગ્નવય પરથી જણાઈ આવે છે. જેમ દેશ પછાત તેમ લગ્નની વય નાની."

[ચાલુ] [આવતા અંકમાં આ લેખ પૂરો થશે.]

卐

પાશ્ચાત્ય નાટ્યસાહિત્યનો વિકાસ

પ્રોફે. તનસુખ ભટ્ટ M. A., Ph. D.

લેખાંક : બારમો
ઓગણીસમી સદી

ઓગણીસમી સદીનો પૂર્વાર્ધ નાટ્યલેખનમાં જેવો કંગાળ નીવડ્યો છે તેવો બીજો કોઈ ગાળો નહિ નીવડ્યો હોય. કવિતા અને નવલકથામાં એ સમય ઉત્કૃષ્ટ કૃતિઓ સરજાવતો હતો. પણ સાહિત્યરસિકો જ્યારે નાટકશાળામાં આવતા ત્યારે તેમને વાતાવરણ જરાય આનંદપ્રદ લાગતું નહિ. પ્રેક્ષકવર્ગ પ્રહસન અને નાટકિયાવેડાથી તુષ્ટ હતો. કોઈ નાટ્યગૃહને તેમની અભિરુચિને સંસ્કારવાનું સાહસ સૂઝતું ન હતું. પરવાનો ધરાવતાં નાટ્યગૃહોના ખર્ચા હવે બહુ વિશાળ થઈ ગયા હતા. આથી સ્વાભાવિક અભિનય અશક્ય બની ગયો હતો. ભભકા અને ધૂમધરાડાથી નાટ્યગૃહો ગાજી ઊઠતાં. વિશાળ અને તોફાની પ્રેક્ષક–સમુદાયને શાંત રાખવાનો આ જ એક માર્ગ હતો. નટવર્ગ સામાન્ય રીતે સમાજથી જુદો પડી ગયો હતો. તેમને યોગ્ય શિક્ષણ કે સુરુચિનું જ્ઞાન આપવાનો કોઈ પ્રબંધ ન હતો.

ઓગણીસમી સદીની કવિતાશૈલી કૌતુકલક્ષી, મસ્ત, રંગદર્શી (Romantic) કહેવાય છે. આવા કવિઓ નિજાનંદી અને આત્મલક્ષી હોય છે. સંસારનું કાં તો તેમને ભાન નથી હોતું અથવા તો ઇરાદાપૂર્વક તેઓ સંસાર તરફ ઉપેક્ષા રાખે છે. નાટક તો પરલક્ષી કવિનામાં આવે. પોતાની જાતને ભૂલીને સમાજમાં રસ લેનાર, તેનું અધ્યયન કરનાર, તેનું પૃથક્કરણ કરનાર કવિ સારો નાટ્યકાર બની શકે; નિજાનંદી, સંસારથી જુદો પડી જનાર નહિ. આ કારણે ઓગણીસમી સદીના લગભગ બધા જ કવિઓ નાટ્યકાર તરીકે નિષ્ફળ નીવડ્યા. શેલીનું 'સેન્ચી' (The Cenci–૧૮૨૦) નાટક કંઈક નોંધપાત્ર છે. કોલરિજ અને વર્ડ્ઝવર્થ બંને અંતર્મુખ અને અહંકેન્દ્રી હોવાથી તેમની પાસેથી કોઈ આશા રાખવી નકામી છે. બાયરનમાં અહંકેન્દ્રિતા હોવા છતાં રંગમંચની રીતભાતનું જ્ઞાન તેના નાટક 'મેનફ્રેડ' (Manfred)માં દેખાય છે. કીટ્સને નાટ્યગૃહમાં ખૂબ રસ પડતો હતો અને તેનું જીવન જો દીર્ઘ બન્યું હોત તો તે સમર્થ નાટ્યકાર બની શકત. આ બધા કૌતુકલક્ષી સંપ્રદાયના કવિઓ (Romantic poets) વ્યક્તિવાદી હતા અને સમાજથી જાણે અળગા અતડા રહેતા હતા. તેમનો આ સ્વભાવ જેમ નાટ્યલેખનના દુકાળ માટે જવાબદાર છે તેમ રંગભૂમિની પરિસ્થિતિ પણ તેટલે જ અંશે જવાબદાર ગણાય. કૌતુકલક્ષી સંપ્રદાયની નવીનતાથી લોકરુચિ આકર્ષાઈ નહિ. તેમને તો ગૉથિક દંતકથાઓ, ભયાનક વિષયો, અને જર્મનપરંપરાની ઢમકમાં ઉપજાવે તેવાં તત્ત્વોથી ભરેલી રચનાઓ જોઈતી હતી.

નોર્વેમાં ઇબ્સેન નામના નાટ્યકારે ઇ. સ. ૧૮૫૦માં 'કેટલાઇન' (Cateline) અને ૧૮૭૭માં 'પિલર્સ ઓફ સોસાયટી' (Pillars of Society) નામનાં નાટકો લખ્યાં હતાં. ઇંગ્લેંડમાં પણ આવા જ વિષયોનાં નાટકો લખવાનું તે જ કાળમાં આરંભાયું

હતું. કેટલાક વિવેચકો કહે છે કે ઇંગ્લૅંડમાં ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં નાટ્યલેખનમાં પુનરુજ્જીવનકાળ (Renaissance) આવ્યો હતો. પરંતુ નોર્વેની નાટ્યલેખનની પ્રવૃત્તિ જોતાં આ હિલચાલ રાષ્ટ્રીય નહિ પણ આંતરરાષ્ટ્રીય ગણાય. ઇંગ્લૅંડમાં નાટ્યલેખનની સ્થિતિ સુધરવાનાં ઘણાં કારણો હતાં. ઈ. સ. ૧૮૪૩ના એક કાયદાથી નાટકો ભજવવા માટે નાટકશાળાઓને પરવાનો લેવો પડતો તે પ્રથા રદ થઇ. આનું તાત્કાલિક કંઈજ પરિણામ ન આવ્યું. પણ આ સદીના સાતમા અને આઠમા દાયકામાં કેટલીક નવી નાટકશાળાઓ બંધાઇ. પ્રેક્ષકવર્ગની જાતમાં સુધારો થયો. રાણીએ નાટ્યપ્રવૃત્તિમાં રસ લેવાની શરુઆત કરી. આથી નાટકને સામાજિક ગૌરવ મળ્યું. સાતમા દાયકા પછીથી નાટ્યલેખકને ઊચક રકમ મળતી બંધ થઇને નફામાં ભાગ મળતાં તેની આર્થિક દશા સુધરી. ટી. ડબ્લ્યૂ. રોબર્ટસન (T. W. Robertson–૧૮૨૯ થી ૧૮૭૧) નામના નાટ્યલેખકે ચાલુ ધમાલિયાં, શૃંગારી નાટકિયાં પ્રહસનોમાં સુધારણા કરવાનું આરંભ્યું. તેનાં દૃશ્યોમાં સમકાલીન વાસ્તવિક્તા હતી અને રંગમંચ પર તેની રજુઆત કરવામાં પણ તેણે આધુનિક પદ્ધતિઓ અપનાવી. તેણે હાસ્યાન્તિકા અને લાગણીપ્રધાન નાટકોમાં સામાજિક કથાવસ્તુ દાખલ કરી. તેનું 'કાસ્ટ' (Caste) નાટક વિષય અને રજુઆતમાં નવીન ગણાય છે. ઇબ્સનનું 'પિયર ગિન્ટ' (Peer Gynt) આ જ વર્ષમા લખાયું છે અને તેની શ્રેષ્ઠ કૃતિઓમાંનું એક છે.

આ પછી આવે છે હેનરી આર્થર જોન્સ (Henry Arthur Jones). તેને તાત્કાલિક પ્રતિષ્ઠા ઠીક મળી હતી પણ એકંદરે જોતાં તે સાધારણ નાટ્યકારજ ગણાય.

સર આર્થર વિંગ પિનરો (Sir Arthur Wing Pinero) અનેક દસકાઓ સુધી રંગભૂમિ માટે લખતો રહેલો.

વિલિયમ શ્વેન્ક ગિલ્બર્ટ (William Schwenk Gilbert) પ્રથમ પ્રહસનકાર તરીકે આગળ આવ્યો. તેણે કાવ્યમય કટાક્ષપૂર્ણ હાસ્યાન્તિકા 'પેલેસ ઑફ ટ્રુથ' (Palace of Truth—૧૮૭૦) લખીને સ્વતંત્ર પ્રકારની સુખાન્તિકાનો ચીલો પાડ્યો. તેનુ કથાવસ્તુ મજાનું છે. સત્યના રાજમહેલમાં દરેક પાત્રે પોતાના મનમાં આવ્યું હોય તે જ સાચેસાચ બોલી નાખવું જોઇએ. આ નાટકની અસર અતિશય પ્રબળ નીવડી. ૧૮૭૫માં તેણે 'ટ્રાયલ બાય જ્યુરી' (Trial by Jury) લખ્યું. આ પછી તેણે આર્થર સલિવાન (Arthur Sullivan)ની સાથે ભાગીદારીમાં 'સેવોય' નામની સુખાન્તિકા સંગીતમાં (Sevoy Comic Opera) લખી. ગેના બેગર્સ ઑપેરા (Gay's Beggar's Opera) પછીથી અંગ્રેજી પ્રેક્ષકવર્ગને આટલી આનંદપ્રદ કોઈ નાટ્યરચના મળી ન હતી. તેની એટલી ભજવણી થઈ છે કે હવે તે નીરસ બની ગયાં છે. પરંતુ તેની લોકપ્રિયતા જ દર્શાવે છે કે આ નાટ્યરચના અપ્રતિમ હતી.

ઓગણીસમી સદીના અંત પહેલાં એક સુખાન્તિકાલેખક રંગભૂમિને દીપ્તિમંત કરી ગયો. ઓસ્કર વાઇલ્ડ (Oscar Wilde) વિષે અંગ્રેજી વિવેચનામાં હજી વાદવિવાદ ચાલુ છે. છતાં જ્યારે જ્યારે તેની સુખાન્તિકાઓની ભજવણી થઈ છે ત્યારે ત્યારે તેણે પ્રેક્ષકવર્ગનું મનોરંજન કર્યું છે. તેની કીર્તિ સુખાન્તિકાના એક નાનકડા જૂથ ઉપર ટકેલી છે. તેની સુખાન્તિકામાં તેનું વ્યક્તિત્વ પ્રતિબિમ્બિત થાય છે. તેનું કથાવસ્તુ ક્ષતિવાળું હોઇ શકે છે. પરંતુ પહેલેથી જ તે રોચક કરામતોની એવી ઘટ્ટ ગૂંથણી કરે છે કે તે સંપૂર્ણ સફળ

સુખાન્તિકા નીવડે છે. 'ધ ઇમ્પોર્ટન્સ ઓફ બીઇંગ અર્નેસ્ટ' (The Importance of Being Earnest)માં તે અંતઃપ્રેરણાથી જ કૉન્ગ્રીવની શૈલી તરફ વળે છે. પરંતુ કૉન્ગ્રીવનો પ્રેક્ષકવર્ગ હવે રહ્યો ન હતો. હવેનો મધ્યમવર્ગ નીતિશૈથિલ્ય ચલાવી લેવા તૈયાર ન હતો. પરિણામે વાઇલ્ડને પોતાનાં નાટકોમાં સભ્યતા જાળવવી પડી અને તેમ છતાં આમોદપ્રમોદ તો સરજાવવો જ હતો. તેણે સંવાદમાં તેજસ્વિતા લાવીને એ કાર્ય સિદ્ધ કર્યું. વળી તેણે જૂની કૉન્ગ્રીવટાળાની સુખાન્તિકાને નિર્દોષ, નિરામય બનાવી તેમાં વિનોદ, તોફાન, ધિંગામસ્તી વગેરે દાખલ કર્યાં. આથી કૉન્ગ્રીવની અશ્લીલતા જતાં સુખાન્તિકાનો એક નવીન પ્રકાર જ જાણે હસ્તીમાં આવ્યો. પોતાના યુગમાં નાટ્યલેખનમાં ગંભીર અને નૈતિક હેતુઓથી નાટ્ય લેખકો પ્રવૃત્ત થતા હતા તેવો વાઇલ્ડ ન હતો. તેનું વલણ કંઈક "કલાને ખાતર કલા"નું જણાય છે. જ્યારે રંગભૂમિને તેનાં નાટકોની આવશ્યકતા હતી ત્યારે જ તેણે તેની વિદાય લીધી. કેટલાક તેના જીવન અને સાહિત્યનો સંબંધ જોડે છે. તેમ કરવાથી કોઈ સારતત્ત્વની પ્રાપ્તિ થવી અશક્ય છે. શેક્સપિયર પછીથી થયેલા સુખાન્તિકા લેખકોમાં કૉન્ગ્રીવ, ગોલ્ડસ્મિથ, શેરિડન અને વાઇલ્ડ અગ્રગણ્ય છે એટલું જ તેને વિષે કહેવું બસ થશે.

લેખાંક : તેરમો

જ્યૉર્જ બર્નાર્ડ શૉ

ઓગણીસમી સદીનાં છેલ્લાં વરસોનો અને વીસમી સદીનો સર્વોત્તમ નાટ્યકાર છે જ્યોર્જ બર્નાર્ડ શૉ (George Bernard Shaw – ૧૮૫૬=૧૯૫૦). અંગ્રેજી રંગભૂમિ ઉપર તેની કારકિર્દી સૌથી લાંબી છે. તેનું પ્રથમ નાટક 'વિડોઅર્સ હાઉસ' (Widower's House) ૧૮૮૫માં ભજવાયું હતું અને તેનું છેલ્લું નાટક 'ઇન ગુડ કિંગ ચાર્લ્સીસ ગોલ્ડન ડેઝ' (In Good King Charles's Golden Days) અરધી સદી પછી ઈ. સ. ૧૯૩૯ માં ભજવાયું હતું. સતત નાટ્યલેખન ઉપરાંત તેણે નાટ્યવિવેચક તરીકે પણ સેવા બજાવી છે. ઈ. સ. ૧૮૯૫થી ૧૮૯૮ સુધી તેણે 'સેટરડે રિવ્યૂ' સાપ્તાહિકમાં લેખો લખ્યા હતા અને ઈ. સ. ૧૯૩૧ માં તે 'અવર થીયેટર્સ ઇન ધ નાઇનટીઝ' (Our Theatres in the Ninetees')ના નામે ગ્રંથસ્થ થયા હતા. સમકાલીન નાટ્યના વિવેચક તરીકે તેણે ખૂબ શ્રમ લઈને તે લેખોને તેજસ્વી બનાવ્યા છે.

તેની પ્રારંભની કૃતિઓમાં સમકાલીન સામાજિક દૂષણોનાં નિદાન અને ચિકિત્સા છે.
'વિડોઅર્સ હાઉસ'માં તેણે અંધારિયાં ભૂંડાં મકાનોના માલિકોનો પ્રશ્ન (Slum Land-
lordism) ચર્ચ્યો છે. 'મિસિસ વોરેન્સ પ્રોફેશન' (Mrs. Warren's Profession)
(૧૮૯૪)માં તેણે વેશ્યાપ્રથાનો વિચાર લીધો છે 'આર્મ્સ એન્ડ ધ મેન (Arms and the
Man) (૧૮૯૪)માં તેણે સૈનિક જીવનની કૌતુકપૂર્ણ લોકકલ્પના છેડી છે. પ્રથમ નાટકમાં
થયેલા કપરા અનુભવ પછી તેને આત્મવિશ્વાસ પ્રગટ્યો કે પોતે મહાન નાટ્યકાર થવાને
સરજાયો છે. સમકાલીન વાતાવરણ અને દૃશ્યોમાં ચર્ચા તથા કાર્ય બનેને રંગભૂમિ ઉપર

કેમ લાવી શકાય તે કળા શૉ ઇબ્સેન પાસેથી શીખ્યો. ઓસ્કર વાઇલ્ડની જેમ તેણે સંવાદોમાં ચમક સિદ્ધ કરી. પરંતુ વાઇલ્ડ શબ્દચમત્કૃતિનો કેવળ મનોરંજન માટે ઉપયોગ કરતો ત્યારે શૉ સામાજિક, નૈતિક, રાજકીય અને ધાર્મિક સમસ્યાઓ ઉકેલવામાં તેની સહાયતા લેતો. વાણીના વિવિધ લયના સંગીતનું શૉને સુંદર જ્ઞાન હતું પાત્રાલેખનમાં પ્રારંભમાં તેણે ચાલુ પદ્ધતિનો જ સ્વીકાર કર્યો પરંતુ પાછળથી તેણે એને તદ્દન ઉલટાવી નાખી અને સમકાલીન પ્રજાની વિચાર કરવાની સુસ્તી ઉડાડી નાખવા માટે ચાબખા તરીકે તેણે પાત્રોનો ઉપયોગ કરવા માંડ્યો. અગાઉની રંગીલી ગણિકાનું પાત્ર બદલીને તેણે ઠંડા મગજની ગણતરીબાજ સ્ત્રીને ત્યાં ગોઠવી. સૈનિક વિષેની લોકોની સન્માનવૃત્તિને બદલે તેણે ભૂખતરસ, ભય, રાખધૂળ અને નિરાશા અનુભવતો સૈનિક રજૂ કર્યો. આથી માનવચિત્તની ગહનતા અને વિવિધતાનું નિરૂપણ કરવાનું અટક્યું પણ તેના પાત્રાલેખનમાં રહેલો કટાક્ષ પ્રજા સમજી શકી. પાત્રનું વધારે સંપૂર્ણ અને સમભાવભર્યું ચિત્રણ 'કેન્ડિડા' (Candida–૧૮૯૦)માં મળે છે. તેણે ઇબ્સેનના સંપૂર્ણ પ્રભાવ નીચે આવીને તે લખ્યું છે. આ નાટકની ઇ. સ. ૧૯૦૩માં ન્યૂયોર્કમાં ભજવણી થવાથી શૉને રંગભૂમિ પર પ્રતિષ્ઠા મળી.

આ પછીના તેના વિકાસમાં એ સમકાલીન દૃશ્યોમાંથી ઐતિહાસિક પાત્રોમાં સરકી ગયો. તેમ છતાં પાત્રાલેખનની પોતાની નવીન અને ઊલટી પદ્ધતિ એમાંયે ચાલુ રાખી. 'સીઝર' (Caesor) અને 'કિલયોપાત્રા' (Cleopatra–૧૮૯૮)માં તેણે ઐતિહાસિક પાત્રોનો આવો ચિતાર મૂક્યો. તેનું મન આ વખતે શેક્સપિયરે કરેલા સીઝરના પાત્રાલેખનની અસર નીચે આવ્યું હતું. સીઝરના પાત્રાલેખનમાં તેનુ વલણ ફિલસૂફીના પ્રશ્નો તરફ જતું દેખાય છે. તેને માનવસ્વભાવનું એક વિશિષ્ટ દર્શન થયું હતું. પોતાના કિસ્મત સામે લડી લેવામાં મનુષ્યે કપાળે હાથ દઇને ન બેસતાં પુરુષાર્થ કરવો જોઇએ એવું તેને નાટ્યલેખનમાં અભ્યાસથી દર્શન થયું હતું. જો માનવી સાવધાન અને ચપળ રહે તો ચૈતન્યશક્તિ તેને અફળ અને અસ્થિર પ્રકારના ભાગ્યલેખ સામેના યુદ્ધમાં અંતિમ વિજય અપાવે છે એ સત્યનો ઊગમ તેના હૃદયમાં થયો હતો. અતિશય ખેડાયેલી એવી સુખાન્તિકાના વાતાવરણમાં આ જીવનદર્શન વણી લઇને તેણે '<u>મેન એન્ડ સુપરમેન</u>' (Man and Superman—૧૯૦૧–૧૯૦૩) લખ્યું. એ તેનાં નાટકોમાં અતિશય જાજ્વલ્યમાન ગણાય છે તથા પ્રથમ વિશ્વયુદ્ધ પછીના તેના વિચારપરિવર્તનથી અસ્પૃષ્ટ છે. ઇંગ્લેંડ અને અમેરિકામા આ નાટક પૂર્ણ સફળ નીવડ્યું અને તેને પ્રગટ કરતી વખતે તેમાં વળી ઉમેરો કરીને શૉએ જગતને દર્શાવ્યું કે તેની સર્જનશક્તિ અણખૂટ છે.

૧૯૧૪ પહેલાંનાં તેનાં નાટકો તેની અનેક ક્ષેત્રસંચારિણી પ્રતિભાની આગાહી આપે છે. છેક ૧૮૯૬માં તેણે 'યૂ નેવર કેન ટેલ' (You Never Can Tell)માં બતાવી દીધું હતું કે તેની વિનોદશક્તિ પારાવાર છે. પછીનાં વર્ષોનાં સામાજિક નાટકોમાં પણ એ વિનોદશક્તિમાં ઓટ આવતી નથી. આથી કેટલાકે એવો મત ઉચ્ચાર્યો કે તેનાં સામાજિક નાટકો માત્ર વિનોદી સંવાદો જ છે. આવું માનીએ તો તેનાં નાટકોમાં રહેલા કથાવસ્તુને અન્યાય થાય. તેનું 'ગેટિંગ મેરીડ' (Getting Married–૧૯૦૮) નાટક ઓછામાં ઓછો ક્રિયાવેગ ધારણ કરે છે. તેમાં પ્રેક્ષકવર્ગનો મુખ્ય રસ સંવાદ અને પાત્રમાં છે

મંથન પર નિર્ભર રહે છે. આ ગાળાનાં ત્રણ નાટકો કથનાત્મક પ્રકારનું વસ્તુ રજૂ કરે છે. તે છે : ' જ્હોન બુલ્સ અધર આઇલૅન્ડ ' (John Bull's Other Island–૧૯૦૪),' મેજર બાર્બરા ' (Major Barbara–૧૯૦૫) અને ' પિગ્મેલિયન ' (Pygmalion–૧૯૧૨).

ઇ. સ. ૧૯૧૪ થી ૧૯૧૮ના વિશ્વયુદ્ધમાં શૉએ કોઈ નવું નાટક લખ્યું નથી. ' ડૉન જુઆન 'માં તે શૃંગારરહિત વાતાવરણમાં નવી પુરાણકથા સરજાવીને એડનના બાગમાં માનવના ઇતિહાસનો કરુણભાગ નિરૂપે છે. પશ્ચિમની દરેક સારી નાટકશાળામાં આ નાટક ભજવાઇ ચૂક્યું છે. તેણે શૉને નાટ્યકાર તરીકેની કીર્તિનો કળશ ચડાવેલો. આ કોઇ એક નાટક નથી પણ પાંચ નાટકોની એક માળા છે; અને તેને ભજવતાં ત્રણ રાત થાય છે. તેમ છતાં રંગભૂમિ અને પ્રેક્ષકવર્ગ બંનેએ તેનો સત્કાર કર્યો છે. તેમાં કયારેક તે સુખાન્તિકાને બદલે વકતૃત્વછટામાં વિહાર કરે છે. આ વકતૃત્વ ગંભીર છે અને ભવ્યતાની સમીપ જઈ પહોંચે છે.

ઇ. સ ૧૯૨૩માં ' સેઇન્ટ જોન ' (Saint Joan) ભજવાયું. આ નાટક તેનાં બધાં જ નાટકોમાં અતિશય લોકપ્રિય થયું છે. તેની મુખ્ય નાયિકા એક બાળા છે. તેના પાત્રમાં તેણે પોતાની બધી જ પ્રચારક શક્તિ ઠાલવી છે છતાં યે તે આકર્ષક અને સંપૂર્ણ માનવી પાત્ર બન્યું છે. ફ્રાન્સ ઉપરના અંગ્રેજ આક્રમણને મારી હઠાવવાનું ભગીરથ કાર્ય આ બાળાને શિરે આવી પડ્યું છે. તેને નાટ્યકાર છ દશ્યોમાં વહેંચી નાખે છે. તેના ઉપસંહારમાં જ નાટ્યકાર પોતાની પ્રચારકવૃત્તિને સુખાન્તિકાના માધ્યમ દ્વારા રજૂ કરે છે. આ નાટકમાં ઉષ્મા અને કૌતુક છે જે સામાન્ય રીતે શૉમાં વિરલ હોય છે. તેનાં નાટકોનાં અંતિમ જૂથમાં સંવાદોની પ્રચુરતા છે. છતાં શૉનું રંગભૂમિનું કૌશલ તેને નિર્વાહ્ય બનાવે છે.

પોતાના કોઇ પણ સમકાલીનો કરતાં શૉએ જગતને વધારે મનોરંજન આપ્યું છે. તે મહાન નાટ્યકાર હતો. તેમ છતાં તેની મર્યાદાઓ પણ સ્પષ્ટ છે. તે શોકાન્તિકાને અડ્યો પણ નથી. કદાચ એમ હોય કે પોતાના વિચારોને નિરંકુશપણે વહાવવાનું તેમાં શકય ન હોય. તેના સંવાદોમાં ચમત્કૃતિ એટલી બધી છે કે તેમાં રંગમંચની દૃષ્ટિએ ઔચિત્યભંગ લાગે છે; અને રંગભૂમિ એ ચૂંટણીપ્રચારની સભાનો મંચ છે એવો આભાસ ઉપજે છે. તે ઇરાદાપૂર્વક મસ્ત, રંગીન, કૌતુકશીલ વાતાવરણને રંગમંચની બહાર રાખે છે. આથી ચિત્રકાર, સુશોભનકાર, પોશાક ભાડે આપનારા વગેરે રંગભૂમિની સાથે સંકળાયેલા કલાકાર કે કારીગરવર્ગને તેના નાટક અંગે કંઈ કમાણી થતી નથી. તેની આ ક્ષતિઓ સ્પષ્ટ છે પણ ગંભીર નથી. પોતાના જમાનાને જેણે અરધા સૈકા સુધી હસાવ્યો તેની ભૂલો કાઢીને તેને ઉતારી પાડવામાં વિવેચનનું સાર્થક્ય નથી. તેનાં નાટકોની વારંવાર થતી ભજવણી તેની મહત્તા સિદ્ધ કરે છે અને એમ લાગે છે કે તેનાં કેટલાં ય નાટકો નાટ્યસાહિત્યમાં શાશ્વતસ્થાન પ્રાપ્ત કરશે.

શૉના અવસાન પછી ધીમે ધીમે તેની અસર ઓછી થતી જતી હોય એવાં ચિહ્નો દેખાય છે ખરાં, પરંતુ તેને વિષે અંતિમ અભિપ્રાય તો ભવિષ્યની પ્રજા જ ઉચ્ચારશે.

[આ લેખમાળાનો છેલ્લો હપ્તો સં. ૨૦૧૬ના માગશર અંકમાં પ્રસિદ્ધ થશે.]

★

વિલાયતની વાતો

કાન્તિલાલ મ. ગાંધી

૬

સ્નેહી ભાઈશ્રી,

વિલાયત પહોંચ્યા બાદ એક અઠવાડિયું તો જોતજોતામાં વહી ગયું. છતાં તેટલામાં તો કેટલું બધું જોઈ નાખ્યું! અને હજી તો બીજાં ચોવીસ અઠવાડિયાં બાકી છે. જોવાય તેટલું જોઈ લો કારણ કે ફરીથી અવાય કે ન પણ અવાય. આજનો લ્હાવો લીજીયે, કાલ કોણે દીઠી છે!

વિલાયતમાં બારે માસ શનિ અને રવિવારે ઓફિસો અને સ્કુલોમાં રજા હોય છે તેથી સોમથી શુક્રવારનું અઠવાડિયું તો ટૂંકું ટૂંકું લાગે છે. વસ્તુતઃ તો તે પંચવાડિયું જ હોય છે તેથી ખૂબ જ ઝડપથી ખતમ થઈ જાય છે. દર પાંચ દિવસ બાદ બે દિવસની રજાની પ્રથા ખરેખર પ્રશંસનીય છે. આ પ્રમાણે રજા હોય તો પછી આપણી જેમ છાશવારે રજાઓ ભોગવવાનો મોહ કોઈને રહેતો નથી. આખા વર્ષમાં આ ૧૦૪ રજાઓ ઉપરાંત બીજી તો ચાર કે પાંચ જ રજાઓ પડે છે—ક્રીસ્ટમસ, ન્યુયર, ઈસ્ટર, વ્હીટસન અને એક ઓગસ્ટ બેંક હોલી ડે. અલબત્ત આ ઉપરાંત સૌ કોઈની કેઝ્યુઅલ અને પ્રીવિલેજ લીવ અથવા વેકેશન તો હોય છે જ. પરંતુ સમસ્ત રીતે જોતાં અઠવાડિયાની બે રજાની પ્રથાથી વ્યક્તિ તેમજ સમાજ બન્નેનું જીવન સુવ્યવસ્થિત રહે છે.

આ સાપ્તાહિક રજાને વિલાયતભરમાં 'વીકેન્ડ'ના વહાલસોયા નામે સૌ કોઈ ઓળખે છે. વહાલસોયું એટલા માટે કે વીકેન્ડ સૌને મનની મનખાઓ પૂરી કરવાની તક ઉપરાઉપરી બક્ષે છે. પ્રેમભૂખ્યાં યુવકયુવતીઓ આ રજાઓમાં સાથે ઘૂમવા અને નાચવા તલપાપડ બની જાય છે, ગૃહિણીઓ શનિવારે ખુલ્લા રહેતા (બદલામાં બુધવારે બંધ રહેતા અને રવિવારે તો બંધ ખરા જ) વિરાટ સ્ટોરોમાં કલાકોના કલાકો ગાળીને પાકીટ ખાલી થઈ જાય ત્યાં સુધી ખરીદી પર ખરીદી કરવામાં ગૂંથાઈ જાય છે અને નિદ્રાપ્રેમીઓ આ બે દિવસ પેટ ભરીને નિદ્રાદેવી સાથે પ્રેમ કરે છે. બન્ને દિવસ સવારે દસ દસ વાગ્યા સુધી પથારીમાં પડી રહેનારાઓની સંખ્યા 'વિલાયતમાં ઘણી મોટી છે. બાળકો નવા પોશાક, રમકડાં, કેકસ તથા ચોકલેટો ખરીદવા આતુર બની જાય છે. રજાને દિવસે ઘરનાં રસોડાં બંધ કરીને લોકો હોટેલોમાં ઠઠ જમાવે છે અથવા તો વનભોજનના પ્રોગ્રામો ગોઠવે છે.

વનભોજનને 'બાર્બીક્યુ'ના નામે ઓળખવામાં આવે છે અને તે ખરેખર બર્બર એટલે કે જંગલી જેવું જ હોય છે. ઈંટો, જાળી અને કોલસાની મદદથી સગડી જેવું ઊભું કરીને તેની ઉપર ઊંધિયું કે ભડતનું મોટું રીંગણું નહિ પણ રીતસર ચીકનને ભૂંજી મારવામાં આવે છે, સોસેજીસને શેકવામાં આવે છે અને આમને • આમ જંગલભોજન ઉજવાય છે! જંગલ જવાનું ન બની શકે તો ઘરના બગીચામાં આવી સગડી ઊભી કરીને છતી વીજળી અને છતો ગેસ હોય તો યે કોલસાથી રસોઈ પકાવીને વનભોજન કર્યાનો સંતોષ મેળવનારાઓને પણ મેં જોયા!

વનભોજન તો 'વીકેન્ડ'ની રજાઓ મ્હાણવાનો એક જ પ્રકાર છે. ઘણાં કુટુંબો તો તૈયાર રસોઈના ડબ્બાઓ, થર્મોસમાં ચા, કોફી કે આઈસક્રીમ, રમતગમત તથા વાદ્યસંગીતનાં સાધનો, નાનકડી ફોલ્ડીંગ ખુરશીઓ તથા કાપડનાં ટેબલો વગેરે સરંજામ કારમાં ભરીને 'પીકનીક' કરવા અવારનવાર—મહિનામાં એકાદ વખત તો ખરા જ—જતા હોય છે. યુવક યુવતીઓનાં નાનાં નાનાં ટોળાં સાઇકલ ઉપર 'હીચ હાઇકીંગ' કરીને દૂર દૂરનાં સ્થળોએ જઇને 'પીકનીક' કરે છે. ઠેરઠેર 'યુથ કલબ્સ' હોય છે તેથી રાતવાસો કરવાની સગવડ પણ તેમને મળી રહે છે. આપણે ત્યાં પીકનીકનો આનંદ ધાંધલ અને ઘોંઘાટ કરીને મેળવવામાં આવે છે ત્યારે વિલાયતની પીકનીકો શાંતિમય હોય છે. એક વખત હું ડર્બીશાયરમાં આવેલા ચેટ્સવર્થની પીકનીક ઉપર ગયો હતો. ત્યાં મેં પાંચેક હજાર માનવીઓને એકઠા થયેલા જોયાં હતાં છતાં તે સૌ કોઈ ખૂબ જ શાંતિપૂર્વક પોતપોતાના સમૂહમાં રહીને મૃદુ સંગીત, રમતગમત કે ઠઠ્ઠામશ્કરીની મોજ માણી રહ્યાં હતાં લીલાંછમ ઘાસની વિશાળ લોન ઉપર શેતરંજીને બદલે કાપડની નાનકડી ફોલ્ડીંગ ખુરશીઓ ઉપર સૌ કોઈ બેઠાં હતાં અને પાંઉ, માખણ, ઈંડાં, ટોમેટો, ચીઝ વગેરેની મરામત કરતાં હતાં. આટલો બધો વિશાળ માનવસમૂહ છતાં ઘોંઘાટ જરાયે નહિ તે જોઈને મને "આવારા હું, આવારા હું" ભેંકતા અને થાબોટા પાડતા આપણા ભારતીય સહેલાણીઓ યાદ આવ્યા! પ્રાકૃત ઘોંઘાટની પરાકાષ્ટા ઉપર જ આપણી પીકનીકનો આનંદ અવલંબે છે. શાંતિમય રીતે 'આઉટીંગ' કરીને પાછા ફરીએ તો "આજે કંઈ મઝા આવી નહિ" એવી ફરિયાદ કરવી પડે છે!

દર અઠવાડિયે બધા લોકો મોજમજાહ જ કરે છે એમ પણ નથી. ઘરમાં પણ ઘણાં કામો કરવાનાં બાકી રહ્યાં હોય છે તે આ રજાઓમાં કરી નાખવામાં આવે છે. ઘરના બાગની વાડ અને લોનની હજામત ત્યાં કોઇ માળી આવીને નથી કરી જતો. ઘરના શેઠ જ જાતે મોટી કાતર અને લોન કાપવાનું યંત્ર લઇને બહાર પડે છે અને ખમીસની બાંય ચઢાવી, માથે કાઉન્ટી કેપ લગાવી અને મોંમાં મોટી ચીરૂટ સળગાવીને બાગને પાછો સુઘડ કરી નાખે છે. કોઇ વખત નળ બગડયો હોય તો કોઈ વખત ઇલેકટ્રીક કનેકશન બગડયું હોય, કોઇ વખત નાનું નાનું સુથારીકામ કરવાનું ઊભું થયું હોય તો કોઇ કોઈ વખત કડિયાનું કામ પણ કરવા જેવું લાગતું હોય તો વિલાયતના લોકો પ્લમ્બર, ઇલેકટ્રીશિયન, સુથાર કે કડિયાની રાહ જોવાને બદલે આવાં બધાં કામ જાતે જ રજાને દિવસે કરવા મંડી પડે છે. ઘરની સાફસફી, સંડાસની અને બાથરૂમની ચકચકાટી, અમુક અમુક કપડાંની ધોલાઈ, કાર્પેટોની મરામત એવાં બધાં કામ પણ રજાને દિવસે જ પતાવી દેવામાં આવે છે.

અમારા નિવાસસ્થાનના માલિક મિસિસ જહોનસનને એપ્રોન પહેરીને મકાનની ભીંતો અને છતો ઉપર બ્રશને બદલે વાદળી જેવા પોચા રોલરથી એક તાસકમાંનો ઓઇલ બાઉન્ડ ડીસ્ટેમ્પર રંગ લગાડતાં જોયાં ત્યારે આ લોકોનાં નારીજીવનની કંઈક ઝાંખી થઇ. ભીંત ઉપર એક પણ ઓળિયો ન પડે તેટલી કુશળતાથી તેમણે રંગ લગાડયો હતો. બીજા કેટલાક ખંડોમાં તેમણે ભાતભાતની ડીઝાઇનોવાળા 'વોલપેપર'ના રોલ ખોલીને તેનાથી દીવાલો મઢી દીધી હતી.

ભારતમાં 'વોલપેપર' ભાગ્યે જ જોવામાં આવે છે પરંતુ વિલાયતમાં તો ઘેરઘેર ભાતભાતના વોલપેપર દીવાલો ઉપર ચોંટાડી દેવામાં આવે છે કે જેથી પછી ધોળવા

રંગવાની ખટપટ રહેતી નથી. દર વર્ષે ક્રીસ્ટમસ પ્રસંગે નવી નવી ડીઝાઇનોવાળા વોલપેપર લગાવીને ઘરને પાછું નવું હોય તેવું બનાવી દેવામાં આવે છે. ભીંતને આકર્ષક બનાવવા ઉપરાંત વોલપેપર તેને ઠંડીગાર પડી જતાં પણ અટકાવે છે. ઠંડીનો સામનો કરવા વિલાયતમાં આખા ઘરની ફરસબંધી લાકડાની હોય છે અને તેની ઉપર ગરમ કાર્પેટો બિછાવેલી જ રાખવામાં આવે છે. દાદર પણ લાકડાનો હોય છે અને તેની ઉપર પણ ગરમ કાર્પેટ ખસી ન જાય તેવી રીતે મઢી દેવામાં આવે છે. કેટલેક સ્થળે ભીંતોના નીચેના ભાગ ઉપર પણ લાકડાની પટ્ટીઓ મઢી દઇને તેની ઉપર સુંદર ચકચકતું વાર્નિશ લગાડવામાં આવે છે. આપણાં દેશી ઘરોની દીવાલો ઉપર સંખ્યાબંધ કેલેન્ડરો, ડઝનબંધ દેવદેવીઓની છબીઓ, રાષ્ટ્રીય નેતાઓના ફોટા, ત્રણ પેઢીના સગાંસંબંધીઓના ગ્રુપ ફોટા અને વ્યક્તિગત ફોટા, ઘરની કલાકારે ગૂંથેલા કુતરા કે સસલાની છબી વગેરે વગેરેનું પ્રદર્શન કરવામાં આવે છે. પણ વિલાયતમાં તો દરેક ખંડની દીવાલ ઉપર માત્ર એક કે બે જ ચિત્રો કે ફોટા લટકાવવામાં આવે છે.

'વીકેન્ડ'ની રજાઓમાં મઝા કરવાની સગવડો સમસ્ત પ્રજા માટે વિલાયતમાં ઘણી સુંદર રીતે યોજવામાં આવેલી છે. તે ઉપરાંત અમને તો આઇ સી. આઇ. કંપનીના વિઝિટર્સ ખાતા તરફથી પણ ઘણું માર્ગદર્શન મળી રહેતું હતું. તે ખાતાના મુખ્ય અધિકારી મિસ વેલાર્ડને બુધ કે ગુરુવારે જણાવી દઇએ કે આ શનિ રવિવારે અમારો વિચાર ચેસ્ટર કે બ્લેકપુલ જવાનો છે તો તેઓ ટ્રેનની ટિકિટ, હોટલનો રૂમ વગેરેનું બુકીંગ તાબડતોબ કરાવી આપતાં હતાં. એટલું જ નહિ પણ કોઇ 'વીકેન્ડ'માં બહારગામ જવાને બદલે માન્ચેસ્ટરમાં જ કોઇ સીનેમા શો, કોન્સર્ટ કે ઓપેરા જોવાનું નક્કી કરીએ તો તેની ટિકિટ પણ તેઓ કઢાવી મંગાવતાં અને અમે પસંદ કરેલા પ્રોગ્રામનો પૂરો લાભ ઉઠાવવામાં મદદ કરે તેવું આનુષંગિક સાહિત્ય પણ અમને આપતાં હતાં.

પહેલા જ 'વીકેન્ડ'માં શું કરવું તેની તો અમને શુક્રવાર રાત સુધી સમજ ન પડી. મિસ વેલાર્ડે ખૂબ બધાં પેમ્ફ્લેટો આપ્યાં તો હતાં પણ તે વાંચી જવાની પણ અમને ફુરસદ મળી નહોતી. નવું નવું જોવાની હોંશ મારામાં સદા જાગ્રત રહે છે જ છતાં નિદ્રાદેવી આગળ આ જાગૃતિને પણ હારી જવું પડે છે એવો હું ઊંઘવાનો ભારે શોખીન છું. પણ શનિવારે સવારે જ સમજાઇ ગયું કે મારા કરતાં તો બીજા બધા ઊંઘવાના વધારે શોખીન હતા. હું તો નવ વાગ્યે ઊઠયો હતો જ્યારે બીજા બધા સાડાનવ પછી જ ઊઠયા હતા! દરરોજ આઠ વાગ્યે નાસ્તા માટે ભેગા થતા બધા સહનિવાસીઓ આજે તો દસ વાગ્યે જ નાસ્તા માટે આવ્યા હતા! વહેલા ઊઠી શકીએ તો ચેસ્ટર તરફ જવાનું મેં શ્રી પદ્મનાભન સાથે રાત્રે નક્કી કર્યું હતું પરંતુ ન તો હું વહેલો ઊઠી શક્યો ન તો તેઓ. છેવટે નાહીધોઇ પરવારીને અમે ચેસ્ટર જવાનું માંડી વાળીને માન્ચેસ્ટરના મોટા સ્ટોરોમાં જ ઘૂમવાનું નક્કી કર્યું. આ પણ જોવા લાયક જ હતા ને!

વિલાયતના ડીપાર્ટમેન્ટલ સ્ટોરોનો ખ્યાલ આપી શકાય તેવો એક પણ વિશાળ સ્ટોર ભારતમાં નથી તેથી વાચકોને આ સ્ટોરો વિશે માત્ર કલ્પના જ કરીને સંતોષ માનવો

૬૭

પડશે. મુંબઈના ખાદીભવન, હેન્ડલુમ હાઉસ, ગ્રેટ વેસ્ટર્ન સ્ટોર્સ, બોમ્બે કો-ઓપરેટિવ સ્ટોર, કેશ બઝાર, અકબરઅલી કે એવા કોઈ પણ 'મોટામાં મોટા મનાતા' સ્ટોરનું નામ લઈએ તો યે તે વિલાયતના વિખ્યાત સ્ટોરો સેલ્ફ્રીજીસ, હેરોડ, વુલવર્થ, લુઈસ (લેવીસ), માર્ક્સ એન્ડ સ્પેન્સર, કેન્ડોલ, હેન્રી, બર્ટન, વગેરે જેવા સ્ટોરોની સરખામણીમાં તો વેંતિયા જેવા જ કહી શકાય. યાદ હશે કે ૧૯૫૯ ના જુન મહિનામાં ભારતનાં અખબારોમાં એક નાનકડા સમાચાર આવ્યા હતા તેમાં જણાવ્યું હતું કે લંડનના સેલ્ફ્રીજીસ સ્ટોરમાં કોઈએ ટાઈમ બોમ્બ મૂકેલો છે એવો બનાવટી ટેલીફોન કરેલો જેને પરિણામે સ્ટોરમાં ગભરાટ ફેલાતા આખા સ્ટોરમાંનાં બધાં માનવીઓ અડધા જ કલાકમાં બહાર નીકળી ગયાં. માનશો ? આ માનવીઓની સંખ્યા કેટલી હતી તે ! અખબારમાં લખ્યું હતું કે આ સમયે સ્ટોરમાં ૭૦૦૦ ગ્રાહકો અને ૩૦૦૦ દુકાનની સેલ્સગર્લ્સ, અને અન્ય કારીગરો હતાં ! મને આ સમાચારમાં અતિશયોક્તિ નહોતી લાગી કારણ કે મેં આ સેલ્ફ્રીજીસનો સ્ટોર નજરે જોયેલો છે. અને આ ૭૦૦૦ ગ્રાહકો તો 'મિડવીક'ના દિવસે હતા. શનિવારે તો સહેજે પંદર હજાર ગ્રાહકો એક જ સ્ટોરમાં ભેગા થઈ જાય તો તેમાં નવાઈ પામવા જેવું કંઈ જ નથી. ઘણા શનિવાર તો મેં આવા સ્ટોરો જોવામાં જ ગાળ્યા હતા કારણ કે કશુંયે ખરીદવું ન હોય છતાં પણ આવા સ્ટોરોમાં કલાકોના કલાકો ઘૂમવાથી પણ ઘણું જોવા જાણવાનો આનંદ મળે છે.

ડીપાર્ટમેન્ટલ સ્ટોર એટલે સાત આઠ મજલાની કાચનાં બારીબારણાંવાળી એક અતિવિશાળ દુકાન—જ્યાંથી "પીન ટુ પિયાનો"નું સૂત્ર ખરેખર સાર્થક કરે તેવી કોઈ પણ વસ્તુ ખરીદ કરી શકાય છે. એક જ દુકાનમાં જાણે આખું બજાર સમાવિષ્ટ થઈ જતું હોય તેમ આપણને લાગે છે. સવારના દસ વાગ્યે આપણે એક સ્ટોરમાં ઘૂસીએ અને અંદરના બધા વિભાગો સંતોષપૂર્વક જોઈએ તો સાંજે ૭ વાગ્યે સ્ટોર બંધ કરવાની ઘંટડી રણકે ત્યાં સુધી પણ પુરુ જોઈ શકયાનો સંતોષ થતો નથી. પૈસા ખીસામાં હોય તો યે શું લેવું અને શું ન લેવું એવી અદમ્ય મૂંઝવણ ઊભી થાય છે ! આવા સ્ટોરોને હું તો 'માયા બજાર' તરીકે જ જોતો હતો. કયાં "તીન ટુક કોપીન કે, અરૂ ભાજી બીન લીન"ના સાદા જીવનનો જરીપુરાણો આદર્શ અને કયાં અનંત અને અખંડ જરૂરિયાતોવાળા આધુનિક જીવનનો આ મહામાયાવાદ ! ભલભલા વિરક્ત મહાત્માઓને પણ ચળાવી નાખે તેવી માયા એકી સાથે આવા સ્ટોરોમાં ખડકી દેવામાં આવેલી હોય છે

આ બધી હજારો વસ્તુઓનું સર્જન ઔદ્યોગિક ક્રાન્તિ પછી જ થતું આવ્યું છે તેથી તે જોઈને કલ્પના પણ થઈ શકતી નથી કે ખરેખર એક સદી પહેલાના જ આપણા પૂર્વજો આવી બધી જરૂરિયાતની વસ્તુઓ વગર કઈ રીતે જીવી શકયાં હશે ! ઊલટી આપણા જીવનમાં આટઆટલી વસ્તુઓ વધી ગઈ છે છતાં આજે આપણે શાંતિ, તૃપ્તિ કે ધરવ અનુભવી શકતા નથી. આપણો અજંપો દિનપ્રતિદિન વધતો જ જાય છે. રેડિયોગ્રામ, ટેલીવીઝન, રેફ્રીજરેટર, કાર, એરકન્ડીશનર, પ્રોજેક્ટર, મુવી કેમેરા, ટેપરેકોર્ડર, વ્હોટ્ નૅકસ્ટ ! એપીટાઈટ ગ્રોઝ વીથ ધી ઈટીંગ ! હવે તો આ માયામાંથી કદાપિ છટકી શકાય તેમ નથી. આપણી જરૂરિયાતો આપણે એવી તો વધારી મૂકી છે કે હવે તેની ગુલામીમાંથી મુક્ત થવું અશકયવત્ છે. એ જરૂરિયાતો પૂરી કરવા પાછળ જ હવે તો જીવન ઘસી નાખવું રહ્યું. આ વિરાટ માયાચક્રનો એક હાથો

બનવાનો ઇન્કાર કરનાર માટે જીવવું જ અશક્ય બની જશે. હવે તો આગે બઢવું જ રહ્યું, પીછેહઠ અસંભવ બની ગઈ છે. આ માયા બજારો નિહાળતાં મને આવા આવા વિચારો આવતા હતા!

ડીપાર્ટમેન્ટલ સ્ટોરનું સંચાલન મોટી મોટી કોટ્યાધિપતિ કંપનીઓ કરે છે તેથી તેની હરીફાઈમાં નાના દુકાનદારોનું તો ટકી શકવાનું ગજું જ ક્યાંથી હોય! આ કારણે વિલાયતમાંથી નાની દુકાનો તો હવે ધીમે ધીમે અદૃશ્ય જ થવા માંડી છે. સ્વતંત્ર પક્ષનું મુંબઈમાં ઉદ્‌ઘાટન કરવા આવેલા શ્રી. રાજાજી અને પ્રો. રંગાનાં ભાષણો સુંદરાબાઈ હોલમાં સાંભળતી વખતે મને વિલાયતમાં 'ઓરિયન' રંગોના સંશોધક મિ. ઇવાન રટ્ટી સાથે "સેલ્ફ એમ્પ્લોય્ડ" વર્ગની જડ ઉખેડી નાખતા આ મોનોપોલી સ્ટોરો વિશે મેં કરેલી ચર્ચા યાદ આવી. મારી દલીલ પણ પ્રો. રંગાના જેવી જ હતી કે કોઈ વ્યક્તિ કોઈની પણ ગુલામી સ્વીકાર્યા વગર પોતાનો સ્વતંત્ર અને નમ્ર ધંધો—પાનપટ્ટીની દુકાનથી માંડીને દરજી, મોચીના ગૃહ ઉદ્યોગ જેવો—કરીને ગુજારો કરવા ચાહતી હોય તો તેનું સ્વાતંત્ર્ય આવા ઇજારદારી "બિગ બીઝનેઝ"વાળા સમાજમાં ઘણું જ પરિમિત થઇ જાય છે આ ઇજારદારો બધા જ ધંધા પચાવી પાડે છે અને બહુ બહુ તો પેલા બેકાર બનેલા કારીગરને નોકરીમાં રાખી લે છે પરંતુ તેને માટે સ્વતંત્રપણે રોજી પ્રાપ્ત કરવાનો અવકાશ રાખતા નથી ઊલટમાં કાયદા એવા છે કે સાંજે ૭ વાગ્યા પછી ચાપાણી, ખાવા પીવા અને મદ્યપાનની દુકાનો સિવાય બીજા કોઇ પણ પ્રકારની દુકાનોને ખુલ્લી રાખવા સામે પ્રતિબંધ છે તેથી બહુ બહુ તો "સેલ્ફ એમ્પ્લોય્ડ" રહેવા ઇચ્છનાર વ્યક્તિને એકાદ નાની કેક, પબ (પીઠું), બાર કે આઇસક્રીમની દુકાન કાઢવાની જ ફરજ પડે છે. અને આ ક્ષેત્રમાં પણ ઇજારદારો મોટા પાયા ઉપર ચેઇનબંધ દુકાનો ચલાવે છે! વાળ કાપવાના સલૂનો પણ સાંજે ૭ વાગ્યે બંધ કરવાના! તમે કોઈને પણ ગુલામ બનાવ્યા વગર ઘરના જ માણસો મળીને સાંજે એકાદ દુકાન કાઢીને પેલા ઇજારદારો વેચે છે તેવી કોઈ ચીજ વેચવા માગો તો તે પણ 'નોટ એલાઉડ'! સાંજના ૭ વાગ્યા સુધી તો મોટા સ્ટોરોની હરીફાઈમાં નાનો દુકાનદાર ટકી શકે જ નહિ અને પછી સાંજે કંઈક ટકવાની સંભવિતતા રહે છે તો તેની સ્વતંત્રતા નથી! સાંજે અતિશ્રમ કરીને તમે માંદા પડી જાવ તેવું કેમ થવા દેવાય? રાણી વિક્ટોરિયાના સમયમાં રાતના દસ દસ વાગ્યા સુધી દુકાનો ખુલ્લી રાખીને ગુમાસ્તાઓનું શોષણ થઈ શકતું હતું તે જમાનો હવે ભૂલી જાવ. હવે સાંજના ૭ વાગ્યા પછી માલિકો તથા ગુમાસ્તાઓ સ્વતંત્ર છે—ધંધો કરવા સિવાય બીજી બધી બાબતો માટે! સ્વતંત્ર પક્ષે વિચારવા જેવી આ વાત છે!

એકેએક જાણીતા સ્ટોરની ગામેગામ પાછી શાખાઓ હોય છે. ભારતમાં જેમ આપણે "બાટા"ની હજારો દુકાનો ઠેર ઠેર જોવા મળે છે તેમ ઇંગ્લૅન્ડના ગામેગામ મેં "બર્ટન"ની શાખાઓ જોઈ. 'બર્ટન' નામના દરજીની હજાર ઉપરાંત જંગી દુકાનો છે. મોટાં શહેરોમાં તો દરેક રસ્તા ઉપર 'બર્ટન'ની એકાદ બે દુકાન તો હોવાની ને હોવાની જ! અંદર જાવ અને તમારા માપનો તૈયાર સૂટ માગો તો હજારોના સ્ટોકમાંથી તમારે લાયકનો સૂટ તેઓ તાબડતોબ શોધી આપે છે—જેમ અહીં 'બાટા'વાળા તમારા માપના બૂટ કાઢી આપે છે તેમજ! 'બર્ટન' તો ખાલી તૈયાર પોશાકો જ વેચે છે પરંતુ 'કેન્ડોલ', 'વુલવર્થ', 'લુઇસ', 'માર્કસ એન્ડ સ્પેન્સર' જેવા જંગી સ્ટોરો તો ગણી ગણાય નહિ અને વીસ્રી

ડીણાય નહિ તેવી અસંખ્ય અને વિવિધ વસ્તુઓ વેચે છે. 'માર્કસ એન્ડ સ્પેન્સર'ની લગભગ ૩૫૦ શાખાઓ છે! ભારતમાં 'ખાદી ભવન'ની આ પ્રમાણે ઠીક ઠીક સંખ્યામાં શાખાઓ ખુલતી જાય છે પણ તે તો હજી પારણામાં પહેલી પૂણી જેવું જ કહી શકાય માગ ધારવા પ્રમાણે ભારતમાં તો કેવળ 'બાટા'ની જ હજારો દુકાનો છે, બીજા કોઈની નહિ.

માયા બજારમાં સેંકડો વિભાગો હોય છે દૈનિક જરૂરિયાતની કે રસોડાને લગતી વસ્તુ ખરીદવી છે? તો ચાલો સાહેબ માયાબજારના વિશાળ ભોંયરામાં દાદરનાં પગથિયાં ઘસવાની તકલીફ લેવાની જરૂર નથી જુઓને આ એસ્કેલેટર અહીં પણ હાજર છે જ, તે કેવળ લંડનની ભૂગર્ભ ટ્રેનનાં સ્ટેશનોમાં જ નથી એસ્કેલેટરના પ્રવાહી પગથિયા ઉપર પગ મૂકી દો અને જોતજોતામાં તમે આ ભોંયરામાં આવી પહોંચ્યો છો બોલો શું જોઈએ છે? આ મીઠા બોલી સેલ્સગર્લો તમને આવકારે છે "ગુડ મોર્નિંગ સર, કેન આઈ હેલ્પ યુ?" તમે તો ખાલી જોવા નીકળ્યા છો છતાં પૈની મીઠી મહિલા તમારી આગળ મનપસંદ વસ્તુઓ ખડી કરી દઈને તમને પલાળી નાખે છે અને ફેન્સી પેકેટ તમારા હાથમાં પકડાવીને બીલના પૈસા વસુલ કરે છે ત્યારે પાછી 'થેંક્યુ' કહેવાનું કદાપિ ચૂકતી નથી. તમારે પણ 'થેંક્યુ' કહેવું જ રહ્યું!

ભોંયરામાં જાતજાતના પ્યાલા, રકાબી, બરણી, છરી, કાંટા, ચમચા, નેપકીન, વાટવા-કાપવા—છૂંદવાનાં અર્ધયાન્ત્રિક સાધનો, છીણી, સૂડી, સુપડાં, ઝાડુ, પ્રેશર કુકર, વૉશિંગ મશીન, બાથટબ, સંડાસના કમોડ, બ્રશ ટાંકી, શાવર, આરસી, કીચન ફર્નીચર, પીંજરા, વૉશ બેસીન, વગેરે વગેરે ચીજો જોવા મળે છે ૨૦૦ પ્રકારના 'કીચન ગેજેટસ'નું વર્ણન કરતું આ કેટલૉગ જુઓ—કોપી તમારી જ છે. મારે રાખી લો! જુઓ આ નાનકડું 'સ્લાઈસર' તો તમને ગમશે જ તેની ઉપર ટોમેટો કે બાફેલો બટાકા, રીંગણું, શક્કરિયું કે કાકડી, મૂળો, ગાજર કે કેળું મૂકીને જરાક દબાવી આપો અને જુઓ નીચે તેના કેવા એક સરખા પૈતા પડે છે! ગમ્યું ને? તો રાખી લો, કિંમત માત્ર ૭ જ શિલિંગ છે! અને આ ઝડપથી શાકભાજી સમારવાનો ગરગડી જેવો ચપ્પુ તમારો સમય બચાવશે બટાકા સક્કરકંદની છાલ એકસરખી છોલવાનો આ કાટવાળો ચપ્પુ પણ રાખી જ લો. અને આ ભૂકો કર્યા વગર અખરોટ ભાંગવાની સૂડી જુઓ. આ બધું જોઈને તમને તમારી પત્ની યાદ આવે છે એ અહીં હાજર હોત તો ગમે તેવા જાડા પાકીટની ચરબી જોતજોતામાં ઉતારી નાખત!

તમે તો ખાલી જોવા જ નીકળ્યા છો! તો ચાલો આગળ ભોંયરાના બીજા વિભાગમાં તાજાં ફળ, ફુલ, શાકભાજી, વિલાયતી પદ્ધતિનાં ચટણી અથાણાં (વીનેગારમાં આથેલાં કે જેમાં રાઈ, મેથી, હિંગ, મીઠું, મરચું કે તેલનું તો ટીપું સુદ્ધાં નાખવામાં નથી આવતું!), જાતજાતની જળચર ખાદ્ય વસ્તુઓ (ફીશ, કેબ વગેરે), જાતજાતની પાંખવાળી ખાદ્ય વસ્તુઓ (પાઉલ્ટ્રી—મરઘી, બતક, ટર્કી વગેરે) અને જાતજાતની સ્થળચર ખાદ્ય વસ્તુઓ (મટન—પોર્ક, હેમ, બીફ વગેરે) તથા નાનાં મોટાં ઈંડાં પણ અહીં જ મળે છે. ભારતના ખાટકીની દુકાન જોઈને તમે થૂ થૂ કરતા આગળ ભાગો છો પણ અહીં થૂ થૂ કરવાની મનાઈ છે તેથી આ બધી વસ્તુઓને અમે જરાક રૂપાળી રીતે ગોઠવી છે મજેના કાચના કબાટોમાં હલવા મીઠાઈની જેમ જ શાકભાજી અને મચ્છી મુરઘી ગોઠવેલાં છે. વળી એટલી

અમે તાજવું રાખીને તમારો સમય બગાડવા નથી માગતા. અમે તોળી કરીને પા રતલી, અડધા રતલી, રતલી પડીકાં પારદર્શક કાગળમાં બાંધીને તૈયાર જ રાખેલાં છે. માલ બધો વીણેલો ચૂંટેલો જ છે તેથી ફિકર ન કરશો કે તમને બગડેલી દ્રાક્ષ કેળું કે ભરાવી દેવામાં આવશે! બગડેલો માલ વેચવાની અહીં મનાઈ છે તેથી તેને અમે કચરાપેટીમાં ફેંકી દીધા બાદ જ આ પડીકાંઓમાં ભરેલો છે. તોલ વિશે પણ ફિકર ન કરશો. અહીં માલ કે તોલમાં છેતરવાનો રિવાજ જ નથી અને ભાવ ઠરાવવાનો પણ રિવાજ નથી તેથી મહેરબાની કરીને 'બાર્ગેઈનિં' કરીને અમને શરમિંદા ન બનાવશો. જુઓ દરેક વસ્તુ ઉપર તેની કિંમતનું લેબલ મારેલું જ છે—પછી તે રીંગણું, કેળું, કોબીચ કે વટાણા પણ કેમ ન હોય! માલ પસંદ છે અને કિંમત પરવડે છે તો પછી વધુ ચકાસણીમાં સમય ગુમાવવાની જરૂર જ નથી. ઊંચકી લો; નહિ તો પછી આગળ ચાલવા માંડો!

જુઓ આ ઘડિયાળોનો વિભાગ છે. ઇલેક્ટ્રીકનું દીવાલ-ઘડિયાળ ગમી ગયું ને! તો રાખી લો, બત્રીસ રૂપિયાનું જ છે અને આ ફાઉન્ટનપેનની દુકાનમાં તમે જર્મન પેન કેમ માગો છો? શું બ્રિટિશ પેનો કંઈ કમ છે? જુઓ આ જેટ પાર્કર પેનને કેવળ ખડિયામાં ધરી રાખો અને તેમાં શાહી આપોઆપ 'કેપિલરી એક્શન'થી ભરાઈ જશે. ચશ્મા જોઈએ છે? લો આ ગોગલ્સ, ભારતના ધીખતા તડકામાં શિતળતાનો આભાસ કરાવશે અને શિતળ સ્વીટ્ઝરલેન્ડમાં જશો ત્યારે તડકાથી ચળકતા બરફ ઉપર ચાલશો ત્યારે બહુ કામ લાગશે કારણ કે બરફ આરસીની જેમ સૂર્યકિરણો પાછાં ફેંકશે તેની 'ગ્લેર' તમારી આંખને આ ગોગલ્સ વગર આંધળી કરી નાખશે. એ શોખની વસ્તુ નથી, જરૂરની વસ્તુ છે.

શોખની વસ્તુઓ જોવી છે? તો ચઢો પાછા ઉપર દરેક માળ ઉપર જવા માટે એસ્કેલેટર હાજર જ છે અને અવિરત રીતે તે ફરતું જ રહે છે તેની ઉપર ચઢનાર કોઈ હોય કે ન હોય તો પણ. જુઓ, આ છત્રી કેવી મજેની છે! તમારી પત્નીને જરૂર ગમી જશે! તેનો હાથો કેમેરાના સ્ટેન્ડની જેમ બિડાઈને અડધો થઈ જાય છે તેથી આખી છત્રી પર્સમાં રહી જશે! છત્રી માટે પર્સમાં જગ્યા કરવા પર્સમાંથી છત્રીની કિંમતના પૈસા ખાલી કરી નાખો સાહેબ! પત્નીને રાજી કરવાથી અધિક કોઈ આનંદ છે ખરો કે? છત્રી ખરીદી લીધી છે એમ કાગળમાં લખો ત્યારે તમારી પત્નીને મારાં અભિનંદન પણ લખજો કે "હાઉ આઈ એન્વી યુ, યુ હેવ ગોટ સચ આ ગુડ હસ્બન્ડ!" જોઈને આ વિસ્મકલા! ગુડ હસ્બન્ડ બનાવીને મરદો મારી દીધો પછી તમે બેડ હસ્બન્ડ બની શકો જ કેવી રીતે! "સારું બહેન, બાંધી આપો એક આવી છત્રી પણ!" અને જેમ જેમ આગળ ચાલવા માંડીએ છીએ તેમ તેમ ગુડ હસ્બન્ડ અને ગુડ ફાધર બનાવનારી ચીજો અથડાયા જ કરે છે. આ રંગબેરંગી સ્ટોનની બુટ્ટીઓ અને બનાવટી હીરાના હાર જોઈને તમારી પત્ની અને પુત્રી ઘેલાંઘેલાં થઈ જશે. અને તમારા નાનકા માટે આ રમકડાંઓ તો જુઓ! છેને આ સર્કસનો જોકર, મોટર સાઈકલ ઉપર કેવો ગોળ ગોળ ઘૂમે છે અને તેની ટોપીમાંથી પાછી છત્રી પણ ખૂલી જાય છે! બાબો સંગીતનો રસિયો છે, નહિ? તો લ્યો આ ક્લેરીયોનેટ અને માઉથઓર્ગન, એકોર્ડીયન અને મેરેકસ. જુઓ આ રમકડાંનો ટાઈપરાઈટર છે જ્યાં ખરા ટાઈપરાઈટરની જેમ જ છાપી શકે છે—અલબત્ત મિનિટના પાંચ અક્ષરની ઝાપે! તમારે

ઘેર રેડિયોગ્રામ છે, નહિ ? તો પછી આ સસ્તી પૂંઠાની રેકર્ડો લઈ લોને ! તેની ઉપર સુંદર ચિત્ર છાપ્યું છે તેથી તમને તે દીવાળીના કાર્ડ જેવું દેખાય છે પણ તેને ચેન્જર ઉપર ગોઠવીને વગાડશો તો તેમાથી ગાયનો વાગશે જન્મદિનના અભિનંદન મોકલવા છે ? તો લો આ મ્યુઝીકલ ગ્રીટીંગ કાર્ડ મોકલી આપો તેમાં "હેપી બર્થ ડે ટુ યુ, ગોડ બ્લેસ યુ "નુ ગાયન છાપેલુ પણ છે અને તે વાગશે પણ ખરું ! એરમેલથી આ ગાયન મોકલી આપો. ખીસ્સું ખાલી કરો એટલે પછી આનંદની છોળો જ છોળો !

તમારા પોતાના માટે પણ કંઇ લો ને, સાહેબ ! જુઓ આ 'ટેરીલીન'ની ટાઇઓ કેવી સરસ છે અને આ નાયલોનનું ખમીસ ધોબીને આપવું જ નહિ પડે. ઘેર ધોઇને સુકવી દો પછી ઇસ્ત્રી કરવી જ નહિ પડે વુલન સૂટ તો જરૂર એક બે લઈ લો. ભારતમાં મળે છે તેનાથી અડધી કિંમતે અહીં મળશે અને આવું "ઇંગ્લિશ મટીરિયલ" તો ભારતમા ભાગ્યે જ જોવા મળશે

ભૂખ લાગી છે ? તો બોલ્યા કેમ નહિ ? સ્ટોરના છઠ્ઠા માળે આપણી એક વિશાળ રેસ્ટોરંટ છે ગરમાગરમ લંચ અથવા બીજા નાસ્તાના 'સ્નેક્સ', ડ્રીંક્સ, આઇસ્ક્રીમ બધું જ ત્યાં મળશે લાયબ્રેરીમાં જવું છે ? સ્ટોરમા જ લાયબ્રેરી પણ છે સાહેબ ! તેના સભ્ય બનીને તમે પુસ્તકો પણ વાંચવા ઘેર લઈ જઈ શકશો વાળ કપાવવાનો વિચાર થાય છે ? બહાર જવાની જરૂર જ શી છે ? આપણા સ્ટોરમાં વાળ કાપવાનો પણ વિભાગ છે જ ! પણ જરાક એપોઇન્ટમેન્ટ લઈને ત્યાં જવાનું રાખો તો પછી 'ક્યુ'મા ગરજ જોતા બેસી રહેવું નહિ પડે ! તળાઈ, ગોદડાં, ચાદર, ઉશીકા, પલંગ, કબાટ, ખુરશી, રેડિયો, ટેલીવીઝન, કાર્પેટ, રજાઇ, બ્લેન્કેટ જેવી ભારે ચીજો જોઈતી હોય તો તેના પણ વિભાગ આપણા સ્ટોરમાં છે જ ! રેફ્રીજરેટર, કેમેરા, પ્રોજેક્ટર, શિકારના ફેન્સી તીરકામઠાં, સ્પોર્ટ ગુડ્સ, ફટાકડા અને અન્ય દારૂખાનુ, ટ્રંકો અને હેન્ડબેગો, પિયાનો અને વાયોલીન, સોફાસેટ અને શો કેસ—બસ જે જોઇએ તે માગો, આ સ્ટોરમા એ બધું જ મળશે ! એક કરોડ રૂપિયા લઈને આવ્યા હો તો યે તે અહીં તમને ખૂટી પડતા લાગશે એટલો બધો વૈવિધ્યભર્યો સ્ટોક આ સ્ટોરમાં હાજર છે ! શ્રી. પદ્મનાભન તો કહે છે કે તેમણે હોંગકોંગમા આનાથી પણ ખુબ વધારે મોટા સ્ટોરો જોયા હતા અને હજી જાપાન અને અમેરિકા જઇશું ત્યારે તો એક આખા ગામ જેટલા મોટા સ્ટોરો જોવાના મળશે !

વિલાયતમા પહેલુ 'વીકેન્ડ' આ પ્રમાણે 'માયા બજાર "માંથી ઉજવવાનું શરૂ કર્યું. શનિવારે સવારના અગિયારથી સાંજના પાંચ વાગ્યા સુધી એક જ સ્ટોર જોવાયો—માન્ચેસ્ટરના કેન્દ્ર વિભાગ પીકેડીલીમા આવેલો વિખ્યાત લુઇસીસ સ્ટોર બપોરનું ભોજન તેમજ સાંજની ચા પણ આ સ્ટોરમા જ લીધા હતા સ્ટોરમા હજારો મહિલાઓ વિક્રેતા તરીકે નોકરી કરે છે અને આખા વિલાયતમા મેં જોયુ કે ઠેર ઠેર સેલ્સમેનનું કામ મહિલાઓ જ કરે છે. બધી હોટલોની વેઇટ્રેસો પણ મહિલાઓ જ હોય છે. બધી જ મીઠાબોલી હોય છે અને "કેન આઈ હેલ્પ યુ ?" પૂછીને બધો સરળતાપૂર્વક કરે છે સ્ટોરમાં હજારો ઘરાકોની ઠઠ જામે છે અને સાંજે સ્ટોર બંધ થતી વખતે બહાર નીકળતાં ટોળાઓનું દૃશ્ય નિહાળવા જેવું હોય છે.

બહાર નીકળીને શ્રી. પદ્મનાભને સૂચવ્યું કે "ચાલો, હવે એકાદ ફીલ્મ જોઈએ" અને અમે ઊપડયા ઑકસ્ફર્ડ સ્ટ્રીટમાં. આ ઓડીયન અને ઑકસ્ફર્ડ, પ્લાઝા અને ગૌમોન્ટ થિયેટરોમાં શું ચાલે છે ? અમે પ્લાઝામાં 'ટેન કમાન્ડમેન્ટ' જોવા ઊપડયા. સાડા ત્રણ શિલિંગની ટિકિટ છેલ્લા વર્ગની ! મહિલાઓ તમને તમારી ખુરશી દેખાડે છે. ઇન્ટરવલમાં પણ મહિલાઓ કાગળના કપમાં આઈસ્ક્રીમ, કાગળની બાટલીમાં નારંગીનું સરબત, ચોકલેટ, વેફ્સ વગેરે વસ્તુઓ ૭ પેન્સ (પાંચ આના)માં વેચે છે પણ આપણાં થિયેટરોમાં જે ઘોંઘાટપૂર્વક ખારી શિંગ અને ચણાનાં પડીકાં વેચાય છે તેવો ઘોંઘાટ કરીને આ વસ્તુઓ નથી વેચાતી. મહિલાઓ કશું બોલ્યા વગર જ તમારી સામે આવીને આ વસ્તુઓ ધરે છે. ન જોઇએ તો તમે હળવે રહીને 'નો થેંક્યુ' કહો તો તે આગળ વધે છે.

'ટેન કમાન્ડમેન્ટ'ની ફીલ્મ સારી છે પણ ઘણી જ લાંબી છે. તે જોઇને બહાર નીકળ્યા ત્યારે રાતના અગિયાર વાગી ગયાં હતા અને વાતાવરણ એકદમ ઠંડુંગાર થઈ ગયું હતું. ઝરમર ઝરમર વરસાદ પણ પડતો હતો. બસમાં બેસીને અમે ઘેર પહોંચ્યા ત્યારે પોણાબાર વાગી ગયા હતા અને અમે એવા તો ઠરી ગયા હતા કે રૂમમાં પ્રવેશતાંની સાથે પહેલું કામ તો એક શિલિંગનો સિક્કો ગેસ બોક્સમાં નાખીને ફાયર પ્લેસની સગડી સળગાવવાનું કર્યું. તેની નજીકની કાર્પેટ ઉપર પલાંઠી મારીને શેક કરતા કરતાં મેં મારા ઘેર મોકલવાનો પત્ર નં. ૧૨ લખવા માંડયો. રૂમની હવા પૂરતી ગરમ થઈ એટલે હાથે પગે ગરમ મોજાં પહેરી, માથા ઉપર કાનટોપી અને ગળે ગળપટો વિંટાળી, પગ આગળ ગરમ પાણી ભરેલી રબરની થેલી ગોઠવી ઓઢી પોઢીને હું એક વાગ્યે સૂઇ ગયો. રાતનું જમવાનું તો રહી જ ગયું !

રવિવારે સવારે માન્ચેસ્ટરથી પચીસ માઇલ દૂર આવેલા 'ચેસ્ટર' તરફ જવાનું નક્કી કરીને સૂઈ ગયા હતા, પરંતુ રવિવારે પણ પથારીમાંથી બહાર નીકળવાનું કોને ગમે ? હું ૯॥ વાગ્યે ઊઠયો અને શ્રી. પદ્મનાભન તો ૧૦॥ વાગ્યે ઊઠયા ! દિવસ નકામો જવા દેવાય તેમ નહોતું જ તેથી ઝટપટ તૈયાર થઇને અમે સિટી બસમાં મોસ્લી સ્ટ્રીટ પહોંચ્યા. (હીટલરના ભક્ત, બ્રિટિશ ફાસીસ્ટોના નેતા, ઓસ્વાલ્ડ મોસ્લી માન્ચેસ્ટરની એક પ્રખ્યાત વ્યક્તિ છે અને તેમના નામનો આ પ્રખ્યાત રસ્તો શહેરના કેન્દ્ર ભાગ પીકેડેલીની પડખે જ છે. આ સ્થળેથી આજુબાજુનાં દર્શનીય ગામો તરફ જતી બસો ઉપડે છે. આજે સાંજે ઓસ્વાલ્ડ મોસ્લીનું ભાષણ ફ્રી ટ્રેડ હોલમાં થયું હતું પરંતુ અનુકૂળતાના અભાવે આ વિચક્ષણ વ્યક્તિને નિહાળવાનું હું ચૂકી ગયો.) ચેસ્ટર જવાનું તો મોડું થઇ ગયું હતું તેથી અમે બ્લેકપુલ જતી બસ પકડી. બોલ્ટન, ચાર્લી અને પ્રેસ્ટનનાં સ્ટેશનો પસાર કરતી કરતી અમારી બસ બે કલાક બાદ પચાસ માઇલ દૂર આવેલા બ્લેકપુલ નામના સ્વર્ગીય 'હોલી ડે રીઝોર્ટ'માં આવી પહોંચી.

ભરબપોરે એક વાગ્યે અમે બ્લેકપુલમાં પ્રવેશ કર્યો છતાં ઠંડી તો કાશ્મીરી હતી. ચારેકોર પવન ફૂંકાતો હતો અને ઓવરકોટ, હાથમોજાં, ગળપટો વગેરે બધું પહેરેલું હતું છતાં અમે બન્ને ધ્રુજતા હતા ! બસમાંથી ઊતરીને તરત જ અમે એક કેફેમાં ઘૂસ્યા અને બબ્બે કપ ઉકળતી કોફી પીધી ત્યારે કંઇક ગરમાટો આવ્યો. લેંકેશાયરના દરિયાકાંઠા

ઉપર આવેલું આ સ્થળ ખૂબ જ રમણીય છે અમે સીધા જ દરિયા કિનારાની પાળીએ પાળીએ ચાલવા માંડ્યું દરિયાના પાણી જરાક દૂર છે અને તેના કિનારે વિશાળ રેતીનો પટ સેન્ટ્રલ–બીચ–છે

આ પટ ઉપર હજારો નરનારીઓ બીચડ્રેસ પહેરીને આરામખુરશીઓ ઉપર મસ્ત થઈને પડી રહે છે અને સૂર્યસ્નાન કરે છે તેમની સમીપમા નાના નાના બાળકો રેતીના ઢગ ઊભા કરીને કિલ્લા, મહેલ, નહેર વગેરે બનાવે છે રેતીપટ પૂરો થતા મુબઈના મરીન ડ્રાઇવ જેવી લાંબી પાળી આવે છે પરતુ મુબઈ કરતા તે વધારે સારી છે તેની ઉપર ચડીને બેસી શકાય છે પોંડીચરીમાં મે આવી પાળી જોઇ હતી એવો ખ્યાલ છે આ પાળીની નીચે ખૂબ પહોળો ફુટપાથ છે અને આ ફુટપાથ ઉપર થોડે થોડે આતરે નાનકડા ઘાસફૂલના ક્યારાઓ રોપેલા છે ફુટપાથ ઊતરતા કિનારે કિનારે ટ્રામના પાટા છે તેની ઉપર ઝડપથી ટ્રામો દોડે છે ટ્રામના બે પાટાઓ છોડીને પછી પહોળો રસ્તો છે અને પાછો સામે મોટો ફૂટપાથ છે આ ફુટપાથ ઉપર આપણી ચોપાટીની ભેળપુરીના જેવી—પણ વધારે વ્યવસ્થિત અને સ્વચ્છ—ઉપાહારની નાની નાની "બોક્સ શોપ્સ"–ખોખા દુકાનો–છે તે દુકાનો પાછળ પણ પાછો ખુલ્લો ફૂટપાથ ચાલવા માટે છે અને તેની પાછળ સુદર બગલાઓ છે તે બધા ફક્ત બે જ માળના બેઠા ઘાટના હોવાથી બહુ આકર્ષક લાગે છે, બગલાઓ અને દરિયા વચ્ચેનો આ વિશાળ માર્ગ ખૂબ જ ધ્યાન ખેચે તેવો છે મુબઇના મરીન ડ્રાઇવ ઉપ નો નેતાજી સુભાષ રોડ પણ બ્લેકપુલના આ રસ્તા આગળ ઘણો સાંકડો કહી શકાય બ્લેકપુલના લગભગ બધા જ મકાનો વસ્તુત હોટલો છે. દરેક મકાનના દરવાજે "રૂમ મળશે–બેડ એન્ડ બ્રેકફાસ્ટ મળશે" એવા પાટિયાં લગાડેલા હોય છે. એક રાત રહેવાના અને સવારના નાસ્તાના ૧૨ થી ૧૬ શિલિંગ આ લોકો લે છે.

મકાનોની નીચે સુદર દુકાનો છે તેમા બ્લેકપુલની ખાસિયતો દર્શાવતી નવી નવી વસ્તુઓ વેચાય છે બ્લેકપુલનુ ટાવર અને સ્ટીમર કોતરેલા એક પેપર વેઇટ મે લીધો તેની ઉપર દાડમિયા રગના પ્રવાહીવાળુ નાનકડુ થર્મોમીટર લગાડેલુ હતુ તેમા તે દિવસે ઠડી ૪૨° ફેરનહાઈટ હતી ! એક દુકાનમા હરવાજી ચાલતી હતી તેમાં શ્રી પદ્મનાભને ખૂબ રસ દર્શાવ્યો અને ત્યાથી તેમણે છરી કાંટાનો એક સેટ અને એક સુદર પર્સ બેગ ખરીદ કર્યો બીજી એક દુકાનેથી મે મારી પુત્રી પ્રના અને તેની સખીઓ પ્રેરણા અને મૃણાલનાં નામો સુવર્ણ અક્ષરે કોતરેલાં બ્રોચીઝ ખરીદ કર્યાં

દુકાનો જોઈને પછી અમે ટ્રામમા ઝપલાવ્યુ અને 'સ્ટારગેટ' ઉપર પહોચ્યા ત્યાથી 'પ્લેઝર બીચ' ઉપર ગયા આ પ્લેઝર બીચ એક નદનવન સમુ સ્થળ છે આપણે ત્યા પ્રદર્શનોમા ચગડોળ વગેરે આનદપ્રમોદના એક જ ઢબનાં સાધનો જોવા મળે છે પણ અહી તો સદંતર જુદા પ્રકારનાં નવા નવા સાધનો જોવા મળ્યા 'બીગ ડીપર' નામની એક નીચેથી ઉપર અને ઉપરથી આડીઅવળી થઈને નીચે નમતી અને વળી પાછી એકાએક ઊચે ચડી જતી ટ્રેન છે વચમા વચમાં પાછી તે અધારી બોગદો અને ટનલોમાં ઘૂસી જાય છે અને તેમાં બેસનારના ખરેખર હાંજા ગગડી જાય છે હસવુ કે રડવુ તે જ સમજાતુ નથી બે શિલિંગ ખર્ચીને અમે તેમાં હિંમતથી બેઠા તો ખરા પણ જ્યારે તેમાંથી ઊતર્યા ત્યારે તો ગાત્રોય ઢીલાં ગયેલા હતા પૂરી પાચ મિનિટ તો જાણે આંખે અંધારા આવતા લાગ્યા હતા !

બીજી એક આવી ' ક્રેઝી ' ચીજ જોઈ તે ' ઊડતી છાબડી ' છાબડીમાં ચારપાંચ જણ બેસી જાય છે અને પછી તે ઊંચી નીચી વાંકી ચૂંકી, સીધી ઊંધી ગબડવા માંડે છે અંદર બેઠેલાઓ એકબીજા સાથે એવા તો ભટકાઈ મરે છે કે ન પૂછો વાત પ્રેમી યુગલો માટે તો આ છાબડી ખૂબ જ ઉપયોગી છે ! ' સોરી ' કહેતા જવાનું અને એકબીજાને નિકટતાથી ભટકાતા જવાનું—છે ને કરામત !

પ્લેઝર બીચ ઉપર ' કેસીનો ' નામનું સ્પોર્ટના નામે ચાલતું જંગી જુગારખાનું છે તીરંદાજી, ગોળીબારની નિશાનબાજી દડા બાજીની રમતો વગેરે વગેરે સેંકડો નુસખાઓ છે જેની પાછળ ' હોની કે ક્રાઉડસ ' ઘેટાની જેમ પૈસા વેડફે જ જાય છે દક્ષિણ કિનારે એક સુંદર સ્ટેડિયમ અને સ્વીમીંગ પુલ છે આ પુલમાં ૫૦૨ લાખ ગેલન મીઠું પાણી ૫૫ ફરવામાં આવે છે અને તેમાં ' બેધીંગ બ્યુટી કોમ્પીટીશન ' થાય છે દર વર્ષે સેંકડો રમણીઓ આ હરીફાઈમાં ભાગ લે છે અને તેમાં પ્રથમ આવનારને ' મિસ બ્લેકપુલ 'નો ઇલકાબ મળે છે અને તેને સરઘસ કાઢીને ફેરવવામાં આવે છે પૂર્વ બાજુ સ્ટેનલી પાર્ક ' નામનો જે બાગ છે તેનું ક્ષેત્રફળ ૨૫૬ એકર છે અને તેમાં ત્રીસ હજાર જેટલા ગુલાબનાં ફૂલ તો કાયમેકાયમ કાયમ હોય છે જ ! બાગની વચમાં બોટીંગ કરવાનું તળાવ છે અને ૧૮ કાણાંવાળું ગોલ્ફકોર્સ છે તેમજ બેન્ડસ્ટેન્ડ પણ છે આ બાગમાં એક આ પંક ઘડિયાળ કે તે ફૂલની રંગોળીમાંથી બનાવેલું છે એનું નામ છે ' ફ્લોરલ ક્લોક અને તેમાં સૂર્યના પડછાયાથી સમય દેખાય છે

બ્લેકપુલમાં સપ્ટેમ્બર માસમાં રોશની થાય છે તે જોવા માટે લાખો લોકો અહીં ભેગા થઈ જાય છે તે ઉપરાંત ' ડોગ શો,' ' ફ્લાવર શો, ' જેવા આકર્ષણો પણ વખતોવખત ગોઠવવામાં આવે છે કે જેથી ટુરીસ્ટોને અહીં ખેંચી લાવીને બ્લેકપુલનો ધંધો કાયમ ધીકતો રાખી શકાય બ્લેકપુલનું મુખ્ય આકર્ષણ ત્યાંનું ટાવર છે તે પારીસના એફીલ ટાવર જેવું જ છે પણ જરાક નાનું એ ટાવરના પાયાઓની વચમાં એક વિશાળ ઓપેરા હાઉસ છે જેમાં સરકસ ઉપરાંત ' રીવ્યુ શો 'ના તમાશા પણ થયા જ કરે છે

ટાવરથી થોડે દૂર અમે એક ચિત્તાકર્ષક સ્થળ જોયું તેનું નામ છે મેડમ ટુસોડ્સ વેક્સ વર્ક સ્ટુડિયો અજંતાના કલામંડપો જોયા, ઇલોરાની ગુફાઓ જોઈ અને મીનાક્ષી મંદિર જોયું અને તેની કલા જેવી અમર છે તેવી જ મેડમ ટુસોડની આ તદ્દન મૌલિક કલા પણ અમર રહેશે તે વાત નિઃશંક છે મેડમ ટુસોડે મીણની સેંકડો મૂર્તિઓ બનાવી છે તે એટલી બધી આબેહૂબ છે કે એમ લાગતું જ નથી કે આ મૂર્તિઓ છે સાક્ષાત વ્યક્તિઓ જ આપણી સામે ખડી છે એમ જ લાગે છે રૂપ, રંગ, ચામડીની સુંવાળપ, વાળ આંખના ડોળા, નખ, કોટ પાટલૂન, બૂટ, ફ્રોક, ટાઈ, મુદ્રી, હાર વગેરે બધું જ એટલું બધું આબેહૂબ લાગે છે કે આપણે માની જ નથી શકતા કે આ તો ખાલી મીણમાંથી ઘડેલી મૂર્તિઓ જ છે રાજા, રાણી, ચર્ચીલ, એડની, ગાંધીજી, નેહરુ ઇન્દિરા સ્ટેલીન, લેનીન, ક્રુશ્ચેવ હીટલર, મુસોલિની રૂઝવેલ્ટ, ટ્રુમેન, આઇઝન હોવર, કેનેડી, ક્રોમ્પ્ટન, ગ્રેડમેન, રીટા હેવર્થ, માર્લીન મનરો, રોબર્ટ ટેઈલર વગેરે વગેરે સેંકડો વિશ્વ વિખ્યાત વ્યક્તિઓના મૂર્તિઓ સાચો લેબાસ પહેરાવીને ખુરશીઓ ઉપર બેસાડી છે કે ઊભી રાખી છે તે જોઈને આપણે ખરેખરા તાજુબ થઈ જઈએ છીએ ગાંધીજીને તો પોતડી પહેરાવીને રેંટિયો કાંતતા બેસાડેલા છે અલબત્ત અત્રે મારે કહેવું જોઈએ કે ગાંધીજી અને નેહરુની પ્રતિમાઓ પ્રત્યે મેડમ ટુસોડે થોડીક બેદરકારી બતાવેલી છે તેથી તે જોઈએ તેવી આકર્ષક નથી લાગતી લંડનમાં પણ બેકર સ્ટ્રીટ સ્ટેશન પાસે નવા પ્લેનેટોરીયમની બાજુમાં

મેડમ ટુસોડનો આવો જ બીજો સ્ટુડિયો છે તે બ્લેકપુલના સ્ટુડિયો કરતાં પણ મોટો છે. તેમાં પણ ગાંધીજી અને નેહરુની મૂર્તિઓ સંતોષકારક નથી. લંડનના સ્ટુડિયોના દરવાજા ઉપર તો આપણે ખરેખરા છેતરાઈ જઈએ છીએ મૂર્તિને સાચો દરવાન માનીને આપણે પ્રશ્ન પણ પૂછી નાખીએ છીએ અને સ્ટુડિયોની ગાઈડબુક વેચનાર સન્નારી પણ મૂર્તિ જ છે એવું ભાન આપણને પ્રશ્નનો જવાબ નથી મળતો ત્યારે જ થાય છે! ભારતના કલાકારોએ આ 'ટેકનીક' ખરેખર વિકસાવવા જેવી છે. આને તો "રેન ડાયમેન્શન"ની કલા કહી શકાય!

બ્લેકપુલમાં આખો દિવસ રખડીને અમે રાત્રે આઠ વાગ્યે વળતી બસમાં બેઠા તે દસ વાગ્યે પાછા માન્ચેસ્ટર આવ્યા અને સાડા દસ વાગ્યે ઘેર પહોંચ્યા. ગઈકાલની જેમ જ ગેસ સળગાવીને ઠંડીને મારી હટાવી અને સાડા અગિયાર વાગ્યે સૂઈ ગયા.

સોમવારે સવારે સાત વાગ્યે ઊઠવાનું કાળ જેવું લાગતું હતું પરંતુ છૂટકો જ નહોતો. નવ વાગ્યે લેબોરેટરીમાં પહોંચ્યો ત્યારે સૌ કોઈ એક બીજાને "હેડ આ નાઈસ વીકેન્ડ?" એવો પ્રશ્ન પૂછતું હતું. અને જવાબો ખૂબ હોંશીલા હતા–"ઓહ, સ્પ્લેન્ડીડ!" "ઓહ વન્ડરફુલ". અને કેટલાક જુવાનો તો એમ પણ કહેતા હતા કે "ડાન્સ્ડ વીથ ઓલ ધી ગર્લ્સ ઓફ ધી વર્લ્ડ ધીસ વીકેન્ડ!" આ જ કારણે વિલાયતમાં 'વીકેન્ડ'ની રજાઓ સૌ કોઈને વહાલસોયી લાગે છે. અમારું તો હજી આ પહેલું 'વીકેન્ડ' હતું અને પછીના વીકેન્ડો અમે પણ 'વન્ડરફુલ' રીતે ગાળ્યા હતા તે આપણે હવે પછી જોઈશું.

ક્રમશઃ]

તમારો સ્નેહાધીન

કાન્તિ ગાંધીના જયહિંદ

મફત શિક્ષણ શું કામનું?

કાશ્મીર સરકારે પ્રાથમિક શિક્ષણથી માંડીને બી. એ. સુધીનું પૂરું શિક્ષણ મફત આપવાનું ઠરાવ્યું છે. એ અંગેની શિક્ષણપ્રધાન સાથેની વાતચીતમાં વિનોબાજીએ કહ્યું:

"આ એક શુભ હેતુપૂર્વક થયેલું ભૂલભરેલું કામ છે. તમે બી. એ. સુધીનું શિક્ષણ તો મફત કરી દીધું, પરંતુ ગરીબોનાં છોકરાં તો શાળા–કોલેજમાં જવાનાં નહીં, કારણકે એમને તો ઘર માટે કમાવું પડતું હોય છે! એટલે તમારી યોજનાનો લાભ અમીરોને જ મળવાનો. મફત શિક્ષણ આપવું જ હોય તો તે માટે સમાજમાં સમાનતા સ્થાપવી જોઈએ. તમારે સહુનાં છોકરાઓને મફત શિક્ષણ આપવું હોય તો ગરીબોને રોટલા પૂરા પાડો અને ઉપરથી શિક્ષણ આપો. આની સામે મારો બીજો પણ આક્ષેપ છે. જે ગરીબોનાં બાળકો આનો લાભ લઈને ભણી શકશે, તે ઉપલા વર્ગમાં જઈને બેસશે અને પોતાના અસલ ગરીબ વર્ગના દુશ્મન બની જશે. ભણ્યા પછી નહીં તો એ ગામડાંમાં જઈને વસશે કે નં તો એ ખેતી કરશે. એ પોતાનાં અભણ માબાપને બેવકૂફ ગણશે. માટે આખી શિક્ષણની પદ્ધતિ જ ફેરવવી પડશે."

(ડાયરીમાંથી) –નિર્મળા દેશપાંડે

['ભૂમિપુત્ર' (તા. ૧–૯–૫૯)માંથી ઉધ્ધૃત]

પ્રકાશક - રણછોડજી ટેમુરભાઈ મિસ્ત્રી, ૧૨/ગ ભારતીનિવાસ સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ
મુદ્રક : મણિલાલ છગનલાલ શાહ ધી નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ.
તા ૧-૧૦-૧૯૫૮